ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

(ભાગ–૨)

'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાન્તિ મળતી નથી, વિકલ્પ માત્રમાં દુઃખ દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે. ૩૭.

તા. ૨૩-૧૨-૧૯૮૬, વચનામૃત–૩૭
પ્રવચન નં. ૩૩

૧૩મું પાનું, ૩૭ નંબરનો બોલ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ (કે) જે આત્માને બતાવે છે એ આત્મા કેવો છે ? કે, જ્ઞાયક આત્મા છે, અબદ્ધ છે. સંસારદશામાં આ જીવ બંધાયેલો હોવા છતાં મૂળ સ્વરૂપે અબદ્ધ છે. જેમ સોનું પાષાણ–પથ્થર સાથે, માટી સાથે ભળેલું હોવા છતાં સોનાના તત્ત્વરૂપે એ શુદ્ધ સોનું છે અને તેથી જ એની શુદ્ધ સોનાપણે ઉપયોગ થઈ શકે એવી પ્રક્રિયા કરીને એને માટીથી છૂટું – જુદું પાડવામાં આવે છે. પણ માટી સાથે ભળેલું

સોનું અને છૂટું પડેલું સોનું – એ સોનું તો સોનું જ છે, અવસ્થામાં ફરક છે. માટી સાથે ભળેલાં સોનાનાં દાગીના થઈ શકતા નથી અને છૂટા પડેલા સોનાનાં આભૂષણ કરીને એનો આનંદ અને સુખ માણવામાં આવે છે. એમ આ જીવ સંસાર અવસ્થામાં કર્મની માટીથી ભરેલો છે ત્યારે એને એનું સુખ, સુખસ્વભાવી હોવા છતાં, સુખ અને શાંતિ આત્મામાં હોવા છતાં એનો ઉપભોગ – એની ઉપલબ્ધિ થઈ શકતી નથી, હોવા છતાં. જો એને કર્મસંયોગથી–કર્મપ્રસંગથી છૂટો પાડવામાં આવે તો એની સુખ-શાંતિનો ઉપયોગ થઈ શકે છે, તત્ત્વ તેનું તે જ છે, તત્ત્વ કોઈ જુદું નથી.

એવું બતાવનારા અને એ બતાવનારા એવા તત્ત્વની કર્મની બંધનની પરિસ્થિતિમાં પણ એને સંયોગની પરિસ્થિતિમાં, કર્મના સંયોગના કાળમાં પણ એ અસંગ તત્ત્વને કેવી રીતે જોવું ? કઈ પદ્ધતિએ જોવું ? કઈ વિધિએ અવલંબન લેવું ? એ સમજાવે છે, એ સત્પુરુષો સમજાવે છે.

**'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું'** – આ જે વિષય છે એ નિર્વિકલ્પ થયા પહેલાંની નજીકની ભૂમિકાનો વિષય લીધો છે. પહેલાં તો બોલમાં કઈ સ્થિતિની વાત કરવા માગે છે એ સ્પષ્ટ કરી લઈએ તો આ બોલનો વિષય છે – જે જીવ પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે, જે કાળે એને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, જે કાળે એને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે અને મોક્ષમાર્ગમાં આરૂઢ થાય છે, પદાર્પણ કરે છે એ પહેલાંની નજીકની સ્થિતિની વાત કરે છે.

**'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે,...'** અને એ વિકલ્પોવાળી સ્થિતિમાં પણ જ્યારે શાંતિ મળતી નથી, એ વિકલ્પ માત્ર પણ એને પ્રત્યેક વિકલ્પ માત્રમાં દુઃખ ને દુઃખ ભાસે છે ત્યારે તે વિકલ્પથી ખસવાનો **'અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં,...'** અને નિર્વિકલ્પ **'વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે...'** અને નિર્વિકલ્પદશામાં **'આનંદનું વેદન થાય છે.'** એટલે નિર્વિકલ્પદશામાં આનંદનું વેદન થાય એ પહેલાં અને એ આનંદનું વેદન થાય એ પછી (શું સ્થિતિ હોય) એટલો આ બોલનો વિષય છે. આ ભૂમિકાની આ વાત અહીંયાં સ્પષ્ટ કરી છે ત્યારે બીજાં જે વિકલ્પો છે એમાં તો આકુળતા ઘણી છે. જગતના કાર્યોના જે વિકલ્પો છે એમાં ઘણી આકુળતા છે અને એ સિવાયના પણ બીજાં શુભ વિકલ્પો છે એમાં પણ ઘણી આકુળતા છે. આકુળતા એટલે દુઃખ, દુઃખ એટલે આકુળતા.

અહીંયાં એમ કહે છે કે, હું અબદ્ધ છું અને જ્ઞાયક છું એ વિકલ્પો પણ જ્યારે દુઃખરૂપ લાગે છે, એમ કહે છે. હવે આ સ્થિતિમાં–વિકલ્પવાળી સ્થિતિમાં મિથ્યાત્વ ઘણું મંદ થઈ ગયું હોય છે. એ અનુસાર દશા જોઈએ તો શ્રદ્ધા ગુણની પર્યાયમાં વિપર્યાસ છે જેને મિથ્યાત્વ કહીએ છીએ, મિથ્યાશ્રદ્ધાન કહીએ છીએ એ મિથ્યાત્વ–મિથ્યાશ્રદ્ધા ઘણી મંદ થઈ ગઈ હોય છે. એનો–

દર્શનમોહનો રસ એકદમ ગળી ગયો હોય છે. એવી તો મિથ્યાત્વની અવસ્થા છે, પણ છે મિથ્યાત્વની અવસ્થા. કેમકે હજી હવે નિર્વિકલ્પ આનંદ ઉત્પન્ન થવાનો છે. શ્રદ્ધાની આ સ્થિતિ છે.

જ્ઞાનની દશાનો વિચાર કરીએ તો જ્ઞાનની અંદર પોતાનું જેવું શુદ્ધ સ્વરૂપ છે એવું લક્ષગત થઈ ગયું છે. એવું લક્ષગત થઈ ગયું છે અને તે લક્ષગત થયેલું જ્ઞાન સ્વરૂપસન્મુખ થયેલું જ્ઞાન છે તેથી તે જીવને ત્યાં સમ્યક્ત્વસન્મુખ અથવા સ્વરૂપસન્મુખ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. એવો એનો એક વર્ગ જુદો પાડવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિ ખરા પણ સ્વરૂપસન્મુખ મિથ્યાદૃષ્ટિ. એ સ્વરૂપસન્મુખ મિથ્યાદૃષ્ટિના પરિણમનમાં–એની દશામાં કેટલો ફેર થયો ? કે, જેને દર્શનમોહનો રસ અત્યંત ગળી ગયો છે અને દર્શનમોહ છૂટવાની તૈયારી (છે), છૂટું-છૂટું થઈ રહ્યું છે એ સ્થિતિ છે. એટલે એનું–મિથ્યાશ્રદ્ધાનું જોર તૂટી ગયું છે. કેમકે રસમાં જોર છે, બાકી પરિણામ ખાલી ખોખાં જેવા છે. જ્ઞાનની અંદર એને પોતાનો શુદ્ધાત્મા લક્ષગત થયો છે. આવો હું અબદ્ધ છું, આવો હું જ્ઞાયક છું એ એને લક્ષમાં આવી ગયો છે. પણ એ લક્ષમાં આવ્યો હોવા છતાં હજી જેવો જ્ઞાનમાં આત્મા છે એવો એક રાગ પણ ચાલે છે, એને અનુસરતો રાગ ચાલે છે. અહીંયાં આ જ્ઞાનનું જોર છે પણ આ રાગનું જોર નથી, પણ છે ખરો, છે ત્યાં સુધી એને અનુભવ નથી. એ મટતાં અનુભવ છે એમ લેવું છે.

પ્રશ્ન :– સાથે જ્ઞાનનું જોર છે ?

સમાધાન :– જ્ઞાનનું જોર છે. કેમકે જ્ઞાનનો વિષય શુદ્ધાત્મા છે, અબદ્ધસ્પૃષ્ટ જ્ઞાયક આત્મા છે એટલે જ્ઞાનને પોતાના અનંત ગુણની ખાણનો પત્તો લાગ્યો છે, જ્ઞાન હજી પહોંચ્યું નથી. Address મળી ગયું છે કે, આમ થઈને, આમ થઈને અહીં જવાનું છે, પણ પહોંચ્યો નથી. જેને પોતાના સ્વરૂપનો પત્તો લાગ્યો તે ત્યાં જવા માટે ઉતાવળ કરે તો તે સ્વભાવિક છે. અનંત સુખની ખાણ છે એટલે એ ઉતાવળ કરે છે, જોર કરે છે. વિકલ્પ ભલે સીધી ચીજ નથી, વિકલ્પ તો રાગ છે એટલે ચારિત્રગુણનો એક વિપર્યાસ છે પણ છતાં એ એની સાથે ઘસડાય છે. હું અબદ્ધ છું અને હું જ્ઞાયક છું એવો વિકલ્પ ચાલે છે. જ્ઞાનની સાથે-સાથે એ ખેંચાય છે. ત્યારે જ્ઞાન એમ કહે છે કે, ભાઈ ! મારે તારું કામ નથી, તું મારો કેડો મૂકી દે, મારો સાથ મૂકી દે, હું તને ઇચ્છતો નથી. કેમકે મેં જે મારું નિર્વિકલ્પ સ્વરૂપ, પરમ વીતરાગ સ્વરૂપ જોયું છે ત્યાં મારે જવું છે. અનાદિથી તારો સાથ લીધો છે હવે તું એમ કહે કે, તમે જ્ઞાયકને જોયો તો વિકલ્પમાં હું પણ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકનું રટણ કરું અને ભજન કરું. તો (જ્ઞાન કહે છે કે) તું કર તોપણ સાથે ન જોઈએ. મારે તો કેવળ વીતરાગસ્વરૂપ જે મારું સ્વરૂપ છે એ જ જોઈએ, રાગનો કણ પણ મને એની પાસે પોસાય નહિ. પરમ પવિત્ર એવો જે શુદ્ધાત્મદેવ, એની પાસે રાગની મલિનતા, વિષ્ટારૂપ અપવિત્રતા એની પાસે કેમ રખાય ? મારે

એ ન જોઈએ. તું તો ભાઈસાહેબ બહાર જ રહે. તારી અછૂતની જાત છે, ત્યાં તારો પ્રવેશ નહિ થાય, તને ત્યાં પ્રવેશ નહિ મળે. તેં આ આત્માનું ઘણા કાળ સુધી–અનંતકાળ સુધી અહિત કર્યું છે એવો તું અહિત કરનારો તારું રૂપ બદલીને ઘડીક વાર સાથે આવ પણ હું હવે છેતરાઉં એમ નથી. એણે વેશ બદલ્યો, વિકલ્પે વેશ બદલ્યો. અશુભમાંથી શુભમાં આવ્યો અને જ્ઞાયક... જ્ઞાયક... કરવા મંડ્યો માળો ! એ પણ અબદ્ધ છું ને જ્ઞાયક છું એવો વિકલ્પ કરવા મંડ્યો ! જ્ઞાન કહે છે કે, હવે નહિ છેતરાઉં. મને ભાવ ભાસ્યો છે કે પરમ વીતરાગસ્વરૂપ હું કેવો છું ! તારી જાત અને એની જાતની મને ખબર પડી ગઈ છે. હવે તારો વેશપલટો–જ્ઞાયકનો વિકલ્પ એવો વેશપલટો (હોય તોપણ) એમાં હવે સાથે રહેવાની વાત રહેતી નથી. મારે છેડો ફાડવો છે એટલે ફાડવો છે.

એ વિકલ્પમાં દુઃખ છે, એ વિકલ્પમાં સમ્યગ્દર્શન થયા પહેલાં પણ દુઃખનો અનુભવ થાય છે અને તેથી એ વિકલ્પને, મંદ રાગનો વિકલ્પ હોવા છતાં એ જીવ સાથે નથી રાખતો એનું કારણ કે એમાં દુઃખનો અનુભવ છે એ એને સ્પષ્ટ છે અને એને શાંત–પરમ શાંતસ્વરૂપ લક્ષમાં છે એટલે એનું વલણ ફરી જાય છે. જ્યાં અનંતી શાંતિ ભરી છે એ બાજુ એનું વલણ રહે છે, દુઃખનો કણ પણ ન જોઈએ. કેમકે કણને રાખતા એમાંથી પાછો મણ થાય છે માટે આ પણ જોઈએ નહિ. સેપ્ટિકનો એક કણ રહી જાય છે તો વળી પાછું બધું સડે છે. થાય છે કે નહિ ? એટલે સાફસૂફી થવી જ જોઈએ. એ સેપ્ટિક છે–વિકલ્પ છે એ સેપ્ટિક છે–Poison છે. એ બરાબર સમજમાં આવે છે, દુઃખરૂપ ભાસે છે એટલે એને ટાળવાનો પુરુષાર્થ ઊપડે છે.

વિશેષ લઈશું, સમય થયો છે.

## તા. ૨૪-૧૨-૧૯૮૬, વચનામૃત–૩૭
## પ્રવચન નં. ૩૪

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૩, ૩૭મો બોલ ચાલે છે. નિર્વિકલ્પ આનંદનું વેદન થાય એ પહેલાંના નજીકના કાળની દશાનું આ વર્ણન છે. એમ કહ્યું કે, હું અબદ્ધ છું અને જ્ઞાયક છું એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે. એમાં ઘણી વાત આવે છે કે, નિર્વિકલ્પ આનંદ ઉત્પન્ન થયા પહેલાંના આગળની મિનિટોનો આ પ્રસંગ છે. બીજાં વિકલ્પો ત્યાં હોતા નથી. હું અબદ્ધ છું અને જ્ઞાયક છું એવા વિકલ્પોનો અહીંયાં નિર્દેશ કર્યો એમાંથી એ પણ સ્પષ્ટ થાય છે કે બીજાં વિકલ્પો ત્યાં નથી. સંસારના કાર્યોના કે બીજાં કોઈ પણ અશુભ પ્રકારના વિકલ્પ નથી પણ શુભ વિકલ્પમાં પણ દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પ પણ નથી. ત્યાંથી આગળ શુભ વિકલ્પોનું સ્તર છે તત્ત્વજ્ઞાનની વિચારણાનું, એ તત્ત્વજ્ઞાનની વિચારણામાં પણ વ્યવહારનયના વિષયભૂત જે પર્યાયો છે, રાગાદિ ભાવો છે એનો પણ વિકલ્પ નથી, ગુણભેદનો પણ વિકલ્પ નથી. ત્યાં સુધી લેવું.

જ્ઞાનમાં ભાસ્યમાન થયેલ જે નિશ્ચયનયના વિષયભૂત અભેદ આત્મતત્ત્વ છે એ આત્મતત્ત્વ જ્ઞાયકતત્ત્વ છે અને સર્વ કાળે અબદ્ધતત્ત્વ છે–કર્મથી નહિ બંધાયેલું, નહિ સ્પર્શાયેલું અને રાગાદિથી ભિન્ન, રાગથી પણ નહિ બંધાયેલું એવું તત્ત્વ છે. એના સન્મુખના જ્ઞાન કાળે એ જ્ઞાનને અનુસરીને જે વિકલ્પ–રાગાદિ ભાવ ઉત્પન્ન થાય છે એ વિકલ્પો અત્યંત મંદ કષાયના છે અને નજીકની ક્ષણના બહુ સૂક્ષ્મ વિકલ્પ છે, સ્થૂળ વિકલ્પ પણ નથી. શાસ્ત્રમાં એને અંતર્જલ્પ કહ્યો છે. આત્મસ્વરૂપના ચિંતનના, મનનના અને ઘોલનના ભાવને ત્યાં અંતર્જલ્પ કહ્યો છે. બહિર્જલ્પ છે એ સ્થૂળ વિકલ્પ છે. અહીંયાં અંતર્જલ્પ છે એ એકદમ સૂક્ષ્મ વિકલ્પ છે. એવા વિકલ્પની છેલ્લી હદનો એ પ્રકાર છે તોપણ એ વિકલ્પો ત્યાં દુઃખરૂપ લાગે છે, એમ કહેવું છે અને વિકલ્પો

દુઃખરૂપ લાગે છે તેથી એ વિકલ્પથી ખસવાનું સહજ પુરુષાર્થમાં બને છે. જેમ અગ્નિને અડતાં દાઝવાનું થાય છે તો દાઝવાથી સહેજે ખસી જવાનો પુરુષાર્થ થાય છે. દાઝે ત્યારે કોઈ એવો વિચાર, વિકલ્પ નથી કરતા કે, આ દઝાય છે માટે અહીંથી જવાય કે ખસાય કે ન ખસાય ? તો કહે, ખસાય. ખસાય તો અત્યારે ખસાય કે પછી ખસાય ? એવી કોઈ વિચારણા ચાલતી નથી. એ તો દાઝ્યો કે ખસ્યો જ છે.

એમ અહીંયાં પણ શાંત સ્વરૂપ, પરમ શાંત સ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત સ્વરૂપ જે આત્મતત્ત્વ લક્ષમાં છે એની શાંતિ ખ્યાલમાં આવે છે, એની સન્મુખ થયેલા જ્ઞાનમાં, સમ્યક્સન્મુખ જ્ઞાનમાં એનો ખ્યાલ આવે છે, એનો ભાવ ભાસે છે કે, આવી શાંતિ છે ! આવું શાંત મારું સ્વરૂપ છે ! ત્યારે ખરેખર જે દુઃખરૂપ છે, વાસ્તવિકતાએ અને હકીકતરૂપે જે દુઃખરૂપ છે એવા વિકલ્પ માત્ર–સ્થૂળ હો કે સૂક્ષ્મ હો, સ્થૂળ વિકલ્પમાં તો આકુળતા વિશેષ છે, ઘણી છે, સૂક્ષ્મ વિકલ્પમાં આકુળતા મંદ છે, ઓછી છે તોપણ આકુળતા છે. એ પણ દુઃખરૂપ લાગે છે. જ્યારે એ વિકલ્પ દુઃખરૂપ લાગે છે અને જેથી કરીને એ વિકલ્પો દુઃખરૂપ લાગે છે તેથી અને ત્યારે તેની શાંતિ તેમાં મળતી નથી, એમાં શાંતિ નથી.

બે ભાવ સરખામણીમાં સાથે છે. જેમ બે ભળતા રંગ બાજુ-બાજુમાં રાખવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે, આ Dark છે, આ આના કરતાં Mild colour છે અથવા સફેદાઈ હોય તો આ વધારે સફેદ છે, આ ઓછો સફેદ છે. એકલું જુદું રાખવામાં આવે તો કદાચ ન સમજાય પણ બાજુમાં રાખવામાં આવે તો સમજાય છે. એમ શુદ્ધાત્માની શાંતિ, શાંત સ્વભાવ છે એ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. એટલે વસ્તુસ્વરૂપે એ પ્રત્યક્ષ છે. સ્વભાવને પોતાનું રૂપ જ પ્રત્યક્ષ છે. સહજ પ્રત્યક્ષ એ વસ્તુનું સ્વરૂપ છે. જે આવું પ્રત્યક્ષ છે, પરમ શાંતપણે પ્રત્યક્ષ છે, અનંત શાંતસ્વરૂપે પ્રત્યક્ષ છે. એની પાસે કોઈ પણ વિકલ્પ હો, ભલે એ જ્ઞાયકનો વિકલ્પ હો તોપણ એની અશાંતિ અને એની આકુળતા – એ સ્પષ્ટ જણાય આવે એવો વિષય છે. કેમકે એ વિરુદ્ધ જાતનો છે. ભલે રાગ આમ ભળતો ભાવ છે, ભળતો એટલે એમાં જ્ઞાયકનો વિકલ્પ છે, અબદ્ધનો વિકલ્પ છે તોપણ વિકલ્પ છે એ વિકલ્પ છે અને નિર્વિકલ્પ આત્મસ્વરૂપથી વિરુદ્ધ છે. જે શાંત ભાવ છે એ નિર્વિકલ્પ શાંત ભાવ છે, અશાંત વિકલ્પ છે એ સવિકલ્પ અશાંત વિકલ્પ છે અને બન્ને એક કાળે જ્ઞાનની સામે છે એટલે એની જે મેળવણી છે, એની જે સરખામણી છે એ સ્પષ્ટ થાય છે. એકલો વિકલ્પ હોય ત્યાં હજી જીવ છેતરાય છે.

વિકલ્પમાં કોણ ભૂલો પડે છે ? વિકલ્પમાં કોણ છેતરાય છે ? અને વિકલ્પમાં પણ કોણ શાંતિ માની લે છે ? આ એક પ્રશ્ન છે. એવો તર્ક કરી શકાય છે કે, વિકલ્પની શાંતિને આત્માની શાંતિ માની લેવાય એવી પરિસ્થિતિ ઊભી થાય, એવી ભૂલ થાય ત્યાં શું કરવું ? અનાદિ(થી)

આત્મશાંતિનો અનુભવ નથી અને વિકલ્પ ઘણાં મંદ પડે છે, ઘણાં સૂક્ષ્મ થાય છે ત્યારે અંદરમાં શાંતિ લાગે છે તે આત્માની શાંતિ છે કે કષાયની મંદતાની શાંતિ છે ? એવી ખબર ન પડે અને ભૂલ થાય ત્યાં મુમુક્ષુજીવ શું કરે ?

ભાઈ ! ત્યાં એ ભેદજ્ઞાન કરતો-કરતો આગળ વધ્યો નથી. વિકલ્પ સૂક્ષ્મ થયા હોય (એ) બનવાજોગ છે, બની શકે છે પણ ભેદજ્ઞાન કરવામાં તો વિકલ્પનો નકાર છે. જે વિકલ્પની લાળ લંબાય છે, જે વિકલ્પ ચોંટતા આવે છે એને ભેદજ્ઞાન કરનારો જીવ એનો નિષેધ કરતો, એને ધક્કો મારતો આગળ ચાલે છે અને એ હું નહિ, એમ ત્યાં છે. એ હું નહિ તો જ્યાં હું નહિ ત્યાં હુંપણું કેમ થઈ જાય ? જેમાં હુંપણું નથી એમ ભાવ આવે ત્યારે આગળ વધાય, એમાં હુંપણું થઈને કેમ આગળ વધાય ? એટલે રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવ છે અને રાગનું ચિહ્ન આકુળતા છે, રાગનું સ્વરૂપ અને લક્ષણ આકુળતા છે. જો એણે રાગની-મંદ કષાયની શાંતિમાં શાંતિ માની તો એણે એ રાગને ઓળખ્યો છે એ વાત રહેતી નથી. ઓળખાણનો અર્થ છે કે ગમે તે રૂપ લઈને આવે, ગમે તે વેશ લઈને આવે તોપણ એને ઓળખી કાઢે. વિકલ્પમાં પાપનો વેશ થાય ત્યારે ઓળખાય અને પુણ્યનો વેશ થાય ત્યારે ન ઓળખાય તો એણે વિભાવની જાતિ ઓળખી નથી. વળી, આત્માનો વિકલ્પ થાય ત્યારે ન ઓળખાય અને બીજો વિકલ્પ થાય ત્યારે ઓળખાય કે આ પુણ્યભાવ છે પણ આત્માનું ચિંતવન ચાલે ત્યારે આ પુણ્યભાવ છે એમ ન સમજ પડે તોપણ એને એ ભાવની ઓળખાણ થઈ નથી.

પ્રશ્ન :- ઓળખાણ તો નિશ્ચય થયો ત્યારે થઈ ને ?

સમાધાન :- ત્યારથી. સ્વભાવ અને વિભાવની જાતિ એકસાથે ઓળખાય છે (કેમકે) પ્રતિપક્ષ છે. અનાદિથી વિભાવનો પરિચય હોવા છતાં વિભાવની જાતિ નથી ઓળખી. જુઓ ! અનાદિથી આ જીવને વિભાવનો પરિચય છે, વિભાવનો અનુભવ છે અને વિભાવસ્વરૂપે જ પોતાને અધ્યાસિતપણે અનુભવી રહ્યો છે, છે નહિ છતાં. તોપણ એણે વિભાવની જાતિ તો નથી જ ઓળખી. કેમકે વિભાવની જાતિ ઓળખાય તો સ્વભાવની જાતિ ઓળખાય અને જ્યારે સ્વભાવની જાતિ ઓળખે છે ત્યારે આપોઆપ એ વિભાવની જાતિ ઓળખી લ્યે છે, બન્ને પ્રતિપક્ષ છે તેથી.

મુમુક્ષુ :- નિર્ણય પાકો થયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય યથાર્થ થયો છે. પાકો તો ઘણાં એવી રીતે લઈ લે છે કે, આત્મા જ્ઞાયક છે એ એટલું બધું દૃઢ કર્યું છે... એટલું બધું પાકું કર્યું છે... એટલું પાકું કર્યું છે કે હવે એમાં ફેર ન પડે. ભાઈ ! વિકલ્પ પાકો કર્યો છે કે સ્વભાવ પાકો કર્યો છે ? (માટે) યથાર્થ લેવું પડે છે. યથા એટલે જેવું સ્વરૂપ છે એવો જ ભાવ (ભાસે). અર્થ (એટલે) એનો

ભાવ. એવો જ ભાવ ભાસે ત્યારે એને યથાર્થ ભાવભાસન – યથાર્થ નિર્ણય કહેવાય અને એમાં એ વિકલ્પના, રાગના એક કણને પણ મેળવે નહિ. બેની જાત જુદી છે એટલે એમાં એકબીજાને એકબીજામાં જરા પણ મેળવવાનો સવાલ ઊભો થતો નથી.

પ્રશ્ન :– સહજ સ્વભાવ પ્રત્યક્ષ છે એમ જે કીધું એ નિર્ણયના તબક્કામાં આવી જાય છે ને ?

સમાધાન :– હા, નિર્ણયના તબક્કામાં આવે છે.

પ્રશ્ન :– જો નિર્ણયમાં ન આવે તો ગાડી ભૂલમાં ચાલે ?

સમાધાન :– તો બધે ઊંધે રસ્તે, બીજે રસ્તે જ ચાલે. કેમકે નિર્ણયમાં યથાર્થપણું છે અને નિર્ણયની ભૂલમાં અયથાર્થપણું છે એટલે બુદ્ધિપૂર્વક ત્યાં સ્વરૂપનું અન્યથા ગ્રહણ છે, અન્યથા કલ્પનાથી ગ્રહણ છે અને એ કલ્પના થવાનું કારણ–'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં એ વિષય તો ચાલે જ છે કે, કલ્પના થવાનું કારણ કાં જીવની ઓઘસંજ્ઞા છે, ઓઘેઓઘે આત્માનો વિકલ્પ કરે છે કાં જીવને લોકસંજ્ઞા છે–લોકની મુખ્યતા છે, સમાજની મુખ્યતા છે અને કાં જીવ અસત્સંગને પ્રીતિએ કરીને સેવી રહ્યો છે. તો જ સેવ્યો કહેવાય ને ? નહિતર તો જ્ઞાનીનો અજ્ઞાની સંગ કરવા આવે છે, દોષિત જીવો–પાપી જીવો પણ જ્ઞાનીનો સંગ કરવા આવે છે તેથી જ્ઞાનીને એનો સંગ છે એમ કહેવાય નહિ. કહેવાય ? ન કહેવાય. કેમકે એને પ્રીતિ નથી, એને અપેક્ષા નથી, એને કાંઈ લેવાદેવા નથી, એ તો છૂટેછૂટો છે. જ્ઞાની છૂટો છે, (સામેવાળો) આવે છે તો એને કારણે, ન આવે તો એને કારણે. એને કોઈ અપેક્ષા નથી. (એ વાતનો) પુરાવો છે કે, 'ગુરુદેવશ્રી'એ કોઈને કહેલું નહિ કે તમે અહીંયાં આવીને સાંભળવા આવો. અમારું વ્યાખ્યાન સાંભળવા આવો એવું કોઈને વ્યક્તિગત કહેતા નહિ, ચાહે રાજા આવે, ચાહે શેઠિયાઓ આવે, ચાહે રંક આવે. આવ્યા હોય એને કોઈ દિવસ એમ ન કહે કે, બહુ સારા વ્યાખ્યાન આવે છે માટે તમે રોકાઈ જજો. કહ્યું છે કોઈ 'દી ? આટલા વર્ષમાં આ પ્રત્યક્ષ પુરાવો છે. જેને પોતાને ગરજ હોય (એ સાંભળવા આવે). ઊલટાનું એમ કહેતા કે, તીર્થંકરની ધર્મસભામાં ઇન્દ્રાદિ દેવો (કે જે) ૩૨ લાખ વિમાનના સમર્થ સ્વામી હોય (એ) ગલૂડિયાંની જેમ સાંભળે ! એમ આ ગરજનો વિષય છે. જેને ગરજ હોય એ સાંભળવા આવે. ઊલટાનું દૃષ્ટાંત એવી રીતે આપતા હતા. ભગવાનનું, તીર્થંકરનું દૃષ્ટાંત આપીને એમ કહેતા. એટલે એને એ સંગ છે એમ ન કહેવાય. સંગ ક્યારે કહેવાય ? કે, પોતે એની અપેક્ષાથી એના સંગમાં જાય ત્યારે, એને સંગમાં રહેવાનો ભાવ આવે ત્યારે, ત્યારે જ્ઞાનીનું જ્ઞાનીપણું રહી શકતું નથી. એ તો એને સીધી સ્વરૂપમાં જ કલ્પના થઈ જાય છે.

અહીંયાં કહે છે કે, વિકલ્પ માત્ર – સૂક્ષ્મ અંતર્જલ્પના જ્ઞાયક સંબંધિત વિકલ્પ માત્ર પણ

દુઃખરૂપ છે અને આત્મા અનંત સુખરૂપ છે, પ્રત્યક્ષ સુખસ્વરૂપ છે એટલે એમાં ભૂલ પડવાનો પ્રસંગ નથી અને એ બન્ને ભાવ એક સાથે એને જ્ઞાનમાં સ્પષ્ટ હોવાથી એ તારવી શકે છે કે, આ બાજુ ખસાય, આ બાજુ તો દઝાય છે, આ બાજુ શાંતિ છે, આ બાજુ દાઝવાનું છે.

પ્રશ્ન :– તોપણ વિકલ્પ તો આવા જ હોય ને ?

સમાધાન :– વિકલ્પ બીજાં નથી હોતા એ એમાં આવી જાય છે. વિકલ્પ બીજો કરતો હોય અને સીધો આનંદના વેદનમાં નિર્વિકલ્પ થઈ જાય એવું કદી કોઈને બને નહિ. (કોઈ) તર્ક લઈ આવે છે કે, ક્રમબદ્ધનો કાળ હોય અને ક્રમબદ્ધનો કાળ એના ક્રમમાં આવી ગયો એટલે ગમે ત્યારે ગમે ઈ વિકલ્પ ચાલતો હોય પણ નિર્વિકલ્પ થઈ જાય તો ? એવું ક્રમબદ્ધ હોતું નથી. ક્રમ પણ આવો બંધાયેલો છે કે, એને જગતના વિકલ્પ ન હોય, ધંધા-વેપાર, દુકાન કે ઘરના વિકલ્પ ન હોય, બીજાં પણ સાધારણ પુણ્યના–દયા, દાન, પૂજા, ભક્તિના વિકલ્પ ન હોય પણ વ્યવહારના વિષયના પણ વિકલ્પ ન હોય, ગુણભેદના પણ વિકલ્પ ન હોય, ઓળખવા સંબંધીના વિકલ્પ ન હોય, (કેમકે) એ તો ઓળખાય ગયો છે એટલે અને એક માત્ર અભેદ જે ભાસ્યમાન થયેલું, નિશ્ચિત થયેલું, ઓળખાય ગયેલું એવું તત્ત્વ જ્ઞાનની સમક્ષ છે અને પુરુષાર્થધર્મ મંદ હોવાને લીધે વિકલ્પ ઉત્પન્ન થઈ જાય છે છતાં ભેદથી એનો નિષેધ કરે છે, ભેદજ્ઞાનમાં એનો નિષેધ કરતો જાય છે, નિષેધ કરતો જાય છે અને એમાં એને અશાંતિ લાગે છે. એમાં એને શાંતિ મળવાનો તો પ્રશ્ન જ નથી. એમાં શાંતિ મળતી નથી.

**'વિકલ્પ માત્રમાં દુઃખ–દુઃખ ભાસે છે,...'** બે વખત **'દુઃખ'** લીધું છે. જુઓ ! વિકલ્પ માત્રમાં (એટલે) સૂક્ષ્મ વિકલ્પમાં પણ એકલું દુઃખ, દુઃખ–દુઃખ ભાસે છે, કેવળ દુઃખ ભાસે છે. એમ.

પ્રશ્ન :– ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે ?

સમાધાન :– હા, ભઠ્ઠી જેવું છે, બરાબર ભઠ્ઠી છે. કેમકે આ આત્મસ્વભાવ અનંત શાંતસ્વરૂપ છે, આ કેવળ દુઃખ છે. અનંત શાંતિની પાસે આ ભઠ્ઠી જેવી વાત છે. ત્યાં તો 'સોગાનીજી'એ જે બોલ લખ્યો છે, બોલમાં જે વિષય ચાલ્યો છે, એ પણ એમણે નથી લખ્યા, બીજાએ લખ્યા છે. દેવાદિક પ્રત્યે વિકલ્પ જાય. દેવાદિક એટલે દેવ, ગુરુ અને શાસ્ત્ર. એમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે. પણ એ તો સ્થૂળ વિકલ્પ છે એટલે કહેવાનો સવાલ જ નથી કે ભઠ્ઠી જેવું દુઃખ છે. અહીં તો સૂક્ષ્મ વિકલ્પમાં **'દુઃખ–દુઃખ'** એવો શબ્દ વાપર્યો છે. અંતર્જલ્પમાં બે વખત દુઃખ બોલ્યા છે ! ઠીક ! તો પેલો તો સ્થૂળ વિકલ્પ છે. કોઈએ વાંધો લીધો કે, સર્વજ્ઞદેવ તો ગુણની મૂર્તિ છે, જેને પૂરેપૂરા ગુણ ખીલી ગયા છે. એમના પ્રત્યે ઉપયોગ જાય તો એ તો ગુણાનુવાદમાં ઉપયોગ જાય છે. સર્વજ્ઞદેવ પ્રત્યે ઉપયોગ જાય છે એ તો એક પ્રકારનો ગુણાનુવાદ થાય છે

ત્યારે ઉપયોગ જાય છે. એમાં દુઃખ (લાગે), અને દુઃખ એકલું નહિ ભઠ્ઠી જેવું દુઃખ પાછું ! આ વાત કાંઈ બેસતી નથી. એટલે એમ લાગ્યું કે આ વાત સમ્યક્ નથી, મિથ્યા છે એમ લાગ્યું. 'ગુરુદેવશ્રી' કહે કે, નહિ ! જેણે આત્માની શાંતિ જોઈ છે એ આમ જ કહે અને આમ ન બેસે તો એણે આત્માની શાંતિ જોઈ નથી. એમાંથી આ આંક કાઢ્યો.

પ્રશ્ન :- આ નિર્વિકલ્પ પહેલાંની વાત છે ને ?

સમાધાન :- હા, પહેલાંની વાત છે.

પ્રશ્ન :- પૂજ્ય 'બહેનશ્રી'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે, નિર્વિકલ્પ થયા પહેલાં છેલ્લો ક્યો વિકલ્પ હોય ? તો કહ્યું કે, એનો કોઈ નિયમ નથી. તો શુભ વિકલ્પ જ કેવી રીતે ?

સમાધાન :- નિયમ નથી એટલે શું કે આત્માનો વિકલ્પ ન હોય એવો નિયમ નથી એમ નથી કહેવા માગતા, પણ આ એક જ વિકલ્પ હોય અને બીજો વિકલ્પ ન હોય એમ. કોઈને સ્વભાવ એવો વિકલ્પ હોય, કોઈને જ્ઞાયક એવો વિકલ્પ હોય, કોઈને ધ્રુવ એવો વિકલ્પ હોય, કોઈને અપરિણામી એવો વિકલ્પ હોય તો એ નિશ્ચયનયના વિષયભૂત પદાર્થનો જ વિકલ્પ હોય, બીજો ન હોય, એમ. ઠીક છે, ચોખવટ થઈ જાય ને. વિકલ્પ ક્યો હોય એનો નિયમ નથી એનો અર્થ એમ નથી કે એને ગમે તે વિકલ્પ હોય-વેપાર કરતાં-કરતાં નિર્વિકલ્પ થઈ જાય - એવું કાંઈ નથી.

મુમુક્ષુ :- અશુભનો નહિ પણ શુભના અનેક પ્રકાર છે એમાંથી કોઈપણ એક પ્રકારનો હોય.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નહિ, નહિ... એમ પણ નહિ.

મુમુક્ષુ :- ૪૨૯ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, **'પ્રશ્ન :- પ્રથમ આત્માનુભવ થતાં પહેલાં, છેલ્લો વિકલ્પ કેવો હોય ? ઉત્તર :- છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી.'** એમાં આ ન લઈ લેવું કે ગમે તે શુભ હોય, અશુભ ન હોય પણ ગમે તે શુભ હોય એમ પણ ન લઈ લેવું. એ મર્યાદા તો અહીંયાં છે જ. ઈ આમાંથી નીકળશે, હવે ક્યાંથી નીકળશે એ તમારો પ્રશ્ન આવ્યો એમાંથી સ્પષ્ટ થઈ જશે, આમાંથી નીકળશે. જુઓ ! **'ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં...'** વેપાર કરતાં-કરતાં લીધું ? પૂજા કરતાં કરતાં લીધું ? ત્યાગ કરતાં કરતાં લીધું ? **'શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ...'** (અર્થાત્) આ હું... આ હું... આ હું... આ હું... એમ એની સન્મુખતાનો અભ્યાસ ચાલે છે તો વિકલ્પ બીજો હોય કે આ હોય ? જે કામ કરે એનો વિકલ્પ હોય કે બીજો વિકલ્પ હોય ? જો શુદ્ધાત્માની સન્મુખતાનો અભ્યાસ છે તો વિકલ્પ પણ શુદ્ધાત્માનો હોય. વિકલ્પ બીજો કેમ હોઈ શકે ? અને બીજો વિકલ્પ હોય તો એને શુદ્ધાત્માનો

અભ્યાસ કેમ કહેવાય ? આ તો શુદ્ધાત્માની સન્મુખતાનો અભ્યાસ છે. **'શુદ્ધાત્મતત્ત્વની સન્મુખતાનો અભ્યાસ કરતાં કરતાં ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ થાય છે.'** બરાબર છે ? **'જ્યાં જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે,...'** જોયું ? ક્યાં ઢળી રહી છે ? **'જ્ઞાયક તરફ પરિણતિ ઢળી રહી હોય છે, ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય...'** પાછો છેલ્લો લીધો છે, હોં ! અહીંયાં પ્રશ્ન શું છે ? કે, છેલ્લા કેટલાંક એમ નહિ, (પણ) છેલ્લો ક્યો હોય છે ? એક–Last one, છેલ્લો એક ક્યો હોય છે ? તો કહે છે, એનો કોઈ નિયમ નથી. એટલે ? એનો કોઈ નિયમ નથી એટલે ? હોય છે શુદ્ધાત્માનો. પણ એમાં 'હું જ્ઞાયક' એમ વિકલ્પ હોય, 'હું આનંદસ્વરૂપ' એમ વિકલ્પ હોય, 'હું એક' એમ વિકલ્પ હોય, 'હું અભેદ' એમ વિકલ્પ હોય, 'હું પરિપૂર્ણ' એમ વિકલ્પ હોય એવો કોઈ નિયમ નથી. બધાં સ્વરૂપને લગતા વિકલ્પ છે. એમાં આ હોય એમ નિયમ નથી. કોઈને પૂર્ણ તત્ત્વ લક્ષમાં છે તો હું પૂર્ણ છું, હું પૂર્ણ છું 'पूर्णम् इदम्', પૂર્ણ... પૂર્ણ... એમ પણ ચાલતું હોય, કોઈને જ્ઞાયક ચાલતું હોય, કોઈને આનંદની મુખ્યતા હોય. અનંત ગુણવિશિષ્ટ પદાર્થ છે, અભેદ છું (એમ) પોતાની અભેદતાનો ભાવ ચાલતો હોય. છેલ્લો વિકલ્પ ક્યો છે, એનો કોઈ નિયમ નથી – એ સિદ્ધાંતિક વાત છે. એનો નિયમ નથી કે આ જ વિકલ્પ છેલ્લો હોય અને એવું જો હોય તો ઈ પહેલો અને છેલ્લો કોઈ બદલવાનો વિષય રહેતો નથી. વિકલ્પ તો બદલાય છે, બદલાતા... બદલાતા... ગમે તે છેલ્લો પાછો હોય. આટલા આત્માના વિકલ્પોમાં બદલાતા... બદલાતા... ગમે તે છેલ્લો પાછો હોય. જ્ઞાયકનો પણ છેલ્લો આવે અને પૂર્ણનો પણ છેલ્લો આવે, એકનો પણ છેલ્લો આવે અને અભેદનો પણ છેલ્લો આવે. અનેકનો ન આવે પાછો. એકનો આવે પણ અનેકનો ન આવે કેમકે એ વ્યવહારનયના વિષયમાં જાય છે. એમ. એટલે **'ત્યાં ક્યો વિકલ્પ છેલ્લો હોય (અર્થાત્ છેલ્લે અમુક જ 'વિકલ્પ' હોય) એવો 'વિકલ્પ' સંબંધી કોઈ નિયમ નથી.'**

વળી, જેને નિર્વિકલ્પતા થાય છે એ ક્યો (વિકલ્પ) છેલ્લો હતો એ જોવા ઉપર એનું લક્ષ નથી હોતું. કોઈ પ્રશ્ન કરે તો સ્મૃતિમાં લાવીને ઉપયોગ મૂકીને વિચારીને એમ કહે કે, આત્માના વિકલ્પો હતા, શુદ્ધાત્માના વિકલ્પો હતા, ક્યો છેલ્લો એનો કોઈ નિયમ દેખાતો નથી. નહિતર તો બરાબર ખ્યાલ રહે કે, આ જ છેલ્લો રહેવો જોઈએ પણ એના ઉપર લક્ષ નથી. ક્યો છેલ્લો એનો કોઈ નિયમ દેખાતો નથી. **'જ્ઞાયકધારાની ઉગ્રતા–તીક્ષ્ણતા થાય ત્યાં 'વિકલ્પ ક્યો ?' તેનો સંબંધ નથી.'** એનો સંબંધ નથી એનું કારણ કે એ કોઈ કાર્યનું કારણ નથી. આ વિકલ્પ છેલ્લો એવું જે કારણ અને નિર્વિકલ્પતા એનું કાર્ય, એમ કારણ-કાર્યનો સંબંધ નથી, પછી તારે વિકલ્પની સાથે શું સંબંધ છે ?

આ જે પ્રશ્ન નીકળ્યો છે (એ) પ્રશ્ન તો ત્યાંથી નીકળ્યો છે કે, અમે વિકલ્પમાં ઊભા

છીએ. જો તમે એમ બતાવો કે આ એક છેલ્લો વિકલ્પ હોય છે તો પછી અમે બીજો વિકલ્પ જ ન કરીએ. એટલે હજી એને વિકલ્પની પકડ છોડવી નથી. એને વિકલ્પને કારણ તરીકે સાધવો છે કે, આ વિકલ્પ જો સાધક થતો હોય તો આ જ વિકલ્પ કરીએ. ભાઈ ! એ સાધક પણ નથી અને તું એને સાધક બનાવવા જતાં એ જ તારું સાધ્ય થઈ જાય છે. જો તું એમ વિચારે કે, આ વિકલ્પ સાધક છે માટે આ વિકલ્પ હું કર્યા કરું, તો એ તારું સાધ્ય થઈ જશે, તારું સાધક પણ નહિ રહે. એ વિકલ્પ જ તારું સાધ્ય થઈ જશે, તું એને જ સાધ્યા કરીશ. આ પરિસ્થિતિ ઊભી થશે. એ પ્રશ્ન છે એ ખોટી જગ્યાએથી આવ્યો છે. વિકલ્પની પકડમાં ઊભા રહીને, વિકલ્પને નહિ છોડવાની ભાવનામાંથી એ વિકલ્પ ઊભો થયો છે, એ પ્રશ્ન ઊભો થયો છે. એ ગડબડ છે.

**'ભેદજ્ઞાનની ઉગ્રતા, તેની લગની, તેની જ તીવ્રતા હોય;...'** જેનું **'શબ્દથી વર્ણન ન થઈ શકે. અભ્યાસ કરે,...'** પ્રયત્ન કરે, અભ્યાસ કરે એટલે શુદ્ધાત્માનો પ્રયત્ન કરે **'ઊંડાણમાં જાય, તેના તળમાં જઈને ઓળખે,...'** ઓળખીને ઠરે **'તો પ્રાપ્ત થાય-જ્ઞાયક પ્રગટ થાય.'** એ બહુ સ્પષ્ટ વિષય (આવ્યો છે).

મુમુક્ષુ :- 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે કે વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ (રહસ્યપૂર્ણ) ચિઠ્ઠીમાં આવે છે. ત્યાં પ્રથમ નિર્વિકલ્પ થવાની વાત નથી ચાલતી. ત્યાં એમ વાત ચાલી છે કે, સમ્યક્દૃષ્ટિ પણ ક્યારેક સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે. પ્રકરણ ત્યાંથી ચાલ્યું છે. એટલે ક્યા Stageની કોની વાત ચાલે છે એમ નક્કી કર્યા વિના જો વાંચે તો ક્યાંયનું ક્યાંય લગાડે. (ત્યાં) સમ્યગ્દર્શન પછીની વાત છે. એટલે આંખે આંજવાની દવા હોય (એ) નાકે લગાડે એવું ન ચાલે, બાજુ-બાજુમાં હોય તોપણ. ત્યાં સમ્યક્દૃષ્ટિ છે એની વાત ચાલે છે. અહીંયાં સમ્યગ્દર્શન જેને થવાનું છે એની વાત ચાલે છે. બે વચ્ચે ભૂમિકાનો ફેર છે એ પણ સમજવો જોઈએ અને એ રીતે લક્ષમાં-ખ્યાલમાં હોય અને વિચાર ચાલવો જોઈએ નહિતર એકની જગ્યાએ બીજાની વાત ચાલવા માંડે. થાય ગડબડ મોટી !

પ્રશ્ન :- આનંદની મુખ્યતા હોય એટલે શું ?

સમાધાન :- મુખ્યતા હોય એટલે શું છે કે, હું આ પરિપૂર્ણ અનંત આનંદસ્વરૂપ છું એમ લક્ષમાં આવે. આનંદની મુખ્યતાથી આખું દ્રવ્ય લક્ષમાં આવે. જ્ઞાયકમાં જ્ઞાનની મુખ્યતાથી આખું દ્રવ્ય લક્ષમાં આવે. પરિપૂર્ણ છે તો પરિપૂર્ણતાની મુખ્યતાથી આખું દ્રવ્ય લક્ષમાં આવે. એમ. આખું દ્રવ્ય, આખું દ્રવ્ય, દ્રવ્ય અધૂરું નહિ. એક ગુણ નહિ, સામાન્ય-અભેદ (લક્ષમાં આવે). પણ વિકલ્પ ચાલે છે ત્યાં સુધી કોઈ એક વિશિષ્ટતાનો વિકલ્પ ચાલે છે અને જ્યાં સુધી એટલો પણ કોઈ એક વિશિષ્ટ ગુણ-શક્તિની મુખ્યતા રહે છે ત્યાં સુધી વિકલ્પ પણ ઊભો રહે છે.

કારણ કે એટલો ભેદ પડે છે, એટલો ભેદ પડે છે. અભેદમાં એવો ભેદ નથી. કોઈ ગુણ મુખ્ય, કોઈ ગુણ ગૌણ એવું આત્મામાં નથી. જ્ઞાનગુણ આત્મામાં મુખ્ય કે આનંદગુણ આત્મામાં મુખ્ય એવું કાંઈ નથી, કોઈ ગુણ મુખ્ય નથી. બધાં ગુણો પોતપોતાની વિશિષ્ટતા ધરાવે છે અને દરેક (ગુણ) પોતાનું અનંત સામર્થ્ય ધરાવે છે. કોઈ અધૂરું, અલ્પ કે ઊણું સામર્થ્ય ધરાવે છે એવું નથી.

ત્રણે કાળે એની હયાતી અબાધિત છે. અસ્તિત્વ એટલે હયાતી. આત્માની ત્રણે કાળે હયાતી અબાધિત છે. પછી Atombomb ફૂટે તો આત્માના એક પ્રદેશને ઇજા ન કરી શકે. આ પાટાની નીચે કેટલાક જીવ-જંતુ ચેપાઈ જાય છે ને ? આત્માના પ્રદેશને કાંઈ અડી ન શકે. રેલ ન અડી શકે, કોઈ અડી ન શકે, સ્પર્શી જ ન શકે. અબાધિત છે, એનું અસ્તિત્વ જ અબાધિત છે. અસ્તિત્વ અબાધિત હોવાથી એ અસ્તિત્વમાં રહેલાં સર્વ ગુણો, સર્વ પ્રદેશો બધું અબાધિત છે, આખો આત્મા જ અબાધિત છે. એટલે આત્મા અવ્યાબાધસ્વરૂપ છે એમ કહેવાય છે. અવ્યાબાધસ્વરૂપ છે ! અને એ વાત અનુભવમાં–અધ્યાત્મના પ્રકરણમાં બહુ મોટો ભાગ ભજવે છે કે, મારું સ્વરૂપ જો અવ્યાબાધ છે તો મારા જ્ઞાનમાં મારું જ્ઞાનવેદન પણ અબાધિત છે. એને કોઈ બાધા પહોંચાડી ન શકે. જો મારા જ્ઞાનવેદનને કોઈ બાધા પહોંચાડી શકતું નથી તો મારા અનુભવને કોણ ખંડિત કરી શકે ? પ્રશ્ન રહેતો નથી. એમ પોતાની જાતને તપાસીને ઓળખે તો એક નવી દુનિયામાં એનો પ્રવેશ થઈ જાય છે ! એની આ આખી (બહારની) દુનિયા છૂટી જાય છે, એનું ભવન ફરી જાય છે એમ કહેવામાં આવે છે.

(અહીંયાં કહે છે કે) **'વિકલ્પ માત્રમાં દુઃખ–દુઃખ ભાસે છે, ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં,...'** આ પુરુષાર્થનો જે તબક્કો છે એ અપૂર્વ છે. નિર્વિકલ્પ આનંદનું વેદન થયું અને નિર્વિકલ્પ સ્વરૂપના આશ્રયે જે જોર આવ્યું કે, એ જોરને વશ વિકલ્પની ઉત્પત્તિ થતી બંધ થઈ ગઈ અને એ જોરને લીધે પોતાના વસ્તુસ્વરૂપમાં – સ્વભાવમાં લીનતા થઈ ગઈ, એકાગ્રતા થઈ ગઈ, તન્મયતા થઈ ગઈ એ પુરુષાર્થ છે એ અપૂર્વ છે. અનંત કાળમાં જીવને એ પ્રકારે પુરુષાર્થ થયો નથી, એ હદે પુરુષાર્થ થયો નથી. જો કે એ જાતનો પણ પુરુષાર્થ થયો નથી. એટલે એ અપૂર્વ છે.

પ્રશ્ન :– અહીંયાં જે પુરુષાર્થ થયો એ સહજ થયો ને ?

સમાધાન :– સહજ જ છે. કેમકે સામે વસ્તુ જ્ઞાનમાં છે. વસ્તુ જ્ઞાનમાં છે એટલે એના ભાવનું જોર આવ્યા વિના રહે નહિ, આવ્યા વિના રહે જ નહિ. માણસ બહારમાં નિર્ધન હોય તો કેવી રીતે ફરે છે ? અને ધનવાન હોય તો કેવી રીતે ફરે છે ? ધનવાનને એમ છે કે મારી પાસે તો શક્તિ છે; પેલો એમ કહે કે, આપણે તો નબળા છીએ એમ સમજે છે. એ તો ભિન્ન ક્ષેત્રે રહેલાં પદાર્થો છે, એનું પરિણમન એને હાથની વાત નથી છતાં એને એટલી

ઓથ આવે છે, એટલો એને આધાર મળે છે, તો આ તો પોતે જ છે, અભેદસ્વરૂપે પોતે જ છે અને અનંત સામર્થ્ય છે, જેનો પાર નથી એટલું અપરિમિત સામર્થ્ય છે. માપી જ ન શકાય એટલું સામર્થ્ય છે, અમાપ સામર્થ્ય છે ! આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– આ તબક્કે રુચિ બરાબર કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– રુચિ બહુ જોર પકડે છે, ઘણું જોર પકડે છે એટલે તો રુચિને અનુસરીને પુરુષાર્થ છે.

કાલે ચર્ચા ચાલી એમાં રુચિનો, સંસ્કારનો પ્રશ્ન પૂછ્યો હતો. ઘણી રુચિ છે એટલે અપૂર્વતા લાગે છે. આત્મા સાંભળે છે એને અપૂર્વ રુચિનું સારું ચિહ્ન બતાવ્યું હતું.

પ્રશ્ન :– કાલે ગયા હતા ત્યારે શું બતાવ્યું ?

સમાધાન :– (એક મુમુક્ષુએ પૂજ્ય 'બહેનશ્રી'ને) પ્રશ્ન પૂછ્યો હતો કે, સંસ્કાર પડી જાય છે એવી વાત આવે છે, સંસ્કાર પડે છે એ કેવી ભૂમિકામાં પડે છે ? (ત્યારે કહ્યું હતું કે) એને અપૂર્વ લાગે. આત્મા સાંભળતા એને અપૂર્વતા લાગે. ઘણું રુચે અને અપૂર્વતા લાગે એ જીવ એવો હોય કે, મારે એક આત્મા જ જોઈએ છે એવો હોય અને એને આત્મા સંભળાવનાર અનુભવી મળે અને એમાં એને અપૂર્વતા લાગે. ભાવો પણ અપૂર્વ નીકળે છે, જ્ઞાનીના શ્રીમુખેથી ભાવો પણ અપૂર્વ નીકળે છે અને ભાવો અપૂર્વ હોવાથી આને પણ એની અપૂર્વતા ભાસે છે એમાં એને સંસ્કાર પડી જાય છે. એમ કીધું હતું. એ સંસ્કાર છે એ નિષ્ફળ જતા નથી. એ બધો વિષય ચાલ્યો હતો.

શું કહે છે ? કે, **'અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં,...'** અથવા ઊપડતાં, એ તો શબ્દફેર છે. પણ ત્યાં ઘણું જોર છે અને તેથી **'વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે...'** જ્યારે અપૂર્વ પુરુષાર્થ ઊપડે છે, પુરુષાર્થ તો શરૂ થયો છે, ભેદજ્ઞાનનો પુરુષાર્થ ચાલે છે પણ જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી પુરુષાર્થ મંદ છે એમ ગણવું. આ એની તીવ્રતા અને મંદતાનું ધોરણ છે – Standard છે કે, તીવ્ર-મંદની અપેક્ષા ક્યાં સુધી લેવી ? જ્યાં સુધી સૂક્ષ્મ વિકલ્પ પણ ચાલે છે ત્યાં સુધી પુરુષાર્થ મંદ છે એમ સમજવું. એ મંદ પુરુષાર્થના કાળમાં જ વિકલ્પની ઉત્પત્તિ થાય. કેમકે આત્મા જ્ઞાન સમક્ષ છે અને અભેદ હોવાથી એની ભાવમાં સમીપતા ભાસે છે, દૂરપણું ભાસતું નથી તો પછી એમાં લીનતા કેમ નહિ ? એ લીનતામાં કોણ બાધક છે ? કે, એ સ્વરૂપનો અને સ્વભાવનો જે વિકલ્પ થાય છે એ જ એમાં બાધક છે, એ જ એમાં અંતરાય કરે છે, બીજું કોઈ બાધક નથી. એમાં લીનપણું નથી એનું કારણ વિકલ્પ ઊભો છે. વિકલ્પ ઊભો છે એનું કારણ પુરુષાર્થ એટલો મંદ છે. જ્યારે એ લીન થાય છે ત્યારે અપૂર્વ પુરુષાર્થ છે. એવો પુરુષાર્થ ક્યારે પણ (થયો નથી). અપૂર્વ પુરુષાર્થ એમ કહેતાં

આખો એક ઉગ્રતાનો તબક્કો જુદો છે, એક મંદતાનો તબક્કો જુદો છે. એટલો બધો બે વચ્ચે ફેર છે. સારો એવો ફેર છે એમ લેવું છે.

**'વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે...'** જ્યાં સુધી સમ્યગ્દર્શન નથી થયું ત્યાં સુધી એને આત્માર્થી કહ્યા અને સમ્યક્દષ્ટિને પણ આત્માર્થીનું વિશેષણ લાગુ કરી શકાય છે કેમકે એનું પ્રયોજન આત્માનું જ છે, બીજું કોઈ પ્રયોજન એને નથી. **'બધા વિકલ્પો છૂટી જાય છે...'** આ બધા વિકલ્પો છૂટી જાય છે એ સંબંધમાં 'રાજમલજી'એ એક કળશની અંદર પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જેને વિકલ્પ કહીએ એવા બધાં વિકલ્પ છૂટે છે કે કોઈ એક વિકલ્પ રહે છે ? તો કહે (છે કે), નહિ, એક પણ વિકલ્પ રહેતો નથી, બધા જ વિકલ્પ છૂટે છે.

'કળશટીકા'માં નવમો કળશ છે. **'सर्वंकषे'** એનો અર્થ કર્યો છે. શ્લોક પણ એ જ છે. **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** નયનો ઉદય નથી અને પ્રમાણ અસ્ત થઈ ગયું છે. એટલે નય એક-એક ગુણને વિષય કરે છે એવો આત્માનો ગુણભેદનો વિકલ્પ નથી અને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ આખો આત્મા જે આગમનો વિષય (છે)–વસ્તુનું સ્વરૂપ છે, જે વસ્તુના બંધારણરૂપ સ્વરૂપ છે એ પ્રમાણનો વિષય છે એનો પણ વિકલ્પ નથી. એ અસ્ત થઈ ગયો. નયનો વિકલ્પ પણ અસ્ત થઈ ગયો, પ્રમાણનો વિકલ્પ પણ અસ્ત થઈ ગયો. બીજી તો વાત જ નથી. પૂજા, ભક્તિનો પ્રશ્ન જ નથી, પાપનો પ્રશ્ન નથી પણ નય અને પ્રમાણનો વિકલ્પ નથી, જે નય-પ્રમાણનો વિષય આત્માને ઓળખવા માટે સાધકભેદો કહેવાય (તેનો પણ વિકલ્પ નથી). **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं, कचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।'** અને નિક્ષેપ (અર્થાત્) નયના વિષયભૂત જે નિક્ષેપ. સર્વજ્ઞ આવા હોય, ફલાણું આવું હોય, દ્રવ્ય નિક્ષેપ, ભાવ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ એ તો બધાં ક્યાં ચાલ્યા ગયા એનો પત્તો નથી એમ કહે છે, એને માટે તો એમ કહી દીધું. એ તો ઉદય થતા નથી એમ નહિ, એ તો ક્યાં ગયા એનો પત્તો નથી. બીજા વિકલ્પો તો ક્યાં ગયા એનો પત્તો નથી.

**'किमपरमभिदध्मो'** એનો અર્થ શું કર્યો છે ? પ્રમાણ-નય-નિક્ષેપ બધું જૂઠું છે. અહીં તો એને જૂઠું જ કીધું, એ બધાં વિકલ્પ બધું જૂઠું જ છે, જૂઠે-જૂઠું છે. **'જે અનુભવમાં આવતા પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા ?'** બીજી તો વાત જ (શું કરવી ?) **'अपरम्'** એટલે બીજાં રાગાદિ **'किम् अभिदध्मः'** એની તો કથા જ શું કરવી ? એમ કહે છે. આ તમારો જવાબ આવી ગયો, આ 'અમૃતચંદ્રાચાર્યદેવે' જવાબ આપ્યો. **'किम् अभिदध्मः'** બીજાંની તો વાત જ શું કરવી ? એમ કહે છે. નય-નિક્ષેપ અને પ્રમાણના વિકલ્પની વાત નથી (તો) બીજાંની વાત જ ક્યાં કરવાની રહી ? એમ કહે છે. એટલે અહીંયાં જે એમ

લીધું કે, હું જ્ઞાયક છું અને અબદ્ધ છું એ (વિકલ્પ) પણ દુઃખરૂપ લાગે છે. એવા વિકલ્પનું દૃષ્ટાંત લીધું એ સમર્થમાં સમર્થ દૃષ્ટાંત છે. બીજાં વિકલ્પની વાત કરવાની ચર્ચાનો જ અવકાશ નથી એમ કહે છે. એમાં એમ કહ્યું છે કે, **'આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** એ આનંદનું વેદન છે. અહીંયાં જે આનંદનું વેદન કહ્યું (તે). **'બધા વિકલ્પો છૂટી જાય છે અને આનંદનું વેદન થાય છે.'** એ આનંદનું વેદન છે એટલે આનંદ ગુણ એકલો જુદો પાડીને વેદે છે એમ નહિ, આખી વસ્તુ આનંદમય છે એમ વસ્તુને – શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.

**'તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે,...'** વાત કરતાં-કરતાં કોઈને નિર્વિકલ્પદશા થાય એ તો પ્રશ્ન જ નથી, કેમકે વિકલ્પપૂર્વક વાતો કરવી પડે છે. વાત કરવામાં તો વિકલ્પ નિમિત્ત પડે છે ત્યારે વાણી ચાલે છે. એવી વાણી છદ્મસ્થને નિર્વિકલ્પદશામાં હોઈ શકે નહિ. **'વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ.'** વચનવ્યવહાર ન રહ્યો, બીજી કોઈ વ્યવહારિક ક્રિયા ન રહી, કોઈ કામમાં પડ્યો છે એ વાત ન (રહી). વચનનું કાર્ય પણ નથી, જગતના બીજાં પદાર્થો સાથેનો કોઈ વ્યવહારિક કાર્યનો પણ પ્રસંગ હોઈ શકે નહિ. એમ લેવું છે.

**'કેવી છે જીવ વસ્તુ ?'** અહીંથી આ વાત (લીધી છે). **'સર્વંકષે'** આમાંથી આ વાત કાઢી છે. **'સર્વંકષે'** (અર્થાત્) **'બધા પ્રકારના વિકલ્પોની ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે.'** તમામ પ્રકારના વિકલ્પોને ખતમ કરે, એનો ક્ષય કરી નાખે એવો જેનો સ્વભાવ છે એવી નિર્વિકલ્પ વસ્તુ છે. વસ્તુ સ્વભાવે નિર્વિકલ્પ છે એનો અર્થ શું ? કે, વિકલ્પનો ખાત્મો કરી નાખે, ક્ષય કરી નાખે એવો જેનો સ્વભાવ છે એવી વસ્તુ છે. **'ભાવાર્થ આમ છે–જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.'** સૂર્યના પ્રકાશમાં અંધારાનું પ્રમાણ બતાવો જોઈએ ? કોઈ પ્રમાણમાં અંધારું ખરું ? એને કાંઈ ટકાવારી–Percentage લાગુ પડે ખરા ? કોઈ પ્રમાણમાં અંધારાનો કોઈ અંશ એમાં (છે) ખરો ? એ તો કેવળ પ્રકાશનો પૂંજ છે, એમાં અંધારું બહુ દૂરથી નાસી જાય છે. એમાં તો અંધારાની કલ્પના કરી શકાય એવું નથી પણ દૂરથી જ અંધારું નાસી જાય એટલો એ પ્રકાશનો પૂંજ છે. એ દૃષ્ટાંત આપ્યો છે. **'જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ...'** શુદ્ધાત્માનો અનુભવ **'પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.'** આ સ્થૂળ વિકલ્પો તો દૂરથી ચાલ્યા જાય છે, કો'ક સૂક્ષ્મ કણ રહ્યો છે એ પણ ખલાસ કરવાનો એનો સ્વભાવ છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરશે...'** આ વાતની એમણે ચોખવટ કરી છે. આ પ્રશ્ન ઉઠાવીને ટીકાકાર પંડિતજીએ પોતે સ્પષ્ટીકરણ કર્યું છે, પોતે જ તર્ક ઉઠાવે છે. **'અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે ?'** વિકલ્પ માત્ર જેને નામ આપી શકાય એ બધાય મટે છે ? એટલે આમાં બધાં અંતર્જલ્પ લઈ લેવા. સૂક્ષ્મ વિકલ્પ પણ લઈ લેવા. જેનું નામ વિકલ્પ છે એ બધાય મટે છે. **'ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે;...'** ચોખ્ખો જ જવાબ છે, જરાય ગોળ-ગોળ જવાબ નથી આપ્યો. શાસ્ત્રના અભ્યાસી જીવો પણ આ ગડબડ કરે છે કે, મન તો રહે છે, મનસહિત છે તેથી મન એમાં થોડું જોડાય છે, એમાં સૂક્ષ્મ મન છે, મનસહિતપણું છે, મનનું નિમિત્ત છે, ફલાણું છે. (એવી) કાંઈ વાત નથી. જેનું નામ વિકલ્પ છે એ બધાય મટે છે એનું નામ નિર્વિકલ્પતા છે. **'તે જ કહે છે'** એ કહેવા માટે કહે છે કે **'नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः'** અમે જાણતા નથી કે **'निक्षेपचक्रमपि क्वचित् याति,...'** ક્યાં ચાલ્યા ગયા. **'अपरम् किम् अभिदध्मः'** બીજાંની તો વાત જ શું કરવી ? એમ કરીને વિષય સ્પષ્ટ કર્યો છે. બહુ સારી ટીકા કરી છે !

જેવી રીતે જીવસત્ત્વની પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુનું સ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના સવિકલ્પ અવસ્થામાં શરૂઆતમાં ગુણ-ગુણીના જ્ઞાન દ્વારા થાય છે. આ ઓળખાણનો વિષય લીધો. બીજો કોઈ ઉપાય તો નથી. જેને ભેદથી સમજ્યા વિના, ભેદવાસિત જીવને સીધું અભેદ કોઈ દિવસ સમજાતું નથી. કોઈ ગમે એટલો સાધક હોય, સાધક હોય ગમે એટલો બુદ્ધિમાન હોય, ક્ષયોપશમવાળો હોય, એ વાત એમણે આઠમા કળશમાં લીધી છે, પણ આ જ્ઞાન તે આત્મા એટલો ભેદ પડ્યા વિના એને સીધું જ્ઞાન થાય એવું બનતું નથી. **'તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો...'** ભલે પ્રથમ અવસ્થામાં હોય છે તોપણ નિર્વિકલ્પ સ્વરૂપ માત્રને અનુભવતા એ વિકલ્પો જૂઠા છે. આમ નાખ્યું સીધું ! કેટલો નિષેધ કર્યો છે ! કે, એ બધાં વિકલ્પો છે એ જૂઠા છે, જ્યાં સુધી વિકલ્પ ચાલે છે ત્યાં સુધી પર્યાયબુદ્ધિમાં વિકલ્પરૂપ પોતાનો અનુભવ થાય છે. ભલે આત્માનો વિકલ્પ ચાલે છે તો એ વિકલ્પરૂપ પોતાનો અનુભવ થાય છે, જ્યાં સુધી શુદ્ધાત્માનો અનુભવ થતો નથી ત્યાં સુધી. એટલે કહે છે કે એ અનુભવ તારો જૂઠો છે. એવો તું નથી, જેવો વિકલ્પરૂપ તને તું અનુભવમાં આવે છો એવો ખરેખર તું નથી માટે એ જૂઠું છે એમ કહેવામાં આવે છે. 'રાજમલજી'એ તો બહુ ગજબ વાતો કરી છે !!

અહીંયાં એમ કહ્યું કે, બધાં વિકલ્પો છૂટી જાય છે. વિકલ્પ માત્ર છૂટી જાય છે અને

જ્યારે એ વિકલ્પ છૂટી જાય છે ત્યારે વિકલ્પમાં ઉત્પન્ન થતું દુઃખ પણ ઉત્પન્ન થતું નથી, એ પણ બંધ થઈ ગયું. વિકલ્પ બંધ થઈ ગયો તો વિકલ્પઆશ્રિત દુઃખ હતું એ પણ મટી ગયું અને કેવળ આનંદનું વેદન થાય છે. ત્યાં આત્માનો જે આનંદસ્વભાવ છે જેમાં અનંત... અનંત... અનંત... અપરિમિત આનંદ ભર્યો છે એનો આસ્વાદ આવે છે, એનો પ્રત્યક્ષ અનુભવ થાય છે અને આ વેદનને સ્વસંવેદન પણ કહેવાય છે. પોતાનું વેદન હોવાથી એને સ્વસંવેદન કહેવાય છે અને આ આનંદનું વેદન સિદ્ધદશામાં જે પરમાનંદનું વેદન છે, સિદ્ધ પરમાત્માને પરમાનંદનો અનુભવ છે એની જાતનો આ નમૂનો છે, Quality એ જ છે. ફરક છે એ Quantityનો છે. અહીંયાં આનંદ અલ્પ છે છતાં અપૂર્વ છે, ત્યાં આનંદ પૂરેપૂરો અનુભવમાં છે. સિદ્ધ પરમાત્માને પૂર્ણ આનંદ અનુભવમાં છે, અહીંયાં અલ્પ આનંદ અનુભવમાં છે પણ એ જ આત્માનો આનંદ છે. એવા આનંદના અનુભવને લીધે સમ્યક્દૃષ્ટિ આત્મા સિદ્ધપદના આનંદનું માપ અને જાત બધું પીછાણે છે એટલે એને દેવતત્ત્વની ઓળખાણ થઈ, એને મોક્ષતત્ત્વની ઓળખાણ થઈ. એણે મોક્ષનું સ્વરૂપ અથવા દેવનું સ્વરૂપ જાણ્યું. એનું 'ણમો અરિહંતાણં અને ણમો સિદ્ધાણં' સાચું ! આ 'ણમો અરિહંતાણં' કહે છે ને ? પણ અરિહંત કેવા છે ? અરિહંતને કેવો આનંદ પ્રગટ્યો ? તો કહે કે, ઈ કાંઈ જાણતા નથી, તો તારું 'ણમો અરિહંતાણં' ખોટું છે. એ 'ણમો અરિહંતાણં' સાચું નથી. કોને નમે છે તું ? એના સ્વરૂપને ઓળખ્યા વિના નમે છો, ભલે તું જૈન કુળમાં હો, દિગંબર સંપ્રદાયમાં હો તોપણ એ કુળ પરંપરાથી અથવા તો રૂઢિગતપણે નમસ્કાર કરે છે તો એથી એને જરા પણ કાંઈ લાભ થતો નથી. એ બીજા ગૃહીત મિથ્યાદૃષ્ટિ જેવા જ ગૃહીત મિથ્યાદૃષ્ટિ રહે છે.

અહીંયાં ૩૭ બોલ (પૂરો થાય છે).

**આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. સદ્ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. ૩૮.**

## તા. ૧૫-૦૧-૧૯૮૭, વચનામૃત–૩૮
## પ્રવચન નં. ૩૫

૩૭ પૂરો થયો, ૩૮ શરૂ કરવાનો છે. 'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૩, ૩૮(મો) બોલ છે. **'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.'** પુરુષાર્થના વિષયમાં માર્ગદર્શન છે. મુખ્ય વાત એ છે કે, **'આત્માને મેળવવાનો જેને દૃઢ નિશ્ચય થયો છે...'** આ મુખ્ય વાત છે. જે જીવને એમ લાગ્યું કે, આ મનુષ્યપર્યાયમાં–દુર્લભ એવી મનુષ્યપર્યાયમાં માત્ર સંયોગોની પાછળ જીવન વ્યતીત કરવા જેવું નથી અથવા ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવોમાં પણ જીવન વ્યતીત કરવા જેવું નથી પણ આ પર્યાયમાં સ્વરૂપની પ્રાપ્તિ અવશ્ય-અવશ્ય કરી લેવા જેવી છે, કરી જ લેવી છે. કોઈ પણ પ્રકારે, કોઈ પણ પ્રકારે એટલે યથાર્થ પ્રકારે અને યથાર્થ પ્રકારે એટલે ગમે તેમ કરીને, ગમે તેમ કરીને એટલે કોઈ પણ પ્રતિકૂળતાથી ભયભીત થઈને માર્ગથી ચલિત થવું નથી. અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર સંયોગો ઉત્પન્ન થાય તોપણ મારા ધ્યેયથી મારે ચલિત થવું નથી. મારું કાર્ય કર્યે જ છૂટકો છે એવો જેને દૃઢ નિશ્ચય થયો છે. વિચારની ભૂમિકામાં આટલું કાર્ય તો

અવશ્ય હોવું જોઈએ, અવશ્ય થવું જોઈએ. જ્યાં સુધી વિચારની ભૂમિકા છે ત્યાં સુધી વિચારની ભૂમિકાને યોગ્ય પણ કેટલોક પ્રકાર તો અવિપરીત હોવો જોઈએ.

'શ્રીમદ્જી' 'આત્મસિદ્ધિ'માં લખે છે કે, 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ' સુવિચારણાથી માંડીને નિર્વાણપદ સુધીની એમાં સંધિ લીધી છે. આત્મજ્ઞાન થાય એવી સુવિચારણા હોવી જોઈએ અથવા જે આત્મજ્ઞાની છે એને અનુરૂપ–જ્ઞાનદશાને અનુરૂપ મારી સુવિચારણા હોવી જોઈએ કે જે જ્ઞાન સુવિચારણાના ફળસ્વરૂપે પ્રગટ થાય અને જો જ્ઞાન પ્રગટ થાય તો સંપૂર્ણ મોહનો ક્ષય થઈને, ચારિત્રમોહનો પણ ક્ષય થઈને નિર્વાણપદની પ્રાપ્તિ થાય. જ્ઞાન થતાં તો દર્શનમોહનો ક્ષય થયો, હવે ચારિત્રમોહનો પણ ક્ષય થઈને નિર્વાણપદની પ્રાપ્તિ થાય. એવી સુવિચારણાનો એક મુદ્દો છે – વિચારની ભૂમિકામાં દઢ નિશ્ચય થવો તે. સ્વરૂપપ્રાપ્તિની ભાવના અનુસાર આવો નિશ્ચય પણ હોય છે. ભાવનાની સાથે-સાથે આવો નિશ્ચય પણ હોય છે કે, મારું સ્વરૂપ મારે પ્રાપ્ત કરવું જ છે. મારા પરમાત્મસ્વરૂપથી દૂર રહેવું એ હવે મને પોસાતું નથી.

અનંત જ્ઞાન અને અનંત આનંદનો ભંડાર મારામાં મોજૂદ હોવા છતાં સુખના અનુભવને બદલે હું દુ:ખનો અનુભવ કર્યા કરું એ ક્યાં સુધી મને પોસાય ? મારામાં છે, હયાત છે. સર્વ કાળે હયાત છે, અત્યારે પણ હયાત છે તો એનાથી દૂર જવું, એનાથી દૂર રહેવું એ જરા પણ યોગ્ય નથી, એની સમીપ જવું યોગ્ય છે. એટલે વિચારની અંદર પણ આવી એક દઢતા ઊભી થાય છે. જેને વિચારની ભૂમિકામાં આવી દઢતા નથી તેને નિર્વિચાર એટલે નિર્વિકલ્પ ભૂમિકા આવવાનો સંભવ પણ નથી. નિર્વિકલ્પદશા ત્યારે આવે છે કે, વિચારની પણ યથાયોગ્ય સ્થિતિ થાય ત્યારે. જો નિર્ણય દઢ થયો હોય, નિશ્ચય દઢ થયો હોય કે, મારે સ્વરૂપપ્રાપ્તિ કરવી છે તો એ નિશ્ચય અનુસાર એ કાર્ય કરશે. જ્યાં સુધી એ દઢ નિશ્ચય નહિ થયો હોય ત્યાં સુધી જે પ્રકારે પૂર્વકર્મનો ઉદય છે એ ઉદયની અંદર વધારે સાવચેત થઈને–સાવધાન થઈને પૂર્વકર્મના ઉદય કરતાં પણ મને કાંઈક વધારે યોગ્ય સંયોગની સ્થિતિ મળે, મારી કલ્પના પ્રમાણે વધારે સંયોગની અનુકૂળ સ્થિતિ મળે, મારી કલ્પના પ્રમાણે બધાં સંયોગ ગોઠવાય એમાં એનો પુરુષાર્થ જોડાશે. જો આત્મપ્રાપ્તિના દઢ નિશ્ચયથી આત્મપ્રાપ્તિને યોગ્ય પુરુષાર્થ કરવામાં ન જોડાય તો ઉદયમાં પુરુષાર્થ જોડાયા વિના રહે નહિ.

જગતના સર્વ જીવોનો એક વાક્યમાં Total મારવો હોય તો આમાં આવી જાય. જગતના જીવો શું કરે છે ? કે, જે તે પૂર્વકર્મનો જેને-જેને ઉદય છે તે-તે કર્મમાં તે જોડાય જાય છે અને એ ઉદયની અંદર પોતાની કલ્પના પ્રમાણે ઠીક કરવાનો, વૃદ્ધિ કરવાનો, સાચવવાનો, જાળવવાનો – સાવધાનીમાં પુરુષાર્થ રોકાય જાય છે. જ્યારે જે ક્ષણે જેવો ઉદય આવ્યો ત્યાં

એ જ પ્રકાર ચાલુ થઈ જાય છે.

હવે, જે આત્માર્થી છે, મોક્ષાર્થી છે, જેને આત્મપ્રાપ્તિનું પ્રયોજન છે એ ઉદયને ગૌણ કરે છે. જો આ વાત સાંભળ્યા પછી પણ ઉદય ગૌણ ન થયો તો આ વાતને એણે સાંભળી છે– ભાવથી સાંભળી છે એમ નથી રહેતું. ભાવશ્રુત કહ્યું છે ને ? સમ્યક્‌જ્ઞાનને ભાવશ્રુત કહ્યું. અહીંયાં કહે છે કે, તું સાંભળે છે એમાં કાંઈક ભાવથી સાંભળે છો ? કે વગર ભાવથી સાંભળે છો ? જો ભાવથી સાંભળે છો તો એનું એક લક્ષણ છે કે, જે સાંભળ્યું એ કાર્ય કરવામાં તારી સાવધાની આવે, સાવધાનીમાં ફેર પડે. ઉદયમાં જેટલો સાવધાન થઈને રસ લ્યે છે એ પ્રકાર ઉપર પહેલાં કાપ પડે છે. પહેલાં એનો કાપ અહીંયાં – ઉદયના કાર્યોમાં આવે છે. ત્યારે એણે કાંઈક સાંભળેલી વાત લક્ષ ઉપર લીધી, ધ્યાન ઉપર લીધી એવું કાંઈક ગણવું જોઈએ. પણ જો એમને એમ એ જ પરિસ્થિતિ છે કે, અહીંની વાત અહીંયાં અને દુકાનની વાત પાછી દુકાને. જેમ છે (તેમ) એટલા જ રસથી, એટલા જ પ્રકારથી ઉદયમાં સાવધાન. આ વાત સાંભળવા ટાણે એણે જે ભાવથી સાંભળવી જોઈએ એવો ભાવ રાખીને એણે સાંભળી નથી. ભાવ રાખીને નથી સાંભળી એટલે અભાવો રાખીને સાંભળી છે. સ્પષ્ટ કરીએ તો અભાવો (એટલે) આપણે એમ નથી કહેતા કે, એને એનો અભાવો છે. એ વાત કહેશું તો એને નહિ ભાવે, એને નહિ ગમે, એને નહિ રુચે. એમ આ વાત સાંભળે, રુચે, એના પ્રત્યે ભાવ આવે કે, આવું જ મને હો, મને આમ જ આત્મપ્રાપ્તિ થાઓ, મને આવું સમ્યગ્દર્શન હો, આવું સમ્યક્‌જ્ઞાન હો, આવી શાંતિ મને હો તો એ રસ્તે ચાલવાનો એ પ્રયત્ન કરે એમાં પહેલો ફરક પડે એના ઉદયિક ભાવોમાં.

સમ્યગ્દર્શન તો ઉદયરહિત ભાવ છે–અનઉદય પરિણામ છે. બાકીના બધાં ઉદય પરિણામ છે અને મોક્ષમાર્ગના અનઉદય પરિણામ છે. અનઉદય પરિણામ છે એમાં અત્યારે એ પરિણામ થવા અર્થે કેવી રીતે એની સાથે વિચારણાના કાળમાં એનો મેળ ખાય છે ? કે, ઉદયમાં ફેર પડે. ઉદયભાવમાં એની સાવધાનીનો ફેર પડે એ પહેલું એનું લક્ષણ છે કે, હવે એને ઉદયભાવના અભાવ કરવા બાજુની કાંઈક પરિસ્થિતિ ઊભી થશે. નહિતર કોઈ રીતે ઉદયભાવ છૂટે એવું નથી. કેમકે ઉદય ચાલુને ચાલુ છે. નિરંતર આઠેય કર્મનો ઉદય ચાલે છે અને આઠેય કર્મનો ઉદય નિરંતર ચાલે છે એમાં જીવ નિરંતર જોડાઈને પ્રવર્તે છે. અનંત... અનંત... અનંત... કાળથી આ પરિસ્થિતિ છે અને એમાં જીવને દુઃખનો પાર નથી.

એ વાત પણ સાથે છે કે એને દુઃખ લાગે તો મુક્ત થવાનો ભાવ આવે પણ વર્તમાન પરિસ્થિતિમાં સંતોષ હોય કે વાંધો નથી, બધી વ્યવસ્થા આપણા નસીબે ગોઠવાયેલી ઠીક લાગે છે અને વાંધો તો આવે એવું નથી, જીવન પર્યંત તો વાંધો આવે એવું નથી, લાગ પડે છોકરાઓનું

પણ થોડું-ઘણું સાજું કરીને જાશું. અહીં સુધી તો દેખાય છે. એમ જ્યાં સંયોગમાં સંતોષ પકડ્યો ત્યાં એને એ સંયોગથી હટવાનો અથવા દુઃખ લાગે છે માટે ખસવું – એ પરિસ્થિતિ ન રહી. પુરુષાર્થ નહિ ઊપડે, અહીંયાં મુદ્દો એ છે, પુરુષાર્થ નહિ ઊપડે.

પ્રશ્ન :– જેને સાંભળવા મળે નહિ એનું શું ?

સમાધાન :– મળે નહિ તો કમનસીબી છે.

પ્રશ્ન :– સાંભળવા મળ્યું અને ન કરે તો વધારે દોષિત છે ?

સમાધાન :– હા, ચોક્કસ. એની જવાબદારી વધી, Higher the post higher responsibility. બેંકમાં પટાવાળાની નોકરી મળે એના કરતા મેનેજરની નોકરી હોય તો જવાબદારી વધે કે ન વધે ? કે માત્ર પગાર જ વધારે લેવાનો ? આઠ-આઠ કલાક બન્નેને કામ કરવાનું. પટાવાળો બેંક ખૂલે ત્યારે આવે, બેંક બંધ થાય ત્યારે જાય, મેનેજર પણ બેંક ખૂલે ત્યારે આવે, બેંક બંધ થાય ત્યારે જાય. એકને પગાર ૭૦૦ અને બીજાને ૭૦૦૦. શું કરવા ? (એની) જવાબદારી વધારે છે. એમ અહીંયાં વધારે પુણ્ય – વધારે પગાર ચૂકવે છે. પુણ્યનો એક સંયોગ મળ્યો કે પરમ સત્ કાને પડ્યું, પુણ્યનો એક સંયોગ મળ્યો કે સત્પુરુષ કહેવાવાળા મળ્યા. કહેનાર સત્પુરુષ મળ્યા અને પરમ સત્‌ની વાત એમણે સંભળાવી તો એનો આદર કરીને એને અંગીકાર ન કરે તો એણે અનાદર કરીને એને હડસેલો માર્યો છે.

કોઈ એમ કહે કે, અમે ક્યાં હડસેલો મારીએ છીએ ? અમે તો રોજ સાંભળીએ છીએ, રોજ વાત સાંભળીએ છીએ. તને સાંભળવાનો ભાવ હોય, ભાવથી સાંભળતો હોય તો તારા ઉદયમાં સાવધાનીનો ફેર પડ્યા વિના રહે નહિ. પણ જો વેઠ ઉતારતો હોય કે, ચાલો આપણે રોજ એક કલાક સાંભળવાનું નક્કી કર્યું છે એટલે સાંભળવું જ તે, એટલું તો કરું ! એ પણ ઉદયભાવ (છે). એમાં એટલી સાવધાની કરી નાખી. ઉદયભાવમાં જેમ સાવધાની કરે છે એમ સાંભળવામાં એક કલાક રહેવું જ. બરાબર એક કલાક (જવું). ભલે પછી બીજાં ઉદયમાં સાવધાનીનો ફેર ન પડે પણ સાંભળવા તો બેસવું જ. એ ઉદયમાં સાવધાન થયો. એનો પૂર્વકર્મનો પુણ્ય કર્મનો ઉદય છે એમાં સાવધાન થયો છે આથી વધારે કાંઈ નથી. આ ઉદયમાં તો એમ કહે છે કે, તારા ઉદયને ગૌણ કર અને અનઉદયના પરિણામ પ્રત્યે તારા પુરુષાર્થને લગાવ. એવો આ ઉદય છે. એમ કહેનારે કહ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ એમ કહે છે કે, તું તારી સન્મુખ થા. અમારી સન્મુખ થવાનું પણ અમે તને કહેતા નથી. કેમકે એ પણ ઉદયિક ભાવ છે, તો બીજાં ઉદયની સન્મુખ રહેવાનું કહીએ છીએ એ પ્રશ્ન રહેતો નથી.

એ પણ એક વિચારવા જેવો વિષય છે કે, જીવ ઉદયમાં સાવધાન થઈને ઉદયને ઠીક કરવાનો, ઉદયમાં અનુકૂળતા કરવાના પૂમડા વીણે છે. 'ગુરુદેવશ્રી' 'પરમાગમસાર'માં એક વાત

લે છે કે, રૂનો લાખો રૂપિયાનો મોટો વેપાર કરે. પાંચ લાખની ખોટ જાતી હોય એમાં એનું ધ્યાન ન રહે અને રૂના ધોકડામાં જે બારદાન હોય એમાં પૂમડા ચોંટ્યા હોય એ વીણવા બેસી જાય. એમાંથી ૫૦૦ ગ્રામ રૂ કાઢીને બધાને બતાવતો ફરે કે, જુઓ ! કોઈનું ધ્યાન નથી, ૫૦૦ ગ્રામ રૂ બારદાનમાં ચાલ્યું જાત. બારદાન પાછા દેવાના હોય એની અંદર રૂ રહી જાય તો એટલું નુકસાન જાય કે ન જાય ? મેં કેટલું ધ્યાન રાખ્યું ! ઝીણામાં ઝીણું ધ્યાન રાખ્યું. તો કહે (છે) કે, આ પાંચ લાખની ખોટ ગઈ. તો કહે, ઈ મારું ધ્યાન નથી ! કહે છે કે, તું વેપાર કરવાને લાયક નથી. એમ જન્મ-મરણ એ કોઈ સાધારણ સંયોગ નથી. જન્મ અને મરણ–મરણ એટલે દેહનો વિયોગ. આખા ભવનો વિયોગ, એક સાથે એક ઝાટકે બધાંને છોડી દેવાના, તમામ સંયોગને છોડી દેવાના. થોડો-થોડો સંયોગ છૂટે, થોડી નુકસાની જાય તો તને પોસાતું નથી, જરાક શરીરમાં માંદગી આવે તો પોસાતું નથી, થોડું નુકસાન જાય તો પોસાતું નથી (પણ) આ એક સાથે બધું ચાલ્યું જશે એનું શું ? એ ન જાય એનો કાંઈક વિચાર કર ને ! એમ કહેવું છે. મોટો ફેરફાર તો એ છે, માણસોને–મનુષ્યને કે કોઈ પણ પર્યાયમાં ગંભીરમાં ગંભીર પ્રસંગ મરણનો છે. એ કેમ છૂટે ? એનો ઉપાય કેમ થાય ? ફરીને જન્મ-મરણ અને એના દુઃખ ન થાય. એ નુકસાની સામું જોવું નથી અને થોડા-થોડા ફેરફાર થાય એમાં રોકાઈ રહેવું છે, એમાંને એમાં ઉપયોગને રાખવો છે, એમાં જ જીવન વ્યતીત કરવું છે એને પાંચ લાખની ખોટ સામે જોવું નથી અને પૂમડા વીણવા છે. આવી બુદ્ધિની અલ્પતાનું એ પ્રદર્શન છે.

એટલે 'શ્રીમદ્જી'એ મુમુક્ષુની વ્યાખ્યા એવી કરી છે કે, મુમુક્ષુજીવ એટલે વિચારવાન જીવ. વિચારવાન જીવ એટલે જે અનંતકાળનો વિચાર કરે છે એવો જીવ. ભાવી અનંતકાળ મારો કેવો જશે ? એ અનંતકાળ બરાબર સુયોગ્ય પ્રકારે વ્યતીત થાય એનો પાયો નાખવો છે. એનો પાયો વિચારની ભૂમિકામાં પહેલોવહેલો આ નાખવો છે કે, એક દઢ નિશ્ચય કરવો છે, દઢ સંકલ્પ કરવો છે કે, મારે આત્મપ્રાપ્તિ શીઘ્રમાં શીઘ્ર (કરી લેવી છે). કેમકે અહીંયાં નિશ્ચિત આયુષ્ય નથી. દેવલોકમાં વગેરેમાં નિશ્ચિત આયુષ્ય છે. એક તિર્યંચ અને મનુષ્યમાં નિશ્ચિત આયુષ્ય નથી. નિશ્ચિત એટલે ? સો (વર્ષ) અંદાજ નિશ્ચિત પણ બધાં સોએ સો કાઢે એવું નહિ, અનિશ્ચિત. Maximum limit તો આપેલી જ છે પણ Minimum limitનું કોઈ ઠેકાણું નથી. બાળપણ, ભર યુવાની હોય, ગમે એવું શરીર તંદુરસ્ત હોય (તોપણ) જીવને ગમે ત્યારે દેહત્યાગ થાય છે. આયુષ્યનું કોઈ નિશ્ચિતપણું નથી. એટલે શીઘ્રથી શીઘ્ર, બને એટલું વહેલું મનુષ્યપર્યાય પૂરી થાય એ પહેલાં જેણે દઢ નિશ્ચય કર્યો છે, જેને (દઢ નિશ્ચય) થયો છે **'તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.'** અનુકૂળતા હોય તો હું સ્વાધ્યાય કરી શકું,

અનુકૂળતા હોય તો મને બીજાં સંયોગના વિકલ્પો ઓછા આવે અને અનુકૂળતા હોય તો મને પુરુષાર્થ ઊપડે – એ આ માર્ગ નથી.

આત્માના અંતર્મુખનો માર્ગ બહારમાં રહેલી અનુકૂળતા અને પ્રતિકૂળતાથી નિરપેક્ષ છે. તેની અપેક્ષાએ જોડાયેલો આ માર્ગ નથી. એની અપેક્ષા રાખીને કોઈ પુરુષાર્થ કરે, કરવા ચાહે તો પુરુષાર્થ થઈ શકતો નથી. ચાલો ! મૂડી બરાબર હોય, વ્યાજની પૂરતી આવક હોય તો નિવૃત્ત થઈને 'સોનગઢ' રહીએ અને તો કાંઈક આપણે આત્માનું કલ્યાણ કરી શકીએ. (એ રીતે તો) નહિ થાય, કોઈ 'દી નહિ થાય. પાયો ખોટો છે, મૂળમાં પાયો ખોટો છે. એણે મૂડીનો અને વ્યાજનો આધાર લીધો છે એને આત્માનો આધાર લેવાનો અવસર ક્યાં આવ્યો ? જેને નિશ્ચય થયો છે એને એવો નિશ્ચય થાય છે કે, વર્તમાન કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હો, કોઈપણ પરિસ્થિતિમાં, કોઈપણ હાલતમાં, વર્તમાન વર્તતી હાલતમાં મારે મારા આત્માને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જ છે, કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હો – આમ નિશ્ચય હોવો જોઈએ. એટલે સંયોગોથી નિરપેક્ષ થઈને એનો નિશ્ચય છે કે, મારો નિશ્ચય સંયોગોના આધારે નથી. શું કરીએ એવા સંયોગો ગયા કે પછી ઉપાધિમાંને ઉપાધિમાં મગજ પરોવાયેલું રહેતું હતું. એ ઉપાધિ હટે નહિ ત્યાં સુધી એમાંથી કાંઈ બીજું સૂઝે એવું નહોતું. એટલે કાંઈ થાતું નથી– વાંચન, વિચાર, શ્રવણ કાંઈ ચાલતું નથી. એકલી ઉપાધિમાંને ઉપાધિમાં–Tensionમાંથી બહાર નીકળાતું નથી – માણસ એમ કહે છે. એને એમ કહે છે કે, ભાઈ ! પહેલી નારકીથી માંડીને સાતમી નારકી સુધીના જીવો સમ્યગ્દર્શન પામે છે. અહીં તો તને પહેલી નારકીની પ્રતિકૂળતાનો સહસ્ત્રાંશ પણ નથી.

'શ્રીમદ્જી' એ લખ્યું છે ને કે, 'રામ'ના ચૌદ વર્ષના વનવાસનો એક દિવસ પણ અહીંયાં પ્રતિકૂળતાનો નથી અને 'ગજસુકુમાર'ના ધ્યાનની એક પળ જેટલો પણ અહીંયાં પ્રતિકૂળ સંયોગ નથી. (આ) મહાપુરુષોની વાત કરી. જેણે એ સ્થિતિમાં પણ પુરુષાર્થને ઉપાડ્યો તો જો તને પુરુષાર્થ ઊપડવામાં પ્રમાદ થતો હોય તો સત્પુરુષના આચરણને સંભાર. સત્પુરુષના–મહાપુરુષોના આચરણને સંભારીને તારા પુરુષાર્થની જાગૃતિમાં આવ કે, કોઈ પણ પ્રતિકૂળ સંયોગ હો મારા આત્માને ભૂલવાની વાત નથી. અહીં તો 'બહેનશ્રી' ઊલટું કહે છે કે, ઊલટાનું પ્રતિકૂળ સંયોગોમાં તીવ્ર અને કરડો પુરુષાર્થ. અનુકૂળ સંયોગોમાં પુરુષાર્થ ચાલે એના કરતાં પ્રતિકૂળ સંયોગોમાં પુરુષાર્થ વધુ ચાલે છે–યોગ્યતાવાન જીવને. જે પાત્રતાવાન છે, યોગ્યતાવાન છે એની પાત્રતાનું આ લક્ષણ છે કે એને તો અનુકૂળતા કરતાં પ્રતિકૂળ સંયોગોમાં ઊલટાનો પુરુષાર્થ તીવ્ર થાય છે. એટલે પુરુષાર્થ કરનારો જીવ પ્રતિકૂળતાથી ભયભીત થવાનો બદલે એ પ્રતિકૂળતા આવશે તો મારો પુરુષાર્થ વધારે કાર્ય કરશે એવી એને અંદરમાં પોતાની યોગ્યતાની પ્રતીતિ હોય છે,

વિશ્વાસ હોય છે. એને કદી એવું નથી હોતું કે, પ્રતિકૂળતા આવશે તો શું થશે ? હું કેમ મારું કાર્ય કરીશ ? એ વાત એને કદી એ રીતે, એ પ્રકારે વિચારમાં આવતી નથી. પાત્રતા ન હોય એ ભયભીત થઈ જાય છે. પાત્રતાવાનને તો એ પ્રકાર આવતો નથી.

જ્ઞાનીઓ અને મોક્ષમાર્ગમાં રહેલાં મુનિઓ એ તો પાત્રતાથી આગળ છે, ખુદ મોક્ષમાર્ગની અંદર વિચરે છે એને તો પ્રતિકૂળતા આવે ત્યારે સહજ જ પણે પુરુષાર્થ વધુ ઊપડે જ છે. એને નહિ ઊપડવાનો પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી.

અનૂકૂળતામાં જે લપસતો નથી, જ્યારે પ્રતિકૂળતાની વાત આવે છે ત્યારે બન્ને વાત સાથે-સાથે લઈ લેવી કે, અનુકૂળતામાં જે રંગાઈ જતો નથી, અનુકૂળતાના રંગે રંગાઈ જતો નથી અને પ્રતિકૂળતામાં જે ભયભીત થઈને આત્મકાર્યને છોડી દેતો નથી, ઊલટાનો તીવ્ર પુરુષાર્થ કરે છે એવું પહેલેથી નિશ્ચયની સાથે-સાથે આ વાત પણ સાથે જ હોય છે. એકલો માત્ર આત્મપ્રાપ્તિનો નિશ્ચય કર્યો છે એમ નહિ, નિશ્ચય કરવાવાળા જીવે બન્ને પડખાં વિચારી લીધા છે કે, આ માર્ગમાં અનુકૂળતા થાય, આ માર્ગે ચાલનારને પુણ્યનો ઉદય હોય તો એ તો સાધારણ ઘાસફૂસ જેવી વાત છે. જેમ સારું અનાજ પાકવાનું હોય એને ઘાસ પણ વધુ ઊતરે. મોળો પાક થાય ત્યારે ઘાસ પણ ઓછું ઊતરે અને પાણી ઘણું પડ્યું હોય ત્યારે ઘાસ પણ ઘણું ઊતરે. આ અનાજ થાય (એની) નીચે રાડો થાય ને ? તો એ તો સહેજે છે કે, જેનું ડૂંડું વજનદાર હોય એને ઝીલનાર રાડું પણ મજબૂત જ હોય છે. તો એમાં કોઈ મોટી વાત નથી. એના માટે મેં કાંઈ પુરુષાર્થ કર્યો નથી. એના માટે મારે કોઈ વાતનો આધાર લેવાનો પ્રશ્ન નથી અથવા અનાજ છે એ મનુષ્યને ભોગવવા યોગ્ય છે, ઘાસ છે એ કોઈ ખાવા યોગ્ય ચીજ નથી. અનાજ ખાવાની ચીજ છે. એમ મારી શાંતિ અને મારો આનંદ ભોગવનાર હું આત્મા છું, પુણ્યને ભોગવનાર હું નથી. પુણ્ય તો એક બાજુમાં રસ્તામાં આવતી ચીજ છે. આવો તો ભલે, ન આવો તો ભલે, એની સાથે મારે આધારઆધેય સંબંધ રહેતો નથી. એ પૂર્વકર્મકૃત છે.

૪૦૮ (નંબરના) પત્રમાં 'શ્રીમદ્જી'એ ૨૪મા વર્ષમાં એ વાત લીધી છે. એમણે પોતાની દશાની વાત કરી છે. **'જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું...'** સમ્યક્ પ્રકારે. **'તે તે વેદન કરવું'** એટલે ? તેમાં જોડાઈ જવું એમ નહિ પણ તેનાથી ભિન્ન રહીને (વેદન કરવું). પોતાની જ્ઞાનદશા પ્રગટ થઈ ગઈ છે, (આ લખે છે ત્યારે) ૨૪મા વર્ષ, ભાદરવા વદ ૮ (છે). પર્યુષણ તો સુદમાં આવે છે. **'જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે, અને તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે;...'** જ્ઞાનીપુરુષોનું આચરણ અમને વર્તે છે. અમને અજ્ઞાનીજીવોનું આચરણ અત્યારે વર્તતું

નથી એમ કહે છે. પોતાની દશાની વાત કરે છે.

હવે, જે-જે કાળે જે–જે પ્રારબ્ધ ઉદય આવે તે-તે વેદન કરવું એનો અર્થ શું ? એ પોતે સ્પષ્ટ કરે છે. **'અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી,...'** (અર્થાત્) અનુકૂળતામાં સ્નેહ રહ્યો નથી (કે), ચાલો ઠીક થયું આ બધું અનુકૂળ થઈ ગયું. જે સંસારમાં સ્નેહ રહ્યો નથી (કે) અથવા જે સંસારમાં લગવાડ રહ્યો નથી કે આ મારો સંસાર છે, આ મારા સંયોગો છે એવું જેને રહ્યું નથી **'તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે,...'** એ સંસારમાં લગવાડ નહિ રહેવા છતાં એ કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે અને એ પ્રવૃત્તિ **'ઉદય અનુક્રમે વેદન થયા કરે છે.'** વેદન થયા કરે છે અર્થાત્ **'એ ઉદયના ક્રમમાં કોઈ પણ પ્રકારની હાનિ-વૃદ્ધિ કરવાની ઇચ્છા ઉત્પન્ન થતી નથી;...'** આ અનુકૂળતા વધારી દઉં, આ પ્રતિકૂળતાને (ખસેડી દઉં એવી ઇચ્છા ઉત્પન્ન થતી નથી). હું માત્ર જ્ઞાતા છું – એમ વેદે છે. સમભાવે સમ્યક્ પ્રકારે એને વેદે છે. ઓછું-વત્તું કરવાની જેને ઇચ્છા નથી, ઇચ્છા ઉત્પન્ન થતી નથી. **'હાનિ-વૃદ્ધિ કરવાની ઇચ્છા ઉત્પન્ન થતી નથી; અને એમ જાણીએ છીએ કે જ્ઞાનીપુરુષોનું પણ તે સનાતન આચરણ છે;...'** (અર્થાત્) ઉદયમાં હાનિ-વૃદ્ધિ કરવાની ઇચ્છા ન થવી અને ઉદયની પ્રવૃત્તિમાં પ્રવર્તાય તે જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે. કેવી રીતે વાત લીધી છે !

**'જેમાં સ્નેહ રહ્યો નથી, અથવા સ્નેહ રાખવાની ઇચ્છા નિવૃત્ત થઈ છે, અથવા નિવૃત્ત થવા આવી છે,...'** કે, હવે આમાં કાંઈ માલ નથી. **'તેવા આ સંસારમાં કાર્યપણે-કારણપણે પ્રવર્તવાની ઇચ્છા રહી નથી,...'** (અર્થાત્) કોઈનું કારણ બનીને કાર્ય કરીએ, કોઈ અમને કારણ બનાવે (કે કોઈ) અમારા કાર્યનું કારણ બને એમ ઇચ્છીએ – એ કાંઈ અમે ઇચ્છતા નથી. કોઈથી અપેક્ષા રાખતા નથી અને કોઈ અમારી અપેક્ષા રાખે એમ ઇચ્છતા પણ નથી. **'તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ,...'** સમપરિણામે વેદન કરીએ છીએ ! ઉપર એમ લીધું કે, પ્રારબ્ધ ઉદય આવે તે-તે વેદન કરવું તે જ્ઞાનીઓનું સનાતન આચરણ છે. કેવી રીતે વેદન કરવું તે સનાતન આચરણ છે ? સમપરિણામે વેદન કરવું તે સનાતન આચરણ છે. એમ કરીને પોતાની થોડી અસ્થિરતાની પણ વાત કરી છે કે, ક્યારેક ખેદ થાય છે, ક્યારેક વિશેષ ખેદ થાય છે. તોપણ તેમાં જ્ઞાતા-દ્દષ્ટાપણું પણ ઉપસ્થિત છે એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે અને એ આચરણ અમને ઉદયપણે વર્તે છે, બધાંથી અમે ઉદાસ છીએ. અત્યંત-અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય હોય તો એમાં પણ ઉદાસીનપણું એ જ અમારો – જ્ઞાનીઓનો ધર્મ છે એમ કહે છે અને તે જ સનાતન–ત્રણે કાળના જ્ઞાનીઓનો માર્ગ છે, એ માર્ગે અમે પ્રવર્તીએ છીએ.

જેને નિશ્ચયમાં માનસિક તૈયારી થઈ ગઈ કે, ઉદયની અનુકૂળતામાં લપટાવું નથી, લપસવું નથી અને પ્રતિકૂળતા આવે તો ઊલટાનો પુરુષાર્થ ઉગ્ર થવાનો – એ જ મારું કાર્ય છે, એ પ્રકારે હું તો ઊપડીશ. **'તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે.'** એ એના દૃઢ નિશ્ચયની સાથે-સાથેનો જ નિશ્ચય છે. તેથી લાયક જીવ–પાત્ર જીવ છે (તેને) અનુકૂળતામાં પોતાના આત્માને નુકસાન કરવાને બદલે ઊલટાનો લાભ થાય છે.

'રત્નકરંડ શ્રાવકાચાર'માં મૃત્યુ પ્રસંગને મહોત્સવની ઉપમા આ દૃષ્ટિકોણથી આપી છે– મૃત્યુ મહોત્સવ ! ક્યાંય દુનિયામાં ભાળ્યું છે મૃત્યુને મહોત્સવ કહેવાય એવું ? જગત તો એમ કહે કે, કાણ માંડવી, મૃત્યુ થાય તો કાણ માંડવી એમ કહે. શું કહે ? કાણ માંડવાનો પ્રસંગ છે. લોકોત્તર માર્ગમાં આ ફરક છે. લૌકિકમાર્ગથી લોકોત્તરમાર્ગનું બધું ઊંધું છે, ઊલટું છે. લૌકિકમાર્ગ ચાર ગતિમાં રખડવાનો માર્ગ છે અને આ લોકોત્તરમાર્ગ ચાર ગતિમાંથી મુક્ત થવાનો માર્ગ છે. તો કહે છે કે, મૃત્યુ સુધીની પ્રતિકૂળતા આવે તો મારો પુરુષાર્થ અંદરમાં વિશેષ-વિશેષ કામ કરતો થાય એવો એ પ્રસંગ છે, એક તક છે. એ મને કોઈ નુકસાન કરે એવો પ્રસંગ છે નહિ, એવું માનવાનું કોઈ કારણ નથી. સહજપણે, કૃત્રિમતાથી નહિ (પણ) સહજપણે પ્રતિકૂળતાના કાળે તીવ્રમાં તીવ્ર પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે.

કેટલાક જ્ઞાનીઓ તો નિર્વિકલ્પદશામાં દેહત્યાગ કરે છે. શરીરના ફેરફારોથી ખ્યાલ આવી જાય કે, હવે દેહત્યાગની ક્ષણ નજીક છે તો એકદમ પોતાના ધ્રુવ આત્મામાં એનો ઉપયોગ સ્થિર થઈ જાય છે. એટલો પુરુષાર્થ (ઊપડે છે) ! ધારા તો ચાલતી હોય છે પણ પુરુષાર્થની એવી ઉગ્રતા આવે કે આ બાજુ દેહત્યાગ થાય તો આ બાજુ ચૈતન્યગોળો ભાવે પણ છૂટો હોય !! પ્રાણ છૂટે એની એને ખબર પણ ન પડે કે, આ દેહ રહ્યો કે ગયો !! એને ખબર ન પડે. નિર્વિકલ્પ ઉપયોગમાં છૂટી જાય–દેહત્યાગ થઈ જાય, સમાધિમરણે દેવલોકમાં જાય, ત્યાં ઊપજે ત્યારે એને સીધો જ ખ્યાલ આવી જાય કે મારી હયાતીમાં કાંઈ ફેર પડ્યો નથી. જ્ઞાનધારા ચાલુ રહે છે એને પણ સમાધિમરણ છે અને એને જ્ઞાનદશામાં દેહત્યાગ થાય છે ત્યારે પણ આત્માના ભાનસહિત હોય છે. શરીરથી સંબંધ છૂટ્યો છે પણ મારો આત્મા અખંડાનંદ (છે)– જ્ઞાનાનંદ અખંડ છે. મારા સ્વરૂપમાંથી કાંઈ છૂટ્યું નથી. હું હયાત છું–મોજૂદ છું, મારી હયાતીનો અનુભવ હું કરું છું. જ્યાં ઊપજે છે ત્યાં એને જાગૃતિમાં સળંગપણે એ ભાવ રહે છે. સમાધિમરણે દેહત્યાગ કરનારને નવું જીવન સમાધિમય છે. ત્યાં પણ સમ્યક્જ્ઞાનની સમાધિ એને ચાલુ છે. જે સમાધિમય જીવન જીવે છે તેનું મૃત્યુ પણ સમાધિમય, જેનું મૃત્યુ સમાધિપણે થયું છે તેનું નવું જીવન પણ સમાધિમય હોય છે. એને કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિ નથી એનું નામ સમાધિ છે.

આવો અલૌકિક માર્ગ જેની કીમત ન થાય એવો માર્ગ છે !! શેનેથી એની કીમત આંકવી ? જગતમાં તો એવો કોઈ પદાર્થ નથી. જેના જીવન-મરણની અંદર પણ કાંઈ ફેર પડે નહિ એવીને એવી પોતાની હયાતીને વેદે–અનુભવે. એટલી કીમત જેને આવી છે – સર્વોત્કૃષ્ટ કીમત જેને આવી છે એ અનુકૂળતા અને પ્રતિકૂળતામાં કેમ ખેંચાતો નથી ? કે, એનાથી વધારે ખેંચાણનો વિષય એના વિચારમાં દઢપણે નિશ્ચિત થયેલો છે માટે. આથી પણ એક કીમતી ચીજ છે જેના ખેંચાણમાં રહેતા, જે બાજુના પુરુષાર્થમાં રહેતા જગતની અનુકૂળતા અને પ્રતિકૂળતાની કીમત એને ઘટી જાય છે. જગતના પ્રસંગોની કીમત એટલીને એટલી રહે અને આ બાજુ આત્માનો પુરુષાર્થ ચાલે એવું કદી કોઈને બની શકતું નથી. એની કીમત ઘટી જ જાય છે એ એની સમજણનું ફળ એને આટલું આવે છે ! આટલું તો સમજણના કાળમાં ફળ આવે છે કે, જગતના પ્રસંગોની, જગતના પદાર્થોની કીમત ઘટીને, અનૂકૂળતા-પ્રતિકૂળતાની કીમત ઘટીને એને પોતાના આત્મકાર્યની અને આત્માની કીમત વધી છે.

હવે, એવો મુમુક્ષુ–આવો જેને પુરુષાર્થનો નિશ્ચય થયો છે અને પુરુષાર્થમાં પ્રતિકૂળતા બાધા નથી કરી શકતી એવો જેને નિશ્ચય થયો છે. નહિતર પુરુષાર્થનો નિશ્ચય કરે કે, મારે પુરુષાર્થ કરવો છે પણ પ્રતિકૂળતા આવે ત્યારે વળી બીજી વાત, એમ જેને નથી તે જીવ **'સદ્‌ગુરુનાં ગંભીર અને મૂળ વસ્તુસ્વરૂપ સમજાય એવાં રહસ્યોથી ભરપૂર વાક્યોનું ખરો મુમુક્ષુ...'** આવો ખરો મુમુક્ષુ **'ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે.'** એક વાક્યની અંદર ઘણી વાતો લખી નાખી છે.

સદ્‌ગુરુના વાક્યો કેવા છે ? ગંભીર વચનો છે. વચન તો વચન છે પણ વચનનું વાચ્ય છે એનું ઊંડાણ ઘણું છે અને કહેનારના લક્ષમાં એ વાચ્ય હોવાથી એ વચન પણ ગંભીર છે એમ કહેવામાં આવે છે. એવા તો ઘણા નમૂના છે. થોડામાં ઝાઝું કહી દે એવા ઘણા નમૂના છે. આ આપણે 'શ્રીમદ્‌જી'ની પંક્તિ લીધી ને ? 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન' સુવિચારણામાં ઘણી વાતો છે. કેવી જ્ઞાનદશા હોય એને ઓળખે, એ જ્ઞાનદશાને અનુરૂપ પોતાના વિચારો થવા લાગે એને સુવિચારણા કહે છે. જ્ઞાનદશાથી વિરુદ્ધ જાય એને કેવી રીતે જ્ઞાનદશા પ્રગટે ? એને અનુકૂળ થાય એને જ્ઞાનદશા પ્રગટે, એને અનુરૂપ થાય એને જ્ઞાનદશા પ્રગટે. એને મુખ્યમાં મુખ્ય પ્રત્યેક ઉદયના કાળમાં આત્માના હિતનો દષ્ટિકોણ છે. જ્ઞાનદશા તો આત્માનું હિત છે. આત્માના હિત-અહિતનો દષ્ટિકોણ નિરંતર સાથેને સાથે રહે એટલી જાગૃતિ વિચારણાના કાળમાં આવે. જેને હિત-અહિતની ખેવના થઈ છે, વિચારણાના કાળમાં દરકાર જાગી છે એને મારું હિત થાય છે કે મારું અહિત થાય છે ? એ વિચાર મુખ્ય થઈ જાય છે.

જ્યાં સુધી જીવ આત્માર્થી કે મોક્ષાર્થી થતો નથી ત્યાં સુધી એને સંસારના પદાર્થોમાં

લાભ-નુકસાન થાય છે એ દૃષ્ટિકોણ નિરંતર રહે છે. કોઈની સાથે સંબંધ રાખવો હોય કે બગાડવો હોય તોપણ પહેલાં એ વિચાર કરે છે કે, એમાં આપણને નુકસાન કેટલું જાય ? આપણને કાંઈ લાભ થાય કે નુકસાન થાય ? આપણા વેપારને કાંઈ લાભ થાય કે નુકસાન થાય ? આપણી આવકને કાંઈ લાભ થાય કે નુકસાન થાય ? જીવ એ પહેલાં વિચારી લેશે. કેમકે એને ત્યાં લાભ-નુકસાનનો દૃષ્ટિકોણ ગયો નથી, કોઈ જીવને જતો નથી. દરેક જીવને સંસારના પ્રયોજનની મુખ્યતા છે ત્યાં સંસારના પ્રયોજનને – લાભ-નુકસાનને પહેલાં જોઈ લે છે. પછી એને કઈ બાજુ ચાલવું એ નક્કી કરે છે. આ સંસારાર્થી છે અને મોક્ષાર્થી નથી. મોક્ષાર્થી જીવ–આત્માર્થી જીવ આત્માને લાભ-નુકસાન કઈ રીતે થાય અને કઈ રીતે ન થાય ? એ વાતને સદાય મુખ્ય કરીને સાથે રાખે છે, એ દૃષ્ટિકોણથી ચાલે છે અને એને – એવા જીવને સદ્‌ગુરુનાં ગંભીર વચનો અને મૂળ વસ્તુનું સ્વરૂપ સમજાય. આત્માનું ધ્રુવ સ્વરૂપ પરમ પારિણામિક ભાવસ્વરૂપ છે એ સ્વરૂપ સમજાય એવું જેમાં રહસ્ય છે, ભરપૂર રહસ્ય છે. જે વચનોની અંદર–જે વાક્યોની અંદર ઘણી ગંભીરતા છે, આત્માનું હિત થાય એવી વાત છે અને આ મૂળ આત્મસ્વરૂપ સમજાય, જેનાથી પોતે અજાણ્યો છે અને જે અજાણ્યો હોવાને લીધે જેનાથી પોતાને ચારેય ગતિના પરિભ્રમણનું દુઃખ છે. વર્તમાન દુઃખ પણ એને લીધે જ છે, બીજાંને લીધે નથી. ખરેખર તો સંયોગની પ્રતિકૂળતા-અનૂકૂળતાને લીધે દુઃખ નથી. ખરેખર દુઃખ એને પોતાના સ્વરૂપના અજાણપણાને લઈને – પોતાના અજ્ઞાનને લઈને દુઃખ છે. પોતાના સુખભંડારને ભૂલ્યો છે એટલે દુઃખ છે. બાકી તો આત્મામાં દુઃખની ગંધ પણ નથી, નામનિશાન નથી. આત્મા દુઃખી છે એવું આત્માનું નામ પાડી શકાય એવું નથી. સુખી છે એવું ગમે ઈ નામ પાડો–સુખનો સાગર કહો પણ આત્મા દુઃખી છે એ નામ પાડી શકાય એવું નથી. એટલું અપરિમિત સુખ ભર્યું છે એ કઈ રીતે સમજાય ? એવું રહસ્ય સદ્‌ગુરુનાં વચનોમાં રહેલું છે. તે રહસ્ય આ જીવ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને શોધી કાઢે છે. એવું રહસ્ય છે એ ખરો મુમુક્ષુ જીવ છે તે એમને એમ ઉપર-ઉપરથી સાંભળીને ચાલ્યો જતો નથી, એને ખબર છે કે આ જે કહેનાર છે એણે વસ્તુનું સ્વરૂપ જોયું છે અને વસ્તુનું સ્વરૂપ જે દર્શાવે છે એ મને દેખાતું નથી ત્યાં સુધી મારા જ્ઞાનને રાગરસનું આવરણ છે. જ્યાં સુધી મારી સાવધાની જગતના કાર્યોમાં ઊભી છે ત્યાં સુધી મારી સાવધાની મારા આત્મહિતમાં જાવાની નથી. સાવધાની એક સાથે બે બાજુ થતી નથી. કાં તો જીવ સંયોગોમાં સાવધાન રહે અને કાં આત્મામાં સાવધાન રહે. બે જગ્યાએ સાવધાન રહેવાતું નથી.

સંયોગોની સાવધાની આત્માને સ્વરૂપસન્મુખ થવા દચે નહિ અને જે આત્મામાં સન્મુખ થયો એને ઉદયમાં પરિણામ જાય તોપણ એને એ ઉદયના પરિણામમાં સાવધાની નહિ હોવાને લીધે એટલું નુકસાન થતું નથી જેટલું સાવધાનીપૂર્વક જાય છે એને નુકસાન થાય છે. એટલે

એને એ બહિર્મુખતા થતી નથી એમ કહેવાય છે. મિથ્યાદષ્ટિને અંતર્મુખતા થતી નથી અને સમ્યક્‌દષ્ટિને બહિર્મુખતા થતી નથી. કેમકે બન્નેની સાવધાનીમાં ફેર છે. કોઈ એમ કહે કે, એ તો જ્ઞાનીની વાત છે ને ! પણ તારે તો અત્યારથી કાંઈક ફેર તો પડવો જોઈએ કે નહિ ? એને નિરંતર સ્વરૂપની સાવધાની છે તો તને ક્યાંક-ક્યાંક તો સાવધાની આવવી જોઈએ. જ્યાં-જ્યાં તીવ્રતા થાય–અનુકૂળતાના રસની કે પ્રતિકૂળતાના રસની તીવ્રતા થાય ત્યાં તને સાવધાની તો આવવી જોઈએ કે, આ પરિણામ સંયોગના રસમાં ઊંડા... ઊંડા... ઊંડા... ઊતરે છે એટલું આત્માથી દૂર જવાય છે. એવી એને અંદરમાં કાંઈક જાગૃતિ આવવી જોઈએ.

આ આખો ગ્રંથ છે એ મુખ્ય આ વિષય ઉપર છે. મુમુક્ષુ જીવના પરિણામ કેવા થાય તો એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય ? એ વિષય ઉપરનું આ મુખ્ય શાસ્ત્ર છે એમ કહીએ તો ચાલે. એટલે ખરો મુમુક્ષુ શું કરે ? એ વાત લીધી છે કે, સદ્‌ગુરુનાં ગંભીર વચનો... ઉપર-ઉપરથી ન સાંભળે, બહુ ધ્યાન આપે, ઘણું લક્ષ આપે. બીજે બધેથી એ વખતે લક્ષ છૂટી જાય અને શ્રીગુરુ શું કહે છે એના ઉપર એનું લક્ષ જાય. એટલું તો એ સાંભળવાના ટાણે વજન આપે. સાંભળ્યા પછી એ વિષય છૂટી ન જાય એટલે સાંભળતી વખતે જ એણે એટલો રસ લીધો છે કે એની લાળ લંબાયા કરે. કોઈ પણ ઉદયમાં એવું છે કે, જે ઉદયમાં તીવ્ર રસ આવે એના પરિણામની લાળ લંબાયા વિના રહેતી નથી. કેમકે રસ છે એ ચીકણો છે, રસ પોતે ચીકણો છે. રાગનો રસ ઉદયમાં જેટલો ચાલ્યો તો એની લાળ લંબાશે. અહીંયાં શ્રીગુરુ આત્મા સંભળાવે છે એમાં તેં તીવ્ર રસ લીધો તો એ વિચારોની લાળ લંબાયા વિના રહેશે નહિ. મંથનમાં એનો ઉપયોગ થાય છે.

ઘણાં એમ પૂછે છે કે, અમારે શું કરવું ? શું કરવું ? વાંચવું કે સાંભળવું ? વધારે સાંભળવું ? કે વધારે વાંચવું ? ભાઈ ! વાંચવું હોય કે સાંભળવું હોય પણ એના કરતાં ચિંતનનું પ્રમાણ વધારે હોવું જોઈએ. જેટલો કાળ વાંચવામાં જાય અથવા જેટલો કાળ સાંભળવામાં જાય, કોઈને વાંચવામાં રસ આવે, કોઈને સાંભળવામાં રસ આવે, બે પ્રકાર હોય છે, તો એનાથી એના ચિંતનનો કાળ ઓછામાં ઓછો ત્રણ-ચાર ગણો જોઈએ. કેટલો ? આમ તો આઠ ગણો જોઈએ. રૂપિયે બે આની વાંચન કે શ્રવણ હોવું જોઈએ અને બાકીના ચૌદ આની ચિંતન હોવું જોઈએ. તત્ત્વવિચારનો સમય લઈએ તો એને બે આની ભાગમાં વાંચન કે શ્રવણ હોવું જોઈએ પણ સાત બે આનીએ ચૌદ આની થાય, એટલું બધું ન થાય તો ત્રણ-ચાર ગણું તો ઓછામાં ઓછું ચિંતન હોવું જોઈએ. જો એમ ન રહે તો એનું વાંચ્યું-સાંભળ્યું કાંઈ સફળ થાય નહિ, નીકળી જાય, અંદર કાંઈ રહે નહિ. અંદર કાંઈ ઊતરે નહિ. આ અંદર ઉતારવા માટેનો કાળ પરિમાણ છે. અને આ કરવા માગે તો પરાણે તો કાંઈ થાય નહિ, કોઈ પરાણે કરવા માગે

તો આવું થાય નહિ. તો કેમ સહેજે થાય ? કે, એને રસ હોય તો (સહેજે થાય). જે જ્ઞાનીપુરુષોના વચનોનું અધ્યયન કરવામાં આવે છે, પરિચર્યન કરવામાં આવે છે એમાં જો એને રસ હોય તો એનું ચિંતવન ચાલે. આજે શું આવ્યું ? મગજમાંથી નીકળે નહિ ઝટ. એક કલાક વાંચ્યું હોય તો એને અંદરથી જલ્દી વાત નીકળે નહિ. આનું ઊંડાણ શું છે ? આનું રહસ્ય શું છે ? આમાં મૂળ આત્મતત્ત્વ સમજાવવાની વાત કેવી રીતે શ્રીગુરુ કહે છે – જ્ઞાની કહે છે ? એનું એને ઊંડું મંથન (ચાલે). ખરો મુમુક્ષુ હોય તો એને ઊંડું મંથન ચાલે, ખૂબ ઊંડું ચાલે એમ. ઊંડું... ઊંડું... ઊંડુ... ઊંડું... એટલું ચાલે કે બીજો જે ઉદય ચાલે છે એની અંદર એને રસ ઘટી જાય. આ તો ઉદય પૂરો થયો – વાંચનનો કે શ્રવણનો ઉદય પૂરો થયો, પછી બીજો ઉદય ચાલુ થઈ જવાનો છે. હવે એ ઉદયમાં તું રસથી જોડા તો આ છૂટી જશે. આનો રસ ચાલુ રહ્યો તો પેલાના રસમાં કાપ પડશે. ઉદયની પ્રવૃત્તિ થશે, ચાલતો-ચાલતો ઘરે જઈશ પણ (ચિંતવન જ) ચાલતું હશે. એની અંદર જે આખો ઉદયના રસમાં કાપ પડે છે ત્યારે એને દર્શનમોહ મંદ થાય. આ તત્ત્વ વિચારણા છે કે જેમાં દર્શનમોહ મંદ થાય. દર્શનમોહ મંદ થાય ત્યારે આપોઆપ જ્ઞાનની અંદર પણ આત્મસ્વરૂપ સમજાય, આત્મસ્વરૂપનો ભાવ ભાસે, પોતાના નિજ મૂળ સ્વરૂપનું અવભાસન થાય. મૂળ નિજ સ્વરૂપનું અવભાસન થાય એવી પૂર્વભૂમિકાની–સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકાની નિર્મળતા થાય. પણ જો આ પ્રકારે સુવિચારણા હોય તો થાય. નહિતર ઉપર-ઉપરથી સાંભળી અહીંને અહીં મૂકીને ચાલતો થાય કે, આ તમારું અહીંને અહીં, ભાઈ ! આપણે કાંઈ સાથે લઈ જતા નથી. શું કહે ? આ તમે અત્યાર સુધી આપ્યું, હવે આ અહીંને અહીં મૂક્યું ! હવે અમારે કાંઈ સાથે લઈ જવું નથી. એની કાંઈ વિચારણા ચાલે નહિ. પાછી જે ઉદયની ઘટમાળ છે એમાં ગોઠવાય જાય અને એમાં ગૂંચાય જાય અને પેલી વાત તો જાણે અધ્ધર રહી ગઈ. એ રીતે કોઈ દિવસ કામ થાય નહિ. ત્યાં મુમુક્ષુતા પણ નથી.

શું કહે છે ? કે, '**ખરો મુમુક્ષુ ખૂબ ઊંડું મંથન કરીને મૂળ માર્ગને...**' એટલે અંતર્મુખ થવાના માર્ગને '**શોધી કાઢે છે.**' અહીં સુધી બધે શુભભાવ ચાલે છે. સાંભળવું, વાંચવું, વિચારવું અને એ જે-જે શુભભાવ ચાલે છે એમાં હજી બહિર્મુખ પ્રવૃત્તિ છે. એ બહિર્મુખપણું છૂટીને અંતર્મુખ થવું તે મૂળ માર્ગ છે. મૂળ માર્ગ કોને કહેવો ? અંતર્મુખ થવું તે મૂળ માર્ગ છે અને એ અંતર્મુખ કેમ થવું ? એ શોધી કાઢે છે. (જ્ઞાન) જ્ઞાનને વેદે તે અંતર્મુખતા છે. એ પોતાની સુવિચારણામાંથી, જ્ઞાનની પૂર્વભૂમિકાની નિર્મળતામાં જ્ઞાનવેદન શું ચીજ છે એ જ્ઞાનમાં શોધી કાઢે છે, એ જ્ઞાનમાં પકડે છે અને આમ અંતર્મુખ થવાય છે એ વાત એના લક્ષ ઉપર આવે છે ત્યારે એને અંતર્મુખ થવાનું બળ વધે છે અને અંતર્મુખ થઈ શકે છે. એ રીતે અહીંયાં

પુરુષાર્થની વાત સાથે વિચારણાને મેળવી લીધી છે, મંથનની વાત લઈ લીધી છે.

**વિભાવરસ જ ચિત્તને મલિન કરે છે. કે જેથી સત્પુરુષોના વચનોનો યથા યોગ્ય વિચાર થઈ શકતો નથી. આત્મરસ-ચિદ્રસ ઉત્પન્ન થતાં ચિત્ત વિશુધ્ધિ છે કે જેથી મહાપુરુષોના વચનોનો ભાવ યથાતથ્ય ભાસે છે. જે વચનોનો આધાર અનંતગુણનિધાન એવું પરમ સત્ છે તેને નમસ્કાર હો !!**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૬)

સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી. જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી. વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી; કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે તેથી તે દશા તો સહેજે ટકી રહે છે. ૩૯.

**તા. ૨૬-૦૯-૧૯૮૧, વચનામૃત–૩૯**
**પ્રવચન નં. ૩૬**

**(સ્પૂલમાંથી લીધેલ ૮ નંબરનું પ્રવચન, ૩૧.૦૦ મિનિટથી)**

('બહેનશ્રીનાં વચનામૃત', બોલ–૩૯). **'સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી.'** મોક્ષમાર્ગની જે શુદ્ધ પરિણતિ પ્રગટે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેમાં સામેલ છે. સમ્યગ્દર્શન છે અને ચારિત્ર છે અને જ્ઞાનનો ઉપયોગ પરમાં જાય છે તો માર્ગ રહેતો નથી. ઉપયોગ પરમાં જાય છે માટે જ્ઞાન નથી (એમ કોઈ કહે તો) માર્ગ રહેશે નહિ. કેમકે માર્ગ તો **'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** કહ્યો છે. જો સમ્યક્દૃષ્ટિને બીજાં વિકલ્પના કાળમાં અથવા પરદ્રવ્ય અનુસાર વ્યવહાર અને વ્યવસાયના પરિણામના કાળમાં મોક્ષમાર્ગની પરિણતિમાં જ્ઞાનની ગેરહાજરી હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું એકત્વ રહેતું નથી. એ ન્યાય છે, ન્યાયનો વિષય છે.

**'સહજ દશાને...'** સહજ દશા એટલે મોક્ષમાર્ગની સહજ દશા જે પરિણતિરૂપ છે તેને

**'વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી.'** આ દશાને હું ટકાવી રાખું, આ દશા મને ચાલુ રહે, એટલું વિકલ્પનું સામર્થ્ય પણ નથી અને વિકલ્પ કરવાની ત્યાં આવશ્યકતા પણ નથી. કેમકે જો એમ હોય તો દશાની સહજતા રહેતી નથી, કૃત્રિમતા ઊભી થાય છે. એ લીધું છે. **'જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી.'** જો વિકલ્પ કરવો પડે કે, 'હું જ્ઞાનમાત્ર છું', 'હું જ્ઞાનમાત્ર છું' અને એ રીતે એ દશાને વારંવાર વિકલ્પથી સંભાળવી પડતી હોય તો એ દશાની સહજતા રહેતી નથી. મોક્ષમાર્ગમાં જે દશા પ્રગટી તે સહજ છે. અલબત્ત એની સાથે પુરુષાર્થ તો તે ભૂમિકાનો અવશ્ય હોય છે, પણ એ પુરુષાર્થ પણ સહજ દશારૂપ જ છે. પુરુષાર્થ પણ દશા છે ને ? જેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ માર્ગની સહજ દશા છે એમ તદ્અનુરૂપ જે પુરુષાર્થ છે એ પણ એની સાથે અંતર્ગર્ભિત જ છે. એ પણ સહજ છે.

**'સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી.'** એટલે એની જાળવણી માટે, એના ટકવા માટે, સાચવણી માટે એને કોઈ વિકલ્પ કરવો પડે છે એ પ્રકાર મોક્ષમાર્ગમાં હોતો નથી. સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી યુદ્ધે ચડે ત્યારે કાંઈક વધારે ધ્યાન રાખવું પડે એવું કાંઈ નહિ હોય ? એવું કાંઈ છે નહિ. **'જો વિકલ્પ કરી જાળવી રાખવી પડે તો તે સહજ દશા જ નથી.'** એને વિકલ્પથી સંભાળવી પડે તો એમાં સહજતા ન રહી. એનો અર્થ એ છે કે, જેને હજી વિકલ્પથી એની સંભાળનો કાંઈક પ્રકાર આવે છે, વિકલ્પ આવે છે ત્યાં દશા સહજ પ્રગટી છે એ વાત રહેતી નથી. આ તો મેળવી શકે એવી વાત છે.

**'વળી...'** આમાં એ જ વાત લ્યે છે. **પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી;...'** ('બહેનશ્રી'ના) વાંચનમાં વાત નીકળી ગઈ છે એ લખી છે કે કેવી સ્થિતિ છે. **'વળી પ્રગટેલી દશાને જાળવવાનો કોઈ જુદો પુરુષાર્થ કરવો પડતો નથી;...'** સહજ જ ચાલે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સહજ પરિણમન છે અને પુરુષાર્થનું પણ સહજ પરિણમન છે તો એના માટે – સાચવવા માટેનો જુદો પુરુષાર્થ (કરવો પડે) એવું કાંઈ અંદરમાં છે નહિ. જુદો પુરુષાર્થ ન કરવો પડે. એ કૃત્રિમ કહો, જુદો કહો, વિકલ્પ કરીને સંભાળવાનો કહો – એવું કાંઈ એમાં નથી.

**'કેમ કે વધવાનો પુરુષાર્થ કરે છે...'** જુઓ ! આ બહુ સારો વિષય લીધો છે. કોઈપણ મોક્ષમાર્ગી જીવ પ્રતિસમય આગળ વધવાનો પુરુષાર્થ કરે છે તેથી દશા ન ટકે એ પ્રશ્ન રહેતો નથી. તમારી મૂડી વધારવા માટે તમે પ્રયત્ન કરો છો એટલે ઘટવાનો તો પ્રશ્ન રહેતો નથી. જ્યાં પ્રતિસમય પુરુષાર્થથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે ત્યાં પ્રગટેલી શુદ્ધિ ઘટે એ પ્રશ્ન તો ઉપસ્થિત જ થતો નથી. એટલા માટે પ્રગટેલી દશાને સાચવી રાખવી એ પ્રશ્ન નથી. પણ ખરેખર તો જે જે ભૂમિકામાં મુમુક્ષુ છે ત્યાંથી જ એ પોતાના પરિણમનમાં બરાબર સહજપણે પરિણમ્યા

કરે છે અને જેમ જેમ પરિણમન થતું જાય તેમ શુદ્ધિ વધતી જાય છે.

(એક) પ્રશ્ન વિચારવા જેવો છે કે, એક મુનિ છે. મુનિ છે એને છઠ્ઠા ગુણસ્થાનેથી સાતમા ગુણસ્થાને આવવું-જવું થાય છે, તો સાતમામાં તો ઘણો પુરુષાર્થ છે, વળી છઠ્ઠામાં કેમ આવ્યા ? પાંચમા (ગુણસ્થાનવાળો) તો ચોથામાં આવતો નથી, ચોથાવાળો મિથ્યાત્વમાં આવતો નથી. કેમકે એને તો પ્રતિસમયના પરિણમનથી શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે અને નિર્જરા વધતી જાય છે (એને) ગુણશ્રેણી નિર્જરા કીધી છે. નિર્જરા વધતી જ જાય છે, શુદ્ધિ વધતી જ જાય છે, અશુદ્ધિ ઘટતી જ જાય છે. પણ મુનિને આમ કેમ છે કે, સાતમામાંથી વળી છઠ્ઠે આવે છે ? તો ત્યાં શુદ્ધિની વૃદ્ધિ વધે છે કે ઘટે છે ? છઠ્ઠે આવે ત્યારે તો રાગ કરે છે. પછી ભલે પંચ મહાવ્રતનો રાગ કરે છે, અઠ્ઠાવીસ મૂળગુણનો રાગ કરે છે, સંયમનો રાગ છે. ત્યાં પણ (શુદ્ધિ) વધેલી છે. એ જેમ મકાન ચણે (એમાં) ઈંટ ઉપર ઈંટ, ઈંટ ઉપર ઈંટ મૂકે એમ દિવાલનું Level ફરતું જાય છે, એમ ભલે છઠ્ઠે સાતમે, છઠ્ઠે (સાતમે) આવે પણ છઠ્ઠાના આગલા Levelથી તો એનું Level ઊંચું છે. એક જ ભૂમિકાની અસંખ્યાત પ્રકારની દશા છે. ચોથા ગુણસ્થાને અસંખ્યાત, પાંચમામાં અસંખ્યાત, છઠ્ઠા-સાતમાની અસંખ્યાત, આઠમાની અસંખ્યાત, નવમાની અસંખ્યાત, દસમાની (અસંખ્યાત). બધાના એક ભૂમિકામાં તારતમ્યતા ભેદે અસંખ્યાત પ્રકાર છે. એટલે એનું Level ફરે છે એ કોઈ બાહ્ય દૃષ્ટિનો અને બહારના માપનો વિષય છે નહિ.

પછી બીજો એક તર્ક ઉઠાવ્યો કે, મુનિનું આયુષ્ય પૂરું થાય છે અને જાય છે ચોથે (ગુણસ્થાને) દેવલોકમાં. છઠ્ઠા-સાતમેથી ચોથે ગયા પણ મોક્ષમાર્ગમાં તો શુદ્ધિ વધવી જોઈએ, તો અહીંયાં કેમ ઘટી ? તેની તે ભૂમિકામાં રહે તો વધે છે અને ભવાંતર થાય ત્યારે ઘટે છે. ત્યાં પ્રવર્તમાન ચોથા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ રહે છે. પ્રવર્તમાન શુદ્ધિ તો ચોથા ગુણસ્થાન સુધી જ રહે છે. ત્યાં ફેર પડે છે. એવા જ કોઈ પરિણમન સંબંધી અનેક પ્રકારના સિદ્ધાંતો છે અથવા પરિણમન સંબંધીનું જે વિજ્ઞાન છે એ પણ કોઈ કોઈ હદે અમુક મર્યાદામાં છે.

જેમકે એક દૃષ્ટાંત લઈએ કે, અહીંયાં કોઈ જીવ એવો વેગમાં આવે છે કે, ઘણા શાસ્ત્રોનું અધ્યયન કરી ચૂકે છે, જિનદીક્ષા પણ ગ્રહણ કરી ચૂકે છે અને એને શાસ્ત્ર અનુસાર – આગમ અનુસારના ક્ષયોપશમ અનુસાર એનું જાણવું, ધારણા ભૂલ વગરની દેખાય એવી હોય છે. ભલે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતો નથી પણ આગમ અનુસાર તમે જુવો તો બધું ઠીક દેખાય, ચારે પડખાં ચોખ્ખાં દેખાય. ધારણાની હદ કેટલી ? કે, તદ્‌ભવ પૂરતી. એવો જીવ હોય કે, મિથ્યાત્વની દશામાં અંગ-પૂર્વનું અધ્યયન કરી ચૂકેલો હોય, મુનિદીક્ષા પાળી ચૂકેલો હોય (તો) દેવલોકમાં જાય, કેમકે એને શુભ ઘણું વધી જાય છે. દેવલોકમાં જાય તો ત્યાં પાછું એ કાંઈ રહે નહિ. એનો અર્થ શું થયો ? કે, તેં આત્મપ્રાપ્તિના વિષયમાં જે કાંઈ પુરુષાર્થ કર્યો એ પુરુષાર્થની

હદની સ્થિતિ એવી મર્યાદિત રહી કે જેમાં મિથ્યાત્વ તૂટ્યું નહિ. એટલી હદે પુરુષાર્થ જવો ઘટતો હતો કે મિથ્યાત્વ છૂટીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો ભવાંતરમાં પણ જે આત્મસ્વભાવને તેં ધાર્યો છે એ ધારણા ન છૂટત. સ્વરૂપના આધારે ઉત્પન્ન થયેલી ધારણા એ પણ ધારણા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં આત્માને ધારવો તે ધારણા છે. એ સમ્યક્ ધારણા છે. એ ધારણા ભવાંતરમાં છૂટતી નથી. પણ રાગની પ્રધાનતાથી જ્ઞાન અને સંયમની જે ધારણા થઈ એ ધારણા ભવાંતરમાં છૂટી જાય છે. કેમકે એ સંયોગ આશ્રિત થઈ છે. સંયમ શરીર આશ્રિત થયો છે અને જ્ઞાન આગમ આશ્રિત થયું છે. આત્મ આશ્રિત એકેય થયા નથી. નથી તો એ પરમાર્થ સંયમ કે નથી એ પરમાર્થ જ્ઞાન. એ વ્યવહાર સંયમ અને વ્યવહાર જ્ઞાન છે. એટલે સંયોગદષ્ટિ એની ધ્રુવ રહી છે. અનાદિની રહી છે તેવીને તેવી ધ્રુવ રહી છે. સંયોગ પલટાતા એની દષ્ટિ સંયોગ ઉપરની ધ્રુવ રહેલી હોવાથી એના ઔદયિકભાવ દેવલોક અનુસારના થશે, ત્યાં સંયમ મળશે નહિ અને જે કાંઈ વૈભવ છે એમાં સંયોગ આશ્રિત દષ્ટિના કારણે લપેટ થયા વિના રહેશે નહિ. એની ધારણા છે એમાં એને મનુષ્યભવમાં એક તક હતી – એક Chance હતો કે, તું અહીં આત્મપ્રાપ્તિ સુધી પહોંચી જા. તો તને ભવાંતરમાં નીચે જવાના પરિણામ થશે નહિ. આ તો તારા પરિણામ દેવલોકમાં ગયો એટલે નીચે ગયા. જાય અશુભમાંથી એકેન્દ્રિય આદિમાં પાછો ! આ તો એક દષ્ટાંત છે.

કોઈ જીવ મુનિદશાને પ્રાપ્ત થાય તો શ્રીગુરુ એને એમ કહે છે, ભગવાન એને એમ કહે છે કે, ઓ..હો...! તું ધન્ય એવી મુનિદશાને પ્રાપ્ત થયો તો હવે સિદ્ધદશા સુધી પહોંચી જજે. વારંવાર સાતમામાં આવે છે તો એક વાર સાતમાનું ઉલ્લંઘન કરીને તું શ્રેણિ માંડ. આ દશા એવી છે કે મોક્ષની લગોલગ – નજીકની દશા છે. જો આયુષ્ય પર્યંત એ દશા અંગીકાર કરવા સુધીના પુરુષાર્થમાં તું ન આવ્યો તો તું ચોથે ધકેલાઈ જઈશ. એમ છે. ત્યાં તો એ ઉપદેશ છે, પરમાગમોમાં એ ઉપદેશ છે કે, હે મુનિ ! ધન્ય છે કે તું મુનિદશાનો પાત્ર થયો. એ સુપાત્ર છે ! આહારદાન દેવામાં આવે છે ને ? દાનમાં તેમને સુપાત્રમાં (ગણવામાં) આવ્યા છે. સુપાત્ર દાન, પાત્ર દાન, અપાત્ર દાન, કુપાત્ર દાન – ચાર ભેદ છે. મુનિદશાનું દાન તે સુપાત્ર દાન છે, સમ્યક્દષ્ટિ આદિને પાત્ર દાન છે, મિથ્યાદષ્ટિને કોઈને જરૂર પડે, જરૂરિયાત ઊભી થાય અને દાન દ્યે એ અપાત્ર દાન છે અને તીવ્ર કુમાર્ગમાં જવાવાળું દાન છે એ કુપાત્ર દાન છે. (વિપરીત) માર્ગમાં જવાવાળું દાન છે. છ અનાયતનમાં દાન દેવું તે કુપાત્ર દાન છે. લૌકિક દાનને અપાત્ર દાન કહે છે, સમ્યક્દષ્ટિના દાનને પાત્ર દાન કહે છે, મુનિને સુપાત્ર દાન કીધું છે. મુનિને કાંઈ દાનની જરૂર નથી, એ તો આહાર વગેરે, શાસ્ત્ર વગેરે, મુનિની અસ્વસ્થતા જોઈને આહારમાં કોઈ ઔષધિ નાખી દેવી (એ) ઔષધ દાન, આહાર દાન, શાસ્ત્ર દાન, અભય

દાન – કોઈ ઉપસર્ગનું દૂર કરવું. શેમાંથી ચાલ્યું આ ? વધવાનો પુરુષાર્થ (કરે છે) એમાંથી (ચાલ્યું).

સમ્યક્દૃષ્ટિ જીવ, કોઈ પણ મોક્ષમાર્ગી જીવ પ્રતિસમય એની દશામાં આગળ વધવાનો પુરુષાર્થ સહજ જ કરે છે. એ કૃત્રિમ નથી, એ પણ કૃત્રિમ નથી – સહજ જ કરે છે. થાય જ છે, એ કરે છે એમ કહો. થાય છે એને કરે છે એમ કહેવામાં આવે છે. (બાકી તો) થાય જ છે. એની દશામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું જે પરિણમન છે ને ? એની સાથે એના પુરુષાર્થ ગુણનું પણ પરિણમન છે. એટલે એમાં શુદ્ધિની વૃદ્ધિ – નિર્જરા ચાલુ રહે છે. ચાલુ જ છે, પુરુષાર્થ ચાલુ જ રહે છે. તેથી તે જીવને અસંખ્ય સમયમાં પૂર્ણ દશા આવ્યા વિના રહેતી નથી. ભલે કોઈ છઠ્ઠે-સાતમેથી ચોથે જાય, તોપણ ફરીને પાછા મુનિદશામાં આવતાં એને વાર લાગતી નથી.

વળી, એમાં બીજો ભેદ છે. કોઈ જીવ ચોથેને ચોથે ગુણસ્થાને મનુષ્યમાંથી દેવલોકમાં જાય અને કોઈ જીવ છઠ્ઠે-સાતમેથી ચ્યવીને દેવલોકમાં જાય, બન્ને ચોથા ગુણસ્થાનવાળા છે છતાં બન્નેમાં ફેર છે. પ્રગટ યોગ્યતા, પ્રગટ શુદ્ધિ તો બન્નેને ચોથે ગુણસ્થાનની છે. છતાં બન્નેની યોગ્યતામાં ફેર છે. એવું બધું બહુ ઊંડું છે. બહુ વર્ણનનો વિષય નથી પણ સમજી શકાય એવો વિષય છે. માણસ નથી કહેતા ? 'ભાંગ્યુ તો પણ ઘણું છે', ભાંગ્યું ભાંગ્યું તોપણ ઘણું છે. જેમ કોઈ બહુ શ્રીમંતાઈમાં હોય અને એની એ શ્રીમંતાઈ ભાંગે તોપણ સામાન્ય માણસ કરતાં એની રહેણીકરણી અને બીજી વ્યવસ્થા વિશેષ હોય છે. કેમકે કેટલીક ચીજો તો એની શ્રીમંતાઈમાં વસાવેલી હોય ને ? એનો એને ભોગ-ઉપભોગ ચાલુ રહી જાય છે. એમ. એનું ચાલુ ને ચાલુ રહે છે, એના કેટલાક સંયોગો એ પ્રકારના (હોય છે કે) જેનું Level સામાન્ય માણસથી (ઊંચું હોય છે). ભલે એની પાસે દસ-વીસ-પચીસ હજારની મૂડી રહી હોય અને બીજો પચીસ હજારવાળો હોય પણ બીજાં સાધનો હજી પચીસ હજારવાળો વસાવી શકે, એ એની પાસે એવા હોય કે જે એની શ્રીમંતાઈમાં એણે વસાવેલા હોય. બીડીની રાખવાની ડબ્બી પણ માણસો કીમતી લે છે ને ? Ash-tray કહે છે ને ? એમ નાની-મોટી ચીજમાં એ પ્રકાર હોય છે. એનો અર્થ શું છે કે મુનિદશાની શુદ્ધિમાંથી ચોથે ગુણસ્થાને આવ્યા છે એની અંતર્ગર્ભિત યોગ્યતા છે, એનું દ્રવ્ય ફરી ગયું છે.

જેમ કોઈ સમ્યક્દૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે, લ્યો ! અને કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ છે, એમાં પણ ફેર છે. બન્ને મિથ્યાદૃષ્ટિ છે. એ બધો વિષય ગૂઢ છે. કેમકે પેલાએ અનાદિથી કદી આત્મા જોયો નથી અને આત્મપ્રાપ્તિનો માર્ગ જોયો નથી, આણે આત્માનો અનુભવ કર્યો છે અને માર્ગ – ઘર જોઈ ગયેલો છે, એણે ઘર જોયું છે. ભલે ઘરની બહાર નીકળી ગયો છે

પણ ઘર એણે જોયું છે. એટલે તો એમ કહ્યું કે, મિથ્યાત્વમાં આવશે તોપણ અનંતકાળ રખડશે નહિ એ વાત Guaranteed છે, એમ લીધું છે. ભગવાનના જ્ઞાનની સાક્ષીવાળી વાત છે, ખાત્રીવાળી વાત છે કે, એ પછી અનંતકાળ રખડશે નહિ. છે તો બન્ને મિથ્યાદૃષ્ટિ, એક અનંતકાળ રખડે અને એક કેમ ન રખડે ? કે, એના દ્રવ્યમાં ફેર છે, પરિણામ ભલે સરખાં દેખાય. નિગોદ સુધી જાય, હોં ! વર્તમાનમાં નિગોદમાં સાદિમિથ્યાદૃષ્ટિઓ અનંતા (છે), કેટલાં ? સાદિ મિથ્યાદૃષ્ટિઓ અનંત છે. નિગોદમાં અનંત છે ! સાદિ, હોં ! અનાદિ તો અનંતાનંત છે પણ સાદિ પણ અનંત છે, પણ એ નીકળી જવાના. એવું એનું દ્રવ્ય અંદરથી ફરી ગયું છે. એ દ્રવ્ય ફરી ગયું, એની અંતર્ગર્ભિત યોગ્યતા ફરેલી છે. એવું ત્યાં દેવલોકમાં મુનિ વગેરેમાં અંતર હોય છે.

અહીંયાં તો ચાલુ દશાની વાત છે કે, મોક્ષમાર્ગી જીવને પ્રતિસમય આગળ વધવાનો પુરુષાર્થ ચાલુ છે એટલે એની પ્રાપ્ત દશા નહિ ટકવાનો કે એને વિકલ્પ કરીને જાળવવાનો કે એના માટે જુદો પુરુષાર્થ કરવો પડે તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ તો સહજ જ ચાલુ રહે છે.

એ મોક્ષમાર્ગી જીવની પુરુષાર્થ સંબંધિત, પુરુષાર્થના દૃષ્ટિકોણથી, પુરુષાર્થના પાસાથી એક વાત છે. ઘણાં પાસા છે એમાંથી એક પાસુ આ પણ છે.

**સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી. –જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય છે ત્યારે વચ્ચે બીજાં બીજાં નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; જ્યાં જવું છે, તેનું જ લક્ષ રહે છે.**

**૪૦.**

## તા. ૧૭-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૦, ૪૧
## પ્રવચન નં. ૩૭

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૪૦). **'સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે,...'** શુદ્ધાત્માને સાધતા સાધતા શુભ ભાવ વચ્ચે આવે છે, એનો અર્થ શું છે ? એટલે કે જ્ઞાની શુભ ભાવને સાધતા નથી તોપણ વચ્ચે આવે છે. આપણે એમ કહે છે ને કે, ભાઈ ! અમારા બેની વાતમાં તમે વચ્ચે કેમ આવો છો ? એટલે કે તમારી જરૂરત નથી. એમ જ્ઞાનીને શુભ ભાવની જરૂરત નથી, પછી એના ફળની જરૂરત નથી એ કહેવાની વાત રહેતી નથી. એને પોતાનો શુદ્ધાત્મા જોઈએ છે. રુચે છે એ શુદ્ધાત્મા અને પરિપૂર્ણ પોતાનું સ્વરૂપ હોવાથી અવસ્થામાં એવી જ પરિપૂર્ણતા ન થાય ત્યાં સુધી અવસ્થા એને જ સાધ્યા કરે એવી એક સ્થિતિ ઊભી થઈ જાય છે, એને સાધકદશા કહેવામાં આવે છે. એવું જે પોતાનું સ્વરૂપનું સાધવું છે એ સાધતા સાધતા વચ્ચે અશક્તિને લઈને શુભ રાગ પણ આવે છે, આવ્યા વિના રહેતો નથી. પછી જે તે ભૂમિકા હોય છે, ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનની તે તે ભૂમિકા અનુસાર (આવે છે).

**'સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે;...'** તેમાં **'સાધ્યનું લક્ષ ચૂકતો નથી.'** શુભ ભાવ આવે એમાં ઉપયોગ જાય, શુભ ક્રિયા, શુભ યોગમાં ઉપયોગ જાય તોપણ સાધ્ય એવું જે પોતાનું સ્વરૂપ તેનું લક્ષ ચૂકાઈ જાય છે એવું તો બનતું નથી. પોતાનો પુરુષાર્થ ચાલે તો એક સમયમાં પૂર્ણ થઈ જવું છે એવો જેનો અભિપ્રાય છે એને સાધક કહેવામાં આવે છે, એને સમ્યક્‌દૃષ્ટિ કહેવામાં આવે છે. કેમકે દૃષ્ટિની આચરણ અપેક્ષાએ એવી વ્યાખ્યા છે. સમ્યક્‌દૃષ્ટિ – દૃષ્ટિની આચરણ અપેક્ષાએ એવી વ્યાખ્યા છે કે, સર્વસ્વપણે ઉપાદેય પોતાનું નિર્દોષ સ્વરૂપ (છે). સર્વસ્વપણે ઉપાદેય ! એ આચરણથી એની પરિભાષા છે. તો સર્વસ્વપણે ઉપાદેય હોય એનો અર્થ એ છે કે, એક સમયમાં પૂર્ણ સધાય જાય તો એને બીજો સમય જોઈતો નથી કે પહેલાં સમયે એથી વધારે કાંઈક બીજું કામ બાકી રહેલું પૂરું કરીને પછી આ કરે. જગતનું કોઈ કાર્ય કે કોઈ શુભ ભાવ બાકી રહ્યો છે અને એ કરી લઉં પછી આ કરું એ દૃષ્ટિવાનને નથી. આ એની આચરણની દૃષ્ટિ છે. અહીં આચરણની દૃષ્ટિ એટલે દૃષ્ટિકોણ. આચરણનો આ દૃષ્ટિકોણ છે. આવું આચરણ એને કરવું છે. ત્યારે એને સમ્યક્‌દૃષ્ટિ કહેવામાં આવે છે. છતાં પણ અનેક સાધકોની વિભિન્ન પરિસ્થિતિ છે. અકારણપણે – કોઈ પણ જાતના કારણને લાગુ કરી શકાતું નથી એવી કોઈ સ્થિતિ છે કે, દૃષ્ટિ બધા સાધકોની સરખી, સાધ્ય વિષય – આશ્રયનો વિષય એવો જે આત્મા એ પણ બધાને સરખો, છતાં પુરુષાર્થનું પરિબળ દરેકને જુદું જુદું (છે), જુદી જુદી માત્રામાં વર્તે છે. જાત એક સરખી હોવા છતાં પરિસ્થિતિ દરેકની એક સરખી હોતી નથી, અકારણપણે !

કોઈ એમ કહે કે, પહેલાં ઘણો કષાય કર્યો હોય, પહેલાં ઘણું આમ કર્યું હોય એટલે વાર લાગે એ તો કોઈનું કારણ-કાર્ય બતાવવા માટે જોડાય છે, પણ ઇતિહાસની અંદર એવા જીવો થઈ ગયા છે કે, અનંતકાળથી નિગોદના પ્રચુર કષાયના ભાવમાં વસવા છતાં જ્યારે એ સાધકદશામાં આવે છે ત્યારે બીજે ક્યાંય પરિભ્રમણ કર્યા વિના તરત જ મોક્ષ પામે છે. 'ભરત' રાજાના ૯૯ પુત્રો ! વચ્ચે એકાદ તિર્યંચનો ભવ છે. ક્યાંક છાણમાં કીડા થયા છે કાં કોઈ સીધા થયા છે. મનુષ્ય થઈને સીધા ચરમશરીરી (થયા છે). 'ઋષભદેવ' ભગવાનના સમવસરણમાં જ્ઞાન પામે છે, ત્યાં દીક્ષા લ્યે છે અને ત્યાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈને નિર્વાણ પામે છે. એણે બીજાં તો કોઈ શુભ ભાવ કર્યા નથી. છેલ્લો એનો ઇતિહાસ જુઓ તો પ્રચુર કષાયનો ભાવ (રહ્યો છે). નિગોદમાં તો પ્રચુરમાં પ્રચુર કષાય છે એથી વધારે પ્રચુર કષાય ક્યાંય હોતો નથી. એ પૂર્વ પર્યાય તો મેળ જોઈને કારણ-કાર્ય લગાડવાનો વિષય છે. જીવ પુરુષાર્થ કરે અથવા જીવનો પુરુષાર્થ ઊપડે તો એ પુરુષાર્થની પાસે કોઈ પૂર્વના ભાવો બળ કરીને એ પુરુષાર્થને તોડી નાખે એવું પૂર્વના વિભાવ સંસ્કારોમાં બળ નથી. જીવના સ્વભાવમાં જેટલું બળ છે એટલું

જીવના વિભાવ સંસ્કારોમાં નથી. કર્મનો તો પ્રશ્ન જ નથી. કર્મ બળ કરે છે એ તો અહીંયાં પ્રશ્ન જ નથી કે, કર્મનો ઉદય આવે અને જીવને મોળા પરિણામ થઈ જાય, પુરુષાર્થહીન પરિણામ થઈ જાય એ તો પ્રશ્ન જ નથી. કેમકે એનું – કર્મના વિપાકનું પરિણમન કર્મમાં છે. જીવ સ્વતંત્ર પુરુષાર્થ કરે છે, કર્મને આધીન રહીને પુરુષાર્થ કરતો નથી.

પ્રશ્ન :- નિગોદમાં જે પ્રચુર કષાય કલંક હોય છે એનું શું કારણ ?

સમાધાન :- એટલે ત્યાં નિગોદને યોગ્ય તીવ્રમાં તીવ્ર મલિનભાવ વર્તે છે. એટલે તો એક ઉચ્છ્વાસમાં ૧૮ વખત (જન્મે અને મરે), શ્વાસોશ્વાસમાં તો ૩૬ વખત જન્મ-મરણ કરવા છતાં બધા જ મરણ વખતે નિગોદનું આયુષ્ય બાંધે છે અને નિગોદની ગતિ બાંધે છે. કેમકે એવા જ ભાવ કરે છે અને ત્યાં બુદ્ધિપૂર્વક કોઈ વિચાર કરવાની પરિસ્થિતિ નહિ હોવાથી એવા જ ભાવ થાય. ઉદય અનુસાર ભાવ થાય, તેવું જ કર્મ બંધાય, વળી ઉદય અનુસાર ભાવ થાય, તેવું જ કર્મ બંધાય, એ જ કર્મનો ઉદય આવે, વળી એવા જ ભાવ થાય. આમને આમ અનંતકાળ જીવ નિગોદની અંદર અનંત દુઃખમાં ગાળે છે. કષાય પણ ઘણો, મલિનતા ઘણી પ્રચુર અને દુઃખની છેલ્લી હદની સીમા ! નરક કરતાં અનંતગણું દુઃખ છે. નારકી તો સંજ્ઞી પંચેન્દ્રિય છે, આ એકેન્દ્રિય છે. એટલું નિગોદમાં દુઃખ છે. ફક્ત એ જીવ અનુભવ કરે છે અને કેવળજ્ઞાની જાણે છે. સિદ્ધ પરમાત્માઓ અને કેવળી – જેને કેવળજ્ઞાન વર્તે છે એ બધા આત્માઓ જાણે છે કે, નિગોદના દુઃખ એ શું ચીજ છે !

અહીંયાં સાધકદશાનો વિષય છે. **'સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે,...'** શુભ ભાવને કરવાનો જેનો દૃષ્ટિકોણ છે – અભિપ્રાય છે એને ઊલટું પકડાય છે કે, જુઓ ! જ્ઞાની પણ પૂજા કરે છે, જ્ઞાની પણ ભક્તિ કરે છે, જ્ઞાની પણ શાસ્ત્ર વાંચે છે, જ્ઞાની પણ અનેક પ્રકારની તપશ્ચર્યા કરે છે, વ્રત અંગીકાર કરે છે, દેશવ્રત લ્યે છે, મહાવ્રત લ્યે છે. આ બધું સાધકદશામાં જ થાય છે. માટે આપણે પણ એવાં એવાં પરિણામ કરો અને એવાં એવાં વ્રત વગેરે લ્યો, આપણે પણ એવું જ કરો. કહે છે કે, એ શુભ ભાવ તો એને વચ્ચે આવે છે **'પણ સાધક તેને છોડતો જાય છે;...'** એને પકડતો નથી, એને છોડે છે એમ કહેવું છે. મિથ્યાદૃષ્ટિ પકડે છે. જેમ બિલાડી ઉંદરને પકડે છે એમ મિથ્યાદૃષ્ટિ એ પોતાનું ભોગ્ય છે એમ સમજીને પકડે છે કે, આ શુભ ભાવમાં મને શાંતિ રહે છે, આ અશુભ ભાવ કરતાં શુભ ભાવમાં મને ઠીક પડે છે અને આ ભાવ મને બહુ સારો આવ્યો. આજે એવો સરસ ભાવ આવ્યો એમ એને થાય. એ એને બિલાડી જેમ ઉંદરને પકડે એવી રીતે પકડે છે, પણ બિલાડી એના બચ્ચાને પકડે એવી રીતે પકડતી નથી. સમ્યક્દૃષ્ટિ એવી રીતે પકડે છે કે જરા પણ ભીંસ દેવાય નહિ, શુભ ભાવ ઉપર જરા પણ જોર કરાય નહિ – જરાય ભીંસ દેવાય નહિ. જેમ બિલાડી પોતાના

બચ્ચાને જરાય ભીંસથી પકડે નહિ કેમકે દાંત વાગી જાય, કુમળું બચ્ચું છે એને દર્દ થાય, દુઃખ થાય. સંજ્ઞી પંચેન્દ્રિય છે ને (એટલે) એટલું સમજે છે. એને છોડતો જાય છે અથવા એને શુભ ભાવ કરવાનું લક્ષ નથી. શુભ ભાવ કરવાને લક્ષે એ શુભ ભાવને કરતા નથી પણ વચ્ચે એને આવી જાય છે, વચ્ચે એને થઈ જાય છે. એટલી વાત છે. તે થઈ જાય છે તોપણ **'સાધ્યનું લક્ષ ચૂકતો નથી.'** તોપણ સાધ્ય એવો જે પોતાનો આત્મા એના લક્ષને ચૂક્યા વગર એને એ પરિણામ ચાલે છે, એ પરિણામ થાય છે. જેનું જેને લક્ષ છે એના ઉપર એનું વજન છે. જેને જેનું લક્ષ છે એની જ મુખ્યતા એને વર્તે છે. બાકી બધા શુભ ભાવ લક્ષ વિનાના આવ્યા તે ગૌણ છે, એની કોઈ મુખ્યતા નથી.

મિથ્યાદૃષ્ટિ શુભ ભાવનું પ્રતિપાલન કરે છે એમ કહેવાય છે, સાવધાનીથી કરે છે. એની ક્રિયામાં પણ સાવધાની રાખે છે. આ આમ જ થવું જોઈએ, આ આમ જ થવું જોઈએ, આ આટલું જ થવું જોઈએ, આ આમ જ થવું જોઈએ. એટલી બધી પકડ ત્યાં છે કે પોતાના આત્માને એ વિસરી જાય છે. સાધ્ય એવો જે પોતાનો આત્મા એને એ ભૂલે છે. સાધકને થાય છે (એ) પોતાના આત્માને ભૂલ્યા વિના થાય છે. યાદ નથી કરવું પડતું છતાં ભૂલ્યા વિના થાય છે. **'સાધક તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી.'**

દૃષ્ટાંત આપે છે કે, **'જેમ મુસાફર એક નગરથી બીજા નગરે જાય...'** એક ગામથી બીજા ગામ જાય છે **'ત્યારે વચ્ચે બીજાં બીજાં નગર આવે તેને છોડતો જાય છે, ત્યાં રોકાતો નથી; જ્યાં જવું છે, તેનું જ લક્ષ રહે છે.'** એને જ્યાં પહોંચવું છે એનું લક્ષ છે. વચ્ચે બીજાં સારા સારા નગર આવે તો ઊતરી જાય કે ન ઊતરી જાય ? જાવું છે, પોતાને જે ગામ જાવું છે એ ગામ જાય, વચ્ચે કોઈ સારું શહેર આવ્યું તો પછી ત્યાં ઊતરી જાય કે ન ઊતરી જાય ? કે, આ ગામ આપણે પહોંચવું છે એના કરતાં પણ સારું છે, અહીંયાં રહી જાઓ – એવું કોઈ કરતું નથી. એમ જ્ઞાની છે એ પોતાના સાધ્યરૂપ જે સિદ્ધદશા એની મુસાફરી (કરે) છે. આખિરની મુસાફરી – છેલ્લી મુસાફરી, આ આખરની મુસાફરી છે. પછી કોઈ હવે એને પહોંચવું-વગર પહોંચવું એ પ્રશ્ન રહેતો નથી. મુસાફર જેમ પોતાના નિશ્ચિત નગરમાં જવા માટે વચ્ચેના ગામમાં રોકાતો નથી. તેમ સાધકદશામાં વચ્ચે શુભ ભાવ આવે તોપણ સાધક ત્યાં રોકાતો નથી.

અહીંયાં તો વળી બીજી પરિસ્થિતિ છે કે, જે શુભ ભાવ છે એમાં આકુળતા છે અને સાધ્ય એવું જે પોતાનું ધ્યેય છે એમાં નિરાકુળ પરિણામ થાય છે. એના લક્ષે જે પરિણામ જેટલા થાય છે એ તો નિરાકુળ પરિણામ થાય છે, તો અશાંત પરિણામ અને શાંત પરિણામ એવા બે અંશ થઈને એક સમયનું આખું પરિણામ સાધકદશામાં હોય છે. કોણ શાંતિને ન

ચાહે અને અશાંતિને ચાહે ? એવું કોણ કરે ? એને તો પરિપૂર્ણ શાંતિનું ધ્યેય છે, પૂર્ણ શાંતિ મેળવવી છે એ અશાંતિને ચાહે એમ કેમ બની શકે ? એ બની શકે એવું નથી. પણ બહારનો દેખાવ એવો કોઈ વિચિત્ર થાય છે કે, બીજાં અનેક જીવોને ભ્રમણાનું કારણ થાય છે, જેની દૃષ્ટિ મિથ્યા છે એને ભ્રમણાનું કારણ થાય છે. જુઓ ! જ્ઞાની આમ કરે છે. સાધક – મહાપુરુષોએ, ભગવાન 'મહાવીરસ્વામી'એ બાર વર્ષ તપ કર્યું હતું ! આપણે પણ તપશ્ચર્યા કરવી જોઈએ. 'ઋષભદેવ' ભગવાને ક્યું તપ કર્યું હતું ? વર્ષીતપ કર્યું હતું. છ મહિનાના ઉપવાસ, છ મહિને પારણું. વળી પાછા છ મહિનાના ઉપવાસ, છ મહિને પારણું. અત્યારે તો એવા શરીર નથી કે છ છ મહિનાના ઉપવાસ ખેંચી શકે. એક વર્ષમાં એક દિવસ આહાર, એક દિવસ ઉપવાસ, એક દિવસ આહાર. પણ એને તો છ મહિનાના ઉપવાસ પછી એક દિવસનું પારણું હતું. એક દિવસના ઉપવાસ પછી બીજે દિવસે પારણું નહિ, એમ છ મહિના નહિ. પણ પછી કોઈને કોઈ રીતે ઘડ બેસાડવી હોય એટલે આવી રીતે ગોઠવી દે. એક વર્ષમાં છ મહિના ઉપવાસના થયા કે ન થયા ? ભલે બીજા છ મહિના ન થયા. એ રીતે કાંઈ વર્ષીતપ ખરેખર તો છે નહિ, પણ આખું વર્ષ કર્યું માટે વર્ષીતપ, આખું વર્ષ એવી રીતે ચલાવ્યું માટે વર્ષીતપ. પછી ન સમજે (એને) એના ફળ બતાવે, તમને આમ થશે, તમને આમ લાભ થશે. કંઈક તો બતાવતા હશે ને ? નહિ તો કાંઈ વાણિયા કરે નહિ. ફળ વગર તો કાંઈ કરે નહિ. કંઈક લાલચ હોય તો કરે કે, તમને આમ થાશે, તમને આમ થાશે. કહે છે કે, ભાઈ ! એ પ્રકાર જ નથી.

જૈનદર્શનનો સિદ્ધાંત જ બીજો છે. એ તો એમ કહે છે કે, વચ્ચે એ છોડવા માટે આવે છે. કરવા માટે આવે છે એ વાત નથી. એ શુભ ભાવ અને એ ક્રિયા છોડવાની વાત છે, કરવાની વાત નથી. આ રીતે સાધકદશામાં શુભ ભાવની સ્થિતિ છે, શુભ ભાવનું સ્થાન આ પ્રકારે છે. જેને છોડવાનું એટલે જેને ખરેખર તો ત્યાગવાનું છે. આ કહે છે કે, ગ્રહણ કરવું છે. આટલો ઊલટો-સૂલટો ફેર પડે છે. બન્નેને શુભ ભાવ છે પણ ઊલટો-સૂલટો ફેર છે. એક કહે છે કે, એને ગ્રહણ કરવું છે, આ કહે છે, એને છોડવું છે. એટલો મોટો ફેર છે. એટલે જ્ઞાનીને શુભ ભાવ છોડવાના કારણે એટલો એને રસ નથી, અજ્ઞાનીને કરવાના કારણે એટલો રસ પડે છે. એટલો રસ એને પડે છે કે, એને કરવું છે એટલે રસ પડે છે. આને છોડવું છે (તો) કેમ રસ પડે ? એ રીતે સાધકદશામાં શુભનું સ્થાન છે.

પ્રશ્ન :- ચક્રવર્તી છ ખંડ સાધવા નીકળે એમાં આત્માનું લક્ષ ક્યાં રહે ?

સમાધાન :- તોપણ આત્માનું લક્ષ રહે છે. એ તો વળી અશુભ ભાવ છે, એ કાંઈ ચક્રવર્તીનો શુભ ભાવ નથી. એને વ્યવહાર ન કહેવાય. અશુભ ભાવ છે એટલે એને વ્યવહાર નથી કહેવાતો. માત્ર શુભ ભાવ જ વ્યવહારનું સ્થાન પામે છે. અશુભ ભાવ કોઈ વ્યવહારનું

સ્થાન પામતા નથી. પણ ચોથા અને પાંચમા ગુણસ્થાને ગુણસ્થાન અનુસાર અશુભ ભાવ પણ આવી જાય છે. એ પણ કરવો નથી. શુભ ભાવ કરવો નથી, અશુભ ભાવ પણ કરવો નથી. વચ્ચે આવી જાય છે. વચ્ચે આવી જાય છે એને તું આલંબનનો વિષય બનાવીશ નહિ.

કેટલાક સ્વચ્છંદ સેવે છે ત્યારે એમ વિચાર કરે છે કે, ચક્રવર્તીને સંપત્તિ છે એટલો આપણે ક્યાં પરિગ્રહ છે ? તો એણે જે અશુભ ભાવ છે, સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તીને (જે) અશુભ ભાવ થયો એનું આલંબન લીધું અને જ્ઞાનીને શુભ ભાવ થયો તો આપણને પણ થાય, જ્ઞાનીને થાય તો આપણને તો થાય જ ને ! તો એણે પણ શુભ ભાવનું આલંબન લીધું અને બન્નેમાં બહાનું જ્ઞાનીનું પકડ્યું. એ છળ પકડેલો છે. એને અશુભ ભાવ તો એકાંતે વર્જ્ય છે પણ શુભ ભાવ પણ કરવા યોગ્ય નથી. એ ફસાવાનું નિમિત્ત થાય એને તો એકાંતે છોડાવે છે. જ્યાં જીવ ફસાય છે એને તો એમ કહે છે કે, એકાંતે તારા માટે વર્જ્ય છે. એવું નક્કી કર્યા પછી પણ આવશે, પણ એને છોડવાનો દૃષ્ટિકોણ હશે તો તારો દૃષ્ટિકોણ સાચો છે અથવા સમ્યક્ છે અને નહિતર મિથ્યા છે – ઊલટો છે.

એ (શુભ ભાવ) પણ એકાંતે છોડવા જેવો છતાં પણ આવી જાય છે, કરવો નથી. જેમ અશુભ ભાવ એકાંતે છોડવા જેવો છે તોપણ ચોથા, પાંચમા ગુણસ્થાનમાં ભૂમિકા અનુસાર આવી જાય છે. એને કરવાનો પ્રશ્ન હોઈ શકે નહિ.

એક વાર પૂજ્ય બહેનશ્રી સાથે ચર્ચા ચાલી એમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો હતો કે, ચક્રવર્તીને આવો ભાવ થાય છે તો અમને પણ આવો ભાવ થાય. વાત તો એવી કાંઈ (હતી), કોઈ હિંસા-અહિંસાનો પ્રશ્ન હતો કે, એવો ભાવ થાય તો શું (થયું) ? ચક્રવર્તીને પણ હિંસાનો ભાવ થાય છે. એવું આલંબન લેવા માટે થોડી વાત છે. એમ જવાબ આપ્યો. આલંબન લેવા માટે તો વાત નથી. વળી, એને તો પૂર્વકર્મના નિમિત્તે આવી પડેલી વાત છે. શું કહ્યું ? આમાં થોડો મર્મ છે. આ રીતે જે ઉત્તર આપ્યો એમાં થોડો મર્મ છે. એક વસ્તુ માથે આવી પડી હોય અને નિપટાવવી પડે એ બીજો વિષય થઈ જાય છે અને એક વસ્તુ રુચિથી, ભાવનાથી પોતે કરે એ બીજો વિષય થઈ જાય છે. એને તો છ ખંડ સાધવા વગેરે જે કાંઈ છે એ માથે આવી પડેલી વાત છે. એવી રીતે જવાબ આપ્યો છે. એને કાંઈ એમાં રહેવું છે કે એ બધું કરવું છે એ અભિપ્રાય નથી. પણ એવું કોઈ પૂર્વકર્મ છે કે જે આવી પડ્યું છે એટલે એને અરુચિ પરિણામે, લૂખા પરિણામે, એને ભોગવ્યા વિના છૂટકો નથી એમ માનીને. જેમ અશાતા પણ આવી પડે તો કોઈને જોઈતી નથી પણ ભોગવ્યા વિના છૂટકો નથી એમ માનીને અને શાતાના પ્રસંગો, પુણ્ય કર્મના ઉદયો, છૂટકો નથી માટે એમાં એ રહે છે. પોતાનો પુરુષાર્થ ચાલે તો એક સેકંડમાં છોડી દે, એને વાર લાગે નહિ. એમાં રહ્યાં પણ છૂટું... છૂટું... છૂટું... છૂટું...

થઈ ગયું છે. એમાં રહું... એમાં રહું... અહીંયાં ઠીક છે, ઠીક છે, ઠીક છે એમ એમાં જરા પણ નથી. એટલો મોટો ફેર છે.

એ ૪૦ (નંબરનો બોલ પૂરો) થયો.

**ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ. અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે. ૪૧.**

૪૧ (નંબરનો બોલ) છે એ મુમુક્ષુની ભૂમિકાનો વિષય છે. મુમુક્ષુ જીવ કેવી રીતે, કઈ પરિસ્થિતિમાં, કઈ ભૂમિકામાં અંતર્મુખ થવાનો માર્ગ શોધે છે, એ વિષયનો યથાર્થ ચિતાર છે. **'ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ,...'** માર્ગ પ્રાપ્તિની ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, **'માર્ગ ન મળે એમ બને નહિ.'** Guaranteed વાત છે. તાલાવેલી લાગે અને કથંચિત્ કોઈને માર્ગ મળે પણ ખરો અને કથંચિત્ કોઈને માર્ગ ન પણ મળે, કદાચિત્ કોઈને મળે, કદાચિત્ ન મળે એ વસ્તુસ્થિતિ નથી.

આવી એક વાત તો અન્ય મતમાં (પણ) આવે છે કે, ભગવાન ક્યારે પ્રસન્ન થાય ? તો કે, સાચી શ્રદ્ધા હોય તો. પછી એ લોકોએ શું ગોઠવ્યું ? કે, શ્રદ્ધા તો અમને ઘણી છે પણ હજી ભગવાન મળતા નથી. તો કહે, શ્રદ્ધામાં કાંઈક ફેર રહી ગયો હશે, નહિતર મળ્યા વગર રહે નહિ. એ ગોઠવી દીધેલી વાત છે. ન મળે ત્યાં સુધી એમ માનવું કે, (શ્રદ્ધા) નથી અને મળે ત્યારે એમ માનવું કે બરાબર છે. અહીંયાં એ વાત નથી. અહીંયાં મળે ત્યારે એને

સાચી તાલાવેલી છે એમ વાત નથી. તાલાવેલી છે એને મળે, મળે અને મળે જ. ખરી – સાચી તાલાવેલી હોય એને મળે, મળે ને મળે જ. એના વિના રહી શકતો નથી. તાલાવેલીનો અર્થ એ છે કે, માર્ગ પ્રાપ્તિ વિના એના માટે રહેવું અશક્ય છે, જાણે કે જીવવું અશક્ય છે.

'સોગાનીજી'ના જીવન પરિચયમાં એ વાત લીધી છે. જીવન પરિચય આપ્યો છે. એમને જીવવું મુશ્કેલ થઈ પડ્યું હતું. એવા શબ્દો વાપર્યા છે. જોયું હતું ને ત્યાં ? એક-બે જગ્યાએ એ વાત લખી છે. શાંતિ કે લિયે **'ઇધર ધુન થી શાંતિ કી ઔર ઉધર ગૃહસ્થ હોને કે કારણ સંસાર મેં ભી યોગ દેના પડતા થા.'** દેવું હતું નહિ પણ દેવું પડતું હતું. **'પર મન ઉસમેં રમતા નહીં થા,...'** કેમકે એ પરાણે થવાનું કાર્ય છે. **'પ્રત્યેક સાંસારિક કાર્ય વિષ-તુલ્ય લગતા થા.'** કેવું ? **'પ્રત્યેક સાંસારિક કાર્ય વિષ-તુલ્ય લગતા થા. યહાં તક કિ ખાના ભી ઇસ અરુચિ કે સાથ ખાયા જાતા...'** સાંસારિક કાર્યોમાં ખાવાનો પણ એક રોજિંદો પ્રસંગ છે તો જમવા બેસે તોપણ અરુચિ પરિણામે (જમે), રસ લ્યે એમ નહિ. દાળ સારી થઈ છે, શાક સારું થયું છે, રોટલી સારી બની છે, ફલાણી ચીજ ભાવતી બની છે – એમ રુચિથી (જમે) નહિ. અહીં તો શું કરે છે ? રસ વગરનું બધું કરે છે (એને) શું કહે છે ? લૂખું ખાય. આંબેલ ! આંબેલ કરે તો બીજી દસ ચીજ ભાવતી બનાવે. કોઈ ઢોકળા ભાવે છે કે ફલાણી છૂટી દાળ ભાવે છે, ફલાણું ભાવે છે ઈ કરો. જે હોય એમાં તને નથી ભાવતું એમ કાંઈ છે ? કે રોજ આવે એમાં નથી ભાવતું ? માણસો ભાવવા માટે તો એમ કહે કે, આજે ફલાણું બનાવજો હોં ! એમ કહે. ઠીક ! Order આપે છે કે નહિ ? આ બનાવવાનું છે, આ બનાવજો, આ નહિ બનાવતા ને આ બનાવજો, શું કરવા ? કે, ભાવે છે માટે. જ્યાં સુધી એને પુદ્‌ગલનો રસ ભાવે છે ત્યાં સુધી આત્મરસ ક્યાંથી ભાવશે ? આ વિચારવા જેવો વિષય છે. જ્યાં સુધી પુદ્‌ગલોનો – પરમાણુનો રસ એને ભાવે છે ત્યાં સુધી આત્મરસ એને ભાવશે કેવી રીતે ? અમૂર્તિક ચૈતન્યરસ, જડરસ આડે ચૈતન્યરસ ક્યાંથી ભાવવાનો હતો ? વળી એમાં આકુળતા છે તોપણ એને ભાવે છે, એમાં ખુશી છે. આવી અંદર ગડબડ છે.

**'યહાં તક કિ ખાના ભી ઇસ અરુચિ કે સાથ ખાયા જાતા કિ ક્યા ખાયા હૈ ઇસકા ભાન નહીં.'** શું ખાધું છે એને ખબર ન હોય. એવી રીતે ખાય કે, જાણે શું ખાધું છે અને શું નથી ખાધું, કોઈ એક ચીજ ખૂટી ગઈ હોય તો માગવાનો ખ્યાલ ન રહે કે, આ શાક ખૂટી ગયું છે, આપજો હવે. એ ખ્યાલ ન રહે. એમને એમ લક્ષ ક્યાંય હોય, જેમ માણસ કોઈ ચિંતામાં પડ્યો હોય અને એને ભોજન ભાવે નહિ. એમ આ મુમુક્ષુ માર્ગની ચિંતામાં પડેલો છે. માર્ગ ન મળે ત્યાં સુધી એનું માથું ઠેકાણે નથી તો એને શું ભાવે છે, શું ખાય છે એ લક્ષ રહેતું નથી. **'મન મેં શાંતિ કે લિયે ચક્ર સા ચલતા થા. કિસસે પૂછે શાંતિ કી**

**વહ રાહ ?...'** **'૩૨ સાલ કી આયુ મેં જીવન ભાર સા લગને લગા...'** જીવન એટલે આ સાંસારિક જીવનનો બોજો લાગે. **'એક બોજ સા બન ગયા. અનંત શાંતિ કી અનંત ખોજ કે લિયે હૃદય તડપ–તડપ ઉઠતા થા. ઇસ આત્મિક શાંતિ કી પ્રાપ્તિ કે લિયે કઈ–કઈ વર્ષોં તક કિન–કિન ધર્મોં કે દ્વાર નહીં ખટખટાયે ?'** એટલે અન્ય ધર્મ – આ ગીતા, રામાયણનું પણ અવલોકન કર્યું. **'અધ્યયન કિયા, હઠયોગિયોં કે હઠવાદ કો સાધા...'** (તોપણ) ન મળ્યું.

**'ગૃહસ્થી સે અલગ અપના વાસ કિયા,...'** શાસ્ત્રો વાંચવા માટે ઘર છોડીને અમુક વખત તો 'અજમેર'માં એક પંડિતને રાખીને રહ્યાં હતાં. **'પર મસ્તિષ્ક મેં શાંતિ કે લિયે ધધકતી હુઈ જ્વાલા કી ભઠ્ઠી નહીં બુઝી ઔર નહીં હી બુઝી.'** માથામાં ભઠ્ઠી જેવું થઈ ગયેલું. શાંતિ જોઈએ. નહિતર આ તો બધા કષાયની મંદતાના પરિણામ છે, શાસ્ત્ર વાંચે, હઠથી કાંઈ વ્રત, તપશ્ચર્યા કરે. **'રાત–રાત ભર ઇધર સે ઉધર ઘૂમના,...'** ઊંઘ આવે નહિ. ઠીક ! બહુ ચિંતા હોય તો માણસની ઊંઘ ઊડી જાય છે કે નહિ ? ભૂખ ઊડી જાય, ઊંઘ ઊડી જાય. **'રાત–રાત ભર ઇધર સે ઉધર ઘૂમના,...'** આંટા મારે. શું છે આ ? અંદર જાવું કેવી રીતે ? આનું નામ તાલાવેલી છે. 'તાલાવેલી' શબ્દ વાપર્યો છે ને ? કેવી તાલાવેલી લાગે છે ? તાલાવેલી લાગે ત્યારે શું શું થાય છે ? સામે આ એક દૃષ્ટાંત છે. **'રાત રાત ભર ઇધર સે ઉધર ઘૂમના,...'** આ તો નિરાંતે આઠ-આઠ કલાક, દસ-દસ કલાક ઊંઘે છે. માણસો ઊંઘે છે કે નહિ ? કેમ ? 'કબીર'નું એક પદ છે – 'સુખિયા સબ સંસાર ખાવે ઔર સોવે, દુખિયા દાસ કબીર, ગાવે ઔર રોવે.' એને ચિંતા પડી છે કે, અરે..રે...! મારા આત્માનું શું થાશે ? કાલ સવારે ગમે ત્યારે આંખ મીંચાશે આત્માનું શું થાશે ? આ એને ચિંતા પડી છે. આટલું તો અન્ય મતમાં આવે છે. માર્ગાનુસારી જીવ હતા. ઘણાં પદ એવા લખ્યા છે.

ત્યાં અમને કબીરપંથી મળી ગયા હતા. 'બેંગલોર'થી આવ્યા હતા. અત્યારે તો મુમુક્ષુ (છે), એકાદ વરસથી, એક-દોઢ વરસથી આપણા મુમુક્ષુ છે. મૂળ વૈષ્ણવ છે અને કબીરપંથી હતા. બહુ રંગાયેલા હતા. (કહેતા હતા) આખું જીવન મેં આમાં કાઢી નાખ્યું છે. લાખો રૂપિયા ખર્ચી નાખ્યા. ગાતા સારું હશે અને વિવેચન કાંઈ સારું કરતા હશે એટલે લોકો બહુ ભેગાં થાય, બહુ ભેગાં થાય. મેં કીધું, આટલું બધું માન મળ્યા પછી તમે નીકળ્યા ઈ તો બહુ કહેવાય, નહિતર માન મળે ઈ તો સલવાઈ જાય. પણ એવો કોઈ લાયક જીવ હશે. આ વાત સાંભળ્યા પછી એમ કહે, નહિ ! પેલું ખોટું છે. બધે દુકાનદારી છે. એને મૂળ તો અનુભવ થોડો એવો થયો. એના સંપ્રદાયના જે જે સંત, મહાત્માઓ પાસે જાય ત્યારે એને એમ લાગે કે, હું તો ગાંઠના પૈસા ખર્ચીને આ બધું કરું છું. પોતે સંપન્ન માણસ એટલે જ્યાં જાય ત્યાં પોતાના ખર્ચે જાય, પાંચ પૈસા વાપરી નાખે, કોઈને આપે, કોઈને મદદ કરે. પેલા બધા પૈસા ભેગાં કરે.

મહાત્માજી પૂછે ફ્લાણાં શેઠ આવ્યા છે. (કોઈનો) દાખલો આપ્યો. એ તો મારે ત્યાં 'બેંગલોર'માં રહેલાં છે. મારે ત્યાં જ ઉતરતા હતા. ફ્લાણા શેઠ આવ્યા (હોય) તો પૂછે, પચીસ-પચાસ (હજારવાળા) છે કે ચાર આંકડાવાળા છે ? હજારોમાં વાત છે. તો (એમ) કહે, ના, ના, આ તો સો-પચાસ આપે. તો કહેજો કે, ધ્યાનમાં બેઠા છે. શું કહે ? માતાજી ધ્યાન મેં બૈઠી હૈ. બહારથી તગડી મૂકો. પૈસાવાળો આવે તો એને સ્થાન આપે, એની સાથે વાતચીત કરે, એને કાંઈક બતાવે અને વળી પૈસા કઢાવે. આ બધી અંદરની દુકાનદારી જોઈ (એને એમ થયું કે), આ ધર્મની લાઈનમાં લોકો આટલું બધું માને, હજારો માણસો ભેગાં થાય, બાઈમાણસ લેક્ચર કરે એટલે લોકો તો ભેગાં થાય, નાની ઉંમર, અહીં 'ભાવનગર' માં આવી ગયા છે. એને બધી અંદર અંદર ગડબડ દેખાવા માંડી. એને વિશ્વાસ ઊઠી ગયો. લોકોને શ્રદ્ધા હોય છે પણ અંદરમાં વાત કાંઈક બીજી હોય છે. એટલે મૂળ એને વિશ્વાસ ઊઠી ગયેલો. એમાં આ ચીજ એના કોઈ નસીબના જોગે હાથમાં મળી ગઈ. વાહ ! આ તો ગજબનું તત્ત્વ છે ! ખરેખર આત્માને મુક્ત થવું હોય તો આ રસ્તો છે, આ ઉપાય છે. બાકી તો પુરુષાર્થ કરે એટલું કામ થાય, જેટલું કારણ આપે એટલું કામ થાય. આ છે ને ? નીચે જ છે. (વચનામૃત–૪૧). **'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.'** ન થાય એવું બને નહિ. ગોળ નાખે, સાકર નાખે અને ગળ્યું ન થાય એ કેમ બને ?

**'મન કહતા થા કિ 'યદિ શાંતિ નહીં મિલી તો મેરે ઇસ નશ્વર શરીર કા અસાર સંસાર સે ઉઠ જાના હી શ્રેયસ્કર હોગા.'** લ્યો, આ પરિસ્થિતિ હતી. જો અંદરથી શાંતિ ન પ્રગટી તો આ શરીર છૂટી જાશે. એટલી વેદના હતી, માર્ગપ્રાપ્તિની એટલી વેદના હતી. આ તાલાવેલીના અનુસંધાનમાં એ વાત લીધી છે. છેલ્લી લીટી છે – **'અંદર વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે.'** આ વેદના અંદરમાં હોય છે એને માર્ગ મળે છે. આ તો ખાવું-પીવું, સૂઈ જાવું, શાતાશીળિયા – બધી અનુકૂળતા રહે પછી મારે કાંઈક શાસ્ત્ર વાંચવું છે, સાંભળવું છે, પછી કાંઈક મારે સાધન કરવું છે. થાય એટલું કરવું છે, મારાથી થાય એટલું કરું, ભાઈ ! શું કરું ? એ રીતે પત્તો લાગતો નથી. આ શરત થોડી આકરી કહો તો આકરી છે અને સહજ સ્થિતિ કહો તો સહજ સ્થિતિ જ આ છે, બીજી કોઈ સ્થિતિ નથી. બહારમાં જો સંસાર ભાંગતો હોય તો બધુંય કરે. માંદો હોય તોપણ કોર્ટમાં જાય. જાય કે ન જાય ? કો'ક એનો સંસાર ભાંગતો હોય, દુકાન ભાંગતો હોય, કોઈ એનો વેપાર ભાંગતો હોય, નોકરીયાતને નોકરી (હોય અને) કોઈ નોકરી તોડતો હોય તો બધુંય કરે. કેમકે પછી વાંહે શું કરવું ? દુઃખી થઈ જવાય. પાછળ દુઃખી ન થઈ જવાય તો અત્યારે ગમે ઈ સહન કરવા તૈયાર છે. ત્યાં એને વાસ્તવિકતા દેખાય છે. થયા પહેલાં એ પરિસ્થિતિનો વાસ્તવિક ચિતાર એને આવે છે. તો એને એ જીવ કર્યા વિના

રહી શકે નહિ. અહીંયાં એ સાંભળે છે, હા પાડે છે, વિચાર કરે છે પણ હજી વાસ્તવિક ચિતાર આવતો નથી. આવે તો ઊપડ્યા વિના રહે નહિ, આ સીધેસીધી વાત છે. જીવનો એ સ્વભાવ છે. એ સ્વભાવ બહાર જઈ શકે નહિ. જવું હોય તોપણ ન જઈ શકે. એ એક-બે જગ્યાએ વાત આવે છે.

('સોગાનીજી'ને) 'ગુરુદેવ' પ્રત્યે કેટલી ભક્તિ હતી એ લખ્યું છે કે, **'અતીન્દ્રિય આનંદ કે ભોક્તા શ્રી સદ્‌ગુરુદેવ કે પ્રતિ ઉપકાર કી ચર્ચા ચલતે હી આત્માર્થી ગદ્‌ગદ્ હો ઉઠતે. મૌન હો જાતે. અવિરલ અશ્રુ-ધારા બહને લગતી. મન કે ઉદ્‌ગાર આંખોં કી રાહ નિકલતે.'** આ ભક્તિનો વિષય લીધો છે. ભક્તિ તો એમના એકેએક પત્રમાં ખૂબ આવી છે.

(અહીંયાં આપણે) તાલાવેલીનું પ્રકરણ છે કે, આવી **'ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ,...'** અને પ્રત્યેક સાધકની એ સ્થિતિ થાય છે. માર્ગ મળે શાંતિ ઉત્પન્ન થાય એ પહેલાં અશાંતિથી છૂટવાની આ પ્રક્રિયા વચ્ચે આવ્યા વિના રહેતી નથી, નિયમથી આવે છે. **'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.'** એ એક એમ સૂચવે છે કે, પોતે કેટલું કારણ આપે છે એની તપાસ કરે તો પોતાને ખ્યાલ આવે એવું છે કે, પોતે કેટલું કારણ આપે છે. એકવાર તો આખા સંસારથી ઊઠી જાય છે. જ્ઞાની તો પછી થાય છે પણ જ્ઞાની થયાં પહેલાં એકવાર મુમુક્ષુ – મોક્ષાર્થી છે એ આખા સંસારથી ઊઠી જાય છે. એટલો પાછળ લાગે છે, પૂરા પુરુષાર્થથી, પૂરા ઉદ્યમથી એકવાર પાછળ પડી જાય છે ત્યારે એને આ કાર્ય ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી એવી સ્થિતિમાં જીવ આવતો નથી ત્યાં સુધી એને બન્ને જોઈએ છે – એને સંસાર પણ જોઈએ છે અને એને મોક્ષમાર્ગ પણ જોઈએ છે. બે વાત બનવાની નથી. ખરેખર તો બન્ને જોઈએ છે ત્યારે વિપરીતનો પરિહાર નથી થયો એટલે ખરેખર એને મોક્ષમાર્ગ જોઈતો નથી, એને સંસાર જોઈએ છે એમ નક્કી થાય છે. એને (મોક્ષ) જોઈતો જ નથી.

જેમ કોઈ સત્પુરુષને પણ માને અને અસત્પુરુષને પણ માને તો એ સત્પુરુષને માનતો જ નથી. નવ તત્ત્વમાં મોક્ષ તત્ત્વને માને અને પુણ્યથી પણ સંવર થાય કે ધર્મ થાય એમ માને તો એ મોક્ષ તત્ત્વને માનતો નથી. અથવા નવ તત્ત્વમાંથી એકેય તત્ત્વને બરાબર માનતો નથી. કુદેવને માને અને સુદેવને પણ માને તો એ સુદેવને માને છે એ વાત રહેતી નથી. દરેક જગ્યાએ આ લઈ લેવું કે, જે સાચું છે એમાં વિપર્યાસ સાથે નથી રહી શકતો. વિપર્યાસ સાથે રહે છે તો એ સાચામાં નથી, એ ખોટામાં ઊભો છે. આમ છે. જરાય ચાલે એવું નથી. પોલ ચાલે એવું નથી એટલે જરાય ચાલે એવું નથી અને આ તો અંદર આત્મા – પરમાત્મા બેઠો છે.

એક સાધારણ સારા માણસને ઘરે બોલાવે, મોટા નેતા કે આ રાજાને (બોલાવે) તોપણ

બધું બરાબર વ્યવસ્થિત કરે છે. આંગણું સાફ કરો, રસ્તો સાફ કરો, ઘરની ગોઠવણી બરાબર કરો. કાંઈ ફેરફાર ન થાય એવું હોય તો ત્યાં કાંઈ નહિ તો સારો એવો પડદો ઢાંકી દ્યો, આ માળિયું છે એનું શું કરવું ? અત્યારે કાંઈ મકાન તોડવા બેસાય ? ત્યાં કાંઈક ઢાંકી દ્યો, આમ બધું વ્યવસ્થિત કરે છે. અને પોતાના પરમાત્માની પધરામણી કરવી છે ત્યાં એને સાફસૂફી નહિ કરવી પડે ? એમને એમ પધારે છે ? એવું તો બનતું નથી.

પ્રશ્ન :– મુમુક્ષુ થવા માટે સંસારમાંથી ઊઠી જાવું એટલે ?

સમાધાન :– સંસારમાંથી ઊઠી જાવું એટલે સંસારમાં એને બધે જેટલું મમત્વનું સ્થાન છે – કુટુંબ-પરિવાર, દીકરા-દીકરી... આ બધા છે ને ? એને એ બધો રુચિનો વિષય એકેય ન રહે. રુચિનો વિષય ન રહે, મમત્વનો વિષય ન રહે. એને પરિણામ થાય તો એને એમાં એમ લાગે કે, (આમાં) બહુ નુકસાન છે, બહુ નુકસાન છે. અંદરમાં એને વેદના થાય. શું લીધું છે અહીંયાં ? **'વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે.'** આ વાત લીધી છે. વેદના તો દુઃખ સૂચવે. હવે, જ્યાં મીઠાશનું સ્થાન છે ત્યાં મીઠું લાગે, એને ત્યાંથી છૂટવું કેવી રીતે બને ? કે, ત્યાંથી એને કોઈ રીતે છૂટવું બને નહિ. પોતાનું પરમ તત્ત્વ છે એ સર્વથી અધિક છે એની અધિકાઈ આવવાને બદલે બીજે કાંઈક અધિકાઈ આવે છે એને આત્મા મળવાની જગ્યા નથી. ખરી વાત તો એ છે કે, ત્યાં સુધી મુમુક્ષુપણું નથી. એટલે વિચાર કરવા જેવો વિષય છે. પોતાની તપાસ કરે તો પોતાના પરિણામની પોતાને ખબર ન પડે એવું બનતું નથી.

પ્રશ્ન :– છોકરાઓ ધુતે ત્યારે તો ધુતારાની ટોળી લાગે પણ મળીને રહે ત્યારે કેમ લાગતું નથી ?

સમાધાન :– ખોટું બોલીને છેતરે ત્યારે તો ધુતારો લાગે (પણ) અનુકૂળ થાય, અનુકૂળ વર્તે ત્યારે એને ધુતારો લાગવો જોઈએ કે, આ મામણા શબ્દોથી બોલાવે છે, ભાઈ... ભાઈ... મા... મા... મા... મા... ભાઈ... ભાઈ... કરે છે પણ આમાં ઝેર છે. એ એને જ્યારે દેખાય ત્યારે સમજણ પડે એવું છે. એવી વાત છે. પેલો તો દ્વેષ આવ્યો છે. ધુતે છે, છેતરે છે, ખોટું બોલે છે ત્યારે તો એને દ્વેષ આવ્યો છે. એટલે એ તો હજી ત્યાંને ત્યાં જ છે. રાગમાં છે એની બીજી બાજુ, એક સિક્કાની બે બાજુ જેવો દ્વેષ સાથે જડાયેલો જ છે. સિક્કાની બે બાજુ સાથે જ હોય. એક બાજુવાળો સિક્કો મળતો નથી. આ તો એવું છે.

એ ધુતારાની ટોળી કેવી છે ? એમાં એના ઉપર દ્વેષ કરવા માટે નથી કીધું. પરિવારના સભ્યો ઉપર દ્વેષ કરવા માટે એ વાત નથી, પણ એના પ્રત્યેની તારી મીઠાશથી તારું અહિત થાય છે અને તું રાજી થાશ ! એટલે આમ તું છેતરાય છે. કોનાથી ? કે, તારા પરિણામથી તું છેતરાય છે. એ તને છેતરે છે એમ નથી. દ્વેષ આવે છે ત્યારે તો પેલો છેતરે છે એટલે

દ્વેષ આવે છે. એ તને છેતરે છે એમ નથી, તું છેતરાય છે. તારા છેતરાવામાં એ નિમિત્તમાત્ર બને છે, એ જીવ તો એના કારણે આવ્યો છે. પરિવારનો જે જીવ આવ્યો છે એ તો પરિભ્રમણ કરતો... કરતો... કરતો... કરતો... કોઈ યોગાનુયોગે અહીંયાં સંયોગ થયો છે. એ પહેલાં તારો હતો નહિ અને પછી તારો રહેવાનો નથી. આ વાત નક્કી છે. અત્યારે છે નહિ પણ તું માની બેઠો છે, એટલું ઝેર ખાય છે, બીજું કાંઈ નથી.

પ્રશ્ન :- સાવધાન થવા માટે શું કરવું ?

સમાધાન :- સાવધાન થવા માટે ભિન્નતા વિચારવી જોઈએ કે, આમાં મારા આત્માને નુકસાન કેટલું ? લાભ-નુકસાનનો તો વિચાર કરે. હું મમતા કરીને મરીશ અને ઈ પરિણામ મારી સાથે આવશે. ઈ છોકરો પણ સાથે નહિ આવે, છોકરી પણ નહિ આવે અને બીજું કોઈ પણ નહિ આવે. (બીજું) કોઈ હશે ઈ સાથે આવવાનું નથી. પરિણામમાં જે મીઠાશના સંસ્કાર રહી ગયા એ સાથે આવશે. એનાથી બંધાણો છું, પરિવારથી નથી બંધાણો. પોતાના પરિણામથી રાગબંધન છે. રાગબંધન, દ્વેષબંધન, મોહબંધન – એ બંધન છે. જીવના પરિણામનું પોતાને બંધન છે.

આખા સંસારથી ઊઠી જાય એટલે જ્યાં જ્યાં એને લગવાડ છે, જે જે લગવાડના નિમિત્તો છે એ નિમિત્તો પ્રત્યે થતાં જે પોતાના પરિણામ છે એની એકવાર તપાસ કરવી. લગ્ન ઘરે આવે તો કોને કોને કંકોત્રી લખવી છે એનું એક List કરો, કોને કોને જમવાનું કહેવું છે એનું એક બીજું List કરો, જાનમાં કોને લઈ જવા એટલાંનું એક ત્રીજું List કરો, જમણવાર કરવો છે એમાં કેટલી ચીજ જોઈએ એનું એક List કરો. આખી ચોપડી લઈને બેસી જાય. તો કહે છે કે, અહીંયાં તું એક વખત એક ચોપડી લઈને બેસી જા કે, સવારથી સાંજ સુધીમાં તારા લગવાડના, બંધનના નિમિત્તો છે એના પ્રત્યે તને કેવા કેવા જે પરિણામ થયા એની એકવાર યાદી કરતો જા. એકવાર ચોપડી(માં) યાદી કરે તો કેટલી ચોપડી ભરાય છે (એની) એને ખબર પડે. અને પછી વાંચે કે, આ મારા જન્મ-મરણના અને પરિભ્રમણના કારણમાં રખડાવનારા પરિણામ છે, આ પરિણામથી ચેતવા જેવું છે. એનું એકવાર બરાબર List કરે (તો ખબર પડે કે) કેવડું, કેટલું લાંબું List થાય છે એની સમજણ પડે. પેલા બધાય List કરતાં આ વધી જાશે. એણે તપાસ તો કરવી જ પડશે. તપાસ ન કરે તો આગળ એકેય વાત ચાલવાની નથી. બફમ્માં ચાલ્યો જાય કે, ઠીક છે આ પણ કરીએ છીએ અને આ પણ કરીએ છીએ, આ પણ કરીએ છીએ ને આ પણ કરીએ છીએ. આપણે તો બન્ને કરીએ છીએ. બન્ને કરતો નથી, તું એક જ કરે છે, બીજું કરે છે એમાં તું છેતરાય છે. બીજું કરે છે એમ માનીને છેતરાય છે, ખરેખર કરતો નથી. એમ માનીને છેતરાય છે કે, હું બીજું પણ કરું છું. હું શાસ્ત્ર વાંચું

છું, હું પૂજા-ભક્તિ કરું છું, હું દાન પણ દઉં છું, હું આ પણ કરું છું. કાંઈ કરતો નથી, તું એકલા સંસાર સિવાય બીજું કાંઈ કરતો નથી. આમ વાત છે. નગ્ન દિગંબર માર્ગ છે આ તો ! નગ્ન સત્ય છે આ ! એમાં કોઈ લાલાપીઠા કરે કે, ના, ના, ભાઈ ! તમે બહુ સારા, તમે બહુ ધર્મી, બહુ ધર્મી. એમ કીધે કાંઈ મતલબ નથી.

(અહીંયાં કહે છે), **'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય...'** પોતે જેટલો અંદર જવાનો, અંદર જવા માટે જે જે પ્રકારે તૈયારી કરે એટલો અંદર જવામાં આગળ વધી શકે એવું છે. બાકી બહારના ફેરફારો ગમે એટલા કર્યા જ કરે, દ્રવ્યલિંગી પર્યંત જાય નહિ ! બધા બહારના ફેરફાર (છે). અંદર જવા માટે શું કર્યું ? આ સીધો સવાલ છે. બહારમાં ત્યાગ કર્યા, બહારમાં બધી ક્રિયાઓ કરી પણ અંદર જવા માટે શું કર્યું ? આ ભૂલ થઈ. બહારમાં બધા ફેરફાર કર્યા, ઊલટાનો સંતોષ માન્યો, આટલું તો કર્યું... આટલું તો કર્યું... આટલું તો કર્યું... મંદિર તો ગયો, ભગવાનના દર્શન તો કર્યા. પણ હવે અંદર જવામાં શું કર્યું ? ભગવાન તો અંદર ડૂબી ગયેલાં છે. ભગવાનને જોતાં તને કાંઈ વિચાર આવ્યો કે આ અંદર ડૂબવાનું કહે છે ? અંદર વળવાનું કહે છે ? ભગવાનની પ્રતિમા તો એમ કહે છે કે, જો હું અંતર્મુખ થયો છું તું પણ અંતર્મુખ થઈ જા ! એ વાત છે.

**'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.'** આ વિષય બહુ ખોલ્યો છે. આ શાસ્ત્રની અંદર આ વિષય બહુ ખોલીને મૂક્યો છે. કેટલી જાતના સૂક્ષ્મ પરિણામોનો વિષય ખોલીને મૂકી દીધો છે ! **'અંદર વેદના સહિત ભાવના હોય...'** છૂટવાની વેદના થઈ હોય, છૂટવાની ભાવનામાં ન છૂટાય એની વેદના સાથે હોય એમ કહે છે. (કોઈ કહે કે), ભાવના તો અમારી છે. પણ એવી કોરી અને લૂખી ભાવનાથી કોઈ કામ થાતું નથી. નથી છૂટતો એની વેદના શું છે ? એમ કહે છે. તું એમ કહે છે કે, મને છૂટવાની ભાવના છે, માર્ગપ્રાપ્તિની ભાવના છે, આત્મપ્રાપ્તિની ભાવના છે. તો નથી છૂટાતું એની વેદના કેટલી છે પહેલાં એનો હિસાબ લાવ, એમ કહે છે. આ એનું બીજું પડખું છે. નહિતર તું છેતરીશ (કે), મારી તો ભાવના છે ને, ભાવના વગર કાંઈ હું રોજ આવું છું ? હું ક્યાં એવો નવરો છું (કે) ભાવના ન હોય તોપણ હું આવું. ઘણાં કામ છે એમ કહે. ભાઈ ! એ તું રહેવા દે. તારી વેદના કેટલી છે એનો હિસાબ દે. જો વેદના ન હોય તો માર્ગ શોધવાની પરિસ્થિતિ ઉત્પન્ન થતી નથી. માર્ગ મળવો વળી બીજી વાત છે. માર્ગ શોધવાની Line પણ તારા હાથમાં નથી એમ કહે છે. પહેલાં માર્ગ તો શોધે પછી માર્ગ મળવાની વાત છે. પણ એને માર્ગ શોધવો હોય તો ક્યારે મળશે ? કે, **'વેદના સહિત ભાવના હોય તો માર્ગ શોધે.'** અને માર્ગ શોધે તો માર્ગ મળે. નહિતર માર્ગ મળવાનો પ્રશ્ન રહેતો નથી. આમ છે. બહારમાં નુકસાન જાય તો તો એને પાર વગરની વેદના થાય. આ લ્યો ને,

પરિવારમાં એક સભ્યની ગેરહાજરી થાય છે તોપણ વેદના થાય છે કે નથી થતી ? એને વિયોગની વેદના કહે છે. અહીંયાં કહે છે કે, તારા પરમાત્માનો વિયોગ (છે) એની વેદના નહિ તો નક્કી તને એનું મમત્વ નથી. આ તો સીધેસીધો હિસાબ છે કે નહિ ? કે, જેનું મમત્વ હોય એના (વિયોગની વેદના થાય જ). દીકરીને સાસરે વળાવે છે તોપણ રોવે છે કે નથી રોતા ? ઈ તો હજી કાલ સવારે પાછી ઘરે મોકલશે કે પાંચ ’દી પછી મોકલી દ્યો, હમણાં પંદર ’દી અહીંયાં રહેશે. છ-છ મહિને, ત્રણ-ત્રણ મહિને આવતા રહેજો. પછી સાસરાવાળા ના પાડી દ્યે કે, ભાઈ ! હવે તમે બહુ બોલાવશો નહિ. એમ કહી દે. નહિ તો પછી એનું ઘર નહિ થાય, એને મમતા અહીંયાં નહિ થાય. પછી આકરું ન લાગે. શરૂઆતમાં પહેલે દિવસે લાગે એટલું પછીના વખતમાં લાગતું નથી. મમતાથી એને (દુ:ખ) વેદાય છે. તારા પરમતત્ત્વ પ્રત્યે તને મમત્વ કેટલું છે ? એનો વિયોગ તને કેટલો સાલે છે ? એની વેદના કેટલી ઊપડી છે ? જગતના પદાર્થો કરતાં અને જગતના સંબંધો કરતાં ઉત્કૃષ્ટ વેદના અહીંયાં થાય છે ત્યારે એને માર્ગ મળે છે, ત્યાં સુધી માર્ગ મળતો નથી. કેમકે અહીંયાં ઉત્કૃષ્ટ પદાર્થ છે એટલે એ વાત લીધી છે.

**સ્વલક્ષે – આત્મકલ્યાણના લક્ષે, ઉપાદાનમાં જ્યારે જાગૃતિ આવે છે, ત્યારે પાત્રતાવશ તે સત્પુરુષને / કલ્યાણના માર્ગને શોધે છે, તે માટે દઢ થઈને ઝૂરે છે ત્યારે તે જીવ અવશ્ય સત્‌ને પામે છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૩૨૯)

## તા. ૧૮-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૨, ૪૩
## પ્રવચન નં. ૩૮

('બહેનશ્રીનાં વચનામૃત') બોલ–૪૨.

મુમુક્ષુ :– અંદર વેદના સહિત ભાવના હોય, (બોલ–૫) તેનું વધારે સ્પષ્ટીકરણ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :– 'ભાવના' પ્રચલિત શબ્દ છે. પોતાના આત્માનું કલ્યાણ કરવું છે એવી ભાવના ઉપર ઉપરની સાધારણ ભાવના પણ હોય છે અને જેને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ, માર્ગની પ્રાપ્તિ ન થાય એ અંગે વેદના થાય એવી પણ ભાવના થાય છે. અહીંયાં એ તપાસવાનું રહે છે કે, સામાન્ય ચાલુ ભાવના છે કે એ ભાવનામાં વેદનાસહિતપણું છે ? આટલો વિચાર કરવાનો રહે છે. ભાવના સાથે સાથે શું હોય છે એ વાત લીધી છે. યથાર્થ ભાવના – ખરી ભાવના – જેનાથી માર્ગપ્રાપ્તિ મળે જ એવી ભાવના – વેદના સહિતની ભાવના હોય છે એમ કહેવું છે.

પ્રશ્ન :-- ચૈતન્યમાંથી ઊગેલી ભાવના છે ?

સમાધાન :– હા, એ ભાવના અંદરથી ઊગેલી છે – આત્મામાંથી ઊગેલી છે. આત્માનું કલ્યાણ કરવું છે અને હજી થયું નથી તો એની વેદના થઈ. આત્મા વેદકસ્વભાવી છે એની વેદના થઈ એ આત્મામાંથી ઉત્પન્ન થયેલી ભાવના છે. એ સાચી ભાવના છે. પૂજ્ય 'સોગાનીજી'ના જીવન ચરિત્રના કાલે દૃષ્ટાંત લીધાં હતાં કે, શું પરિસ્થિતિ હતી ! એવી વેદના પણ સાધારણ વેદના નહિ. જેમ કોઈ તીવ્ર વેદનામાં પ્રાણ છૂટી જાય એવી વેદના હોય છે. એવી તીવ્ર વેદના પોતાના પરમાત્મતત્ત્વના વિયોગમાં, પરમાત્મતત્ત્વની અપ્રાપ્તિમાં એવી વેદના આવે છે અને માર્ગ શોધે તો એ ખરેખર માર્ગ શોધે છે. એને માર્ગ મળે જ છે, એને માર્ગ ન મળે એવું બનતું

નથી. કેમકે એ સ્થિતિમાં આવતાં એને અવરોધક ભાવો – માર્ગ મળવા માટેના જે અવરોધક ભાવો છે એ ભાવો ખલાસ થઈ જાય છે. દર્શનમોહ એટલો બધો ગળી જાય છે, નિઃસત્ત્વ થઈ જાય છે, શક્તિ વિનાનો થઈ જાય છે અને જ્ઞાન છે એ નિર્મળ થાય છે. એટલે એને જ્ઞાનમાં રહેલું જે જ્ઞાનવેદન છે એ પકડાતું નહોતું એ પકડાય જાય છે. વેદનમાં રહેલી જે પોતાની હયાતી એ હયાતી પણ એને ગ્રહણ થાય છે. વેદનથી જે હયાતી ગ્રહણ થવી જોઈએ, અથવા વેદનથી જે સ્વતત્ત્વ જાણવું જોઈએ એ પરિસ્થિતિ ખુલ્લી થઈ જાય છે, અવરોધ વિનાની થઈ જાય છે, પ્રતિબંધ વિનાની થઈ જાય છે. એટલે એ માર્ગ શોધે તો એને માર્ગ મળે જ. કેમકે માર્ગ તો અંતર્મુખ થવું તે છે અને અંતર્મુખ થવું તે જ્ઞાન જ્ઞાનને વેદે એટલું જ કાર્ય છે. જ્ઞાન જ્ઞાનને વેદે એવી જે જ્ઞાનાનુભૂતિ તે જ આત્માનુભૂતિ છે, એ જ અંતર્મુખપણું છે, એ જ સ્વસન્મુખપણું છે. જ્ઞાનનું જ્ઞાનવેદન પકડાતું નહોતું એ અહીંયાં દર્શનમોહ આદિના, અનંતાનુબંધી આદિના અવરોધક ભાવો નિઃસત્ત્વ થવાથી એ દિશા એને સૂઝે છે કે, આમ અંતર્મુખ થવાય છે. પડખું ફેરવવાનો સવાલ છે. એવી વેદના સહિતની માર્ગપ્રાપ્તિની ભાવના જો થાય અને એ ત્યારે જ થાય કે એને જ્યારે જરૂરિયાત લાગે ત્યારે થાય, એની જરૂરત લાગે ત્યારે થાય. પાણીની કીમત તો તરસ લાગે ત્યારે અને પાણી ન મળે ત્યારે પાણીની કીમત કેટલી એ સમજાય એવું છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કહ્યું છે ને કે બ્રાહ્મી વેદના છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બ્રાહ્મી વેદના ! કૃપાળુદેવના પત્રમાં એને બ્રાહ્મી વેદના કહે છે. બ્રહ્મ નામ આત્મા. આત્મામાંથી ઉત્પન્ન થયેલી – ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી. ચૈતન્ય કહો, બ્રહ્મ કહો, આત્મા કહો એક જ વાચકનું વાચ્ય છે. એમાંથી ઉત્પન્ન થયેલી છે એને બ્રાહ્મી વેદના કહે છે. એને જુદી એટલા માટે એમણે પાડી કે જગતમાં અશાતાની વેદના, મૂંઝવણની વેદના, પીડાની વેદના એ બધા વેદનાના પ્રકાર છે. એ પ્રકારની આ વેદના નથી એટલે એને બ્રાહ્મી વેદના કહી છે. બ્રહ્મની વેદના !

**યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભ ભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે. ૪૨.**

૪૨ (નંબરનો બોલ) રુચિનો બોલ છે. **'યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે; અને યથાર્થ રુચિ વિના, તેના તે શુભ ભાવો...'** (અર્થાત્) તેવા જ પ્રકારના શુભ ભાવો. **'તેના તે'** એટલે તેવા જ પ્રકારના શુભ ભાવો **'લૂખા અને ચંચળતાવાળા હોય છે.'** આવી વાત ખોલવાની પરિસ્થિતિ આ ગ્રંથમાં છે. મુમુક્ષુ જીવને યથાર્થ રુચિ હોય તો એના શુભ ભાવોનો પ્રકાર અને યથાર્થ રુચિ ન હોય તો એના શુભ ભાવોનો પ્રકાર, બન્નેને જાતિભેદ જેવો પ્રકાર છે. આ પ્રકારની જાતિ જુદી, આ પ્રકારની જાતિ જુદી.

જેમકે ભગવાનની ભક્તિનો પ્રસંગ છે અને ભક્તિમાં ભગવાનના ગુણાનુવાદ ચાલે છે. ભગવાનની સ્તુતિ, ભગવાનના – વીતરાગ પ્રભુના ગુણાનુવાદ ચાલે છે. જેને ગુણની રુચિ છે, યથાર્થ રુચિ છે એનો અર્થ શું છે કે, જેને પોતાના ગુણની રુચિ છે – આત્મિક ગુણોની રુચિ છે, જેને આત્મગુણ રુચે છે, નિર્દોષતા અને પવિત્રતા જેને રુચે છે એવી રુચિવાળા શુભભાવો હોય તો એની અંદર વૈરાગ્ય હોય છે. વૈરાગ્યનો શું અર્થ છે ? રાગથી વિરક્તપણું (અર્થાત્) જેને રાગરસ નથી. આત્મરસ છે, આત્મગુણોનો રસ છે, ચૈતન્યનો રસ છે પણ રાગરસ નથી. રાગથી વિરક્ત (છે) એને અહીંયાં વૈરાગ્ય કહે છે.

'શ્રીમદ્‌જી'એ 'આત્મસિદ્ધિ'માં ગાયું છે ને ? 'ત્યાગ વિરાગ ન ચિત્તમાં' ત્યાગ-વૈરાગ્ય સંયોગમાં એમ ન કહ્યું. શું કહ્યું ? 'ચિત્તમાં' એટલે પરિણામમાં જેને રાગરસ નથી અથવા રાગરસમાં લૂખાશ આવી ગઈ છે, રાગરસ જેનો ઊડી ગયો છે, રાગનો રસ કપાણો છે. એને 'ચિત્તમાં' શબ્દ લીધો છે. એમ ન કહ્યું કે, બહારમાં એ શું ખાય છે ? શું નથી ખાતો ? કેવા સંયોગો રાખ્યા છે ? કેવા સંયોગો નથી રાખ્યા ? એવી વાત ન કરી. શું ત્યાગ્યું છે ? શું રાખ્યું છે ? શું ગ્રહણ કર્યું છે ? 'ત્યાગ-વિરાગ ન ચિત્તમાં' – 'ચિત્તમાં' શબ્દ લગાડ્યો છે. કેમકે બહારના ત્યાગથી લોકો ભૂલા પડે છે. કહે છે કે, ત્યાગ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? વિરક્ત પરિણતિમાંથી ત્યાગની ઉત્પત્તિ થાય છે. એટલે 'ચિત્તમાં' શબ્દ લીધો છે.

એવો જેને રાગરસ નથી અને ઉપશમરસ એટલે શાંત આત્મરસ. જેમાં આત્મરસ ઉત્પન્ન થાય છે, ચૈતન્યરસ ઉત્પન્ન થાય છે અથવા એનાથી તરબોળ થઈ જાય છે, ઉપશમરસથી નીતરતા જે ભાવો છે એ યથાર્થ રુચિના સદ્‌ભાવમાં હોય છે. આત્માની રુચિ, આત્મ-ગુણોની રુચિ, સ્વભાવની રુચિ અભેદ રુચિ છે. સ્વભાવની રુચિ ! ભેદથી ગુણોની રુચિ કહેવાય છે પણ ખરેખર તો એ સ્વભાવની રુચિ છે. સ્વભાવની રુચિપૂર્વક ભક્તિ આદિના પ્રસંગમાં ઉત્પન્ન થતાં શુભ ભાવો વૈરાગ્યથી ભરેલાં અને ઉપશમરસથી ભરેલાં હોય છે.

એવું ન હોય ત્યારે, યથાર્થ રુચિ વિના પરિસ્થિતિ શું હોય છે ? કે, એ પણ ભગવાનની ભક્તિ જ કરે છે. ભક્તિ સંબંધીના એને ભાવ થાય છે પણ એમાં કાંઈ સક્કરવાર હોતો

નથી. કાં તો એનું ચિત્ત બીજી બીજી જગ્યાએ ચંચળ થઈને ઉપયોગ બીજે બીજે લાગી જાય છે. કેમકે સ્તુતિમાં તો આત્મગુણોની વાત છે. આત્મગુણોની રુચિ નથી એટલે એ વિષય છોડીને ગુણનો – સ્વભાવનો વિષય છોડીને એનો ઉપયોગ, એની પરિણતિ બીજે ગયા વિના રહે નહિ. ક્યાં જાય ? કે, જ્યાં એની રુચિ છે ત્યાં જાય. છેવટે ક્યાંય બીજે ન જાય તો જે રાગનો ઢાળ હોય અથવા પોતાનો અવાજ હોય અથવા બીજા કોઈનો અવાજ હોય એ એને રુચે. જ્યાં આત્મિક રુચિ નથી ત્યાં પુદ્‌ગલની રુચિ અવશ્ય છે. જ્યાં ચૈતન્યની રુચિ નથી ત્યાં જડની રુચિ અને રાગની રુચિ અવશ્ય છે. એટલે ત્યાં એને કાં રાગભાવ રુચે છે કાં એને કોઈ અવાજ રુચે છે કે, વાહ ! કેવું મીઠું ગાય છે ! કાં એનો ઢાળ સરસ ગાતા આવડતો હોય, જેને હલક કહે છે એ એને રુચે કાં એની સાથે વાજીંત્રો વાગતા હોય તેનો તાલ એને રુચે. કાંઈકને કાંઈક એ પુદ્‌ગલની પર્યાયમાં જીવ ઘુસી જાય છે, ચાલ્યો જાય છે. એના પરિણામ છે એ ચંચળતાવાલા છે, એના ભાવો ચંચળતાવાળા છે અને આત્મરસ વિનાનાં લૂખાં છે. એમાં આત્માનો રસ ક્યાંય નથી. એવા સાવ લૂખાં પરિણામ છે. એ થયા વિના રહે નહિ. કેમકે પરિણામને કોઈને કોઈ આલંબનનો વિષય હોય, હોય ને હોય જ છે. કાં એ આલંબનનો વિષય રાગ અને અચેતન જડ છે અને કાં એ આલંબનનો વિષય આત્મગુણો છે – સ્વભાવ છે – નિજસ્વરૂપ છે. બેમાંથી એક તો હોય, હોય ને હોય જ – કાં સ્વ અને કાં પર.

આ એક રુચિનું પડખું સ્પષ્ટ કર્યું છે. શુભ ભાવોને અનુલક્ષીને રુચિનું પડખું છે. (આ શાસ્ત્રમાં) રુચિનાં તો ઘણાં બોલ છે. એમાં જુદાં જુદાં એક વિષય ઉપર અનેક પડખાંથી પ્રકાશ પાડ્યો છે. અનુભવ આનું નામ છે. કેટલી કેટલી વાતો નીકળે છે !!

મુમુક્ષુ :– ઇન્દ્ર ઘુઘરા બાંધીને નાચે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘુઘરા બાંધીને નાચે છે પણ એ ભગવાનના આત્મામાં રહેલી વીતરાગતાને જોઈને નાચે છે. ભગવાનના દેહનું રૂપ જોઈને નાચે છે એમ નથી. પણ એમાં રહેલાં આત્માને એ જોવે છે, એમ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ – ચાર જગ્યાએ વીતરાગભાવ છે. જેને વીતરાગભાવની રુચિ છે, એને સામે વીતરાગતા જોઈને એની વીતરાગતામાં ઝણઝણાટી આવે છે, Current આવે છે. સામે જો વીતરાગતાનું નિમિત્ત હોય તો એની વીતરાગતા અહીંથી એકદમ આવિર્ભૂત થવા લાગે છે. બહારમાં એમ જ બને છે ને ? જેને જેની રુચિ હોય છે, મીઠાઈ બહુ ભાવતી હોય અને મીઠાઈની વાતો થાતી હોય – અંદર આમ નાખે ને કેસર નાખે ને ફલાણું નાખે ને ઢીકણું નાખે ને લોંકડું નાખે ને આટલું તો ઘી પાઈ દ્યે, આવી તો એલચીની સુગંધ આવે ને 'સ્પને'માંથી કેસર મગાવેલું હતું ! ક્યાંથી ? 'સ્પેન'નું કેસર મંગાવેલું હતું ! ઠીક ! કેટલો રસ લ્યે ! એવો મલાવો કરે... એવો મલાવો કરે... મીઠાઈ તો મીઠાઈમાં હજી

હોય છે પણ એની વાતોમાંથી એના રસનો આવિર્ભાવ થાય છે કે નહિ ? અથવા એવી ચીજ બનેલી સામે આવે ત્યારે એના ઉદયમાં એના રસનો આવિર્ભાવ થાય છે કે નહિ ? તો અહીંયાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ છે એમાં જે વીતરાગભાવ છે, એ તો દેવ-ગુરુ-શાસ્ત્રને ખરેખર જોતો નથી, મુખ્યપણે તો એ એમ જોવે છે કે, આપનું સ્વરૂપ, તમારું સ્વરૂપ તો મારા સ્વરૂપની વીતરાગતાને જ પ્રસિદ્ધ કરે છે, બતાવે છે. તમારું સ્વરૂપ મારા સ્વરૂપને દર્શાવે છે ! મારામાં વીતરાગતા એવી જ છે. જેવી વીતરાગતા આપને પ્રસિદ્ધ છે એવી વીતરાગતા મારે છે એમ અંદર સીધું આવે છે. એટલે પોતાના વીતરાગભાવ આવિર્ભાવ થવાનું એ નિમિત્ત થાય છે તો એના શુભ ભાવોનો પ્રકાર પણ બીજો છે.

જેને અંદરમાં જ્ઞાનમાં વીતરાગતાનું લક્ષ નથી, જે વીતરાગતાને સમજતો નથી, વીતરાગતાને ઓળખતો નથી એને એ ભાવ ક્યાંથી આવે ? એને તો એક નહિ ને બીજા પ્રકારનો, બીજો નહિ ને ત્રીજા પ્રકારનો રાગ અને રાગનો રસ જ ઉત્પન્ન થવાનો છે. એને વીતરાગતાનો રસ આવવાનો નથી. એવો બે વચ્ચે ફેર પડે છે. જે કોટિના શુભ ભાવો યથાર્થ રુચિવાળા મુમુક્ષુને કે જ્ઞાનીને હોય છે એ કોટિના શુભ ભાવો તેના તે પ્રસંગમાં રહેલાં બીજા જીવોને, રુચિ વિનાના જીવોને, યથાર્થ રુચિ વિનાના જીવોને થઈ શકતા નથી કે હોઈ શકતા નથી. એટલે એમ લીધું છે કે, કેટલાંક સ્વર્ગની અંદર સમ્યક્દૃષ્ટિ સિવાય ગતિ જ થતી નથી. જેમકે અત્યારના કાળમાં કોઈને શુભ ભાવ થાય તો (એ) મિથ્યાદૃષ્ટિ શુભ ભાવના ફળમાં વૈમાનિક દેવમાં ન જાય, જ્યારે સમ્યક્દૃષ્ટિ અત્યારે મનુષ્યપણામાં આયુષ્ય છોડે તો એ વૈમાનિકમાં જાય. એનું કારણ શું ? કે, શુભ ભાવો તો એ જીવે પણ કર્યા છે અને આ જીવે પણ કર્યા છે. બન્નેને દેવ ગતિ બંધાણી, દેવ આયુ બંધાણું પણ બન્નેનું સ્થાન એક રહેતું નથી, હોતું નથી. એમ છે.

એમ સારા કાળની અંદર મુનિઓ થતાં. દ્રવ્યલિંગી અને ભાવલિંગીને શુભ ભાવો તો પંચ મહાવ્રત અને નિરતિચાર અઠ્ઠાવીસ મૂળગુણના થાય, પણ દ્રવ્યલિંગી છે એ નવમી ગ્રૈવેયકે જાય તો ભાવલિંગી ઉપર જાય છે ઠેઠ સર્વાર્થસિદ્ધિમાં જાય. એથી ઉપરના વિમાનમાં જાય છે. અનુત્તર વિમાનમાં જાય છે, પાંચ અનુત્તર (વિમાન) છે એમાં જાય. અનુત્તર એટલે એના પછી ઉપર નથી. એનું નામ અનુત્તર છે. સર્વાર્થસિદ્ધિમાં પાંચ વિમાન છે – ચાર ખૂણે ચાર અને એક વચ્ચે (એમ) પાંચ વિમાન છે. સર્વાર્થસિદ્ધિથી ઉપર પછી સિદ્ધશિલા છે. સર્વાર્થસિદ્ધિ છે, જય-વિજય છે એમાં ગમે ત્યાં જાય. ત્યાં મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી ન જઈ શકે. કેમકે એના (દ્રવ્યલિંગીના) શુભ ભાવમાં અને એના (ભાવલિંગી મુનિના) શુભ ભાવના પ્રકારમાં ફેર છે. એમ છે. શુભ ભાવની જાતિ પણ ફરે છે. એવી વાત છે.

મુમુક્ષુ :– વૈરાગ્ય અને ઉપશમરસ ફરીથી કહો.

પૂજ્ય ભાઈશ્રી :– રાગનો રસ નથી એને વૈરાગ્ય કહે છે. રાગથી વિરક્તપણું છે. રાગમાં દાઝે છે. રાગની અંદર દાઝે છે, રાગમાં બળે છે એટલે એમાંથી વિરક્તપણું છે. રાગથી જેને વિરક્તપણું છે, રાગમાં દુઃખ લાગે છે એનું નામ વૈરાગ્ય છે. અને ઉપશમરસ છે એ આત્માનો અંતર્મુખ થતો શાંત રસ છે, અંતરમાં ઢળવાનો એ રસ છે. એ રસની એ બાજુની દિશા છે. એવા એ ભાવો યથાર્થ રુચિવાળા હોય છે, કેમકે એની રુચિનો વિષય સ્વભાવ છે. રુચિનો વિષય પરિપૂર્ણ આત્મસ્વરૂપ પરિપૂર્ણ વીતરાગસ્વરૂપી આત્મસ્વભાવ છે. એ રુચિનો વિષય છે. એટલે એના ભાવમાં ઉપશમરસ આવે છે. શુભ ભાવના કાળે પણ એને ઉપશમરસનો આવિર્ભાવ થાય છે, એકલો શુભ ભાવ નથી થતો. કોરેકોરો એકલો નથી થતો એમ કહે છે. પેલો તો સાવ લૂખો – કોરો છે, એકલો જ છે. રાગમાં રગડાતો રસ છે. એ જડને સાધે છે, રાગને સાધે છે અને એનો વિષય પુદ્‌ગલ થાય છે. એમાં પૌદ્‌ગલિક સંયોગો કદાચ સારા મળે પણ એ અધોગતિનું કારણ થાય છે. એમાંથી એને આત્માનું કલ્યાણ કદી થતું નથી.

પ્રશ્ન :– શુભ ભાવની સાથે પણ પેલો શુદ્ધ ભાવ છે ?

સમાધાન :– હા, વૈરાગ્ય અને ઉપશમરસ છે. હા, એ આત્મરસ છે. ઉપશમરસ છે એ આત્મરસ છે. આત્માને અનુલક્ષીને રુચિ છે, આત્માને અનુસરતી રુચિ છે. આત્મભાવને સાથે ઉત્પન્ન કરે છે.

એ વિષય, શુભ ભાવના પ્રકારને લોકો એમ કહે કે, જ્ઞાની પણ ભક્તિ કરે છે, અજ્ઞાની પણ ભક્તિ કરે છે. કો'ક વાર તો એમ લાગે કે, જ્ઞાની કરતાં અજ્ઞાનીની ભક્તિ જોરદાર છે. ભાઈ, હોં ! શું કહે ? જ્ઞાની કરતાં પણ અજ્ઞાની પણ ભક્તિ કરે છે પણ ભારે ભક્તિ કરે છે ! ભાઈ ! એમ બહારથી જોવાની આ ચીજ નથી. બહારની ચેષ્ટાઓથી, મન-વચન-કાયાની ચેષ્ટાઓથી ભક્તિનું માપ ન નીકળે. એમ છે.

'સોગાનીજી'ના પત્રો જુઓ તો એક એક પત્રમાં ઘણી ભક્તિ કરી છે. એવી ભક્તિના ભાવો આવ્યા છે કે, તત્ત્વજ્ઞાનનો કોઈ વિષય નિરૂપિત કર્યો છે, મુખ્યપણે તો દૃષ્ટિનો વિષય જ નિરૂપણ કરે છે. એનો આશ્રય કરવાની વાત કરે છે તોપણ કાં તો અહીંથી શરૂ કરે કે 'ગુરુદેવશ્રી'એ જે ઉપદેશ આપ્યો છે એનો સાર આ પ્રમાણે છે એમ કરીને (વાત કરે) કાં પૂરું કરે ત્યારે એમ કહે કે, આ ઉપર મેં કહ્યું તે શ્રી 'ગુરુદેવે' કહ્યું છે એમ કરીને (પૂરું કરે). ભક્તિ... ભક્તિ... ભક્તિ... તે છલાંગ મારે ભક્તિ એમની ! કે, અનંત તીર્થંકરોથી પણ મારા માટે અધિક છે. મારા માટે (હો) એમ કહે છે ! એવો સિદ્ધાંત નથી સ્થાપતા. નહિતર તો લોકો વાંધો જ પાડે કે, છદ્મસ્થને તમે તીર્થંકરથી વધારે ગણો છે ! એમ કહે. કેમકે પછી તો મુનિદશા છે. અહીંયાં નીચેના ગુણસ્થાનથી તો ઉપર નગ્ન દિગંબર મુનિદશા છે અને એની

ઉપર તીર્થંકરની દશા છે. છતાં ભક્તિ એવી આવી છે, પોતાનું હિત થયું છે, અનંત જન્મ-મરણ કપાઈ ગયા છે એવી એક સ્થિતિ ઊભી થઈ ! અને એ સ્થિતિ એવી જોરથી ઊભી થઈ કે હવે એકાદ ભવમાં નિર્વાણપદ લઈ લેશે. એક ભવ દેવનો પૂરો કરીને બીજા ભવમાં તો નિર્વાણમાં જાશે. આની કાંઈ ગણતરી થાય ? આ લાભની કાંઈ ગણતરી થાય એવું છે કે કેટલો લાભ થયો ? એનો કાંઈ હિસાબ નીકળે એવું છે ? એટલે એમ કહ્યું કે, અનંત તીર્થંકરની બરાબર છે એમ હું નથી કહેતો, અનંત તીર્થંકરથી અધિક છે !! આવી ભક્તિ આવી છે. એટલે એના શુભ ભાવો પણ જુદી જાતના હોય છે. એના શુભ ભાવો અને સામાન્ય જીવના શુભ ભાવો એક સરખાં હોતા નથી.

રુચિ તો બહુ મોટું કામ કરે છે. રુચિ છે – ખરેખર યથાર્થ રુચિ છે એનો અર્થ જ કે એને – એ જીવને દર્શનમોહમાં ઘા પડ્યો છે. એનો દર્શનમોહ માંદો પડ્યો, એનો દર્શનમોહ એવો માંદો પડ્યો, માંદો પડીને અશક્ત થઈ ગયો કે હવે મરી જાશે. આ પરિસ્થિતિ પહેલેથી જ યથાર્થ રુચિમાં ઊભી થાય છે. જ્ઞાનીની યથાર્થ રુચિની તો કોઈ વાત જ જુદી છે. એની તો અનન્ય રુચિ છે, એકદમ અનન્ય રુચિ છે ! ત્રણ કાળ અને ત્રણ લોકમાં બીજો કોઈ પદાર્થ પોતાના આત્મસ્વભાવથી અધિકાઈ પામે નહિ, અધિકાઈ ક્યાંય આવે નહિ. એવી સ્વરૂપની રુચિને લઈને મુખ્યતા આવી જાય છે.

ઉદયભાવમાં શુભ ભાવ તો ઉદયભાવ છે પણ યથાર્થ રુચિ હોય તો ઘણો ફેર પડે છે. ઉદયભાવ તો ત્યાં સુધી છે કે જ્યાં સુધી છદ્મસ્થ છે ત્યાં સુધી ઉદયભાવ છે. પછી રાગ નથી પણ તીર્થંકર અરિહંત દશામાં મનુષ્યપણું આદિ બીજાં ઉદયભાવો રહી જાય છે, પણ એથી કાંઈ આત્માના અનુજીવી ગુણમાં કોઈ ફેરફાર થતો નથી.

એ ૪૨ (નંબરનો બોલ પૂરો) થયો.

**જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું ?' તો કહે 'મારી બા', 'તારું ગામ કયું ?' તો કહે 'મારી બા', 'તારાં માતા-પિતા કોણ ?' તો કહે 'મારી બા', તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ' – એવું રટણ રહ્યા જ કરે, તેની જ નિરંતર રુચિ ને ભાવના રહે. ૪૩.**

૪૩મો બોલ પણ રુચિનો છે. **'જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય...'** દૃષ્ટાંત લીધો છે. રુચિ સંબંધિત પ્રકરણ ચાલતું હશે એટલે રુચિના બોલ આવ્યા છે. ૪૨, ૪૩, ૪૪ – ત્રણે બોલ રુચિના પડખાંને પ્રસિદ્ધ કરે છે, રુચિનું સ્વરૂપ પ્રસિદ્ધ કરે છે. **'જેમ કોઈ બાળક માતાથી વિખૂટો પડી ગયો હોય તેને પૂછીએ કે 'તારું નામ શું ?' તો કહે 'મારી બા',...'** એને જોઈએ છે એ વાત કરે છે. **'તારું ગામ કયું ?' તો કહે 'મારી બા', 'તારાં માતા-પિતા કોણ ?' તો કહે 'મારી બા',...'** એને જે જોઈએ છે એ સિવાય એના લક્ષ ઉપર બીજી વાત હોતી નથી. એક વાસ્તવિકતા લીધી છે કે, માથી વિખૂટું પડી ગયેલું બાળક, બા.. બા.. સિવાય એને કાંઈ રટણમાં નથી અને એ સિવાય એને ક્યાંય ચેન નથી. કાંઈ આપો તો લ્યે નહિ, પેંડો આપો તો નાખી દ્યે, પીપરમેંટ આપો તો નાખી દ્યે, મારે કાંઈ જોઈતું નથી, મારી બા જોઈએ, બીજું કોઈ જોઈએ નહિ. એ દૃષ્ટાંત લીધો છે.

**'તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે 'જ્ઞાયકસ્વભાવ... જ્ઞાયકસ્વભાવ' – એવું રટણ રહ્યા જ કરે,...'** એવું લક્ષપૂર્વક રટણ રહે છે, એમ લેવું છે. **'તેની જ નિરંતર રુચિ ને...'** તેની જ **'ભાવના રહે.'** શું કહે છે ? જેમ બાળકને પણ એની બાનું લક્ષ છૂટતું નથી તેમ અહીંયાં પૂર્વકર્મથી અનેક પ્રકારનો ઉદય ક્રમસર ચાલ્યો જ આવે છે, જે તે કર્મનો ઉદય છે એનો ક્રમ નક્કી થયેલો છે, ચાલ્યો જ આવે છે, સર્વ

સંસારી જીવોને ઉદય અનુક્રમે આવ્યા જ કરે છે, પણ જેને પોતાના સ્વભાવની – જ્ઞાયકસ્વભાવની રુચિ છે એને દરેક પ્રસંગે જ્ઞાયકસ્વભાવનું લક્ષ રહે છે. જુઓ ! આ એક વિશિષ્ટતા છે !

(સાધારણ રુચિવાળો બીજા ઉદય પ્રસંગો આવે) ત્યારે આત્માને લક્ષમાં લ્યે, પછી બીજો ઉદય આવે ત્યારે આત્માને ભૂલી જાય. એમ નહિ, રુચિવાળાને એવું બનતું નથી. આત્માની રુચિ છે કે નહિ ? એ તપાસવા માટેનું આ લક્ષણ છે. કોઈ એમ કહે કે, અમને આત્માની રુચિ તો છે જ. પણ રુચિ છે એનું લક્ષણ શું ? કે, દરેક પ્રસંગે એને જ્ઞાયકસ્વભાવનું લક્ષ રહે છે ? રટણ રહે છે ? તો એને જ્ઞાયકની રુચિ છે, નહિતર એને જ્ઞાયકની રુચિ છે એ વાત કેવી રીતે નક્કી કરવી ? આમ વાત છે.

આત્મા સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે ! પરમ ઉત્કૃષ્ટ તત્ત્વ છે ! તો એની રુચિમાં એની જ મુખ્યતા અને એનું લક્ષ છે એ છૂટવાનો પ્રસંગ ઊભો થતો નથી અને જો એ છૂટી જાય છે તો એને રુચિ છે એ વાત લાગુ પડતી નથી. આમ છે. એ આમાં આવ્યું છે, 'પરમાગમસાર'માં એક બોલ છે. ૩૫૯ '**હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે.**' કોને ? જેને યથાર્થ રુચિ છે, હવે અહીંયાં અનુસંધાન લેવાનું છે, જેને જ્ઞાયકની ખરી રુચિ છે એ સાંભળે તો જ્ઞાયકના લક્ષે સાંભળે છે. વ્યાખ્યાન શ્રીગુરુ કરતા હોય તો એ જ્ઞાયકના લક્ષે સાંભળે છે. આમાં કઈ નવી વાત કરી ? કયો નવો ન્યાય આપ્યો ? કયો નવો દૃષ્ટાંત આપ્યો ? એ લક્ષ નથી. જ્ઞાયકના લક્ષે સાંભળે છે. '**તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે.**' સાંભળે ત્યારે નિજ જ્ઞાયકસ્વભાવનું લક્ષ રહે છે.

'**તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે...**' ચિંતવન કાળે તો જ્ઞાયકનું લક્ષ (છે) અને લક્ષ ઉપરાંત પાછું એનું જોર આવે છે ચિંતવનમાં કાળમાં. આમ રુચિ શું કામ કરે છે ? રુચિ જોર કરે છે. આ તો સાંભળતા સાંભળતા જ્ઞાયકનું લક્ષ તો એક બાજુ રહ્યું, સાંભળતા સાંભળતા શું કહ્યું એનું પણ લક્ષ ન રહે અને ક્યાંક ઉપયોગ ચાલ્યો જાય. તો એને એમ કહે છે કે, તારી રુચિ છે એ બીજે કામ કરે છે માટે ત્યાં જાય છે. રુચિનો વિષય તને (એ થઈ જાય છે).

'શ્રીમદ્દ્જી' રુચિના વિષયમાં તો એક જગ્યાએ એવું કહે છે કે, જ્યારે જીવને મૃત્યુનો સમીપકાળ હોય છે, જેને અંતકાળ કહે છે, આયુષ્ય પૂરું થવાનો કાળ હોય ત્યારે જીવને કેવા ભાવ હોય એ સંબંધીનો એક સિદ્ધાંત એમણે રુચિની મુખ્યતાથી એક પત્રમાં નિરૂપિત કર્યો છે. મૃત્યુ સમીપે – મૃત્યુ કાળે જીવને જેની રુચિ હોય તે વિષયના પરિણામો એને આપોઆપ ઊભા થઈ આવે છે. જેની રુચિ હોય એના પરિણામ એને આવે. એને એમ કહે છે કે, જો તેં આત્માની રુચિ કરી હશે તો તને આત્માના પરિણામ થશે. આત્માને છોડીને બીજી કાંઈ

પણ રુચિ કરી હશે તો એ પરિણામ આવીને ઊભા રહેશે. પત્રમાં આ સિદ્ધાંત એક જગ્યાએ નાખ્યો છે. રુચિનું મહત્ત્વ કેટલું છે !

જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવનમાં પણ જ્ઞાયકનું જોર રહે છે એવી જેની રુચિ હોય અને એવું જેને લક્ષ હોય **'તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે.'** ભલે સમ્યગ્દર્શન ન થયું હોય પણ એને સમ્યક્ સન્મુખતા રહે છે. જે જીવને આવી રુચિ હોય, જે જીવને આવું લક્ષ હોય અથવા જે જીવને સમ્યક્ સન્મુખતા રહે તેને અવશ્ય સંસ્કાર પડે, પડે ને પડે. એ જીવને આત્માના સંસ્કાર પડી જાય છે. આત્માના સંસ્કાર પડી જાય છે એમ કહો કે સમ્યગ્દર્શનનું બીજ વવાઈ જાય છે એમ કહો કે નિર્વાણનું બીજ વવાઈ જાય છે, મોક્ષનું બીજ વવાઈ જાય છે એમ કહો, બધું એકાર્થ છે.

તેને **'મંથનમાં પણ...'** જુઓ ! જેને આત્માની રુચિ છે એને આત્માનું ચિંતવન ચાલે, આત્માનું મંથન ચાલે. પુદ્‌ગલની રુચિ છે એને પુદ્‌ગલનું ચિંતવન ચાલે, બાહ્ય વિષયની રુચિ છે એને બાહ્ય વિષયનું ચિંતવન ચાલે અને એનું મંથન ચાલે. એને **'મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય...'** અહીં તો હજી રુચિવાળાની વાત લ્યે છે. **'તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ...'** સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા માટે **'તેટલું કારણ ન આપી...'** શકતો હોય. એટલે સમ્યગ્દર્શનને યોગ્ય જે પુરુષાર્થ છે એ પુરુષાર્થના કારણે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એટલા પુરુષાર્થનું કારણ હજી અહીંયાં ઉત્પન્ન ન થયું હોય અને પુરુષાર્થના ફળમાં સમ્યગ્દર્શન ન થયું હોય **'તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે.'** આમ લીધું છે.

**'એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું...'** હું પૂર્ણાનંદનો નાથ છું. આ સ્વરૂપની લગની એને બરાબર લાગી જાય છે. એ પરિણામને લીધે **'એવા દૃઢ સંસ્કાર અંદરમાં** (આત્મામાં) **પડે કે જે સંસ્કાર ફરે નહિ.'** એની છાપ પડી ગઈ.

પ્રશ્ન :- મિથ્યાદર્શનના પડ તૂટતા હોય ને ?

સમાધાન :- હા, તૂટી જાય, શું કરવા ન તૂટે ? રુચિથી બરાબર તૂટી જાય. મિથ્યાત્વ ગળવા જ માંડે. આત્માની રુચિ અને જ્ઞાયકના લક્ષમાં મિથ્યાત્વના – દર્શનમોહના બધા ભાવો – પડ તૂટવા માંડે, ગળવા માંડે અને એના સંસારની કેડ ઉપર બરાબર ઘા પડે. 'શ્રીમદ્‌જી'એ લીધું છે કે જેને સમ્યક્ સન્મુખતા થાય અને સંસ્કાર પડે (અને) ઉદયમાં એની પ્રકૃતિનો ઉછાળો આવે તોપણ એના પગ પાછા પડે. એટલે પ્રકૃતિ જોર ખાય પણ અંદરમાં એને રસ તૂટી જાય. એ જોર ઉપર ઉપરનું આવે, અંદરથી એને જોર આવી શકે નહિ.

**'જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે...'** જુઓ ! પોતે એ વિષય લીધો છે.

ત્યાં 'શ્રીમદ્જી'એ ઈ વિષય લીધો છે કે, સમ્યગ્દર્શન થઈને કોઈ પડી જાય તોપણ સંસ્કારના બળે પાછો પામે છે. કેમકે એને સંસ્કાર મળી ગયા છે તો સંસ્કારના બળે ફરીને (એ પામે છે). ફરીને એ શા માટે પ્રાપ્ત કરે છે ? કે, એનું કારણ એને સંસ્કાર પડી ગયા છે તે છે એમ લીધું છે. એમ અહીંયાં તો એમ કહે છે કે, **'જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.'** બહુભાગ તો એવું બને છે કે સમ્યક્ સન્મુખતાવાળા જીવને સમ્યગ્દર્શન થાય એ પહેલાં આયુષ્ય પૂરું થતું નથી. સન્મુખ થયેલો જીવ લગભગ તો તે જ ભવમાં પ્રાપ્ત કરી લે છે. બહુભાગ (આમ બને છે) કોઈ કેસમાં બનતું હોય તો એ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે કે એને સન્મુખતા થઈ ગઈ અને આયુષ્ય પૂરું થાય અને બીજા ભવમાં લેવું પડે. સન્મુખતા થઈ એ તો લગભગ પકડી લે છે. એમાં એને આયુષ્ય પૂરું થવાનો લગભગ પ્રસંગ હોતો નથી. એવી આ બધી આત્મપ્રાપ્તિની બહુ Solid વાતો આમાં આવેલી છે ! આત્મપ્રાપ્તિ થાય જ થાય, એનો સંસાર જાય જ જાય. એને પછી અનંતકાળ હોય એ પ્રશ્ન રહેતો નથી.

શું કહે છે અહીંયાં ? **'તેમ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે...'** ખરી રુચિ જાગી છે અને આ જ્ઞાયકસ્વભાવનો અનુભવ કરવો છે. પ્રાપ્ત કરવો (છે) એનો અર્થ અનુભવ કરવો છે. **'તેને દરેક પ્રસંગે...'** ત્યાં તો (ફક્ત) દૃષ્ટાંત લીધો છે સાંભળવું, ચિંતવન કરવું, મંથન કરવું એટલી ત્રણ વાત લીધી છે. પણ વાંચન હોય, ચિંતવન હોય, શ્રવણ હોય કે મંથન હોય એ ઉપરાંત જગતના બીજાં કાર્યો કરવામાં પણ એને જ્ઞાયકનું લક્ષ રહે. જગતના એટલે ઉદય અનુસાર બીજાં કાર્યો કરવામાં પણ એને જ્ઞાયકનું લક્ષ છૂટે નહિ. એમ વાત છે. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં, સૂતાં એને જે રુચિનો વિષય છે એવો જ્ઞાયક એનું લક્ષ ક્યારેય છૂટે નહિ. એને એક જાતની પરિણતિ કહી છે. એ પરિણતિમાં રુચિ અને લક્ષ બન્ને છે.

પૂજ્ય બહેનશ્રી સાથે પ્રત્યક્ષ ચર્ચા થાય છે ત્યારે અનેકવાર એ વાત નીકળે છે કે, મુમુક્ષુને – આત્માર્થીને પરિણતિ થઈ જવી જોઈએ તો આત્મા પ્રાપ્ત થાય. એ પરિણતિ થવી જોઈએ એમ કહે છે એનો અર્થ આ છે કે, પરિણતિ છે એ ચાલુ રહે છે અને જીવનો એક રસ એટલી હદે ઉત્પન્ન થઈને પરિણામમાં વણાઈ ગયો તો એ પરિણતિની દોરી ઊભી થઈ ગઈ. એ પરિણતિના દોરે દોરે પછી આગળ વધે છે. એટલો રસ છે એ પરિણામની અંદર વણાઈ જાય છે કે જેને લઈને એથી વિરુદ્ધ રસ પછી પરિણામમાં સ્થાન પામતો નથી. જેમ વિરુદ્ધ રસવાળાને એવી પરિણતિ થઈ જાય છે કે આ વાત એને સ્થાન પામતી નથી. એ તો જોઈએ છીએ ને ! આ બહારમાં એકદમ દુનિયામાં આગળ વધવા માટે નીકળી પડે છે ને ? આમ

કરીએ ને તેમ કરીએ, મોટા મોટા કાર્યો કરીએ ને આ કાર્યો કરીએ ને તેમ કાર્યો કરીએ. એના રસ ચડી ગયા હોય એને એમ કહો કે આત્મા નિરાલંબ, નિરપેક્ષ છે, એકલો જ્ઞાતા-દૃષ્ટા (છે), (કાંઈ) લેવા કે દેવા, આત્મા એને ક્યાંય અડતો નથી. એને એ વાત ક્યાંય પલ્લે પડે નહિ. કેમ એને (પલ્લે પડે નહિ ?) એનામાં બુદ્ધિ તો ઘણી છે. દુનિયાના મોટા મોટા કામ હાથમાં લે છે. પણ એની પરિણતિ આખી બીજી થઈ ગઈ છે. એ બાહ્ય કાર્યોના રસમાં એને આત્મરસ ક્યાંય સ્થાન પામતો નથી. એમ જેને આત્મરસની પરિણતિ થઈ ગઈ છે એને પછી રાગનો રસ અને જગતના કાર્યોનો રસ – એ સ્થાન પામતો નથી. રસમાં એવું છે કે, એકના રસમાં બીજાનો અભાવ છે.

એ ગાયું છે કે, 'ગુણ અનંતકે રસ સબૈ, અનુભવ રસ કે માંહિ' ઈ પદ 'સોગાનીજી'એ જ્યાં પત્રમાં લીધું છે ત્યાં એક વાક્ય લખ્યું છે કે, વિકલ્પરસમાં ચૈતન્યરસનો અભાવ છે અને ચૈતન્યરસમાં વિકલ્પરસનો અભાવ છે. એક રસમાં બીજા રસનો અભાવ હંમેશાં રહે છે. બન્ને વિરુદ્ધ રસ ક્યારેય ભેગા ભળતા નથી. એવી પરિસ્થિતિ સહજ છે.

એટલે (અહીંયાં) એ વાતી લીધી છે કે, **'એવું રટણ રહ્યા જ કરે,...'** એને યાદ કરી કરીને રટણ કરવું પડે એમ નહિ. રહ્યા કરે એ એમ બતાવે છે કે સહજતા છે, એ વિષયની સહજતા (બતાવે છે). **'તેની જ નિરંતર રુચિ...'** અને તેની જ **'ભાવના રહે.'** એની જ રુચિ રહે, તેની ભાવના રહે, તેનું રટણ રહે, તેનું લક્ષ રહે. આ બધા પરિણામ મળીને એક પરિણતિ થઈ જાય છે. બળ પરિણતિનું છે પછી ઉપયોગનું (બળ) નથી. પરિણામની અંદર પરિણતિનું બળ છે અને ઉપયોગનું બળ નથી. વિચારવા જેવો વિષય છે.

કોઈ એમ કહે છે, અમે સ્વાધ્યાય તો ઘણાં વખતથી કરીએ છીએ. આને આ શાસ્ત્રો વાંચીએ છીએ અથવા 'સમયસાર' જેવા મહાન પરમાગમોનો સ્વાધ્યાય કરીએ છીએ, ઘરમાં પણ બેસીને એનું અધ્યયન કરીએ છીએ પણ હજી કાંઈ કામ થતું નથી. એમ કહે છે કે નહિ ? તો એનું કારણ શું ? કે, તારી જે વિરુદ્ધ રસની પરિણતિ છે એ બળવાન છે. શું છે ? 'સમયસાર'થી વિરુદ્ધ રસની જે પરિણતિ છે એ બળવાન પરિણતિ છે અને એ બળવાન પરિણતિને લીધે તારો ઉપયોગ તું 'સમયસાર'માં લગાવે છે તોપણ તારો ઉપયોગ બેકાર જાય છે, સફળ થતો નથી. ઉપયોગ સફળ નહિ થવાનું કારણ શું ? કે, અંદર પરિણતિનું જોર ઘણું છે. આ જ્ઞાની લડાઈ કરે પણ એને વાંધો નથી આવતો એનું શું કારણ ? એના પ્રત્યે કાંઈ પક્ષપાત છે ? એની પરિણતિ એટલી જોર કરે છે કે એનો લડાઈનો ઉપયોગ બેકાર જાય છે. એની પરિણતિમાં એટલું જોર છે ! ઉપયોગ તો એને અશુભ ઉપયોગ છે. સંસારના અનેક પ્રકારના કાર્યો, લડાઈ વગેરેના પ્રસંગો તો અશુભ પ્રસંગ છે. પણ ત્યારે પરિણતિ એની (ચાલુ) છે.

એની પરિણતિનું બળ બહુ મોટું છે. પરિણતિનું એટલું બધું બળ છે કે ઉપયોગ કાર્યગત થતો નથી, નિષ્ફળ જાય છે. જેમ અત્યારે આત્માનો વિચાર કરે અને નિષ્ફળ જાય. કેમકે પરિણતિ બીજી ઊભી છે તો એને ઉપયોગ સફળ થતો નથી. હું આત્મા છું, હું જ્ઞાનાનંદસ્વભાવી છું આવી રીતે વિચાર અને વિકલ્પ આવે છે, ભાવ આવે છે, લ્યો ! વિચાર, વિકલ્પ એક બાજુ રહ્યો, ભાવ આવે છે કે નહિ ? આ ભાવની સફળતા શું ? કે પરિણતિ વિરુદ્ધ પડી છે તો કાંઈ નહિ. અને જો પરિણતિ સહિત ભાવ આવે તો એ પરિણતિ તગડી થાય, જાડી થાય, પરિણતિ વધારે મજબૂત થાય.

પ્રશ્ન :- પરિણતિ ચાલુ થઈ હોય તો ઉપયોગથી પકડી શકે ?

સમાધાન :- હા, પરિણતિ બરાબર પોતાને ખ્યાલમાં આવે છે. પરિણતિ થઈ હોય એને પરિણતિનો ખ્યાલ આવી શકે છે. કેમકે વિરુદ્ધ રસના અનેક પ્રસંગો પણ આવે છે કે નહિ ? એમાં રસ આવતો નથી, રસ ઊપડતો નથી. જે પ્રસંગોમાં, એક જ જીવને તેના તે પ્રસંગો ભૂતકાળમાં વગર પરિણતિએ, વગર આત્માની રુચિએ, વગર આત્માના લક્ષે જે રસ આવતો હતો એ પરિણતિ થયા પછી ન આવે - ફરી જાય છે. તેનો તે જીવ અને તેના તે પ્રસંગ છે. ફેર પડી જાય છે, અંદરનો રસ ફરી જાય છે. કેમ ખબર ન પડે ? બરાબર ખબર પડે. આવી મોટી વાત હોય ને ખબર કેમ ન પડે ? બરાબર ખબર પડે.

પ્રશ્ન :- બહેનશ્રી પણ કહે છે ને કે પરિણતિ થઈ જવી જોઈએ ઈ આ ?

સમાધાન :- હા, પરિણતિ થઈ જવી જોઈએ અને એ ભાવનાથી પરિણતિ થાય છે. એટલે ભાવનાનો વિષય બહુ સ્થાપે છે એનું કારણ આ છે. જેની જેટલી ભાવના (તેટલી પરિણતિ). આ વેદના સહિતની ભાવના હોય તો પરિણતિ થઈ જાય છે. એ વાત ઉપર લીધી ને ? એ પરિણતિ થવાનું કારણ છે.

ભાવના, પરિણતિ અને ઉપયોગ - પરિણામના ત્રણ મુદ્દા લઈએ તો વારંવાર ભાવનાને ઉપયોગાત્મક કરવામાં આવે, વારંવાર ભાવનાને ઉપયોગાત્મક કરવામાં આવે તો એનાથી પરિણતિ બંધાય છે. એમ છે.

મુમુક્ષુ :- ભાવનાને ઉપયોગાત્મક કરવામાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવનાને ઉપયોગાત્મક કરવામાં આવે એટલે ઉપયોગનો વ્યાપાર ત્યાં સુધી નિષ્ફળ છે, જ્યાં સુધી ઉગ્ર ભાવના ઉપયોગાત્મક થઈને પરિણતિમાં ન પરિણમે ત્યાં સુધી. નહિતર તો માણસ એમ કહે કે, તો તો હવે કરવું શું ? અનાદિની વિપરીત પરિણતિ થઈ ગયેલી છે. હવે શું કરીએ ? અત્યારે આ ખ્યાલ આવ્યો તો હવે શું કરીએ ઈ તો થઈ જ ગયેલી છે. તો હવે શું કરવું અમારે ? પરિણતિનું જોર છે (ત્યાં) તમે કહો છો કે ઉપયોગનું

જોર કામ નથી કરતું. કરવું શું ? તું ભાવનાની ઉગ્રતા લાવ, ભાવનામાં ઉગ્રતા લાવ, ખરી ભાવના લાવ તારી પરિણતિ ઉત્પન્ન થઈ જશે, તારી પરિણતિ બદલાઈ જશે. અને મોક્ષમાર્ગની અંદર તો એ પરિણતિનું જોર એટલું બધું છે, પછી તો મોક્ષમાર્ગમાં જ્ઞાનધારારૂપે પરિણતિ ચાલે છે કે, શુદ્ધોપયોગ વારંવાર થવાનું પરિમાણ એના ઉપર આધારિત છે. જે પ્રમાણ છે કે એક સમ્યક્દૃષ્ટિને રોજ શુદ્ધોપયોગ થાય કે બીજે-ત્રીજે દિવસે શુદ્ધોપયોગ થાય અને એકને મહિના સુધી ન થાય, બે-ચાર-છ મહિના સુધી ન થાય (તો) એની પરિણતિ નબળી-સબળી છે. જેની પરિણતિ મજબૂત એનો ઉપયોગ વારંવાર ખેંચાઈને નિર્વિકલ્પ થઈ જાય છે. નિર્વિકલ્પ પરિણતિ છે. પરિણતિ તો નિર્વિકલ્પ જ હોય છે. અવળી હોય કે સવળી પરિણતિ તો નિર્વિકલ્પ જ હોય છે. પણ ઉપયોગ નિર્વિકલ્પ થાય છે એનું કારણ પરિણતિ છે. જેટલી પરિણતિ મજબૂત એટલો ઉપયોગ વધારે નજીક આવે છે.

પૂજ્ય બહેનશ્રી સાથે એક વાર એ પણ ચર્ચા ચાલી હતી. આ ઉપયોગ અને પરિણતિનો પ્રશ્ન જ કોઈએ છેડ્યો હતો. ઉપયોગ વારંવાર આત્મામાં આવે, કોઈને વહેલોમોડો આવે, કોઈને તરત આવે એનું શું કારણ ? એનું કારણ પરિણતિ છે. ઉપયોગ છે એને પતંગનો દૃષ્ટાંત આપ્યો હતો અને પરિણતિને દોરનો દૃષ્ટાંત આપ્યો હતો. જેમકે દોર હાથમાં છે એને પતંગને આ બાજુ ગુલાંટ ખવડાવવી હોય તો આમ કરે તો આ બાજુ (ઝૂકે). જે પતંગ ચડાવતા હોય છે એની આવડત હોય છે. બીજા પતંગને કાપવા માટે કરે છે ને ? તો એને ગુલાંટ ખવડાવવી પડે. તો કઈ બાજુ એણે ગુલાંટ ખવડાવવી ઈ દોરી જેના હાથમાં છે એના ઉપર ગુલાંટ ખવડાવે છે. એમ આ ઉપયોગને અંદર ગુલાંટ ખવડાવવા માટે પરિણતિ જેના હાથમાં જોરદાર છે એનો ઉપયોગ અંદર ગુલાંટ ખાય છે. પરિણતિ નબળી હોય તો જ્ઞાનીનો ઉપયોગ બહારને બહાર વધુ કાળ પર્યંત રહે. જો પરિણતિ ઉગ્ર હોય તો એનો ઉપયોગ વારંવાર અંદર આવે. એની સાધના ઉગ્ર છે. એ ઉગ્ર સાધનાને લઈને એનું કાર્ય પણ વહેલું સફળ થાય છે. એટલી શાંતિ પણ વધે છે, એટલી નિરાકુળતા વધે છે. એટલો ફાયદો આપોઆપ થાય છે. એ તો જ્ઞાનદશાની વાત લીધી.

અહીંયાં તો આત્માર્થીની વાત લેવી છે, મોક્ષાર્થી જીવની વાત લેવી છે કે, મોક્ષાર્થી જીવને જો આ જ્ઞાયકસ્વભાવની ખરી રુચિ હોય, ખરી રુચિથી જો એને જ્ઞાયકસ્વભાવનો અનુભવ કરવો હોય તો એને દરેક પ્રસંગે પોતાના નિજ સ્વભાવનું જ રટણ રહ્યાં કરે. એ લક્ષપૂર્વકનું રટણ છે, માત્ર એ રટણનો વિકલ્પ છે એમ નથી. રટણ છે એમાં વિકલ્પ છે પણ અહીંયાં આત્માનું અંદર જ્ઞાનમાં જે લક્ષ છે, રુચિનો વિષય જે આત્મા છે, લક્ષનો વિષય જે આત્મા છે એ બહુ મોટી વાત છે, એને કારણે રટણ છે. નહિતર તો કોઈક જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયકનું રટણ... રટણ...

રટણ... કર્યા જ કરે તો ટેવ પડી જાય અને ટેવ પડી જાય એમાં લક્ષમાં કાંઈ જ્ઞાયક ન હોય અને જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એમ વિકલ્પમાં, પરિણામમાં રટણ ચાલ્યા કરતું હોય તો એ કાંઈ પરિણતિ નથી અને એ રટણ ખરું રટણ નથી. એ કૃત્રિમતાથી આદત થઈ જાય, પરિણામ ટેવાઈ જાય અને એમને એમ જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... (કર્યા કરે). પછી એને એમ જ થાય કે, હું તો હાલું છું, ચાલું છું, ખાતાં-પીતાં મને તો જ્ઞાયક... જ્ઞાયકનું જ રટણ રહે છે. એમ નહિ. એની રુચિ અને એના લક્ષનો વિષય જ્ઞાયકસ્વભાવ – પ્રત્યક્ષ જ્ઞાયકસ્વભાવ એના લક્ષમાં હોવો જોઈએ. એની પ્રત્યક્ષતા લક્ષમાં હોય છે. એ રીતે જે રટણ રહ્યાં જ કરે, તેની જ નિરંતર એને રુચિ રહ્યાં કરે અને તેની જ ભાવના પણ એને રહ્યાં કરે. ભાવના એને આવ્યા વિના રહેતી નથી. માત્ર પરિણતિ રહે છે એમ નહિ, ઉપયોગમાં પણ ઉપયોગાત્મક એની ભાવના થયા કરે છે. એમાં પણ જ્યારે એને સાંભળવાનો – શ્રવણનો અથવા પરમાગમમાંથી વાંચવાના વાચક શબ્દો સામે નિમિત્તપણે આવે છે ત્યારે એની ભાવના વધારે ઉગ્ર બને છે અને ત્યારે એની રુચિને વધુને વધુ પુષ્ટિ મળે છે. એ એક નિમિત્ત પડે છે. અહીંયાં (પરિણતિનો) વધવાનો કાળ છે (અને) સામે એ નિમિત્ત પડે છે. એટલે એ ભાવનામાં વારંવાર ઉપયોગાત્મક ભાવના થઈને એની જે પરિણતિ અને રુચિ છે એ વધારેને વધારે તીવ્ર અને મજબૂત થતી જાય છે. એનો રસ એટલો વધે છે કે એ રસ કોઈ એવા તબક્કે પહોંચે છે કે જે તબક્કે એક વખત એને અનંતાનુબંધીના ચારિત્રનો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યફ્જ્ઞાન, ત્યારે એને સમયસાર એમ કહેવામાં આવે છે. ('સમયસાર'ની) ૧૪૩ ગાથામાં તો અતિક્રાંત કહીને એને પરમાત્મા કહી દીધો છે. જ્ઞાનીને પરમાત્મા થયો એમ કહે છે. કેમ થયો પરમાત્મા ? હજી તો છદ્મસ્થ છે. તો કહે (છે કે), પોતાનું જે પરમાત્મસ્વરૂપ છે તેનો અપરોક્ષ પ્રત્યક્ષ હું પરમાત્મા છું એવો અનુભવ થયો. તો એ અનુભવમાં પરમાત્મા થયો કે ન થયો ? હતો તો દ્રવ્યે અનાદિથી પણ ભાવે થયો કે ન થયો ? પોતાના પરમાત્મસ્વરૂપનો પરમાત્મસ્વરૂપપણે જ અનુભવ થયો તેથી એ પરમાત્મા થયો એમ કહેવામાં આવે છે. એ રીતે ભાવના કામ કરે છે.

રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. તેને ચોવીશે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે. જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે, તેમ જેને આત્માનો પ્રેમ હોય તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય. 'બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય, આનંદ કરતો હોય, પણ મન તો 'બા'માં જ રહ્યું હોય છે : 'અરે ! મારી બા... મારી બા !' એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ. ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા... મારો આત્મા !' એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ. એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ. ૪૪.

તા. ૧૯-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૪, ૪૫
પ્રવચન નં. ૩૯

'બહેનશ્રીના વચનામૃત', પાનું–૧૫, ૪૪ નંબરનો (બોલ છે). આ બોલની અંદર રુચિવાન મુમુક્ષુજીવની કેવી દશા હોય છે એ પ્રસિદ્ધ કરે છે. **'રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.'** અહીંયાં એક ચિહ્ન વધારે બતાવે છે કે જીવને સ્વરૂપની – સ્વભાવની રુચિ છે અને જે સ્વભાવની રુચિ છે એના અનુભવની – એની પ્રાપ્તિની જરૂરિયાત પણ લાગી છે. જરૂરિયાત સમજી છે એટલું નહિ પણ જરૂરિયાત લાગી છે. એ શબ્દ

લીધો છે. આત્મા પ્રાપ્ત કરવા યોગ્ય છે – અનુભવ કરવા યોગ્ય છે, એમાં આત્માને શાંતિ અને આનંદ મળે છે. એની અશાંતિ ટળે છે, દુઃખ જાય છે અને સુખ થાય છે. એ બધા પડખાંથી સમજણ આવે પણ છતાં જરૂરિયાત લાગે નહિ તો એ પરલક્ષી સમજણ છે. એવી પરલક્ષી સમજણની એ નિશાની છે. પરલક્ષી સમજણમાં આવું સમજાયું છે એમ ખ્યાલ આવે છે છતાં એની જરૂરિયાત લાગતી નથી.

અહીંયાં જે સ્વભાવની રુચિ છે તેના જ પ્રત્યક્ષ અપરોક્ષ અનુભવની જરૂરિયાત પણ એવી જ ઉત્પન્ન થાય છે કે એના વિના ચાલે નહિ એવી જરૂરિયાત ઉત્પન્ન થાય છે. પછી સામાન્ય જરૂરિયાતમાં એવું હોય છે કે, ઠીક ! હોય તો સારું, ન હોય તો ચાલ્યું જશે. હોય તો વધારે સારું, ન હોય તો ચાલે છે – અહીંયાં એ પ્રકાર નથી. અહીંયાં જરૂરિયાત એટલે એના વિના ચાલે નહિ અથવા વસ્તુની પ્રાપ્તિ નામ અનુભવ વિના જે દુઃખ છે એવા દુઃખ ભાવોમાં રહી શકે એવી પરિસ્થિતિ નથી. દુઃખ ભાવોમાં રહેવાનું પોષાણ નથી એને રુચિ કહેવામાં આવે છે. રુચિનું લક્ષણ બતાવવા કોઈ જગ્યાએ એ વાત પણ આગળ આવશે. આ જ શાસ્ત્રમાં એ વિષય છે કે, એને પોષાતું નથી. માણસ કહે છે ને કે અમને આટલું નુકસાન થાય એ ન પોષાય. અમારા ગજા બહારની વાત છે કે, આટલું નુકસાન અમને પોષાતું નથી. એમ અહીંયાં પણ સ્વરૂપપ્રાપ્તિ અથવા અનુભવ વિના જે દુઃખ ભાવો છે એ દુઃખ ભાવોમાં રહેવું પોષાતું નથી અને એને શાંતિની, સુખની જરૂરિયાત છે એવી જરૂરિયાતમાં આત્મપ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. એ સ્થિતિએ જીવ આવે તો જરૂર એને અંતર્મુખનો આત્માનો પુરુષાર્થ ઊપડીને અનુભવ થાય છે. એ સિવાય એને અનુભવ થાય એવું પણ બનતું નથી.

આવો જ એક બોલ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં આવ્યો છે. બરાબર આ જ પ્રમાણે વાત આવી છે. એકબીજા ગ્રંથનું પ્રકાશન તો લગભગ બાર-તેર વર્ષ પછી થયું છે. એમાં પહેલી લીટી આ જ પ્રમાણે છે. **'રુચિમેં ખરેખર અપની જરૂરત લગે તબ અપની વસ્તુ કી પ્રાપ્તિ હુએ બિના નહીં રહતી.'** બરાબર એનો જ અનુવાદ હોય એવું છે. ૨૫૦ નંબરનો બોલ છે. ૨૫૦ (નંબરના) બોલમાં પહેલી લીટી એક સરખી છે. રુચિમાં ખરેખર પોતાને જરૂરત લાગે તો પોતાને વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ. એ નિયમબદ્ધ વાત છે અથવા સ્વરૂપ પ્રાપ્તિની પૂર્વ પર્યાયનો એ સિદ્ધાંત છે. એવું ન બને કે રાગની રુચિ હોય અને રાગની રુચિમાં રાગ વધારતાં વધારતાં વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય. એવું તો કદી બને નહિ. ડુંગળી ખાતાં ખાતાં કસ્તૂરીનો ઓડકાર આવે નહિ. 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા હતા ને ? તું શુભ રાગ કરે જા અને શુભ રાગની વૃદ્ધિ કર (અને) એમાંથી વીતરાગતાનો અનુભવ આવશે એવું તો કદી બનવાનું નથી.

**'તેને ચોવીશે કલાક એક જ ચિંતન, ઘોલન, ખટક ચાલુ રહે.'** અહીંયાં (**'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'**માં)

એટલી વાત તો આવી છે કે, **'ચૌબીસોં ઘંટોં ચિંતન મેં – બેચિંતન મેં...'** એટલે વિકલ્પપૂર્વક અથવા વગર વિચારે એ પરિણતિ થઈ જાય છે. બેચિંતનમાં એટલે સ્થૂળ વિકલ્પ નથી પણ એક પરિણતિ થઈ જાય છે. **'એક યહી (સ્વરૂપ કા ઘોલન) ચલતા રહે.'** પછી 'સોગાનીજી'એ અહીંયાં એક સિદ્ધાંત મૂક્યો છે. **'જિસ વિષય કી રુચિ હોતી હૈ, વહ વિષય સૈંકડોં બાહ્ય કાર્ય કરતે હુએ ભી ચલતા હી રહતા હૈ.'** આ સર્વસાધારણને અનુભવ છે કે, જેને જ્યાં સુખ લાગ્યું અને જે વિષયની રુચિ હોય એને બીજાં કાર્યો ચાલતા હોય તોપણ એને એ વિષયનું ઘૂંટણ, એ વિષયનું ઘોલન ચાલ્યા જ કરતું હોય છે. નહિતર માણસ પૂછે કે, ભાઈ ! આ જો નિરંતર ચોવીશે કલાક રુચિ અને ભાવના રહે તો પછી બીજાં કામ ક્યારે કરવા ? બીજાં અનેક જરૂરિયાતના કામ હોય છે એનું શું થાય ? તો કહે છે, બીજાં કામમાં ઉપયોગ જાય તો એ બહારમાં ઉપયોગ જાય અને અંદરમાં એનું આ જ ચિંતન ચાલ્યા કરે, આ જ ઘોલન ચાલ્યા કરે. એ કાંઈ શીખવવું પડતું નથી, સહજ જ છે.

**'બાહર કા ઉપયોગ તો ઊપરી ઊપરી તૌર સે ચલતા હૈ,...'** ઉપર ઉપર બહારનો ઉપયોગ ચાલે. રુચિના વિષયથી બીજી દિશામાં જાય, બીજા વિષય ઉપર જાય તો ઉપર ઉપરથી જાય. **'ઉસમેં જાગ્રતિ નહીં રહતી;...'** એમાં સાવધાની અને જાગૃતિ નથી હોતી. **'જિસ વિષય કી રુચિ હૈ ઉસીમેં જાગ્રતિ રહતી હૈ.'** સાવધાની અને જાગૃતિ ક્યાં છે ? કે જે વિષયની રુચિ છે ત્યાં સાવધાની અને જાગૃતિ છે. **'સૈંકડોં કાર્ય કરતે રહને પર ભી સભી કી ગૌણતા હી રહા કરતી હૈ; માત્ર રુચિ કા વિષય હી સદા મુખ્ય રહતા હૈ.'** આ મુખ્યતા-ગૌણતાને રુચિ સાથે સીધો સંબંધ છે. જેની રુચિ એની જ મુખ્યતા, જેની શ્રદ્ધા એની જ મુખ્યતા. બાકીની આપોઆપ ગૌણતા થાય એ સહજ જ છે.

એ નીચે ત્યાં સુધી લે છે કે, **'સુનના, શાસ્ત્ર પઢના આદિ સભી કી ગૌણતા હોની ચાહિયે;...'** સાંભળવું, વાંચવું એની પણ ગૌણતા થઈને અંદરમાં ચૈતન્યમૂર્તિ આત્મા છે એને રુચિમાં અને લક્ષમાં કોતરી નાખો, ટાંકી દ્યો – **'ચૈતન્યમૂર્તિ કો ટાંક દો...'** ત્યાં સુધી કે વર્તમાન કોઈ અવસ્થા ઉપર લક્ષ ન રાખો. અનુભવ થયો ? હજી નથી થયો, હજી પુરુષાર્થ કરું છું અને કેમ થતો નથી ? ઘણાં એવો પ્રશ્ન પૂછે છે કે, પ્રયત્ન તો કરીએ છીએ પણ હજી પ્રયત્નની દિશામાં ટકાતું નથી અને પ્રયત્નની દિશામાં આગળ વધાતું નથી. એનું લક્ષ પ્રયત્ન ઉપર અને વર્તમાન દશા ઉપર છે કે, હું પુરુષાર્થ કરું છું ને કેમ કામ થતું નથી ? પુરુષાર્થ કરું છું ને કેમ કામ થતું નથી ? પણ એ પુરુષાર્થ નથી. એક સમયની અવસ્થાની જે મુખ્યતા છે એમાં પુરુષાર્થ નથી. એમાં અપુરુષાર્થ છે અથવા પુરુષાર્થનો વિપર્યાસ છે કે જેને લઈને એને અવસ્થાનું લક્ષ રહે છે.

**'પરદ્રવ્ય કે સાથ મેં તો કુછ સંબંધ હી નહીં' ઐસા તો પક્ષ હોના ચાહિયે;...'** ઓછામાં ઓછું પરદ્રવ્ય સાથે તો કાંઈ સંબંધ નથી. કોઈ કર્મ નડે છે કે ફલાણું છે, પ્રતિકૂળતાઓ છે કે આ કારણ છે એટલે પુરુષાર્થ ઊપડતો નથી એ તો છોડી દેવું. એટલું છૂટ્યા પછી – ઈ ડખલ ન હોય ત્યારે. એ ડખલ હોય કે, આટલું એક કાર્ય થઈ જાય પછી મને પુરુષાર્થ કરવાની તક મળશે, પછી મને નવરાશ મળશે, પછી મને વિકલ્પ નહિ રહે, મને પછી ઉપાધિ નહિ રહે, આટલું એક કામ નથી થતું ત્યાં સુધી એનો વિકલ્પ રહે છે, એનો વિકલ્પ રહે છે – એને તો હજી પરદ્રવ્યથી છૂટવા સંબંધીનો પ્રકાર નથી ત્યાં એને પરિણામથી છૂટવાનો – પરિણામને ગૌણ કરવાનો તો પ્રસંગ જ રહેતો નથી. અહીં તો પરિણામને પણ ગૌણ કરવું છે – વર્તમાન પરિણામને પણ ગૌણ કરવું છે, પ્રસંગની તો બીજી વાત છે. એટલે (કહે છે કે) **'પરદ્રવ્ય કે સાથ મેં તો કુછ સંબંધ હી નહીં' ઐસા તો પક્ષ હોના ચાહિયે; બાદ મેં...'** (એટલે) પછી **'વસ્તુ ઔર પરિણામ ઇન દો કે વિચાર મેં હી સબ સમય લગા દેના હૈ.'** પરિણામ છે એ પણ લક્ષ કરવાની ચીજ નથી, આશ્રય કરવાની ચીજ નથી. એક ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ છે એ જ હું છું એની મુખ્યતામાં બધું ગૌણ થઈ જવું જોઈએ અને એની મુખ્યતામાં જ નિરંતર પ્રયાસ – પ્રયત્ન ચાલવો જોઈએ, તો અનુભવમાં અવાય. એટલી વાત અહીંયાં (લીધી છે). અનુભવપ્રાપ્તિ પહેલાંના બોલમાં આટલો ખુલાસો રુચિના વિષયમાં (કર્યો છે.)

મુમુક્ષુ : લક્ષ આત્મા ઉપર રાખવાનું છે એના બદલે કેટલું કામ થયું, કેટલું કામ થયું એ જ જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિતર માણસ એ જોવે છે કે, હું પુરુષાર્થ કરું છું, બેઠો બેઠો ચિંતવન કરું છું, રટણ કરું છું, કેમ હજી કાંઈ થતું નથી ? હજી કેમ આગળ વધાતું નથી ? એ ચિંતા તું છોડી દે. તું ક્ષણિક અવસ્થાની ચિંતા કરે છે એ ચિંતા આડે તારી જે સ્થાયી અવસ્થા છે – ત્રિકાળીની જે સ્થિતિ છે એને ભૂલી જાય છે. ત્રિકાળી આત્મસ્વરૂપ પરિપૂર્ણ છે એવી પણ એક અંદરની આત્મસ્વરૂપની સ્થિતિ છે કે નહિ ? જો તને એના ઉપર લક્ષ જાય કે હું ત્રિકાળ આવોને આવો જ છું એમાં વધવું-ઘટવું કાંઈ નથી, એમાં લાભ-નુકસાન કાંઈ નથી, એમાં ઓછું થવું, વધી જવું એવું કાંઈ નથી તો પછી તને ચિંતા શેની છે ? ક્ષણિક પર્યાયની ચિંતા એની મુખ્યતામાં ઊડી જાય છે અને ક્ષણિક પર્યાય આપોઆપ ઠીક થઈને પરિણમવા લાગે છે. કેમકે એમ જોનાર કોણ છે ? ક્ષણિક અવસ્થા. હું ત્રિકાળ પરિપૂર્ણ એકસરખો એકરૂપ ધ્રુવ છું એમ જોનાર તો અવસ્થા છે. એ અવસ્થા એને જોતાં તેવા ભાવે થવા લાગે છે એટલે એની ચિંતા કરવાનો પણ પ્રશ્ન રહેતો નથી. છતાં એ અવસ્થા જેવું પરિપૂર્ણ સ્વરૂપ છે એવી અવસ્થા તો મોક્ષમાં થાય છે, અત્યારે એવા ભાવે થાય તોપણ એમાં અલ્પતા રહે છે. એની પણ ચિંતા

એટલા માટે નથી કે એ એમ થઈ જશે એવી પ્રતીતિ આવે છે. એ એમ થઈ જવાની, હવે એ નહિ થાય એ પ્રશ્ન રહેતો નથી. પણ પોતે જે સ્વરૂપે છે, એ સ્વરૂપે છે એના ઉપરનું વજન છે એ વજન ખસવું જોઈએ નહિ, એની મુખ્યતા ન છૂટવી જોઈએ.

ત્રિકાળ એકરૂપ સ્થિતિ જેના લક્ષમાં આવી, જેની રુચિમાં રુચિ, જેની રુચિમાં એ વસ્તુ રુચાઈ ગઈ એને ક્ષણિક અવસ્થા થોડી ઊડાઊડ થયા કરે છે તોપણ હવે એ બહુ દૂર નહિ જઈ શકે એની ખાત્રી આવે છે. આગળ એક 'સોગાનીજી'નો દાખલો લીધો હતો ને ? કે, એક વાછરડાને જેમ ખીલા સાથે બાંધે તો ઠેકડા મારે તો ક્યાં જાય ? ઠેકડા મારી મારીને જાય ક્યાં ? કે જેટલું દોરડું લાંબું છે એથી આઘો જઈ શકે એવું નથી. ભલે ને ગમે એટલા ઠેકડા મારે, એ ખીલાની આજુબાજુ જ રહેવાનો છે, ત્યાંથી જાવાનો નથી. કેમકે ખીલે બંધાઈ ગયો છે. એમ મુમુક્ષુની ભૂમિકામાં જેની રુચિ ધ્રુવના ખીલે બંધાઈ ગઈ એના પરિણામમાં અલ્પ રાગ-દ્વેષના ઠેકડા મારે તોપણ એ બહુ દૂર જઈ શકે એવું નથી. એ ત્યાંને ત્યાં, નજીકમાં ને નજીકમાં રહેશે, એથી દૂર નહિ જઈ શકે. કેમકે ત્યાં એ એક ઠેકાણે બંધાઈ ગયો, જાણે એનો જીવ બંધાણો, એનો જીવ ત્યાં અંદરમાં બંધાઈ ગયો – એ પરિસ્થિતિ થઈ ગઈ. આમ પણ માણસ કહે છે, કોઈ માણસનો મૃત્યુનો સમય હોય છે અને કાંઈક મૂંઝારા જેવું લાગે, બોલી શકે નહિ ત્યારે ખ્યાલ આવે કે આનો જીવ ક્યાંક અટક્યો છે. શું કહે ? આનો જીવ ક્યાંક ચોંટ્યો છે, ક્યાંક અટક્યો છે એનો અર્થ શું ? કે, એની રુચિનો જે વિષય છે ત્યાંથી એના પરિણામ ખસતા નથી. બોલી ન શકે પણ બીજાને સમજાય જાય કે, આનો જીવ ક્યાંક અટકી ગયો છે. એટલે એને પૂછે, તમારે આમ કરવાનું છે ? આમ કરવાનું છે ? ફલાણાંને બોલાવશું ? ફલાણાંને બોલાવશું ? દીકરીના દીકરાને બોલાવવો છે ? કોને બોલાવવો છે ? તમે કહો એને બોલાવી દઈએ. એટલે એમ કે, ઝટ હવે તમે અહીંથી છૂટો તો સારું, દુઃખી તમે થાઓ છો. છૂટીને પછી ત્યાં ક્યાં સુખી થવાના છે ? એવું ક્યાંથી નક્કી કર્યું ? ઊલટા વિપરીત પરિણામના ફળમાં ક્યાંય સુખી થવાનું હોઈ શકતું નથી.

રુચિ અનુયાયી પુરુષાર્થ છે એમ જે કહ્યું છે એનું કારણ પણ આ છે કે, જરૂરિયાત અનુસાર પુરુષાર્થ છે. જેટલી જરૂરિયાત વધારે એટલો પુરુષાર્થ પણ ઉગ્ર થયા વિના રહે નહિ. જેમ કોઈ ગળું દાબે તો જીવ મૂંઝાઈ જાય છે અને કોઈપણ રીતે એ ગળું છૂટે એના માટે તરફડિયા માર્યા વગર રહી શકતો નથી. એમ જેને પોતાના મુક્તસ્વરૂપ આત્મા જેવી મુક્ત દશા જેને જોઈએ છે એને પોતાની દશા રાગના એકત્વમાં રહી જાય છે એ એને ગળું દબાઈ એ જાતની મૂંઝવણ છે. એ જાતની મૂંઝવણ છે. રાગ સાથે એકત્વરૂપ – એકરૂપ પરિણામ થાય છે એ જાણે જીવને જેમ કોઈ ગળું દાબે અને મૂંઝવણ થાય એ પરિસ્થિતિ છે. એટલે એને એ છોડાવ્યા

વિના રહી શકે નહિ. ઈ જરૂરિયાત (કહેવાય), આવી જરૂરિયાત છે ! કોઈ પણ રીતે એને રાગનું એકત્વ પોષાતું નથી. એવી **'જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ.'** એવી જરૂરિયાત લાગે અને છતાં પણ કદાચ એને એનો કાળ ન પાક્યો હોય એ વાત પણ બનતી નથી કે એ વાત હોતી નથી. એનો કાળ પાકી ગયો છે.

**'તેને ચોવીશે કલાક એક જ ચિંતન,...'** એક જ **'ઘોલન,...'** બધે એમ લાગુ પડે છે અને પોતાના સ્વરૂપનો અભાવ છે એની **'ખટક ચાલુ રહે'** છે. એ એને ખટકે છે. આંખમાં કણું પોષાતું નથી, ખટક્યા કરે છે અને વારંવાર ત્યાં જ લક્ષ રહે છે, લક્ષ ત્યાં જ જાય છે. એ જ રીતે પોતાના શુદ્ધાત્માના ચિંતન, ઘોલનપૂર્વક પ્રત્યક્ષ પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી એની ખટક ઊભી રહે છે, એ ખટક ચાલુ રહે છે, કોઈ રીતે એ ખટક મટતી નથી. કેમકે આવો હું અને દશા સાવ ઊલટી એ કેમ પોષાય ? હું જેવો છું એવો છું અને દશા એથી સાવ ઊંધી એ કેમ ચાલે ? ચાલી જ ન શકે, આ પરિસ્થિતિ (થાય છે).

**'જેમ કોઈને 'બા'નો પ્રેમ હોય...'** અહીંયાં પણ એ દૃષ્ટાંત આપ્યો છે **'તો તેને બાની યાદ, તેની ખટક નિરંતર રહ્યા જ કરે છે,...'** કોઈ પ્રસંગે બહાર જવું પડે, ઘરમાં ઘણી સ્નેહની પરિસ્થિતિ છે એવી જે એની માં છે એ માંદી હોય, મરણપથારીએ હોય, એ એવી રીતે ઝંખતી હોય કે મારો દીકરો જરાય આઘો જાય નહિ, મારી પાસેથી જરાય ખસે નહિ અને એને ક્યાંક જાવું પડે તો એને ખબર છે આ (મને) ઝંખે છે અને મારે પણ જાવું નથી (પણ) આ જવું પડે છે. જવું પડે છે, જાવું નથી પણ જવું પડે છે. એને નિરંતર ખટક રહ્યા જ કરે છે. **'તેમ જેને આત્માનો પ્રેમ હોય...'** પ્રેમ (એટલે) રાગનો સવાલ નથી, રુચિની અપેક્ષાએ (વાત) છે. એમ જેને આત્માની રુચિ હોય, પ્રેમ હોય **'તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય...'** બહારમાં શુભ પ્રસંગ હોય, ભગવાનની રથયાત્રા હોય, ભગવાનની પૂજા હોય, અનેક પ્રકારના પંચકલ્યાણક વગેરે શુભ ભાવના પ્રસંગો હોય, **'ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય.'** આ શુભ પ્રસંગોમાં ક્યાંય મારો આત્મા નથી એ વાત એને સ્પષ્ટ લાગે છે. એટલે ઉલ્લાસથી ભાગ લેતો દેખાય, એ તો ઉલ્લાસથી લેતો હોય એમ લાગે, હોં ! એને અંદરમાં તો ખટક છે કે, આ ઉલ્લાસમાં – આ રાગના ઉલ્લાસમાં એકાકાર થઈ જવું એ મારે કરવા જેવું નથી. ક્યાં મારું પરિપૂર્ણ વીતરાગી સ્વરૂપ અને ક્યાં રાગનો ઉછાળો ! બેની જાતને મેળ ખાતો નથી.

મુમુક્ષુ :– એને બહાર જવું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહાર જવું પડે છે. એને કોઈ એમ કહે કે, ભાઈ ! આ વેવાઈના ઘરે પ્રસંગ છે અને (ગયા વિના) ચાલશે નહિ, તમારે તો હાજરી દેવી જ પડે એવું છે, પણ

એને અંદરથી જાવું ગમતું નથી. પછી ભલે દેખાવ ગમે ઈ કરે પણ અંદરમાં એની ખટક જાતી નથી.

એમ '**ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય.**' એને એકાકાર થઈને શુભ પ્રસંગોમાં રાગમાં રંગાઈ જાવું એ વાત એનાથી બની શકતી નથી, બનતું નથી. આટલું અંદરમાં છેટું પડી જાય છે. આ શરૂઆતની સ્થિતિની વાત કરે છે, આવી શરૂઆત થાય છે. જે ભેદજ્ઞાનની પરિણતિ જુદી પડી જાય છે એનું કારણ કે પહેલેથી પરિણતિનો વિષય આ રીતે ચાલુ થઈ જાય છે. પછી તો કોઈ અપૂર્વ પુરુષાર્થના કારણથી નિર્વિકલ્પ દશા આવી એ તો જાણે એને પર્વત ઉપર વીજળી પડવાની વાત છે. પર્વત ઉપર વીજળી પડે અને જેમ એ પર્વતને વચ્ચેથી તિરાડ પાડી દે (એમ) એ પછી એને રાગ વચ્ચેની મોટી તિરાડ થઈ ગઈ. '**તે ભલે શુભમાં ઉલ્લાસથી ભાગ લેતો હોય છતાં અંદરમાં ખટક તો આત્માની જ હોય.**'

'**બા'ના પ્રેમવાળો ભલે કુટુંબ-કબીલાના ટોળામાં બેઠો હોય,...**' જેમ (ત્યાં) ઉલ્લાસથી ભાગ લ્યે છે ને ? એમ અહીંયાં એ બીજાં કુટુંબીઓની વચમાં બેઠો હોય, વચમાં બેઠો બેઠો બધા સાથે '**આનંદ કરતો હોય,...**' એમ દેખાય. બધાની સાથે આનંદ, ગુલતાન કરે છે. '**પણ મન તો...**' અથવા એનું લક્ષ તો, એનો જીવ તો '**બા'માં જ રહ્યું હોય છે :**' એનો જીવ ત્યાં છે એમ નથી કહેતાં ? ફલાણાં અહીંયાં આવ્યા છે પણ એનો જીવ ત્યાં છે. એનો અર્થ કે એ અહીંયાં માત્ર આવવા ખાતર આવ્યા છે, ખરા પ્રેમથી આવ્યા નથી, એનો પ્રેમ તો બીજે ઠેકાણે છે. આ તો અનુભવના દૃષ્ટાંતો છે. અનુભવની વાતમાં દૃષ્ટાંતો પણ અનુભવના આપે છે.

'**અરે ! મારી બા... મારી બા !'; એવી જ રીતે આત્માની ખટક રહેવી જોઈએ.**' આવો આત્મા વ્હાલો હોય એની આ વાત છે. એવી વિચિત્ર પરિસ્થિતિ છે કે જીવે આત્માને વ્હાલો કરવાને બદલે અનાત્માને વ્હાલો કર્યો છે. આમ છે. અનાત્મા એટલે બીજાનો આત્મા પણ પોતાને માટે અનાત્મા છે અને બહારના સંયોગો છે એ પણ અનાત્મા છે. પોતાનો આત્મા નહિ એ બધા પદાર્થો અનાત્મા છે. (એ રીતે) એને આત્માની જ ખટક રહેવી જોઈએ અથવા આત્માની સમીપ જતાં સુખ-શાંતિ છે અને એથી દૂર જતાં દુઃખ છે એ વિષય એના વેદનની અંદર સ્પષ્ટ હોવો જોઈએ. જો એ સ્પષ્ટ ન હોય તો એણે દુઃખ વ્હાલું કર્યું. જો એને આત્માથી દૂર જતાં પરિણમનમાં જે દુઃખ છે એ દુઃખ એને ન લાગતું હોય તો એણે દુઃખને વ્હાલું કર્યું છે માટે એને દુઃખ નથી લાગતું.

'શ્રીમદ્જી'એ એવો શબ્દ વાપર્યો છે 'ન'હોય વહાલું અંતર ભવદુઃખ રે, મૂળ મારગ સાંભળો જિનનો રે...' કેમકે એક લક્ષ અને એક વૃત્તિથી મૂળ માર્ગ કહેવા માગું છું એને તમે સાંભળો,

એમ કહે છે. પહેલી લીટી એ છે ને ? તમે લક્ષ રાખીને સાંભળો. 'કરી વૃત્તિ અખંડ સન્મુખ' વૃત્તિ અખંડ સન્મુખ કરીને, બરાબર આ વાત ઉપર સન્મુખ વૃત્તિ કરીને મૂળ માર્ગને સાંભળો કે, આ માર્ગ કેવો છે ? વળી તમને વૃત્તિ અખંડ સન્મુખ કરવામાં અંતર ભવદુઃખ વ્હાલું ન હોય તો (સાંભળો). ચારે ગતિના ભવમાં દુઃખ છે અને એ દુઃખને જ્યાં સુધી જીવે વ્હાલું કર્યું છે ત્યાં સુધી એની વૃત્તિ આ વિષયમાં અખંડપણે સન્મુખ થતી નથી. જીવ ક્યારેક ક્યારેક ઉપયોગ જોડે છે, વૃત્તિ જોડે છે કે, આ વાત સારી છે, હોં ! આ વાત ઘણી સરસ છે, હોં ! આત્માના હિતની વાત છે. પણ એ ખંડ ખંડ વૃત્તિથી, વળી પાછો ભૂલી જાય છે. વળી પાછો ભવદુઃખને એટલું વ્હાલું કરી લે છે કે જાણે આ કાંઈ સાંભળ્યું જ નથી. વળી પાછો ક્યારેક બેસે કે, આ વાત બહુ સારી છે, આત્માની વાત – આત્માની શાંતિની વાત બહુ ગમે છે. (અહીંયાં) કહે છે, એમ નહિ. અખંડ વૃત્તિ કરીને. આ વિષય ઉપર અખંડ વૃત્તિ કરીને. ખંડ ખંડ પડે તો વાત બધી મારી જાય છે.

ભ્રાંતિએ કરીને દુઃખને વ્હાલું કરે છે. નહિતર કોઈ એમ કહે કે, દુઃખ તે કોઈ વ્હાલું કરતું હશે ? સુખને વ્હાલું કરે, કંઈ દુઃખને વ્હાલું કરે કોઈ ? તો કહે (છે), હા, દુઃખને પણ વ્હાલું કરે છે. જગતમાં ભ્રાંતિગતપણે જીવ (દુઃખને વ્હાલું કરે છે). ઘણી ઉપાધિનું દુઃખ એને હોવા છતાં પણ એ ઉપાધિમાં એ પાછો ઉછળી ઉછળીને પડે છે, ઉછળી ઉછળીને જાય છે. કેમકે એને ત્યાં સુખની કલ્પના થઈ ગઈ છે. કલ્પિત ભ્રાંતિએ કરીને, કલ્પનાથી સુખ માનીને ત્યાં વળગે છે. એણે દુઃખને વ્હાલું કર્યું છે.

**'ગમે તે પ્રસંગમાં 'મારો આત્મા... મારો આત્મા !'** એમ ગમે તે પ્રસંગ હોય. ઉદયનો કોઈ પણ પ્રસંગ હોય, ગમે તે પ્રસંગનો અર્થ એ છે. કોઈ પણ ઉદયનો પ્રસંગ હોય તો એને પોતાનો આત્મા જ મુખ્ય રહેવો જોઈએ. રુચિમાં અને લક્ષમાં એનો આત્મા જ એને રહેવો જોઈએ. **'એ જ ખટક ને રુચિ રહેવી જોઈએ.'** સહજપણે, હોં ! આમ હોવી ઘટે છે. આ કૃત્રિમતાથી થઈ શકે એવો વિષય નથી. કોઈ પરાણે કરવા જાય, કૃત્રિમતાથી કરવા જાય તો થઈ શકે એવું નથી.

ખરો પ્રશ્ન તો ત્યાં આવીને ઊભો રહે છે કે, વર્તમાન જે હાલત છે એમાં એને દુઃખ છે કે નહિ ? આ પ્રશ્ન આવીને ઊભો રહે છે. જે વર્તમાન પરિસ્થિતિ છે એમાં તું સુખી છો કે એમાં તું દુઃખી છો ? આ તપાસી લે. જો એમાં તું સુખી હો તો આ પરિસ્થિતિમાં આ લાઈને ચડી શકવામાં તકલીફ છે, નહિ થઈ શકે. જો એમાં દુઃખી હો તો એમાંથી છૂટવાનો અવસર છે. નહિતર બીજો કોઈ રીતે પ્રકાર આવી શકે એવું નથી.

મુમુક્ષુ :– ક્યારેક ક્યારેક દુઃખ લાગે છે, ક્યારેક ક્યારેક સુખ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યારે દુઃખ લાગે છે ત્યારે આ પ્રકારે લાગે છે કે બીજું કાંઈ કારણ છે ? ક્યાંય ધાર્યું નથી થયું ઈ કારણ છે ? કાંઈક પ્રતિકૂળતા ઊભી થઈ ગઈ ને કલ્પના પ્રમાણે ન બન્યું એટલે દુઃખ લાગે છે ? કે જીવને આત્મા સાંભર્યો છે માટે દુઃખ લાગે છે ? આ વિચારવા જેવું છે. પેલું દુઃખ લાગે છે એ તો પેલું સુખ નથી, એનુંને એનું સુખ નથી એનું દુઃખ લાગ્યું છે. ત્યાં સુધી તો હજી એની એ પરિસ્થિતિ છે. એ તો બધા જીવોને જગતમાં થાય જ છે. કોઈને બધું જ પોતાની કલ્પના કે પોતાના વિચાર કે પોતાની ધારણા પ્રમાણે બની શકે એવું તો કોઈને બનતું નથી, એક જીવને પણ બનતું નથી. તો પછી એમાં આત્મા મુખ્ય થયો એ વાત ક્યાં રહી ?

અહીંયાં તો એમ કહે છે કે, બાહ્ય શાતાના અને અનુકૂળતાના કારણો હોય તોપણ જ્યાં સુધી જીવને બાહ્ય શાતામાં ઠીકપણું લાગે છે ઈ જ સુખપણું છે. ઠીકપણું લાગે છે એ એની યોગ્યતાને રોકી લે છે. એ ઠીકપણું (લાગે છે) ત્યાં એ આખેઆખો રોકાઈ ગયો છે. એને હવે આત્મકાર્ય કરવું છે એ વાત ન રહી. એમાં શું છે કે બહુ ટૂંકો વિચાર છે. વર્તમાન અનિત્ય પ્રસંગ, અનુકૂળતાનો અનિત્ય પ્રસંગ સદાય માટે તો શરણભૂત થતો નથી. જ્યાં તેં ઠીકપણું માન્યું છે, એને વિચારી લઈએ કે, અત્યારે મને ઠીક છે, કાંઈ વાંધો નથી, કોઈ ઉપાધિ નથી, પણ એ નિત્ય રહેવાનું છે એ એમ જ નિત્ય રહેવાનું છે ? ઘડીકમાં ક્યાંક પાછો વિકલ્પ દોડશે. તો એવી જે અનિત્યતા – અનિત્ય પરિસ્થિતિ છે એ બહુ ટૂંકી દૃષ્ટિનો વિષય થઈને જીવ ત્યાં રોકાઈ જાય છે. તારો અનંતકાળ ક્યાં ? હવે પછી રહેવાનો – હયાતીનો તારો અનંતકાળ ક્યાં અને કેવી રીતે ? એનો વિચાર સુદ્ધાં એમાં હોતો નથી. એટલે એણે આજનો વિચાર કર્યો છે, કાલનો વિચાર કર્યો નથી.

મૂળ વાત તો આત્માને ઓળખવાની છે કે, જો પોતાના સ્વરૂપને ઓળખે તો સ્વરૂપમાં રહેલી શાંતિ, આનંદ, નિરાકુળતા, સ્વરૂપનું જ્ઞાન, સ્વરૂપની શ્રદ્ધા એ બધો વિષય ખ્યાલમાં આવે તો એને વિપરીતતા છે એ કોઈ પણ કારણથી, કોઈ પણ હિસાબે એને પોષાય એવી ચીજ નથી અને એ ઓળખ્યા વિના એને બહારમાં ક્યાંક ઠીકપણું, શાતામાં ઠીકપણું, અનુકૂળતામાં ઠીકપણું આવ્યા વિના રહેશે નહિ.

(અહીંયાં કહે છે) આત્માની જ ખટક અને આત્માની જ રુચિ રહેવી જોઈએ. જો **'એવી ખટક રહ્યા કરે તો 'આત્મ-બા' મળ્યા વગર રહે જ નહિ.'** **'આત્મ-બા'** શબ્દ લીધો છે. જેમ ત્યાં બાની વાત લીધી એમ આત્મા એને મળ્યા વિના રહે જ નહિ. વિશેષ વાત તો એ છે કે, આ સ્થિતિએ આવનાર જીવને પોતાનો આત્માનો અંતર્મુખનો મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય જ છે. એનો મોક્ષ નિશ્ચિત થઈ ગયો છે અને એના ભવભવાંતરનો, પરિભ્રમણનો અને એના દુઃખનો,

કાયમ માટેના દુઃખનો ઉકેલ થઈ ગયો છે, નિવેડો આવી ગયો છે એ વાત સ્પષ્ટ છે, જો અહીં આવે તો.

'સોગાનીજી' પણ ચર્ચામાં એક જગ્યાએ લખે છે કે, તને થાક લાગ્યો છે કે નહિ ? 'પરમાગમસાર'માં પણ આવે છે કે, જો આ જીવ સંસારથી થાક્યો હોય તો એના માટે ઉપાય છે. પણ જે હજી થાક્યો ન હોય એને એનો જ ઉલ્લાસ હોય કે, હજી આ કરવું છે, હજી આ કરવું છે, હજી આ કરવું છે, આ કરી લઉં, આ કરું, આ કરું, આ કરું... એમાં એનો ઉલ્લાસ છે અને એનો થાક નથી તો કોઈ રીતે રસ્તો હાથ આવતો નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- Total માં ખટક અને રુચિ...

પૂજ્ય ભાઈશ્રી :- સાથે રહે છે, એ એનું લક્ષણ છે. જેને રુચિ છે એને પૂર્વકર્મનો ઉદય હોવાથી પરિણામ જાય છે પણ ખટકે છે કે, આમાં મારું આત્મકાર્ય ક્યાં ? મારો આત્મા તો અહીંયાં છે નહિ, આ આત્માને છોડીને આ બધી પ્રવૃત્તિ ! (આમ) પ્રવર્તવું, આ એને કોઈ રીતે અનુકૂળ લાગતું નથી, એ એને ખટકે છે.

મુમુક્ષુ :- આત્મા અપ્રાપ્ત છે ઈ ખટક્યા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માની અપ્રાપ્તિ બરાબર એવી ખટકે છે કે એને ક્યાંય બીજે રસ લેવામાં ચેન પડે એવું નથી. ક્યાંય રસ લઈ શકે નહિ, ક્યાંય એને ચેન પડે નહિ, એવી સ્થિતિ છે.

**મુમુક્ષુ :- સરસ બોલ આવ્યો, મૂળ મુદ્દાની વાત છે.**

**પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારા બોલ લીધાં છે ! એમાં પણ મુમુક્ષુની ભૂમિકાના તો એટલાં સરસ બોલ છે** ! અને એટલાં ખુલાસા તો જે જ્ઞાની થયા છે એને એની ભૂમિકામાં નથી મળ્યા હોતા. પોતે જ્ઞાની થયા હોય, એ પહેલાંની એની જે પૂર્વ ભૂમિકા (હોય) એનું વર્ણન કરીને આ ખુલાસા કરી નાખ્યા છે. એમને (એ વખતે) એવું કોઈ બતાવનાર નથી મળ્યું હોતું. એટલે એનો અર્થ (એ) થાય છે કે, સ્પષ્ટીકરણનું એટલું મહત્ત્વ નથી. જીવને આ વિષય જાણવા મળે કે ન મળે એની સાથે એનું બહુ મહત્ત્વ નથી. હા, મહત્ત્વ ક્યાં છે ? કે, જ્યાં એની પ્રયોજનભૂત ભૂલ છૂટી જાય તો એનું પ્રયોજન છે. આવી ભૂલ તો મારી થાય છે, આ પ્રકારે મારે અટકવું થાય છે, આ મારા પરિણમનમાં આવું થાય છે – (એમ) જો એને લાગે અને એ ત્યાંથી છૂટી જાય ત્યારે એને એ સ્પષ્ટીકરણ કામનું છે. નહિતર તો જીવ સહેજે સહેજે પૂર્વભૂમિકામાં યથાર્થતામાં આવે છે ત્યારે આ સાંભળ્યું હોય કે ન સાંભળ્યું હોય, સ્પષ્ટીકરણ મળ્યું હોય કે ન મળ્યું હોય, એની આ જ સ્થિતિ થાય છે. તિર્યંચ હોય, મનુષ્ય હોય, નારકી હોય, દેવ હોય, ચારે ગતિમાં ગમે ત્યાં હોય, સંજ્ઞી પંચેન્દ્રિય જીવને સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ ઊપડવામાં આ પ્રકારની

રુચિ – આત્મરુચિ અને બહાર(માં) પરિણામ જાય તો એની ખટક – આ બે સ્થિતિ સાથે સાથે ઊભી થયા વિના રહેતી નથી.

મુમુક્ષુ :– શાસ્ત્રોમાં ગોતવા જાય તો ન મળે.

પૂજ્ય ભાઈશ્રી :– પરમાગમોમાં પરિણામની આટલી બધી વાત ન આવે. કેમકે એમાં મહા સિદ્ધાંતો છે એની સીધેસીધી વાત છે, એની અંદર એ પ્રકરણ છે.

**મુમુક્ષુ :– મોટો ઉપકાર છે !**

**પૂજ્ય ભાઈશ્રી :– ઘણો ઉપકાર છે કે આ બધી વાતો બહાર આવી છે અને લાયક જીવને મેળવવું હોય તો અંતર મેળવણી કરીને પોતે પોતાની ભૂલથી છૂટી જાય, એવું બની શકે.**

સંસારના અભાવસ્વભાવી આત્મા ! એ જેને રુચે અને સંસારના સંગ-પ્રસંગ પણ રુચે, બે વાત વિરુદ્ધ રુચિની એક સાથે કેવી રીતે રહી શકે ? અથવા સંસાર રુચે, સંસારના કાર્યો રુચે, સંસારના ઉદયભાવો – ઉદય રુચે અને એને આત્મા રુચે, એમ બે વાત કઈ રીતે બની શકે ? બે વાત બની શકે એવું નથી.

આત્માની રુચિવાળાને એક પ્રશ્ન પૂછી શકાય એવું છે કે, તમારી જરૂરિયાતોનું શું ? તમે એમ કહો છો કે, રુચિમાં આત્માની જરૂરિયાત લાગી, તો બહારમાં જે પદાર્થો છે, એના સંયોગો, બાહ્ય પદાર્થોની જે જરૂરિયાત છે એનું તમારે શું થયું ? આપણે એ ચર્ચા કરીએ. માણસ એમ કહે કે, અમારે આ જરૂર છે, અમારે આ જરૂર છે, હજી આ જરૂર છે, આટલી બધી જરૂરિયાતો ઊભી છે. આમ તો જરૂરિયાતનું List કોઈને ક્યારેય પૂરું થતું નથી. કોઈનું List પૂરું થયું છે ? એ અનંત છે. એનો અંત જ આવતો નથી એનું નામ અનંત છે. એ તો લોકો પણ હવે સમજતા થયા છે કે, Luxury is endless. શું કહે છે ? આ Luxury – વૈભવ છે એનો કોઈ છેડો નથી – Endless છે, એમ કહે છે. છેડો નથી એટલે જરૂરિયાત તો ક્યારેય કોઈની પૂરી થતી નથી. પણ કોઈ એમ કહે કે, અમારે એવા મોટા વૈભવની જરૂરિયાત નથી પણ કેટલીક જે પ્રાથમિક જરૂરિયાતો છે, જે જરૂરિયાતો વગર ચાલે એવું નથી એનું શું કરવું ? બાહ્ય પદાર્થોની કેટલીક જરૂરિયાતોમાં તો ચાલે એવું છે જ નહિ એનું શું કરવું ? જો ત્યાં અપેક્ષાવૃત્તિથી સાવધાની રહે છે તો આત્માની જરૂરિયાતનો પ્રશ્ન ઊડી જાય છે અને આત્માની જરૂરિયાતના પ્રશ્નમાં પેલી જરૂરિયાતનું શું ? અહીંયાં આ સવાલ ઊભો થઈ શકે છે. જેને આત્માની જરૂરિયાત રુચિમાં લાગી છે એને બહારમાં જરૂરિયાતની વાત એ રીતે ગૌણ થાય છે કે, પૂર્વકર્મ અનુસાર જે કાળે જે થવાનું હશે તે થશે. એને સમાધાન આવી જાય છે. કઈ રીતે ? પૂર્વકર્મ છે કે નહિ ? છે. એ પૂર્વકર્મ અનુસાર જે કાંઈ ઉદયભાવે થવાનું હશે તે થશે પણ મારે આત્માની

રુચિ છોડીને ઉદયની રુચિમાં જવું પોસાય એવું નથી. અને ખરેખર પૂર્વકર્મ અનુસાર જે થવાનું હોય એ થાય છે. પોતે સાવધાની રાખીને એની પાછળ પ્રયત્ન લગાવે તોપણ એનો પ્રયત્ન બહારમાં કામ આવી શકતો નથી અને પૂર્વકર્મ અનુસાર થવાનું હોય તે જ થાય છે. પણ એને આ વાત યથાર્થપણે સમજાવી જોઈએ. સમજાય તો એના પરિણામ શાંત થાય, નહિતર ઉછાળો માર્યા વગર રહી શકે નહિ એવી સ્થિતિ છે.

મુમુક્ષુ :– અમારે તક ચૂકાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– કાળ તો ચાલ્યો જાય છે. સમય જાય છે એ કોઈ ઓછી કિંમતનો સમય જાય છે એમ નથી. 'શ્રીમદ્જી'એ તો એમ કહ્યું છે કે, રત્નચિંતામણિ (કરતાં) મનુષ્યભવનો એક સમય વધારે (કીમતી) છે ! એક સમય ! એક સમયનું આયુષ્ય કોઈ રત્ન દેતાં આપી દે ખરું ? કે, ભાઈ ! એક સમય વધારે જીવાડી દ્યો. એક એક સમય કરીને ગમે એટલું લંબાવે જાય, પણ એક સમય મળે એવું નથી – આ સ્થિતિ છે. કિંમત ક્યાં, કેટલી આપવી એના ઉપર ખરેખર તો જીવનો વિવેક અને અવિવેક કેટલો છે એનું ધોરણ બંધાય છે.

એ ૪૪ (બોલ) પૂરો થયો.

**અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ. શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની, જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણ કે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી; તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી. ૪૫.**

૪૫. '**અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ.**' જુઓ ! શું કહે છે ? એમાં વિચાર કરવાની વાત છે ? તપાસવાની વાત આવી. અંતરનાં તળિયાં તપાસવા એટલે શું ? કે, અંદરમાં જે આત્મતત્ત્વ છે એના સ્વભાવને તપાસીને ઓળખાય છે. ઉપલક વિચાર કરીને એની ઓળખાણ થતી નથી. એક વસ્તુનું પૂરેપૂરું સાંગોપાંગ જ્ઞાન કરવું હોય ત્યારે એમ કહેવાય છે કે, આના અમે તળિયાં તપાસી લીધાં છે, બધું જોઈ લીધું છે. હવે ત્યાં આમ થઈ શકે એવું છે અથવા નથી થઈ શકે એવું.

(અહીંયાં) એમ કહે છે કે, આત્માને ઓળખવા માટે આ પહેલાંમાં પહેલું જે કામ છે એ આ છે. પોતાને ઓળખ્યા વિના એક ડગલું પણ આગળ ચલાય એવું નથી. એટલે પહેલું કાર્ય (આ છે). કેમકે સ્વાધ્યાયનો મૂળ હેતુ એ જ છે. શાસ્ત્રસ્વાધ્યાયમાં, શાસ્ત્રમાં આત્મસ્વરૂપ અનુભવી પુરુષોએ પોતાના અનુભવપૂર્વક પ્રસિદ્ધ કરીને દર્શાવ્યું છે. એ ઓળખવાનો ત્યાંથી પ્રકાર ઉત્પન્ન થાય છે, દર્શાવે છે ત્યાંથી ઓળખવાનો પ્રકાર ઉત્પન્ન થાય છે. એ પણ એમ

કહે છે કે, જો, આવો ભાવ છે તારામાં, આવો સ્વભાવ છે તારામાં. જરાક અંદર તપાસ ને તારે ઓળખાણ કરવી પડશે.

પ્રશ્ન :- અંદર એટલે ?

સમાધાન :- અંદર એટલે સ્વલક્ષ કરીને – આત્મલક્ષ કરીને અંદર તપાસવું પડશે કે, તું શાશ્વત છો, તું ધ્રુવ છો તો સદાય તારું હું... હું... હું... હું... હું... હુંપણું ચાલુ રહે છે કે નહિ ? જ્ઞાનલક્ષણથી ઓળખાય છે તો તારું જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણું ચાલુ રહે છે કે નહિ ? એમ એને અંદરમાં તપાસીને નક્કી કરવું પડે એવું છે. એ પણ ઉપર ઉપરથી તપાસીને નહિ, એમ કહે છે. **'અંતરના તળિયાં તપાસીને...'** સ્વભાવને તપાસવો પડે છે. એ રીતે આત્માને તું ઓળખ.

આત્માને ઓળખવાની દિશામાં પ્રયત્ન કરે નહિ અને બીજાં અનેક પ્રકારનાં શુભ પરિણામો થાય તેથી 'મેં કાંઈક કર્યું છે' એમ માને છે. અહીં તો 'ઘણું કર્યું છે' એમ જીવ માની લે છે. શું થાય છે ? જો જીવ આ રીતે સ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરતો નથી તો બીજી રીતે એની શું પરિસ્થિતિ ઊભી થાય છે ? કે, કેટલાંક શુભ પરિણામ કરે અથવા શાસ્ત્ર વાંચીને કેટલુંક એને સમજાય, મતિ-શ્રુતની ધારણામાં આવી જાય ત્યારે એને તત્‌સંબંધિત – શુભ પરિણામ સંબંધિત અને ધારણા સંબંધિત જે કાંઈ એનો પ્રયત્ન થયો – પુરુષાર્થ થયો એમાં એને **'મેં ઘણું જ કર્યું છે'** એમ એની માન્યતા, એવું માનવું એને થઈ જાય છે. એને માનવામાં એમ આવી જાય છે કે, મેં આટલું તો વાંચ્યું, આટલું તો સાંભળ્યું, આટલા તો કાર્યો કર્યાં, આટલો તો ભાગ લીધો, આટલું તો દાન દીધું આમ.. આમ.. આટલી... આટલી જગ્યાએ મેં ઘણાં ઘણાં કામ કર્યાં. એ જીવ ખરેખર બાહ્ય કાર્યોમાં પુરુષાર્થને લગાવીને બહારને બહાર જ અટકી જાય છે, એને અંદરમાં આગળ વધવાનું કાંઈ બનતું નથી. ક્યાં આગળ વધ્યો ? કે, બહારની દિશામાં, બાહ્ય પરિણામ કરવામાં આગળ વધ્યો છે, અંતર્મુખ થવામાં તો ઠામૂકો અટકી ગયો છે. અટકી ગયો છે શું એ તો ખરેખર દૂર થઈ ગયો છે. એમ છે.

પ્રશ્ન :- થોડો પુરુષાર્થ પણ આ તો કહેવા માત્ર જ છે ને ?

સમાધાન :- થોડો પુરુષાર્થ એટલે ? એ બાજુનો થોડો પુરુષાર્થ, શુભનો થોડો પુરુષાર્થ, ધારણા સંબંધીનો થોડો પુરુષાર્થ. એ પુરુષાર્થ એનો મામૂલી છે એમ કહેવું છે. થોડો એટલે એ કાંઈ એવો પુરુષાર્થ નથી કે જેમાં અંગ-પૂર્વની ધારણા થઈ ગઈ હોય કે મહાવ્રતના શુભ પરિણામ થયા હોય એવું તો કાંઈ નથી. એક સામાન્ય હોય છે ત્યાં પણ જીવ એમ માને છે કે મેં ઘણું કર્યું ! હું ઘણું જાણું છું, મેં ઘણું કાર્ય કર્યું અને એ જીવ એવાને એવા પરિણામમાં અટકી જાય છે, એવાને એવા કાર્યોમાં અટકી જાય છે, બહારને બહાર જ અટકી જાય છે.

અને (આ) આખી Line જુદી છે એમ કહેવું છે. આત્મસ્વરૂપને ઓળખવા સંબંધીનો જે અંદર પ્રયત્ન કરવો જોઈએ એ પ્રયત્ન કરવાને બદલે એણે શું કર્યું ? કે, બહારમાં શુભ કાર્યો નિમિત્તે કેટલાંક શુભ કાર્યોના પરિણામ થયા અથવા તો શાસ્ત્ર આદિ વાંચીને કેટલુંક ધારણામાં રહ્યું, સમજાણું. ધારણામાં રહ્યું એટલે કેટલુંક એને સમજાણું. બધું તો કાંઈ સમજાતું નથી. કેટલુંક સમજાણું, કેટલુંક ન સમજાણું. એને જાણ્યે-અજાણ્યે એવું મનાઈ જાય છે કે, મેં ઘણું કર્યું. એમ થયા વિના એને રહેતું નથી. ખોટી દિશાના પ્રયત્નમાં એવું થયા વિના રહેતું નથી.

મુમુક્ષુ :– તાળું વિસાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– એ અટકી ગયો એટલે પતી ગયું. ત્યાંથી એને આ બાજુ આવવાની પછી કોઈ પરિસ્થિતિ ઊભી રહેતી નથી. એક બીજો દૃષ્ટાંત લઈએ કે, જેની માન્યતામાં સંયોગ આધાર થઈ ગયો છે, જેની માન્યતામાં જીવનનો આધાર સંયોગ થઈ જાય છે અને તેથી એ સંયોગનો આધાર પકડી રાખવા માટે અનેક પ્રકારે મથામણ કર્યા કરે છે એવા જીવને એના પરિણામમાં અશક્તિ આવ્યા વિના રહે નહિ. અશક્તિ આવે એટલે શું થાય કે એને ભય થયા વિના રહે નહિ. ભયનું દુઃખ એને ઊભું ને ઊભું થયા કરે. અનેક પ્રકારની કલ્પના થાય કે, હું જે સંયોગો પકડું છું એમાં આમ થઈ જશે તો ? એમાં આમ થઈ જશે તો ? છેવટે કાંઈ નહિ તો ઓચિંતું શરીર છૂટી જશે તો ? કાંઈને કાંઈ એને એનો ભય લાગ્યા વિના રહે નહિ. ખરેખર તો એનો પ્રયત્ન નિર્ભય થવા માટે છે. બધું એવું સરખું કરી દઉં કે મને ક્યાંય પછી કોઈ જાતનો ભય ન રહે. એમાં જ એને ભય ઉત્પન્ન થયા વગર રહે નહિ – આ નિયમબદ્ધ વાત છે. એ ભય માટે કરતો નથી, નિર્ભયતા માટે કરે છે તોપણ ભય થાય છે ! એમ આ શુભના પરિણામ કરે, શાસ્ત્ર (વાંચનના) ઉપર ઉપરના પરિણામ કરે, એને એવું માનવું નથી કે, મેં ઘણું કર્યું છે એવું માની લઉં ! પણ એને મનાઈ જ જાય એવું છે. કેમકે એમાં એને પોતાનો શુદ્ધાત્મા કેવો છે ? એના ગુણોનું પરિણમન કેવું છે ? અગાધ સ્વભાવ કેવો છે ? પૂર્ણ સ્વભાવ કેવો છે ? અને ત્યાં કઈ રીતે પહોંચવું ? એ વાત અને વિષય ક્યાંય આવતો નથી. એટલે ન માનવું હોય તોપણ એને મનાઈ જ જાય. પછી જે ક્રિયા કરે તે. શાસ્ત્ર વાંચવાની ક્રિયા કરે એમાં એને મનાઈ જાય, ઉપવાસ કે તપશ્ચર્યાની બીજી કોઈ વ્રતાદિની ક્રિયા કરે એને એમાં મનાઈ જાય. એને મનાયા વગર રહે નહિ. આ પરિસ્થિતિ છે. એ જીવ ત્યાં નિયમબદ્ધપણે અટકી જાય છે.

**'અજ્ઞાનીને...'** એટલે જે સ્વરૂપથી અજાણ છે, જેણે આત્માને ઓળખ્યો નથી. **'જરાક કાંઈક આવડે,...'** જરાક આવડે અને **'ધારણાથી યાદ રહે ત્યાં તેને અભિમાન થઈ જાય છે;...'** કેમકે પર્યાયદૃષ્ટિપણું છે ને ? પર્યાયમાં હુંપણું છે અને એ પર્યાયમાં કાંઈક વિશેષતા થઈ, થોડી આવડત

થઈ, થોડી ધારણા થઈ તો પર્યાયમાં હુંપણું છે એટલે એમાં હુંપણું થયા વિના રહેશે નહિ. આત્મા કેટલો અગાધસ્વભાવી છે એ વિષય તો કાંઈ એને લક્ષમાં નથી, એના ખ્યાલમાં નથી, સમજણમાં નથી. આમાં એને જાણે મને કાંઈક આવડ્યું છે, મારી વિશેષતા છે એમ વર્તમાન અવસ્થામાં એને અભિમાન થયા વિના રહેતું નથી. એને પણ ખ્યાલ ન હોય કે આટલું અભિમાન થયું છે. એટલું અભિમાન એને થઈ જાય છે !

પ્રશ્ન :- અભિમાન થયા પછી શું થાય ?

સમાધાન :- અભિમાન થાય એમાંથી પછી સ્વચ્છન્દ વધે છે. અભિમાનની Degree – તારતમ્યતા વધી જાય ત્યારે એમાંથી સ્વચ્છન્દ વધ્યા વિના રહે નહિ. ત્યારે અનુભવી પુરુષો પણ જે કાંઈ કહે એના કરતાં એને એમ લાગે કે મને કાંઈક વિશેષ વિચાર આવે છે – આમાં આમ હોવું જોઈએ અને આમ ન હોવું જોઈએ. એમાં કાંઈક ભૂલ લાગે છે, એમાં કાંઈક ફેરફાર લાગે છે, મને તો આમ લાગે છે. અરે...! ભાઈ ! તું કલ્પનાએ ચડ્યો છે. અભિમાન થઈને તું કલ્પનાએ ચડ્યો છે. એટલે એને એ પ્રકાર સહેજે થઈ જાય છે. એ પ્રકાર થાય તો એને ખબર પડતી નથી.

એક મુમુક્ષુ છે, એમાં એવો પ્રસંગ બન્યો હતો. (એમ થયું કે) આવી કેમ ખબર પડતી નથી ? તો કહે, અમે પહેલાં એવું કરતા હતા ત્યારે એમ લાગે છે કે, આવી ખબર નથી પડતી એ વાત સાચી છે. આટલો દોષ થાય તોપણ ખબર પડતી નથી. જેમ ઊંધા ઘડા ઉપર ઊંધો ઘડો, એના ઉપર ઊંધો જ રહે, એકેય સવળો ન રહે. એમ એને જ્યારે અભિમાન થાય, સ્વચ્છન્દ થાય પછી એક પછી એક પછી એક એવી ભૂલ થાય કે એને ખ્યાલ ન રહે કે, આવડી મોટી, આવી જાડી ભૂલ થાય છે અને કેમ ખ્યાલ નથી રહેતો ?! એ એને ખબર પડતી નથી. કેમકે પોતાના પ્રયોજનના વિષયમાં એની સમજણ સ્થૂળ થઈ જાય છે. એટલે એને પોતાના હિત-અહિતનો, વધારે અહિત થતું હોય તોપણ એને લક્ષ રહેતું નથી.

અહીં સુધી રાખીએ.

## તા. ૨૦-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૫
## પ્રવચન નં. ૪૦

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૬, ૪૫ (નંબરનો) બોલ છે. બોલનો વિષય છે અજ્ઞાની કેવી રીતે અટકે છે, ક્યાં અટકે છે, કેમ કરતાં અટકે છે; જ્યારે જ્ઞાની અજ્ઞાની કરતાં વધારે ગુણવાન અને વિકાસવાળી – શુદ્ધતાવાળી દશા હોવા છતાં તેમાં અટકતા નથી. એમ એ પડખાંથી જ્ઞાની અને અજ્ઞાનીના પરિણામની પરસ્પર સમીક્ષા કરી છે. આ શાસ્ત્રમાં કેટલાંક એવા બોલ છે કે, જ્ઞાની અને અજ્ઞાની બન્નેનાં પરિણામના ભિન્ન ભિન્ન પડખાંની સમીક્ષા કરી છે – સરખામણી કરી છે. જ્ઞાનીને આમ હોય તો એવા જ પ્રકારમાં અજ્ઞાનીને આમ થાય. અજ્ઞાનીને આ પ્રકારે પરિણામ થાય ત્યારે જ્ઞાનીને એ સ્થાને આવા પરિણામ થાય. એવો વિષય કેટલાંક બોલમાં આવ્યો છે. એ પ્રકારનો આ એક બોલ છે. એમાં પહેલું વચન તો પ્રેરણાત્મક છે.

**'અંતરનાં તળિયાં તપાસીને...'** ફરીથી, થોડું ચાલી ગયું છે. **'અંતરનાં તળિયાં તપાસીને આત્માને ઓળખ.'** તળિયાં એટલે પછી નીચે કાંઈ ન હોય એને તળિયું કહેવામાં આવે છે. પાણી ઊંડું હોય તો તળિયે જાય ત્યારે ખબર પડે છે કે પાણી કેટલું ઊંડું છે ? એમ અત્યાર સુધી આત્માને ઓળખ્યા વિના પોતાની પોતા સંબંધી ભ્રમણાત્મક અનેક પ્રકારની માન્યતા છે. કર્મજનિત પર્યાય છે તેવું જ પોતાનું સ્વરૂપ છે, એવો જ પોતે છે અને તેવો પોતે સદાય નહિ રહેતો હોવા છતાં સદાય પોતે એવો જ રહેશે એવી પ્રતીતિ સહિત માન્યતા થાય છે. જેમકે મનુષ્યપણું, તો મનુષ્યપર્યાય અનિત્ય હોવા છતાં એની અનિત્યતાને ગૌણ કરી જઈને, નજરે દેખાય છે કે આ અનિત્ય પર્યાય છે, તોપણ એને ગૌણ કરી જઈને, જાણે એ પર્યાય પૂરી

નથી થવાની, એવી પ્રતીતિપૂર્વક તે મનુષ્યપણે ઉદયમાં વર્તે છે.

એ જ રીતે બીજાં અનેક પ્રકારના ઉદયભાવોમાં પણ અનુકૂળતા આવે તો જાણે કાયમ આવી અનુકૂળતા રહેશે એમ માનીને વર્તે છે. પ્રતિકૂળતા આવે તો જાણે કાયમ આવી પ્રતિકૂળતા જ રહેશે એમ માનીને વર્તે છે. એવું જે માનવું છે એમાં આત્માના સ્વરૂપની – મૂળસ્વરૂપની બિલકુલ ઓળખાણ નથી.

તળિયાં એટલે મૂળ તપાસીને, એમ કહેવું છે. ઉપર ઉપરથી જે રાગ-દ્વેષ-મોહના ડહોળાયેલાં પરિણામ છે, એવો જે પોતાને માનવામાં આવે છે એ પણ એની ભ્રમણા છે. મનુષ્યાદિ પર્યાયે માનવામાં આવે એ તો ભ્રમણા છે જ, પણ રાગ-દ્વેષ-મોહ જે અનુભવમાં આવે છે, એવા રાગવાળો, દ્વેષવાળો, મોહવાળો અથવા હું સંસારી, એ પણ એના મૂળ સ્વરૂપને ઓળખતો નથી. એમ કરીને એવી રીતે માને છે. ત્યારે અહીંયાં એવી એક ભલામણ છે કે, તારા અંદરમાં તારું મૂળ સ્વરૂપ શું છે ? કાયમી સ્વરૂપ શું છે ? અસલ સ્વરૂપ શું છે ? એ તારા મૂળ સ્વભાવને તપાસીને, મૂળ સ્વભાવનું અવલોકન કરીને એની ઓળખાણ કર.

પ્રસિદ્ધપણે આત્માને ઓળખવા માટે જ્ઞાન લક્ષણથી જ્ઞાનસ્વભાવી અથવા જ્ઞાનસ્વરૂપી આત્મા છે એને ઓળખવાનું વિધાન છે. શાસ્ત્રોમાં પ્રસિદ્ધપણે આ વિધાન છે કે, જ્ઞાન લક્ષણ દ્વારા જ્ઞાનસ્વભાવી – જ્ઞાનસ્વરૂપી આત્માને ઓળખવો. જ્ઞાન મોજૂદ છે. પ્રત્યેક જીવને સર્વ કાળે પ્રગટપણે, પ્રત્યક્ષપણે જ્ઞાન પરિણમી રહ્યું છે અને તે જ્ઞાન દ્વારા માત્ર જ્ઞાનસ્વરૂપી આત્મા કેવો છે, એ જ્ઞાનમાં જ્ઞાનનો પરિચય કરીને, એટલે જ્ઞાનમાં જ્ઞાન પોતે જ પોતાનો પરિચય કરે તે દ્વારા તે પોતાને ઓળખે. તે પ્રકારે – તે રીતે પોતાને ઓળખે તો એને સ્વભાવ શું છે – જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ શું છે તે સમજાય અથવા ઓળખાય.

પ્રશ્ન :– પોતે પોતાનો પરિચય કરે એટલે ?

સમાધાન :– પોતે જ પોતાનો પરિચય કરે એટલે જ્ઞાનમાં પોતાને પોતાનો અનુભવ શું છે ? એ તપાસે. જ્ઞાનમાં જ્ઞાનપણાનો શું અનુભવ છે ? એ તપાસે. એ વિના જીવ શું કરે છે ? કે, જ્ઞાન દ્વારા અન્ય પદાર્થોનો પરિચય કરે છે, અન્ય ભાવનો પરિચય કરે છે અને બીજાં પદાર્થો કેવા છે અને કેવા નથી એની પ્રવૃત્તિમાં જ્ઞાન વર્ત્યા કરે છે – પ્રવર્ત્યા કરે છે. પોતાના અત્યાર સુધીના જ્ઞાનના પરિણમનને વિચારવામાં આવે તો સમજી શકાય એવું છે કે જ્ઞાન શું કામ કરે છે ? કે, જ્ઞાન એકલું પરપદાર્થને જાણવામાં અને પરપદાર્થને સમજવામાં, પરપદાર્થ પ્રત્યે જોડાવામાં જ્ઞાનની પ્રવૃત્તિ છે. એટલે જ્ઞાનને પરપદાર્થનો અને પરભાવનો જ પરિચય છે. બરાબર છે ? પોતાના ચાલતા અનુભવને તપાસે તો આ સિવાય શું છે ?

અથવા બીજી રીતે કહીએ તો જે જ્ઞાનમાં નથી, જે જ્ઞાનથી બાહ્ય છે અને જ્ઞાનમાં નથી

એના પરિચયમાં જ્ઞાન છે. ન હોવું એને શાસ્ત્રભાષામાં અસત્ કહેવામાં આવે છે. હોય એને સત્ કહે છે અને ન હોય એને અસત્ કહે છે. તો જ્ઞાનને અસત્પ્રસંગ છે એમ કહેવું છે. અત્યાર સુધી જ્ઞાનને શું છે ? અસત્પ્રસંગ છે. અસત્પ્રસંગ છે એમ કહો, પ્રસંગ એટલા માટે કહે છે કે વિશેષે કરીને એનો સંગ કરે છે, તીવ્રપણે એનો સંગ કરે છે. 'પ્ર' કાઢી નાખો તો સામાન્ય લ્યો તો જ્ઞાનને અસત્સંગ છે. પ્રસંગમાંથી 'પ્ર' કાઢો તો જ્ઞાનને અસત્-સંગ છે. અનાદિથી વર્તમાન સુધી જ્ઞાને અસત્સંગ કર્યો છે. બરાબર છે ? સાચી વાત છે ? તો અસત્સંગના ફળમાં એને શું મળે ? દુઃખ સિવાય બીજું શું મળે ? પરિભ્રમણ સિવાય બીજું શું મળે ? બીજું કાંઈ ન મળે અને જ્ઞાન જ્ઞાનમાં હોવાપણે છે – સત્પણે છે, એ જ્ઞાન જો પોતાનો સંગ કરે તો એને સત્સંગ – હોવાનો સંગ – સત્સંગ કહેવામાં આવે છે. ખરેખર તો આમ નિશ્ચયથી – વાસ્તવિકપણે સત્સંગની આવી સ્થિતિ છે, આવી પરિભાષા છે, આવી વ્યાખ્યા છે. જે છે – પોતે જે સ્વરૂપે છે એનો સંગ કરવો તે સત્સંગ. બહારમાં એને અનુકૂળ પ્રસંગ હોય તો એને બાહ્ય સત્સંગ કહેવામાં આવે છે. આત્મસ્વભાવના – નિત્ય સત્ના – પરમ સત્ના સંગની વાત થતી હોય, પરમ સત્ના સંગનું કારણ થતું હોય એવા સંગને બહારમાં વ્યવહાર સત્સંગ કહેવામાં આવે છે. એ સિવાયનો બાકીનો બધો અસત્સંગ છે.

ચોવીસ કલાકમાં જીવને અસત્સંગ કેટલો અને સત્સંગ કેટલો ? (એનો) હિસાબ માંડવો. રોજ ઊઠીને આગલા દિવસનો માંડવો અને નહિતર રાતે સૂતી વખતે આખા દિવસનો માંડવો. ઊંઘના કલાક ભલે બાદ જાય. જીવને સત્સંગ કેટલો છે (અને) અસત્સંગ કેટલો છે ?

મુમુક્ષુ :– કુટુંબ કબીલાનો સંગ તો હોય જ ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ મય જીવન છે. જેનો સંગ છે તે મય જીવન છે. આગળના ૪૬મા બોલમાં પહેલું વચન એમ કહેશે કે, **'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.'** મુમુક્ષુ જીવે આ જીવનને આત્મામય કરી લેવું જોઈએ. એ શેના મય કરી લે છે ? જેનો પરિચય એ (મય) તન્મય જીવન કરી લે છે. આ નજરે દેખાય એવી અથવા તરત સમજાય એવી વાત છે. પોતાની તપાસ કરે અને પોતે પોતાને ન સમજી શકે એ બની શકવા યોગ્ય નથી. કેમકે બીજાની વાત હોય તો કોઈ ગોપવે કે છુપાવે. પણ પોતાની વાત તો પોતાથી અજાણ રહેવાનો સંભવ નથી. તપાસે કરીને બરાબર સમજાય એવું છે.

અહીંયાં તો ઓળખવાની વાત એટલા માટે પહેલી લીધી છે કે, ધર્મના ક્ષેત્રમાં જઈને તું બીજાં કેટલાંક પ્રકારના જે પરિણામ કરે છે એ પરિણામમાં શુભ ક્રિયાને વશ શુભ પરિણામ કરે છે, શાસ્ત્ર આદિ વાંચીને શાસ્ત્રજ્ઞાનની ધારણા પણ કરે છે અને એ પ્રકારનો પુરુષાર્થ કરે છે ત્યારે આત્માને ઓળખ્યા વિના 'મેં ઘણું કર્યું' એમ તને મનાય જાય છે અથવા 'હું

કાંઈક કરું છું, મારા કલ્યાણ અર્થે થોડુંક તો હું કરું છું, બની શકે એટલું કાંઈક કરું છું, કાંઈક કરું છું, કર્યા વિના રહેતો નથી. છેવટે દેરાસર જઈને કાંઈને કાંઈ ભગવાનના દર્શન તો કરી જ લઉં છું અથવા પૂજા-ભક્તિ તો કરી જ લઉં છું, થોડું શાસ્ત્ર તો વાંચી જ લઉં છું, આટલો તો વ્રત અથવા નિયમ રાખ્યો જ છે કે, આ પદાર્થો ન ખાવા, આ અભક્ષ્ય છે કે અખાદ્ય છે. બાકીના જ પદાર્થો અથવા અમુક વખતે અમુક લેવું ને ન લેવું. એ વગેરે કાંઈકને કાંઈક, કાંઈક કરું છું, કાંઈક કરું છું, કાંઈક કરું છું...' એવું એને માનવામાં આવે છે. એ બધું કાર્ય આત્માને ઓળખ્યા વિના કરે છે. અને આત્માને ઓળખ્યા વિના એનું પોતાનું સ્થાન નક્કી થતું નથી (કે) પોતે ખરેખર કોણ છે ? પોતે કોણ છે અને કેવો છે ? એ સમજ્યા વિના કે ઓળખાણ વિના એને કર્તવ્ય અને અકર્તવ્યનો વાસ્તવિક વિવેક કેવી રીતે થઈ શકવા યોગ્ય છે ? ઘરમાં ખબર ન હોય કે મારું સ્થાન શું ? તો એ ઘર કેવી રીતે ચલાવે ? દુકાને જઈને ખબર ન હોય કે આમાં – દુકાનમાં મારું સ્થાન શું છે ? નોકરને શેઠ માનીને બેસે તો શું થાય ? અથવા નોકર પોતાને શેઠ માની બેસે (તો) ચાલે દુકાન ? બેમાંથી એકેય રીતે ન ચાલે. એને પોતાનું સ્થાન નક્કી થયા પછી જ એના કાર્યની મર્યાદા નક્કી થાય છે.

ધર્મના ક્ષેત્રમાં જીવ ભૂલ કરે છે કે, પોતાને ઓળખ્યા વિના, પોતાને નક્કી કર્યા વિના એમને એમ અંધશ્રદ્ધાથી ગમે તે ક્રિયા કરવા લાગી જાય છે અથવા બહુભાગ કુળપરંપરાની અથવા સંપ્રદાય પરંપરાની જે ક્રિયા હોય છે એને ઓઘેઓઘે કરવા લાગે છે. એ એને કર્તવ્ય છે, અકર્તવ્ય છે અથવા કર્તવ્ય છે તો કેવી રીતે કર્તવ્ય છે એ વાતની એને સમજ હોતી નથી. સામાન્ય રીતે માણસ એમ વિચારે કે, ભગવાનના દર્શન કરવા એમાં શું ? એમાં વધારે કાંઈ સમજવાની શું જરૂર છે ? ભગવાન છે, આપણાં ચોવીસ તીર્થંકરો માંહેના તીર્થંકરો છે અથવા કોઈને કોઈ વીતરાગ જિનેન્દ્ર પ્રતિમા – અરિહંત પ્રતિમા છે એના દર્શન કરવા. એમાં નહિ કરવાનો ક્યાં પ્રશ્ન ઊભો થાય છે ? બધાય કરે છે, અનાદિથી બધા કરતા આવ્યા છે અને આપણે કરીએ છીએ. આમાં શું ખોટું છે ? કહે છે કે, એમ ઓઘેઓઘે દર્શન કરવાથી કાંઈ લાભ થવાનો નથી. આ તો પ્રતિમાજી છે – આમ તો સાક્ષાત્‌વત્ છે, પણ સાક્ષાત્ જીવંતસ્વામી અરિહંત પરમાત્મા હોય અને એના સમવસરણમાં પણ ઓઘેઓઘે વંદન, દર્શન, સ્તુતિ, પૂજા આદિ કરવામાં આવે, કર્યા છે, અનંતવાર આ જીવે કર્યું છે એમાંથી કાંઈ વળી ગયું નથી. એનો સંસાર એમને એમ ઊભો છે. કેટલાંક, ક્યારેક પુણ્ય બાંધ્યા, એના ભોગવટામાં પાપ બાંધ્યા, વળી પાછા પુણ્ય કર્યા, વળી પાછા પાપ કર્યા, એમને પુણ્ય-પાપના ફળ ભોગવતો ગયો. કરતો ગયો અને ભોગવતો ગયો. એમને એમ જન્મ-મરણનું ચક્કર ચાલું છે. એના દુઃખનો નિવેડો આવે એવું નથી.

**'શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ...'** એ પુરુષાર્થ એટલે સવળા પુરુષાર્થની વાત અહીંયાં નથી. પણ પુરુષાર્થને ત્યાં જોડ્યો, વીર્યગુણની અવસ્થાને ત્યાં લગાવી – એટલું કહેવું છે. **'મેં ઘણું જ કર્યું છે' એમ માની,...'** અથવા કેટલુંક કર્યું છે, કાંઈક કર્યું છે એમ માની **'જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે.'** પોતાના હિતની દિશામાં આગળ વધવાને બદલે, મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા માટે આગળ વધવાને બદલે અટકી જાય છે. અટકી જવાનું કારણ એ છે કે, 'મેં ઘણું કર્યું છે' અથવા 'મેં કાંઈક કાર્ય કર્યું છે' એવું એણે ભ્રમણાથી માન્યું છે. આત્મહિતનું કાંઈ કાર્ય થયું નથી, છતાં એણે માન્યું છે કે 'મેં કાંઈક કર્યું છે' અથવા 'ઘણું કર્યું છે' – એવું માનવું, એ પ્રકારે માનવું તે અટકવાનું કારણ છે અથવા આત્માને ઓળખ્યા વિના એ રીતે બીજી બીજી ક્રિયામાં રોકાવું એ પણ કોઈને કોઈ પ્રકારના શુભ ભાવમાં અટકવાનું જ કારણ છે. તેમ કરતાં કરતાં શુદ્ધ ભાવ અથવા મોક્ષમાર્ગ પ્રગટ થશે એવું કદી બનવાનું નથી.

અંતરના ઊંડાણમાં જઈને શુદ્ધ આત્માને ઓળખે. તળિયાં તપાસવાનો અર્થ છે કે, અંતરના ઊંડાણમાં જઈને શુદ્ધ આત્માને ઓળખે તો શુદ્ધ દશા પ્રગટ થાય અને શુદ્ધ આત્મા અંતઃતત્ત્વસ્વરૂપ હોવાથી એને ઓળખવા જતાં એની પરિણામની દિશા સ્વસન્મુખ થાય. અત્યાર સુધી જીવે જે કાંઈ કર્યું છે એ દિશા બદલ્યા વિના કર્યું છે. શાસ્ત્ર ભણ્યો કે તપ તપ્યો પણ બાહ્ય ક્રિયા અને બાહ્ય પરિણામ બહિર્મુખભાવે (કર્યાં છે). એણે જેટલું કર્યું એટલું બહિર્મુખ ભાવે કર્યું છે, આત્મસન્મુખ થઈને કાંઈ કર્યું નથી. પહેલું કાર્ય આત્મસન્મુખ થઈને જે થાય છે તે આત્માને ઓળખવાનું થાય છે અને ઓળખીને પછી અનુભવ થાય છે, એકાગ્ર થવાનું થાય છે. એમ કરવાને બદલે બહારને બહાર કોઈ કાર્ય થાય, પરિણામ થાય એમાં જીવ અટકે છે.

**'અજ્ઞાનીને જરાક કાંઈક આવડે,...'** કોઈ ક્રિયા સારી આવડે અથવા શાસ્ત્રનું જ્ઞાન કાંઈક ધારણામાં વિશેષ રહે **'ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે;...'** ત્યાં તેને અભિમાન થઈ જાય છે એટલે એમાં અહંપણું આવી જાય છે. પર્યાયદૃષ્ટિ હોવાને લીધે અભિમાન થયા વિના રહેતું નથી. અનાદિથી હુંપણું પર્યાયમાં કરી રહ્યો છે અને મૂળસ્વરૂપ જ્યાં અસ્તિત્વ છે – ત્રિકાળી અસ્તિત્વ છે ત્યાં હુંપણું એને આવ્યું નથી. એટલે એને એક સમયની અવસ્થામાં – એક ક્ષણની અવસ્થામાં હુંપણું થઈને એનું અભિમાન થાય છે. ખરેખર તો એ પણ અસત્‌માં સત્‌પણું માનવા જેવું છે. ત્રિકાળી સત્ જે શુદ્ધ પરમ તત્ત્વ આત્મા છે એમાં આત્માનું પોતાનું કાયમી અસ્તિત્વ છે ત્યાં એને અહંપણું થવું જોઈએ, હોવાપણું છે ત્યાં એને હોવાપણું આવવું જોઈએ. એના બદલે ક્ષણવર્તી પર્યાયમાં હોવાપણું કરીને એ ક્ષણવર્તી પર્યાયનો નાશ થાય છે એટલે ભાવમરણ થાય છે. માન્યતાની અપેક્ષાએ એમાં હોવાપણાનો નાશ થાય છે.

મુમુક્ષુ :- મોટી શિબિરો થાય છે એમાં વિદ્યાર્થીઓ તૈયાર થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આપણું શું વળે ? આત્માનું એમાં કાંઈ વળે કે કેમ ? એટલો સવાલ છે. એ તો કહે છે કે, થોડી ધારણા કરી, કાંઈક શુભ ક્રિયા કરી અને 'મેં ઘણું કર્યું છે' એવું એને અભિમાન થાય છે. મેં આ કર્યું... મેં આ કર્યું... મેં આ કર્યું... આટલું કર્યું... આટલું કર્યું... આટલા માણસોને સમજાવ્યા. વિદ્વાન હોય એને શું થાય ? મેં સેંકડોને સમજાવ્યા, મેં હજારોને સમજાવ્યા, હજારોને સંભળાવ્યું એમ થાય. અને સાંભળતો હોય એને એમ થાય કે, મેં હજારો વખત શાસ્ત્રને સાંભળ્યું. આણે સંભળાવ્યું અને આણે સાંભળ્યું. (બધું) બહારને બહાર. સ્વસન્મુખ થયો છે કે નહિ ? એ તપાસ તો એણે પોતાએ કરવાની છે. પોતે સ્વસન્મુખ થયો કે નહિ ?

અભિમાન થઈ જાય છે એટલે એને એ પ્રકારનો ગુણ થયો કે અવગુણ થયો ? અવગુણ થયો. શુભક્રિયા કરે અને શાસ્ત્રની ધારણા કરે એમાંથી ગુણ થવો જોઈએ કે અવગુણ થવો જોઈએ ? આ અવગુણ થયો, એમ કહે છે. અવગુણ થતાં આત્માને દોષ થયો, નુકસાન થયું. અભિમાનનો દોષ એ આત્માને નુકસાન છે. એની શાંતિ પ્રગટ થવાને બદલે અશાંતિ વધશે. પણ શુભ ક્રિયા કરે, શાસ્ત્ર વાંચે અને અશાંતિ વધે ? (તો કહે છે), હા. શાસ્ત્ર વાંચનારા કાંઈક પાગલ થઈ ગયા છે ! કેમકે પછી કલ્પનાએ ચડી જાય અથવા એવું મન નબળું પડી જાય, કારણ કે ધંધો તો એ અશક્તિનો છે. અભિમાન થાય ત્યારે આત્માની શક્તિ હણાય છે. શાંતિ પણ હણાય છે અને શક્તિ પણ હણાય છે, બન્ને હણાય છે. એમાંથી શું થાય ? અશક્તિની અંદર શું થાય ? સંજ્ઞી પ્રાણીને મન સાથે સંબંધ છે તો એને પહેલાં મનના પરિણામ, એની માનસિક સ્થિતિ નબળી પડે છે. આ પરિસ્થિતિ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારાઓને પણ થાય છે. એનું કારણ કે પહેલેથી એણે Line ઊંધી પકડી છે, Line સીધી પકડી નથી.

**'તેને અભિમાન થઈ જાય છે;...'** અભિમાન થવાનું કારણ એ પણ છે કે, **'વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી;...'** આત્મામાં જ્ઞાનસ્વભાવ, જ્ઞાનશક્તિનો અગાધ ભંડાર કેટલો ભર્યો છે, અનંત જ્ઞાન શું ચીજ છે, આત્મા અનંત જ્ઞાનસ્વરૂપી શું ચીજ છે એ એને ખબર નથી. એક ઉઘાડ થયો, ધારણા થઈ ગઈ, ખ્યાલ આવ્યો કે, આ અહીંયાં આમ કહે છે, શાસ્ત્રકાર અહીંયાં આમ કહે છે, ગ્રન્થકાર અહીંયાં આમ કહે છે, એનો ખ્યાલ આવ્યો તો એને એમ થઈ ગયું કે, મને ખ્યાલ પડે છે અને ઘણાંને ખ્યાલ પડતો નથી. માટે મારી વિશેષતા ! ભાઈ ! તું તને ઓળખ તો તને ખબર પડે, ઓળખાણના વિષયમાં એમ આવે છે કે, મારામાં અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત દર્શન, અનંત પુરુષાર્થ, મારી શક્તિઓમાં એક એક શક્તિઓનું અનંત સામર્થ્ય છે અને એવી અનંત શક્તિઓનો એકરૂપ પદાર્થ એવો હું આત્મતત્ત્વ છું !! સાક્ષાત્

સિદ્ધપદસ્વરૂપ પરમાત્મપદ સ્વરૂપ પોતે જ છું, ત્રણલોકનો નાથ પોતે જ છું, એ વાત એને ઓળખાણમાં સમજાય છે. એવી ઓળખાણ થનાર જીવને અધૂરી અવસ્થામાં, અલ્પ વિકસિત અવસ્થામાં કદી પણ અહંપણું થતું નથી.

જુઓ ! જ્ઞાનીને ઊંચામાં ઊંચી કોટિના શુભ પરિણામ હોય છે. એ તો આપણે જોયું ને આમાં ? **'યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે.'** ૪૨મો (બોલ). અને યથાર્થતા વિનાના શુભ ભાવો લૂખા અને ચંચળતાવાળા હોય છે. તેના તે પ્રસંગમાં બે જીવોને શુભ ભાવમાં પણ પરસ્પર ફેર પડી જાય છે. જ્ઞાની અને યથાર્થતાવાળાના શુભ ભાવ જુદાં, તે જ પ્રસંગમાં – તે જ પૂજા, ભક્તિ અને શાસ્ત્ર સ્વાધ્યાય, એક જ ઉદયમાં બન્ને બેઠા હોય, બન્નેને એક જ નિમિત્ત હોય છતાં બન્નેનાં શુભ ભાવમાં ઘણો ફરક હોય છે. જે ઉચ્ચ કોટિના શુભ ભાવો મોક્ષમાર્ગીને – ધર્માત્માને હોય છે, એવા શુભ ભાવો અજ્ઞાનીને હોતા નથી. એવા અજ્ઞાનીથી ઊંચી કોટિના શુભ ભાવો હોવા છતાં તેને તે ભાવોની કદી મુખ્યતા કે અહંપણું કે અભિમાન થતાં નથી. આ વળી વધારાની વિશેષતા છે. પેલાને તો એ કોટિના અને એ કક્ષાના શુભ ભાવ છે નહિ તોપણ એને એનું અભિમાન થાય છે, આને એથી ઊંચી કોટિના છે તોપણ એનું અભિમાન થતું નથી. કેમકે એને એ શુભ ભાવોને તો પોતાના શુદ્ધ પરિણામોથી વિરુદ્ધ જાતના માને છે અને ઘાતક પરિણામ માને છે. આ અશુદ્ધ પરિણામ છે, આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર શુદ્ધ પરિણામ છે અને આ રાગાદિ અશુદ્ધ પરિણામ છે, ભલે શુભ રાગ હોય (પણ એ) અશુદ્ધ પરિણામ છે, તો શુદ્ધથી અશુદ્ધની જાતિ વિરુદ્ધ છે. એમાં શું અહંપણું કરવું ?

એક શ્રીમંત માણસ ઘણાં વખત પહેરેલું કપડું ઉતારી નાખે અને નોકરને દઈ દ્યે કે માગણને દઈ દ્યે, ભિખારાને દઈ દ્યે; ભલે ન ફાટ્યું હોય પણ જૂનું થઈ ગયું હોય, Discolour થઈ ગયું હોય, જૂનું દેખાય એવું થઈ ગયું હોય તો એ આપી દે છે ને ? આ ઘણાં વર્ષથી લીધેલું છે, દસ-પંદર વર્ષથી એમને એમ લીધેલું છે, ઘણાં કપડાં હોય એટલે પહેરવાનો વારો ઝાઝા વખતે આવે. હવે આ ઘણું જૂનું (થઈ ગયું) છે, એને આપી દો. સારું છે તોપણ આપી દો. તો જે વસ્તુ કાઢી નાખે છે એમાં પોરો ખાવાનો ક્યાં સવાલ છે ? (પણ જેને આપે છે એવા ગરીબ માણસને એ કપડાંમાં હોંશ આવે છે). આ બહુ સારું છે મને બહુ સારું છે એવું અજ્ઞાની જીવને માનસિક દારિદ્ર્ય છે. ગરીબાઈને લઈને એને એમ થાય છે. જેમ ગરીબાઈને લઈને એને જૂનું કપડું પણ સારું લાગે છે, વાહ-વાહ કરે છે, એમ માનસિક દારિદ્ર્યને લઈને અશુદ્ધ પરિણામમાં પણ જીવ હોંશ કરે છે. મેં આવા શુભ ભાવ કર્યાં, મેં આમ કર્યું, મેં આમ કર્યું, મેં વ્રત લીધું, મેં ફલાણું કર્યું, મેં શાસ્ત્ર વાંચ્યું. (પણ) તારા પરિણામ તો શુદ્ધ નથી

એનું શું ? શુદ્ધ પરિણામવાળાને તો અશુદ્ધ પરિણામ કાઢી નાખવાની ચીજ છે, રાખવાની ચીજ નથી. અથવા જ્ઞાનનો ઉઘાડ છે. બુદ્ધિનો ઉઘાડ એમ લીધું ને ? **'તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિ...'** વગેરેમાં વૈરાગ્ય હોય, બુદ્ધિનો ઉઘાડ હોય, કષાયની મંદતા હોય – વગેરે. આદિમાં એ બધું આવી જાય છે. વગેરેમાં **'સંતોષાઈ, અટકી જાય છે.'** પહેલાં એકલું **'અટકી જાય છે'** એમ લીધું હતું. **'આગળ વધવાને બદલે અટકી જાય છે.'** પણ 'મેં ઘણું કર્યું' એમાં સંતોષ આવે જ છે.

કોઈ એમ કહે કે, ઘણું કર્યું એવું નથી લાગતું પણ માત્ર ખ્યાલ રહે છે કે એક કલાક વાંચન કર્યું અથવા એક કલાક પૂજા કરી. આપણે તો બે દૃષ્ટાંત એટલા માટે લઈએ છીએ કે આપણી બે ક્રિયા ચાલે છે, વધારે ક્રિયામાં નથી. તો એ સમયની જે ગણતરી કરી એ સંતોષાવાનો એક પ્રકાર છે. એ સંતોષાવાનો એક પ્રકાર છે. ઘરે જઈને કોઈ દિવસ કોઈ મા-બાપ એમ વિચારે છે કે, આજ તો મેં મારા દીકરાને બન્ને ટંક ખવડાવ્યું, છોકરાને મેં એક ટંક ખવડાવી દીધું. એમ ગણતરી કર્યા કરે છે ? મહિનામાં સાઠ વખત તો મેં જમાડ્યો – એમ કોઈ ગણતરી કરે છે ? જ્યાં પોતાપણું છે ત્યાં ગણતરી નથી. છે ? પોતાપણું છે ત્યાં ગણતરી નથી. મમત્વ છે, અભેદબુદ્ધિ છે ત્યાં એને ગણતરી નથી થતી. અહીંયાં એને, મેં એક કલાક વાંચ્યું, મેં એક કલાક પૂજા કરી, મેં આટલા વ્રત કર્યાં, મેં આનો ત્યાગ કર્યો, મેં આ કર્યું, મેં આ કર્યું, આ કર્યું... એ જે ગણતરી છે એમાં એ પારકાનો હિસાબકિતાબ કરે છે. હિસાબકિતાબ કોની સાથે થાય ? પારકા સાથે થાય. છોકરાને પૈસા વાપરવા આપે તો એ ખાતે માંડે ? નાનપણથી જો તને આટલા તો વાપરવામાં આપ્યા હતા, આટલો તો તારા કપડાંમાં ખર્ચ કર્યો, આટલી તો તારી નિશાળમાં ફી ભરી... એમ કાંઈ ખાતે માંડે છે ? એનો હિસાબ ગણે છે કે, મેં કેટલા ખર્ચ્યા ? હિસાબ ઘરવાળાની સાથે થતો નથી. પારકો થાય પછી થાય. પછી ઈ જ છોકરો તારું-મારું કરવા માંડે તો પાછો (હિસાબ) થાય કે, જો તું આટલું લઈ ગયો, આટલું આટલું તું વધારે લે છે, પછી ઈ હિસાબ ગણે કે, હવે તને આટલું નહિ દઉં. ત્યાં પોતાપણું મટી ગયું, ખલાસ થઈ (ગયું), વાત પૂરી થઈ. જ્યાં પોતાપણું છે ત્યાં હિસાબ નથી. આ સીધી વાત છે. તેનો તે પાત્ર હોય, તેનો તે જીવ હોય, તેનો તે પ્રસંગ હોય છતાં આ ફરક પડે છે. એમ જ્યારે જીવ મેં ઘણું કર્યું, મેં કેટલુંક કર્યું, મેં આટલું કર્યું એવી ગણતરી ભલે અંદરમાં ગણે ત્યારે એણે આત્મા માટે કાંઈ નથી કર્યું, એણે પોતાના માટે કાંઈ કર્યું નથી. જાણે કો'કના માટે કરતો હોય અને એનું સપાડું ચડાવતો હોય, પારકાને જમાડે ત્યારે એમ કહે ને કે, તમે આટલી વખત અમારા ઘરે જમી ગયા. ઘરનાને કોઈ કહે કે, તમે આખી જિંદગી મારે ત્યાં જમ્યા, એમ કોઈ કહે ? એવું કાંઈ કહેવાય ? ગણતરી થવી એ એવું વિચિત્ર કાર્ય છે. થોડીક તપાસ

કરે તો બધું સમજાય એવું છે. આ તપાસ્યા વગર એમને એમ ચાલ્યું જાય એવું છે. તપાસ ન કરે તો એમને એમ (ચાલ્યો જાય તો) શું પોતે ગડબડ કરે છે ? શું ઊંધાઈ કરે છે ? પોતે પોતાના માટે કેટલું ઊંધું કરે છે એની એને ખબર રહેતી નથી.

અહીંયાં કહે છે કે, જો તને તારા અગાધ સ્વભાવનો... અગાધ એટલે જેને છેડો નથી, જેને હદ નથી, જેને માપ નથી એવા અપરિમિત – જેનું કોઈ પ્રમાણ કાઢી શકાતું નથી; (એવા) અપરિમિત સ્વભાવનો – સ્વરૂપનો ખ્યાલ હોય તો એને થોડી બુદ્ધિ ઊઘડે, થોડું જ્ઞાન વિકસે તો એમાં એને મેં ઘણું કર્યું, મને ઘણું જ્ઞાન થયું એવું એને થતું નથી. એવું એને ન થાય. કેમ ? કે, જ્યારે જ્ઞાન પૂરું ઊઘડે છે ત્યારે કેવળજ્ઞાનસ્વરૂપે પ્રગટ થાય છે અને એ કેવળજ્ઞાન પાસે ગણધરદેવનું અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરવાવાળું જે લબ્ધિવાળું જ્ઞાન છે એ જ્ઞાન પણ ગણધરદેવને સમુદ્રમાં એક બિંદુ જેટલું લાગે છે. કેવળજ્ઞાનનો જે સમુદ્ર છે (એની સામે એક બિંદુ જેવું લાગે છે). ભગવાનની સ્તુતિ પણ એવી રીતે કરે છે. ગણધરદેવ એવી રીતે ભગવાનની સ્તુતિ કરે છે કે, અહો ! ક્યાં આપનું કેવળજ્ઞાન અને ક્યાં મારું અનંતમા ભાગે અલ્પ જ્ઞાન !

મુમુક્ષુ :– બાર અંગનું જ્ઞાન એટલે અલ્પ જ્ઞાન !

પૂજ્ય ભાઈશ્રી :– અલ્પ એટલે અનંતમા ભાગે અલ્પ જ્ઞાન ! થોડું-ઘણું નહિ પાછું અનંતમા ભાગે અલ્પ જ્ઞાન છે. એમણે તો વાણી સાંભળી છે, ભગવાનની વાણી સાંભળી છે. એ લબ્ધિમાં નિમિત્ત ભગવાનની વાણી – દિવ્યધ્વનિ છે. પણ ખરેખર તો કેવળજ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ જણાય છે તેનાથી અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે છે. જે કેવળજ્ઞાનમાં જણાય તેનાથી અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે છે અને દિવ્યધ્વનિમાં આવે તેનાથી અનંતમા ભાગે શાસ્ત્રારૂઢ થાય છે. એટલું બધું તો દિવ્યધ્વનિમાં આવે છે ! તો જ્ઞાન તો અનંતથી અનંત થયું ! અને જ્ઞાનસ્વભાવ એક કેવળજ્ઞાનની પર્યાયથી અનંતગુણ છે !! એક જીવનો પોતાનો જ્ઞાનસ્વભાવ એ કેવળજ્ઞાનથી અનંતગુણ સમૃદ્ધ છે ! કેમકે કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે (અને) સ્વભાવ એથી અનંતગુણ છે. એવા અગાધ સ્વભાવનો જેને ખ્યાલ નથી (તેને અલ્પ ઉઘાડમાં સંતોષ થાય છે).

મુમુક્ષુ :– અત્યારે હયાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અત્યારે મોજૂદ છે, હયાત છે. મનુષ્ય આમ ઊભો છે ને ? (એટલે) 'ગુરુદેવ' એમ કહેતાં કે, બાપુ ! તું તો કેવળજ્ઞાનની કાતળી છો ! એમ કહે. શું કહે ? કેવળજ્ઞાનની કાતળી ! આ શેરડીનો ઊભો સાંઠો હોય છે ને ? એની બે ગાંઠ વચ્ચેના ભાગ(ને) કાતળી કહેવામાં (આવે છે). બે ગાંઠ કાપીને આપે. (એમ કહે કે) કાતળી કરીને આપો. એની અંદર એકલો રસ ભર્યો છે. એમ આત્મામાં જ્ઞાનનો અગાધ રસ ભર્યો છે. આત્મા અનંત જ્ઞાનની

કાતળી છે. એનું ભાન નથી, એનો ખ્યાલ નથી એટલે થોડીક બુદ્ધિ વધે, થોડુંક શાસ્ત્ર વાંચતા આવડે, થોડોક જ્ઞાનનો વિકાસ થાય તો એને એમ થાય કે, આ..હા..હા...! બહુ વધી ગયો ! હું તો બહુ વધી ગયો ! દેડકાએ સમુદ્ર જોયો ન હોય ત્યારે એને ખાબોચિયામાં પડ્યા પડ્યા એમ થાય કે, અહીંયાં જેટલું પાણી છે એટલું દુનિયામાં બીજે ક્યાંય પાણી જ નહિ હોય ! હું જ્યાં, જે પાણીમાં રહું છું એ પાણી જેટલું તો દુનિયામાં ક્યાંય પાણી નહિ હોય ! તો કહે કે, કેટલું પાણી (છે) ? કે, જુઓ ! છલાંગ મારું છું. આટલી લાંબી છલાંગ મારું તોપણ સામે કાંઠે માંડ માંડ પહોંચું એટલું બધું પાણી છે ! એને તો એની છલાંગ પણ મોટી દેખાય છે અને પાણી પણ મોટું દેખાય છે. એ ખાબોચિયાના દેડકા જેવું થાય છે, જ્યારે જીવ બુદ્ધિના અભિમાનમાં સપડાય છે, ફસાય છે ત્યારે એ ખાબોચિયાના દેડકા જેવો છે. કેવળજ્ઞાનનો સમુદ્ર કેવડો છે એની એને ખબર નથી. દરિયાના કાંઠે રહેલો કોઈ દેડકો આવે, એ ખાબોચિયાના દેડકાની વાત સાંભળે ત્યારે એને હસવું આવે કે, આણે બિચારાએ સમુદ્ર જોયો નથી એટલે એને એમ થાય છે કે મારા ખાબોચિયા જેટલું તો દુનિયામાં ક્યાંય પાણી જ નહિ હોય, ક્યાંય પાણી નહિ હોય.

વસ્તુના અગાધ સ્વરૂપનો ખ્યાલ નહિ હોવાને લીધે જીવ **'બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે.'** અહીં સુધી અજ્ઞાનીની વાત લીધી છે. **'જ્ઞાનીને...'** તો... હવે એની સમીક્ષા કરે છે, સામે વિરુદ્ધ વિષય લ્યે છે. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી...'** એના જ્ઞાનમાં પરિપૂર્ણ આત્મસ્વભાવ કેવડો અને કેટલો છે એ એના લક્ષમાં હોવાથી, એના જ્ઞાનમાં હોવાથી અને એટલું જ્ઞાન પ્રાપ્ત કરવાનું બાકી છે એમ પણ એના ખ્યાલમાં એટલે લક્ષમાં હોવાથી **'તે અંશમાં અટકતો નથી.'** થોડા ઉઘાડમાં એને અટકવું બનતું નથી.

જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાને લીધે, લક્ષની અંદર તો ઘણી વાત છે કે, કેટલું બાકી છે અને કેટલું શરૂ કર્યું એ એને માપ છે. ચોથા ગુણસ્થાને હોય કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોય કે જ્ઞાનમાં લબ્ધિ પ્રગટ થઈ હોય તોપણ એને લક્ષમાં છે કે કેવળજ્ઞાન શું ચીજ છે ! અથવા મારો અગાધ સ્વભાવ કેટલો અને કેવડો છે એ એને ઓળખાણ વખતે, સમ્યગ્દર્શન પહેલાં ઓળખાણ થતાં જ્ઞાનમાં આવી ગયેલું છે. એટલે એને **'પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી.'** એને ઉઘાડ વધે છે, વધતો જાય છે એનો ખ્યાલ એને આવે છે કે, પહેલાં કરતાં ઉઘાડની અંદર ઘણો ફેર છે. પહેલાં નહોતું સમજાતું એ સહેજે સમજાય છે. ઉઘાડ ફરે છે, બદલતો જાય છે. જ્ઞાનનો વિકાસ થતો જાય છે. નિર્મળતા વધતી જાય, સૂક્ષ્મતા વધતી જાય તોપણ પરિપૂર્ણ નિર્મળ અને પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન કેટલું અને કેવું, કેવડું હોય છે એના ખ્યાલમાં એને કદી પણ એનું અભિમાન થવાનો પ્રસંગ આવતો નથી.

'ગુરુદેવ'ને એકવાર (એક મુમુક્ષુ ભાઈએ) પૂછ્યું હતું. ('ગુરુદેવશ્રી') સાંજે આંટા મારતા હતા (ત્યારે) વાત-વાતમાં 'ગુરુદેવે' એમ કહ્યું કે, હમણાં અંદરમાં આ વાંચવાનું ઘણું ચાલે છે. અંદરમાં એટલે રૂમમાં આનું વાંચન ઘણું ચાલે છે. (કોઈ) શાસ્ત્ર આવ્યું હશે. તો (આ ભાઈએ) પૂછ્યું કે, સાહેબ ! હજી તમારે વાંચવાનું હોય ? આપને તો ઘણું જ્ઞાન છે ! પછી વાંચવાનું શું ? એવી સમજણથી (પૂછ્યું કે) જેને જ્ઞાન ન હોય એ પુસ્તક વાંચીને જ્ઞાન મેળવે. આપને તો ઘણું જ્ઞાન છે ! આપને એટલું બધું જ્ઞાન છે કે, આપને શું વાંચવાનું હોય ? તો કહે, ના, ના ! હજી આ જ્ઞાન કાંઈ નથી. શું કીધું ? આ જે વર્તમાન જ્ઞાન છે, ભલે કોઈ શાસ્ત્ર ભણીને કે પંડિત રાખીને કે શીખીને જ્ઞાન નથી થયું. જ્ઞાન તો અંદરથી ખુલ્યું છે અને ખીલ્યું છે. તોપણ કેવળજ્ઞાન શું ચીજ છે અથવા આચાર્યોના જે શાસ્ત્રો છે એમના જ્ઞાનનું ઊંડાણ અને વિશેષતા કેટલી બધી છે, એ બધું ખ્યાલમાં હોય છે. પોતાથી વિશેષ ગુણસ્થાનમાં બિરાજમાન છે એવા મુનિઓએ અને આચાર્યોએ જે સત્‌શાસ્ત્રો રચ્યા, એની અંદર જે વિષયનું ઊંડાણ છે, ત્યાં પોતાનું જ્ઞાન હજી પહોંચતું નથી એ ખ્યાલમાં આવે છે. કેવળજ્ઞાનની વાત તો ક્યાંયની ક્યાંય છે અને પોતાનો જ્ઞાનસ્વભાવ કેવડો, કેટલો છે અને એ અંદરથી પૂરોપૂરો ખીલવો અને ઊઘડવો બાકી છે, એ પણ બધું ખ્યાલમાં – લક્ષમાં હોય છે. (તેથી) એ અંશમાં અટકતા નથી. એને ક્યારેય પણ ઘણું થઈ ગયું એ વાત આવતી નથી. કેમકે એને ખ્યાલ છે કે, આ કેટલું અધૂરું છે, કેટલું બાકી છે.

એક બોલ એવો આવશે કે, દ્રવ્યલિંગીને મેં ઘણું કર્યું એમ લાગે છે અને જ્ઞાનીને ઘણું બાકી છે, મારે હજી ઘણું બાકી છે, ઘણું બાકી છે એમ આવે છે. બે વચ્ચે ફેર છે. એવો એક બોલ આગળ આવે છે, નંબર યાદ નથી. એને એમ લાગે છે કે, મેં ઘણું કર્યું, મેં ઘણું કર્યું... જ્ઞાની-અજ્ઞાનીની (સમીક્ષા) છે એમાં જ આવશે. આવો જ વિષય થઈ ગયો ને ? આપણે તારવ્યું છે. ૪૫ પછી ૧૭૪, ૧૯૯, ૩૨૭ અને ૩૫૦ ચારમાંથી કોઈ એક બોલમાં હશે. ૧૯૯માં છે. ૬૪મા પાને નીચે છે.

**'દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, 'આ રાગની મંદતા, આ અઠ્યાવીસ મૂળગુણ, – બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે;...'** ત્યાં પણ 'સંતોષ' શબ્દ વાપર્યો છે. **'પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી ? આ અંતરમાં શાન્તિ કેમ દેખાતી નથી ? પાપભાવ ત્યાગી 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે. સાચા આત્માર્થીને અને સમ્યક્‌દૃષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી...'** કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી **'ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને...'** એવી ભાવના રહે

તો જ **'પુરુષાર્થ અખંડ ટકી શકે.'** અથવા તો જ પુરુષાર્થ વધી શકે. નહિતર એને વધવાનું કારણ રહેતું નથી.

બીજું, દર્શનમોહના દષ્ટિકોણથી વિચારીએ તો દ્રવ્યલિંગી અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોવા છતાં પણ, દ્રવ્યલિંગી અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોવા છતાં પણ એને જે સંતોષ થાય છે ત્યાં એને દર્શનમોહ તીવ્ર થાય છે. ચારિત્રમોહ ઘણો ઘટે છે, મંદ થાય છે પણ દર્શનમોહ તીવ્ર થાય છે. તો જેને ચારિત્રમોહ ઉપરથી દબાય એને દર્શનમોહ તીવ્ર થાય, એને પાછો ચારિત્રમોહ તીવ્ર થયા વિના રહે નહિ. એને તીવ્ર થાય, થાય ને થાય જ. રોગ મૂળમાંથી તો જાય જ નહિ. એનો ચારિત્રમોહ મૂળમાંથી તો જાય જ નહિ, અભાવ થાય નહિ. દબાય ખરો, મંદ થાય, વળી પાછો તીવ્ર થઈ જાય. Temporary દબાય, બહુ બહુ તો તે પર્યાય, તે આયુષ્ય પૂરતો દબાય. બાકી પાછો ઉછાળો મારીને બહાર આવી જાય છે. એ દબાયેલો બહાર આવે, ભારેલા અગ્નિની જેમ ભભૂકે. એ પરિસ્થિતિ થયા વિના રહે નહિ. એટલે વર્તમાન અવસ્થામાં સંતુષ્ટ થવું એ મિથ્યાત્વ છે અને સંતોષ થાય ત્યારે મિથ્યાત્વનો રસ વધે, મિથ્યાત્વની શક્તિ વધે અને મિથ્યાત્વ તીવ્ર થાય. કોઈપણ અવસ્થામાં ! જ્ઞાની તો દર્શનમોહનો અભાવ થયો હોવાને લીધે કોઈ પણ અવસ્થામાં એને સંતોષ થવાનો પ્રશ્ન થતો નથી. એ તો નીચે લેશે કે, અંશમાં તો અટકતો નથી પણ પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો અને તે પ્રગટ્યો એમાં નવીન શું ? એમ કહે છે. મિથ્યાત્વમાંથી ચોથે ગુણસ્થાને આવ્યો એમાં સંતોષ માનવાનો તો પ્રશ્ન નથી. ચોથા ગુણસ્થાનમાંથી પાંચમા ગુણસ્થાને આવ્યો અને સંતોષ પકડ્યો એ વાત પણ નથી અને છઠ્ઠા-સાતમા (ગુણસ્થાનની) મુનિદશા આવી તો હું આગળ વધી ગયો, એમ પણ એને નથી. એમ તો નથી પણ એમ કહે છે કે, અહીં તો પૂર્ણ પર્યાય પ્રગટી – કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત વીર્ય, અનંત સુખ પ્રગટ્યું એમાં શું છે ? એ તો મારામાં હતું એ બહાર આવ્યું છે. એમાં પણ કોઈ નવી વાત થઈ છે કે વધુ પડતી વાત થઈ છે એવું તો કાંઈ નથી. કોઈ માણસ પોતાના ખીસામાં પાકીટમાં રહેલાં પૈસા વાપરે એમાં આશ્ચર્ય શું ? સો રૂપિયાની નોટ હતી એ વાપરી કે, ભાઈ ! ચાલો આ ચીજ મને આપો, તો એમાં આશ્ચર્ય શું ? એ તો એની પાસે છે એણે વાપર્યું, હતું ઈ વાપર્યું છે. એમ અંદરમાં કેવળજ્ઞાન હતું ઈ બહાર આવ્યું છે, અનંત સુખ હતું એ બહાર આવ્યું. એમાં કોઈ નવીન વાત છે નહિ, એ તો સામાન્ય વાત છે. એ તો હતું એ બહાર આવે, હોય એ બહાર આવે, જે અંદર હોય એ બહાર આવે એ તો સીધી વાત છે. એમાં કાંઈ વધુ પડતું થઈ ગયું છે એમ માની લેવાની જરૂર નથી. હા, ન હોય એવું બને તો એમ થાય કે, આ કાંઈક નવીન વાત થઈ ! પણ ચેતન કાંઈ જડ થાય નહિ અને જડ ચેતન થાય નહિ. એવું (– જડ ચેતન) થાય તો હજી નવીન કહેવાય,

પણ એવું તો કાંઈ રજકણમાં જ્ઞાન થાય નહિ અને જ્ઞાન હોય એ કદી જડપણું પામે નહિ.

મુમુક્ષુ :- આવા મોટા ભગવાન થયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ એમ કહે છે કે, બધાય આવા મોટા ભગવાન જ છે ! શું કહે છે ? બધાય આવડા મોટા ભગવાન જ છે. જેટલા આત્માઓ છે એ બધા આવડા મોટા ભગવાન જ છે. કોઈ નાનો છે ને કોઈ મોટો છે એમ હું જોતો નથી. 'ગુરુદેવ' એક પદ બહુ હલકથી ગાતા હતા. 'આનંદઘનજી'નું છે કે 'દેવચંદજી'નું (બહુ યાદ નથી). 'પ્રભુ તુમ જાણગ રીતિ, દેખતા હો સહુ લાલ, શુદ્ધ સત્તાએ સૌને પેખતા હો લાલ...' શુદ્ધ સત્તા એટલે બધાયની સત્તાએ તો બધા શુદ્ધ પરિપૂર્ણ ચૈતન્યબ્રહ્મ આત્મા છે. આ મારાથી નીચો છે એ વાત એને નથી. અવસ્થાનું જ્ઞાન રહે છે, જેની જેટલી અવસ્થા હોય એનું જ્ઞાન રહે છે, પણ એ મુખ્ય કરવાની ચીજ નથી. મુખ્ય તો એને જે મૂળ સ્વરૂપ મોટું છે તે મુખ્ય છે. જે ખરેખર મુખ્ય કરવાલાયક છે તે જ મુખ્ય રહે છે. કેમકે સ્વરૂપ મોટું છે, અવસ્થા મોટી નથી.

મુમુક્ષુ :- ૭૫ પાને ૨૧૬ નંબરનો બોલ પણ આવો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૧૬ ? એ દૃષ્ટિ અપેક્ષાથી વાત લીધી છે. દ્રવ્યદૃષ્ટિ જ્યારે પ્રગટ થાય છે ત્યારે દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ પર્યાયને સ્વીકારતી નહિ હોવાને લીધે, એમ છે ખરેખર તો. 'મને સમ્યગ્દર્શન થયું કે મને અનુભવ થયો' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. **'તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી,...'** ઈ તો પૂર્ણ પર્યાયને પણ કાઢી નાખે છે, એમ કહે છે. એ દૃષ્ટિ અપેક્ષાએ વાત છે. જ્ઞાનમાં તો જાણે કે, પહેલાં ઓછો વિકાસ હતો પછી વધુ વિકાસ થયો, આ ગુણસ્થાન આગળ આવ્યું તો શુદ્ધતા વધી, નિર્મળતા વધી, ઘણી નિર્મળતા વધી, ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાન થયું, શુક્લધ્યાનમાંથી કેવળજ્ઞાન થયું – એમ જ્ઞાન જાણે, દૃષ્ટિ તો કોઈને સ્વીકારતી નથી. અહીં દ્રવ્યદૃષ્ટિનો વિષય ચાલે છે. એટલે દ્રવ્યદૃષ્ટિ છે એ તો દ્રવ્ય ઉપર સ્થપાયેલી રહે છે. એ તો પોતાના પૂર્ણ જ્ઞાનબ્રહ્મ આત્માને માત્ર પોતાસ્વરૂપે સ્વીકારે છે અને એને છોડીને સાથે સાથે રહેલી અવસ્થા અથવા સ્વયંને પોતાને પણ દૃષ્ટિ જોતી નથી. દૃષ્ટિ એ ન તો અવસ્થાની શુદ્ધતા-અશુદ્ધતાને જોવે છે કે ન તો દૃષ્ટિ પોતાને પણ જોવે છે. પોતાને એટલે દૃષ્ટિ દૃષ્ટિને જોતી નથી. દૃષ્ટિ સ્વયં સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શનને જોતી નથી. એનો વિષય એકલો ધ્રુવ દ્રવ્ય આત્મા છે. આમ છે. આ એક જબરજસ્ત ગુણ છે આત્મામાં ! એ એક જ કામ કરે છે કે, માત્ર એક ધ્રુવને પકડીને બેસી જાય છે. એટલે બીજાં બધા ગુણોમાં એની ઉપાદેયતા ઊભી થઈ જાય છે. વસ્તુનો ગુણ હોવાથી – દૃષ્ટિ પોતે પણ વસ્તુનો ગુણ હોવાથી વસ્તુના બીજાં ગુણોમાં પણ ધ્રુવની ઉપાસના ચાલુ થઈ જાય છે. આને તો બીજો વિષય જ નથી. કોઈ પોતે પોતાને ભૂલે છે ? દૃષ્ટિ સ્વયં એટલી બધી પોતાના વિષયની અંદર

એકત્વ કરે છે કે પોતાને ભૂલીને એકત્વ કરે છે ! એવી રીતે એકત્વ કરે છે. **‘બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.’** આની અંદર દ્રવ્યદૃષ્ટિના ઘણાં બોલ છે. આ શાસ્ત્રમાં પણ દ્રવ્યદૃષ્ટિનાં ઘણાં બોલ છે.

મુમુક્ષુ :– આમ દૃષ્ટિ આંખો રહિત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે કોઈને જોતી નથી, એકને જ જોવે છે. પોતાના પૂર્ણ પરમાત્મા સિવાય કાંઈ જોતી નથી. કેવળજ્ઞાન થયું એને ન જોવે. સમ્યગ્દર્શન થયું ત્યારે મતિ-શ્રુત જ્ઞાન હતું અને જ્યારે તેરમા ગુણસ્થાને અરિહંત દશા પ્રગટ થઈ ત્યારે કેવળજ્ઞાન થયું. દૃષ્ટિને કાંઈ એની સ્પૃહા નથી. દૃષ્ટિને સમ્યગ્દર્શનની ચોથા ગુણસ્થાનની કે તેરમા ગુણસ્થાનની કોઈ સ્પૃહા નથી. એવી નિસ્પૃહ દૃષ્ટિ છે એમ કહે છે. દૃષ્ટિ પોતે એવી નિસ્પૃહ છે, એમ કહે છે. એને એક પોતાનો પરમાત્મા મળી ગયો એટલે એનું સર્વસ્વ મળી ગયું અને સર્વસ્વ મળી ગયું એટલે વાત પૂરી થઈ ગઈ. હવે મારે કાંઈ બીજાની સામે જોવાનું રહેતું નથી. દૃષ્ટિનું કામ આવું છે. આ એક દૃષ્ટિનું પરિણમન પ્રારંભથી થાય છે, મોક્ષમાર્ગની શરૂઆતથી થાય છે એટલે આત્માનું ભવન ફરી જાય છે. નથી કહેતાં ? એનું ભવન ફરી ગયું. ગાંડો થાય ત્યારે ભવન ફરી ગયું એમ (કહે છે). એક ન્યાયે તો જગતની દૃષ્ટિએ આત્મા પાગલ થઈ જાય છે. જગતના જે વ્યવહાર છે એ વ્યવહાર જ્ઞાની કોઈવાર ચૂકી જાય તો લોકો એને એમ કહે કે, આ માણસ ક્યાંય વ્યવહારમાં હવે રહ્યો નથી, ક્યાંય આવતો નથી, ક્યાંય જાતો નથી, ક્યાંય હળતો નથી, ક્યાંય ભળતો નથી, ક્યાંય મળતો નથી, વ્યવહાર રાખતો નથી; પણ એને લોકલાજ આડી આવતી નથી. ‘લોકલાજ સબ ડારી’ એને પછી કાંઈ લોકલાજ નથી. જેને જેમ આંકડા મૂકવા હોય એમ મૂકે, આ પોતાની દૃષ્ટિના વિષયમાં મસ્ત છે ! એને તો એનું સર્વસ્વ પરમાત્મતત્ત્વ મળી ગયું વાત પૂરી થઈ ગઈ. પછી એને કાંઈ જોવું નથી. જગત જગતના ઘરે, લોકો લોકોના ઘરે. લોકસંજ્ઞા જ એને ઉત્પન્ન થતી નથી. એને લોકસંજ્ઞા નથી થતી. આ એક વિશિષ્ટ પ્રકાર છે !! બહુ મસ્તીનો વિષય છે. દૃષ્ટિનો વિષય એવા પ્રકારનો છે.

કહે છે કે, જ્ઞાનમાં ખ્યાલ આવે કે પૂર્ણ પર્યાય પ્રગટ થાય, તો કહે છે, એમાં પણ શું ? સ્વભાવ હતો તે પ્રગટ્યો. એમાં નવીન શું છે વળી ? વિશેષતા શું છે ? **‘તેથી જ્ઞાનીને...’** પર્યાયમાં **‘અભિમાન થતું નથી.’** ઘણી વિશેષતા થાય, સૌથી વિશેષતા થાય તોપણ એ પર્યાયદૃષ્ટિએ ઊંચાપણું-નીચાપણું કરીને અભિમાન કરતો નથી. અભિમાન તો તે જીવ કરે છે કે, જેની દૃષ્ટિ નીચે છે એ નીચેવાળાને ગણીને પોતાને ઊંચો ગણે છે. નીચદૃષ્ટિમાં અભિમાન થાય છે. સમદૃષ્ટિમાં અભિમાન થવાનો પ્રશ્ન રહેતો નથી અથવા પૂર્ણતાની દૃષ્ટિમાં અભિમાન થતું નથી.

અહીં સુધી રાખીએ.

✽ ✽ ✽

પરિપૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનું 'ધ્યેય બાંધીને' જ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન આદરવા જેવો છે. ઉક્ત ધ્યેય બાંધ્યું છે, તેનું લક્ષણ એ છે કે, ત્યાર પછી સર્વ પ્રકારની ધર્મ પ્રવૃત્તિમાં, ધ્યેય લક્ષના સ્થાને રહી – વિસ્મરણ થતું નથી, અને તેથી ઉપદેશ બોધના પરિણમનમાં આવવું સહેજે થાય છે, પછી પણ પદાર્થ- નિર્ણય થઈ, યથાર્થ નિશ્ચયનો પક્ષ થઈ, પક્ષાંતિક્રાંત થવા સુધીમાં કયાંય પણ વિપર્યાસ થઈ, માર્ગની અપ્રાપ્તિ થાય તેવું કાંઈ પણ બનતું નથી - પરંતુ પાયામાં ઉક્ત પ્રકારે જો શરૂઆત ન હોય તો સ્થૂળ કે સૂક્ષ્મપણે અયથાર્થતા રહી જવાથી, માર્ગની અપ્રાપ્તિ હોય છે. અથવા યથાર્થપણે સ્વરૂપ નિશ્ચય જ થઈ શકતો નથી, કે જે માર્ગ પ્રાપ્તિનું કારણ છે. તેથી 'પૂર્ણતાના લક્ષે શરૂઆત'નું મહત્વ ઘણું છે.

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૫૯૧)

**જીવન આત્મામય જ કરી લેવું જોઈએ. ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે; તે વર્તમાન પાત્ર છે. ૪૬.**

## તા. ૨૧-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૬, ૪૭
## પ્રવચન નં. ૪૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૭, ૪૬મો બોલ છે. પાત્રતાની વાત લીધી છે. પાત્રતામાં વર્તમાન પાત્ર અને ગર્ભિત પાત્રતા (એમ) બે ભેદ છે. એમાં અહીંયાં વર્તમાન પાત્રનું લક્ષણ બતાવ્યું છે. શું કહે છે ? કે, **'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.'** વાત ચાલે છે મુમુક્ષુની દશાની. મુમુક્ષુ જીવે જીવનને આત્મામય જ કરી લેવું જોઈએ અથવા દરેક પ્રસંગમાં આત્માનું લક્ષ રહે એવું મુમુક્ષુ જીવનું પરિણમન હોવું જોઈએ. પરિણમન કહો કે જીવન કહો, એક વાત છે. પરિણમન એ જીવન છે, જીવન એ પરિણમન છે.

મુમુક્ષુનું જીવન કેવું હોય ? કે, આત્મામય હોય. એને સર્વ પ્રસંગમાં પોતાનો આત્મા જ મુખ્ય હોય – એવું એનું પરિણમન હોવું જોઈએ. અહીંયાં આત્મામય એટલે જે જ્ઞાનદશા છે એ સ્થિતિ હજી મુમુક્ષુની નથી તોપણ જેને આત્મભાવનો રસ છે, સ્વભાવનો રસ છે અને બીજાં અન્ય ભાવો છે – સ્વભાવ સિવાયના જે અન્ય ભાવો છે એની મુખ્યતા નથી, એમાં

રસ નથી, એમાં જેના પરિણામ રંજાયમાન થતાં નથી એવું જીવન હોવું જોઈએ. અહીંયાં શું કહેવું છે ? કે, અંદરમાં હજી અંતર્મુખ થાય એવી સ્થિતિ ભલે ન આવી હોય, એમ કહેવું છે. નીચે એ વાત લીધી છે કે, **'ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય...'** આ સ્વભાવ અને આ વિભાવ એમ બે વચ્ચે ભેદજ્ઞાન થઈ જાય એવી ઉપયોગની સૂક્ષ્મતા ન આવી હોય. એ સૂક્ષ્મતા તો સમ્યગ્દર્શન પામવાના નજીકના કલાકોમાં કે મિનિટોમાં હોય છે, એવી સ્થિતિ ભલે ન પહોંચી શકી હોય, એવું ન કરી શકતો હોય, એટલે હદ સુધી ભલે ન પહોંચ્યો હોય. જે જીવ સમ્યગ્દર્શન પામ્યો કે પામશે, એવી સ્થિતિવાળાને તો ઉપયોગ અંતરમાં ઘણો સૂક્ષ્મ થઈને સ્વભાવને અને વિભાવને ભિન્ન ભિન્ન જાણે છે. થોડો સમયાંતર થઈ જાય છે પણ બન્નેની જાતિ એણે જુદી જાણી છે અને ઉપયોગમાં પણ સૂક્ષ્મતા એટલી આવી ગઈ છે કે, જ્ઞાન જુદું છે અને રાગ જુદો છે એવું જેને સ્પષ્ટપણે જણાય છે. બન્નેની મર્યાદા – બન્ને ભાવોની મર્યાદા સૂક્ષ્મ ઉપયોગમાં ગ્રહણ થાય છે. જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં જ્ઞાન નથી એવું બરાબર એને સમજાય છે, ચાલતા પરિણમનમાં ઉપયોગની સૂક્ષ્મતાને લીધે (સમજાય છે). એવી સ્થિતિએ ભલે ન પહોંચી શક્યો હોય, એમ કહે છે. નહિતર એમ કહે છે કે, ભાઈ ! એવી સૂક્ષ્મતા હજી આવી નથી શું કરવું ? આ એક પ્રશ્નનો ઉત્તર છે કે, ઉપયોગ સૂક્ષ્મ થઈને સ્વભાવ-વિભાવને જુદાં પાડે એવી સ્થિતિમાં ઉપયોગ ન આવ્યો હોય, હજી ઉપયોગ સ્થૂળ રહ્યો હોય, જ્ઞાન અને રાગનું અનાદિથી એકત્વ થઈ જાય છે, તે એકત્વ થયા જ કરતું હોય અને અંદરમાં જુદું ન પડતું હોય ત્યારે એણે શું કરવું જોઈએ ? કે, ત્યારે એને ઓછામાં ઓછું આત્મા જ મુખ્ય છે એ વિષય એને પરિણમનમાં થઈ જવો જોઈએ. એમ લ્યે છે.

આ એક માર્ગદર્શનનો વિષય પણ છે અને જેના પરિણમનમાં યથાર્થતા આવે છે એનો પણ વિષય છે. ત્રણે વાત લાગુ પડે છે. શું કરવું જોઈએ ? – એ કર્તવ્યને પણ દર્શાવે છે કે, આત્માની જ મુખ્યતા હોવી જોઈએ. આત્મહિત ગૌણ થાય એ પ્રકારે ઉદયમાં બેસાવધાનીથી વર્તે, પોતાના હિત-અહિતમાં સાવધાન ન રહે તો કદી હિત થવાનો અવસર આવે નહિ અથવા અનાદિથી ઉદય મુખ્ય છે, રાગ મુખ્ય છે અને પોતાના આત્માને સર્વથા ભૂલી ગયો છે એવી જ સ્થિતિ ચાલુને ચાલુ રહે છે. વાંચન કરે, બીજી ક્રિયા કરે, કાંઈપણ હોય તોપણ આત્માની મુખ્યતા ન આવી હોય, આત્મહિતની મુખ્યતા ન રહેતી હોય, એ સાવધાની ન રહેતી હોય, એ જાગૃતિ ન રહેતી હોય તો એને અનાદિનું જે છે તે તેમનું તેમ જ છે, કાંઈ ફેરફાર થયો નથી.

મૂળમાંથી જે પ્રકારના ફેરફાર થાય છે, મુમુક્ષુદશામાંથી આગળ વધીને જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે તે પહેલાં મૂળમાંથી કેવા કેવા ફેરફાર થાય છે, એ બધી સૂક્ષ્મ વાતો આમાં લીધી

છે. ૩૫મો બોલ છે. અનાદિથી શું સ્થિતિ છે ? **'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે,...'** અશુભ ભાવ તો સહેજે સહેજે અનેક પ્રકારની પ્રવૃત્તિ – સાંસારિક પ્રવૃત્તિ, દેહને અનુસરીને થતી પ્રવૃત્તિ એ બધી અશુભ પ્રવૃત્તિ છે. ખાવા-પીવાથી માંડીને બધા પ્રકારની પ્રવૃત્તિ અશુભ છે. માણસને એમ થાય કે, આહાર ખાવો, ભૂખ લાગે અને આહાર ખાવો એમાં અશુભ ? તો કહે, હા. એમાં કાંઈ શુભ છે ? શુભ તો એમાં નથી. **'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે. વળી...'** કોઈ જીવ **'શુભને વારંવાર કરતા...'** વારંવાર શુભ ક્રિયામાં પ્રવર્તતા **'શુભ ભાવ પણ સહજ થઈ જાય છે.'** એવું પણ કોઈ જીવને બને છે. બહારમાં નિવૃત્તિ હોય અને અશુભ પ્રવૃત્તિ છોડી હોય, તો એને સહેજે શુભ ભાવની પણ ટેવ થઈ જાય છે.

**'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે...'** સહજ સહજમાં લીધું છે. સહજ અશુભ થાય છે, સહજ શુભ થઈ જાય છે પણ તારો જે અનાદિનો સહજ સ્વભાવ છે એ દિશામાં શું કર્યું ? એમ કહે છે. જીવ કાં તો સહજપણે અશુભ પરિણામે પ્રવર્તતો રહે છે કાં ટેવ પડે તો સહજપણે શુભ પરિણામે (પ્રવર્તતો રહે એ) થઈ શકે છે, પણ એ બન્ને શુભાશુભમાં એકત્વ થઈ ગયું છે. પોતાનો જે સહજ સ્વભાવ છે એનો ખ્યાલ નથી, એની સાવધાની નથી, એ સંબંધીની જાગૃતિ નથી એટલે શુભાશુભમાં એને અનાદિથી એકત્વ થઈ ગયું છે અને એને ખબર પણ પડતી નથી કે આ શુભાશુભ ભાવમાં હું એકતાબુદ્ધિએ, એકત્વપણે, એકમેક થઈને પરિણમું છું. જીવની આ અનાદિની સ્થિતિ છે.

એવી સ્થિતિમાંથી, હવે જે ફેરફાર કરવો છે એ અહીંથી કરવો જોઈએ કે, **'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.'** બહુ ભાવાત્મક વચન આવ્યું છે આ ! મુમુક્ષુએ તો એનું પોતાનું જીવન આત્મામય કરી લેવું જોઈએ. આત્મા જ જેને મુખ્ય છે એવું એનું જીવન હોવું જોઈએ, એવું એનું પરિણમન હોવું જોઈએ. દરેક વાતમાં એને એ દેખાય કે, આમાં આત્માને શું ? અહીં આત્મા ક્યાં છે ? મારો આત્મા ક્યાં છે ? એ કેમ છે ? એનું સ્થાન શું છે ? તો ભલે એને ભેદજ્ઞાન થઈ શકે એટલો **'ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય પણ પ્રતીતિમાં એમ જ હોય કે આ કાર્ય કર્યે જ લાભ છે, મારે આ જ કરવું છે;...'** એવા જેના પરિણામ છે **'તે વર્તમાન પાત્ર છે.'** અત્યારે એને પાત્રતા પ્રગટપણે પ્રવર્તે છે એમ નક્કી થાય છે.

પાત્રતાના અનેક લક્ષણ છે એમાં આ વર્તમાન પાત્રતા (છે). સામાન્ય પાત્રતામાંથી પણ થોડોક ભેદ પાડ્યો છે. પાત્ર જીવ છે એમ કહેવાય એમાં સામાન્ય યોગ્યતા વિશેષ હોય તોપણ એમ કહેવાય કે પાત્ર છે. એના ભિન્ન ભિન્ન લક્ષણો છે. પણ અહીંયાં તો એમ કહે છે કે, અત્યારે એ વર્તમાન પાત્ર છે. વર્તમાન પાત્ર છે એટલે એ જરૂર આગળ વધશે. એમ લેવું

છે.

બીજું, કે **'જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.'** એવું કરી લેવા માટે એને શું હોવું જોઈએ ? એનો પણ આમાં ઉત્તર આવી જાય છે. જે જીવને એમ પ્રતીતિમાં હોય કે મારું આત્મકાર્ય કરવાથી જ મને લાભ છે અને મારું આત્મકાર્ય મારે કરવું જ છે એવો જેને નિશ્ચય છે – એવો જેને નિર્ણય છે એને આત્મામય જીવન કરી લેવાનું એક પરિણમન અથવા અભિપ્રાય વર્તે છે અને એ દિશામાં એ મુખ્યતાએ વર્તે છે. તે જીવ વર્તમાનમાં પાત્ર છે. વર્તમાન પાત્રતા – એવો એક ભેદ પાડી દીધો છે. અત્યારે પણ આ પાત્ર છે એમ કહેવું છે.

(આ) તપાસવાનો વિષય છે. પરિણામ માત્રનો વિષય, જેટલો આવે એટલો, જેટલો કોઈ વિસ્તાર થાય એટલો વિષય, તમામ વિષય મેળવવાનો – તપાસીને મેળવવાનો વિષય છે કે, આ પ્રકાર ઉત્પન્ન થયો છે કે નહિ ? આથી વધારે વિશેષ વાત એમાં નથી. તપાસવાનો વિષય છે, મેળવવાનો વિષય છે એટલે કે અવલંબનનો વિષય નથી. અવલંબન કરવા યોગ્ય તો પોતાનું મૂળ સ્વરૂપ છે, સ્વભાવ છે એ એક જ અવલંબનનો વિષય છે. જ્ઞાને કરીને પણ એ જ અવલંબન કરવા યોગ્ય છે અને શ્રદ્ધામાં તો બીજું કાંઈ હોવાનો પ્રશ્ન જ નથી. પણ જ્ઞાનથી, આચરણથી, પુરુષાર્થથી સર્વ ગુણોથી અવલંબનનો વિષય તો એક ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. એ જ અવલંબનનો વિષય છે, પરમાત્મદ્રવ્ય છે એ જ અવલંબનનો વિષય છે. એનું અવલંબન આવે એ પહેલાં પરિણામના ફેરફારો યથાર્થ ભૂમિકામાં કેવા કેવા પ્રકારે થાય છે એ વાત પોતાના સ્વાનુભવથી સાધક ધર્માત્માઓ કહે છે. એ ભૂમિકામાં ઊભેલા જીવોએ એને તપાસીને મેળવી લેવી જોઈએ. એ રીતે આ વિષયને સમજણમાં લેવાનો છે.

પ્રશ્ન :-- શુભ અને અશુભ બે જ પ્રક્રિયા ચાલે છે, એમાં જીવન આત્મામય કરી લેવું ?

સમાધાન :– હા, આત્મામય જીવન કરી લેવું જોઈએ એ કઈ રીતે ? આ પ્રશ્ન થવા યોગ્ય છે. જીવન આત્મામય જ કરી લેવું જોઈએ પણ કઈ રીતે કરી લેવું ? આ પ્રશ્ન થાય તો એનો ઉત્તર એમાંને એમાં છે કે, એને પ્રતીતિમાં એટલે વિશ્વાસમાં એમ રાખવું જોઈએ, એના નિશ્ચયમાં એમ રાખવું જોઈએ કે, આત્મહિત કરે જ મને લાભ છે, બાકી મને ક્યાંય લાભ નથી. સંયોગોમાં અનુકૂળતાના ગંજ ખડકાય જાય તો આ આત્માને લાભ નથી. સામાન્ય રીતે જીવે લાભ ક્યાં માન્યો છે ? કે, પોતાની ઇચ્છાને બધું અનુરૂપ થાય તો એ લાભ માને છે અથવા સામાન્ય રીતે જગતની અંદર પૈસો મુખ્ય છે. જગતના તમામ જીવોને આર્થિક દૃષ્ટિકોણ મુખ્ય બિંદુ છે. બધા જ જીવો મોક્ષાર્થી નથી ત્યાં સુધી ધનાર્થી છે. કોઈ એમ કહે કે, અમે (ધનાર્થી) નથી – એ વાત બરાબર નથી. એ દૃષ્ટિકોણ એનો ઊભો જ રહે છે. તો કહે છે કે, એમાં એને લાભ-નુકસાનના ફેરફાર દેખાય છે. આર્થિક નુકસાન જાય તો મને નુકસાન થયું,

આર્થિક લાભ થાય તો મને લાભ થયો. એમ છે ને ? એ વિષય એણે બદલવો પડે એવો છે. અહીંયાં નિશ્ચય બદલવો પડે એવું છે કે, મારા આત્માનું હિત થાય અથવા મને ધર્મ થાય, મને પવિત્રતા પ્રગટ થાય, મારા દોષનો સમ્યક્ પ્રકારે અભાવ થાય તો જ મને લાભ છે. એવું એને નિશ્ચયમાં અને પ્રતીતિમાં આવવું જોઈએ.

પ્રશ્ન :– એટલે મોક્ષાર્થી થાય ?

સમાધાન :– એ જ મોક્ષાર્થી (છે). મોક્ષાર્થીમાં તો સીધી વાત એ લીધી છે કે, પરિપૂર્ણ નિર્દોષ થવું છે એવું જેને ધ્યેય છે, પૂર્ણ નિર્દોષ થવું છે, એક રાગનો – કષાયકલંકનો એક કણ ન જોઈએ. જીવને એ કલંક છે, રાગાદિ મલિનતા છે એ જીવની દશામાં કલંક છે. થોડુંક કલંક હોય તો ભલે રહ્યું (એમ ચલાવે છે) ? ઊજળે ડાઘ તો વધારે દેખાય. મેલું કપડું હોય તો ડાઘ ઓછો દેખાય. ઊજળું કપડું હોય તો થોડો ડાઘ પણ દેખાય આવે. માણસ એમ કહે કે, તમારી સુવાસ સારી છે. એક થોડોક આટલો ફેરફાર કરી નાખવાની જરૂર છે, તો સોનામાં સુગંધ ભળે. એટલે થોડું કલંક હોય તો રાખવું છે એ અભિપ્રાય તો હોઈ શકે નહિ.

મોક્ષાર્થીનો તો એ અભિપ્રાય છે કે, મોક્ષની પ્રાપ્તિ એટલે પરિપૂર્ણ – પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' જેને જરા પણ કલંકિત દશા ન જોઈએ – એ સ્થિતિએ આવે તો તો એને બધી ભૂમિકાની યથાર્થતા ઊભી થઈ જાય છે. જો મોક્ષનું ધ્યેય – પૂર્ણ શુદ્ધતાનું ધ્યેય નિશ્ચયે કરીને બાંધે – નિર્ણયથી બાંધે – યથાર્થ નિશ્ચયથી બાંધે તો તો એના પરિણમનના બધાં પાસા યથાર્થ એકદમ થઈ જાય છે કે જે યથાર્થતાને લઈને એ સમ્યગ્દર્શન આદિ ધર્મની પ્રાપ્તિમાં આવી જ જાય છે. એટલું પણ હજી ન થયું હોય તો, એમ (અહીંયાં) કહે છે. એ પણ હજી નથી થયું. અહીં આની અંદર તો કેટલા પ્રશ્નના જવાબ છે ! એટલું પણ ન થયું હોય તો તું એટલું તો ઓછામાં ઓછું વર્તમાનમાં નક્કી કર કે, આ જ કાર્ય મારે કરવું છે અને આ કરવાથી મને લાભ છે, નહિતર મને નુકસાન છે. આટલું પાકું કરી લે. આત્માનું હિત કરવું એમાં જ મને લાભ છે, બાકી અનુકૂળતાના ગંજના ગંજ ખડકાય જાય, આખી દુનિયા અનુકૂળ થઈ જાય તો આત્માને કાંઈ લાભ નથી. પછી થોડા-ઘણાં લાભમાં એને બહુ હરખ થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે નિર્ણય જ્યારે એમ થઈ ગયો કે, આખી દુનિયા અનુકૂળ થાય તોપણ આત્માને કાંઈ લાભ થાય એવું નથી તો પછી થોડો ઓછોવત્તો લાભ-નુકસાન થાય એમાં એને બહુ ખેદાવું કે હરખાવું એ પ્રશ્ન એટલો રસથી આવતો નથી. એમ એને અંદરમાં પ્રતીતિમાં હોય. નિશ્ચયને બદલે 'પ્રતીતિ' શબ્દ વાપર્યો છે, પ્રતીતિ એટલે એને ખાત્રી હોય, ખાત્રી કરી લીધી હોય, વિચારની ભૂમિકામાં પણ એની એટલી જ ખાત્રી હોય કે, મારે આ જ કરવા જેવું છે. આ જ કાર્ય કરે મને લાભ છે. એનું જીવન આત્માના હિત-અહિતની મુખ્યતાવાળું

થઈ જાય છે. એને જગતના પ્રસંગોમાં હિત-અહિતની મુખ્યતા ગૌણ થાય છે અને આત્માના હિત-અહિતની મુખ્યતા એને થઈ જાય છે, તો એનું જીવન આત્મામય થાય છે. જેનું જીવન આત્મામય થાય છે એને તે ભૂમિકામાં જ્ઞાન નિર્મળ થઈને ઉપયોગ સૂક્ષ્મ થઈને કામ કરતો થાય છે. એને ઉપયોગ સૂક્ષ્મ થવાનો અવસર છે, નહિતર ઉપયોગ સૂક્ષ્મ થઈ શકતો નથી.

ઉપયોગ સૂક્ષ્મ થવામાં આગળ પણ એક વાત લીધી છે. એ એના બીજાં પડખાંને ખોલે છે. ૧૯૭ (બોલ), ૬૩ પાને. **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે,...'** અન્યથા વૈરાગ્યની વાત નથી. અનેક પ્રકારે વૈરાગ્ય આવે છે – રાગગર્ભિત, દ્વેષગર્ભિત, મોહગર્ભિત એવા વૈરાગ્યની વાત નથી પણ **'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય...'** તૂટી જાય એમ કહે છે. જેમ કોઈ ચીજ નંદવાઈ જાય પછી કામમાં આવતી નથી. **'સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** સૂક્ષ્મ ઉપયોગ દ્વારા ત્યારે જ સૂક્ષ્મ સંધિ એને જણાય. આ પ્રકારે ઉપયોગ સૂક્ષ્મ થાય છે. બીજું પડખું સ્પષ્ટ કરી દીધું છે કે, **'એમ ન હોય...'** એટલે એવું કદી ન બને કે, **'પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં...'** સૂક્ષ્મ થઈને **'અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** એવું નહિ બને. પરમાં તીવ્ર રસ હોય, રુચિ હોય એનો ઉપયોગ સ્થૂળ થઈ જવાનો. ભલે શાસ્ત્રજ્ઞાનની ઘણી ધારણા હોય, અનેક શાસ્ત્રની વાતો સમજી શકે, સમજાવી શકે એવી સ્થિતિ હોય એ બધી બહારની વાતો છે. અંદરમાં રાગ અને જ્ઞાનની ભિન્નતાને સૂક્ષ્મ ઉપયોગ દ્વારા ગ્રહણ કરવી આ આખી બીજી ચીજ છે. એ રુચિ અને રસ સાથે સંબંધ ધરાવે છે. આ પણ આગળની દશાની વાત છે. એ પહેલાં પણ એને ઓછામાં ઓછું, અહીં તો એમ કહે છે, મુમુક્ષુની ભૂમિકામાં ઓછામાં ઓછું એને આ પાત્રતામાં – વર્તમાન પાત્રતામાં આવવું ઘટે કે, આ કાર્ય કર્યે જ મને લાભ છે. મારો લાભ અહીંયાં છે અને મારું નુકસાન આ કાર્ય ન થાય તો છે. આ વિષયની ખાત્રીબંધ, એની પરિણામની સ્થિતિ ખાત્રીવાળી – પ્રતીતિવાળી હોવી જોઈએ. પ્રતીતિ કહો, ખાત્રી કહો, આ પ્રતીતિનો વિષય થઈ જવો જોઈએ. માણસ એમ કહે છે ને કે, મને આ વાતમાં વિશ્વાસ છે અને આ વાતમાં વિશ્વાસ નથી. ખાત્રી કહો, વિશ્વાસ કહો, એને આવો વિશ્વાસ હોવો જોઈએ. જગતના લાભ-નુકસાનના વિશ્વાસનો પ્રશ્ન નથી. અને માત્ર એટલું જ નહિ, આ કાર્ય કર્યે લાભ છે એટલો વિશ્વાસ અને ખાત્રી એટલું નહિ, તેથી કરીને મારે આ કાર્ય કરવું જ છે – તો એના પ્રયત્નની દિશામાં ફેર પડે.

જગતના ઉદયના કાર્યો કરવામાં જે પ્રયત્ન લાગે છે અને એ પ્રયત્ન કરતાં જીવ આખેઆખો હોમાય જાય છે. ઉદય સર્વસ્વ થઈ પડ્યો હોવાને લીધે, દરેક જીવને પોતાનો ઉદય સર્વસ્વ છે અને એ ઉદયની અંદર એની કલ્પના પ્રમાણે જ બધું થાય એના માટે આખેઆખો સ્વાહા

થઈ જાય છે, હોમાય જાય છે. એ એનો પૂરોપૂરો સોએ સો ટકા ઊંધો પુરુષાર્થ અને ઊંધો પ્રયત્ન છે એમાં એને ઘા પડવો જોઈએ. એ દિશામાં એને ઘા પડવો જોઈએ કે, મારે તો આ કરવું છે અને આ કરવાથી મને લાભ છે. એ પૂર્વક એનું જીવન છે, એનું પરિણમન છે એ આત્મામય થવું જોઈએ, આત્માની મુખ્યતાવાળું થઈ જવું જોઈએ. તો આગળ જતાં ઉપયોગની સૂક્ષ્મતા ઉત્પન્ન થઈને સૂક્ષ્માતિસૂક્ષ્મ એવા સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરવાની ક્ષમતા, સમર્થતા ઉપયોગમાં આવશે. નહિતર અનાદિની એવી પરિસ્થિતિ બગડી ચૂકેલી છે કે, એ બગડતી જ જશે, બગડી ચૂકેલી પરિસ્થિતિ બગડતી જ જશે. એમાં બીજી કોઈ રીતે સુધારો આવવાનો અવકાશ નથી.

**કેટલાંક બોલો બહુ અમૂલ્ય આવ્યા છે ! આવી અંદરથી કાઢીને વાત મૂકે, પહેલાં તબક્કે પણ એને શું કરવું જોઈએ ? આગળ વધીને પણ એને શું કરવું જોઈએ ? આમ ચાલજે... આમ ચાલજે... આમ ચાલજે... આમ ચાલજે... તારા ધ્યેયને અંતર અવલંબનમાં પહોંચવા માટે બધી દિશા ચોખ્ખેચોખ્ખી બતાવે છે. આ દિશામાં આવજે, આ દિશામાં નહિ જતો, આ દિશામાં જજે. એવી વાત છે.**

એવું જેને થયું હોય, એમ કહે છે, તે જીવ **'વર્તમાન પાત્ર છે.'** જ્ઞાની કહે છે કે, અમે એને પાત્ર ગણીએ છીએ. અત્યારે એની પાત્રતા વર્તે છે, આ જીવ જરૂર આગળ વધશે અને ધર્મની પ્રાપ્તિ એને થશે. એટલે એના જન્મ-મરણના અંત આવી જશે.

પ્રશ્ન :– ગર્ભિત પાત્રતા અંદરથી કઈ રીતે કામ કરે છે ?

સમાધાન :– ગર્ભિત પાત્રતામાં શું છે કે વર્તમાન પરિસ્થિતિ એટલી સારી નથી હોતી પણ કોઈ પાત્રતા એવી હોય છે કે, આગળ ઉપર જઈને એ પાત્રતા પ્રગટ થઈ જાય છે. ગર્ભિત પાત્રમાં અત્યારે પાત્રતાના પરિણામ નથી પણ આગળ ઉપર જઈને એ પાત્રતા વ્યક્ત થશે – પ્રગટ થશે. એવું પણ કોઈ જીવને હોય છે અને એવું જ્ઞાન પણ જ્ઞાનીને થાય છે. નિર્મળ શ્રુતજ્ઞાનમાં કોઈ જીવને વિષે એવું જ્ઞાન થાય છે. એ સમ્યક્ શ્રુતજ્ઞાનનો અતિશય છે ! અતિશય છે. અત્યારે તો કાંઈ દેખાય નહિ, એમ લાગે કે, આમાં કાંઈ નથી. આના પરિણામનું કોઈ ઠેકાણું નથી એમ લાગે. પણ એ શ્રુતજ્ઞાનમાં – નિર્મળ શ્રુતજ્ઞાનમાં એવું કોઈ વખત કોઈ જીવ માટે કોઈ જ્ઞાનીને દેખાય જાય છે.

પ્રશ્ન :– આ 'કબીર', 'નરસિંહ મહેતા' બધા...?

સમાધાન :– એ તો માર્ગાનુસારી હતા. એની તો વર્તમાન યોગ્યતા સારી હતી પણ કોઈ એવું તીવ્ર કર્મ લઈને અન્યમતમાં આવી ગયા હોય છે અને અન્ય મત છૂટે એવી પરિસ્થિતિ હોતી નથી. પરિણામમાં વિચારોની લાઈન ઠીક હોય છે. પણ પ્રગટપણે બીજા દેવ-ગુરુ-શાસ્ત્રને

સ્વીકારી લ્યે એવું જ્યાં (બનતું નથી). પાત્રતા કાંઈક ઠીક હોય, ખોટું ખોટું દેખાતું હોય, સાચી વાત સાચી દેખાતી હોય – એવી યોગ્યતા હોય છે કુદરતી એ જાતના બન્ને પ્રકારના અવળાં-સવળાં પરિણામ કર્યાં હોય છે. એ અવળાં પરિણામનો દંડ ભોગવ્યે છૂટકો છે. જીવ અપરાધ કરે, ઇચ્છાએ કરીને કરેલો હોય છે, ઇચ્છાએ કરીને પ્રાપ્ત કરે છે. એટલે એવી સ્થિતિ હોય છે કે, પરિણામ કાંઈક ઠીક થાય છે તોપણ એમાંથી છૂટવું એ પરિસ્થિતિ એની ઊભી થતી નથી.

એ ૪૬ બોલ થયો.

પ્રશ્ન :– સીધેસીધું સંપૂર્ણ શુદ્ધિનું લક્ષ બાંધી લે તો...?

સમાધાન :– હા, એ તો બહુ સારી વાત છે. ઈ પૂર્ણ શુદ્ધતાનું લક્ષ અને એ ધ્યેય હોય તો Automatic બાકીના બધાં પડખાં મુમુક્ષુતાને યોગ્ય સવળાં, યથાર્થ કામ કરવા લાગે છે. એ તો આ લાઈનની એક બહુ સુંદર પરિપાટી છે કે, જેને એક મોક્ષનું ધ્યેય થઈ જાય છે કે મારે પૂરેપૂરું શુદ્ધ થાવું છે. મારે કલંકનો એક કણ ન જોઈએ. એવા નિર્ણયમાં – એવા ધ્યેયમાં આવીને જ્યાં એ આગળ વધવા માગે છે ત્યારે આપોઆપ બધાં પડખાં સરખાં થવા માંડે છે. કેમકે પછી તો એને કોઈ વસ્તુ ઠીક કરવાની રહી જ નહિ. પોતાની પૂર્ણ શુદ્ધતા સિવાય, અલ્પ શુદ્ધતા કે અશુદ્ધતા એકેયમાં રોકાવાનું એને કારણ નથી. પહેલેથી જ પૂર્ણતાનું લક્ષ છે એને તો ક્યાંય રોકાવાનું કારણ નથી. એટલે એનાં બધાં પડખાં સવળાં થઈ જાય છે. શરૂઆતવાળાને એ તો એક એવો સિદ્ધાંત છે કે, પૂર્ણતાને લક્ષે શરૂઆત એ વાસ્તવિક શરૂઆત છે. ત્રણે કાળે એ અબાધિત સિદ્ધાંત થઈ ગયો. ત્રણે કાળને માટે, કોઈ પણ જીવને માટે એ સિદ્ધાંતનો વિષય થઈ ગયો. એમાં તો બીજું થતું નથી.

અહીંયાં તો (એમ કહે છે કે), હજી અહીંયાં પણ ન આવ્યો હોય એને શું કરવું ? એને ઓછામાં ઓછું વિશ્વાસ, ખાત્રી, પ્રતીતિમાં એમ જ હોવું જોઈએ કે, આ કાર્ય કર્યે જ મને લાભ છે. મને આત્માનું હિત કર્યે જ મારો લાભ છે, બાકી મને ક્યાંય લાભ-નુકસાન હોવો જોઈએ નહિ અને આત્મહિત કરી જ લેવું છે, જેટલું બને તેટલું જલ્દી, જેટલું શીઘ્ર થાય એટલું પણ આત્મહિત કરવું જ છે. એવું એને નિશ્ચયબળ હોય, વિકલ્પમાં પણ કેટલાક પ્રકારનું બળ આવવું જોઈએ. હજી વિકલ્પના બળના ઠેકાણા ન હોય (એને) નિર્વિકલ્પ પરિસ્થિતિ ઊભી થવાનો તો પ્રશ્ન રહેતો નથી.

**'તે વર્તમાન પાત્ર છે.'** એ બહુ સારો શબ્દ આવી ગયો છે. અત્યારે એની પાત્રતા છે, અત્યારે જ આ પાત્ર છે, આ જીવ આગળ વધશે – એમ કહેવું છે. જરૂર આગળ વધશે, એમ. અનેક પ્રકારનાં પરિણામ થાય છે એમાં આટલી વાત વર્તમાન પાત્રતાને લાગુ

પડે છે એમ કહે છે.

એમ કહે છે કે, તું અનેક પ્રકારના શુભ પરિણામ કરે છે, શાસ્ત્ર વાંચે છે પણ આ પરિસ્થિતિ ઊભી થઈ છે ? પ્રતીતિમાં આમ આવી ગયું છે ? તપાસી લે કે, આ જ કર્યે મને લાભ છે અને આ જ મારે કરવું છે, અહીંયાં આવ્યો છે ? જો નથી આવ્યો તો અત્યારે તો પાત્રતા નથી. એમ લઈ લેવું કે અત્યારે એની પાત્રતા પણ નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી'માં આવે છે ને કે 'મહાવીરના બોધને પાત્ર કોણ ?'

પૂજ્ય ભાઈશ્રી :– એનો એમણે અર્થ કર્યો છે. સમ્યગ્દર્શનને પાત્ર કોણ ? 'મહાવીર'ના બોધને પાત્ર કોણ ? અર્થાત્ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કોણ ? નીચે અર્થ કર્યો છે. એના દસ બોલ લીધાં છે. એમની તો આખી Guideline આપવાની પરિસ્થિતિમાં એક વાત એમણે બહુ સુંદર અને મુખ્ય કરી લીધી છે કે, સત્પુરુષના ચરણનો ઇચ્છુક તે સમ્યગ્દર્શનને પાત્ર છે. બીજી તો અમે નવ-દસ વાતો કરશું પણ આમાં બધી વાત આવી જાય છે. (આવો) સરવાળો માર્યો છે.

એક ૬૯૩ નંબરનો પત્ર છે એમાં એમણે એવી વાતો કરી કે, કોઈ જીવ જ્ઞાનમાર્ગે આગળ વધવા જાય છે ત્યાં પણ આગળ વધવાને બદલે, જો પાત્રતામાં ન આવ્યો હોય તો જ્ઞાનમાર્ગે આગળ વધવામાં કોઈ સ્વચ્છન્દમાં પડી જાય છે કેમકે જાણપણું થાય એટલે 'હું સમજું છું' એ વાત આવ્યા વિના રહે નહિ. કોઈ બુદ્ધિ લગાવે તો અનેક જાતના નય-વિકલ્પની અંદર ગૂંચવાય, આ નયથી આમ છે ને આ નયથી આમ છે, આ નયથી આમ વાત કરી છે ને આ નયથી (આમ વાત કરી છે), કેમકે કથનશૈલીના પ્રકાર અનેક છે. કોઈ વળી શાસ્ત્રો વાંચીને ભાવ ન ભાસે તો ક્યાંક ક્યાંક એને શંકા પડે કે, આમ હશે કે નહિ હોય ? એવા સંદેહના સ્થાનો પણ (ઉત્પન્ન થાય). ચારે અનુયોગમાં કરણાનુયોગનો વિષય ઘણો વિસ્તારવાળો છે અને એમાં અનેક પ્રકારની એવી વાતો છે કે જેમાં જીવને સંદેહ થવાનો પ્રકાર પણ ઉત્પન્ન થાય.

જેમકે કરણાનુયોગની અંદર લોકનું સ્વરૂપ અસંખ્ય પ્રદેશાત્મક કહ્યું છે કે, આખા લોકમાં કેટલાં પ્રદેશ ? કે, અસંખ્ય પ્રદેશ. અને મધ્યલોકમાં સાંકડામાં સાંકડી જગ્યા – એક રાજુ જેટલો મધ્યલોક – ત્રસનાડી છે. એમાં દ્વીપ-સમુદ્ર કેટલાં ? કે, અસંખ્ય. લોકના પ્રદેશ અસંખ્ય અને અહીંયાં દ્વીપ-સમુદ્ર પણ અસંખ્ય અને પહેલાં દ્વીપ (અને) સમુદ્ર હોય એના કરતાં બીજો દ્વીપ અને એનો સમુદ્ર Double. તેના કરતાં ત્રીજો દ્વીપ અને સમુદ્ર એથી Double. એ તો પાંચમે તબક્કે કેટલું મોટું થાય એ નક્કી કરીએ તો પહેલે તબક્કે એકને એક બે Double થયાં, બીજે તબક્કે બેને બે ચાર Double થયાં, ત્રીજે તબક્કે ચારને ચાર આઠ, પછી આઠને આઠ સોળ, ઈ પછી એટલું બધું મોટું થાય છે કે સોના બસો થાય ને બસોના ચારસો થાય

ને ચારસોના આઠસો ને આઠસોના સોળસો (એવા) અસંખ્ય (થાય છે) ! કેટલાં Double... Double... Double... કરતાં (થાય) ? કે, અસંખ્ય સુધી જવું પડે. એટલાં અસંખ્ય છે. લાખ-કરોડ-અબજ દ્વીપ-સમુદ્ર નથી, અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે અને આખા લોકના પ્રદેશો પણ અસંખ્ય છે. આવું બધું વાંચે ત્યારે એને એમ થાય કે, કેવી રીતે આ બધું થતું હશે ? આ ગણના કેવી રીતે થતી હશે ?

પ્રશ્ન :– અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે એમાં જીવો છે ખરાં ?

સમાધાન :– હા, બધે જીવો છે. ઠેઠ છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે, અસંખ્ય યોજન ! કેટલો ? અસંખ્ય યોજન પહોળો છે ત્યાં સમ્યક્દૃષ્ટિ જીવો છે, સમુદ્રના જળચર જીવો છે. કેવાં ? જળચર જીવો. તિર્યંચ પંચમ ગુણસ્થાનવર્તી ! સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં જેની ધર્મની દશા ઊંચી છે ! ઊંચા ધર્માત્મા છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં ઊંચા ધર્માત્મા છે. એવા તિર્યંચ ત્યાં હોય છે. કેટલાં ? અસંખ્ય જીવો છે. ત્યાં સમ્યક્દૃષ્ટિ પંચમ ગુણસ્થાનવર્તીની સંખ્યા કેટલી ? કે, ત્યાં અસંખ્ય છે. દરિયાનું પાણી ગળીને પીતાં હશે કે નહિ હોય ? એવી વાત છે અને એવી બધી વાતો સાંભળે ત્યારે જીવને ક્યાંક સંદેહ થાય. એમ જ્ઞાનને અને શાસ્ત્રોને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એટલે જીવ શાસ્ત્રના નિમિત્તે જ્ઞાનપ્રાપ્તિ કરવા જાય ત્યાં ક્યાં, કેવી રીતે એના પરિણામમાં ડખલ થઈ જાય કે સંદેહ થઈ જાય કે વિકલ્પ વધી જાય અને કાં થોડુંક જાણતો થાય ત્યાં 'હું જ્ઞાની થઈ ગયો' એમ એને થઈ જાય. પહેલાં પોતે પૂછતો હોય, નવોનવો આવે ત્યારે પ્રશ્ન પોતે પૂછે. પાંચ-દસ વર્ષ ગયા પછી સરખું અધ્યયન થાય ત્યારે બીજા પાંચ જણા એને પૂછે. (ત્યારે) એને એમ થાય કે, 'હું જ્ઞાની થઈ ગયો.' આ તકલીફ થાય.

કોઈ બાહ્યક્રિયાની અંદર શુભક્રિયાની અંદર ધર્મ માનીને આગળ વધવા જાય છે તો એને એ ક્રિયાનો આગ્રહ થાય છે અથવા મન-વચન-કાયાની ક્રિયા હું કરી શકું છું એવું એને અસત્ અભિમાન પણ થાય છે. આ બે મુખ્ય માર્ગ જોવામાં આવે છે કે જે જીવો અપનાવે છે. પણ **'વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે,...'** આ ક્યાં વાત ચાલે છે ? પાત્રતાના વિષયની વાત ચાલે છે. મહાવીરના બોધને પાત્ર કોણ ? સમ્યગ્દર્શનને પાત્ર કોણ ? કે, સત્પુરુષના ચરણનો ઇચ્છુક. તો કહે છે કે, તે જ કારણથી ભક્તિમાર્ગનો આશ્રય કર્યો છે અને સત્પુરુષની આજ્ઞાનું **'આજ્ઞાશ્રિતપણું...'** (અર્થાત્) સત્પુરુષની આજ્ઞાએ વર્તવું એવું આશ્રિતપણું **'શિરસાવંદ્ય દીઠું છે,...'** એ એણે માથે ચડાવ્યું છે. અથવા એવા સદ્ગુરુને વિષે – સત્પુરુષને વિષે; એને અહીંયાં **'પરમપુરુષ'** એવો શબ્દ આપ્યો છે. જુઓ ! વિશેષણ કેવાં વાપર્યાં છે ! **'પરમપુરુષ...'** સત્પુરુષને વિષે – **'સદ્ગુરુને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું...'** બીજો વિકલ્પ નહિ. **'શિરસાવંદ્ય દીઠું છે,...'** એટલું જ નહિ તેઓ **'તેમ જ વર્ત્યા છે,...'** આવો નિર્ણય

હોય તોપણ, એમ કહે છે. **'તેવો...'** સત્પુરુષનો **'યોગ પ્રાપ્ત થવો જોઈએ;...'** કેટલાંક જીવોને એવું બન્યું છે કે, આવો નિર્ણય હોય તોપણ એને સત્પુરુષનો યોગ ન હોય. અને એ યોગ નહિ હોવાને કારણે એને એ સત્પુરુષના પ્રત્યક્ષ બોધથી વંચિત રહેવાનો પ્રસંગ થાય છે અને એને એમ થાય છે કે અતિ કિંમતી એવું – જેની કોઈ કિંમત ન થઈ શકે એવું મનુષ્યપણું આ રીતે પસાર થાય છે એ એક કોઈ જબરજસ્ત વિરાધનાના પરિણામનું ફળ ભોગવાય છે, એમ એને પ્રત્યક્ષ લાગે છે. કેમ યોગ નથી ? કે, જીવે એવા વિરાધક પરિણામ કર્યાં હોય છે કે જેથી એને સત્પુરુષનો (યોગ નથી મળતો), સત્પુરુષથી વિરુદ્ધ જવાના પરિણામ કર્યાં હોય છે કે, જેથી એને એ યોગ નથી મળતો. ક્યારેક એને જાગૃતિ આવે છે ત્યારે એને એ ખ્યાલ આવે છે કે, આ યોગ કેટલો દુર્લભ છે ! અને એની શું કિંમત છે એ એને ત્યારે સમજાય છે, પણ બીજો કોઈ ઉપાય નથી. અપરાધનો દંડ ભોગવ્યા સિવાય જીવને બીજો કોઈ ઉપાય નથી.

એટલે અહીંયાં એ કહે છે કે, વર્તમાન પાત્રતા આટલી હોય અને એમાં કોઈ યોગ હોય તો સુલભપણે આત્મકાર્ય થઈ શકે છે. જો જીવ વર્તમાન પાત્ર હોય એટલે કે એણે એમ નિશ્ચય કરી જ નાખ્યો હોય કે, આ જ કરવું છે અને આ જ કર્યે મને લાભ છે અને એને હિત-અહિતનો દૃષ્ટિકોણ થઈને આત્માની મુખ્યતા કરી નાખી હોય, આત્મામય જીવન થઈ ગયું હોય, એને જો યોગ હોય તો સુલભપણે એ જીવ ધર્મને પ્રાપ્ત કરે છે અથવા એ સંસારનો અભાવ સુલભપણે કરી નાખે છે, નાશ કરી નાખે છે. એ બહુ કીમતી વિષય અહીંયાં નિરૂપિત થયેલો છે.

**ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે, તે પર્યાય છે. જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો છે; તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય. ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ–જ્ઞાયકમૂર્તિ છે, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવની જાળ પાથરેલી છે. વિભાવની જાળમાં ફસાઈ ગયો છે. પણ પ્રયત્ન કરે તો છૂટો જ છે. દ્રવ્ય બંધાયેલ નથી. ૪૭.**

૪૭મો બોલ છે (એ) પુરુષાર્થના વિષયમાં કેટલીક સૂક્ષ્મ વાત આ બોલમાં કરી છે. અંદર જે પુરુષાર્થ કરવો છે એ વિષયમાં કેટલીક વાત કરી છે. '**ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.**' ધ્રુવ દ્રવ્યને તો બંધ-મોક્ષની અપેક્ષા પણ લાગુ પડતી નથી. મૂળ આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધાતુ (છે) એ અંદરમાં એમને એમ છે. જેમ કોઈ કોરેકોરી નક્કોર ચીજ હોય એમ આત્મા મૂળ સ્વરૂપે બિલકુલ એવોને એવો (છે). એવોને એવો છે એટલે જેને બંધ અને મોક્ષની (અપેક્ષા લાગુ પડતી નથી). અનંત સંસારના કાળમાં બંધની તો અપેક્ષા લાગુ પડતી નથી (અને) અનંત મોક્ષના કાળમાં નથી એને મોક્ષની અપેક્ષા લાગુ પડતી. અવલંબનનો અવલંબનભૂત વિષય છે એ આવો છે, એમ કહેવું છે. અથવા બીજી રીતે કહીએ તો સત્પુરુષો(નો) મૂળ શુદ્ધ આત્મસ્વરૂપનો જે બોધ દેવાનો હેતુ છે, સત્‌શાસ્ત્રોમાં અને સત્પુરુષોના વચનોમાં (જે હેતુ છે) એ મૂળ ચીજ આવી છે. એમ કહેવું છે. બધું કહીને સરવાળે આ કહેવું છે. પરિણામની આટલી આટલી લાઈન બતાવે, આટલું આટલું માર્ગદર્શન આપે છતાં એ બધું કહીને જે કાંઈ કહેવું છે એ આ કહેવું

છે. અથવા એમ પણ કહી શકાય કે, ભગવાનની દિવ્યધ્વનિનો સાર હોય તો એ આ શુદ્ધાત્માનો બોધ છે. કેવો શુદ્ધાત્મા છે ? દિવ્યધ્વનિને દર્શાવવાનો પણ મુખ્ય એ જ હેતુ છે. એટલી વાત અવશ્ય છે કે, જીવને એના સુયોગ્ય કાળમાં એ દર્શાવવામાં આવતાં એને એ દેખાય છે અને ત્યાં સુધી દર્શાવવામાં આવે તોપણ દેખાતો નથી. આટલી વાત જરૂર છે.

જીવ સમવસરણમાં ગયો છે. ભગવાને શુદ્ધાત્મા દર્શાવ્યો છે. શુદ્ધાત્માનો જ બોધ આપ્યો છે પણ દેખાડવા છતાં પોતે દેખ્યો નથી એનું કારણ કે, એ સ્થિતિમાં પોતે આવ્યો નથી. એટલે એ પહેલાંની કેટલીક સ્થિતિની વાતો પણ કરે છે કે, જો, આવી સ્થિતિ થાય, આમ થાય... આમ થાય... આમ થાય... આમ હોવું ઘટે... આમ હોવું ઘટે... આમ હોય... આમ હોય... આવી લાઈન હોય. એ એટલા માટે કહે છે કે, એ સ્થિતિમાં જીવ હોય તો જે છેલ્લે દર્શાવવા માગે છે અને જે પહેલે દર્શાવવા માગે છે એમાં પહેલું અને છેલ્લું એક જ છે. First & Last ! બીજું એમાં કાંઈ કહેવાનું નથી.

મુમુક્ષુ :– ત્રિકાળી ધ્રુવની વાત તો 'ગુરુદેવે' શરૂ કરી.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રિકાળી ધ્રુવની વાત તો મારી સાંભરણ છે ત્યાં સુધી 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નું પ્રકાશન થયું ત્યાં સુધી સમાજમાં એટલી પ્રચલિત નહોતી. 'ગુરુદેવે' તો કહ્યું હતું, 'ગુરુદેવ' તો વાતે વાતે કહે છે પણ ત્યાં સુધી સમાજમાં એ વાત પ્રચલિત નહોતી. એટલો બરાબર ખ્યાલ છે. એ ગ્રંથ એવો છે કે, એમાં એકલા દૃષ્ટિના અવલંબનભૂત વિષયની મુખ્યતાથી અને અવલંબનની મુખ્યતાથી લગભગ બધી વાતો છે, જ્ઞાનના પડખાં, પાત્રતાનો વિષય, ભક્તિનો વિષય ક્યાંક ક્યાંક છે પણ ઓછો છે, તો એ વાત એ વખતે સમાજમાં થોડી નવી લાગી હતી. વિદ્વાનોને, અભ્યાસીઓને પણ એ વાત થોડી નવી લાગી હતી. ધ્રુવની વાત (નવી લાગતી હતી). પણ જ્ઞાયક અને ધ્રુવ બે એક જ છે. જ્ઞાયકથી કહો, ધ્રુવથી કહો, અપરિણામીથી કહો, કૂટસ્થ કહો, પરમપારિણામિકભાવ કહો કે ત્રિકાળી સ્વભાવ કહો, એક જ વાત છે. પણ ત્યાં સુધી એટલી પ્રચલિત નહોતી. સમાજમાં – મુમુક્ષુ સમાજમાં એટલી પ્રચલિત નહોતી. છેલ્લા તેર વર્ષમાં આ વિષય વધારે ઊપસીને બહાર આવ્યો. ત્યારપછી 'ગુરુદેવે' એક વાર 'રાજકોટ'માં કહ્યું હતું કે, આ શુદ્ધાત્માનો વિષય આગળ-પાછળ વીંટાળીને કહેતા હતા, ખુલ્લો કરીને નહોતા કહેતા પણ આ 'સોગાની'નું પુસ્તક બહાર આવ્યા પછી હવે ખુલ્લું મૂકી દીધું છે. ખુલ્લું મૂકી દીધું છે એટલે ભંડાર ખોલી નાખ્યો છે ! હવે જેને લેવો હોય એ લઈ લ્યો. ૨૦૨૩–૨૦૩૬ – તેર વર્ષ થયાં. છેલ્લા તેર વર્ષથી એ વિષયને વધારે 'ગુરુદેવે' પણ ખોલ્યો, વિશેષપણે એ વાત પ્રવચનોમાં પણ આવી અને સમાજમાં પણ એ વાત ભલે ધીમે ધીમે પણ સ્થાન પામી, નહિતર સ્થાન પામવું મુશ્કેલ છે. એ વિષય થોડો કડક પડે એવો છે. કેમકે મુમુક્ષુની ભૂમિકામાં

દેવ-ગુરુ-શાસ્ત્રને સંબંધિત જેટલા પરિણામ થાય છે એવા પરિણામ થાય છે તોપણ એ પરિણામ અવલંબનના વિષયમાંથી બિલકુલ દૂર છે, ક્યાંયના ક્યાંય છે. એ તો અશુભથી ખસીને જીવ શુભમાં આવે છે, પણ અહીં તો અશુભ તો એક બાજુ રહ્યો પણ શુભને અશુદ્ધ કહીને અને ધર્મને શુદ્ધ કહીને એને પણ અવલંબનભૂત વિષયમાંથી બાદ કરી નાખે છે. એવી એક ઉગ્રતાથી વિષયને ઊપસાવ્યો છે એટલે વિષય થોડો કઠણ થઈ જાય છે – કઠિન થઈ જાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'ના વ્યાખ્યાનમાં પહેલાં પણ આવતું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, લીધેલું છે, એ આવી ગયેલું છે. અંગ્રેજી પ્રમાણે '૬૮ની સાલ થાય છે. આ વ્યાખ્યાનો થયાં છે ૧૯૬૫માં, પહેલાં થયેલાં છે. ('પૂજ્ય શ્રી નિહાલચંદ્ર સોગાનીજી'ના 'આધ્યાત્મિક પત્રો'ના પુસ્તકમાં) એક વ્યાખ્યાન ૨૦-૧૦-૬૫નું છે, એક વ્યાખ્યાન ૧૦-૧૧-૬૫નું છે અને ૨૩-૧૨-૬૫(નું છે). ૧૯૬૫ના દસમા, અગિયારમા અને બારમા મહિનામાં ત્રણે ગાથાઓના વ્યાખ્યાન થયાં છે. (એમાં) 'સોગાનીજી'ને યાદ કર્યાં છે. કેમકે 'સોગાનીજી' તો એ પહેલાં વીસ વર્ષથી આવતા હતા. '૬૫ની સાલમાં (પ્રવચનો થયા છે) એટલે લગભગ એ વખતે તો છેલ્લા પાંચ વર્ષ આવ્યા છે. ૧૯૬૪માં તો એમનો દેહાંત (થયો) છે. ૧૯૬૫માં વ્યાખ્યાન થયા છે એમાં યાદ કર્યા છે. એક વ્યાખ્યાનમાં યાદ કર્યા છે. ધ્રુવની વાત આવી છે ત્યારે એમનું નામ લઈને યાદ કર્યા છે. **'એકદમ આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ, અપરિણામી,– નિહાલભાઈ કલકત્તાવાલે કહેતે થે – ઐસા હૈ.'** એમ કરીને લીધું છે. **'લોગોંકો માનનેમેં નહીં આતા થા, લોગોંકો ખબર નહીં.'** લોકો એટલે આપણા આ સમાજની વાત છે. **નિહાલભાઈ અજમેર કે (રઈસ) થે'** બસ, એટલી વાત લીધી છે. **'વસ્તુ અકીલા ધ્રુવ હૈ, અપરિણામી હૈ. દ્રવ્ય, વસ્તુ અપરિણામી હૈ, પર્યાય પરિણમતી હૈ; દ્રવ્ય–વસ્તુકો પરિણમન કૈસા ?'** (પાના નંબર–૫૯) દ્રવ્યને પરિણમન કેવું ? એ 'પરમાત્મપ્રકાશ'ની ૪૩મી ગાથા છે, ત્રણે ગાથા 'પરમાત્મપ્રકાશ'ની છે.

વિષયની ઘડ બેસવી જોઈએ કે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે એ કદી બંધાયું નથી. બધા ગુણોના અવલંબનનો વિષય આ દ્રવ્ય છે અને આ પદાર્થનું – આ તત્ત્વનું જ્ઞાન થતાં આત્મજ્ઞાન થયું એમ કહેવાય છે, આ તત્ત્વની દૃષ્ટિ થતાં આત્મદૃષ્ટિ અથવા સમ્યક્દૃષ્ટિ થઈ એમ કહેવાય છે. એ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે અને પૂરી પાત્રતામાં આવે ત્યારે જો આ વિષયનો બોધ પ્રત્યક્ષ જ્ઞાની દ્વારા મળે તો સીધો જ જીવ પામી જાય છે. છેલ્લે જે બોધ આપવાનો વિષય છે એ આ જ છે. વિશેષ લઈશું...

## તા. ૨૩-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૭
## પ્રવચન નં. ૪૨

('બહેનશ્રીનાં વચનામૃત') ૪૭મો બોલ છે. સ્વસ્વરૂપ પ્રત્યેનો પુરુષાર્થ કરવાનો આમાં સંકેત છે. પ્રારંભમાં પોતાનું સ્વરૂપ કેવું છે એ સ્થાપ્યું છે. **'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.'** વર્તમાન અવસ્થામાં રાગાદિ બંધન – ભાવબંધન છે અને દ્રવ્યકર્મનો સંબંધ, નોકર્મનો, દેહાદિનો સંબંધ તે દ્રવ્યબંધન છે. એવું સંયોગસ્વરૂપ છે. રાગાદિ પણ સંયોગે છે, કર્મ-નોકર્મ પણ સંયોગે છે. એની સામે પહેલો પ્રતિપક્ષ લીધો કે, **'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય...'** એટલે મૂળ સ્વરૂપ – પોતાનું મૂળ સ્વરૂપ **'કદી બંધાયું નથી.'** અથવા અવસ્થાના બંધ-સંબંધ સાથે મૂળ દ્રવ્યને કાંઈ લેવાદેવા નથી. બંધાયું નથી એનો અર્થ કે એને કાંઈ લેવાદેવા નથી. બંધન સાથે તો સંબંધ નથી પણ મુક્તિ સાથે પણ એને સંબંધ નથી એમ કહેવું છે.

ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તો મુક્ત છે કે બંધાયેલું છે એ વાત પણ લાગુ પડતી નથી. આ ત્રિકાળી (દ્રવ્ય) તો એક અંશ છે, મૂળ દ્રવ્યનો – આખા પદાર્થનો મૂળ અંશ છે એને અહીંયાં ત્રિકાળી દ્રવ્ય કહે છે. આખા પદાર્થની અપેક્ષાએ જીવ (દ્રવ્ય) **'મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે,...'** જીવ મુક્ત પણ નથી અને જીવ બંધાયેલો પણ નથી એમ નિશ્ચયનયથી છે. જો વ્યવહારનયથી એમ છે કે, જીવ મુક્ત છે કે જીવ બંધાયેલો છે તો આપોઆપ જ નિશ્ચયનયથી એમ પણ એમ છે કે, જીવ મુક્ત પણ નથી અને જીવ બંધાયેલો પણ નથી. કેમકે વ્યવહારનય છે એ નિશ્ચય-સાપેક્ષ છે. નિશ્ચયનયની અપેક્ષા જેના જ્ઞાનમાં છે એના જ્ઞાનનો વ્યવહારનય સાચો. નહિતર એ વ્યવહારનય ક્યાંથી આવ્યો ? કે, એ વ્યવહારનય ખરેખર

વ્યવહારનય તરીકે આવેલો નથી.

પહેલાં વચનમાં તો બંધનની અપેક્ષા લીધી કે, **'ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી.'** એવી અપેક્ષા લીધી. પણ ખરેખર ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને નિશ્ચયનયથી જોવામાં આવે, નિશ્ચયનયનો એ વિષય છે કેમકે આત્માનું એ નિશ્ચય સ્વરૂપ છે. આત્માનું નિશ્ચય સ્વરૂપ હોવાને લીધે તેને જાણનાર જ્ઞાનને નિશ્ચયનય કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી એમ નહિ પણ બંધ અને મોક્ષની અપેક્ષા પણ એને લાગુ પડતી નથી. પણ વર્તમાન બંધ અવસ્થામાં હું બંધાયો છું એવી લાગણી પ્રવર્તતી હોવાને લીધે એ વૃત્તિની સામે એમ કહે છે કે, તારું મૂળ દ્રવ્ય કદી બંધાયું નથી. તો (કોઈ) કહે કે, આ બંધન અને મુક્તની નવ તત્ત્વની અંદર વ્યવસ્થા છે, બંધ અને મોક્ષ તત્ત્વ છે. તો કહે છે, એ વાત વ્યવહારનયથી છે.

આખા પદાર્થના એક અંશને મુખ્ય કરીને આખો પદાર્થ બતાવતાં તે બંધાયેલું છે અથવા મુક્ત થયું છે એમ કહેવાય છે. તે જ કાળે નિશ્ચયનયથી ન તો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું છે, ન તો કદી એને મુક્ત થવાનો અવસર પણ છે, પ્રસંગ પણ છે. હવે, જે આત્માનો બોધ છે – આત્મબોધ છે – સ્વરૂપનો જે બોધ છે, જેનો બોધ જ્ઞાનીઓ દેવા માગે છે અથવા જેનો બોધ તીર્થંકર પરમેશ્વરની દિવ્યધ્વનિમાં મુખ્યપણે રહેલો છે તે આ દ્રવ્ય છે કે જે બંધાયું પણ નથી અને મુક્ત પણ થયું નથી, એવું જે દ્રવ્ય છે એનો બોધ કરાવવા માગે છે.

મૂળ સ્વરૂપે આત્મા કેવો છે ? મૂળ સ્વરૂપે આત્મા કદી બંધાયો પણ નથી અને મુક્ત થવાની વાત તો બંધનપૂર્વક જ હોઈ શકે. જે બંધાયો હોય તેને બંધનથી મુક્ત થવાય. જો ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી તો એને મુક્ત થવાની વાત કહેવી પણ અર્થ વગરની છે, નિરર્થક જ છે.

'પરમાત્મપ્રકાશ'માં એ વાત 'યોગીન્દ્રદેવ' લે છે કે, જેમ કોઈ માણસ જેલમાંથી મુક્ત થાય, જેલના બંધનમાંથી મુક્ત થાય તો એને લોકો અભિનંદન આપે છે કે, ચાલો તમે મુક્ત થયા એ બદલ તમને અભિનંદન. પણ જે માણસ કદી જેલમાં ન ગયો હોય એને મુક્ત થવાના અભિનંદન દેવા જવું એ એનું અપમાન કરવા બરાબર છે. કેમકે એમાં સાબિતી થાય છે કે, પહેલાં એ કોઈ ગુનો કરીને બંધનમાં પડેલા છે. એ અભિનંદનમાં એ વાત ગર્ભિત છે, સમાવિષ્ટ છે. એમ મૂળ સ્વરૂપને વિષે મુક્ત થવાની વાત પણ મૂળ સ્વરૂપને લાંછન બરાબર છે. જેમ જેલમાં નહિ ગયેલાને મુક્ત થવાના અભિનંદન લાંછન બરાબર છે એમ મૂળ સ્વરૂપને મુક્ત થવાની વાત પણ લાંછન બરાબર છે. એવા મૂળ સ્વરૂપનો બોધ કરાવવાનો સર્વ શાસ્ત્રોનો હેતુ છે – મુખ્ય હેતુ છે.

તે કેવો છે ? કે, બંધ-મોક્ષ રહિત છે અને તેવો બોધ કઈ રીતે થાય ? બસ ! આ બે વાત સર્વ શાસ્ત્રોને (કહેવી છે). મૂળમાં આત્મા કેવો છે ? અને જેવો છે એનો બોધ એટલે અનુભવ, બોધ એટલે સાક્ષાત્ અનુભવ કેમ થાય ? આ બે વાત મુખ્યપણે સર્વ અધ્યાત્મ શાસ્ત્રોમાં કહેવી છે.

અહીંયાં જે જીવ બંધનમાં રહ્યો છે એને પણ કેવી રીતે પોતાના મૂળ સ્વરૂપને પુરુષાર્થથી જોવું એ વાત થોડી માર્મિક પદ્ધતિમાં આવી છે.

પ્રશ્ન :- ત્રિકાળી ધ્રુવ બીજો કેવો કેવો છે ?

સમાધાન :- (બંધાયું નથી) એ તો નથી, નથીથી લીધું. મૂળ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોનું અનંત સામર્થ્ય છે. ધ્રુવ છે એટલે એ સદાય છે અને શાશ્વત છે એમ આવી જાય છે અને જે સદાય અને શાશ્વત હોય એ નિર્બાધતત્ત્વ હોય, એને બાધા ન કરી શકાતી હોય તો જ એ સદાય શાશ્વત રહી શકે, નહિતર ન રહી શકે. એ બધી વાત એક ધ્રુવ પદ કહેતાં આવી જાય છે. ધ્રુવ કહેતાં એનું અવ્યાબાધત્વ આવે છે, ધ્રુવ કહેતાં એનું શાશ્વતપણું પણ આવે છે.

અનંત સામર્થ્યવંત પદાર્થનું અવ્યાબાધ શાશ્વતપણું સદાય છે, કાયમ છે એવું જો પોતે પ્રયત્ન કરીને જાણે તો જણાય એવું છે, એમ અહીંયાં કહેવું છે. એવો અનુભવ કરવાનો, એવું જાણવાનો જો પોતે પ્રયત્ન કરે તો જાણી શકે એવું છે. કેમકે એ સ્વરૂપ અત્યારે પણ એવું જ છે. સદાય છે એટલે વર્તમાન સમયમાં પણ આવું જ છે. જ્યારે એ પ્રયત્ન કરે ત્યારે એને જણાય એવું છે. એ વાત વચ્ચે લીધી છે. **'પણ પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય.'**

હવે એક સમગ્ર પદાર્થ ઉપરનો વિષય લઈએ તો અનાદિથી આ આત્મા મૂળ સ્વરૂપે પોતાના અનંત સામર્થ્યને સંગ્રહીને ધ્રુવપણે રહેલો છે. બીજી બાજુ એની અવસ્થાને લક્ષમાં લેવામાં આવે તો અનાદિથી આ આત્મા સંસાર અવસ્થામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ સાથે સંબંધ ધરાવે છે. એ સંબંધને અહીંયાં બંધન કહેવામાં આવે છે. સ + બંધ એટલે સારી રીતે જેનું બંધન છે એવી પણ એક અંશની સ્થિતિ છે. આ બન્ને પ્રકારે વસ્તુ છે.

હવે જેને છૂટવાની ઇચ્છા છે, વર્તમાન અંશમાંથી સંબંધ છોડવાની ઇચ્છા છે, જે વર્તમાન અંશ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ સાથે સંબંધ ધરાવે છે તે અંશ સાથે પણ જેને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો સંબંધ છોડવો છે, છૂટવા માગે છે એણે શું કરવું ? કે, જે પોતાનો સંબંધ વિનાનો અંશ છે એ મુખ્ય અંશ છે, ત્રિકાળી છે. સંબંધવાળો અંશ ક્ષણિક છે, નાશવંત છે. તેથી એને મુખ્ય અંશને મુખ્યતા આપવી. બસ ! આટલી વાત છે. એ મુખ્યતા આપવાના પુરુષાર્થને અહીંયાં પુરુષાર્થ કહે છે. એટલી જ વાત છે.

પ્રશ્ન :- મુખ્યતા આપવી એટલે ?

સમાધાન :- મુખ્યતા આપવી એટલે એવો હું છું – એમ મુખ્યપણે જ્ઞાનમાં રહેવું, એમ શ્રદ્ધાનમાં રહેવું અને શ્રદ્ધા-જ્ઞાનમાં એમ રહેતાં એવું જ આચરણ થાય, બધાં પરિણામ ત્યાં જ નિમગ્ન થાય એવા પુરુષાર્થમાં રહેવું. બસ, તો એને વર્તમાન સંબંધ છે એનો અભાવ થઈ જાય છે. જે અનાદિથી ક્ષણ ક્ષણ પૂરતો સંબંધ ચાલ્યો આવ્યો છે તેના તે ભાવોનો સંબંધ નથી, તેના તે દ્રવ્યકર્મોનો સંબંધ નથી, તેના તે નોકર્મના પરમાણુનો પણ સંબંધ નથી. એ બધાં બદલાતા છે – ભાવ પણ બદલાતા છે અને પરમાણુ પણ બદલાતા છે.

પોતે જ્યાં સુધી પોતાના મૂળ સ્વરૂપને ઓળખતો નથી, એનામાં એને શ્રદ્ધા નથી ત્યાં સુધી એને શ્રદ્ધા છે – હું સંસારી છું એવી શ્રદ્ધા છે. હું બંધવાળો – સંબંધવાળો છું એવી એને શ્રદ્ધા છે. એટલે એની મુખ્યતા ત્યાં છે. એ અંશ ઉપરની મુખ્યતા બદલીને, ફેરવીને એણે બીજા અંશ ઉપર મુખ્યતા લઈ જવી જોઈએ.

પ્રશ્ન :- મુખ્યતા કે સર્વસ્વતા ?

સમાધાન :- અત્યારે તો શું છે કે બીજું હજી ગૌણપણે રહી જાય છે એટલે મુખ્ય કહીએ છીએ. આમ તો પ્રયત્ન સર્વસ્વપણે કરવા યોગ્ય છે પણ છદ્મસ્થને પરિણામની અંદર મુખ્ય અને ગૌણ એવો પ્રકાર અનિવાર્યપણે પ્રવર્તે જ છે. જ્યાં સુધી પરિપૂર્ણ શુદ્ધ પરિણમન થતું નથી ત્યાં સુધી પરિણમનમાં સર્વથાપણું આવતું નથી. અનિવાર્યપણે મુખ્ય-ગૌણપણું વર્તે છે તો અહીંયાં એને બન્ને અંશનું જ્ઞાન કરાવે છે અને એમ પણ જ્ઞાન કરાવે છે કે, તારું મુખ્યપણું – સર્વસ્વપણું એક ન્યાયે તો તેં ઉદયમાં – સંબંધમાં પકડેલું છે. જ્યાં મુખ્યતા છે ત્યાં સર્વસ્વની અપેક્ષા આવે છે તોપણ ગૌણપણે બીજી પ્રવૃત્તિ સાધક અવસ્થામાં રહે છે. બે ભાગ પડી જાય છે. મુખ્ય પોતાનો આત્મા, ગૌણપણે આત્મા સિવાયના ઉદયભાવરૂપ પરિણામ. એ ગૌણપણે રહે છે. જોકે શ્રદ્ધાના વિષયમાં તો એવા બે ભાગ પડતા નથી. એટલે શ્રદ્ધાનો વિષય જે પોતાનો આત્મા છે ત્યાં પોતાનું સર્વસ્વ છે. જ્ઞાનમાં પણ એમ જાણે છે કે, મારું મૂળ સ્વરૂપ છે એ મારું સર્વસ્વ છે તોપણ એક સમયનો ઉત્પાદ-વ્યયવાળો અંશ છે તે અપેક્ષાએ મારી મર્યાદામાં, મારા ક્ષેત્રમાં વર્તે છે. અપેક્ષાએ વર્તે છે એમ કહેવું છે. જો એમ ન જાણે તો વેદાંત થઈ જાય. એટલી અપેક્ષાનો ખ્યાલ જ્ઞાનમાં ન રહે તો વેદાંતનો મત થઈ જાય. એટલા પૂરતી વાત છે.

મુમુક્ષુ :- શ્રદ્ધામાં તો પૂરેપૂરું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધામાં તો ક્યાંય થોડું આમ ને થોડું આમ, એવું બની શકતું જ નથી. એ ગુણનું પરિણમન એવું છે કે, ઊલટો પડે તોપણ સર્વસ્વ પરમાં કરે છે, એ ગુણ

સવળો પરિણમે તો સર્વસ્વ સ્વમાં કરે છે. ત્યાં સુધી એ સ્વમાં સર્વસ્વ કરે છે કે અપેક્ષાએ જે પરિણામ અંશ પોતાનો છે એને પણ એ સ્વીકારવા તૈયાર નથી. આટલી વાત છે. જ્યારે તે જ કાળે જ્ઞાન બરાબર જાણે છે કે, જે ઉત્પાદ-વ્યયવાળો અંશ છે એ પણ આત્માનું જ એક અંગ છે. એ જીવ પદાર્થનું જ એક અંગ છે, એમ જ્ઞાન બરાબર જાણે છે. અને એ અંગમાં શ્રદ્ધાપર્યાયનો સમાવેશ થાય છે. શ્રદ્ધાની પર્યાયનો એ અંગમાં સમાવેશ થાય છે, જ્ઞાનની પર્યાયનો એ અંશમાં સમાવેશ થાય છે, આચરણની પર્યાયનો, પુરુષાર્થની પર્યાયનો એ અંગમાં સમાવેશ થાય છે.

એટલે અહીંયાં એ વાત લીધી છે કે, દ્રવ્ય – જીવદ્રવ્ય મુક્ત છે કે જીવદ્રવ્ય બંધાયેલું છે **'તે વ્યવહારનયથી છે,...'** અને તે બંધ અને મોક્ષની અવસ્થા છે **'તે પર્યાય છે.'** પર્યાય છે, પર્યાય છે તે વ્યવહારનયનો વિષય છે અને તે અપેક્ષાએ જીવ દ્રવ્ય છે એ મુક્ત અવસ્થામાં મુક્ત થયું એમ કહીએ છીએ, સંસાર અવસ્થામાં બંધાયેલું છે એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– નિષ્ક્રિય અને અપરિણામી એવા શબ્દો આવે છે ને ?

સમાધાન :– હા, એ પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને અનુલક્ષીને આવે છે. નિષ્ક્રિય છે એટલે ત્યાં કોઈ પરિણામક્રિયા નથી. ધ્રુવ દ્રવ્યમાં કોઈ પરિણામ સંબંધી ઉત્પાદ-વ્યયવાળી કોઈ ક્રિયા નથી. 'ક્રિયા પર્યાયની ફેરણી' 'બનારસીદાસે' વ્યાખ્યા કરી છે. કર્તા, કર્મ અને ક્રિયા. કર્તા આત્મા છે, કર્મ એનું પરિણામ છે – અવસ્થા છે અને ક્રિયા (છે તે) એક અવસ્થાથી બીજી અવસ્થામાં બદલવું એને ક્રિયા કહેવામાં આવે છે. એવી કોઈ ક્રિયા મૂળ દ્રવ્યને વિષે નથી. જે ધ્રુવ દ્રવ્ય છે, આત્માનું સામર્થ્યરૂપ જે સત્ત્વ છે એમાં બદલવું એવું કાંઈ નથી એટલે એ નિષ્ક્રિય છે. તેમાં પરિણામ નહિ હોવાથી તે અપરિણામી છે એમ પણ કહેવામાં આવે છે. જેમ લાકડું એમને એમ પડેલું ઘણાં વર્ષો સુધી દેખાય છે એટલે એને કૂટસ્થ એમ કહેવામાં આવે છે. લાકડાની જેમ જાણે એમને એમ પડ્યું રહે છે. કૂટસ્થ એટલે એમને એમ પડ્યું રહેતું હોય, એમ. એને કૂટસ્થ પણ કહેવામાં આવે છે. એવા અનેક વિશેષણો મૂળ સ્વભાવને લાગુ પડે છે.

મુમુક્ષુ :– મૂળ સ્વભાવ છે તેમાં કંઈ કરવાપણું જ નથી. પર્યાયની જ બધી રમત છે.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયની રમત છે પણ કેવી રમત છે કે, એ મોહનું વાદળું, ધુમાડો આવા મહા દ્રવ્યને – મહાન દ્રવ્યને જોવા દેતું નથી ! 'આવું છે' એમ કોણ જોવે છે ? એક સમયની અવસ્થા જોવે છે. 'ત્રિકાળી દ્રવ્ય હું આવો છું' એમ જોનાર એક સમયની અવસ્થા છે. અનંતકાળથી વર્તમાન સુધીમાં જેટલો સમય ગયો એમાં એક મોહ નામનો ધુમાડો એવો ઊભો થયેલો છે કે, વચ્ચે એ એક પડદા જેવું છે કે જેને લઈને એને પોતાના મૂળ સ્વરૂપના દર્શન થતા નથી. જો એ પોતે પ્રયત્ન કરે તો સહજમાત્રમાં જણાય એવું છે. જો પ્રયત્ન કરે

તો સહજમાત્રમાં જણાય અને યથાયોગ્ય પ્રયત્ન ન કરવામાં આવે તો અનંતકાળે પણ ન જણાય – આ પરિસ્થિતિ છે, આમ વ્યવસ્થા છે. ફક્ત સુયોગ્ય કાળે એને પોતાને પોતાના મૂળ સ્વરૂપનો બોધ થાય એટલી વાત બનવાની જરૂર છે. અનંતકાળમાં એક એવો કોઈ સુયોગ્ય કાળ આવે કે જે કાળે એને પોતાને પોતાનો જ બોધ થાય. તો એનો અનંતકાળના આ સંબંધનો નિવેડો આવી જાય છે, વ્યવહારનયથી આત્મા મુક્ત થાય છે. નિશ્ચયનયે તો મુક્ત થવાનો કોઈ સવાલ નથી પણ વ્યવહારનયે આત્મા મુક્ત થાય છે.

પ્રશ્ન :– સુયોગ્ય કાળ એટલે ?

સમાધાન :– સુયોગ્ય કાળમાં કાળલબ્ધિ, પુરુષાર્થ બધું છે, પણ ખોલીએ તો એવું છે કે જો ખરેખર આત્મા પોતે છૂટવાના ખરા ભાવમાં આવે – ખરી ચાહનામાં આવે – ખરી ભાવનામાં આવે એ એનો સુયોગ્ય કાળ છે. ન તો એને કાળલબ્ધિ સામે જોવાની જરૂર છે, પુરુષાર્થ આમાં આપોઆપ ઉત્પન્ન છે. એને જે ભાવના થઈ કે આ જે વર્તમાન અવસ્થાના સંબંધની હેરાનગતિ છે – દુઃખ છે એ હવે મને સહન થતું નથી, આટલી વાત છે. જ્યાં સુધી એને વર્તમાન દુઃખમય અવસ્થા પોસાય છે, એ એને સાલતી નથી, એને ખૂંચતી નથી અને એ સહન કરવાનો એની અવસ્થાની અંદર જ્યાં સુધી પોતાને વાંધો નથી, સહન કરવાની તૈયારી છે ત્યાં સુધી એ પોતાને પોતાના આત્મસ્વરૂપનો આત્મબોધ થવાનો સુયોગ્ય કાળ નથી, યોગ્ય કાળ નથી.

એ વિચાર તો એના ઉપરથી આવે છે – 'સોભાગભાઈ' ઉપરથી. 'સોભાગભાઈ' 'શ્રીમદ્જી'ના પરિચયમાં આવ્યા. ઘણાં વર્ષ પરિચયમાં રહ્યાં, ઘણાં નજીકના પરિચયમાં રહ્યાં. 'શ્રીમદ્જી' પ્રત્યે એમને અનન્ય શ્રદ્ધા ! અનન્ય શ્રદ્ધા એટલે એક પરમાત્મામાં શ્રદ્ધા હોય એવી સત્પુરુષમાં શ્રદ્ધા ! પરમાત્મા તુલ્ય શ્રદ્ધા ! એટલી શ્રદ્ધા છતાં એમને આત્મબોધ દેવા માટે એમણે કોઈ સુયોગ્ય કાળની પસંદગી કરી હતી. આટલી શ્રદ્ધામાં એ ઊભા હતાં તોપણ એમને એટલા એ વિષયની અંદર આતુર કર્યા અને પછી એને આત્મા બતાવ્યો કે, જુઓ ! આ હથેળીમાં આત્મા છે ! આ જ્ઞાનમાત્ર તત્ત્વ પ્રગટ જ છે, પ્રસિદ્ધ છે, અત્યંત પ્રગટ છે, પ્રત્યક્ષ છે કેમકે સ્વસંવેદન અનુભવગોચર છે. આ બોધ થઈ ગયો – સ્વસંવેદનમય આત્માનો બોધ થઈ ગયો. એક જ દિવસે ! પણ એ કાળ એમણે કોઈ પસંદ કરી લીધો અને જન્મ-મરણનો છેડો આવી ગયો. એક ક્ષણમાં જન્મ-મરણનો નાશ !

જેમ મિથ્યાત્વ અવસ્થામાં આવું મહાન તત્ત્વ હયાતી ધરાવતું હોવા છતાં કાંઈ જ નથી – મિથ્યાદૃષ્ટિ જીવને એ કાંઈ જ નથી, એમ એ મહાન તત્ત્વનો બોધ થતાં તેને વર્તમાન સંબંધવાળી અવસ્થા જાણે કાંઈ જ નથી – આ પરિસ્થિતિ ઊભી થાય છે. આમ મુખ્ય-ગૌણ થઈ જાય

છે. ખ્યાલ રહે છે કે, આ અવસ્થામાં ચોથું ગુણસ્થાન હોય તો ચોથું જાણે, એને અવસ્થાની અંદર છઠ્ઠું-સાતમું જાણે નહિ. છઠ્ઠું-સાતમું હોય તો ચોથું જાણે નહિ. અવસ્થાનો યથાર્થ વિવેક પણ આવો સ્વરૂપનો બોધ થયા પછી જ હોય છે. એ પહેલાં અવસ્થાનો ખરો વિવેક ગમે તેટલો જ્ઞાનનો – બુદ્ધિનો ઉઘાડ હોય તોપણ અવસ્થાનો વિવેક યથાર્થ હોતો નથી. એટલે ત્યારપછી વિવેકનો વિષય જે અવસ્થા છે એનું ગૌણપણે જ્ઞાન રહે છે. મુખ્યપણે તો હું બંધ-મોક્ષથી રહિત છું. એનું જ અવલંબન જ્ઞાનમાં, આચરણમાં, પુરુષાર્થમાં, સર્વ ગુણોમાં થાય છે. શ્રદ્ધામાં તો પૂરેપૂરું અવલંબન છે, પણ યથાશક્તિ યથા ગુણસ્થાને એ બધું મુખ્ય પરિણમન અંદરમાં અંતર્મુખ થઈને આત્મામાં – આવા બંધ-મોક્ષરહિત આત્મામાં નિમગ્ન થવા લાગે છે, અંતર્મગ્ન થવા લાગે છે, એકાગ્ર થવા લાગે છે. અનંત ગુણો (આ રીતે પરિણમવા લાગે છે).

મુમુક્ષુ :– ત્રિકાળી ધ્રુવનો વિષય 'સોગાનીજી'એ બહુ લીધો.

પૂજ્ય ભાઈશ્રી :– એમણે તો એમની ચર્ચામાં એ વિષય મુખ્ય લીધો છે. એવું થયું છે કે, એમનું કોઈ એ પ્રકારનું વિશિષ્ટતાવાળું દ્રવ્ય છે કે, ઘણી છૂટવાની તીવ્રતામાં આવી ગયા પછી એમને 'ગુરુદેવ'નો સંયોગ થયો. એ પહેલાં વર્તમાન મિથ્યાત્વની અજ્ઞાન ભરેલી દુઃખમય પરિસ્થિતિમાંથી છૂટવા માટે બહુ તરફડિયા માર્યા છે. એટલા બધા તરફડિયા માર્યા છે કે, એની વેદનાનો કોઈ પાર નહિ ! અથાગ વેદનામાં આવ્યા છે. એ એમનો તૈયાર થયેલો સુયોગ્ય કાળ (હતો) અને જ્યારે આવું થાય ત્યારે કુદરતી એને નિમિત્તનો સંયોગ થઈ જાય છે. નહિતર ક્યાં 'અજમેર' અને ક્યાં 'સોનગઢ' ! પાંચસો માઈલનું છેટું છે, એટલું દૂર છે. લગભગ પાંચસો માઈલ હશે. એટલે દૂરથી આવવાનું થયું. કોઈ 'દી નહિ આવેલા, એકલા આવી ચડ્યા અને જેમ કઢેલા દૂધમાં મેળવણ પડે અને જેમ દહીંનું ઢીમ જામી જાય, એમ બોધ મળ્યો કે 'આ જ્ઞાન અને રાગ જુદાં છે' બસ ! આખું જ્ઞાનતત્ત્વ હાથમાં આવી ગયું ! રાગથી ભિન્ન એવું અંતર્તત્ત્વ છે – બંધ-મોક્ષ રહિત ! એમની ભાષામાં તો ઘણી વાતો આવી છે. એ સીધી એની ધૂન ચડી અને અનુભવમાં આવી ગયા. ત્યારપછી કુદરતનો કોઈ કાળ એવો રહ્યો છે કે, સાત વર્ષ સુધી ફરીને બોધિદાતાર સદ્‌ગુરુની પાસે પોતે આવી શક્યા નથી. એની પણ એમણે બહુ વેદના ઠાલવી છે. પછી સાત વર્ષે એક વાર આવ્યા છે. પાછા બીજાં સાત વર્ષ સુધી આવી શક્યા નથી, આમ છે. એટલે એ ચૌદ વર્ષની અંદર એકલે હાથે એમણે બહુ પુરુષાર્થ કર્યો છે. એવું જ કોઈ એમનું એકાવતારી દ્રવ્ય છે કે જબરજસ્ત પુરુષાર્થ કર્યો છે !!

સામાન્ય રીતે સત્‌સમાગમ ન હોય તો વર્તમાન દેશ-કાળ જોતાં આ લાઈનમાં ટકવું મુશ્કેલ છે. આ કાળમાં અસત્સંગનો અને અસત્‌પ્રસંગનો એટલો ઘેરાવો છે કે, જીવ લાઈન ચૂકી જાય એ સહજમાત્રમાં બને એવું છે. એમની તો કોઈ યોગ્યતાવિશેષ એવી હતી કે, બિલકુલ સત્સંગ

સાત-સાત વર્ષ સુધી નહિ ! (તોપણ) ઘણું કામ કર્યું છે !!

મુમુક્ષુ :– (ક્યાંક) એ વાત કરી છે કે, આ કાળમાં સમ્યગ્દર્શન માટે જેટલો પુરુષાર્થ કરે છે એટલો પુરુષાર્થ તો ચોથા આરામાં કેવળજ્ઞાન લઈ લે, એટલો પ્રતિકૂળ કાળ છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રતિકૂળ કાળ છે ! એમને તો સંયોગની પ્રતિકૂળતાના એ વર્ષો હતા. નહિ આવી શકવાનું કારણ સંયોગોની અનુકૂળતા નહોતી. એવા ઘણાં પ્રતિકૂળ સંયોગોમાં યોગ્યતાને કારણે પુરુષાર્થ ઘણો ઉપાડ્યો છે. આ બાજુ પ્રતિકૂળતા ઘણી તો આ બાજુ પુરુષાર્થ ઘણો. એમ સામે-સામી લાઈન પકડી છે. ગજબ કામ કર્યું છે ! એટલે એ જે એમની આખી લાઈન બની ગઈ – એકલે હાથે અંદરમાં જામતું જાવું... જામતું જાવું...! બહારમાં જે ગુરુની પાસેથી ઉપદેશ મળ્યો છે એના સંયોગનો પણ પ્રસંગ નહિ ! તો અંદરમાં એમ વિચાર કર્યો કે, એમણે જે ચીજ બતાવી દીધી છે એ તો હું પોતે જ છું, એનાથી હું ક્યાં દૂર છું ? એટલે એમાંને એમાં હું જામેલો જ રહું એ વૃત્તિ જોર કરી ગઈ, એ પુરુષાર્થે જોર કર્યું અને એ જોરમાંને જોરમાં એમણે આ પત્રો લખ્યા છે અને ચર્ચા થઈ ગઈ છે. એટલે એમના વચનોની અંદર પુરુષાર્થ શું ચીજ છે એ ઝળકે છે ! ભલે પુરુષાર્થ અવસ્થા-અંગ છે અને જ્ઞાનીને પુરુષાર્થ જણાય છે કે જે તે ગુણસ્થાને કેવો કેવો પુરુષાર્થ છે અને એ ગૌણપણે જાણવાનો વિષય હોવા છતાં **એમના વચનોમાં કોઈ વિશેષ વાત ઉપસતી હોય તો એમના પુરુષાર્થની છે. એ લક્ષમાં લેવા જેવો વિષય છે.**

**વસ્તુ વ્યવસ્થાની સમજણમાં ગડબડ ન હોય અને પુરુષાર્થની જાગૃતિ માટે કોઈ શાસ્ત્ર વાંચવું હોય તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉત્તમ શાસ્ત્ર છે એમ કહી શકાય. બહુ ઉત્તમ શાસ્ત્ર છે ! સમજણમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કે બીજી કોઈ ગડબડ ન હોય, વસ્તુ વ્યવસ્થાની સમજણ ચોખ્ખી હોય, હવે અંતરમાં પુરુષાર્થથી ઢળવું છે એ અંગે કોઈ વિશેષ નિમિત્તભૂત શાસ્ત્ર કોઈને જોઈતું હોય તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' એને યોગ્ય શાસ્ત્ર છે. એમનું જોર ઘણું હતું ને ! ઘણું જોર હતું !! આયુષ્ય હોત તો મુનિપણામાં આવે એવું જોર હતું !! એવી દશા ! આયુષ્ય એટલું નહિ અને એટલો આ બાજુ કાળ નહિ એમની પાસે.**

આમાંથી એક વાત નીકળે છે કે, દ્રવ્ય મુક્ત છે કે દ્રવ્ય બંધાયેલું છે તે વ્યવહારનયથી છે અને તે પર્યાય છે. અનર્પિતપણે એમાંથી નીકળે છે કે ત્રિકાળી દ્રવ્યને બંધ-મોક્ષની અપેક્ષા લાગુ પડતી નથી. જો વ્યવહારનયથી દ્રવ્ય મુક્ત છે કે બંધાયેલું છે તો નિશ્ચયનયથી તે મુક્ત કે બંધાયેલું નથી. મુક્ત પણ નથી અને બંધાયેલું પણ નથી અને તે પર્યાય નથી પણ તે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે કે જે અહીંયાં એમ કહ્યું કે, બંધાયું નથી. '**કદી બંધાયું નથી.**' કદી બંધાયું નહિ હોવાને લીધે ક્યારેક એનો મોક્ષ થવાની સંભાવના, એ અપેક્ષા લાગુ પડતી નથી.

આટલી વાત સ્થાપ્યા પછી હવે એક પુરુષાર્થનું દૃષ્ટાંત આપીને વ્યવસ્થા બતાવે છે. **'જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે,...'** કેમકે લાળ તો એમાંથી જ નીકળેલી છે અને લાળ છે એની કોઈ એટલી શક્તિ નથી, જેટલી કરોળિયાની શક્તિ છે. લાળને કાપી શકે એમ છે, એના જે આકડા છે એનાથી લાળને કાપી શકે એમ છે. બંધાયો તો એમાંને એમાં વીંટાયો, એમ આ જીવના પરિણામમાં મોહ વિશેષ છે – દર્શનમોહ છે એ વ્યામોહને લઈને જીવ એમાંને એમાં ગૂંચવાયેલો છે. શક્તિ છે, કાપે તો ક્ષણમાત્રમાં એ મોહની લાળને કાપી શકે એમ છે. આ અવસ્થાનોને અવસ્થાનો વિષય છે. **'જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે,...'** (આ) એક દૃષ્ટાંત (થયું).

(હવે), બીજું (દૃષ્ટાંત) લ્યે છે. **'જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં,...'** અથવા અનેક **'ઉપાધિઓમાં,...'** અથવા અનેક પ્રકારની **'જંજાળમાં ફસાયેલો છે...'** આ દૃષ્ટાંત કોઈ પણ માણસ પોતાના વર્તમાન અનુભવની સાથે મેળવી શકે, તપાસી શકે એવું છે. **'જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં,...'** અનેક **'ઉપાધિઓમાં,...'** અને અનેક **'જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે...'** તો સાવ **'છૂટો છે;...'** માણસ તરીકે ક્યાં બંધાયેલો છે ? એને જે ફસામણ છે, જંજાળ છે એ બીજાં કાર્યોની અપેક્ષાએ છે, ઉપાધિ છે એ કોઈને કોઈ કાર્યવિશેષની અપેક્ષાએ ઉપાધિ છે. માણસ તરીકે માણસ છે. કોઈ ઉપાધિ કોઈ માણસને વીંટળાયેલી દેખાય છે ? કાંઈ નથી. અનેક સંબંધો હોવા છતાં માણસ તરીકે તો સાવ છૂટેછૂટો છે. સંબંધો તો બીજાની અપેક્ષાએ છે. માણસ તરીકે તો એ સાવ છૂટો છે. **'પણ માણસ તરીકે છૂટો છે;...'**

**'તેમ જીવ વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે...'** અંદર જોવાનો પ્રયત્ન કરે – મૂળ દ્રવ્યે, મૂળ સ્વરૂપે હું કેવો છું એમ (જોવાનો) પ્રયત્ન કરે તો પોતે વિભાવની જાળ વિનાનો, બંધન વિનાનો **'પોતે છૂટો જ છે એમ જણાય.'** આમ છે, લ્યો, આટલી વાર છે. જોવે એટલી વાર છે ! હવે એ વિભાવની જાળમાં એવો ફસાયેલો છે કે એ ફસામણમાંથી એ જોવા માટે સમર્થ નથી. મિથ્યાત્વ અવસ્થામાં એને પોતાને પોતાનું સ્વરૂપ જોવું – અંતર્મુખ થઈને જોવું, એટલું સમર્થપણું – એટલી શક્તિ એનામાં નથી. એટલે જેટલું કરે છે એ બધું બહારને બહાર કરે છે. શાસ્ત્ર વાંચે (તો) પરિણામ બહારના બહાર, પૂજા, ભક્તિ, વ્રતાદિ અંગીકાર કરે, બધી ક્રિયાઓ કરે (તોપણ) બધા પરિણામ બહારને બહાર, બધા ફેરફાર બહારને બહાર કર્યા કરે. અનંત કાળથી ધર્મના ક્ષેત્રમાં આવીને બાહ્ય પરિણામથી બાહ્ય પરિણામની ક્રિયા કરી અને ધર્મ થયો હોવાનું માનીને મિથ્યાત્વ – ગૃહીત મિથ્યાત્વને દૃઢ કર્યું. ફક્ત એના મૂળ સ્વરૂપને અંતર્મુખ થઈને જોવું એટલી એણે પરિણામમાં અંતરની ક્રિયા કરી નથી.

વસ્તુ સર્વ કાળે મોજૂદ છે. પરિણામમાં આ (–બહારની) બાજુ જેટલા વેગથી જાય છે

(કે) એ પરિણામશક્તિનો બધો ઉપયોગ ત્યાં બહાર જવામાં કરે છે. બહિર્મુખ રહેવામાં, બહિર્મુખ થવામાં અને બાહ્ય પદાર્થ ને રાગાદિ પ્રત્યે ધસવામાં બધી શક્તિનો પ્રયોગ થઈ જાય છે, વપરાય જાય છે એટલે અંતર્મુખ થઈ શકતો નથી. એ વેગની અંદર ફેરફાર થઈ જાય, એક પોતાની છૂટવાની તીવ્ર ભાવનાને કારણે ! આ મૂળમાં ભાવના છે, જે આ શાસ્ત્રનો પાયાનો મુખ્ય વિષય છે. આ શાસ્ત્રમાં એ વાત મુખ્ય કરી છે.

તારી ખરી ભાવના હોય તો જે મિથ્યાત્વ અવસ્થામાં તું બહિર્મુખપણે થઈ રહ્યો છો, એ જે તારી શક્તિ ઊંધી વપરાય રહી છે એ શક્તિને પાછી વાળીને અંતર્મુખ થવામાં તારી ક્ષમતા ઊભી થશે, કાર્યક્ષમતા ઊભી થશે. નહિતર તારી કાર્યક્ષમતા નથી. એટલે એ વાત લખી છે કે, **'છૂટવા માગે તો છૂટી શકે છે,...'** શું કહે છે ? જો જીવ છૂટવા માગે તો છૂટી શકે છે.

'શ્રીમદ્જી'એ એક બહુ સરસ વચન એક પત્રમાં લખ્યું છે કે, સંસારમાં જેને બંધાવું છે એને છોડાવનાર કોઈ નથી અને જેને છૂટવું છે એને આ જગતમાં બાંધનાર કોઈ નથી. જેને પોતાનો અંતર વિચાર હોય એને એ વચનો એ નિર્દેશ કરે છે કે, જો સત્પુરુષ એમ કહે છે કે, છૂટનારને કોઈ બાંધનાર નથી તો ખરેખર પોતે પોતાનો વિચાર કરે તો એમ વિચાર કરી શકે કે, તો ખરેખર મારે છૂટવું નથી એટલે હું બંધાઉં છું. હું સંસારમાં કેમ બંધાઉં છું ? કે, મારે છૂટવું નથી માટે બંધાઉં છું. જો મારે છૂટવું હોય તો આ જગતમાં, આ સંસારમાં મને કોઈ બાંધી શકે એવું નથી – આમ નીકળે છે. એની પોતાની જે સ્વતંત્રતા છે એ સ્વતંત્રતા એમાંથી સ્પષ્ટ થાય છે.

એટલે **'પ્રયત્ન કરે તો પોતે છૂટો જ એમ જણાય.'** એ પ્રયત્ન ક્યારે કરે ? કે, એ છૂટવા માગે તો, છૂટવાની ભાવનામાં આવે તો પ્રયત્ન થાય અને નહિતર છૂટવાનો માત્ર વિચાર – વિકલ્પ થાય, પ્રયત્ન ન થાય. વિકલ્પ આવે કે મારે છૂટવું છે. એથી કંઈ છૂટી શકાતું નથી. પણ **'પ્રયત્ન કરે તો પોતે છૂટો જ...'** છે. પોતે છૂટો તો છે જ પણ પ્રયત્ન કરે તો જણાય અને પ્રયત્ન ન કરે તો ન જણાય. તથારૂપ પ્રયત્ન કરે તો જણાય. છૂટો જ છે એમ જાણવાનો તથારૂપ પ્રયત્ન કરે તો જણાય અને નહિતર ન જણાય.

કહે છે કે, **'ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે.'** અંદરમાં ચૈતન્ય પદાર્થને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનો કોઈ સંબંધ નથી. દ્રવ્યકર્મ અને નોકર્મ તો પરમાણુ છે એટલે બીજી જાતનું ભિન્ન દ્રવ્ય છે, જુદું જ દ્રવ્ય છે પણ ભાવકર્મરૂપ જે અવસ્થા છે, ઉપાધિ છે, જંજાળ છે એની અવસ્થામાં રહેલું તત્ત્વ છે એ પણ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યથી અત્યંત દૂર છે. કેટલું ? અત્યંત દૂર છે એમ કહેવું છે. જો ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને અંદર વળીને – અંતર્મુખ થઈને જોવામાં આવે તો એમ જોવાય એવું છે કે, આ દ્રવ્યથી આ ભાવ અત્યંત દૂર છે. એટલો બધો બે વચ્ચે આંતરો

છે, અંતર છે એમ જોવામાં આવે છે. **'ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે.'** એટલા માટે **'જ'** વાપર્યો છે. એ તો ઘણો દૂર છે. ક્યાં ચૈતન્ય પદાર્થ, ક્યાં એક સમયની વિભાવિક અવસ્થા ! બે વચ્ચે તો ઘણું અંતર છે.

પ્રશ્ન :- એકસરખા ભાવની અપેક્ષાએ દૂર છે ?

સમાધાન :- વિરુદ્ધભાવની અપેક્ષાએ (દૂર છે). એકસરખા નહિ પણ વિરુદ્ધ ભાવની અપેક્ષાએ ઘણાં દૂર છે, ઘણું દૂર છે. એમ છે. ભાવે દૂર છે, ભાવે ઘણું દૂર છે. જે ત્રિકાળી દ્રવ્ય છે (એ) ક્યાં ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ! ક્યાં એક સમયની વિભાવિક અવસ્થા ! ઘણું દૂર છે એમ કહેવું છે. 'નિયમસાર'ની ૩૮મી ગાથા છે એના પછીનો એક કળશ છે એ કળશમાં એવો શબ્દ વાપર્યો છે. ત્યાં તો ચારેય ભાવ લઈ લીધા છે. ૩૮મી ગાથામાં તો ચારેય ભાવની વાત છે ને ? એટલે ચારેચાર ભાવ લઈ લેવા.

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** કોણ ? પરમપારિણામિકભાવ. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** એમ **'દૂર'** શબ્દ વાપર્યો છે. **'સકલવિલયદૂરઃ'** 'દૂર' શબ્દ વાપર્યો છે. જે નાશ પામવાયોગ્ય ભાવથી દૂર છે. એમ કરીને અનેક વિશેષણો લીધાં છે. જે સુખસાગરનું પૂર છે, શુદ્ધ જ્ઞાનનો અવતાર છે... એમ કરીને ઘણાં (વિશેષણો લીધાં છે).

મુમુક્ષુ :- આવો આત્મા 'ગુરુદેવે' બતાવ્યો, અમારા મૂળ દિગંબરમાં વાત જ નહોતી.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રમાં હતું, પણ દિગંબર સંપ્રદાયમાં વાત લુપ્તપ્રાય હતી એટલે લોપાઈ ગઈ હતી. ત્રણે ફિરકાઓમાં બાહ્ય ક્રિયાકાંડમાં સંપ્રદાયના જીવો સપડાયેલા હતા એમાંથી કોઈ એક નવો અધ્યાત્મનો યુગ એક યુગપુરુષને લઈને ઉત્પન્ન થયો એમ કહી શકાય.

મુમુક્ષુ :- કેટલો ઉપકાર !

પૂજ્ય ભાઈશ્રી :- તેનું કોઈ માપ નીકળે એવું નથી. ઉપકારનું માપ નીકળે એવું નથી. 'ગુરુદેવ'નો ઉપકાર કેટલો ? કે એનું કોઈ માપ નીકળે એવું નથી. સંસારનો છૂટકો થઈ જાય એવું છે. સંસારના ભૂકા બોલાવી દે ! સંસાર ? તો કહે કાંઈ ચીજ નથી. તું એટલો મહાન છો કે જેના એક સેકંડના અનુભવમાં સંસારના ભૂકા છે ! તારી તો વાત શું થાય ! એવી વાત કરી છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કહ્યું કે અનંત તીર્થંકરોથી અધિક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ પણ માપ ન આવ્યું ને ? એનાથી કેટલું વધારે ? કે, એનું કાંઈ માપ નહિ એટલું વધારે !

પ્રશ્ન :- એમ કેમ કીધું ?

સમાધાન :- કેમકે અનંત તીર્થંકરોના સમવસરણમાં પોતે રઝળતાં... રઝળતાં... રઝળપાટ કરતાં કરતાં ગયેલા પણ આ જે બોધ થવો જોઈએ - બંધ-મોક્ષ રહિત આત્માનો બોધ થવો જોઈએ એ ન થયો અને અહીંયાં કોઈ એવા સુયોગ્ય કાળમાં એ બોધ થયો. ત્યારે એમને માપ આવી ગયું. અનંત તીર્થંકરોના સમવસરણમાં આ વાત સાંભળવા છતાં નહિ સાંભળેલી થઈ ગયેલી અને આત્મબોધ નહિ થયો, એ કામ અહીંયાં થયું. ન્યાલ કરી દીધો મને !! એમનું નામ પણ 'નિહાલભાઈ' હતું. 'નિહાલભાઈ'ને ન્યાલ કરી નાખ્યા ! એટલે એ રીતે ઉપકાર ગાયો છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્'માં આવે છે ને કે, 'નિહાળ રે નિહાળ તું...' 'ન્યાલભાઈ' એમ કહેતા હતા કે, 'શ્રીમદ્દે' મારા માટે જ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચર્ચા ચાલતી ત્યારે એમ કહેતા કે, જુઓ ! મને સંબોધન કરે છે. એમ જ કહેતા કે, આ મને સંબોધન કરે છે. છેલ્લે પણ જે દિવસે એમણે દેહત્યાગ કર્યો તે દિવસે એ 'શ્રીમદ્' જ વાંચતા હતા. તે દિવસે ગ્રંથ 'શ્રીમદ્'નો વાંચતા હતા. ખાસ કરીને એમાંથી કોઈ વાતનું અધ્યયન કરતા હતા.

શું કહે છે અહીંયાં ? કે, **'ચૈતન્યપદાર્થ તો છૂટો જ છે. ચૈતન્ય તો જ્ઞાન-આનંદની મૂર્તિ-જ્ઞાયકમૂર્તિ છે,...'** આ જે ચૈતન્ય પદાર્થ (છે) એ તો અનંત જ્ઞાન અને અનંત આનંદની એક મૂર્તિ છે, જ્ઞાયકમૂર્તિ આત્મા છે. **'પણ પોતે પોતાને ભૂલી ગયો છે.'** મૂળમાં પોતે કોણ છે એમ ભૂલી ગયો છે. એ સિંહના બચ્ચાનું દૃષ્ટાંત આવે છે. જન્મ્યો ત્યારથી, આંખ ઊઘડી ત્યારથી એને બકરાના ટોળામાં જ ફરવાનું થયું અને બકરાના ટોળામાં બકરું છે. કોઈ સિંહ આવે અને બકરા ભાગે તો ઈ પણ (પોતાને) બકરું સમજીને ભાગે. સિંહને એમ થયું કે માળું આ શું ? આ તો સિંહનું બચ્ચું છે અને બકરાની જેમ બીને (ડરીને) ભાગે છે. (એને કહ્યું) ઊભો રહે, ઊભો રહે ! જો તું મારી જેમ ત્રાડ નાખ. તારી ત્રાડ અને મારી ત્રાડ સરખી છે અને પાણીમાં જો. (એની પાસે) અરીસો તો ક્યાંથી હોય ? પાણીમાં જો, તારું મોઢું અને મારું મોઢું એકસરખું છે. તું તો સિંહનું બચ્ચું છો. આ બકરા જેવું થઈને ક્યાં ભાગ્યો ? પતી ગયું, બકરામાંથી સિંહ થઈ ગયો. સિંહ તો હતો જ પણ ભાવે બકરો હતો એ ભાવે સિંહ થઈ ગયો. આટલી વાત છે. એમ સંસારીમાંથી સિદ્ધ થયો ! સીધો જ ! વચ્ચે સાધકની વાત નથી. સીધો સંસારીમાંથી સિદ્ધ થયો.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' 'ગોસળીયા'નો દૃષ્ટાંત આપતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- 'ગોસળીયો' ખોવાઈ ગયો. આમાં પણ છે, ઈ દૃષ્ટાંત આમાં લીધું છે. યથાર્થ લક્ષ કર, જો જ્ઞાનમાત્રપણે યથાર્થ લક્ષ કર, જો જ્ઞાનમાત્રપણે યથાર્થ લક્ષ કર તું

જ્ઞાયકમૂર્તિ છો. અનંત જ્ઞાનની મૂર્તિ છો, તું જો અંદરમાં. અંદરમાં વળીને જો એટલી જ વાર છે. અતીન્દ્રિય પ્રત્યક્ષ પરિણમનમાં તારું પ્રત્યક્ષ – અપરોક્ષ સ્વરૂપ તને અનુભવગોચર થશે.

**'પોતે પોતાને ભૂલી ગયો છે. વિભાવની જાળ પાથરેલી છે,...'** પોતાનીને પોતાની પાથરેલી છે. **'વિભાવની જાળ પાથરેલી છે,...'** આ શરીર મારું, આટલી અનુકૂળતાઓ મને, આટલી પ્રતિકૂળતાઓ મને, આ સંયોગો મારા, હું આવો, હું આવો, હું આવો, આટલા... આટલા... આટલા સંબંધવાળો. આ બધી જાળ પોતેને પોતે પાથરેલી છે. અને એ **'વિભાવની જાળમાં ફસાઈ ગયો છે,...'** ગૂંચવાઈ ગયો છે, એકદમ સલવાઈ ગયો છે અને એવો જ છું એમ કલ્પના માનીને ફસાયો છે, કલ્પના કરીને ફસાયો છે.

મુમુક્ષુ :– લાળ પોતાની જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનામાંથી જ લાળ નીકળી છે. કરોળિયાની લાળ કાંઈ બહારથી આવી નથી. તાંતણા(ની) કોઈ કિંમત નથી પણ જ્યાં સુધી એને એમ લાગે કે, અરે..રે...! હું બંધાયેલો છું. ત્યાં સુધી એના મુક્ત સ્વરૂપને એ સમજી શકે એવું નથી. **'વિષયને બહુ સ્પષ્ટ કર્યો છે ! સ્વાનુભવની પરિણતિમાંથી નીકળેલી બધી વાતો છે.'**

મુમુક્ષુ :– કામ કરવું હોય એના માટે બધું ચોખ્ખું છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચોખ્ખું છે.

**'પણ પ્રયત્ન કરે...'** ફસાઈ ગયેલો છે તોપણ, એમ કહે છે. છતાં **'પ્રયત્ન કરે...'** આ પ્રયત્ન ઉપર જોર છે, આખા બોલમાં પુરુષાર્થ ઉપર જોર છે. **'પણ પ્રયત્ન કરે...'** તો છૂટવું નથી **'છૂટો જ છે.'** એમ કહે છે. છૂટવાનું કામ કરવાનું બાકી છે નહિ પોતે તો છૂટો જ છે. પ્રયત્ન કરીને જોવે તો ! એમ લેવું છે. જો જોવાનો પ્રયત્ન કરે, અવલોકન કરવાનો પ્રયત્ન કરે, અંતર્મુખ થવાનો પ્રયત્ન કરે તો પોતે દ્રવ્યસ્વભાવે બંધાયેલો નથી. બંધાયેલો નહિ હોવાને લીધે મુક્ત થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એવો અનાદિથી દ્રવ્ય પોતે જ છે. ફક્ત એને જોવાનું છે, પોતે જેવો છે એવો એને પોતાને જોવાનો છે. આત્માને મુક્ત કરવાનો નથી પણ મુક્ત છે, બંધ-મોક્ષથી રહિત છે, જેવો છે તેવો જ્ઞાયકમૂર્તિ છે. એ જ્ઞાનાનંદની મૂર્તિને એને જોવાની છે. આ સિવાય બીજું કાંઈ કામ નથી. કામ તો એટલું જ છે, કર્તવ્ય તો એટલું જ છે કે, જેવું છે એવું પોતાનું સ્વરૂપ જોવું છે. બાકી એને કાંઈ કરવાનું નથી. બીજાં કાર્યોમાં તો ઉપાધિ હોય કે, આ કામ કરવું છે, આટલું કરવું પડશે, પછી આમ કરવું પડશે, પછી આમ કરવું પડશે. અહીંયાં નિરૂપાધિકપણે નિરૂપાધિક સ્વરૂપના અવલોકન માત્રથી પરમેશ્વર થાય એવી વાત છે. પોતે જ પરમેશ્વર છે, ભાવે થઈ જાય છે. જેમ સિંહ હતો જ, બકરાના ભાવમાંથી સિંહભાવ બદલાઈ ગયો. બકરો છું એ ભાવ મટીને સિંહ છું એમ થઈ ગયું.

મુમુક્ષુ :- મુક્ત થાય છે કે મુક્તસ્વરૂપ સમજાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુક્તપણું સમજાય છે, 'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે ને ? દિગંબરના આચાર્યોએ એમ કહ્યું છે કે, આત્મા મુક્ત થતો નથી, પણ મુક્ત છે તેમ સમજાય છે. આમાં છે ને ? આપણે લીધું છે – 'જ્ઞાનામૃત'માં લીધું છે. કહેવાની શૈલી...! લોકોનું ધ્યાન ખેંચ્યું છે કે, જો આવી વાત દિગંબર શાસ્ત્રમાં આચાર્યોએ કરી છે તો જરાક ધ્યાન ખેંચ્યું છે. 'દિગંબરના આચાર્યોએ કહ્યું છે' એમ કહીને ધ્યાન ખેંચ્યું છે. નથી, આમાં નથી લીધું. (વ્યાખયાનસાર-૧ માં ૮૦મો બોલ છે.) 'આત્માનો મોક્ષ થતો નથી પણ મોક્ષ સમજાય છે.' એમ કહ્યું છે.

પ્રશ્ન :- ઈ આ જ કહ્યું ને ?

સમાધાન :- ઈ આ જ વાત છે કે, આત્મા બંધાયેલો જ નથી. દ્રવ્ય એટલે પોતે આત્મા બંધાયેલો જ નથી, મુક્ત જ છે. પ્રયત્ન કરીને એને જોવું રહ્યું, બસ ! આટલું કામ બાકી છે. જોવે તો છે પણ બીજાને જોવે છે. જોવે તો છે પણ પરમાં સ્વને જોવે છે. જોતાં નથી આવડતું એમ નથી. પરમાં સ્વને જોવે છે. અહીંયાં કહે છે કે, એ જોવાનું બંધ કર અને તું તને તારામાં જ્ઞાનમાત્રપણે જો, તું છૂટો જ છો, ક્યાંય બંધાયેલો નથી.

અહીં સુધી રાખીએ.

**વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ. એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ. ૪૮.**

## તા. ૨૪-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૮
## પ્રવચન નં. ૪૩

('બહેનશ્રીનાં વચનામૃત') ૪૮મો બોલ છે. મુમુક્ષુને સમ્યગ્દર્શન થવા પૂર્વે કેવી ભૂમિકા હોય તો એને ધર્મ પ્રગટ થાય એનું એક પડખું લીધું છે. **'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.'** મુમુક્ષુની ભૂમિકામાં અનેક પ્રકાર છે એમાંથી આ એક પ્રકારની વાત કરે છે. કોઈ તર્ક કરે છે કે, જ્યાં સુધી અમને સુખનો અનુભવ થયો નથી ત્યાં સુધી અમને દુઃખની પણ કેવી રીતે ખબર પડે ? અથવા તો જેને સમ્યગ્દર્શનપૂર્વક આત્માનો સુખાનુભવ હોય એને રાગાદિ વિકલ્પમાં દુઃખ લાગે તો એ સમજી શકાય એવું છે, કેમકે સુખ અને દુઃખ એ બન્ને પરસ્પર વિરુદ્ધ છે. પણ અહીંયાં મુમુક્ષુની ભૂમિકામાં એને વિકલ્પમાં દુઃખ લાગે એ કેવી રીતે બને ? આવો પ્રશ્ન થાય છે. પ્રશ્ન કરનારની ભૂમિકા પ્રશ્નમાંથી સાફ જણાય છે કે, એને પોતાને તો વિકલ્પમાં દુઃખ લાગતું નથી. એ સ્પષ્ટ છે.

**'વિકલ્પમાં જરા પણ શાંતિ ને સુખ નથી...'** એ હકીકત છે, વસ્તુસ્થિતિ છે. વિકલ્પ સ્વયં

અશાંત સ્વરૂપ છે અને દુઃખ સ્વરૂપ છે. એમ હોવા છતાં એમ લાગતું નથી એ એમ સૂચવે છે કે એણે વિકલ્પમાં સુખની કલ્પના કરી છે. એટલે એને દુઃખ લાગવાને બદલે સુખ લાગે છે અથવા એ જીવ વિકલ્પરહિત જ્ઞાન અને વિકલ્પ – બે વચ્ચેની મીંઢવણીમાં પણ આવ્યો નથી. કેમકે જે જ્ઞાન છે એમાં તો વિકલ્પ નથી, ભલે મિથ્યાદષ્ટિનું જ્ઞાન હોય તોપણ જ્ઞાનમાં વિકલ્પ નથી; તેથી જ્ઞાનમાં દુઃખ પણ નથી. જો જ્ઞાનમાં વિકલ્પ નથી તો જ્ઞાનમાં દુઃખ પણ નથી, કેમકે દુઃખ તો વિકલ્પમાં છે. એટલે એણે વિકલ્પથી જુદું એવું જ્ઞાન એ પણ ક્યારેય જોયું નથી કે જોવાનો પ્રયત્ન પણ એણે કર્યો નથી. ભલે જોયું ન હોય પણ જોવાનો પ્રયત્ન કરે તોપણ એને ચાલતા વિકલ્પમાં દુઃખ લાગે એ પરિસ્થિતિ ઊભી થાય છે.

કેટલાંક જીવોને તો નિર્વિકલ્પ અને પરમશાંત આત્મતત્ત્વની વાત સાંભળીને એ વિષય રુચે છે અને આત્માની અનંત શાંતિ અને અનંત સુખની પ્રાપ્તિની ભાવનામાં એને વિકલ્પો દુઃખરૂપ લાગવા માંડે છે. એમ કોઈને થાય છે અને કોઈ જીવને ભેદજ્ઞાન કરવા જતાં જ્ઞાન અને વિકલ્પની જુદાઈનો જો પ્રયત્ન છે એ પ્રયત્નના કાળમાં એને ચાલતો વિકલ્પ દુઃખરૂપ લાગે છે. છે પણ દુઃખરૂપ અને લાગે છે પણ દુઃખરૂપ.

વિકલ્પરૂપ પરિણામ એ અનાત્મભાવરૂપ પ્રવૃત્તિ છે. અન-આત્મામાં પ્રવૃત્તિ એ વિકલ્પની ઉત્પત્તિરૂપ છે અને આત્મામાં જે પ્રવૃત્તિ છે એમાં વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. આત્મા સિવાય જે દ્રવ્ય અને ભાવ છે એમાં જે પરિણામ જાય છે એ આકુળતા લઈને, એમાં આકુળતા જન્મે જ છે, આકુળતા ઉત્પન્ન થઈ જ આવે છે – એ આકુળતારૂપ ભાવ છે.

'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માં 'સોગાનીજી' એક જગ્યાએ એમ કહે છે કે, શાસ્ત્રના જે ન્યાયો છે, શાસ્ત્રમાં ન્યાય આવે છે, એ ન્યાયથી વસ્તુને સિદ્ધ કરવા જતાં જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એમાં પણ દુઃખની ઉત્પત્તિ થાય છે. ઠીક ! એવું એક જગ્યાએ છે કે, ન્યાયાદિ સિદ્ધ કરવામાં પણ દુઃખ છે – આકુળતા છે. ન્યાયમાં પણ આકુળતા છે તો અન્યાયમાં આકુળતા હોય એમ કહેવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એમાં પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. વસ્તુ આમ છે અને બીજી રીતે નથી, આમ છે અને બીજી રીતે નથી, એમ કરવા જતાં એ બધાં વિકલ્પમાં આકુળતા અને દુઃખની ઉત્પત્તિ થાય છે. એક જ્ઞાન નિરાકુળસ્વરૂપે છે એમ કહેવું છે. જ્ઞાન જ નિરાકુળસ્વરૂપે છે, તે પણ એકલું જ્ઞાન, ભિન્ન જ્ઞાન, જુદું જ્ઞાન જોવામાં આવે તો જ્ઞાનનું સ્વરૂપ નિરાકુળ સ્વરૂપે જોવામાં આવે છે અને એની સાથે ચાલતા વિકલ્પને – જોડે ચાલતા વિકલ્પને મીંઢવાય છે – મેળવાય છે ત્યારે એમાં દુઃખ છે એમ સ્પષ્ટ લાગે છે. આમાં વિચાર કામ આવે એવું નથી.

**'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.'** એટલું દુઃખની આગળ વિશેષણ લગાડ્યું છે.

કેમકે વિકલ્પમાં જરાય શાંતિ નથી. ત્યાં સુધી કે આત્મા શાંતસ્વરૂપ છે, આત્મા પરમ શાંતરસનો કંદ છે એવા વિકલ્પનું ઉત્થાન થાય એમાં પણ દુઃખ છે એટલું નહિ, પૂરેપૂરું દુઃખ છે એમ કહે છે. એટલું વિશેષણ લગાડ્યું છે. એક એક શબ્દમાં અનુભવ ભરેલો છે !

વિકલ્પમાં દુઃખની વાત એમની (–'સોગાનીજી'ની) ચર્ચાથી પ્રસિદ્ધિમાં થોડી વધારે આવી છે. કેટલીક વાતો એમની ચર્ચાથી (વધારે પ્રસિદ્ધિમાં આવી.) 'ગુરુદેવ' તો કહેતાં પણ સમાજ એનાથી અજાણ હતો અથવા એટલે હદ સુધી ધ્યાન ખેંચાતું નહોતું. તત્ત્વના વિષયમાં પણ આ તો નાસ્તિનો વિષય છે. વિકલ્પ તો, સ્વભાવની અપેક્ષાએ આત્મામાં નાસ્તિસ્વરૂપ છે અને પર્યાયની અપેક્ષાએ અસ્તિસ્વરૂપ છે. પર્યાયમાં પ્રગટ હોવાથી એ અનુભવગોચર થાય છે પણ એનો અનુભવ જ્યાં સુધી દુઃખરૂપ લાગતો નથી ત્યાં સુધી તે મુમુક્ષુ જીવ સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકાની યથાર્થતામાં પણ આવ્યો નથી. આમ છે. આ યથાર્થ ભૂમિકાની વાત છે.

'પરમાગમસાર'માં ૮૮ નંબરનો બોલ છે. અહીંયાં તો જોકે સમ્યક્‌દૃષ્ટિની વાત લીધી છે પણ નીચેવાળાની થોડીક વાત નીચે આવે છે. **'સમ્યક્‌દૃષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે...'** 'સમયસાર'માં એવી વાત આવે કે, સમ્યક્‌દૃષ્ટિ તો જ્ઞાયક થયો છે. એનું પરિણમન સુખમય અને આનંદમય છે. કોઈ પૂર્વકર્મને વશ નરકગતિમાં હોય, નરકમાં નારકીની પર્યાયમાં હોય તોપણ તે ત્યાં આત્માના આનંદ અને સુખનો અનુભવ કરે છે. 'અંતર સુખરસ ગટાગટી' ! એ વાત દૃષ્ટિની પ્રધાનતાથી એટલે સ્વભાવની પ્રધાનતાથી, સ્વભાવને અનુસરીને થતાં પરિણમનની પ્રધાનતાથી એ વાત કરી છે. **'પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે...'** સમ્યક્‌દૃષ્ટિ સાધક છે. **'જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે.'** જાણે છે કે સાધકને જેટલો રાગ છે એટલું દુઃખ છે.

**'પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ...'** અથવા પર્યાયમાં રાગ છે તેટલું દુઃખ છે એ સ્વીકારે નહિ **'તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે.'** એને તો સમ્યક્‌દૃષ્ટિની દશા કેવી હોય એનું ધારણાજ્ઞાન પણ સાચું નથી. ૮૮મા બોલમાં ત્યાં સુધી વાત કરી કે, એની તો હજી ધારણામાં ભૂલ છે. સમ્યક્‌દૃષ્ટિની દશા એ સમજી શક્યો નથી. **'સમ્યક્‌દૃષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી...'** દુઃખ નથી **'તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય...'** દુઃખ સર્વથા ન હોય **'તો મુક્તિ હોવી જોઈએ.'** પણ એ દશા તો સાધકની નથી. ત્યાં સમ્યક્‌દૃષ્ટિને પણ દુઃખ છે, તો જેની દશા સમ્યગ્દર્શનને પામવા અનુસાર કાંઈક થાય છે, એને પણ આ સ્થિતિ ચાલુ થઈ જાય છે કે, એને વર્તમાન ચાલતા વિકલ્પમાં દુઃખનો અનુભવ થાય.

અહીંયાં એક બીજો પ્રશ્ન આપણે વિચારીએ કે, એ પ્રશ્ન થાય કે, ન્યાયથી તો વિકલ્પ

દુઃખરૂપ હોવાથી દુઃખ લાગવું જોઈએ એ ન્યાયથી સ્વીકારવું પડે છે પણ દુઃખ લાગતું નથી તો પરાણે તો કાંઈ દુઃખ લગાડાય નહિ. દુઃખ લાગતું ન હોય એને પરાણે કાંઈ દુઃખ લગાડાય નહિ. હવે જો પરાણે દુઃખ લગાડાય નહિ અને સહજ દુઃખ લાગે નહિ તો કરવું શું ? આ પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે. આપણે થોડી નીચેની વાત પકડીએ છીએ. યથાર્થ ભૂમિકામાં તો વિકલ્પમાં દુઃખ લાગવું જોઈએ. જો વિકલ્પમાં દુઃખ ન લાગે તો તે જીવ વિકલ્પમાંથી ખસીને નિર્વિકલ્પ દશામાં ક્યાંથી આવશે ? કેમકે એને તો ત્યાં દુઃખ નથી. વળી, મુમુક્ષુની ભૂમિકામાં શુભ ઉપયોગ અને શુભ યોગની પ્રવૃત્તિમાં જીવ રહે, અશુભ યોગ અને અશુભ પ્રવૃત્તિ, અશુભ વિકલ્પને છોડે છે તો એને તો કષાયની મંદતા વર્તે છે તો એને ત્યાં દુઃખ કેમ લાગે ? અને ત્યાં કષાયની મંદતામાં થોડી શાંતિ લાગે ને શાતા લાગે ને દુઃખ ન લાગે તો ત્યાંથી ખસી અને નિર્વિકલ્પદશામાં આવે પણ ક્યાંથી ? કેમકે ત્યાં તો આરામ થઈ ગયો કે, આ ઠીક છે, આ ભાવો ઠીક છે, આ પરિણામ ઠીક છે. પણ એ પરિણામ પણ ચાલશે નહિ, વાંચન કરતાં કરતાં થાકશે, વિચાર કરતાં કરતાં થાકશે, ભક્તિ કરશે તો એ કરતાં થાકશે, પૂજા કરશે તો એ કરતાં પણ થાકશે. એ થાકશે એ પણ ન્યાયથી નક્કી થાય કે ત્યાં દુઃખ છે માટે ત્યાંથી થાકવું પડે છે. જ્યાં દુઃખ લાગે ત્યાં એને થકાન આવે અને થાકીને બંધ રહે, પણ શરૂઆતથી કંઈ દુઃખ નથી લાગતું. તો હવે દુઃખ ન લાગતું હોય ત્યાં શું કરવું ? આટલો પ્રશ્ન થવા યોગ્ય છે.

એણે એકલા જ્ઞાનને – ભિન્ન જ્ઞાનને – છૂટા જ્ઞાનને – જુદાં જ્ઞાનને – માત્ર જ્ઞાનને રાગ સાથે મીંઢવવો – વિકલ્પને મીંઢવવો જોઈએ. જે જ્ઞાનમાં વિકલ્પ જણાય છે તે જ્ઞાન વિકલ્પથી જુદું છે. વિકલ્પ અને જ્ઞાન મિથ્યાત્વ અવસ્થામાં પણ વસ્તુતાએ એકમેક થયા નથી. તેથી એકમેકપણાના અનુભવને મિથ્યા અનુભવ કહેવામાં આવે છે. કેમકે એકમેક થયા નથી અને એકમેકનો અનુભવ કરે છે, માટે એ અનુભવ મિથ્યા છે. જો જુદાં જ્ઞાન સાથે રાગાદિને મીંઢવે – વિકલ્પને મીઢવે તો જ્ઞાન નિરાકુળ સ્વરૂપ અને વિકલ્પ આકુળતા સ્વરૂપ છે એવું લાગ્યા વિના રહે નહિ અને એવું લાગે જ લાગે. સૂક્ષ્મ વિકલ્પમાં, જો ભેદજ્ઞાનમાં વિશેષ આગળ વધે અને કાંઈક ભેદવિજ્ઞાન ફાવે, એની ફાવટ આવે તો પછી એને આત્માના શાંતસ્વરૂપનો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે. આટલે હદ સુધીની વાત છે. નહિતર તો સમ્યક્દૃષ્ટિ થનાર જીવને પૂર્વની મિનિટોમાં કે કલાકોમાં આત્માના શાંતસ્વરૂપના જ વિકલ્પ હોય છે. પણ એના જ્ઞાનમાં બે વાત ઊભી થઈ છે – એક જે અનંત શાંતસ્વરૂપ આત્મા છે, કષાયના અભાવસ્વભાવે અનંત સુખસ્વરૂપ આત્મા છે એ પણ એના લક્ષમાં છે, નિર્ણય થયો છે એટલે એના જ્ઞાનમાં છે અને વર્તમાન વિકલ્પનું પ્રતિબિંબ પણ એના જ્ઞાનમાં પડે છે તો વિકલ્પ છે એ એને દુઃખરૂપ જણાયા વિના

રહેતો નથી. કેમકે અહીંયાં અનંત સુખરૂપ આત્મા કેવો છે એ એના લક્ષમાં છે, એટલે એને વિકલ્પમાં દુઃખ લાગે. દુઃખ લાગે એમ નહિ **'પૂરેપૂરું'** દુઃખ લાગે એમ જે શબ્દ લીધો છે એની પાછળ કંઈક વિશેષ કહેવું છે. પૂરેપૂરું દુઃખ લાગે છે. કેમ ? (કેમકે) આત્મા પૂરેપૂરો સુખસ્વરૂપ છે, એની અપેક્ષાએ અહીંયાં દુઃખ છે. તો જેને લક્ષમાં આત્મા છે એને એ વિકલ્પ દુઃખરૂપ લાગે છે અને જેને હજી લક્ષમાં આત્મા નથી તેને જ્ઞાનથી વિકલ્પ જુદો પાડવો. વિકલ્પ અને જ્ઞાનને જુદાં પાડવાનો પ્રયત્ન કરવા જતાં તેને જ્ઞાન અને વિકલ્પ – એક કષાયના અભાવસ્વરૂપ અને એક આકુળતાના સદ્‌ભાવસ્વરૂપ એમ જુદાં જુદાં બે ભાવો એને જણાશે.

જુદી જ પ્રવૃત્તિ કરવાની છે. સ્વાધ્યાય કરે, ચિંતવન કરે, મનન કરે એમાં રાગની મુખ્યતા વર્ત્યા કરે અને રાગની મુખ્યતામાં કષાયની થોડીક વિશેષ મંદતા થાય ત્યારે એને એમ લાગે કે, મને બહુ સારા ભાવ આવ્યા. આજે વાંચનમાં સારા ભાવ આવ્યા, આજે ભક્તિમાં સારા ભાવ આવ્યા, આજે પૂજામાં સારા ભાવ આવ્યા. પણ એ તો કષાય થોડો વધારે મંદ થયો હતો એ વખતે. પણ એ કષાય પોતે દુઃખરૂપ છે, સારો નથી પણ દુઃખરૂપ છે એને જ્ઞાની કહે છે કે, એમાં પૂરેપૂરું દુઃખ છે. એમ એનાથી જુદો પડવાનો પ્રયત્ન કરે – પ્રયાસ કરે તો એને કાંઈક એ વાતની ઝાંખી થાય એવું છે અથવા એ દુઃખરૂપ લાગે એવો પ્રકાર ઉત્પન્ન થાય, લાગવાનો પ્રકાર ઉત્પન્ન થાય.

અહીંયાં વિચારથી કામ ચાલે એવું નથી. લાગવું છે ત્યાં માત્ર વિચારથી કામ ચાલે એવું નથી કે, ચાલો રાગ દુઃખરૂપ છે માની લીધું, સ્વીકારી લીધું. સ્વીકારી લીધું પણ તને રાગ ચાલે છે એમાં દુઃખ છે કે નહિ ? દુઃખ તો લાગવાનો વિષય છે. જો એમાં દુઃખ ન લાગે તો અનાદિથી જે રાગની મુખ્યતાવાળી (પરિસ્થિતિ છે તે એમને એમ જ છે). કેમકે એમાં દુઃખ નથી લાગતું એટલે એની મુખ્યતા રહે છે. એમાં ક્યારેક સુખવિશેષ પણ લાગે છે, દુઃખ લાગવાને બદલે સુખવિશેષ પણ લાગે છે.

જ્ઞાનની મુખ્યતામાં રાગને મીંઢવે ત્યારે એને રાગ છે એ દુઃખરૂપ છે અને જ્ઞાન છે એ રાગના અભાવસ્વરૂપે, દુઃખના અભાવસ્વરૂપે સુખરૂપ છે એમ એને નિર્ણય થવાનો પ્રસંગ આવે. નિર્ણય કરવામાં માટે એને ભેદજ્ઞાન કર્યા સિવાય બીજો ઉપાય નથી અને અનુભવ કરવા માટે પણ એને ભેદજ્ઞાન સિવાય બીજો ઉપાય નથી. અનુભવ થયા પછી સિદ્ધદશા પર્યંત પહોંચવામાં પણ એક ભેદવિજ્ઞાનની જ પ્રવૃત્તિ છે, બીજો ધંધો નથી. જ્ઞાની મોક્ષમાર્ગમાં ભેદવિજ્ઞાનની એક જ પ્રવૃત્તિ કરે છે. લક્ષ એનું આત્મા ઉપર છે, પ્રવૃત્તિ ઉપર લક્ષ નથી પણ પ્રવૃત્તિ ભેદવિજ્ઞાનની છે અને લક્ષ આત્મા ઉપર છે. લક્ષના સ્થાને પોતાનો શુદ્ધ આત્મા છે, પ્રવૃત્તિમાં ભેદવિજ્ઞાન છે. બસ ! આ એના પરિણામનું સમગ્ર ચિત્ર છે અને આ રીતે એ શુદ્ધતામાં આગળ વધી

સમયે સમયે નિર્જરા કરે છે, શુદ્ધિ વિશેષ થાય છે અને પરિપૂર્ણ શુદ્ધ દશા – મોક્ષદશાને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન :– આ જ્ઞાન અને વિકલ્પની જે મેળવણી કરે છે ઈ જ ભેદવિજ્ઞાન છે ?

સમાધાન :– ત્યાં હજી પ્રયત્ન છે, પ્રયત્ન છે. ભેદવિજ્ઞાન સાક્ષાત્ થાય ત્યારે એના ફળસ્વરૂપે પ્રથમ નિર્વિકલ્પદશાનો અનુભવ આવે છે અને ત્યારપછી વિકલ્પમાં આવે ત્યારે એને સાક્ષાત્ ભેદવિજ્ઞાન પ્રવર્તે છે. એ દશા પહેલાં એ ભેદવિજ્ઞાન સંબંધિત પ્રયાસ કરે છે – પ્રયત્ન કરે છે. સફળતા થતાં એ અનુભવની લાઈનમાં આવી જશે, પણ પ્રયત્ન કરે એને સફળતા થાય. એ પ્રકારનો પ્રયત્ન જ ન કરે એને સફળતા થવાનો ક્યાં અવસર છે ? એને તો પ્રસંગ નથી. એ કેવી રીતે સફળ થશે ?

પ્રશ્ન :– કોઈ એમ પૂછે કે, વિકલ્પ આવે છે ? તો જવાબ એમ આપે કે હા ! મને વિકલ્પ આવે છે, તો ત્યાં બુદ્ધિપૂર્વક એમ નક્કી થયું કે જ્ઞાન અને વિકલ્પ બેય જુદી વસ્તુ છે. કેમકે જ્ઞાને જાણ્યું કે વિકલ્પ આવ્યો, તો બુદ્ધિપૂર્વક તો નિર્ણય બરાબર છે ને ?

સમાધાન :– નિર્ણય બરાબર છે, પણ હવે એને એમ પૂછીએ કે, તને વિકલ્પ આવે છે એમાં દુઃખનો અનુભવ થાય છે ? આ બીજો પ્રશ્ન છે.

(અહીંયાં) સ્પષ્ટ કર્યું કે, વિકલ્પમાં તો દુઃખ લાગવું જોઈએ. સ્પષ્ટ વાત છે, એમના અનુભવથી એમણે વાત કરી છે. પણ પોતાને ન લાગે તો એણે શું માન્યું ? એને તો દુઃખનો અનુભવ થતો નથી માટે દુઃખ એણે માન્યું જ નથી. પેલું તો ઉપરથી માન્યું છે, કો'કનું કીધેલું માન્યું છે. પોતાના ચાલતા અનુભવમાં એને એ વાત સમજાણી નથી.

પ્રશ્ન :– બુદ્ધિપૂર્વક નિર્ણય કર્યો એ સાચો કે ખોટો છે ?

સમાધાન :– ખોટો છે.

પ્રશ્ન :– પણ એ તો પ્રત્યક્ષ દેખાય છે કે આ વિકલ્પ આવ્યો અને મને ખબર પડી.

સમાધાન :– પણ છતાં એમાં દુઃખ છે ઈ દુઃખ કેમ નથી લાગતું ? એટલું ખોટું છે. વિકલ્પમાં દુઃખ છે છતાં દુઃખ નથી લાગતું એ સરાસર ખોટું છે.

મુમુક્ષુ :– બુદ્ધિપૂર્વકનો વિચાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બુદ્ધિપૂર્વકનો વિચાર છે પણ એ બુદ્ધિ ચાલતા અનુભવની સાથે મેળ ખાતી નથી. એનો અનુભવ કાંઈક છે અને એની બુદ્ધિ કાંઈક કહે છે. એટલે એ બુદ્ધિની અંદર એને પ્રતીતિ નથી કે, દુઃખ જ છે. એક વિચાર આવે કે વિકલ્પમાં દુઃખ છે અને એ વિચારમાં વિશ્વાસ છે કે નહિ આટલો સવાલ છે. વિચાર બે પ્રકારે આવે છે – એક વિશ્વાસ રહે અને એક વિશ્વાસ ન રહે. તો એને પ્રતીતિ નથી કે વિકલ્પમાં દુઃખ જ છે.

મુમુક્ષુ :- એમ કહેવાય છે કે અનુભવ પહેલાં સાચો નિર્ણય થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિર્ણય થાય છે પણ દુઃખ લાગે છે ત્યારે સાચો નિર્ણય થાય છે. સુખસ્વરૂપ આત્માનો નિર્ણય થાય છે, સુખસ્વરૂપ આત્મા લક્ષમાં રહે છે અને એને વિકલ્પ દુઃખરૂપ લાગે છે. નિર્ણય સાચો થાય છે એ સાચો નિર્ણય થવાનું આ ચિહ્ન છે કે, એને વિકલ્પ દુઃખરૂપ લાગવા માંડ્યા.

પ્રશ્ન :- એ તો અનુભવ થાય પછી દુઃખ લાગે ને ?

સમાધાન :- ના, પહેલાં લાગે એમ કહેવું છે. અહીંયાં, પહેલાં લાગે એટલી વાત છે. નહિતર વિકલ્પમાંથી ખસીને નિર્વિકલ્પ નહિ થઈ શકે.

મુમુક્ષુ :- એમ લાગે કે, બુદ્ધિપૂર્વકનો નિર્ણય યથાર્થ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય છે અને લાગતું નથી એવો પણ નિર્ણય હોય છે અને નિર્ણય થઈને લાગે એવો પણ નિર્ણય હોય છે. નિર્ણય બે રીતે છે. કેટલાંક જીવો એમ કહે છે કે, વિકલ્પમાં દુઃખ છે એ વાત પાકી છે પણ અમને અત્યારે દુઃખ લાગતું નથી. ત્યારે કોઈ એમ કહે છે કે, વિકલ્પમાં દુઃખ છે એ વાત પાકી છે અને અમને દુઃખ લાગે પણ છે. એ લાગે છે એની વાત સાચી છે, લાગતું નથી એના નિર્ણયની વાત સાચી નથી. આમ છે. અને એટલા માટે જ કે, શાસ્ત્ર અનુસાર સાચો દેખાતો નિર્ણય હોવા છતાં એનું ફળ અનુભવ આવતું નથી.

મુમુક્ષુઓ પ્રશ્ન પૂછે છે કે, ૨૫-૨૫, ૫૦-૫૦ વર્ષથી આ એક જ નિર્ણય અમે માન્ય કર્યો છે. આથી બીજી રીતે માનતા હતા એ છોડી દીધું છે. છતાં અમારું કામ કેમ થતું નથી ? આ પ્રશ્ન કરે છે. એનું કારણ છે કે, એ જે વિચાર્યું છે એ પરલક્ષી જ્ઞાનમાં અધ્ધર અધ્ધર જ રહ્યું છે. ચાલતા પરિણમન સાથે એની મીંઢવણી થઈ જ નથી. એટલે અંતર્લક્ષી – આત્મલક્ષી – સ્વલક્ષી જે વિચારણાની ભૂમિકા હોય એ ભૂમિકામાં આવ્યો નથી.

'શ્રીમદ્જી'એ તો કેટલીક સૂત્ર જેવી વાત કરી છે કે, 'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન' જો તારી સુવિચારણા હોય તો તને નિજજ્ઞાન – આત્મજ્ઞાન પ્રગટ થવું જોઈએ. કે 'જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ' વિચારણાથી નિર્વાણ સુધીની આખી Link છે. જેના મૂળમાં વિચારણા – સુવિચારણા એનું ફળ નિર્વાણ થાય, થાય ને થાય જ, આવે જ. (જ્યારે અહીંયાં) એની તો મૂંઝવણ રહે છે ! વિચારણા બરાબર છે પણ કામ તો થતું નથી. પછી ખોટું સમાધાન મેળવે કે, આપણી વિચારણા બરાબર છે, આપણો નિર્ણય અને નિશ્ચય બરાબર છે પણ આપણો પુરુષાર્થ નથી ઊપડતો એટલે કામ થતું નથી. કહે છે કે, વાત ખોટી છે. તારો પુરુષાર્થ ઊપડતો નથી અને ઊપડશે ત્યારે કામ થશે – એ સમાધાન તેં ખોટું કર્યું છે. કેમ ખોટું (સમાધાન) કર્યું છે ? તારી પરીક્ષા કરીએ કે, કેમ તારો પુરુષાર્થ ઊપડતો નથી

? અને કેમ પુરુષાર્થ ઊપડે ? ચાલો, શું જવાબ છે એનો ?

મુમુક્ષુ :- રુચિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી નિર્ણય ક્યાં રહ્યો સાચો ? રુચિ વગરનો નિર્ણય ક્યાં સાચો રહ્યો ? જે મિથ્યાત્વ છે – દર્શનમોહ છે એ તો સમ્યક્શ્રદ્ધાનથી વિરુદ્ધ શ્રદ્ધાન છે ને ? એ સમ્યક્શ્રદ્ધાનથી જે વિરુદ્ધતા છે, સમ્યક્ત્વથી જે વિરુદ્ધતા છે એને કેટલી હદે જ્ઞાનબળ તૈયાર થાય તો તોડે ? એ વાત ધારણામાં પણ હજી આવી નથી. એને એ વાત હજી ધારણામાં પણ, સમજવામાં પણ આવી નથી, ન્યાયથી પણ સમજવામાં આવી નથી. ખરેખર તો એમ છે.

એટલે અહીંયાં કહે છે કે, તું પ્રથમથી જ જ્ઞાન જુદું છે અને રાગ જુદો છે – વિકલ્પ જુદો છે અને જ્ઞાન જુદું છે. વિકલ્પ પણ પ્રતિક્ષણે – દરેક ક્ષણે હયાત ક– મોજૂદ છે, જ્ઞાન પણ દરેક ક્ષણે હયાત – મોજૂદ છે. બે વચ્ચેની જે જુદાઈ છે – જુદાંપણું છે એને જુદાંને જુદાં જોવાનો પ્રયત્ન કરવા જતાં તને વિકલ્પ દુઃખરૂપ લાગશે, પૂરેપૂરાં દુઃખરૂપ લાગશે. ત્યાં સુધી વિકલ્પનું દુઃખ નહિ જણાય અને વિકલ્પનું દુઃખ નહિ જણાય ત્યાં સુધી એ વિકલ્પનો અભાવ કરવો છે એ સંબંધીનો જે પુરુષાર્થ છે એ પુરુષાર્થની જાગૃતિ જ નહિ આવે, પુરુષાર્થની ઉત્પત્તિ જ નહિ થાય અને એમને એમ રાગની અને વિકલ્પની મુખ્યતામાં તું લાખ-કરોડ શું અનંત કાળ સુધી પ્રયત્ન કર્યા કરે, એ બધો તારો પ્રયત્ન ઊંધેઊંધો જ ચાલ્યો છે અને ચાલી રહ્યો છે. એમાં સવળું થવાનો ક્યાંય અવસર નથી. લાઈન ફેરવવાની જરૂર છે. લાઈન ફરે તો કામ આવે એવું છે. નહિતર તો એકની એક લાઈનમાં પૂજા કરી અને એ જ લાઈનમાં ભક્તિ કરી અને એ જ લાઈનમાં સ્વાધ્યાય કર્યો અને એની એ જ, એની એ જ લાઈન ચાલુ રહી છે. એમાં કાંઈ ફેર પડ્યો નથી. પહેલો ફેર પડે ત્યારે એને વિકલ્પમાં દુઃખ લાગવા માંડે. લાઈન પકડાણી એનું આ Symptom છે. જ્યાં સુધી વિકલ્પમાં દુઃખ ન લાગે ત્યાં સુધી એને સમજવું કે મૂળ લાઈન હજી હાથમાં આવી નથી. આ મુદ્દો છે.

કોઈને કોઈ સંપ્રદાયમાં કાંઈને કાંઈ પકડાવી દ્યે છે. એવું લાકડું પકડાવી દ્યે (કે) એ શલ્ય પછી એનું નીકળે જ નહિ. એ શલ્ય જ ન નીકળે. અમારા ‘ગુરુદેવ’ તો ‘પરમાગમસાર’માં ત્યાં સુધી કહે છે, બોલ યાદ નથી, કે ક્રિયા કરતાં કરતાં, કષાયની મંદતાની ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે એમ કોઈ માને છે એને મિથ્યાત્વનું શલ્ય ગરી ગયું છે, પણ શાસ્ત્ર વાંચતાં વાંચતાં ધર્મ થશે એમ માનશે એને પણ એવું જ શલ્ય ગરી ગયું છે. કાંઈ ફેર નથી. પોતે શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રવૃત્તિ મુખ્યપણે ચાલુ કરાવી છે છતાં સાથે લાલબત્તી મૂકી છે – Red light મૂકી છે. આ બીજી ક્રિયા કરતાં કરતાં પામી જઈશ એને શલ્ય ગર્યું છે એમ શાસ્ત્ર વાંચતાં

વાંચતાં પામી જઈશ – તેને શલ્ય ગરી ગયું છે. ધ્યાન રાખજો ! લાઈન જુદી છે. એવી વાત કરી છે.

અંદર ભેદજ્ઞાન કરવા પાછળ જ પુરુષાર્થની શક્તિને લગાડવી. શોધકવૃત્તિથી વાંચવું. આમાં ક્યાં જ્ઞાન કેવી રીતે જુદું પડે ? રાગથી જ્ઞાન કેવી રીતે જુદું પડે ? મારાથી રાગ – વિકલ્પ કેવી રીતે જુદો પડે ? આ વાત ઉપર એની સંશોધકતા અને શક્તિ બરાબર લાગવી જોઈએ. શક્તિ લગાડવાનો આ Pinpoint છે. અહીંયાં જ એને શક્તિ લગાડવી જોઈએ. મુમુક્ષુની ભૂમિકામાં જો આ સિવાય બીજે શક્તિ લગાડે (તો) બધી વ્યર્થ જાવાની છે. ગમે ઈ કરી વળે, ઊંધા માથે લટકાય તોપણ એનું એ છે, એમાં કાંઈ છે નહિ.

એક એક વિષય મંત્ર જેવો છે ! અનાદિથી ચડેલું મિથ્યાત્વનું ઝેર ઉતારવાની વાતો છે. આ મંત્રથી ઝેર ઉતારે છે કે નહિ ? વીંછી કરડ્યો હોય, સર્પ કરડ્યો હોય તો એનું ઝેર ઉતારે. આ તો એવી ઝેર ઉતારવાની વાતો છે.

મુમુક્ષુ :– મૂંઝવણ થાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થાય તો ભલે થાતી એક વાર, થવા દે, પણ આવ તું મૂંઝવણમાં તો આવ. એમનેમ નિરાંતે ખાઈ-પીને સૂઈ જાય છે તો એમ કાંઈ કામ આવશે નહિ. એકવાર મૂંઝવણમાં આવ તું કે, આ કેમ પ્રાપ્ત થતું નથી ? કેમ પ્રાપ્ત થતું નથી ? એની મૂંઝવણમાં પણ તારે આવવું જોઈએ, એની ચિંતા થવી જોઈએ. એક કામ બહારમાં કરવા ધારે અને ન થાય તો આકુળતા થાય અને ચિંતા થાય છે, તો અંદરનું કામ નથી થયું એની આકુળતા અને ચિંતા કેટલી થઈ ? આ સવાલ છે. સંયોગોની ચિંતા થાય તેનાથી અનંતગુણી આત્માની ચિંતા થવી જોઈએ. 'શ્રીમદ્જી' તો લખે છે કે, દેહની જેટલી ચિંતા કરે છે તેનાથી અનંતુગણી આત્માની ચિંતા કર. કેમકે અનંત ભવ એક ભવમાં ટાળવા છે. માટે એમ થવું ઘટે છે.

મુમુક્ષુ :– ૫૨મો બોલ આવો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– **'શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં 'આ શરીરાદિ મારાં' એમ માની સુખ-દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ (એક) જીવન અર્પણ કર.'** સમર્પણ કર ! આ ભવ છે એ આત્મહિત માટે એનું સમર્પણ કર તો જરૂર આત્મહિત થાય, થાય ને થાય જ; ન થાય એવું ન બને.

મૂળ તો કષાયની મંદતામાં કાળ નીકળી જાય છે. આ કાળ તો ઠીક, પણ દેવલોકના આયુષ્ય, સાગરોપમના આયુષ્ય અસંખ્ય અબજો વર્ષના આયુષ્ય કષાયની મંદતામાં, શાતામાં નીકળી જાય છે. 'આ ઠીક છે, આ વર્તમાન પરિસ્થિતિ મને ઠીક છે, અહીંયાં હવે મને ઠીક

છે, હવે કાંઈ વાંધો નથી...' (આવા ભાવમાં) કેટલો કાળ જાય ? કે, એનો હિસાબ નહિ એટલો કાળ જાય. ત્યાં એને ચટપટી ઊપડે અને આ ચાલતો રાગ દુઃખરૂપ લાગે તો લાઈન ફરે, નહિતર એની લાઈન ફરે નહિ. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- રાગની મુખ્યતા થઈ જાય છે એટલે જ્ઞાનમાં સુખ લાગતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો ઈ રીતે જીવ ટેવાઈ જ ગયો છે. એટલે ત્યાંથી છૂટા પડવાનો પ્રયત્નવિશેષ છે એ ચાલતો નથી. બીજું, એને રાગનો રસ છે, જે રાગ એને અનુભવગોચર થઈ રહ્યો છે – વર્તી રહ્યો છે એનો એને રસ છે. રસ ક્યારે આવે જીવને ? એમાં સુખ હોય તો, એની માન્યતામાં – પ્રતીતિમાં સુખ હોય તો જ રસ આવે. જ્યાં દુઃખ છે ત્યાં રસ આવે છે એ જ એની વિપરીતતા છે, એ જ વિષમતા છે.

પુરુષાર્થના વિષયમાં તો 'સોગાનીજી'એ ઘણી ઘણી વાતો કરી છે. એમ (કહેતાં કે) ખરો પુરુષાર્થ તો ચારિત્રમાં છે. દૃષ્ટિમાં શું પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન થવું એમાં શું પુરુષાર્થ છે !! એવી વાતો લીધી છે. તો કોઈએ પ્રશ્ન કર્યો કે, સમ્યગ્દર્શન થવામાં પુરુષાર્થ નથી ? તો કહે, ઈ તો છે પણ સાધારણ પુરુષાર્થ છે, ખરો પુરુષાર્થ તો ચારિત્રમાં છે. અંદરથી બહાર જ ન નીકળવું એમાં જે પુરુષાર્થ જોઈએ એમાં ખરો પુરુષાર્થ છે.

પ્રશ્ન :- ત્રીજા ભાગમાં છે ?

સમાધાન :- હા, ત્રીજા ભાગમાં – ચર્ચામાં છે એ વિષય. બોલ નંબર યાદ નથી. ૩૮૦ (વચનામૃત) છે. **'પુરુષાર્થ તો ચારિત્ર મેં હૈ, દૃષ્ટિમાં ક્યા પુરુષાર્થ !'** દૃષ્ટિમાં શું પુરુષાર્થ છે, પુરુષાર્થ તો ચારિત્રમાં છે. એની સામે પ્રશ્ન કર્યો છે કે, **'ક્યા દૃષ્ટિ મેં પુરુષાર્થ નહીં હૈ ? ઉત્તર :- દૃષ્ટિ મેં પુરુષાર્થ તો હૈ, લેકિન ચારિત્ર કી અપેક્ષા સે બહુત કમ પુરુષાર્થ હૈ.'** ચારિત્રનો જે પુરુષાર્થ છે એની સામે દૃષ્ટિનો પુરુષાર્થ તો બહુ અલ્પ છે, કાંઈ નથી એ તો, ખરો તો ચારિત્રનો પુરુષાર્થ છે. **'ચારિત્ર મેં તો બડા પુરુષાર્થ હૈ.'** લ્યો ! આમ છે. ક્યાં બેસીને વાત ચાલે છે ! એ તો એમ જોવે છે કે, દૃષ્ટિમાં શું પુરુષાર્થ, આત્મા તો દૃષ્ટિમાં હોવો જ જોઈએ ને ! એમાં શું મોટી વાત છે ! 'હું આત્મા છું' એમ દૃષ્ટિ નહિ ! આ તો કઈ જાતની વાત છે ? ખરું તો ઈ છે કે અંદરથી બહાર જ ન નીકળાય. એમાં જે પુરુષાર્થ જોઈએ એ બહુ મોટો પુરુષાર્થ છે, એને પુરુષાર્થ કહીએ.

એવો જ વિષય 'કુંદકુંદાચાર્યદેવે' 'પ્રવચનસાર' શરૂ કરતાં લીધો છે. 'પ્રવચનસાર' શરૂ કર્યું તો પંચ પરમેષ્ઠીની પહેલાં ભક્તિ કરી. નમસ્કાર કરી, વંદના કરી, સ્તુતિ કરી અને પછી સીધી વાત ઉપાડી. પોતે તો ચારિત્રવંત મુનિ છે ! તોપણ પૂરેપૂરું અંદર રહી જવું છે. પંચ મહાવ્રત અને અઠ્ઠાવીસ મૂલગુણના વિકલ્પમાં બહાર આવવાની ભાવના કે ઇચ્છા નથી. તો

કહે, **'चरित्तम् खलु धम्मो।'** અમે તો ચારિત્રને જ ખરેખર ધર્મ કહીએ છીએ, ચારિત્ર સિવાય અમે ધર્મ કહેતા નથી. દૃષ્ટિની વાત તો દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી જાણે નજરમાં જ નથી. ઈ તો સામાન્ય વાત છે. **'चरित्तम् खलु धम्मो।'** ચરિત્ર (એટલે) નિજ સ્વભાવમાં ચરણ – નિજ સ્વભાવમાં પ્રવૃત્તિ – નિજ સ્વભાવમાં જામી જવું એનું નામ ચરણ છે. એ ચરણ છે એ જ ખરેખર ધર્મ છે અને એ ધર્મ કેવો છે ? કે, જેમાં મોહની વિષમતા નથી. 'મોહ, ક્ષોભ વિહીન નિજ પરિણામ છે' ધર્મ છે તે સામ્ય છે. સામ્ય છે એટલે જેમાં વિષમતા નથી તેને સામ્ય કહીએ, એમ. વિષમતા નથી તેને સામ્ય કહીએ અથવા જેમાં કષાયનો દાહ નથી એવું ઉપશમસ્વરૂપ પરિણામ છે, શાંતસ્વરૂપ પરિણામ છે. શીતળ... શીતળ... શીતળ... શીતળચંદ્ર, જિનચંદ્ર આત્મા છે એમાં ઠરી ગયો, ઢીમ થયો. બસ ! આ સામ્ય છે કે, જેમાં ક્યાંય વિપર્યાસ નથી. દર્શનમોહનો વિપર્યાસ નથી અને ચારિત્રમોહનો વિપર્યાસ પણ નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' એમ કહે છે કે, દૃષ્ટિ પ્રગટ કરવામાં તારે અનંત પુરુષાર્થ કરવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ તો બરાબર છે, નીચેવાળાને તો એમ જ કહે ને ! આ તો ઉપર બેઠા છે એની વાતો ચાલે છે. પોતાને માત્ર સમ્યગ્દર્શન જ પ્રગટ કરવું છે કે મોક્ષ પ્રગટ કરવો છે ? ખરેખર તો ધ્યેય તો મોક્ષનું હોય છે, સમ્યગ્દર્શનનું (નહિ). મુમુક્ષુને પણ ધ્યેય તો મોક્ષનું જ હોય, સમ્યગ્દર્શનનું ધ્યેય હોતું નથી. સાત માળની હવેલી ચણાવવી હોય તો સાતમા માળનો વિચાર કરે કે ન કરે ? કે, પહેલાં પાયાનો જ વિચાર કર્યા કરે ? પાયાથી માંડીને સાતમા માળ સુધીનો વિચાર કરીને પછી પાયો ખોદે. તો પાયો બરાબર સાત માળ ઝીલે એવો પાયો થાય નહિતર બેસી જાય. એમ જ્યારે પુરુષાર્થનું પ્રકરણ ચાલે ત્યારે એમ (કહેવાય). આગળ ચાલીને 'સોગાનીજી' એમ કહે છે કે, મુનિપણામાં પ્રચુર પુરુષાર્થ છે. તો કહે, અંદર આત્મા જે પુરુષાર્થ ગુણનો પિંડ છે એમાં તો અનંત પુરુષાર્થ છે. એની અપેક્ષાએ તો એ પણ અલ્પ છે ! એની અપેક્ષાએ તો એ પણ અલ્પ છે. તો દૃષ્ટિમાં પણ દૃષ્ટિના વિષયભૂત જે તત્ત્વ છે, પિંડ છે એ તો અનંત પુરુષાર્થનો પિંડ છે. એના અવલંબને જે પુરુષાર્થ પ્રગટ થાય છે એમાં પ્રથમ ચરણમાં દૃષ્ટિ થઈ જાય છે. પહેલે પગથિયે દૃષ્ટિ થઈ જાય છે. પણ એ દૃષ્ટિ ક્યારે પરિણમે છે ? કે, અનંત પુરુષાર્થના પિંડની ઓથ – અવલંબન – હૂંફ આવે છે ત્યારે. ત્યાં સુધી તો દૃષ્ટિ પ્રગટતી નથી. (સમ્યક્દર્શન થવું) એ તો હજી પગ મૂક્યો, પહેલો પગ ભર્યો છે, પ્રવેશ કર્યો છે. સમ્યક્દૃષ્ટિને એમ જ લાગે છે કે, મારે ઘણું બાકી છે. હજી તો જઘન્યભાવે મોક્ષમાર્ગની શરૂઆત થઈ છે. હજી તો મુનિદશા અને શુક્લધ્યાનની જમાવટ કરવાની બાકી છે. એ શુક્લધ્યાનના એને સપના આવે છે ! આ વેપારમાં ભાવના સપના

આવે ને ? એને શુક્લધ્યાનના સપના આવે છે એમ છે. એ જાતની વિચારસરણી આખી બદલાઈ જાય છે. જેને જે જોઈએ છે અને જે પ્રાપ્ત કરવું છે એની વિચારસરણી હોય ને ?

અહીંયાં યથાર્થ ભૂમિકાની વાત ચાલે છે કે, **'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.'** કેમકે **'વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી...'** એટલે અનુભવથી એને **'લાગવું જોઈએ.'** 'અંદરથી' (એ શબ્દપ્રયોગ કરીને) જ્યાં જ્યાં વાત આવે છે, આ શાસ્ત્રમાં ભાષા સાદી છે, જ્યાં જ્યાં 'અંદરથી'... 'અંદરથી'... 'અંદરથી'... એમ કહેશે ત્યાં એને 'અનુભવથી' એમ લેવું. અહીંયાં એ અર્થ કરવો કે, એને પોતાના ચાલતા અનુભવથી ક્યાંય વિકલ્પમાં શાંતિ ને સુખ નથી અને પૂરેપૂરું દુઃખ છે એમ એને લાગવું જોઈએ. એ વિકલ્પના જે ઠેકડા છે, માણસ આમ કૂદ્યા જ કરે, કૂદ્યા જ કરે તો થાકી જાય કે નહિ ? આ વિકલ્પના ઠેકડા છે એનાથી જો એને થાક ન લાગે તો એ બંધ નહિ થાય. અને આત્મા શક્તિવાળો પણ કેટલો છે ! અનંતકાળથી દુઃખ સહે છે તોપણ હજી સહ્યા જ કરે છે ! એની શક્તિ કેટલી છે ! દુઃખ સહન કરવાની શક્તિ કેટલી ? કે, એ પણ અનંત છે ! કેમકે શક્તિ છે ને ? શક્તિ તો જ્યાં લગાડો ત્યાં અનંત જ છે. વિકલ્પનું દુઃખ – રાગનું દુઃખ થયા જ કરે છે.

હવે જો એને કાંઈક દર્શનમોહ મંદ થાય એટલે સમ્યક્ત્વથી વિપરીત શ્રદ્ધાનો થોડો રસ તૂટે અને અંદરમાં ભૂમિકાનું જ્ઞાન થોડું નિર્મળ થાય તો એ ભૂમિકાની નિર્મળતામાં પણ એને વિકલ્પનું દુઃખ લાગ્યા વિના રહે નહિ. વિકલ્પનું દુઃખ નથી લાગતું એનો અર્થ એ છે કે, રાગથી – રાગરસથી રંજાયમાન થયેલું જે જ્ઞાન છે, રાગરસથી રંગાઈ ગયેલું જે જ્ઞાન છે એ જ્ઞાનની અંદર વિકલ્પનું દુઃખ લાગતું નથી. રંગાઈ ગયું છે. માણસ નથી કહેતાં ? અત્યારે આનો રંગ ચડી ગયો છે. એમ રાગનો રંગ જ્ઞાનને ચડી ગયો છે એ રંગમાંને રંગમાં એટલો રસ છે કે એને દુઃખ લાગતું નથી. દુઃખ છે એ દુઃખ નથી લાગતું. જો એને રાગરસ તૂટે, જ્ઞાન થોડું ચોખ્ખું થાય, જ્ઞાનનો અરીસો – દર્પણ છે એ થોડો ચોખ્ખો થાય તો દુઃખ દુઃખભાવે પ્રતિબિંબિત થાય. સુખ સુખભાવે અને દુઃખ દુઃખભાવે (પ્રતિબિંબિત થાય).

એટલે કહ્યું કે, **'વિકલ્પમાં જરા પણ શાંતિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ.'** અથવા એમ ન થવું જોઈએ કે, કોઈ **'એક વિકલ્પમાં દુઃખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાંતિ મનાઈ જાય છે,...'** હવે એમ કેમ થાય છે ? આવું તો બને છે કે, કોઈ વિકલ્પમાં એને દુઃખ લાગે છે, વળી કોઈ વિકલ્પમાં એને શાંતિ લાગે છે કે, આ સારું છે, આ ભાવ ઠીક આવ્યો. કોઈ વિકલ્પમાં દુઃખ લાગે છે. એનો અર્થ એ છે કે, વિભાવ જાતિ છે, પરિણામની જે એક જાત છે, વિભાવના પ્રકાર ભલે અનેક હોય પણ એની જાત એક છે. તમામ વિભાવની એક જાત છે અને એ બધાંનું એક Common – મુખ્ય – Common factor – સામાન્ય

લક્ષણ શું છે ? આકુળતા અને દુ:ખ. ગમે ઈ જાતનો વિભાવ હોય એમાં આકુળતા અને દુ:ખ છે એ સામાન્ય છે. જ્યાં સુધી જીવે વિભાવની જાતિને પણ ઓળખી નથી, પહેચાની નથી ત્યાં સુધી એને વિભાવમાં દુ:ખ લાગતું નથી, સ્વભાવનું સુખ તો હજી બહુ આઘે છે. આ તો જાડી વાત છે, વિભાવમાં દુ:ખ લાગવું એ તો જાડી – સ્થૂળ વાત છે. ગમે એટલો બુદ્ધિવાળો હોય, શાસ્ત્રનો પારંગત થઈ ગયો હોય પણ એને ચાલતા વિભાવમાં દુ:ખ નથી લાગતું (તો કહે છે) તારો ઉપયોગ સ્થૂળ છે. સ્થૂળ છે નહિ, અત્યંત સ્થૂળ છે કે જેને લઈને તને નાસ્તિનો વિષય – દુ:ખનો વિષય તારા અનુભવમાં આવતો હોવા છતાં તને પકડાતો નથી. એટલે ઉઘાડ જુદી ચીજ છે અને અંદરમાં સુખ-દુ:ખને જાતિથી પકડવું એ જુદી વાત છે. સુખની જાત પકડવી, દુ:ખની જાત પકડવી એ જુદી વાત છે. જ્યાં સુધી વિભાવજાતિના પરિણામની ઓળખાણ નથી ત્યાં સુધી કો'ક વિકલ્પમાં શાંતિ મનાય અને કોઈ વિકલ્પમાં દુ:ખ લાગે તો એ પણ એવી જ સ્થિતિ છે એમાં કાંઈ ફેર પડ્યો નથી. એમ લેવું.

પ્રશ્ન :- કોઈમાં તીવ્ર દુ:ખ લાગે અને કોઈમાં મંદ દુ:ખ લાગે તો ?

સમાધાન :- એ તો શું છે કે, તીવ્ર અને મંદ તો તારતમ્યતા ભેદે લાગવા યોગ્ય છે, સમજાવા યોગ્ય છે પણ દુ:ખ તો દુ:ખ જ છે. કોઈ એકમાં પણ સુખ અને શાંતિ છે એ વાત તો બિલકુલ – હરગીઝ ચાલે એવું નથી.

**'એક વિકલ્પમાં દુ:ખ લાગે છે ને બીજા મંદ વિકલ્પમાં શાંતિ મનાઈ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુ:ખ લાગે...'** પહેલાં પૂરેપૂરું દુ:ખ લીધું હતું, અહીંયાં તીવ્ર દુ:ખ લાગે (એમ લીધું). કોઈપણ વિકલ્પમાં, વિકલ્પ માત્રમાં એટલે કોઈપણ વિકલ્પમાં. શાંત સ્વભાવના, સુખસ્વભાવના વિકલ્પમાં પણ તીવ્ર દુ:ખ છે. વધારે કષાયવાળા પરિણામથી આમાં મંદતા છે. પણ અહીંયાં એ સરખામણી નથી કરવી. અહીં તો મંદમાં મંદ કષાય હોય એમાં પણ તીવ્ર દુ:ખ છે એમ જો લાગે **'તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.'** Guaranteed ! અને જ્યાં સુધી એને તીવ્ર દુ:ખ લાગે નહિ ત્યાં સુધીમાં એને માર્ગ મળી જાય એમ પણ બની શકે નહિ એમ છે. બને જ નહિ.

સ્વભાવ સન્મુખ થયો હોય, જેના લક્ષમાં સ્વભાવ છે, કષાયના – વિકલ્પના અભાવસ્વભાવે જે સ્વભાવ છે, અનંત સુખમય સ્વભાવ છે એ લક્ષમાં છે તો એને મંદમાં મંદ વિકલ્પમાં પણ દુ:ખ લાગ્યા વિના રહે નહિ, લાગે જ લાગે. દુ:ખ લાગ્યા વિના પાછો નહિ ફરે. વિશ્વાસ સાચો કે, જ્ઞાની કહે છે મને વિશ્વાસ છે, એમની નિર્દોષતા ઉપર વિશ્વાસ છે, સારી વાત છે – એટલે હદ સુધી સારી વાત છે. અવિશ્વાસ લાવે તો તો મુશ્કેલીવાળી વાત છે. વિશ્વાસ આવે છે (એ) સારી વાત છે પણ એટલેથી અટકવાનું નથી. જ્ઞાની એમ કહે છે કે, તેં મારી

વાત ખરેખર માની હું ત્યારે ગણીશ કે જ્યારે હું કહું છું એવું તને લાગશે ત્યારે. એમાં શું છે કે જોખમ છે કે, આજે એમ કહે છે કે, જ્ઞાની કહે છે ઈ બરાબર છે પણ કાલે પાછો શું કહેશે એ કહેવું મુશ્કેલ છે. કાલે એમ કહેશે કે, નહિ ! એની પણ ભૂલ લાગે છે, અહીંયાં ક્યાંક ઈ ભૂલ્યા છે, એવું એને થઈ જશે. કેમ ? (કેમકે) એને અનુભવથી પ્રતીત નથી આવી. જ્યારે એ કહે છે એ વચનઅનુસાર અનુભવ થાય છે ત્યારે એને જ્ઞાનીનું સ્વરૂપ ઓળખાય છે. ઓ...હો...હો...! ક્યાં અનુભવના ઊંડાણમાં જઈને આ પરમ સત્‌ને બહાર મૂક્યું છે !! આની ભૂલ થાય એ વાત વિચારી શકાય એવું નથી.

મુમુક્ષુ :- ઈ કહે છે એની ઉપર પ્રયોગ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ પ્રયોગ તો ક્યારે કરે કે, દુઃખ લાગે ત્યારે સાચો પ્રયોગ થાય અથવા ભેદજ્ઞાન માંડે – ભેદજ્ઞાનનો પ્રયત્ન કરે – પુરુષાર્થ કરે, જ્ઞાનીના વચન ઉપર વિશ્વાસ મૂકીને એ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ કરે તો આગળ વધી જશે, તો વાંધો નથી.

પ્રશ્ન :- વિભાવથી પાછો ફરે એ ભેદજ્ઞાનનો જ પુરુષાર્થ છે ને ?

સમાધાન :- હા, ભેદજ્ઞાનનો જ પુરુષાર્થ છે. એ સિવાય બીજા કોઈ પુરુષાર્થથી (કાર્ય થતું નથી). એ ભેદજ્ઞાનનો જ પુરુષાર્થ થયો. પણ જ્યાં ભેદજ્ઞાનનો પુરુષાર્થ શરૂ કરે ત્યારે જ્ઞાની એમ કહે છે કે, હવે તું રસ્તે છો, ભેદજ્ઞાનના પુરુષાર્થના સાચા રસ્તે છો કો ખોટા રસ્તે છો ? તને મેળવણી માટે એક વાત આપી દઈએ કે, તને વિકલ્પમાં દુઃખ લાગવા માંડ્યું છે ? વિકલ્પ માત્ર દુઃખરૂપ છે એવું લાગે છે ? જો આ લાગવાની શરૂઆત થઈ હોય તો તારો ભેદજ્ઞાનનો પુરુષાર્થ છે એ સાચી દિશામાં છે અને નહિતર એ સંબંધીનો માત્ર વિચાર અને વિકલ્પ જ ચાલે છે અને એમાં પણ રાગની મુખ્યતા ચાલે છે. હજી જ્ઞાનની મુખ્યતા થતી નથી. જો જ્ઞાનની મુખ્યતા થાય તો એને રાગમાં અને વિકલ્પમાં દુઃખ લાગ્યા વિના રહે નહિ. એટલે શું છે કે, ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલવો અને ભેદજ્ઞાનનો વિચાર ચાલવો – બે જુદી જુદી વાત છે. વિચાર ઘણાં કરે છે, એ તો જેમ આત્માનો વિચાર કર્યો એમ ભેદજ્ઞાનનો વિચાર કર્યો, એમ વિકલ્પ દુઃખ છે એમ વિચાર કર્યો. વિચાર જુદી વસ્તુ છે, પ્રયોગ જુદી વસ્તુ છે.

અહીંયાં એમ કહે છે કે, તું વિચારથી આત્માને સમજવા માગે છે, વિચારથી તું રાગને સમજવા માગે છે. હવે એમ કહીએ છીએ કે, જ્ઞાનમાં આત્મા મોજૂદ છે અને રાગમાં દુઃખ મોજૂદ છે. તો જે વસ્તુ મોજૂદ છે ત્યાં ઉપયોગને મૂકીને એના અનુભવને સમજીને તું માન ને ! અનુભવને પકડીને સમજ ને ! વિચારથી સમજે છે એના બદલે અનુભવમાં જઈને સમજ. જો ચીજ ન હોય તો તને એનો અનુભવ ન થાય પણ જ્ઞાન ઊભું છે, રાગ ઊભો છે. બન્ને પ્રતિક્ષણે ચાલુ જ છે તો એનો અનુભવ કરીને એની સમજણ કર કે, રાગમાં દુઃખ છે કે

નહિ ? એકલા વિચારથી સમજવાનો તું પ્રયત્ન કરે છે તો અમે એમ કહીએ છીએ કે એનો અનુભવ કરીને સમજ. આ હજી સમજવાની જ ક્રિયા છે કે, આમાં શું થાય છે ? મને રાગમાં શેનો અનુભવ (થાય) છે ? લાવ તપાસુ. વારંવાર પરિચય કરીને એની તપાસ કરે, વારંવાર તપાસીને પરિચય કરે અને એ પરિચય કરતાં એને અવશ્ય સમજાશે કે, જ્ઞાન છે એ સુખસ્વરૂપે છે, એ આત્માનું સ્વરૂપ છે અને રાગ છે એ દુઃખરૂપ છે.

(વિશેષ લઈશું...)

**વિકલ્પમાં - ભાવમાં દોષ થાય, ત્યારે મુમુક્ષુજીવને તેનો વિચાર આવે છે, અને વૈચારિક ભૂમિકામાં તેનો નિષેધ પણ થાય છે, પરંતુ ફરી ફરી તે દોષનું પુનરાવર્તન થાય છે, અથવા તેવા નિષેધભાવનું વિચારબળ નહિવત્ હોવાથી, તે ભાવ લંબાઈ શકતો નથી, ઈચ્છવા છતાં, કારણકે દોષ ભાવ સાથે વિપરીત પ્રયોગનું બળ પ્રવર્તે છે, તેમાં વિપર્યાસનું બળ ઘણું - વિશેષ છે, જેની પાસે વિચારબળનું કાંઈ સફળપણું થઈ શકે નહિ. તેથી વિપરીત પ્રયોગબળની સામે અવિપરીત પ્રયોગ જ કાર્યકારી થાય છે, જે કષાયરસને તોડવા સમર્થ છે. તાત્પર્ય એ છે કે ચાલતા પરિણમનનું અવલોકનરૂપ પ્રયોગ થવાથી દર્શનમોહ અને કષાયનો અનુભાગ તૂટે છે. ચાલતા ઉલટા પ્રયોગનું મારણ સુલટો પ્રયોગ જ છે, વિચાર નહિ. સુલટા પ્રયોગનું બળ અવશ્ય સફળ થાય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૮૯૮)

આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું, ચિંતવન ખાસ કરવું જોઈએ. કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું. ૪૯.

## તા. ૨૫-૦૧-૧૯૮૭, વચનામૃત–૪૯, ૫૦
## પ્રવચન નં. ૪૪

('બહેનશ્રીનાં વચનામૃત') ૪૯મો બોલ છે. આ બોલ પણ મુમુક્ષુની ભૂમિકાના વિષયનો છે. યથાર્થ ભૂમિકાવાળો મુમુક્ષુ કેવી રીતે પરિણમન કરે છે એના જુદાં જુદાં અનેક પડખાં છે એમાંથી અહીંયાં પોતાના પરિણામને તપાસવાની વાત કરી છે. **'આખા દિવસમાં...'** એટલે રોજેરોજ, કોઈ દિવસ એમ નહિ. કોઈ વાર તપાસે એમ નહિ પણ આખા દિવસમાં એટલે હંમેશાં. **'આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું.'** શું કહે છે ? તપાસવાની વાત લીધી છે. જો મારે મારું હિત કરવું હોય તો આટલું અવશ્ય કરવું જોઈએ એમ સમજી શકાય એવી વાત છે.

મુમુક્ષુ :– આ વગર આગળ ચાલી શકાય એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જો પોતાના પરિણામની તપાસ પણ ન રહે તો એનો અર્થ એવો છે કે ઉદયભાવમાં અનુકૂળતા અને પ્રતિકૂળતા સંબંધિત જીવને એટલો બધો રસ છે કે આખેઆખો

ખોવાઈ જાય છે. પોતે એની અંદર ખોવાઈ જાય છે. એને તો કેવી રીતે હિત થાય ? એને તો તીવ્ર કર્મબંધનના પરિણામ વર્તે છે અને એ ગૂંચવાઈ ગયો, ખોવાઈ ગયો પછી જડવો મુશ્કેલ છે અને એવા તીવ્ર રસમાં ઉપયોગ એવો સ્થૂળ થઈ જાય છે અને એવા સ્વભાવની અરુચિના પરિણામ થઈ જાય છે કે એને પોતાને એમ લાગવા મંડે છે કે આ બધી ઊંચી ઊંચી બહુ અઘરી વાતો છે, આપણે આમાં કાંઈ કરી શકીએ એવું લાગતું નથી. એને પોતાને જ એમ થયા કરે કે આમાં કાંઈ આપણું કામ નથી, બહુ બધી કઠણ વાતો છે, બહુ અઘરી વાતો છે, આ બધી બહુ ઊંચી વાતો છે – એવું એને લાગ્યા કરે. કાયર થઈ જાય છે.

ખરેખર તો પોતાના માર્ગે ચડે એવા આ વચનો છે. એની બધી ઉપાધિ મટી જાય અને નિરૂપાધિક શાંત સ્વરૂપમાં શાંતપણે ઠરી જાય, નિશ્ચળ સ્વરૂપમાં નિશ્ચળ થઈ જાય એવી એની શક્તિને દર્શાવે છે, દેખાડે છે. આ ભગવાનની સ્થાપનામાં ખરેખર તો એ વાત છે કે, જુઓ ! નિશ્ચળ સ્વરૂપમાં એકદમ નિશ્ચળ થઈ ગયા ! પરિણમન ભલે ઉત્પાદ-વ્યયવાળું છે પણ ત્યાંને ત્યાં જ, બીજા સ્થાનમાં કે બીજા ભાવમાં નહિ. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જે ધ્રુવ નિશ્ચળ સ્વરૂપ છે એમાં પરિણામે પણ નિશ્ચળ રહી ગયા. એવી શક્તિ અત્યારે પણ તારામાં મોજૂદ છે, હયાતી ધરાવે છે. એવી જ શક્તિ એક સમયમાં પૂર્ણપણે પરિણમવાની શક્તિ હયાત છે એમ શ્રીગુરુ દર્શાવે છે. એટલી બધી શક્તિ છે તો અહીંયાં તો હજી આ સામાન્ય કામ છે. શક્તિ તો એટલી બધી છે કે એક સમયમાં પૂર્ણ શુદ્ધ પરિણમે. એના બદલે અહીંયાં તો હજી સામાન્ય વાત કરે છે કે, તારા પરિણામને જોવા પણ તું નવરો નથી, તારા પરિણામને તપાસવા પણ નવરો નથી કે આખા દિવસમાં મારા આત્માનું હિત થાય, આત્માર્થ હોય એવા પરિણામ કેટલા અને એ સિવાયના ઉદય બાજુ જનારા પરિણામ કેટલા ? આત્માર્થ થાય એ પરિણામમાં રસ કેટલો ? ઉદય બાજુ જાય એ પરિણામમાં રસ કેટલો ? આ કાંઈ તપાસવા ઊભો રહે છે કે એમને એમ દોડે જ જાય છે ? એમ કહે છે. જરાક ઊભો રહીને તપાસ કે, આ પરિણામ કેવા છે ? કેટલા છે ? એ તપાસવા પાછળ હેતુ જે છે એ પોતાના સ્વરૂપ પ્રત્યે આવવું, પરિણામમાં સ્વરૂપ બાજુ ઢળવું, સ્વરૂપ બાજુ આવવું અને એ બાજુનો પુરુષાર્થ વધે, એ બાજુની કાર્યશક્તિ વધે, પુરુષાર્થ વધે એટલે નિજ કાર્ય કરવાની શક્તિ વધે એ રીતે તપાસીને વળવું. તપાસવામાં માત્ર તપાસવું નથી પણ તપાસવા પાછળ પ્રયોજન રહેલું છે. પ્રયોજનને અનુલક્ષીને પોતાના પરિણામ તપાસવા જોઈએ તો એ મુમુક્ષુને યોગ્ય ભૂમિકા છે, એને કાંઈક હિતની જાગૃતિ છે અને નહિતર હિતની જાગૃતિ એમાં નથી.

પોતાનું હિત કરવાની ભાવના હોય તો પુરુષાર્થ થાય. એ પુરુષાર્થ વિનાના પરિણામને કોરી ઇચ્છા કહેવામાં આવે છે. એક વિચાર એ આવ્યો હતો કે, ઇચ્છામાં અને ભાવનામાં ફરક

શું ? કોઈ કહે છે કે, અમને ઇચ્છા છે કે, અમારે મોક્ષ પામવું છે, અમારી ઇચ્છા છે કે અમને સમ્યગ્દર્શન મળે તો સારું. અમારી ઇચ્છા છે એટલે અમે શાસ્ત્ર વાંચીએ, સાંભળીએ તો અમારે એવી ઇચ્છા છે છતાં કામ ઇચ્છા અનુસાર નથી થતું. એને એમ કહે છે કે, ભાવના છે કે ઇચ્છા છે ? જો ભાવના હોય તો એ બાજુ થોડું પુરુષાર્થનું કામ ચાલુ થાય. આગળ મોક્ષમાર્ગમાં તો સ્વરૂપમાં સ્થિર થાય એને જ ભાવના કહી છે. સ્વરૂપસ્થિરતાને ભાવનાનું નામ આપ્યું છે. કેમકે એ સ્થિરતાની અંદર પુરુષાર્થ ઉગ્ર હોય છે. એટલે પુરુષાર્થ સહિતનું વલણ, પોતાના સ્વકાર્ય બાજુના જોર સહિતનો ભાવ – એને ભાવના કહીએ અને એમને એમ લૂખેલૂખું જોર આવે પરપદાર્થ પ્રત્યે, રુચિનું જોર રાગનું હોય – રાગની રુચિનું જોર હોય અને કહે કે, મારે આત્મકાર્ય કરવું છે તો એની એ ઇચ્છા સફળ થતી નથી.

પ્રશ્ન :– ઇચ્છામાં એકલો રાગ જ હોય ?

સમાધાન :– એકલો રાગ છે અને એમાં ઠેકાણા વગરનો રાગ છે. કેમ ? કે, ઇચ્છાથી પ્રતિકૂળ જાય છે તો એને ખ્યાલ નથી રહેતો કે, આ મારા પરિણામ મારે જે ઇચ્છા છે એનાથી ઊંધા ચાલે છે. જ્યારે ભાવનાવાળાને ખ્યાલ આવે છે કે, મારી ભાવનાને ઠેસ પહોંચે છે. આ પરિણામ થતાં મારી ભાવના ઘવાય છે, મારી ભાવનાને ઠેસ પહોંચે છે અને એ મને પોસાતું નથી. ભાવનાવાળાને એ ફેર પડે છે.

આ તો પુરુષાર્થમાંથી વિચાર આવ્યો કે, એ તપાસીને **'પુરુષાર્થ તરફ વળવું.'** પુરુષાર્થ ઉત્પન્ન થાય, આત્માર્થમાં આગળ વધાય એ જાતનું પરિણામમાં કાંઈ જોર આવે, જાગૃતિ આવે, એવું બળ ઉત્પન્ન થાય એ પ્રકારે પોતાના પરિણામને તપાસવા, અવલોકવા. તપાસવામાં બે પ્રકાર છે. બહુ શરૂઆતની અંદર પરિણામ વ્યતીત થઈ ગયા પછી વિચાર આવે કે, આવા પરિણામ થયા હતા, આવા પરિણામ થયા હતા, આવા પરિણામ થયા હતા. આ અહિતકર પરિણામ છે, આત્મભાવનાને અનુરૂપ પરિણામ તો લગભગ નહિવત્ છે. અને જો તપાસવાની પદ્ધતિ, તપાસણીની પદ્ધતિ એમને એમ ચાલુ રહે, તીવ્ર થાય તો પરિણામ થવાના કાળે જ એકદમ જાગૃતિ આવે, તો એનો રસ ઠંડાયા વિના રહે નહિ. બીજા પરિણામ થાય ત્યારે એને તરત જ તપાસણી ઊભી થઈ જાય કે, આ શું ? તરત જ એ બીજા પરિણામનો જે રસ છે એનો પારો ઊતરી ગયા વગર રહે નહિ. એ તપાસતા તપાસતા એટલી જાગૃતિમાં આવવું જોઈએ તો એને બીજા પરિણામનો રસ મંદ પડતાં દર્શનમોહ પણ મંદ પડે અને તો એને માર્ગ સૂઝે. દર્શનમોહનો ધુમાડો એવો છે (કે) એ સમ્યક્ત્વનો વિનાશક ભાવ છે.

દર્શનમોહ કેવો છે ? 'પ્રવચનસાર'માં એને સમ્યક્ત્વના વિનાશક પરિણામ કહ્યાં છે. એક ગાથા લીધી છે ને ? સાતમી ગાથાની ટીકામાં 'જયસેનાચાર્યદેવે' એવી વાત લીધી છે. દર્શનમોહ

અને ચારિત્રમોહ બન્નેની વાત લીધી છે. એમાં દર્શનમોહની એવી વ્યાખ્યા કરી છે. સમ્યક્ત્વનો વિનાશક ભાવ છે, સમ્યક્શ્રદ્ધાનનો વિનાશક ભાવ છે. મોહ, ક્ષોભ વિહીન પરિણામ લીધા ને ? ત્યાં મોહનો એવો અર્થ કર્યો છે. મોહમાં બન્ને – દર્શનમોહ અને ચારિત્રમોહ બન્ને લીધાં અને બન્નેની વ્યાખ્યા કરી. મોહ એટલે દર્શનમોહ અને ક્ષોભ એટલે ચારિત્રમોહ. ક્ષોભ એટલે અસ્થિરતા – ખળભળાટ, એને ચારિત્રમોહમાં લીધો છે. સાતમી ગાથા છે.

**'शुद्धचित्स्वरूपे चरणं चारित्रं,' 'शुद्धचित्स्वरूपे चरणं'** પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. **'तदेव चारित्रं मिथ्यात्वरागादिसंसरणरूपे भावसंसारे पतन्तं प्राणिनम'** એવું ચારિત્ર જે મિથ્યાત્વ, રાગાદિરૂપ જે ભાવસંસાર છે એમાં પડતા પ્રાણીને **'मुद्धृत्य'** (અર્થાત્) એનો ઉદ્ધાર કરીને. **'निर्विकारशुद्धचैतन्ये धरतीति धर्मः।'** આ ધર્મની વ્યાખ્યા કરી છે. નિર્વિકાર શુદ્ધ ચૈતન્યમાં ધારણ કરાવે છે તેને અમે અહીંયાં ધર્મ કહીએ છીએ. ધર્મની પરિભાષા ચાલે છે. કેવું સાદું અને મીઠું સંસ્કૃત છે ! **'स एव धर्मः स्वात्मभावनोत्थ'** (અર્થાત્) એ આત્મભાવનાથી ઉત્પન્ન થયેલું **'स एव धर्मः स्वात्मभावनोत्थसुखामृतशीतजलेन'** સુખરૂપી અમૃત છે એવું જે શીતળ જળ છે કે જેના દ્વારા **'कामक्रोधादिरूपाग्निजनितस्य संसारदुःखदाहस्योपशमकत्वात् शम इति।'** એ ધર્મને અમે શમ કહીએ છીએ, ઉપશમ કહીએ છીએ, સામ્ય કહીએ છીએ. કેમકે આત્મભાવનાથી ઉત્પન્ન થયેલું જે શીતળ સુખામૃત છે તેના દ્વારા તે કામ, ક્રોધ આદિ રૂપ જે અગ્નિ છે, એનાથી ઉત્પન્ન થયેલો જે સંસાર – દુઃખનો દાહ છે એને એ ઠારી દ્યે છે. એવું આ શીતળ જળ છે ! એટલે એને અમે શમ કહીએ છીએ, એટલે અમે એને સામ્ય કહીએ છીએ.

**'ततश्च शुद्धात्मश्रद्धानरूप'** હવે અહીંયાં દર્શનમોહની વ્યાખ્યા કરે છે. **'ततश्च शुद्धात्मश्रद्धानरूपसम्यक्त्वस्य'** (અર્થાત્) શુદ્ધ આત્માના શ્રદ્ધાનરૂપ એવું જે સમ્યક્ત્વ તેનો **'विनाशको दर्शनमोहाभिधानो मोह इत्युच्यते।'** તેથી શુદ્ધ આત્મશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનો નાશક – એનો જે નાશક છે તેને દર્શનમોહ – મોહ, એવો દર્શનમોહ નામનો મોહ **'इत्युच्यते'** (અર્થાત્) કહેવામાં આવે છે. આ દર્શનમોહની આવી વ્યાખ્યા કરી છે. શુદ્ધ આત્માના શ્રદ્ધાનરૂપ જે સમ્યક્ત્વ છે એનો વિનાશક છે. કોણ ? દર્શનમોહ. આ એના ઉપર ફટકા મારવાની વાત છે. આ વચનામૃતમાં જે આત્માર્થીની ભૂમિકાની વાત ચાલે છે એમાં દર્શનમોહ ઉપર ઘણના ઘા મારવાની વાત છે. આ દર્શનમોહ તોડ ! શુદ્ધ આત્માના શ્રદ્ધાનનો જે વિનાશક છે એની સાથે તું પહેલાં લડ !

પછી ચારિત્રમોહની વાત કરે છે, **'निर्विकारनिश्चलचित्तवृत्तिरूपचारित्रस्य विनाशक'**

નિર્વિકાર નિશ્ચળ ચૈતન્યવૃત્તિરૂપ જે ચારિત્ર છે એનો વિનાશક છે. **'श्चारित्रमोहाभिधानः क्षोभ इत्युच्यते।'** તેને ચારિત્રમોહ નામનો ક્ષોભ કહેવામાં આવે છે. આને દર્શનમોહ નામનો મોહ કહેવામાં આવે છે, આને **'श्चारित्रमोहाभिधान'** એટલે નામ, એ નામનો ક્ષોભ કહેવામાં આવે છે. **'तयोर्विध्वंसकत्वात्स'** એ બન્નેનો નાશ કરનાર હોવાથી **'स एव शमो'** તેને જ શમ કહીએ છીએ. બન્નેને નાશ કરે છે માટે એને શમ કહીએ છીએ. કે જે **'मोहक्षोभविहीनः'** જે મોહ અને ક્ષોભ વિનાનો. **'शुद्धात्मपरिणामो भण्यत'** શુદ્ધાત્માના પરિણામ કહેવામાં આવે છે. **'इत्यभिप्रायः।'** એવો અહીંયાં સૂત્રનો અભિપ્રાય છે, ગાથાનો આ અભિપ્રાય છે. બહુ પ્રસિદ્ધ ગાથા છે.

આ ગાથાની અંદર આ સૂત્ર લીધું છે કે, **'चारित्तं खलु धम्मो'** (અર્થાત્) ચારિત્ર છે તે ખરેખર ધર્મ છે. મૂળમાં છે, માગધી છે ને ? **'चारित्तं खलु धम्मो'** સંસ્કૃત તો **'चारित्रं खलु धर्मो'** એમ છે. **'मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।'** ટીકા બહુ સારી કરી છે ! 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા ટૂંકામાં કરી છે. આમણે – 'જયસેનાચાર્યદેવે' જરા વિસ્તારથી કરી છે. **'स्वरूपे चरणं चारित्रं, स्वसमयप्रवृत्तिरित्यर्थः।'** સ્વસમયમાં પ્રવૃત્તિ એવો એનો અર્થ છે. **'तदेव वस्तुस्वभावत्वा'** તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી **'द्धर्मः'** **'तदेव वस्तुस्वभावत्वाद्धर्मः।'** ઈ પોતે કાઢ્યું છે. વસ્તુનો જે સ્વભાવ હોવાથી ધર્મ છે – એ ટીકાકાર આચાર્યે કાઢ્યું છે.

**'शुद्धचैतन्यप्रकाशनमित्यर्थः।'** શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ એવો એનો અર્થ છે. **'तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम्।'** અને તે જ આત્માના ગુણનું યથાઅવસ્થિતપણું હોવાથી એને સામ્ય કહીએ છીએ. **'साम्यं तु दर्शनचारित्रमोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावाद-त्यन्तनिर्विकारो जीवस्य परिणामः।'** ત્રણ લીટીમાં ટીકા એમણે પૂરી કરી છે. દિગંબર આચાર્યોએ ગજબ વાતો કરી છે ! શું કહે છે ? ચારિત્ર તો રાજમાર્ગનો પુરુષાર્થ છે. પુરજોશમાં ક્ષણે ક્ષણે અનન્ય ભાવે મોક્ષ પ્રત્યે જેની ગતિ છે એને અહીંયાં ચારિત્ર કીધું છે.

અહીંયાં તો એમ કહે છે કે, તું આત્મામાં દર્શનમોહનો નાશ કરીને એક વાર લીન થા, એટલા પુરુષાર્થ બાજુ વળવા માટે તારા ચાલતા પરિણામનું અવલોકન તો કર. તારા ચાલતા પરિણામની તપાસ તો કર કે કેવા પરિણામ આત્માર્થને લાયક થાય છે ? અને બીજા પણ કેટલા પરિણામ થાય છે ? આની તપાસ રાખે છે કે નથી રાખતો ? આ બોલમાંથી આટલો સવાલ છે કે, આ તપાસ થાય છે કે નથી થતી ? જો આવી તપાસ ન થતી હોય અને માત્ર બાહ્ય ક્રિયાથી વાંચવું કે બીજી કોઈ પણ ક્રિયા કરવી; તપાસ્યા વગર, પરિણામની તપાસ વગર

માત્ર એમને એમ, જેમ ઉદયભાવે બીજા સંસારના કાર્ય થાય છે એમ ઉદયભાવે વાંચન, પૂજા થાય તો એ તો એનું એ રહ્યું. એમાં કાંઈ તપાસવાની વાત રહી નહિ. જો તપાસણી નહિ થાય તો પુરુષાર્થ પણ ઉત્પન્ન નહિ થાય એમ લેવું છે અથવા એમ લઈએ કે, પુરુષાર્થ જાગૃત થવા અર્થે, આત્માનો પુરુષાર્થ કરવા અર્થે શું કરવું જોઈએ ? પુરુષાર્થનો પ્રશ્ન ઉત્પન્ન થાય છે ને ? કે, પુરુષાર્થ કરવો છે તો પુરુષાર્થ માટે શું કરવું જોઈએ ? કે, એણે પોતાના પરિણામો તપાસવા જોઈએ. તપાસીને પુરુષાર્થ પ્રત્યે વલણ થાય છે, પુરુષાર્થ પ્રત્યે વળી શકાય છે. જો તપાસણી ન હોય તો પુરુષાર્થ પ્રત્યે વળવાનો કોઈ અવસર આવતો નથી.

મુમુક્ષુ :- બીજાના પરિણામ તરત પકડી પાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ! બહુ હુશિયાર ! ઈ પ્રવીણતામાં ખોવાઈ જવાનું રહેશે. બીજું કાંઈ નહિ થાય પણ ઈ પ્રવીણતામાં ખોવાઈ જવાનું થાશે. બીજાના પરિણામ પકડવાનું પ્રયોજન શું ? શું પ્રયોજન છે ? અહીં તો કહે છે કે, પરલક્ષે આત્મવિચાર પણ નિરર્થક જાય છે તો આ પરલક્ષે પરનો વિચાર ક્યાંથી સાર્થક થવાનો હતો ? એ તો વધુ નુકસાન કરનારા પરિણામ છે.

મુમુક્ષુ :- અગત્યનો સરસ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- **હા, એક એક બોલ એવા છે, હોં ! મુમુક્ષુઓ માટે તો એને નિત્ય સ્વાધ્યાય કરવાનું એક શાસ્ત્ર હોય, જેમ પેલા અન્ય મતમાં કહે છે ને ? ત્યાં 'ગીતા'ની મુખ્યતા આપે છે અને 'ગીતા'ની અંદર 'ગીતા'નો આગળનો એક 'માહાત્મ્ય' નામનો પાઠ હોય છે. એ બીજાએ રચેલો હોય છે. 'ગીતા'ની મૂળ રચના નથી. એમાં રોજ વાંચવું એના ઉપર બહુ આગ્રહ હોય છે કે, રોજ આખી 'ગીતા' વાંચવી. તું આખી ન વાંચ તો રોજ એક અધ્યાય વાંચજે, રોજ એક અધ્યાય ન વાંચ તો આટલા શ્લોક વાંચજે, છેવટે એક શ્લોક પણ વાંચજે, પણ તું રોજ 'ગીતા' વાંચજે. આ મુમુક્ષુને 'ગીતા' જેવો ગ્રંથ છે ! મુમુક્ષુને લાયક ઘણી વાતો કરી છે. સમ્યક્દૃષ્ટિના – જ્ઞાનીની દશાના પણ અનેકવિધ પરિણામ બતાવ્યા છે કે જેથી મુમુક્ષુ એને અનુરૂપ પોતાની દશા કરી શકે, એને અનુરૂપ પોતાની વિચારણા રાખી શકે અને મુમુક્ષુને યોગ્ય પણ અનેક પ્રકારની, અનેક પડખેથી વાતો કરી છે અને બધી અનુભવગમ્ય – અનુભવસિદ્ધ વાતો છે.**

**'તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઈએ.'** ચિંતવન (એટલે) તત્ત્વ ચિંતવન, સ્વરૂપ ચિંતવન ખાસ કરવું જોઈએ અથવા અવશ્ય કરવું જોઈએ. જેની ચિંતા હોય તેનું ચિંતવન જીવ કરે. જેની ચિંતા હોય તેનું ચિંતવન કરે અથવા જેની પ્રાપ્તિની જરૂરિયાત હોય તેનું જીવ ચિંતવન કરે છે. આ તો બધાને અનુભવસિદ્ધ છે. તો કહે છે કે, જો આત્માની,

ભવભ્રમણની ચિંતા હોય તો ભવભ્રમણનો નાશ થાય એ પ્રકારનું ચિંતવન કરે. આત્મપ્રાપ્તિની ભાવના હોય તો આત્મસ્વરૂપનું – સ્વભાવનું જીવ ચિંતવન કરે. (એ પ્રકારે) **'ચિંતવન ખાસ કરવું જોઈએ.'**

**'કષાયના વેગમાં તણાતાં અટકવું, ગુણગ્રાહી બનવું.'** એક બોલમાં કેટલી વાતો નાખી છે ! કષાયનો જે વેગ છે, એકલું કષાય નથી લીધું, જે તીવ્ર રસવાળા પરિણામ છે, કષાયના તીવ્ર રસવાળા પરિણામ છે એમાં કષાયશક્તિ એટલે દર્શનમોહ (છે). દર્શનમોહ એ કષાયની શક્તિ છે, એ તીવ્ર થાય છે. એ બાજુ તીવ્રપણે ગતિ કરવા યોગ્ય નથી. **'તણાતાં અટકવું'** એટલે તણાવું જ નહિ, એમ કહે છે. અંદરમાં જાગૃતિ હોવી જોઈએ કે, આ મને નુકસાનનું કારણ છે. જેટલા રસથી, તીવ્ર રસથી કષાયનો વેગ ઉત્પન્ન થાય છે એમાં આત્માની શક્તિ હણાય જાય છે – આ નુકસાન એના લક્ષમાં હોય તો અંદરમાં એને એની એ જ વખતે જાગૃતિ અને ખટક આવ્યા વિના રહે નહિ. લડાઈનો વિષય છે ! અંદરમાં પોતાના જ પરિણામ સાથે લડાઈ કરવાની છે, આને દ્વંદ્વ કહે છે.

મુમુક્ષુ :– અટકવું છે પણ અટકાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અટકાતું નથી કેમકે એને નુકસાન જે થાય છે એ લક્ષમાં નથી. આમાં નુકસાન છે એમ ખ્યાલમાં આવવું જોઈએ. જીવનો એવો સ્વભાવ છે કે નુકસાનની ખબર પડે તો અટકે. લાભની ખબર પડે તો એ બાજુ પરિણામ દોડે અને નુકસાનની ખબર પડે તો ત્યાંથી અટકે. આ એનું સ્વભાવગત પરિણમન હોવાથી કોઈને શીખવવું પડતું નથી. એને ખ્યાલ આવવો જોઈએ કે આમાં નુકસાન થાય છે.

**'કષાયના વેગમાં તણાતાં અટકવું,...'** અથવા કષાયના વેગમાં તણાવું નહિ. **'ગુણગ્રાહી બનવું.'** અને ગુણ ગ્રહણ થાય એવી વૃત્તિ રાખવી, એવો અભિપ્રાય રાખવો, એવો દૃષ્ટિકોણ રાખવો. બીજાના થોડા પણ ગુણ જોઈને, કોઈ એક ગુણ જોઈને પણ પ્રમુદિત થવું અને પોતાને વિષે ગુણ ઉત્પન્ન થાય એ દૃષ્ટિકોણ હંમેશાં રાખવો. **'ગુણગ્રાહી બનવું.'**

મુમુક્ષુ :– 'શ્રીમદ્'માં શબ્દ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે. કોઈ કોઈ મુમુક્ષુઓને એ વિશેષણ વાપરે છે અને એક વાર તો એમણે 'ગાંધીજી' માટે પણ એ વિશેષણ વાપર્યું છે, 'ગાંધીજી' માટે પણ એમણે એ વિશેષણ વાપર્યું છે. 'ગુણગ્રાહી મોહનલાલ પ્રત્યે' એમ કરીને ટપાલ લખી છે. 'ગાંધીજી' પ્રત્યે પણ (આવું લખ્યું છે). પ્રારંભના કાળમાં 'ગાંધીજી'ને સત્યની જિજ્ઞાસા હતી. પછી તો બ્રિટિશરોની સામે રાજકારણમાં બહુ રંગાઈ ગયા, પણ શરૂઆતમાં એમનો પ્રકાર થોડોક એવો હતો કે, ગુણને ગ્રહણ કરવા, ગુણવાન થવું. દોષ ટાળવા, ગુણવાન થવું અને એને માટે થોડી એમની વિચારણા,

અંતરશોધ એવું થોડું ચાલ્યું હશે. 'શ્રીમદ્જી'ને એવો કોઈ ખ્યાલ આવ્યો છે. એટલે એમને વિષે પણ એક વખત એક પત્રમાં એવું વિશેષણ વાપર્યું છે – ગુણગ્રાહી ! અને એક એમની ('ગાંધીજી'ની) પ્રકૃતિમાં કહો, યોગ્યતામાં કહો, એક મુદ્દો સારો હતો કે પોતાનો દોષ પણ સરળપણે સ્વીકારે. સ્વીકારે નહિ પોતાની આત્મકથા લખે એમાં લખે, ડાયરીમાં લખે. એવું એક સારું ચિહ્ન હતું. એ સરળતા વિના એવું નથી બનતું અને સરળતામાં પણ એટલી શક્તિ હોય કે પોતાનો દોષ પ્રસિદ્ધ કરવો, પોતાનો દોષ ગ્રહણ કરવો, પોતાનો દોષ જોવો, જોવો અને નિંદવો એ પ્રકાર જે છે એ સરળતાના પરિણામ બતાવે છે.

મુમુક્ષુ :– નિંદવો અને કાઢવો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો જ નિંદે ને ! કાઢવા માટે જ નિંદે છે. યોગ્યતા એ પ્રકારની હતી તો 'શ્રીમદ્જી' જેવા સત્પુરુષ સાથે એમને સંપર્ક પણ હતો. એ પણ યોગ્યતાને જ સૂચવે છે. એમનો જે મહાપુરુષ સાથેનો જે સંપર્ક હતો એ પણ એક પ્રકારની યોગ્યતાને બતાવે છે. એટલે તો એમણે ધર્મ વિષે ઘણાં પ્રશ્નો પૂછ્યા હતા. ૨૭ પ્રશ્નોમાં ધર્મ વિષેના ઘણાં પ્રશ્નો પૂછ્યા છે.

પોતે **'ગુણગ્રાહી બનવું.'** એમ અહીંયાં કહે છે. પોતે ગુણગ્રાહી બનવું. ગુણના ગ્રાહક થવું. આપણે કહે છે ને કે, અમે ઘરાક છીએ, અમારે આનો ખપ છે. એવા અભિપ્રાયથી પ્રવર્તવું, ઉદયના પ્રસંગોમાં પણ આ દૃષ્ટિકોણ મુખ્ય રાખવો તો હળવાશ આવે છે, જીવ હળવો થાય છે અને ધર્મ પામવાની કાંઈક નજીક થાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'નો એક બોલ છે – એના પાયા ગોતવા.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનુભવ કેમ થાય એના જ પાયા ગોતવા. એવી વાત લીધી છે. આત્માનો પોતાને અનુભવ કેમ થાય એની શોધ ચલાવવી. એના પાયા ગોતવા એટલે એના મૂળ કારણો શું છે ? મૂળમાં શું કરવાથી એમ થાય ? એ શોધવું.

પ્રશ્ન :– પુરુષાર્થ જો કરવો હોય તો તપાસમાં આવવું ?

સમાધાન :– હા, એ તપાસ છે એમાંથી પુરુષાર્થની જાગૃતિ થાય છે. **'તે તપાસી પુરુષાર્થ તરફ વળવું.'** એમાં એ સંકેત છે કે જો આવી તપાસણી હોય છે એને આગળ પુરુષાર્થ ઉત્પન્ન થવાનો અવસર છે, એ પુરુષાર્થ ઉત્પન્ન કરી શકશે, બીજા પુરુષાર્થ કરી શકશે નહિ.

મુમુક્ષુ :– આમાં ચિંતવન જે આવ્યું, આપે એક વખત કહેલું કે વાંચન કરતાં આઠ ગણું હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. આમ તો એવું છે કે, જેને તત્ત્વનો રસ છે અને જેની વિચારણામાં તાત્ત્વિક દૃષ્ટિકોણ છે એને તો બધા ઉદયમાં તત્ત્વદૃષ્ટિએ વિચાર ચાલવા મંડે છે કે, તત્ત્વદૃષ્ટિએ

આ શું ? તત્ત્વદૃષ્ટિએ આ શું ? તત્ત્વની દૃષ્ટિએ આ શું ? એમ ચાલ્યા કરે. ગમે ઈ નાની-મોટી, ગમે ઈ વાતમાંથી એને તત્ત્વદૃષ્ટિ મુખ્ય થઈ જાય. એટલે એ જાતનું એને ચિંતવન ચાલ્યા જ કરે.

આ જુઓને, બાહ્ય સંયોગોનું ચિંતવન ચાલ્યા જ કરે છે કે નહિ ? સંયોગોની અનુકૂળતા હોવી જોઈએ અને સંયોગોમાં પ્રતિકૂળતા ન હોવી જોઈએ એ વિષયનું ચિંતવન ચાલ્યા કરે છે ત્યાં ગણતરી કરે છે કે મેં કેટલા કલાક સંયોગોની ચિંતા કરી ? ત્યાં એને એ ગણતરી નથી થતી, કેમકે એમાં સંતોષ નથી પકડવો. અહીંયાં આત્માને દુઃખમાંથી છોડાવવો છે (એના ચિંતવનમાં ગણતરી કરવી છે) ! એ 'શ્રીમદ્જી'એ લીધું ને ? અનંત જન્મ-મરણ કરી ચૂકેલા એવા આ આત્માની કરુણા જ્યારે આવે છે ત્યારે એને ખરેખર છૂટવાની ભાવના થઈ છે. ઘણો દુઃખી થયો, ઘણાં દુઃખી થવાના કાર્યો અને પરિણામો કર્યાં. હવે મારે મારા આત્માને આ દુઃખમાંથી છોડાવવો છે, નક્કી – નિશ્ચય છે. એવો નિર્ણય કરે, દૃઢ નિર્ણય કરે ત્યારે એને કામ કરવાની શરૂઆત થાય છે, એને સ્વદયા કહી છે. આ સ્વદયાનો વિષય જૈનદર્શન સિવાય બીજે ક્યાંય નથી. 'દયા' શબ્દ પ્રસિદ્ધ છે પણ એ બધા પરદયાને જ દયા સમજીને બેઠા છે અને સંપ્રદાયના કહેવાતા જૈનો પણ એ પરદયાને જ દયા સમજીને બેઠાં છે અને દયાને જ ધર્મ માન્યો છે. પોતાના આત્માને નિર્દય રીતે હણે અને બીજાની દયા પાળવાની મુખ્યતા કરે ! હાસ્યાસ્પદ વિષય છે. પોતે અનાથ છે, પોતે સુખની ભીખ માગે છે અને બીજાને સુખી કરવાની ઇચ્છા રાખે છે.

મુમુક્ષુ :– બધા દયાળુ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધા દયાળુ કહે એટલા માટે કરે છે ? બીજા દયાળુ તો કહે, એમ. દયા પાળે તો બીજા આપણને દયાળુ કહે, ઠીક ! તો બીજા પાસે કહેવડાવવું છે ને ? એ એક બહુ મોટું ઝેર છે. બીજાની નજરમાં હું આવો... આવો... આવો... અનેક પ્રકારે લાગું, દેખાઉં અને બીજાઓમાં એવી મારી છાપ રહે. આને ભગવાને લોકસંજ્ઞારૂપી ઝેર કહ્યું છે. લોકસંજ્ઞા એ કાળકૂટ ઝેર છે. બધેથી છૂટે પણ લોકસંજ્ઞાથી છૂટવું બહુ કઠણ છે. જ્યારે આત્મસંજ્ઞા થાય (એટલે કે) એકાંતે આત્મહિત કરવું છે, લોકોને જેમ વિચારવું હોય એમ વિચારે અને જેમ કહેવું હોય એમ કહે, 'લોકલાજ સબ ડારી' કોઈની પરવા કર્યા વિના એકલું આત્મહિત કરવું છે એને લોકોની નજરમાંથી બચવાનું થાય નહિતર લોકસંજ્ઞા અનાદિની છે અને એ પ્રત્યક્ષ ઝેર છે એમ જાણ્યા વિના એ છૂટે એવું નથી, ત્યાં સુધી એ મૂકાય એવું નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીનાં એક એક વચનમાં અનંત આગમ ભર્યાં છે, એ આ એક લોકસંજ્ઞા શબ્દ બોલે એમાં આખું આગમ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આખું આગમ આવી જાય. એ તો એવું છે, એક એક વચનની અંદર અનેક ન્યાયોની સંધિ હોય છે. 'શ્રીમદ્જી' કહેતાં કે, શાસ્ત્રનું એક વચન અવગાહન કરતાં અમારો ઉપયોગ હજારો શાસ્ત્રમાં ફરી વળે છે. શ્રુતજ્ઞાન કેવું હતું ! શાસ્ત્રનું એક વચન અવગાહન કરતાં અમારો ઉપયોગ હજારો શાસ્ત્રમાં ફરી વળે છે. એટલે હજારો શાસ્ત્રમાં જે ન્યાય કહ્યાં છે એની સંધિ લાગી જાય છે ! એક શાસ્ત્રવચનનું અવગાહન કરતાં ! 'स्वरूपे चरणम् इति चरित्रम्।' એક સૂત્ર વાંચે ત્યાં જાણે શ્રુતજ્ઞાનનો દરિયો હલી જાય છે !

૪૯ (બોલ પૂરો) થયો.

**તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે; તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. ૫૦.**

૫૦મો બોલ છે (એ) સંસ્કાર માટેનો છે. '**તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;...**' લ્યો, પુરુષાર્થને પણ સંધિ છે. જેમ પરિણામને તપાસવા સાથે પુરુષાર્થને સંબંધ છે એમ સત્‌ની ઊંડી જિજ્ઞાસાને પણ પુરુષાર્થ સાથે સીધેસીધો સંબંધ છે. પુરુષાર્થનો પ્રશ્ન આખેઆખો Solve થઈ જાય એવા કેટલાય બોલ પુરુષાર્થના છે. પુરુષાર્થના ખાસ બોલ પણ છે અને બીજા બોલમાં પણ પુરુષાર્થની વાતો નાખી છે. આ બોલ જિજ્ઞાસાનો કહીએ, પુરુષાર્થનો કહીએ, સંસ્કારનો કહીએ – ત્રણે વિષય લાગુ પડે છે.

'**તું સત્‌ની...**' એટલે તારા પરમ સત્‌સ્વરૂપની. મૂળમાં તું કેવો છો ? એની '**ઊંડી જિજ્ઞાસા**

**કર...**' સામાન્ય જિજ્ઞાસા કર એમ નથી કહેતાં. '**ઊંડી જિજ્ઞાસા કર...**' એવી ઊંડી જિજ્ઞાસા કર કે જ્યાં સુધી એ પરમ સત્‌નો પત્તો ન લાગે ત્યાં સુધી માથું ઠેકાણે રહે નહિ. આ નથી કહેતાં ? એટલી બધી ઉપાધિ છે કે અત્યારે હવે માથું ઠેકાણે નથી રહેતું. માણસ બહુ ઉપાધિમાં આવી જાય ત્યારે એવું બોલે છે. ભાઈ ! એવી ઉપાધિ, એવી ઉપાધિ આવી પડી છે (કે) માથું અમારું ઠેકાણે નથી કાં તો કહે છે કે, ધડ ઉપર માથું નથી. એમ કહે બીજે માથું મૂકી દીધું છે.

કહે છે કે, દુનિયાના પ્રસંગની પ્રતિકૂળતાની ચિંતામાં તને ઉપાધિમાં આમ થાય છે એ તો બધા જન્મ-મરણથી તો નીચેની કોટિના – નીચેના દરજ્જાના પ્રસંગો છે. બહારમાં કેટલાંક અનિષ્ટ સંયોગોનો પ્રકાર ઊભો થાય અથવા ઇષ્ટ સંયોગના વિયોગનો પ્રકાર ઊભો થાય પણ માણસ આખેઆખો મરી જાય એના કરતા તો નીચેની વાત છે ને ? જીવતો તો રહે છે ને ? એ નીચેના પ્રસંગોમાં તારું માથું ખરાબ થાય છે, અહીંયાં જન્મ-મરણને નાશ કરવાની કોઈ ઉપાધિ અને ચિંતા તને નથી ? એનો નાશ કેમ થાય એની જિજ્ઞાસા તને નથી ? એ તો મોટી વાત છે. રૂના પૂમડા વિણ્યા કરે (અને) પાંચ લાખની ખોટ જાય એની સામું ન જોવે ! રૂનો વેપાર કરે અને પાંચ લાખની ખોટ જાય એમાં એનું ધ્યાન ન (રહે), વિચાર ન કરે કે આ કેવી રીતે બચવું ? અને પેલા રૂના ધોકડા આવ્યા હોય, વેચ્યા હોય તો કહે, પેલા બારદાનની અંદર પૂમડા પડ્યા છે ઈ ભેગા કરીને તોલમાં નાખી દ્યો, પાંચસો ગ્રામ રૂ વધે છે. ભાઈ ! પાંચસો ગ્રામના પાંચ રૂપિયા વધશે પણ ત્યાં પાંચ લાખ ચાલ્યા જશે એનું શું ? 'ખાળે ડૂચા, દરવાજા મોકળા' એના જેવું છે. નાના નાના પ્રસંગોની ચિંતામાં આખું જીવન વ્યતીત કરે અથવા દેહની અનુકૂળતા સાચવવા અને પ્રતિકૂળતા ટાળવા રોજની દસ દસ કલાકની મજૂરી કરે, આ દુકાને જઈને મજૂરી કરીએ છીએ ઈ. કેમકે પ્રતિકૂળતા ન રહે અને બધી અનુકૂળતા રહે અને આખો જીવન-મરણનો જે પ્રશ્ન છે એની સામે આંખ્યું મીંચીને ચાલ્યો જાય ! એનો વિચાર સુદ્ધાં નહિ કે, આ શું ? ક્યાં સુધી જન્મવું ને મરવું ? ક્યાં સુધી જન્મવું ને મરવું ? એની કોઈ ચિંતા નથી. પાછો કહેવાય દુનિયામાં ડાહ્યો ! બહુ ડાહ્યો માણસ છે, હોં ! પાંચ જણા એને પૂછે છે. કાંઈક મૂંઝવણ ઊભી થાય તો લોકો એને પૂછવા આવે છે. ઈ ડાહ્યો છે એ જ્ઞાનીની નજરમાં ગાંડો છે, મૂરખ છે. એની વિચક્ષણતાનો ઉપયોગ સંસારી પ્રસંગોમાં કરે છે પણ બુદ્ધિની વિચક્ષણતાનો ઉપયોગ એના જન્મ-મરણ ટાળવામાં કરતો નથી. આ ગડબડ છે, મોટી ગડબડ છે.

અહીં તો એક પ્રેરણા આપી છે એમ કહીએ તો ચાલે. આજ્ઞાર્થ છે ને ? પ્રેરણાવાચક વચન છે. ભાઈ ! તું તારા પરમ સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર. '**ઊંડી જિજ્ઞાસા કર...**' કેમકે

એક જગ્યાએ કહેશે કે, સામાન્ય જિજ્ઞાસા તો જીવને ઘણીવાર થઈ છે. પણ સામાન્ય જિજ્ઞાસામાં શું તકલીફ થાય છે કે, જીવ પોતાના પ્રયોજનભૂત પ્રશ્નોને પણ જિજ્ઞાસાથી સમજવાનો પ્રયત્ન કરે છે અને અપ્રયોજનભૂત વિષયમાં પણ જિજ્ઞાસાને વાપરે છે. ઊંડી જિજ્ઞાસા હોય તો એક આત્મહિતના અને આત્માના પ્રયોજનમાં જ ઊંડે... ઊંડે... ઊંડે... ઊંડે... એની જિજ્ઞાસાના પરિણામ ચાલે અને એ સિવાયની વાત આવે તો ત્યાં ન જાય, કેમકે અહીંયાં ઊંડો ઊતર્યો છે. એક જગ્યાએ ઊંડો ઊતરે તો બીજે ન જઈ શકે, પણ છિછરી જિજ્ઞાસા હોય તો આત્માના હિતની વાતમાં પણ પડે અને બીજી વગર પ્રયોજનની વાત છે એમાં પણ કુતૂહલ રાખે. એમાં પણ જાણવા માટે, કુતૂહલ માટે, છેવટે કાંઈ નહિ તો એને કુતૂહલ થયા કરે કે, લાવને આ પણ જાણી લઉં, આ થોડીક વાત કરી છે તો ઈ પણ જાણી લઉં, આ પણ જાણી લઉં, આ પણ જાણી લઉં. ભાઈ ! તને કામનું કેટલું છે એનો પહેલાં વિચાર કર. નકામી નકામી વાતોમાં જિજ્ઞાસાને રોકવી એ તારા સ્વકાર્ય કરવાની અરુચિને પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- શરૂઆતમાં જ કીધું ને કે, ઇચ્છામાં અને ભાવનામાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં ફેર છે. એ તો બધે એનું સંકલન જ છે. પરિણામની આખી એક શ્રૃંખલા જ છે. યથાર્થ ભૂમિકાને લગતી પરિણામ શ્રૃંખલાનો એક પ્રકાર જુદો છે અને બાકીની બીજી લાઈન આખી જુદી છે. પછી એમાં તો ઘણાં આડાઅવળાં પ્રકાર ઊભા થઈ જાય છે. જીવ યથાર્થતામાં આવે તો એ અવશ્ય અલ્પકાળમાં પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી જ લ્યે છે. કેમકે એ એક પરિણામનું એવું વલણ, ઢલણ ઊભું થાય છે કે, જેમ પાણી ઢાળમાં ઢળે, દડે એમ એ પરિણામ પછી એ બાજુ ગતિ પકડે છે. એ ગતિ પકડે છે એનું નામ પુરુષાર્થ છે. વેગ પકડે છે એનું નામ પુરુષાર્થ છે. એ પુરુષાર્થનો વેગ ઉત્પન્ન થાય એ પહેલાં પહેલાં એને કેવા કેવા પરિણામ હોય, એ પોતાના પરિણામને ચકાસતો હોય, તપાસતો હોય, અવલોકન કરતો હોય અને એને એમાં પોતાનું મૂળ સ્વરૂપ કેવું છે એની ઊંડી જિજ્ઞાસા હોય છે.

ઊંડી જિજ્ઞાસા તો કોઈ વાર બહુ મોટું કામ કરે છે. કોઈ જીવને કોઈ વાર એવું બને છે કે, પોતાના પરમ સ્વરૂપની ઊંડી જિજ્ઞાસામાં એકદમ આવી ગયો હોય એવા કાળે એને કોઈ પરમ સત્ સ્વરૂપ આત્મા સંભળાવે તો એને આત્માના સંસ્કાર પડી જાય. એને ખબર પણ ન હોય, પણ એને આત્માના સંસ્કાર પડી જાય. એટલે અહીંયાં ત્રીજી લીટીમાં એ વાત નાખી છે – **'સત્‌ના સંસ્કાર'** ! સત્‌ના સંસ્કાર અને જિજ્ઞાસા એક બોલમાં (બે) વાત લીધી છે. એનું કારણ શું છે કે કોઈ વાર જિજ્ઞાસાના કાળમાં સત્‌ના સંસ્કાર પડે છે. એક વાર પણ જો સત્‌નો સંસ્કાર પડ્યો (તો) એનો છૂટકો થઈ જાય ! એક ભવે નહિ તો બીજા ભવે પણ એ વસ્તુને પકડી લ્યે છે. એ સંસ્કારનું બીજ એટલું Powerful છે કે એનો અંકુર સમ્યગ્દર્શન

અને ધર્મ સ્વરૂપે પ્રગટ થયા વિના રહી શકે નહિ. એ મૂળમાં પડેલું જે બીજ છે એ પછી બળી શકતું નથી. (કેમકે) સત્‌નો સંસ્કાર છે. અનંત સામર્થ્યવંત જે સત્ છે એનો સંસ્કાર એટલો જબરજસ્ત છે કે એ સત્‌ની સાથે જઈને ભળે છે ! એ અસત્ ક્યારેય થતું નથી. સત્‌નો સંસ્કાર પણ ક્યારેક અસત્ પરિણામે થઈ જાય, સત્‌નું અસત્ થાય એવું કદી બનતું નથી. એટલે જિજ્ઞાસા તો બહુ મોટી વાત છે !

ગમે તેટલું વાંચ્યું હોય, ગમે તેટલું સાંભળ્યું હોય તોપણ જ્યાં સુધી પ્રત્યક્ષ અનુભવથી પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સત્‌ની ઊંડી... ઊંડી... ઊંડેથી ઊંડી, જેટલી થઈ શકે એટલી ઊંડી જિજ્ઞાસા રહેવી જોઈએ, હોવી જોઈએ, થવી જોઈએ. જો જિજ્ઞાસામાં ફેર પડ્યો તો સમજી લેવું કે એ હવે બીજે રસ્તે ગયો. કેમ ? કે, એને ત્યાં શું થશે કે આ તો મને સમજાણું છે, આ તો હું જાણું છું, આ મને ખબર છે. વાંચ્યા પછી, સાંભળ્યા પછી થોડી ખબર પણ પડે છે, પણ ખબર પડે છે ત્યાં હજી પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી ખરી ખબર પડી નથી એમ જાણીને એણે ઊંડી જિજ્ઞાસા રાખવી જોઈએ. આટલી વાત છે.

મુમુક્ષુ :- આપણી નજર સામે સંસ્કારના દાખલા છે - એક 'ગુરુદેવ'...

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'શ્રીમદ્‌જી'ને પણ સંસ્કારનો વિષય છે. સંસ્કાર તો એવો વિષય છે (કે વસ્તુને) પકડી લ્યે.

પ્રશ્ન :- ઊંડી જિજ્ઞાસા એટલે ખરી જિજ્ઞાસા ?

સમાધાન :- ઊંડી જિજ્ઞાસા કહો, ખરી જિજ્ઞાસા કહો અને એ જિજ્ઞાસા એવી કે જ્યાં સુધી જેમ પાણી મળે નહિ ત્યાં સુધી તૃષા છીપાય નહિ, ઊલટાની વધતી જાય. પાણી ન મળે ત્યાં સુધી તરસ વધતી જાય. એવો જો જિજ્ઞાસાનો પ્રકાર હોય તો એ ઊંડી જિજ્ઞાસા છે, એ ખરી જિજ્ઞાસા છે અને એ જિજ્ઞાસા પાછળ એનો પ્રયત્ન બરાબર જ ચાલશે. એનો પ્રયત્ન આડોઅવળો નહિ જાય એમ કહેવું છે. જેને પરમ સત્‌ની જિજ્ઞાસા છે એનો પ્રયત્ન પરમ સત્‌ને શોધવા પાછળ જ લાગશે, એનો પ્રયત્ન આડોઅવળો જાશે નહિ. બરાબર ચાલશે એનો અર્થ કે આડોઅવળો જાશે નહિ. કેમકે એને સત્‌ની જિજ્ઞાસા છે. એટલે સત્ સિવાયની બીજી વાત એની સામે આવશે તો એને એમ લાગશે કે, આ મારા પ્રયોજનનો વિષય નથી. અહીંયાં મારે સમય અને શક્તિ - પુરુષાર્થ અહીંયાં વેડફવો નથી. એક ન ચાલતા કરવું પડે એવા પ્રસંગોની વાત જુદી છે, બાકી એનો પ્રયત્ન બરાબર સત્‌ને શોધવા પાછળ જ ચાલશે અને એ એનો પ્રયત્ન બરાબર છે. નહિતર પ્રયત્નની બરાબરતા નહિ રહેતાં જાય બીજે. એક તો મૂડી હોય થોડી અને એમાં નકામી ચીજ ખરીદી લ્યે ત્યારે એને જરૂર વખતે મૂડી એની પાસે હોય નહિ. આ પરિસ્થિતિ થાય છે.

**'જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;...'** વળી અંદર શું અનુકૂળતા થઈ જશે ? કે, **'તારી મતિ સરળ અને સવળી થઈ...'** જશે. ઠીક ! આ ઊંધી મતિથી આત્માને નુકસાન થાય એવા ઊંધા ઊંધા કામ કરે છે, (અહીંયાં જિજ્ઞાસા થતાં) તારી મતિ સવળી થઈ જશે, એમ કહે છે. મતિ એટલે બુદ્ધિ. તારી મતિ સવળી થઈ જશે. તારું આત્મહિત થાય અને અહિત ન થાય એવી સરળ અને સવળી થઈ જશે. અહિત થાય ત્યાં મતિ કામ કરે તો એ અસરળ મતિ છે. આત્માનું અહિત થાય અને બુદ્ધિ એવું કામ કર્યા કરે તો એ અસરળતા છે, મતિની અસરળતા છે. અહીંયાં કહે છે કે, જો તારી સત્ માટેની ઊંડી જિજ્ઞાસા હશે તો તારી મતિ પણ એ વિષયમાં સરળ થઈને સવળું કામ કરવા લાગશે. જો તારી જિજ્ઞાસા નહિ હોય તો તારી મતિ અસરળ થઈને બીજા બીજા વિષયોની અંદર રોકાઈ જશે અને અવળું અવળું કામ કરશે. આમ છે. આ તો કેવી આપોઆપ લાઈન ઊભી થાય છે ! એક જિજ્ઞાસામાંથી એના જ્ઞાન ઉપર શું અસર આવે છે એમ અહીંયાં સાપેક્ષ સંબંધ લીધો છે. જેને પોતાના પરિણામમાં પરમ સત્‌ની ઊંડી જિજ્ઞાસા છે એનું જ્ઞાન સરળ અને સવળું થઈ જાય છે. એમ કહેવા માગે છે. એનું મતિજ્ઞાન સરળ અને સવળું થાય છે.

આમ તો મુમુક્ષુની ભૂમિકા એવી છે કે, ક્યાં અવળું થાય તો એને ખબર ન પડે, અવળા-સવળાની ખબર ઓછી રહે. કેમકે હજી એના જ્ઞાનમાં સમ્યક્‌જ્ઞાનરૂપી દૃષ્ટિકોણ હાથમાં આવ્યો નથી. તો ત્યાં શું ? ઉપાય શું ? (તો કહે છે), ત્યાં પણ ઉપાય છે, ચાલ ! સત્પુરુષ પાસે તારી દવા છે, એનો પણ ઉપાય છે. તું, કાંઈ નહિ (તો) તને તારું સત્ નથી મળ્યું ઈ તો બરાબર છે ? કે, બરાબર છે. ઈ કેમ મળે એની એક ઊંડી જિજ્ઞાસામાં તું રહે તોપણ તારી મતિ અવળી જાશે નહિ.

આ બહુ મહત્ત્વનો બોલ છે. બહુભાગ જીવોને તો થોડું વાંચે, સાંભળે ત્યારે એને એમ થઈ જાય છે કે, હવે મને ઘણી ખબર પડે છે. (ત્યાં) એની જિજ્ઞાસાનો નાશ થઈ ગયો હોય છે અને એ જ્ઞાનના ઉઘાડમાં એવો ફસાયેલો હોય છે કે, પછી ઉન્માર્ગે જ ચાલવાનું એનાથી સહજ બને છે. એની મતિ અવળું અવળું જ કામ કરવા લાગી જાય છે. આ તકલીફ શાસ્ત્રના જાણપણામાંથી ઊભી થાય છે, બહારના ઉઘાડમાંથી ઊભી થાય છે. એને એમ કહે છે કે, ભાઈ ! જ્યાં સુધી સત્ ન મળ્યું હોય ત્યાં સુધી ગમે તેટલું જાણ્યું હોય તોપણ કેમ અનુભવ થાય ઈ ક્યાં જાણ્યું છે ? તને જિજ્ઞાસા ઓછી થઈ ગઈ પણ તને જિજ્ઞાસા રહેવાનું કારણ છે કે કેમ અનુભવ થાય ઈ તેં ક્યાં જાણ્યું છે ? અને જાણ્યું હોય તો કર અનુભવ ! અનુભવ નથી કરી શકતો એનો અર્થ કે તને એ રીત આવડતી નથી, તને એ રીતની પ્રાપ્તિ નથી. તો એની જિજ્ઞાસા તને હોવી જોઈએ. એ જિજ્ઞાસા જેટલી ઊંડી એટલી જ તારી મતિ સરળ,

એ જિજ્ઞાસા ઊંડી નહિ તો સામાન્ય જિજ્ઞાસા તો અનંત વાર કરી છે, એનાથી કામ થવાનું નથી.

પાછળ એક બોલ આવે છે, આ બાજુ છે – ડાબા હાથ બાજુ નીચનો બોલ છે. ઉપર ઉપરની જિજ્ઞાસા ઘણી વાર કરી છે (એવો બોલ છે). ઉપર ઉપરની જિજ્ઞાસાથી કાંઈ કાર્ય થતું નથી, એમ કરીને વાત લીધી છે. ફેરવી ફેરવીને અનેક પડખેથી કેટલી વાતો (કરી છે) !

મુમુક્ષુ :– સાંભળવાવાળા તો મુમુક્ષુ જ આવ્યા હોય અને એને અનુલક્ષીને બધા બોલ આવ્યા એટલે આપણને અનુરૂપ જ આવી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો શું છે કે, મુમુક્ષુના જે પ્રશ્નો આવે છે, એટલે ઉપર બેઠેલાને તો બધો ખ્યાલ આવે છે કે, ક્યાં અટકીને વાત કરે છે ? ક્યાં ખ્યાલ આવતો નથી અને વાત કરે છે ? ક્યાં બેસીને વાત કરે છે ? એટલે એનું માર્ગદર્શન એકદમ સચોટ આવે છે.

વિશેષ લઈશું...

**મુમુક્ષુજીવે સત્‌ની જિજ્ઞાસામાં રહેવું યોગ્ય છે. જિજ્ઞાસા ગૌણ થઈ, અન્ય ને સ્પષ્ટિકરણ મળે તે હેતુથી પ્રશ્ન થાય તો 'પરલક્ષ'ની મુખ્યતા થઈ જાય છે, તેવું ન થવા અર્થે અભિપ્રાયપૂર્વક જાગૃતિ હોવી આવશ્યક છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૨૧૯)

## તા. ૨૭-૦૧-૧૯૮૭, વચનામૃત–૫૦, ૫૧
## પ્રવચન નં. ૪૫

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૮, પચાસમો બોલ ચાલે છે. **'તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;...'** પ્રયત્નની દિશા અને પ્રયત્નમાં ઉગ્રતા – બન્નેનું પ્રમાણ યથાર્થ જ છે, ત્યારે તે પ્રયત્ન બરાબર પ્રયત્ન છે – યથાર્થ પ્રયત્ન છે. એવા પ્રયત્નનું કારણ સત્‌ની ઊંડી જિજ્ઞાસા છે. નિજ પરમ સત્‌ પોતે કેવો છે ? મૂળ સ્વરૂપે કેવો છે ? અસલ સ્વરૂપે કેવો છે ? એને ઓળખવાની, જાણવાની ઊંડી જિજ્ઞાસા કરતાં પ્રયત્નની દિશા પોતાના સત્‌ તરફની થશે અને ખોજનો વિષય – શોધનો વિષય – જિજ્ઞાસાનો વિષય એક પરમ તત્ત્વ હોવાથી, સર્વોત્કૃષ્ટ તત્ત્વ હોવાથી પ્રયત્ન પણ સારા પ્રમાણમાં જોરથી, એકદમ જોરથી ઊપડશે. કેમકે પ્રયત્નનો પ્રકાર એવો છે કે, સામે વિષય જેટલો જોરદાર એટલો અહીંયાં પ્રયત્ન જોરદાર.

અહીંયાં જિજ્ઞાસાનો વિષય ઓળખાણ નથી ત્યાં સુધી ઓઘે પણ એમ સમજાણું છે કે, જેને ઓળખતાં અને જેને અનુભવતાં અનંત સંસારનો અને અનંત સંસારના અનંત દુઃખોનો નિવેડો આવી જાય છે, ત્યારે એને ઓળખવા સંબંધીની જિજ્ઞાસા પણ ઉગ્ર થાય છે, તીવ્ર થાય છે અને પ્રયત્ન પણ તીવ્રપણે ઉત્પન્ન થાય છે.

પ્રયત્ન છે એ પરિણામમાં રહેલું આવેગનું તત્ત્વ છે, વેગનું તત્ત્વ છે. પરિણામમાં જે વેગ છે એ પુરુષાર્થનું તત્ત્વ છે. પ્રયત્ન યથાર્થ ચાલશે અને જ્ઞાન છે – મતિજ્ઞાન છે – બુદ્ધિ છે એમાં પણ અસરળતા નહિ થાય, બુદ્ધિ સરળ થઈ જશે. સરળ થશે એટલે સરળ થઈને પોતાની સન્મુખ થશે. સરળ થઈને આડી નહિ થાય, આડીઅવળી નહિ જાય.

જગતમાં વિશ્વના પદાર્થોના વિષયમાં પણ હંમેશાં દરેક જીવને કુતૂહલ હોય છે અને એટલા

માટે લોકો દેશ-દેશાવર પર્યટન કરે છે. આપણાં કરતાં પણ આ પશ્ચિમના દેશોમાં જ્યાં વિશેષ આર્થિક અનુકૂળતા છે એ લોકો વિશેષ પર્યટન કરે છે. ત્યાં આવાગમનના સાધનો પણ એ કારણને લઈને વિશેષ વિકાસ પામ્યા છે. પણ એ લોકો તો આખી દુનિયામાં નવું નવું જાણવું અને નવું નવું જોવું એની પાછળ ગમે તેટલી પ્રતિકૂળતા, હેરાનગતિ, પરેશાની વેઠીને પણ (પર્યટન કરે છે) અને અહીંયાં પણ કુતૂહલ હોય છે. બહાર જાય છે, દેશમાંને દેશમાં જાય છે, બીજા પ્રાંતમાં જાય, બીજા સ્થળોમાં જાય ત્યારે ઘર જેટલી અનુકૂળતા તો બહારમાં ક્યાંય હોતી નથી, છતાં પ્રતિકૂળતા વેઠીને પણ આનંદ નહિ હોવા છતાં એને આનંદ ગણીને, મુશ્કેલી અને હાલાકી હોવા છતાં એને આનંદ ગણીને – જૂઠો આનંદ ગણીને, ખોટી ખુશી મનાવીને પણ લોકો બહાર જાય છે. એનું કારણ કે જીવનો સ્વભાવ સર્વને જાણવાનો છે. જ્ઞાન મર્યાદિત હોવાથી, આવરિત હોવાથી અમુક જ જ્ઞેયને જાણે છે ત્યારે બીજાં જ્ઞેયોને જાણવાની એની જિજ્ઞાસા છે એ ઊભી થાય છે અને એ જિજ્ઞાસાનું બળ વધતાં બીજી પ્રતિકૂળતાઓને ગૌણ કરીને એ જિજ્ઞાસાની તૃપ્તિ કરવા માટે (પર્યટન કરે છે). (એમાં) એને આત્માનું અવલંબન હાથ આવતું નથી એ એને પ્રતિબંધનું કારણ થાય છે, બંધનનું કારણ થાય છે.

'શ્રીમદ્જી' એ વિષયમાં કહે છે કે, આત્માને જાણ્યા વિના જગતની રચના જાણવા જાય છે તે પ્રાયે બંધાય છે. આવી વાત લખી છે. 'સોગાનીજી'એ એમ કહ્યું કે, જ્યારે શાસ્ત્રમાં એમ વાંચ્યું, જાણવા મળ્યું, પોતાને પ્રતીતિ આવી કે, કેવળજ્ઞાન થશે ત્યારે લોકાલોકના પદાર્થો આપોઆપ જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ જશે. ત્યારથી એને બીજું બીજું જાણવાની જિજ્ઞાસા બંધ થઈ ગઈ. બીજું જાણીને મારે અત્યારે શું કામ છે ? અત્યારે મારા આત્માને અવલંબતા મને સુખ અને આનંદ આવે છે અને એમાં આગળ વધતાં જ્ઞાન પણ નિરાવરણ થઈ જશે. મુનિદશાના શુદ્ધોપયોગનું ફળ કેવળજ્ઞાન છે. જો શુદ્ધોપયોગ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત રહે તો કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય. તો એ શુદ્ધોપયોગમાં જ રહેવાની પ્રવૃત્તિ શા માટે ન કરવી અને ઉપયોગને બહાર ભમાવવો ? એમ લીધું છે.

એટલે એમ કહે છે કે, બીજું કુતૂહલ છોડીને, જગતના પદાર્થો સંબંધિત કુતૂહલ છોડીને, શાસ્ત્રમાં પણ પોતાને લાગુ પડતો ન હોય તેવા વિષયની જાણકારીનું કુતૂહલ છોડીને એક પરમ તત્ત્વની, પરમ સત્‌ના વિષયની એક માત્ર ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન – તારા પુરુષાર્થનો ઉપાડ છે એ સાચી દિશામાં અને યથાર્થ માત્રામાં ઉત્પન્ન થાય, પૂરી માત્રામાં ઉત્પન્ન થાય અને તારું જ્ઞાન પણ – મતિજ્ઞાન પણ સરળ થાય. બીજા બીજા પદાર્થો પાછળ મતિજ્ઞાનનો ઉપયોગ દોડતો હતો એ અવળી મતિ હતી, સવળી મતિ નહોતી પણ અવળી મતિ હતી. એ સવળી થઈને આત્મામાં પરિણમી જશે.

પ્રશ્ન :- ઝાઝી સત્‌ની ઊંડી જિજ્ઞાસા કરવી અને થોડીક બહારની કરવી ?

સમાધાન :- થોડીક બહારની કરતાં બધું બગડશે. (બહારની) તો ચોકડી મૂકી દેવી. થોડીક પણ ન રાખવી. મારો પ્રશ્ન છે કે, થોડીક રાખવાથી તમને શું ફાયદો છે ?

મુમુક્ષુ :- બે-ચાર લાડવા ખાઈને પછી એકાદ-બે ટીપા ઝેર પી જાય તો !

પૂજ્ય ભાઈશ્રી :- થોડાકમાં શું વાંધો ? આખા તપેલામાં ખાલી એકાદ ટીપું હોય તો ? થોડામાં પણ વાંધો નહિ એવું કાંઈ હશે ?

જે કુતૂહલ છે, અન્ય પદાર્થો સંબંધીનું કુતૂહલ છે એ રુચિ સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુધી પરમ સત્‌ની ઊંડી જિજ્ઞાસા નથી ત્યાં સુધી એ પ્રકારે રુચિ આત્મામાં કામ કરવાને બદલે રુચિ અન્ય પદાર્થને વિષે કામ કરે છે. એ અન્ય પદાર્થની રુચિ મતિને સવળી થવા દેતી નથી. અન્ય પદાર્થની રુચિને લઈને પુરુષાર્થ પણ અન્ય પદાર્થ પ્રત્યે લાગે છે. રુચિ અનુયાયી વીર્ય છે ને ? અને પુરુષાર્થ અન્ય પદાર્થ પ્રત્યે લાગે તો આત્મકાર્ય ક્યાંથી થાય ? રુચિ આત્માની થયા પછી તો આત્મા સંબંધીનો વિકલ્પ પણ પોસાતો નથી, એનું નામ આત્માની રુચિ છે અને અનાત્માની – વિકલ્પની અરુચિ છે. વિકલ્પ છે એ અનાત્મા છે. આત્માનો વિકલ્પ સુદ્ધાં અનાત્મા છે. એમ છે ખરેખર. લોકો તો આત્માના વિચારને એમ સમજે છે કે, આત્માનો વિચાર છે ને ક્યાં અન્ય પદાર્થનો વિચાર છે ? પણ એમાં જે વિકલ્પ છે એ આત્મા નથી, અનાત્મા છે અને તેથી આત્માની રુચિવાળાને એ રુચતો નથી, એ પોસાતો નથી.

જિજ્ઞાસા – ઊંડી જિજ્ઞાસાનું એક લક્ષણ વિચારીએ તો આ છે કે, પરમ સત્‌ની ખરેખરી વાસ્તવિક ઊંડી જિજ્ઞાસા હોય છે ત્યારે એ જિજ્ઞાસાની પૂર્તિ ન થાય ત્યાં સુધી કોઈ વિષયમાં રસ પડતો નથી. બધા ઉદયના જેટલા પ્રકારો ઊભા થાય એમાં જીવ નીરસ થઈ જાય છે. આમ એક યથાર્થ જિજ્ઞાસા, ઊંડી જિજ્ઞાસા ઉદય પ્રત્યેના પરિણામના રસને ફિક્કો પાડે છે. ત્યારે એના જ્ઞાનની અંદર પોતાના જ સ્વભાવનું ઓળખવું શક્ય બને છે. ત્યાં સુધી ઉઘાડ હોવા છતાં પોતે પોતાને ઓળખતો નથી. નહિતર બુદ્ધિથી તો શાસ્ત્ર વાંચે છે એટલે ખ્યાલમાં આવે છે કે, આત્મામાં અનંત ગુણનું ત્રિકાળી સામર્થ્ય છે તે દ્રવ્ય સ્વભાવ છે. તે દ્રવ્ય સ્વભાવ અનાદિઅનંત એકરૂપ છે પણ અત્યારે મારામાં એ મોજૂદ છે એની હયાતીનું – અસ્તિત્વનું જે ગ્રહણ થવું અને એ ગ્રહણ થતાં જે સન્મુખતા થવી, સ્વરૂપની સન્મુખતા થવી, એ પ્રકાર જ્યાં સુધી ઊભો થતો નથી ત્યાં સુધી એ આત્માના વિષયને પણ પરસન્મુખ થઈને વિચારે છે, જાણે છે, વિકલ્પ કરે છે પણ કાંઈ એનો પત્તો એમાં લાગતો નથી.

એટલે પ્રથમ જેનાથી પોતે અજાણ્યો છે, અનાદિથી અજાણ્યો છે એ વિષયની યથાર્થ જિજ્ઞાસા – ઊંડી જિજ્ઞાસામાં જો આવવું ન થાય તો આગળની કોઈ પરિસ્થિતિ – એથી આગળ વધવાની

કોઈ પરિસ્થિતિ અથવા આત્માની સમીપ જવાની કે સન્મુખ થવાની પરિસ્થિતિ પરિણામની અંદર હોતી નથી કે થતી નથી. એટલે અહીંયાં પુરુષાર્થ ને જ્ઞાન બન્નેનું પરિણમન સરખું થવામાં - સવળું થવામાં - સમ્યક્ થવામાં એનું કારણ સત્‌ની ઊંડી જિજ્ઞાસા છે. ઉપર ઉપરની જિજ્ઞાસા અનંત વાર થઈ છે પણ એથી એનો પ્રયત્ન બરાબર ચાલ્યો નથી, મતિ એની સવળી કે સ્વચ્છ થઈ નથી કે જેથી એને પોતાનું સ્વરૂપ ઓળખાય અને એ જિજ્ઞાસાની પરિતૃપ્તિ થાય. ઊલટાનું શ્રુતજ્ઞાન દ્વારા - દ્રવ્ય શ્રુતજ્ઞાન દ્વારા - શાસ્ત્ર દ્વારા જાણપણું થયું અને પુરુષાર્થ ઊપડ્યા વિના જ એણે સંતોષ પકડ્યો કે, પહેલાં નહોતું સમજાતું અને હવે સમજાણું છે. ચાલો, સમજાણું તો ખરું.

પ્રશ્ન :- એ સાવ નિરર્થક ?

સમાધાન :- નિરર્થકમાં તો એવું છે કે, સંતોષ માન્યો છે એટલું નુકસાન છે. ઓળખાણ થયા પહેલાં જિજ્ઞાસા બંધ થઈ ગઈ. કેમકે એને ઉપર ઉપરની જિજ્ઞાસા થઈ હતી અને પહેલાં મતિજ્ઞાનમાં એટલો દોષ હતો કે બેસતું નહોતું કે આમ જ છે. પછી એટલો દોષ ઘટ્યો તો બેઠું કે, બરાબર, શાસ્ત્રકાર કહે છે, જ્ઞાની કહે છે એમ જ વસ્તુનું સ્વરૂપ મને પણ સમજાય છે પણ એટલો દોષ ઘટ્યો ત્યાં બીજો એક નવો દોષ ઉમેર્યો કે, ચાલો મને સમજાણું. મને સમજાણું, હું સમજ્યો એવો જે સંતોષ થતાં જે જિજ્ઞાસા બંધ થઈ એ બહુ મોટું નુકસાન થયું. ઉઘાડમાં થોડોક ફેર પડ્યો પણ આગળ વધવામાં સીધો પ્રતિબંધ ઊભો થઈ ગયો.

મુમુક્ષુ :- જ્ઞાનીનો સંયોગ થાય એટલે જ્ઞાની પ્રત્યે થોડો રાગ કે ભાવ વધે કે આ મહાપુરુષનો ઉપકાર છે અને સંતોષ થાય કે આપણે બીજી લાઈનમાં નથી, ઈ રીતનો સંતોષ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ ઠીક છે પણ અંદરમાં જ્યાં સુધી શાંતિનો લાભ ન થાય, આત્મિક સુખનો લાભ ન થાય ત્યાં સુધી માત્ર સંયોગ મળી ગયો એનો સંતોષ પકડે શું કામ લાગે ? સંયોગ તો અનંત વાર મળ્યો છે. જ્ઞાનીનો સંયોગ અને શ્રવણ અનંતવાર મળ્યું છે. તીર્થંકરનો સંયોગ અને દિવ્યધ્વનિનું શ્રવણ પણ અનંતવાર મળ્યું છે. એટલે બીજે નથી ગયો અને એવી રીતે આવ્યો છે એવું તો અનંત વાર કર્યું છે, અપૂર્વ નથી કર્યું. જ્યારે એને ખરેખર પોતાનું સ્વરૂપ લક્ષમાં આવે, ઓળખાય ત્યારે એને એની અપૂર્વતા ભાસે છે, અપૂર્વ લાગે કે, અનંત કાળમાં મેં મારા સ્વરૂપને ઓળખ્યું નથી એવું કોઈ આ અપૂર્વ કાર્ય છે. એની જાગૃતિ પણ અપૂર્વ આવે, એનો પુરુષાર્થનો ઉપાડ અને રુચિનો ઉપાડ પણ અપૂર્વ આવે છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી મુનિ થયો ત્યારે આનાથી અનંતગણી સમજણ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અગિયાર અંગ અને નવ પૂર્વ એટલે શાસ્ત્રજ્ઞાનનો દરિયો કહેવાય. એ આખો દરિયો ડખોળી નાખ્યો હતો, ડહોળી નાખ્યો હતો. એ પ્રમાણમાં તો અત્યારે જે

છે એ તો એના લાખમાં ભાગે નથી, એટલું બધું છે. એથી ઉઘાડથી તો કાંઈ ફાયદો નથી. પરલક્ષી ઉઘાડથી બિલકુલ ફાયદો નથી અને એની કાંઈ કિંમત નથી. જેમ કોઈ શુભ ભાવ થાય તો એની કોઈ કિંમત નથી એમ પરલક્ષી ઉઘાડની કોઈ કિંમત નથી. એ વાત તો બરાબર અકબંધ રાખી લેવી. એમાં ક્યાંય લલચાવું નહિ, લોભાવું નહિ કે આટલો તો શુભ ભાવ થયો ને આટલું તો જાણી લીધું ને આટલું તો સમજી લીધું – એ લપસણી ભૂમિકા છે. એમાં ન જાવું. એની કિંમત તો અભિપ્રાયમાં પહેલેથી કાઢી નાખવી કે ગમે તે વિકલ્પ થાય ને ગમે તે વિચાર થાય પણ જ્યાં સુધી પ્રત્યક્ષ અનુભવમાં ન આવું ત્યાં સુધી મારે મૂળ કામનો પ્રારંભ થવો જ હજી બાકી છે, માર્ગની શરૂઆત થવી જ બાકી છે પછી વિશેષતા માની લેવાનો અર્થ શું છે ? માર્ગમાં આવ્યા પહેલાં જ વિશેષતા અને સંતોષ માની લેવાનો અર્થ શું છે ? એ તો ખોટા રૂપિયાને સાચો રૂપિયો જાણવા જેવું થાશે.

મુમુક્ષુ :- એનો જવાબ પણ આમાં છે કે, સંતોષાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંતોષાઈ જાય છે. આવે છે, ક્યાંક અટકી ગયો, ક્યાંક સંતોષાઈ ગયો. હા, છે ૬૦મો બોલ છે. ૨૧મે પાને જ છે. સાચું દેખાડનાર મળ્યા પણ કોઈ વાર એને કહેનારમાં શંકા પડી. કોઈ વાર એને શંકા ન પડી તોપણ માન્યું છતાં આગળ ચાલવામાં અવગણના કરી. સાચું સ્વરૂપ એ રીતે પ્રાપ્ત કરતા અટક્યો. કોઈ વાર જાણ્યા પછી પુરુષાર્થ ન કર્યો. કેમકે પરલક્ષી જ્ઞાનમાં એમ જ જાણ્યું હતું, કુતૂહલની પૂર્તિ કરી હતી. જિજ્ઞાસા નહોતી, એ કુતૂહલ હતું. કુતૂહલની પૂર્તિ કરી હતી. કોઈ વાર થોડો પુરુષાર્થ કર્યો અને પાછો ફરી ગયો. પૂરો પુરુષાર્થ ન કર્યો અને અટક્યો. એ અટકવાના કેટલાંક પ્રકાર ૬૦માં લીધાં છે, સંતોષની વાત ત્યાં નથી આવી. પણ સંતોષ છે એ દર્શનમોહની તીવ્રતાને પ્રસિદ્ધ કરે છે. પર્યાય સંબંધીનો સંતોષ છે એ દર્શનમોહને વ્યક્ત કરે છે. એટલે એ સમજીને ભૂલેચૂકે પણ સંતોષમાં ન આવી જવાય એટલું તો ખ્યાલમાં અને લક્ષમાં રહેવું જોઈએ.

જો યથાર્થ પ્રયત્ન થઈ જ્ઞાન સન્મુખ થઈને આત્મામાં પરિણમી જાય, અભેદ થઈ જાય તો તો તને માર્ગ મળી ગયો, ધર્મની પ્રાપ્તિ થઈ ગઈ. એટલું નહિ થાય તોપણ જો સત્‌ની ઊંડી જિજ્ઞાસા હશે તો કદાચ તને સત્‌ના સંસ્કાર પડી જશે. કાં તો માર્ગની પ્રાપ્તિ થઈ જશે અને કાં જિજ્ઞાસાના ફળમાં સંસ્કાર આવી જશે. તો એ સત્‌ના ઊંડા સંસ્કાર પડ્યા હશે, ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો છેવટે બીજા ભવમાં, બીજી ગતિમાં એટલે બીજા ભવમાં પણ સત્‌ પ્રગટી જશે. અંદરથી એ સંસ્કાર જોર કરશે, એક સામાન્ય નિમિત્ત મળશે તોપણ તું પામી જઈશ. અથવા એ સત્‌ના ઊંડા સંસ્કાર પડ્યા હશે અથવા નાખ્યા હશે તો એ સંસ્કાર કદી નિષ્ફળ નહિ જાય. અવશ્ય અવશ્ય તે માર્ગપ્રાપ્તિનું કારણ થશે, થશે ને થશે જ. એટલું સંસ્કારનું

બળ છે.

એવું બને છે કે, જીવનું યથાર્થ કાર્ય ન થાય, તીર્થંકર – દિવ્યધ્વનિ આદિ પ્રબળ નિમિત્ત હોય અને કાર્ય ન થાય તો ન થાય. પણ સંસ્કાર પડી ગયા હોય, એવા કોઈ યોગે પોતાને સંસ્કાર પડી ગયા હોય (અને) એ યોગ મટી જાય. એટલો જબરજસ્ત પુણ્ય-યોગ છે એ મટી જાય અને ઓછા પુણ્યના યોગમાં સંસ્કાર જાગૃત થઈને પોતાનું કામ કરી લ્યે. માટે ઊંડી જિજ્ઞાસા – સત્‌ની ઊંડી જિજ્ઞાસાપૂર્વક સત્‌ના ઊંડા સંસ્કાર પડે એટલે હદે તો તું જિજ્ઞાસામાં આવી જા. એમ કહેવું છે.

એ જિજ્ઞાસા અને સંસ્કારને કેટલો મેળ છે એ વિષય પણ એમાંથી સ્પષ્ટ થાય છે, જિજ્ઞાસાને અને પ્રયત્નને સંબંધ છે, જિજ્ઞાસા અને મતિને સન્મુખ થવાનો – સવળો થવાનો પણ સંબંધ છે. એ બધી વાત એક બોલમાંથી નીકળે છે. આટલા બોલમાંથી આટલી વાતો નીકળે છે !

પ્રશ્ન :– જિજ્ઞાસા એટલે ભાવના ?

સમાધાન :– નહિ, ભાવના તો સાથે હોય છે પણ જિજ્ઞાસા છે એ એવો પ્રકાર છે કે જે વિષયથી પોતે અજાણ્યો છે, એ કેવો છે ? એ પ્રશ્નચિહ્ન જેમાં ઊભું છે – આતુરતા ઊભી છે કે, મારું સ્વરૂપ મૂળમાં કેવું ? જેની પ્રશંસા, જેના ગુણગાન તીર્થંકર દિવ્યધ્વનિમાં કરે છે અને સાધકો પણ પોતાની વાણીમાં જેના ગુણગાન કરતાં થાકતાં નથી. એમ કહે છે કે, પૂરું પડતું નથી.

'ગુરુદેવ' એક એક શક્તિમાં એક એક કલાકનું પ્રવચન આપતા. ચાર-પાંચ શબ્દોની એક લીટી હોય – 'સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ.' ત્રણ-ચાર શબ્દોનું વાક્ય હોય અને એક કલાક પ્રવચન આપે ત્યારે એમ કહે કે, આ તો કલાકે શું આ તો પૂરું જ ન થાય એવો વિષય છે ! કલાકે પૂરું થતું નથી, એમ નહિ, પૂરું જ ન થાય એવો વિષય છે ! કેમકે એક એક શક્તિનું સામર્થ્ય એટલું અગાધ છે કે જ્યાં વાણી થાકે છે, વાણી પહોંચતી નથી એ કેવું ? એ સંબંધીનું જ્યાં સુધી ઓળખાણ ન થાય, જ્ઞાનમાં એનું લક્ષ અને ગ્રહણ ન થાય ત્યાં સુધી એની જિજ્ઞાસા છે એ ઉગ્ર રહેવી જોઈએ. એકદમ ઊંડી જિજ્ઞાસાને વશ બધેથી, બધા કાર્યોમાંથી એનો રસ છે, તમામ ઉદયમાંથી એનો જે રસ છે એ ઊઠી જવો જોઈએ. એક બાજુની એટલી જિજ્ઞાસાની વૃત્તિ તીવ્ર રહેવી જોઈએ, (કે) બીજી બધી તીવ્રતા ફીકી પડી જાય. તો લગભગ તો ઓળખાણ થઈને જીવ અનુભવ સુધી પહોંચી જ જાય છે, પણ કોઈ કારણસર કોઈનું આયુષ્ય ઓછું હોય અથવા એટલી માત્રામાં પુરુષાર્થ ઊપડે નહિ અને બીજે બીજે પરિણામ વળી જાય તોપણ સંસ્કાર પડી ગયા હોય છે તો છેવટે બીજા ભવમાં પણ એ યથાર્થ પુરુષાર્થને ઉત્પન્ન કરીને મોક્ષમાર્ગની અંદર પ્રવેશ કરી લ્યે છે.

એ ૫૦ (નંબરનો બોલ પૂરો) થયો.

**આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું. જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે, જરૂર સિદ્ધિ થશે. ૫૧.**

૫૧ નંબરનો બોલ છે (એમાં) પ્રેરણા આપે છે. પોતાના ધ્યેય પ્રત્યે -- પરિપૂર્ણ શુદ્ધતા એ આત્માનું ધ્યેય છે અને એની પાછળની જે ધગશ છે એ ધગશ સંબંધીની અહીંયાં પ્રેરણા છે કે, '**આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ.**' કદાચ તારા કુટુંબીઓ તારો વિરોધ કરશે કે કદાચ તારા મિત્રો ખસી જશે, કદાચ તારો સમાજ પણ વિરોધ કરશે, ગમે તે થાય, તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા ધ્યેયને તું છોડીશ નહિ.

'**આકાશ-પાતાળ ભલે એક થાય...**' એટલે ગમે તેવા પ્રતિકૂળ સંયોગો ઉત્પન્ન થાય તોપણ ધ્યેયને ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. જે માર્ગે જવું છે એ માર્ગે જવું જ છે, ગમે તે પરિસ્થિતિમાં પણ જવું છે. ખરી વાત તો એ છે કે, તરવું છે કે ડૂબવું છે ? આ વાતનો નિર્ણય એણે પહેલાં કરી લેવો પડશે. દરિયામાં તોફાન થાય, તોફાન હોય દરિયામાં અને સામે માઈલ-બે માઈલ કિનારો દેખાતો હોય અને તોફાનમાં વહાણ સપડાણું હોય તો ગમે એમ કરીને કિનારે પહોંચી જાવું છે એમ જ પ્રયત્ન કરે. તોફાન છે તો હવે આપણે માંડી વાળો, ભલે ડૂબી જઈએ

એવો કોઈ વિચાર કરે ? એ તો કર્તવ્ય નથી. એમ અહીંયાં જે ધ્યેય છે એ તો મુક્ત થવાનું ધ્યેય છે – પૂર્ણ શુદ્ધિનું ધ્યેય છે એ ધ્યેયને કોઈ પણ હિસાબે, કોઈ પણ કિંમતથી છોડવાનો કે ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ. ભલે ગમે તે પરિસ્થિતિ ઉત્પન્ન થાય. વૈચારિક નિર્ણયમાં પણ આટલી મક્કમતા તો હોવી જ જોઈએ. આ તો હજી વિચારની સ્થિતિની વાત છે. વૈચારિક દશામાં આટલી મક્કમતા તો હોવી જ જોઈએ કે, ગમે તે પરિસ્થિતિમાં મારું કાર્ય સાધવું છે એમાં મારે જરા પણ ચૂકવાનો પ્રશ્ન હોઈ શકે નહિ.

**'આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ ! તારા ધ્યેયને તું ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ.'** પ્રયત્ન ચાલુ જ રાખજે અને ધ્યેય લક્ષમાં જ રાખજે. એક ધ્યેયને લક્ષે આગળ વધવાનો પ્રયત્ન છે એ પ્રયત્નની અંદર જરા પણ મૂકી દેવાની વાત હોય નહિ કે, મૂકી દ્યો હવે – એ વાત હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– દીકરો પરદેશ જાતો હોય અને મા-બાપ શીખામણ દ્યે એવી વાતો છે !

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મીઠાશથી વાત લીધી છે ! આ તો શું છે કે, પ્રતિકૂળતાઓને જીવ મુખ્ય કરે છે અથવા કોઈને કોઈ બહાને પોતાના સ્વકાર્યને ગૌણ કરી નાખે છે, એ ચૂકી જાય છે. એ કોઈ પણ બહાનું આમાં પકડવા જેવું નથી. બસ, પોતાના ધ્યેય માટે એણે ગમે તે પરિસ્થિતિનો સ્વીકાર કરવાની એના નિર્ણયમાં તૈયારી હોવી જોઈએ. ગમે તે પરિસ્થિતિ આવે મને સ્વીકાર્ય છે. પણ હવે આ અમૂલ્ય ચીજ મળી છે, અમૂલ્ય અવસર મળ્યો છે, હવે આ વાતને છોડી દેવી કોઈ રીતે પોસાય નહિ, કોઈ કારણથી પોસાય નહિ.

તારા ધ્યેયને ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. પૂરી ધગશથી ધ્યેય પાછળ પ્રયત્ન લગાવજે, જરૂર પ્રાપ્તિ થશે, થશે ને થશે જ. એ જ્ઞાનીઓ Guarantee આપે છે. અનુભવી એ વાતની Guarantee આપે છે કે જો જીવ આટલી તૈયારીથી આગળ વધવા માગે તો એને માર્ગપ્રાપ્તિ ન થાય અને એ વંચિત રહી જાય એવું નહિ બને. જેમ કોઈ કોલકરાર કરે એવી બધી એ વાત છે. એ વસ્તુનું સ્વરૂપ છે. અંદરથી આત્મા પ્રગટ થવા માટે તૈયાર છે એવો જ એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ થવું અને પ્રગટ થવું એ એનો સ્વભાવ છે, પણ જીવને એની તૈયારી નથી ત્યાં સુધી એને પ્રગટ થવામાં પ્રતિબંધ છે. આ બધી પૂર્વતૈયારીની વાતો છે.

મુમુક્ષુ :– ધ્યેય તો આત્માનું જ છે પણ પ્રયત્ન ઊપડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ધ્યેય આત્માનું હોય અને પ્રયત્ન ઊપડે નહિ તો એ ધ્યેય નથી પણ કાંઈક બીજું છે. ધ્યેય કાંઈક બીજું છે અને ધ્યેયની કલ્પના, આત્માના ધ્યેયની કલ્પના કરી છે એમ સમજવું જોઈએ. કલ્પના કરી નાખી છે – મારું ધ્યેય તો મુક્ત થવાનું છે. અત્યારે તો આપણા સમાજમાં જે પરિસ્થિતિ છે એ તો હજી કાંઈ નથી પણ આ દ્રવ્યલિંગી થાય છે

એણે કેટલું કર્યું ! કેટલું કર્યું એણે ! સર્વસંગ પરિત્યાગ (કરીને), 'ગુરુદેવ' તો ત્યાંથી લેતા, હજારો રાણીઓ છોડીને દીક્ષા લ્યે, રાજપાટ છોડીને દીક્ષા લ્યે છે અને જંગલમાં નિવાસ કરે છે, નિરતિચાર અઠ્યાવીસ મૂળગુણ પૂરી યત્નાથી, પૂરા પ્રયત્નથી સાવધાન રહીને એમાં અતિચાર દોષ ન લાગે એવી રીતે પાળે છે. હવે એણે એના ધ્યેય પાછળ કાંઈ નથી કર્યું એવું થોડું છે. અંદરમાંથી જે એને પોતાની સન્મુખ થવા માટેની જે કાળજી આવવી જોઈએ એ પ્રયત્નમાં એ આવતો નથી. કરે છે ઘણું પણ જેટલું કરે છે એમાં સંતોષ પકડે છે. બહારમાં કરે છે (એ) બીજાઓ કરતાં ઘણું કરે છે પણ જેટલું કરે છે એમાં સંતોષ પકડે છે. એટલે દર્શનમોહ ટાળવાને બદલે દર્શનમોહને દઢ કરે છે. ચારિત્રમોહને અત્યંત મંદ કરે છે, ચારિત્રમોહને ઘણો મંદ કરે છે અને ચારિત્રમોહ મંદ થાય ત્યારે જે કષાયજનિત આકુળતા છે એ ઘણી મંદ પામે. કષાયજનિત આકુળતા અત્યંત મંદ થાય એટલે અંદરમાં પરિણામમાં શાતા, જેને બાહ્ય શાતા કહેવાય છે, આમ તો પરિણામની એ શાતા છે, એ શાતા વેદનીયનું ઊપજવું થાય છે. શાતા વેદનીનું ઊપજવું થાય ત્યારે એને એમ થાય છે કે, મને આત્માની શાંતિ મળી ગઈ છે, આત્માનું સુખ મને વર્તે છે. એને એ કષાયની મંદતાની શાતા છે અને એમાં પણ આકુળતા છે એ જાત ઓળખાણી નથી. વિભાવની જાત ઓળખાણી નહિ હોવાથી, વિભાવની જાતને સ્વભાવની જાત જાણીને, માનીને એ જ દિશામાં એ આગળ વધવા માગે છે. આ ઊલટું કાર્ય થાય છે. એના પ્રમાણમાં તો (અત્યારે) બહારમાં કાંઈ ફેરફાર નથી કરતા.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગીને શાસ્ત્રમાંથી તત્ત્વજ્ઞાનની વાત તો જાણવા મળી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– વાત જાણવા મળે છે પણ એનું ભાવભાસન થવું એ બીજી વાત છે. જાણવા એને પણ મળે છે અને આપણને પણ મળે છે. આપણા પગ નીચે રેલો આવે એ લેવું જોઈએ ને ? જાણવા મળે છે પણ એનું ભાવભાસન થાય એ જરૂરી છે. ભાવ ન ભાસે ત્યાં સુધી એની જુદી જાત દેખાતી નથી. જ્ઞાનની સ્વભાવ જાત જુદી છે, રાગાદિની– કષાયની જાત જુદી છે. આ વિભાવની જાત છે, આ સ્વભાવની જાત છે એમ એને અંતરમાં ભાવભાસન થાય તો જુદો પડે અને તો જુદાં પડવાનો – ભેદજ્ઞાનનો યથાર્થ પુરુષાર્થ ઉત્પન્ન થાય, યથાર્થ પ્રક્રિયા ચાલુ થાય અને તો એ આત્મામાં પરિણમે.

પ્રશ્ન :– બન્ને શાંતિમાં ફેર શું છે ?

સમાધાન :– એકમાં વિકલ્પથી જુદો પડે છે અને એકમાં વિકલ્પથી જુદો પડતો નથી. વિકલ્પમાંને વિકલ્પમાં – કષાયની મંદતાના વિકલ્પમાં શાંતિ માને છે. જેનાથી જુદું પડવું છે એને સાથે અભેદ કરી લ્યે છે ! પેલો તો સીધો જ જુદો દેખાય. એમાં કર્તૃત્વ આવે છે, ઊલટી સ્થિતિમાં એમાં કર્તૃત્વ રહે છે (કે) આ હું કરું છું. અને આમાં જુદો પડે છે એમાં એ સ્વયં

થાય છે, હું તો જ્ઞાનસ્વરૂપી હોવાથી એમાં – વિકલ્પમાં જઈ શકતો નથી. મારું જ્ઞાન એમાં જઈ શકતું નથી. એટલે એ જુદો પડે છે. બીજું, સ્વસંવેદન તો પ્રદેશે પ્રદેશેથી આવે છે અને માનસિક શાંતિ(માં) કાં તો એને એમ થાય છે કે અહીંયાં મનમાં બરાબર શાંતિ છે કાં તો એને એમ થાય છે કે મગજમાં શાંતિ છે. બે ઠેકાણે માણસ શાંતિની કલ્પના કરે છે – કાં તો એને મનમાં એમ થાય છે કે આપણે તો મનમાં એકદમ શાંતિ છે. ધ્યાનના પ્રયોગો કેટલાક કરે છે તો ઉપયોગ આ બાજુ લઈ જઈને કહે કે, આ..હા..હા...! અહીંયાં બરાબર શાંતિ છે.

મુમુક્ષુ :– એ તો એકાદ Campose લઈ લે તોપણ શાંતિ લાગે !

પૂજ્ય ભાઈશ્રી :– Campose લ્યે એમાં તો આંખ્યું ઘેરાવા મંડે, અહીં તો આંખો ખુલ્લી રાખે – એ ખરેખર સ્વસંવેદન નથી.

સ્વસંવેદનમાં તો ચૈતન્યપિંડની દેહાદિથી પણ ભિન્નતા ભાસે છે. શરીરનું – દેહનું ખોખું બાજુમાં જુદું છે એમ એનો એક વાર પાડોશી થઈ જાય છે. અત્યાર સુધી શું છે (કે) દેહ તે જ હું, દેહની શાતા-અશાતા તે જ હું અને દેહમય જ પોતાનો અનુભવ કરે છે. એના બદલે એનાથી જુદો પડે છે કે, આ શરીરના અનંત પરમાણુઓ છે એની પ્રક્રિયા જુદી છે. એ એક ડાબલી છે, એક ખોખું છે એ જુદું છે અને અંદરમાં ચૈતન્યમૂર્તિ આત્મા, આનંદમૂર્તિ આત્મા જુદો છે. એવું મારું જુદાંપણું – દેહથી જુદાંપણું, એને પોતાને પોતાનું ભાસે છે. વિકલ્પથી પણ જુદાંપણું અને દેહથી પણ જુદાંપણું. દેહ વિનાનો અને વિકલ્પ વિનાનો શુદ્ધ આત્મા અનંત ચૈતન્ય ચિહ્નથી ચિહ્નિત શુદ્ધ આત્મા છે એ એને પ્રત્યક્ષપણે એની પ્રત્યક્ષતા જણાય આવે છે.

મુમુક્ષુ :– અખંડ અસંખ્યપ્રદેશી ચીજ છે એ બહુ સરસ છે, નહિ તો ગમે ત્યાં કલ્પના કરે.

પૂજ્ય ભાઈશ્રી :– એને કલ્પના થયા વગર રહે જ નહિ. ક્યાંકને ક્યાંક એને કલ્પના થયા વિના રહે નહિ.

કહે છે કે, **'આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું.'** બધા કાર્યમાં આત્માને પોષણ મળે છે કે નહિ એનું લક્ષ રાખવું. જ્યાં આત્માને પોષણ ન મળે અને બાહ્ય વૃત્તિને પોષણ મળે ત્યાંથી એને હટવાનો, ખસવાનો પ્રયત્ન થવો જોઈએ. આત્માર્થને પોષણ મળે – આત્મહિતને પોષણ મળે, આત્મહિત બાજુ જવાય તે કાર્ય કરવું. બહારમાં પણ તે કાર્ય કરવું, એ લક્ષે કાર્ય કરવું અને બીજા લક્ષે કાર્ય કરવું નહિ.

જેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધિત બાહ્ય કાર્યો છે, તો એકલી બાહ્ય વૃત્તિથી પણ થાય છે અને આમાં વીતરાગતા શું છે ? એ વીતરાગતાને મુખ્ય રાખીને, લક્ષમાં રાખીને પોતાને પોતાના આત્મામાં સ્વભાવનો આવિર્ભાવ થવાના પ્રકારથી – એ લક્ષે, એ પ્રકારે એને એમાં જોડાવું

થાય તો એને આત્માર્થને પોષણ મળે છે. એ તો જેટલો વ્યવહાર ગોઠવાણો છે એની અંદર મુખ્ય લક્ષ તો આ આત્માર્થનું છે અને આત્માર્થનું લક્ષ હોય તો એ વ્યવહાર વ્યવહારના સ્થાનમાં યથાસ્થાને છે. નહિતર એ વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે. એવું થઈ જાય છે. એટલે બધે આત્મા જ ઊર્ધ્વ રહેવો જોઈએ, મુખ્ય રહેવો જોઈએ. એ રીતે કાર્ય કરવું. **'આત્માર્થને પોષણ મળે તે કાર્ય કરવું.'**

**'જે ધ્યેયે ચડ્યો તે પૂર્ણ કરજે,...'** જુઓ ! કેવી ભાષા આવી છે ! **'જે ધ્યેયે ચડ્યો...'** જે ધ્યેયથી ચડ્યો છે એ ધ્યેયમાં આગળ વધી અને એ ધ્યેયને પૂર્ણ કરજે. એવો એનો પહેલેથી મક્કમ નિર્ણય હોવો જોઈએ, દઢ નિર્ણય હોવો જોઈએ કે, મારા ધ્યેયમાં મારે આગળ વધવું છે. એ ધ્યેયે આગળ વધતાં ભલે ગમે તે પરિસ્થિતિ થાય મને બધું મંજૂર છે, મારું ધ્યેય છોડવું મને મંજૂર નથી. આમ એને વૈચારિક સ્થિતિમાં પણ બરાબર નિર્ણય હોવો જોઈએ. હજી તો વિચારની અંદર પણ મક્કમતા ન હોય (એને) નિર્વિચાર સ્થિતિ આવવાનો પ્રશ્ન જ ક્યાં ઊભો થાય છે ? એ પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. અંદરમાં હજી ડર ખાય કે, આ બાજું જતાં ક્યાંક આ બાજુનું નુકસાન થઈ જશે તો ? મોક્ષમાર્ગમાં હું રોકાઈ જઈશ, મોક્ષમાર્ગના પ્રયત્ન બાજુ જો મારા પરિણામ રોકાઈ જશે અને બહારના કાર્યોની સાવધાની નહિ રહે અને સાવધાની નહિ રહે ને કાંઈક નુકસાન થાશે તો ? નુકસાન થઈ જશે તો ? ત્યાં તો હજી આગળ વધવાનું ધ્યેય છે નહિ.

મુમુક્ષુ :– બહાર બધું સરખું હોય તો આમાં ઉપયોગ વધારે લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– બહાર બધું સરખું હોય તો... તો ઉપયોગ એમાંને એમાં – 'તો'માં રહ્યો. ક્યાં રહ્યો ? ઈ 'તો'માં જ ઉપયોગ રહ્યો. બહાર બધું સરખું હોય તો – આ શરત નાખી ને ? તો ઉપયોગ બરાબર એમાં જ રહી ગયો. પછી એને ઉપયોગને આ બાજુ વળવાનો અવસર ક્યાં રહ્યો ? કે, એને કાંઈ અવસર નથી. એના બદલે એને એમ આવવું જોઈએ કે, બહારમાં ગમે તે પરિસ્થિતિ હોય, કોઈ પણ પ્રકારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પૂર્વકર્મ અનુસાર હો તો હો, મારે તો ગમે તે પરિસ્થિતિમાં મારું સ્વકાર્ય કરવું જ છે. આ તૈયારી એને આવવી જોઈએ. તો એ ધ્યેયે ચડ્યો છે એમ કહેવાય, નહિતર ધ્યેયે ચડ્યો જ નથી. પછી આગળ વધવાનો પ્રશ્ન રહેતો નથી. પહેલેથી જ લૂલી વાત છે કે, આમ થાય તો પછી આપણું કામ નહિ. પતી ગયું ! આમ થાય તો આપણું કામ નહિ, આપણી સહનશીલતા મર્યાદિત.

ઘણા એવું પૂછે છે કે, તમે બે કામ કેવી રીતે સાથે કરો ? ઘરના, દુકાનના, સંસારના કાર્યો પણ કરવા અને આ પણ કરવું – બે કામ કેવી રીતે બને ? એમ પૂછે.

મુમુક્ષુ :– આ કરીએ છીએ ને પેલાં થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– અમસ્તા પણ જે માને છે કે હું બીજા કામ કરું છું, ઈ પણ થાય જ છે. ઈ નથી કરી શકતો. ખરેખર તો પૂર્વકર્મ અનુસાર દરેક ક્ષણે જે સમયે જે પ્રકારના બહારમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ઉદયો થવાના તે થવાના જ, તેમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનું ચાલે એવું નથી. તારું ચાલે એવું નથી અને બીજાનું પણ ચાલે એવું નથી. આ તો નિશ્ચિત વસ્તુ છે. પણ તને એમાં વિશ્વાસ નથી. એટલે તને એમ થાય છે કે, હું કાંઈક ડખલ કરીને મારી કલ્પના પ્રમાણે અનુકૂળતા રાખી દઉં અને કરી દઉં તો બરાબર બધું સરખું ચાલે. એ એટલો બધો પરમાં એકત્વપણે ઘૂસી જાય છે કે ત્યાંથી એને બહાર નીકળવું એ અઘરું થઈ પડે છે, કઠણ થઈ પડે છે, ત્યાંથી નીકળી શકતો નથી.

આ તો એમ જ નક્કી કરી નાખ કે, જે કાળે જે થવાનું તે થવાનું. એમાં હું કરી શકવાનો નથી અને કોઈ કાંઈ કરી શકવાનું નથી અને જ્યાં મારું સ્વરૂપ અખંડ પરિપૂર્ણ છે ત્યાં બહારની ગમે તે પરિસ્થિતિ હોય તો મને શું બાધા છે ? તને ચિંતા શેની છે ? કે, તને બાધા આવે એની ચિંતા છે પણ તું અંદર જો તો તારું સ્વરૂપ અનંત ગુણોથી પૂર્ણ છે. કોઈની જરૂર ન પડે એવું પૂર્ણ છે અને એવું અવ્યાબાધ અને શાશ્વત છે પછી તારે ચિંતા શેની ? આ તો હજી ઉપર ઉપરથી વિચારવાની વાત છે. જો પોતાના અનંત સુખ અને અનંત આનંદના દરિયાને જોવે તો તો પ્રશ્ન જ ઉપસ્થિત થાય એવું નથી. સુખ અને આનંદ તો અંદરમાંથી આવવાનો છે. પછી બહારમાં ફેરફાર આ થયો કે તે થયો, જે થયું તે થયું. મારે શું લેવાદેવા છે ? એ તો બહારનું બહાર છે, મારે તો કાંઈ લેવાદેવા નથી. નથી એમાંથી સુખ આવતું કે નથી એમાંથી દુઃખ આવતું. કોઈ સંયોગો મને દુઃખ પહોંચાડવા સમર્થ નથી કે કોઈ સંયોગો મને સુખ પહોંચાડવા સમર્થ નથી અને મારું સુખ અને મારો આનંદ અંદર અનંત ભર્યો છે. બસ, એમાં હું ડૂબકી લગાવું, એમાં ડૂબેલો રહું. પછી કાંઈ એને ચિંતા (નથી). ચિંતા તો વ્યામોહથી થાય છે, ચિંતાનું ખરેખર જીવને કારણ નથી. અને જેની એ ચિંતા કરે છે અને જેના માટે એ હરખ-શોક કરે છે એ તો બહુ નાની ચીજ છે.

'અનુભવ પ્રકાશ'માં એક દૃષ્ટાંત લીધો છે કે, એક નાનું છોકરું – બાળક વાંદરાને કે કૂતરાને કાંકરી મારે કે ગાંડો માણસ હોય એને કાંકરી મારે (તો) ઠેકડેઠેકડા મારવા માંડે ! અને એક હરણિયું કે સસલું પાંદડાં ખખડે ત્યાં માઈલ-અડધો માઈલ ઠેકડેઠેકડા મારીને દોડીને ભાગી જાય ! બસ, આવી રીતે જીવ પ્રતિકૂળતાથી ડરે છે. ખરેખર કોઈ બહારનો સંયોગ એના આત્માને દુઃખ પહોંચાડે એ પરિસ્થિતિ નથી. પણ જરાક કાંઈક હખળડખળ થાય ત્યાં એવી એને કલ્પના થાય છે કે, અરે..રે...! મારું શું થઈ જશે ? અમારું શું થઈ જશે ? મારું શું થઈ જશે ? પણ કાંઈ થાવાનું નથી. તારામાં કાંઈ થઈ શકે એવું નથી. એક ગુણને કોઈ

ઊણપ લાવી શકે એવું નથી કે એક પ્રદેશને કોઈ ખોડોખાંગો કરી શકે એવું નથી. પોતાથી પરિપૂર્ણ સદાય છે એની પ્રતીતિ એને હોય તો બસ છે કે, બહારમાં એને ક્યાંય તકલીફનું કારણ થવાનું નથી.

મુમુક્ષુ :– આત્માનું શું થાશે એ તો ચિંતા જ નથી ને ખબર પણ પડતી નથી. મારા સંયોગોનું શું થશે એની ચિંતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે સંયોગને જ આત્મા માન્યો છે. બીજી રીતે કહીએ તો સંયોગને જ આત્મા માન્યો છે, એ જ સર્વસ્વ માન્યું છે. એમાં ફેરફાર થાય તો દુઃખી, દુઃખી (થઈ જાય). ઈ આના જેવું છે કે, તને તો કાંકરો અડ્યો પણ નથી. હજી તારી બાજુ ફેંક્યો ત્યાં તને એમ થઈ ગયું કે, એ... મારી નાખ્યો મને ! ગાંડા માણસને કલ્પના થઈ જાય કે વાંદરો ઠેકડા મારે, એક કાંકરી અડે ત્યાં ચાર વખત ઝાડ ઉપર ચડી જાય ને ચાર વખત ઊતરે ને પાછો ચાર વખત ચડી જાય ! એવું છે. એમ તને તો કાંઈ અડતું નથી, તને કોઈ કાંઈ કરી શકતું નથી, પણ સંયોગોના ફેરફારમાં સર્વસ્વ માન્યું છે એટલે એકત્વ કરીને એટલો બધો ભાવથી વળગે છે કે પોતાને માર્ગ દૂર થઈ જાય, અંતર્મુખ થવાનું દૂર થઈ જાય એવું કારણ અંદર સેવે છે.

મુમુક્ષુ :– પહેલાં માન્યું હતું કે નરક અને તિર્યંચ ગતિ ન મળે એમાં જ પુરુષાર્થ છે અને અમને સ્વર્ગ મળે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ ઈ મળ્યા વિના રહેશે નહિ. એના પુરુષાર્થમાં શું કરશે કે, લાવ વધુમાં વધું પુણ્ય કરું અને પુણ્યનો ઉદય તો બહારમાં આવશે. પંચેન્દ્રિયના સુખમાં અને સંયોગની દૃષ્ટિ છે, સંયોગને સર્વસ્વ માન્યું છે અને દેવલોક આદિમાં જાશે (અને ત્યાં) એવા તીવ્ર રુચિના પરિણામથી સંયોગમાં જોડાશે કે, જાશે એકેન્દ્રિયાદિમાં ! એટલે એ તો એને ન જવું હોય તોપણ ગયા વગર રહે નહિ. એવી પરિસ્થિતિ છે.

અહીં તો કહે છે કે, પરિપૂર્ણ શુદ્ધતાનું જે ધ્યેય છે, પૂર્ણ નિષ્કંલક દશાનું જે ધ્યેય છે એ ધ્યેયને એક(ને) જ લક્ષમાં રાખીને એની ધગશમાં જ આગળ વધજે, જરૂર તને પૂર્ણ સિદ્ધિનું ધ્યેય સફળ થશે, સિદ્ધિ થશે. તું અવશ્ય મોક્ષ પામીશ જ. એની પ્રતીતિ પણ તને શરૂઆતમાં આવી જશે કે, હવે આ આત્માને અનંત પરિભ્રમણ નથી. **'જરૂર સિદ્ધિ થશે.'** ચૌદ બ્રહ્માંડ ફરે, આમાં ફેર પડે નહિ. આકાશ-પાતાળ ભલેને એક થઈ જાય તને કાંઈ થવાનું નથી. ગમે એટલી સંયોગોની ઊથલપાથલ થાય તને કાંઈ થાવાનું નથી.

આ 'ટોડરમલજી' જુઓ ને ! 'ઇસી ધર્મ મેં ટોડરમલ ને પ્રાણ તજા બિન બોલા, (મેરા) જૈન ધર્મ અણમોલા...' આપણે (ત્યાં) એ પદ છે ને ? એની તાકાત કેટલી છે ! હજી તો

ગૃહસ્થદશા છે, મુનિદશા નથી. ગૃહસ્થદશામાં તો હજી સંયોગો પ્રત્યે વિકલ્પ આવી જાય (તોપણ) એટલી બધી અંદર શક્તિ છે !

મુમુક્ષુ :– આત્માને શું થવાનું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ થાવાનું નથી. આ એક ડાબલી ગઈ તો ગઈ, ઈ તો જાવાની જ છે. કપડું જૂનું થવાનું ને ફાટવાનું જ છે. એ તો નવું પહેર્યું ત્યારે ખબર છે કે નથી ખબર ? એ વસ્તુ પોતાની નથી (એમાં દુઃખ ન થાય). મમત્વ હોય ત્યાં દુઃખ છે. ક્યાં દુઃખ છે ? જ્યાં મમતા (છે) ત્યાં દુઃખ છે. જ્યાં ભિન્નપણું થયું – પરમાણુ પરમાણુમાં અને આત્મા આત્મામાં. એક અપૂર્વ પરિસ્થિતિ છે આખી ! એ સંયોગોની દીનતા, પામરતા ઊડી જાય છે. પોતાનું પરિપૂર્ણ શુદ્ધ આશ્રયભૂત સ્વરૂપ જ્યાં જોવે ત્યાં એને બધી પામરતા અને દીનતા ઊડી જાય છે.

અહીં સુધી રાખીએ.

**જ્યારે જીવ જન્મ-મરણની ચિંતના / વેદનાપૂર્વક મુક્ત થવાની ભાવનામાં આવે છે, ત્યારે જ તે યથાર્થ સમજપૂર્વક સહજ પુરુષાર્થને યોગ્ય થાય છે, અથવા સંવેગને પ્રાપ્ત થાય છે.** –પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૪૬૬)

શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે, તેમાં 'આ શરીરાદિ મારાં' એમ માની સુખ-દુઃખ ન કર, જ્ઞાતા થઈ જા. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર. ૫૨.

## તા. ૨૮-૦૧-૧૯૮૭, વચનામૃત–૫૨
## પ્રવચન નં. ૪૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૯, ૫૨ નંબરનો બોલ છે. **'શરીર શરીરનું કાર્ય કરે છે, આત્મા આત્માનું કાર્ય કરે છે. બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે,...'** વસ્તુનું સ્વરૂપ છે. શરીરના અનેક પરમાણુઓ છે, સ્વતંત્રપણે પોતાના ગુણધર્મ અનુસાર સમયે સમયે પરિણમી રહ્યાં છે. આત્માને કારણે પરિણમે છે એવું એમાં નથી. નિરંતર પ્રત્યેક દ્રવ્ય પરિણમનશીલ છે. શરીરમાં પણ અનંત પરમાણુઓ છે. એક એક પરમાણુ પોતાની અનંત શક્તિ અને અનંત ધર્મને ધારણ કરીને રહેલાં છે. એમાં પરિણમન પણ એનો એક ધર્મ છે – સ્વભાવ છે અને પ્રતિસમય એનું પરિણમન ચાલુ રહે છે. એ પરિણમનને કરવાનો સવાલ નથી તેમ એ પરિણમનને નહિ કરવાનો પણ સવાલ નથી. સ્વતંત્ર પોતાના સ્વભાવથી થઈ રહ્યું છે તેને કરવાનો પ્રશ્ન નથી, તેને બંધ કરવા માગે તોપણ થઈ શકે એવું નથી. પરિણમન ચાલુ જ રહેલું છે.

મુમુક્ષુ :– જાણીએ છીએ કે આ પ્રમાણે થઈ રહ્યું છે છતાં એમ લાગે છે કે શરીરમાં

હું કરું છું.

પૂજ્ય ભાઈશ્રી :- તો કહે છે કે, એમાં દુ:ખનો અનુભવ થશે. એમ જાણવા છતાં શું કરવા એમ કરે છો ? એ પ્રશ્ન પોતે પોતાને પૂછવો જોઈએ. જેણે નથી જાણ્યું ઈ તો એમ કરે છે અને તેં જાણ્યું છતાં એમ જ ક્યાં કરે છો ? એ પ્રશ્ન પૂછવો જોઈએ. અને જો એમ જ કરે છો, જે નથી જાણતા એમ જ તું કરે છો તો તેં જાણ્યું શું ? આ સવાલ છે કે નહિ ?

ભાવશ્રુતનો એવો વિચાર આવ્યો હતો કે, જે સાંભળવા મળે છે એ દ્રવ્યશ્રુત છે પણ જે સાંભળવા મળે છે એ ભાવથી સાંભળે છે કે અભાવથી સાંભળે છે ? જો એને સાંભળવામાં અભાવો હોય તો સાંભળેલું ન સાંભળેલું થાય. પણ જે ભાવથી સાંભળ્યું હોય એના વિરુદ્ધ પરિણામ જાય, પોતાનું જ પરિણામ (જાય), પોતે જે સાંભળ્યું છે એના પ્રત્યે એને ભાવ હોય, એને સમાદર હોય તો એના વિરુદ્ધ પોતાનું જ પરિણમન ચાલે ત્યારે એને કાંઈક ક્ષોભ પામવો જોઈએ. એને અંદરમાં કાંઈક અચકાટ ઊભો થવો જોઈએ, ખચકાટ ઊભો થવો જોઈએ. તો એણે કાંઈક ભાવથી સાંભળ્યું છે. નહિતર ખરેખર સાંભળ્યું અને નહિ સાંભળ્યું એમાં તો કાંઈ ફેર નથી.

અત્યંત ભાવનાથી સાંભળે છે એ તો સ્વરૂપ સન્મુખ થઈ જાય છે. તું સ્વરૂપ સન્મુખ ન થઈ શકે એટલી ભાવનાથી ન સાંભળતો હોય પણ સાંભળવા આવે છે તો કાંઈક તો ભાવના રાખે છે કે નહિ ? તો એના ફળસ્વરૂપે જે સાંભળ્યું છે એથી વિરુદ્ધ પરિણમવાનું થાય ત્યારે તને એનો આંચકો આવવો જોઈએ, તો કાંઈક ભાવશ્રુત બાજુની દિશા છે કે કાંઈક એનો થોડો પણ અંશ છે. નહિતર અભાવથી સાંભળે છે, ભાવથી નથી સાંભળતો પણ અભાવથી સાંભળે છે.

પ્રશ્ન :- અત્યંત ભાવનાથી સાંભળે તો પરિણમન થઈ જાય ?

સમાધાન :- હા, પરિણમન થઈ જાય. એવો વિષય છે. જુઓને ! 'સોગાનીજી'એ સાંભળ્યું કે ન સાંભળ્યું ? 'જ્ઞાન અને રાગ જુદાં છે' જ્ઞાન અને રાગ જુદાં છે, ઘણાંએ સાંભળ્યું છે. પણ સાંભળવા સાંભળવામાં ફેર પડે છે.

અહીંયાં માર્ગદર્શન છે અને પ્રેરણા છે. પ્રેરણા એમ છે કે, આત્મા અને શરીર ભિન્ન ભિન્ન છે અને સ્વતંત્ર છે પછી **'આ શરીરાદિ મારાં' એમ માની સુખ-દુ:ખ ન કર,...'** જો એ ભિન્ન છે અને સ્વતંત્ર છે તો એમાં મમત્વ કરીને, શરીરની અનુકૂળતાથી સુખની કલ્પના ન કર અને શરીરની પ્રતિકૂળતામાં દુ:ખની કલ્પના ન કર. માત્ર ભિન્ન પદાર્થનો **'જ્ઞાતા થઈ જા.'** – આ પ્રેરણા છે. ભિન્ન એવા જે શરીરાદિ અનેક સચેત, અચેત પદાર્થો છે એ પદાર્થોની

ભિન્નતા અને સ્વતંત્રતાને જાણીને, તે સુખ-દુઃખના ખરેખર કારણ નથી એમ વાસ્તવિકપણે જાણીને સુખ-દુઃખની કલ્પનાથી વિરામ પામ, સુખ-દુઃખની કલ્પના છોડી દે.

બહારના પદાર્થો પોતાની કલ્પના અનુસાર ન પરિણમે, ઇચ્છા અનુસાર ન પરિણમે તો જીવ દુઃખનો અનુભવ કરે છે, આકુળતા કરે છે, આમ કેમ થાય છે ? આમ કેમ થાય છે ? આમ ન થવું જોઈએ, આમ ન થવું જોઈએ. અને પોતાની ઇચ્છા અનુસાર પરિણમે ત્યારે એને હરખ થાય છે. કહે છે કે, એ સ્વતંત્ર છે. તારો જ્ઞાનસ્વભાવ છે, માત્ર જાણવું એટલું તારું કાર્ય છે – એમ જ્ઞાતા થઈને રહે ને ! સુખ-દુઃખની માન્યતા છોડી દે. ખરેખર એ માન્યતાથી તને કોઈ લાભ નથી. નુકસાન ઘણું છે, લાભ તો જરા પણ નથી.

આદિમાં બધા લઈ લેવા. શરીર પછી બીજાં જેટલા સંયોગો છે – સચેત પદાર્થો, અચેત પદાર્થો, સચેત-અચેત મિશ્ર પદાર્થો, એ બધાં (લઈ લેવા). પોતામાં પોતાનું સ્વરૂપ નહિ જાણેલું હોવાથી અન્ય પદાર્થમાં, અન્ય દ્રવ્યમાં જીવ મમત્વ કરે છે. મમત્વ તો કર્યા વિના રહેવાનો નથી, મમત્વ કરવું એનો સ્વભાવ છે. કાં સ્વમાં મમત્વ કરે (કાં પરમાં મમત્વ કરે). અનાદિથી સ્વને ભૂલેલો હોવાથી અનેક પરપદાર્થોમાં એ મમત્વ કરે છે. વિચિત્રતા એ છે કે, આજે જે પદાર્થમાં મમત્વ કરે છે, પાછો કાલે એમાં જ મમત્વ કરવાની ના પણ પાડે છે કે, મારે હવે એમાં મમત્વ કરવું નથી ! આમ પણ કરે છે. રાગની કલ્પનાથી કાંઈને કાંઈ અભિલાષાથી મમત્વ કરે છે અને એ પરિણામ ખસે ત્યારે એને દ્વેષ થાય છે. રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ... એ દ્વંદ્વથી જીવ છૂટતો નથી.

અહીંયાં કહે છે કે, તું જ્ઞાનસ્વરૂપે છો. આત્મા આત્માનું સ્વતંત્ર કાર્ય કરે છે. શરીરને લઈને એને અમુક પરિણામ કરવા પડે એવું વસ્તુનું સ્વરૂપ નથી. એવું સ્વીકાર્યું છે એ બહુ મોટી ભૂલ છે. શરીરને કારણે કે સંયોગોને કારણે અમુક પ્રકારે આત્માએ પણ પરિણામ કરવા પડે એવી માન્યતા અત્યંત ભૂલ ભરેલી છે અથવા એ માન્યતા અનંત રાગ-દ્વેષ અને દોષની સર્જક છે. રાગ-દ્વેષ અને દોષની પરંપરા સર્જાવાનું કારણ આ માન્યતા છે કે, સંયોગને અનુસરીને મારે પરિણામ કરવા પડે, એમાં મારું કાંઈ ચાલે નહિ.

મુમુક્ષુ :– શરીરમાં કાંઈ દુખાવો થાય તો એને વેદના નામની સંજ્ઞા પણ જ્ઞાન જ આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધી – તમામ સંજ્ઞા જ્ઞાન જ આપે છે. બધા પરપદાર્થોને સંજ્ઞા તો જ્ઞાન જ આપે છે, એને ક્યાં ખબર છે.

મુમુક્ષુ :– વેદના વખતે પોતે ગાયબ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– વેદનામાં મમત્વ કરે છે. પરિણમન શરીરના પરમાણુનું (છે), એ આત્માનું

પરિણમન તો નથી. આત્માનું તો જ્ઞાનરૂપ પરિણમન છે. જો જ્ઞાતાભાવમાં રહે તો વેદનાનો જાણનાર રહે છે પણ વેદનાનો ભોગવનાર થાતો નથી. જો પોતાનો જાણનાર રહે, જાણક તત્ત્વનો જાણનાર રહે તો એને સુખ ઊપજે. એક ન્યાયે જ્ઞાતા-દૃષ્ટા થયેલો જીવ શરીરની વેદનાને સુખેથી વેદે છે. ઠીક ! જગતના જીવો અશાતા વેદનીને દુઃખેથી વેદે છે ત્યારે જ્ઞાની ધર્માત્મા એને સુખેથી વેદે છે. ઠીક ! સુખનો અનુભવ કરતાં કરતાં, સુખી થતાં થતાં એને જાણે છે, એને વેદે છે એમ કહે છે. વેદે છે એટલે એ વેદાય જાય છે, ભોગવાય જાય છે, નિર્જરી જાય છે માટે એને વેદે છે – ભોગવે છે એમ (કહેવાય છે).

પ્રશ્ન :– જાણે છે અને વેદે છે એમાં શું અંતર છે ?

સમાધાન :– આમ તો વેદનામાં તો સામાન્ય રીતે અહંપણું કરીને, એકત્વ કરીને તન્મયપણે થઈને પરિણમે છે ત્યારે એને વેદે છે એમ કહેવાય છે અને ભિન્ન રહે ત્યારે એને જાણે છે એમ કહીએ છીએ. પછી તો જ્યાં જે પ્રકરણ ચાલતું હોય એ પ્રમાણે અર્થ થાય. સામાન્યપણે વેદવામાં અનુભવની પ્રધાનતા છે અને જાણવામાં ભિન્ન રહીને જ્ઞાતા રહેવાની પ્રધાનતા છે. છે બન્ને જ્ઞાનના ધર્મ, બન્ને જ્ઞાનનાં જ પડખાં છે. બન્ને કાર્ય જ્ઞાન જ કરે છે – વેદવાનું પણ જ્ઞાન કરે છે (અને) જાણવાનું કામ પણ જ્ઞાન જ કરે છે.

**'આત્મા આત્માનું કાર્ય કરે છે.'** એટલે સ્વતંત્ર (છે). **'બન્ને ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે,...'** એમ કહીને એમ કહેવું છે કે, શરીરને આધીન આત્મા નથી અને આત્માને આધીન શરીર નથી. કેટલોક કાળ સંયોગમાં છે તેથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધે કેટલીક ક્રિયાઓ પરસ્પરમાં એકબીજાને કારણે થતી હોય એવું દેખાય છે તોપણ આ સિદ્ધાંત અબાધિત છે કે, શરીર સ્વતંત્રપણે આત્માને આધીન થયા વિના કાર્ય કરે છે અને આત્મા શરીરને આધીન થયા વિના કાર્ય કરે છે. સ્વતંત્ર જ કાર્ય કરે છે. સંયોગીક ક્રિયા જોઈને ભૂલાવામાં પડવા જેવું નથી એમ કહે છે.

મુમુક્ષુ :– ભૂલાવો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભૂલાવો થવો ન જોઈએ. આ જ્ઞાન અને આ શ્રદ્ધા મૂળમાં જ્યાં સુધી ઘર ન કરે ત્યાં સુધી અનાદિનું જે પરિણમન છે એમાં ફેરફાર થઈ શકતો નથી, કોઈ પણ જાતનો ફેરફાર આવતો નથી.

શરીર ભિન્ન છે, અચેતન છે પછી એમાં મમત્વ કેમ કર્યું ? આ તો બુદ્ધિગમ્ય થાય એવો વિષય છે કે, જે અચેતન પદાર્થ છે પ્રત્યક્ષપણે જેનામાં જ્ઞાન અને સુખ નથી એમાં મારાપણું કરીને સુખ અને દુઃખનો અનુભવ કેમ કર્યો ? આ તપાસવા જેવો વિષય છે. વિચારમાં તો બેસે છે (પરંતુ) તપાસીને પરિણમનમાં બેસાડવાની વાત છે. વિચારમાં બેસે છે (કેમકે) ઘણાં વખતથી આ વાત આપણી પરિચિત થઈ છે 'ગુરુદેવ'ની કૃપાથી. અનેક વાર સાંભળ્યું, અનેક

વાર વાંચ્યું, વિચારથી સંમત કર્યું પણ અંદર ઊતરતું નથી એનું પણ કારણ છે અને અંદર ઊતરે એવું પણ કારણ છે, જો પોતે અંગીકાર કરે તો – એ કારણને અંગીકાર કરે તો. નહિતર જેમ પૂર્વે અનંત વાર સાંભળ્યું છે એમ આ વખતે પણ એક વાર વધારે કે અનેક વાર વધારે સાંભળ્યું.

પ્રશ્ન :– કારણ એટલે ?

સમાધાન :– કારણ એટલે અંદર તપાસીને, અવલોકન કરીને એની ભિન્નતાને ભિન્ન સ્વરૂપે જાણવી જોઈએ, અનુભવ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. ભિન્ન છે તો ભિન્નપણે અનુભવાય એમ પ્રયત્ન કરવો જોઈએ. ભિન્ન છે અને અભિન્નપણે કેમ અનુભવાય છે ? એની સામે એને બરાબર વિરોધ આવવો જોઈએ કે, ભિન્ન છે અને અભિન્નપણે કેમ અનુભવાય ? તારી ચીજ કોઈ લઈ લ્યે તો તને આકુળતા થાય છે. પૈસા છે, દાગીના છે, જેમાં તેં માલિકી માની છે એ ચીજ કોઈ લઈ લ્યે તો તને દુઃખ થાય છે તો કોઈની ચીજ લેતા તને કેમ આંચકો નથી આવતો ? બરાબર છે કે નહિ ? પરમાણુ તો પરમાણુ છે, શરીર તો શરીર છે. એમાં તું મમત્વ કરે છો, મારાપણું કરે છો (તો એ) અપરાધ છે. વીતરાગી કાયદો એની અંદર તૂટે છે. ભગવાનનો, સર્વજ્ઞ પરમાત્માનો કાનૂન છે એ એની અંદર તૂટે છે. બે ભિન્ન ભિન્ન પદાર્થો છે. તું એમ કહે છે કે, આટલા મારા, આ શરીર મારું, આ પદાર્થો ઉપર મારો અધિકાર, – તો એનો દંડ પણ ભોગવ્યા વિના, અપરાધનો દંડ પણ ભોગવ્યા વિના ચાલશે નહિ. એ કુદરતી વિષય છે, કુદરતના ઘરની ચીજ છે.

એમાં સુખ-દુઃખ માનીને – પરપદાર્થમાં સુખ-દુઃખ માનીને સુખ-દુઃખનો અનુભવ ન કર. તું જ્ઞાતા છો, જ્ઞાનસ્વરૂપી છો, જ્ઞાતા જ રહે અથવા **'જ્ઞાતા થઈ જા.'** આ પ્રેરણા છે. આમ ન કર અને આમ કર. ઉપદેશાત્મક પદ્ધતિમાં એવી કરવું અને નહિ કરવા સંબંધીની ભાષા આવે છે છતાં પરિણામનું કર્તૃત્વ કરવાનો સિદ્ધાંત નથી. મૂળમાં પરિણામના કર્તૃત્વનો સિદ્ધાંત તો નથી. હવે અત્યાર સુધી તેં શું કર્યું ?

પ્રશ્ન :– જ્ઞાતા થઈ જા, એમાં શું શું આવે ?

સમાધાન :– જ્ઞાતા થઈ જા એમાં સુખ આવે, વીતરાગતા આવે, ઉદાસીનતા આવે, પરિણમન શુદ્ધ આવે, શુદ્ધ પરિણમન થાય, અંતર્મુખી પરિણમન થાય, શુદ્ધ અંતર્મુખી પરિણમન થાય અને પોતે પોતાના જ સ્વરૂપસુખનો અનુભવ કરે.

એક વિચાર આવ્યો હતો કે, આ દયાનો વિષય છે ને ? કે, સામાન્ય રીતે જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોની પ્રવૃત્તિ કરે છે ત્યારે બીજા જીવોની હિંસા થઈને અદયા થાય છે. બરાબર ? જો આત્માના સ્વરૂપને ઓળખે, શ્રદ્ધે, જાણે અને આત્મારૂપ પરિણમન કરે તો એનું એવું વિપરીત

પરિણમન છૂટે. પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ પ્રત્યે જતો ઉપયોગ છૂટે. એ ઉપયોગ છૂટે તો એ પ્રવૃત્તિ છૂટે અને એ પ્રવૃત્તિ છૂટે તો એની હિંસા બંધ થઈ જાય. થાય કે ન થાય ? હવે એવી રીતે સમ્યક્ પ્રકારે સ્વદયા અને સ્વઅહિંસામાં ન આવે, પોતાની નિર્દયતા કરે અને પોતાની હિંસા કરે તો બીજાની તો થઈ જ જવાની છે. ભલે કેટલોક કાળ કદાચ કોઈ પ્રવૃત્તિ રોકે પણ એ તો થોડો કાળ હઠથી પકડી રાખેલી વાત છે, એ કોઈ એનો કાયમી ઉપાય નથી. એટલે સ્વદયામાં પરદયાનો આ રીતે સમ્યક્ પ્રકારે સમાવેશ છે.

પ્રશ્ન :- સ્વની દયા ન પાળે અને પરની દયા પાળે તો પછી થશે શું ?

સમાધાન :- પછી થશે શું કે, એમાં પુણ્ય તો બંધાશે, પુણ્ય બંધાઈને પાછા પુણ્યના ફળ ભોગ-ઉપભોગરૂપ બહારમાં સંયોગો આવશે, સંયોગઆશ્રિત દૃષ્ટિ હોવાથી પેલી વાત ભૂલી જશે – પૂર્વે નક્કી કરેલી વાત ભૂલી જશે અને એ વિષયોમાં પ્રવૃત્તિ થતાં અન્ય જીવોની હિંસા થશે.

મુમુક્ષુ :- પરદયાની ઉપેક્ષા તો ન જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપેક્ષાની કરવાની ક્યાં વાત છે ? અહીં તો સમ્યક્ પ્રકારે એનો રસ્તો કરવાની વાત છે. સમ્યક્ પ્રકારે કેવી રીતે સ્વદયાપૂર્વક પરદયા પળાય એ રસ્તો કાઢવાની વાત છે. આખરમાં પરદયાનો જે પ્રશ્ન છે એનું સમાધાન કરવું છે ને ? તો બન્નેનું સમાધાન થતું હોય એના જેવું રૂડું શું છે ? એમ કહો. એ ખરું સમાધાન છે. અને એકાંતે પરદયાનો પ્રશ્ન હાથમાં લેવામાં આવે તો એનું કોઈ સમાધાન – કાયમી ઉકેલ થશે નહિ. એકને એક જીવ સ્વચ્છ પાણીથી ન્હાય અને તેનો તે પાછો ગટરમાંથી પાણી ભરીને ન્હાય તો એને પેલું તો ધોવાઈ જશે અથવા કોઈ ડાહ્યો માણસ એમ કહેશે કે, આ સ્વચ્છ પાણીથી ન્હાતો ન્હાતો વળી ગટરના પાણીથી ક્યાં ન્હાવા મંડ્યો ? તો બીજો કહે કે, ભાઈ ! એનું કાંઈ ઠેકાણે નથી. ઘડીક અહીંથી ન્હાય છે અને ઘડીક અહીંથી ન્હાય છે, એને કાંઈ ખબર નથી કે, આમ થાય કે ન થાય ? એમ ઘડીક દયા પાળશે અને વળી પાછો નિર્દય થતાં વાર નહિ લાગે. વળી પાછો દયા પાળશે, વળી નિર્દય થશે. આમને આમ આ જીવ કરતો જ આવ્યો છે.

હવે, વીતરાગ પરમાત્મા એમ કહે છે કે, ભાઈ ! આનો એક બીજો રસ્તો છે, કાયમી ઉકેલ છે કે, તું તારામાં રહે તો બહાર ન જા અને બહાર ન જા તો બધી પ્રવૃત્તિ બંધ. આ તો સીધેસીધી વાત છે.

મુમુક્ષુ :- યથાર્થ સમજણ ન થાય ત્યાં સુધી બન્ને બાજુ લક્ષ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો બન્ને કર્યું જ છે. યથાર્થ લક્ષ વિના બે વાત કરી જ છે. એણે દ્રવ્યસંયમ પાળ્યો છે અને બહારની અહિંસા પાળી છે, પાછો હિંસા કરવા લાગ્યો છે. એણેને

એણે પાછા કતલખાના ખોલ્યા છે. એનો એ પાછો અહિંસા પાળવા લાગ્યો, વળી કતલખાના ખોલ્યા, વળી અહિંસા પાળવા લાગ્યો. કેમકે પરથી લાભ છે ને ? પરના કાર્યથી લાભ છે અને પરથી લાભ છે, બસ ! આ સિદ્ધાંતની પાછળ ક્યારે શું કરશે એનો કાંઈ મેળ નથી. આમ છે.

મુમુક્ષુ :– યથાર્થ સમજણ વગર બધું નકામું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સમ્યક્ માર્ગ હાથમાં ન આવે તો કોઈ રીતે ઉકેલ આવે એવું નથી, નિવેડો થાય એવું નથી.

પ્રશ્ન :– રાજાઓ થાય છે એ તો પુણ્યના ફળમાં જ થાય છે ને ?

સમાધાન :– બીજું શું ? 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એવી કહેવત થઈ ગઈ છે. એને લઈને એવી કહેવત થઈ ગઈ છે કે, 'રાજેશ્વરી તે નરકેશ્વરી' કેમકે એક જીવને આખા જગતના ભોગઉપભોગની તીવ્ર સંજ્ઞા પડી છે, અનાદિથી ચારે સંજ્ઞા પડી છે. સંજ્ઞા એટલે ઇચ્છા. હવે એમાં સંયોગ મળે એટલો એનો રસ કેટલો આવે એનું કોઈ માપ રહે નહિ. આ પરિસ્થિતિ ઊભી થાય છે. આ તો જ્ઞાનીઓની અનંત કરુણા છે અને અનંત ઉપકાર છે કે જીવોને છોડાવ્યા છે અને તે પણ કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના પરમ નિસ્પૃહતાથી !

શું કહે છે કે, શરીરાદિ મારાં છે એમ માનીને સુખી-દુઃખી ન થા. સુખ-દુઃખના પરિણામ ન કર. જ્ઞાતા છો અને જ્ઞાતા રહે. સ્વભાવે જ્ઞાતા છો, પરિણામે પણ જ્ઞાતા રહે. અત્યાર સુધી **'દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા;...'** શું કર્યું ? અત્યાર સુધી શું કર્યું ? કે, એક શરીરના પાલનપોષણ, અનુકૂળતા, સગવડતા માટે અનંત ભવભ્રમણ કર્યું, એવા પરિણામ કરીને અનંત ભવ વ્યતીત કર્યાં. એટલે તો એને અધિષ્ઠાન કહ્યું છે. શાસ્ત્રમાં દેહને અધિષ્ઠાન કહ્યું છે. સંસારી જીવનું અધિષ્ઠાન શું ? કે, એનો દેહ. કેમકે દેહ તે આત્મા છે. આમ તો અધિષ્ઠાન આત્માનું છે. આત્માને આત્માનું અધિષ્ઠાન છે. અધિષ્ઠાન એટલે આધારભૂમિ. પણ પોતાના ભિન્ન સ્વરૂપને નહિ જાણતા અનાદિથી એણે દેહને જ આત્મા જાણ્યો છે, દેહને જ આત્મા માન્યો છે અને એના ખાતર અનંત ભવ વ્યતીત થયા. અનંત ભવ નવા નવા, જન્મ-મરણ (નવા), નવા આયુષ્ય બને એવા પરિણામ કર્યાં એના ફળ ભોગવ્યા. ફળ ભોગવતી વખતે વળી એવા જ પરિણામ કર્યાં, વળી ફળ ભોગવ્યા. આ ચક્કર ચાલુ રહ્યું.

મુમુક્ષુ :– અધિષ્ઠાન બદલવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :– આધાર બદલવાનો છે.

**'દેહને ખાતર...'** એ શબ્દ પડ્યો છે ને ? **'દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા;...'** એક જ પ્રવૃત્તિ કરી છે, બીજી પ્રવૃત્તિ કરી નથી. **'હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર...'**

જોયું ? 'હું કહું છું' એમ ક્યાંય નથી આવતું. 'ગુરુદેવ' પણ કહેવાની વાત આવે તો એમ કહે કે, શ્રીગુરુ આમ કહે છે, આચાર્ય ભગવાન આમ કહે છે, મુનિરાજ આમ કહે છે, સર્વજ્ઞ પરમાત્મા જિનેન્દ્ર દેવ આમ કહે છે. એમ પોતાને 'હું જાણું છું ને હું કહું છું ને મારે આમ કહેવું છે' એમ અહંપણું આવતું નથી. સામાન્ય રીતે લૌકિક ભાષણમાં એવી વાત આવે કે, 'મૈં ઐસા કહતા હૂં, હું આમ કહું છું. હું કહું છું કે આમ થવું જોઈએ.' એ વાત અહીંયાં નથી. કુદરતી એવી શૈલી આવે છે. ખરેખર તો પોતે જાણ્યું છે. સર્વજ્ઞ અને સંતોની પરંપરાથી આ વિષય પોતાને જાણવા મળ્યો છે, એમની પાસેથી જાણવા મળ્યો છે. અનાદિથી તો હું જાણતો નહોતો એ વાત નક્કી છે. હવે, સર્વજ્ઞ અને સંતોની જે પરંપરા ચાલી, વિષય રહી ગયો તો પુણ્યયોગે જાણવા મળ્યો તો ખરેખર તો એ કહે છે એમ જ કહેવું જોઈએ ને ?

**'હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.'** તેં અનંત વાર દેહને ખાતર જીવન અર્પણ કર્યું, આત્માનું પરિણમન અર્પણ કર્યું, દેહની પાછળ અનંતકાળ સુધીનું જીવન અર્પણ કર્યું. હવે વધારે માંગણી નથી, આ એક ભવ પૂરતું. અનંત વાર તેં દેહને ખાતર ભવો વ્યતીત કર્યા. હવે એક ભવ તું આત્મા ખાતર (કાઢ), એક જ ભવ કાઢ, વધારે તને અમે કહેતા નથી. આગળની વાત પછી અમારે કહેવી પડશે નહિ. એક વખત અમે કહીએ એમ તું જરા કર તો તારા પરિભ્રમણનો કાયમી નિવેડો આવે, સંસાર પરિભ્રમણનો નિવેડો આવે, તારા દુઃખોનો નિવેડો આવે. એક જ (ભવ) માગે છે.

'શ્રીમદ્જી'એ આવું એક વચન લખ્યું છે ને ? દેહને અર્થે અનંત વાર આત્માને ગાળ્યો. આત્માને ગાળ્યો ! તેં અનંત ભવમાં દેહને અર્થે આત્માને ગાળ્યો. હવે એક આત્માને માટે એક ભવ – દેહ ગળે, કદાચ દેહ ગળે એમ કહે છે. એવો પુણ્યોદય ન હોય અને બહુ બહુ તો પ્રતિકૂળતાઓ આવશે, બીજું શું થશે ? પ્રતિકૂળતા આવશે તો શું થશે ? ખાવા-પીવાનું ઓછું મળશે કે નહિ મળે, ઈ જ ને ? બહુ બહુ તો દેહ ગળશે (તો) ભલે એક વાર આત્માને માટે દેહ ગળે, પણ એક વાર આત્માની દરકાર કર. દેહ ગળે તો ભલે ગળે, કદાચ અશાતા થાય, કદાચ રોગાદિની ઉત્પત્તિ થાય (તો ભલે થાય). નીચે જ બોલ આવે છે કે, શરીરનો રોગ મટાડવાની પ્રવૃત્તિ કરવી પડે તો ન ગમે. ખાવું-પીવું ન ગમે. લોકોને ખાવા-પીવામાં રસ આવે છે. આ કહે (છે), ખાવું-પીવું બોજો છે, રોગ મટાડવું બોજો છે. અરે...! કોઈપણ સંસારના કાર્યો કરવા પડે એ બોજો છે – ઉપાધિ છે. ઉપાધિ છે એ બોજો છે.

**'આત્માને ખાતર આ જીવન અર્પણ કર.' 'આ જીવન'** એટલે વર્તમાન ચાલતો સમય, ચાલતું પરિણમન આત્માને સમર્પણ કર. આ લોકો – અન્યમતિઓ ભગવાનને સમર્પણ કરે છે ને ? આપો, દાન આપો. સમર્પણ કરો, ભગવાનને સમર્પણ કરો. આ તારા ભગવાનને સમર્પણ

કર ! એમ કહે છે. અંદરમાં દેહદેવળમાં સર્વજ્ઞ પરમાત્મા સિદ્ધ સમાન ચૈતન્યમૂર્તિ આત્મા બિરાજે છે એને બધું સમર્પણ કર હવે. એની મુખ્યતા કર, એની દરકારમાં બધી સાવધાની – દેહ પર્યંતની સાવધાની છોડ. બીજા સંયોગની સાવધાની છોડ એમ નહિ, દેહ પર્યંતની સાવધાની પણ છોડ, એમ કહે છે.

મુમુક્ષુ :– દેહથી જ બધી શરૂઆત થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધી ત્યાંથી શરૂઆત થાય એટલે એને અધિષ્ઠાન કીધું છે. જેમ ઘડો બને છે (એ) કોના આધારે (બને છે) ? કે, ચાકડાના આધારે. માટીનો પિંડ ચાકડા ઉપર ફરે છે ને ? એમ આ પરિણામ ફરે છે એનું અધિષ્ઠાન છે એ આ દેહ છે. પછી તો એની પરંપરા ઊપડે જ, બીજો રસ્તો નહિ. અને એટલા માટે જ્ઞાનીઓ પ્રયોગ ત્યાંથી શરૂ કરે છે. શરીરથી પ્રયોગ શરૂ (કરે છે). આ ઉપવાસ આદિ છે એ ખરેખર તો પ્રયોગનો વિષય છે. સીધી અશાતાનો ઉદય ન હોય તો ઉદીરણા કરે, ઉદય ન હોય તો ઉદીરણા કરે, એમ એને કહે છે. એ એનો પ્રયોગ છે. કાયાને ક્લેશ થાય એવા કાર્યોમાં પોતે જ્ઞાતા-દૃષ્ટા રહેવાના પુરુષાર્થમાં પ્રયોગ કરે, વધારે જોર કરે છે. એવા આત્માઓ હોય છે !

અહીં તો કુદરતી પૂર્વકર્મનું ફળ આવે તો એને જોઈતું નથી. આવ્યું છે પાછું એના કરેલા પરિણામથી, કોઈ બીજાને કારણે આવ્યું નથી. તો કહે, એણે આમ કરી નાખ્યું, એણે આમ કરી નાખ્યું. ભાઈ ! કોઈએ કાંઈ કર્યું નથી. તારું પૂર્વકર્મ છે. એ પૂર્વકર્મનું કારણ તારો જ અપરાધ છે, બીજું કાંઈ નથી. હવે, ભોગવવામાં થોડી શાંતિ રાખ તો સારું. તો ત્યાં એ Double અશાંતિ (કરે છે).

પ્રશ્ન :– શાંતિ રાખવી એટલે ?

સમાધાન :– શાંતિ રાખવી એટલે જ્ઞાતા તો થા કે, આવ્યું છે, અપરાધ કર્યો છે એનું ફળ આવ્યું છે. ફળ નાશ કરવું છે પણ અપરાધ નાશ કરવો નથી. આ વિટંબણા છે મોટી ! એને ફળ જોઈતું નથી. ફળનું કારણ સેવવું છે અને ફળ જોઈતું નથી ! બે વાત કેવી રીતે બનશે ? વિચારવાન જીવ તો એના ફળના કારણરૂપના જે શુભાશુભ પરિણામ છે એનો નાશ કરવાનો ઉપાય કરે છે. એ ન મળે ત્યાં સુધી (એ) ઉપાયની શોધ કરે છે અને મળ્યા પછી એ ઉપાયમાં એ લાગેલા રહે છે.

મુમુક્ષુ :– બધા સંસારી જીવને સુખ જોઈએ છે પણ સુખના કારણરૂપ ધર્મને સેવતો નથી. એવું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છે ! 'પરમાગમસાર'માં એવો બોલ છે. 'ગુરુદેવ'નો 'પરમાગમસાર'માં એવો બોલ છે. સુખ જોઈએ છે પણ સુખના કારણને સેવતો નથી, સંસારી જીવને દુઃખ જોઈતું

નથી પણ દુઃખના કારણને રુચિએ કરીને, પ્રીતિએ કરીને સેવે છે – એવી વાત છે. દુઃખ ઊભું થાય અને દુઃખી થાય એ કારણને રુચિએ કરીને સેવે છે. એમાં અતિ રાગથી એનું સેવન કરે છે અને કહે છે કે, મારે દુઃખ ન જોઈએ !

મુમુક્ષુ :– બહુ સીધું સાદું ગણિત છે પણ જીવ રસમાં નથી આવતો.

પૂજ્ય ભાઈશ્રી :– એ વ્યામોહ – મોહ એવી ચીજ છે, દર્શનમોહનું બળવત્તરપણું એવી ચીજ છે. 'શ્રીમદ્જી' એક પત્રમાં લખે છે કે, આવી વીતરાગની વાત મળ્યા પછી પણ જો આ જીવ ન સમજે; પોતે પોતા ઉપર લ્યે છે, તો અમ જેવા અવિચારી પણ થોડા જાણવા ! કોઈ બીજાને પણ એવું લખ્યું છે કે, આવી ભવભ્રમણથી છૂટવાની વાત મળે એના કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્રનો, સત્પુરુષનો પ્રત્યક્ષ સંયોગ થાય અને જો જીવ દર્શનમોહને ન હટાવે, દર્શનમોહને ન મારે તો એ મોહનું ઘણું બળવત્તરપણું વર્તી રહ્યું છે એમ જાણવું. કેમકે એ બળવાન હોય તો જ ઉપદેશ નિરર્થક જાય. નહિતર ઉપદેશ તો એવો છે, અસિધારા જેવો છે ! તરવાર તો કાપે ને કાપે જ. સામાન્ય લોઢામાંથી તરવાર નથી બનતી. એ તો કાપે જ સામે. પણ જ્યારે એ કાપતી નથી ત્યારે સમજવું કે સામે મોહ પણ બળવાન છે. મહામોહનીયનું બળવાનપણું જાણવું. એવા શબ્દો લખ્યા છે.

એવી પ્રેરણા લીધી છે કે, **'સંતો કહે છે કે તારા આત્માને ખાતર...'** પોતે શાંત થયા છે. કહેનાર સંતો છે. સંત એટલે સમ્યક્ પ્રકારે જે શાંત થયા છે. 'શ્રીમદ્જી'ની તો એવી બહુ મીઠાશવાળી વાતો છે ! જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે, એમ કહે. જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. જીવને ઉપશમ થવા અર્થે એ જિનાગમની અંદર વચનો, વચનામૃતો રહેલાં છે. ઉપશમ એટલે ઠરવું. અહીંયાં ઉપશમ એટલે પેલાં ક્ષયોપશમ ને ઉપશમ એમ નહિ. ઉપશમ એટલે અંદર ઠરવું, અંતરમાં ઠરવું એને ઉપશમ કહે છે. એવી રીતે જે ઠર્યા છે એ વાત કરે છે, એમ કહે છે કે, **'તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.'** એક જીવન, વધારે માગતા નથી, એક જીવન અર્પણ કરી દ્યે.

આ એવા કિસ્સાઓ બને છે કે, છોકરા-છોકરું કાંઈ ન થતું હોય તો પછી કોઈ બાવા, સાધુ, ચમત્કારીક સાંભળ્યું હોય એની પાસે જાય. ઈ એમ કહે કે, જો તને સંતાન નથી થતાં, તને સંતાન થશે ખરાં, પણ એક સંતાન – પહેલું સંતાન તારે મને આપી દેવાનું. અને આપી દ્યે ! કેમકે પછી બીજા સંતાનો છે એ તો તારે એક સંતાનની ઇચ્છા છે એની તૃપ્તિ માટે છે પણ એક સંતાન તારે મને આપી દેવાનું અને આપી દ્યે છે. એવા કિસ્સા બને છે. હમણાં જ એવો એક કિસ્સો સાંભળ્યો. આ 'ગીતાભારતી' છે ને ? એનો કિસ્સો એવો છે. જેને ત્યાં એનો જન્મ થયો છે, એના મા-બાપ એના ગુરુ પાસે ગયેલા. તો (ગુરુ) કહે કે, પહેલું સંતાન

મને આપી દેવાનું. એમાં આ છોકરી થઈ, આપી દીધી. પાંચ-છ વર્ષની મોટી થઈ પછી આપી દીધી. પાંચ-છ વર્ષ સુધી તો સન્યાસી હોય એ કેવી રીતે એને – બાળકને સાચવે ? સમજણી થઈ ત્યારથી આપી દીધી.

મુમુક્ષુ :– એનો ક્ષયોપશમ સારો છે.

પૂજ્ય ભાઈશ્રી :– ક્ષયોપશમ, મીઠાશ, ઓરેટરી, દેખાવ-બેખાવ બધું છે. એ તો એ જાતનો પુણ્યયોગ હોય ત્યારે બધું હોય જ. ઘણાં લોકો એની પાછળ છે. એવા એક વૈષ્ણવ ભાઈ મળ્યા હતા એ કહે, હું એની પાછળ હતો. મારા ઘરે મહિનો-મહિનો, બે-બે મહિના રહેલાં છે. આખો ઇતિહાસ ઈ જાણે. પણ બધી દુકાનદારી ચાલે છે, ઈ જ્યારે ખબર પડી કે આમાં પણ દુકાનદારી ચાલે છે પછી વૈરાગ્ય આવી ગયો, છોડી દીધું. અત્યારે આ બાજુ થોડાક વળેલા છે – આપણી બાજુ વળેલા છે. ઈ માણસ તુલના કરે છે ત્યારે એને ખબર પડે છે કે, ક્યાં જૈનદર્શનના સિદ્ધાંતો અને ક્યાં મોટી મોટી વાતો દેખાય છે એવા કહેવાતા અન્ય દર્શનોનાં સિદ્ધાંતો ! એ તો એમ કહે કે, આ તો એકદમ સો ટચનું સોનું છે. એકલું અમૃત જ છે આમાં તો ! બિચારા એવું બોલતા હતા હોં ! કે, ભેદજ્ઞાનની વાત ક્યાંય નથી, આમ કહેતા હતા. ઘણું જોયું, બહુ આથડ્યા, બહુ ફર્યા, દુનિયા જોઈ પણ ભેદજ્ઞાનની વાત ક્યાંય નથી. એમ કહેતા હતા.

મુમુક્ષુ :– વેદાંતમાં સમાધિની વાતો બહુ કરી છે પણ બધી ઉપર ઉપરથી. આ તો મૂળની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો એકદમ વૈજ્ઞાનિક વસ્તુનું સ્વરૂપ ! નહિતર જીવ ટકે કેવી રીતે ? કલ્પનાના આધારે ટકી ન શકે. આધાર માટે તો અનંત સ્વભાવનો ઘન પદાર્થ છે. એના આધારે પરિણામ રહી શકે, નહિતર તો કપોળકલ્પના જેવી વાત થાય કે આમ કરવું ને તેમ કરવું ને ફલાણું કરવું ને ઢીકણું કરવું. આ ધ્યાનના પ્રકરણ આવે છે તો એ બધી કલ્પના કરવાનું આવે છે. એક આંખમાં સૂર્ય છે ને બીજી આંખમાં ચંદ્ર છે ને હજાર પાંખડીનું કમળ છે ને ફલાણું છે ને આમ છે ને આમ છે...

મુમુક્ષુ :– 'શ્રીમદ્'માં પણ આવી વાતો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'શ્રીમદ્'માં આવે છે એમ નહિ, આમાં – 'જ્ઞાનાર્ણવ'માં પણ આવે છે. 'શુભચંદ્રાચાર્યદેવ'નું 'જ્ઞાનાર્ણવ' (શાસ્ત્ર) છે. દિગંબર આચાર્ય છે. એ પરિણામની – વૃત્તિની ચંચળતા ઘટાડવાના કેટલાંક પ્રયોગો છે. મૂળ વાત તો બધી દિવ્યધ્વનિમાં આવી છે અને એની પરંપાર ચાલી છે પણ વિકૃતિ થઈ જતાં એમાંથી મતમતાંતર ઊભા થાય છે.

મુમુક્ષુ :– એનાથી કષાય મંદ પડે.

પૂજ્ય ભાઈશ્રી :– કષાય મંદ પડે પણ મૂળ વસ્તુ હાથમાં ન આવે. કેમકે એ મૂળ વસ્તુનું વિજ્ઞાન નથી એટલે હાથમાં ન આવે.

શું કીધું ? એક વાત થઈ કે, મૂળ સર્વજ્ઞની પરંપરાથી આ બધી અનેક વાતો બહાર આવી છે પણ મતાંતર થતાં માર્ગ જુદાં પડી ગયા. એટલે મૂળ સિદ્ધાંતમાં મતાંતર ન થાય આ એક બહુ જ ગંભીર વિષય છે અને મતાંતર થાય તો એ ખતરનાક અન્યમતની પરિસ્થિતિ ઊભી થઈ જાય. આખો માર્ગ જ છૂટી જાય, જીવ ઉન્માર્ગે ચાલ્યો જાય.

મુમુક્ષુ :– દિગંબર, શ્વેતાંબર એમ અનેક પંથ પડ્યા.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ જૈન જ કહેવાય છે. ચોવીસ તીર્થંકરને માને, નવ તત્ત્વને માને પણ ઈ બધા નામમાત્ર રહી ગયા. વીતરાગભાવ શું છે, મૂળ તત્ત્વ જે છે એ આખી વસ્તુ નથી. બધું અન્યમત જેવું. નામ આ બધા રહી ગયા. સહેજ એટલે સહેજ જ (ફેર કર્યો) કે, દેશ-કાળ જોઈને આચારમાં જરાક ફેરફાર હોય તો ચલાવવો જોઈએ. આચરણની અંદર દેશ-કાળ અનુસાર ફેરફાર હોય તો ચલાવો. સહેજ ફેરફાર કરવા ગયા ઈ સહેજ ફેરફાર નથી, આખેઆખો માર્ગ છોડીને ઉન્માર્ગે જવાની વાત છે. સહેજમાં એમ સ્વીકાર કરવો હતો કે, આટલો અમારો દોષ થાય છે, મૂળ માર્ગ તો જે છે ઈ છે. એના બદલે એમ સ્થાપ્યું કે આ પણ માર્ગ છે. આ માર્ગ છે એમ સ્થાપ્યું ઈ વખતે પેલો ઉન્માર્ગ છે એમ ન સ્થાપ્યું, પણ હવે સ્થાપે છે કે, આ દિગંબર છે ઈ ગૃહીત મિથ્યાત્વ માર્ગ છે. હવે એમ સ્થાપે છે. પણ ઈ ક્યાંથી ? પેલાની પરંપરામાં આવ્યા.

ફરીને, પહેલાં એટલી શક્તિ નહોતી. આ તો એમ કે, દેશ-કાળ અનુસાર ફેરફાર કરીએ છીએ. પેલું તો સાચું પણ દેશ-કાળ અનુસાર ફેરફાર કર્યો ઈ પણ સાચું. આટલો વિપરીત અભિનિવેશ ઊભો થયો. આ તો સાચું પણ આ પણ સાચું. અમે સાચાને સાચું કહીએ છીએ અને આને પણ સાચું કહીએ છીએ. અમે તો એને પણ માનીએ છીએ અને આને પણ માનીએ છીએ. તો કહે છે, આજે એને માને છે કાલે પાછો એને નહિ માને. કેમકે વિપરીતતા ઘૂસી ગઈ. આજે કહે છે કે, દિગંબર સંપ્રદાય છે ઈ ચોખ્ખો ગૃહીત મિથ્યાત્વનો માર્ગ છે. એમ કહે છે. પણ મૂળ અહીં તો શરૂ થયેલું. મતાંતર થાય નહિ એ ગંભીર વિષય છે.

'ગુરુદેવશ્રી' તો કહેતા કે, આ અમે બળવો ઉઠાવ્યો છે ! ભગવાન 'મહાવીરસ્વામી' અંતિમ શાસનકર્તા જે કહીએ, તો તીર્થંકરદેવ તરીકે ભગવાન 'મહાવીરસ્વામી'ને ૨૫૦૦ વર્ષ થયા. (એ દરમ્યાન) એમાં કેટલીયે વિકૃતિ ઘૂસી. પંથ જુદાં પડ્યાં, મૂળ દિગંબરમાં પણ ઘણી વિકૃતિ ઘૂસી. તો ૨૦૦૦ વર્ષ પહેલાં થયેલાં 'કુંદકુંદાચાર્યદેવ' જેવા આચાર્યોના કથનો પકડીને જગતમાં દાંડી પીટીને જાહેર કર્યું કે, આ મૂળ માર્ગ છે અને આમાં ફેરફાર કરે એટલે મોટી ગડબડ

થઈ જાય. થાય નહિ ફેરફાર, કોઈનો અધિકાર નથી ફેરફાર કરવાનો. બધાય વિરુદ્ધ પડે, ઈ બધાય વિરુદ્ધ પડે તો (કહે છે કે), આ બળવો છે, બધાયની સામે એક બળવો છે. પોતાના શ્રદ્ધાનમાં, પોતાના જ્ઞાનમાં બહુ અડગ રહ્યાં છે ! ઝંઝાવાત તો ઘણાં ઊભા થાય પણ સત્ય જેના હાથમાં આવે છે એની તાકાત કોઈ જુદી હોય છે. સત્યને માર્ગે ચાલનાર, સત્યને ગ્રહણ કરનાર અને જેને સત્ મળ્યું છે એની શક્તિ પણ કોઈ એવી ગજબ હોય છે !! જગતને ફરવું પડે, સત્‌ને ફરવું પડતું નથી. એવું છે.

આવું જ 'શ્રીમદ્‌જી'નું વચન છે. **'જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે.'** ઈ હાથમાં આવ્યું. **'જિનાગમ છે તે ઉપશમસ્વરૂપ છે. ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ...'** (અહીંયાં) સંતો જેને કહ્યાં ને ? (એ) **'ઉપશમસ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરૂપ્યા છે.'** ઉપદેશ્યા છે. **'તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઈ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન ન કરવામાં આવ્યું...'** જિનાગમના વચનોનું જો આત્માર્થમાં આરાધન ન કરવામાં આવ્યું **'તો તે જિનાગમનું વાંચન, શ્રવણ નિષ્ફળરૂપ છે એ વાર્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.'** આટલો પેરેગ્રાફ છે.

શું કહે છે ? કે, **'આત્માને ખાતર આ જીવન અર્પણ કર.'** આ જીવન અર્પણ કર એટલે આ જીવન જે દેહની પાછળ ચાલ્યું જાય છે, દેહની સાવધાનીમાં આ જીવન ચાલ્યું જાય છે (એ) સાવધાની બદલીને આત્મામાં સાવધાન થઈ દેહાદિ સંયોગોની ઉપેક્ષા કર. એટલી આત્મહિતની અપેક્ષા કર કે દેહાદિ સંયોગોની ઉપેક્ષા સહજ થાય. જેમ દેહનું અને સંયોગોનું થાવું હોય તેમ થાઓ અત્યારે તો આ જ કરવું છે, આ કરી જ છૂટવું છે, કરી જ લેવું છે. એ રીતે એને અંદરથી અપેક્ષિત ભાવ ઉત્પન્ન થવો જોઈએ.

પ્રશ્ન :– અંદરથી એટલે ?

સમાધાન :– અંદરથી એટલે અંતરમાંથી આવવો જોઈએ. ઉપર ઉપરથી તો આવે છે પણ અંતરમાંથી આવવો જોઈએ.

મુમુક્ષુ :– ઊંડી ને અંતરથી ને એવા શબ્દો ઘણાં બોલમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ખાસ આવવાનું. એનું કારણ છે કે, ઉપર ઉપરથી તો જીવ કરે છે.

પ્રશ્ન :– જીવન અર્પણ કરવામાં શું લેવું ?

સમાધાન :– જીવન અર્પણ કરવામાં આ વાત છે, જેને જીવન માન્યું છે અને જેને જીવન માન્યું છે એની સાવધાની રહી છે એ સાવધાની છોડી દે. અર્પણ કર એટલે આમાં કાંઈ લેવાદેવાની વાત નથી. એની સાવધાની છોડી દે. બાહ્ય પદાર્થોની સાવધાની જીવને અંતર્મુખ થવા દેતી નથી. આ સિદ્ધાંત છે કે, બાહ્ય પદાર્થની સાવધાની જીવને અંતઃતત્ત્વસ્વરૂપ આત્માની સાવધાની

થવા દ્યે નહિ, એને અંતર્મુખ થવા દ્યે નહિ. અને જે ધર્માત્માઓ અંતર સાવધાન છે – પોતાના સ્વરૂપમાં – આત્મામાં સાવધાન છે એનું પરિણમન બહાર જાય છે તોપણ એને બહિર્મુખતા – બહારમાં સાવધાની આવતી નથી. પરિણમન બહાર જાય છે પણ સાવધાની આવતી નથી. કેમકે એ અંદરમાં સાવધાન છે કે, આ હું આત્મા છું અને મારી મર્યાદા મારી બહાર ક્યાંય નથી. જેટલું જાય છે એટલો દોષ છે, પરિણામ જેટલું બહાર જાય છે એટલો દોષ છે. દોષને દોષ તરીકે સ્વીકારે છે. દોષને ગુણ તરીકે માનીને ચાલવાની વાત હોઈ શકે નહિ. એ એમાંથી ઊભું થાય છે – મતાંતર એમાંથી (ઊભો થાય છે) કે, દોષને પણ ચલાવો, દોષને પણ માનો, દોષને પણ દોષ ન ગણો. ત્યાંથી વાત ઊભી થાય છે. નિર્દોષતાના માર્ગમાં ક્યાંય એ વાત સમાવેશ પામે એવું નથી. એવો વિષય છે.

સાવધાન તો આત્મામાં પણ જીવ સાવધાન રહે અને બહારના સંયોગો શરીરાદિમાં પણ સાવધાન રહે એમ એકસાથે બે જગ્યાએ બની શકતું નથી. એકની સાવધાનીમાં બીજાની સાવધાનીનો અભાવ છે. વિવેક કરીને શેમાં સાવધાન રહેવા જેવું છે (તે) વિચારી લે. આમાં સાવધાન રહેતાં લાભ-નુકસાન છે કે આમાં સાવધાન રહેતાં લાભ-નુકસાન છે ? આ સાવધાની સામે પહેલી લડાઈ કરી લ્યે. જ્યાં જ્યાં જે જે દેહાદિ સંયોગોમાં બહારમાં સાવધાની જાય છે એ સાવધાની કરીશ ત્યાં સુધી અંતર્મુખ થવાનો અવસર આવવાનો નથી. આટલી સમજણથી પોતાના પરિણમનમાં બરાબર તપાસ કરતો રહે તો એ સાવધાની ઢીલી પડીને છૂટે, અવશ્ય છૂટે, ન છૂટે એવું નથી.

અહીં સુધી રાખીએ.

નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે. બહારનું કાર્ય ઉપાધિ લાગે, રુચે નહિ. ૫૩.

## તા. ૩૦-૦૧-૧૯૮૭, વચનામૃત–૫૩, ૫૪
## પ્રવચન નં. ૪૭

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૧૯, બોલ–૫૩. **'નિવૃત્તિયમ જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે.'** જ્ઞાનદશાનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે તો માનસિક સ્થિતિ પણ એવી હોય છે કે જે પ્રકારે જીવ ટેવાય જાય છે તેથી બીજા પ્રકારમાં એને આવવું ફાવતું નથી. જેમકે પ્રવૃત્તિમાં રસવાળાને નિવૃત્તિ ફાવતી નથી. આખો દિવસ ધમાલ કરવાનો રસ હોય એને એમ કહો કે છાનામાના નિવૃત્તિ લઈને ઘરમાં બેસી જાઓ તો એનાથી થઈ શકે નહિ.

અહીંયાં માત્ર માનસિક વાત નથી. અહીંયાં નિવૃત્તિમય જીવનમાં નિરૂપાધિક પરિણમન છે એમ લેવું છે. જ્ઞાનદશામાં જે નિરૂપાધિક પરિણમન છે એવા પરિણમનવાળા જીવને ઉપાધિવાળું, પ્રવૃત્તિવાળું એટલે ઉપાધિવાળું જીવન છે એ પરિણામ એને બોજારૂપ છે. એટલે એને એ ગમતું નથી. ત્યાં સુધીની પ્રવૃત્તિ લેવી છે કે, **'શરીરનો રોગ મટવો હોય તો મટે,...'** શરીરનો રોગ તો પ્રતિકૂળતા છે પણ એ પ્રતિકૂળતા દૂર કરવાની ઉપાધિ, રોગની એટલી ઉપાધિ નથી જેટલી

પ્રતિકૂળતા દૂર કરવાની – રોગને દૂર કરવાના પરિણામમાં ઉપાધિ છે. કેમકે રોગ તો ઉદય આવેલી ચીજ છે અને એનાથી પોતે ભિન્ન છે. રોગનો ઉદય પણ એની સ્થિતિ લઈને આવેલો છે અને એ જે સ્થિતિએ પૂરો થવાનો એ સ્થિતિએ એ ઉદય પૂરો થવાનો અથવા પૂરો થાય કે ચાલુ રહે એની સાથે ભિન્ન પડેલાને નિસ્બત હોતી નથી.

એટલા માટે જ્ઞાનદશાનો બોલ છે એમ લઈએ કે, જ્ઞાનદશા વિના નિવૃત્તિમય જીવન હોય એને પણ પ્રવૃત્તિમય જીવન ન ગમે. જ્ઞાનદશા ન હોય પણ વ્યવસાય આદિકથી નિવૃત્તિ લઈ લીધી હોય, જે બાહ્ય પ્રવૃત્તિ છે – લૌકિક પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને નિવૃત્તિ ક્ષેત્રે ધાર્મિક જીવન ગુજારવા નિવૃત્ત થઈને રહેતા હોય એને પણ પછી કોઈ વેપારમાં જોડાવાનું કહે કે જોડાવું પડે એવી પરિસ્થિતિ ઊભી થાય તો એને એ વાત ગમતી હોતી નથી. છતાં પણ એવી નિવૃત્તિમાં અનુકૂળતાઓ બધી સચવાઈ રહે, પોતાના પરિણામમાં જે ઠીક લાગે એવી બધી અનુકૂળતા સચવાઈ રહે એવી ઉપાધિરૂપ પ્રવૃત્તિ તો જીવ કર્યા જ કરે છે. એટલે જ્ઞાનદશામાં અને અજ્ઞાનદશામાં આ ફરક પડે છે, તફાવત છે.

જ્યારે જીવને અંદરથી શાંતિ ન મળે ત્યારે બાહ્ય અનુકૂળતાથી એને શાંતિ અને સુખ છે એ પ્રકાર ઊભો હોય છે અને એ પ્રકાર ચાલુ હોવાને લીધે એ બહારની બધી નાની-મોટી અનુકૂળતાઓ અને સગવડતાઓ પોતાની આર્થિક સ્થિતિ અનુસાર, પોતાની કલ્પના અનુસાર, પોતાની ટેવ-કુટેવ અનુસાર, આમ ફાવશે-આમ નહિ ફાવે, આમ બેસવું ફાવશે, આમ સૂવું ફાવશે, આમ રહેવું ફાવશે એ વગેરે. પછી એ નાની નાની બાબતમાં પણ જો મુમુક્ષુને યોગ્ય યથાર્થ વૈરાગ્ય ન હોય તોપણ જીવના ચીકણા પરિણામ થઈ જાય. એ નાની નાની બાબતમાં પણ ચીકાશ કરે અને એને ન ફાવે એવું હોય તો એ જલ્દી મંજૂર કરી શકે નહિ, પકડ થાય. એ પ્રકાર પણ અહીંયાં નથી લેવો. એમાં પણ પ્રવૃત્તિ ન ગમે પણ એમાં બીજી પ્રવૃત્તિ હોય છે. જ્યાં સુધી ઉપયોગમાં નિવૃત્તિ આવે નહિ અને જ્યાં સુધી પોતે અંતર નિવૃત્તિ, નિવૃત્તરૂપ પરિણામ, અંતર્મુખના પરિણામ છે એ ભલે અંતર્મુખ પ્રવૃત્તિરૂપ છે પણ બહારની અપેક્ષાએ નિવૃત્તિરૂપ છે. એ પરિણામમાં બહારની પ્રવૃત્તિનો બોજો લાગે છે, ઉપાધિ લાગે છે. કેમકે અંતર્મુખ પરિણમનમાં નિરૂપાધિક ભાવ છે. પ્રવૃત્તિ ત્યાં ઉત્પાદ-વ્યયરૂપ છે. એ ઉત્પાદ-વ્યય તો સિદ્ધ દશામાં પણ ચાલુ રહે છે. એટલે એને પ્રવૃત્તિ નથી કહેતાં પણ પ્રવૃત્તિ કરવાની ઉપાધિને પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

અહીંયાં પોતાના અંગત જીવન ઉપરથી કોઈ વાત બોલાઈ હોય એ લખાણી છે કે, **'શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.'** એને માટે આમ કરવું ને તેમ કરવું ને આ દવા જોઈએ, ડૉક્ટર જોઈએ, ફલાણું જોઈએ... એ ધમાલ પસંદ પડતી નથી. રોગ છે

એ પણ એના સ્વકાળે આવ્યો છે અને એના સ્વકાળે પૂરો થવાનો છે. એનેથી આત્માને જરાય નુકસાન નથી. શરીરનો રોગ ઉત્પન્ન થાય તો આત્માને જરાય નુકસાન થતું નથી. લોકો, જગત આખું રોગને નુકસાનનું કારણ માને છે, જ્ઞાની માનતા નથી. આત્માને એથી નુકસાન નથી. ઊલટાનું પૂર્વકર્મનો હિસાબકિતાબ ચૂકવાય જાય છે, લેણદેણ પૂરી થાય છે, એ ખાતું સરભર કરે છે. એમાં નુકસાન ક્યાં ગયું ? કરજ માથેથી ઘટ્યું એટલો બોજો હળવો થયો, એટલું બોજારહિતપણું થયું. એટલે શરીરનો રોગ મટાડવાની પણ પ્રવૃત્તિ (ગમતી નથી). બીજી પ્રવૃત્તિ તો એક બાજુ રહી, કોઈ વાર તો ખાવાપીવાની પ્રવૃત્તિમાં બોજો લાગે. કેમકે એ પણ ક્ષુધા નામના રોગનો ઉપચાર છે. આહારગ્રહણ છે એ ક્ષુધારોગનો ઉપચાર છે. જેમ બીજા રોગની દવા લઈએ એ ઉપચાર છે, એમ આ આહાર લેવો એ પણ એક દવા જ છે, બીજું કાંઈ નથી. એ પ્રવૃત્તિ પણ ન ગમે.

જુઓ ! લૌકિક અને અલૌકિક પરિણમનમાં બહુ મોટો ફરક છે ! લોકોને તો જમવાની અંદર ઘણી વાનગી હોય, ઘણી Item હોય, વિધવિધતા હોય, જુદી જુદી જાતના સ્વાદવાળા વ્યંજન હોય ત્યારે એને એમ લાગે કે, બહુ સરસ, લ્યો ! આ બહુ સરસ ! એને કાંઈક સંતોષ થાય કે તૃપ્તિ થાય. ત્યારે વૈરાગ્યવાન જીવને, જ્ઞાનીની તો જુદી વાત છે (એમનું તો) અલૌકિક પરિણમન છે, પણ વૈરાગ્યવાન જીવને પણ અનેક પ્રકારની આહારની વાનગીમાં ઉપયોગ ઘુમાવવો પડે, ઘડીક આ લેવું ને ઘડીક પછી આ લેવું, પછી તરત આ લેવું, કેમકે એકલી ચટણી કાંઈ પીવાય નહિ કે ખવાય નહિ, એને તો સાથે જ લેવી પડે. એકલું અથાણું કાંઈ ખવાય નહિ કે, ચાલો એકલું શાક ખાઈ લ્યો, પછી એકલું અથાણું ખાઈ લ્યો પછી એકલો પાપડ ખાઈ લ્યો. અમુક વસ્તુ તો સાથેને સાથે લેવાની પદ્ધતિ છે. તો એ જે ઉપયોગની અંદર ચંચળતા વધે છે, અનેક વિષયમાં ઉપયોગને દેવો પડે એ એને ગમતી વાત નથી.

મુમુક્ષુ :- ખોરાક દવા પૂરતો હતો એમાંથી કેટલા જુદાં જુદાં વ્યંજન થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એક ખાલી પેટનો ખાડો પૂરવાની વાત છે, પણ એમાં પણ રાગી જીવોએ પાર વગરની એની એક દુનિયા જ ઊભી કરી નાખી છે એમ કહીએ તો ચાલે. જેટલું મિશ્રણ વધુમાં વધુ થાય એટલું જાણે (સ્વાદિષ્ટ) ! પછી હવે તો લોકો એ પણ જોતા નથી કે, આમાં કાંઈ વિરુદ્ધ આહાર છે કે નહિ ? વિજ્ઞાનની દૃષ્ટિએ જેને વિરુદ્ધ આહાર કહીએ એ વિચાર પણ એમાંથી છૂટી જાય છે. જેટલું લેવાય એટલું (લ્યો). કેમકે જીવને તો આખું જગત ગ્રહણ કરવું છે. એની જે પરિગ્રહસંજ્ઞા છે, ગ્રહણ કરવાની સંજ્ઞા છે એ ઇચ્છામાં તો એને આખું જગત જોઈએ છે, કોઈ બાકી નથી. એટલે જેટલું વધારે મળે એટલું, જેટલું વધારે (મળે એટલું લઈ લ્યો). પીરસવાવાળા પણ આગ્રહ કરે, થોડુંક લ્યો, હજી થોડુંક લ્યો,

હજી થોડુંક (લ્યો), જેટલું ખાય તો કહે, હજી થોડુંક લ્યો ! પણ વધારે પેટમાં પડે એટલે કાંઈ વધારે શરીરને પણ લાભ થતો નથી, આત્માને તો થવાનો પ્રશ્ન નથી. ઊલટાનું નુકસાન જાય છે.

અહીંયાં તો કહે છે કે, એ ઔપાધિવાળું કામ છે. આહાર લેવો, દવા લેવી, આમ તો આહાર પણ દવા જ છે ને ? એ પણ ઉપાધિવાળું કામ છે. જ્ઞાનીની તો એ ભાવના છે કે પરિપૂર્ણ નિરૂપાધિક ભાવમાં ઠરીને ઠામ થઈ જવાય, લીન થઈ જવાય, જામી જવાય એ સિવાય એને બીજું કાંઈ રુચતું નથી. કેમકે એ અશાંત પરિણામ છે, આકુળતાવાળા પરિણામ છે. ઉપાધિના પરિણામ છે એ આકુળતાવાળા પરિણામ છે અને પોતાની જાતથી વિરુદ્ધ જાતિના છે. પોતે નિરૂપાધિકસ્વરૂપે છે એની સામે એ વિરુદ્ધ જાતિના છે. એટલે પોતાના વિરોધી છે – પોતાના સ્વભાવના એ વિરોધી છે. વિચિત્રતા એ છે કે, આમ કોઈ વિરોધી હોય તો દ્વેષની નજરે જોવે. બહારમાં કોઈ વ્યક્તિ વિરોધી હોય તો એને દ્વેષની નજરે જોવે પણ પોતાના સ્વભાવની, પોતાની જાતથી વિરુદ્ધ પોતાના જ ભાવ હોય તો એને રાગ અને રુચિની નજરે જોવે ! કેવી વિચિત્રતા છે ! કોઈ વિરોધીને ભેટે ? આ તો એવું કરે છે. મૂળ તો એને વિરોધી લાગતો નથી. એને તો એમ છે કે, જેટલું આવે એટલું લાભમાં, જેટલું આવે એટલું લાભમાં, જેટલું મળે એટલું લાભમાં. કહે છે કે, લાભ નથી પણ એ તારા ઉપાધિના પરિણામ નુકસાન કરે છે, લાભના નથી પણ નુકસાનના છે.

બહારનું કોઈ પણ કાર્ય, **'બહારનું કાર્ય...'** એટલે બહારનું કોઈ પણ કાર્ય. રોગ મટાડવાની પ્રવૃત્તિ હોય કે બીજું કોઈ પણ કાર્ય હોય તો તે **'ઉપાધિ લાગે, રુચે નહિ.'** આવું જ્ઞાનદશાની અંદર પરિણમન હોય છે. જ્ઞાનદશાનું પરિણમન દર્શાવવાનો હેતુ એ છે કે, જીવ એને અનુરૂપ પોતાની દશા છે કે નહિ એ મેળવી શકે અને ન હોય તો એના અનુકરણ માટેનો ઉપાય કરે.

પ્રશ્ન :– જ્ઞાની ચક્રવર્તી હોય એને...?

સમાધાન :– એને રુચતું નથી, એને આવી પડેલું છે. છ ખંડ સાધવા, અનેક પ્રકારનો રાજનો વહીવટ કરવો (એ એને રુચતો નથી). જુઓને 'રાજીવ ગાંધી'ને એક હિન્દુસ્તાનનો વહીવટ કરવો હોય તો માથું ઠેકાણે રહે નહિ. ક્યાંથી એને માથું ઠેકાણે રહે ? એટલી નાની-મોટી વાતો આવીને ઊભી રહે છે કે, એને નીચે જ એક Team એવી રાખવી પડે કે નાની નાની વાતો મારા સુધી લાવવાની જ નહિ. જે તે માણસની હોય તેને સોંપી દ્યો. તોપણ એને માથે એટલું રહે કે એનું માથું ઠેકાણે રહે નહિ. તો ચક્રવર્તીને તો આ ભારત કરતાં તો બહુ મોટો વિસ્તાર હોય છે. જોકે અહીંયાં તો બધા પાપાનુબંધી પુણ્ય હોય છે. અત્યારે જે સત્તાધીશો હોય છે એ તો અનેક પાપ બાંધે, નરક ગતિમાં જવા યોગ્ય એના પરિણામ થાય છે અને એ પુણ્ય

ભોગવતા હોય છે. ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ હોય તો તો સાતમી નરક સિવાય બીજું સ્થાન નથી. કેમકે એ તો મિથ્યાદર્શનમાં જે સ્થિતિ અહીંયાં છે એવી જ સ્થિતિ થઈને ઊભી રહે. સમ્યક્દૃષ્ટિ હોય તો ઉપાધિ કરતા નથી.

મુમુક્ષુ :– સમ્યક્દૃષ્ટિ હોય તો મુક્તિ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચરમશરીરી હોય છે. 'ભરત' ચક્રવર્તી ચરમશરીરી હતા.

પ્રશ્ન :– એને ઉપાધિ દેખાય છે ?

સમાધાન :– ઉપાધિ કરતા જ નથી. એને રુચતી પણ નથી અને કરતાં પણ નથી. એમના માટે એ કહેવાય છે કે, સાંજે યુદ્ધવિરામનો કાળ થાય એટલે એ જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં આવે અને ધ્યાનમાં બેસે તો શુદ્ધોપયોગમાં પરિણમે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવે. તો કેટલી જગ્યા રાખીને – અવકાશ રાખીને – મોકળાશ રાખીને એ પ્રવૃત્તિમાં આવતા હશે. જેમ માણસ કહે ને કે, આપણે દાન દ્યો તો આપણી વ્યવસ્થા બધી બરાબર સચવાય જાય ને પછી વધારો હોય એમાંથી કેટલુંક આપો. એમાંથી પૂરું નહિ પણ એમાંથી કેટલુંક ! કેમકે વળી પાછું બીજું કોઈક આવે ત્યારે ત્યાં પણ ઊભું રહેવાય ને ત્રીજું આવે ત્યારે ત્યાં પણ ઊભું રહેવાય. આવી બધી ગણતરી રાખીને, વ્યવસ્થા ગોઠવીને, અવકાશ રાખીને બહાર આપે છે ને ? આ શુદ્ધોપયોગનો અવકાશ રાખીને પછી જ્ઞાની બહાર આવે છે. એટલી Deposit રાખીને પછી બહાર આવે છે, આખેઆખા બહાર આવતા નથી. આટલો ફરક પડે છે. એટલે બહારના કાર્ય તો ઉપાધિ લાગે છે પણ એ ઉપાધિમાં આવે તોપણ અરુચિ પરિણામે આવે છે. **'રુચે નહિ.'** એમ લીધું ને ? અરુચિ ભાવે અને અરુચિ પરિણામે પરિણમતા હોવાને લીધે આર્ત્તધ્યાન આદિ પરિણામમાં પણ એટલો રસ આવતો નથી કે જેથી એની નીચ ગતિમાં કે કુગતિમાં જવાના કર્મબંધનમાં આવે. એવાં પરિણામ થતાં નથી. આવી વાત છે.

એ ૫૩મો બોલ છે – જ્ઞાનીની અંતર પરિણતિ, અંતર દશાનું એની અંદર એક પડખું પ્રદર્શિત થયું છે.

મુમુક્ષુ :– અમારે એવી જ્ઞાન દશા પ્રાપ્ત કરવી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એણે ઉપાધિ – પ્રવૃત્તિવાળા જીવનમાં હોંશ ન લેવી જોઈએ, એનો અર્થ એ થયો. કેટલાંક તો શું કરે છે કે વધુને વધુ પ્રવૃત્તિ મેળવવાનો પ્રયત્ન કરે. વધુમાં વધુ પ્રવૃત્તિ કરો અને વધુમાં વધુ એનો લાભ લ્યો. સમયનો વધુમાં વધુ લાભ લ્યો.

મુમુક્ષુ :– પ્રવૃત્તિ ન હોય તો તબિયત બગડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘણાંની તબિયત બગડી જાય. ભાઈ ! ટાઇમ જતો નથી, ટાઇમ ક્યાં કાઢવો ? ટાઇમ નીકળતો નથી. અંગ્રેજીમાં તો કહેવત કરી છે કે, 'You kill the time

otherwise time will kill you' ! વખતને તમે મારો નહિતર વખત તમને મારશે. માટે કાંઈકને કાંઈ પ્રવૃત્તિમાં વખત પસાર થાય એમ કરો. એને મનુષ્ય જીવનમાં કરવાયોગ્ય અમૂલ્ય કાર્ય શું છે એનો ખ્યાલ નથી. એટલે પ્રવૃત્તિ કરવી પડતી હોય તો, સંજોગવશાત્ કરવી પડે એમ હોય તોપણ એ કરવી પડે છે, કરવી નથી ને કરવી પડે છે એ અભિપ્રાયથી અને એ ભાવથી જો પ્રવર્તે તો એમાં હોંશ ન આવે. નહિતર એ પ્રવૃત્તિ કરતાં પ્રવૃત્તિના નિમિત્તે કોઈ પૂર્વકર્મનો ઉદય આવે ત્યારે એનો હરખનો રસ રેડાય જાય, કોઈ પાપકર્મનો ઉદય આવીને પ્રતિકૂળતાઓ ઊભી થાય તો ખેદખિન્ન થઈને એમાં દ્વેષનો રસ રેડાય જાય. બેમાંથી એક તો થાય, થાય ને થાય જ. એટલે તીવ્ર રસે કરીને એવો વીંટળાય, એવો વીંટળાય કે જ્ઞાન મેલું થાય, બુદ્ધિ મેલી થાય અને એને પોતાનું સ્વરૂપ સૂઝવામાં, માર્ગની સૂઝ પડવામાં, સ્વરૂપની સૂઝ પડવામાં મોટો અંતરાય ભાવનો જ ઊભો થાય.

એમાંથી એ લેવાનું છે, મુમુક્ષુએ એ લેવાનું છે કે, જીવનમાં બને એટલી ઓછી જરૂરિયાત, જીવનમાં બને એટલી ઓછી પ્રવૃત્તિ અને અંતર નિવૃત્તિ માટે ઉપાધિને ખંખેરીને, ઉપાધિને એક બાજુ રાખીને નિરૂપાધિક સ્વભાવનો આદર અને નિરૂપાધિક પરિણામની પ્રવૃત્તિમાં જવાય એવા પ્રયત્નમાં એણે રહેવું જોઈએ. એ એમાંથી લેવાનું છે. અહીં તો કેટલે હદ સુધી વાત લીધી છે કે, રોગ મટવો હોય તો મટે, ન મટવો હોય તો ન મટે, કાંઈ નહિ. પણ એને માટે ધમાલ કરવી પડે એ વાત પસંદ કરતા નથી.

પ્રશ્ન :- રુચિ હોય તો હોંશ આવી જ જાય ને ?

સમાધાન :- હા, રુચિ હોય તો હોંશ આવી જ જાય. એ તો સીધી વાત છે, આવ્યા વગર રહે જ નહિ. રુચિ હોય તો હોંશ આવી જ જાય. એને રાગ અને પ્રવૃત્તિ – રાગમય પરિણામ-પ્રવૃત્તિ, બહારની પ્રવૃત્તિ ઠીક છે પણ રાગમય જે પરિણામ-પ્રવૃત્તિ છે એ એને રુચે છે કે કેમ એટલો સવાલ છે. એટલે તો 'સોગાનીજી' એમ કહે છે કે, જો તું બહારની પ્રવૃત્તિ છોડીને કદાચ નિવૃત્તિક્ષેત્રે, વેપાર-ધંધો છોડીને નિવૃત્તિક્ષેત્રે શુભયોગમાં શુભ પરિણામની પ્રવૃત્તિમાં હોંશથી ને રસથી જોડાયેલો ને જોડાયેલો રહીશ અને અંતર્મુખ પરિણામ કરવાનો ઉપાય નહિ કર તો એક દુકાન બંધ કરીને બીજી દુકાન ખોલીને બેસી ગયો છે. ભલે પછી શાસ્ત્ર વાંચતો હોય તો એને એમ કહ્યું કે, પહેલાં દુકાને બેસીને વહીખાતા, આપણે ખાતાવહી કહીએ છીએ, હિન્દીમાં વહીખાતા કહે છે, એ ચોપડાના પાના ફેરવતો હતો, અહીંયાં આવીને હવે શાસ્ત્રના પાનાં ફેરવે છે. આ તેં બીજી ખાતાવહી હાથમાં લીધી ! ઈ તો શાસ્ત્રમાં પરિણામ જાય એને પ્રવૃત્તિ કહે છે !

પ્રશ્ન :- આ બેમાં ફેર કેવી રીતે કરવો ?

સમાધાન :- કાંઈ ફેર નથી એમ કહ્યું. ફેર કરવાની ક્યાં વાત છે ?

પ્રશ્ન :- અમારે સુધરવું હોય તો શું કરવું ?

સમાધાન :- અંતર્મુખ થવાની વાત છે. શાસ્ત્ર તો એમ કહે છે કે, તું અંતર્મુખ થા. નકશો બતાવે છે કે, આમ અંતર્મુખ જવાય છે. એના વાચ્યમાં જવાની વાત છે. વાચક શબ્દોને પકડી રાખવાની વાત નથી. શબ્દ પકડવાની વાત તો એના જેવી થઈ કે, 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' બોલો ધૂન, આખો દિવસ ! કલાક, બે કલાક, પાંચ કલાક... જેટલું બોલી શકાય એટલું ! એ ભાવના ભાવવાની છે, એ શબ્દોની ધૂન બોલવાની ક્યાં વાત છે ? આત્માની ભાવના ભાવવામાં આવવાની વાત છે. પ્રયોગમાં ઉતારવાની વાત છે – પરિણમનમાં આવવાની વાત છે. એના બદલે શાસ્ત્ર વાંચ્યા-વાંચ કરે કે સાંભળવાનું ગમતું હોય તો સાંભળ્યા-સાંભળ કરે અને અંતર્મુખ થવા માટેનો ઉપાય શું છે એ બાબતની અંદર પ્રયત્ન – પ્રયાસ, એની શોધ, એની પાછળ ઉગ્રતા આવવી, ન મળે ત્યાં વધુ ઉગ્રતા આવવી એ પ્રકારમાં ન આવે તો એ પણ પ્રવૃત્તિમાં ને પ્રવૃત્તિમાં છે. દુનિયાની પ્રવૃત્તિ મૂકીને આ પ્રવૃત્તિ કરી પણ એ બહારનું બહાર છે, એ બધું અનંત વાર કરી ચૂકેલો છે. એનાથી કાંઈ આત્મહિત થતું નથી.

મુખ્ય વાત તો પરિણામમાંથી અહંપણું ઉઠાવી લેવાની વાત છે. પરિણામમાંથી જ અહંપણું ઉઠાવી લેવાની વાત છે. અનાદિથી દ્રવ્ય સ્વભાવને ચૂકીને એક સમયની ક્ષયોપશમ પર્યાય હોય કે ઉદયભાવની વિભાવિક પર્યાય હોય, જ્ઞાનાદિની ક્ષયોપશમની પર્યાય હોય કે ઉદયભાવ ને રાગાદિની કોઈ પણ પ્રકારની વિભાવ પર્યાય હોય એટલો, એવડો હું એમ પકડાઈને બેઠો છે એ એમને એમ પકડાઈને રહે અને ગમે તે પ્રવૃત્તિ કરે, નિરર્થક જવાની છે. એ બહારનો બહાર રહેવાનો છે, અંદર આવવાનો નથી. કેમકે 'પર્યાયમૂઢાઃ પરસમયા.' એ પર્યાયબુદ્ધિપણું એ જ પરસમયપણું છે, એ જ બહિર્મુખપણું છે, એ જ એને પોતાને અશાંતિનું અને દુઃખનું કારણ છે. એમાં એને અશાંતિ ન લાગે, દુઃખ ન લાગે તો ત્યાંથી ખસે નહિ. અને એ ત્યારે ન લાગે કે એમાં હોંશ કરે ત્યારે, એમાં ઉત્સાહમાં આવી જાય ત્યારે. તો એને એનેથી હટવાનું બનતું નથી, ખસવાનું બનતું નથી.

પ્રશ્ન :- એણે હોંશ ક્યાં કરવી ?

સમાધાન :- સ્વરૂપને ઓળખીને સ્વરૂપ અદ્‌ભુત અને આશ્ચર્યકારી છે ! પરમ શાંત પરમોત્કૃષ્ટ શાંત છે અને એવું અમૃતરસમય છે કે જુઓ ! સિદ્ધ પરમાત્મા સાદિ અનંતકાળ એમાંથી બહાર આવતા નથી. નહિતર એમના જ્ઞાનમાં તો આખું જગત સચરાચર પદાર્થો ત્રણે કાળની પર્યાયો સહિત ઝળકે છે તોપણ એની સામું જોતા નથી. જણાય છે પણ એની સામું

જોતા નથી. કેમકે એથી ઉત્કૃષ્ટ, ત્રણે લોકથી ઉત્કૃષ્ટ એવું જે આત્મપદ – સર્વજ્ઞપદ, બરાબર એની પૂરી કિંમત છે કે એને છોડીને બીજે જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છે પણ એવું જ ઉત્કૃષ્ટ ! ત્રણે લોકથી ઉત્કૃષ્ટ છે !

મુમુક્ષુ :– ત્રણ લોકમાં અરિહંત અને સિદ્ધ ભગવાન પણ આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ તો બીજા છે ને ? તમારે ત્યાં કરોડો-અબજો હોય એમાં મારે શું લેવાદેવા ? એની કોઈને કોઈની લેવાદેવા હોતી નથી. માણસ શું કહે છે કે, આ તમારા સગાં છે અને જરાક (ભલામણ કરજો). (તો કહે કે) એનું ઈ જાણે. એમ કહી દે. શું કહે ? એનું ઈ જાણે, અમારે કેટલાંકનું કરવું ? એવું તો જગતમાં ઘણુંય છે. ઈ તો પેલો પણ સમજે છે કે સગામાં સારું હોય તોપણ એનું એની પાસે રહે, ઈ કંઈ આપણે કામમાં આવે નહિ. ભિન્ન ઈ ભિન્ન છે, સીધી વાત છે. જુદું ઈ જુદું છે.

એ આવે છે, ૩૮મી ગાથામાં આવે છે કે, જગતના પદાર્થોને એની પોતપોતાની સ્વરૂપસંપત્તિ છે. પોતપોતાના અનંત ગુણોથી બધા પદાર્થો સંપન્ન છે અને સમૃદ્ધ છે પણ મારે એનો મોહ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ સંબંધીનો મારે મોહ કરવાનો પ્રશ્ન રહેતો નથી. ૩૮ ગાથા છે. 'હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે' એ છે ને ? એક પરમાણુ માત્ર મારું નથી. એ પરમાણુમાં બાકીનું બધું આવી ગયું. એક પરમાણુ માત્ર કહેતાં કોઈ મારું નથી. પરમાણુ તો નાનામાં નાનો છે.

**'આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.'** હવે એવું છે કે, બીજાં સિદ્ધ હોય કે બીજાં અરિહંત હોય પણ પોતાનું સ્વરૂપ ક્યાં એનાથી કમ છે ? અહીંયાં એમ લીધું છે કે, પોતાનું સ્વરૂપ ક્યાં એનાથી ઓછું છે ? બીજાં સિદ્ધ અને બીજાં અરિહંત છે એવડું અને એટલું જ મારું સ્વરૂપ છે.

**'આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.'** મારો મારામાં પ્રતાપ છે, મારું અસ્તિત્વ કોઈ સામાન્ય નથી, મારું મહાન અસ્તિત્વ છે. આ સ્થાપના કરે છે ને ? મારી સ્થાપના જ મહાન છે. સમ્યગ્દર્શન છે એ સ્વરૂપની સ્થાપનારૂપ પરિણામ છે. અસ્તિત્વ છે ને ? જેમ બહારમાં ભગવાનની સ્થાપના કરે છે એમ અંદરમાં સમ્યગ્દષ્ટિજીવ સ્વરૂપની સ્થાપના કરે છે, એ જ સમ્યગ્દષ્ટિજીવ બહારમાં બીજા સર્વજ્ઞની સ્થાપના કરે છે, અંદરમાં પોતાના સર્વજ્ઞની સ્થાપના કરે છે. જેમ પોતાની સ્થાપના અંદરમાં સર્વોત્કૃષ્ટ છે એમ બહારમાં સર્વજ્ઞની સ્થાપના પણ સર્વોત્કૃષ્ટ છે. બે વાત છે. જેમ અંદરમાં પોતાની સ્થાપનાના નિષેધરૂપ મિથ્યાશ્રદ્ધાન અથવા અસ્વીકારરૂપ મિથ્યાશ્રદ્ધાન એ મહાન પાપ છે – એ અગૃહીત મિથ્યાત્વનું મહાન પાપ છે, એમ બહારમાં સર્વજ્ઞની સ્થાપનાના નિષેધરૂપ - ગૃહીત મિથ્યાત્વરૂપ – (એ)

સૌથી મોટો અપરાધ છે. એનાથી મોટો અપરાધ જગતમાં બીજો કોઈ નથી.

મુમુક્ષુ :– ફરીવાર સમજાવોને.

પૂજ્ય ભાઈશ્રી :– અંદરમાં પોતાનો સર્વોત્કૃષ્ટ પરમાત્મા, એની સ્થાપનારૂપ સમ્યગ્દર્શન છે અને એના નિષેધરૂપ મિથ્યાદર્શન - મિથ્યાશ્રદ્ધાન છે એ મોટું પાપ છે. અઢાર પાપસ્થાનકમાં સપ્ત વ્યસનથી પણ મોટું પાપ છે. એ નિશ્ચયની વાત રહી, વ્યવહારમાં બહાર જે સર્વજ્ઞની સ્થાપના છે એના નિષેધરૂપ જે અપરાધ છે એ બહારમાં સપ્ત વ્યસનથી પણ મોટામાં મોટો અપરાધ છે. એનાથી મોટું બીજું કોઈ પાપ નથી, આમ છે. જગતમાં કોઈપણ બહાનુ એવું નથી કે એને મુખ્ય કરીને આને ગૌણ કરી શકાય કે આનો નિષેધ કરી શકાય. એવો વિષય છે. કેમકે, એક બાજુ આખું જગત મૂકો અને એક બાજુ સર્વજ્ઞપદ મૂકો (તો) આખા જગતનું પલ્લું ઊલળી જાય અને સર્વજ્ઞપદનું પલ્લું બેસી જાય એવું ભારે છે. 'સોગાનીજી' એ લખ્યું છે, 'એક પલ્લામાં હું અને એક પલ્લામાં ત્રણ કાળ, ત્રણ લોક.' એટલું લીધું છે. ત્રણ લોક નહિ ત્રણેય કાળના ત્રણ લોક. મારું પલ્લું બેસી જાય છે, સામેનું પલ્લું ઊલળી જાય છે. આટલું વજન છે એની અંદર !

**'આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.' એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે...'** આ મને ખબર છે કે અનંત ગુણના ધણી અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ અને બીજા કાળાણુઓ વગેરે અસંખ્ય દ્રવ્યો – એ બધાં સ્ફુરાયમાન છે તોપણ **'કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે...'** ભાવકભાવ્યરૂપ સંકરદોષ છે અને જ્ઞેયજ્ઞાયક સંકરદોષ છે. તે ભાવકપણે કે જ્ઞેયપણે **'મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે;...'** હવે મને કોઈનો મોહ ઉત્પન્ન થાય એવું નહિ બને. નિર્મોહી એવું જે મારું આત્મસ્વરૂપ છે એની સ્થાપના સમ્યગ્દર્શનથી કરી પછી બીજા કોઈ પ્રત્યે હવે મને મોહ ઉત્પન્ન થાય એ બની શકશે નહિ. એમ લ્યે છે કે, (એવું નહિ બને કે) ફરીને મને મોહ ઉત્પન્ન કરે. **'કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને...'** આત્મરસથી, નિર્મોહી રસથી **'મોહને મૂળથી ઉખાડીને–ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને,...'** જુઓ ! ક્ષાયિક વાત લીધી ! ફરીને અંકુર ન ઊપજે. પણ અત્યારે તો ભગવાન ક્ષાયિક સમ્યગ્દર્શન છે નહિ, આપ કેવી રીતે આ વાત કરો છો ? તો કહે છે, આ ક્ષયોપશમ (સમ્યગ્દર્શન) છે ઈ ક્ષાયિકમાં જાવાનું છે, પરિણમવાનું છે. હવે બીજું એમાંથી થાવાનું નથી. એને જોડણી કહે છે, જોડણી ! એક બીજી જાત લીધી છે – જોડણી ! એ વાત પૂજ્ય બહેનશ્રીએ અંદરથી કાઢેલી છે કે, ક્ષયોપશમમાંથી પાછો નહિ ફરતાં ક્ષાયિકભાવમાં આવનાર, એવું જે ક્ષયોપશમ એને

જોડણી – જોડાનારું – ક્ષાયિકમાં જોડાનારું સમ્યગ્દર્શન કહે છે. એ એવું જ હોય છે.

**'ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.'** મારું સ્વરૂપ મારા જ્ઞાનની અંદર જાણ્યું છે અને અનુભવમાં વેદ્યું છે એવો જે પ્રકાશ છે, પ્રકાશ તો વેદનમય છે ને ? પ્રકાશશક્તિ સ્વસંવેદનમયી છે એટલે પ્રકાશ શબ્દ લ્યે છે, કે જેને લઈને હવે ફરીને મોહ ઊપજવાની વાત રહેતી નથી. ('સમયસાર'ની) ૩૮મી ગાથામાં એ વાત લીધી છે.

પ્રશ્ન :– આપણે એમ કહીએ કે સંસાર અને શાસ્ત્ર સ્વાધ્યાય બન્ને કરતાં કરતાં કામ ન થાય, પણ એમ ન બને કે, શાસ્ત્ર સ્વાધ્યાય કરતાં કરતાં સત્‌ના ઊંડા સંસ્કાર પડે ?

સમાધાન :– એને ત્યાં જુદાં પાડવા, એટલું ત્યાં જુદું પાડવું. આ તો જે અટકે છે એની વાત છે, અપેક્ષિત વાત છે. જે અટકે છે ને એની વાત છે. જે અટકતા નથી એને તો એ નિમિત્ત માત્ર છે. ખરેખર તો એનું ઉપાદાન અંદરમાં કામ કરવામાં આગળ વધે છે એટલે એને નિમિત્ત કહેવાય છે, બીજાને નિમિત્ત નથી કહેવાતું. કેમકે એમાં અટકવું એવું નિમિત્તપણું તો ત્યાં છે નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્રમાં અટકવું એવું નિમિત્તપણું ત્યાં નથી, એનું નિમિત્તપણું અંતર્મુખ કરવામાં છે. તો જે યથાર્થપણે અંતર્મુખ થાય છે એને એ નિમિત્ત ગણવામાં આવે છે. બીજા અટકે છે. જેમ પૈસાથી કોઈ અમૃત પીવે અને કોઈ પૈસાથી ઝેર ખરીદે. પૈસો તો પૈસો છે પણ ક્યાં ઉપયોગ કરવો એ સવાલ છે. એમ આ નિમિત્ત છે ખરેખર અમૃતનું તો અમૃતમાં નિમિત્ત બને છે એના માટે કાંઈ નિષેધ નથી. એ તો આપોઆપ જ એના યોગ્ય સ્થાનમાં છે. નિમિત્ત નિમિત્તના સ્થાનમાં છે, ઉપાદાન ઉપાદાનના સ્થાનમાં છે. એ પોતાની યોગ્યતાને વશ એને નિમિત્ત પડી જાય છે, બસ ! (જે) અટકે છે એ ભૂલ શું કરે છે ? કે, એ ત્યાં સંતોષ પકડે છે કે, હું બીજો ધંધો તો નથી કરતો. દુકાન ખોલીને તો નથી બેઠો, ચીજ-વસ્તુનો વેપાર તો નથી કરતો, શાસ્ત્ર તો વાંચું છું. કહે છે, એમ તું છેતરાતો નહિ. (એમ કરવા જઈશ તો) તું છેતરાય જઈશ.

નિષેધ બહિર્ભાવનો છે. બહિર્ભાવનો આદર નથી. જે અંતર્મુખ થાય છે એ પણ એમ જ કહે છે કે, મારા પરિણામ શાસ્ત્ર નિમિત્તે બહાર જાય એનો મને આદર નથી. મારા પરિણામ દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે બહાર જાય એનો મને આદર નથી પણ એ એક એવા નિમિત્તો છે કે જે અંતર્મુખ થવાની પ્રેરણા આપે છે. એટલે જ્યાં સુધી સર્વાંશે અંતર્મુખ પરિણમન નથી ત્યાં સુધી એ નિમિત્તમાં પરિણામ જોડાય છે કે જ્યાંથી ફરી અંતર્મુખ થવાની પ્રેરણા મળે છે. એટલે એ બહાર જવા માટે સાધન નથી બનાવતા પણ અંતર્મુખ જવામાં એ નિમિત્ત બનાવે છે. એટલે ત્યાં પણ નિયમ કે સિદ્ધાંત બદલાતો નથી. કેમકે પરિણામના બે સીધા વિભાગ છે.

જેટલું અંતર્મુખ પરિણમન છે તે જ એકાંતે ઉપાદેય છે અને બહિર્મુખ પરિણમન એકાંતે હેય છે – આ સમ્યક્ છે, આથી બીજી રીતે અસમ્યક્ છે. એમ છે. બસ, એ સિદ્ધાંત પકડો પછી ક્યાંય ગડબડ ગોટો (કે) ગેરસમજણ થવાની વાત રહેતી નથી.

૫૩ (બોલ પૂરો) થયો.

**અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ ! હવે પ્રતિકૂળતામાં તો સમજ... સમજ. કોઈ રીતે સમજ... સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા. ૫૪.**

૫૪ નંબર. '**અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ ! હવે પ્રતિકૂળતામાં તો સમજ... સમજ.**' પ્રેરણા કરે છે. કોઈને '**કોઈ રીતે સમજ... સમજ, ને વૈરાગ્ય લાવી આત્મામાં જા.**' એક વાક્ય છે. અનુકૂળતામાં તને ઘણો રસ ઊપજે છે અને તું આખો ખોવાઈ જાય છે એટલે તું તારા હિતની વાત અનુકૂળતા વખતે તો સમજ્યો નથી કે સમજતો નથી તો સામાન્ય રીતે આ કાળમાં તો એકલી અનુકૂળતા સર્વને રહે એવું ભાગ્યે જ બને છે. બહારમાં પ્રતિકૂળતાઓ આવ્યા વિના રહેતી નથી. કોઈને કોઈ પ્રકારે, કોઈને કોઈ પ્રકારે... કોઈને રોગાદિનો પ્રકાર, કોઈને આર્થિક પ્રકાર, જેના ઉપર રાગ હોય – તીવ્ર રાગ હોય એના વિયોગનો પ્રકાર, એવી રીતે ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ, કાંઈને કાંઈ, કાંઈને કાંઈ, કાંઈને કાંઈ... થયા જ કરતું હોય છે કે જેને અહીંયાં પ્રતિકૂળતા કહી છે, તો એમાં તો સમજ. સમજ એટલે તારા સ્વરૂપ પ્રત્યે આવવાનો તો કોઈ એમાંથી માર્ગ મળે એમ કાંઈક લઈ લ્યે – એવો બોધ એમાંથી લઈ લ્યે કે, આ બાહ્ય પરિણમનમાં આમને આમ આત્માને ચૂકીને સંસરણ એટલે એકલું સંસારપણું જ છે, બીજું કાંઈ નથી. સંસારનું નામ જ ત્યાંથી પડ્યું છે. બહાર ગયો એટલે સંસરણ થયું, સંસરણ થયું

એને સંસાર કહેવામાં આવ્યો છે.

એટલે તો 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને સંસારતત્ત્વ નામ આપ્યું છે કે, તાત્ત્વિક રીતે આ સંસાર છે. જે પોતાના આત્માથી પૂરેપૂરો સરી ગયેલો છે અને બહારને બહાર ધાર્મિક દૃષ્ટિએ જેને ઘણું કર્યું, પૂરું કર્યું એમ કહેવાય. મુનિ યોગ્ય અઠ્યાવીસ મૂળગુણ નિરતિચાર પાળે એટલે શું ! અગિયાર અંગ (ને) નવ પૂર્વનો ધારક હોય અને અઠ્યાવીસ મૂળગુણનું નિર્દોષપણે પાલન કરનારો હોય. તો કોણ છે ? કે, સંસારતત્ત્વ છે. 'કુંદકુંદાચાર્યદેવ'ની ગજબની ગાથા છે ! મૂળ ગાથા તો 'કુંદકુંદાચાર્યદેવ'ની છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' એને Title આપ્યું છે કે, આ સંસારતત્ત્વ છે. ગાથાનું Heading બાંધ્યું છે. ભાવલિંગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે ! કરણાનુયોગવાળા ભૂલ કાઢે. કરણાનુયોગના વિદ્વાન એમ કહે કે, એને તમે સાધકતત્ત્વ કહો (કેમકે) છઠ્ઠા-સાતમા ગુણસ્થાને છે. મોક્ષતત્ત્વ તો તેરમા ગુણસ્થાને હોય. તો કહે છે, અહીંયાં વાત બીજી કરવી છે. અહીંયાં કરણાનુયોગનું પ્રકરણ ચાલતું નથી. અહીંયાં સંસાર શું અને સંસારનો અભાવ શું – આ બે વાત ચાલે છે. એક બાજુ સંસાર એટલે સંસાર અને એક બાજુ સંસારનો અભાવ એટલે મોક્ષ, બસ ! બે ભાગ પાડી નાખ્યા. ભાવલિંગી મુનિને માટે એમ કહ્યું કે, આ મોક્ષતત્ત્વ છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને માટે એમ કહ્યું કે, આ સંસારતત્ત્વ છે. ઠીક ! પંચરત્નની પાંચ ગાથાઓ ઉતારી છે ને ? એમાં બે ગાથાઓ આ છે. 'પ્રવચનસાર' !

પ્રશ્ન :– દ્રવ્યલિંગીને આ સમજણ ન હોય એવું બને ?

સમાધાન :– સમજણ ઉઘાડમાં હોય પણ એનું પરિણમનનું વલણ યથાર્થ ન હોય. ઉઘાડમાં સમજણ તો 'ગુરુદેવ'ની કૃપાથી અહીંયાં જે બુદ્ધિમાન મુમુક્ષુઓ આવે છે એ બધાને થઈ જાય છે, પણ એ બીજી વાત છે અને અંતર વલણ થવું એ બીજી વાત છે – સાવ જુદી વાત છે. ઉઘાડમાં ન આવે અને વિરોધ આવે તો વધારે કમનસીબી છે પણ અહીંયાં ઉઘાડમાં આવે અને અંદર ન આવે તોપણ કમનસીબી જ છે. કેમકે સરવાળે તો બન્નેની એક જ સ્થિતિ રહી ગઈ. ડૂબ્યો ઈ તો ડૂબ્યો જ. પછી સંસારમાં કોઈ અધૂરો ડૂબતો નથી, પૂરો જ ડૂબે છે અને તર્યો ઈ તર્યો જ, ઈ પૂરેપૂરો તરે છે, કોઈ અધૂરો તરતો નથી. એમ છે.

પ્રશ્ન :– એને ઇચ્છાઓ શું હોય છે ?

સમાધાન :– આમ બીજી કાંઈ ઇચ્છાઓ નથી હોતી. ઘણો મંદ કષાય હોય છે. નવમી ગ્રૈવેયક જાય છે. સોળ સ્વર્ગની ઉપર ગ્રૈવેયક છે ત્યાં જાય છે. ગ્રીવાના સ્થાને જે સ્વર્ગના વિમાનો છે ત્યાં જાય છે. એટલે બીજી કોઈ કષાયવાળી તીવ્ર ઇચ્છાઓ નથી હોતી, કોઈ માયાચાર નથી હોતો, કોઈ આડંબર નથી હોતો, કષાય અત્યંત અત્યંત મંદ હોય છે. પણ એ મંદ કષાય જ એને આત્મા થઈ ગયો. એ અનાત્માને આત્મા માન્યો છે. કષાયની મંદતા એ જ એનો

આત્મા થઈ પડ્યો છે, એ ક્રિયાઓ જ એનો આત્મા થઈ પડ્યો છે, એ ક્ષયોપશમ જ્ઞાન જ એનો આત્મા થઈ પડ્યો છે. ઉઘાડજ્ઞાનને એણે આત્મા માન્યો છે, એ શુભક્રિયાઓને આત્મા માન્યો છે, એ કષાયની મંદતાને આત્મા માન્યો છે અને એની શાંતિને આત્માની શાંતિ માની છે, મંદતાની શાંતિને આત્માની શાંતિ માની છે. એ અનાત્માને આત્મા માન્યો છે, દર્શનમોહ દૃઢ કર્યો છે. ચારિત્રમોહ અતિ અતિ મંદ કર્યો છે, અતીવ મંદ છે અને દર્શનમોહ તીવ્ર થયો છે. ધ્યાન દર્શનમોહનું રાખવાનું છે, ચારિત્રમોહ તો આપોઆપ ખલાસ થયા વિના રહેશે નહિ. એટલે તો ગુણસ્થાનની પરિપાટીમાં પહેલાં ચોથા ગુણસ્થાને દર્શનમોહનો ઘાત કરવાની વાત છે. આ તો અનાદિથી છે, કોઈ ઈશ્વરે નવી ગોઠવણી કરી છે એમ નથી. અનાદિથી આ જ વસ્તુસ્થિતિ છે. લોકોનું ધ્યાન દર્શનમોહ ઉપર નથી. ધર્મના ક્ષેત્રમાં આવીને ધર્મ કરવા ઇચ્છે છે પણ દર્શનમોહ ઉપર કોનું ધ્યાન છે ? અત્યારે જ વિચાર કરી લ્યો ને ! દર્શનમોહ ઉપર કોઈનું ધ્યાન નથી.

મુમુક્ષુ :- કષાયની મંદતામાં સંતોષ માની લીધો.

પૂજ્ય ભાઈશ્રી :- સંતોષ માની લીધો. અહીંયાં પણ શું કરે કે, જેટલી એની શક્તિ હોય એટલું થાય એટલે એમ કહે કે, ભાઈ ! આપણી શક્તિ પ્રમાણે આપણે કરીએ છીએ. એટલો તો લાભ થયો ને ? એને અસંતોષ થવો જોઈએ એના બદલે સંતોષ થાય છે. આટલું ચોખ્ખેચોખ્ખું પૂરેપૂરું વિપરીત છે. અસંતોષ થવાની જગ્યાએ સંતોષ થાય છે. એ સંતોષ થાય છે એ જ દર્શનમોહની ઉગ્રતા છે, એ જ દર્શનમોહની તીવ્રતા છે. કેમકે પર્યાયમાંથી એકત્વ જ ઉઠાવી લેવાનું છે (એને બદલે) એણે પર્યાયમાં તો સંતોષ માન્યો ! જ્યાંથી એકત્વ ઉઠાવવાનું છે (ત્યાં સંતોષ માને છે). આગળ એક બોલ આવી ગયો કે, આ તો હજી સાધકની અધૂરી દશા છે, પણ પૂરેપૂરી દશા પ્રગટે તોપણ શું થઈ ગયું ? ઈ તો જે હતું ઈ પ્રગટ થયું. છે ને ? ૪૫મો છે. **'જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી...'** પૂર્ણતાનું ધ્યેય લક્ષમાં હોવાથી **'તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તોપણ સ્વભાવ હતો તે પ્રગટ્યો...'** અથવા પૂર્ણતા થશે તોપણ એ સ્વભાવ છે (એટલે) તે પ્રગટ થવાની છે. એમાં બીજું નવીન શું છે ? જેમ કોઈ એમ કહે કે, બે ભાઈ ભાગ વ્હેંચે, બે ભાઈ હોય અને અડધોઅડધ બાપની મૂડી વેંચી લે કે, ભાઈ ! આ એક લાખમાં પચાસ હજાર તારા ને પચાસ હજાર મારા. તો મોટો એમ કહે કે, જો મેં તને પચાસ હજાર આપી દીધા. (તો નાનો કહે કે) એમાં તું ઉપકાર શું કરે છે ? એક બાપના દીકરા છીએ, જેટલો તારો હક છે એટલો મારો હક છે. એમાં કંઈ તેં દીધા એ પ્રશ્ન રહેતો નથી. એમ સ્વભાવમાં હતું ઈ મળ્યું એમાં હકની વાત છે. એમાં વધારે પડતું માની લેવાની શું જરૂર છે ? એમ કહે (છે). એટલું સ્વભાવ ઉપર વજન છે, અવસ્થા ઉપર વજન નથી. અને એ

દ્રવ્યલિંગપણામાં પણ મિથ્યાદર્શન સહિતમાં અવસ્થા ઉપરનું વજન ખસતું નથી. જ્યાં સુધી એ અવસ્થા ઉપરનું વજન ન ખસે ત્યાં સુધી એમ સમજવું કે એને એના આત્મસ્વરૂપનો બોધ થયો નથી. આ સીધી વાત છે. સ્વરૂપનો બોધ થતાં બધી અવસ્થા ઉપરનું વજન છૂટી જાય છે. મોક્ષાર્થી જીવ ક્ષણિક પરિણામ, અનિત્ય પરિણામ, અલ્પકાલિન ભાવોં કા મૂલ્ય નહીં આંકતે. ('સોગાનીજી'ના) પત્રમાં એક લીટી છે.

આપણો તો વિષય બીજો ચાલે છે કે, બહુભાગ જીવ અનુકૂળતામાં સમજતો નથી એને એમ કહે છે કે, જ્યારે પ્રતિકૂળતા ઉત્પન્ન થાય અને પ્રતિકૂળતા આવે ત્યારે તને અણગમો થાય છે અથવા તું ન ઇચ્છે એવી પરિસ્થિતિ છે, પ્રતિકૂળતા એટલે શું ? કે, તું ન ઇચ્છે એવી પરિસ્થિતિ છે તો એમાં એટલું તો સમજ કે મારી ઇચ્છાને આધીન બહારની પરિસ્થિતિ નથી. આમ જે ભિન્નતા કરવી છે, ભિન્નતા સમજવી છે એ ભિન્નતારૂપ સાક્ષાત્ અનુભવ તને પ્રતિકૂળતામાં છે, અનુકૂળતામાં તો તું સવાર થઈ જાય છે કે, મારો પ્રયત્ન, મારું ડહાપણ, મારી ચતુરાઈ અને મારી હોશિયારીથી મેં આ બધું કર્યું. પણ હવે જ્યારે પ્રતિકૂળતા હોય અને ધાર્યું ન થતું હોય ત્યારે તું એટલું તો સમજ કે, ખરેખર તો આ પરિસ્થિતિ જ આમ છે કે, જીવના પરિણામને કોઈ બાહ્ય પરિસ્થિતિ આધીન છે નહિ અને એમ હોવાને લીધે, એની ભિન્નતા હોવાને લીધે જે ભિન્ન છે એનો રસ શું ? પારકાનો રસ શું ? પારકી ચીજને જૂઠી રીતથી પોતાની કરી કરીને જૂઠી હોંશ માને છે અને મનાવે છે. કોઈ દિવસ એવું બને કે, નોકરચાકર ખાય ને શેઠનું પેટ ભરાય ? ભૂખ પોતાને લાગી હોય ને બીજો ખાય અને પોતાનું પેટ ભરાય છે ? લ્યો, તમે ખાધું બહુ સારું થયું, મારું પેટ ભરાઈ ગયું ! એમ પુદ્ગલના ફેરફારો પુદ્ગલના થાય, પુદ્ગલમાં થાય; આહાર-પાણી, રોટલા થાળીમાંથી હોજરીમાં જાય, આ કહે છે કે, આ..હા...! મને તૃપ્તિ થઈ ગઈ ! મને તૃપ્તિ થઈ ગઈ ! મને તૃપ્તિ થઈ ગઈ ! ફેરફાર થયો, પર્યાયાંતર થયો, ક્ષેત્રાંતર થયું એ બધું પુદ્ગલનું પુદ્ગલમાં થયું. ખાધું કો'કે અને પેટ ભરાણું કો'કનું એવો ભ્રમ થયો. એ ક્યાં સુધી ચાલવાનું હતું ? ઘડીક માની લીધું હશે તો એમાં કાંઈ તૃપ્તિ થવાની નથી. અતૃપ્ત ને અતૃપ્ત દશા રહેવાની.

મુમુક્ષુ :- પ્રસંગ થયા પછી એમ થાય છે કે હું તો તૃપ્ત થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એવું માને છે. મને ભૂખ લાગી એવું માન્યું છે એટલે મને તૃપ્તિ થઈ એવું માને છે - બન્ને એની કલ્પના છે. એક પરમાણુ પણ આત્માના પ્રદેશને સ્પર્શ પામતો નથી. અંદર તો જતો નથી; આ માને છે ને કે, આ ગળ્યો રસ મારી જીભમાં ઉતર્યો. ગળપણ ભાવતું હોય એને એમ લાગે (કે), જાણે આખો ગળ્યો થઈ ગયો ! કહે છે કે, પુદ્ગલ પરમાણુના રસગુણની પર્યાય તને હરામ અડી હોય તો, સ્પર્શી પણ નથી. તને જ્ઞાન થયું છે પણ ભાન

ભૂલ્યો છે એટલે તને એમ થાય છે કે, આ મને થઈ ગયું, મને થઈ ગયું, મને થઈ ગયું... મને થઈ ગયું... એવું તને થયા કરે છે. પણ એમાં ભાઈ ! તને અશાંતિ છે અને એમાં તને દુઃખ છે, એમાં તને ઉપાધિ છે, એમાં ક્યાંય તને શાંતિ થાય એવું નથી. ઘડીક કલ્પનાવશ તને એમ લાગશે કે, ઠીક થયું. ઘડીક એવું લાગશે. પણ તારા આત્માને કેટલું નુકસાન જાશે એ તને ખબર નથી. શું છે કે, ક્ષણિક સુખ પાછળ એ નિત્ય સુખને કેટલું નુકસાન કરે છે એનો વિચાર કરતો નથી. જીવ વ્યસની જેવો છે. વ્યસનવાળો શું કરે છે ? કે, જ્યારે એને તલપ લાગે છે તો અફીણ લઈ લે છે. એના શરીરને નુકસાન છે કે લાભ છે ? (એને એમ થાય કે) ભલે નુકસાન હોય, પણ હવે લીધા વગર ચાલે એવું નથી. જીવની આ સ્થિતિ છે. નુકસાન છે તો એ નુકસાનથી કેમ બચવું એનો ઉપાય એણે શોધવો જોઈએ. એને (અહીંયાં) 'સમજ' કહે છે.

પ્રતિકૂળતામાં સમજ... સમજ બે વખત કહે છે. એમાં કરુણા છે, લાગણી છે અને **'વૈરાગ્ય લાવી આત્મામાં જા.'** પરપદાર્થો પ્રત્યેથી પાછો વળીને તું આત્મામાં આવ. પ્રતિકૂળતા વખતે તો પુરુષાર્થને ઉપાડ એમ કહે છે. પાત્રતાનું એ લક્ષણ છે, યોગ્યતાનું એ લક્ષણ છે કે, પ્રતિકૂળતામાં વિશેષ આત્મકાર્ય કરવાનું સૂઝે. 'શ્રીમદ્જી'એ તો ત્યાં સુધી લખ્યું કે, મુમુક્ષુજીવને આ કાળમાં પ્રતિકૂળતાઓ થવી કે આવવી એ તરવા બરાબર છે. પ્રતિકૂળતાને આમંત્રણ આપ્યું. ઠીક ! આ બધી આખી લાઇન જ ફેર છે. જગતના જીવો પ્રતિકૂળતાથી ભયભીત થાય છે અને આવ્યા પહેલાં જ ભયવાન થઈને દૂરથી મટાડવાનો ઉપાય કરવા માટે પ્રયત્ન કરવા લાગે છે. ત્યારે 'શ્રીમદ્જી' એમ કહે છે કે, મુમુક્ષુજીવને તો આ કાળમાં પ્રતિકૂળતાઓ આવવી એ એને તરવા બરાબર છે. કેમકે લાયક જીવ – પાત્ર જીવ એ પ્રતિકૂળતામાં આત્માનો પુરુષાર્થ ઉપાડે છે. એવું કાર્ય કરે છે. એને તો એ પ્રતિકૂળતા ખરેખર અનુકૂળતા થઈ પડી.

'સોગાનીજી' પહેલાં પત્રમાં એવી વાત લખે છે કે, 'ગુરુદેવ'નો સંયોગ થતો નથી, 'ગુરુદેવ'ના સત્સમાગમની ઘણી ભાવના રહે છે. પણ એવો પુણ્યયોગ નથી કે જેથી એ અનુકૂળતા થતી નથી. જેને પત્ર લખે છે એને એમ લખે છે કે, તમને એવો પુણ્યયોગ છે પણ મારે તો અહીંયાં આ પ્રકારની ઘણી પ્રતિકૂળતા છે પણ એ પ્રતિકૂળતાને અનુકૂળતા બનાવી લીધી છે. એટલે ? કે, એ વિયોગના કાળમાં આત્મભાવના અને આત્મસાધનાને વધારે ઉગ્ર કરી છે અને વધારે મજબૂત કરી છે. એ પ્રતિકૂળતાને જ અનુકૂળતા બનાવી લીધી છે. અને એવી જ પરિસ્થિતિ હતી કે, ઘણાં સત્સંગના અભાવમાં એમણે અસાધારણ પુરુષાર્થ કરેલો છે !! સાધારણ પુરુષાર્થ નથી કર્યો. એવી એમની કોઈ આત્મિકદશા ઘણી ઉચ્ચ સ્તરની છે !!

એટલે પ્રતિકૂળતાથી તો મુમુક્ષુજીવને જરા પણ ભયભીત થવાનું હોઈ શકે જ નહિ. એની

માનસિક તૈયારી એવી હોય કે, પ્રતિકૂળતા આવશે, અરે...! દેહત્યાગ થવા સુધીની પ્રતિકૂળતા આવશે ત્યારે મારા આત્માનો પુરુષાર્થ ફટફટ થઈને બહાર આવશે. ઊલટાનું એ માનસિક તૈયારીમાં પહેલેથી એમ હોય છે. એટલે આવે અને આવવાના ભયનો એને માટે સવાલ જ રહેતો નથી. આટલી બધી Psychology આમાંથી જુદી ઊભી થાય છે. જગતના જીવોની અને મોક્ષમાર્ગ બાજુ વળનાર જીવોની આખી લાઇન ફેર છે, એમ કહેવું છે.

વિશેષ....

**અનંત સંસારના ક્ષય કરવાવાળો, અને અનંત સમાધિ સુખની પ્રાપ્તિ કરાવવાવાળો, શ્રી તીર્થંકરદેવથી પ્રવાહિત સદ્‌ઉપદેશની પ્રાપ્તિ થઈ, સમજણ થઈ, તો તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો ઘટે. જો જીવનમાં ઉતારવાનો પ્રયાસ ન થાય તો તેનું મૂલ્યાંકન થયું નહિ પરંતુ ઉપેક્ષા થઈ, તેથી પરમોત્કૃષ્ટ દેશનાનો અનાદર થયો, ઉપેક્ષા થઈ. મોહને લીધે આવો અપરાધ થવાથી, તે ઉપદેશની ધારણા અલ્પકાળમાં નાશ પામી જશે. તેથી પરમ ગંભીરતા પૂર્વક, ઉપદેશનો જેને યોગ થયો છે, તેણે અપૂર્વભાવે, અપૂર્વ પુરુષાર્થ કરવા યોગ્ય છે ફરી ફરીને આવી તક સાંપડતી નથી. મોહવશ જીવ પ્રયત્ન કરવાનું ભૂલે છે. પરંતુ આ પ્રમાદ (પ્રયત્ન ચાલુ ન થવો) જીવના અવિચારીપણાની પ્રસિદ્ધિ છે. તેથી હે ભવ્ય ! જાગૃત થા !! જાગૃત થા !!**

-પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની-૭૧૫)

**ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ. ૫૫.**

## તા. ૩૧-૦૧-૧૯૮૭, વચનામૃત–૫૫, ૫૬
## પ્રવચન નં. ૪૮

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૧૯, ૫૫મો બોલ છે. ભાવનાનો બોલ છે. **'ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે. ભલે થોડો વખત લાગે, પણ ભાવના સફળ થાય જ.'** શું કહે છે ? ચૈતન્યની ભાવના ! ચૈતન્યની ભાવના કહો કે આત્મસ્વરૂપની ભાવના કહો. જે આત્મસ્વરૂપની ભાવનાનું ફળ કેવળજ્ઞાન છે. 'શ્રીમદ્જી'ના શબ્દોથી લઈએ તો 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' ચૈતન્યની ભાવના એટલે કે, હું ચૈતન્ય છું એવી પોતાની મહિમા, પોતાની ઉપાદેયતા ઉત્કૃષ્ટપણે (એટલે કે) જેટલી અવસ્થામાં શક્તિ છે તે સર્વ શક્તિથી પોતાની હયાતી ઉપર જેટલું વજન જાય, જેટલા રસથી વજન જાય, જેટલા મહિમાથી વજન જાય એ ચૈતન્યની ભાવના છે. ચૈતન્યની ભાવના એટલે કોરો વિકલ્પ નથી. એમ લેવું. માત્ર પરલક્ષી કોરો વિકલ્પ નથી. પણ જેમાં પોતાના પરિપૂર્ણ સ્વરૂપમાં પૂર્ણ થવાનો પુરુષાર્થપૂર્વક ભાવ છે. કોરા વિકલ્પમાં પુરુષાર્થ નથી અથવા કોરા વિકલ્પમાં વિરુદ્ધ દિશાનો – ઊલટી દિશાનો પુરુષાર્થ છે. ચૈતન્યની ભાવનામાં અંતર્મુખી પુરુષાર્થ છે. આટલો ફેર છે.

આ પ્રશ્ન ક્યારેક થાય છે કે, ભાવના અને ઇચ્છામાં શું તફાવત છે ? ઇચ્છા છે એ સામાન્ય રીતે બાહ્ય ભાવોમાં જેમ બીજા પદાર્થની ઇચ્છા થાય છે એવા જ કોઈ બાહ્ય ભાવથી આત્મા પોતે પદાર્થ છે એવું ગ્રહણ નહિ થતાં, જ્ઞાયક એ કોઈ બીજી ચીજ છે – Third person છે એમ જે આત્માની ઇચ્છા થયા કરે છે એ વાસ્તવિક ભાવના નથી અથવા એ

પરિણામમાં કોઈ ઠેકાણું નથી કે જેને આત્મા સાથે કાંઈ સંબંધ હોય. ભાવના પરપદાર્થની અને ઇચ્છા આત્માની એવી પરિસ્થિતિ ત્યાં હોય છે. જે કોરો વિકલ્પ છે અને સામાન્ય ઇચ્છા છે ત્યાં ભાવના પરપદાર્થની, પુરુષાર્થ પરપદાર્થ પ્રત્યેનો, પુરુષાર્થ રાગનો અને ઇચ્છા આત્માની ! તો એમાં શું વળે ? કે, એમાં કાંઈ ન વળે.

ભાવના એને કહીએ કે જેમાં ચૈતન્ય તરફનો – નિજ સ્વરૂપ તરફનો અંતર્મુખી પુરુષાર્થ પણ સાથે હોય એને ભાવના કહીએ અને એવી ભાવના કદી નિષ્ફળ ન જાય. એવી ભાવના સફળ થાય, થાય ને થાય જ. '**થોડો વખત લાગે,...**' એમાં તો એમ કહેવું છે કે, કોઈને પુરુષાર્થની મંદતા હોય તો થોડો સમય લાગે છે પણ નિષ્ફળ જવાનો પ્રશ્ન એમાં નથી જ.

ભાવનાના વિષયમાં આપણે એક ૨૧મો બોલ આવી ગયો. ત્યાં તો એમ કહ્યું કે, ચૌદ બ્રહ્માંડ ફરે પણ ચૈતન્યની ભાવના નિષ્ફળ જાય નહિ. એટલે હદ સુધી ત્યાં તો વાત લીધી છે. એનો અર્થ જ એ છે કે, એ એના અંગભૂત છે. ચૈતન્યની ભાવના એ ચૈતન્યના અંગભૂત છે. તેથી એમાં નિષ્ફળ જવાનો પ્રશ્ન રહેતો નથી. પણ સામાન્ય રીતે પરલક્ષી અને બાહ્ય પરિણામમાં શુભ ભાવરૂપ ભાવનાને ભાવના કહે છે. માત્ર કોરો વિકલ્પ હોય છે. ભાવના તો ખરેખર રાગની અને પરપદાર્થની ચાલુ જ હોય છે, ઊભી જ હોય છે અને એવો વિચાર આવે છે કે, આપણી ભાવના છે અને કેમ ભાવના સફળ થતી નથી. એવું કોઈને લાગે છે પણ એને પોતાના પરિણામની વાસ્તવિક પરીક્ષા નથી અથવા ખબર નથી. સામાન્ય ઇચ્છા હોય છે. ચૈતન્યની ભાવના હોય અને નિષ્ફળ જાય એવું કોઈ કાળે બની શકે નહિ. બન્ને જગ્યાએ '**જ**' શબ્દ વાપર્યો છે. '**કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય**' નીચે પણ લીધું કે '**ભાવના સફળ થાય જ.**' એમ લીધું છે.

જે ધર્માત્માઓને પોતાની ભાવના સફળ થઈ છે એને અનુલક્ષીને, પોતાના સ્વાનુભવને લક્ષમાં રાખીને આ વાત છે કે, આ જે ભાવનાથી સફળતા થઈ એવી ભાવના કોઈ પણ જીવને થાય તો જેમ મને સફળતા થઈ એમ બીજાને નિષ્ફળતા જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે વિજ્ઞાન તો બધા આત્માઓનું એકસરખું છે. આત્મા એક જાતિનો પદાર્થ હોવાથી એના પરિણામનું વિજ્ઞાન તો એકસરખું છે.

મુમુક્ષુ :– અમારે ભાવના કરવી છે પણ થતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– બીજી ભાવના ચાલુ રાખી હોય તો ક્યાંથી થાય ? અને એટલા માટે વારંવાર તપાસવાનું કહેવામાં આવે છે. કેમકે પ્રશ્ન એટલા માટે થાય છે કે તપાસ્યા વિના એ એમ વિચારે છે કે આવી ભાવના કેમ મને થતી નથી ? ભાવનાની વાત જો આવી જ હોય કે ભાવના સફળ થાય જ થાય, તો પછી આવી ભાવનાને કોણ ન ઇચ્છે ? આવી ભાવનાને

તો સૌ કોઈ ઇચ્છે અને ઇચ્છવા છતાં થતી નથી. તો એનો અર્થ એમ છે કે, એને બીજી ભાવના ઊભી છે એનો પણ એને ખ્યાલ નથી. ખ્યાલ એટલા માટે નથી કે, એને એ વિષયની તપાસણી પણ નથી. પોતાના જ પરિણામ છે, પોતાથી અજાણ્યા કેમ હોય ? પોતાથી અજાણ્યા ત્યારે હોય કે જ્યારે એનું પોતાના પરિણામ ઉપર પણ લક્ષ ન હોય. લક્ષ તો લઈ જવું છે ઠેઠ શુદ્ધાત્મા ઉપર. ઊંડે ઊંડે જે સૂક્ષ્માતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ છે એનું લક્ષ લેવાનું છે પણ સ્થૂળ પરિણામનો પણ ખ્યાલ ન રહે તો ઊંડા ચૈતન્યસ્વભાવનું ગ્રહણ કરવું, એનું લક્ષ થવું એ તો ક્યાંથી આવડે ? એટલે કેટલું દૂર છે, જ્યાં આરૂઢ થવું છે, જ્યાં વળગવું છે, જેનું આલંબન લેવું છે એ ચીજથી પોતે કેટલો દૂર છે એ આ રીતે સમજી શકાય એવું છે.

વળી, જે અન્ય દ્રવ્યની અને અન્ય ભાવની જે ભાવના છે એ ભાવના કરવા યોગ્ય નથી અને ચૈતન્યની ભાવના કરવાયોગ્ય છે એવા લક્ષે અવલોકન થાય તો વિપરીત ભાવનામાં ફેર પડ્યા વિના રહેતો નથી. અવલોકનમાં બે કાર્ય થાય છે. એક તો જે નહોતું જણાતું – પોતાના પરિણામ પણ પોતાને ખ્યાલમાં નહોતા રહેતાં એ તો જણાય જ, પણ એ સિવાય એ દોષભાવને જાણતાં એ દોષભાવનો રસ કપાવાથી; કેમકે ટાળવાનો અભિપ્રાય છે. માત્ર જાણવાનું કુતૂહલ નથી. પણ એવા ભાવો મટવા જોઈએ અને એવા ભાવોનો અભાવ થવો જોઈએ એવા અભિપ્રાયથી અવલોકન હોવાથી એના ટળવાનો પણ બીજો ફાયદો થાય છે. એમ જોવાથી – આ પ્રકારે જોવાથી આ પ્રકારનો ફાયદો પણ છે. અને અન્ય પદાર્થની ભાવનાથી નિવર્તે તો ચૈતન્યની ભાવનામાં આવે. અન્ય અન્ય ભાવનામાં રહે અને ચૈતન્યની ભાવનામાં પણ આવે એવું કદી બનતું નથી.

'કળશટીકા'માં એક જગ્યાએ એ વાત લીધી છે કે, કદી એવું ન બને કે, પહેલાંના પરિણામ એવાને એવા રહે અને આત્માના પરિણામ થાય. એવું કાંઈ બને નહિ. બહુ મોટો ફેર પડે છે, મૂળમાંથી ફેર પડે છે. એવી આ કાર્યપદ્ધતિ છે.

પ્રશ્ન :– શ્રદ્ધાની જેમ ભાવનાનો પણ એક જ વિષય આવ્યો ને ? બીજી ભાવના નહિ.

સમાધાન :– ભાવનાવિહીન જીવ નથી. બીજી ભાવના એને છે જ. એને અન્ય પદાર્થ અને અન્ય ભાવ સંબંધીની એની ભાવના છે જ, પણ એનું અવલોકન નથી એટલે એને એની ખબર નથી. એવી ભાવના નહિ હોવી જોઈએ, એવા અભિપ્રાયથી અવલોકન થાય તો એનું ટળવું પણ થાય છે. આ એના ટળવાનો ઉપાય છે. જો એનું ટળવું થાય તો ચૈતન્યની ભાવનાને અવકાશ છે અથવા એ ભાવના બદલીને જ પોતે ચૈતન્યની ભાવનામાં આવે છે. ત્યાંથી એ ભાવના પલટીને ચૈતન્યની ભાવનામાં આવે છે.

કાલે એ વિષય થોડો લીધો હતો કે, સર્વોત્કૃષ્ટ શાંત રસમય અમૃત સાગર છે, ચૈતન્ય આત્મા અમૃત સાગર છે, સમરસસ્વભાવી છે ! એની ભાવનામાં એની વિરુદ્ધ ભાવનાનો અવકાશ

નથી પણ એની ભાવનામાં આવવું જોઈએ. ઓળખીને, ઓળખાણ કરીને એની ભાવનામાં આવવું જોઈએ. એ બહુ મોટી વાત છે.

ભાવનાનો વિષય છે એ આ માર્ગનો એકદમ પાયાનો વિષય છે. એટલે આ શાસ્ત્રમાં તો એ વાત અનેક જગ્યાએ આવે છે. ભાવનાના બોલ છે. ૨૧થી શરૂ થાય છે. ૨૧, ૨૩ અને આ ૫૫, પછી ૬૭, ૯૨, ૧૦૩, ૧૬૪, ૨૨૪, ૨૬૩, ૨૮૯, ૩૪૭. ભાવનાના આટલા બોલ આવ્યા છે. વિશેષતા એ હોય છે કે, એક જગ્યાએ એક જ વિષયના બધાં પડખાં કહેવાતા નથી તેથી તે જ વિષયના અનેક પડખાં, તે જ વિષયની અનેક વિશેષતાઓ ભિન્ન ભિન્ન બોલમાં આવે છે.

જેમકે, ૨૧મા બોલથી અહીંયાં શું ફેર છે ? કે, અહીંયાં એટલું કહ્યું કે, ભલે થોડો વખત લાગે છે પણ ભાવના સફળ નથી થતી એવું બનતું નથી. એટલી વાત વિશેષ છે. સફળતાની વાત તો ત્યાં પણ છે પણ અહીંયાં એટલી વિશેષ વાત ખોલી છે કે, કદાચ મંદ પુરુષાર્થના કારણે કોઈ જીવને જેટલું કારણ આપવું જોઈએ એટલું કારણ ન અપાય, તો થોડો સમય લાગે છે પણ એ સમય લાગે છે એટલી જ વાત છે, એમાં નિષ્ફળ જવાની વાત નથી. એટલી સ્પષ્ટતા વિશેષ આવી છે. દરેક બોલમાં એવું હોય છે કે, વિષય તેનો તે હોય છે પણ એની જુદી જુદી વિશેષતાઓ બોલની અંદર આવે છે. જે ૫૫મા બોલ સંબંધિત છે.

એ ભાવનાના જ વિષયને આગળ ઉપર ચારિત્રના પરિણામ ગણવામાં આવે છે. સ્વરૂપમાં એકાગ્રતાને આચાર્યોએ ચૈતન્યની ભાવના કહી છે કે જે પરિણામ – ચૈતન્યની ભાવનારૂપ જે પરિણામ ચૈતન્યથી જુદાં ન રહે, ચૈતન્યની સાથે અભેદ અનુભૂતિ સ્વરૂપ જ રહે એને ચૈતન્યની ભાવના કહી છે. કેમકે ભાવનામાં દૂરપણું પોસાતું નથી. ભાવનામાં દૂરપણું પોસાતું નથી તો અહીંયાં તો ભાવનાનો વિષય ચૈતન્ય એટલે પોતે જ છે અને પોતાના પરિણામ પોતાના સ્વરૂપથી અન્યથા બીજી રીતના, બીજા પ્રકારના (થાય તો) ભાવનાવાનને પોસાતું નથી. એથી એની ચરમસીમા એ છે કે, ચૈતન્યના પરિણામ ચૈતન્યની ભાવનાથી ચૈતન્યમાં અભેદ જ રહી જાય અને ત્યાંથી ભેદભાવમાં આવે જ નહિ એને ખરેખર ચૈતન્યની ભાવના કહેવામાં આવે છે.

એ વિષય લીધો છે 'જયસેનાચાર્યદેવ'ની ('સમયસાર'ની) ૩૨૦મી ગાથામાં. (પુસ્તકનું નામ) 'જ્ઞાનચક્ષુ' છે ને ? તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે,... ભાવનામાં ભાવવું હોય છે. સીધો ધ્યાનનો જ વિષય લીધો છે. ધ્યાન છે એ ચારિત્રના પરિણામ છે – એકાગ્રતાના પરિણામ છે. ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે, જે સકળનિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું – એમ ભાવે છે. પરંતુ એમ ભાવતો નથી કે,.. એમ પણ લીધું. પરંતુ એમ ભાવતો નથી કે, ખંડજ્ઞાનરૂપ

હું છું. વર્તમાન ક્ષયોપશમજ્ઞાન છે આત્માની સાથે અવલંબનથી જુદું પડેલું જ્ઞાન છે એ ખંડજ્ઞાનરૂપ છે. પછી ભલે એ મનની સાથે સંબંધ ધરાવે કે કોઈ પણ ઇન્દ્રિય સાથે સંબંધ ધરાવે એ ખંડજ્ઞાનરૂપ છે. અને અતીન્દ્રિયજ્ઞાન છે તે અખંડ સાથે અભેદ હોવાથી એને અખંડ જ્ઞાન કહેવામાં આવે છે. વસ્તુ અખંડ છે, વસ્તુના સ્વાકાર ભાવે ભાવનાથી થયેલી પર્યાય પણ અખંડ ગણવામાં આવે છે. અક્ષય, અમેય, અખંડ બધા વિશેષણ એને લાગુ પડે છે. પછી ઉપર પણ છે કે, માટે આમ ઠર્યું કે શુદ્ધ પારિણામિકભાવ વિષયક એટલે કે શુદ્ધ પારિણામિકભાવને અવલંબનારી જે ભાવના (છે) તે રૂપ જે ઉદય સિવાયના ઔપશમિક આદિ ત્રણ ભાવો – સમ્યક્ પ્રકારનો ઉપશમભાવ, સમ્યક્ પ્રકારનો ક્ષયોપશમભાવ અને સમ્યક્ પ્રકારનો ક્ષાયિકભાવ. એ ત્રણ ભાવો સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે, તે ભાવનાને અહીંયાં વીતરાગભાવ કહ્યો છે – ચારિત્રભાવ કહ્યો છે, રાગાદિ રહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી તે મોક્ષના કારણ છે. એ ત્રણે પરિણામો મોક્ષના કારણ છે. પરંતુ શુદ્ધ પારિણામિક નહિ, અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. અહીંયાં ક્ષણિક ઉપાદાનની વાત લીધી છે. એને મોક્ષનું કારણ અહીંયાં કહેતા નથી. શુદ્ધોપયોગને મોક્ષનું કારણ કહ્યું. પછી ઉપશમભાવે હોય, ક્ષયોપશમભાવે હોય (કે) ક્ષાયિકભાવે હોય, શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે. કેમકે પારિણામિકભાવ તો ત્રિકાળી જ છે. જો એ મોક્ષનું કારણ હોય તો બધાને મોક્ષ જ હોવો જોઈએ. પણ એ તો સદાય હયાત છે પણ એની ભાવનારૂપ જે આ ત્રણ પ્રકારના પરિણામ છે એ મોક્ષનું કારણ થાય છે, એ મોક્ષને પ્રગટાવે છે. એમ લેવું છે.

પ્રશ્ન :– પર્યાય મોક્ષનું કારણ ?

સમાધાન :– હા, પૂર્વ પર્યાય. એમ કહીને એમ કહેવું છે કે, એમને એમ ઘણાં મોક્ષ માને છે. મોક્ષ તો ષટ્દર્શનની અંદર – આસ્તિક્ય દર્શનમાં સ્વીકારેલો છે. જૈન સિવાય પણ બાકીના પાંચ દર્શનો મોક્ષને માને છે પણ એ શુદ્ધોપયોગને માનતા નથી અથવા શુદ્ધોપયોગ શું છે એની જ એને ખબર નથી. એમ છે. એટલે એમ કહે છે કે, મોક્ષનું કારણ શું ? જો ત્રિકાળીને મોક્ષનું કારણ કહો તો ત્રિકાળી તો સદાય છે. પણ જ્યાં સુધી ત્રિકાળીનું અંતર અવલંબન લેવામાં આવતું નથી ત્યાં સુધી મોક્ષ થતો નથી, એમ લેવું છે. એટલે એને કારણમાં નાખ્યું. છે, વ્યવહાર કારણ છે.

પછી ભાવનાના જ વિષયને લ્યે છે કે, એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે, 'નિષ્ક્રિય શુદ્ધ પારિણામિકઃ' અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. તો નિષ્ક્રિયનો શો અર્થ છે ? એમ કહેતાં કે, બંધના કારણભૂત જે ક્રિયા રાગાદિ પરિણતિ એ ક્રિયાથી રહિત, તે રૂપ નથી. અને મોક્ષના કારણભૂત જે ક્રિયા એટલે કે શુદ્ધ ભાવના પરિણતિ. મોક્ષના કારણરૂપ ક્રિયાને શું કીધું

? કે, શુદ્ધભાવના પરિણતિ. શુદ્ધભાવના પરિણતિને મોક્ષનું કારણ કહ્યું. અહીંયાં પણ 'ભાવના' શબ્દનો પ્રયોગ કર્યો છે. એમ આ ગાથાની અંદર ભાવનાની વાત ચારિત્રથી લીધી છે અને બીજાં પણ અનેક શાસ્ત્રોમાં શુદ્ધ વીતરાગભાવ, મુનિદશાનો ભાવ, એકાગ્રતા – સ્વરૂપ એકાગ્રતાને ચૈતન્યની ભાવના ગણવામાં આવી છે. પણ મૂળમાં જ્યારથી અંતર્મુખી પુરુષાર્થ શરૂ કરે ત્યારથી જ ખરી ચૈતન્યની ભાવના કહેવામાં આવે છે.

પ્રશ્ન :– કેવા દ્રવ્યને ભાવે છે ? એ સમજાવો ને.

સમાધાન :– તે જ હું છું... તે જ હું છું... ભાવનામાં આમ આવે છે. ભાવનાનો વિષય શું લીધો ? કે, શુદ્ધ પરમપારિણામિકભાવ પ્રત્યક્ષ અનંત ગુણનિધાન પ્રત્યક્ષ આત્મસ્વરૂપ જે અંદરમાં છે એ સ્વરૂપે પ્રત્યક્ષ છે, સહજ પ્રત્યક્ષ છે. તો એ જ હું છું... એ જ હું છું... એ જ હું છું... એવું બધા ગુણોનું પરિણમન. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં પત્રોની અંદર એમ લીધું કે, ભગવાન હું... ભગવાન હું... ભગવાન હું... હે ગુરુદેવ ! આપના બોધથી ભગવાન હું... ભગવાન હું... ભગવાન હું... એમ પરિણામ થવા લાગ્યા. હું છું, હું... હું... આ હું છું... આ હું છું... આ હું છું... આ હું છું... એમ પોતાની હયાતી – અસ્તિત્વ ઉપર બધા ગુણોનું જોર આવે છે. શ્રદ્ધા તો પૂરીપૂરી શક્તિથી જોર કરે છે કેમકે એનો વિષય તો એકલું નિર્વિકલ્પ અસ્તિત્વ છે. પણ જ્ઞાન, આચરણ, પુરુષાર્થ બધા જ ગુણો એક જ બાજુ કામ કરવા લાગે છે ત્યારે જીવ સંસારથી છૂટીને મોક્ષને પ્રાપ્ત કરી લ્યે છે.

આગળ લીધું કે, જે પર્યાય શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જે પર્યાય એટલે આ શુદ્ધ ભાવના પરિણતિ છે, મોક્ષનું કારણ છે તે પણ પારિણામિકભાવથી કથંચિત્ ભિન્ન છે. શા માટે ? કે, ભાવનારૂપ હોવાથી. પારિણામિકભાવ છે એ ભાવનારૂપ નથી. જ્યારે એને અવલંબનારી પર્યાય છે એ એની ભાવનારૂપ છે. એ પારિણામિકભાવ ભાવનાનો વિષય છે અને ભાવના એની વિષયી – પર્યાય છે. એમ બે જુદી જુદી વાત છે. એક ક્રિયારૂપ છે, એક નિષ્ક્રિય છે. એક અવલંબનભૂત વિષય છે, એક અવલંબન લેનાર છે, એમ છે. એક દ્રવ્ય છે અને એક પર્યાય છે. દ્રવ્યસ્વભાવ છે, દ્રવ્ય એટલે દ્રવ્યસ્વભાવ છે. શા માટે તે કથંચિત્ ભિન્ન છે ? (કેમકે) ભાવનારૂપ હોવાથી. શુદ્ધ પારિણામિકભાવ તો ભાવનારૂપ નથી. એ કાંઈ ભાવનારૂપ નથી, એ તો ભાવરૂપ છે કે જેની આ ભાવના છે. એવા એ ભાવરૂપ છે. 'ચિત્સ્વભાવાય ભાવાય' 'સમયસાર'ના પહેલાં કળશમાં 'ભાવ' શબ્દ લીધો કે, એ તો ભાવરૂપ છે. એને નમસ્કાર છે, એનું અવલંબન છે, એમાં નમવું છે, એમાં ઢળવું છે.

શુદ્ધ પારિણામિકભાવ તો ભાવનારૂપ નથી. જો તે પર્યાય એકાંતે શુદ્ધ પારિણામિકભાવથી અભિન્ન હોય તો મોક્ષનો પ્રસંગ બનતા આ ભાવનારૂપ મોક્ષકારણભૂત પર્યાયનો વિનાશ થતાં

શુદ્ધ પારિણામિકભાવ પણ વિનાશને પામે છે. (કેમકે) પછી મોક્ષમાં ભાવના નથી. ભાવના ક્યાં સુધી લીધી ? માર્ગ સુધી ભાવના લીધી. મોક્ષમાં પહોંચ્યો એટલે પછી ભાવનાની વાત છે એમ કહેવાનું રહેતું નથી. જેમ ભગવાનને ચારિત્ર છે એમ કહેવાનું રહેતું નથી. એમ ભાવના છે એમ કહેવાનું રહેતું નથી. કેમકે ભાવનાનો નાશ થયો. જો ભાવના અને પારિણામિકભાવ એક હોય તો ભાવના નાશ થતાં પારિણામિકભાવનો પણ નાશ થાય. માટે બન્ને ભિન્ન ભિન્ન છે, પણ એમ તો બનતું નથી. એમ કહીને અહીંયાં ભાવનારૂપ મોક્ષના કારણભૂત પર્યાય લીધી છે. એ મોક્ષમાર્ગની પર્યાય છે. એટલે આ જે ચૈતન્યની ભાવના છે, એ મોક્ષમાર્ગમાં પરિણમે છે. એટલે શરૂઆતથી જ એ ભાવના... ભાવના... ભાવના... ભાવના... ભાવનાની વાત લ્યે છે.

મુમુક્ષુ :– સકળ નિરાવરણ દ્રવ્ય કીધું એ સમજાવોને !

પૂજ્ય ભાઈશ્રી :– સકળ નિરાવરણ છે. આમાં શું છે કે દ્રવ્ય છે એના વર્ણનના મહિમા અર્થે એનો રસ આવતાં એમાં જે ગુણસંપત્તિ પડી છે, એમાં જે અદ્‌ભુત આશ્ચર્યકારક ગુણરત્નો રહેલાં છે. આ શાસ્ત્રમાં તો એમ કહેશે કે, પ્રદેશે પ્રદેશે અનંત ગુણના ઓરડા ભરેલા છે. પ્રદેશ એક ! કેટલો ? આત્માનો એક પ્રદેશ એટલે એક પરમાણુ રોકે એટલું ક્ષેત્રફળ. એટલે Minimum. એનાથી પછી બે ભાગ ક્ષેત્રફળમાં ન થઈ શકે. એમાં એક એક પ્રદેશે અનંત ગુણના ઓરડા ભર્યા છે ! આવી વાતો લીધી છે. એવું મહાન દ્રવ્ય છે ! જ્ઞાનલક્ષણથી જો એ લક્ષિત થાય, લક્ષમાં આવે તો એ જ્ઞાનમાં ભાસે – એનું ભાવભાસન થાય. જેવા ભાવે – જેવા સ્વભાવે છે એવું ભાસે તો એને આવો જ છું... આવો જ છું... આવો જ છું... અનાદિથી નહિ જોયેલો હોવાથી અને અદ્‌ભુતથી અદ્‌ભુત હોવાથી એનું છુંપણું... છુંપણું... છુંપણું... જ્યાં સુધી પર્યાય પૂર્ણ ન થાય ત્યાં સુધી એ ચૈતન્યની ભાવના મોક્ષમાર્ગી જીવને – સાધક જીવને અવિરતપણે ચાલુ રહે છે. એવો ભાવનાનો વિષય પરિણામની અંદર વિશેષે કરીને સમજવા યોગ્ય છે.

**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો; રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં તું રોકાઈ ગયો. અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ! બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ? ૫૬.**

૫૬મો (બોલ). '**જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો, રોકાઈ ગયો;...**' સામાન્યપણે જીવના પરિણામ જેના ઉપર મમત્વ છે એવી નાની-મોટી વસ્તુઓ ઉપર કેવી રીતે પ્રવર્તી રહ્યાં છે એ સંબંધીનું માર્ગદર્શન છે. પછી એ વસ્તુમાં રૂપિયા હોય અને રૂપિયા ખોવાણા હોય (તો તેમાં આખો ખોવાઈ જાય). ઘરની બાજુમાં રસ્તા ઉપરનું ઝાડ હોય ને પડે અને ઘર ભાંગી જાય. શરીર, લ્યો ! સૌથી વધારે નજીક તો (શરીર છે). જીવોને – સર્વ જીવોને દેહનું આલંબન તો વિશેષ છે. '**પુત્ર આદિમાં...**' પુત્ર-પરિવાર આદિ બધા આવી જાય. જેના ઉપર વિશેષ રાગ હોય, કુટુંબના કોઈપણ સભ્ય ઉપર (વિશેષ રાગ હોય). આદિમાં દરેકને જુદો જુદો ઉદય હોય છે. બધાને એકસરખો ઉદય હોતો નથી.

'**તું રોકાઈ ગયો.**' શું કહે છે ? જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી. મહાન પરમાત્મા – પોતે મહાન પરમાત્મા આખો ખોવાઈ ગયો એ તો જોતો જ નથી. ત્રણલોકનો નાથ હોવા છતાં આખો ખોવાઈ ગયો એ જોતો નથી અને એક વસ્તુ ખોવાણી તો એની પાછળ એની શોધમાં પોતે આખો ખોવાઈ ગયો, આમ છે. અને ન ખોવાણી હોય તોપણ એની હયાતીમાં એની પાછળ ખોવાઈ ગયો છે. પેલું તો હોય અને જાય ત્યારે એને ખોવાણું એમ કહેવામાં આવે છે. પણ એ ખોવાણો ક્યારથી છે ? કે, જ્યારથી એના ઉપર એકત્વ છે ત્યારથી.

ખરેખર તો પોતે ત્રિકાળી હોવા છતાં એક સમયની પર્યાય જેવડો, જેટલો (માની રહ્યો

છે). એમાં પણ વિકારી ઉદયભાવરૂપ પર્યાય જેવડો, જેટલો પોતાને માનીને એમાં ખોવાઈ ગયો છે. પછી એની પરંપરા ચાલી છે અને એ ઉદયમાં જેટલાં જેટલાં પદાર્થો આવે છે એમાં રૂપિયા, ઘર, કુટુંબ-પરિવાર, આબરૂ-ઇજ્જત, શરીર એ બધું એમાં આવી જાય છે. કેટલાંકને તો એવું હોય છે, શરીર સારું હોય, પૈસેટકે ખુશી હોય, ઘર-મકાન, કુટુંબ-પરિવાર બધું અનુકૂળ હોય પણ એક આબરૂનો પ્રસંગ ઊભો થાય ને આપઘાત કરે ! બધુંય બરાબર હોય પણ એમ કહે કે, આમાં તો આબરૂનો સવાલ છે. એની કલ્પનામાં આપઘાત કરે છે. એવા કિસ્સાઓ બને છે.

એમાં ખોવાઈ ગયો એટલે એમાં રોકાઈ ગયો છે. જીવ અનાદિથી પોતાને ભૂલીને, આખેઆખો પોતાને ભૂલીને આ બાહ્ય પદાર્થની અંદર, કોઈને કોઈ એક વસ્તુમાં પોતે આખો ખોવાઈ ગયો છે. એણે શું કરવું ? **'અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો !'** આ આવે છે ને ? મોક્ષમાર્ગમાં તો પંચમ ગુણસ્થાનથી અમુક વિધિ આવે છે. સવાર, બપોર અને સાંજ ધ્યાનમાં બેસે છે – એને ત્રિકાળ સામાયિક કહે છે. એની અંદર વિચારણાનો આ વિષય હોય છે કે, સવારથી બપોર સુધીના બપોરની સામાયિકમાં પહેલાં વિચાર કરી લ્યે કે, ક્યાં રહ્યો ? આમ તો અવલોકન તો ઘણું બારીક હોય છે તોપણ પાછું ફરીને (જોઈ જાય). એટલી બધી પદ્ધતિ લીધી છે.

દુનિયામાં પણ એવું જ છે ને ? કે, એક હિસાબકિતાબની વ્યવસ્થા રાખી હોય તો એક જ લેતીદેતી માટે અનેક જાતના હિસાબકિતાબના ચોપડાની વિધવિધ પ્રકારની વ્યવસ્થા રાખે કે, અહીંયાં ભૂલ થાય તો પેલા ચોપડામાં પકડાઈ જાય અને ત્યાં પણ ભૂલ થાય તો ત્રીજામાં પકડાઈ જાય, નહિ તો ચોથામાં પકડાય, નહિતર પાંચમામાં પકડાય. આ બેન્કો અને બીજા મોટા મોટા જે હિસાબકિતાબના વ્યવસાયો હોય છે એની અંદર લેતીદેતી તો જે થાય છે ઈ થાય છે પણ એમાં ભૂલ થાય અને ખોવાઈ ન જાય, ભૂલ ન જડે અથવા એવું ન બને અને જડી જાય એના માટે વિધવિધ પ્રકારના એના તરીકા – એની પદ્ધતિ ગોઠવીને એકથી વધારે પ્રકારની વ્યવસ્થા ગોઠવાય છે. એનો અર્થ શું છે ? ત્યાં એટલી બધી કાળજી રાખવામાં આવે છે કે, પ્રયોજનભૂત ગણીને એટલી બધી કાળજી રાખવામાં આવે છે કે સાંજે મેળમાંથી ન પકડાય તો ખાતાવહીમાંથી પકડાય જાય અને ખાતાવહીમાંથી ન પકડાય તો રજીસ્ટરમાંથી પકડાય જાય અને રજીસ્ટરમાંથી ન પકડાય તો ત્રીજી સુધાવહીમાંથી પકડાય અને વાઉચર ઉપરથી પકડાય જાય. (એમ) અનેક જ્ગ્યાએ વિધવિધ પદ્ધતિથી એની નોંધ રાખવાનું શું કારણ ? કે, અહીંયાં નહિ ને અહીંયાં જુઓ, અહીંયાં નહિ ને અહીંયાં જુઓ, અહીંથી નહિ (તો) અહીંથી પકડાય જશે.

એમ અહીંયાં કહે છે કે તું ચાલુ વર્તમાન ઉદયમાં તો જાગૃત રહે પણ પાછો સવાર, બપોર ને સાંજ ફરીફરીને એની જાગૃતિમાં જોઈ જા કે, તું ક્યાં ક્યાં જાય છે ? તારા પરિણામ કેમ જાય છે ? કેવી રીતે જાય છે ? શા કારણે જાય છે ? કેટલા રસથી જાય છે ? શું કલ્પના થાય છે ? એ વગેરે અનેક રીતે જોવામાં આવે છે કે, **'અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો !'** એટલે આ દિવસના અંતે લીધું કે, દિવસમાં એકવાર આખો દિવસ ઉદયના કાર્યોમાં તારી જાગૃતિ રહી કે આખો દિવસ ખોવાઈ ગયો ને રોકાઈ ગયો ? તો ક્યાં ક્યાં રોકાણો એ તો જો. શું કરવા રોકાણો એ તો જો અને એમાં તેં અશાંતિનું કારણ સેવ્યું કે શાંતિનું કારણ સેવ્યું ? આનો વિચાર – વિવેક તો તું કર. એમ લેવું છે.

પહેલેથી માર્મિક વાત તો એ છે કે, આવો આખેઆખો મહાન પદાર્થ પોતે છે એ ખોવાઈ ગયો છે એ જોતો જ નથી, એને તો પોતે જોતો જ નથી અને જો કોઈ એક ચીજ ખોવાઈ જાય તો એની પાછળ આખેઆખો ખોવાઈ જવા તૈયાર છે, રોકાઈ જવા તૈયાર છે. જ્યાં સુધી એને પોતાની ચીજ ન જડે ત્યાં સુધી એને ફરી ફરીને બીજા કામમાં પણ એ યાદ આવ્યા કરે છે. ઉદય ફરે, બીજા કામમાં ઉપયોગ જાય પણ ખોવાયેલી ચીજની ખટક રહે છે. આ ચીજ ખોવાઈ ગઈ છે, હોં ! આ કોઈ હીરાનો નાનો દાગીનો હોય છે એ ખોવાઈ જાય છે તો આ ખોવાઈ ગયું છે... આ ખોવાઈ ગયું છે... આ ખોવાઈ ગયું છે... બીજા કામ કરતાં પણ એ જાય નહિ કે આ ખોવાઈ ગયું છે. એનો અર્થ કે એમાં એ આખેઆખો ખોવાઈ જાય છે. પોતાના પરિણામ તપાસે તો એને ખરેખર વાસ્તવિક અનુભવ કેવો થાય છે એનું બહુ સારું ચિત્ર આની અંદર છે.

મુમુક્ષુ :– ઉદયમાં જ ખોવાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેવો ખોવાઈ જાય છે પણ ! આખેઆખો ! જાણે પોતે આત્મા છે એ વાત જ રહેતી નથી. ઉદયમય – તન્મય થઈ જાય છે અને એમને એમ અનંતકાળ કાઢ્યો છે. એમને એમ અનંતકાળ કાઢ્યો, કેવળજ્ઞાન અનુસાર એ વાત પ્રસિદ્ધ છે કે, ભાઈ ! ત્રસપર્યાયનો કાળ બહુ મર્યાદિત છે. આ જ રીતે આત્માની જેને ખેવના નથી, દરકાર નથી, ઉપેક્ષા છે અને ઉદયના પદાર્થોની જ, ઉદય કાર્યોની જ માત્ર સાવધાની અને દરકાર છે (તે) બહુ અલ્પ કાળની અંદર અનંત કાળ માટે જીવ નિગોદમાં ચાલ્યો જાય છે. આ એક પરિસ્થિતિ એટલા માટે બતાવવામાં આવે છે કે, પોતે પોતાના સમયનો જે દુરુપયોગ થાય છે એમાંથી ચેતે. એ સમય બહુ મર્યાદિત છે અને મર્યાદિત સમયમાં સાચો માર્ગ પકડી લેવાનો છે, પછી વાંધો નથી. માર્ગે ચડ્યા પછી વાંધો નથી. કેમકે પછી કુગતિ બંધ થાય છે. પછી ભલે એને પૂર્ણ થવામાં સમય લાગે છે પણ માર્ગે પડ્યા પછી વાંધો નથી અને માર્ગે પડવામાં અભિપ્રાય તો એમ છે કે એક સમયમાં

પૂર્ણ થવાતું હોય તો એને પ્રમાદ કરવાનો માર્ગમાં હોતો નથી. જે સહજ કુદરતી સમય લાગે છે એ જ લાગે છે.

વિચિત્રતા કેવી છે ? કે, જે ચીજ પોતાની નથી, કાયમ પોતા સાથે રહેવાની પણ નથી, ગમે તેટલું મમત્વ કરે, શરીરથી માંડીને, રૂપિયાથી માંડીને, ઘરથી માંડીને, કુટુંબ-પરિવારથી માંડીને ગમે તેટલું મમત્વ કરે, ગમે તેટલા તીવ્ર રસથી મમત્વ કરે, કોઈ સંયોગ હંમેશાં રહે એવું કોઈના માટે બન્યું નથી, બનવાનું પણ નથી. એની પાછળ આખેઆખો ખોવાઈ જાય છે અને જે શાશ્વત ચીજ પોતે છે એની દરકાર કરતો નથી ! આ એક જીવની બહુ મોટી વિચિત્રતા છે.

**'જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે (તેની પાછળ) આખો ખોવાઈ ગયો,...'** આ બહુ માર્મિક વાત લીધી છે. એક વસ્તુ ખોવાણી તો એની પાછળ આખો ખોવાઈ ગયો અને ન ખોવાણી તોપણ એની પાછળ આખો ખોવાઈ ગયો. જેના ઉપર એને વિશેષ મમત્વ છે ત્યાંને ત્યાં એના પરિણામ રહ્યાં કરે છે, ત્યાં ખોવાઈ ગયો, ત્યાં રોકાઈ ગયો. પછી આ બધી વિધવિધ પદાર્થોની વાત લીધી કે, રૂપિયા, ઘર, શરીર અને પુત્ર આદિ કોઈપણ કુટુંબ-પરિવારના સભ્ય એવા કોઈને કોઈ પદાર્થમાં તું રોકાઈ ગયો, એની પાછળ જ તારો બધો સમય અથવા મુખ્ય પરિણામ એને અનુસરીને થાય, મુખ્ય પરિણામ અને એની જ પરિણતિ રહ્યાં કરે. એની પરિણતિ રહ્યાં કરે છે એટલે એમાં એ ખોવાઈ ગયો છે. ઉપર ઉપરથી આત્માનો વિચાર કરે પણ પરિણતિમાં ખોવાયેલો તો ત્યાં છે અને ઉપર ઉપરથી વિચાર કરે (પણ) વિચાર કાંઈ કામમાં આવતો નથી.

સાધકજીવનું એથી વિપરીત છે – એ પરિણતિમાં આત્મામાં ખોવાઈ ગયા છે એટલે એનો ઉપર ઉપરનો ઉપયોગ ક્યાંય બહાર જાય તો એ ઉપયોગની કાંઈ સફળતા થતી નથી. એને એ નિષ્ફળ જાય છે – બહારનો વિચાર નિષ્ફળ જાય છે. અહીંયાં (અજ્ઞાનીને) આત્માનો વિચાર નિષ્ફળ જાય છે. એનું કારણ કે ખોવાઈ ગયો છે, પોતે રોકાઈ ગયો છે.

**'અરે ! તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઈ ગયો !'** કે, કોઈને કોઈ ચીજને અનુસરીને **'બહારમાં ને બહારમાં રોકાઈ ગયો...'** જો તું આખો દિવસ બહારમાં ને બહારમાં રોકાઈ રહેતો હોય તો **'ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ?'** એમ કહે છે. જો આ પરિણામની સ્થિતિ હોય કે પરિણામ બહાર ને બહાર જ રહેતા હોય તો પછી આત્મપ્રાપ્તિ થવાનો અવસર ક્યાં રહે છે ? કે, આત્મપ્રાપ્તિ થવાની કોઈ પરિસ્થિતિ રહેતી નથી.

એનો અર્થ એ છે કે, જો પોતે તપાસે તો એને ખબર પડે છે કે, મારા પરિણામ ક્યાં ક્યાં બહાર ને બહાર જ રહ્યાં કરે છે ? અને જે રીતે બાહ્ય પદાર્થોની પાછળ આખેઆખો

ખોવાઈને રહે છે; જાય છે તો પરિણામ, પણ એ પરિણામમાં એકત્વ હોવાથી આખેઆખો રોકાઈ જાય છે. કિંચિત્માત્ર પણ સ્વરૂપની સાવધાની રહેતી નથી એમ કહેવું છે. એટલે આખેઆખો લીધો છે કે, થોડી પણ એને સાવધાની નથી કે, હું એક આત્મા છું. આ એને આત્માની વાત સાંભળીને ફેર અહીંથી પડવો જોઈએ. જો ઉદયમાં ફેર ન પડે તો આ વાત સાંભળી નથી. ઉદયની અંદર જે રીતે જીવ ખોવાઈ જાય છે એવી ને એવી રીતે જો ખોવાયેલો રહે તો એણે આ વાત શું સાંભળી ? બરાબર છે ? જો આ વાત ખરેખર કાંઈક મહત્ત્વવાળી છે એવી આત્માની વાત એણે સાંભળી તો એને જે અનાત્માનો ઉદય છે એમાં એને આત્મા સાંભરવો જોઈએ.

મુમુક્ષુ :- ઉપરની સપાટી ઉપરથી જ ચાલ્યું જાય છે, ઊંડાણમાં જાતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડાણમાં જાતો નથી. પાત્રતાની નિશાનીમાં 'શ્રીમદ્જી'એ એક જગ્યાએ લીધું છે કે, જો ભોગમાં યોગ સાંભરે તો સમજવું કે કાંઈક પાત્રતા છે. એનો અર્થ શું ? યોગ એટલે આત્મહિત કરવાની વાત સાંભરે. બહારના ઉદયના કાર્યમાં જતાં પણ મારે આત્મહિત કરવાનું બાકી છે, મારે મારું કરવાનું છે, હિત કરવાનું છે એમ જ્યાં અંદરથી ખટક ઉત્પન્ન થાય તો ઉદયની અંદર જે આખેઆખો ચાલ્યો જાય છે એમાં રુકાવટ ઊભી થાય. પણ કાંઈ થાય જ નહિ અને એમને એમ ચાલ્યો જાય તો એને માટે એમ કહેવાય છે કે, તું ખોવાઈ ગયો, આખેઆખો ખોવાઈ ગયો, આખેઆખો રોકાઈ ગયો.

તું કેટલો મહાન છે એ વાત જરા પણ તારા લક્ષમાં રહેતી નથી. એનું કારણ એ છે કે, જે બાહ્ય પદાર્થો પાછળ એ ખોવાઈ જાય છે કે રોકાઈ જાય છે એ પરિણામમાં દીનતા ઘણી છે અને સ્વરૂપે પોતે દીન નથી પણ સ્વરૂપે પોતે ઘણો મહાન છે. તો એને દીનતામાં ફેર પડવો જોઈએ.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં તો ત્યાં સુધી વાત લ્યે છે કે, આમ તો દેવ-ગુરુ-શાસ્ત્ર મહિમા કરવાયોગ્ય છે, એની મહિમા અને ભક્તિના રાગના પરિણામ સાધક દશામાં મોક્ષમાર્ગમાં જીવને અવશ્ય આવે છે, આવ્યા વિના રહેતા નથી તોપણ દ્રવ્યની દૃષ્ટિથી એના ઉપર એવો દૃષ્ટિપાત કર્યો છે કે એ પણ એક પ્રકારની દીનતા છે. શું લીધું છે ? દીનતા લીધી છે ! કેમકે ભગવાનની મહિમા તો ભક્તભાવે કરે છે ને ? પોતે ખરેખર ભક્ત નથી – સ્વરૂપે કાંઈ ભક્ત નથી. સ્વરૂપે તો ભગવાન છે. એ પરિણામ અવસ્થામાં કચાશ હોય, અવસ્થામાં અપૂર્ણતા હોય ને એવા ભક્તિના ભાવ આવે જ આવે, આવ્યા વિના રહે નહિ તોપણ આ દૃષ્ટિકોણથી એ દીનતાના પરિણામ છે. ત્યાં પણ રોકાવાની ભગવાનની આજ્ઞા નથી. ભગવાન એમ કહે છે કે, એ મારી આજ્ઞા નથી કે તું મારી ભક્તિ કર્યા કર, તું મારો ભક્ત થઈને રહે અને તું મારી સેવા કર.

એ વાત સત્પુરુષથી માંડીને ભગવાન સુધી કોઈ કહેતું નથી. આમ વાત છે. એ તો એમ કહે છે કે, અમને તો અપેક્ષા નથી. તારી ભક્તિ, સેવાની અપેક્ષા અમને કાંઈ નથી. અપેક્ષા હોય તો અમે એમ રાખીએ કે ભલે તું આ કર. આ કરે છે (તો) આ તારી વાત ઠીક છે, એમને એમ કરજે, ભક્તિ કરજે, સેવા કરજે, પણ એ તો અપેક્ષાવાળાને હોય. જેને ઉપેક્ષા છે એને એ વાત હોતી નથી. આમ છે. એટલે એ કાંઈ ચાહતા નથી. ઊલટાનું એમ કહે છે કે, તારું હિત તો તારા ભગવાનને વળગવામાં છે. તું પણ અમારા જેવો સ્વરૂપે કરીને ભગવાન જ છો અને અમારી બરાબર અમારા સ્થાનમાં આવીને બેસ એ વાત તને યોગ્ય છે. અમારી ભક્તિના પરિણામ પણ યોગ્ય છે એ તારા આત્માને માટે અમે એ વાત લેતા નથી. બાજુમાં બેસાડવા માગે છે, ચરણમાં બેસાડવા માગતા નથી ! 'ગીતા'માં એવો શ્લોક આવે છે કે, તું એક મારા ચરણમાં આવી જા, હું તને છોડાવી દઈશ, એકલા મારા શરણમાં આવી જા, ચિંતા કરીશ નહિ. પછી તારે કાંઈ ચિંતા કરવાની જરૂર નથી, એકવાર અમારા શરણમાં આવી જા. અહીંયાં કહે છે કે, તું અમારી ભક્તિ કરે એ અમારે સિદ્ધાંત નથી. અમારા જેવો છો, અમારી બાજુમાં બેસ. એવી વાત છે. એ વાત ક્યાંય નથી, એ વાત ક્યાંય નથી. એમ છે.

મુમુક્ષુ :- આ બહુ મોટી વૈજ્ઞાનિક વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોટી વાત છે એનું કારણ કે કોઈપણ ધર્મમતમાં જાવ તો આ વાત નહિ મળે. એનું કારણ શું કે, જે ઉપદેશકો છે, ભલે કોઈપણ કક્ષાના ઉપદેશક હોય, કોઈપણ સ્તરના હોય તો એ અપેક્ષા લઈને બેઠા છે. જે એની બાજુ અનુરાગ ધરાવે છે એની અપેક્ષાઓ લઈને બેઠા છે. એટલે એને ત્યાંથી એમ કેમ વાત આવે કે, તું મારી ભક્તિ, સેવાથી, મારા અનુરાગથી પણ દૂર થઈ જજે. એ વાત ક્યાંથી એને આવે ? કેમકે એ તો અપેક્ષા લઈને બેઠા છે. ત્યારે આ તો વીતરાગ છે. માર્ગ વીતરાગ છે, ગુરુ વીતરાગ છે, દેવ વીતરાગ છે, શાસ્ત્રમાં પણ એની પોતાની જ વાત છે કે, અમારી વીતરાગતામાં જગતના કોઈ પદાર્થની, જગતના કોઈ જીવની ક્યાંય અપેક્ષા નથી. કેમકે એ અપેક્ષા પોતે જ વીતરાગતાથી વિરુદ્ધ છે. એટલે એ કેમ હોય ? એનું સ્થાન છે નહિ.

**'બહારમાં ને બહારમાં રોકાઈ ગયો,...'** ભલે કોઈને કોઈ પદાર્થ હોય, કોઈને કોઈ પદાર્થ હોય પણ એક વાક્યમાં લઈએ તો ગમે તે પદાર્થ પાછળ જીવ બહાર જ, બાહ્ય પદાર્થ આશ્રિત બાહ્ય પરિણામમાં જ રોકાયેલો છે. પછી એ ગમે તે પ્રકારના અશુભ કે શુભ હોય, એ બહારના પરિણામ છે એ બહારના પરિણામ છે અને એમાં આત્માને અનુસરીને કોઈ કાર્ય થતું નથી.

પ્રશ્ન :- બન્ને બોલમાં અવલોકનની વાત આવી ને ?

સમાધાન :- એ તો બધે એ જ વાત છે એમ કહીએ તો ચાલે. કેમકે પરિણામનો જ્યાં

વિષય છે ત્યાં પરિણામ તો ઉત્પાદ્-વ્યયરૂપ એક સ્થૂળ વિષય છે, જે સામાન્ય દ્રવ્યની સૂક્ષ્મતાને સરખામણીમાં લઈએ તો, તો એને પણ સમજે નહિ તો એથી સૂક્ષ્મ વિષયને જ્ઞાનમાં ગ્રહણ કરવાનો પ્રશ્ન ક્યાં રહે છે ? સ્થૂળ પરિણામમાં પણ જે બાહ્ય પરિણામ છે એ તો વધારે સ્થૂળ ભાવવાળા છે. એ પણ જ્ઞાનમાં ગ્રહણ ન થાય, જેને મોટો અક્ષર ન વંચાય અને ઝીણો અક્ષર ક્યાંથી વંચાય ? એના જેવી વાત છે. એને તો દૃષ્ટિ ઘણી સ્થૂળ થઈ ગયેલી છે.

એટલે (એમ નથી) વિચારવાનું છે કે, અશુભ પરિણામ કેટલા થયા અને શુભ ભાવ કેટલા આવ્યા ? અથવા દુકાને કેટલો વખત ગયો અને શાસ્ત્ર વાંચવામાં કેટલો વખત રોકાણો ? પરિણામ બહારને બહાર રહ્યાં કે અંદર આવ્યા ? આમ તું અંદર-બહારનો વિષય લે. પરિણામ અપેક્ષાએ જો તારે જોવું હોય તો પરિણામ જેટલા બહાર જાય એટલું નુકસાન. કેમકે એ અશાંતિ ઊભી કરે છે. અહીંયાં નુકસાન એટલે અશાંતિ અને જેટલાં પરિણામ અંદર આવે એટલી શાંતિ. એ લાભ છે. શાંતિ એ લાભ છે અને અશાંતિ એ નુકસાન છે. નુકસાનમાં સુખ-દુઃખનો હિસાબ છે. ભાવનો વિષય છે ને ? એટલે સુખ-દુઃખ છે એ વિષય છે.

પ્રશ્ન :– આ પરિણામ જે બહાર જાય છે અને જે સુખ-દુઃખનો અનુભવ થાય છે, એ આત્મિક સુખ છે ઈ નહિ ?

સમાધાન :– અંદરમાં જાય તો આત્મિક સુખ છે. અંદરમાં જાય એ તો આત્માને આશ્રિત અંતર્મુખી પરિણામ છે ને ? એમાં આત્મિક સુખ છે.

પ્રશ્ન :– શરૂઆતની ભૂમિકામાં તો ક્યાંથી આત્મિક સુખ હોય ?

સમાધાન :– શરૂઆતની ભૂમિકામાં ન જાય તોપણ વિચાર તો એણે એ જ કરવાનો છે કે, જેટલું પરિણામ બહાર રહેશે એટલાં દુઃખ અને અશાંતિ જ છે. એથી કાંઈ એનું ખાતું બદલી નાખવાનું નથી કે, અશુભમાં જાય એટલું નુકસાન, શુભમાં રહે એટલો લાભ – એમ ખાતું બદલવાનું નથી. પરિણામ બહાર રહે એટલું નુકસાન જ છે અને જે દી', જ્યારે, જેટલા અંશે આત્મામાં આવે તે દી', ત્યારે, તેટલા અંશે લાભ છે. આમાં કાંઈ ફેર કરવાનો નથી. પછી શરૂઆતવાળાએ પણ સિદ્ધાંતિક રીતે વાત તો આ જ રાખવાની છે. એમાં કાંઈ ફેરફાર કરવાનો છે એમ તો છે નહિ.

મુમુક્ષુ :– ખાતું ફેરવે તો લક્ષ બદલાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– તો તો એને શું છે કે, અશુભને છોડીને શુભમાં આવે છે એ તો અન્યમતિ પણ કરે છે. શરૂઆતવાળા શું કહેશે કે, અમારે તો શરૂઆત છે. બહુ બહુ તો અમે વેપાર-ધંધો (આદિ) બીજાં અશુભમાં પડ્યા છીએ એમાંથી ખસીને શુભમાં આવીએ. એટલું તો કાંઈક અમને ઠીક રહે – એ વાત (અહીંયાં) નથી. વાત તો અંદરમાં આવવાની છે, બહારમાં

રોકાવાની નથી. કેમકે એવા ફેરફાર તેં અનંતવાર કર્યાં છે. હવે, આ એક વાત છે કે, અહીંથી તું શરૂઆત કર, અંદરમાં આવવાથી શરૂઆત કર. તું બહારને બહાર જ રોકાઈ રહે છે. પહેલાં જગતમાં જગતના કાર્યોમાં બહારને બહાર રોકાતો હતો, હવે શાસ્ત્ર આદિ વાંચીને શુભ કાર્યમાં બહારને બહાર રોકાઈ રહે છે પણ રહે છે તો બહાર ને બહાર ને ? તો આ હિસાબ ધ્યાનમાં લેવાની વાત છે.

એ બહારને બહારમાં રોકાઈ ગયો. **'બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, ત્યાં ભાઈ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ?'** એમ કહીને પરિણામમાં દિશા બદલાતી નથી એના ઉપર અહીંયાં વજન દીધું છે. શુભાશુભ તો થયા જ કરે છે, કષાય તો તીવ્ર-મંદ થયા જ કરવાનો પણ દિશા બદલાય તો દશા બદલાય એમ કહેવું છે. અને એ દિશા બદલવાનું કાર્ય નિજ અવલોકનથી શરૂ થાય છે. દિશા બદલવાની જે મુખ્ય શરૂઆત છે એ અહીંથી થાય છે. એ વગર દિશા બદલવાનું બનતું નથી. કારણ કે બધું પરલક્ષે કર્યા કરે છે. પણ તને તારા પરિણામમાં શું થયું ? અને એથી આગળ જઈને તારો આત્મા કેવો ? આ અંદરનો વિષય પકડવાની જરૂર છે અને ત્યાંથી દિશા બદલશે તો દશા બદલશે. નહિતર બધું બહારનું બહાર રહેશે અને એમાં કદી આત્મપ્રાપ્તિ થતી નથી.

**પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું જોઈએ. નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ. આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે. ૫૭.**

## તા. ૦૧-૦૨-૧૯૮૭, વચનામૃત–૫૭
## પ્રવચન નં. ૪૯

'બહેનશ્રીનાં વચનામૃત' ૫૭મો બોલ છે. માર્ગદર્શન આપ્યું છે. આ વિષયના અનેક બોલ છે. મુમુક્ષુજીવને ભિન્ન ભિન્ન યોગ્યતા હોય છે. સૂક્ષ્મતાથી જોવામાં આવે તો અનેક કોટિના મુમુક્ષુ છે. બધા મુમુક્ષુ એક કોટિના હોતા નથી. ભિન્ન ભિન્ન સ્તરે સત્પુરુષોએ માર્ગદર્શન આપ્યું છે. અહીંયાં મંથન, વાંચન, વિચાર આદિ કેવા પ્રકારે હોય એ વિષયનું માર્ગદર્શન છે.

**'પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પોતે જે તત્ત્વને પકડ્યું હોય તેનું મંથન કરવું જોઈએ.'** પૂજ્ય 'ગુરુદેવ'ના હયાતીના કાળમાં આ વાત ચાલેલી છે. પોતે પણ આત્મજ્ઞાની છે છતાં વિવેકથી શ્રીગુરુની – ઉપકારી શ્રીગુરુની મહિમાથી જ બધી વાત કરે છે, ત્યારે પણ અને અત્યારે પણ. શું કહે છે ? કે, 'ગુરુદેવ'ના શ્રીમુખેથી આત્મતત્ત્વની વાત વિશેષે કરીને સાંભળવા મળે છે તેમાંથી આત્મતત્ત્વના વિષયમાં મૂળ જે અવલંબનનો વિષય છે, શ્રદ્ધાના પણ અવલંબનનો વિષય છે, જ્ઞાનના પણ અવલંબનનો વિષય છે, આચરણના પણ અવલંબનનો વિષય છે, સર્વ ગુણોના

– અનંત ગુણોના અવલંબનનો વિષય એક જે સ્વતત્ત્વ – આત્મતત્ત્વ – સ્વદ્રવ્ય છે – દ્રવ્યસ્વભાવ છે એ પકડ્યું હોય, પકડ્યું હોય એટલે કે આ જ અવલંબનનો વિષય છે એમ પકડ્યું હોય, એમ. પાછું કોઈએ આમ પકડ્યું હોય અને કોઈએ આમ પકડ્યું હોય, કોઈએ બીજું પકડ્યું હોય ને કોઈએ ત્રીજું પકડ્યું હોય એમ કહેવા ધારતા નથી. તત્ત્વ પકડવાનો અર્થ એ છે.

તત્ત્વદૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિ, તત્ત્વજ્ઞાન એટલે આત્મતત્ત્વનું જ્ઞાન. તત્ત્વ પકડવું એટલે આત્મતત્ત્વ (પકડવું). કેમકે એને ગ્રહણ કરતાં, એની દૃષ્ટિ કરતાં, એનું જ્ઞાન થતાં બીજાં તત્ત્વોનું જ્ઞાન સુયોગ્ય પ્રકારે થાય છે કે હોય છે. એ વિના બધું જાણપણું ઓઘેઓઘે સમજવું. ભલે બુદ્ધિપૂર્વક હોય તોપણ ઓઘેઓઘે સમજવું.

**'તેનું મંથન કરવું જોઈએ.'** આત્મતત્ત્વનું – કઈ રીતે 'ગુરુદેવ' આત્મતત્ત્વ સમજાવે છે ? એ વિષય ઉપર મંથન કરવું જોઈએ. મંથન ચાલવું જોઈએ એમ કહેવાનો અભિપ્રાય છે. પણ જે રીતે વધારે સમજવું અનુકૂળ પડે એવી વ્યવહારની ભાષા (હોય) છે. ઝટ દઈને સમજાય, 'પાણીનો પ્યાલો આપો' એમ કહે, 'પાણી ભરેલો પ્યાલો આપો' એમ કહેવાની જરૂર નહિ. એમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે, આત્મપ્રાપ્તિની જેની ભાવના છે એવા જીવને જેટલે પ્રકારે, જેટલી યોગ્યતાવશ જેટલું કાંઈ આત્મતત્ત્વનું ગ્રહણ થયું હોય – સ્વતત્ત્વનું ગ્રહણ થયું હોય તેનું મંથન કરવું જોઈએ.

સામાન્ય ભાષામાં જેને મથામણ કહે છે એને તત્ત્વજ્ઞાનના વિષયમાં મંથન કહે છે. મથામણ એટલે શું ? કે, એમાંથી કાંઈક નિષ્કર્ષ કાઢવો છે. જેમ આ સમુદ્રમંથન કહે છે અથવા આ છાશને વલોવે છે ને ? એ મંથન કહેવાય છે. આમેય ફરે અને આમેય ફરે અને સરવાળે માખણ કાઢે. બન્ને બાજુ ફરે. ઘડીક આ હાથ ઢીલો મૂકો તો ઘડીક આ હાથ ઢીલો મૂકે પણ સરવાળે માખણ કાઢે. એમ આત્મતત્ત્વના વિષયમાં મંથન ચાલે તો આત્મરસ અથવા સ્વરૂપનું ભાવભાસન થાય એવી હદે આવે. એ સ્વતત્ત્વનું મંથન પણ દર્શનમોહના રસને કાપવાનો એક પ્રકાર છે. સીધી પ્રયોજનથી વાત લઈએ તો આત્મતત્ત્વનું મંથન એ પણ દર્શનમોહના રસને ગાળે છે. કેમકે જે મંથનનો વિષય છે એમાં દર્શનમોહનો અભાવ છે તેથી કરીને.

જેમ વીતરાગ દેવતત્ત્વ – સર્વજ્ઞતત્ત્વ, તો એને માનતા ગૃહીત મિથ્યાત્વ છૂટે છે એટલે દર્શનમોહ જે તીવ્ર હતો તે મંદ થાય છે. એવી જ રીતે નિર્ગ્રંથ ગુરુ, એવી જ રીતે સત્‌શાસ્ત્ર, એવી જ રીતે સત્પુરુષ – એને માનવું, એની મહિમા આદિ પ્રકારમાં રાગાદિ હોવા છતાં રાગાદિના કાળમાં પણ નિર્મોહી તત્ત્વ હોવાથી એની વિશેષતા કરતાં દર્શનમોહનો રસ કપાય. જોકે દર્શનમોહ મંદ થાય તેથી કાંઈ રાજી થઈ જવાની જરૂર નથી. અભાવ થાય ત્યાં સુધી મંદ થયો, મંદ થયો એની એટલી કોઈ કિંમત નથી. પણ જેમ દર્શનમોહ તીવ્ર થાય એ અયોગ્ય છે એમ દર્શનમોહ

મંદ થાય એ યોગ્ય છે. એટલું સામેસામે પલ્લું લેવું, એથી વધારે વજન લેવું નહિ. **'પકડ્યું હોય તેનું મંથન કરવું જોઈએ.'**

પ્રશ્ન :– મંથનમાં શું શું ચાલે ?

સમાધાન :– એ તો દરેક યોગ્યતામાં જુદો જુદો વિષય છે. બધાની યોગ્યતા કાંઈ એકસરખી હોતી નથી. જેણે જેટલું પકડ્યું હોય, જેટલી યોગ્યતા હોય એના પ્રમાણમાં એને મંથન ચાલવું જોઈએ કે, આનો આશ્રય કઈ રીતે થાય ? આ હું છું એમ કહે છે તો એમાં ખરેખર આ કેવું છે કે જેમાં હુંપણું આવતાં આખું જગત, આખું જગત શું વર્તમાન શુદ્ધિ પણ ગૌણ થઈ જાય છે ? જે શુદ્ધ દશા – સમ્યગ્દર્શન આદિ, મુનિપણું આદિ, કેવળજ્ઞાન આદિનો મહિમા અધ્યાત્મ શાસ્ત્રોમાં કરવામાં આવે છે; ચારે અનુયોગમાં ઉત્કૃષ્ટ વિષય અધ્યાત્મ તત્ત્વ છે અને એનો મહિમા, એની પ્રશંસા વિશેષે કરીને સર્વજ્ઞથી માંડીને સર્વ જ્ઞાનીઓએ, ગણધર આદિ આચાર્યોએ પણ કરી છે. એ પણ જ્યાં ગૌણ થાય એ તત્ત્વ કેવું હશે ? એનું એને મંથન ચાલવું જોઈએ. બીજી ચીજમાં કામ ન થાય ત્યાં મંથન ચાલે છે કે નહિ ? જે કામ કરવું હોય એ કામ ન થાય અને જે કામ કરવું જરૂરી હોય, અતિ જરૂરી હોય અને ન થાય તો મંથન ચાલે છે કે નથી ચાલતું ? શીખવું પડે છે ? ત્યાં કોઈ પૂછવા જાય છે કે, આનું મંથન મારે કેવી રીતે કરવું ? બસ, દરેક જગ્યાએ Practical side લઈ લેવી. કેમકે કોઈ વાત એવી હોય છે કે જેનાથી બહુ અજાણ હોય તો માણસને પૂછવું પડે અને ન સમજાય. બાકી તો અનુભવની વાતમાં તો ઊલટો અનુભવ દરેક ગુણોના વિષયમાં થઈ રહ્યો છે. શ્રદ્ધા પણ ઊલટી કરી રહ્યો છે, જ્ઞાન પણ ઊલટું કરી રહ્યો છે, આચરણ ઊલટું કરી રહ્યો છે, ઊલટા દુઃખરૂપ પરિણમી રહ્યો છે, ઊલટા પુરુષાર્થે પરિણમી રહ્યો છે. જરાક તપાસ કરે અને અવલોકન કરે તો એને સમજાય એવું છે, પોતાના જ પરિણામથી Practical sideથી સમજાય એવું છે.

સમજણમાં પણ માત્ર વ્યાખ્યા અને અર્થઘટન સમજ્યા હોય એની એટલી શક્તિ નથી જેટલી શક્તિ પ્રાયોગિક ધોરણે સમજવામાં આવે છે. એ સમજણની શક્તિ છે એટલી શક્તિ બીજી હોતી નથી. માણસ એમ કહે છે ને કે, આ તો અમારા અનુભવમાં આવી ગયેલી ચીજ છે. એમાં કાંઈ બીજી ભૂલ પડે એવું નથી. પરની સમજણમાં ભૂલ પડી જાય અથવા વિસ્મૃતિ થાય, ટકે ન ટકે, અનુભવનો વિષય તો એક એવી રીતે લબ્ધ થાય છે – એવી રીતે પ્રાપ્ત થાય છે કે જતો નથી. આ સાયકલ ચલાવવા શીખે છે ને ? દસ વર્ષની ઉમરે શીખ્યો હોય (અને) વચમાં પચીસ વર્ષ સાયકલ ન ચલાવે (તોપણ) પાંત્રીસ વર્ષની ઉમરે તરત પાછો ચલાવી શકે. કેવી રીતે એ વિદ્યા પકડી રાખી ? વિચાર પણ નથી કર્યો કે આને કેવી રીતે પકડી રાખવી ? પણ પાંચ અને દસ મિનિટ ચલાવે ત્યાં એનો Control આવી જાય. પચીસ વર્ષ

ન ચલાવી હોય તો બહુ બહુ તો બે-પાંચ સેકંડ હેંડલ થોડું આ બાજુ, આ બાજુ થઈ જાય. પાંચ મિનિટે, દસ મિનિટે તો બરાબર Controlમાં આવી જાય. જ્ઞાનની એ રીતની જે અનુભવશક્તિ છે એ બહુ ચમત્કારિક શક્તિ છે !

અનુભવશક્તિ એટલી ચમત્કારિક છે કે જ્ઞાનનું જે અસલ સ્વરૂપ છે એ મૂળ સ્વરૂપે જ્ઞાન જ્યાં જ્ઞાનને વેદે ત્યાં સીધો અંદરથી આનંદનો ફૂવારો છૂટે !! આનંદનો તો એને વિકલ્પ પણ નથી. જ્ઞાન તે આત્મા – એમ કરીને જ્યાં જ્ઞાનને ને જ્ઞાનને અંદર વેદવા જાય છે ત્યાં સીધો અંદરથી આનંદ ફાટે છે ! શક્તિ ઘણી છે !

મુમુક્ષુ :– પચીસ વર્ષ સુધી સાયકલ ચલાવવાની કળા સત્તામાં પડી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલો બધો ભંડાર છે કે અંદર કોઈ ગરદી થાય એવું નથી. (એક મુમુક્ષુ) આવે છે. તે દિવસોમાં મિત્રાચારી હતી ત્યારે પૂછેલું કે, તમારી દુકાનમાં કેટલી Item છે ? તો કહે, ત્રણેક હજાર Item હશે. અત્યારે છોકરાઓને પૂછીએ છીએ તો કહે છે, પાંચેક હજાર Item છે. પાંચથી છ હજાર Item હશે. કેમકે એક ચીજ (હોય) એમાં Quality કેટલી આવે ? બધાયના ભાવ જુદાં જુદાં. તમે કહો કે, Slate આપો. કેટલી જાતની છે ? તો કહે, છ જાતની છે. છ જાતની છે કે છ Sizeની છે કે આઠ Sizeની છે, બધાયનો ભાવ જુદો જુદો. કોઈ ચીજ નંગમાં મળે, કોઈ વજનમાં મળે, કોઈ માપમાં મળે, કોઈ માપમાં લંબાઈમાં મળે, કોઈ લિટરમાં મળે, કોઈ મીટરમાં મળે. બધું જુદું જુદું (છે). જ્ઞાનમાં કાંઈ ગરદી થાય છે ? એને Price list નથી જોવું પડતું. એકસાથે પાંચ ઘરાક લાગેલા હોય તો ફટાફટ આને આ ભાવ કહે, આને આ ભાવ કહે, આને આ ભાવ કહે, આને આ ભાવ કહે. અંદર ગરદી કાંઈ થાય છે ? એટલી શક્તિ છે જ્ઞાનની ! આ તો હજી અવરાયેલું, ઊંધું પડેલું જ્ઞાન છે. પણ અવળું-સવળું બીજી વાત છે, આપણે શક્તિ જોવી છે. જ્ઞાનમાં શક્તિના દર્શન કરવા એમ કહે છે. જ્યાં શક્તિ અપેક્ષાએ જ્ઞાનને જોવે અને જ્યાં વેદે ત્યાં સીધો અંદરથી આનંદ ઊછળીને બહાર આવે ! એવો ભાવશ્રુતજ્ઞાનનો વિષય છે.

('પરમાગમસાર'માં) એક બહુ સરસ બોલ છે એ વિષય ઉપર – ૧૦૦૨. **'વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના...'** વેદના એટલે અહીંયાં પીડા નહિ. વેદના એટલે સુખવેદન, એને વેદના કહે છે. **'વિકલ્પ વિનાની જ્ઞાનની...'** (અર્થાત્) નિર્વિકલ્પ જ્ઞાનની નિર્વિકલ્પ વેદના કેવી છે ? ભાવ ભાસ્યો હોય **'તેનું અંતર્લક્ષ કરવું...'** જે ભાવભાસનમાં આવે તેનું અંતર્લક્ષ કરવું **'તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે. રાગની અપેક્ષા છોડીને...'** (એટલે) રાગથી ઉપેક્ષિત થઈને **'સ્વનું લક્ષ કરતાં...'** જ્યાં અખંડનું લક્ષ થઈ ગયું ત્યાં **'ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફૂવારા છે.'** વિકલ્પ પણ નથી (કે), આનંદ લઉં, આનંદ મેળવું, આનંદ ભોગવું એવો વિકલ્પ નથી પણ

અંદરથી બીજી વાત ઊભી થઈ જાય છે. પડ્યો છે જ્ઞાનને લક્ષે અખંડ આત્મામાં, જ્યાં ઉપરની સપાટીને – વર્તમાન ધ્રુવત્વે સ્પર્શ્યો કે સીધો અંદરથી આનંદ ઊછળે !

૧૦૦૩માં વળી ટૂંકામાં પણ કેટલી સરસ વાત આવી છે ! **'આ કાળે બુદ્ધિ થોડી, આયુ થોડું, સત્ સમાગમ દુર્લભ, તેમાં હે જીવ ! તારે એ જ શીખવાયોગ્ય છે કે જેનાથી તારું હિત થાય ને જન્મ-મરણ મટે.'** બસ, આટલું ટૂંકું પ્રયોજન પકડીને બેસી જા. પછી બીજી તકલીફ નથી. આડોઅવળો ગયો તો તકલીફ ઘણી છે. એમ. એટલે એ છોડીને બીજે ગયો એનું નામ આડોઅવળો છે.

પ્રશ્ન :– તત્ત્વ જે બતાવ્યું એનું મંથન ચાલવું જોઈએ ?

સમાધાન :– જે આત્મતત્ત્વ બતાવ્યું એનું મંથન ચાલવું જોઈએ.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિનો વિષય ?

સમાધાન :– હા, દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, જ્ઞાનના અવલંબનનો પણ એ જ વિષય છે, આચરણના અવલંબનનો પણ એ જ વિષય છે અને પુરુષાર્થ પણ ત્યાં જ થાય છે, આનંદનો પણ એ જ વિષય છે. અનંત ગુણોનો વિષય એક જ છે ખરેખર તો, બીજો વિષય જ નથી. દૃષ્ટિથી તો એટલા માટે કહેવાય છે કે, દૃષ્ટિને બીજો વિષય નથી. મોક્ષમાર્ગના પ્રારંભથી માંડીને અનંતકાળ પર્યંત દૃષ્ટિને બીજો વિષય નથી. જ્યારે મોક્ષમાર્ગી જીવને જ્ઞાનમાં ઉપયોગ બહાર જાય છે, આનંદ હોય પણ જેટલો શુભાશુભ અંશ ઉત્પન્ન થાય એટલું દુઃખ પણ થાય, એટલો પુરુષાર્થ પણ બીજા પદાર્થ પ્રત્યે લાગે એમ, એટલું શુભાશુભ ઉપયોગનું પરાચરણ પણ થાય. દૃષ્ટિમાં કાંઈ ન થાય. અશુભ ઉપયોગના કાળે અને અશુભ આચરણના કાળે દૃષ્ટિમાં કોઈ ફેર નથી, દૃષ્ટિમાં કોઈ ફેર નથી.

એક જગ્યાએ તો 'પરમાગમસાર'માં બહુ સૂક્ષ્મ વાત કરી છે. ભાવલિંગી મુનિ હોય, પૂર્ણ પુરુષાર્થ ન થાય અને મુનિદશામાં આયુષ્ય પૂરું થાય. છઠ્ઠા ગુણસ્થાનથી દેવલોકમાં ચોથા ગુણસ્થાને આવે. એ છઠ્ઠા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાને દેવલોકમાં આવ્યા અને આચરણમાં એટલો બધો ફેર પડ્યો કે બે ગુણસ્થાન નીચે આવ્યા. દૃષ્ટિમાં કેટલો ફેર પડ્યો ? બિલકુલ નહિ, અંશ માત્ર નહિ. એક ગુણની આટલી હાનિ થઈ, ખરેખર તો અશુદ્ધિ આવી છે, નુકસાન થયું છે. એક ગુણની હાનિ બીજા ગુણને હાનિ કરી શકતો નથી, તો જીવ પરદ્રવ્યના ફેરફારથી પોતાનું નુકસાન માને છે !! સંયોગના ફેરફારથી જીવ નુકસાન માને છે. અહીંયાં કહે છે કે, એક ગુણની હાનિ બીજા ગુણની હાનિ ન કરી શકે. 'પરમાગમસાર'માં એવો એક બોલ છે, નંબર યાદ નથી. દ્રવ્યાનુયોગનો વિષય પણ બહુ સૂક્ષ્મતાથી ખોલ્યો છે અને પાછું અધ્યાત્મના દૃષ્ટાંતે ! એમાં દૃષ્ટાંત અધ્યાત્મનો લીધો છે. એવી શૈલીથી વાતો આવી છે. (જોઈએ) મળી

જાય તો મળી જાય. ૪૦૦-૫૦૦ના ગાળામાં છે. આ બાજુ વચ્ચેનો બોલ છે.

૫૩૨. **'ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ (પરિણમન) જ્ઞાનને લક્ષે થયો...'** અહીં 'ગુરુદેવે' તો શ્રદ્ધા નથી લીધી, જ્ઞાન લીધું છે. શ્રદ્ધાનું પરિણમન નથી લીધું, જ્ઞાનનું પરિણમન લીધું છે. **'ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ...'** એટલે રાગથી ભિન્નપણાનું જે પરિણમન જ્ઞાનને લક્ષે થયું **'તે ઉપયોગમાં હીનપણું (નાશ થવું) થતું નથી.'** એટલે કે એનો નાશ ન કરી શકે. છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ ચોથા ગુણસ્થાનમાં આવે તો રાગથી જે ભિન્નપણું થઈ ગયું છે એનો નાશ ન થાય. ચોથા ગુણસ્થાને એ તો ચાલુ જ રહે. **'એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ સાથે જ જાય છે.'** ચારિત્રની પર્યાયમાં અહીં મુનિની દશા લેવી છે. એટલે સર્વાર્થસિદ્ધિમાં જાય તોપણ સાથે જાય, એમ એટલા માટે લીધું કે ચારિત્ર અહીંયાં મનુષ્યમાં ઊંચું હતું. સર્વાર્થસિદ્ધિમાં ચારિત્ર નીચું છે. મુનિદશા એમ નામ નથી લીધું પણ એનો અર્થ એમ લેવાય છે.

**'સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે તે, ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય...'** ખરેખર તો ચોથા ગુણસ્થાનનું અને છઠ્ઠા ગુણસ્થાનની ચારિત્રની મેળવણી કરીએ તો ચારિત્ર ખલાસ થઈ ગયું એમ કહેવાય. કેમકે અવિરત સમ્યક્દૃષ્ટિ છે. કેવી ભાષા આવી છે ! ક્યાં છઠ્ઠા ગુણસ્થાનનું ચારિત્ર કે જેની ભાવના સમ્યક્દૃષ્ટિઓ – સત્પુરુષો સદાય અવિરત સમ્યગ્દર્શનના કાળમાં ભાવ્યા કરે છે કે, આવી મુનિદશા મને ક્યાંથી થાય ! મુનિદશા એટલે સાક્ષાત્ પરમાત્મા જાણે ! પરમેષ્ઠી પદ ! એ તો ચોથે આવ્યા તો એમ લાગે, જાણે મારું ચારિત્ર ખલાસ થઈ ગયું એમ લાગે.

**'ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય...'** એટલે અહીંયાં અચારિત્ર થાય –મિથ્યાચારિત્ર થાય એ વાત નથી. **'છતાં તેને કાંઈ હીનપણું થતું નથી.'** જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં આત્મા હીણો થયો છે એમ ન લાગે. એ તો જેવડો છે એવડો જ છે. શ્રદ્ધા-જ્ઞાનમાં જેવડો છે એવડો જ છે, પૂરેપૂરો છે. જેવડો છે એવડો છે એટલે પૂરેપૂરો છે અને પોતાની સંપત્તિમાંથી કાંઈ ઘટ્યું નથી એવી શ્રદ્ધા અને એવું અનુભવજ્ઞાન – વેદનજ્ઞાન ચાલુને ચાલુ રહે છે. **'તેને કાંઈ હીનપણું થતું નથી.'** તેને એટલે આત્માને. તો પછી કર્મ મને ઢાંકી દે એમ વાત ક્યાં રહી ? આ અત્યારે સંપ્રદાયમાં જે વાત ચાલે છે. તો પછી કર્મ મને ઢાંકી દ્યે ને કર્મ મને હેરાન કરે એ વાત ક્યાં રહી ? **'કર્મ મને ઢાંકી દે એમ તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ હણાઈ જાય–એમ પણ નથી.'** આવી આવી વાતો નીકળી છે. 'સમયસાર' ગાથા–૨૮૩ ઉપરના પ્રવચનમાંથી છે. એમ અનેક વાતો આવે છે,

અનેક ગુણોથી આત્માની વાતો આવે છે. એ બધા ગુણો છે એ સ્વભાવો છે. એ સ્વભાવોનું એકરૂપ કેવું છે એ સ્વદ્રવ્ય છે, એ તત્ત્વ છે **'તેનું મંથન કરવું જોઈએ.'** અને એ મંથન માટે કોઈ નડતું નથી. નથી એમાં ઉદયના કાર્યો નડતા, નથી એમાં ઉદયના પરિણામો નડતા, જો મંદ રસવાળા હોય તો. તીવ્ર રસવાળા હોય તો મંથન ન ચાલે અને જીવ ઉદયમાં ચાલ્યો જાય. પણ જેને મંથન ઊપડે છે, આત્મતત્ત્વનું મંથન જેને ઊપડે છે એને તો ઉદયના કાર્યો ઉપરછલ્લા ઉપયોગથી થતા રહે છે અને મંથન એનું ચાલુ જ રહે છે. કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (હોય). એવું મંથન ચાલવું જોઈએ. એ મંથનની વાત ઉપરાંત હવે વાંચનની વાત કરે છે.

પ્રશ્ન :– મંથનની અંદર વીતરાગના સિદ્ધાંતો અને અન્ય મતના સિદ્ધાંતોની તુલના ચાલે ?

સમાધાન :– બધું ચાલે, અનેક પ્રકાર ચાલે. ઘણા પ્રકાર (ચાલે). જ્યાં જ્યાં એને ભૂતકાળમાં ડખલ ઊભી થઈ હોય એ બધું સામે આવીને ઊભું રહે. જેટલા અવરોધક ભાવો થયા હોય કે કર્યા હોય એ બધાં સામે આવે. આ તો શું છે કે, જે વિરાધના અને વિરુદ્ધતા કરી છે એ બધા અરિ એટલે એના દુશ્મન ભાવો છે. આ મંથનમાં વીણી વીણીને સરખા કરે. પકડી પકડીને એક એક સામે આવે. જેટલી વિરુદ્ધતા થઈ હોય એ બધી સામે આવીને ઊભી રહે. કેમકે આ અવિરોધ તત્ત્વ છે. એનાથી જેટલું ઊલટું પોતાને ગ્રહણ થયું હોય, પૂર્વગૃહીત સંસ્કાર હોય (એ) બધા સામે આવે અને એને બરાબર મીંઢવી મીંઢવીને, શ્રીગુરુએ આપેલા બોધ સાથે મેળવી મેળવીને એનો રસ તોડે, એને સીધું કરી નાખે – અવળું હોય એને સવળું કરી નાખે. એવું મંથન ચાલે.

પ્રશ્ન :– ધીરેથી કરતાં કરતાં અભેદ થાય છે ?

સમાધાન :– હા, ભેદમાંથી અભેદમાં ચાલ્યો જાય. એમાં એમ છે કે મંથન કરતાં કરતાં મૂળ વિષય અભેદ તત્ત્વ છે. આમ જ્ઞાન સાકાર છે અને અનેક જ્ઞેયાકારોના ભેદ પડે છે એ તો જ્ઞાનનું બહિરંગ છે – બાહ્ય અંગ છે. જ્ઞાનનું અંતરંગ જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... રૂપ નિર્વિકલ્પ છે તો અહીંયાં કહે છે કે, એ નિર્વિકલ્પ જ્ઞાનની વેદના, જ્ઞેયાકારો ગૌણ થઈને નિર્વિકલ્પ જ્ઞાનની વેદનામાં આવે (તો) નિર્વિકલ્પ આનંદમાં આવી જાય.

પ્રશ્ન :– વિચાર, મંથન કરતાં કરતાં વિકલ્પમાંથી નિર્વિકલ્પ થઈ જાય છે ?

સમાધાન :– હા, વચ્ચે વિકલ્પ આવી જાય છે. કેમકે વિકલ્પમાં ઊભો છે એમાં વિકલ્પમાંને વિકલ્પમાં પહેલાં વિષય બદલાય છે. પહેલાં વિકલ્પનો વિષય દુનિયા હતી, પોતાનું ઊભું કરેલું જગત હતું અથવા જગતમાં જે કાંઈ પોતાનો ઉદય હતો એવું પોતાનું જગત હતું એ સૃષ્ટિમાં એ વિકલ્પથી પરિણમ્યા કરતો હતો. એ વિષય બદલાય છે. એટલે પહેલાં વિકલ્પમાં વિષય

બદલાય છે. એ વિકલ્પમાં એને એમ સમજાય છે કે, આ વિકલ્પાત્મક છે એને છોડવાનું છે. વિકલ્પમાં આ પરિસ્થિતિ બદલાણી છે પણ વિકલ્પવાળી સ્થિતિથી નિર્વિકલ્પ સ્થિતિમાં જાવાની વાત છે અહીંયાં. એટલે ત્યાં પરિસ્થિતિ બદલાવા છતાં ત્યાં રોકાતો નથી.

એક માણસ પાણીમાં દસેક માથોડા ઊંડે તળિયે હોય, ઉપર આવવું હોય, કેમકે શ્વાસ લેવા ઉપર તો આવવું જ પડે, તરિયો હોય – તરતા આવડતું હોય, ઠેસ મારે તો સીધો બે-ચાર માથોડા (ઉપર) આવી જાય. કૂવો કે એવું હોય તો વળી પાછો એ દિવાલને ઠેસ મારે. એમ નથી કે અહીંયાં આવ્યો એટલે બસ છે. કેમકે અહીંયાં પણ મૂંઝાવાનું જ છે. એક ઠેસ મારીને દસ માથોડમાંથી પાંચ માથોડા પાણી કાપ્યું હોય તો ત્યાં પણ હજી મૂંઝાવાનું જ છે, પણ ખબર છે કે હજી એક ઠેસ મારું તો ઉપર ચાલ્યો જાઉં. સીધું ડોકું બહાર આવે તો શ્વાસ લઈ શકે. જેટલો ઉપર આવ્યો ઈ સીધો બીજી ઠેસ મારવા માટે આવ્યો છે, રોકાવા માટે નથી આવ્યો. એમ અહીંયાં વિકલ્પમાંને વિકલ્પમાં પડખું બદલ્યું (પણ) એ વિકલ્પને પણ ઠેસ મારીને બહાર નીકળી જાવું છે અને એ વિકલ્પમાં એ વાત સમજાય છે.

(અહીંયાં કહે છે) **'તેનું મંથન કરવું જોઈએ.'** વાંચનમાં કેવું વાંચન કરવું જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર છે. ક્યુ વાંચન કરવું જોઈએ ? કોણે શું વાંચન કરવું જોઈએ ? એક લીટીમાં એનો ઉત્તર છે. **'નિવૃત્તિકાળમાં પોતાની પરિણતિમાં રસ આવે તેવાં પુસ્તકોનું...'** તેવા શાસ્ત્રોનું **'વાંચન કરીને પોતાની લગનીને જાગૃત રાખવી જોઈએ.'** આની અંદર બે-ત્રણ વાત કરી છે. એક તો નિવૃત્તિકાળ પકડવો. પ્રવૃત્તિકાળમાં ઉપયોગ એટલો સ્થિર નથી રહેતો. પ્રવૃત્તિકાળમાં મંથન ચાલે, નિવૃત્તિકાળમાં એ જ મંથનમાં વિશેષ રસ અથવા વિશેષ લગની જાગૃત રહે તે અર્થે પોતાની પરિણતિમાં રસ આવે તેવું શાસ્ત્ર એણે પસંદ કરવું જોઈએ. ક્યા શાસ્ત્રમાં મને રસ આવે છે ? તમામ શાસ્ત્રોમાં – સર્વ શાસ્ત્રોમાં કહેવાનું પ્રયોજન અને કહેવાનો વિષય એક છે. શૈલી અનેક છે, કહેનારની શૈલી ભિન્ન ભિન્ન છે, વિષય ભિન્નતા નથી.

આ તો લોકો જુદું જુદું વિચારે છે કે, 'શ્રીમદ્જી' બીજું કહેતા હતા, 'ગુરુદેવ' બીજું કહે છે. એવું કાંઈ નથી. જે વાત સર્વજ્ઞે કરી તે વાત ૨૦૦૦ વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્યદેવે' કરી, ૨૫૦૦ વર્ષ પહેલાં જે વાત ભગવાન 'મહાવીરસ્વામી'એ કરી એ વાત 'કુંદકુંદાચાર્યદેવે' ૫૦૦ વર્ષ પછી કરી, એ જ વાત ૯૦૦-૧૦૦૦ વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્યદેવે' કરી, ૧૦૦૦ વર્ષ પછી 'ગુરુદેવે' કરી. કોઈપણ લ્યો, અનુભવી એક જ જાતિના આત્માનો અનુભવ કરે છે તેથી બીજી વાત કેવી રીતે કરે ? કહેવાની શૈલી અનેક થાય છે પણ વાતનો વિષય બદલાય છે એવું બનતું નથી. આત્મા આવો છે એમાં કોઈ બીજી વાત કરે એમ નથી અને એ આત્મપ્રાપ્તિ આમ થાય એમાં કોઈ બીજી વાત કરે (એમ નથી). આત્મા અને તેની પ્રાપ્તિની રીત અને

વિધિ એ બધે એક જ સરખી રહે છે. એટલા માટે અનેક ભિન્ન ભિન્ન ધર્માત્માઓના કથનોની મેળવણી કરવામાં આવે છે કે, અહીંયાં કીધું ઈ આમણે અહીંયાં કીધું છે. એમ કેમ મેળવાય છે ? Reference કેમ આપવામાં આવે છે ? પૂર્વાપર સંબંધ જોડવાનું કારણ છે કે બન્ને એક જ વાત કરે છે. એટલે આ વાતનું સમર્થન મળે છે.

નિવૃત્તિકાળ પણ બે રીતે લેવાય છે. એક તો બાહ્ય પ્રવૃત્તિના પરિણામથી અને પ્રવૃત્તિથી નિવૃત્ત થવું અને વાંચન કરવું, શાસ્ત્ર વાંચન કરવું એ પણ નિવૃત્તિકાળ છે અને ઉપયોગમાં અથવા પરિણામમાં પ્રવૃત્તિના બોજાથી નિવૃત્ત થવું, ઉપાધિના બોજાથી નિવૃત્ત થવું એ પણ નિવૃત્તિકાળ કહેવામાં આવે છે. તો માત્ર પ્રવૃત્તિ રહિત થવું એટલી વાત નથી. અનેક કામોના બોજાને પણ એક કોર ફગાવીને, એક કોર પોટલું બાંધીને, મૂકીને એક મહત્ત્વના કાર્ય માટે અત્યારે આ એક જ વાત છે, આની આગળ કોઈનું મહત્ત્વ નથી, કોઈ કાર્યનું મહત્ત્વ નથી, કોઈ હિસાબકિતાબનું મહત્ત્વ નથી. એ વાંચનનો અને ધ્યાનનો જે કાળ છે એની અંદર ઉપયોગથી પણ નિવૃત્ત થવું જોઈએ તો વાત છે, જે વિષય છે એનો રસ ઉત્પન્ન થાય અથવા રસ વૃદ્ધિગત થાય અને રસ જામે.

બીજું, એ નિવૃત્તિકાળમાં જે પુસ્તકોનું વાંચન છે, સામાન્ય રીતે દુકાન છે, ઑફિસ છે કે મુસાફરી છે તો એની અંદર આચાર્યોના શાસ્ત્રો નથી વંચાતા. જ્ઞાની ધર્માત્મા, સત્પુરુષોના પુસ્તકો હોય એ શાસ્ત્ર વંચાય. પણ ઘડીક ઑફિસનું કામ કરે કે ટેલિફોન લ્યે કે ઘરાક આવે તો વાતચીત કરે, વળી પાછો શાસ્ત્ર (વાંચે). તો એવા જે આચાર્યોના રચેલા 'સમયસાર' આદિ પરમાગમ છે, કોઈપણ આચાર્યના રચેલા (હોય) પછી 'કુંદકુંદાચાર્યદેવ' હોય કે 'સમંતભદ્રાચાર્યદેવ' હોય, એનો બહારમાં એટલો વિવેક અને મહત્ત્વ હોય છે કે ગમે તે સ્થાનમાં આગમો – પરમાગમોને વાંચવાનું નથી બનતું. જેમ આપણે લઈએ છીએ, આ શોકના દિવસો હોય છે ને જેને આપણે તિથિદર્પણમાં લખીએ છીએ ને ? એમાં પણ આચાર્યોના શાસ્ત્રો ન વંચાય. પછી આ 'શ્રીમદ્જી'ના પત્રો છે કે 'ગુરુદેવ'ના, 'બહેનશ્રીનાં' વચનામૃતો છે એ વંચાય પણ જે પરમાગમો આચાર્ય રચિત શાસ્ત્રો છે (એ ન વંચાય). બહારની અંદર એ બધી મર્યાદાનો વિષય છે. નિવૃત્તિની અંદર પણ આવી રીતે નિવૃત્તિ સમજવી. કોઈ કહે કે, ભાઈ ! અમને દુકાને નિવૃત્તિ મળે તો મારે પુસ્તક વાંચવું ને ? એમાં આચાર્યોનું ન વાંચવું. એમાં બીજું પુસ્તક રાખવું ત્યાં. એવી રીતે હોય છે. એમ થોડો બહારની પ્રવૃત્તિની અંદર નિવૃત્તિકાળમાં પણ એવો વિવેક કરવાનો હોય છે, વિનય કરવાનો હોય છે. અવિનય (થાય છે) ત્યાં પાછો સીધો દર્શનમોહ લાગુ થાય છે. અવિનય થાય ત્યાં દર્શનમોહ આવી ઊભો રહે છે. એટલે એ દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ – ચાર જગ્યાએ પ્રવૃત્તિ કરતાં વિનય કેવો હોય એ કાળજી રાખીને, એ વિષયના જાણકાર

હોય, વિદ્વાન હોય એને પ્રશ્નો પૂછીને એની પાસે જાણી લેવું, સમજી લેવું અને એ અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ તો પુસ્તકોના વાંચનનો વિષય છે એટલે એને લગતા કેટલા પડખાં પ્રયોજનભૂત છે (એની વાત છે). કેમકે અવિનય થાય ત્યાં પ્રયોજનની હાનિ થાય છે. જેમકે શાસ્ત્ર સ્વાધ્યાય હોય તો એમાં પણ નિયમિત આવવું જોઈએ. કોઈ વાર કારણસર વહેલું-મોડું થઈ જાય (એ) બીજી વાત છે, નહિતર શાસ્ત્રજીનો અવિનય થાય છે. ત્યાં દર્શનમોહનું આક્રમણ ઊભું થઈ જાય છે. એમ અનેક પ્રકારે જ્યાં પ્રયોજન લાગુ થતું હોય, પોતાને નુકસાનનું કારણ થતું હોય, એ વાત કાળજી રાખીને, બરાબર સમજીને ત્યાં બરાબર વ્યવસ્થિત થઈ જવું જોઈએ. નહિતર પોતે એમ માને કે હું તો શાસ્ત્ર વાંચું છું. એ શાસ્ત્રથી કે એ સ્વાધ્યાયથી આત્માને લાભ થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. કેમકે મૂળમાં જ અવિનય શરૂ હોય છે – ચાલુ હોય છે. એટલે એ રીતે (સાવધાની રાખવી ઘટે છે).

આ તો કામ જ નિવૃત્તિનું છે પણ પ્રવૃત્તિ કરવી પડતી હોય એવી પરિસ્થિતિ હોય ત્યાં પણ અનેક પ્રકારે બહારમાં પણ વિવેકથી અને વિનયથી પ્રવૃત્તિ થાય તો જ લાભ થાય, નહિતર લાભ થતો નથી. એ ખ્યાલમાં હોવું જોઈએ.

પ્રશ્ન :– અકાળે અમુક પુસ્તકો વંચાતા નથી એવું પણ હોય છે ને ?

સમાધાન :– હા, એવું પણ હોય છે. એ વિષયમાં બહુ જાણપણું નથી કે અકાળ કોને કહે છે ? કેમકે આપણે ત્યાં સવારે પણ સ્વાધ્યાય થાય છે, બપોરે પણ સ્વાધ્યાય થાય છે અને રાત્રે પણ પ્રવચનો ગોઠવાય છે, વાંચનો ગોઠવાય છે. આ પર્યુષણની અંદર આપણે રાત્રે વાંચીએ જ છીએ ને ? પરોઢિયે પણ લોકો વાંચે છે. ક્યો અકાળ છે એ બહુ ખ્યાલમાં નથી પણ એવું ક્યાંય પણ સમજમાં હોય તો એ સમજી લેવું જોઈએ અને અવિનય થતો હોય તો કોઈ પકડ રાખવાનું કારણ નથી. પોતાના લાભ-નુકસાનનો વિષય છે એટલે એને સરળતાથી અંગીકાર કરી લેવો જોઈએ.

એમ નિવૃત્તિકાળમાં... સ્વાધ્યાયમાં તો બધાય વિષયો આવે. ઊંચામાં ઊંચી અધ્યાત્મની વાત આવે અને બહારના નીતિ, વ્યવહાર, વિનય, વિવેક બધો વિષય આવે. '**પોતાની પરિણતિમાં રસ આવે...**' એ વાત પોતાના અનુભવથી, પોતાની તપાસથી, પોતાના અવલોકનથી સમજવી જોઈએ. ઘણું વાંચવું છે, બધું વાંચવું છે, જેટલું વાંચવા મળે એટલું વાંચી જવું છે એમ નહિ. પણ પોતાના પરિણામને – આત્મરસ સાથે ક્યા શાસ્ત્રના વચનપ્રયોગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઊભો થાય છે ? એ વાત એને વાંચતી વખતે અવલોકનમાં હોવી જોઈએ, ખ્યાલમાં હોવી જોઈએ અને વિશેષે કરીને એનું અધ્યયન રહેવું જોઈએ. પછી બીજું વાંચે એ બીજી વાત છે

પણ મુખ્યપણે એણે પોતાનો રસ વૃદ્ધિગત થાય, તત્ત્વરસ વૃદ્ધિગત થાય એવા પુસ્તકોની પસંદગી, એવા શાસ્ત્રોની પસંદગી કરવી જોઈએ અને પોતાને આત્મપ્રાપ્તિની જે લગની છે એ જાગૃત રહે, એ લગનીમાં ઉતારચડાવ થવામાં દિનપ્રતિદિન ઉતાર ન થાય ને ચડાવ થાય એવી પ્રવૃત્તિ એણે રાખવી જોઈએ. જુઓ ! કેટલી વાત કરી છે ! એક એક વાક્યની અંદર કેટલી વાત કરી છે !!

પ્રશ્ન :– ધર્મકથા વંચાય ?

સમાધાન :– ધર્મકથા (એટલે) કથાનુયોગ ને ? હા, પણ એ તો એને જ્યાં રસ આવે ત્યાંથી એને તત્ત્વરસ લેવો જોઈએ. કથામાં એવું છે કે સંયોગ-વિયોગની વાતો છે કે, આવો અનિષ્ટ સંયોગ થયો પણ ધર્માત્મા છે એ પોતાના શ્રદ્ધા, જ્ઞાન, આચરણથી વિચલિત થતા નથી. એવી વાત હોય છે, તો એમાં એ વાત છે એનો રસ લેવો જોઈએ. સંયોગ-વિયોગની અંદર પોતાને અનાદિનો સંયોગ-વિયોગનો રસ છે એ રસની તૃપ્તિ ન થાય એટલું લક્ષ હોવું જોઈએ. કેમકે એ કથાનુયોગ તો વાર્તારૂપ છે અને સંયોગ-વિયોગનો તો પોતાને રસ છે તો પાછો એ રસ પોસાય.

આ જુઓ ! અન્ય મતમાં 'રામાયણ' ને 'મહાભારત' છે તો જૈનદર્શનમાં એ રાગ-દ્વેષવર્ધક શાસ્ત્રો કહ્યાં છે. જૈનદર્શનની અપેક્ષાએ અન્યમતિના કથાનુયોગના શાસ્ત્રોને રાગવર્ધક કહ્યાં છે. કરણાનુયોગ હોય તો સ્વર્ગના વૈભવોનું વર્ણન આવે તો એને એમ થાય કે, આ તો બહુ સારું, લ્યો ! આવું કાંઈક મને હોય તો સારું ! તો એ પાછી મુશ્કેલીવાળી વાત છે, એ કરણાનુયોગમાં આવે. કથાનુયોગમાં પણ એવી રીતે આવે કે, ચક્રવર્તી હોય એના વૈભવનું વર્ણન આવે, કોઈ ચક્રવર્તીની વાત ચાલે. એની સ્ત્રીઓના દેહની સુંદરતાનું વર્ણન આવે. એવું બધું બહુ આવતું હોય છે. કથાનુયોગની અંદર એવું આવતું હોય છે. એટલે ક્યાં શું ધ્યાન રાખવા જેવું છે એટલી વાત છે. ચારે અનુયોગનો વિષય તો આવશે, શાસ્ત્ર અધ્યયનની અંદર ચારે અનુયોગનો વિષય તો આવશે પણ મૂળ તત્ત્વદૃષ્ટિ છે (એ) તત્ત્વ ઉપર એનું લક્ષ રહેવું જોઈએ કે, આમાંથી તત્ત્વ શું ગ્રહણ કરવાનું છે ? આમાંથી માર્ગ શું ગ્રહણ કરવાનો છે ? એ વિષય ઉપર એનું લક્ષ હોવું જોઈએ.

પ્રશ્ન :– કથાનુયોગની અંદર વીતરાગની આજ્ઞાથી વિરુદ્ધ બધા તત્ત્વો પ્રરૂપિત કર્યા હોય અને જીવને ભાન ન હોય કે અહીંયાં ક્યાં ક્યાં વિરુદ્ધ આવે છે તો ?

સમાધાન :– એટલે પહેલાં દ્રવ્યાનુયોગથી સિદ્ધાંતજ્ઞાન સમજી લેવું. પહેલાં સિદ્ધાંતો શું છે એ સમજવું અને કથાનુયોગ વાંચતા ક્યાંય સિદ્ધાંત તૂટતો હોય તો એ કથા સત્શાસ્ત્રની નથી, કો'ક મિથ્યાદૃષ્ટિએ વચ્ચે ઘુસાડેલી વાત છે. એ શાસ્ત્ર છોડી દેવું, એવા શાસ્ત્રો વાંચવા

નહિ. કેમકે એ મિથ્યાદૃષ્ટિની રચના છે. સમ્યક્દૃષ્ટિના નિરૂપણમાં ક્યાંય સિદ્ધાંત ન તૂટે. ક્યાંય સિદ્ધાંત ન તૂટે, કોઈ પણ બહાને ન તૂટે.

જેમકે એક લોકદૃષ્ટિ છે. સમાજની મુખ્યતાથી જેમ દેવ-ગુરુ-શાસ્ત્રની વિરાધના ન થાય એમ સમાજની મુખ્યતાથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની પણ પ્રશંસા, સ્તુતિ કે આરાધના, અનુમોદના કાંઈ ન થાય. એમ કોઈ પણ વાત એવી ન આવી જવી જોઈએ કે જ્યાં સિદ્ધાંત તૂટી જતો હોય. સિદ્ધાંત તૂટે એટલે વાત ખલાસ થઈ ગઈ. એટલે એ વાત બધા પડખાંથી પહેલાં સિદ્ધાંત તો સમજી જ લેવા જોઈએ. એટલે જ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વિશેષ છે અને અધ્યાત્મનો મુખ્ય વિષય, આત્મહિતનો મુખ્ય વિષય અધ્યાત્મ શાસ્ત્રોમાં રહેલો છે. બીજા અનુયોગ કરતાં દ્રવ્યાનુયોગમાં રહેલો છે. બીજા અનુયોગમાં અધ્યાત્મ છે પણ અહીંયાં દ્રવ્યાનુયોગને તો મુખ્ય સંબંધ છે. એટલે એનું અધ્યયન પહેલાં કરવું જોઈએ, મુખ્યપણે કરવું જોઈએ. તો જ ખબર પડશે કે ક્યુ શાસ્ત્ર છોડી દેવું. નહિતર નામ આપે કોઈ પણ આચાર્યનું, નામ આપે વીતરાગનું, તીર્થંકરનું નામ આપે, ભગવાન 'મહાવીરસ્વામી'એ આમ કહ્યું હતું, 'ગૌતમ' ગણધરે આમ કહ્યું હતું. એનું નામ આપી દ્યે, એના નામે ચડાવી દ્યે. એ તો સાહુકારના નામે ચોરીનો ધંધો થઈ ગયો ! ચાલે નહિ. બહુ મોટી ગડબડ થઈ જાય. બહુ મોટો અપરાધ છે.

એ રીતે પોતાની આત્મપ્રાપ્તિની લગની જાગૃત થાય, વૃદ્ધિગત થાય એ હેતુ સચવાય છે કે નથી સચવાતો એના લક્ષપૂર્વક એની શાસ્ત્રવાંચનની પ્રવૃત્તિ હોવી જોઈએ. એમને એમ શાસ્ત્ર વાંચ્યા જ કરે, વાંચ્યા જ કરે કે સાંભળ્યા જ કરે એમ નથી. વાંચવું કે સાંભળવું બન્નેમાં પોતાની લગની, પોતાનો આત્મરસ – તત્ત્વરસ જાગૃત રહે છે, જાગૃત થાય છે, વૃદ્ધિગત થાય છે એ એને લક્ષમાં હોવું જોઈએ અને એ અવલોકન હોય તો જ લક્ષમાં રહે. નહિતર એમને એમ ઓઘેઓઘે સંપ્રદાયમાં જેમ બીજી ક્રિયા બીજા કરે છે એમ આ પણ ઓઘેઓઘે બાહ્ય ક્રિયામાં જ પડ્યો છે. એ પરિસ્થિતિ આવી જાય.

**'આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.'** જુઓ ! એટલે નથી મંથનમાં અટકવાનું કહ્યું, નથી વાંચનમાં અટકવાનું કહ્યું, નથી વિચારમાં અટકવાનું કહ્યું. માર્ગ મળી જાય ત્યાં સુધી વચ્ચે આ બધી વાતો ઊભી થશે અને તે તે વાતોમાં રોકાવા માટે નથી, માર્ગ મળવા માટે આ બધી વાતો છે. એમ એક જ બોલની અંદર સીધેસીધી વાત લઈ લીધી છે.

**'આત્માના ધ્યેયપૂર્વક,...'** આશ્રયની અપેક્ષાએ ધ્યેયભૂત વિષય પોતાનું પરમાત્મતત્ત્વ છે અને પર્યાયના પ્રયોજનની અપેક્ષાએ ધ્યેયભૂત તત્ત્વ પરિપૂર્ણ શુદ્ધતા, પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ નિર્દોષતા, પૂર્ણ પવિત્રતા, જેને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે એ ધ્યેય છે. એને જુદું પાડવા માટે સાધ્ય

કહેવામાં આવે છે અને આત્માના મૂળ સ્વરૂપને ધ્યેય કહેવામાં આવે છે. કેમકે ધ્યેય છે તે ધ્યાનનો વિષય છે અને પર્યાય છે તે પ્રાપ્ત – સાધ્ય કરવાનો વિષય હોવાથી એ સાધનાનું ધ્યેય છે સાધ્ય. આરાધનાનું ધ્યેય છે તે સાધ્ય છે – આરાધ્ય છે અને અહીંયાં ધ્યાનનો જે આશ્રયભૂત વિષય – ધ્યેય છે તે પોતાનું પરમાત્મતત્ત્વ છે. બન્નેને સંધિ છે. એક હોય અને બીજું ન હોય એવું કોઈ કાળે બનતું નથી. સાધકને બન્ને વાત હોય છે. ટૂંકામાં એને, ટૂંકી ભાષામાં એને આત્માનું ધ્યેય કહી દીધું. આત્માનું ધ્યેય કહેતાં બન્ને વાત લઈ લીધી.

પૂર્ણતાનું લક્ષ અને પોતાના મૂળ સ્વરૂપનો આશ્રય એવા ધ્યેયપૂર્વક – આટલી શરત બાંધી છે એવા **'ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં...'** એ અંગેનો જે રસ ઉત્પન્ન થાય, તથાપ્રકારનો જે રસ ઉત્પન્ન થાય, **'તેવાં વિચાર-મંથન...'** હવે, વિચાર-મંથનની Quality છે એ નક્કી કરે છે, સ્પષ્ટ કરે છે. **'રસ આવે તેવાં વિચાર-મંથન કરતાં...'** એવા વિચાર અને મંથન કરવામાં આવે તો એ વિચાર-મંથન છૂટીને ધ્યેયનો વિષય અંતઃતત્ત્વસ્વરૂપ હોવાથી અંદરમાં જઈને એને પોતાનો માર્ગ મળી જશે. અંતર્મુખ કેમ થવું એ વાત એને સમજાશે, એ વાત એને આવડશે. જુઓ ! કેટલી વાત લઈ લીધી છે ! શબ્દો સાદા છે પણ વાત તો પૂરેપૂરું રહસ્ય ભર્યું હોય એવી વાત મૂકી દીધી છે.

મુમુક્ષુજીવને વાંચન, વિચાર, મંથનથી આગળ વધીને માર્ગપ્રાપ્તિ સુધીની વાત ટૂંકામાં – સંક્ષેપમાં મૂકી દ્યે છે. આ તો કેવી કેવી વાતો કરી છે (એ) સમજવા જેવો વિષય છે. પછી પ્રત્યક્ષ ચર્ચા ચાલે તો અંદરથી બીજી લાઈટ થાય કે, આ શબ્દો તેના તે આવે છે કે સામાન્ય એવીને એવી વાતો આવે છે એમ નથી, અંદર કાંઈક રહસ્ય ભર્યું છે એવી વાતો આવે છે. અત્યારે તો પ્રત્યક્ષ બિરાજમાન છે ને ! એટલે ચર્ચાનો પણ પ્રસંગ અને લાભ મળે છે તો એ રીતે વિચારવા જેવો (વિષય છે).

**'આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં...'** તથારૂપ **'રસ આવે...'** તે પ્રકારનાં વિચાર અને મંથન કરતાં કરતાં. છેલ્લે ચાલુ રહે છે ને એટલે **'કરતાં'** એમ લીધું છે. 'કરતાં'નો અર્થ એમ નથી કે ત્યાં વળગી જાવું અને એ કર્યા જ કરવું, કર્યા જ કરવું, કર્યા જ કરવું – એમ નથી. લક્ષ તો ધ્યેય ઉપર છે અને વિચાર, મંથન ચાલે છે. લક્ષ વિચાર, મંથન ઉપર હોય તો ધ્યેય ઉપર લક્ષ ન રહે. એને એમ થાય કે મારું વિચાર-મંથન ચાલવું જોઈએ, મારું વિચાર-મંથન ચાલવું જોઈએ, મારે વિચાર-મંથન ચાલવું જોઈએ. એ વાત નથી. એમ કરતાં કરતાં (થતું નથી). કેમકે કરતાં કરતાં થાય છે. એમ કરતાં કરતાં અહીંયાં કહેવા માગતા નથી. કરતાં કરતાંનો અર્થ એ લેવો કે જેનું લક્ષ ધ્યેય ઉપર છે એને એ ચાલુ રહે છે અને એમાંથી છૂટીને એ માર્ગમાં – નિર્વિકલ્પ દશામાં આવી જાય છે. એટલે એને અહીંયાં **'કરતાં'** કીધું. કરતાંનો

અર્થ આ કરતાં કરતાં એમ કરીને એના કર્તૃત્વમાં આવી જાય એવું જરા પણ થવું જોઈએ નહિ.

**'અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.'** એમ આ પ્રકારે યથાર્થ ભૂમિકામાં યથાર્થ રીતે જો પરિણામની પ્રવૃત્તિ હોય તો એને પોતાનો માર્ગ અવશ્ય મળે છે. (જેને માર્ગ) મળ્યો છે (એ માર્ગ) કેમ મળે છે એ પોતાના સ્વાનુભવની કેટલીક વાતો (પ્રસિદ્ધ કરીને કહી છે). અનેક પડખાં સ્વાનુભવમાં હોય છે. જુદાં જુદાં કાળે જુદી જુદી વાતો એમાં આવી જતી હોય છે. ક્યારેક કોઈક વિકલ્પ આવે, ક્યારેક કોઈ પડખાંનો વિકલ્પ આવે, ક્યારેક કોઈક પડખાંનો વિકલ્પ આવે અને એ જાતનું માર્ગદર્શન મુમુક્ષુને મળી જાય છે.

**'અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.'** વિચાર-મંથન કરતાં વિચાર-મંથનમાંથી માર્ગ મળી જાય છે એમ નથી લેતા. અંતરથી માર્ગ મળી જાય છે, કેમકે માર્ગ તો અંતર્મુખ પરિણામ છે અને એનું આશ્રયભૂત તત્ત્વ અંતઃતત્ત્વસ્વરૂપ પોતાનું પરમપદ છે, પરમાત્મપદ છે. એટલે એ અંતર્મુખ પરિણામનો વિષય છે. મનનો વિષય નથી કે, મનમાં વિચાર કરતાં અને મનમાં મંથન કરતાં કરતાં ત્યાં પહોંચી જવાય છે એવો એ વિષય નથી. મનાતીત દશા છે, વિકલ્પાતીત દશા છે. પણ એનો વિષય જ મનાતીત છે. લક્ષની અંદર, જ્ઞાનની અંદર, ભાવભાસનની અંદર તો ખ્યાલમાં છે કે આ મનથી બહારનો વિષય છે. એના ઉપરનું જોર વધતાં મન સાથેનો સંબંધ છૂટી જાય છે અને અંતર્મુખ પરિણમનનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. ત્યારે એને અંદરથી માર્ગ મળી ગયો – અંતરથી માર્ગ મળી ગયો એ શબ્દોથી કહેવામાં આવે છે. મૂળ તો એનું જે જોર વધે છે, સ્વરૂપ ઉપરનું જે જોર વધે છે અને જે ભાવ ચાલે છે એમાં તીવ્ર રસથી, આત્મભાવનો આત્મરસ તીવ્ર થાય છે ત્યારે પરિણામ એકરસ થઈ જાય છે. એકાકાર પરિણામ થતાં જે વિકલ્પ હતો એ વિકલ્પનો રસ તો અમસ્તો પણ ઠંડો થઈ ગયો છે. વિકલ્પ છે, રસ તો એનો ઠંડો થઈ ગયો છે (એટલે) છૂટી જાય છે. રસથી બળવાનપણું છે. વિકલ્પરસ હોય તો વિકલ્પ તૂટે નહિ અને આત્મરસ હોય તો વિકલ્પ તૂટી જાય. કેમકે આપસમાં એ પરસ્પર વિરુદ્ધ રસ છે.

અનુભવરસમાં વિકલ્પરસનો અભાવ છે, વિકલ્પરસમાં અનુભવરસનો અભાવ છે. આવો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એક પત્ર છે કે, વિકલ્પ છોડો. સામે જેને પત્ર લખ્યો છે (એને લખે છે કે), આડાઅવળા વિકલ્પ છોડો. આત્માનો વિકલ્પ પણ જ્યાં છોડવાનો છે ત્યાં તમે બીજાનો વિકલ્પ ક્યાં કરો ? એમ કરીને (વાત કરી છે). જ્યાં સ્વરૂપનો વિકલ્પ પણ છોડવા યોગ્ય છે ત્યાં બીજાનો વિકલ્પ તો નિરર્થક જ છે. તેથી એમ કહે છે કે, વિકલ્પરસમાં અનુભવરસનો અભાવ છે અને અનુભવરસમાં વિકલ્પરસનો અભાવ છે. પરસ્પર એકબીજા વિરુદ્ધ હોવાથી

બે રસ સાથે જળવાતા નથી. જે રસ બળવાન થાય છે તે બીજા રસને તોડે છે. આ સીધી વાત છે. રસ છે એ વજન છે, પરિણામનાં પલ્લા ઉપરનું વજન છે. જે પલ્લામાં વજન નાખો એ પલ્લું બેસે એ તો સીધેસીધી વાત છે.

એટલે અહીંયાં વિચાર, મંથન, વાંચન ચાલે છે એ તો ઉપર ઉપરની વાત છે. એમાં રસ છે એ એની અંદરની વાત છે. એક જ પરિણામના બાહ્ય અંગને અને અંતરંગને જોઈએ તો વિચાર, વિકલ્પ, વાંચન એ બધું પરિણામનું બહારનું – બાહ્ય અંગ છે અને અંદરમાં આત્મરસ છે એ પરિણામનું અંતરંગ છે. બહારનું અંગ ઘસાઈ જાય છે અને છૂટી જાય છે, અંતરંગનું વિકાસ પામીને – Development થઈને એકાકાર થઈ જાય છે. એ રીતે પરિણામ આગળ વધે છે ત્યારે અહીંયાં એમ કહ્યું કે કરતાં કરતાં થાય છે, પણ વિકલ્પ કરતાં કરતાં નહિ, અંદર રસ વૃદ્ધિગત કરતાં કરતાં થાય છે. આમ લઈએ તો વિચાર-મંથન કરતાં જે રસ વૃદ્ધિગત થઈ ગયો એને લઈને માર્ગ મળે છે, વિકલ્પ કરતાં માર્ગ મળે છે એમ કહેવાનો અહીંયાં અભિપ્રાય પણ નથી જ – એમ લેવું. એ રીતે માર્ગ મળે છે.

અહીં સુધી રાખીએ.

**જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે, જોકે તે જ્ઞાનમાં જાણે છે કે રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ૫૮.**

## તા. ૦૨-૦૨-૧૯૮૭, વચનામૃત–૫૮, ૫૯
## પ્રવચન નં. ૫૦

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૦. ૫૮મો બોલ છે. જ્ઞાનીની દશામાં શ્રદ્ધા અપેક્ષાએ અને જ્ઞાન અપેક્ષાએ પરિણમનમાં પોતાનો વિષય – નિજ વિષય કેવી રીતે રહે છે – એમ બે પડખેથી વાત લીધી છે. **'જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,...'** શું કહે છે ? દૃષ્ટિ અપેક્ષાએ કથન કરવું એમ અહીંયાં (કહ્યું છે). દૃષ્ટિ અપેક્ષાએ એટલે જ્ઞાનીને એના દૃષ્ટિના પરિણમનના પડખેથી જોઈએ તો સાધકને પોતાના જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ છે. દૃષ્ટિમાં પોતે જ્ઞાનમાત્ર – સ્વરૂપમાત્ર એટલું જ પોતે પોતારૂપે જોવે છે અને એ સિવાય બાજુમાં રહેલી એક સમયની અવસ્થાને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી.

તર્ક એવો થાય કે, ચૈતન્ય અને રાગની ભિન્નતા પણ છે અને રાગ ચૈતન્યની પર્યાયમાં પણ થાય છે ભલે જુદી જુદી અપેક્ષાએ કહેવામાં આવે છે તોપણ વસ્તુનું સ્વરૂપ કેવી રીતે છે ? કેમ છે ? એ પ્રશ્ન થવા યોગ્ય છે. જ્યાં એમ કહ્યું કે, ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા છે, ભિન્નતા છે તો ભિન્નતા ભાસે છે ને ? એ પણ દૃષ્ટિનું જ્ઞાનની મુખ્યતાથી કથન છે, કેમકે ભાસવું તો જ્ઞાનમાં છે. દૃષ્ટિ તો સ્વરૂપમાત્ર જેટલું સ્વભાવરૂપ સ્વરૂપ છે – ચૈતન્યસામાન્ય – ચૈતન્યસ્વભાવને જ અહંપણે – પોતારૂપે શ્રદ્ધીને અભેદ રહે છે અને ત્યાં શ્રદ્ધા અહંપણું કરે

છે તોપણ શ્રદ્ધા અને શ્રદ્ધાના વિષયમાં દ્વૈત નથી – બેપણું નથી. એવા પ્રકારે શ્રદ્ધા હુંપણું કરે છે કે બસ, એકાકાર સ્વરૂપમાત્ર જ પોતે છે. આ સિવાય બીજું કાંઈ શ્રદ્ધામાં રહેતું નથી, શ્રદ્ધામાં શ્રદ્ધાતું નથી. એટલો જ એનો વિષય રહે છે. પર્યાય, રાગ, વીતરાગતા, શુદ્ધિ-અશુદ્ધિ એ કાંઈ શ્રદ્ધાનો વિષય નથી. પર્યાય જ શ્રદ્ધાનો વિષય નથી તો પર્યાયમાં રહેલા શુદ્ધિ-અશુદ્ધિના ભેદો એ ક્યાંથી એનો વિષય હોય ? પ્રશ્ન જ નથી. એવું જ્ઞાનીને શ્રદ્ધાનું પરિણમન છે પણ જ્ઞાન અપેક્ષાએ પણ ત્રિકાળી ચૈતન્યસ્વભાવમાં તો રાગની ભિન્નતા જ છે. પ્રમાણજ્ઞાન એમ જાણે છે કે, રાગ આત્માની પર્યાયમાં છે, ચૈતન્યની પર્યાયમાં થાય છે, દેહની પર્યાયમાં કે બીજા પદાર્થની પર્યાયમાં થાય છે એમ નથી. એટલી વાત છે.

મુમુક્ષુ :– શ્રદ્ધાની પર્યાય તો શ્રદ્ધાની છે.

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધાની પર્યાય તો શ્રદ્ધા કરવા સિવાય એનું બીજું કોઈ કાર્ય નથી.

મુમુક્ષુ :– ઈ એમ કરે છે કે હું દ્રવ્ય છું.

પૂજ્ય ભાઈશ્રી :– 'આ હું' બસ, એટલો જ એનો શ્રદ્ધાનો ભાવ છે. તે પણ પોતાને વિષય કરીને નહિ. જે ત્રિકાળી સામાન્ય અસ્તિત્વ છે એ સામાન્ય અસ્તિત્વમાં અભેદપણે શ્રદ્ધા રહી જાય છે. આ સિવાય શ્રદ્ધાને કાંઈ નથી. બીજું પર્યાયથી માંડીને બીજાં દ્રવ્યો અને ભાવો અને આખું જગત છે કે નહિ એ એનો વિષય જ નથી. નહિ હોવાનો પણ વિષય નથી અને હોવાનો પણ વિષય નથી, કાંઈ નથી. એને તો પોતાનું એકલું સર્વસ્વ મળી ગયું છે અને એથી એનું પ્રયોજન સિદ્ધ છે. પૂરેપૂરી શક્તિથી શ્રદ્ધા સ્વતત્ત્વને – સ્વદ્રવ્યને – સ્વસ્વભાવને શ્રદ્ધવારૂપ પરિણમન કર્યા જ કરે છે.

પ્રશ્ન :– વિપરીત અવસ્થા વખતે શ્રદ્ધા એમ જ પરિણમે છે ?

સમાધાન :– નહિ, વિપરીત અવસ્થા વખતે શ્રદ્ધા આત્માને છોડીને અન્ય દ્રવ્ય-ભાવમાં હુંપણું શ્રદ્ધે છે. ત્યારે એનો વિષય આત્મા રહેતો નથી અથવા એ શ્રદ્ધાને – વિપરીત શ્રદ્ધાને આત્મા છે કે નહિ એ પ્રશ્ન નથી. ત્યારે એને આત્માનો પ્રશ્ન નથી. આત્માને શ્રદ્ધે છે ત્યારે આત્માને છોડીને બીજો કોઈ પ્રશ્ન એને નથી. આમ છે.

મુમુક્ષુ :– શ્રદ્ધાની પર્યાય એમ જાણે કે, હું ત્રિકાળી ધ્રુવ છું ત્યારે તો પોતે પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધાની પર્યાય પોતે પર્યાય છે. પણ પર્યાય કોઈ દ્રવ્ય નથી, એ કોઈ જુદું દ્રવ્ય નથી. એનો વિષય જે શ્રદ્ધા છે એમાં એ અસ્તિત્વ જોવે છે. કાયમી અસ્તિત્વ – કાયમી સત્તા મારી અહીંયાં છે, મારું નિવાસસ્થાન અહીંયાં છે એમ જોવે છે. એટલે એક હુંપણું કરવું એવું એનું કાર્ય છે. હુંપણે પરિણમવું – 'આ હું' એવું એનું કાર્ય છે. એટલો પણ વિકલ્પ નથી. કેમકે પોતે નિર્વિકલ્પભાવે પરિણમે છે પણ ખોલીએ તો બસ, એ પોતાના વિષયમાં મસ્ત

છે અને એ સિવાય એને ક્યાંય જોવાનું નથી. ક્યાંય એને શ્રદ્ધવાનો વિષય રહેતો નથી. પૂરેપૂરી શક્તિથી પોતાના ભગવાનઆત્મામાં જે શ્રદ્ધા શ્રદ્ધે છે અને ત્યાં શ્રદ્ધાનો વિષય પૂરો થાય છે, શ્રદ્ધાની વાત પૂરી થઈ જાય છે. એને બીજો કાંઈ અપેક્ષા-નહિ અપેક્ષાનો પ્રશ્ન જ નથી ખરેખર તો કે છે કે નહિ. એ તો સમજાવવા માટે એમ કહેવાય છે કે એ જોડે રહેલી પર્યાયને શ્રદ્ધા શ્રદ્ધતી નથી તેથી શુદ્ધિ-અશુદ્ધિને શ્રદ્ધતી નથી અને નિમિત્તોને પણ શ્રદ્ધતી નથી.

નિજ ભગવાનની શ્રદ્ધા છે એમાં બીજા થયેલા, થનારા ભગવાનની શ્રદ્ધા વ્યવહારે આવી જાય છે. નિશ્ચય શ્રદ્ધાનમાં વ્યવહાર શ્રદ્ધાન ગર્ભિત છે. બાકી શ્રદ્ધાનો વિષય કોઈ અન્ય દ્રવ્ય નથી થતો. સર્વજ્ઞની શ્રદ્ધા ખરી કે નહિ ? (તો કહે છે) નિજ સર્વજ્ઞની શ્રદ્ધા (છે). એકાંતે પરસર્વજ્ઞની શ્રદ્ધા અને નિજ સર્વજ્ઞની અશ્રદ્ધા એ સર્વજ્ઞની સાચી શ્રદ્ધા નથી. કોઈ એમ કહે ને કે, અમારા તો વીતરાગદેવ છે, અમે તો જૈન પરમેશ્વરને માનનારા છીએ, અમારી શ્રદ્ધા એમાં છે. કઈ રીતે શ્રદ્ધા છે ? સ્વશ્રદ્ધાન છે ? નિજ જૈન પરમેશ્વરનું શ્રદ્ધાન છે ? તો પેલું વ્યવહારશ્રદ્ધાન સાચું. એ તો શ્રદ્ધા સંબંધિત રાગ છે. ખરેખર એ શ્રદ્ધાનો પર્યાય નથી પણ શ્રદ્ધા સંબંધિત રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો શ્રદ્ધા સંબંધિત રાગ છે કે, હું માનું છું, હું માનું છું, માનું છું. એમ નવ તત્ત્વનો પણ શ્રદ્ધા સંબંધિત રાગ છે. એકાંતે એનું શ્રદ્ધાન મિથ્યાશ્રદ્ધાન છે, સાચું શ્રદ્ધાન જ નથી. સ્વતત્ત્વનું શ્રદ્ધાન તે જ સમ્યક્ શ્રદ્ધાન, તે જ સાચું શ્રદ્ધાન (છે). દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ છે. એમાં સ્વ-દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્દૃષ્ટિ છે, 'સ્વ' (શબ્દ) અધ્યાહાર છે. જ્ઞાયકમાત્ર એમાં 'હું' અધ્યાહાર છે. જ્ઞાનમાત્ર, સ્વરૂપમાત્ર એમાં 'હું' અધ્યાહાર છે. 'હું' એમ છું, એટલો જ છું, માત્ર એટલે અહીંયાં પૂરું થઈ ગયું.

પ્રશ્ન :– વ્યવહારશ્રદ્ધાની પર્યાય શ્રદ્ધાની પર્યાય છે એ જ્ઞાનનો વિવેક છે ?

સમાધાન :– ચારિત્રમાં જાય છે. ચારિત્રમાં જાય છે પણ એનું રૂપ એ રીતે લેવામાં આવે છે. ચારિત્રને શ્રદ્ધાનું રૂપ. એમ. એક ગુણને બીજા ગુણના રૂપ છે ને ? એ એનું એવું રૂપ છે અને અનેક ગુણના રૂપ છે, બધા ગુણના રૂપ છે. એક ગુણને બધા ગુણના રૂપ છે. એમ કહેવાય કે, નવ તત્ત્વની શ્રદ્ધા છે, છ દ્રવ્યની શ્રદ્ધા છે, વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે. પણ 'ગુરુદેવ'ના પ્રવચનો વાંચશો (તો) એમાં આવશે કે, એ શ્રદ્ધા સંબંધીનો રાગ છે. શ્રદ્ધા નથી પણ શ્રદ્ધા સંબંધીનો રાગ છે. એમ સ્પષ્ટ ખુલાસો છે. કેમકે શ્રદ્ધા પરદ્રવ્યની કરે તો શ્રદ્ધા મિથ્યા છે. કેમકે શ્રદ્ધા તો હુંપણું કરશે, તો પરદ્રવ્યમાં હુંપણું કરે એ સાચું છે ? એ તો સર્વથા જૂઠ છે. પરદ્રવ્યમાં તો પોતાનું અસ્તિત્વ જ નથી તો પરદ્રવ્યની શ્રદ્ધા કેમ થાય ? કેવી રીતે થઈ શકે ? બીજા અન્ય દ્રવ્યની શ્રદ્ધા કેવી રીતે થઈ શકે ? એ થવાનો પ્રશ્ન રહેતો નથી, થાય તો તે મિથ્યાશ્રદ્ધાન છે બસ !

અહીંયાં તો બીજો પ્રશ્ન ચર્ચીએ છીએ કે, દૃષ્ટિ અપેક્ષાએ ચૈતન્યથી રાગ ભિન્ન અને જ્ઞાન અપેક્ષાએ રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે એમ અહીંયાં કહ્યું ને ? તો બન્ને જગ્યાએ ચૈતન્યની અપેક્ષા એક જ છે ? (તો કહે છે), ના. શ્રદ્ધા-જ્ઞાનની અપેક્ષા નથી, અહીંયાં વિષય પણ બદલાય છે. જેટલો શ્રદ્ધાનો વિષય છે એટલો જો જ્ઞાનમાં લેવામાં આવે (અર્થાત્) માત્ર ત્રિકાળી ચૈતન્યસ્વભાવ એકરૂપ ધ્રુવ સ્વભાવ પરમપારિણામિકભાવ (લેવામાં આવે) તો જ્ઞાન અપેક્ષાએ પણ એમાં રાગ નથી. કોઈ અપેક્ષાએ એમાં રાગ નથી. તે એકાંતે રાગરહિત છે. ચૈતન્યસ્વભાવ – દૃષ્ટિનો વિષયભૂત થાય છે એવો જે સ્વભાવ એને જ્ઞાનમાં વિષય કરવામાં આવે તોપણ જ્ઞાન એમ જ જાણે છે કે, આમાં રાગ નથી, ત્રણેકાળે આમાં રાગ નથી એમ જ્ઞાન જાણે છે. નહિતર તો કોઈ આમાંથી તર્કબાજ હોય એ એવો તર્ક કાઢે કે, જો દૃષ્ટિ અપેક્ષાએ ચૈતન્યમાં રાગ ન હોય અને જ્ઞાન અપેક્ષાએ ચૈતન્યમાં રાગ હોય તો કાં દૃષ્ટિ ખોટી છે અને કાં તમારું જ્ઞાન ખોટું છે. પણ કહેવાનો મર્મ બીજો છે કે, જ્યારે ચૈતન્યની પર્યાયમાં રાગ થાય છે એમ જાણે છે ત્યારે પર્યાયસહિત પ્રમાણનો વિષય જે ચૈતન્યદ્રવ્ય છે એમ લેવું છે, ત્યારે ત્રિકાળી વિષય લેવો નથી. એમ કહેવું છે. એટલે સમ્યક્જ્ઞાનીનું પ્રમાણજ્ઞાન એમ જાણે છે કે, રાગ છે એ મારી અવસ્થામાં થાય છે, પણ દૃષ્ટિના વિષયભૂત જે ચૈતન્યસ્વભાવ (છે) એમાં રાગ થતો નથી એમ જ જ્ઞાન જાણે છે. જે શ્રદ્ધા શ્રદ્ધે છે એ વિષયને તો જ્ઞાન એમ જ જાણે છે.

જ્યારે રાગ ચૈતન્યમાં નથી એમ કહ્યું એટલે ચૈતન્યસ્વભાવમાં નથી એમ કહ્યું તો એક પ્રશ્ન ઉપસ્થિત થાય (કે) તો પછી રાગ કોઈ બીજાને થાય છે ? ત્યારે એમ કહે છે કે, નહિ, પ્રમાણજ્ઞાનથી આખા દ્રવ્યને જાણનાર સમ્યક્જ્ઞાની એમ જાણે છે કે, રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ત્રિકાળી સ્વભાવમાં નહિ પણ ચૈતન્યની પર્યાયમાં થાય છે. ચૈતન્ય પરિણમે છે, રાગાદિ ભાવે એ દ્રવ્ય જ પરિણમે છે, એ દ્રવ્યનું જ પરિણમન છે અને એ બીજા દ્રવ્યનું પરિણમન નથી. જેમ માણસ એમ કહે છે કે, મને ભૂખ લાગી છે, તો ભૂખ લાગી છે એમાં જીવનું પરિણમન શું ? અને દેહનું પરિણમન શું ? શરીરનું પરિણમન શું ? એ તો શરીર સાથે સંબંધ ધરાવે છે ને ? તો જઠરાગ્નિની વેદના જે થઈ (એ) અગ્નિ એનો ખોરાક માગે છે. જો (એમાં) ખોરાક મળે તો એ શાંત થાય. એવું જે હોજરી ખાલી થઈ અને જઠરાગ્નિ માત્ર ત્યાં હોજરીને તપ્ત કરે છે, તપાવે છે એવું જે પરમાણુનું પરિણમન છે એ દેહનું પરિણમન છે. કહે છે ને કે, પેટમાં ખાડો પડ્યો છે, ભૂખ લાગી છે, પેટમાં ખાડો પડ્યો છે. હોજરી ખાલી છે, તો એ દેહનું પરિણમન છે. હોજરી દેહનો અવયવ છે, આત્માનો નહિ અને મારે ખાવું છે, મને ભૂખ લાગી છે એવો રાગ ચૈતન્ય આત્મા કરે છે, દેહ કરતો નથી. મને ભૂખ લાગી છે એવો જે રાગ એ જીવ કરે છે, એ દેહ કરતો નથી. પણ દેહાત્મબુદ્ધિએ મને લાગી છે એવો રાગ

કરે છે, ખરેખર તો આત્માને ભૂખ લાગતી નથી. તો આત્માને શું થાય છે એમ વિચારીએ તો ત્યાં એને ભૂખ સંબંધીનું જ્ઞાન થાય છે. શું થાય આત્માને ? ભૂખ સંબંધીનું જ્ઞાન થાય છે. સન્નિકર્ષમાં જે જઠરાગ્નિના પરમાણુનો સંયોગ છે અને એની જે વેદના – અશાતા વેદના કહો – ક્ષુધા વેદના કહો, એ ક્ષુધા વેદનાનું જ્ઞાન થાય છે એટલું જ માત્ર આત્માને છે. પછી એ જ્ઞાનમાં દેહને પોતાનો જાણ્યો છે એટલે મને ભૂખ લાગી છે એમ માનીને આકુળિત થાય છે. પણ દેહનું પરિણમન દેહમાં થાય છે અને આત્મામાં નહિ, આત્માનું પરિણમન આત્મામાં થાય છે અને દેહમાં નહિ. આમ ભિન્ન ભિન્ન છે. પણ એકસાથે નિમિત્ત-નૈમિત્તક સંબંધ જોઈને જીવને ભ્રાંતિ થાય છે કે, આ ભૂખ લાગવાનું કાર્ય મારામાં થાય છે તેથી ખાવાનું કાર્ય પણ મારામાં થાય છે અને તેથી તૃપ્તિ પણ મને થાય છે.

'અનુભવપ્રકાશ'કારે કહ્યું કે, અનુચર ખાય ત્યારે રાજા એમ માનતો નથી કે મેં ખાધું. નોકર ખાય ત્યારે રાજા એમ માનતો નથી કે મેં ખાધું. એમ શરીરમાં રોટલી, દાળ, ભાત, શાકના પરમાણુ આવે ત્યારે જીવરાજા એમ માને છે કે મેં ખાઈ લીધું. (ખરેખર તો) એક પરમાણુ એને અડ્યો નથી. ચૈતન્યપિંડ આત્મા પરમાણુથી અસ્પર્શિત જ રહે છે. ક્યારેય એને પરમાણુની સ્પર્શના નથી. ક્ષીરનીરવત્ સંબંધ હોવા છતાં પાણી પાણી છે અને દૂધ દૂધ છે. દૂધ પાણી થાય નહિ અને પાણી દૂધ થાય નહિ.

પ્રશ્ન :– આત્માની આટલી શક્તિ છે એ શક્તિ ક્યાં ચાલી જાય છે ?

સમાધાન :– શક્તિ ક્યાંય જાતી જ નથી એમ કહે છે. આત્માની શક્તિ જેટલી છે એટલી આત્મામાં સદાય રહે છે. એનું ભાન જે કરે છે, એનું ભાન જેને થાય છે કે આટલી બધી શક્તિ છે ! એ આત્માને શક્તિની વ્યક્તિ થઈને શક્તિનો વિકાસ થાય છે. બીજાની શક્તિનો વિકાસ નથી થતો, શક્તિ મૂંઢાય જાય છે, બીડાય જાય છે. કેમકે શક્તિ અને વ્યક્તિ એમ બે ભેદે શક્તિ રહે છે. વ્યક્તિમાં શું અને શક્તિમાં શું ? એ બન્ને યથાર્થ જાણી લેવું જોઈએ. આટલી બધી શક્તિ છે એવી પ્રતીતિ છે ? એવી ખાત્રી છે ? જો એવી શ્રદ્ધા હોય તો તે શક્તિ નથી એવી દીનતા કરે નહિ. પૈસાવાળો ભીખ માગે ? શ્રીમંત હોય એ દાતણ વેચવા નીકળે ? વાઘરી દાતણ વેચવા નીકળે કે, ભાઈ ! કોઈ એક સોટી દાતણ લઈ લ્યો. એક આના, બે આના, ચારા આના જે કાંઈ કિંમત હોય તે. શ્રીમંત માણસ નીકળતો હશે ? એક-બે આનાના દાતણ વેચવા નીકળે ? (એ) પ્રશ્ન જ નથી. એમ જેને પોતાના અનંત ગુણની સંપત્તિની શ્રદ્ધા છે એને દીનતા ઊડી જાય છે. જગતના પદાર્થોની, જગતની મહિમા અને મોટાઈ એને નથી રહેતી. આ ફેર પડે છે. એનું નામ શ્રદ્ધા છે.

બધા જ ધર્મના સંપ્રદાયમાં પૈસાવાળા અવગુણવાળા હોય તોપણ ધર્મના સંચાલકો હોય,

ધર્મગુરુઓ હોય એ એની પ્રશંસા કરે. બહુ દુનિયાદારીની ભાષામાં કહીએ તો એને ખોટું ખોટું માખણ લગાડે. 'ગુરુદેવ' ચાબખા મારતા હતા. પ્રશંસા નહોતા કરતા. એમ કહે કે, આ તમે બધા કરોડપતિ, અબજપતિ દુઃખના ડુંગરામાં દટાયેલા પડ્યા છો. અત્યારે ખબર પડતી નથી, સંયોગોમાં જીવ રાચે છે એને ખબર પડતી નથી પણ કાલ સવારે ઢેઢગરોળીની કૂખે ચાલ્યા જવાનું થશે, એમ કહે, ચોખ્ખેચોખ્ખું કહે. અહીંયાં સંયોગ... સંયોગ... સંયોગની જે ધૂન ઊભી થાય છે, પ્રાપ્તિ અને ભોગવવું, પ્રાપ્તિ અને મેળવવું ને ભોગવવું, કરવું ને ભોગવવું. એના ફળમાં તિર્યંચ ગતિ આવી જશે. કારણ કે તિર્યંચ ગતિ મોટી છે અને વાણિયો બહુ મોટા પાપ ન કરે એમ ગણીને તિર્યંચ ગતિ ગણવામાં આવે છે. આ જે મોટા મોટા પાપ કરે, મોટા કારખાના નાખે એ તો બધા પાછા તિર્યંચમાં પણ નથી જતા. ઈ પાછા નરકગતિમાં ચાલ્યા જાય છે. પૈસા અહીંયાં ઘણા મળે એ કારખાના નાખ્યા એટલે નથી મળતા, ઈ પૂર્વકર્મ છે. પૂર્વકર્મ ન હોય તો કારખાનું નાખે ને દેવાળું કાઢે. બને છે કે નથી બનતું ? એટલે જગતના પદાર્થોની મહિમા અજ્ઞાનદશામાં અજ્ઞાની જીવને આવે છે, જ્ઞાનીને આવતી નથી.

એક મિલમાલિક આવ્યા હતા. 'ગુરુદેવે' વાત એવી રીતે કરી કે, વખત લેતા નથી, આમને આમ જિંદગી ચાલી જાય છે. (તો પેલા ભાઈ કહે) સાહેબ ! અમારે જવાબદારી કેટલી બધી હોય, આપને શું ખબર પડે કે, અમારે કેટલી જવાબદારી હોય ! ('ગુરુદેવ') કહે, શું કીધું ? શું ખબર પડે એટલે શું સમજો છો તમે ? બધી સમજણ પડે છે. આ તમે બધા મફતના હેરાન થાઓ છો. એની બધી કિંમત ઉડાડીને અહીંયાં બેઠા છીએ. એને શું લાગશે ? એને ખરાબ લાગી જશે. એવી રીતે એને રાજી રાખવાનો પ્રયત્ન જ્ઞાનીઓ કરતા નથી. મોટા માગણ કહે ! 'ભાવનગર'ના મહારાજાને મોટા માગણ કીધાં હતાં ! નાનું માગે ઈ નાનો માગણ. ઓછું માગે ઈ નાનો માગણ, ઝાઝુ માગે ઈ મોટો માગણ. અમારી દૃષ્ટિમાં તો બધા દીનવૃત્તિવાળા ભિખારી જોવામાં આવે છે, એમ કહેતા હતા. એમાંથી તત્ત્વ લેવાનું છે કે, આત્માની મહાનતા શું છે ? એ તત્ત્વ એમાંથી લેવાનું છે.

પરપદાર્થને મહાનતા આપીને પોતે દીનતામાં આવી ગયો છે અને એ દીનતાને કારણે પોતાની શક્તિને ભૂલવાનું થાય છે, ચૂકવાનું થાય છે અને એ રીતે શક્તિ મૂંઢાઈને દુર્ગતિ થાય છે.

પ્રશ્ન :- આ બધા વિભાવદશામાં ચાલ્યા જઈએ છીએ એ જે ફેરફારો થાય છે એમાં પૂર્વકર્મ કાંઈ નહિ ?

સમાધાન :- વિભાવદશામાં ઊંધા પુરુષાર્થથી ચાલ્યા જઈએ છીએ. કર્મ તો બિચારા આંધળા છે, એને નડવાની-વગર નડવાની ખબર નથી પડતી.

મુમુક્ષુ :- એક સીધો ચાલે અને એક આડો ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- હાથે કરીને ચાલે છે. સીધો પણ હાથે કરીને ચાલે છે અને આડો પણ હાથે કરીને ચાલે છે. આ જીવ છે એ ચૈતન્યસ્વભાવી છે અને એને એમ કહો કે, આ તું આડો ચાલે છે; તો કહે કે, ના ના ! ઈ એમ કહે કે, તું આડો ચાલે છે, હું તો સીધો જ ચાલું છું – એમ કહે. ઈ હાથે કરીને એવું કરે છે, એને ખબર નથી પડતી એવું નથી. એનો Concious તો Bite કરે છે, અંદરથી એને આત્મા ના પાડે છે કે, આમ ન થાય. પણ આડો ચાલે છે એ હાથે કરીને ચાલે છે. એમ છે. એને કર્મ આડો ચલાવે છે એમ ખરેખર વાત નથી.

મુમુક્ષુ :- અંતરાયકર્મ આડો ચલાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંતરાયકર્મ અંતરાયકર્મમાં રહે છે. ભિન્ન હોવાથી આત્મામાં આવતું નથી. આત્મા પોતે હીનસત્ત્વ થાય છે ત્યારે અંતરાયકર્મ નિમિત્ત છે એવું જ્ઞાન કરાવે છે, પણ એ પોતે થાય છે ત્યારે. પોતે બળવાન થાય તો બધા કર્મ એનો રસ્તો પકડે છે. એને નિમિત્ત પણ ગણવામાં આવતા નથી. ઉદયમાં આવી આવીને ખરી જાય છે, કંઈ નિમિત્ત નથી પડતા. પણ પોતે જો બળવાનપણે પોતાના બળને ભાનમાં રાખીને બળ ફોરવે તો કોઈ કર્મ એને નડતા નથી. પૂજામાં તો એવું આવે છે કે, 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ.' ભૂલ તો મારી મોટી છે, કર્મ બિચારા કોણ છે ? એક હાથી સૂતો હોય, એક પહેલવાન માણસ સૂતો હોય તો માખી ને મચ્છર આવીને બેસે છે, જાગતો હોય તો ? ન બેસે. મચ્છરની તાકાત કે પહેલવાનની તાકાત ? પણ સૂતો હોય તો આવીને કરડી જાય. જાગતો હોય તો ન કરડે. સીધી વાત છે. વળી, પોતે એક છે. સંખ્યાએ – દ્રવ્યની સંખ્યામાં પોતે એક છે. પોતે કેટલા છે ? એક છે અને કર્મ અનંતા છે. અનાદિથી અનંત કર્મ પરમાણુ, અનંત દ્રવ્યો – પરમાણુ દ્રવ્ય અનંત કર્મરૂપે પરિણમીને સંયોગમાં છે. પોતે એક છે અને આ સામે અનંત છે પણ જો આ એક જાગે તો આખી કર્મની સેના ભાગે. આ જાગે તો ભાગે. ન જાગે તો એ માથે બેઠા છે. ક્યાં સુધી ? કે, ન જાગે ત્યાં સુધી.

આમાં એવો એક બોલ છે કે, કર્મ તો અનંતા છે અને પોતે એક છે. પણ પોતાની શક્તિ એટલી છે કે, શક્તિનું ભાન કરે (તો બધા ભાગે). 'ગીતા'માં એવું આવે છે કે, 'અર્જુન' છે એ લડાઈ લડવા માટે નાસીપાસ થઈ ગયો છે અને એ કહે છે કે, મારા તો હાથ-પગ ધ્રૂજે છે, ગાત્રો ધ્રૂજે છે એટલે મારા હાથ-પાગ ધ્રૂજે છે. મારું હૃદય ધ્રૂજે છે, હું લડાઈ નહિ કરી શકું એવું મને લાગે છે. ત્યારે 'શ્રીકૃષ્ણ' એને એમ કહે છે કે, ભાઈ ! તારી કલ્પના ખોટી છે અને તું તો લડાઈ કરવાવાળો વીરપુરુષ જ છો. તો એણે જ્યારે ધનુષનો ટંકાર કર્યો,

ટંકાર કર્યો એટલે શું ? કે, એની દોરીને પણછ કહે છે, (એ) દોરી ખેંચીને એમાંથી જે અવાજ થયો ઈ એવા પ્રકારનો અવાજ નીકળ્યો કે સેના ભાગવા માંડી ! એક ધનુષના ટંકારથી જ કેટલુંક સૈન્ય ભાગી ગયું. એમ આત્મા હજી અંદરથી સળવળાટ કરે – મારી શક્તિ શું છે એ જોવાનો વિચાર કરે, અને એની બાજુ વળવાની તૈયારી કરે, એના ઉત્સાહમાં આવે કે, મારી શક્તિનું ભાન કરવું છે, મારે દીન – રાંકા થઈને જગતમાં ફરવું નથી, હું મારી શક્તિને સંભાળવા માગુ છું – એટલી માનસિક તૈયારી કરે ત્યાં કર્મ-ફર્મની ચિંતા ચાલી જાય છે. સમજણમાં જ ચાલી જાય છે, પછી તો પરિણમનમાં રહેવાનો સવાલ નથી. અભિપ્રાય જ છૂટી જાય છે કે, કર્મ હેરાન કરે છે. કર્મ નડે છે એ વાત છૂટી જાય છે. એ બધા ઊંધી શ્રદ્ધાના લાકડા કુગુરુઓ નાખી દ્યે છે કે, તને કર્મ નડે છે ભાઈ ! માટે તું કાંઈક કર્મની પૂજા કર. છેવટે અંતરાય કર્મની પૂજા કર. અશાતા વેદનીને (ટાળવા) વેદનીય કર્મની પૂજા કર, ફલાણા કર્મની પૂજા કર. પૂજનીય હોય તેને પૂજાય. કોને પૂજાય ? પૂજનીય હોય એને પૂજાય. પૂજવા યોગ્ય હોય એને પૂજાય કે ન પૂજવા યોગ્ય હોય એને (પૂજાય) ? ચૈતન્ય પૂજાય કે જડને પૂજાય ? જડને પૂજતા પૂજતા આજે કર્મની પૂજા કરે છે, કાલે પીપળાની કરીશ. આ કુંભાર માટીની પૂજા કરે છે ને ? ચાકડાની પૂજા કરે, માટીની પૂજા કરે, અન્યમતમાં જાય છે. ગામડાની અંદર લગ્ન હોય, કુંભારના ઘરે ચાકડા અને માટીની પૂજા કરવા જાય. ત્યાં સુધી પૂજા કરે ! આ વેપારીઓ ઉંબરાની પૂજા કરે છે. બેસતો મહિનો હોય તો ઉંબરામાં ફૂલ નાખે, કંકુ નાખે, સાથિયા કરે, ચોખા નાખે. કરે છે કે નહિ ? ઈ જડની પૂજા કરે છે. એમાં એને શ્રદ્ધા છે કે આ મને સુખ દેશે. શું શ્રદ્ધા છે એને ? આ મને સુખ દેશે એમ માનીને શ્રદ્ધે છે. સુખ આત્મામાં ભર્યું એમ આત્માની શ્રદ્ધા કરીને ત્યાંથી સુખ લેવાની શ્રદ્ધા કરતો નથી. પરિણામે દુઃખને ભોગવે છે, સુખ તો મળતું નથી પણ દુઃખને ભોગવે છે.

મુમુક્ષુ :– ધાર્મિક ક્ષેત્રમાં આવ્યા પછી કર્મની વાત સાંભળવા મળી. એ પહેલાં તો કર્મ શું છે ઈ જાણતા નહોતા. અત્યારે પણ કર્મ તો દેખાતા નથી. કર્મની મહિમા આવે છે, ચૈતન્યની મહિમા આવતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું સમજાવી દ્યે છે કે, જો તું માંદો પડ્યો અને તને અશાતા વેદની કર્મનો ઉદય આવ્યો. તને ભૂખ લાગી હતી અને ખાવા ન મળ્યું કેમકે અંતરાય કર્મનો ઉદય આવ્યો. આને બેસી જાય છે. સંયોગીબુદ્ધિમાં સંયોગી વાત બેસી જાય. જેવી શ્રદ્ધા હોય એને અનુકૂળ કોઈ વાત કરે તો એ વાત તરત Fit બેસી જાય. આ કુદરતી પરિસ્થિતિ છે. એટલે એમ જ ચાલ્યું છે, અનાદિથી ઊંધેઊંધું જ ચાલ્યું છે.

ખરેખર તો પોતાને પોતાનો અનુભવ કરવો એવો એનો સ્વભાવ છે. હવે, અનુભવ કરવો

એનો સ્વભાવ હોવાથી અનાદિથી અનુભવ કર્યા કરે છે પણ સ્વાનુભવની શૂન્યતા છે. કેમકે પોતાની ખબર જ નથી કે આવો સ્વભાવ છે. એટલે અનાદિથી જે કર્મનો ઉદય છે એમાં હુંપણું કરીને એનો – કર્મજનિત અવસ્થાનો અનુભવ કરે છે; આ દેહ તે હું, આ મનુષ્ય તે હું, તિર્યંચ તે હું – એમ એનોને એનો સ્વપણે અનુભવ કરે છે. પરનો સ્વપણે અનુભવ કરે છે અને સ્વનો સ્વપણે અનુભવ કરવાનો સ્વભાવ છે એની ખબર નથી એટલે એનાથી એ શૂન્ય છે.

હવે, અનુભવશીલ – અનુભવ કરવાનો જેનો સ્વભાવ છે એવો જીવ અનુભવ કર્યા વિના તો નહિ રહી શકે. પરનો સ્વપણે અનુભવ કરતાં દુઃખી થાય છે અને એક સહજાનંદ સુખસ્વભાવ પોતે છે એનો અનુભવ કરતાં પોતે સુખી થાય છે. હવે, અનુભવ કરતા તો આવડે છે. કોનો અનુભવ કરવો એ એને વિવેક કરીને વાત બદલવાની છે. અનાદિથી જે ચાલી રહ્યું છે એ બદલી નાખવાનું છે. આટલી વાત છે.

મુમુક્ષુ :– કર્મની મહિમા બતાવી, અહીં તો શ્રીગુરુ વર્ષોથી ચૈતન્યની મહિમા બતાવી અને કર્મને ઉડાડ્યા તોપણ હુંફ તો કર્મની જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો પછી ઊંધી શ્રદ્ધા બળવાન છે. પૂર્વગ્રહ છે, કર્મની શ્રદ્ધા (છે) એ પૂર્વે જીવે ગૃહીત શ્રદ્ધા છે. પૂર્વગ્રહનું એવું છે કે, એને છૂટવા માટે સત્‌સમાગમ એ બળવાન બાહ્ય સાધન છે. બળવાનમાં બળવાન કોઈ બાહ્ય સાધન હોય તો સત્‌સમાગમ છે. સત્‌સમાગમમાં જીવના મિથ્યાઆગ્રહો, પૂર્વગ્રહો છૂટી જાય છે. પણ જો જીવ સત્‌સમાગમના કાળે પણ પૂર્વના મિથ્યાઆગ્રહને ન છોડે તો પછી એનો મિથ્યાઆગ્રહ છૂટવાનો કોઈ ઉપાય જગતમાં નથી. જે સાધનથી છૂટી શકે છે એ સાધન બેકાર ગયું એનો અર્થ એ છે કે આ જીવનું મિથ્યાશ્રદ્ધાન ઘણું બળવાન છે, ઘણું જોરદાર છે. વાત સાંભળે છે, સહમત કરે છે છતાં શ્રદ્ધા છોડતો નથી. દર્શનમોહનું બળવાનપણું છે.

પ્રશ્ન :– અંતરાય કર્મની જે અસર છે એ પૌદ્‌ગલિક ચીજ-વસ્તુ મળવા-ન મળવા સાથે છે કે આત્મહિતની અંદર હિત-અહિતની સાથે સંબંધ ધરાવે છે ?

સમાધાન :– ખરેખર તો બહારની અંદર એનો અર્થ થાય છે અને અંદરમાં આત્મહિતના પુરુષાર્થમાં પણ પોતે હીણો થાય ત્યારે એને નિમિત્ત ગણવામાં આવે છે. દાન, ભોગ, ઉપભોગ એમ અંતરાય કર્મ છે ને ? દાન, લાભ, ભોગ અને ઉપભોગ. તો ખરેખર તો પોતાને પોતાના સ્વરૂપનું દાન, પોતાનો લાભ, પોતાના આનંદનો ભોગવટો એમ (છે). એની અંદર પોતાના પરિણામ નડે છે એ ભાવઅંતરાય છે. ખરેખર તો અંતરાય કર્મ નથી નડતું પણ જીવને પોતાનો ભાવ બીજી બાજુ જાય છે એ નડે છે, એ જ અંતરાય છે. જ્યારે આ આત્મા પોતાનો લાભ ચૂકીને બીજેથી લાભ લેવા જાય છે ત્યારે પોતે પોતાના લાભમાં અંતરાય નાખે છે. ત્યારે એને જે

કર્મપ્રકૃતિ બંધાય એને અંતરાય કર્મ કહ્યું. એમ છે. મૂળ વાત તો આમ છે. ઈ વાતની કોઈને ખબર નથી એટલે બહારમાં દાન, લાભ, ભોગ, ઉપભોગ ન મળે તો તને અંતરાય કર્મ નડે છે ! ઠીક ! કેમકે ત્યાં ભોગવવા જાય છે એ ભોગવાતું નથી એટલે ત્યાં બેસાડી દીધું. હવે એને એ નડે છે માટે એને રાજી કરીને એક બાજુ એને બેસાડો એટલે શાંત રહે અને હેરાન ન કરે. જેમ પેલા કહે છે ને કે, કુદેવને રાજી રાખો. એને જે કાંઈ ભોગ ધરાવાતો હોય એ ધરાવી દ્યો. એને શાંત રાખો તો હેરાન કરશે નહિ. એનો અર્થ કે એ દેવ એવા છે ! કેવા છે ? કે, જો એને રાજી રાખવામાં ન આવે, ગામમાં એવા ગુંડા માણસો હોય છે ને ? એને રાજી રાખવામાં ન આવે તો હેરાન કરે. તો એને દઈ દ્યો, ભાઈ ! એનો દંડ એને દઈ દ્યો. દંડ જ કહેવાય ને ? આવી પરિસ્થિતિ છે. કુદેવને કેવી રીતે માને છે !

મુમુક્ષુ :- વીર્યાંતરાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પુરુષાર્થ હીણો થાય છે એટલે એને વીર્યાંતરાય કહે છે.

મુમુક્ષુ :- કર્મનો ઉદય તો માત્ર નિમિત્તનું જ્ઞાન જ કરાવવાનું છે, બીજું કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સંયોગનું જ્ઞાન કરાવે છે. એમાં શું છે કે કેટલાક જીવો એ વગર સમજતા નથી. એ વગર એને ખબર પડતી નથી. કેમકે બહારમાં ભોગવે છે કર્મને તો એમ કહે છે કે, ભાઈ ! આ તો બહુ આકરા કર્મ બાંધેલા એટલે એનો ઉદય આવ્યો છે. આણે બહુ સારા કર્મ બાંધેલા એટલે એને લહેરપાણી છે. એને એનો ઉદય આવ્યો છે. ઈ એને સમજાય છે. અહીંયાં કોઈ બહુ માઠા પરિણામ કરતા હોય તો એને એમ કહે કે, જો ભાઈ ! આવા ફળ મળશે. માઠા પરિણામને ન સમજતો હોય એટલે એને ફળથી બતાવવું પડે.

એક સર્વજ્ઞનો વિષય છે. સર્વજ્ઞની અશ્રદ્ધા બે પ્રકારે થાય. એક દેવના સ્થાને કુદેવને સ્થાપે એને સર્વજ્ઞની શ્રદ્ધા નથી અને એક સર્વજ્ઞને સ્થાપે એનો નિષેધ કરે એને પણ સર્વજ્ઞની શ્રદ્ધા નથી. અસ્તિથી અને નાસ્તિથી બે રીતે. તો જે કુદેવને સ્થાપે છે એમાં એને દેવત્વ સ્થાપીને મંદ કષાય કરે તો સ્વર્ગ આદિમાં પણ જાય. મંદ કષાયનું પુણ્ય કરે તો એને પુણ્યના ફળનું ભોગવવું થાય પણ જે સર્વજ્ઞનો સીધો નિષેધ કરે એને પુણ્ય ન બંધાય. એને બહુ મોટું પાપ બંધાય કે જેના ફળમાં નરક આદિ ગતિ થાય. તો ઈ એમ ન સમજે કે, આ સીધો નિષેધ કરીએ છીએ એમાં કેટલું પાપ છે એમ ન સમજાતું હોય તો એને અન્યમતિ કરતાં વધારે પાપ છે. છે તો અન્યમતિની જેવો જ ઈ, પણ અન્યમતિ કરતાં પણ વધારે પાપ છે એમ એને એનું ફળ દેખાડીને સમજાવવું પડે. તો સીધું સમજાય જાય કે આ તો બહુ ખોટું કહેવાય. એમ જ્યારે એ પ્રકારે ભાવને સમજવાની યોગ્યતા નથી હોતી ત્યારે એને પદાર્થના સ્થૂળ પરિણમનથી, એના ફળથી સમજાવવા પડે છે. એટલે એ બધી બોલવાની વ્યવસ્થા છે. નહિતર

તો એમ કહે કે, નડતું નથી ને શું કરવા વચ્ચે એની વાત આવે છે ? એ પ્રશ્ન થાય કે, કર્મ નડતું નથી તો શાસ્ત્રમાં એ કર્મની વાત વચ્ચે આવી ક્યાંથી ? આ પ્રશ્ન થાય કે ન થાય ? એમ. ભાઈ ! કેટલાક જીવો ભાવથી નથી સમજતા, ઉપાદાનથી નથી સમજતા એને નિમિત્તથી સમજાવવા પડે છે. એવી જાડી બુદ્ધિ જીવોની હોય છે કે, જે ઉપાદાનના ભાવને નથી પકડી શકતા તો એને નિમિત્તના પરિણમનથી, સ્થૂળ પરિણમનથી સમજાવવા પડે છે. તો એ સમજાવવાની શૈલી છે. ચારે અનુયોગમાં વસ્તુસ્થિતિ શું છે એ સમજી અને એને છેવટે મૂળ જે દ્રવ્યસ્વભાવ છે ત્યાં શ્રદ્ધાન અને જ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ, સર્વસ્વ (સ્થાપીને) પોતાપણે – અદ્વૈતભાવે પોતાની ગુણસંપત્તિમાં જ્ઞાન અને શ્રદ્ધાન કરી લેવું જોઈએ, એ ચારે અનુયોગનો સારાંશ છે.

પ્રશ્ન :– તીર્થંકર ભગવાનની સ્થાપના કરીને એની પૂજા કરે, દેવદર્શન આદિ બધું કરે એમાં આટલી બધી સજા ?

સમાધાન :– નહિ, નિષેધ કરે એની ભારે સજા છે. નિષેધ કરે, સ્થાપના કરે એમ નહિ. નિષેધ કરે કે, આ ન જોઈએ, આ ન હોય, સ્થાપના ન કરાય. એમ. કાંઈપણ છળ પકડીને, બહાનું પકડીને આમ ન કરાય, આમ ન કરાય, આને ન કરાય, આને ન કરાય. એમ.

સર્વજ્ઞ જિનેન્દ્ર પ્રતિમા છે એની સ્થાપના પાછળ (એનો) પારમાર્થિક હેતુ છે. ત્યાંથી આત્માના સ્વરૂપના સ્વસંવેદનનો ભાવ સમજાય છે. એટલા માટે ઈ હેતુથી સ્થાપના છે અને ત્રણે કાળે સાધકો હોવાથી, ત્રણ કાળે સર્વજ્ઞ હોવાથી જગતની અંદર શાશ્વત પ્રતિમાઓ પણ છે. અકૃત્રિમ શાશ્વત પ્રતિમાઓ કુદરતી છે એ કુદરતી સંકેત છે કે, આ સત્‌ને જગતમાંથી કોઈ મટાડી શકશે નહિ. કદાચ કોઈ મંદિરો તોડે એવું પણ બને, મંદિરો ન થવા દે એવું પણ બને પણ શાશ્વત પ્રતિમાઓ છે એને કોણ મટાડશે ? જગતમાંથી એનો નાશ થઈ શકે એવું નથી. કોઈ જગ્યાએ કાંઈક થોડું થાય પણ જગતની અંદર જિનપ્રતિમાની સ્થાપનાનો ક્યારેય અભાવ હોય એવું નહિ બને, સ્થાપિત જ રહેશે. એ કુદરતી સંકેત બતાવે છે કે, આ એક એવું સત્ છે કે જેને ખસેડી શકાતું નથી, જેને દૂર કરી શકાતું નથી. એવો સંકેત છે, એની અંદર કુદરતી સંકેત છે.

મુમુક્ષુ :– શિખરજીનો પહાડ પણ શાશ્વત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શાશ્વત કહેવાય છે. પણ એમાં તો શું છે કે દેખાવમાં ફેરફાર લાગે અને પહાડથી બીજું કોઈ પારમાર્થિક મહત્ત્વ નથી. પણ પ્રતિમાજીનું પારમાર્થિક મહત્ત્વ છે કે, એમાં જેવું આત્મસ્વરૂપ છે એના વ્યક્ત ભાવો આવેલા છે. જિનમુદ્રા છે, વીતરાગમુદ્રા છે એની અંદર સીધું આત્મસ્વરૂપનું લક્ષ થાય એ દેખાવ બહારમાં ઊભો છે. એ બહુ મોટી વાત છે ! એટલે પરમાર્થ સાથે એને સંબંધ છે.

મુમુક્ષુ :– 'શ્રેણિક' રાજાએ જિનેન્દ્રના લઘુનંદન ભાવલિંગી સંતની વિરાધના કરી તો સાતમી નરકમાં ગયા. કુદેવને માનવા કરતાં આ વધારે ગુનેગાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વધારે ગુનેગાર છે. એ તો હતા, બૌદ્ધને માનતા હતા પણ એણે સીધી વિરાધના કરી. બૌદ્ધને માનતા માનતા મંદ કષાય કરે તો સ્વર્ગમાં પણ જાય. અન્યમતિઓ સ્વર્ગમાં નથી જતાં એવું કાંઈ નથી. અન્યમતિઓને શ્રીમંતાઈ, રાજાપણું, શેઠાઈપણું બધું મળે છે. પણ આ તો સીધું નરકનું જ કારણ છે. એ (મુનિરાજ) તો હજી છટ્ઠે-સાતમે ગુણસ્થાને છે, આ તો પરમાત્મદશામાં છે. સ્થાપનાની તો અરહંત દશા છે.

મુમુક્ષુ :– એનું ઉત્થાપન કરે એટલે ખલાસ !

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ મોટી વાત છે, સર્વોત્કૃષ્ટ પાપ છે. એનાથી બીજું મોટું કોઈ પાપ જગતમાં નથી.

મુમુક્ષુ :– બહુ મંદિર છે એટલે અવિનય થાય છે, પૂજા, પ્રક્ષાલ થતા નથી, નવા મંદિર બાંધવા-ન બાંધવા એવી દલીલો ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો એ સીધેસીધો નિષેધ કરે છે. પૂજા, પ્રક્ષાલ ન થતા હોય તો પૂજા, પ્રક્ષાલ કરવાની વ્યવસ્થા કરો. એક માણસને ગરીબાઈ હોય અને ચાર-છ છોકરાઓ હોય (તો) છોકરાને મારી નાખે ? કે, ભાઈ ! આપણે ગરીબાઈ બહુ છે અને ખાવા-પીવામાં આપણે પહોંચતા નથી. આપણે છ જણા છીએ અને ત્રણ જણનું માંડ રળીએ છીએ માટે ત્રણને મારી નાખો, એવું કોઈ કરે છે ? શું કરે ? છ છે અને બારનું કમાઓ એટલે પાછળ Balance રહે. કેવી રીતે ત્યાં વ્યવસ્થા રાખે છે ? કે, છ છે તો છનું કમાવાનું રાખે છે ? ઘરમાં ત્રણ જણ હોય તો ત્રણ પૂરતું કોઈ કમાય છે ? ત્યાં શું કરવા વધારે કમાય છે ? એને જરૂરીયાત નથી દેખાણી. જ્યાં એને જરૂરીયાત લાગે ત્યારે તો જરૂરીયાતથી પણ વધારે મેળવે તો એનું પૂરું પડતું નથી. તોપણ ત્યાં તો લાવ... લાવ... કરે છે. આ એને જરૂરીયાત નથી દેખાતી.

(કોઈ વિદ્વાને) પ્રશ્ન કર્યો હતો કે, અહીંયાં 'નંદીશ્વર જિનાલય'માં કેટલી પ્રતિમાજીની સ્થાપના થવાની છે ? ૧૩૫. તો કહે, એક ઓછી કરો તો ? (તો કહ્યું) એ ભાવનાનો વિષય છે તમને નહિ સમજાય. એ ભાવનાનો વિષય છે, ભાવનાવાળાને સમજાય છે. ભાવનાવિહીન જીવોને એ સમજાતું નથી. એને શું સમજાય ?

મુમુક્ષુ :– 'શેત્રુંજી' ઉપર એક લેખ લખેલો છે કે, આ જગ્યા ભગવાનની સ્થાપના કરવા માટે ભરાઈ ગઈ છે, હવે બેસાડશો તો પાપ લાગશે.

પૂજ્ય ભાઈશ્રી :– 'શેત્રુંજી' ઉપર ! તોપણ હજી બેસાડે જ છે ને ? એ તો બધું વિકૃત કરીને કરે છે, વિકૃત કરે છે.

મૂળ તો શું છે કે એનો પરમાર્થ સમજે તો બધી વ્યવસ્થા થાય. પછી અવ્યવસ્થા થાય છે એનું કારણ શું છે કે, મૂળ વાતની તો કિંમત નથી અને સમજણ નથી. એની સમજણ આપવાની જે વ્યવહાર પરંપરા (છે) એ પણ ખલાસ (થઈ ગઈ છે). પછી એકલી પ્રતિમા બેસાડો... પ્રતિમા બેસાડો (એવો) એક જાતનો Craze જેને કહીએ (એ થઈ જાય છે).

મુમુક્ષુ :– જે પ્રતિમાજી બેસાડે એને તીર્થંકરનામ કર્મ બંધાય.

પૂજ્ય ભાઈશ્રી :– એવું ખોટેખોટું સમજાવી દ્યે. તીર્થંકર થવા માટે બધાય બેસાડે (તો તો) પછી જગતમાં એટલા બધા તીર્થંકર થાય...! એ બધી ખોટેખોટી ગડબડ છે.

પ્રશ્ન :– જગ્યા ન હોય તો તો અટકવું જોઈએ કે નહિ ?

સમાધાન :– સાચામાં તો કાંઈ અટકવાનો પ્રશ્ન નથી. ખોટામાંથી તો બધે અટકવું જ જોઈએ. ત્યાં તો સાચું છે નહિ પછી ત્યાં શરૂ કરવાનો પણ ક્યાં સવાલ છે ? સાચું છે ત્યાં તો કાંઈ પ્રશ્ન નથી. પણ એવી બધી જે દલીલો છે એ સમજણ વગરની દલીલો છે. એમાં અનર્થદંડરૂપ અપરાધ થઈ જાય છે. જાણે-અજાણે જીવને અનર્થદંડરૂપ અપરાધ થાય છે. એટલે વિષયની ગંભીરતા સમજીને એમને એમ અગંભીરપણે ગમે તે વાત કરવા જેવી નથી હોતી. ધર્મનો વિષય બહુ ગંભીર છે. કોર્ટમાં જાવ તો ગમે એમ બોલવા દ્યે છે ? તમારો વકીલ બોલશે અને જજ – એ લોકો વાત કરશે. તમે છાનામાના (બેસો). તમારો કેસ હોય તોપણ વચમાં ન બોલવા દે. બીજા જોનારને તો બોલવા જ શેના દે ? ડહાપણ કરવા જ શેના દે ? સામાન્ય લૌકિક ન્યાયમાં પણ એના સ્તરની ગંભીરતા હોય છે. આ ધર્મનું તો સર્વોત્કૃષ્ટ ક્ષેત્ર છે. ત્યાં ગમે તેમ ચાલે એવું કેમ ચાલે ? બહુ વિચાર કરીને ગમે તે પગલું ભરવું જોઈએ. એ વિષયના જે તજજ્ઞ હોય, જે જાણકાર હોય, સમજદાર હોય એની સાથે બરાબર વિચારવિમર્શ કરીને સમજણ કરીને ચાલવું.

મુમુક્ષુ :– એમાં એક દલીલ આવે છે કે, અમારા મંદિરમાં પચાસ-સો પ્રતિમાજી છે તમારા ગામમાં ન હોય તો અમારા એક પ્રતિમાજી લઈ જાઓ. નવા પ્રતિમાજીની સ્થાપના નહિ કરો. સમાજમાં જે ચાલે છે ઈ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ ઈ સમજણ વગર વાત છે. એ સમજીને વાત નથી.

મુમુક્ષુ :– મંદિરના નિષેધનો ભાવ જીવને આવે છે પણ ભોગ-ઉપભોગના સાધનનો નિષેધ નથી આવતો. એક મકાન હોય તો દસ લેવાના ભાવ થાય, મંદિરનો નિષેધ કરે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘરમાં ત્રણ જણા, ચાર જણા હોય, ગામમાં ચૌદ મકાન હોય અને પંદરમું કોઈ વેચવા આવે તો એને એમ થાય કે, આ પણ લઈ લઈએ. શું કરવા ? નહિ સાચવી શકું એ પણ ખબર છે. એક જણ એકમાં રહે તોપણ વધે એમ છે. ત્યાં એને કાંઈ

વિચાર નથી આવતો. એનો અર્થ એ છે કે, એને ભાવના શેની છે ? જેની ભાવના છે એમાં એનો નકાર નથી આવતો. બહુ Practical વાત આ છે કે, જેની જીવને ભાવના છે એનો નકાર ક્યાંય કરે છે ? નથી કરતો. આ એનો નકાર કરે છે એનો અર્થ કે એની ભાવના (નથી). વ્યવસ્થાને ખાતર વ્યવસ્થા ગમે તે વિચારો એ બીજી વાત છે, પણ એનો નિષેધ કરવો, નકાર કરવો એ પ્રશ્ન હોઈ શકે નહિ. વ્યવસ્થા કરવી, પૂજન વગેરેની વધારે પ્રવૃત્તિ હોય, પ્રતિમાજી વધારે હોય તો વધારે એની વ્યવસ્થા કરવી. એ બધું એની અંદર ભાવનામાં એ રીતે આવે. એમાં નકાર કરવાનો વિષય આવે નહિ. આ સીધી વાત છે. આ દાગીના, હીરા, પૈસા ગમે એટલા આવે તો કોઈ ના પાડે છે ? કોઈ દી' રાજાની રાણીએ એમ નથી કીધું કે, હવે મારા માટે કાંઈ લાવશો નહિ, ઘણું આવી ગયું. એને લાવ... લાવ... જ છે. કેમ એમ છે ? કે, એ ચીજ જ એવી છે. જેની જેને ભાવના છે એ વિષયમાં એનો નકાર નથી. ગમે એટલું આવે તો નકાર નથી. એની બધી વ્યવસ્થા કરે.

ભાવનામાંથી શ્રદ્ધા ઊભી થાય છે. એમને એમ શ્રદ્ધા અદ્ધરથી આવતી નથી. અનાદિની પુદ્‌ગલની ભાવના છે અને એ તોડવાની વાત છે. ચૈતન્યની ભાવના કરવા માટેના આ બધા પ્રકાર છે, બાહ્ય પ્રકાર છે. તો જેને ભાવનાને અનુકૂળ વાત હોય તો એનો હકાર કરે કે એનો નકાર કરે ? ભાવના હોય તો એનો નકાર ન કરે. સીધેસીધી વાત છે.

દૃષ્ટિ એટલે એ શ્રદ્ધા છે. શ્રદ્ધામાં એકલો ચૈતન્યસ્વભાવ હોવાથી, રાગરહિત ચૈતન્યસ્વભાવ હોવાથી શ્રદ્ધાની અપેક્ષાએ વિષય જોઈએ – જ્ઞાનથી ચૈતન્ય સ્વભાવરૂપ વિષય જોઈએ તો રાગ અત્યંત ભિન્ન છે. એટલે છે જ નહિ, ત્રણે કાળે એમાં નથી. એવું નિજ ચૈતન્ય સ્વરૂપ જોવામાં આવે છે. એ જ જ્ઞાનીને પ્રમાણજ્ઞાનથી આખું પ્રમાણરૂપ દ્રવ્ય-પર્યાયયુક્ત જે આત્મા પોતે પદાર્થ છે એમાં રાગ પોતાની અવસ્થામાં થાય છે એવું એને જણાય છે. પોતાનો રાગ બીજામાં જણાય છે એમ કહેવા માગતા નથી. એવું એ જાણે છે અને તેથી કરીને પોતાના રાગનો આરોપ પણ એ બીજા ઉપર કરતા નથી કે, મને ફલાણો રાગ કરાવે છે. એ વાત એને રહેતી નથી. પોતાની યોગ્યતાથી, પોતાના હીન પુરુષાર્થથી પોતે રાગને કરે છે એમ સમજે છે. કેમકે પોતાની પર્યાય તો પોતામાં થાય. પણ જ્યારે ભેદજ્ઞાન કરવું છે અને રાગને તોડવો છે ત્યારે રાગને સ્વપણે સ્થાપતા નથી પણ જીવની પર્યાયમાં થાય છે એટલું જાણે છે. જેમ રોગ છે એ શરીરની અવસ્થામાં થાય છે છતાં રોગને રાખતા નથી, શરીરની અવસ્થા (હોવા) છતાં એ વિકૃત અવસ્થા જાણીને એનો નાશ કરવાનો ઉપાય કરવામાં આવે છે – એ ન્યાયે.

૫૮ (બોલ પૂરો) થયો.

**જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય ? જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય. ૫૯.**

૫૯મા બોલનો વિષય છે – સૂક્ષ્મતા. પરિણામમાં જે જ્ઞાનની સૂક્ષ્મતા છે એ જરૂરી છે. જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સૂક્ષ્મમાં સૂક્ષ્મ દ્રવ્ય-ભાવને ગ્રહણ કરે, જાણી લ્યે. એવું જે જ્ઞાનનું સ્વભાવપણું છે એ શક્તિનો દુરુપયોગ થતાં એટલે જ્ઞાનમાં અનુભવ કરવાની શક્તિ છે એ એક શુદ્ધ બુદ્ધ આનંદ સ્વભાવ છે એનો અનુભવ કરવાને બદલે પરમાં સુખની અભિલાષાથી પરનો અનુભવ કરે છે ત્યારે પોતાની શક્તિને એ ગુમાવે છે. જ્ઞાન સૂક્ષ્મ છે એ સ્થૂળ થાય છે. સ્વભાવે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂળ થાય છે.

અહીંયાં તો એ રીતે વાત લીધી છે કે, **'જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** શું છે કે, પરિણામ છે એ જીવના ભાવો છે અને એમાં પણ બે ભેદ છે – સ્થૂળ ભાવો અને સૂક્ષ્મ ભાવો. જો જ્ઞાન સૂક્ષ્મ હોય તો સૂક્ષ્મ ભાવોને પકડી શકે પણ જ્ઞાન સ્થૂળ હોય, વિપરીતતા કરી કરીને જેનું જ્ઞાન સ્થૂળ થઈ ગયું છે એનું જ્ઞાન પોતાના સ્થૂળ પરિણામને પણ સમજી શકતું નથી તો પોતાનાને પોતાના સૂક્ષ્મ પરિણામને ક્યાંથી સમજી શકે, પકડી શકે ? હજી એથી સૂક્ષ્મ તો સ્વભાવ છે અને ગમે ત્યારે પણ એ સ્વભાવને – સૂક્ષ્મ સ્વભાવને – સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરીને ત્યાં પોતાનું અસ્તિત્વ જોઈ શકે ત્યારે એને બધી જગ્યાએથી બધા પરિણમનમાં સમ્યક્ પ્રકાર ઉત્પન્ન થાય છે. ત્યાં સુધી તો પરિણમન સમ્યક્ થતું નથી. તો હજી તો અહીંયાં કેટલું સ્થૂળ છે એનું માપ બતાવે છે ! કે, જીવ પોતાના સ્થૂળ પરિણામને પકડવામાં પણ પોતાનું જ્ઞાન કામ કરી શકતું નથી. એવું જ્યાં જ્ઞાન છે એ જ્ઞાન સૂક્ષ્મ પરિણામને કેવી રીતે પકડશે ?

અહીંયાં હેતુ એવો નથી, પરિણામનું અવલોકન કરવામાં આવે છે, અવલોકન કરવાનું કહેવામાં આવે છે એમાં પરિણામની અનાદિથી પકડબુદ્ધિ છે એને મજબૂત કરવાનો પ્રયોજન કે હેતુ નથી. પણ પરિણામમાં વિભાવ છે અને પરિણામમાં સ્વભાવ છે એ વિભાવ (અને) સ્વભાવને ઓળખવા માટે, એનો પરિચય કરવા માટે એનું અવલોકન કરવાનું કહેવામાં આવે છે કે જેથી કરીને એની પર્યાય ઉપરની પકડ છે એ છૂટી અને સ્વભાવ ઉપર અહંપણાની પકડ આવે. મૂળ હેતુ તો આ છે. પરિણામનું અવલોકન પરિણામની પકડ મજબૂત કરવા માટે નથી. એ તો અનાદિથી છે જ, એ પકડ છોડાવવા માટેનું પ્રયોજન છે. પણ જીવને જ્ઞાનની સ્થૂળતા ઘણી હોવાને લીધે એને સ્થૂળમાંથી સૂક્ષ્મમાં લઈ જવો પડે છે. ચશ્માના નંબર કાઢે ત્યારે એમ કહે કે, આ મોટો અક્ષર વંચાય છે ? પછી એનેથી નાનો, પછી એનેથી નાનો, પછી એનેથી નાનો. ત્યાંથી શરૂઆત કરાય કે નીચેથી કરાય ? મોટેથી શરૂઆત કરવી પડે. એમ કયા જીવનું જ્ઞાન કેટલું સ્થૂળ છે ત્યાંથી એને સમજાવે છે. બહુ સ્થૂળ હોય તો નિમિત્તથી સમજાવે કે, જો તને કર્મનો ઉદય (છે). એનાથી સ્થૂળ હોય તો નોકર્મથી સમજાવે, એના ફળથી સમજાવે કે, જો તને આવો ઉદય આવશે. તારા સંયોગ આમ છે, ફલાણું છે એનું કારણ આ છે. એ સ્થૂળ જ્ઞાનને સમજાવવાનો વિષય છે. ખરેખર તો એના ઉપરથી એને – જીવને ઠેઠ સ્વભાવ સુધી લઈ જવો છે. કર્મ, નોકર્મની વાત કરનારાને લક્ષમાં એ વાત છે કે મૂળ તો સ્વભાવ સમજાવવો છે. કર્મ, નોકર્મ સમજાવવા નથી, પરિણામમાં પરિણામ સમજાવવું નથી, રાગમાં રાગ સમજાવવો નથી પણ મૂળમાં સ્વભાવ સમજાવવો છે. આ હેતુ છે, બધું કહેવા પાછળ આ હેતુ છે. હજારોગમે

શાસ્ત્રો, હજારોગમે ન્યાયો એક પોતાના સ્વભાવને સમજાવવા માટે છે. નથી સમજતો એને જુદાં જુદાં સ્તરે, જ્યાંથી સમજી શકે ત્યાંથી સમજાવવાની પદ્ધતિ ચાલી છે. એટલે વચન-વિસ્તાર ઘણો થયો છે એનું કારણ એ છે.

અહીંયાં પરિણામથી વાત લ્યે છે કે, પરિણામનું અવલોકન કરવામાં, અવલોકન કરવા જાય છે ત્યારે જીવને એમ લાગે છે કે, આ અવલોકન થતું નથી. કેમકે એ સ્થૂળ પરિણામને પણ પકડતો નથી. એવી એની બાહ્યદૃષ્ટિ, સ્થૂળદૃષ્ટિ છે. એને પોતાને પરવિષય છોડીને સ્વ વિષયમાં લાવવા માટે, વિષય બદલવા માટે, દિશા બદલવી છે એટલે વિષય બદલવા માટે પહેલા પકડી શકાય એવા નિજ વિષયમાં રહેલા પરિણામથી, રાગથી, વિકૃત ભાવથી અવલોકન કરવાનું કહેવામાં આવે છે. પછી ત્યાંથી કેવી રીતે આગળ વધવું એ સમજાવવામાં આવે છે.

એ વિશેષ લઈશું...

**અંતર અવલોકન વિના, માત્ર વિચાર-તર્કણાથી પ્રયોગનો વિષય સમજાતો નથી. રાગ અને પરદ્રવ્ય સાથે એકત્વ થઈ રહ્યું છે. – તે વિપરીત - ઉલટો પ્રયોગ નિરંતર ચાલુ છે, થઈ રહ્યો છે. તે અવલોકનથી સમજાય તો, મટે અને સવળો પ્રયોગ કરવાની રીત પણ સમજમાં આવે ત્યારે ભેદજ્ઞાનનો પ્રયોગાભ્યાસ ચાલુ થાય. દર્શનમોહના અનુભાગને ઘટવામાં ભેદજ્ઞાનનો પ્રયોગ ઉત્કૃષ્ટ સાધન છે, તે સ્વસન્મુખતાનો પુરુષાર્થ છે.**
–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૦૨૬)

## તા. ૧૭-૦૨-૧૯૮૭, વચનામૃત–૫૮, ૫૯
## પ્રવચન નં. ૫૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૦, ૫૮મો બોલ છે. આ બોલની અંદર જ્ઞાનદશામાં શ્રદ્ધાન અને જ્ઞાનના પરિણમનનું એક પાસુ છે. **'જ્ઞાનીને દૃષ્ટિ-અપેક્ષાએ ચૈતન્ય અને રાગની અત્યંત ભિન્નતા ભાસે છે,...'** કોઈ કોઈ ગુણનું પરિણમન કેવું છે તે જ્ઞાન દ્વારા જાણીને પ્રસિદ્ધ કરવામાં આવે છે. દૃષ્ટિમાં અહંપણું કરવું એટલું એનું કાર્ય છે. શ્રદ્ધાન શ્રદ્ધે છે– સ્વને અથવા પરને. જ્યારે શ્રદ્ધાન સ્વને શ્રદ્ધે છે ત્યારે પરને શ્રદ્ધતું નથી, જ્યારે શ્રદ્ધાન પરને શ્રદ્ધે છે ત્યારે સ્વને શ્રદ્ધતું નથી. મિથ્યાત્વ અવસ્થામાં પરને સ્વપણે શ્રદ્ધતું શ્રદ્ધાનનું પરિણમન સ્વની શ્રદ્ધાથી વિહીન છે, શૂન્ય છે અથવા રહિત છે.

અહીંયાં સ્વરૂપશ્રદ્ધાન થયું છે એવા જ્ઞાનીને સ્વરૂપમાં અહંપણું (વર્તે છે). શ્રદ્ધાનું કાર્ય અહંપણું કરવું તે છે. હુંપણે પોતાને શ્રદ્ધવું. જ્યારે જ્ઞાની સ્વશ્રદ્ધાનમાં છે ત્યારે એને નિજ ચૈતન્યમાં અહંપણું છે અને નિજ ચૈતન્ય સ્વભાવમાત્ર એટલો જ એનો વિષય હોવાથી રાગમાં અહંપણું નથી. રાગની અત્યંત ભિન્નતા છે. એ 'અત્યંત' શબ્દ (એટલે) બતાવવો છે કે એ એનો વિષય જ નથી. ભાસન તો જ્ઞાનનો વિષય છે. ભાસવું – પ્રતિભાસવું – અવભાસવું એ જ્ઞાનનું કાર્ય છે. શ્રદ્ધાને જ્ઞાન કેવી રીતે જાણે છે એમ વાત છે. શ્રદ્ધાના પરિણમનને જ્ઞાન કેવી રીતે જાણે છે ? કે, શ્રદ્ધાનું પરિણમન તો એકલા ચૈતન્યસ્વભાવમાં અહંપણું કરીને પરિણમી રહ્યું છે. ત્યારે રાગાદિ ભાવ ચૈતન્યની વિભાવ અવસ્થા હોવા છતાં ચૈતન્યના – ચૈતન્ય પદાર્થના – પૂરા પદાર્થના એક અંગમાં વિકૃત અંશ છે. રાગ છે એટલે કે પૂરા આત્મ પદાર્થમાં – ચૈતન્ય પદાર્થમાં એક વિકૃત અંશ છે. એનો અંશ હોવા છતાં ભિન્નતા છે એમ નહિ પણ અત્યંત ભિન્નતા છે. એટલે

કે એને એ સ્વપણે વિષય કરતું નથી.

આમ કહેવા પાછળ કારણ એ છે કે, જીવ રાગમાં અહંપણું શ્રદ્ધાએ કરતો આવ્યો છે. એનું રાગમાં શ્રદ્ધાન રહ્યું છે અને રાગમાં શ્રદ્ધાન રહ્યું હોવાથી કોઈ પણ પર વિષયમાં અથવા રાગના વિષયભૂત પદાર્થમાં પણ એનું શ્રદ્ધાન છે કે, આ હું છું, આને લઈને મારું અસ્તિત્વ છે, આને લઈને મારું સુખ છે – એ બધું એમાં આવી જાય છે. એવા એ રાગમાં જે શ્રદ્ધાન હતું ત્યાંથી શ્રદ્ધાન છૂટી ગયું. રાગ રહ્યો પણ રાગથી શ્રદ્ધાન છૂટી ગયું. રાગ તો રહ્યો છે, રાગનો સર્વનાશ નથી થયો. એક અનંતાનુબંધીનો પ્રકાર છૂટ્યો છે. છતાં રાગમાં અહંપણું બિલકુલ નથી, જરા પણ નથી, કોઈ એક અંશે પણ નથી, કોઈ પણ ભાગે નથી, અનંતમાં ભાગે પણ નથી, સર્વાંશે નથી. કેમકે શ્રદ્ધાનું પરિણમન પૂરેપૂરું એક જ વિષયમાં શ્રદ્ધા થવી એટલું જ છે, તેવું છે.

ચૈતન્યના શ્રદ્ધાનમાં રાગની શ્રદ્ધા બિલકુલ નથી. કેમકે પૂરેપૂરી તો ચૈતન્યની જ શ્રદ્ધા છે. એમાં વિભાગ પડતો નથી કે અમુક અંશે ચૈતન્યની શ્રદ્ધા, અમુક અંશે રાગની શ્રદ્ધા એવો વિભાગ પડતો નથી. એટલે એ વિષય લીધો છે કે **'અત્યંત ભિન્નતા ભાસે છે,...'** જ્ઞાનની અંદર જણાય છે કે, શ્રદ્ધાનો વિષય એકલો ચૈતન્યસ્વભાવી આત્મા છે. એ સિવાય – સ્વતત્ત્વ સિવાય – સ્વસ્વભાવ સિવાય આત્માના બીજા અંશ સાથે પણ શ્રદ્ધાને કાંઈ સંબંધ નથી તો પર સાથે તો સંબંધ હોવાનો પ્રશ્ન પણ રહેતો નથી.

મુમુક્ષુ :– આત્મા સિવાય જાણે કાંઈ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર તો શ્રદ્ધાને તો સ્વ હું... હું..., સ્વપણે આ હું એટલું જ છે, તે પણ નિર્વિકલ્પભાવે. નિજ સત્તાનું નિર્વિકલ્પભાવે શ્રદ્ધાના પ્રકારથી ગ્રહણ થવું, શ્રદ્ધાથી ગ્રહણ થવું, બસ ! એટલું જ શ્રદ્ધાનું કાર્ય છે. શક્તિ અપેક્ષાએ પૂરી શક્તિ એમાં લાગેલી હોવાથી મોક્ષમાર્ગના પ્રારંભમાં જ એક બહુ મોટું મહાન કાર્ય સંપન્ન થાય છે. જેને લઈને અનંત ગુણોની શુદ્ધિ ઉત્પન્ન થાય છે એવી નિમિત્તભૂત શ્રદ્ધાની આ સ્થિતિ છે. અનંત ગુણમાં શુદ્ધિ થવી, અનંત ગુણોના શુદ્ધ પરિણમનમાં વૃદ્ધિ થવી, પૂર્ણતા થવી અને પૂર્ણતા અનંતકાળ ટકી રહેવી. એ બધાંમાં નિમિત્તભૂત હોય તો આ શ્રદ્ધાન છે – સમ્યગ્દર્શન છે અથવા સમ્યક્ શ્રદ્ધાન છે. તેથી ચતુર્થ ગુણસ્થાન મોક્ષમાર્ગનું જઘન્ય પરિણમન હોવા છતાં પરમાગમોને વિષે એનું મહત્ત્વ વિશેષ છે એનું કારણ એ છે. નહિતર કોઈ એમ કહી શકે કે, હજી તો શરૂઆત થઈ છે એમાં આટલા બધા વખાણ કેમ ? (હજી તો) ઘણું બાકી છે, મોક્ષમાર્ગનું કાર્ય તો ઘણું બાકી છે અને અવિરત સમ્યક્દૃષ્ટિ એટલે પાંચમા-છઠ્ઠાની અપેક્ષાએ વિરતી પણ અહીંયાં તો નથી. આમ તો રાગરસની વિરતી થઈ જ છે, વિરક્ત જ છે પણ પાંચમા-છઠ્ઠાની અપેક્ષાએ વિરતી નથી એટલે અવિરત

એ અપેક્ષાએ કરણાનુયોગના આગમમાં એવી સ્પષ્ટતા છે. અવિરત તો એ અપેક્ષાએ કહીએ છીએ. કદી કોઈએ એવું માની લેવાની જરૂર નથી કે, સમ્યક્દૃષ્ટિ અસંયમી છે તેથી તેને વંદન, નમસ્કાર કરવા નહિ. કરણાનુયોગના આગમમાં આ સ્પષ્ટતા છે. કરણાનુયોગનું આગમ એટલે શું ? કે, જેની અંદર પૂરેપૂરું, માપેમાપ લખવું પડે. ઝીણામાં ઝીણું માપ લખાય, ઓછું-વત્તું ન લખાય. અધ્યાત્મમાં તો વિશેષતા બતાવવા માટે કોઈવાર વિશેષ વાત પણ લખે કે, રાગાદિ પુદ્‌ગલ છે. ચૈતન્યનો વિભાવઅંશ હોવા છતાં પુદ્‌ગલ છે એમ કહેવાય. એટલે પ્રયોજનવશ હોય કાંઈક અને કહેવાય બીજું. અહીંયાં એવું નથી, આ તો ગણિતનો વિષય છે એટલે માપેમાપ ગણી ગણીને બરાબર કહેવું પડે.

કહે છે કે, શ્રદ્ધાન થાય છે ત્યારે તે જીવ અનેક પ્રકારના વિશેષણોને યોગ્ય થાય છે. અનેક પ્રકારના અલૌકિક વિશેષણોને યોગ્ય થાય છે. જેમકે 'સોગાનીજી' 'ગુરુદેવ'ને પત્ર લખે છે તો એમના વિહાર કરવાના પ્રસંગ વિષે લખે છે કે, અદ્‌ભુત યોગીરાજ કા 'રાજકોટ' કા વિહાર હોગા, એમ કરીને લખે. અદ્‌ભુત યોગીરાજ ! શ્રદ્ધાન આત્મા સાથે જોડાણું એ અદ્‌ભુત યોગ છે. અનંતકાળમાં શ્રદ્ધાને સ્વ-સ્વરૂપનો યોગ થયો નથી અને એકવાર થાય તો ફરીને એનો સંસાર અનંતકાળનો રહે એ પરિસ્થિતિ એ દ્રવ્યને વિષે સર્વનાશ થાય છે. એનો અનંતકાળ સંસાર રહે નહિ. એવું વિશિષ્ટ પરિણમન છે તેથી પરમાગમને વિષે શ્રદ્ધાનના વિષયની અંદર ખૂબ ખૂબ આચાર્યોએ પણ, ભલે એ છટ્ઠે-સાતમે ગુણસ્થાને છે તોપણ, આ વિષય ઉપર ગ્રંથોના ગ્રંથો લખેલાં છે. જેમકે 'સમયસાર' ગ્રંથ ! એમને સમ્યગ્દર્શનનો કોઈ Problem નથી કે સમ્યગ્દર્શન એમને પ્રાપ્ત કરવું છે એ કોઈ વિષય નથી. એ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સવિશેષ અલૌકિક મુનિદશામાં વિચરે છે ! તોપણ સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એના ઉપર શાસ્ત્રના શાસ્ત્ર લખેલાં જોવા મળે છે એનું કારણ એ છે.

ભૂમિકા અનુસાર મુમુક્ષુને મુમુક્ષુની ભૂમિકાનો રાગ અવશ્ય હોય. ભૂમિકા અનુસાર ચતુર્થ ગુણસ્થાનવર્તી, પંચમ ગુણસ્થાનવર્તી, છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધક ધર્માત્માઓને પણ તે તે ગુણસ્થાનમાં યોગ્ય એવો રાગ અવશ્ય હોય છે તોપણ એ શ્રદ્ધાનનો વિષય બિલકુલ નથી. આમ રાગ અવશ્ય હોય છે એમ કહેવા છતાં પણ આ વાત રાખીને કહેવા માગે છે. આ વાત તોડીને કહેવા માગતા નથી. ક્યાંક એવું પણ બતાવવું પડે કે, મુમુક્ષુને આવો રાગ ન હોય તો તે મુમુક્ષુ નહિ, સાધકને આવો રાગ હોય તો તે સાધક નહિ અને એ વાત પણ યથાર્થ છે. કેમકે વ્યવહારના સ્થાનમાં વ્યવહાર ઊડી જાય તો ત્યાં નિશ્ચયનો સદ્‌ભાવ હોવાની પરિસ્થિતિ હોતી જ નથી. એવું બતાવવા માટે એમ કહેવામાં આવે છે. એટલી રાગની આવશ્યકતા બતાવનારને પણ એ ખ્યાલ છે કે શ્રદ્ધામાં તો બિલકુલ એને વિષય કરવાનો પ્રશ્ન જ નથી. એ વાત સારી

રીતે મુમુક્ષુ પણ જાણે એટલા માટે જ્ઞાનીની શ્રદ્ધા અપેક્ષાએ શું દશા છે એનું વર્ણન કરવામાં આવે છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ને દૃષ્ટિનું જોર બહુ હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, તોપણ આવો રાગ આવતો હતો. 'ગુરુદેવ' પ્રત્યે એવો રાગ આવતો હતો કે મારા માટે તો અનંત તીર્થંકરથી પણ અધિક છે. તીર્થંકર પૂજ્ય છે, અનંત તીર્થંકર પૂજ્ય છે એનાથી અધિક મારા માટે આ ('ગુરુદેવ' છે). રાગનો ઉછાળો આવે છે પણ શ્રદ્ધા એને બિલકુલ વિષય કરતી નથી. શ્રદ્ધામાં તો એક પોતાનું સ્વરૂપ અસ્તિત્વ જ છે અને એ સિવાય શ્રદ્ધામાં કોઈનું અસ્તિત્વ જ નથી. એવું શ્રદ્ધાનું પરિણમન છે. તેથી સ્વરૂપ શ્રદ્ધાવાન જીવને રાગ હોવા છતાં રાગથી અત્યંત ભિન્નતા થઈ ગઈ છે.

એ અત્યંત ભિન્નતામાં આ કહેવા માગે છે કે, એનો વિષય જ નથી. જ્ઞાનથી એ જણાય છે કે, આ શ્રદ્ધા રાગની સાથે અભેદ થઈને પરિણમતી હતી, રાગમાં સુખનું શ્રદ્ધાન હતું, રાગમાં સ્વપણાનું – આત્મસ્વરૂપનું – પોતારૂપપણાનું શ્રદ્ધાન હતું એ પૂરેપૂરું છૂટી ગયું છે. એને અત્યંત ભિન્નતા કહેવામાં આવે છે. તે જ કાળે, જ્યારે રાગથી પૂરેપૂરી શ્રદ્ધા છૂટી ગઈ છે તે જ કાળે જ્ઞાનમાં જાણે છે કે, રાગ ચૈતન્યની પર્યાયમાં થાય છે. રાગ શ્રદ્ધાનો વિષય નહિ હોવા છતાં ચૈતન્યની પર્યાયનો વિભાવ અંશ છે એમ જ્ઞાનમાં જણાય છે. ચૈતન્યની પર્યાયનો વિભાવ અંશ છે એમ જ્ઞાનમાં જણાય છે માટે એમાં જ્ઞાન અપેક્ષાએ મમત્વ થાય છે એમ પણ નથી. એમ લેવા માટે એ વાત નથી. પણ પ્રમાણજ્ઞાન છે એ પદાર્થ જેવો છે તેવો માપે છે, તો રાગ ચૈતન્યની પર્યાયનો વિભાવ અંશ હોવાથી તેને તેમ જાણે છે. તેમ છતાં તે સાથે સાથે હેય-ઉપાદેયની અપેક્ષાએ વિવેક કરે છે કે, ચૈતન્યની પર્યાયમાં હોવા છતાં મલિન ભાવ, દુઃખ ભાવ અને સ્વભાવથી – પોતાના સ્વરૂપથી વિપરીત ભાવ હોવાને લીધે તે નાશ કરવા યોગ્ય છે, અભાવ કરવા યોગ્ય છે અને ચારિત્ર અપેક્ષાએ જે મમત્વ થાય છે તે શ્રદ્ધાના બળે, જ્ઞાનના બળે અને આચરણના બળે તોડવા જેવું છે. ચારિત્રથી મમત્વ થાય છે, શ્રદ્ધાથી – દર્શનથી મમત્વ થતું નથી. એટલે જ્ઞાન એ બધું જાણે છે.

મુમુક્ષુ :– એક સમયની શ્રદ્ધાથી મમત્વ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ચારિત્રથી મમત્વ છે. ચારિત્રથી મમત્વ થાય એટલે એ રાગ પોતાનો જ છે ને ? રાગ બીજાનો તો નથી. અનેક પ્રકારના ઔદયિક ભાવો આવે છે ત્યારે એમાં પોતાનો ભાવ હોવાથી એમાં એટલું મમત્વ તો થાય જ, પણ એ અસ્થિરતાનું મમત્વ છે. જ્ઞાન જાગૃત છે કે, આ ટાળવા જેવો છે. સ્વભાવરૂપ નથી, પોતારૂપ નથી. અવસ્થાનો એક રોગ છે અને એ મટાડવા યોગ્ય છે.

શરીરની અવસ્થામાં રોગ થાય છે તો શરીરના અંગભૂત છે છતાં રાખવા જેવું છે એવું જ્ઞાન થતું નથી. મટાડવા જેવું છે એવું જ્ઞાન થાય છે. એમ એટલા પૂરતું (ભમત્વ છે). પણ સાંખ્યની જેમ કોઈ એકાંત ખેંચી જાય કે, દોષ તો પ્રકૃતિ કરે છે, પુરુષ તો શુદ્ધ જ છે, પરમાત્મા છે. પુરુષ નામ આત્મા તો પરમાત્મા છે. દોષ એ પ્રકૃતિનું કાર્ય છે, આત્માનું નહિ. ત્યાં એવો એકાંત છે. એમ નથી. શ્રદ્ધાની મુખ્યતાથી એવી વાત કરે તો જૈનદર્શનની વાતને ઠીક માનવામાં આવે પણ જ્ઞાનથી કોઈ એ વાત કરે તો જૈનદર્શનમાં એ વાત નથી એમ જૈનદર્શનમાં નથી એમ કહેવું જોઈએ. શ્રદ્ધાની મુખ્યતાથી શ્રદ્ધાથી એમ કહે કે, આત્મા રાગ-દ્વેષ કરતો નથી, શુદ્ધાત્મા રાગ-દ્વેષ કરતો નથી, પરમાત્મા રાગ-દ્વેષ કરતો નથી. ત્યારે કોણ કરે છે ? કે, પ્રકૃતિ કરે છે. શ્રદ્ધાની વાત ચાલતી હોય ત્યારે ત્યાં એમ કહે. પણ એટલું માત્ર સ્વરૂપ નથી એટલે **'જોકે'** એમ કહીને અહીંયાં એ વાત કરે છે. આમ છે છતાં, શ્રદ્ધાથી અત્યંત ભિન્નપણું છે તેમ છતાં જ્ઞાનમાં ખ્યાલ છે કે, જીવની પર્યાયમાં – ચૈતન્યની પર્યાયમાં એ થાય છે અને ચૈતન્યની પર્યાયમાં થાય છે તેથી મટાડવો જરૂરી છે, આવશ્યક છે. જો ચૈતન્યની પર્યાયમાં ન થતો હોય તો મટાડવાની સાથે કાંઈ સંબંધ રહેતો નથી, કાંઈ ઉપદેશ દેવાનો પ્રશ્ન રહેતો નથી.

એવું જ્ઞાનીની દશાનું પરિણમન જાણીને તે રૂપ પરિણમન કરવાનો પ્રયાસ થાય એવો હેતુ જ્ઞાનીની દશાના પરિણમનને સ્પષ્ટ કરવાનો અથવા પ્રસિદ્ધ કરવાનો હેતુ છે. એમ નથી કે, એ જ્ઞાનીની દશાનું પરિણમન છે અને અમને જ્ઞાનદશા નથી તેથી અમારે આ વિષય સાથે કાંઈ લેવાદેવા નથી, એમ નથી. એ તો જ્ઞાનીની વાત થઈ, અમે ક્યાં જ્ઞાની છીએ ? અમે રહ્યાં અજ્ઞાની. જ્ઞાનીની દશા કહેવા પાછળ હેતુ છે કે એને અનુરૂપ દશા કરવા માટે જીવ પ્રયત્નવાન થાય. શ્રદ્ધાએ કરીને મમત્વ થાય છે એ અજ્ઞાનદશા છે, મિથ્યાત્વદશા છે અને ટાળવા જેવી છે અને છતાં રાગ જીવની પર્યાયમાં થાય છે એ વાતનો ખ્યાલ કરીને ન તો શ્રદ્ધાનો એકાંત થઈને મિથ્યાત્વદશામાં મિથ્યાત્વ દૃઢ કરે કે ન તો જ્ઞાનનો એકાંત કરીને મિથ્યાત્વ દશામાં અજ્ઞાનને દૃઢ કરે. એ બન્ને વાત સ્પષ્ટ કરવા માટે બન્ને પડખેથી અહીંયાં જ્ઞાનીની દશાનું વર્ણન કર્યું છે.

પ્રશ્ન :– નિર્દોષ વાણીથી પ્રગટે એટલે જ્ઞાનચક્ષુ તો ખુલી જ જાયને ?

સમાધાન :– જ્ઞાનચક્ષુ તો ખુલી જાય છે એટલે જ જાણે છે કે શ્રદ્ધા આમ કામ કરે છે, જ્ઞાન આમ કામ કરે છે, આચરણ આ પ્રકારે કામ કરે છે. એ ત્રણે મુખ્ય ગુણો (અને) પુરુષાર્થ, સુખ વગેરે મુખ્ય જે ગુણો છે એનું જેવું પરિણમન છે તેવું જ જ્ઞાનની અંદર બરાબર સ્પષ્ટપણે અનુભવાય છે. જણાય છે અને અનુભવાય છે. પણ એ પહેલાં આવું પરિણમન હોય છે એવું જાણવા મળે એનું પ્રયોજન શું ? એટલી વાત છે.

મુમુક્ષુ દશામાં આ જ્ઞાનદશાનું પરિણમન જાણવા મળે તો એનું કારણ કે એ દશા પ્રગટ કરવા માટે એને પોતાને ઉત્સાહ મળે, પ્રેરણા મળે અને તદ્અનુરૂપ, તથારૂપ પ્રયત્ન કરવાનું માર્ગદર્શન મળે, લાઇન મળે એટલી વાત છે, એ હેતુ છે.

પ્રશ્ન :- આ જે દશા થઈ એમાં મોટું પરાક્રમ થયું છે ?

સમાધાન :- કેમકે શ્રદ્ધાએ અનંત ભવ તોડ્યા ! શ્રદ્ધા બદલતા અનંત ભવ તૂટ્યા અને શ્રદ્ધાનું પરિણમન શરૂ થતાં સિદ્ધપદનો પાયો નાખ્યો. મકાન કરે છે, સાત માળની હવેલી કરવી હોય તો પાયો નાખે ત્યારે શું કરવા પૂજા કરે છે ? પહેલો માળ પૂરો થાય ત્યારે પૂજા કરે છે ? કે, ચાલો પહેલો માળ પૂરો થયો. પાયો નાખે ત્યારે એમાં પંચરત્ન નાખે છે. નાખે છે કે નહિ ? ધાતુ નાખે છે. પાયામાં શું કરવા (નાખે છે) ? પાયો તો હજી કાંઈ નથી, હજી તો ખાડો (ખોદ્યો છે), પાશેરામાં પહેલી પૂણી પણ નથી. છતાં પૂજા એ વખતે કરવામાં આવે છે. એમ આ સિદ્ધપદનો પાયો છે. સમ્યક્શ્રદ્ધાન – સમ્યગ્દર્શન એ સિદ્ધપદનો પાયો છે, સ્તંભ રોપ્યો છે ! હવે અમારી પરિણતિ આગામી કોઈ કાળમાં પાછી ફરવાની નથી. અનંત શક્તિથી એ પરિણમન ચાલુ થયું.

'અનુભવ પ્રકાશ'માં લખ્યું છે ને ? અમે વીતરાગતાનો રણસ્તંભ રોપ્યો છે. 'રણસ્તંભ' શબ્દ વાપર્યો છે. વિજય પામીને રણની અંદર જે સ્તંભ રોપવામાં આવે ત્યાંથી પછી પીછેહઠ કરવામાં આવતી નથી. અહીંથી પાછા નહિ હટીએ. પોતાને પોતાના પરિણામનો એટલો વિશ્વાસ આવ્યો છે કે અનંતકાળ સુધી મારું પરિણમન કેવું રહેશે એની અત્યારથી જાહેરાત કરે છે !! આવતા અનંતકાળની જાહેરાત અત્યારથી કરે છે કે, હવે અહીંથી તો પાછા ફરવાનો પ્રશ્ન થતો નથી. અને અલ્પ કાળમાં પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે.

૫૮ (બોલ પૂરો) થયો.

૫૯. **'જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** આમાં વિચારની વાત છે ? પરિણામને પકડવા એટલે જ્ઞાનમાં જાણવા. વિચારનું કામ છે આ ? સીધો અવલોકનનો આ બોલ છે. પ્રયોગનો અથવા અવલોકનનો બોલ છે. એમ વિષય આવે, આગળ એક વાત આવી ગઈ કે, આખા દિવસમાં પોતાના પરિણામ કેવા કેવા થઈ ગયા તેનો વિચાર કરવો જોઈએ. આખો દિવસ ક્યાં રોકાઈ ગયો ? ૪૯મા બોલમાં છે. **'આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું.'** પણ આખા દિવસમાં જે થઈ ગયા એને તપાસવા જાય એટલે એનો વિચાર આવે છે. તપાસવામાં એનો વિચાર આવે છે. અહીંયાં ચાલતા પરિણમનની વાત છે. પાછળથી વિચાર કરવાની વાત નથી કે, જો જીવ પોતાના

સ્વલક્ષે, આત્મહિત કરવામાં સ્વલક્ષ છે એ મુખ્ય વાત છે, જો સ્વલક્ષે પરિણમન કરતો થાય તો પ્રથમમાં પ્રથમ એને પોતાના પરિણામ છે એમાં જે સ્થૂળ ભાવો છે એ જણાવા લાગે છે. આમ તો જીવને નિજ અવલોકનની પદ્ધતિ અથવા Practice – મહાવરો નથી. કેમકે કદી સ્વલક્ષ એણે કર્યું નથી. પરલક્ષે શાસ્ત્રો વાંચ્યા છે, પરલક્ષે વ્રત, સંયમ આદિ કર્યાં છે, પૂજા, ભક્તિ, યાત્રા, તપ કર્યાં છે. બધું પરલક્ષે કર્યું છે. સ્વલક્ષે એણે કાંઈ કર્યું નથી.

જ્યારે જીવ સ્વલક્ષે પરિણામ કરે છે ત્યારે એને પોતાના પ્રથમ સ્થૂળ પરિણામ પકડાય છે અને પરલક્ષવાળાને તો સ્થૂળ પરિણામ પણ પકડાતા નથી. જ્ઞાન તો તેનું પણ પરિણમે છે. જ્ઞાનનું પરિણમન તો સર્વ જીવોને છે. પણ જ્ઞાનમાં પોતાનું લક્ષ જ ન હોય તો પોતાના સ્થૂળ પરિણામ પણ પકડાતા નથી.

એક ભાઈ મળ્યા હતા. દેરાવાસી હતા. (એમણે કહ્યું), અમારા પિતાશ્રી એટલી બધી તપશ્ચર્યા કરે છે.... તમારા સંપ્રદાયમાં તપશ્ચર્યાનું બહુ છે ને ? કે, અમારા સાધુઓ એમ કહે છે કે, તમે તો સ્વર્ગમાં જ જવાના છો, તમને તો ત્યાં બહુ સારું સ્થાન મળવાનું છે, પણ ભાઈસા'બ અમારી જગ્યા ત્યાં રાખજો. એટલે એમ કે અમારા કરતાં તમે ચડી જાઓ એટલી બધી તપશ્ચર્યા કરો છો. આખી જિંદગી તપશ્ચર્યામાં જ ગઈ છે. એટલું બધું ધર્મનું અનુષ્ઠાન કરે છે. વાત કરતા કરતા બોલી ગયા કે એક તકલીફ છે, ક્રોધ બહુ, ગુસ્સો બહુ ! એટલો બધો ક્રોધ કે, વાત પૂછો મા ! એનો અર્થ શું થાય છે ? કે, તીવ્ર ક્રોધ છે એ તો ઘણાં સ્થૂળ પરિણામ છે. લોભના, માયાના (કે) બીજા પરિણામ છે એટલા બધા સ્થૂળ નથી. માનના, માયાના, લોભના અને ક્રોધના – ચાર પ્રકૃતિમાં સૌથી સ્થૂળ પરિણામ હોય તો ક્રોધના છે. લોભનો ખ્યાલ ન આવે, માયાનો તો લગભગ ખ્યાલ ન આવે, માનનો ઘણાને ખ્યાલ નથી આવતો, પણ ક્રોધનો ખ્યાલ તો આવ્યા વિના રહે નહિ. પણ જેનું સ્વલક્ષ નથી એવા જીવને ધાર્મિક કાર્ય બીજાને ઘણું આશ્ચર્ય લાગે એટલું બધું ધાર્મિક ક્રિયાનું કાર્ય દેખાય તોપણ એનાને એના સ્થૂળ પરિણામ ન પકડાય. (એ કહે), ક્રોધ તો હજી એવો જ. ક્રોધમાં તો વાત પૂછો નહિ ! બોલાવાય નહિ, વતાવાય નહિ કાંઈ, ભભૂકી ઊઠે ! એ ગડબડ બધા સંપ્રદાયની અંદર અજ્ઞાનપણે રહી છે. વેદાંતની અંદર, હિન્દુની અંદર આ 'દુર્વાસા'નું બહુ મોટું દૃષ્ટાંત છે. 'દુર્વાસા મુનિ' ! જબરજસ્ત તપસ્વી અને જબરજસ્ત ક્રોધવાળા ! સાથે સાથે જ રહે. એક સમ્યક્ માર્ગની અંદર એવું છે કે, ગુણસ્થાન અનુસાર બધા દોષ નાશ થતા જાય. ઉપશમી તો જાય, શરૂઆતથી જ ઉપશમ થઈ જાય.

પ્રશ્ન :– ક્રોધ છે એ સ્વલક્ષ નથી એટલે નથી પકડાતો ?

સમાધાન :– એ તો એને પકડાતો નથી અને પકડાતો નથી એટલે એને ટાળવાનો વિચાર

પણ આવતો નથી. એને ટાળવા સંબંધીનો એનો પ્રયત્ન નથી. (એને એમ વિચાર નથી આવતો કે) કેમ આમાં ફેરફાર થતો નથી ? જો હું ધર્મ કરું છું તો અધર્મનો નાશ કેમ થતો નથી ? એનો વિચાર સુદ્ધાં સ્વલક્ષ નહિ હોવાને લીધે આવતો જ નથી. વિચાર સુદ્ધાં આવતો નથી ! આ પરિસ્થિતિ હોય છે.

એટલે કહે છે કે, **'જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** એને તો સૂક્ષ્મ પરિણામ પકડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પાછું એવું નથી કે ઉઘાડ નથી. તિર્યંચ સ્વલક્ષમાં આવે છે તો સૂક્ષ્માતિ સૂક્ષ્મ સ્વભાવને પકડી શકે છે. વ્યક્ત અંશ ઉપરથી અવ્યક્ત સ્વભાવને પકડે છે ! એટલી તો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના ઓછા ઉઘાડની શક્તિ છે ! મનુષ્યને તો ઘણો ઉઘાડ છે પણ એ ઉઘાડ પર સંબંધિત છે અને એનો વેપાર પણ પરપદાર્થ સાથે છે એટલે સ્વમાં મોટામાં મોટા સ્થૂળ પરિણામ થાય છે, જેનાથી પોતાને ઘણું દુઃખ થાય છે, ક્રોધ થાય ત્યારે જીવને ઘણું દુઃખ થાય છે અને જેનાથી પોતાનું ઘણું અહિત થાય છે, એવા સ્થૂળ પરિણામ જીવ કરે તોપણ એને ખબર ન પડે કે, આ મારું અહિત થાય છે, મને દુઃખ થાય છે, આનાથી મને દુઃખ થાય છે. એમ એને ખબર ન પડે. એને તો ક્રોધનો જે વિષય છે એણે મને દુઃખ પહોંચાડ્યું એમ પકડે છે. જેમ ચાલતા ચાલતા અજાણતા કોઈનો પગ અડી જાય, ઠેસ વાગી જાય તો માણસ ગુસ્સો કરે કે, જોતો નથી ? ભાળતો નથી ? આંધળો છો ? એમ કરીને ગુસ્સો વધતો જાય એટલે પછી શબ્દોમાં ફેરફાર થતો જાય. પેલો એમ કહે કે, ભાઈ ! અજાણતાથી થયું છે. માફી માગી લઉં છું, ક્ષમા માગું છું. અજાણતાથી પગ (અડી ગયો). અડી શેનો જાય અજાણતાથી ? જોઈને ચાલવું જોઈએ ને ! જોઈને ચાલો તો અજાણતાથી ક્યાંથી અડે ? તમે જોઈને ચાલતા નથી માટે અજાણતાથી અડે છે. હવે, ઈ એના રસ્તે જતો હતો. એનો ખરેખર ઇરાદો નહોતો, પણ ક્રોધ કરવાવાળો એમ સમજે છે કે, એનું જ કારણ છે, બીજું કારણ નથી. સામા પદાર્થનું જ કારણ છે. મારો દોષ એ મારું કારણ નથી. એમાં શું ઊંધો સિદ્ધાંત ગ્રહણ થઈ ગયો છે ? કે, મારો દોષ તે મારું કારણ નથી. મારો દોષ તે બીજા સંયોગનું કારણ છે તેથી મારો દોષ છે.

માણસ કહે છે ને ? કે, ઈ માણસ ચોરી શું કરવા કરે છે ? કે, એને ખાવા-પીવા મળતું નથી માટે ચોરી કરે છે. પછી તો ભલે ખાવા-પીવા મળે તોપણ કરે. પણ સંજોગો એને એવું કામ કરાવે છે એવો એક અજ્ઞાનદશાની અંદર પોતાનો બચાવ કરવા માટે, પોતે નિર્દોષ રહેવા માટે દોષનો ટોપલો બીજા ઉપર અપ્રમાણિકપણે નાખવામાં આવે છે. જીવને આવી ઊંધી ટેવ અનાદિની પડી છે. તે સ્વલક્ષમાં મટે છે. એને પહેલાં પોતાના પરિણામ જણાવા લાગે છે. પરિણામનો

પરિચય વધતાં એમાંથી સ્વભાવ જણાવા લાગે છે.

પ્રશ્ન :– સ્વલક્ષમાં શું શું આવે ?

સમાધાન :– સ્વલક્ષમાં મૂળ લક્ષ તો આત્મસ્વભાવનું છે પણ આત્મહિત છે, મારે મારું હિત કરવું છે, પરિપૂર્ણ શુદ્ધ થવું છે એવું એક પૂર્ણતાને લક્ષે જ્યારે પોતાના પરિણામોનું અવલોકન કરવાનું – ગ્રહણ કરવાનું ટાળવા અર્થે જાણવાની વાત છે, જાણવા અર્થે જાણવાની વાત નથી. દોષને જાણવા અર્થે જાણવા નથી પણ દોષને ટાળવા અર્થે જાણવા છે. (એમ) હેતુપૂર્વકની જાણવાની પ્રવૃત્તિ છે.

અહીંયાં તો એટલી વાત લીધી છે, સૂક્ષ્મતાનો બોલ છે એટલે સ્થૂળતાથી શરૂઆત કરી છે કે, **'જે જીવને પોતાના સ્થૂળ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ?'** હવે આમ કહેવા પાછળ શું કારણ છે ? કે, ભેદજ્ઞાનના ફળમાં, ભેદજ્ઞાનના પ્રયત્નમાં સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય છે. જો ભેદજ્ઞાનના ફળમાં સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તો ભેદજ્ઞાન કરવામાં તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે રાગ છે એનાથી પણ ભિન્નતા થાય છે. સૂક્ષ્મ વિકલ્પથી પણ ભિન્નતા થાય છે ત્યારે એને સ્વાનુભવ પ્રગટે છે. તો ભલે ધર્મની કોઈપણ ક્રિયા કરે કે ધર્મના કોઈપણ શાસ્ત્રનું અધ્યયન કરી શકે એવો ઉઘાડ હોય તોપણ પોતાના સ્થૂળ દોષના પરિણામ જે જીવ ન પકડી શકતો હોય એ સૂક્ષ્મ પરિણામ પકડીને એનાથી ભિન્ન થઈને સ્વાનુભવમાં ક્યાંથી આવશે ? એ નહિ આવી શકે. એમ કહેવાનો હેતુ છે.

એટલે પ્રથમથી જ તારા પરિણામનું અવલોકન કર. પરિણામનું અવલોકન પરિણામની પકડ રાખવા માટે તો નથી જ. મિથ્યાત્વ દશામાં પરિણામ જેટલો, જેવડો જ હું છું – એ પકડ વધારવા માટે નથી કે એ પકડને મજબૂત કરવા માટે નથી. એ પકડને પણ છોડવાની વાત છે.

**'તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે ? ને સૂક્ષ્મ પરિણામ પકડે નહિ તો સ્વભાવ ક્યાંથી પકડાય ?'** એ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, અતિ સૂક્ષ્મ છે. આત્મસ્વભાવ, ચૈતન્યસ્વભાવ એ તો પર્યાયભેદ અને ગુણભેદથી પણ સૂક્ષ્મ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં દ્રવ્યના ભેદથી પણ સૂક્ષ્મ છે. દ્રવ્યનો ભેદ પણ સ્થૂળ પડે છે એટલે દ્રવ્યનો ભેદ સમજી શકાય છે અને સ્વભાવ નથી પકડાતો. દ્રવ્ય આને કહેવાય, ગુણ આને કહેવાય, પર્યાય આને કહેવાય. દ્રવ્ય, ગુણ, પર્યાય એ (ભેદ) સ્થૂળમાં જાય છે. અભેદ સ્વભાવ સૂક્ષ્મ છે. જે ભેદનિરપેક્ષ સ્વભાવ છે, દ્રવ્ય, ગુણ, પર્યાયમાં વ્યાપક છે છતાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદથી નિરપેક્ષ છે એવો જે સ્વભાવ (છે) એ તો સૂક્ષ્મથી સૂક્ષ્મ સ્વભાવ છે. હજી તો વિભાવના સ્થૂળ પરિણામ ન પકડે તો વિભાવના સૂક્ષ્મ પરિણામ ન પકડી શકે તો સ્વભાવ તો ક્યાંથી પકડશે ? એમ કહીને

એને અહીંયાં એમ કહેવું છે કે, પરલક્ષી પરિણમન કરવાવાળો જીવ કેટલો દૂર છે ! આત્મસ્વભાવને ગ્રહણ કરવા માટે એ કેટલો બધો દૂર છે ! એને ઘણું અંતર કાપવાનું બાકી છે, એમ લેવું છે.

પ્રશ્ન :- અવલોકન સ્વલક્ષે થાય છે ?

સમાધાન :- હા, અવલોકન સ્વલક્ષે થાય છે. વિચાર પરલક્ષે થઈ શકે છે, અવલોકનમાં પરલક્ષ નથી હોતું. વિચારની ભૂમિકા સુધી પરલક્ષ હોય છે અને અગિયાર અંગ ને નવ પૂર્વ સુધીનું અધ્યયન કરતી વખતના વિચારો એ બધું તો હોય જ છે પણ પરલક્ષી હોય છે ત્યાં સુધી એ જરાપણ કાર્યકારી થતું નથી. એ જ્ઞાનના વેપારની વાત થઈ. એ જ રીતે ચારિત્રની અંદર પરલક્ષી આચરણમાં દ્રવ્યલિંગી મુનિનું પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણનું નિરતિચાર પાલન કરવા પર્યંતનું પરિણામ થાય છે પણ આત્માને જરાપણ ધર્મનું કાર્ય થતું નથી. એ પરલક્ષી (કરે છે). પુરુષાર્થ તો બન્નેમાં સાથે છે. પરલક્ષી જ્ઞાન અને આચરણના પરિણામ ગમે તેટલા થાય તો એનાથી ધર્મ થતો નથી. સ્વલક્ષ થતાં સ્વરૂપ ગ્રહણ થાય, સ્વભાવ ગ્રહણ થાય તો સ્વભાવનું શ્રદ્ધાન થાય, પ્રતીતિ આવે અને પ્રતીતિ આવે ત્યારે એને ધર્મકાર્ય થાય છે, ત્યાં સુધી ધર્મકાર્ય થતું નથી.

પ્રશ્ન :- અવલોકન શરૂ કરે ત્યારથી સ્વલક્ષ હોય છે ?

સમાધાન :- હા, ત્યારથી એને સ્વલક્ષની પ્રવૃત્તિ શરૂ થાય છે, સ્વલક્ષે પ્રવૃત્તિ શરૂ થાય છે. એટલે તો આપણે એ વિષય ઉપર ચર્ચા વધારે કરીએ છીએ કે, અહીંથી જે પરિણામની દિશા છે (એ) દિશા બદલવાનું કાર્ય છે. અનંતકાળથી ધર્મના નામે અને ધર્મના બહાને પરલક્ષે કાર્ય કર્યું પણ દિશા બદલાણી નથી એટલે દશા પણ બદલાણી નથી. દિશા બદલવાનો આ Turning point છે. અહીંથી બદલવું એમ કહે છે. સ્ટેશનનું જંક્શન આવે છે ત્યારે આવે છે ને ? ફલાણી જગ્યાએ જવા માટે અહીંથી ગાડી બદલવી. જો આ જગ્યાએ જાવું હોય તો તમારી ગાડીમાંથી ઉતરી જાઓ. એમ પરલક્ષે સંસાર છે અને સ્વલક્ષે મોક્ષ છે. પરલક્ષે અધર્મ છે, ગમે તે કરે તોપણ અધર્મ છે. પંચમહાવ્રત પાળે તો ધર્મ નથી થતો. એને 'અષ્ટપાહુડ'માં 'અસંયમી' કહ્યાં છે.

દ્રવ્યલિંગી મુનિને બહારમાં પૂર્ણ સંયમ છે, બાહ્ય સંયમ – અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રત (આદિનો) પૂરેપૂરો છે છતાં એને અસંયમી કહ્યાં છે અને 'અસંયમી ન વંદેહિ.' એને વંદન ન કરશો. ના પાડી દીધી, 'કુંદકુંદાચાર્યદેવે' ના પાડી કે નહિ આને વંદન નહિ કર. આવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા હતા ને કે, દ્રવ્યલિંગી જરાય નિવર્ત્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પૂરેપૂરી નિવૃત્તિ દેખાય છે, જંગલમાં રહે છે. ઘર છોડીને જંગલમાં રહે છે, (તોપણ) જરાય ધર્મ થતો નથી. કેમકે સ્વલક્ષે એણે આત્મહિત કરવાની પ્રવૃત્તિ કાંઈ કરી નથી. જ્ઞાનની, આચરણની, શ્રદ્ધાની કોઈ પ્રવૃત્તિ કરી નથી.

પ્રથમ તો જ્ઞાન સાધન છે એટલે સ્વલક્ષે જ્ઞાનનો વેપાર કરવા જતાં એને પોતાના સ્થૂળ દોષો દેખાય છે. સ્થૂળ દોષો દેખાય છે ત્યારે એને ખ્યાલ આવે છે કે, અરે..રે...! આ દોષ જ દુઃખનું કારણ છે, આ દોષ જ વિપરીતતા છે અને આ દોષની અંદર મલિનતા છે. આ ત્રણ વાત એને સમજાય છે. આ વિભાવસ્વભાવના ત્રણ મુદ્દા છે – ત્રણ Factor છે, ત્રણ Point છે. વિપરીતતા, મલિનતા અને દુઃખ – આ ત્રણ વસ્તુ એની અંદર જણાય છે. એ અવલોકનનો મહાવરો વધે છે ત્યારે એને સૂક્ષ્મ દોષો પણ જણાવા લાગે છે. કેમકે એનાથી ઉપયોગ વધારે સૂક્ષ્મ થાય છે.

જ્ઞાનનો એ એક ધર્મ છે કે, જે વિષયમાં એ વધારે મહાવરાથી કામ કરે તે વિષયની સૂક્ષ્મતા પકડે. તમારે કાપડ ફાડવું હોય તો આડું ન જાય (કેમકે) મહાવરો થઈ ગયો. કાતર મૂકીને એક સેકંડની અંદર થરરાટ સીધેસીધું કપાઈ જાય. નવો નવો માણસ હોય એ ચીપી ચીપીને જોઈ જોઈને કાપે તોપણ અંદર ત્રાંસ આવી જાય. આમ હળવે... હળવે.. હળવે... આમ સીધું કરવા જાય પણ દૃષ્ટિભેદ થાય અને ત્રાંસ થઈ જાય. શું છે કે, જ્ઞાનની સૂક્ષ્મતા છે. કોઈપણ કાર્યમાં – આ રોટલી વણે છે તો ગોળ જ થાય. વાતો કરતાં કરતાં વણે તોપણ ગોળ થાય, દસ વર્ષની ઉંમરે ! કોઈ માણસ – પુરુષ સાઠ વર્ષની ઉંમરે વણવા જાય તો ? હળવે હળવે જરાય આડુંઅવળું ન જાય (એમ વણે તોપણ ન વણાય અને) આ વાત કરતાં કરતાં (વણે). એ વિષયમાં જ્ઞાનની સૂક્ષ્મતા આવી જાય છે. લોકો પણ એ કહેવત કહે છે – Practice makes the man perfect. મહાવરો છે એ માણસને પૂર્ણ બનાવે છે. જે વિષયનો એને મહાવરો હોય એ વિષયમાં.

અહીંયાં અવલોકનનો મહાવરો થાય છે, વારંવાર અવલોકન કરવામાં આવે છે તો પરલક્ષમાં જે સ્થૂળ દોષો નહોતા જણાતા તે જ્ઞાનનો ઉપયોગ સૂક્ષ્મ થતાં અવલોકનની અંદર સૂક્ષ્મ દોષો પણ જણાવા લાગે છે અને સૂક્ષ્મ સ્વભાવ – જ્ઞાનસ્વભાવ જે સૂક્ષ્માતિસૂક્ષ્મ જ્ઞાનસ્વભાવ છે એ પણ એને જણાવા લાગે છે. એમ કેમ થાય છે ? કે, જ્યારે એ દોષને ટાળવાને લક્ષે જાણે છે ત્યારે દોષનો રસ ઠંડો થાય છે. કષાયની શક્તિ તૂટે છે. રસ છે એ શક્તિ છે. કષાય અને કષાયશક્તિ એમ બે ભેદ પાડવામાં આવે તો પહેલાં કષાયની શક્તિ તૂટે છે પછી કષાય જાય છે. એ કષાયશક્તિ તોડવાનું કાર્ય પણ અવલોકનથી શરૂ થાય છે. જ્યારે કષાયરસ મંદ પડે છે ત્યારે જ્ઞાનમાં વધારે સૂક્ષ્મતા ઉત્પન્ન થાય છે. કેમકે જ્ઞાન નિર્મળ થાય છે. કષાયરસથી

રંજિત થયેલું જ્ઞાન મલિન થાય છે અથવા જ્ઞાનને આવરણ આવે છે અને એ ન તો પરને યથાર્થ જાણે છે કે ન તો સ્વને જાણે છે. એટલે જ્યારે એ અવલોકનમાં આવે છે ત્યારે એને સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવો અને સ્વભાવ સુદ્ધાં પકડાય છે. પરલક્ષે તો સ્વભાવ પકડવામાંથી કેટલો દૂર છે કે વિભાવને નથી પકડતો અને વિભાવની સ્થૂળતાને પણ નથી પકડતો તો પછી સ્વભાવ પકડવાનો અવસર જ રહેતો નથી.

(હવે) સરવાળો મારે છે. તેથી **'જ્ઞાનને સૂક્ષ્મ-તીક્ષ્ણ કરીને સ્વભાવને પકડે તો ભેદવિજ્ઞાન થાય.'** ભેદવિજ્ઞાનમાં જ્ઞાનસ્વભાવનું ગ્રહણ કરવું તે મુખ્ય વાત છે. ભેદવિજ્ઞાનની અંદર તો જ્ઞાનસ્વભાવને મુખ્ય કરવું, જ્ઞાનસ્વભાવને મુખ્ય કરવું અને મુખ્ય કરીને અહંપણે ગ્રહણ કરવું એનું નામ સ્વભાવની પકડ છે. રાગની પકડમાં 'રાગ તે હું' એમ છે. સ્વભાવની પકડમાં 'સ્વભાવ તે હું' એમ છે. તો કહે છે કે, જ્ઞાનને સૂક્ષ્મ અને તીક્ષ્ણ કરીને આ રીતે અવલોકનના અભ્યાસથી જ્ઞાન વધારે સૂક્ષ્મ થાય, ઘણું સૂક્ષ્મ થાય, તીક્ષ્ણ થાય એટલે ઉગ્ર થાય – સ્વભાવને ગ્રહણ કરવા માટે તીખું થાય, સાથે પુરુષાર્થ લેવો છે.

સૂક્ષ્મ અને તીક્ષ્ણ – બે Point લ્યે છે. સૂક્ષ્મ એટલે ઝીણામાં ઝીણું પકડે, જેને Sharp point કહે છે. ઝીણામાં ઝીણું પકડે અને તીક્ષ્ણ એટલે ઉગ્ર. તીક્ષ્ણ એટલે અહીંયાં ઉગ્ર. માણસ નથી કહેતા કે, આમની પ્રકૃતિ તીખી છે, તીખા માણસ છે, ધ્યાન રાખજો. એમ કહે છે ને ? તીક્ષ્ણ એટલે ઉગ્ર. જે પોતાના સ્વહિતમાં સાવધાન છે અને જેને શીઘ્રપણે પોતાનું આત્મહિત કરવું છે એને એ પ્રકારની ઉગ્રતા આવે છે એને તીક્ષ્ણતા કહેવામાં આવે છે. આમ કોઈવાર તો તીક્ષ્ણ અને સૂક્ષ્મ એકાર્થમાં પણ લેવાય છે, એની Sharpnessને હિસાબે. પણ અહીંયાં બે ભેદે વાત છે કે, તીક્ષ્ણતા એટલે ઉગ્રતા અને સૂક્ષ્મતા એટલે ઝીણામાં ઝીણું, સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગ્રહણ કરવાની શક્તિ. એવું જ્ઞાનને કરીને, જ્ઞાનમાં ઉગ્રતા લાવીને, ઉગ્રતા આવીને અને સૂક્ષ્મતા આવે, એમ બન્ને ભાવ જ્ઞાનની સાથે સાથે ઊભા થાય. જ્ઞાનમાં સૂક્ષ્મતા આવે અને તીક્ષ્ણતા પણ આવે અને સ્વભાવને જોરથી ગ્રહણ કરે કે, આ જ હું. ત્યારે એને ભેદવિજ્ઞાન સફળ થાય અને સ્વાનુભવ થાય. ભેદવિજ્ઞાનની ફળશ્રુતિ અનુભૂતિ પ્રગટ થાય.

તાત્પર્ય એ લીધું કે, ભેદવિજ્ઞાન કરવા અર્થે જ્ઞાન સૂક્ષ્મ થવું જોઈએ અને તીક્ષ્ણ થવું જોઈએ, તો ભેદવિજ્ઞાન થાય છે નહિતો ભેદવિજ્ઞાન થતું નથી. અને એ સ્વભાવના ગ્રહણ માટે, સૂક્ષ્મ સ્વભાવના ગ્રહણ માટે જ્ઞાનને સૂક્ષ્મ થવું જરૂરી છે. જ્ઞાનને સૂક્ષ્મ થવા માટે એને પોતાના ભાવોનું સ્વલક્ષે ગ્રહણ કરવું, પરિચય કરવો, વારંવાર અવલોકન કરવું એ એક માત્ર ઉપાય છે, બીજો કોઈ ઉપાય એમાં નથી. એ વિષય એ રીતે સ્પષ્ટ થાય છે.

પ્રશ્ન :– જ્ઞાનને સૂક્ષ્મ કેમ કરવું ?

સમાધાન :– સૂક્ષ્મ કરવામાં શું છે કે, એ અભ્યાસથી જ આપોઆપ થાય છે. સ્વલક્ષે પોતાના નિજ અવલોકનમાં વારંવાર રહેવાથી જ્ઞાન આપોઆપ સૂક્ષ્મ થાય છે, આપોઆપ જ થાય છે. જેમ બહારના કાર્યમાં સૂક્ષ્મતા લીધી તો એ કામ ફટાફટ થવા લાગે છે. વિચાર કરવાનો વખત પણ ન રહે એટલું ઝડપથી જ્ઞાન કામ કરે છે. કેમકે એ જે તે વિષયમાં એટલું સૂક્ષ્મ થઈ ગયું. એમ જ અહીંયાં છે. આ દેહાત્મબુદ્ધિમાં શું છે કે, ઓચિંતો કોઈ અવાજ થાય તો માણસ પહેલાં આંખ મીચી જાય છે. ધડાકો થયો, તો આંખ મીંચાય જાય છે. કેમ ? વિચાર કરીને મીંચાય છે ? આંખ મીંચુ કે ન મીંચું ? અત્યારે મીંચું કે પછી મીંચું ? એટલો ટાઇમ નથી. કેમકે સૌથી બચાવવા જેવું કોઈ અંગ હોય તો નાજુક આંખ છે, એની કિંમત ઘણી છે. ત્યાંથી બધું દેખાય છે અને અનેક પ્રવૃત્તિનું નિમિત્ત બને છે. એ દેહાત્મબુદ્ધિની અંદર એ સાવધાની સહજ છે, એટલી સૂક્ષ્મતા આવી જ ગઈ છે. ઊલટી બાજુની એ સૂક્ષ્મતા ઊભી જ છે. કેટલું ઝડપથી કામ કરે છે ! કેટલા સૂક્ષ્મ કાળમાં એ કામ કરે છે !

અહીંયાં વિષય બદલાય છે કે, પોતાને બચાવવો છે – આત્માને બચાવવો છે તો આત્માના હિત અને અહિતના વિષયમાં જેનું જ્ઞાન અવલોકન કરતું થયું એ જ્ઞાન એ વિષયની સૂક્ષ્મતા પકડી શકે છે. દોષને જાણતાં જ દોષનો રસ ઠરે, ઠંડો થાય એ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે, એમાં કાંઈ કરવાનો પ્રશ્ન નથી. કેમ કષાયરસ મટે – કપાય ? કે, એ તો જાણતા જ મટે છે. ફક્ત જાણવા બાજુનું તારું લક્ષ હોવું જોઈએ. દોષ કરતી વખતે દોષના વિષય ઉપર એટલું બધું લક્ષ જાય કે, દોષ થાય છે એનું લક્ષ પણ છૂટી જાય, તો કષાયનો રસ તીવ્ર થવાનો. થવાનો જ થવાનો.

ભેદવિજ્ઞાનની એ અંતર સંધિ અહીંથી પકડાય છે કે, વિભાવ અને સ્વભાવ – બન્નેની હયાતી એક પર્યાયમાં (હોવા) છતાં સ્વભાવ તે વિભાવ નથી, વિભાવ તે સ્વભાવ નથી. સ્વભાવની મર્યાદારૂપ જે ભાવ છે એ આટલો (છે), વિભાવની મર્યાદારૂપ ભાવ આટલો (છે). બન્નેની એક પર્યાયની અંદર ભિન્ન ભિન્ન મર્યાદા છે, ભાવ ભિન્નતા છે એ ભિન્નતાની જે મર્યાદા છે, એક પર્યાયમાં હોવાથી બે વચ્ચે ક્યાં જુદાંપણું ઊભું થાય છે એવી જે Limit છે એને સંધિ કહેવામાં આવે છે. એને સંધિ કહે છે.

મુમુક્ષુ :– અજ્ઞાનીને સ્વભાવ અને વિભાવની સંધિની ખબર નથી છતાં છે જુદાં.

પૂજ્ય ભાઈશ્રી :– છે જુદાં પણ એને પકડાતું નથી. કેમકે એનો ઉપયોગ એ વિષયમાં સ્થૂળ છે. સ્થૂળ છે એનું કારણ કે કષાયરસથી રંજિત જ્ઞાન છે. કષાયરસ છોડવો ન હોય તો એને સ્વભાવ-વિભાવની સંધિ દેખાશે નહિ.

મુમુક્ષુ :– સ્વભાવ-વિભાવની સંધિનો ખ્યાલ જ્ઞાનીને હોય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એને જ ખ્યાલ છે. પણ જ્ઞાની થવા અર્થે પ્રયત્ન કરે ત્યારે એને અવલોકન શરૂ થાય અને અવલોકન શરૂ થાય ત્યારે એને ભાવોની જે સૂક્ષ્મતા છે એ જણાવા લાગે ત્યારે એને એક કાળ એવો આવે કે જ્ઞાની થવા અર્થે એને સ્વભાવ-વિભાવની સંધિ પકડાય. સંધિ પકડાય તો ત્યાં એ પ્રજ્ઞાછીણીને પટકે અને ભેદજ્ઞાન કરીને સ્વાનુભવને પ્રગટ કરે. આપણે જે વાત લેવી છે એ અજ્ઞાન મટીને જ્ઞાની થવાના Processમાં જવાની વાત લઈએ છીએ. આગળ કેવી રીતે વધે અને કેવી રીતે અજ્ઞાનનો, મિથ્યાત્વનો ત્યાગ કરી અને જ્ઞાન અને શ્રદ્ધાનને પામે. એટલી વાત છે.

સંક્ષેપમાં વાત લીધી છે. એક સૂક્ષ્મતાનું પડખું લેવું છે એટલે બીજા બધાં પડખાં એક જ જગ્યાએ ક્યાંથી ચર્ચાય ? સૂક્ષ્મતામાં તું સ્વ-અવલોકનમાં આવ તો જ્ઞાન સૂક્ષ્મ અને તીક્ષ્ણ થઈને સ્વભાવને ગ્રહણ કરીને ભેદવિજ્ઞાન કરશે અને ભેદવિજ્ઞાન થતાં સિદ્ધપદનો પાયો નખાશે. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।'**

અહીં સુધી રાખીએ.

**અંતર અવલોકન દ્વારા જીવ પોતાના પરિણામના અનેક મહત્વના અને પ્રયોજનભૂત પાસાઓ સમજીને યથાર્થતામાં આવી શકે છે, તેમાં દોષને નિષ્પક્ષપાતપણે અવલોકતા, અભિપ્રાયપૂર્વક થતા દોષ (ને) સમજાતાં અભિપ્રાયમાં સુધાર થવાનો અવસર પ્રાપ્ત થાય છે. આ પ્રકારે મૂળમાંથી દોષ મટવાનું કારણ – અવલોકન છે. જેમ જેમ અવલોકનનો અભ્યાસ વધે છે તેમ પરિણમનનું અનુભવ જ્ઞાન અને ઊંડાણ અનુભવાય છે. જે અંતે 'અનુભવાંશે પરમાર્થની સ્પષ્ટ પ્રતીતિ' રૂપ સમકિત પણે પ્રાપ્ત થાય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૨૨૦)

અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુ:ખોને વેઠતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા તો શંકા રાખીને અટક્યો, કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો, કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરીફરી નહિ મળે. ૬૦.

**વચનામૃત–૬૦ તા. ૧૬-૦૩-૧૯૮૭**
**પ્રવચન નં. ૫૨**

૬૦મો બોલ છે. અનાદિકાળથી પરિભ્રમણ કરતાં જીવને અટકવાના કેટલા કેટલા પ્રકાર ઉત્પન્ન થયાં છે (તે કહે છે). જીવે સામાન્યપણે ભાવના કરી છે – મારે હિત કરવું છે, કલ્યાણ કરવું છે, પરિભ્રમણ મટાડવું છે, મારો મોક્ષ થઈ જાય તો સારું – એવું બધું વિચારવા ઉપરાંત

કાંઈને કાંઈ એ દિશામાં આગળ વધવા માગતો હોવા છતાં આગળ વધી શક્યો નથી, એમાં શું શું બન્યું છે એ વિષય ઉપર આ બોલની અંદર માર્ગદર્શન છે.

**'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.'** આ એક લીટીમાં સર્વ પરિભ્રમણ કરતાં સંસારી જીવની કથની છે – દુઃખની કથા છે. અંતર સ્વભાવ અનંત સુખરૂપ હોવાથી પ્રત્યેક જીવ સુખને ઇચ્છે છે અને સુખને ચાહે છે. જીવના સ્વરૂપમાં અનંત સુખ શક્તિએ કરીને જીવના એક સત્ત્વરૂપે રહેલું છે, એ જીવનું સત્ત્વ છે. જ્ઞાનાદિ સ્વભાવ (છે) એમ આ સુખ પણ એક (સ્વભાવ) છે. નિરાકુળ સુખ – ભરપૂર સુખ – આસ્લાદરૂપ સુખ – આત્માના આસ્લાદરૂપ સુખ. કેટલું ? કે, જેની હદ નથી એટલું. એવું એક સત્ત્વ રહેલું છે. જેનું જીવને સંસારદશામાં અનાદિથી અભાન છે – ભાન નથી પણ સુખસ્વભાવને હોવાને લીધે એને સુખ જ જોઈએ, કોઈપણ પ્રકારે એને સુખ જ જોઈએ. સુખ સિવાય ક્યાંય ચેન પડતું નથી. એટલે સુખની ઝંખનામાં છે. સુખ કેવું છે ? પોતાના સુખનું સ્વરૂપ કેવું છે ? ક્યાં છે એ સુખ ? કેવી રીતે એનો અનુભવ થાય કે પ્રાપ્ત થાય ? એનાથી જીવ અજાણ્યો છે.

એટલે અનાદિથી જે ભ્રમ છે કે, પર વિષયોમાં સુખ છે, બાહ્ય પદાર્થોમાં સુખ છે એ ભ્રમણાવશ; ભ્રમણા તો જ્ઞાની કહે છે, એને તો એ સાચું જ સુખ લાગે છે. એ તો એમ કહે છે કે, આ શેરડીની મીઠાશ છે એના રસમાં મને શેરડી ખાતા ખાતા બરાબર સુખનો જ અનુભવ થાય છે. શિયાળામાં ગરમીથી સુખ થાય છે અને ઉનાળામાં મને ઠંડીથી બરાબર સુખ થાય જ છે. જે ખરેખર દુઃખ છે એને સુખ માન્યું છે અને તીવ્ર દુઃખ છે, તીવ્ર આકુળતા છે એને પણ દુઃખ માન્યું છે. એને તો દુઃખ માન્યું છે (અને) મંદ આકુળતાને સુખ માન્યું છે. ભગવાન કહે છે કે, બન્ને દુઃખ છે, સુખ કોઈ જુદી ચીજ છે. પણ અનાદિથી જે વાત નિશ્ચિત થઈ ગઈ છે, જગતની અંદર પણ બધા અજ્ઞાની લોકો એને સુખ કહે છે (અને) આ જીવ પણ અનાદિથી એમ જ માનતો માનતો, ક્યારે એણે શરૂ કર્યું ? એ પ્રશ્ન અસ્થાને છે, અનાદિથી એને સુખ માનવાનું, પરવિષયોમાં સુખ માનવાનું ચાલુ જ રાખ્યું છે, અનાદિથી જ છે અને એ તો રૂઢ થઈ ગયેલો સંસ્કાર છે. એટલો બધો સહજ અને સ્વાભાવિક થઈ ગયો છે કે, એને દૂર કરવા જતાં બહુ દીર્ઘકાળ સુધી એથી વિરુદ્ધ એવો જે પરમાર્થનો વિષય છે અને સત્સંગનો વિષય છે એનું સેવન કરવું રહ્યું. નહિતર એ સંસ્કાર એટલી જલ્દીથી ભૂંસાય એવી પરિસ્થિતિ નથી, કોઈ જીવની નથી.

**'અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો,...'** ક્યારેક ક્યાંક, ક્યારેક ક્યાંક ચૌદ બ્રહ્માંડમાં અથવા ચૌદ રાજલોકમાં દેવગતિમાં, મનુષ્યગતિમાં, તિર્યંચગતિમાં, નરકગતિમાં

પરિભ્રમણ કર્યા જ કર્યું છે. દરેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એણે બહારથી સુખ મેળવવાની વૃત્તિ, આકાંક્ષા અને ઝંખના પાછળ ભાવની દોડ લગાવી છે અને દ્રવ્યથી પણ દોડ લગાવી છે. પરિણામસ્વરૂપે દુઃખ વેઠ્યું છે, અનંત અનંત દુઃખ વેઠ્યું છે. કેટલાંક દુઃખ તો એવા વેઠ્યા છે કે જેની કથની કરવી પણ શબ્દોનું સામર્થ્ય નથી, શબ્દોમાં શક્તિ નથી, એવા દુઃખ વેઠ્યા છે !

એવી સ્થિતિમાં એવું પણ બન્યું છે કે, **'કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા...'** જેણે સાચા સુખનો અંતરમાં અનુભવ કર્યો એવા જ્ઞાનીઓ – ધર્માત્માઓ – સત્પુરુષો મળ્યા, કોઈવાર ભાવલિંગી સંત પણ મળ્યા, કોઈ વાર સર્વજ્ઞનો સંયોગ પણ થયો. ત્યાં સુધીના પુણ્યયોગે એ બધા સંયોગ થયા. એને એ તક મળી. સાચું સુખ દેખાડનાર મળ્યા તેથી સાચું સુખ જોવાની તક, સાચું સુખ સમજવાની, ઓળખવાની તક અને અવસર – પ્રસંગ પ્રાપ્ત થયા. તો કેવી રીતે અટક્યો ? કે, **'શંકા રાખીને અટક્યો,...'** એને નિઃશંકપણે આ જ સત્ છે એવું બેઠું નહિ. જો એવું બેઠું હોત તો એ કોઈપણ જાતની કસર રાખ્યા વગર કામ કરી લેત. ઊંડે ઊંડે સ્થૂળપણે કે સૂક્ષ્મપણે એને શંકા રહી કે કદાચ આમ હોય (પણ ખરું) અને આમ ન પણ હોય અથવા કહેનાર પુરુષ પ્રત્યે એને પરિપૂર્ણ નિઃશંકતા ન આવી. અમુક વાત ઠીક હશે તો અમુક વાત અઠીક હશે એમ પણ જો વાત રહી જાય તોપણ એ સંપૂર્ણ નિઃશંકતા ન આવે. કસર રહેવાના કારણો હોય છે કે, જો છદ્મસ્થ જીવ હોય તો એમ વિચારે કે આ તો છદ્મસ્થ છે સર્વજ્ઞ ક્યાં છે ? ક્યાંક ભૂલ થવાનો એમને પણ સંભવ છે ! એમ ક્યાંકને ક્યાંક શંકાનું ઝેર; એ વિપર્યાસ છે (અને) વિપર્યાસ હોવાથી એને ઝેર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– આચાર્ય ભગવાને કીધું છે કે પરીક્ષાપ્રધાની થવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચોક્કસ પરીક્ષાપ્રધાની થવું. પરીક્ષા કરી અને પરીક્ષા કર્યા પછી નિઃશંક થવું. પ્રથમ પરીક્ષા જરૂર કરવી. પ્રથમ તબક્કે પરીક્ષા કરવી અને પરીક્ષા કરવામાં પણ કસર ન રાખવી, (હું) સહમત છું, બરાબર છે. પણ પરીક્ષા કર્યા પછી જો નક્કી થાય કે આ જ સત્ય કહેનાર છે, આને સત્યનો અનુભવ થયો છે, સત્યની ઉપલબ્ધિ છે પછી તો એણે નિઃશંક થવું જોઈએ કે ન થવું જોઈએ ? પછી પણ શંકા રહી અથવા તો કાં તો એણે પરીક્ષા કરી નથી કાં તો એને પરીક્ષા કરીને જે ઓળખાણ થવી જોઈએ એ ઓળખાણ થઈ નથી. જો ઓળખાણ થાય તો પછી એ કસર રાખે નહિ. એ જીવનો સ્વભાવ છે કે પછી કસર ન રાખે. પણ પરીક્ષા કરી નથી, કાં તો પરીક્ષા કરવાની યોગ્યતા અથવા ક્ષમતા પોતાનામાં નથી એવી સ્થિતિ છે.

પ્રશ્ન :– તો શું કરવું ?

સમાધાન :- એણે યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ. યોગ્યતા પ્રાપ્ત કરવામાં બહુ શાસ્ત્રો ભણવા પડે છે એવું નથી, ગરજની જ જરૂર છે. મારે મારું એક હિત કરવું છે અને પરમ સત્યના આશ્રય સિવાય આ જગતમાં મારે કોઈની કાંઈ દરકાર કર્યા વિના એક સત્યની ઉપલબ્ધિ પાછળ જ મારી શક્તિ લગાવવી છે – એવી જો એને ખરેખર દરકાર અને ગરજ જાગે તો એ જ યોગ્યતા છે, એ જ યોગ્યતા છે. કેમકે સંજ્ઞી પંચેન્દ્રિયના ક્ષયોપશમમાં એ પરીક્ષા કરવાનું સામર્થ્ય છે. એ ક્ષયોપશમ એની પાસે, સંજ્ઞી પંચેન્દ્રિય થયો એમાં એ વાત એને નવી લાવવાની નથી ફક્ત એમાં આ તત્ત્વ ઉમેરાવું જોઈએ કે, એકાંતે મારે મારું હિત કરવું છે. આ એકાંતે વાત છે, એમાં બીજી વાત નથી. તો એને એ ક્ષમતા, એ યોગ્યતા પ્રાપ્ત થાય છે.

કુદરતી જૈન કુળમાં અને સંપ્રદાયમાં આવ્યા એની તો વાત જુદી છે પણ દુનિયાની કોઈ કોઈ જગ્યાએ, કોઈ સંપ્રદાયમાં એ મનુષ્ય જન્મ્યો હોય તો એ સત્યને પકડી લે છે અને સત્યની નજીક આવી જાય છે અને સત્યની પ્રાપ્તિ કરી લે છે. જૈનને તો થોડું સહેલું છે, કાંઈક સંસ્કાર લઈને આવ્યો છે ત્યારે જૈનકુળમાં આવ્યો છે. કાંઈક એવું છે, એના પુણ્ય લઈને આવ્યો છે, એ કાંઈક પ્રકાર લઈને આવ્યો છે.

મુમુક્ષુ :- ૪૬મો બોલ છે – વર્તમાન પાત્ર છે. મારે મારું જ કરવું છે, આ કર્યે જ લાભ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો બોલ છે. ત્યાં તો એમ લીધું કે, '**ભલે ઉપયોગ સૂક્ષ્મ થઈને કાર્ય કરી શકતો ન હોય...**' હજી તારો ઉપયોગ એટલો સૂક્ષ્મ ન થયો હોય, પણ અંદરમાં એમ જ એક નિશ્ચય કરી લીધો હોય, દૃઢ નિર્ણય કરી લીધો હોય, એક ધ્યેય કરી લીધું હોય કે, મારે મારું આત્મહિતનું કાર્ય કરવું જ છે, એમાં જ મારો લાભ છે, આ સિવાય લાભ જેવો વિષય નથી. અહીંયાં જ લાભ છે, બાકી બધે નુકસાન છે. કહે છે કે, વર્તમાન પાત્ર છે, જા ! તું અત્યારે જ પાત્ર છો. વર્તમાન પાત્ર છો એટલે અત્યારે જ તું પાત્ર છો. આ સ્થિતિમાં તને પરમ સત્‌ના કોઈ દેખાડનારા મળે (તો) અવશ્ય અવશ્ય તને સત્‌ના દર્શન થાય અથવા સત્ય પ્રતિભાસે એ વર્તમાન પાત્રતા અને યોગ્યતા છે.

શંકા રાખીને અટકવા પાછળ; આ શંકા છે એ કુશંકા છે. હિતને અનુસરીને થયેલો તર્ક નથી. શંકા છે એમ નહિ, જે શંકાથી અટક્યો છે એની અંદર એવો કુતર્ક ઊપજ્યો છે, કુતર્ક થયો છે એ હિતને અનુસરીને એને તર્ક નથી થયો, શંકા થઈ છે – કુશંકા થઈ છે. આશંકા નથી, કુશંકા છે. એટલે ન્યાય વિરુદ્ધ જઈને, પરમાર્થ વિરુદ્ધ જઈને ખોટેખોટી શંકાઓ પણ ઉઠાવે છે. એ પરીક્ષા કરવાના સારા લક્ષણ નથી. ન્યાયને ગ્રહણ કરવો અને પોતાનું હિત કેવી રીતે

સધાય છે એ દૃષ્ટિકોણથી વિચારણાને – સુવિચારણાને વાળવી એ પ્રકારથી એને ખરેખર એનું પોતાનું હિત કરવા પાછળ કોઈપણ આશંકા કરે, કોઈપણ તર્ક ઊઠે, કોઈપણ વિચારણા ચાલે (તો) એ અટકે નહિ, જરૂર આગળ વધે. જરૂર જરૂર આગળ વધે.

મુમુક્ષુ :– હિત કરવા તો આવ્યો છે પણ ભૂલ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતે આડોડાઈ કરે છે, આડોડાઈ કરે છે. બાકી જેમ સૂરજ છાબડે ઢાંક્યો રહેતો નથી એમ સત્ માટે સત્‌નો ખપી અને ગરજુ થઈને સત્પુરુષના સમાગમમાં આવે અને સત્પુરુષને ઓળખે નહિ એવું કદી બને જ નહિ, કોઈ દિવસ ન બને. સત્‌ની ઝંખનામાં આવ્યા હોય અને પ્રગટ સત્ હોય અને એને ન સમજાય કે, આ પ્રગટ સત્ છે – 'ન ભૂતો ન ભવિષ્યતિ.' કોઈ દી' એવું બન્યું જ નથી. બનતું નથી, બનવાનું પણ નથી. પણ આ જીવની જ ખામી છે, આ જીવની જ વિપરીતતા છે અને આ જીવ પોતે અવળાઈ કરે છે ત્યાં બીજો કોઈ ઉપાય નથી. એને તો ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર એનું કાંઈ કરી દ્યે એ તો વસ્તુસ્થિતિ નથી.

કોઈ વાર એ શંકા રાખીને અટક્યો છે એટલે જે કથન એને સાચું સુખ દેખાડનારે કહ્યું એમાં એને નિઃશંકતા જ ન આવી તો જે પ્રયત્ન નિઃશંકતાને આધારે થાય એવો પ્રયત્ન તો ક્યાંથી થાય ? એ તો બની શકે નહિ. કોઈ વાર એ રીતે અટક્યો છે તો **'કોઈ વાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...'** આજ્ઞા બહાર ગયો છે. આ બહારનો દેખાવ એવો કરે કે, આ સત્પુરુષ છે, અમારા સદ્‌ગુરુ છે અમે એને માનીએ છીએ પણ પાછો અવગણના પણ કરે ! બન્ને કામ કરે. એટલે જેને એક નિષ્ઠા કહીએ એવી એક નિષ્ઠા જીવમાં આવી નથી કે જે એક નિષ્ઠાને લઈને તન, મન, ધન (સર્વથી) સર્વાર્પણબુદ્ધિ ઉત્પન્ન થાય એવી સ્થિતિમાં જીવ આવ્યો નથી. એટલે એણે અવગણના કરી છે. જીવની વિપરીતતાના બધા પ્રકાર જ્ઞાનીઓને ખ્યાલમાં છે એટલે સ્પષ્ટ કરે છે.

જેને પોતાના પરિણામોનું અવલોકન હોય, પોતાના ભાવોને પકડવાનો કાંઈ પ્રકાર હોય તો મેળવી શકે કે, મારામાં આ પ્રકારનો દોષ તો નથી ને ? મારામાં આ પ્રકારનો દોષ તો નથી ને ? એમ એ મેળવી લ્યે. એક વાર 'સોનગઢ'માં વાંચનમાં આ બોલ લીધેલો છે. ત્યાં એક વાત યાદ આવી કે, અવગણના કરે છે એની પોતાને ઘણીવાર ખબર પડતી નથી. કેમકે ઘણી વાતો સાંભળે એમાંથી એને એમ થાય કે, ઘણી બધી વાતો બરાબર છે પણ આ એક જગ્યાએ કાંઈક બરાબર લાગતું નથી. કાં એને શંકા પડે કાં એને માન્ય ન થાય. એવા જ બુદ્ધિપૂર્વકના વિપરીત સંસ્કારનો પૂર્વગ્રહ કામ કરતો હોય તો એને માન્ય ન થાય કે, અહીંયાં કાંઈક ફેર પડે છે એવું લાગે છે. એટલે એને એ માન્ય કરવાની અંદર એક અંશને અમાન્ય કરે છે એમ નથી રહેતું, એ અમાન્ય કરવામાં આખેઆખા સત્પુરુષને અમાન્ય કરે છે. એવી

પરિસ્થિતિ ઊભી થઈ જાય છે. એ અવગણના છે.

પહેલું એને એમ આવવું જોઈએ, જો એને ઓળખાણ પડી હોય કે, આ સત્યને દેખાડનારા, સાચું સુખ દેખાડનારા છે તો ન સમજાય ત્યાં મારી ભૂલ થાય છે. પણ ન સમજાય અથવા બરાબર ન લાગે ત્યાં એમની ભૂલ થાય છે, મને બરાબર સમજાય છે – એવું ન આવે. હું સમજું છું, (એમની) ક્યાંક ભૂલ થતી લાગે છે એવું ન આવે. અને એમ આવે ત્યાં અભક્તિ થઈ જાય છે. આખી ભક્તિનો વિષય ખલાસ થઈ જાય છે, પૂરો થઈ જાય છે. જેને સત્પુરુષ પ્રત્યે પરમ ભક્તિ છે, કેમકે અત્યારે કેવળી, મુનિ તો છે નહિ, વાત રહી એક સત્પુરુષ પૂરતી ચર્ચા કરવાની, એને આ વાત માન્ય કરવી અને આ વાત અવગણવી એમ બે પ્રકાર હોઈ શકે નહિ. હોય તો એ સત્પુરુષને પૂરેપૂરો માનતો નથી એ વાત સમજાવવાની ભાગ્યે જ જરૂર છે.

સાચું સુખ દેખાડનારની અવગણના કરી અને નુકસાન એણે પોતાને કર્યું કે, '**પોતાનું સાચું સ્વરૂપ મેળવતા અટક્યો,...**' છે. એ જીવ પોતાનો સ્વાનુભવનો પંથ ચૂક્યો છે, એ સ્વાનુભવનો રસ્તો ચૂક્યો છે અને પોતાના નુકસાનના રસ્તે એ ચાલી ગયો છે, ભૂલથી વળી ગયો છે. કલ્યાણ કરવાની એની ઇચ્છા છે એ બેકાર જાય છે, નિષ્ફળ જાય છે. એનો સત્સમાગમ જેટલા અંશે હોય એ પણ બધો નિષ્ફળ જાય છે.

મુમુક્ષુ :– શંકા છે ત્યાં પૂરી શક્તિ લાગતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે લાગે ? જ્યાં પૂરી શક્તિ લગાડવી છે ત્યાં તો નિઃશંક થઈને જ લગાડવી પડશે. એક વેપારમાં પણ તમને એમ લાગે કે, આ કામ કરવા જતાં નુકસાન કરશું તો ? તો એની અંદર પૂરી શક્તિથી નથી દાખલ થવાતું. આપણે શરૂઆત કરો, આપણે થોડો નમૂનો લ્યો, કેમ લાગે છે, પછી આગળ જોશું. પણ એમ ખબર પડે કે, આમાં તો સોએ સો ટકાનો Profit જ છે, એકના બમણા થાય છે તો ગામના વ્યાજે લાવીને શક્તિ બહાર જઈને વેપાર કરે. છે કે નહિ ? સીધી વાત છે.

પ્રશ્ન :– એક વાત નથી ગમતી એ આખો પૂરેપૂરો અવગણના કરે છે એ કેવી રીતે ?

સમાધાન :– એવું જ છે. ખરેખર તો સર્વાર્પણબુદ્ધિ છે એમાં... એક દૃષ્ટાંત લઈએ. કુટુંબની અંદર મા-બાપ છે એ એના પુત્રને નાનપણથી તે પુખ્ત ઉંમરનો થાય ત્યાં સુધી એને સાચવી, સંભાળી, ખવડાવી-પીવડાવી એની નાની-મોટી ઇચ્છાઓ પૂર્ણ કરી બધી રીતે એના પ્રત્યે પ્રેમ, વાત્સલ્ય અને મમતા રાખીને બધું કરે. ઊંડે ઊંડે સંસારિક જીવને ઇચ્છા હોય કે, મારી ઉત્તર અવસ્થામાં આ મારું બધું કરશે. મેં એનું બધું કર્યું છે માટે એ પણ મારું બધું કરશે. એમાં એક જરાક જેટલી નાની બાબતમાં ના પાડી દે (કે) મારાથી નહિ થાય. તમારે જે ફેંસલો કરવો

હોય એ કરો, બાકી મારાથી એ નહિ બની શકે. વાત સામાન્ય હોય તો વિવેકી માણસ સમજી જાય છે કે, આટલું જતું કરતો નથી, આ મને આગળ જઈને બધું આપવાની ક્યાં પરિસ્થિતિ ઊભી થાય છે ? જ્યાં આટલું પણ મારું ચાલતું નથી ત્યાં હું આગળની બધી અપેક્ષા રાખું એ નકામી છે. માટે અત્યારથી સમજી જાવ તો સારું. તો એણે થોડાક ઉપરથી કેટલું નક્કી કર્યું ? વાત તો સામાન્ય હોય. થોડુંક જ પેલાને જતું કરવાનું હોય, પણ (કહે કે) હું એટલું જતું નહિ કરું. તો એ બીજું જતું કરવા માગતો જ નથી. એમ જે થોડી અવગણના કરે છે એ વાત એટલી બધી નથી હોતી પણ જે બાકીનો ભાગ છે એમાંથી એનું અનુમાન નીકળી જાય છે કે, આ આટલું પણ મૂકતો નથી, બાકીનું મૂકવાનો પ્રશ્ન રહેતો નથી. એમ છે.

મુમુક્ષુ :– જ્ઞાની પ્રત્યે અમને સંપૂર્ણ ભક્તિભાવ તો છે પરંતુ એક વસ્તુમાં આટલો થોડો ફેર અમને લાગે છે, પણ ભક્તિભાવ છે એ ઓછો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને ખબર નથી પડતી કે, એમાં ભક્તિભાવ રહેતો જ નથી. ભક્તિભાવ આખો ઊડી જાય છે એ એને સમજાતું નથી. 'શ્રીમદ્જી'નો હમણાં જ ૫૧૬ નંબરનો પત્ર વાંચ્યો ને કે, લોકસંજ્ઞા ક્યાં ક્યાં થઈ જાય છે જીવને ખબર નથી. તારો ભક્તિભાવ લોકસંજ્ઞાએ છે કે આત્મહિતાર્થે છે ? એને કોઈ દિવસ Check કર્યો છે ? Check out – એની તપાસ કરી છે કે, તું લોકસંજ્ઞાએ ભક્તિ કરે છે કે આત્મહિતાર્થે ભક્તિ કરે છે ? લોકો તને ભક્તિવાળો ગણે અને જોવે એટલા ખાતર ભક્તિ કરે છે કે તારા આત્મા ખાતર ભક્તિ કરે છે ? એ દૃષ્ટિકોણથી તેં તારા પરિણામની ચકાસણી કરી છે, તપાસણી કરી છે ? તો તને સમજાય જાશે કે, આમાં પોલ છે, ગડબડ છે, બીજી વાત છે. આવી પરિસ્થિતિ હોય છે. ભક્તિ કરતો દેખાય છે, બીજાને પણ લાગે છે અને એને પણ લાગે છે પણ એને પોતાના સ્થૂળ પરિણામ (પકડાતા નથી). આ ૫૯ (બોલમાં) એ વાત છે કે, જીવને સ્થૂળ પરિણામ પકડવામાં એનું જ્ઞાન કામ કરતું નથી (તો) એના સૂક્ષ્મ દોષવાળા પરિણામ તો ક્યાંથી પકડાવાના ? એને સ્થૂળ પરિણામ પણ પકડાતા નથી, એમ છે.

મુમુક્ષુ :– એક દોષને ખાતર સંપૂર્ણ દોષમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ અટક્યો છે. અટક્યો છે ઈ અધૂરો અટક્યો નથી, એનું પરિભ્રમણ સોએ સો ટકા ઊભું રહી ગયું. અટક્યાનો અર્થ એ છે કે, એ અટકી ગયો એટલે કે એનો મોક્ષમાર્ગ આવવાનો હતો એ દરવાજો બંધ થઈ ગયો, પરિભ્રમણનો દરવાજો ખુલ્લોને ખુલ્લો રહી ગયો. એ ભમ્યા જ કરશે. આ સત્‌સમાગમ મળ્યો અને સત્ સાંભળવા મળ્યું (એનું શું ?) તો કહે છે, નિષ્ફળ જશે. આ પરિસ્થિતિ ઊભી થાય છે. બહુ મહત્ત્વનો વિષય છે. એટલે જાણે-અજાણે સત્પુરુષના કોઈ વચનની, કોઈ અંશની – વચનના કોઈ અંશની એક શબ્દની,

કોઈ વાતની ક્યાંય અવગણના ન થાય એ વાત ઉપર એની બહુ ચિકાશવાળી ઝીણી વૃત્તિ – સૂક્ષ્મ વૃત્તિ જોઈએ કે ક્યાંય આ ભૂલ ન થવી જોઈએ. નહિતર હું આખેઆખો રખડી જઈશ. એટલું એને લક્ષમાં હોવું જોઈએ. વિષયની ગંભીરતા એને સમજાવી જોઈએ કે, આ ટોચ ઉપરથી પડતું મૂકવાનું થાશે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' આપણને ઘણી કરુણાથી કીધું છે કે, 'બહેનશ્રીને વીંટળાઈને રહેશે એનો બેડો પાર છે.'

પૂજ્ય ભાઈશ્રી :– આજ્ઞા જ કરી છે ખરેખર તો. અને ખરેખર છે કે, આવા નિકૃષ્ટ કાળમાં આ તો એમનો Double ઉપકાર છે ! પહેલો ઉપકાર આત્મા બતાવ્યો એ છે અને બીજો ઉપકાર સત્પુરુષને બતાવ્યા એ છે. નહિતર સાધારણ દૃષ્ટિએ સાંભળે કે, ઠીક છે ! આ તો મહાપુરુષે કહ્યું છે એ વાતને વજન આપવાની વાત છે. બહુ મોટી વાત છે. Double ઉપકાર છે એમનો, બમણો ઉપકાર છે ! નહિતર સામાન્ય રીતે પૂર્વગ્રહ એવો હોય કે, ઠીક છે, ઠીક છે. એમ થઈને ગૌણ થઈ જાય એટલે અવગણના થઈ જાય. એવી ભૂલેચૂકે અવગણના ન કરે એને માટે સ્પષ્ટતા કરી.

મુમુક્ષુ :– ઇશારાથી કીધું છે કે, આ અમારાથી વિશેષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણું કીધું છે. કહેવામાં ખરેખર તો કેટલાક સહન ન કરી શકે એટલું બધું કહી દીધું ! પણ એ તો હિતબુદ્ધિ હોય એને તો થોડું કહે તોપણ ઘણું સમજાય. આટલું બધું કહેવાની જરૂર તો કાંઈક દેખાણી હશે કે, એવા પણ જીવો છે કે અવગણનાવિશેષ કરી જાય છે. (એટલે) વિશેષ ભાર દઈને કીધું. કલ્યાણ કરવું હોય એણે સમજી લેવું. બાકી તો બીજો કોઈ ઉપાય જગતમાં નથી.

મુમુક્ષુ :– પુરુષ હોત તો મુનિરાજ હોત !

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખરી વાત છે. બીજા કોઈ ગૃહસ્થીમાં હોય, બીજા ગૃહસ્થને યોગ્ય ઉદયભાવમાં હોય તો તો જીવોને ઓળખવા બહુ મુશ્કેલ પડે અને કંઈક જગ્યાએ શંકા પડે. આ તો ત્યાગી જેવું જીવન હોય, નિવૃત્ત જીવન હોય, બહારના મન-વચનના યોગ પણ એવા જ અનુકૂળ હોય કે, જેને માટે બહુ પૂછવા જવું પડે નહિ, બહુ સમજવાની બુદ્ધિની જરૂર પડે નહિ. તોપણ ન સમજે તો બીજો ઉપાય નથી. એવા શાંત અને ઠરેલ, પ્રશમભાવયુક્ત મન-વચન-કાયાના યોગ એ તો સહજપણે જ્ઞાનીની ઓળખાણ કરાવે એવી પરિસ્થિતિ છે. 'શ્રીમદ્જી' હતા તો ગૃહસ્થ. શંકા પડે, વેપાર-ધંધો, કુટુંબ-પરિવાર (બધું હતું). 'સોગાનીજી' (પણ) ગૃહસ્થમાં હતા. (ઓળખવા) મુશ્કેલ પડે. આ તો સમજી શકાય એવું છે.

**'સાચું સુખ દેખાડનારની અવગણના કરીને...'** સાચું સુખ દેખાડનારને તો નુકસાન-નફાનો

પ્રશ્ન નથી. **'પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો,...'** નુકસાન પોતે પોતાને કરી બેઠો છે. કેટલું નુકસાન કરે છે એ સ્પષ્ટપણે દેખાડવામાં આવે, એનું પરિભ્રમણ દેખાડવામાં આવે કે, આ તેં ઠેઠ પર્વતની ટોચેથી પડતું મૂકવાનું જોખમ કર્યું છે, તો એ પોતે મંજૂર કરે એવી વાત નથી, પોતે સ્વીકાર કરે એવી વાત નથી. એવું મોટું નુકસાન છે. **'પોતાનું સાચું સ્વરૂપ મેળવતા અટક્યો,...'** છે. કોઈવાર અનુસર્યો છે, ભક્તિ આવી છે, અર્પણતા આવી છે તો **'પુરુષાર્થ કર્યા વિના અટક્યો,...'** છે. પુરુષાર્થ ઉપાડ્યો નહિ. હા પાડી, આપ કહો છો તે બધું બરાબર છે. આપની વાત સમજાય છે, માન્ય કરું છું, પણ પુરુષાર્થ કરતો નથી. હા પાડે, સમજે, બુદ્ધિમાં બુદ્ધિગોચર થાય, ક્ષયોપશમગોચર થાય (પણ) પુરુષાર્થ ઉપાડતો નથી, કાર્ય કરતો નથી. સમજવું એક વાત છે, પુરુષાર્થ થવો એક બીજી વાત છે. બે વાત થવી ઘટે છે, તો કાર્ય સંપન્ન થાય છે. જો બીજી વાત નથી થતી તો કાર્ય સંપન્ન નથી થતું. પુરુષાર્થ ન થયો અને હિત ન સાધ્યું તોપણ પાછું પરિભ્રમણ ઊભું છે. ન પામ્યો તે ન જ પામ્યો.

સમ્યગ્દર્શન તો મોક્ષ સાથેની સગાઈ છે. મોક્ષ-લક્ષ્મી કહે છે ને ? આ તો એની સગાઈ છે. સગાઈ ન થઈ તે નહિ થઈ, સંબંધ નથી જ થયો. નથી જ થયો એટલે નથી જ થયો. વાત પૂરી થઈ ગઈ. વાતો ગમે એટલી ચાલી, આ સગપણની વાતો ચાલે છે. નક્કી ન થયું તો વાત રહી ગઈ તો રહી ગઈ બધી. છૂટા તે છૂટા, સૌ સૌના રસ્તે. એમ વાત ચાલી કે, આમ સમ્યગ્દર્શન થાય, આમ આત્મહિત થાય, બધું સાચું, શાસ્ત્ર સમજ્યો, ગુરુની વાણી સમજ્યો, ઉત્સાહ દેખાડ્યો કે, ના, ના પ્રભુ ! આપ કહો છો (એ) વાત અમને બરાબર બેસે છે. પણ પાછો અંદરમાં પુરુષાર્થ ઉપાડતો નથી અને અનુભવ કરતો નથી (તો) સગાઈ ન થઈ, એણે વાતો બધી કરી. પાછી એની એ પરિસ્થિતિ ઊભી થઈ.

'શ્રીમદ્દ્જી' તો લખે છે કે, દીર્ઘકાળ પર્યંત સત્સંગ સેવ્યો હોય પણ અસત્સંગમાં ભૂંસાઈ જતા વાર લાગતી નથી. બહારમાં અસત્સંગ અને પંચેન્દ્રિયના વિષયો, અનુકૂળતા-પ્રતિકૂળતાની અનાદિની લાગણી અને અભિપ્રાયની પરિસ્થિતિ એવી ઊભી છે કે એણે સાંભળ્યું અને સંમત કરેલું ઘડીકમાં ખલાસ થતાં વાર લાગતી નથી. લાંબા કાળનો સેવેલો સત્સંગ ઘડીકમાં ઊડી જાય. એવી અત્યારની પરિસ્થિતિ છે. એટલે જો સમજ્યો હોય, સમજાણું હોય એવું લાગતું હોય તો એણે કમર કસીને અંતર પુરુષાર્થનો આરંભ કરી દેવો જોઈએ અને પુરુષાર્થમાં લાગી જ જવું જોઈએ. બરાબર પૂરી શક્તિથી પાછળ પડી જવું જોઈએ. નહિતર એ અટક્યો, એ અટક્યો એ પૂરો અટક્યો છે, અધૂરો અટક્યો નથી. આ સ્થિતિ થશે.

પ્રશ્ન :– લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને ?

સમાધાન :– લાગે અને પુરુષાર્થ ન ઊપડે એમાં એવું છે કે, કેટલાક જીવો પોતાના પરિણામ

તપાસીને એમ કહે છે કે, આ કંઈ ખોટું તો લાગતું નથી. વાત નથી સમજાણી એવું લાગતું નથી. વાત ખોટી લાગી છે એવું લાગતું નથી. પણ છતાં પુરુષાર્થ નથી ઊપડતો અને અટકે છે એવી પરિસ્થિતિ પણ અનેક જીવોની બને છે.

પ્રશ્ન :– ઈ તો લાગ્યું જ નથી, એમ જ થયું ને ?

સમાધાન :– લાગ્યું નથી પણ, જુઓ ! વ્યવસાય મૂકી અને 'સોનગઢ' જઈને બેસી જઈએ કે, કાંઈ પ્રવૃત્તિ નથી કરવી. ધંધો-વેપાર, નોકરી કાંઈ (નથી કરવું). હવે, આપણો ટાઇમ પૂરો થઈ ગયો. પચાસ-સાઠ થઈ ગયા વાત પૂરી થઈ ગઈ. જે થવાનું હતું તે થઈ ગયું. હવે અમસ્તી પણ બીજી તકલીફ નથી. હવે નથી લાગ્યું અને ત્યાં જવાનું શું કારણ ? દુનિયામાં (બીજા) ઘણા સ્થળ છે. આ સત્ય છે, આ સાચું છે, કંઈક મળે છે તો અહીંથી મળે છે. (એમ) લાગે છે ને જાય છે. પણ જે કચાશ રહે છે એ એવી રહે છે કે, ઉદયભાવોમાં જે રસ છે એમાં ફેર પાડ્યો નથી. પછી જેટલો ઉદય જે પ્રકારનો રહી ગયો છે. કેટલે કેટલે પ્રકારે એમાં ગડબડ રહે છે. ધર્મના ક્ષેત્રમાં વર્તમાન જે કાંઈ પ્રવૃત્તિ કરી રહ્યો છે – વાંચન, સ્વાધ્યાય, પૂજા, ભક્તિ, દયા, દાન (કરે છે) એમાં પણ એને જાણે-અજાણે સંતુષ્ટપણું છે. સ્થૂળ સંતોષ ન હોય તો આટલું કરું છું, એવી જે ગણતરી એ પણ સંતોષનો જ એક પ્રકાર છે અને તેથી અટક્યો છે. પુરુષાર્થ નહિ ઉત્પન્ન થવાનું કારણ છે. અથવા એણે વર્તમાન દશામાં ઠીકપણું માન્યું છે (કે) ઠીક છે, જે આપણી શક્તિ છે એ પ્રમાણે કાંઈકને કાંઈક કરીએ છીએ. 'ઠીક છે', એવું જે એણે માન્યું છે, વર્તમાન સ્થિતિમાં સ્વાનુભવનો અભાવ હોવા છતાં એને એ વાત ખૂંચી નથી, એ વાતનું દુઃખ લાગ્યું નથી અને 'ઠીક છે' એની અધિકાઈ છે. ત્યાં સુધી ત્યાંથી ખસવાનો પુરુષાર્થ ઊપડવો એ પરિસ્થિતિ નથી. પુરુષાર્થ ઊપડવો એને માટે ઓછામાં ઓછું એને વર્તમાન પરિસ્થિતિનો અસંતોષ અને દુઃખ લાગવું આવશ્યક છે, સહજપણે – કૃત્રિમપણે નહિ. નંબર એકની વાત એ છે.

નંબર બેની વાત એ છે કે, એ પુરુષાર્થ ઊપડવા માટે જે વિચારજ્ઞાન છે એની સાથે એનો કેટલો દૃઢ વિશ્વાસ છે એ એણે તપાસ્યું નથી. જોઈ લેજો આ વાત ! વિશ્વાસની સાથે ખાત્રી ભળે અને જ્ઞાનબળ કે પુરુષાર્થ ન ઊપડે એ વસ્તુના વિજ્ઞાન બહારની વાત છે, વસ્તુસ્થિતિની બહારની ચીજ છે, કોઈ દિવસ ન બની શકે. પુરુષાર્થ ઉપાડવો પડતો નથી એ બળ જ આપોઆપ ઉત્પન્ન થાય છે. જીવને સામાન્ય લાભ થાય તોપણ છોડતો નથી, સામાન્ય નુકસાન થાય તો પોસાતું નથી તો અનંતો લાભ થાય અને અનંતુ નુકસાન મટી જાય એવી એને પૂરી ખાત્રી થાય અને એનો પુરુષાર્થ, એ બાજુનો પ્રવાહ ઊપડે નહિ (એ) કેમ બની શકે ? કોઈ દિવસ ન બને. જેટલો નફા-નુકસાનનો પ્રશ્ન મોટો એટલો જ પુરુષાર્થની ઉગ્રતાનો પ્રકાર મોટો. આ

તો જીવના પરિણામનું અને શક્તિનું ચોખ્ખેચોખ્ખું વિજ્ઞાન જ છે કે જેમાં કદી ભૂલ પડતી નથી, ત્રણકાળમાં ફેરફાર થતો નથી. ઘણો મોટો નફો હોય તો એની ભૂખ, તરસ ને ઊંઘ બધું ઊડી જાય. ઘણું મોટું નુકસાન હોય તોપણ ભૂખ, તરસ અને ઊંઘ બધું ઊડી જાય. તો આખેઆખા સિદ્ધપદની પ્રાપ્તિ પહેલે તબક્કે, પ્રથમ ચરણમાં પૂરા અખંડ સિદ્ધપદનો સ્વાનુભવ થાય અને અનુભવ થાય એ ભેગો ત્રણલોકનો નાથ થાય અને જન્મ-મરણનો એક ક્ષણમાં છેદ થઈ જાય એવું જો એને ખરેખર લાગ્યું હોય તો એનો પુરુષાર્થ ઊપડ્યા વગર રહે કેમ ? બને જ કેવી રીતે ? પણ જે સમજ્યો છે એની સાથે એની પ્રતીતિ ભળી નથી.

હવે એક પ્રશ્ન અહીંયાં ઉપસ્થિત થાય એવો છે કે, તો એ પ્રતીતિ ઉત્પન્ન થાય એના માટેનો કોઈ ઉપાય છે ખરો ? સમજણ સુધી અમે પહોંચ્યા છીએ. ઠીક ને ? 'ગુરુદેવ'ની કૃપાથી અનેકવાર વાત સાંભળતાં હવે કાંઈક સમજમાં આવી રહી છે પણ આ જે પ્રતીતિનું જે બીજું પગથિયું છે ત્યાં સુધી આવવામાં શું થવું જોઈએ ? તો પ્રતીતિ ત્યારે આવે છે કે જ્યારે વસ્તુ પ્રત્યક્ષ થાય છે ત્યારે. વસ્તુ પ્રત્યક્ષ થાય છે ત્યારે જ એની પ્રતીતિ અને મહિમા આવે છે. ત્યાં સુધી ઉપર ઉપરના વિચારજ્ઞાનથી કે પરોક્ષ તર્કણાથી, અનુમાનથી એની પ્રતીતિ આવતી નથી. તો એ પ્રત્યક્ષ કરવા માટે એણે શું કરવું ? પ્રત્યક્ષ કરવા માટે એનો પરિચય કરવો રહ્યો. આત્મા દેહાદિ અને રાગાદિ સ્વરૂપે નથી અને આત્મા જ્ઞાયકસ્વરૂપે છે એમ અસ્તિ-નાસ્તિ બે પડખાંથી આટલો બોધ છે. બરાબર છે ? મારા અનુભવમાં હું દેહસ્વરૂપે છું, દેહની શાતા-અશાતામાં હુંપણું અનુભવું છું અને રાગાદિના અનુભવમાં હુંપણું અનુભવું છું. જ્ઞાન હોવા છતાં જ્ઞાયકસ્વભાવે છું એમ હુંપણું આવતું નથી. આમ થઈ રહ્યું છે તો જે થઈ રહ્યું છે એમાં ભૂલ થઈ રહી છે એની તપાસમાં ઊંડું ઊતરવું જોઈએ. ચાલતા પરિણમનમાં એણે અંતર અવલોકનથી તપાસ કરવી જોઈએ અને ભૂલને પ્રત્યક્ષ કરવી જોઈએ, તો પ્રતીતિ આવશે. ન્યાયથી, વિચારથી, આગમથી, તર્કથી નક્કી કર્યું હશે પણ એને પ્રતીતિનું બળ મળતું નથી, વિશ્વાસ મળતો નથી તો પુરુષાર્થ ઉત્પન્ન થતો નથી.

પુરુષાર્થ ઉત્પન્ન થવા માટે એને સહજ પ્રત્યક્ષતા જે સામાન્યજ્ઞાનમાં રહેલી છે એને અંતર અવલોકનથી પકડવી રહી. અંતર અવલોકનથી, વારંવારના અવલોકનથી પરિચય કરતાં જો એને એ એકલું જુદું પડે, દેહથી અને રાગથી ભિન્ન, ભિન્ન છે અને જો ભિન્ન જણાય તો એને પ્રત્યક્ષ લાગે કે, નક્કી ભિન્ન છે, ચોક્કસ ભિન્ન છે. એને વિશ્વાસ આવી જાય, પ્રતીતિ આવી જાય તો ફડાક કરતાનો પુરુષાર્થ ચાલુ થઈ જાય ! અને નહિતર એમને એમ વિચાર કર્યા જ કરે. વિચાર કરતાં કરતાં થાકી જશે. વાંચન કર્યા કરે, વાંચન કરતાં કરતાં થાકી જશે, સાંભળ્યા કરે, સાંભળતાં સાંભળતાં થાકી જશે (પણ) પુરુષાર્થ ઊપડશે નહિ. પુરુષાર્થ નહિ ઊપડે તો

એ અટક્યો, સત્પુરુષ મળવા છતાં, સત્ સમાગમ મળવા છતાં, સત્પુરુષને સંમત થવા છતાં અટક્યો તે અટક્યો, પૂરેપૂરો અટક્યો.

અહીં સુધી રાખીએ.

**એક મૃત્યુના પ્રસંગથી બચવા માટે જીવ કોઈપણ કિંમત ચુકવવા તૈયાર થાય છે. પરંતુ અનંત જન્મ-મરણથી છૂટવા માટે નજીવા બહાના કાઢે, તે અનંતી વિપરીતતા નથી ? ખરેખર (ઈમાનદારીથી) જેને છૂટવું હોય તેને આખું જગત ગૌણ થઈ જાય; અને એક આત્મહિત જ મુખ્ય થાય. છૂટવાનો કામી હોય તે છૂટવાની કોઈ તક જતી ન જ કરે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની-૧૨૩૩)

## તા. ૧૭-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૦, ૬૧
## પ્રવચન નં. ૫૩

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૨૧. ૬૦મો બોલ ચાલે છે. અનંતકાળના પરિભ્રમણમાં મૂળ ચીજ નહિ કરી હોવાથી તે પહેલાં અનેક પ્રકાર અટકવાના થયા છે. ત્યાં સાચી વાતમાં શંકા રાખીને અટક્યો અથવા સાચું દેખાડનારની અવગણના કરીને અટક્યો. અવગણના કરવાથી નુકસાન પોતાને થયું છે. જેની અવગણના કરી છે એને તો નુકસાન થવાનો પ્રશ્ન નથી. પરંતુ, સાચું સુખ દેખાડનાર સત્પુરુષ મળે તો એને જરા પણ અવગણના, અવજ્ઞા, અભાવ ન થાય એ એક યોગ્યતા માગે એવો વિષય છે, પાત્રતાનો વિષય છે. તેથી મુમુક્ષુની એવી સ્થિતિ વિના એને પોતાને જ સાચું સુખ અથવા સ્વરૂપ મેળવતાં તે ભાવ બાધાનું કારણ થાય છે.

ત્રીજી વાત લ્યે છે કે, **'કોઈ વાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો,...'** કાલે આપણે આ વિષય ચાલતો હતો. સાચી વાત બુદ્ધિગોચર થઈ અને વિપરીતતા ઘટી એટલે સંમત પણ થઈ, જ્યાં સુધી વિપરીતતા હતી ત્યાં સુધી એને કાંઈને કાંઈ શંકા રહેતી હતી અથવા હકાર આવતો નહોતો. હવે એટલી વિપરીતતા ઓછી થઈ, સાચી વાત સમજમાં આવી, ખ્યાલમાં આવી, એણે હા પાડી પણ હજી પુરુષાર્થ નથી કરી શકતો એનું કારણ એ છે કે, જે વાત સમજ્યો તેની પૂરી ખાત્રી થઈ નથી, પૂરો વિશ્વાસ આવ્યો નથી અને સંયોગમાં સુખ છે અને અમુક રાગ પણ ઠીક છે એ વિશ્વાસ ગયો નથી. વિચારની ભૂમિકામાં પરસ્પર બે વિરુદ્ધ વાત તો ઊભી થઈ પણ હજી વિશ્વાસને લીધે ત્રાજવું જૂની વાત ઉપર નમે છે. સંયોગમાં અનુકૂળતામાં સુખ છે અને રાગ પણ કરવાયોગ્ય છે અથવા ઠીક છે એવો જે અનાદિનો ઊલટો વિશ્વાસ છે એ બદલાણો નથી. સાચી વાતની હા પાડી છતાં વિશ્વાસ નથી એનો એ પુરાવો છે. છેતરામણી

ભૂમિકા છે. હા પાડી છે તો વિશ્વાસ હોય તો જ હા પાડી હોય ને ! પોતાને છેતરાય જવાય એવો એ વિષય છે. કેમકે હા પાડી છે માટે એમને વિશ્વાસ છે અને હા પાડી છે, આ વાતના વિશ્વાસ વગર અમે શા માટે હા પાડીએ. તો કહે છે કે, પેલો વિશ્વાસ બદલાઈ ગયો છે કે નહિ ? આ સવાલ છે. અને એ વિષય ચાલતા અનુભવ સાથે સ્પર્શે છે. ચાલતા અનુભવમાં સંયોગમાં કે રાગમાં ઠીકપણું લાગે છે તો હજી વિશ્વાસ બદલાણો નથી અને સાચી વાતનો ખરો વિશ્વાસ આવ્યો નથી.

મુમુક્ષુ :- વિશ્વાસ આવે તો પુરુષાર્થ ઊપડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જો વિશ્વાસપૂર્વક - ખાત્રીપૂર્વક - પ્રતીતિપૂર્વક વિચારદશા હોય તો એ વિચારદશામાં પુરુષાર્થ ચાલ્યા વગર રહે નહિ અને નહિતર એનેને એને એ વિષય મૂંઝવતો થાય કે સમજાણું છે અને પુરુષાર્થ કેમ થતો નથી ? સમજું તો છું. એમાં એને પોતાને જે સમજાય છે એ એક હકીકત છે. ક્ષયોપશમમાં વાત બેસે છે એ એક હકીકત છે. એનો તો પોતે કે બીજો કોઈ નકાર કરી શકે એમ નથી. બીજાને ખ્યાલ આવે કે આને વાત સમજાય છે. સમજે, બીજાને સમજાવી શકે ત્યાં સુધી બહારમાં દેખાય. છતાં એ જ વાત ઉપર એને કેટલો વિશ્વાસ છે એ ઊંડેથી વિચારવાની ચીજ છે. ઉપર ઉપરથી નક્કી થાય એવો વિષય નથી, એ ઊંડેથી વિચારવાની ચીજ છે.

પ્રશ્ન :- પુરુષાર્થ ન ઊપડે ત્યાં સુધી સાચો વિશ્વાસ નથી એમ જ સમજવું ?

સમાધાન :- હા, એમ જ છે. ચોક્કસ એ નક્કી કરી લેવું, પાકેપાક્કી વાત છે. એટલે સમજાઈ ગયું છે એમ પોલ ચાલી જાશે નહિ કે, ચાલો સમજાઈ તો ગયું છે. ચાલો વાંધો નહિ, પહેલાં નહોતું સમજાતું અને હવે સમજાઈ તો ગયું છે. એમાં કાંઈ દાળિયા થઈ જાય એવું નથી.

મુમુક્ષુ :- ઘરાક સાથે બધી મીઠી વાત કરે પણ ઉધાર આપવાનું હોય ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સંબંધ આપણે, આપણે બહુ સંબંધ, સારું થયું તમે આપણી દુકાને આવ્યા એમ કહે. આમ છે.

જ્યારે એ વાત ઉપર વિશ્વાસ નથી, કહેવાની જરૂર નથી કે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર પણ વિશ્વાસ નથી. કેમકે કહેનારા તો એ છે. કેવી છેતરામણી ભૂમિકા છે ! અરે... ભાઈ ! દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર વિશ્વાસ ન હોય તો અમે આ મંદિર શું કરવા બંધાવીએ ? મંદિર બંધાવ્યું, ધામધૂમથી પ્રતિષ્ઠા કરી, રોજ પૂજા, ભક્તિ કરીએ અને તમે કહો કે વિશ્વાસ નથી ! ભાઈ ! તારો પુરુષાર્થ નથી ઊપડતો એ વાત તો નક્કી છે કે નહિ ? એ પણ એક હકીકત છે કે નહિ ? અનાદિનો તેં ક્યાં વિશ્વાસ રાખ્યો છે ? જરાક તળિયું તપાસી લે.

આજ પાનામાં નીચે છેલ્લી એક લીટી છે – **'કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.'** આ એનો નિયમ છે. એને વિશ્વાસ આવે, જે વાત સમજમાં આવી હોય એનો વિશ્વાસ આવે તો એનું જ્ઞાનબળ, જેને જુદો પાડીને પુરુષાર્થ કહીએ, સાથે લઈએ તો – જ્ઞાનને સાથે લઈએ તો એનું જ્ઞાનબળ કહેવાય છે. એ જ્ઞાનબળ ઉત્પન્ન થયા વિના રહે નહિ. નહિતર જ્ઞાન હોય પણ બળ વિનાનું હોય અથવા જ્ઞાન હોય પણ ઊંધા બળવાળું હોય, ઊલટા બળવાળું હોય, વિપરીત પુરુષાર્થવાળું હોય. એ જ્ઞાન નથી, ખરેખર એક ન્યાયે એ તેનું તે, તેવુંને તેવું જ અજ્ઞાન છે. એ રીતે પુરુષાર્થ કર્યા વિના અટક્યો છે અને એ વિશ્વાસ ઉત્પન્ન થવા અર્થે એને પોતામાં વિશેષ વિશેષ અંતર વિચારણા અને અંતર અવલોકનથી, પોતાની તપાસથી (ઊંડા ઊતરવું રહ્યું).

મુમુક્ષુ :– પોતે નબળાઈના કારણે આ ભવમાં પુરુષાર્થ ન કર્યો પણ આ સત્‌ના સંસ્કાર પડ્યા એ ફળશે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે, સંસ્કાર પડ્યા જ છે એની કોઈ ખાત્રી છે ? અનંત વાર સત્પુરુષ મળ્યા છે, અનંત વાર તીર્થંકર મળ્યા છે, અનંત વાર દ્રવ્યલિંગી થઈને અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો છે તોપણ સંસ્કાર તો નથી પડ્યા. જો તને ખાત્રી થઈ ગઈ હોય કે સંસ્કાર પડી ગયા છે માટે આ ભવમાં પુરુષાર્થ નહિ ઊપડે તો બીજા ભવમાં પુરુષાર્થ ઊપડશે તો બીજી વાત છે. પણ એવી કોઈને ખબર પડતી નથી. કોઈ એમ કહે કે, મને ખબર પડી ગઈ છે તો એ વાત સ્વીકારી શકાય એવું નથી. સંસ્કાર પડી ગયા હોય છે એને એવો વિચાર નથી આવતો કે, આ ભવમાં નહિ થાય તો કાંઈ નહિ, આવતા ભવમાં થઈ જશે. એવો એને વિચાર નથી આવતો. એ વિચાર પણ સંસ્કાર નથી પડ્યા એનો સૂચક છે, એનો પ્રદર્શિત કરનારો છે.

મુમુક્ષુ :– અમે નિરાશ થઈ ગયા છીએ થોડુંક આશ્વાસન આપો.

પૂજ્ય ભાઈશ્રી :– આશ્વાસન આપવામાં ખોટું આશ્વાસન આપીને નુકસાન કરવાનું તો ન બને, નહિ થવું જોઈએ, એમ. અને એવું આશ્વાસન મેળવીને પછી શું કરવું છે ? અટકવું જ છે ને ? જે વસ્તુ પોતાના અનંત સ્વભાવથી, પૂર્ણ સ્વભાવથી ભરપૂર છે એ વસ્તુ પોતે (અને) એની અવસ્થા બિલકુલ એનાથી ઊંધી ચાલે, એમાં આશ્વાસનનું શું કામ છે ? એનું દુઃખ થવું જોઈએ. આશ્વાસન મેળવવાને બદલે એનું દુઃખ થવું જોઈએ. જે જીવો પામે છે એ એમ જોવે છે કે, મારું સ્વરૂપ પરિપૂર્ણ છે અને મારી અવસ્થા તો અનંતમા ભાગે છે. આ ન પોસાય. જેવું સ્વરૂપ છે એવી જ મારે તો અવસ્થા જોઈએ. નહિતર અંદર દુઃખ છે. તો પ્રાપ્ત કરે છે એને આ સ્થિતિ છે તો વગર પ્રાપ્તિવાળાને તો એથી વધારે જોર કરવાની જરૂર છે કે, આ તો ઊંધી જ વાત ચાલે છે અથવા નબળાઈને લીધે પુરુષાર્થ નથી થતો એમ છે

કે વિપરીતતાને લઈને પુરુષાર્થ નથી થતો એમ છે ? આ પણ થોડોક વિચાર માગે એવો વિષય છે. બન્ને જુદી જુદી વાત છે. જેને જ્ઞાનદશા પ્રગટ થઈ હોય, સબળાઈ પ્રગટ થઈ હોય એને નબળાઈની અપેક્ષા લાગે કે, કેટલીક નબળાઈ છે એટલે પૂર્ણ થવાતું નથી. ભાવના પૂર્ણ થવાની છે, એક સમયમાં પૂર્ણ થવાતું હોય તો બીજો સમય જોઈતો નથી પણ નબળાઈ છે. પણ જેને સબળાઈ પ્રગટ થઈ નથી એને નબળાઈ નથી, એને વિપરીતતા છે.

'પરમાગમસાર'માં એવો એક બોલ આવે છે. 'ગુરુદેવ'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે, નબળાઈથી પુરુષાર્થ થતો નથી. તો કહે (છે) કે, નબળાઈ નથી, વિપરીતતા છે. પણ તું અહીંયાં પહાડ જેવા દોષને રાઈ જેવો નાનો કરી નાખે છે. તારી વિપરીતતા છે એ તો પર્વત જેવડો દોષ છે એને રાઈ સમાન ગણીને તું નબળાઈમાં ખતવી નાખે છે. એમ નથી. એમ લેવું છે. કેમકે જ્યાં વિશ્વાસ પ્રગટ્યો નથી, પુરુષાર્થ ઊપડ્યો નથી એટલે કારણરૂપ વિશ્વાસ પણ પ્રગટ્યો નથી, ત્યાં રુચિ છે એ પુણ્યની અને પુણ્યના ફળરૂપ સંયોગોની રુચિ છે, આત્માની રુચિ નથી અને એ વિપરીતતા છે, બહુ મોટી વિપરીતતા છે. એટલે એ સંસ્કાર હશે અને ભવિષ્યમાં કામ થશે એવો વાયદાનો વેપાર કરનાર(ની) બરાબર લાઈન ઉપર વાત નથી, એ વાત લાઈન ઉપરની નથી.

અહીંયાં થોડોક નફો મળતો હોય તો અત્યારે ને અત્યારે જોઈએ છે. થોડોક લાભ થતો હોય તો એમાં કાલ પોસાતી નથી, એમાં તો ઘરાકને ઊઠવા ન દચે કે, આને હેઠે ઊતરવા દેવો નથી. ઓટલો ઊતરી જશે, પગથિયું ઊતરી જશે તો બીજેથી માલ લઈ લેશે. તો એને તો અત્યારેને અત્યારે જોઈએ છે અને અહીંયાં એમ કહે છે કે, કાંઈ નહિ, નહિ થાય તો આવતા ભવમાં કરી લેશું. એ ભરોસો છેતરામણો છે અને એ મિથ્યાત્વદશામાં એક સમય પછીના પરિણામ કેવા વિપરીત થશે, કેટલી હદના વિપરીત થશે એનો જ્યાં ભરોસો નથી તો આવતા ભવના પરિણામનો તો ક્યાં વિચાર કરવાનો રહ્યો ?

મુમુક્ષુ :– આમાં એક બોલ છે, કાલે કરીશ.. કાલે કરીશ...

પૂજ્ય ભાઈશ્રી :– હા ! છે, છે. બધા બોલ લીધા છે. મુમુક્ષુની ભૂમિકાના ઘણાં બોલ લીધાં છે. એ સૂચવે છે કે કેટલી અંતર વિચારણા ચાલી હશે ! આ વિષયને સ્પર્શતી, વિષયને લગતી કેટલી વિચારણા ચાલી હશે કે જેથી આ બધાં પડખાં ચોખ્ખેચોખ્ખાં ભાષામાં બહાર આવી ગયા !

ત્યાંથી આગળ ચાલ્યો તો **'કોઈ વાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.'** કોઈ જીવને એવું થાય છે (કે), રુચિ પ્રગટે છે, વિશ્વાસ આવે છે, પુરુષાર્થે ચડે છે પણ અભેદ અનુભવ થાય, નિર્વિકલ્પ પ્રતીતિ થાય, ભવછેદ થાય એવી સ્થિતિએ પહોંચ્યા

પહેલાં વળી પાછા પરિણામ બીજી દિશા પકડી લ્યે, ઊંધી દિશા પકડી લ્યે. વળી પાછો એ ઊંધાઈ કરવા લાગે, વિપરીતતા કરવા લાગે, વળી નીચી કોટિના પરિણામ થવા લાગે. પુરુષાર્થ છૂટી જાય. પર્યાપ્ત પુરુષાર્થ થયા વિના પુરુષાર્થ શરૂ થઈને વળી પાછો પુરુષાર્થ છૂટી જાય. બહુ નબળી સ્થિતિમાં બહુ મંદ પુરુષાર્થ ચાલુ થયો હોય, અત્યંત મંદ ચાલુ થયો હોય તો એવું બને છે. કોઈને આયુષ્ય પૂરું થઈ જાય છે, તો કોઈને આયુષ્ય ચાલુ રહે છે અને વળી વિપર્યાસમાં આવી જાય છે અને ફરી જાય છે. એમ પરિણામ બદલાઈ જાય છે. અટકે છે, પડે છે, ઉપર ચડ્યા પછી પણ પડે છે. થોડા પુરુષાર્થ માટે !

પ્રશ્ન :– જ્ઞાનમાં વિશ્વાસ નહિ આવવાનું કારણ ?

સમાધાન :– વિશ્વાસ નહિ આવવાનું કારણ જ્ઞાન સ્વલક્ષી નથી કર્યું, જ્ઞાન પરલક્ષી કર્યું છે. પ્રશ્ન એ છે કે, જ્ઞાનમાં આવ્યું (તો) પછી વિશ્વાસ નહિ આવવાનું શું કારણ ? વળી એટલે હદ સુધી જ્ઞાનમાં આવે કે, વિશ્વાસ થઈ ગયો હોય એવો ભ્રમ થઈ જાય ! પણ ખરેખર એ પરલક્ષીજ્ઞાનમાં આવ્યું હોય છે. અનાદિની રાગની અધિકાઈ અને રાગની મુખ્યતા વર્તી રહી છે એ જ દશામાં એણે સમજણ કરી છે. જ્ઞાનની અધિકાઈ, જ્ઞાનની મુખ્યતા અને જ્ઞાનના આધારે એણે જ્ઞાનતત્ત્વને સમજણમાં લીધું નથી, વિશ્વાસમાં લીધું નથી, આધાર નથી આવ્યો. ચર્ચા કરી હતી, આધાર નથી. એનો એ આધાર રહ્યો છે. એક સમયના રાગના આધારે બધી ક્રિયા કરી. તપશ્ચર્યાની ક્રિયા કરી, શાસ્ત્ર અધ્યયનની ક્રિયા કરી, સમજણની ક્રિયા કરી. બધી રાગના આધારિત કરી, જ્ઞાનનો આધાર લઈને નથી કરી.

સમજે છે જ્ઞાન અને સમજવાનું છે જ્ઞાનતત્ત્વ. સમજણ કોને કરવાની છે ? કે, જ્ઞાનને. કોની સમજણ કરવાની છે ? કે, જ્ઞાનતત્ત્વની. તો જ્ઞાનને આધારે જ્ઞાન જ્ઞાનને સમજે તો જ જ્ઞાન યથાર્થ સમજાય. અનાદિના રાગના અને વિકલ્પના આધારે જે વિચારણા ચાલી રહી છે એ જ વિચારણામાં જ્ઞાનતત્ત્વ સમજાતું નથી. આ સીધી વાત છે.

'નિર્ભ્રાંત દર્શનની કેડીએ...' (પુસ્તકમાં) 'સ્વરૂપ નિશ્ચય'ના પ્રકરણમાં આ વાત લીધી છે કે, શેના આધારે તેં સ્વરૂપનો નિશ્ચય કર્યો ? જ્ઞાનસ્વભાવી આત્માનો પ્રથમ નિશ્ચય કરવો. એમ ('સમયસાર'ની) ૧૪૪ (મી) અનુભવની ગાથામાં, પક્ષાંતિક્રાંતની ગાથામાં વાત લીધી. જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો એમ કહ્યું. નિશ્ચય કરે છે જ્ઞાન અને જ્ઞાનસ્વભાવનો (નિશ્ચય કરે છે). જ્ઞાન પોતાના સ્વભાવનો નિશ્ચય કરે છે. એમાં જ્ઞાનથી વિરાધક, જ્ઞાનનો ઘાતક એવો જે રાગ એના આધારે એ નિશ્ચય કેમ થાય ? કોઈ રાષ્ટ્રની અંદર, કોઈ રાજ્યની અંદર પોતાનું વિશ્વસનીય - Confidential કોઈ કામ હોય કે, ભાઈ ! અહીંયાં અણુમથક સ્થાપવું છે તો 'હિન્દુસ્તાન'વાળા 'પાકિસ્તાન'ની Technical teamને, કોઈ Engineerને કામ સોંપે ખરા ? (જો સોંપે) તો 'દિલ્હી'ને

ઉડાડી મૂકે ! કોઈ દુશ્મનોને સંરક્ષણનું કામ સોંપી શકાય ? કે, અમારું રક્ષણ કરજો. (એ રીતે અહીંયાં) રાગ તો ઘાતક પરિબળ છે. સ્વભાવને અને રાગને વધ્ય-ઘાતક સંબંધ છે. આવે છે 'સમયસાર'માં ? જેમ પીપળાને અને લાખને (વધ્ય-ઘાતક સંબંધ છે). લાખ ઉત્પન્ન થઈ પીપળામાંથી, પીપરમાંથી લાખ થાય છે ને ? એમાંથીને એમાંથી નીકળેલી ચીજ છે પણ એને ખાય જાય છે, પીપરનો ક્ષય કરે છે. 'ગુરુદેવ' તો અહીંનો – 'ભાવનગર'નો દૃષ્ટાંત આપતા. આ 'મોતીબાગ' પાસે એટલી બધી પીપર હતી ઈ એકેય નથી દેખાતી. લાખ થતી હતી (એટલે) બધી ખવાઈ ગઈ. એમ રાગ થાય છે જીવની પર્યાયમાં પણ એના સ્વભાવનો ક્ષય કરનાર છે, ઘાતક પરિબળ છે. એના વિશ્વાસથી, એના આધારથી સ્વતત્ત્વનો – જ્ઞાનતત્ત્વનો નિશ્ચય થાય છે ત્યાં સુધી એ નિશ્ચય પુરુષાર્થનો ઉત્પાદક નથી થઈ શકતો.

પુરુષાર્થને ઉત્પન્ન થવા અર્થે સમજણને – જ્ઞાનને જ્ઞાનનો આધાર લેવો પડે છે. એક સમયના રાગને ગૌણ કરીને, રાગની આડશમાંથી ખસી જઈને એકલા જ્ઞાનને જુદું પાડીને એના આધારે જ્ઞાન પોતે પોતાના સ્વભાવને સમજે, નિશ્ચય કરે તો ફડાક કરતો એમાંથી પુરુષાર્થનો એક નવો ફણગો ફૂટે છે. એને શાસ્ત્રની અંદર 'ચૈતન્યવીર્યની સ્ફુરણા' કહી છે.

જેમ જ્ઞાન જ્ઞાનનો અભેદ અનુભવ કરે તો એક નવો ફણગો – આનંદનો ફુવારો ફૂટે છે ! આ એક આત્માનું વસ્તુવિજ્ઞાન છે કે, એ બીજાં બીજાં ગુણના નવા નવા ધડાકા – (કરે એવું) સ્ફોટક તત્ત્વ છે ! શક્તિ બહુ છે ને ! એટલે એની અંદર સીધો નવો ધડાકો થાય. જ્યાં જ્ઞાનના આધારે જ્ઞાન નિશ્ચય કરે તો પુરુષાર્થની ધારા અંદરથી છૂટે. જ્યાં એ પુરુષાર્થથી વિકલ્પને તોડી નાખે, નિર્વિકલ્પ તત્ત્વનું એટલું જોર આવે, એટલું જોર આવે... કારણ કે નિશ્ચય થાય છે નિર્વિકલ્પ તત્ત્વનો, તો અંદરથી આનંદનો ફુવારો ફૂટી જાય. એને તો આનંદનો વિકલ્પ પણ નથી. એને તો આ જ છું... આ જ છું... આ જ છું... આવો જ છું... આવો જ છું... આવો જ છું... એમ જોર કરતાં કરતાં પરિણામ અંતર્મુખ થઈ જાય છે ત્યાં આનંદ પ્રગટે છે !! એ એક આનંદના અનુભવનું નવું રસાયણ, નવી શક્તિ પરિણામની અંદર ઉત્પન્ન થાય છે. એ પરિપૂર્ણ મોક્ષદશાને સાધ્યા વિના પછી એ સ્થિતિ રહેતી નથી.

એ રીતે **'થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો.'** પડ્યો અને અનંતકાળ પર્યંત રખડ્યો. **'આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંત વાર અટક્યો.'** છે. ભૂતકાળમાં અનંત કાળ પરિભ્રમણમાં કાઢ્યો, દુઃખમાં પસાર કર્યો એમાં પ્રગટ સત્‌ની નજીક આવવા છતાં પણ અનંત વાર અટક્યો છે. એ અટકવાના પ્રકાર દર્શાવવાનું તાત્પર્ય એટલું છે કે, ફરીને આ ભૂલ જીવ કરે નહિ. એટલી વાત છે.

એટલો નિશ્ચય કરે કે, આ કામ કરવું જ છે અને આનેથી જ લાભ છે, એ તો ૪૬મા

બોલમાં વર્તમાન પાત્રમાં લીધું ને ? કે, આ કરવું છે અને આથી જ લાભ છે (એમ નક્કી કરે) તો (જીવ) એ કામ પાછળ લાગે છે અને નહિતર એ ઉપેક્ષિત થઈ જાય છે. બીજાં બીજાં કામનું મહત્ત્વ ઘટતું નથી અને વિશ્વાસ એના ઉપર છે એટલે એનું મહત્ત્વ છે અને વાત સાંભળીને એક કોર પડી રહે છે. સાંભળેલી વાત એક કોર પડી રહે છે અને જીવ પોતાના ઔદયિકભાવોમાં પોતાનું જીવન અને આયુષ્ય પૂરું કરી નાખે છે, સમય પસાર કરી નાખે છે. એ રીતે અનંત વાર અટક્યો.

**'પુણ્યોદયે આ દેહ પામ્યો,...'** આ મનુષ્યદશાનો (દેહ પામ્યો) - સ્થિતિ પામ્યો. આ દેહ એટલે દેહથી કામ નથી પણ મનુષ્યને યોગ્ય યોગ્યતા છે એ મનુષ્યદેહથી સમજાવવામાં આવે છે. આ મધ્યસ્થ દશા છે, બીજી ગતિની અપેક્ષાએ. નારકીમાં દ્વેષનો એટલો બધો આવેગ છે કે આત્મવિચાર થવો લગભગ અસંભવિત છે. દેવલોકમાં રાગનો વેગ એટલો બધો છે કે ત્યાં પણ, જેમ અહીંના શ્રીમંતોને લગભગ સૂઝતું નથી, એથી તો દેવલોકની તો બહુ મોટી પુણ્યની દશા છે એટલે ત્યાં રાગના વેગમાં પરિણતિ એટલી બધી હોય છે કે ત્યાં એને આ વિચાર આવવો મુશ્કેલ છે. અહીંયાં પુણ્યોદયે આ દેહ છે (એટલે) એ પ્રકારનો પુણ્યોદય. પુણ્યોદયનો અર્થ એ છે – એ પ્રકારનો પુણ્યોદય છે કે, વિચારદશા કાંઈક ઠીક છે.

**'આ દેહ પામ્યો, આ દશા પામ્યો,...'** અને એ ઉપરાંત **'આવા સત્પુરુષ મળ્યા;...'** તીર્થંકર દ્રવ્ય ! સર્વોત્કૃષ્ટ પ્રવક્તા !! મોક્ષમાર્ગના પ્રવક્તા ધર્માત્માઓ હોય છે પણ તીર્થંકર અને ગણધરની એમાં વિષયને કહેવાની, કથન કરવાની વિશેષતા એ દ્રવ્યમાં વધારે હોય છે. કેમકે એ શાસનના ચલાવનારા જીવો છે. બહારમાં ઉપદેશ – ઉપદેશરૂપ શાસન ચલાવવામાં નિમિત્ત થાય તો એવી યોગ્યતા, એવું પુણ્ય, એવા પ્રકાર લઈને એ આવે છે. આપણે બધાએ અનુભવ કર્યો છે, પ્રત્યક્ષ અનુભવ કરેલો છે. એટલે વિશેષ સમજાવવાની જરૂર નથી. પણ જે સાંભળ્યું છે એ હજી ભવાંતર થતાં ભૂલાઈ જશે, આને આ ભવમાં હજી જ્યાં વિસ્મૃત થયું નથી ત્યાં એનો લાભ લઈ લેવાની તક છે.

મુમુક્ષુ :– અહીંથી સાંભળીને બહાર નીકળીએ છીએ ત્યાં ભૂલાઈ જાય છે ત્યાં બીજા ભવની ક્યાં વાત કરવી !

પૂજ્ય ભાઈશ્રી :– છતાં પણ જ્યારે એવું થાય છે ત્યારે તો ઘણી પાંગળી દશા છે. જરા વધારે કાળજી, વધારે દરકાર, વધારે સાવધાની કર્તવ્ય છે.

મુમુક્ષુ :– ગણધર અને તીર્થંકર જ આ પ્રસિદ્ધ કરે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, કુદરતી સાથે જ હોય છે. મોટાભાગે એવા જીવોનો લગભગ ભવભવાંતરમાં સંયોગ હોય છે. એટલે કુદરતી અહીંયાં પણ સાથે છે. મુમુક્ષુને વિશેષ ઉપકારી

થાય એ વિષય વધારે બહાર આવેલો છે. ઉપલબ્ધ જૈનદર્શનના સાહિત્યને તપાસો તો Challenge મારી શકાય એવું છે કે આટલી સ્પષ્ટતા નથી. આચાર્યોના શાસ્ત્રો છે પણ એ વખતે આટલી સ્પષ્ટતા કરવાની જરૂર નહોતી એટલે સૂત્રોમાં કહી ગયા – 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग:' એમાંથી જીવો સમજી જતાં. એટલે એટલે હદ સુધી જવું જ નહોતું પડતું. મંદિરમાં ક્યારે બોર્ડ લગાવવું પડે કે, અહીંયાં ધૂમ્રપાન કરશો નહિ ? કે, કોઈ એવી ભૂલ કરી બેસે ત્યારે, નહિતર તો આવશ્યકતા નથી. એમ જીવોની વિપરીતતા અને ભૂલો વધતી ગઈ પણ શાસન ચાલવાનું હોય છે ત્યાં એવી અનેક પ્રકારની ભૂલો મટે એ પ્રકારનો ઉપદેશ અને એ પ્રકારનું સ્પષ્ટીકરણ આપનારા સાધક અને ધર્માત્માઓની પણ ઉપસ્થિતિ હોય છે. જો શાસન ચાલવાનું હોય છે (તો) અને એ વાત વધારે સ્પષ્ટ થાય છે. એ જીવોની સ્થિતિને પણ બતાવે છે કે, ઘણી હીન યોગ્યતાવાળા જીવોને કારણે વધારે સ્પષ્ટતા કરવી પડી છે નહિતર જરૂર ન પડે. બન્ને વાત સામેસામી વિચારી લેવી. માત્ર સ્પષ્ટતા ઘણી થઈ છે એનો જ હર્ષ કરવાને બદલે બન્ને વાત વિચારવી જોઈએ.

અહીંયાં એ ભલામણ કરે છે કે, **'પુણ્યોદયે આ દેહ પામ્યો,...'** ફરી ફરીને મળે એવી ચીજ નથી, તક મળે એવી ચીજ તો નથી. **'આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા;...'** પૂજ્ય 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં આ બધું વાંચન થયેલું એટલે સામે રાખીને વાત (કરે) છે કે, જો તને અત્યારે આ સત્પુરુષ મળ્યા છે, એમ. **'હવે જો પુરુષાર્થ નહિ કરે...'** વળી તને સમજાય છે, તું અહીં સુધી સાંભળવા આવ્યો છે, હા પાડે છે એટલે તને સમજાય છે, એટલે ત્યાં સુધી માન્ય રાખે છે. હવે પુરુષાર્થ કર એમ કહે છે. સમજાય છે તો પુરુષાર્થની ગતિ પરિણામમાં આવે તો તારું કાર્ય સહજમાત્રમાં થાય એવું છે અને નહિતર અનંત વાર અટક્યો છે, એ દશા ફરી ફરીને ન થાય એ તકેદારી રાખવા જેવી વાત છે.

**'આવા સત્પુરુષ મળ્યા; હવે જો પુરુષાર્થ નહિ કરે...'** જો આ ભવમાં તું પુરુષાર્થ નહિ કર **'તો ક્યા ભવે કરશે ?'** આ સીધો પ્રશ્ન કર્યો છે. અહીંયાં પાંચ ઇન્દ્રિય સાબૂત છે, બીજી મોટી કોઈ નારક, તિર્યંચ ગતિ જેવી ઉપાધિ કે અટકી જવું પડે એવી સ્થિતિ નથી. 'સબ અવસર આ ચુકા હૈ' એના જેવું છે. **'હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ?'** એટલે કે અત્યારે નહિ કર તો ભવિષ્યમાં અનંત ભવ નહિ કર એવું લાગે છે. માટે તું પુરુષાર્થ કર. **'હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર;...'** પુરુષાર્થની પ્રેરણા છે. આટલું માર્ગદર્શન આપ્યા પછી પણ એમાં પુરુષાર્થની ઘણી પ્રેરણા છે. **'આવી જોગવાઈ...'** જુઓ ! કેવી ભાષા લીધી છે ! **'આવી જોગવાઈ...'** ! જાણે 'સબ અવસર આ ચુકા હૈ' !

**'આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા...'** આવા તીર્થંકરદ્રવ્ય જેવા સત્પુરુષ **'ફરીફરી નહિ મળે.'** તેં મળ્યા છતાં પુરુષાર્થ ન કર્યો એનો અર્થ જ એ છે કે તેં મળેલી વાતની ઉપેક્ષા કરી છે, અવગણના કરી છે અથવા એ શ્રીગુરુની આજ્ઞા છે એ આજ્ઞા પાલન કરવાનો તારો ભાવ નથી થતો. તને બીજું એટલું રુચે છે, બીજા ઉદયભાવોમાં એટલો આદર છે, એટલી અધિકતા છે કે આજ્ઞાનું ઉલ્લંઘન થાય તો તને વાંધો નથી. માટે ગમે તેમ કરીને પુરુષાર્થનો ઉપાડ થવો જોઈએ એ વાત ઉપર એણે બહુ જોરથી આવવું જોઈએ.

મુમુક્ષુ :- આજ્ઞાનું પાલન તો કરવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરવું છે... કરવું છે... પણ કરે નહિ અને કરવું છે... કરવું છે... કીધાં કરે. મીઠાઈ સામું જોઈને મીઠાઈના વખાણ કર્યા કરે, ખાવા જેવી છે, હોં ! ખાવા જેવી છે ! પણ જ્યાં સુધી ખાય નહિ ત્યાં સુધી પેટ ભરાતું નથી. એના જેવી વાત છે. કરવા જેવું છે તો વાર શી ? એમ કહે છે.

પ્રશ્ન :- ક્યાં અટકે છે ક્યાં ?

સમાધાન :- તપાસે તો તરત ખબર પડે કે પરિણામ ક્યાં જાય છે. બીજો તો અટકતો નથી, પોતે અટકે છે. તપાસે તો ખબર પડે કે શું રુચે છે ? મીઠાઈનું બટકું જીભ ઉપર મૂકે છે (ત્યારે) એને ઠીક લાગે છે. વિચારે કે અહીં મને જ્ઞાન થયું કે ખવાણું ? જ્ઞાન ખાય ? જ્ઞાન ખાય શું ? જ્ઞાન ગળ્યો, ખારો, ખાટો રસ લ્યે કે જ્ઞાન જ્ઞાનરસ લ્યે ? જ્ઞાન જ્ઞાનના રસને વેદે કે જ્ઞાન પુદ્ગલના રસને વેદે ? બસ ! તપાસે તો તરત સમજાય એવું છે. તપાસણીનો વિષય એવો છે કે જેમ જેમ તપાસે એમ ઉપયોગ સૂક્ષ્મ થાય છે. જેમ જેમ તપાસવાની Practice થાય એટલો ઉપયોગ વધારે સૂક્ષ્મ થાય છે અને દોષને મટાડવાના હેતુથી, દોષ ટાળવાના દૃષ્ટિકોણથી એ દોષને તપાસે તો દોષનો રસ તૂટે છે. એ રીતે મંદ થાય છે. દોષમાં જે રસથી દોષ થાય છે એનો રસ તૂટે છે. કષાયરસ તૂટે છે તો દર્શનમોહ છે એના ઉપર ઘા પડે છે. જ્ઞાન નિર્મળ થાય છે અને પોતાના સ્વભાવનો નિશ્ચય કરવાને યોગ્યતાવાળું થાય છે, ક્ષમતાવાળું થાય છે. જ્ઞાન ત્યાં પોતાનું સ્વરૂપ નિશ્ચિત કરી શકે છે.

પ્રશ્ન :- મીઠાઈ ખાતી વખતે મીઠાઈ જણાય છે કે ખાય છે ?

સમાધાન :- શું થાય છે એ તપાસવા રહે તો એનો રસ તૂટી જાય એવું છે. આંખ્યું મીંચીને રસ લ્યે છે ત્યાં તપાસી નથી શકતો. જ્યાં તપાસવા જાય તો રસ તૂટી જાય. જે રસ લેવાનો પ્રકાર છે એ ખલાસ થઈ જાય. બસ ! એક વાર એ રસ તોડે. રસ જ બંધતત્ત્વ છે. રાગરસ છે એ બંધતત્ત્વ છે. નવ તત્ત્વમાં બંધતત્ત્વ જે છે એ રાગરસ જ છે.

**'આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા...'** મૂળ આત્મસ્વરૂપ બતાવનારા

**'સત્પુરુષ ફરીફરી નહિ મળે.'** ફરી ફરીને નહિ મળે એનું કારણ કે, એ કુદરતની પરિસ્થિતિ છે, કુદરતની વ્યવસ્થા છે કે, જીવને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ મળવા છતાં એની આજ્ઞાનું ઉલ્લંઘન થાય, એના ઉપદેશનું ઉલ્લંઘન થાય, કડક ભાષામાં કહીએ તો આજ્ઞા ઉપર પગ દઈને ચાલે (તો) ફરીફરીને એને એ કહેનારા સત્પુરુષનો સંજોગ થતો નથી, યોગ થતો નથી અને બાકી તો દુઃખના ડુંગરા ઊભાં છે. એ પરિસ્થિતિ અનિવાર્ય છે.

૬૦મો બોલ (પૂરો થયો).

**જેને ખરેખરો તાપ લાગ્યો હોય, જે સંસારથી કંટાળેલ હોય, તેની આ વાત છે. વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે જ નહિ. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેને જેની રુચિ–રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે; 'રુચિ અનુયાયી વીર્ય'. જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.**

**૬૧.**

૬૧ (બોલમાં) મુમુક્ષુની કેવી ભૂમિકા હોય તો એને સ્વકાર્ય નિષ્પન્ન થાય – ઉત્પન્ન થાય એના કેટલાક ભાવો અને કેટલાક પડખાંનો વિષય સ્પષ્ટ કર્યો છે. **'જેને ખરેખરો તાપ લાગ્યો હોય,...'** નિરાંત કરીને બેઠો હોય એની વાત નથી. ખાઈ-પીને મજા કરીએ છીએ, કાંઈ લાંબી

ઉપાધિ નથી, કુદરતી જીવન-જરૂરિયાતની ચીજોમાં બધી વ્યવસ્થા થઈ ચૂકી છે, હવે વાંધો આવે એવું નથી – એમ નથી લીધું. અંદરમાં ઉકળાટ થઈ ગયો હોય કે, આ મનુષ્યભવ થયો એમાં આટલું આયુષ્ય વ્યતીત થઈ ગયું અને હજી માર્ગ મળ્યો નથી એનો એને ખેદ હોય અને ચાલતી દશામાં પણ એને જે ઉપાધિકભાવો અને ઉદયિકભાવોમાં સહજપણે પ્રવર્તાય છે અને એ દુઃખભાવમાં દુઃખ લાગતું નથી, દુઃખભાવ હોવા છતાં – ઉપાધિકભાવો દુઃખભાવ હોવા છતાં એમાં દુઃખ લાગતું નથી તો કઈ રીતે આગળ ચલાશે ? એ તો એમાંને એમાં રહેવાનું થાશે. ત્યાંથી છૂટવાનો પ્રશ્ન જ નથી.

તે જીવ છૂટે છે અથવા સ્વકાર્ય કરે છે કે **'જેને ખરેખરો તાપ લાગ્યો હોય,...'** અથવા **'જે સંસારથી કંટાળેલ હોય,...'** સંસારથી એટલે બૈરાં-છોકરાથી કંટાળી ગયો એમ નથી લેવું. પણ ઉદયભાવોના વિકલ્પમાં એને દુઃખ લાગે એની વાત છે. સંયોગો ઉપર દ્વેષ કરવાનો અહીંયાં પ્રકાર નથી પણ પોતાના સંયોગો પ્રતિ જે ચાલતા પરિણામ છે એમાં દુઃખ – આકુળતા છે એનો થાક અને એનું દુઃખ જો એને વેદાય તો ખસે અને એ દુઃખ હોવા છતાં એમાં સુખ વેદાય તો ત્યાંથી નીકળવું મુશ્કેલ છે.

જીવ ફસાય છે માનેલી અનુકૂળતામાં. પ્રતિકૂળતામાં તો કાંઈક એને વિચાર કરવાની જગ્યા થાય છે કે આમ કેમ થયું ? આમ કેમ થયું ? તો એમ લાગે કે, ના, ના સ્વતંત્ર થાય છે, મારી ઇચ્છા પ્રમાણે નથી થતું પણ સ્વતંત્ર થાય છે પણ અનુકૂળતામાં ફસાય છે કે, ઠીક છે ! આપણે આમ જ જોઈતું હતું, આમ જ કરવું હતું, આમ જ થઈ ગયું, આ ઠીક છે... આ ઠીક છે... ઠીક છેમાં એને ઠીકપણામાં એવો રસ પડી જાય છે કે ત્યાંથી દિશા બદલીને અંતર્મુખ થવું – સ્વસન્મુખ થવું ત્યાંથી દૂર થઈ જવાય છે અથવા જીવના પરિણામમાં ઘણી અશક્તિ ઉત્પન્ન થાય છે કે સ્વસન્મુખ થવાની શક્તિમાં આવતા એને તકલીફ પડે.

હમણાં તમે પ્રશ્ન ઉઠાવ્યો કે, કરવું છે ઘણું પણ થતું નથી. તો એનો અર્થ એ છે કે કરવું છે પણ કરવાની શક્તિ નથી. કરવું છે અને કરવાની શક્તિ નથી એનો અર્થ કે, કરવાની શક્તિમાં આવવા માટે જે (પરિણામમાં પરિસ્થિતિ હોવી જોઈએ એ રહી નથી). (કેમકે એણે) ઘણો રસ લીધો છે. જેટલો પરભાવોમાં રસ લીધો છે એટલી અશક્તિ એણે વધારી છે અને એ અશક્તિ વધારેલી સ્થિતિમાં પછી વિચાર કરે કે મારે મારું કામ કરવું છે, પણ શક્તિ વગર કેવી રીતે કામ કરશે ? અશક્તિ ઘણી થઈ ગઈ છે, આવી ગઈ છે. એ પરિસ્થિતિમાં એની ઇચ્છા છે એ નિરર્થક જાય છે. છતાં એક લક્ષ અને એક ધ્યેયથી ઉપાડ કરે તો એ બધાં ભૂતકાળમાં કરેલા ઊંધા પરિણામને તોડતા વાર લાગતી નથી. જીવમાં એવી અનંત શક્તિ છે કે એ શક્તિનો સળવળાટ થાયને ત્યાં બધા દુશ્મન ભાગવા મંડે ! જેમ માણસ ઊંઘતો

હોય તો એના ઉપર અનેક મચ્છર આવીને ચટકા ભરે, માકડ આવીને ચટકા ભરે, બીજા જીવડાં પણ આવીને ચટકા ભરે, પણ એ બધાંમાં શું શક્તિ છે ? માણસ પાસે એની શું શક્તિ છે ? પણ એ તો ત્યાં સુધી ઉપર આવીને બેસે છે કે જ્યાં સુધી ઊંઘે છે ત્યાં સુધી. એક સળવળે ને ત્યાં પેલા ઊડી જાય, ભાગવા માંડે એવું છે. એમ જીવને અંદરથી સળવળાટ આવે કે મારું કામ કર્યે છૂટકો છે, કરવું જ છે, આ ભવમાં અને અત્યારે જ કરવું છે. ત્યાં પેલા બધાની કોઈ શક્તિ નથી, પછી એની કોઈ શક્તિ નથી.

આ પણ તપાસ માગે એવો વિષય છે કે, વર્તમાન સાંસારિક પરિસ્થિતિમાં ચાલતા ભાવોમાં દુઃખ લાગે છે કે નહિ ? **'તેની આ વાત છે,'** તેને માટે છે, બીજાને માટે આ વાત નથી. જેને ઠીક છે, જેને સંતોષ છે એને માટે આ વાત નથી. એને આ વાત લાગુ પડશે નહિ, આ વાતમાં એનો પ્રવેશ થશે નહિ કે આ વાતમાં – આ વિષયમાં એનો વિકાસ એ સાધી શકશે નહિ, જ્યાં સુધી એને દુઃખ નહિ લાગે ત્યાં સુધી.

એ પણ પ્રશ્ન થવા યોગ્ય છે કે, દુઃખ નથી લાગતું તો પછી દુઃખ કાંઈ પરાણે તો લગાડી શકાય નહિ. સારું લાગતું હોય એને દુઃખ કેમ માને ? ગરમી (પડતી હોય) એમાં ઠંડી હવા ઠીક લાગે, ઠંડી હતી એમાં ગરમપણું ઠીક લાગતું હતું તો કૃત્રિમતાથી તો એને કાંઈ દુઃખ માની શકાય એવું નથી. દુઃખ નથી લાગતું તો દુઃખ લગાડવું એ તો કેમ કૃત્રિમતાથી બને ? પણ સહજપણે એ દુઃખ લાગે કેવી રીતે ? આ પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે. પણ એ પણ વિષય એવો છે કે જેમ જેમ પોતાના ચાલતા ભાવોને તપાસે છે ત્યારે જ એને ખબર પડે છે કે અંદર દુઃખ શું છે ? જ્યાં સુધી સુખની માન્યતાપૂર્વક સુખના રસે દોડ્યો જાય છે ત્યાં સુધી તો એમાં દુઃખ લાગવાનું નથી. પણ આવી વાત સાંભળીને કાંઈક અંદરમાં તપાસ કરે તો વાત એને થોડી સમજાવા લાગે છે કે, ખરેખર દુઃખ છે.

એ વિષય ઉપર થોડું લઈશું.

## તા. ૧૮-૦૩-૧૯૮૭, વચનામૃત-૬૧, ૬૨
## પ્રવચન નં. ૫૪

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું-૨૧, બોલ-૬૧ ચાલે છે. મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરનાર પ્રાપ્ત દશા થયા પહેલાં કેવી સ્થિતિમાં હોય છે, એની પૂર્વ ભૂમિકા કેવી હોય છે તેનાં એક પડખાંની વાત છે. એક પાસું અહીંયાં રજુ કર્યું છે. પૂર્વ ભૂમિકાના અનેક પડખાં છે એમાં ખાસ મહત્ત્વની વાત છે કે, કોને માર્ગ મળે છે ? કે, જેને ખરેખરો તાપ લાગ્યો હોય, સંસારથી કંટાળ્યો હોય એવા જીવને માર્ગ મળે છે એની આ વાત છે. સંસારથી કંટાળ્યો હોય એટલે સંસાર ઉપર દ્વેષ આવ્યો હોય એમ અહીંયાં કહેવા માંગતા નથી. વર્તમાન દશામાં દુઃખ લાગવું એ અહીંયાં દ્વેષના વિષયનો પ્રકાર નથી. સામાન્ય રીતે દ્વેષભાવમાં તીવ્ર આકુળતા થવાથી દુઃખ લાગે છે. એ દ્વેષભાવરૂપ દુઃખની અહીંયાં વાત નથી. અહીંયાં તો રાગમાં પણ દુઃખ લાગે એની વાત છે. રાગ અને દ્વેષ જે પરસ્પર વિરુદ્ધ ભાવવાળા બે પ્રકારના પરિણામ છે. દ્વેષમાં પ્રસિદ્ધપણે દુઃખ લાગે છે પણ અહીંયાં એ વાત નથી કરવી. અહીંયાં તો રાગમાં પણ દુઃખ લાગે છે એવા જીવની વાત છે. જે યોગ્યતાનો અહીંયાં નિર્દેશ છે એ વાત સહજપણે હળુકર્મી જીવ ચાલતા વિભાવથી દુઃખી હોય, ચાલતા વિભાવમાં રહેલી આકુળતાથી એને દુઃખ લાગતું હોય, જે સ્વભાવ-સ્વાભાવિક નિરાકુળતાના અભાવવાળા પરિણામો થઈ રહ્યાં છે એમાં જેને કોઈ એવી જ યોગ્યતા છે કે દુઃખ લાગે છે. એ દુઃખથી ખસવાના માર્ગને શોધી લ્યે છે. જેને દુઃખ લાગે અને દુઃખ ટાળવાનો ઉપાય ન કરે એવો જીવનો સ્વભાવ જ નથી, બનતું નથી. જેને દુઃખ લાગે એ દુઃખથી છૂટવાનો ઉપાય કર્યા વિના રહી શકે નહિ. એ જીવનો સ્વભાવગત વિષય છે.

અહીંયાં એવા જીવની વાત લીધી છે કે, જેને સહેજે ચાલતા પરિણમનમાં જે રાગાદિ

ભાવો છે એમાં જે ઉપાધિકપણું છે, વિભાવનું જે ઉપાધિકપણું છે, એમાં રહેલી જે આકુળતા છે એ આકુળતાથી ઘણો કંટાળો આવતો હોય. જે અનર્પિત વાત છે – ગર્ભિત વાત છે એ વાત તો આત્મભાવનાની છે કે, જેને આત્મસ્વરૂપની અત્યંત ભાવના છે, અપૂર્વ ભાવના છે, ઘણી ભાવના છે તેની આ સ્થિતિ હોય છે. સ્વરૂપપ્રાપ્તિની ભાવનાવાળાને ચાલતા રાગાદિ વિભાવ ભાવોની અંદર ઉપાધિનો કંટાળો, ઉપાધિથી થાક અને ઉપાધિનું દુઃખ લાગે છે.

સ્વરૂપપ્રાપ્તિની ભાવનાના અભાવમાં એ પ્રકારની સ્થિતિ થતી નથી. તેથી એ વાત વિચારવા યોગ્ય થઈ જાય છે કે, જો ચાલતા રાગાદિ પરિણામમાં દુઃખ લાગતું નથી તો માર્ગ મળવાની પરિસ્થિતિ નજીકમાં નથી. સમયથી અને ભાવથી નજીકતા નથી. તો એ સ્થિતિમાં એ પણ સમજી શકાય એવી વાત થઈ કે, સ્વરૂપપ્રાપ્તિની ભાવનાનો અભાવ છે. જો સ્વરૂપપ્રાપ્તિની બરાબર ભાવના હોય, સાચી ભાવના હોય, ખરી ભાવના હોય, અંતરથી ભાવના હોય તો એને ચાલતા પરિણામમાં દુઃખ લાગ્યા વિના રહે નહિ. દુઃખ છે તેથી દુઃખ લાગ્યા વિના રહે નહિ. એ ભાવનાના અભાવને પ્રદર્શિત કરતી સ્થિતિ છે.

બીજું, એ સ્થિતિ એ પણ દર્શાવે છે કે આ જીવને રાગનો અને રાગના વિષયભૂત પદાર્થનો એટલો રસ છે કે, કે જેને લઈને એને વર્તમાનમાં ઔપાધિકભાવોમાં દુઃખ હોવા છતાં રસને વશ દુઃખ લાગતું નથી. રાગના રસને વશ અને રાગના વિષયભૂત પદાર્થ પ્રત્યેના આવેગને વશ, એ પણ રસ જ છે, દુઃખ હોવા છતાં દુઃખ લાગતું નથી. જ્ઞાન તો તેને કહીએ કે જે જેમ હોય તે તેમને તેમ જાણે. લાલને લાલ જાણે, સફેદને સફેદ જાણે, કાળાને કાળું જાણે, ધોળાને ધોળું જાણે, દુઃખને દુઃખ જાણે અને સુખને સુખ જાણે. દુઃખ હોય અને તે પણ પોતાની જ અવસ્થામાં હોય અને એને એ દુઃખ ન જણાય તો એ ઘણી ઊલટી સ્થિતિ છે, અજ્ઞાન તો છે પણ ઊલટી સ્થિતિ છે. છૂટવું થોડું મુશ્કેલ પડે એવી સ્થિતિ છે.

અહીંયાં તો હળવાશમાં આવી ગયો છે એવા જીવની વાત લઈ લીધી છે. સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં – અત્યંત ભાવનામાં વર્તે છે અને તેથી જેનું પૂર્વ ભૂમિકાનું – સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકાનું જ્ઞાન કાંઈક ચોખ્ખું થયું છે – સ્વચ્છ થયું છે કે એને ચાલતા દુઃખભાવોમાં ઉપાધિકભાવોમાં દુઃખ લાગે છે. એ પરિસ્થિતિ લંબાય છે તો ઘણો થાક અને કંટાળો લાગે છે અને ત્રાસજનક પરિસ્થિતિ એને લાગે છે એટલે ત્યાંથી છૂટવાના પ્રયત્નમાં સહજ પ્રયત્નવાન થાય છે – પુરુષાર્થવાન થાય છે અને તે અવશ્ય છૂટે જ છૂટે છે, ન છૂટે એવો એક અપવાદ માત્ર પણ Case નથી. એમાં ત્રણે કાળને વિષે અપવાદ પણ નથી. એ તો એ સ્થિતિમાં આવેલા જીવની વાત કરી. પણ એ સ્થિતિમાં ન આવ્યા હોય એને એ સ્થિતિમાં આવવા અર્થે બુદ્ધિગમ્ય – બુદ્ધિપૂર્વકનો પ્રયત્ન કેવા પ્રકારે કરવો ઘટે એ વાત એથી નીચેની ભૂમિકાવાળાને વિચારવા યોગ્ય છે. એ

સ્થિતિમાં આવી ગયા એને તો સહજ ત્યાંથી ખસીને આત્મામાં આવવાનું કાંઈને કાંઈ બનવાનું જ છે એની અહીંયાં 'જ' શબ્દ વાપરીને ખાત્રી આપી છે કે **'માર્ગ મળ્યા વિના રહે જ નહિ.'** એની ભવિતવ્યતા પાકી હશે તો માર્ગ મળશે, નહિ પાકી હોય તો કદાચ નહિ મળે એવી પણ ઢીલી-પોચી વાત અહીંયાં કરી નથી. સ્વાનુભવથી સિદ્ધ થયેલી નક્કી વાત કરી છે. કુદરત બંધાયેલી છે અને સ્વાનુભવથી સિદ્ધ થયેલી વાત છે. પોતાના સ્વાનુભવથી પણ એ સિદ્ધ થયેલી વાત છે. એવું નથી કે સંસારની પ્રતિકૂળતાઓને કારણે અહીંયાં દુઃખ લાગી રહ્યું છે, સંસારથી ત્રાસ થયો છે એ વાત પણ નથી. કેમકે એ તો દ્વેષગર્ભિત દુઃખ છે. અહીંયાં દ્વેષના દુઃખનો વિષય જ નથી. અહીંયાં રાગમાં રહેલાં દુઃખનો વિષય છે, દ્વેષથી થયેલા દુઃખનો વિષય – પ્રકરણ જ અહીંયાં નથી.

પ્રશ્ન :– નીચેની ભૂમિકાવાળા માટે શું વાત છે ?

સમાધાન :– નીચેની ભૂમિકાવાળાએ એક તો એને સ્વરૂપપ્રાપ્તિની ભાવના અંતરથી ઉત્પન્ન થવી ઘટે અને એ ભાવના નથી તો એને પુદ્ગલની ભાવના છે. આત્માની ભાવના નથી તો એને સંયોગની ભાવના છે, અનાત્માની ભાવના છે અને એ ગંભીર નુકસાનનો વિષય છે. એ એને સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકાની નજીક પણ નહિ આવવા દ્યે એવો વિષય છે એમ સમજીને એ વિષય ઉપરના રસને એણે સમજણથી તોડવો ઘટે છે.

આમ તો જે લાઈન શરૂ થાય છે એ તો એવા પ્રકારે થાય છે કે, સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવેલો જીવ ભેદજ્ઞાન કરે છે અને એ ભેદજ્ઞાનની પ્રવૃત્તિમાં પડે છે ત્યારે એને જ્ઞાન અને રાગ વચ્ચેના ભેદજ્ઞાનમાં જ્ઞાન આકુળતા અને કષાયરહિત હોવાથી સુખરૂપ છે એમ જેને ભાસે છે અને એની સાથે અંદરમાં મીંઢવણી કરતાં રાગ કે જે કષાયયુક્ત (અને) આકુળતારૂપ છે એ એને ભાસે છે. એમ જ્ઞાન અને રાગના ભેદજ્ઞાનના કાળમાં એને રાગમાં આકુળતા ભાસે છે, રાગમાં દુઃખ ભાસે છે, વિકલ્પમાં દુઃખ ભાસે છે અને ત્યાંથી ખસીને જ્ઞાનમાં આવવાનો એનો પ્રયત્ન થાય છે. એટલે એને માર્ગ મળી જાય છે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્વાનુભવની પ્રાપ્તિ થઈ જાય છે એમ ખરેખર તો આખી લાઈન છે. પણ એના પણ મૂળમાં તો આ સ્વરૂપપ્રાપ્તિની ભાવના જ રહી, કેમકે ભાવના વિના ભેદજ્ઞાનનો પ્રયત્ન થતો નથી.

દિગંબર સંપ્રદાયમાં તો 'ભેદજ્ઞાન'નો શબ્દ અતિ પ્રચલિત છે. સંપ્રદાયની અંદર ભેદજ્ઞાનનો શબ્દ અજાણ્યો નથી. શ્વેતાંબર કે અન્ય મતમાં – બીજા સંપ્રદાયમાં નથી પણ દિગંબરના શાસ્ત્રોમાં તો 'છ ઢાળા'થી માંડીને બધામાં ભેદજ્ઞાનનો વિષય જ્ઞાની વિદ્વાનો, પંડિતો, જ્ઞાનીઓ, મુનિઓએ એ વાત મૂળ ઉપાયભૂત, ઉત્કૃષ્ટ ઉપાયભૂત હોવાને લીધે ઠામઠામ એ વાત લીધી છે એટલે એ શબ્દ પ્રચલિત છે. એનો ભાવ અને પ્રયોગ અપ્રચલિત છે, પ્રચલિત નથી. શબ્દ પ્રચલિત

છે, એનો ભાવ અને એનો પ્રયોગ શું છે એનાથી પ્રાયઃ લોકો અજાણ છે, સમાજ અજાણ છે. એને અહીંયાં ખોલીને કહે છે. એ ભેદજ્ઞાન કરે, ભેદજ્ઞાનના પ્રયોગમાં આવે, 'સ્વરૂપપ્રાપ્તિની ભાવનાસહિત' ભેદજ્ઞાનની પ્રવૃત્તિ કરે એ એની એક શરત છે. (કેમકે) એ વગર થતું નથી. એને ચાલતા વિભાવભાવમાં દુઃખ, ત્રાસ, થાક અને કંટાળો લાગ્યા વિના રહે નહિ. એમ લેવું છે. એ રીતે બહુ સ્પષ્ટ વિષય છે. એ એનું કારણ છે, દુઃખ લાગતાં દુઃખથી હટવું અને સુખ પ્રત્યે જવાનો સહજ પ્રયાસ થવો એ કારણ છે કે જે નિરાકુળ આત્મશાંતિના, આત્મસુખના પર્યાયને ઉત્પન્ન થવાના કાર્યમાં નિયમથી લાગુ પડે છે. એટલે એમ કહ્યું કે, આવું **'કારણ આપે...'** કારણનો અર્થ એ છે કે આવું **'કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.'** જો આવું કારણ ન આપે અને કાર્ય કોઈને અદ્ધરથી પ્રગટ થાય એવું પણ કોઈ કાળને વિષે ત્રણે કાળમાં બનતું નથી.

સ્વરૂપપ્રાપ્તિની ભાવનાના અભાવમાં જે ભાવો વર્તે છે એમાં જે પુદ્ગલ પ્રાપ્તિની ભાવના છે એના નુકસાનની ગંભીરતા સમજીને, સમજણથી લક્ષમાં લઈને જો સમજણથી, સમજણપૂર્વક એને લક્ષમાં લેવામાં આવે તો એ રસ તૂટ્યા વિના રહે નહિ અને તો એ સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવે. આમ તો સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવેલા જીવની વિચારણા છે એ બહુ દીર્ઘદષ્ટિની વિચારણા છે. એણે એના ભૂતકાળને પણ તપાસી લીધો છે કે, અરે..રે...! હું અનંતકાળથી ભટકતો... ભટકતો... દુઃખી થતો... થતો... થતો... થતો... થતો... વર્તમાનમાં છું પણ પાર વગરના દુઃખ સહન કર્યાં છે અને હજી પણ જો માર્ગમાં ન આવ્યો તો આ પરિસ્થિતિ અનંતકાળ પર્યંતની ઊભી રહેશે. એટલે એ બહુ લાંબો વિચાર છે, લાંબી દૃષ્ટિનો એ વિચાર છે. એટલે એને આ જીવનની અંદર આ એક જ કામ કરવા જેવું છે એ સરવાળા ઉપર – એ Total ઉપર – એ નિષ્કર્ષ ઉપર આત્માર્થી થઈને આવી જાય છે. એ વર્તમાન પાત્ર છે. ૪૬મા બોલમાં એ લઈ લીધું.

જો એને સ્વરૂપપ્રાપ્તિની ભાવના ઉત્પન્ન ન હોય અને ન થતી હોય એવા જીવે પુદ્ગલ પ્રાપ્તિની ભાવનાના કાળમાં થોડી જાગૃતિ રાખીને આત્માને નિંદવો કે, શું છે ? તારે કેટલું રખડવું છે ? એને પૂછવું કે હજી તારે કેટલું રખડવું છે ? શું વિચાર છે ? હજી કેમ થાક લાગતો નથી ? શું આવો નિરાકુળ સુંદર વીતરાગમાર્ગ છે એ હજી તને રુચતો નથી અને ગમતો નથી ? અને હજી તને સંસારમાં હેરાન થવાનો રસ્તો પસંદ પડે છે ? શું થયું છે તને ? કઈ જાતનો આ રોગ લાગુ પડ્યો છે ? એમ એણે એને પોતાને જ અંદરમાં બરાબર પ્રશ્ન કરવો જોઈએ.

પ્રશ્ન :– એટલા માટે નરક, નિગોદના દુઃખને વધારે સ્થાપે છે ?

સમાધાન :- એટલા માટે આવે છે કે, આ બધી તારી કથની છે, ભાઈ ! બીજાની કથની નથી, આ તારી કથા છે અને એ કથા એવી છે કે (અત્યારે) ભૂલ કરી તો પાછી એ વાત ઊભી છે, કુદરત બંધાયેલી છે, એ અનિવાર્ય પરિસ્થિતિ છે – નિવારી શકાય એવી પરિસ્થિતિ નથી. બે હજાર સાગર તો ત્રસનો ઉત્કૃષ્ટ કાળ છે. એ ત્રસમાં પણ બે ઇન્દ્રિયથી માંડીને નરકના દુઃખ તો ત્રસના છે. પછી તો એથી પણ ભયંકર અને ખરાબ સ્થિતિ છે. જે નિગોદની સ્થિતિ છે એ તો સર્વજ્ઞ જાણે અને નિગોદનો જીવ અનુભવ કરે, વાણીનો વિષય નથી.

મુમુક્ષુ :- છતાં અંદર એવોને એવો અખંડ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એની શક્તિ છે અને એ એનું સામર્થ્ય છે. એને ઓળખીને એનો આધાર આવે, એનો આશ્રય આવે તો નિવેડો છે. એટલું બધું માથે વીત્યું છતાં એવોને એવો નક્કોર અખંડ પદ છે એ એની શક્તિની બેહદ વિશિષ્ટતા છે ! એને સંભાળવા માટે, એની સંભાળ કરવા માટે બધી વાતો છે, એને લક્ષમાં લેવા માટે છે. હવે પછીનો બોલ જ એ છે. **'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે,...'** એટલે એનું લક્ષ રાખીને કોઈપણ સાંભળવાનો ઉદય હોય, ચિંતવનના ઉદયનો પ્રકાર હોય, મંથનનો (પ્રકાર) હોય કે જગતના કાર્યોના ઉદયનો પ્રકાર હોય, લક્ષ એક – પ્રવૃત્તિ ગમે તે હો, લક્ષ એક. જેમ ધંધામાં ખરીદવાની કે વેચવાની કે હિસાબકિતાબની કોઈ (પણ) પ્રવૃત્તિ હો (પણ) લક્ષ એક – કમાવું, કમાવું ને કમાવું. લક્ષ ફરતું નથી, પ્રવૃત્તિ બદલાય છે, લક્ષ બદલાતું નથી.

**'કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ.'** વિષય બહુ સ્પષ્ટ કર્યો છે. **'જેને જેની રુચિ–રસ હોય...'** જુઓ ! એ વિષય લીધો છે કે, **'જેને જેની રુચિ-રસ હોય ત્યાં...'** એનો ઉપયોગ ચાલ્યો જાય છે અને ત્યાં ઉપયોગમાં એનો **'સમય ચાલ્યો જાય છે;...'** ખબર પડતી નથી કેટલો સમય નીકળી ગયો. સમય ઉપર ધ્યાન જતું નથી, ઉપયોગ જતો નથી. **'જેને જેની રુચિ–રસ હોય...'** (એ) સુખ વગર નથી. રસ અને રુચિ પાછળ અનાદિનો સુખનો નિર્ણય અને નિશ્ચય પડેલો છે. બુદ્ધિપૂર્વક તો બુદ્ધિ – મન મળે છે ત્યારથી પાછો નવો દૃઢ કરે છે પણ અનાદિનો છે. રાગમાં અને પુદ્ગલ-વિષયની અંદર સુખ છે એ જીવનો અનાદિનો નિશ્ચય છે અને એ નિર્ણય આત્મસ્વરૂપમાં સુખ છે એવા નિર્ણયપૂર્વક નાશ પામે છે અથવા એ નિર્ણયને ઊથલાવે છે, એથી વિરુદ્ધ આત્મસ્વરૂપમાં રહેલાં સુખના નિર્ણયથી. હયાત સુખને – મોજૂદ સુખને, જેનું લક્ષ થઈ જાય છે. જ્ઞાયક એટલે જ્ઞાયક સુખસ્વરૂપ છે, ખાલી નથી. અનંત સુખનું દળ છે. એના નિર્ણયથી ઊંધા નિર્ણયને ઊથલાવી નાખવામાં આવે છે, નાશ કરી દેવામાં આવે છે. ત્યાં સુધી નિર્ણય બદલાતો નથી અને નિર્ણય બદલાતો નથી ત્યાં સુધી ઉપયોગ, રસ અને રુચિ એને અન્ય વિષયમાં ચાલ્યો જાય છે અને જ્યાં એનો રસ અને રુચિ છે એનો પુરુષાર્થ પણ

ત્યાં જ પ્રવર્તે છે. એમાં ઇચ્છા અને વિકલ્પ કાર્યગત થઈ શકે એવું નથી.

જે એમ વિચાર કરે છે કે, અમારી ઇચ્છા તો છે. અમારી ક્યાં ઇચ્છા નથી ? ઇચ્છા તો છે જ માટે તો સ્વાધ્યાય કરીએ છીએ, વાંચીએ છીએ, આ વાત વિચારીએ છીએ, સાંભળીએ છીએ, ઇચ્છા વગર તો (કરીએ નહિ). પણ અહીંયાં એવી ઇચ્છા ઊભી હોય અને રસ ને રુચિ પાછા વિરુદ્ધ વિષયના હોય તો બન્ને વાત તારામાંને તારામાં છે, તું કાં તપાસતો નથી ? આ અમારો સવાલ છે. એને પૂછવામાં આવે છે કે, તને ઇચ્છા છે કે મારે આત્મા પ્રાપ્ત કરવો છે, બીજી બાજુથી તારી રસ અને રુચિ આ બાજુની છે - બે તદ્દન વિરુદ્ધ ભાવો છે તો કયા ભાવનું બળવાનપણું છે, કયા ભાવોનું જોર છે, કયો ભાવ મુખ્યપણે ભાવ ભજવે છે, ભાવ ભજવે છે એને કાં તપાસતો નથી ? અને એમને એમ બફમ્‌માંને બફમ્‌માં ચાલ્યો જાય કે, મારી તો ભાવના છે ને મારી તો ઘણી ઇચ્છા છે. વાંચું છું, વિચારું છું, બધું કરું છું પણ થતું નથી, શું કરીએ ? એવી વાત નથી. તપાસણી નથી.

આ તપાસનો વિષય એવો છે, અવલોકનનો વિષય એવો છે કે, એક તો એને અનાદિની જે પરલક્ષી ધાર્મિક પ્રવૃત્તિ છે એ એ લાઈન બદલાવે છે. પરલક્ષી ભાવે એણે દ્રવ્યલિંગી પર્યંતની પ્રવૃત્તિ કરી પણ એમાં એણે અંદર તપાસ ક્યાંય ન કરી. આ પરિસ્થિતિ છે. અહીં તો કહે છે કે, બહુ શરૂઆતથી, પ્રારંભથી જ અહીંથી જ શરૂઆત કરવી કે, પોતાના ભાવને તપાસતા જવા, અવલોકતા જવા તો તને અંદરને અંદર પરસ્પર શું વિરુદ્ધતા છે એ સમજાશે. ધર્મના નામે અને બહાને જે ધર્મની પ્રવૃત્તિ કરી એ વિપરીત અભિનિવેશ રાખીને કરી, વિપરીત અભિપ્રાય રાખીને કરી, રસ, રુચિ અને પુરુષાર્થ બીજી બાજુ જાય. તો એણે ઇચ્છા ઉપર ઉપરથી કર્યા કરી, ઉપર ઉપરથી ભાવના રાખી, ઉપર ઉપરથી જિજ્ઞાસા રાખી અને પેલું એમને એમ રાખીને આ અલ્પ - થોડું થોડું કર્યા કર્યું. કોઈ રીતે એમાં સફળતા મળવાની પરિસ્થિતિ આવતી નથી.

પ્રશ્ન :- નિર્ણય સાચો કર્યો હોય તો જ રુચિ અને રસ આત્મામાં આવે ?

સમાધાન :- હા, તો એની રુચિ અને પુરુષાર્થની દિશા અંતર્મુખની થાય છે. આખું લક્ષ બદલાઈ જાય છે અને લક્ષ બદલાઈ જાય ત્યાં નીચે (૯૨-બોલમાં) તો લ્યે છે કે, **'સમ્યક્‌સન્મુખતા થાય છે.'** જે જીવ સમ્યક્‌સન્મુખ થયો એને નિયમથી સંસ્કાર પડે છે. સંસ્કારનો વિષય થોડો ચાલ્યો હતો ને ? એને નિયમથી સંસ્કાર પડે છે પણ છતાં એને સંસ્કાર ઉપર વજન જતું નથી. એ એની વિશેષતા છે. સંસ્કાર એને પડે જ પડે અને અલ્પકાળમાં એ સમ્યગ્દર્શનને પામે. કદાચ કોઈનું આયુષ્ય પૂરું થઈ જાય તો બીજા ભવમાં લઈ લ્યે. પણ એને પછી સંસ્કાર ઉપર વજન નથી. જેને સંસ્કાર પડે છે એ સંસ્કારની સામું જોતો નથી. એ તો સન્મુખ થઈને કેમ મારું કાર્ય શીઘ્રપણે કરી લેવું એના પુરુષાર્થની અંદર એ લાગી જાય છે. સંસ્કાર પડ્યા

તો ઠીક છે એ વાત એને હોતી નથી કે એવી રીતે એ ભાવ એને આવતો નથી.

આ તો સર્વસાધારણ અનુભવગોચર વાત છે કે, **'જેને જેની રુચિ--રસ હોય ત્યાં સમય ચાલ્યો જાય છે;...'** અને ત્યાંજ એના પુરુષાર્થને સહજપણે ઢળવાનું વલણ હોય છે. એથી એ સૂત્ર જેવો વિષય થઈ ગયો છે કે, 'રુચિ અનુયાયી વીર્ય' જ્યાં રુચિ ત્યાં પુરુષાર્થ. રુચિ ક્યાંક (હોય) અને પુરુષાર્થ ક્યાંક લગાડવો હોય તો એ ઇચ્છા કામ કરે, સફળ થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :– પુરુષાર્થ કેમ કરવો એનો જવાબ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે (કે), રુચિ બદલવી જોઈએ. રુચિ કેમ બદલાય ? કે, ઊંધી રુચિના નુકસાનનો ખ્યાલ આવે અને સમજણ આવે તો. જે સ્વાધ્યાય અને વિચારણા સમજણની ભૂમિકા છે એ સમજણની ભૂમિકામાં જ્યાં ઊભો છે ત્યાં એને પહેલી આ સમજણ કરવાની છે કે, હું કેટલા નુકસાનમાં ઊભો છું ? જીવનો એવો સ્વભાવ છે કે, લાભ-નુકસાનના વિષયમાં કોઈની શરમ રાખે, શેહશરમ રાખે એવું બનતું નથી. એને દેખાવું જોઈએ કે, આ મને નુકસાન છે (તો ત્યાંથી) ખસી જાય. આ મને લાભ છે (એમ દેખાય) તો કોઈની દરકાર કર્યા વિના એને પકડે. એ બાજુ એના પરિણામ દોડે, વેગથી દોડે – આ નિયમબદ્ધ વાત છે.

**'જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે,...'** પછી જેને જ્ઞાયકની રુચિ થઈ, જ્ઞાયકનો રસ થયો, અનંત સુખના પિંડને જેણે પોતાના જ્ઞાનમાં ભાસ્યમાન કર્યો, લક્ષમાં લીધો એને એનાથી દૂર રહેવું કેમ પાલવે ? એમ કહે છે. પોતામાંને પોતામાં સુખનો ભંડાર જોવે એને એ સુખથી વંચિત રહેવાનું કેમ પોસાય ? એ તો પછી બનતું નથી. તેને જ્ઞાયકનું જ ઘૂંટણ ચાલ્યા કરે છે. વિકલ્પ અને પ્રવૃત્તિ બીજી થાય તોપણ અંદરનું ઘૂંટણ છૂટતું નથી, અંદરનું લક્ષ છૂટતું નથી, એ ઘૂંટાયા જ કરે છે. નિરંતર – આંતરો પડ્યા વિના એ ઘૂંટાય છે. એમ છે.

**'દિવસ-રાત એની પાછળ પડે,...'** એક વાર એની નિદ્રા ઊડી જાય, ઊંઘ ઓછી થઈ જાય. એવા એક મહત્ત્વના કાર્ય પાછળ પોતે લાગે છે અને શીઘ્રપણે એને એ કાર્ય કરી લેવું છે એટલે તમામ વિષયમાંથી એનો રસ ઊડી જાય છે. રુચિ ઊડી જાય છે, રસ ઊડી જાય છે. ખાવું, પીવું ને ઊંઘવું પણ એક વાર રસવિહીન – રસરહિત થઈ જાય છે. આ ભૂમિકાનો વૈરાગ્ય છે. લોકો વૈરાગ્ય, વૈરાગ્ય કહે છે ને ? મુમુક્ષુને વૈરાગ્ય હોવો જોઈએ. આ અંતર વૈરાગ્ય છે. આ ભૂમિકામાં આવે છે એ પ્રાપ્ત કરે છે.

એ રીતે નિરંતર જે જીવ જ્ઞાયકના ઘૂંટણમાં રહે, રાત-દિવસ એની પાછળ પડેલો હોય **'તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહિ.'** અથવા વસ્તુ પ્રાપ્ત નહિ થવાનું એના માટે શું કારણ છે ? એના માટે કોઈ કારણ નથી. પ્રતિબંધક ભાવ તો પોતાનો ને પોતાનો હતો. એ આડશ

જેને કહીએ, અડચણ કહીએ, પ્રતિબંધ કહીએ, અવરોધ કહીએ, એ હટી ગયો. ત્યાં એને પોતાનો માર્ગ છે એ સરળ અને સુગમ થાય છે. એટલે એમ કહ્યું છે કે, ત્રણે કાળે માર્ગ સુગમ છે, સરળ છે, સહજ છે એ જે કહ્યું છે એ આ ભૂમિકાને અનુલક્ષીને કહ્યું છે. નહિતર પ્રશ્ન થાય છે કે, માર્ગ તો બહુ અઘરો લાગ્યો છે, અનંતકાળથી મળ્યો નથી અને કઠણ લાગ્યો છે (તો સરળ અને સુગમ કેવી રીતે ?)

ઊંધી રુચિના કાળમાં માર્ગ કઠણ લાગે છે. રુચિના બોલ છે આમાં – ૭૭, ૯૮, ૧૩૮, ૧૫૪, ૨૭૩, ૩૦૦, ૩૪૮, ૩૯૬. એમાંથી ૩૪૮ નંબરનો બોલ છે. મારી પ્રતમાં પાનું ૧૧૮. **'રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે.'** જ્યારે જીવને એમ લાગે કે આ આત્માનો પુરુષાર્થ તો બહુ આકરો છે, કઠણ છે, એ ભાવ એની રુચિની મંદતા અથવા અરુચિને પ્રસિદ્ધ કરનારો છે. જેને રુચિ જાગે, ઉગ્ર રુચિ લાગે એને પુરુષાર્થ સહજ, સુગમ, સરળ લાગે છે અને એ રુચિ જ્યારે મંદ પડી જાય અથવા વિપરીત થઈ જાય છે ત્યારે જીવ આડેઅવળે ચડી જાય છે. એના પરિણામ અન્ય વિષયમાં તીવ્ર રસવાળા થાય એટલે એને અઘરું લાગે છે. રુચિ વધતાં સહેલું લાગે છે. એ અઘરું અને સહેલું રુચિ અપેક્ષિત લાગે છે. એ વિષય સ્પષ્ટ કર્યો છે. (માર્ગ) બહુ વ્યવસ્થિત છે, એકદમ ! વસ્તુ વ્યવસ્થા હોય, વસ્તુનું વિજ્ઞાન જેની સાથે સંકળાયેલું હોય ત્યાં એની સુવ્યવસ્થા હોય જ. પણ એ વ્યવસ્થાના જે કહેનારા છે અને એ કહેવાવાળા અનુભવી ધર્માત્માઓએ જે શૈલી કરી છે એ પણ આશ્ચર્યજનક છે અથવા બહુ ઉપકારી છે ! અને એનો પણ મહિમા કરવામાં આવે એટલો ઓછો છે. જિનવાણી જડ હોવા છતાં એની પૂજા એટલા માટે કરવામાં આવે છે. વ્યવહારે પૂજનીય છે. ભલે તે જડ છે, પુદ્‌ગલાત્મક છે તોપણ એ વ્યવહારે પૂજ્ય છે. એનું બહુમાન આવવા પાછળ એ કારણ છે કે, એ એક જ કડી છે જે મહાત્માઓના હૃદયગત ભાવોને બહારમાં પ્રદર્શિત કરે છે અથવા અરૂપી, અમૂર્ત ભાવોનું મૂર્ત સ્વરૂપ આપે છે. અધ્યાત્મ ભાવો તો અમૂર્ત છે, માર્ગના પરિણામો અમૂર્ત છે. આત્મા અમૂર્ત છે, એના પરિણામ અમૂર્ત છે. એને કથંચિત્ મૂર્તસ્વરૂપ આપે છે એમની અનુભવવાણી. તેથી એને જિનવાણી કહીને, ચતુર્થ ગુણસ્થાને હોય તોપણ એને જિનવાણી કહીને – શાસ્ત્ર કહીને એને પૂજ્ય ગણવામાં આવે છે. એને જિનવાણી કહે છે.

**આ વચનામૃતના પ્રવચનો કરતા ત્યારે 'ગુરુદેવ' તો કહેતાં કે, આ ભગવાનની વાણી છે ! આ દિવ્યધ્વનિમાં આવેલો વિષય છે ! એ ભગવાનની વાણી જિનવાણી છે, આ જિનવાણી છે.** જો જેની વાણી પૂજ્ય હોય, જેની જડ વાણી પૂજ્ય હોય એને માટે કહેવાની જરૂર છે, સમજાવવાની જરૂર છે કે (એ જ્ઞાની) પૂજ્ય છે કે અપૂજ્ય છે ?

મુમુક્ષુ :– હજારો શાસ્ત્રોનો નિચોડ એક બોલમાં આવી ગયો ! એક બોલમાં આખી

મોક્ષની લાઈન આવી ગઈ !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ગંભીર વિષય છે. **વર્તમાન સમાજને અત્યારે શું જરૂરી છે એ જે 'પૂજ્ય બહેનશ્રી'ના જ્ઞાનમાં આવ્યું છે એ અસાધારણ પ્રકારથી આવ્યું છે. એટલે એ જ વિષય એમના પ્રવચનોમાં નીકળ્યો છે. આ તો પ્રવચનોમાં નીકળેલી વાત લખાઈ ગયેલી છે ને ? ભલે વર્ષો પહેલાં વાત થઈ છે તોપણ વર્તમાન વર્તતા મુમુક્ષુ સમાજની યોગ્યતાને શું પીરસવું જોઈએ, શું દેવું જોઈએ, શું દેવું આવશ્યક છે એ અસાધારણ રીતે જ્ઞાનમાં આવીને આ વાત નીકળેલી છે.**

મુમુક્ષુ :- જ્ઞાનીના વચનો ત્રણે કાળમાં લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! લગભગ તો અજ્ઞાનીના પ્રકારો એવા જ હોય છે પણ અત્યારે તો શું છે કે જે સમાજ ક્રિયાકાંડમાં પડ્યો હતો એ ત્યાંથી છૂટી અને 'ગુરુદેવ'ની કૃપાથી થોડો જ્ઞાનાભ્યાસમાં, સ્વાધ્યાયમાં અને એ જાતની સમજણની પ્રવૃત્તિમાં આવ્યા તો ત્યાં શું જરૂરી છે ? અહીંયાં આવ્યા પછી પણ જીવ પામતો નથી. ક્રિયાકાંડથી છૂટનારો જીવ શાસ્ત્ર અધ્યયન કરે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે અને છતાં પાછો બંધાય અથવા ન છૂટી શકે તો એને શું જરૂરી છે ? એટલી સૂક્ષ્મ દૃષ્ટિથી વિષય લક્ષમાં લઈને બહાર આવેલો છે. અને આજે એ વિશેષતા છે કે, 'ગુરુદેવ'ના પ્રવચનોનો મુમુક્ષુ સમાજને દીર્ઘ પરિચય રહ્યો. ૪૫-૪૫ વર્ષમાં જ્યારે જ્યારે જેનો પ્રવેશ થઈ ગયો એને ત્યારથી એક આકર્ષણ થઈ ગયું કે, 'ગુરુદેવ' કોઈ અપૂર્વ વાત અને પરમ સત્ય વાત કહે છે. વારંવાર સાંભળવાથી પરિચય થયો છતાં પણ એમાં પણ જે જે ભાવો ન સમજાણા હોય તો આજે ખોલી દ્યે છે કે, 'ગુરુદેવ' આમ કહેવા માગતા હતા. આ વાત ચાલતી હતી એની પાછળ 'ગુરુદેવ' આમ કહેવા માગતા હતા, કહેવાનો ભાવ આમ હતો. શબ્દો આમ છે પણ ભાવ આમ છે. આજે એ લાભ તો છે ને ! એ રીતે જે માર્ગદર્શન મુમુક્ષુને મળે છે એની કોઈ કિંમત થઈ શકે એવો વિષય નથી એવી એ અમૂલ્ય ચીજ છે ! બીજી ભાષામાં કહીએ તો એવો જે સત્‌સમાગમ છે, પ્રત્યક્ષ સમાગમનો જે વિષય છે એ મુમુક્ષુને તો એક અમૃતનું જ કામ કરે છે ! નહિતર તો મરણ, ભાવમરણ ઊભા જ છે. કોઈને ક્યાંક ગોળી વાગી કે એ છૂટી ગયો ! ક્યારે, કોને, ક્યાં, કેમ વાગશે એ છદ્મસ્થનો વિષય નથી, પણ તક છે એ આટલી છે.

૬૧ (બોલ પૂરો) થયો.

**જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને-ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ-સમ્યક્‌સન્મુખતા થાય છે. અંદર દઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૬૨.**

૬૨મા બોલમાં ઘણી વાતો આવરી લીધી છે. મુમુક્ષુની ભૂમિકાનો પણ વિષય લીધો છે કે, એને લક્ષ થઈ જાય છે. અહીંયાં એવો, એ ભૂમિકાનો જીવ લીધો છે – મુમુક્ષુ લીધો છે. જેને યથાર્થ ભૂમિકા આવી ગઈ એમ કહેવાય. એવી ભૂમિકામાં આવેલા જીવના ઉપયોગની સૂક્ષ્મતાનો વિષય પણ લીધો છે અને એવા જીવને સંસ્કાર પડી જાય છે. એ ત્રણ વિષય આ એક બોલની અંદર આવરી લીધાં છે.

**'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે...'** એ બધું **'જ્ઞાયકના લક્ષે'** એમ લઈ લેવું. સાંભળે જ્ઞાયકના લક્ષે, ચિંતવન કરે જ્ઞાયકના લક્ષે, મંથન કરે જ્ઞાયકના લક્ષે. **'તેને...'** તે લક્ષના કાળમાં **'ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ-સમ્યક્‌સન્મુખતા થાય છે.'** જ્ઞાયકનું લક્ષ છે એ સ્વરૂપનું લક્ષ છે અને એમાં સમ્યક્‌સન્મુખતા રહેલી છે. જ્યારે યથાર્થ સ્વરૂપનિર્ણય થાય છે, યથાર્થ સ્વરૂપનિશ્ચય થાય છે ત્યારે આવું લક્ષ બંધાઈ જાય છે અને જ્યારે એ લક્ષ બંધાય જાય છે ત્યારથી એને સંસ્કાર પડી જાય છે, ત્યારથી એને સમ્યક્‌સન્મુખતા વર્તે છે.

એટલે એના પરિણામની ગતિ સમ્યગ્દર્શનની નજીકતાની ચાલવાળી થઈ ગઈ છે અને તેથી એ સમ્યગ્દર્શનને પામે છે. કદાચ કોઈનું આયુષ્ય ઓછું હોય તો બીજા ભવમાં એ લઈ લ્યે એવું અનુસંધાન લક્ષવાળા જીવને ચાલુ રહે છે. જેમ જેને અનુભવ થઈને જ્ઞાનધારા વર્તતી હોય એટલે જેનું જીવન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાધિયુક્ત હોય એને મરણ પણ સમાધિમરણ હોય અને જેનું સમાધિમરણ હોય એનું ભવાંતરની અંદર પણ જીવન સમાધિ સહિતનું ચાલુ થઈ જાય છે. એમ જે અનુસંધાન ભવાંતરમાં ચાલુ રહે છે એ કેટલા ઊંડાં સંસ્કારથી પરિણમન ઊભું છે કે જેથી ભાવમરણ થાય અને દ્રવ્યપ્રાણ છૂટે તોપણ ભાવપ્રાણ ન છૂટે. એવી પીડાથી દ્રવ્યપ્રાણ છૂટે છે કે જીવ બધું ભૂલી જાય છે. અહીંયાં તીવ્ર રસે ગમે તે કાર્ય કર્યા હોય પણ વિસ્મૃત થઈ જાય છે, યાદ પણ ન રહે. ઊંધા સંસ્કાર રહી જાય પણ યાદદાશ્ત ન રહે. ઊંધા સંસ્કાર તો રહી જાય છે એટલે તો સર્પ થાય અને ક્રોધ કરે છે, કીડી થાય અને બટકું ભરે છે. એ સંસ્કારનો વિષય છે.

સંસ્કારનો વિષય એવો છે કે, અવળા હોય કે સવળા હોય, જ્યાં સુધી વિરુદ્ધ રસ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ભૂંસાતા નથી. એટલે અહીંયાં પણ એક એવો વિષય લીધો છે કે, અપૂર્વ રસે કરીને જેણે પોતાના સ્વરૂપને લક્ષમાં લીધું એના સંસ્કાર ભવાંતરમાં પણ ચાલુ રહે છે. એ એક અનુસંધાનનો વિષય છે. જ્ઞાનદશા કરતાં ઓછી શક્તિવાળો છે તોપણ કાર્યસિદ્ધિ માટે એ એક નિયમબદ્ધ વિષય છે એટલે જીવ અહિતથી બચીને હિતમાં આવી જાય છે, નિજહિતમાં આવી જાય છે.

વિશેષ લઈશું...

## તા. ૨૫-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૨
## પ્રવચન નં. ૫૫

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૨૨, બોલ–૬૨મો. સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરનાર જીવ પૂર્વભૂમિકામાં તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરે છે, તત્ત્વજ્ઞાન સંબંધિત પરિણમન સમ્યગ્દર્શનનું નિમિત્તભૂત પરિણમન છે. પૂર્વ પર્યાયને અનુકૂળ ગણીને નિમિત્ત કહેવામાં આવે છે, વ્યવહારે કારણ કહેવામાં આવે છે. નિશ્ચયથી કારણ તો પ્રત્યેક પર્યાય પોતે જ કારણ-કાર્યસ્વરૂપ છે પણ પૂર્વ-ઉત્તર પર્યાયોમાં સદશતા અથવા મેળ પડતો હોય તો એને કારણ-કાર્યનો ઉપચાર કરવામાં આવે છે. એવો વ્યવહાર કરવા પાછળ એક ખાસ હેતુ એવો પણ છે કે, બીજો પ્રકાર હોતો નથી. પૂર્વ પર્યાયના ક્રમમાં આવો જ પ્રકાર હોય છે એવો પણ હેતુ છે.

જેમકે કોઈ પૂર્વ ભૂમિકામાં દયા, દાનના પરિણામ કરે અને એને સમ્યગ્દર્શન થાય એમ નથી બનતું. કોઈ ઉપવાસના પરિણામ કરે માટે એને સમ્યગ્દર્શન થાય, કોઈ સંયમની પ્રતિજ્ઞા લે માટે એને સમ્યગ્દર્શન થાય, કોઈ દાનની જાહેરાત કરે માટે એને સમ્યગ્દર્શન થાય એવું (નથી). ભલે તત્ત્વજ્ઞાનના અભ્યાસના પરિણામ શુભ ભાવરૂપ હોવા છતાં કઈ કોટિના અને કયા પ્રકારના શુભ ભાવને ઉપચાર લાગુ પડે છે અને બીજા પરિણામો હોય તોપણ એને ઉપચાર લાગુ પડતો નથી. એવો હેતુ પણ વ્યવહાર કહેવાની પાછળ હોય છે. એને જ કેમ વ્યવહાર કીધો ? શુભ ભાવ તો કોઈ ધર્મશાળા બંધાવે એને પણ શુભ ભાવ કહેવાય, પાણીનું પરબ બંધાવે એને શુભ ભાવ કહેવાય, અને ઉપવાસનો વિકલ્પ કરે, પચ્ચખાણ કરે એને શુભ ભાવ કહેવાય, ભગવાનની પૂજા રચાવે, મંડળ વિધાન કરાવે તો એ પણ શુભ ભાવ કહેવાય. એના ઉપર સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકાનો વ્યવહાર કે ઉપચાર લાગુ પડતો નથી.

એટલે અહીંયાં એ વાત લીધી છે કે, યથાર્થ પૂર્વ ભૂમિકામાં જે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે અથવા વિકલ્પાત્મક દશામાં તત્ત્વવિચારરૂપ પરિણમન છે. ઉપર ઉપરથી તો જે જીવને તત્ત્વનો વિચાર આવે એને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, શ્રવણ, ચિંતવન, મનન, વાંચન વગેરેને (તત્ત્વજ્ઞાનનો અભ્યાસ) કહેવામાં આવે પણ ઊંડાણથી અહીંયાં આ વિષયનું સ્પષ્ટીકરણ એ છે કે, જીવ જ્ઞાયકના લક્ષે સાંભળે. માત્ર ઉપર ઉપરથી સાંભળે નહિ પણ જ્ઞાયકના લક્ષે સાંભળે, ચિંતવન કરે તોપણ જ્ઞાયકના લક્ષે ચિંતવન કરે, એને મંથન ચાલે તોપણ જ્ઞાયકના લક્ષે મંથન ચાલે.

જ્ઞાયકના લક્ષે મંથન ચાલે, ચિંતવન ચાલે એનો અર્થ એ છે કે, હું જ્ઞાયક છું એમ પોતાનું હોવાપણું અને પોતાનું સ્વરૂપ લક્ષમાં સ્થપાયેલું રહે છે અને આ વિભિન્ન પ્રકારની શ્રવણ, ચિંતવન, મંથનની પ્રવૃત્તિ પરિણામમાં ચાલે છે. લક્ષમાં જ્ઞાયકની સ્થાપના રહે છે, લક્ષ ત્યાં જ્ઞાયક ઉપર છે એનો બીજો અર્થ એ છે કે, સાંભળવું, ચિંતવન કરવું, મંથન કરવું એ કાર્ય પર્યાયનું છે. જે લક્ષભૂત વિષય છે એ પર્યાયસ્વરૂપ નથી.

ગઈકાલે અને પરમદિવસે 'ગુરુદેવશ્રી'ના સવારના ટેપ પ્રવચનમાં 'અલિંગગ્રહણ'ના બોલ ચાલ્યા હતા. ૧૯ અને ૨૦ નંબરનો બોલ ગઈકાલ અને પરમદિવસે હતો. સામાન્ય અને વિશેષ બે વિભિન્ન સ્વરૂપના તત્ત્વો છે, એક પદાર્થના વિભિન્ન સ્વરૂપના અંશો છે. જીવ પદાર્થ પ્રમાણના વિષયભૂત સામાન્ય-વિશેષાત્મક છે અને સામાન્યના ધર્મો અને વિશેષના ધર્મોમાં બિલકુલ પરસ્પર વિરુદ્ધતા હોય એવા ધર્મ છે. એક નિત્ય છે તો એક અનિત્ય છે – ક્ષણિક છે. એક પર્યાયસ્વરૂપ છે અને એક સ્વભાવસ્વરૂપ છે. તેથી એક સ્વરૂપે બીજાનું હોવું થઈ શકતું નથી, ક્યારે પણ બની શકતું નથી. અહીંયાં પણ થોડો વિષય જે મુદ્દો લાગુ પડે એ એવો છે કે, સાંભળવું, ચિંતવન કરવું, મંથન કરવું એ પર્યાયનું કાર્ય છે. જેનું લક્ષ છે તે અપર્યાયસ્વરૂપ છે.

બીજું, કે લક્ષનો વિષય મુખ્ય છે અને પરિણામમાં જે કાર્ય થાય છે તે મુખ્ય નથી. આ યથાર્થ ભૂમિકામાં બને છે. યથાર્થ ભૂમિકા ન હોય એવા જીવને પણ તત્ત્વ ચિંતવન, આત્માના સ્વરૂપનું મનન, શ્રવણ, મંથન વગેરે ચાલે ખરું પણ એમાં ચિંતવનની મુખ્યતા હોય, એમાં મંથનની મુખ્યતા હોય, શ્રવણમાં શ્રવણ કરવાની મુખ્યતા હોય, વાંચનમાં વાંચન કરવાની મુખ્યતા હોય, ભલે એનો વિષય પછી જ્ઞાયકસ્વભાવ અને જ્ઞાયકસ્વરૂપની એમાં વિકલ્પાત્મક ભૂમિકા હોય તોપણ એ જ્ઞાયકના લક્ષે પરિણમનની પ્રવૃત્તિ નહિ હોવાને લીધે એ ચિંતવન અને પરિણમનનો વિષય જ્ઞાયક હોવા છતાં એની સન્મુખતા પણ થતી નથી. અનુભવ થવાની વાત તો ત્યાર પછીની છે, પણ સન્મુખતા પણ થતી નથી.

જ્ઞાયકના લક્ષે સમ્યક્ત્વ સન્મુખતા થાય છે. સમ્યગ્દર્શન તો સમ્યગ્દર્શનને યોગ્ય પર્યાપ્ત પુરુષાર્થ હોય તો થાય નહિતર ન થાય પણ સમ્યક્ત્વસન્મુખતા તો અહીંયાં થઈ જ જાય. એમ

કહેવું છે. કેમકે એ જુદાં જુદાં સ્તરનું પરિણમન છે અથવા પુરુષાર્થના દૃષ્ટિકોણથી એ જુદી જ કોટિનો પુરુષાર્થ છે, આ જુદી કોટિનો પુરુષાર્થ થયો. બન્નેની એક કક્ષા નથી, એક સ્તર નથી, એક Stage નથી. એટલે એમ કહ્યું કે, **'ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ–સમ્યક્ત્વસન્મુખતા થાય છે.'** લક્ષમાં જ્ઞાયક હોય એટલે શ્રવણ, ચિંતવન, મંથનના કાળમાં તે તે પરિણામની ગૌણતા રહેતી હોય. કેમકે લક્ષનો વિષય પરિણામસ્વરૂપ જ નથી. લક્ષનો વિષય પરિણામસ્વરૂપ નથી અને જે પરિણામની પ્રવૃત્તિ ચાલી રહી છે એમાં વિકલ્પ હોવાથી, એમાં અપૂર્ણતા હોવાથી, જોકે સમ્યગ્દર્શન નથી થયું એટલે હજી તો શરૂઆત પણ નથી થઈ, પણ સમ્યક્સન્મુખતા થઈ હોય તોપણ યથાર્થ લક્ષમાં તો ઈ પર્યાયસ્વરૂપ હું નહિ, એવો અને એટલો હું નહિ, એવા ભાવસહિત 'હું ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ, હું અપરિણમનસ્વરૂપ, પરિણામસ્વરૂપ નહિ પણ હું અપરિણામસ્વરૂપ' એમ લક્ષમાં મુખ્યપણે રહે અને પરિણામની – ચાલતા પરિણામની ગૌણતા રહે ત્યારે એને જ્ઞાયકના લક્ષે એ પ્રવૃત્તિ ચાલતી હોવાથી એને યથાર્થ ભૂમિકા કહેવામાં આવે છે.

ઊંડાણથી જોઈએ તો વિષય બહુ મહત્ત્વનો છે કે, જે જીવો તત્ત્વજ્ઞાનની ચિંતવન આદિની ભૂમિકામાં ઊભા છે એને સીધું એ વિચારવા યોગ્ય છે કે, આ પરિણામની મુખ્યતા રહે છે કે નહિ ? જો પરિણામની મુખ્યતા રહે તો હું અપરિણામસ્વરૂપ છું, બિલકુલ ઊલટો જ વિષય છે. પરિણામથી અપરિણામીનો વિષય બિલકુલ ઊલટો છે. કેમકે એ અનિત્ય અને ક્ષણિક છે અને એમાં ત્રિકાળી અસ્તિત્વ નથી. અનિત્ય અને ક્ષણિક તત્ત્વ ઉપર વજન દેવા જેવું નથી અથવા જોર દેવા જેવું નથી અથવા ખરેખર તો એ પ્રતીતનો વિષય જ નથી. પ્રતીત અપેક્ષાએ લઈએ તો એ પ્રતીતનો વિષય નથી. હજી તો શુદ્ધ પરિણામ પ્રગટ્યા નથી, પણ શુદ્ધ પરિણામ પ્રગટે તોપણ એ પ્રતીતનો વિષય નથી. પ્રતીતનો વિષય ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવસ્વરૂપ પરમાત્મદ્રવ્ય છે અને એ હું છું, એક સમયનું પરિણામ તે હું નહિ, એમ સમ્યગ્દર્શન થાય ત્યારે પરિણામની એકત્વબુદ્ધિ છૂટી જાય છે. એ એકત્વબુદ્ધિ છૂટવાનો અભ્યાસ જે ભૂમિકામાં ચાલે છે એ એકત્વ છૂટવાનો પુરુષાર્થ જે ભૂમિકામાં ચાલે છે, પ્રયત્ન સહિત જે પરિણમન છે એને અહીંયાં યથાર્થ પૂર્વ ભૂમિકા એમ કહેવામાં આવે છે. નહિતર એને પૂર્વ ભૂમિકાનો ઉપચાર લાગુ પડતો નથી. ભલે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં આવે અને એ અભ્યાસ કરનારનો દેખાવ ગમે તેવો બહારમાં હોય, કોઈ પુણ્યયોગ હોય તો વિશેષ દેખાવ હોય છે, લોકો એને તત્ત્વચિંતક, મહાન તત્ત્વચિંતક તરીકે જાણે તોપણ એ સમ્યગ્દર્શનની સન્મુખતાની ભૂમિકા પણ નહિ હોવાથી વ્યવહારે પણ તે સમ્યગ્દર્શનનું કારણ નથી.

'ટોડરમલજી'એ જે કહ્યું છે કે, 'વા ન થાય' એ આવી ભૂમિકાવાળાને લક્ષમાં રાખીને

કીધું છે અને 'થાય' એમ જે કહ્યું છે તે આ યથાર્થ ભૂમિકાવાળાને લક્ષમાં રાખીને કીધું છે. બન્ને વાત એમની જાણ બહાર નથી. બન્ને વાતને તેઓ સમજે છે, તે ભૂમિકામાંથી તેઓ પસાર થયા છે અને બન્ને વાતને લક્ષમાં રાખીને એટલે ગર્ભમાં રાખીને ત્યાં કહ્યું છે કે, ભલે સમ્યગ્દર્શનનું નિમિત્ત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે એટલે (કે) બીજા કોઈ જાતના પરિણામ નહિ (એમ) એનો ત્યાં નિષેધ કરવો છે, તોપણ કોઈને થાય અને કોઈને ન થાય. એમ કરીને એ વાત ત્યાં છોડી દીધી છે. કેમકે અહીંયાં ('મોક્ષમાર્ગપ્રકાશ'માં) જે શરૂઆતના પ્રકરણો છે એ સિવાય પણ એમને આ ગ્રંથની અંદર ઘણું ઘણું લખવું છે એટલે કદાચ આગળ એ વાતનું સ્પષ્ટીકરણ કરવા માગતા હોય તો એક જ જગ્યાએ બધી ચર્ચા ન પણ આવે. કમનસીબે ગ્રંથ અધૂરો રહ્યો છે અને આવો સૂક્ષ્મ વિષય આગળ ખોલવા માગતા હોય તોપણ ગ્રંથની અંદર એનો સમાવેશ નથી થઈ શક્યો. એટલે ત્યાંથી કાઢવું અઘરું પડે. (અહીંયાં) આ વચનોમાંથી બહુ સ્પષ્ટ નીકળે છે.

પ્રશ્ન :– લક્ષ કહેતા મુખ્યતા ?

સમાધાન :– 'હુંપણું' સ્થપાય, મુખ્યપણું થઈ જાય અને એમાં એકત્વ કરવાનો પ્રયત્ન – જોર ઊભું થાય. કુદરતી છે, જેનો આધાર લેવામાં આવે એ સંબંધિત જોર ઊભું થાય. તમે શેનો આધાર લ્યો છે ? શું લક્ષમાં રાખો છો ? જોર ત્યાં કામ કરશે. બીજું, દ્રવ્યસામાન્ય અને પર્યાય વિરુદ્ધસ્વભાવી હોવાથી બન્ને ઉપર જોર જાય એવું બનતું નથી અથવા દ્રવ્યસામાન્ય અંતઃતત્ત્વસ્વરૂપ છે અને પર્યાયવિશેષ તે બહિર્તત્ત્વસ્વરૂપ છે તો અંતરમાં જવા માટે ભલે પરિણામનું કાર્ય ચિંતવનમાં, મંથનમાં અને શ્રવણમાં ચાલતું હોય તોપણ એ ગૌણતાએ તપાસવાનો વિષય છે. તપાસવામાં પણ એની મુખ્યતા કરીને એ તપાસવાનો વિષય નથી. પરિણામો અવલોકનનો વિષય જરૂર થાય છે, તોપણ મુખ્યતા તો નહિ જ. એ વાત પાયામાં રાખીને અથવા સદાય સાથે રાખીને, કાયમ રાખીને એ વાત છે. એનું નામ જ્ઞાયકનું લક્ષ છે. હું જ્ઞાયક એટલે એનો અર્થ શું પણ ? એનો અર્થ એ કે હું પરિણામસ્વરૂપ નહિ. હું જ્ઞાયક એટલે હું અપરિણામી અને હું પરિણામસ્વરૂપ નહિ. ભલે, પ્રયોજન પર્યાયની સુધારણા કરવાનું છે, તોપણ એ પ્રયોજનની મુખ્યતા જ્ઞાયકના લક્ષવાળાને નથી. એક બાજુ એમ કહેવું કે આ પ્રયોજન છે અને બીજી બાજુ એને ઉડાડવું કે એને ગૌણ રાખો – એ આ વિષયનું ઊંડાણ છે. બુદ્ધિગમ્ય રીતે અટપટું લાગે છે પણ બુદ્ધિથી નહિ જોતાં આ વિષયનું ઊંડાણ શું છે ? અથવા એનું રહસ્ય શું છે ? અને આમ જ પ્રયોજનની સિદ્ધિ છે. તને એમ થાય કે પ્રયોજનની મુખ્યતા નહિ તો પ્રયોજન કેવી રીતે સધાય ? જો પ્રયોજનને ગૌણ કરી નાખવામાં આવે તો પ્રયોજન કેવી રીતે સધાશે ? તો કહે છે કે, પ્રયોજનની સિદ્ધિ આમ છે. પ્રયોજનને મુખ્ય કરતાં પ્રયોજનની અસિદ્ધિ છે. એ

પણ આ વસ્તુવિજ્ઞાનનો વિષય છે. 'સોનગઢ'(માં) વાંચ્યું હતું પણ બધું એકસરખું તો ન જ આવે ને ! આ વાત નહોતી ખોલી.

પ્રશ્ન :- પ્રયોજનને મુખ્ય કરતા પ્રયોજનની અસિદ્ધિ છે ?

સમાધાન :- અસિદ્ધિ છે. કેમકે પ્રયોજન પર્યાયમાં છે અને તેથી અધ્યાત્મના વિષયમાં અને પરમાર્થના વિષયમાં ત્રિકાળી દ્રવ્યસામાન્ય પરમાત્મદ્રવ્યને પ્રયોજનભૂત ગણાય છે અને બીજાં તત્ત્વને પ્રયોજનભૂત પણ ગણાતા નથી. (કોઈ પૂછે કે) પરમ પ્રયોજનભૂત તત્ત્વ કયું ? તો એક મારું પરમાત્મતત્ત્વ ! બીજું કોઈ (નહિ). એ પરમાત્મતત્ત્વમાં એક સમયની પર્યાય નહિ હોવાથી, જેમાં પ્રયોજન સધાય છે એવી પર્યાય પણ એમાં નહિ હોવાથી, એ તો બે દિવસ 'ગુરુદેવ'નું પ્રવચન ચાલ્યું કે, નહિ આલિંગિત... નહિ આલિંગિત... નહિ આલિંગિત... સંસ્કૃતમાં શબ્દ પડ્યો છે – **'अनालीढ'** 'અમૃતચંદ્રાચાર્યદેવ'નું 'પ્રવચનસાર' (૧૭૨ ગાથામાં) સંસ્કૃત છે **'द्रव्यानालीढ'** દ્રવ્યને એ અડતું નથી. ભાષા તો અધ્યાત્મમાં એવી પણ આવે કે, પર્યાય લીન થઈ ગઈ, વ્યાપ્ય-વ્યાપકભાવે પર્યાય પરિણમી ગઈ, પર્યાય દ્રવ્યમાં અભેદ થઈ ગઈ, તન્મય થઈ ગઈ. આ બધી ભાષા આવે. (દ્રવ્ય) અડતું નથી. દ્રવ્ય અને પર્યાય એકબીજાને અડતા નથી, સ્પર્શતા નથી, આલિંગન કરતા નથી. જો બન્ને એકબીજાને સ્પર્શે તો બન્નેના વિરુદ્ધ સ્વભાવ હોવાને લીધે બન્નેમાંથી એકેય સ્વભાવ, એકેય ધર્મ સચવાય નહિ અને બન્નેનો નાશ થાય. પણ એ તો અશક્ય અને અસંભવિત છે. એટલે એ તો વસ્તુનું સ્વરૂપ છે. એવો વિષય છે. જલ્દી નથી પત્તો લાગતો એનું કારણ (છે) કે, થોડુંક ઊંડાણ છે, વિષયનું ઊંડાણ છે.

આ જીવ ધર્મના ક્ષેત્રમાં પોતાનું હિત કરવા માટે દુનિયાથી છૂટો પડીને, જગતથી જુદો પડીને ધર્મના ક્ષેત્રમાં આવે છે. ધર્મના ક્ષેત્રમાં અનેક પ્રકારની શુભોપયોગયુક્ત પ્રવૃત્તિઓ છે. એમાંથી આ તત્ત્વજ્ઞાનના વાંચન, શ્રવણ, મનનની એક જુદાં સ્તરની પ્રવૃત્તિ છે, બીજી બધી શુભ ક્રિયાઓ કરતાં. એમાં પણ આખરમાં એ પર્યાય છે અને દ્રવ્ય નથી – એ વજન દેવાનો વિષય નથી. ભલે બગાડો કાઢવો છે અને પર્યાયમાં સુધારો કરવો છે તોપણ એ વજન દેવાનો વિષય નથી અને તો જ પર્યાયમાં સુધારો થાય છે નહિતર પર્યાયનો બગાડો મટતો નથી. એટલે ઊંડે જાય ત્યારે એને કાર્યસિદ્ધિ થાય અથવા પ્રયોજનની સિદ્ધિ થાય. અને પ્રયોજનની સિદ્ધિ થાય તોપણ એની મુખ્યતા નથી એ વાત એમને એમ રહી જાય. પ્રયોજનની સિદ્ધિ થાય, સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શનની મુખ્યતા નથી. એ પહેલાં સમ્યક્સન્મુખતા થાય અને સમ્યક્સન્મુખતાની મુખ્યતા નથી, તો જ સમ્યક્સન્મુખતા રહે. જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે અને સમ્યક્સન્મુખતા થાય ત્યારે સમ્યક્સન્મુખતાની મુખ્યતા ન રહે અને જ્ઞાયકની મુખ્યતા રહે – આવી પરિસ્થિતિ છે. સમ્યગ્દર્શન થાય ત્યારે સમ્યગ્દર્શનની મુખ્યતા નહિ અને મુનિપણું થાય તો મુનિપણાની

મુખ્યતા નહિ.

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** બીજો ભાવ છું એમ હું જાણું છું. હું પ્રમત્ત છું અને હું અપ્રમત્ત છું એમ હું જાણતો જ નથી. પણ આપ તો જાહેરપણે પંચપરમેષ્ઠીમાં (બિરાજો છો). 'કુંદકુંદાચાર્યદેવ'ની ગાથા છે. આપનો સમાવેશ આચાર્ય તરીકે છે. 'ણમો લોએ આયરિયાણં'માં આપનો સમાવેશ છે. તો કહે છે, એ બધી વ્યવહારની વાતો છે. 'હું આચાર્ય છું' એવો મોહ મને વ્યાપતો નથી. પર્યાયમાં હુંપણું તે 'પર્યાયમૂઢા પરસમયાઃ' (છે). એમાં દર્શનમોહનો દોષ ઉપસ્થિત થાય છે. પર્યાયમાં હુંપણું કરતાં દર્શનમોહ ઊપજે છે. આ સીધી વાત છે. પર્યાયમાં હુંપણું રહેતાં કે થતાં ત્રિકાળી દ્રવ્યસામાન્ય પરમાત્મતત્ત્વનો બોધ રહેતો નથી. આ હું છું – એવો બોધ રહેતો નથી. પર્યાય તે હું છું – એવો બોધ રહે છે.

એ રીતે જ્ઞાયકસન્મુખ થવું તે સમ્યક્ત્વસન્મુખ છે અને સમ્યક્ત્વસન્મુખ થવામાં જ્ઞાયકસન્મુખ થવું એમ વાત છે. લક્ષે કરીને અને જ્ઞાનમાં મુખ્યતાએ કરીને. લક્ષ છે એ તો જ્ઞાનનું જ પરિણામ છે ને ? ઉપયોગ ભલે ચિંતવનના વિકલ્પ સાથે જોડાય તોપણ પરિણતિમાં લક્ષ છે એ જ્ઞાયક ઉપરનું રહે. એમ વાત છે. જ્ઞાનમાં પહેલેથી બે પ્રવૃત્તિ જુદી પડવા મંડે છે. કેમકે આ તો સમ્યક્સન્મુખનું પરિણમન એટલે જ્ઞાનદશા જે સમ્યક્દૃષ્ટિની છે એને અનુરૂપ પરિણમન, એને સમ્યક્સન્મુખનું પરિણમન કહે છે. સમકિત જેને હોય – સમ્યગ્દર્શનની દશા સહિતપણું જેને હોય એને અનુરૂપ દશા, એની સાથે મેળ ખાતી દશા એના ઉપર વ્યવહાર આવે. વ્યવહાર ચિંતવનના વિકલ્પ ઉપર નથી. (જો એમ હોય) તો તો જે કોઈ તત્ત્વ(જ્ઞાનનો) પરિણામ કરે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે એ બધાને સમ્યક્સન્મુખ કહેવા પડે. પણ છે નહિ એવી પરિસ્થિતિ. તો તો બધા પામી જાય, સમ્યક્સન્મુખ તો બધા પામી જાય. પણ એવી પરિસ્થિતિ પ્રસિદ્ધપણે, પ્રત્યક્ષપણે જોવામાં આવતી નથી એટલે બધા પામતા નથી. એવું સ્પષ્ટ જોવામાં આવે છે. તો એનું કારણ શું છે ? કે, જે સમ્યક્સન્મુખ થાય છે એને જ પૂર્વભૂમિકાનું કારણ, સમ્યગ્દર્શનના કારણરૂપ વ્યવહાર અને ઉપચાર લાગુ પડે છે, સર્વસામાન્ય બધાને નહિ.

પ્રશ્ન :– 'પૂજ્ય બહેનશ્રી'એ એક જગ્યાએ હમણાં કીધું કે, દર્શનમાં પણ આત્મા, જ્ઞાનમાં પણ આત્મા, ચારિત્રમાં આત્મા. ઈ શું કહેવા માગે છે ?

સમાધાન :– ઈ તો લક્ષની અપેક્ષાએ (કહેવામાં આવે છે). અહીંયાં તો હજી આચરણ થયું નથી, દર્શન થયું નથી. ત્યાં તો જ્ઞાનદશાની વાત છે કે, જે સાધકજીવ છે એને તો પોતાનો આત્મા જ સમીપ છે, પોતાનો આત્મા જ મુખ્ય છે અને એ સ્વભાવની સમીપ વર્તે છે. શ્રદ્ધામાં તો બીજો વિષય જ નથી પણ જ્ઞાનમાં ઉપયોગ બીજે જતો હોય તોપણ બીજાની સમીપ જતા નથી, પરિણતિ અને લક્ષમાંથી આત્મા જતો નથી.

પ્રશ્ન :- અહીંયાં આવું લક્ષ છે ?

સમાધાન :- હા, લક્ષની શરૂઆત અહીંથી થાય છે – સન્મુખતાથી થાય છે, પછી એ લક્ષ કાયમ થઈ જાય છે. એટલે તો એને કારણનો ઉપચાર લાગુ પડે છે. આચરણમાં, પુરુષાર્થમાં, સુખમાં બધે સાધકજીવને તો આત્મા જ સમીપ છે. એ સાધકની વાત છે. અહીંયાં પૂર્વભૂમિકાની વાત છે. હજી સાધક થયો નથી પણ હવે સાધક થઈ જવાની ભૂમિકામાં આવ્યો. એવા જીવની વાત લીધી છે. છેલ્લે ઈ જ લ્યે છે ને ? **'તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.'** એમ.

પ્રશ્ન :- સાધકદશાની અંદર શુભાશુભનો નિષેધ આવવા છતાં પણ ત્યાં જ્ઞાયકનું મુખ્યપણું રહે એનું કારણ શું ?

સમાધાન :- કારણ એનું સ્વરૂપ ઓળખ્યું છે એ છે. તમે રાજાને પણ ઓળખો અને રાજાના અનુચરને પણ ઓળખો. રાજાનો અનુચર હોવાથી અને રાજા એને સારો પગાર આપતો હોવાથી ભલે એ પણ Welldressed હોઈ શકે, સામાન્ય માણસ કરતાં સારી રીતે દેખાવવાળો હોય. કેમકે ગમે એમ તોપણ રાજાનો નોકર છે અથવા રાજાનો પ્રધાન હોય તોપણ રાજા અને પ્રધાન બન્નેનું Stage જુદું જુદું છે. રાજા ઈ રાજા છે અને પ્રધાન ઈ પ્રધાન છે. રાજા મોજૂદ હોય અને રાજા સામું જોવે નહિ અને પ્રધાનની મુખ્યતા કરે તો રાજાનો અનાદર છે, ચોખ્ખેચોખ્ખો રાજાનો અનાદર છે. એને રાજાની મહેરબાની કે રાજાની કૃપા થાય નહિ. કેમકે રાજા ઊભો ઊભો જોવે છે કે, આ તો મારી સામું જોતો નથી. આ આની જ આગતાસ્વાગતા કરે છે. એમાં એનો (રાજાનો) અનાદર થાય છે. એમ શુભાશુભ ભાવો શું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના શુદ્ધ ભાવો – પરિણામ હોય તોપણ એ ત્રિકાળી પરમાત્મતત્ત્વની તોલે આવે એવા ભાવો તો નથી જ. ખરેખર તો એ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના પરિણામ જીવરાજાની સેવા કરનારા પરિણામ છે, સેવક છે એ તો. સેવ્ય નથી, સેવવા યોગ્ય તો ત્રિકાળી પરમાત્મા છે અને આ એના સેવક છે. સેવક સમૃદ્ધ હોય તો સેવકની વાત કરાય કે, ભાઈ ! ફલાણી કંપનીનો મેનેજર, ટાટાનો જ જનરલ મેનેજર છે એ તો આજે કરોડપતિ છે એમ કહેવાય પણ એનો અર્થ કે ટાટા અબજોપતિ છે. એ વાતની મુખ્યતા રાખીને છે. એટલે અધ્યાત્મપર્યાયોનો મહિમા શાસ્ત્ર કરે છે. જ્ઞાનીઓના શ્રીમુખેથી પણ અધ્યાત્મપર્યાયોની મુખ્યતા, સમ્યગ્દર્શનની મહિમા, મુનિદશાની મહિમા, કેવળજ્ઞાનની મહિમા એ બધું આવે પણ એ જ વખતે સમજવાનું છે કે, એમના લક્ષમાં ત્રિકાળી પરમાત્મા છે. આ એની સેવા કરે છે એ વાત બરાબર એમના ખ્યાલમાં છે અને આ એની મહિમા કરે છે. અને મારે પણ એ જ પ્રકારે સમજવાનું છે, જે પ્રકારે એ કહે છે તે પ્રકારે. એ લક્ષમાં ત્રિકાળીને મુખ્ય રાખીને પર્યાયની મહિમા કરે છે. પર્યાયને મુખ્ય રાખીને પર્યાયની મહિમા હરગિજ ન થઈ શકે અને ત્રિકાળીની ગૌણતા હરગિજ ન થઈ

શકે. આ વાત કહેનારને પદ્ધતિમાં છે, સાંભળનારની પણ એ જ પદ્ધતિ હોય તો એ કહેનારનું કહેવાયોગ્ય જે વિવિક્ષિત વિધાન છે એને એ સમજી શકે અથવા એનું રહસ્ય પામી શકે. નહિતર એને એમ થાય કે, શું 'ગુરુદેવે' સમ્યગ્દર્શનની મુખ્યતા કરી ! બસ, આપણે તો પામી જઈએ તો બસ છે ! આવું પામી જઈએ તો બસ છે ! એમ નથી. એની મુખ્યતા જ્ઞાયકના લક્ષે થઈ છે. અને તું શરૂઆત અહીંથી કર. તું મુમુક્ષુ હોય તો જ્ઞાયકના લક્ષે સાંભળ, તારી પ્રવૃત્તિ તત્ત્વજ્ઞાનને યોગ્ય રહેતી હોય તો તું જ્ઞાયકના લક્ષે સાંભળજે, જ્ઞાયકના લક્ષે ચિંતવન કરજે, મંથન કરજે, તો તને સમ્યક્‌સન્મુખતા થશે. પુરુષાર્થ અલ્પ હોય ત્યારે સન્મુખતા રહે અને પુરુષાર્થ ઉગ્ર પર્યાપ્ત માત્રામાં થાય ત્યારે સમ્યગ્દર્શન થાય. પણ લક્ષ થયા ભેગુ સમ્યગ્દર્શન થતું નથી. કોઈને કલાકો લાગે છે, કોઈને દિવસો લાગે છે તો કોઈને મહિનાઓ પણ લાગે છે. એટલે એમ કહ્યું કે, ભલે કદાચ તને લક્ષ થયું, જ્ઞાયકના લક્ષે ચિંતવન થતું હોય ત્યારે તે જ કાળે સમ્યગ્દર્શન ન હોય. કેમકે ચિંતવન, શ્રવણ, મંથનના વિકલ્પો સવિકલ્પાત્મક દશા છે. સમ્યગ્દર્શનની એ નિર્વિકલ્પ દશા નથી, તો એ કાળે ભલે તને સમ્યગ્દર્શન નથી કેમકે વિકલ્પનો અભાવ થાય એટલે કે વિકલ્પનું ઉત્થાન ન થાય (ત્યારે સમ્યગ્દર્શન થાય છે).

સંસ્કાર તો સમ્યક્‌સન્મુખ જીવને અવશ્ય પડી જ જાય છે. જોકે સંસ્કાર પડ્યા છે કે નથી પડ્યા એ એને તપાસવાનો કે વિચારણાનો વિષય નથી. કેમકે જ્ઞાયકના લક્ષવાલી પર્યાયની મુખ્યતા નથી. જે પર્યાય જ્ઞાયકનું લક્ષ કરે છે, એક પર્યાયના બે ભાગ લઈએ તો એક વિકલ્પ છે અને એક લક્ષ છે – જ્ઞાયકનો વિકલ્પ અને જ્ઞાયકનું લક્ષ. એમાં પણ જ્ઞાયકના લક્ષનો પહેલો નંબર છે, વિકલ્પનો નહિ તો સંસ્કાર તો હજી ગર્ભિત ચીજ છે. એ તો ગર્ભિત યોગ્યતામાં ગઈ (એટલે) એની તો મુખ્યતા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– લક્ષની પર્યાયના બે પ્રકાર – એક વિકલ્પાત્મક, એક નિર્વિકલ્પ. એમ છે ?

સમાધાન :– નહિ, લક્ષની પર્યાય તો લક્ષની જ પર્યાય છે પણ લક્ષના કાળમાં એક વિકલ્પ પણ હોય છે. ઉપયોગમાં વિકલ્પ હોય છે કે, હું જ્ઞાનસ્વરૂપ છું, હું આનંદસ્વરૂપ છું, ત્રિકાળી છું, હું અપરિણામસ્વરૂપ છું, હું ધ્રુવસ્વરૂપ છું, અનંત ગુણના એકત્વસ્વરૂપ છું, પૂર્ણસ્વરૂપ છું – એવો વિકલ્પ ચાલ્યા કરે. પણ એ વિકલ્પ છે એની સાથે ઉપયોગ છે અને લક્ષ છે એ એના એ જ્ઞાનમાં એક બાહ્ય જ્ઞાન છે અને એક અંતર જ્ઞાન છે. એ અંતરંગ પરિણામ છે – લક્ષનું પરિણામ છે એ અંતરંગ પરિણામ છે. એ જ્ઞાનનું અને જ્ઞાનની પર્યાયનું અંતર-અંગ છે એટલે એને અંતરંગ કહીએ અને વિકલ્પાત્મક ઉપયોગ છે એ જ્ઞાનનુંને જ્ઞાનનું બાહ્ય અંગ છે એટલે બહિરંગ કહીએ.

શ્રોતા :– અંતરંગ છે એ તો નિર્વિકલ્પ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અંતરંગ – પરિણતિ તો મિથ્યાદૃષ્ટિને પણ નિર્વિકલ્પ જ હોય છે. સંસારની પરિણતિ પણ મિથ્યાદૃષ્ટિને નિર્વિકલ્પ છે. વિકલ્પ કરે આત્માનો કે, હું તો પૂર્ણ શુદ્ધ જ્ઞાયકસ્વરૂપી વીતરાગસત્‌તત્ત્વ આત્મા છું એમ વિકલ્પ કરે પણ પરિણતિ નથી એટલે વિકલ્પ નકામો જાય છે. વિકલ્પનું કોઈ કામ જોવામાં આવતું નથી. ત્યાં વિકલ્પની સિદ્ધિ નથી થતી.

કેટલાક આ સંસ્કારની બાબતમાં એવું સમજે છે કે, તત્ત્વનો વિચાર કર્યા કરીએ અને વિચાર કરીને તત્ત્વને ઘૂંટ્યા કરીએ ને એટલે ક્યારેક સંસ્કાર પડી જશે. એવું નથી. એ સંસ્કાર સમ્યક્‌સન્મુખતામાં પડે છે, જ્ઞાયકનું લક્ષ થાય ત્યારે પડે છે. કોઈ જીવને એવું બને છે કે, અત્યંત રુચિના કાળમાં કે અત્યંત જિજ્ઞાસાના કાળમાં કોઈ સત્‌પુરુષ શુદ્ધાત્માનું શ્રવણ કરાવતા હોય, શુદ્ધાત્માનું દર્શન થાય એવા શુદ્ધાત્માના ભાવમાં આવીને ભાવવિભોર ભાષા આવતી હોય, 'ગુરુદેવ' કહે છે ને નિત્યાનંદ, નિર્મળાનંદ, જ્ઞાનાનંદ, પૂર્ણાનંદ, પ્રકાશનું –ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે ! એવી જોશમાં ભાષામાં આવતી હોય અને લાયક જીવ હોય, પાત્રતાવાળો જીવ હોય, અંદરમાં એવું રુચતું હોય, એવું રુચતું હોય, શુદ્ધાત્માને લગતું શ્રવણ એટલું બધું રુચે કે કોઈને સંસ્કાર પડી જાય છે. એવું કહેવાતું હોય અને ઓળખાણ ન થઈ હોય ને ખૂબ જિજ્ઞાસા વર્તતી હોય ત્યાં પણ કોઈ વાર સંસ્કાર પડી જાય છે. એ એને ખબર નથી પડતી, એને ખ્યાલ ન હોય.

અહીંયાં તો એ સમ્યક્ત્વસન્મુખ થાય છે એને ત્યાં સંસ્કાર પડી જાય છે. અંદરમાં એ રીતે વારંવાર જ્ઞાયકના લક્ષે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિવાળા પરિણામથી એ જીવ દૃઢ સંસ્કાર પાડે છે. અંદર સંસ્કાર પણ ઘણાં ગાઢ થઈ જાય છે અને જ્યાં સુધી નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની દશા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી ઉપયોગ તેના તે વિષયમાં ફેરવે. એકમાં ન ટકે તો બીજામાં ફેરવે એટલે ? જ્ઞાયકનાને જ્ઞાયકના પડખાંની વાત છે, તત્ત્વનાને તત્ત્વના પરમાર્થભૂત વિષયની વાત છે. અનેક પડખાંનો વિષય છે. પરમાર્થના વિષયમાં પણ અનેક ન્યાયો, અનેક પડખાં છે. એ જ્ઞાયકસ્વરૂપના લક્ષને અને સંસ્કારને વધારે દૃઢ કરવા અર્થે એમાંને એમાં ફેરવે, પડખાં બદલાય, એક પડખાંમાંથી બીજું પડખું બદલાય, વિકલ્પ બદલાય. ફેરવે એટલે એકમાંથી છોડીને બીજો વિષય લઈ લ્યે એમ નહિ.

**'એકમાં ન ટકે તો બીજામાં ફેરવે,...'** એટલે એકને એક વિકલ્પમાં, એકને એક પડખાંમાં ન ટકે. જ્ઞાયકના પણ અનેક ગુણ શાસ્ત્રની અંદર પ્રસિદ્ધ છે કે, આત્મા પ્રત્યક્ષસ્વરૂપ છે, પ્રભુ છે, સર્વોત્કૃષ્ટ છે અથવા સર્વોત્કૃષ્ટ શાંત છે, પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ છે, અનંત આનંદ–પરમાનંદસ્વરૂપ છે. એમ એના પડખાં બદલાય છે. લક્ષમાં તો પૂરું અખંડ અભેદ દ્રવ્ય છે. એની વિશેષતાઓ અનેક છે, ગુણો એટલે વિશેષતાઓ અનેક છે. એટલે વિકલ્પમાં તો ભેદ

પડે છે, ગુણભેદ પડી જાય છે, તો એમાંને એમાં પણ લક્ષ બદલ્યા વિના, અખંડ અભેદ જ્ઞાયકનું લક્ષ બદલ્યા વિના ત્યાં જે ભેદ પડે છે એમાં વિકલ્પમાં, ઉપયોગમાં ભેદો બદલાય છે, છતાં પણ તેનામાંને તેનામાં એક જ લક્ષભૂત વિષયમાં એ પરિણમનને ફેરવ્યા કરે છે. વિકલ્પમાં અનેક ભેદ અને લક્ષમાં કોઈ ભેદ નહિ, એનુંએ અભેદ દ્રવ્ય – એમ ફેરવે, ત્યાંને ત્યાં પરિણામને ફેરવે, એમ. અને એમ ફેરવતા ફેરવતા **'ઉપયોગ બારીકમાં બારીક કરે,...'** (અર્થાત્) ઉપયોગને અધિક સૂક્ષ્મ કરે. કેમકે અનેક પડખાંમાં તત્ત્વની જે વિચારણા ચાલે છે એમાં આત્મસ્વરૂપનો મહિમા વધતો જાય છે, આત્મસ્વરૂપનો રસ વધતો જાય છે, રાગ અને રાગના વિષયભૂત પદાર્થોનો રસ ઘટતો જાય છે. બન્ને રસ પ્રતિપક્ષમાં છે. એકનો રસ વધે તો બીજાનો રસ ઘટ્યા વિના રહેતો નથી. જ્યારે જ્યારે જીવને રાગ અને રાગના વિષયભૂત પદાર્થોનો રસ વધે છે ત્યારે એનો આત્મરસ ઘટી જાય છે, આત્મરસ ક્ષીણ થાય છે. આત્મરસ કેળવવામાં આવે ત્યારે રાગ અને રાગના વિષયભૂત પુદ્ગલ પ્રત્યેનો રસ આપોઆપ જ ઘટી જાય છે. બીજા પડખાંનું કામ આપોઆપ થઈ જાય છે, એમાં કાંઈ કરવું પડતું નથી. એટલે જ્યારે એ સ્વરૂપલક્ષે ઉપયોગને ફેરવે છે ત્યારે એને અનેક પડખાને જાણવાનો રસ નથી. ભેદવાળા વિકલ્પવાળા ઉપયોગમાં એને ઘણું જાણવું એ લોભ નથી પણ પોતાના ચૈતન્યસ્વરૂપનો મહિમા વધારવાની પ્રવૃત્તિમાં પડેલો જીવ છે. પુરુષાર્થની મંદતાને લીધે, અહીંયાં મંદતા લાગુ પડે છે, સમ્યક્(સન્મુખ) થયો છે એટલે વિપરીતતા હવે ન લઈએ તો પુરુષાર્થની મંદતાને લઈને અભેદ અનુભવ સુધી પહોંચતો નથી તોપણ અહીંયાં એ મહિમાને વધારતો જાય છે ત્યાં એનો ઉપયોગ સૂક્ષ્મ થતો જાય છે કે જે સૂક્ષ્મ ઉપયોગ સૂક્ષ્માતિસૂક્ષ્મ – અતિ સૂક્ષ્મ એવા ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરવામાં વધારે સફળ થાય, વધારે કામયાબ થાય અને પોતાના અંતર્મુખ થવામાં એ સમીપ આવે, આગળ વધે, અભાવ નહિ કરે. આ સમ્યક્ત્વસન્મુખતાની પ્રક્રિયાનો નાશ નથી કરવાનો પણ એમાં આગળ વધીને – Continuty જેને કહે છે, છે દશા મિથ્યાત્વની.

સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની દશા પરસ્પર વિરુદ્ધ દશા છે અને સમ્યગ્દર્શનની પૂર્વ પર્યાય સુધી મિથ્યાદર્શનની દશા છે. એક સમયમાં મિથ્યાદર્શનનો વ્યય અને જે સમયમાં મિથ્યાદર્શનનો વ્યય તે જ સમયમાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ્ (છે) તોપણ સમય એક હોવા છતાં મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન વિરુદ્ધ દશા છે. એક પૂર્વ પર્યાય છે, એક ઉત્તર પર્યાય છે. એક સમયમાં વ્યય અને ઉત્પાદ સ્વરૂપે છે, તો એ બે વચ્ચે કાંઈ સળંગ કોઈ મેળ ખાય એવું પરિણમનની અંદર કાંઈ છે કે નથી ? ધ્રુવ તો આત્મા છે. મિથ્યાદર્શન કાળે પણ આત્મા ધ્રુવ છે. કેમકે બન્ને પરિણામનો આધારભૂત તત્ત્વ તો આત્મા છે. પણ બે પરસ્પર વિરુદ્ધ દશા હોય તો એ વિરુદ્ધ દશા પલટીને અવિરુદ્ધ દશા થઈ એમાં કોઈ કાર્યપદ્ધતિ – કાર્ય કરવાની પદ્ધતિ

શું હોય એ કોઈ સમજણનો વિષય છે ખરો ? આવો કોઈ પ્રશ્ન ઊઠે તો એનો આ ઉત્તર છે. સંશોધક જીવને આ પ્રશ્ન ઊઠવાની જરૂર છે કે, હું જો મિથ્યાત્વ દશામાં છું અને સમ્યક્ત્વ દશા પ્રાપ્ત થાય છે ત્યારે એક જ સમયની અંદર એવું કાર્ય થાય છે કે મિથ્યાત્વનો વ્યય અને સમ્યક્ત્વનો ઉત્પાદ (થાય છે), તો આવું થાય છે એમાં કાર્યપદ્ધતિની અંદર સળંગ રહે એવી કઈ વાત છે ? કે, જ્ઞાયકનું લક્ષ, એ Continue છે. જે જ્ઞાયકનું લક્ષ થયું એ લક્ષમાં ફેર પડતો નથી. મિથ્યાત્વનો નાશ થાય છે, અજ્ઞાનનો નાશ થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જ્ઞાયકનું લક્ષ જ્ઞાયકનું લક્ષ જ રહે છે. જે જ્ઞાયકના લક્ષે સમ્યક્સન્મુખ થયો તે જ જ્ઞાયકના લક્ષે એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે, તે જ જ્ઞાયકના લક્ષે સાધકદશામાં પણ આગળ વધીને એ ઉપર ઉપરના ગુણસ્થાનને પહોંચે છે અને સરવાળે પૂર્ણ થઈ જાય છે. ત્યાં પછી લક્ષ અને ઉપયોગના બે વિભાગ રહેતા નથી. પૂર્ણ થાય ત્યારે બધું એક થઈ જાય છે, પછી ત્યાં લક્ષ અને ઉપયોગ બે વાત રહેતી નથી. પણ જ્યાં સુધી છદ્મસ્થ દશા છે ત્યાં સુધી એ વાત છે.

પ્રશ્ન :– આગળની પર્યાયને વ્યવહાર જ કહેવાય ને ?

સમાધાન :– એ મિથ્યાત્વનું પરિણામ તે વ્યવહાર નથી. શુદ્ધાત્માના ચિંતવનનો વિકલ્પ તે વ્યવહાર નથી પણ અંદરમાં જે જ્ઞાયકનું લક્ષ છે તે વ્યવહાર છે. એટલે પછી ચિંતવન ઉપર વ્યવહારનો આરોપ આવે છે. કેમકે લોકો લક્ષને નથી સમજતા અને તત્ત્વજ્ઞાનના વિકલ્પોને સમજી શકે છે એટલે એમ કહે છે કે, તત્ત્વનો વિચાર કરો, તત્ત્વનું વાંચન કરો, તત્ત્વનું શ્રવણ કરો, તત્ત્વનું મંથન કરો, તત્ત્વનું ચિંતવન કરો.

મુમુક્ષુ :– ટૂંકામાં કહેવું છે તો લક્ષ.

પૂજ્ય ભાઈશ્રી :– કહેવાની વાત લક્ષની છે. જો લક્ષ રહ્યું તો લક્ષ સળંગ રહે છે. ભલે સમય સમયનું પરિણમન છે તોપણ એ બદલાતું નથી, સદશ એકધારું રહે છે. એ એક પૂર્વ-ઉત્તર દશા વિરુદ્ધ સ્વભાવવાળી હોવા છતાં અંદરમાં એક નવું તત્ત્વ જન્મ્યું છે અને એનો જન્મ છે એ એમને એમ જીવંત છે. જન્મ્યું ત્યારથી લક્ષ છે એ જીવંત રહે છે. એ મિથ્યાત્વ દશામાં જન્મી જાય છે અને એ જન્મતાની વેંત એને સમ્યક્સન્મુખતા થઈ જાય છે. ભલે પુરુષાર્થ ઓછો હોય તો તે કાળે સમ્યગ્દર્શન ન હોય અથવા ત્યારપછીના કલાકોમાં કે દિવસોમાં કે મહિનાઓમાં થાય તોપણ એ લક્ષ છે એ એની અંદર જીવંત તત્ત્વ છે. એના ઉપર ઉપચાર આવ્યો છે, ઉપર ઉપરના રાગના વિકલ્પ ઉપર ઉપચાર આવતો નથી. એ તો ઘણાંને હોય છે અને મોટા આયુષ્યમાં તો હજારો વર્ષ સુધી તત્ત્વચિંતવન કરે. એથી કાંઈ સમ્યગ્દર્શન થઈ જાય એવું કાંઈ નથી. લક્ષ વગર તો અનંતકાળે પણ ન થાય. સિદ્ધાંતિક દૃષ્ટિએ વિચારવામાં

આવે તો લક્ષ વગરનું – આત્મલક્ષ વગરનું – જ્ઞાયકના લક્ષ વગરનું – સ્વરૂપના લક્ષ વગરનું તત્ત્વચિંતવન અનંતકાળે પણ સફળ ન થાય. લક્ષ વિનાનું બાણ મારવાની વાત છે. એ બાણ નિર્ધારિત સ્થળે પહોંચતું નથી.

મુમુક્ષુ :– બહુ સરસ !

પૂજ્ય ભાઈશ્રી :– એ પૂર્વ ભૂમિકાનો ચિતાર છે, એકદમ ચોખ્ખો ચિતાર છે.

અંદરમાં ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જેમ જેમ એનો ઉપયોગ સૂક્ષ્મ થાય છે તેમ તેમ એને સૂક્ષ્મ સ્વભાવ સુસ્પષ્ટપણે ગ્રહણ થતો જાય છે અને એ પોતાના અસ્તિત્વને જેમ છે તેમ, જેવું છે તેવું તે સ્વરૂપે મજબૂતપણે ગ્રહણ કરે છે અને સ્વભાવમાં રહેલી જે પ્રત્યક્ષતા છે, એ પ્રત્યક્ષપણે હું સહજ પ્રત્યક્ષ જ્ઞાયકસ્વરૂપે આવો છું એમ એના પુરુષાર્થવૃદ્ધિનું એ કારણ થાય છે. જેમ જ્ઞાન જ શ્રદ્ધાનનું કારણ થાય છે એમ પૂર્વ ભૂમિકામાં જે પુરુષાર્થ સમ્યક્સન્મુખનો શરૂ થયો તે પુરુષાર્થ વૃદ્ધિગત થઈને નિર્વિકલ્પ દશા સુધી પહોંચે એનું કારણ પણ જ્ઞાન જ છે. એટલે શ્રદ્ધાનું કારણ જ્ઞાન થશે, સમ્યગ્દર્શન થયું ત્યારે શ્રદ્ધા થઈ. શ્રદ્ધાનું કારણ પણ જ્ઞાન છે અને પુરુષાર્થનું કારણ પણ જ્ઞાન છે. પુરુષાર્થ રુચિપૂર્વક થાય છે. 'રુચિ અનુયાયી વીર્ય' ઉપર લીધું. એ સ્વભાવને જે ઓળખ્યો અને એની સૂક્ષ્મતાઓ જે જ્ઞાનની અંદર આવી, ગ્રહણ થઈ તો રુચિ વિશેષ તીવ્ર થઈ, અનન્ય રુચિ થઈ એ રુચિનું કારણ પણ જ્ઞાન છે, પુરુષાર્થનું કારણ પણ જ્ઞાન છે. પુરુષાર્થની પરિપક્વ દશાએ ઉત્પન્ન થતું સમ્યગ્દર્શનરૂપ શ્રદ્ધાનનું કારણ પણ જ્ઞાન છે. એમ અનેક ગુણમાં જ્ઞાન નિમિત્ત પડતું હોવાથી, જેમ કોઈ સમાજની અંદર અનેક વ્યક્તિઓ હોય તો એનો નેતા – Leader એક હોય છે, એમ શાસ્ત્રની અંદર જ્યારે ગુણોને ઉપમા આપવામાં આવે છે ત્યારે જ્ઞાનને નેતા તરીકે બતાવવામાં આવે છે કે, જ્ઞાન નેતા છે. એ અનંત ગુણોને દોરવી જાય છે. તેથી જ્ઞાનના પરિણમનનું નામ નય પાડવામાં આવ્યું છે. 'નિ' ધાતુ ઉપરથી નય – To lead – દોરી જવું. Lead - Leader. Lead ઉપરથી Leader શબ્દ આવ્યો – નેતા – જે દોરવે તે, દોરવણી આપે તે. તો એ જ્ઞાનને આ નામ મળ્યું છે. નયનું નામ જ્ઞાનની પર્યાયને મળ્યું છે. બીજા ગુણની પર્યાયને નય નથી કહેવાતા. જ્ઞાનની પર્યાયને નય કહે છે. કેમકે જ્ઞાન દોરવે છે. કોને ? કે, અનંત ગુણોને આત્મા પ્રત્યે દોરવે છે, અંતર્મુખ કરે છે. એમાં એ Leader સમાન છે – નેતા સમાન છે. એટલે તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ જ્ઞાનની મુખ્યતાથી જ સમજણ આપવી પડે છે અને બહુભાગ દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જ્ઞાનની મુખ્યતાથી ઓળખાવે છે. બીજા ગુણોની પરિભાષા પણ જ્ઞાનની મુખ્યતાથી કરવાનું બને છે. બીજા ગુણોની પરિભાષા પણ જ્ઞાનની મુખ્યતાથી કરવાનું થાય છે. એનું કારણ કે સમજવામાં એ પદ્ધતિ વધારે અનુકૂળ છે.

અહીંયાં પણ કહે છે કે, આગળ વધે છે ત્યારે જ્ઞાનની વાત લીધી. **'ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો,...'** આ જ્ઞાનથી સમજાવે છે પણ એ કાળે રુચિ વધી છે, એ કાળે પુરુષાર્થ વધ્યો છે. આ બધું એની સાથે લેવું. અને બીજા ગુણો ચૈતન્યને ગ્રહણ કરવામાં આગળ વધે છે. તે જીવ આગળ વધીને, ક્રમે કરીને આગળ વધીને ક્રમશઃ એના પરિણામ સમ્યગ્દર્શનને જ્યારે પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાદર્શનરૂપ જે પરિણમન ઊંધું પડ્યું છે (એ) આખો પોપડો પલટો મારી જાય છે. એમાં ક્રમ પડતો નથી. અવશ્ય એના તારતમ્યની મંદતા ઘણી થાય છે. સમ્યક્સન્મુખતાના કાળમાં મિથ્યાત્વ પાતળું પડી જાય છે, એનો રસ તદ્દન ઘટી જાય છે. રસ ઘટે છે એટલે એ પરિણમનની શક્તિ તૂટી જાય છે. છતાં પણ મિથ્યાત્વ તે મિથ્યાત્વ છે અને સમ્યક્ તે સમ્યક્ છે. મિથ્યાદર્શનનો આખો પોપડો પલટીને, આખું શ્રદ્ધાન – આખું શ્રદ્ધાનનું દળ – પરિણમન સમકિતરૂપ થાય છે.

મુમુક્ષુ :– કાલે આપે કહ્યું હતું કે, બહુ મહત્ત્વનો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ પ્રશ્ન એની અંદરથી નીકળે તો વધારે (સ્પષ્ટ થાય). 'સોનગઢ' વાંચ્યો હતો, આજે પાછો ફરીને (લીધો).

અહીંયાં કેવી રીતે આગળ વધે છે એનો ચિતાર 'પૂજ્ય બહેનશ્રી'એ આ બોલમાં લીધો છે છતાં પણ એક ધ્યાન દોર્યું છે કે, આ બધી વાત જ્ઞાયકના લક્ષે છે. આ પરિણમનની આવી વાત સ્પષ્ટ કરી તોપણ એની મુખ્યતા કરવાની વાત તો નથી જ. આવું સમ્યક્સન્મુખતાવાળાનું પરિણમન હોય છે, આવું પુરુષાર્થવાળું પરિણમન હોય છે, આવું રુચિવાળું પરિણમન હોય છે, આવો ઉપયોગ સૂક્ષ્મ કરીને અંદરમાં ગ્રહણ કરે છે. એમ પૂર્વના તીવ્ર મિથ્યાત્વના, તીવ્ર અજ્ઞાનના પરિણમનથી વિશેષતાવાળું ગુણને પ્રાપ્ત કરતું પરિણમન હોવા છતાં પણ પરિણામની મુખ્યતા ક્યારેય નહિ – એનું નામ જ્ઞાયકનું લક્ષ છે. એ વાત એમને એમ ધ્રુવ રાખવાની છે. નહિતર પરિણામનો વિષય પરિણામના મહિમા કાળે, એક તો અનાદિનો પર્યાયમૂઢ છે (એટલે) પાછો મુખ્ય કરી બેસશે.

જેમ 'ગુરુદેવ'ની કૃપાથી આપણે ત્યાં કોઈ ઉપવાસ કરે છે, કોઈ બ્રહ્મચર્ય આદિની પ્રતિજ્ઞા લઈને સંયમ ગ્રહણ કરે છે. એમ અનેક પ્રકારે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે, મંડળ વિધાન પૂજા કરાવે છે, દાન આપે છે, યાત્રા કરે છે, બધા શુભ ભાવો મુમુક્ષુઓને થાય છે, કરે છે પણ 'ગુરુદેવ'ની કૃપાથી ચેતવે છે કે, પર્યુષણ હોય અને કોઈ ઉપવાસ કરે તો પહેલેથી નક્કી કરે (કે), આ તો શુભ ભાવ છે, એ કાંઈ ધર્મ નથી. આમ રાખીને ઉપવાસનું મહત્ત્વ જે સંપ્રદાયની અંદર અજ્ઞાનથી વધી ગયું છે અને એ આહાર નહિ ગ્રહણ કરવાની જે શરીરની અને આહારના પરમાણુની પ્રક્રિયામાં એટલો બધો સંપ્રદાયમાં મહિમા દેવામાં આવે છે અને એને

લઈને અજ્ઞાન અને મિથ્યાત્વ તીવ્ર થાય છે, એવું આપણને ન થાય એની જાગૃતિ રાખીને આપણે (ત્યાં) ઉપવાસ કરવામાં આવે છે. આપણે ત્યાં પણ લોકો ઉપવાસ કરે છે. દાન દ્યે તો પણ એ રીતે કરે કે, જીવ કરોડ મંદિર બંધાવે તોપણ એ ધર્મ નથી. એ 'ગુરુદેવ'ના વચનને મંદિર બંધાવતા બંધાવતા સાથે રાખે. બંધાવે છે, આપણે ત્યાં મંદિર બંધાય છે, ઘણાં મંદિર બંધાયા, પણ બંધાવનાર અને દાન દેનાર એ જ વખતે વિચાર કરે કે, આ કાંઈ ધર્મ નથી, આને લઈને ધર્મ થાય એવું કાંઈ નથી. એમ જે 'ગુરુદેવ' કહે છે એ વાતથી આનું મહત્ત્વ ભૂલેચૂકે વધી ન જાય. બસ, એ જ રીતે (આવા) અનેક બોલો આવશે.

આ શાસ્ત્રની અંદર તો વિશેષપણે સમ્યગ્દર્શનને યોગ્ય ભૂમિકાના, મુમુક્ષુતાના, આત્માર્થીના અનેક બોલ આવશે, પણ આ વાત રાખીને. ૬૨ નંબરના મુખ્ય બોલને સાથે રાખીને કે, આ બધાયમાં મુખ્ય બોલ આ છે. સાડા છ લીટી છે પણ **'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે'** આ મુખ્ય વાત છે. એ લાલબત્તી રાખી છે કે, કોઈપણ પ્રકારના પર્યાયની અંદર સુધારાની પ્રવૃત્તિ ચાલુ થવાની કાર્યપદ્ધતિની વાત આવે છે અને સુધારો છે એ સુધારો ગણાય છે. બગાડ મટે છે માટે એની વિશેષતા ગણવામાં આવે છે. પ્રયોજનની સિદ્ધિ તરફ જીવ આગળ વધે છે તોપણ **'જ્ઞાયકના લક્ષે'** એ રાખીને વાત છે.

પ્રશ્ન :– 'સોગાનીજી' કહે છે કે, ચિંતન મેં, બેચિંતન મેં યહી ચલતા રહે, એ આ જ વાત છે ?

સમાધાન :– એમણે પણ એ જ વાત લીધી છે કે, ચિંતવનમાં, બેચિંતવનમાં આ જ ચાલતું રહે. આ જ ચાલતું રહે એટલે શું ? કે, હું ત્રિકાળી ધ્રુવ સામાન્ય જ્ઞાયકસ્વરૂપે છું. એ તો એનું એમને એમ જ ચાલતું રહે. આ હું, આવો હું... આ હું, એવું જે લક્ષ છે એ મુખ્ય રાખીને પછી ચિંતવન આદિ ગૌણપણે ચાલે છે. એટલે તો એ કહે છે કે, ત્યાં સુધી તું પરિણામની ગૌણતા કર કે, અનુભવ હુઆ, નહિ હુઆ વહ મત દેખ. ત્યાં સુધી એની ગૌણતા રાખ. જોકે એ તો જોવાય જ જાય છે (કે) અનુભવ થયો છે કે અનુભવ નથી થયો ? પણ 'મત દેખ' એનો અર્થ કે, એની મુખ્યતા જરાય ન કર. હજી અનુભવ ન થયો, આટલા આટલા વિચાર કર્યા, આટલું આટલું વાંચ્યું, આટલું આટલું ચિંતવન કર્યું, હજી અનુભવ નથી થયો. હજી અનુભવ નથી થતો, હજી અનુભવ નથી થયો. એમ જે અનુભવની મુખ્યતા કરવા જાય છે (તો) તને અનુભવ નહિ થાય. જેને અનુભવ થાય છે એને અનુભવ થયો, નથી થયો, એમ મુખ્યપણે એનું ધ્યાન રહેતું નથી ત્યારે જ અનુભવ થાય છે અને (જેને) રહે છે એને થતો નથી. આ વસ્તુસ્થિતિ છે. અને બધા જ્ઞાનીઓએ આ વાત કરી છે. 'બનારસીદાસે' એ વાત કરી કે, 'એક જાનિયે, એક દેખિયે, રમી રહીએ ઈક ઠૌર...' એ જ્ઞાયકના લક્ષની વાત છે.

'સમલ વિમલ ન વિચારીએ' પર્યાયમાં શુદ્ધિ-અશુદ્ધિ ગૌણ છે. વિચાર તો આવે છે, ખ્યાલ પણ આવે છે. કેમકે એ તો પર્યાય તત્ત્વ સામાન્યની અપેક્ષાએ સ્થૂળ છે. સામાન્ય તત્ત્વ સૂક્ષ્મ છે અને ઉત્પાદ-વ્યયવાળું તત્ત્વ અનુભવગોચર હોવાને લીધે સ્થૂળ છે. આ તો અનુભવનો વિષય જ નથી, એમાં અનુભવ નથી થતો, પર્યાયમાં અનુભવ થાય છે. એ તો સૂક્ષ્મ છે, શક્તિરૂપ અને સામર્થ્યરૂપ છે. તોપણ એની મુખ્યતા નહિ કરવા માટે નિર્દેશ છે. 'સમલ વિમલ ન વિચારીએ' સમલપણું અને વિમલપણું તો પ્રયોજનનો વિષય છે. (કહે છે કે) એની મુખ્યતા નથી. 'સમલ વિમલ ન વિચારીએ, યહી સિદ્ધિ નહીં ઔર.' આમ સિદ્ધિ છે, આ રીતે સિદ્ધિ છે, બીજી પદ્ધતિએ કાર્યની સિદ્ધિ પણ નથી અને કાર્યની સિદ્ધિ આમ હોવા છતાં જે સિદ્ધિ થાય છે એના ઉપર વજન નથી. આ આ વિષયનું રહસ્ય છે કે, છતાં એના ઉપર વજન નથી. સિદ્ધિ આમ થાય છે એમ કહેતા જાય અને એનું વજન ઉડાડતા જાય. આ વિષયની આ વિશેષતા છે. આમ કામ થશે એમ કહેતા જાય અને એ કામ ઉપરનું વજન ઉડાડતા જાય. કામ નથી થયું એમ બતાવતા જાય અને કામ આમ કરવાનું છે એમ બતાવતા જાય અને છતાં એનું વજન ઉડાડતા જાય. એ આ પરમાર્થના વિષયનું કોઈ અસાધારણ રહસ્ય છે અને એ જ્યારે સમજાય છે ત્યારે કામ થાય છે અને વજન રહેતું નથી. એવી રીતે બન્ને થાય છે.

અહીં સુધી રાખીએ.

## તા. ૨૭-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૨, ૬૩, ૬૪
## પ્રવચન નં. ૫૬

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૨૨. ૬૨મો બોલ ચાલ્યો. સંક્ષેપમાં લઈએ. જે જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે તેનું કેવું પરિણમન હોય તો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે ? કે, તે જીવને ચાલતા પરિણામમાં 'હું જ્ઞાનમાત્ર આત્મા છું' એવું આત્માનું લક્ષ થયું હોય અને એ લક્ષ સર્વ પ્રકારના ઉદયિકભાવમાં પણ ચાલુ રહેતું હોય તો જ ઉદયિકભાવોની મુખ્યતા અને જે ઉદયભાવોમાં રસવાળા પરિણામ હોય છે તે મટે અથવા ઉદયભાવો ગૌણ રહે અને જ્ઞાનમાત્ર – જ્ઞાયકમાત્ર એવું જે નિજસ્વરૂપ છે – પોતાનું જ સ્વરૂપ છે એ મુખ્ય થાય.

મુમુક્ષુ :– આવું બધું વિકલ્પમાં તો થાય જ છે કે, 'હું જ્ઞાનમાત્ર છું'.

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પમાં થાય છે ત્યારે મુખ્ય ઉદયભાવ રહે છે, વિકલ્પ પણ ઉદયભાવ છે. ત્યારે મુખ્ય ઉદયભાવ રહે છે અને લક્ષ પણ રાગ અને રાગના વિષયનું હોય છે અને આત્મા અથવા જ્ઞાયકસ્વરૂપ આત્મા ત્યાં ચૂકાયેલો રહે છે એટલે એવો વિકલ્પ બેકાર જાય છે, એવો વિકલ્પ નિષ્ફળ જાય છે. અહીંયાં તો જે વિધિ અને જે પદ્ધતિ બતાવે છે એ પદ્ધતિ ગ્રહણ ન થાય તો એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા સુધી આગળ વધી શકતો નથી એમ કહેવું છે. એટલે વિકલ્પ થાય છે એના કરતાં અહીંયાં લક્ષ થાય છે કે નહિ ? એ વાત વિચારવા જેવી છે.

મુમુક્ષુ :– બોલવામાં તો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– બોલવું તો કાંઈ આત્માનું પરિણામ નથી, વાણી આત્માનું પરિણામ નથી અને વિકલ્પ – રાગરૂપ પરિણામ છે એ પણ આત્માનું પરિણામ નથી, પરભાવસ્વરૂપ

છે. વિકલ્પ સ્વભાવસ્વરૂપ નથી પણ પરભાવસ્વરૂપ છે.

પ્રશ્ન :– આમ કેમ ઊંધું થાય છે ?

સમાધાન :– અનાદિની ઊંધી પદ્ધતિ બદલાવી નથી એટલે એમને એમ ચાલુ રહે છે. આ વાંચીને, આ સાંભળીને પણ જે વિપરીત કાર્ય કરવાની પદ્ધતિ છે એ પદ્ધતિમાં ફેર પડ્યો નથી, આત્માનું લક્ષ થયું નથી, કર્યું નથી. જે શાસ્ત્રસ્વાધ્યાય આત્મલક્ષ કરવાના હેતુથી કરવાનો હોય છે એ હેતુ શાસ્ત્રસ્વાધ્યાયમાં હોતો નથી એટલે લક્ષ થતું નથી, લક્ષ થતું નથી એટલે કાર્યની પદ્ધતિ બદલાતી નથી. અવિધિએ કોઈ કાર્ય થતું નથી. સમ્યગ્દર્શન કોઈ અવિધિએ પ્રાપ્ત થાય છે એવું તો બનતું નથી. તેથી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ અનંત વાર મળવા છતાં પણ, અનંત વાર મળ્યા હોવા છતાં પણ જીવને તે યોગ અયોગરૂપ થયો છે, અયોગરૂપ રહ્યો છે. એનું સફળપણું થયું નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહે છે કે પરનું અને રાગનું કર્તાપણું છૂટે તો આત્મા ઉપર લક્ષ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ છે. એનો અર્થ જ એ છે કે જ્ઞાતાપણું આવે, નાસ્તિથી (એમ) કહ્યું કે, પરનું અને રાગનું કર્તાપણું છૂટે તો આત્મા ઉપર લક્ષ જાય. એનો અર્થ શું છે કે પરપદાર્થના કાર્યો ઉદયકાળે જીવ 'હું કરું છું' એમ એના કર્તાપણાથી માને છે અને રાગ થાય છે ત્યારે પણ 'રાગ હું કરું છું' એમ રાગના કર્તાપણાની માન્યતાની સહિત પરિણમે છે. એવી પરિસ્થિતિમાં પરપદાર્થ પ્રત્યેનો અને રાગ પ્રત્યેનો તન્મયભાવે અત્યંત રસ ઉત્પન્ન થાય છે. ત્યાં સુધી એને આત્મા ઉપર લક્ષ જતું નથી. એમાં ફેર પડે, રસમાં ફેર પડે, મુખ્ય મુદ્દાની વાત જ એ છે કે, રસમાં ફેર પડે ત્યારે આ બાજુ એનું લક્ષ જવાનો અવકાશ થાય છે. ત્યાં સુધી એને લક્ષ જતું નથી.

મુમુક્ષુ :– 'પરમાગમસાર'માં ૩૫૯મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ આ જ છે ને ! આપણે કાલે ત્યાં લીધો હતો. આ બોલ 'સોનગઢ' વાંચ્યો હતો ત્યારે ૩૫૯ બોલનો જ આધાર લીધો હતો. **'હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું.'** એ લક્ષનો વિષય છે. એટલે આટલું જે વચન છે **'હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું.'** એ વચનના વાચ્યભૂત જે પરિણમન છે અને પરિણમનનો વિષય છે તે યથાસ્થાનમાં આવે ત્યારે એને જ્ઞાયકનું લક્ષ છે એમ કહેવાય. એટલે લક્ષ છે એમાં આવો કોઈ વિકલ્પ નથી. **'હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું.'** એવા વચનરૂપ શબ્દ પણ નથી અને એવો વિકલ્પ પણ નથી. લક્ષ નિર્વિકલ્પભાવે હોય છે. કેમકે એ પરિણતિનો વિષય છે, લક્ષ છે એ પરિણતિનો વિષય છે. કાયમ રહે છે ને ? ચાલુને ચાલુ રહે છે એ પરિણતિને હિસાબે રહે છે. એમ જ્ઞાયકના

લક્ષે જીવ સાંભળે છે.

આ બોલમાં તો 'ગુરુદેવે' શું લીધું છે કે, સમ્યગ્દર્શન થાય છે એનો ચિતાર લીધો છે. એટલે ચડતાં ચડતાં પરિણામ છે, જ્ઞાયકના લક્ષવાળા મુમુક્ષુને ચડતાં પરિણામ છે તો જ્ઞાયકનું લક્ષ રહે છે, ચિંતવનમાં જ્ઞાયક વસ્તુ પ્રત્યેનું જોર રહે છે. પરિણમનમાં જ્ઞાયકની સન્મુખતા રહે છે. એ બધા મુદ્દાઓ સ્પષ્ટ કર્યા છે. ચડતાં પરિણામમાં એ પરિણમનના કેટલા પડખાંમાં ફેર પડ્યો છે એ સ્પષ્ટ કર્યું છે કે, લક્ષ જ્ઞાયકનું રહે છે. જ્ઞાયકના લક્ષપૂર્વકનું ચિંતવન હોય ત્યારે એમાં જ્ઞાયક પ્રત્યેનું જોર એટલે પુરુષાર્થ હોય છે. એ પરિણામની દિશા પણ બદલાણી છે. અપૂર્વ અંતર્મુખની સન્મુખતાની દિશા ચાલુ થઈ છે. મંથનમાં પણ જ્ઞાયકનું લક્ષ રહે છે. બીજા ઉદયીકભાવે સાંસારિક કાર્યો કરવા પડતા હોય તોપણ, અહીંયાં એ વાત નથી લીધી. પણ વિચારીએ તો એ સર્વ કાર્યોમાં પણ જ્ઞાયકનું લક્ષ રહે છે એમ કહેવું છે. એને જેટલો પુરુષાર્થ એટલું સમ્યગ્દર્શન નજીક. જેટલું જ્ઞાયક પ્રત્યેનું જોર એટલું સમ્યગ્દર્શન નજીક. બસ, આ કારણ આપે એટલું કાર્ય થાય એમ કહેવું છે. એવા જીવને અપ્રતિહતભાવે તે જ ભવમાં સમ્યગ્દર્શન થઈ જ જાય છે. એમ કહેવું છે કે, પૂર્વે કદી ભાસ્યમાન નહોતું થયું એવું પરમાત્મતત્ત્વ પોતાનું જ સ્વરૂપ છે એમ જ્યાં પોતારૂપે ભાસ્યમાન થયું – પોતાનો પરમાત્મા પોતારૂપે જ્યાં જ્ઞાનમાં અવભાસ્યો ત્યાં એનું જોર એટલું આવે છે કે એ જીવ પાછો પડતો નથી.

'ગુરુદેવે' વિશેષ વાત લીધી છે કે, **'જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે...'** એ પાછો પડ્યા વિના મોક્ષ દશા – પૂર્ણ દશાને પ્રાપ્ત કરશે. તેમ અહીંયાં જેને લક્ષ થયું છે અને જેને સન્મુખતા થઈ છે એ જીવ એવા પરિણમનમાં – જોરવાળા પરિણમનમાં આવ્યો છે કે બહુ અલ્પ સમયમાં, બહુ ઓછું જોર હોય અને મંદમાં મંદ પુરુષાર્થ હોય તોપણ એવો જીવ ચાર-છ મહિનામાં સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે, અનુભવને પ્રાપ્ત કરે છે. આમ તો મહિનો-બે-ત્રણ મહિના લાગે તો એ મંદ પુરુષાર્થની ગણતરી છે. અત્યંત મંદ પુરુષાર્થ હોય તો ચાર-છ મહિનામાં પામે. બાકી જોરવાળા તો કલાકોમાં પામે, દિવસોમાં પામે. એવો અપ્રતિહત ભાવ કહ્યો છે – એ પાછો નહિ પડે એમ કહે છે. સ્વરૂપનું અવભાસન થયું અને પરિણમનમાં સ્વરૂપનું લક્ષ થઈ ગયું એવી એક છાપ ઊભી થઈ ગઈ એ ભૂંસાતી નથી, લક્ષ ભૂંસાતું નથી. 'આ હું અને આવો હું છું' (એમ) એક વાર એણે ઓળખાણમાં લઈ લીધો એની છાપ ભૂંસાતી નથી.

ઘણા દિવસ બંગલો કે મકાન બંધ કરીને બહારગામ ગયા હોય, આવીને ખોલે અને જોવે કે આ મુખ્ય રૂમમાં તો મોટો સાપ બેઠો છે ! કોઈ અજગર ગમે ત્યાંથી અંદર આવી ગયો હોય, મોટો જબરજસ્ત ભોરિંગ સાપ આવી ગયો હોય, (એને) જોઈ લીધો, હવે આપણે

આપણું કામ કરોને, સાફસૂફીમાં લાગી જાવને ! મુસાફરીનો થાક લાગ્યો છે તો જરા સૂઈ જાવ, આરામ કરો પછી એને કાઢશું, નિરાંતે એને કાઢશું ! ભય એટલો વ્યાપે છે, જોતાંવેંત ભય એટલો વ્યાપે છે અને એ ભયના રસની તારતમ્યતા એટલી છે કે, ખાવું, પીવું, ઊંઘવું અને બધાં કાર્યો ગૌણ કરવા માટે ક્યાંય એને ઉપદેશ લેવા જવો પડે છે કે, ક્યાંક શીખી લઉં આ કેમ ગૌણ કરવું અને આ કેમ મુખ્ય કરવું ? કેમકે એને મરણનો સવાલ ઊભો થાય છે, જીવન-મરણનો પ્રશ્ન છે. એમ અહીંયાં અનંત મરણના નાશનું અને સાદિ અનંત અનંત સમાધિ સુખમાં જેના આશ્રયે જતાં એવી સ્થિતિ ઉત્પન્ન થાય એવા પરમ પરમાત્માનું અવભાસન થાય – ભાવ ભાસે કે સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ હું પોતે જ છું એનું લક્ષ ને એની છાપ ને એની મુખ્યતા પરિણામમાંથી ભૂંસાતી નથી. એનું નામ આત્મા સાંભળ્યો એમ કહે છે. સંભળાવનાર શ્રીગુરુ એવા આત્માને બરાબર લક્ષમાં રાખી, જ્ઞાનમાં રાખી અને સંભળાવે છે. જ્યારે સાંભળનારને એવું જ લક્ષ થાય છે ત્યારે એને પોતાના નિજ પરમ સ્વરૂપનો મહિમા આવે છે. સાથે સાથે રાગ રહ્યો હોવાથી શ્રીગુરુનો મહિમા પણ કોઈ બીજી રીતે આવે છે. એ જીવ પાછો પડ્યા વિના એને સમ્યગ્દર્શન થયે જ છૂટકો એ વાત અહીંયાં 'ગુરુદેવશ્રી'એ છેલ્લે છેલ્લે ૩૫૯ બોલમાં નાખી છે કે, **'તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.'**

મુમુક્ષુ :– આપણે 'બહેનશ્રી'નો બોલ આવી ગયો કે, પતંગનો દોર હાથમાં રાખવો.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં સંસ્કારની વાત જિજ્ઞાસા સાથે સંબંધ ધરાવે છે. **'તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે;'** ('બહેનશ્રીનાં વચનામૃત' – બોલ નં. ૫૦) પ્રયત્ન તો ચાલે છે પણ ઊલટી દિશામાં ચાલે છે. બરાબર ચાલશે એનો અર્થ કે, એની દિશા છે એ યોગ્ય દિશામાં ચાલશે. નિજ સત્‌ની સામાન્ય જિજ્ઞાસા નહિ પણ ઊંડી જિજ્ઞાસા, કોઈ અપૂર્વ જિજ્ઞાસા થતાં જિજ્ઞાસા જે વિષય માટે થઈ છે એ વિષયના સંબંધમાં એટલે નિજ સ્વરૂપની જિજ્ઞાસા. નિજ સ્વરૂપને શોધવાની દિશામાં પ્રયત્ન સાચી દિશા પકડશે. તું ક્યાંય આડેઅવળે ભરાઈ જાઈશ નહિ. જગતમાં આત્મા... આત્મા... આત્મા... કહેનારા, આત્માની વાતો કરનારા ઘણાં છે અને જીવ ક્યાંયને ક્યાંય ખોટા ઠેકાણે ફસાઈ જાય છે. એ આને બનતું નથી. જેને સત્‌ની ઊંડી જિજ્ઞાસા છે એ ખોટા સ્થાનમાં ફસાતો નથી.

**'તારો પ્રયત્ન બરાબર...'** એટલે સાચી દિશામાં ચાલશે અથવા કોઈ ખોટી દિશામાં દોરવનાર મળશે તોપણ એ બાજુ તું દોરવાઈશ નહિ. જો તારી જિજ્ઞાસા સાચી હશે તો તું ખોટી લાઈનમાં દોરવાઈશ નહિ. **'તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે.'** મતિમાં સરળતા આવવી (એટલે કે) એક આત્મહિતના લક્ષે એના જ બધા પાયા ગોતવાની જે બુદ્ધિની ક્ષમતા છે એ સરળતામાં આવે છે, એ સવળી થાય છે, નિજ હિત કરવાને તૈયાર થાય છે અને આત્મસન્મુખ

થઈને આત્મામાં પરિણમી જાય છે. એવી સત્‌ની ઊંડી જિજ્ઞાસામાં કદાચ સમ્યગ્દર્શનરૂપ પરિણમન ન થાય તો સત્‌ના સંસ્કાર ઊંડા પડી જાય છે. એ ઊંડા સંસ્કાર એવા પડે છે કે, એ જીવ વર્તમાન ચાલુ આયુષ્યના ભોગવટામાં એટલે તે ભવમાં કદાચ સમ્યગ્દર્શન ન પામે (અને) બીજા ભવમાં, બીજી ગતિમાં – કોઈપણ ગતિમાં જાય, કોઈ તીવ્ર પાપનાં પરિણામ તિર્યંચ, નારકીના થયા હોય (અને ત્યાં જાય તો) ત્યાં પણ પામી જાય, દેવમાં પણ પામી જાય, મનુષ્યમાં પણ પામી જાય. (જેને સંસ્કાર પડ્યા) એ બીજી ગતિમાં પત્તો કાઢી લ્યે છે.

સંસ્કાર પડવામાં અવશ્ય પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ હોય છે. એ વગર કોઈને સંસ્કાર પડતા નથી. જ્યારે બીજી ગતિમાં પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ અને સત્સંગ ન હોય તોપણ એ પામી જાય છે, એટલું સંસ્કારનું બળ છે (કે) આત્મજાગૃતિ આવી જાય છે, અંતર વિચારણાથી પામી જાય છે. તિર્યંચ અને નરક ગતિમાં તો એવો દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નથી, સત્‌સમાગમ નથી તોપણ પામી જાય છે, એનું કારણ આ સંસ્કાર છે. 'શ્રીમદ્‌જી'નો પ્રગટ દૃષ્ટાંત છે. 'શ્રીમદ્‌જી' વૈષ્ણવ કુળમાં આવ્યા. એમના માતાજી સ્થાનકવાસી હતા પણ એ તો બધા અન્યમતી જ છે એમ સમજો. અન્ય મતમાં આવ્યા અને પામી ગયા. ચોવીસમે વર્ષે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. એ શું સૂચવે છે ? કે, સંસ્કાર લઈને આવેલા. એ તો પોતે લખ્યું છે, પોતાના જીવનમાં પોતાને વિષે લખ્યું છે ત્યાં એ વાત સ્પષ્ટ કરી છે કે, પોતાને પૂર્વ સંસ્કાર છે એટલે અપૂર્વ જાગૃતિ આવી અને ૧૯૪૭માં અપૂર્વ એવું સ્વાનુભવનું પરિણમન ચાલુ થયું, અપૂર્વ દશા પ્રગટ થઈ !

પ્રશ્ન :– દૃષ્ટિ અને લક્ષમાં આમ શું ફેર છે ?

સમાધાન :– લક્ષ છે એ જ્ઞાનનો પર્યાય છે અને દૃષ્ટિ છે એ શ્રદ્ધાનો પર્યાય છે અને બેને જોડાણ છે. જેનું લક્ષ થાય એની દૃષ્ટિ થઈ જાય. પ્રથમ આત્માનું લક્ષ થાય તો એને આત્મશ્રદ્ધાન ઉત્પન્ન થાય. જેને આત્મશ્રદ્ધાનસ્વરૂપ સમ્યગ્દર્શન થયું હોય તેને સ્વરૂપનું જ લક્ષ રહે એને પણ પરિણતિમાંથી લક્ષ ખસે નહિ.

પ્રશ્ન :– સાથે જ છે ?

સમાધાન :– ના, એમાં પહેલાં લક્ષ થાય છે પછી સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન થાય છે એને લક્ષ ચાલુને ચાલુ રહે છે. એ પહેલાં પણ ચાલુ રહે છે અને એ પછી પણ ચાલુ રહે. એવો પ્રકાર છે.

પ્રશ્ન :– પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ છેલ્લે કહ્યું કે, 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે' એ લક્ષ અને આ લક્ષ એક જ છે ?

સમાધાન :– ના, એ લક્ષમાં બીજી વાત છે. ત્યાં લક્ષનો આ અર્થ નથી. ત્યાં લક્ષનો

અર્થ છે ધ્યેય – સાધ્ય. પરિપૂર્ણ શુદ્ધ થવું છે, કષાયકલંકનો એક કણ પણ મારે ન જોઈએ. હું નિષ્કલંક દશાને પ્રાપ્ત કરવા ચાહું છું, પરિપૂર્ણ નિષ્કલંક દશા, પૂર્ણ શુદ્ધ દશા (પ્રાપ્ત કરવી છે). એવું જેનું પહેલેથી જ ધ્યેય હોય એને શરૂઆત થાય છે, બીજાને શરૂઆત થતી નથી. ત્યાં આ લક્ષ એટલે જ્યાં પહોંચવું છે એવું જે સાધ્યભૂત ધ્યેય છે એને અહીંયાં લક્ષ કીધું છે. એ પૂર્ણતાને લક્ષે શરૂઆત થાય છે. એમ લેવું છે. કયો જીવ આ માર્ગની શરૂઆતને પહોંચે – પામે ? કે, આવું જેને લક્ષ હોય તેને. આવું લક્ષ જેને ન હોય તેને કોઈ પણ બહારની ધાર્મિક ક્રિયા (કરતો હોય) એ શરૂઆતની સ્થિતિમાં છે એવું શરૂઆતનું Status પણ એને મળતું નથી – સ્થાન પણ મળતું નથી કે, આને શરૂઆત છે. શાસ્ત્ર વાંચે છે ને ? શાસ્ત્ર વાંચે છે એટલે શરૂઆત છે નહિ. શાસ્ત્રમાં પારંગત થયો છે ને ? તો એને શરૂઆત થઈ કે નહિ ? કે, નહિ. દયા, દાન, પૂજા, ભક્તિ, યાત્રા, અનેક પ્રકારે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, મહિમા બધું કરે છે તો એને શરૂઆત થઈ છે કે નહિ ? (તો કહે છે કે), જો એને અંદરમાં પૂર્ણતાનું લક્ષ ન થયું હોય તો એ કોઈને શરૂઆત થઈ છે એમ સંમત થઈ શકે એવું નથી. એ વાત માન્ય કરવા યોગ્ય નથી કે, એ શરૂઆતમાં આવ્યો છે. શરૂઆત નહિ હોવા છતાં, કોઈપણ ધાર્મિક ક્રિયાથી કોઈ જીવ એમ માને કે આ તો અમારી શરૂઆત છે, તો શરૂઆતમાં જ એની ભૂલ છે. પછી આગળની કોઈ વાત બરાબર હોવાની વિચારવાની રહેતી નથી. એ શરૂઆતમાં ભૂલેલો છે એમ એ સૂત્ર છે એ સ્પષ્ટ કરે છે.

મુમુક્ષુ :– સાતમા પાને ૧૮મો બોલ – દોર હાથમાં રાખવો.

પૂજ્ય ભાઈશ્રી :– **'દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે.'** દ્રવ્યદૃષ્ટિનો બોલ છે. **'વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે.'** આ જ્ઞાનદશાનો વિષય છે, સાધકદશાનો વિષય છે. સાધકદશામાં તો દૃષ્ટિ એકલી દ્રવ્ય ઉપર જ હોય છે. રાખવાની છે એટલે હોય છે. એ સાધકદશામાં વિકલ્પો આવે છે તોપણ એની દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એનો અર્થ એ છે કે, પોતાની નિજ સત્તાનું શ્રદ્ધામાં ગ્રહણ છે. 'આ હું' એવું નિજ સત્તાનું ગ્રહણ એટલે એનો આધાર શ્રદ્ધા લ્યે છે. એ આધાર શ્રદ્ધા ક્યારેય છોડતી નથી. દ્રવ્યનો આધાર શ્રદ્ધા ક્યારેય છોડતી નથી. વિકલ્પ અન્ય દ્રવ્યનો આવે ત્યારે પણ દૃષ્ટિ એટલે શ્રદ્ધા દ્રવ્યનો આધાર કદી છોડતી નથી. પછી આ બોલમાં વિકલ્પને પતંગની ઉપમા આપી છે. એ વિકલ્પ તો ગમે એટલો લાંબો લાંબો જાય, દૂર જાય તોપણ દોર હાથમાં છે એટલે દૃષ્ટિમાં જરા પણ ફેર નથી. એટલે એ વિકલ્પ છે એ મર્યાદામાં રહે છે એમ કહેવું છે. જેમ જે પતંગનો દોર હાથમાં છે તે પતંગ હાથમાંથી છૂટેલા દોરની જેમ, કપાયેલા દોરની જેમ ભાગતો નથી કે હાથમાં ન આવે એમ નથી. એમ જેને સ્વરૂપની દૃષ્ટિ છે એને અન્ય પદાર્થ સંબંધિત વિકલ્પ (આવે) એ મર્યાદામાં

છે. મિથ્યાદૃષ્ટિને નિરર્ગળ ભાવ આવે છે – આગળિયા વિનાનો – Control વિનાનો – લગામ વિનાનો પરિણામ થાય છે એવા પરિણામ જેને સ્વરૂપદૃષ્ટિ છે – આત્મદૃષ્ટિ છે એને એવા પરિણામ થતાં નથી. એટલે તો સમ્યક્દૃષ્ટિને ૪૧ પ્રકૃતિનો બંધ થતો નથી એમ કહ્યું છે. કેમકે એ પરિણામ તો એને થતા જ નથી. હવે ૧૪૭ પ્રકૃતિમાંથી જે ૪૧ પ્રકૃતિનો બંધ ન થયો અને બાકીની જે ૧૦૬ પ્રકૃતિ રહી એ ૧૦૬માં પણ કોઈ અનંતાનુબંધી સહિતનો કષાય નથી. ક્રોધ થાય, માન થાય, માયા થાય, લોભ થાય એ કષાય અને નોકષાયના પરિણામ થાય તોપણ એમાં અનંતાનુબંધીની ચિકાશ સમ્યક્દૃષ્ટિને થતી નથી. એટલે એની બાકીની જે ત્રણ ચોકડી રહી – પ્રત્યાખ્યાનાવરણીય, અપ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન, એ કષાયના ઉદયના કાળમાં પણ એના રસમાં ફેર પડી જાય છે. અનંતાનુબંધીનો કષાય ગયો તો બાકીની ત્રણ ચોકડીને યોગ્ય પરિણામમાં પણ રસમાં ફેર પડે છે અને જે મન-વચન-કાયાનો યોગ રહ્યો એ યોગ સંબંધીના પરિણામમાં પણ ફેર પડે છે. એક અનંતાનુબંધી ગયો તો બાકીનો જે સદ્ભાવ રહ્યો, દોષ થવાના પરિણામનો જે સદ્ભાવ રહ્યો એમાં પણ ફરક પડે છે. એક દૃષ્ટિ પ્રાપ્ત થતાં એટલો બધો મોટો ફેર હોવાથી એ માત્ર શરૂઆતવાળી દશા હોવા છતાં પણ એની વિશેષતા ગાવામાં આવી છે, વિશેષતા – મહિમા બતાવવામાં આવી છે એનું એ કારણ છે.

એ જ જ્ઞાનદશામાં – સાધકદશામાં વારંવાર દૃષ્ટિનું પરિણમન અને એને આનુષંગિક પુરુષાર્થનું પરિણમન થતાં એ પરિણામ વિશેષ વિશેષ દૃઢ અથવા મજબૂત થાય છે, શક્તિવાળા પરિણામ થાય છે. એટલું લેવું છે.

**જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય; આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય. જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ. ૬૩.**

૬૩માં બોલમાં પણ પુરુષાર્થના દૃષ્ટિકોણથી વસ્તુનું સ્વરૂપ કેવું છે અથવા વસ્તુનું વિજ્ઞાન કેવું છે એ વાત લીધી છે. જેમ જગતમાં **'જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય;...'** આ સર્વસાધારણ અનુભવગોચર વાત છે કે, જેવું વાવે તેવું ઊગે. એ તો જગતમાં કહેવત થઈ પડી છે કે, જેવું વાવે એવું ઊગે અને વાવે તેવું લણે. લણે એટલે પ્રાપ્ત કરવું. લણવું એટલે એના ફળને અંગીકાર કરવા, ફળ પ્રાપ્ત થવું એને લણવું કહે છે. ગુજરાતી ભાષાનો શબ્દ છે. ઘઉં વાવ્યા હોય (અને) ઘઉં પાકી જાય ત્યારે ઘઉંના જે ડૂંડાં (થાય) એ ડૂંડાંને કાપી લ્યે, ખડને રાખીને એવી કાપણીને લણણી કહેવામાં આવે છે. પાકને લણે છે. ખેતરની અંદર ડૂંડાં કાપે ત્યારે શું કહે છે ? કે, અત્યારે પાક લણાય છે. પહેલાં વવાયું હતું હવે લણવામાં આવે છે. લણવું એટલે પ્રાપ્ત કરવું. વાવે તેવું લણે અથવા વાવે તેવું ઊગે.

**'જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય;...'** વૃક્ષ પણ તેવું જ ઊગે. થાય એટલે ઊગે. **'આંબાનું બીજ (ગોટલો) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય.'** એ આકોલિયાનું બીજ ગોટલા જેવડું જ હોય છે. જેમ આવડો ગોટલો હોય છે એમ આકડો જે હોય છે (એ) આકડાને આકોલિયા કહે છે. આ લોકો 'હનુમાન'ને માળા પહેરાવે છે ને ? એ આકડાના ફૂલ છે. આકડાના ફૂલની માળા પહેરાવવામાં આવે છે. સફેદ ને જાંબલી કલરના ફૂલ થાય છે એના બી આવડા ગોટલા જેવડા બી હોય છે. બન્નેનો આકાર સરખો છે, Size સરખી છે માટે આકોલિયુ વાવે તો અંદરથી આંબો ઊગે કે ન ઊગે ? ન ઊગે. અથવા બીજું દૃષ્ટાંત લઈએ કે, ચોખો પણ સફેદ છે અને જુવાર પણ સફેદ છે, તો જુવાર વાવે તો (ચોખા ન ઊગે). વાવો જુવાર અને લણો ચોખા એ કોઈ દિવસ નહિ બને. જે વાવો તે જ ઊગશે, કુદરત બંધાયેલી છે. કુદરત એની સાથે બંધાયેલી છે. કોઈ ઈશ્વર-ફીશ્વર એમાં કામ કરે છે એવું નથી, કુદરત બંધાયેલી છે. એક જ ખેતરમાં બાજુ બાજુમાં વાવે છે ને ? ખાસ કરીને આપણે ત્યાં જે મગફળીના ખેતર છે એમાં વચ્ચે વચ્ચે જુવાર અથવા બાજરીના ડૂંડાં જોવામાં આવે છે. આપણે બહાર નીકળીએ તો સડક ઉપર બન્ને બાજુના ખેતરમાં થોડે થોડે અંતરે એ દેખાય. જમીન તેની તે છે, એક જ વરસાદનું પાણી બધાને મળે છે, એક જ સૂર્યનો પ્રકાશ મળે છે, તેની તે જમીન છે, ખાતર તે ને તે જાતનું એને નાખવામાં આવે છે પણ જ્યાં શીંગનો દાણો વાવ્યો છે ત્યાં શીંગનું છોડવું ઊગે છે, બાજરાનો દાણો વાવ્યો છે ત્યાં બાજરાનું છોડવું ઊગે છે. જે વાવો, જેમાંથી જે ઊગે તે જ ઊગે એ વિજ્ઞાનનો વિષય છે. એમાં કોઈ બીજી ઇચ્છા રાખે કે, આ વાવો અને એમાંથી બીજું કાંઈક પ્રાપ્ત કરો, એ અશક્ય અને અસંભવિત છે.

એ દૃષ્ટાંત અનુસાર સિદ્ધાંત એ લેવો છે કે, **'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય.'** જેવું

કારણ આપીએ તેવું કાર્ય થાય. કારણ અનુસાર કાર્ય થાય, કુદરત બંધાયેલી છે. 'શ્રેણિક મહારાજા' ! તીર્થંકરનું દ્રવ્ય છે. એ તો અનાદિથી તીર્થંકરનું દ્રવ્ય છે. પણ જ્યારે એ તીર્થંકર પ્રકૃતિની નજીક આવે છે ત્યારે એમનો ઇતિહાસ આગમોમાં અને પુરાણોમાં પ્રસિદ્ધ થાય છે. એ પહેલાં કેવળજ્ઞાનમાં પ્રસિદ્ધ થાય છે પણ આગમપ્રસિદ્ધ હોતો નથી. લોકો અપેક્ષા રાખે છે ને કે, આગમમાં પ્રસિદ્ધ હોવું જોઈએ. પણ આગમમાં એના કાળે પ્રસિદ્ધ થાય છે. આગમમાં સર્વ કાળે બધું પ્રસિદ્ધ થાય છે એવું બનતું નથી. આગમ તો મર્યાદિત ચીજ છે ને ? આગમ તો મર્યાદિત છે. ગણધરો એની રચના કરે છે, આગમની ઉત્પત્તિ થાય છે. જે તે કાળે જે તે તીર્થંકરના ગણધરો હોય છે એ આગમની રચના કરે છે. ત્યારે એનો જે કથાનુયોગ છે એ નજીકના ભવિષ્યમાં જે ત્રેસઠ શલાકાપુરુષો હોય છે અથવા સાધક મહાત્માઓ હોય છે એનો ઇતિહાસ એના પ્રથમાનુયોગમાં આવે છે. ચારે અનુયોગ આવે છે ને ? ભગવાનની વાણીમાં પણ આગળ-પાછળનું આવે છે, અનંતકાળનું આવતું નથી. જ્ઞાનમાં અનંતકાળનું આવે છે, વાણીમાં બધું અનંતકાળનું આવતું નથી. વાણીને કહેવાનો એટલો સમય પણ નથી. મર્યાદિત કાળ વાણી છૂટે છે. એટલે તો કહ્યું છે કે, 'ત્રિલોકસાર'માં આ વાત છે કે, કેવળજ્ઞાનમાં આવે એનાથી અનંતમા ભાગે દિવ્યધ્વનિમાં આવે અને દિવ્યધ્વનિમાં આવે તેનાથી અનંતમા ભાગે બાર અંગમાં આવે છે, જે ગણધરદેવ રચના કરે છે. એટલો મર્યાદિત આગમનો વિષય આવે છે.

પ્રશ્ન :– ભવી-અભવી કોણ કોણ છે એના નામ પણ આવતાં હશે ને ?

સમાધાન :– પણ અનંતા જીવો છે, ક્યાંથી આવે ? નામ તો મર્યાદિત છે, શબ્દોની મર્યાદા છે, શબ્દો અમર્યાદિત નથી. જીવો અમર્યાદિત છે, ભાવો અમર્યાદિત છે. બધું વાણીમાં આવી શકે નહિ. વાણીમાં ન આવે માટે વસ્તુનું સ્વરૂપ નથી એમ તો કેમ કહેવાય ?

પ્રશ્ન :– ('ગુરુદેવ') ભાવિ તીર્થંકર થવાના છે એ આવી ગયું ને ?

સમાધાન :– વર્તમાનમાં આવી ગયું, 'સીમંધર' ભગવાનની વાણીમાં આવી ગયું. આગમની અંદર ન આવે. કેમકે લગભગ ચોવીસ સાગરનો કાળ બાકી છે. ત્યાં મહાવિદેહ બાજુ તો એ પહેલાં ઘણાં તીર્થંકરો થઈ જશે, અસંખ્ય તીર્થંકરો થઈ જશે. અહીંયાં તો એક ચોવીસી પસાર થાય છે.

અહીંયાં તો શું કહેવું છે કે, કારણ આપે એવું કાર્ય થાય. તો તીર્થંકર દ્રવ્ય હોય અને દોષ કરે તો એનું ફળ એને ન આવે એમ નહિ થાય. 'શ્રેણિક' મહારાજાનો દૃષ્ટાંત એટલા માટે લીધો કે, અનાદિથી તીર્થંકર દ્રવ્ય છે. વર્તમાનમાં ભગવાન 'મહાવીરસ્વામી'ની વાણીમાં પ્રસિદ્ધ થયા કે, આવતી ચોવીસીના એ પ્રથમ તીર્થંકર છે, આદિ તીર્થંકર છે. 'મહાપદ્મ' નામના એ પહેલાં તીર્થંકર થશે. તેથી કરીને એમને જે દોષ થયો એનું ફળ અત્યારે નરક ગતિમાં

છે એ ન થાય એમ ચાલતું નથી, એ ચાલી ન શકે. આ લોકોને જરા દુઃખ લાગે છે કે, 'શ્રીકૃષ્ણ' છે એ અત્યારે નારકીમાં છે. તો કહે છે કે, તમે અમારા ભગવાનને એવું કહો કે નરકમાં ગયા છે ? ભાઈ ! તમારા ભગવાન કે અમારા ભગવાનનો સવાલ નથી. અમારા ભગવાન હોય તો અમે એ જ વાત કરીએ છીએ અને બીજા કોઈના માનેલા ભગવાન હોય તોપણ (એ જ કહીએ છીએ). એ પણ ત્રેસઠ શલાકા પુરુષ છે. એની પણ જે સ્થિતિ છે એ વાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. એ કાંઈ અન્યમતના ભગવાન છે માટે કોઈને દુઃખ લગાડવા માટે વાત નથી. એના પુરાણમાં એની રીતે એને ભગવાનનો અવતાર માનીને ભગવાન માન્યા છે. અહીંયાં આપણાં પુરાણમાં – 'હરિવંશ પુરાણ'માં એ વિષય છે. 'શ્રીકૃષ્ણ'નું ચરિત્ર છે એ આપણાં વર્તમાન કથાનુયોગ – 'હરિવંશ પુરાણ'નો વિષય છે. આચાર્યોએ લખેલા આ બધા ગ્રંથો છે. 'રામચંદ્રજી'નું છે એ 'પદ્મપુરાણ' છે અને આ 'હરિવંશ પુરાણ' છે. આ હરિવંશમાં થયા, પેલા રઘુવંશમાં થયા હતા, આ હરિવંશમાં થયા. 'આદિનાથ' ભગવાન પછી કેટલાક કાળે એ જ વંશમાં બે ફાંટા પડેલા છે એમાં એક રઘુવંશ પ્રસિદ્ધ થયો અને એક હરિવંશ પ્રસિદ્ધ થયો. 'રામચંદ્રજી' છે એ રઘુવંશમાં ઉત્પન્ન થયા, 'શ્રીકૃષ્ણ' છે હરિવંશમાં ઉત્પન્ન થયા છે. એમનો ઇતિહાસ પુરાણની અંદર બહુ આવે છે. 'હરિવંશ પુરાણ'માં એ ઇતિહાસ આવે છે કે, આટલા કાળે રઘુવંશ થયો, આટલા કાળે હરિવંશ થયો.

અહીંયાં તો પુરુષાર્થની વાત લેવી છે કે, **'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય.'** જીવનો પુરુષાર્થ એ અનંત ગુણ માંહેના એક વીર્ય ગુણનો પર્યાય છે. તે સદા સર્વદા સર્વ જીવોને પરિણમનસ્વરૂપ જ હોય છે પણ ખોટો પુરુષાર્થ એટલે ઊંધી દિશાનો પુરુષાર્થ હોય તો એનું ફળ સવળું ન થાય. સાચો પુરુષાર્થ એટલે અંતર્મુખની દિશાનો આત્મપ્રત્યયી પુરુષાર્થ હોય તો એનું સાચું ફળ એટલે આત્મપ્રાપ્તિ – સ્વાનુભવરૂપ એનું ફળ મળે, મળે ને મળે જ. કોઈ જીવ અંતર્મુખ થઈને પોતાના સ્વકાર્યના પુરુષાર્થમાં લાગે અને એને સ્વાનુભૂતિરૂપ ફળ ન મળે એવું કદી બને નહિ. એ તો વસ્તુનું વિજ્ઞાન છે, કુદરત છે એમાં બીજો કોઈ ફેર પડતો નથી.

જૈનદર્શન એટલે કર્મવાદ નથી પણ જૈનદર્શન એટલે વસ્તુનો વિજ્ઞાનવાદ છે. જૈનદર્શન એટલે વિજ્ઞાન છે – વસ્તુનું વિજ્ઞાન છે. એટલે એ વિજ્ઞાનનો વાદ છે. વાદ એટલે કહેનારું, કથન કરનારું. જૈનદર્શનનું વચન વિજ્ઞાનને કહેનારું વચન છે. એ કોઈ માત્ર કર્મને કહે છે એમ નથી. કર્મનું વિજ્ઞાન છે એ તો વસ્તુવિજ્ઞાનનો એક પેટા વિભાગ છે અને તે કર્મનું વિજ્ઞાન જડ પરમાણુ સાથે સંબંધ ધરાવે છે. એના નિમિત્તે નોકર્મના ફળ પણ બતાવવામાં આવે છે. એના નિમિત્તે થતા જીવના વિકારી પરિણામને પણ દર્શાવવામાં આવે છે પણ માત્ર એટલું વિજ્ઞાન નથી. એ સિવાય પણ અધ્યાત્મનું પરિણમનનું વિજ્ઞાન જુદું રહી જાય છે. એ વિજ્ઞાનનો

કરણાનુયોગમાં સમાવેશ નથી. એટલે ચૌદ ગુણસ્થાન તે આત્મા નથી, અનુભૂતિ નથી. અનુભૂતિથી બાહ્ય છે અને પુદ્‌ગલના પરિણામ છે એમ કહેવામાં આવ્યું છે એ અધ્યાત્મના દૃષ્ટિકોણથી કહેવામાં આવ્યું છે. કેમકે ગુણસ્થાન છે એ કરણાનુયોગના વિભાગમાં જાય છે. ચૌદે ગુણસ્થાન, માર્ગણાસ્થાન અને જીવસ્થાન – એ ૪૨ બોલ કરણાનુયોગના વિભાગમાં જાય છે. અધ્યાત્મનું વિજ્ઞાન જુદું રહે છે અને કર્મના વિજ્ઞાન કરતાં અધ્યાત્મનું વિજ્ઞાન ઘણું સૂક્ષ્મ, ઊંડું અને પ્રયોજનભૂત છે.

કહે છે કે, **'જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય.'** એ ત્રણે કાળે અફર સિદ્ધાંત છે. **'સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ.'** એટલે એમ કહે છે કે, તું ક્યાંય શંકા ન રાખીશ કે, મારો પુરુષાર્થ હું કરીશ અને મને કદાચ સફળતા મળશે કે નહિ મળે ? એવી કોઈ શંકામાં તારે રહેવા જેવું નથી. જે જીવ આત્માનો પુરુષાર્થ કરે છે એને જરૂર એનું ફળ – સ્વાનુભવરૂપ ફળ અથવા એને પરિપૂર્ણ શુદ્ધતા – મોક્ષ દશારૂપ ફળ એને મળે જ મળે છે, ન મળે એવું બનતું નથી. અહીંયાં સાચા પુરુષાર્થથી સમ્યગ્દર્શનનું બીજ વાવ્યું તો એમાંથી મોક્ષમાર્ગનું ફળ ઊગીને મોક્ષ-ફળ એમાંથી આવ્યા વિના રહેશે નહિ.

એ ૬૩મો બોલ (પૂરો) થયો.

**અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે. બહારમાં, પંચ પરમેષ્ઠી–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ–નમસ્કાર કરવાયોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે. ૬૪.**

૬૪ બોલ. **'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે;...'** આ કરવાયોગ્ય... કરવાયોગ્ય... કરવાયોગ્ય એવી અહીંયાં આ બોલની ભાષા આવી છે. એટલે કરવાયોગ્યને કર્તવ્ય કહેવામાં આવે છે. શું કર્તવ્ય છે ? એનો ઉત્તર ચાલે છે. અંદર અને બહાર બન્ને વાત લેશે. આ બાજુ પછી ત્રણ લીટી પૂરી કરીને **'બહારમાં'** એમ કરીને વાત શરૂ કરી છે.

**'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે;...'** ચૈતન્યતત્ત્વ એટલે પોતાનો સ્વભાવ. ચૈતન્યતત્ત્વ એટલે નિજ પરમાત્મતત્ત્વ અથવા પોતાનું સિદ્ધપદ. તે **'નમસ્કાર કરવાયોગ્ય છે;...'** એટલે તેમાં નમવા જેવું છે, તેમાં ઢળવા જેવું છે એમ કહે છે. એ કર્તવ્ય છે. અંદરમાં શું (કર્તવ્ય છે) ? અંતર્મુખ થઈને તેમાં ઢળવું, નમવું એ અંદરનું કર્તવ્ય છે. જીવમાં મુખ્ય કર્તવ્ય છે. અંદરમાં એટલે મુખ્ય કર્તવ્ય છે.

પ્રશ્ન :- એટલે લીનતા કરવી એમ થાય ?

સમાધાન :- હા, નમે, ઢળે એટલે લીન થાય, એમાં લીન થાય. ચારિત્ર અપેક્ષાએ 'લીનતા' શબ્દ વાપરવામાં આવે છે. ચારિત્રગુણની વાત આવે ત્યારે 'લીનતા' શબ્દનો પ્રયોગ થાય છે. જ્ઞાન પણ અંદરમાં ઢળે છે, શ્રદ્ધાન પણ અંદરમાં ઢળે છે અને પુરુષાર્થ પણ અંદરમાં વળે છે. એ બધા, આત્માના એ સર્વ ગુણોએ કરીને, અનંત ગુણોએ પણ અંદરમાં જ વળવા જેવું છે. એને ભાવનમસ્કાર કહેવામાં આવે છે. આનું નામ ભાવનમસ્કાર.

નિજ સ્વરૂપને અભેદભાવે પરમ ભક્તિએ નમસ્કાર હો ! 'શ્રીમદ્જી' કોઈ વાર પત્ર લખતા ત્યારે આવું મથાળું બાંધતા. અભેદ સ્વરૂપને અત્યંત ભક્તિએ નમસ્કાર હો ! એવા મથાળાં બાંધતા. એ ભાવનમસ્કારની વાત છે. એમાં અત્યંત ભક્તિ એટલે સ્વરૂપનો રાગ અને વિકલ્પ નહિ. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થનું અભેદ પરિણમન એને જ અભેદ ભક્તિ, અત્યંત ભક્તિ કહેવામાં (આવે છે). અભેદ ભક્તિએ નમસ્કાર હો. ભક્તિને જ અભેદભક્તિ વિશેષણ લગાડ્યું છે. નિજ સ્વરૂપને - પરમાત્મસ્વરૂપને નિજ પરમ સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર હો ! ભક્તિ એટલે ભક્તિનો વિકલ્પ થાય તે ભેદભક્તિ છે અને નિજ સ્વરૂપમાં અભેદ પરિણમન થાય તેને અભેદ ભક્તિ - નિશ્ચય ભક્તિ કહેવામાં આવે છે. એ જ કરવા યોગ્ય છે.

એ કરવાયોગ્ય છે **'તે જ મંગળ છે,...'** એવો ભાવનમસ્કાર તે પવિત્ર દશા છે. મંગળ છે એટલે એ નિષ્પાપ દશા છે. એમાં તીવ્ર કષાયનું પાપ તો નથી પણ મંદ કષાયરૂપ પાપ પણ એમાં નથી. મંદ કષાયને પુણ્ય કહેવાય છે પણ એ તો વ્યવહારે પુણ્ય કહેવાય છે, નિશ્ચયથી એને પાપ કહેવાય છે. એ પણ એમાં નથી. **'તે જ મંગળ છે,...'** તે જ પવિત્ર છે, તે જ પ્રાપ્ત કરવાયોગ્ય છે અને **'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...'** એવો જે ચૈતન્ય પદાર્થ છે તે સર્વ પદાર્થમાં ઉત્તમ છે. એના જેવો કોઈ ઉત્તમ પદાર્થ જગતને વિષે નથી. બીજા આત્માઓ એ

જાતના છે એટલે ઉત્તમ છે પણ પોતાને માટે કોઈ ઉત્તમ નથી. પોતાને માટે તો પોતાનું ચૈતન્યતત્ત્વ જ ઉત્તમ છે, ઉત્કૃષ્ટ છે, સર્વોત્કૃષ્ટ છે એમ જોવું છે. કેમકે પોતાનું શાંતરસનું, આનંદરસનું અમૃત – અનંત અમૃત પોતામાં ભર્યું છે માટે એ સર્વોત્કૃષ્ટ છે. એનાથી જગતમાં કોઈ ઉત્તમ નથી. આ કોઈ ખોટો વધાર કરીને વખાણ (કર્યા છે) કે વિશેષણો લગાડ્યા છે એમ નથી. ખરેખર એ આત્મતત્ત્વને – નિજસ્વરૂપને જેટલા વિશેષણો લગાડ્યા છે તેવા જ એનામાં ગુણ રહેલાં છે તેથી તે યથાર્થ છે. તેમ હોવા છતાં પણ તે વિશેષણોની મર્યાદામાં તે પદાર્થ નથી. એવા અનંત ગુણથી વિશિષ્ટ આત્મપદાર્થ છે કે, જેને માટે ભાષામાં શબ્દો નથી. તેથી એ આત્મા ભાષા દ્વારા કહેવાતો – કથાતો નથી. એટલે જે વિશેષણો દ્વારા કહેવાય છે એમાં અધૂરું કહેવાય છે. અધૂરું કહેવાય છે શું સંકેતમાત્રપણે કહેવાય છે, નહિ કહેવાનું અનંતુ બાકી રહી જાય છે એટલું ઓછું કહેવાય છે !

(કોઈને એમ લાગે કે) આટલો બધો તમે મહિમા કરો છે એટલે કાંઈ મહિમા કરવા ખાતર સાચો-ખોટો ગમે તે કરી નાખે. જગતમાં તો લોકો વખાણ કરે ત્યારે પછી કાંઈ ન હોય તોપણ ખોટેખોટા વખાણ કરે છે કે નહિ ? અહીંયાં એમ ચાલતું નથી. જગતમાં તો સામાન્ય રીતે કોઈની ગેરહાજરી થાય એટલે પછી એના વખાણ કરવામાં આવે કે, ભાઈમાં આવા ગુણ હતા, આવા હતાં, આવા હતાં. ન હોય ઈ પણ કહે અને કેટલાક દોષ હોય તો ન કહે. (એમ કહે કે) મરી ગયેલા માણસનું એવું કાંઈ જોવાય નહિ, બે સારી વાત હોય એ કરવી જોઈએ. એ જગતના વ્યવહારમાં બધા આડંબર છે. અહીંયાં આત્માની મહિમા કરવામાં આવે છે ત્યાં કોઈ આડંબરથી મહિમા કરવામાં આવે છે, વધારીને કહેવામાં આવે છે એ બિલકુલ નથી.

પ્રશ્ન :– પોતાના વખાણ કરવામાં પંચપરમેષ્ઠીનો અવિનય નહિ થઈ જાય ?

સમાધાન :– પંચપરમેષ્ઠીનો આમાં જ વિનય છે. કેમકે પાંચે પદ આત્મામાં છે. પાંચે પદ તો આત્મામાં છે. પછી અવિનયનો ક્યાં સવાલ ઊભો થાય છે ? અને બીજા પંચપરમેષ્ઠી તો એમ કહે છે કે, તેં તારા સ્વરૂપનો મહિમા કર્યો તો અમે તને ધન્યવાદ આપીએ છીએ. અમે એમ કહેતા નથી કે, તું અમારો મહિમા કર અથવા અમારો કોઈ મહિમા કરે એવી અપેક્ષાવાળી પામરતા અમને રહી નથી કે જેથી અમે ખોટું લગાડીએ. પોતાના વખાણ ન કરે ત્યારે તે વ્યક્તિ ખોટું લગાડે, દુઃખ લગાડે કે, મારા વખાણ કરવામાં આવતા નથી એટલે મને મુખ્યતા આપવામાં આવતી નથી, મને માન આપવામાં આવતું નથી. એમ જ્યારે પરિણમન થાય છે, એવા ભાવોનું જ્યારે પરિણમન થાય છે એ અત્યંત પામરતાના અને દીનતાના પરિણામ છે. 'આનંદઘનજી'એ તો એને 'કૂતરા'ની ઉપમા આપી છે. એક પદની અંદર 'કૂકર આશા ધારી...' (એમ કહ્યું છે). કેમકે જીવને લોકસંજ્ઞાએ કરીને જગતના જીવો તરફથી માન-સન્માન મળે એવી

વૃત્તિ રહે છે. એટલે એને ઘર-ઘરમાંથી જેમ કૂતરાને રોટલાના બટકા માટે ભટકવું પડે છે એમ આ જીવના પરિણામ બીજા બીજા ઘરમાં, મને અહીંથી માન મળશે કે નહિ ? મને અહીંથી મળે છે કે નહિ ? મને અહીંથી મળશે કે નહિ ? મને અહીંથી મળે તો સારું. એવો જે એનો ભટકવાનો પરિણામ છે એને 'કૂકર આશા' – કૂતરાની જેવા પરિણામ કહ્યાં છે. એટલા એ પોતાના દીન અને પામર પરિણામ છે. એવા પરિણામ પંચપરમેષ્ઠીમાંથી કોઈને હોતાં નથી. અરિહંતને, સિદ્ધને તો વિકલ્પ જ નથી. પરપદાર્થ પ્રત્યેના પરિણમનનો અનંતમો અંશ પણ નથી પણ જે હજી અલ્પ રાગમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ દશામાં રહ્યાં છે, 'ગુરુદેવશ્રી' તો એને ચૈતન્યના બાદશાહ કહેતા ! આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભાવલિંગી સંત (ચૈતન્યના બાદશાહ છે).

હમણાં જ એક 'ગુરુદેવ'નું પ્રવચન વાંચ્યું. આ ('બહેનશ્રીનાં વચનામૃત' ઉપરના પ્રવચનોનો) ચોથો ભાગ છે ને એમાં એ વાત છે. ભાવલિંગ એટલે આત્મસ્વરૂપનું ચૈતન્યનું પ્રચુર સંવેદનનું પરિણમન એને ભાવલિંગ કહેવામાં આવે છે. નગ્ન દશા એ પણ લિંગ નહિ, પંચ મહાવ્રતના પરિણામ પણ એ ભાવલિંગ નહિ, એ મુનિદશાનું ભાવલિંગ નહિ. પણ આત્માના સ્વસંવેદનનું અને આનંદનું પ્રચુર પરિણમન એને ભાવલિંગ કહેવામાં આવે છે. એ આનંદમાંથી નવરા ક્યાં છે ? આનંદના પ્રચુર વેદનમાંથી એટલી નવરાશ એમને ક્યાં છે કે, મારી કો'ક ફલાણા ભક્તિ કરે તો ઠીક ? મને નમસ્કાર કરે તો ઠીક. એ તો 'વંદે ચક્રી તથાપિ ન મળે માન જો...' 'શ્રીમદ્જી'એ નેવુ વર્ષ પહેલાં એ ગાયું. પ્રસિદ્ધપણે દિગંબર સંપ્રદાયમાં નહોતા આવ્યા તોપણ મુનિદશા તો બિલકુલ જેવી ભાવલિંગની મુનિદશા હોય એવી એમણે ગાઈ છે.

પ્રશ્ન :– પૂર્વમાં જોઈ લીધી હશે ને ?

સમાધાન :– હા, એમને તો જાતિસ્મરણ(જ્ઞાન) હતું. એમને તો એ બધું ખ્યાલમાં હોય. 'નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો...' અઠ્યાવીસ મૂળગુણની ઘણી વાતો આવે છે. એ તો સેનાસહિત, લાવલશ્કર સાથે ચક્રવર્તી નીકળે, એકલો કોઈ દી' નીકળે નહિ, એનું લાવલશ્કર સાથે જ હોય, ખર્ચ ન થાય ? એના પુણ્ય એટલા છે. (તોપણ) એ (મુનિરાજ) સામું જોતા નથી. એ ધ્યાનમાં બિરાજમાન હોય તો ધ્યાનમાં જ રહે છે. એ નમસ્કાર કરીને ગયા કે એમને એમ ગયા ? એને કાંઈ પડી નથી. નમે તો એ ઠીક, મને ચક્રવર્તી નમ્યા, મને ઇન્દ્ર આવીને વંદન કરી ગયા ! એવો વિકલ્પ એને નથી. એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ હોય છે. કેમકે અંદરમાં એ ભાવનમસ્કારમાં પડેલા છે.

**'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...'** જગતના બીજા જીવો નમન કરે એને સ્થાન આપે કે પોતાના ચૈતન્યતત્ત્વને સ્થાન આપે ? પંચપરમેષ્ઠી કોને સ્થાન આપે ? જો પંચપરમેષ્ઠી એમ

કહે કે, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે તો જે ચૈતન્યતત્ત્વને નમસ્કાર કરે એનું અનુમોદન કરે ને ? અને પોતે જો એમ અપેક્ષા રાખે કે, બીજા મને નમસ્કાર કરે તો એણે બીજાના નમસ્કારને ઉત્તમ માન્યો છે, પોતાના ચૈતન્યતત્ત્વને એણે ઉત્તમ માન્યું નથી. એ ત્યાં નમ્યો, એ તો બીજાના નમસ્કાર બાજુ ઢળ્યો. એવું તો મોક્ષમાર્ગમાં હોતું નથી. **'તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે,...'**

**'ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે.'** આશ્રયનું સ્થાન, આશ્રય કરવાયોગ્ય, નમસ્કાર કરવાયોગ્ય એટલે પછી નમસ્કાર ઉપરથી આશ્રય ઉપર આવ્યા છે. અહીંયાં શબ્દ બદલ્યો. ભવ્યજીવોને – આસન્ન ભવ્યજીવોને **'તે આત્મતત્ત્વ જ એક શરણ છે.'** એટલે કે આસન્ન ભવ્યજીવો (કે) જેની ભવ્યતાનો પરિપાક નજીક છે એને આસન્ન કહેવામાં આવે છે. સંસ્કૃત ભાષાનો શબ્દ છે. આસન્ન એટલે નજીકપણું. તેને તો એક આત્મતત્ત્વ જ શરણ છે અથવા આસન્ન ભવ્યજીવો પોતાના આત્મતત્ત્વનું જ શરણ ગ્રહણ કરે છે. એ બીજાના શરણમાં જતા નથી કે બીજાનું એ શરણ લેતા નથી. એ મૂળમાં વાત છે, મુખ્ય વાત છે. એવા છદ્મસ્થ જીવોને – સાધકોને બહારમાં શું પ્રકાર છે એ વાત હવે પછી લેશે.

## તા. ૨૮-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૪, ૬૫, ૬૬
## પ્રવચન નં. ૫૭

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૬૪) **'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે;...'** તેમાં ઢળવા યોગ્ય છે. તે ઉત્તમ છે, મંગળ છે. તે એકમાત્ર શરણભૂત છે. **'બહારમાં, પંચ પરમેષ્ઠી–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – નમસ્કાર કરવાયોગ્ય છે...'** આ સિવાય બીજા કોઈ નમસ્કાર કરવાયોગ્ય નથી એમ નિશ્ચિત કર્યું. એટલે કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનો એમાં અનર્પિતપણે નિષેધ છે.

જેઓ આત્માની પવિત્ર દશાને પ્રાપ્ત થયા છે, જેણે આત્માની નિર્દોષતા અને ગુણ પ્રગટ કર્યા છે એવા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – પંચ પરમેષ્ઠી નમસ્કાર કરવાયોગ્ય છે. આ બહારમાં શું કરવું ? અંદરમાં શું કરવું ? નિશ્ચય શું ? વ્યવહાર શું ? નિશ્ચયે કર્તવ્ય શું ? વ્યવહારે કર્તવ્ય શું ? એ બન્ને વિષયનો ખુલાસો છે.

કેમ તેઓ નમસ્કાર કરવાયોગ્ય છે ? **'કેમ કે તેમણે આત્માની સાધના કરી છે;...'** જે સાધના કરે છે તે અંદરમાં પોતાના સાધ્ય સ્વરૂપને નમે છે અને બહારમાં એ પોતાના સાધ્ય સાથે અને પોતાની સાધના સાથે જેનો મેળ છે એને નમસ્કાર કરે છે. આટલું લેવું છે. જગતના જીવો કુદેવાદિને નમસ્કાર કરે છે કેમકે એને સ્વરૂપની આત્મસાધના સિવાય પણ બીજું કાંઈક જોઈએ છે. પ્રાયે તો જગતમાં ધર્મ કરીને પણ સંયોગનું સુખ, સંયોગની અનુકૂળતાઓ પ્રાપ્ત કરવાની ભાવના એ પ્રકારની શ્રદ્ધાને વશ જીવને થયા વિના રહેતી નથી. જીવને એવી શ્રદ્ધા છે કે સંયોગ અનુકૂળ હોય તો હું સુખી રહું. એટલે એ પ્રકારની ભાવના એ ધર્મના ક્ષેત્રમાં પણ ભાવે છે. અનંત વાર વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવના સમવસરણનો સંયોગ થયો તોપણ

વીતરાગની સામે જોઈને જીવે સંયોગને જ માગ્યો છે, સંયોગના સુખને – કાલ્પનિક સુખને જ ઇચ્છ્યું છે, એની જ ભાવના કરી છે. તેથી એણે ખરેખર અરિહંતાદિને નમસ્કાર કર્યા નથી.

નમસ્કાર મંત્ર તો જૈન માત્ર, નામે જૈન હોય એ પણ સ્વીકારે છે તોપણ એની પાછળ ભાવના શું છે ? એ સવાલ છે. શ્રદ્ધા શું છે ? એ સવાલ છે. એમ તો સત્‌શાસ્ત્ર આદિનો સ્વાધ્યાય અને અધ્યયન અનેક જીવો કરે છે પણ શું આધાર લઈને, કયા શ્રદ્ધાનથી કરે છે ? એની પાછળ એનું ધ્યેય શું છે ? એ મુખ્ય વાત છે અથવા શું દૃષ્ટિકોણ છે એ મુખ્ય વાત છે.

અહીંયાં કારણ આપ્યું છે. અમે તો અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને એટલે નમીએ છીએ (કેમકે) તેમણે આત્મસ્વરૂપની સાધનાને સાધી છે. તેથી અમે એને નમસ્કાર કરીએ છીએ. બીજા કોઈ કારણવશ અમે નમસ્કાર કરતા નથી. એ સ્પષ્ટીકરણ છે. અંદરમાં અમારે અમારા આત્માનું સાધન કરવું છે, એની સાધના કરવી છે અને બહારમાં એવા આત્માના ગુણ, નિર્દોષતા, પવિત્રતા જેણે પ્રગટ કરી છે એના પ્રત્યે અમારું બહુમાન છે. નમસ્કાર કરીએ છીએ એટલે એના પ્રત્યે બહુમાન છે, ભક્તિ છે અને તે કર્તવ્ય છે.

પ્રશ્ન :– આત્માને જ સાધીએ તો ?

સમાધાન :– સારી વાત છે. એક આત્માને પૂરેપૂરો સાધી લ્યો તો પાંચને સાધવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરિહંત અને સિદ્ધ એમણે આત્મસાધના સાધી લીધી તો એમને બીજા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુને નમસ્કાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમ કરી લ્યો તો કાંઈ વાંધો નથી. પણ એમ ન થાય અને જ્યાં સુધી રાગનું ઉત્થાન થાય, રાગ ઉત્પન્ન થાય, વિકલ્પ ઉત્પન્ન થાય તો આવી સાધના જેમણે સાધી છે તેમના પ્રત્યે બહુમાન અને ભક્તિનો જ રાગ આવે. એવું એ સહજ, સ્વાભાવિક કુદરતી છે. રાગના કાળમાં એવો રાગ ન આવે અને બીજો રાગ આવે તો તે અસ્થાનનો રાગ છે. એને આત્મસાધના અંદરમાં હોય એ વાત સંમત કરવાયોગ્ય નથી, એમ છે. કેમકે જેની વ્યવહારમાં ભૂલ તેની નિશ્ચયમાં અવશ્ય ભૂલ હોય છે. એનું નિશ્ચયનું પડખું તપાસ કરવાની તસ્દી લેવા જેવી નથી.

કેમકે તેઓ મંગળ છે. તેમણે સાધના કરી છે, '**તેઓ મંગળરૂપ છે,...**' નિષ્પાપરૂપ છે, પવિત્રસ્વરૂપ છે. '**તેઓ લોકમાં ઉત્તમ છે,...**' આ જગતને વિષે ઉત્તમ વ્યક્તિઓમાં તેમનાથી ઉત્તમ કોઈ નથી. પછી બીજા ગમે તે નામધારી હોય, ગમે તે લેબાસમાં હોય, ગમે તે કહેવાતા હોય પણ પંચ પરમેષ્ઠીથી કોઈ ઉત્તમ નથી.

મુમુક્ષુ :– પરમ ઇષ્ટ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પરમ ઇષ્ટ એટલે પરમેષ્ઠી, પરમ ઇષ્ટ છે. એનાથી પછી બીજા અપરમમાં

જાય છે, પરમમાં કોઈ આવતા નથી. પરમ એટલે ઉત્કૃષ્ટ.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'એ, 'સોગાનીજી'એ સત્સંગને બહુ ગાયો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સત્સંગને તો ગાયો જ છે. એમાં શું વાંધો છે ? હા, બરાબર આવે છે, બરાબર આવે છે. જેને સત્ પ્રગટ છે એવા આત્માઓનો, સત્‌સ્વરૂપ આત્મા જેણે પ્રગટ કર્યો એનો સંગ કરવાનો ભાવ એ સત્સંગ છે. એના સંગમાં રહેવાનો ભાવ તે સત્સંગ છે. એનાથી બોધ ગ્રહણ કરવાનો અભિપ્રાય તે સત્સંગ છે.

**'તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે.'** અથવા પોતાનું અંતર શરણ લેવું છે, અંતરંગમાં જે શાશ્વત શરણ લેવું છે, ધ્રુવ શરણ લેવું છે એમાં એ નિમિત્ત છે. તેથી તેઓ શરણ છે એમ આરોપ કરવામાં આવે છે. એવું નિમિત્તથી કથન બોલવામાં આવે છે. શબ્દ પ્રમાણે અર્થ નથી પણ એ વ્યવહાર-વચન છે, પાણીના લોટા જેવું. પાણીનો લોટો હોતો નથી, ધાતુનો લોટો હોય છે પણ બોલાય છે પાણીનો લોટો. એમ તેઓ ભવ્યજીવોને શરણ છે એમ કહેવાય છે. અંતર શરણ લેવામાં એ નિમિત્ત પડે છે એટલે એ શરણ છે એમ કહેવામાં આવે છે. આવા વચનથી કોઈ એમ સમજી લ્યે છે કે, પંચ પરમેષ્ઠી શરણ આપે છે, રક્ષણ આપે છે. શરણ આપે છે એટલે રક્ષણ આપે છે અને નમસ્કાર મંત્રનો જાપ કરવામાં આવે તો આપણે સુરક્ષિત થઈ જઈએ, પછી આપણને કોઈ બાધા ન કરી શકે, કોઈ મંત્ર, તંત્ર આપણા ઉપર અસર ન કરી શકે અથવા કોઈ ભૂત, પ્રેત આપણને વળગી શકે નહિ – એવું માને છે.

પ્રશ્ન :– રહસ્ય શું છે ?

સમાધાન :– ખરેખર તો પોતાને અંતર શરણમાં જાવું છે, ધ્રુવના શરણમાં જવું છે ત્યાં સુરક્ષિત થવાય છે અથવા પોતે ધ્રુવપણે સુરક્ષિત છે એમ જ્યારે અનુભવાય છે ત્યારે પોતાનું શરણ મળ્યું એમાં એમ બતાવનારા, એવો માર્ગ બતાવનારા, એવું ધ્રુવ સ્વરૂપ બતાવનારાને વ્યવહારે શરણ કહેવામાં આવે છે. એ કાંઈ કરતા નથી. પંચ પરમેષ્ઠી કોઈ જીવોનું કાંઈ કરતા નથી.

મુમુક્ષુ :– 'એસો પંચ ણમોક્કારો સવ્વ પાવ પણાસણો' એવું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'એસો પંચ ણમોક્કારો સવ્વ પાવ પણાસણો' સર્વ પાપનું પ્રનાશન – સારી રીતે નાશ કરનાર છે. એટલે શું છે કે એ પુણ્યના ઉત્પાદક પરિણામ છે. એવા પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા એનાથી પુણ્ય બંધાય છે અને પુણ્ય બંધાય ત્યારે પાપનો નાશ થાય. એમ કહેવું છે.

પ્રશ્ન :– નમસ્કાર કર્યા કોને કહેવાય ?

સમાધાન :- એમનું સ્વરૂપ ઓળખીને ભક્તિ કરે, બહુમાન કરે ત્યારે. ઓઘેઓઘે કરે છે એમાં એટલું પુણ્ય નથી થતું. એ પણ પુણ્યભાવ છે પણ પુણ્યભાવના અનેક દરજ્જા છે, અનેક સ્તર છે, અનેક કોટિના, અનેક કક્ષાના એ પરિણામ છે. એમાં ઓઘે કોઈ પંચ નમસ્કાર મંત્ર બોલે અને કોઈ સમજીને, એમનું સ્વરૂપ સમજીને ભક્તિ કરે છે એ વચ્ચે બહુ મોટું અંતર છે. સ્વરૂપને ઓળખીને બહુમાન આવે અને ઓળખ્યા વિના બીજાની પાછળ પાછળ, મહાપુરુષો પણ પંચ નમસ્કાર મંત્ર બોલ્યા છે માટે આપણે પણ એનો જાપ કરો, એમ સમજ્યા વગર કરે અને સમજીને કરે એમાં બહુ મોટો ફેર છે. બન્ને પુણ્યના જ પરિણામ છે છતાં એ બન્ને વચ્ચે ઘણો મોટો ફરક છે.

મુમુક્ષુ :- ઓળખીને નમસ્કાર કરે એને 'સવ્વપાવ પણાસણો' છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને છે. આમ તો એ પુણ્યભાવ છે, પાપભાવ તો નથી જ, એટલા પૂરતી વાત છે. પણ ઓળખ્યા વગર એમને એમ ઓઘઓઘે કરે એટલે એના સર્વ પાપો નાશ થાય એમ નથી. ખરેખર તો પોતાનો આત્મા જ નમસ્કાર કરવાયોગ્ય છે. નિશ્ચયથી, ખરેખર તો એમ જ છે. આ પુણ્યભાવ તો રાગમાં આવે છે એટલે ઉત્પન્ન થાય છે પણ એના ઉપર એવી નજર નહિ હોવી જોઈએ કે, આ ઠીક છે, મને હવે પાપનો ઉદય નહિ આવે, પુણ્યનો ઉદય રહેશે, અનુકૂળતાઓ મળશે અને હું સુખી રહીશ. (આવું જો રહેતું હોય) તો પાછું મિથ્યાત્વનું મોટું પાપ (લાગે). અલ્પ પુણ્ય અને પાપ મોટું, પાપ ઘણું ! એવા પરિણામ થશે. પુણ્યાનુબંધી પાપ બાંધે પછી શું ફાયદો થાય ? નુકસાન જ જાય, એ તો સીધી વાત છે. એ તો પહેલેથી નુકસાનમાં જ બેઠો છે. એ ભાવ કર્યા ત્યારથી જ નુકસાનમાં બેઠો છે. અથવા ધર્મ એ કોઈ સોદાબાજીનું ક્ષેત્ર નથી કે, હું આટલો ધર્મ કરું એટલે મને આવું ફળ મળે તો સારું. એવો પહેલેથી અંદરમાં અભિપ્રાય રાખીને ધર્મના ક્ષેત્રમાં કોઈપણ પ્રકારના જીવ પરિણામ કરે, ભાવ કરે એ બધા તીવ્ર પાપસહિતના શુભ ભાવ છે. પણ એને એ પાપભાવ દેખાતો નથી અને માત્ર શુભોપયોગ છે એ દેખાય છે. એટલે એને એમ થાય છે કે, હું પુણ્ય બાંધું છું. પુણ્ય તો બાંધું છું, પુણ્ય તો બાંધું છું. પણ પુણ્ય કરતાં પાપ કેટલું બાંધે છે એની તને ખબર નથી. એમ છે. એમાં તો શુભ ભાવ નહિવત્ છે. ઉપયોગ ચાલે છે ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણંમાં પણ પેલો અભિપ્રાય ઊભો છે. બે કામ એકસાથે થાય છે એમાં ઉપયોગનું કામ બહુ અલ્પ છે, અભિપ્રાયનું જોર ઘણું છે. એટલે એ લગભગ પાપ મોટું બાંધે છે, પુણ્ય તો નહિવત્ છે. જપ કરતાં કરતાં કષાયની થોડી મંદતા રહે, મનની ચંચળતા ઘટે તો થાય. જગતમાં તો પુણ્ય-પાપના હિસાબકિતાબનો પણ લોકોને ખ્યાલ નથી.

અહીંયાં તો બીજી જ વાત છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું અંતરમાં શરણ લેવા માટે

અને પવિત્ર દશા પ્રાપ્ત કરવા માટે પૂરા પુરુષાર્થમાં ન પહોંચાય ત્યારે જે રાગની દશા ઉત્પન્ન થાય એમાં પંચ પરમેષ્ઠી પ્રત્યે ઉપયોગ જાય છે. ત્યારે પણ એ ઉપયોગથી ખસીને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં, શુદ્ધોપયોગમાં આવવાનો અભિપ્રાય, જ્યારે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે ત્યારે આ અભિપ્રાય ઊભો છે. અભિપ્રાયમાં કેટલો ઊલટો-સૂલટો ફેર છે ! જગતના જીવને એવો અભિપ્રાય છે કે, આના ફળમાં મને અનુકૂળતાઓ મળો. આનો આ અભિપ્રાય છે કે, આ શુભ વિકલ્પથી, શુભ રાગથી ખસીને પણ હું વીતરાગ શુદ્ધ ઉપયોગમાં વીતરાગભાવે અંદરમાં સ્થિર રહું – એ અભિપ્રાય છે. એટલે પંચ પરમેષ્ઠીના સ્વરૂપમાં જે વીતરાગતા છે એ વીતરાગતા ઉપર એનું મુખ્ય લક્ષ છે, શુભ ભાવ ઉપર એનું મુખ્ય લક્ષ નથી.

પ્રશ્ન :– મંદિરમાં આવીને દર્શન કેવી રીતે કરવા ?

સમાધાન :– આપણે 'અનુભવ પ્રકાશ'માં આવી ગયું. વીતરાગ જિનેન્દ્ર પ્રતિમાને જોઈને નમસ્કાર કરનાર, નમસ્કાર કરવા આવનાર જીવ પોતાના સ્વસંવેદનસ્વરૂપ વીતરાગ સ્વરૂપને સંભાળે છે, સંભારે છે. વીતરાગદેવની પ્રતિમા ઉપરથી લક્ષ ઉઠાવીને પોતાના સ્વરૂપ ઉપર લક્ષ લઈ જાય છે અને જેવું વીતરાગદેવનું સ્વરૂપ છે એવું જ અંદરમાં મારું શુદ્ધાત્મ સ્વરૂપ છે એમ લક્ષમાં લ્યે છે. એવી રીતે પોતાના સ્વસંવેદનભાવનો આવિર્ભાવ કરવા માટે જેમાં સ્વસંવેદન પ્રસિદ્ધ છે એવા વીતરાગને એ નજરથી જોવે છે. એમના સ્વસંવેદનને જોવે છે, એમની વીતરાગતાને જોવે છે અને એમની અંતર્મુખતાને લક્ષમાં લ્યે છે કે, તેઓ નિરવશેષ અંતર્મુખ થયાં છે, સંપૂર્ણ અંતર્મુખ રહ્યાં છે. મારું પણ અંતર્મુખ થવાનું વલણ છે. એમના દર્શનથી હું મારા એ વલણ પ્રત્યે જવા માગુ છું. એવા વલણને હું અંગીકાર કરવા માગુ છું. આખું વલણ બદલવા માટે, એક Attitude બદલી નાખવો. એ વીતરાગદર્શનનો, જિનેન્દ્રદર્શનનો એની પાછળ અભિપ્રાય છે. આ તો ઓઘેઓઘે જેમ અન્યમતી એના મંદિરમાં જઈને દર્શન કરે, જય નારાયણ ! એમ આ પણ અહીંયાં એમ કરે. એવી રીતે દર્શન કરવાનો અભિપ્રાય નથી.

મુમુક્ષુ :– આમાં ૩૦૪ નંબરનો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાનનાં પ્રતિમાથી પોતાના સ્વરૂપનો મહિમા ગાયો છે. '**ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો ! ભગવાન કેવા ઠરી ગયા છે !**' આત્મસ્થિરતા લીધી. અંદરમાં અંતર્મુખ થઈને '**કેવા સમાઈ ગયા છે !**' આ તો નિજ '**ચૈતન્યનું પ્રતિબિંબ છે !**' આ આત્મા ચૈતન્યબિંબ છે એનું આ પ્રતિબિંબ છે એમ જોવે છે. બસ ! અંદરમાં પોતે પોતાને એમ જોવે છે કે, '**તું આવો જ છો.**' હું આવો જ છું. તું આવો જ છો એટલે હું આવો જ છું. '**જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો.**' મૂળ સ્વરૂપે મૂળમાં તું આવો છે અને તારી દશા આવી થાય એવા આદર્શની આ સ્થાપના છે. જિનેન્દ્ર પ્રતિમાની

સ્થાપના એટલે એવું થવાના આદર્શની સ્થાપના છે. જે એનો નિષેધ કરે છે એને એ આદર્શ જોઈતો નથી. એમ છે.

મુમુક્ષુ :- વીતરાગ થાવું છે અને વીતરાગની સ્થાપનાનો નિષેધ કરવો છે !

પૂજ્ય ભાઈશ્રી :- બે વાતને મેળ ખાય છે ? એ વિચારવા જેવો વિષય છે. (બોલમાં) એ બરાબર એમ જ લીધું છું, એવા જ ભાવથી લીધું છે.

(જ્ઞાનીને) અંદરમાં એ શુભ ભાવ વખતે પણ પોતાના સ્વરૂપના આત્મભાવનો વિશેષ આવિર્ભાવ થાય છે. એટલે શુદ્ધિની વૃદ્ધિ વિશેષ થવાનો અવસર છે. એમ જ છે. ઉગ્રતા આવે છે. દેવ-ગુરુ અને શાસ્ત્રના પરિણામ વખતે સાધકનો એ પ્રકાર છે કે, પોતાના સ્વરૂપના ભાવને એ બહાને એ વધારે ઉગ્ર કરે છે અને આત્મભાવનો વિશેષ આવિર્ભાવ કરે છે. એટલે એને નિમિત્ત કહ્યાં, એ બહાનું પકડ્યું માટે એ નિમિત્ત કહ્યાં. નહિતર નિમિત્તનો આરોપ એના ઉપર આવતો નથી. એમ નિમિત્ત છે, નિમિત્તનો અર્થ જ એવો છે.

૬૪ (બોલ પૂરો) થયો.

**દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે. ૬૫.**

૬૫. '**દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે.**' ઠીક ! સીધું આવ્યું કે નહિ ? દેવ-ગુરુની વાણી. શાસ્ત્ર પોતે વાણીસ્વરૂપે છે. દેવ-ગુરુની વાણીને જ શાસ્ત્ર કહેવામાં

આવે છે. એ વાણી પોતે જ શાસ્ત્ર છે. એટલે દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા કેવી રીતે નિમિત્તો છે ? કે, ચૈતન્યદેવનો – નિજ ચૈતન્યદેવનો મહિમા કરવામાં, જાગૃત કરવામાં એ નિમિત્ત પડે છે. એમના બહાને પણ પોતાના શુદ્ધ ચૈતન્યનો મહિમા જાગૃત થાય છે. કેમકે એમની વાણીમાં એ જ વિષય છે. વીતરાગદેવની વાણીમાં એ વિષય છે, ગુરુની વાણીમાં પણ એ જ વિષય છે અને શાસ્ત્રમાં પણ એ જ વિષય છે. તારા ચૈતન્યને સંભાળ. તારું ચૈતન્યતત્ત્વ અનંત ગુણનું નિધાન છે. અનંત ગુણનું ગોદામ છે. તારી નિજ નિધિને તું સંભાળ. એનો આધાર લે, દીનતા અને પામરતા છોડી દે. એ દેવ-ગુરુ-શાસ્ત્ર બધા એક જ વાત કરે છે. એ વાત સાંભળીને પોતાના ચૈતન્ય તરફ જે વળે છે, પોતાને સંભાળે છે અને પોતાને પોતાનો મહિમા આવે છે, સમજાય છે, ઓળખાય છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે, કહેનારને નિમિત્ત કહેવામાં આવે છે. બીજી વાતો આવતી હોય એના ઉપર પાત્ર જીવનું લક્ષ નથી.

કોઈ એમ કહે કે, વીતરાગદેવની વાણીમાં તો આખા જગતની બધી વાતો આવે છે. તમામ પ્રકારનું વિજ્ઞાન આવે છે. કોઈ વાત બાકી રહેતી નથી. જેમકે જ્યોતિષનો વિષય પણ આવે, મંત્ર-તંત્રનો વિષય પણ આવે. જગતની બધી વિદ્યાઓનો વિષય આવે. કોઈ વિદ્યા બાકી ન રહે. પણ જે વિદ્યા આત્માને સાધે 'या विद्या सा विमुक्तये।' સૂત્ર છે ને ? જેનાથી મુક્ત થવાય તેને વિદ્યા કહીએ. જેનાથી બંધન થાય, આત્મા બંધાય, સંસારના બંધનમાં પડે એને વિદ્યા ન કહેવાય, એ કુજ્ઞાન છે. પણ વીતરાગદેવ સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં બધું આવ્યું છે તો વાણીમાં પણ બધું આવે છે. પોતાના હિતનો વિષય કેટલો છે એ પાત્રજીવ અંગીકાર કરે છે. એને જ સાંભળે છે, એને જ અંગીકાર કરે છે, બાકીનો વિષય છોડી દ્યે.

**'દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં,...'** એમાં ત્રણ બોલ લીધાં છે. એક તો પોતાનો મહિમા જાગૃત થવામાં એ નિમિત્ત પડે છે, વળી પોતાના જ આત્મસ્વરૂપના ઊંડા સંસ્કાર દઢ થવામાં પણ એ નિમિત્ત પડે છે. દેવ, ગુરુ અને શાસ્ત્રનો મહિમા અને દેવ-ગુરુની વાણી. બે વાત લીધી છે – એમની વાણી અને એ ત્રણે પ્રત્યેનો મહિમા, ભક્તિ – ઓળખાણપૂર્વકનું બહુમાન. એમ કહીને એમ કહેવું છે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની વીતરાગતા ઓળખે તો એનું જે મુખ્ય પ્રયોજન વીતરાગતાનું છે એને ઓળખીને એના પ્રત્યે જેને મહિમા, ભક્તિ, બહુમાન થાય એ વીતરાગતાનું બહુમાન હોવાથી કોઈ જીવને ચૈતન્યના સંસ્કાર પડી જાય છે. ચૈતન્યના સંસ્કાર એટલે શું ? કે, આત્મા પોતે ભવના અભાવસ્વભાવે છે, ભવના અભાવસ્વરૂપે છે એવું જે આત્મતત્ત્વ છે એવો હું છું એમ સંસ્કાર પડી જાય છે. તો એ સંસ્કારમાંથી એનું ફળ શું આવે છે ? કે, ભવના અભાવ રહિત થવાનું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થાય છે. સંસ્કારનું ફળ મોક્ષમાર્ગ છે, મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે. એમ થઈ જાય છે. અહીંયાં એ

વાત એમાં વિશેષ નાખી છે. પોતાના સ્વરૂપનો મહિમા આવે અને પોતાના સ્વરૂપનો મહિમા આવે તો કોઈને સંસ્કાર ઊંડા પડી જાય છે. આ પણ એક સંસ્કારનું ગૌણપણે નિમિત્ત છે.

**'તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં...'** કોઈ જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષમાર્ગ છે એ પ્રાપ્ત કરવામાં – સ્વાનુભવ પ્રાપ્ત કરવામાં નિમિત્ત પડે છે. સંસ્કારી જીવને શાસ્ત્ર નિમિત્ત પડે છે. સંસ્કારી ન હોય તો દેવ-ગુરુ જો પ્રત્યક્ષ હોય તો એ નિમિત્ત પડે છે. પ્રત્યક્ષ સમાગમ હોય તો એને શુદ્ધાત્મા, જેને શુદ્ધાત્માની પ્રાપ્તિ કરવી છે એને બતાવે છે, એને મળે છે. જે ખોજી જીવ છે એને મળે છે. જેને ખોજ નથી, અંતરશોધ વર્તતી નથી એને બતાવનાર મળે છે પણ એ પોતે જોતો નથી, જોઈ શકતો નથી. કેમકે એને એની શોધ નથી.

ખરેખર તો જેને અંતર્મુખનો માર્ગ, કેમ અંતર્મુખ થવાય એવી શોધ વર્તે છે, એના સંશોધનમાં જે પડ્યો છે એ જીવને તો એવો માર્ગ બતાવનાર હોય છે એની વાણીમાં અંધારામાં જેમ પ્રકાશ દેખાવો સહજ અને સુલભ છે (એમ માર્ગ દેખાય છે). ઘોર અંધારું હોય અને એમાં કોઈ પ્રકાશ ફેંકે, Search light ફેંકે તો એ પ્રકાશ દેખાય કે ન દેખાય ? એમ પ્રશ્ન કરવા ક્યાંય શંકાનું સ્થાન ઉત્પન્ન થાય છે ? કે, અંધારામાં કોઈ પ્રકાશ થાય તો જણાય કે ન જણાય ? એમ જે અંધારામાં ઊભો છે અને અંતર્મુખના માર્ગને શોધે છે એને માર્ગ બતાવનાર મળે ત્યારે એને અંધારામાં પ્રકાશની જેમ એ માર્ગ જોવામાં આવે છે. આમ કહે છે, આમ અંતર્મુખ થવાની વાત છે. આવો શુદ્ધાત્મા પ્રગટ પ્રસિદ્ધ બતાવી રહ્યાં છે અને આમ એમાં અંતર્મુખ થવાય છે એ વાત છે. અંતઃતત્ત્વને જાણે કે બહારમાં હથેળીમાં રાખીને બતાવે કે, જુઓ આ આત્મા ! એમ છે. શાસ્ત્રમાં સંસ્કૃતમાં એનો શબ્દ છે 'हस्तामलकवत्' (અર્થાત્) હાથમાં રહેલા આમળાની માફક. આમલક એટલે આમળું. આમળા આવે છે કે નહિ ? હાથમાં રહેલા આમળાને જોવામાં શું તકલીફ પડે ? હથેળીમાં આમળું રાખ્યું હોય તો ચોખ્ખું દેખાય કે આ આમળું છે. બસ ! આવી રીતે સત્પુરુષો આત્માને – શ્રીગુરુ આત્માને (બતાવે છે). વીતરાગદેવ હોય તો એ જે પ્રત્યક્ષ છે એ આત્માને બતાવે છે.

મુમુક્ષુ :– જ્ઞાન જણાય છે તે આત્મા જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે. શું ચમકે છે ? ૧૯૭ (બોલમાં) લીધું ને ? સોનું ચમકે છે. સોનું ચમકે છે એ તને દેખાય છે. ઈ પહેલાં સોનાની ખાણમાં જે સોનું હોય છે એ બધાને ખબર નથી પડતી કે આ સોનાની ખાણ છે. એ ખનીજ પદાર્થના અભ્યાસી હોય છે, એના વિજ્ઞાનીઓ હોય છે, જાણકાર હોય છે એને ખબર પડે છે કે, આ સોનાની ખાણ છે, આ હીરાની ખાણ છે, આ મૅન્ગેનીઝની ખાણ છે, આ જસતની ખાણ છે, આ તાંબાની ખાણ છે. એમ સોનાની ખાણમાં સોનું દેખાય છે તો એની નજરમાં સોનું ચમકે છે. ત્યાં ધૂળમાં

સોનું નથી દેખાતું, તો તો બધાને ખબર પડી જાય. આમ તો (ખાણ) વર્ષોની હોય છે પણ અમુક જણે એનું સંશોધન કર્યું કે, આ સોનાની ખાણ છે. તે ખાણનો જાણકાર હતો. એની નજરમાં સોનું ચમકે છે. એમ ઉપદેશ છે એ ઉપદેશ તો શાસ્ત્રની અંદર પ્રસિદ્ધ છે અથવા સમવસરણમાં પણ લાખો, કરોડો જીવો સાંભળે છે. એક ગુરુના અનેક શિષ્યો સાંભળે છે, પણ જેની નજર પડે છે કે, આ જ્ઞાન ચમકે છે ! બસ, એને અંદરમાં પોતાના સ્વરૂપનું વેદન છે એ લક્ષમાં આવે છે. જોવે એને દેખાય છે, ન જોવે એને હોવા છતાં દેખાતું નથી. આ સીધી વાત છે. તેથી કહ્યું કે, સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્ત ગણવામાં આવ્યા છે. દેવ-ગુરુ-શાસ્ત્રને (નિમિત્ત ગણવામાં આવે છે).

૧૯૭ (બોલમાં) સોનાનો દૃષ્ટાંત આપ્યો છે. પ્રજ્ઞાછીણીનો બોલ છે. પ્રશ્ન છે **'સોનું તો ચળકે છે એટલે પથ્થર ને તે – બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય ?'** ઉપર લીધું છે ને ? **'જેમ પાષાણ ને સોનું ભેગાં દેખાય પણ જુદાં જ છે તેમ.'** સુવર્ણ પથ્થરમાં, સોનાની ખાણના પથ્થરમાં જે સોનાના રજકણો છે એ પથ્થરના રજકણો નથી અને પથ્થરના રજકણો છે એ સોનાના રજકણો નથી. એટલે એને ગરમીનો તાવ દેવામાં આવે છે, જેને Heat process કહે છે. માટી બળી જાય છે, માટીની રાખ થાય છે, સોનાની રાખ થતી નથી, સોનું જુદું પડી જાય છે. સોનું ઓગળે છે જરૂર, એટલે એના રજકણો જે જુદાં જુદાં પડ્યા છે એ ઓગળીને સાથે ભળી જાય છે એટલે એનું એક ઢીમ થાય છે અને માટી છે એ બળીને રાખ થાય છે એટલે જુદી પડી જાય છે. એ રીતે ગરમી આપીને સોનાના પથ્થરમાંથી ચોખ્ખું સોનું મેળવવામાં આવે છે.

પાષાણ અને સોનું ભેગાં દેખાય છે, કોને ? જેને નજર પડે છે એને. એમ આ વિભાવ ભાવોમાં રહેલો, આ દેહમાં રહેલો આત્મા, પુદ્ગલના રજકણના સંયોગમાં રહેલો આત્મા અને પુણ્ય-પાપના મલિન ભાવોના સંગમાં રહેલો આત્મા જ્ઞાનસહિત છે, જ્ઞાનસ્વરૂપી છે, જ્ઞાનવંત છે, જ્ઞાનવાન છે, જ્ઞાનવાળો છે, જ્ઞાનમય છે એની નજર પડે છે કે આ ભેગો છે છતાં જુદો છે. જ્ઞાન તે રાગ નથી, જ્ઞાન તે પુણ્ય-પાપ નથી, જ્ઞાન તે શરીર નથી, જ્ઞાન તે બીજું કોઈ નથી, જ્ઞાન તે જ્ઞાન છે. જ્ઞાન જ્ઞાનના આધારે છે, એક માત્ર જ્ઞાન જ્ઞાનના આધારે છે. જ્ઞાન જુદું છે, જુદાં જ્ઞાનને જુદાં સ્વરૂપે અનુભવમાં લેતાં બરાબર જુદું અનુભવમાં આવે છે અને જુદું અનુભવમાં આવતા પુણ્ય-પાપના બંધનમાંથી અને દેહના બંધનમાંથી છુટી શકાય છે એ એનો Process છે.

ઉત્તરમાં એ લીધું છે કે, સોનું ચળકે છે એમ તેં પ્રશ્નમાં કહ્યું તો **'આ જ્ઞાન પણ ચળકે જ છે ને ?'** તને સોનાની ચળક દેખાણી તો એ ચળકને જાણનાર કોઈ ચળક છે કે અંધારું

છે ? પેલી તો ભૌતિક ચળક છે, ભૌતિક પદાર્થની ચળક છે, આ આત્મિક પદાર્થની ચળક છે. જ્ઞાન છે એ આત્માનો પ્રકાશ છે એ પણ ચળકે જ છે. વિભાવ એટલે રાગ અને પુણ્ય-પાપ(ના) **'ભાવ ચળકતા નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે...'** બધે જ્ઞાન ચળકે છે. આ તારી નજરમાં અને અમારી નજરમાં ફેર છે. તને બધે પુણ્ય-પાપ દેખાય છે, અમને બધે જ્ઞાન દેખાય છે. તારી નજર પુણ્ય-પાપ ઉપર હોવાથી અથવા પુણ્ય-પાપ તે હું એવા અનુભવમાં, એવા સ્વીકારમાં, આ સ્વીકાર એટલે એક જાતનું Misconception જેને કહેવાય, પૂર્વગ્રહ – Concept – પકડી રાખેલું કે, આ રાગ તે હું, શરીર તે હું, કહે છે કે, ઈ બદલી નાખ. આ જ્ઞાન તે હું – આમ સ્વીકાર કરવાનો છે. ઉપસ્થિત તો જ્ઞાન પણ છે અને રાગ પણ છે. જ્ઞાન તે હું, જ્ઞાન ચળકે છે એમ જ્ઞાનમાં હુંપણું, છે એને માત્ર જોવું છે. જ્ઞાનમાં અસ્તિત્વ છે, છે એને માત્ર જોવું છે. રાગમાં હુંપણું નથી છતાં એમાં હુંપણું થાય છે એ ભૂલ થાય છે. અસ્તિત્વ નથી, આત્માનું અસ્તિત્વ રાગાદિમાં નથી. જો રાગમાં આત્માનું અસ્તિત્વ હોય તો રાગનો નાશ થતાં આત્માનો નાશ થાય. આત્માનું મરણ થઈ જાય. રાગ તો ક્ષણે ક્ષણે નાશ પામે છે, આત્મા જીવતો રહે છે. એમાં એનું અસ્તિત્વ નથી, એની અસ્તિ નથી. પણ એમાં હું... હું... હું... હુંપણું કરીને હેરાન થાય છે, દુઃખી થાય છે, આકુળતા ઉત્પન્ન કરે છે અને છતાં પોતાનું શાશ્વતપણું નાશ પામતું નથી.

**'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે.'** જ્ઞાન ચળકે છે અને સર્વત્ર અમને જ્ઞાનનો પ્રકાશ જ પ્રસરતો જોવામાં આવે છે. તારી નજરમાં અને અમારી નજરમાં આ ફેર છે. તને સર્વત્ર રાગ અને રાગમયપણું જણાય છે, કુટુંબ-પરિવારને તું જો તો અડધો-અડધો થઈ જાય છે, આ મારા... આ મારા... આ મારા... આ મારું મકાન, આ બધો મારો પરિગ્રહ, આ બધું મારું, આ બધું મારું, આ બધું મારું... કહળ્યુ કુટુંબ ! 'ગુરુદેવ' કહેતા કે નહિ ? મારા ! આ બધા તને મારનારા – મારા (છે). તારા આત્માને મારનારા બધા મારા (છે) એમ કહેતા. તને એ બધું રાગમયપણું અનુભવાય છે. તારું જીવન જ તને રાગમયપણે અનુભવાય છે. ભાઈ ! એથી તો દુર્ગતિ થશે. એ બધા પરિણામનો સરવાળો શું આવશે ? કે, તિર્યંચ આદિમાં તું ચાલ્યો જઈશ. અનંત કાળ પર્યંત મનુષ્યભવ મળશે નહિ. કેમકે મનુષ્યભવમાં તેં જે સન્માર્ગની, સન્માર્ગને પ્રાપ્ત કરવાની ઉપેક્ષા કરી (એટલે) પછી સન્માર્ગ અને સન્માર્ગના નિમિત્તો મળતા નથી.

**'જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય ?'** જ્ઞાનના ચળકાટ વિના સોનું ચળકે છે એ વાત આવી ક્યાંથી ? માટે તારા જ્ઞાનને જ્ઞાનથી જ ગ્રહણ કર – એમ અહીંયાં લેવું છે. પ્રજ્ઞાની વાત લેવી છે ને ? એ પ્રજ્ઞા

(છે). નીચે જ પ્રજ્ઞાછીણીનો વિષય ચાલ્યો છે.

અહીંયાં એ બધી વાતો કરનારા, એ બધું બતાવનારા વીતરાગ દેવ-ગુરુ અને એમની વાણી છે અને એ વાણી સાંભળીને જીવ અંતર્મુખ થઈને પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરે છે. એ અનુભવને સ્વરૂપપ્રાપ્તિ કહેવામાં આવે છે અને એ સ્વરૂપપ્રાપ્તિ કરતાં જેણે એ વાત બતાવી એને નિમિત્ત કહેવામાં આવ્યા છે. એ રીતે એ નિમિત્ત છે. નહિતર નિમિત્તપણું લાગુ પડતું નથી.

૬૫ (બોલ પૂરો) થયો.

**બહારનું બધું થાય તેમાં – ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ – કાંઈ આત્માનો આનંદ નથી. આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે. ૬૬.**

૬૬મો બોલ છે (એ) જ્ઞાનદશાનો બોલ છે. સાધકદશા, ધર્માત્માની દશા કેવી હોય છે એનું એક પડખું બતાવ્યું છે. **'બહારનું બધું થાય તેમાં – ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ – કાંઈ આત્માનો આનંદ નથી.'** શું કહેવું છે ? કે, જ્ઞાની બહારમાં સંયોગની અંદર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ઉલ્લાસિત પરિણામથી કરતા દેખાય. ભક્તિમાં ઉલ્લાસ દેખાય, ઘણી ભક્તિનો ભાવ છે, ભક્તિનો શુભ ભાવ ઉગ્ર છે, રસવાળો છે અને એ ભક્તિ કરતાં કરતાં પોતે ઉલ્લાસિત એટલે ખુશી છે, આનંદમાં છે એમ દેખાવ થાય. એવો દેખાવ જોવામાં આવે છે તોપણ તેમને પોતાને અંદરમાં બરાબર જ્ઞાન છે કે આ કાંઈ આત્માનો આનંદ નથી. ભગવાનની ભક્તિનો આનંદ એ કાંઈ આત્માનો આનંદ નથી.

આત્માનો આનંદ કોઈ જુદી ચીજ છે અને આ રાગમાં ખુશીપણું અથવા આનંદ દેખાય, સુખ દેખાય એ જુદી ચીજ છે. માનસિક આનંદ અને આત્માના આનંદ વચ્ચે તફાવત છે. બહુ મોટો ફરક છે. એ જ્ઞાની જાણે છે. કેમકે એમને સ્વરૂપનો આનંદ – આત્માનો આનંદ આત્માના સ્વભાવમાંથી આવે છે માટે એ બન્ને વચ્ચેનો તફાવત એ જાણે છે. એમ લેવું છું.

બહારમાં સુખની કલ્પનાથી અશુભ ભાવના કાળે પણ ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિમાં જગતના જીવને સુખનો અનુભવ થાય છે કે, હું સુખી થયો. હીરાનો દાગીનો સુખનું કારણ છે. ખરીદીને પહેરે ત્યારે એને એમ થાય કે, હું સુખી છું. ઠીક ! એમ કલ્પના કરે છે કે નહિ ? પહેલેથી એને એ અભિપ્રાય છે, એનો વિશ્વાસ છે. એ કાળે એનું પરિણામ જુઓ તો એ શુદ્ધ પરિણામ પણ નથી અને શુભ પરિણામ પણ નથી, તે અશુભ પરિણામ છે. કોઈપણ પંચેન્દ્રિયના વિષયના ભોગવટાના પરિણામ એ તમામ પરિણામ અશુભ પરિણામ છે. અશુભ એટલે પાપ પરિણામ છે. પાપ પરિણામની અંદર આકુળતા અને દુઃખ વિશેષ હોય છે. શુભ પરિણામની અંદર આકુળતા મંદ હોય છે. તો વિશેષ આકુળતા એટલે વિશેષ દુઃખરૂપ પરિણામમાં પણ સુખની કલ્પનાથી ખરેખર સુખનો અનુભવ થાય છે એવું જીવને લાગે છે. આ કેટલી ગડબડ છે ! એને તો આત્માના આનંદનો ક્યાંય પત્તો લાગવાનો સવાલ રહેતો નથી. જેને બાહ્ય વિષયોમાં સુખ અનુભવાય છે, સાચું સુખ લાગે છે એની તો દૃષ્ટિ જ મિથ્યા છે એમ કહે છે. એ જીવ કોઈ સમ્યક્દૃષ્ટિ હોઈ શકે એ ત્રણ કાળમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ'.

'સોગાનીજી'એ તો જેને એમ કહીએ કે બહુ લાક્ષણિક પદ્ધતિમાં એ વાત લીધી છે. ચર્ચા કરતાં કરતાં સ્વચ્છન્દની વાત ચાલી છે. ત્રીજા ભાગમાં વાત લીધી છે કે, કોઈ જીવ શુદ્ધ નિશ્ચયની વાત સાંભળીને, દૃષ્ટિના વિષયની વાત સાંભળીને (એમ કહે કે), પરિણામને ગૌણ કરવાના છે. હું તો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ અપરિણામી આત્મા છું. પરિણામ સાથે મારે લેવાદેવા નથી અને એમ માનીને પછી બહારના વિષયોમાં પ્રવર્તે છે અને સ્વચ્છન્દપણે પ્રવૃત્તિ કરે છે ત્યારે એને પોતે એમ કહી દ્યે કે, જેને એમાં સુખનો અનુભવ થયો એની તો દૃષ્ટિ જ ક્યાં રહી ? એની તો દૃષ્ટિ અમસ્તી પણ મિથ્યા થઈ જ ગઈ, એમ કહે (છે). એમાં એ કહેવા શું માગે છે ? કે, જે પર વિષયોમાં સુખાનુભવ કરે છે એની દૃષ્ટિ નિયમથી મિથ્યાદૃષ્ટિ જ છે. એને તો સમ્યક્દૃષ્ટિપણું હોવાનો વિચાર સુદ્ધાં કરવાયોગ્ય નથી. એ તો ચોકડી જ મૂકી દેવી. કેમકે સમ્યક્દૃષ્ટિ તો તે જીવ થયો છે અને એ ત્યારે સમ્યક્દૃષ્ટિ થયો છે કે, આત્માના સ્વરૂપના અને સ્વભાવના અતિ મંદ કષાયના સૂક્ષ્મ વિકલ્પોથી ખસીને શુદ્ધાત્મામાં આવ્યો છે ત્યારે એ સમ્યક્દૃષ્ટિ થયો છે. પ્રચંડ પુરુષાર્થથી આત્માના સૂક્ષ્મ વિકલ્પનું ઉલ્લંઘન કરીને, એ ભૂમિકાને પણ ઓળંગીને, નિશ્ચયનયના વિકલ્પની ભૂમિકાને પણ ઓળંગીને પક્ષાંતિક્રાંત થઈને

જેણે વ્યાપ્ય-વ્યાપકભાવે એકાકાર શુદ્ધાત્મસ્વરૂપને અસંખ્ય પ્રદેશેથી અનુભવગોચર કર્યું ત્યારે એ સમ્યક્દૃષ્ટિ થયો. જે શુભથી ખસવાની તૈયારીવાળો હતો તે ખસીને સમ્યક્દૃષ્ટિ થયો. જેને અશુભમાં મજા પડે છે ત્યાં તો દૃષ્ટિ આત્માની હોવાનો કે રહેવાનો કાંઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

જે બહારનો આનંદ છે, અશુભનો આનંદ તો નિયમપણે મિથ્યાદૃષ્ટિ છે પણ શુભનો આનંદ તે આનંદ નથી. કષાયની મંદતાનો આનંદ તે આનંદ નથી. પૂજા, ભક્તિમાં આનંદ આવે તે આત્માનો આનંદ નથી. દયા, દાનમાં આનંદ આવે તે આત્માનો આનંદ નથી. નામસ્મરણ ને જાત્રામાં આનંદ આવે તે આત્માનો આનંદ નથી. એમ કહેવું છે. ભક્તિ જોકે એક દૃષ્ટાંત છે પણ કોઈપણ પ્રકારના શુભ ભાવમાં જે ખુશી અને આનંદ થાય, કષાયની મંદતા થાય એ ખરેખર આત્માનો આનંદ નથી. માનસિક આનંદ અને આત્માના આનંદ વચ્ચે બહુ મોટો તફાવત છે. બહુ ચોખવટ કરી છે !

'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આ વાત લીધી છે કે, સમ્યક્દૃષ્ટિ જીવ પણ ક્યારેક સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે. જ્યારે એ સ્વરૂપધ્યાનમાં આવવાનો પ્રયત્ન કરે છે ત્યારે એકાંતમાં બેસીને એટલે બીજી પ્રવૃત્તિ છોડી દઈને આત્માના વિચારમાં લાગે છે. આત્મા આનંદસ્વરૂપ છે એમ એને ભાન હોવાથી અને એવું એને જ્ઞાન હોવાથી, એવી એને પરિણતિ પણ હોવાથી એ આત્માના આનંદને ઉપયોગથી સંભાળે છે ત્યારે વિકલ્પ છે (એમાં) મનના આનંદિત તરંગો ઊઠે છે. એમ લીધું છે. મનમાં આનંદ તરંગ ઊઠે છે એવી એક વાત લીધી છે. બહુ સારું વર્ણન કર્યું છે. છતાં એ આત્માનો આનંદ નથી. આત્માનો જે આનંદ થાય છે ત્યાં એ વાતનું સ્પષ્ટીકરણ (કર્યું) છે કે, આ આત્માનો આનંદ નથી. રોમાંચ ઉલ્લસિત થાય છે એ વાત લીધી છે. રોમાંચ ઉલ્લસિત થાય છે એ મનનો આનંદ છે, માનસિક આનંદ છે.

આ ભક્તિ-ઉલ્લાસના કાર્યમાં આનંદ થાય એ તો સ્થૂળ પરિણામમાં બીજાને પણ ખબર પડે કે, વાહ ! જુઓ, જ્ઞાનીની ભક્તિ ! આનંદવિભોર થઈને ભક્તિ કરે છે એમ લાગે. પણ એથી વધારે સ્વરૂપધ્યાન પહેલાંના પરિણામમાં રોમાંચ ઉલ્લસિત થાય ત્યારે માનસિક આનંદ એથી વધારે હોય છે. કેમકે કષાયની મંદતા ત્યાં વિશેષ છે, સવિશેષ છે તોપણ એ મનનો આનંદ છે. એ જ્ઞાની જાણે છે કે, આ આનંદ તે ખરો આનંદ નથી અને આ આનંદનું સ્વરૂપ ખરેખર આનંદની જાત નથી. ખરેખર તો – નિશ્ચયથી તો એ વિકલ્પ હોવાથી આકુળતાની જાત છે એટલે ત્યાં રોકાવા જેવું નથી, ત્યાં રોકાવાનો પ્રશ્ન એની માટે નથી. નીચે છેલ્લી લીટીમાં લીધું ને ? **'આનંદ તો તળમાંથી...'** તળિયામાંથી (અર્થાત્) આત્માના સ્વભાવમાંથી. આ ગ્રંથમાં આત્માના સ્વભાવને 'તળ' શબ્દથી ઘણીવાર કહ્યો છે. તળ એટલે તળિયું – નીચે. સ્વભાવ

અંદર છે ને ? ઊંડો ! પર્યાય ઉપર છે, સ્વભાવ અંદર છે. એટલે એને તળનું નામ આપ્યું છે. તળ છે.

**'આનંદ તો તળમાંથી આવે...'** આત્માના તળિયામાંથી આનંદ આવે **'તે જ સાચો છે.'** ઉપર ઉપરના ભક્તિ-ઉલ્લાસના કાર્યમાં આનંદ આવે તે ખરેખર આનંદ નથી. આમ જ્ઞાની બન્ને પ્રકારના પરિણામને અનુભવથી યથાર્થપણે જાણે છે.

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં રોમાંચ એમ શબ્દ (લીધો છે). **'તે સમ્યગ્દષ્ટિ કદાચિત્ સ્વરૂપધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યાં પ્રથમ સ્વ-પરનું ભેદવિજ્ઞાન (વિવેક) કરે;...'** આ વિચાર ચાલે છે. **'નોકર્મ,...'** એટલે શરીર **'ભાવકર્મ...'** એટલે રાગાદિ પરિણામ. તેનાથી રહિત **'કેવળ ચૈતન્યચમત્કારમાત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય,...'** કર્મ, નોકર્મ, ભાવકર્મનો વિચાર એને છૂટી જાય. **'કેવલ સ્વાત્મવિચાર જ રહે છે;...'** હજી આત્માનો 'વિચાર' રહે, હોં ! **'ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે,...'** વિકલ્પથી. ત્યાં વિકલ્પ નિમિત્ત છે. **'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું,...'** પૂર્ણ છું વગેરે... વગેરે. **'ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે,...'** આ હજી મનનો આનંદ છે. પણ **'સહજ જ આનંદતરંગ ઊઠે છે'** આ શબ્દોની ભાષા એવી છે કે, આત્માના આનંદની વાત કરી હોય એવું કોઈને લાગે, પણ એ વાત અહીંયાં નથી. એ વાત નથી એ પાછળથી નક્કી થાય છે.

**'સહજ જ આનંદતરંગ ઊઠે છે, રોમાંચ (ઉલ્લસિત) થાય છે, ત્યાર પછી એવા વિચારો તો છૂટી જાય,...'** ત્યારપછી એ વિચાર પણ છૂટી જાય છે. **'હું ચિદાનંદ છું, શુદ્ધ છું, સિદ્ધ છું'** એવા વિચાર કરતાં એને કષાયની અત્યંત મંદતા થાય અને રોમાંચ ઉલ્લસિત થાય એટલી બધી (મંદતા થાય). કેમકે એને લક્ષમાં તો આત્મા છે. એના લક્ષમાં – જ્ઞાનમાં લક્ષમાં તો આત્મા છે. સ્વભાવના લક્ષે આ વિકલ્પ ઊઠે છે. એટલે એને આનંદતરંગ – કષાયની મંદતાવાળા પરિણામ ઉત્પન્ન થાય છે, પણ એ વિચારો છૂટી જાય છે. **'કેવળ ચિન્માત્રસ્વરૂપ ભાસવા લાગે;...'** કેવળ ચિન્માત્ર સ્વરૂપ ભાસવા લાગે એટલે કેવળ ચિન્માત્ર હું છું એમ અનુભવવા લાગે.

પ્રશ્ન :– ત્યાં નિર્વિકલ્પ થયો ?

સમાધાન :– હા, ત્યાં નિર્વિકલ્પ થયો.

**'ત્યાં સર્વ પરિણામ તે સ્વરૂપ વિષે એકાગ્ર થઈ પ્રવર્તે છે.'** જ્યારે એને જ્ઞાનમાં ભાસે છે, હું એકાકાર ચૈતન્યસ્વરૂપ છું એમ સર્વ પ્રદેશેથી – અસંખ્ય પ્રદેશેથી ચૈતન્યપિંડ, ચૈતન્યગોળાને દેહથી ભિન્ન અનુભવે છે ત્યારે બધાં – અનંત ગુણોના સર્વ પરિણામ તે સ્વરૂપને વિષે એકાગ્ર થઈને પ્રવર્તે છે અને ત્યાં **'દર્શન-જ્ઞાનાદિકના વા નય–પ્રમાણાદિકના વિચાર (વિકલ્પ) પણ વિલય થઈ જાય.'** છે. વિચાર, વિકલ્પ વિલય થઈ ગયા એટલે નિર્વિકલ્પ થઈ ગયો.

**'સવિકલ્પ વડે જે ચૈતન્યસ્વરૂપનો નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે...'** પ્રસરીને – ઉપયોગ પ્રસરીને વ્યાપ્ય-વ્યાપક થઈને એવો પ્રવર્તે **'કે જ્યાં ધ્યાતા-ધ્યેયપણું દૂર થઈ જાય.'** ધ્યાતા-ધ્યેયનો પણ વિકલ્પ રહે નહિ. હું ધ્યાન કરનારો ધ્યાતા છું અને આ નિર્વિકલ્પ ધ્યાન થયું તે મારી ધ્યાન દશા છે એવો વિકલ્પ પણ એને રહેતો નથી. એવો ધ્યાતા-ધ્યેયપણાનો ભેદ પણ દૂર થઈ જાય **'એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે.'** આ નિર્વિકલ્પ અનુભવનું વર્ણન કર્યું છે. **'એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે.'** એનો આધાર પછી 'નયચક્ર' ગ્રંથમાંથી લીધો છે.

**'तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।'** આત્માને અન્વેષણ કાળે નિશ્ચય કરવાના કાળે યુક્તિમાર્ગથી જાણવો. **'णो आराहणसमये...'** (અર્થાત્) સાક્ષાત્ આરાધનાના કાળમાં કોઈ વિકલ્પનો પ્રશ્ન રહેતો નથી. **'पच्चक्खो अणुहवो जह्मा।।'** કારણ કે ત્યાં તો પ્રત્યક્ષ અનુભવ છે. નિર્વિકલ્પ પ્રત્યક્ષ આત્મામાં, નિર્વિકલ્પ પ્રત્યક્ષ અનુભવમાં પછી કોઈ વિકલ્પનું સ્થાન હોતું નથી. એ 'નયચક્ર' ગ્રંથની ૨૬૬ ગાથાનો આધાર લીધો છે. પછી અતીન્દ્રિય અનુભવ થયો એનું વિશેષ વર્ણન નીચે લ્યે છે. જે ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતું જ્ઞાન છે એ સમેટાઈને આત્મસન્મુખ થયું, સન્મુખ થઈને 'एकाग्र चिंता निरोधो ध्यानम्।' એકમાં અગ્ર થવું, એક સ્વરૂપને મુખ્ય કરતાં એટલી મુખ્યતા થઈ કે પછી ત્યાં બીજી ચિંતાનો આપોઆપ નાશ થયો. નિરોધ એટલે આપોઆપ બીજી ચિંતા ઉત્પન્ન ન થઈ, બીજો વિકલ્પ (ઉત્પન્ન ન થયો) તેને અનુભવદશા કહેવામાં આવે છે.

'બનારસીદાસજી'નું પદ લીધું છે. **'वस्तु विचारत ध्यावते, मन पावै विश्राम। रस स्वादत सुख ऊपजै, अनुभव याकौ नाम।।'** આત્માના વિચારમાંથી મન પણ જ્યારે વિલય પામે, વિશ્રામ પામે એટલે વિલય પામે ત્યારે જે આત્માના આનંદનું સુખ ઊપજે – રસાસ્વાદ આવે એને અહીંયાં 'અનુભવ' એવું નામ આપવામાં આવે છે.

## દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે.

૬૭.

### તા. ૨૯-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૭, ૬૮
### પ્રવચન નં. ૫૮

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૨૩, ૬૭મો બોલ. શાંતિની ભાવનાનો બોલ છે. **'દરેક પ્રસંગમાં શાન્તિ, શાન્તિ ને શાન્તિ તે જ લાભદાયક છે.'** જગતની અંદર લાભ-નુકસાનનો વિષય મુખ્યપણે પૈસામાં અને આબરૂમાં ગણવામાં આવે છે. આર્થિક હાનિ થાય, માન હાનિ થાય તો નુકસાન ગણે અને આર્થિક લાભ થાય, માન-સન્માન થાય તો લાભ ગણાય છે.

ધર્મના પ્રકરણમાં શાંતિ એ લાભ છે અને અશાંતિ એ નુકસાન છે. એટલે શાંતિ પોતે જ લાભસ્વરૂપે છે, લાભદાયક છે અને કોઈપણ ઉદયના પ્રસંગમાં, દરેક પ્રસંગમાં પોતાના શાંત સ્વરૂપને અવલંબીને, આ શાંતિ નહિ, માનસિક શાંતિ નહિ (પણ) પોતાના શાંત સ્વભાવને અનુસરીને શાંતિ રહે એ આત્માને લાભદાયક છે અને પોતાને છોડીને જેટલી અશાંતિ રહે એટલું પોતાને અશાંતપણાનું નુકસાન છે. આમ નુકસાન અશાંતિમાં ગણવામાં આવે છે, લાભ શાંતિમાં ગણવામાં આવે છે.

આખા જગતથી બીજી જાતની વાત છે. જગતમાં તો બાહ્ય પદાર્થોના આવવા-જવા સાથે લાભ-નુકસાનનું માપ છે. એમાં પૈસા મુખ્ય છે અને એ જ લાભ-નુકસાનનો વિષય ગણવામાં આવે છે. કોર્ટમાં પણ એવી જ રીતે દંડ કરવામાં આવે છે. આબરૂનો દાવો માંડે તોપણ પૈસામાં દાવો માંડે છે. ખરેખર તો આબરૂને અને પૈસાને શું લેવા-દેવા ? અથવા કોઈ ધર્મની બાબતમાં

તકરાર કોર્ટમાં જાય તોપણ એ શું કરે ? નુકસાન તો એને પૈસામાં જ લેવા-દેવાનું નક્કી કરવું પડે છે. બીજું કાંઈ થઈ શકે ખરું ? કે, અમારા ધર્મક્ષેત્રમાં હાનિ થઈ, ધાર્મિક ભાવના (દુભાણી), (પણ) એ (પૈસા) સિવાય બીજું કોઈ મીટર નથી. પરંતુ આત્માના વિષયમાં આત્માને લાભ તે શાંતિનો લાભ છે અને નુકસાન તે અશાંતિનું નુકસાન છે. બાકીના પદાર્થો આત્માને વિષે આવતા નથી અને આત્મામાંથી જતા નથી. સંયોગમાં આર્થિક લાભ થાય તો આત્મામાં એ કાંઈ આવતું નથી અને હોય એમાંથી નુકસાન થાય તો એના આત્મામાંથી કાંઈ ચાલ્યું જતું નથી.

આત્માને જે કાંઈ લાભ-નુકસાનનો વિષય છે એ શાંતિ-અશાંતિ પૂરતો છે અને એને સમજણ સાથે સંબંધ છે, બહારના પદાર્થ સાથે એને સંબંધ નથી. શાંતિને જ્ઞાન સાથે સંબંધ છે, શાંતિને સંયોગ સાથે સંબંધ નથી. ઘણાં સંયોગવાળાને શાંતિ હોય, દરિદ્ર હોય એને અશાંતિ હોય એવું કોઈ ધોરણ શાંતિ-અશાંતિમાં લાગુ પડતું નથી.

પ્રશ્ન :- હવે નિવૃત્તિ લઈ લીધી છે, આપણને શાંતિ છે. એ શાંતિ ખરી કે નહિ ?

સમાધાન :- પોતાના પરિણામમાં આકુળતા થાય છે કે નથી થતી ?

મુમુક્ષુ :- આકુળતા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, આ સાથે સંબંધ છે. પ્રવૃત્તિ તો ઉપાધિક ભાવ છે જ, એટલે પ્રવૃત્તિને અનુસરતા પરિણામમાં તો શાંતિનો પ્રશ્ન રહેતો નથી પણ બાહ્ય પ્રવૃત્તિ છોડે તોપણ શાંતિ થાય એવો કોઈ નિયમ નથી. એટલે તો પહેલાં એ વાત લીધી કે, પોતાના પરમ શાંત સ્વભાવને અવલંબીને ઉત્પન્ન થતી શાંતિ એ શાંતિ છે. બાહ્ય નિવૃત્તિથી ઉત્પન્ન થતી શાંતિ એ ખરેખર શાંતિ નથી. એ તો ઘણાં (લોકો) આશ્રમમાં બેસી જાય છે. 'ઉદાસીન આશ્રમ' કહેવાય છે. ઘણાય 'ઉદાસીન આશ્રમ' છે. 'ઇંદૌર'માં છે, અન્યમતમાં પણ 'ઉદાસીન આશ્રમ' સ્થાપે છે. એ ખરેખર કાંઈને કાંઈ ઉદયીકભાવને અનુસરીને પરિણામ થાય છે એ તો ઉપાધિ લઈને જ થાય છે, ઉપાધિ સહિત જ થાય છે. પરપદાર્થને અવલંબે છે એમાં ઉપાધિ થાય છે. કોઈપણ કાર્યના કર્તાપણામાં મિથ્યાત્વ સહિતની આકુળતા અને ઉપાધિ છે અને રાગના એક કણના કર્તાપણામાં પણ મિથ્યાત્વ સહિતના રાગની ઉપાધિ અને અશાંતિ છે. જે પરિણામમાં કરું... કરું... કરું... કરું... થાય છે એ અનંતી આકુળતાનું પરિણમન છે. ઉપરટપકે માનસિક શાંતિ દેખાતી હોય તોપણ એને અનંતી આકુળતા છે.

મુમુક્ષુ :- રાગ આત્મામાં જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ આત્મામાં જણાય છે. જ્ઞેય તો બધું જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, રાગ આદિ જે કાંઈ છે એ બધું જ્ઞેય તો છે જ. પરિણામમાં વીતરાગી પરિણામ પણ હોય, રાગરૂપ

પરિણામ પણ હોય. પરિણામની બે જાત (છે). રાગ પરિણામને પણ પરિણામ કહેવાય અને વીતરાગી પરિણામને પણ પરિણામ કહેવાય.

મુમુક્ષુ :– થાય છે એમ નથી કહ્યું, જણાય છે એમ કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– થાય છે એ તો પરિણમન અપેક્ષાએ – ઉત્પાદ્‌ની અપેક્ષાએ થાય છે અને જ્ઞાનનું જ્ઞેય થતું હોવાથી તે જણાય છે. જ્ઞાનમાં તે જ્ઞેયરૂપ છે. પરિણામનો એક સમયનો નવો ઉત્પાદ થાય છે ત્યારે તે થાય છે – પરિણામ થયું એમ કહેવામાં આવે છે.

વીતરાગી પરિણામ સ્વભાવસ્વરૂપ છે, શાંતસ્વરૂપ છે અને રાગાદિ પરિણામ છે એ અશાંતસ્વરૂપ છે. સ્વયં દુઃખરૂપ છે, આસ્રવરૂપ છે, દુઃખરૂપ છે. આત્માથી વિરુદ્ધ જાતિના ભાવ છે. આત્મા પરમશાંત સ્વભાવસ્વરૂપ છે તેનાથી અશાંત ભાવ તે વિરુદ્ધ જાતિના ભાવ છે.

પ્રશ્ન :– જ્ઞાનીને જ્ઞાનકળા કહેવાય છે તે શાંતિ છે ?

સમાધાન :– હા, જેટલી વીતરાગતા પ્રગટ થઈ છે અને જેટલા અંશે પરિણમન શાંત સ્વભાવને અવલંબીને, અનુસરીને પરિણમે છે એટલી શાંતિ છે. જેટલા અંશે પરિણામ ઉદયને અનુસરીને પરિણમન કરે છે એટલી અશાંતિ છે. શાંતિ-અશાંતિનું મિશ્ર ધર્મરૂપ પર્યાય છે. સાધકદશાનો મિશ્ર ધર્મરૂપ પર્યાય છે. શાંતિ-અશાંતિ બન્ને એમાં છે. મિથ્યાદષ્ટિને એકલી અશાંતિ છે અને અરિહંત પરમાત્માથી માંડીને સિદ્ધ પરમાત્માને બન્નેને પરિપૂર્ણ શાંતિ છે, જરાપણ અશાંતિ નથી.

જે અવલંબનનો વિષય છે એ અવલંબનનો વિષયભૂત પદાર્થ છે એ તો ત્રિકાળ એકરૂપ અપરિણમનસ્વરૂપ છે અને ત્યાં આ પરિણામની શાંતિ-અશાંતિના લાભ-નુકસાનનો હિસાબકિતાબ એને લાગુ પડતો નથી.

મુમુક્ષુ :– એ તો પરમ શાંતસ્વરૂપ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો શાંતિનો પિંડ જ છે. પણ શાંતિનો પિંડ હોવા છતાં એ પોતે જ લાભસ્વરૂપ છે. પારિણામિકભાવ તો આત્મલાભસ્વરૂપ જ છે. આચાર્ય ભગવાને તો વ્યાખ્યા જ એ કરી છે કે, 'આત્મલાભ પારિણામિકઃ' જે પારિણામિક છે એ પોતે જ આત્મલાભ સ્વરૂપ છે. એમાં કદી નુકસાનનો અવકાશ જ નથી. એટલે લાભ-નુકસાનના દ્વંદ્વથી એને મુક્ત ગણવામાં આવે છે. જેમ બંધ-મોક્ષના દ્વંદ્વથી એ મુક્ત છે એમ શાંતિ-અશાંતિના દ્વંદ્વથી એ મુક્ત છે, સુખ-દુઃખના દ્વંદ્વથી એ મુક્ત છે, શાંતિ-અશાંતિના જોડકાથી એ મુક્ત છે. દ્વંદ્વ એટલે બેપણું.

મુમુક્ષુ :– અરીસામાં પ્રતિબિંબ પડે છે તો કાંઈ ભાંગતોડ થાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ભાંગતોડ થાય તો તો અરીસો અને પ્રતિબિંબ બન્ને એક થઈ જાય તો ભાંગતોડ થાય.

પ્રશ્ન :– એમ આમાં પણ ભાંગતોડ થતી નથી ?

સમાધાન :– પ્રશ્ન જ નથી. કાંઈ ન થાય. પોતાના જ્ઞાનને તપાસે તો જ્યારે એ હરખાય છે ત્યારે જ્ઞાનમાં કાંઈ આવ્યું નથી અને જ્યારે ખેદાય છે ત્યારે જ્ઞાનમાંથી કાંઈ ગયું નથી. જ્ઞાનમાં જે તે પ્રસંગનું પ્રતિબિંબ પડ્યું હતું. આથી વધારે જ્ઞાનને કાંઈ નથી. જ્ઞાન તો જ્ઞાનરૂપે જ રહ્યું છે. જ્ઞાનરૂપે જાણે અને જ્ઞાનરૂપે અનુભવ કરે તો એને ઉદયની સાથેનો સંપર્ક છૂટી જાય છે. ઉદયની સાથે સંપર્ક કરે છે ત્યારે 'હું માત્ર જાણું છું' એવું ભાન – સ્વભાવનું ભાન એને છૂટી જાય છે.

દરેક પ્રસંગમાં શાંતિ ક્યારે રહે ? કે, હું માત્ર જ્ઞાતા છું એવી જ્ઞાતા સ્વરૂપની, જ્ઞાયક સ્વરૂપની અંતર સાવધાની રહે ત્યારે. એમ પોતાને સંભાળે અને એ સંભાળમાં રહી જાય તો શાંતિ રહે અને નહિતર શાંતિ રહેવાનો પ્રશ્ન રહેતો નથી. નહિતર અશાંતિ થયા વિના રહે નહિ. (નિજ સ્વભાવને સંભાળે) તો જ શાંતિ રહે નહિતર શાંતિ ન રહે.

આખા જગતમાં સર્વ જીવો શાંતિ માટે ઝાવાં નાખે છે અને શાંતિ માટે વલખાં મારે છે કે, કોઈ રીતે શાંતિ મળે તો સારું. પણ જેમ હરણની ડૂંટીમાં કસ્તૂરી છે અને વાસ આવે ત્યારે દોડાદોડ કરે. એમાંથી વાસ આવે ત્યારે એને થાય કે ક્યાંકથી કસ્તૂરીની વાસ આવે છે. એનું પોતાના અંગભૂત છે એટલે એને ગમે છે, એટલે શોધે, ભટકાભટક કરે (તોપણ) ક્યાંયથી એને મળે નહિ. એમ શાંતસ્વભાવસ્વરૂપ હોવાથી શાંતિ વગર એને ચેન નથી, શાંતિ જોઈએ પણ બહારમાં અહીંથી શાંતિ લેવા જાય ને અહીંથી શાંતિ લેવા જાય (પણ) ક્યાંયથી શાંતિ મળે એવું નથી.

મુમુક્ષુ :– શાંતિ માટે પરદેશના લોકો અહીંયાં આવે છે અને અહીંના લોકો પરદેશ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એવું જ છે. 'મુંબઈ'માં પણ રજાનો દિવસ હોય ત્યારે મુંબઈવાળા પરામાં જાય અને પરાવાળા મુંબઈ આવે. શું કરે ? કેમકે એને તો બીજું કાંઈ સાધન નથી. હું અહીંયાં છું એના બદલે અહીંયાં જાઉં તો મને ઠીક પડશે. કોઈને તૃપ્તિ થતી નથી. અહીંથી પરદેશ જાય તો એને તૃપ્તિ નથી અને પરદેશવાળા અહીંયાં આવે તો એનાથી કાંઈ એને તૃપ્તિ થતી નથી.

પ્રશ્ન :– બાકીના Hill stationમાં જાય તો ?

સમાધાન :– ગમે ત્યાં જાય નહિ, કોઈપણ જગ્યાએ જાય નહિ, ક્યાંય શાંતિ ન મળે. (શાંતિ) હોય તો એનું વિજ્ઞાન તો હોવું જોઈએ ને કે, આ શાંતિ છે, કે ભાઈ ! આ શાંતિનું ઝાડ છે, આની નીચે બેસી જાવ, શાંતિ મળશે. એવું તો ક્યાંય છે નહિ.

અરિહંતદેવ શાંતસ્વરૂપ છે. શ્રીગુરુ સાધક છે એને શાંતિ પ્રગટી છે તો કોઈવાર ભક્તિથી એમ કહેવાય કે, શાંતિનું કલ્પવૃક્ષ અમને મળી ગયું છે. હવે એના છાંયડામાં અમને શાંતિ છે, પણ એ બધો ઉપચાર છે. ખરેખર તો એ દેવ અને ગુરુ આત્માની અંતરની શાંતિ બતાવે છે અને એ શાંતિ જોનારને, અનુભવનારને શાંતિ મળે છે ત્યારે એને ઉપચાર કરે છે કે, આમની મને ઓથ છે, મને આશ્રય છે અને એમના સાન્નિધ્યમાં મને શાંતિ મળે છે.

મુમુક્ષુ :- 'સોનગઢ'માં જઈએ તો શાંતિ મળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય મળે એવું નથી, મહાવિદેહમાં જાય તો એમ મળે એવું નથી. 'સોનગઢ'માં જાય કે ગમે ત્યાં જાય. 'સોનગઢ'માં તો બીજી પણ વસ્તી છે. 'સોનગઢ'માં મુમુક્ષુઓના નિવાસસ્થાનો ઉપરાંત પણ ગામ છે કે નહિ ? એનાથી શાંતિ નથી.

**પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્ભાગ્ય હોય ? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય-એવી અદ્ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે ! ૬૮**

૬૮મા (બોલમાં) 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં 'પૂજ્ય બહેનશ્રી'નાં પ્રવચનો થતા હતા ત્યારે 'ગુરુદેવ' સંબંધીના ભક્તિ અને ઉપકારના વચનો પણ અનેક વાર નીકળેલા એમાંથી અહીંયાં કેટલાક આવ્યા છે. **'પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે.'** શું કહે છે ? કે, સમજે, એની કિંમત કરે (કે), આત્માની શાંતિ માટે કઈ વિધિએ કહેવાય છે ? અથવા 'ગુરુદેવશ્રી' વાણીમાં જે આત્મા દર્શાવે છે એ આત્માને જો દેખવામાં આવે, શ્રદ્ધવામાં આવે તો અનંત જન્મ-મરણનો નાશ થઈ જાય એવો એક બહુ મોટો પ્રસંગ છે. જો પોતે પોતાની યોગ્યતામાં તૈયાર થાય તો બહુ મોટો પ્રસંગ છે. તેથી જેની ઉપમા આપી ન શકાય, અનુપમ એટલે જેની ઉપમા આપી ન શકાય એવો એ ઊંચામાં ઊંચા ભાગ્યનો પ્રસંગ છે.

(એક મુમુક્ષુ કહેતા કે) મોટો શ્રીમંત થાય કે 'અમેરિકા'માં Multi millionaire કોઈ અબજોપતિ હોય કે દેવલોકનો કોઈ મોટો દેવ થાય, દેવલોકમાં મોટો દેવ થાય એના પુણ્ય કરતાં આપણું પુણ્ય મોટું છે, એમ કહેતા. અમારે કાંઈક વાતચીત થતી તો એ આમ કહેતા કે, આપણે એના કરતાં વધારે પુણ્યશાળી છીએ. આવી આત્માને દર્શાવનારી અને જન્મ-મરણનો નાશ થાય એવી વાત કહેનારા આપણને મળ્યા છે ! પુણ્ય બંધાય એવી વાત કહેનાર તો જગતમાં ઠામ ઠામ છે એમ એમનું કહેવું છે અને પુણ્ય બંધાય છે અને જગતમાં એ પુણ્યના ફળ ભોગવનારા જીવો જોવામાં આવે છે, શ્રીમંતો, રાજા-મહારાજાઓ અને દેવલોકના દેવો આ બધા પુણ્યના ફળ ભોગવનારા છે, પણ જન્મ-મરણનો નાશ થાય અને આત્મા પંચમગતિ – સિદ્ધગતિને પ્રાપ્ત કરે એવી વાત કહેનારા, એ રસ્તો દેખાડનારા જવલ્લે જ મળે છે. એટલે એના ભાગ્યનો, બાહ્ય દૃષ્ટિએ પણ એ સૌથી ઊંચા પુણ્યનો પ્રસંગ છે, Quality ફેર છે. હા, એવી વાણી સાંભળનાર કોઈ આર્થિક દૃષ્ટિએ દરિદ્ર હોઈ શકે છે, પણ અહીંયાં પુણ્યની જાતિનો ફેર છે એમ કહેવું છે. એની પાસે પૈસા નથી, એને જગતમાં આબરુ નથી, ભલે મોટું માન-સન્માન નથી મળતું પણ એને જે જ્ઞાની શ્રીગુરુની વાણી મળે અને જેનાથી એ પોતાના જન્મ-મરણનો નાશ કરી શકે એવો જે સત્‌સમાગમ અને એમાં પણ આવા તીર્થંકર પ્રકૃતિના ધારક જ્ઞાની હોય ત્યારે તો ઉત્કૃષ્ટ યોગ હોય છે. એમની વાણી પણ કોઈ વિશેષતા, સાતિશય – અતિશયવાળી વાણી હોય છે ! એટલે એને ઉપમા ન આપી શકાય એવું સૌભાગ્ય ગણવામાં આવે છે. કેમકે જગતમાં તો પુણ્યની સરખામણી થાય છે કે, આ દસ લાખવાળો અને આ વીસ લાખવાળો, માટે આના કરતા આ બમણો. આને એક દીકરો છે, આને બે દીકરા છે માટે એને Double ફાયદો. આમાં કોઈ એવી ઉપમા લાગુ પડતી નથી. **'અનુપમ સૌભાગ્ય છે.'**

મુમુક્ષુ :– પચીસ વર્ષથી એવાને એવા રહ્યા તો પુણ્યને હડસેલો જ માર્યો ને !

પૂજ્ય ભાઈશ્રી :– પુણ્યને વાપરી નાખ્યા, વગર લાભ લીધે. જેમ કોઈ પાણીમાં રત્ન પધરાવી દ્યે અથવા કોઈ પીવા માટે અમૃત આપે કે, આ તું પી એટલે અમર થઈ જા. તો પેલાએ પગ ધોઈ નાખ્યા ! શું કર્યું ? પીવાને બદલે પગ ધોયા. એનું અમૃત તો ઢોળાઈ ગયું. એમ વખત ચાલ્યો ગયો. વળી બતાવતા ગયા છે તો હજી પણ થોડીઘણી જગ્યા છે, અનુસંધાન કરવું હોય તો જગ્યા છે. **'પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે.'** એ આ દૃષ્ટિએ (કહ્યું છે).

**'માર્ગ બતાવનાર...'** મોક્ષનો માર્ગ કેવો હોય ? જન્મ-મરણનો નાશ થાય એ ઉપાય, માર્ગ એટલે ઉપાય, એનો ઉપાય કેવો હોય ? શું કરવાથી આ જીવ અંતર્મુખ થાય ? તેની રીત અને કાર્યપદ્ધતિ બતાવનાર, જે ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. આથી ઊંચું ભાગ્ય પછી બીજું કોઈ છે નહિ. પરમ એટલે ઉત્કૃષ્ટ. એ ઉત્કૃષ્ટ સૌભાગ્ય છે. સમજણથી એની કિંમત આવે, નિવૃત્તિ લઈને ત્યાં રહેવાનું એ કારણ હોય છે કે વિશેષમાં વિશેષ વાણી સાંભળવાનો યોગ મળે અથવા વારંવાર જવાનું પણ એ કારણ હોય છે. દેખાદેખીનો ધર્મ નથી. આણે આમ કર્યું માટે હું આમ કરું એ પ્રશ્ન અહીંયાં નથી. એ બધું લોકસંજ્ઞામાં જાય છે. પ્રાયઃ જીવ લોકસંજ્ઞાએ ધર્મ કરે છે. લોકોમાં સારું દેખાશે. શું કરવાથી ધર્મના ક્ષેત્રમાં રહેલાં જે જીવો છે, મનુષ્યો છે, સમાજ છે એને આપણે પોતાનો સમાજ ગણીએ છીએ કે, આ અમારો સમાજ છે. એ મારા સમાજમાં મારું કેવી રીતે સારું દેખાશે એવું હું કોઈ ધાર્મિક કાર્ય કરું. એ રીતે અનંતકાળથી આ જીવે લોકસંજ્ઞાએ બધાં ધાર્મિક કાર્યો કર્યાં છે. સત્સંગ પણ લોકસંજ્ઞાએ કર્યો છે કે, હું પણ ગણાઉં, હું પણ ગણાઉં, હું ત્યાં આવતો હતો, હું ત્યાં આવું છું, ત્યાં મારું સ્થાન છે, ત્યાં મારું અમુક સ્થાન છે, મને આમ ગણે છે, મને ધર્મી ગણે છે, આત્માર્થી ગણે છે, જ્ઞાની ગણે છે. એ બધો લોકસંજ્ઞાએ ધર્મ કર્યો છે. એનાથી જરા પણ લાભ મળતો નથી.

'શ્રીમદ્જી'એ પત્રની અંદર એનો એક બહુ સારો આંક બાંધ્યો છે કે, કેટલીક વાર જીવને પોતાને ખબર નથી હોતી કે હું લોકસંજ્ઞાએ ધર્મ કરવા જાઉં છું કે મારા આત્માના હિત ખાતર ધર્મ કરવા જાઉં છું ? બફમ્માં ને બફમ્માં એને એમ હોય છે કે હું મારા આત્મા માટે ધર્મ કરવા જાઉં છું (અને) એ લોકસંજ્ઞાએ ધર્મ કરતો હોય છે. પણ એ એને કેમ ખબર પડે ? એને પોતાને એ વાત Check કરવી હોય – તપાસવી હોય તો કેમ ખબર પડે ? એમણે પત્રની અંદર બહુ સરસ વાત લખી છે કે, પછી ઉદયભાવની અંદર જે કોઈ જાતના ઉદયને લગતાં ઉદયની પ્રવૃત્તિમાં તીવ્ર રસવાળા પરિણામ થાય છે એમાં ફેર ન પડે ને એવા ને એવા

રહે અને એવા ને એવા થાય તો સમજવું કે એ સત્સંગ આદિ જે કાંઈ ધર્મની ક્રિયા કરે તે લોકસંજ્ઞાએ કરે છે એમ સમજવું. આવી રીતે ઉપલક્ષણથી પોતે માપી શકે અને એ વિષયને તપાસી શકે એના માટે મુમુક્ષુને પત્ર લખ્યો છે.

મુમુક્ષુ :– થર્મોમીટર આપી દીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થર્મોમીટર આપી દે છે, જોઈ લેવું.

મુમુક્ષુ :– જે ભાવે મળ નિર્મૂળ થાય એ કાર્ય કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મળ નિર્મૂળ થાય. પણ હવે આમાં શું છે કે, થોડીક માનસિક શાંતિ રહે તોપણ માણસને એમ થાય કે, ના કાંઈક ધર્મનો લાભ થયો. બાહ્ય વૈરાગ્ય હોય, થોડોક જ્ઞાનનો ઉઘાડ થાય, થોડીક સમજણ આવે તો એને એમ થાય કે જ્ઞાન થયું.

૫૧૬ નંબરનો પત્ર છે. પહેલેથી વાંચીએ. **'પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે,...'** અગ્નિના સંયોગમાં પાણી હોય તો પાણી ઊનું થાય એમાં ઇચ્છા શું કામ આવે કે, પાણી ઊનું ન થાય તો સારું. પાણી ઊનું ન થાય તો સારું એમ કામ આવે ? **'તેવો આ વ્યવસાય,...'** આ ધંધો-વેપાર, કોને ઉદ્દેશીને લખ્યો છે ? ૫૧૬ છે ને ? 'કેશવલાલ નથુભાઈ, લીમડી.' **'તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.'** ૨૭મા વર્ષમાં લખે છે. પોતે વેપાર-ધંધામાં ફસાયેલા છે. તો કહે છે કે, અમને તો એમ લાગે છે કે, આ વ્યવસાય એવી ચીજ છે કે સમાધિએ શીતળ એવો પુરુષ હોય, જેને અંદરમાં સમાધિ – આત્માની સમાધિ પ્રગટતી હોય એ પણ વ્યવસાયની માથાકૂટમાં ઊતરે તો એને ઉષ્ણપણાનો હેતુ થાય. ક્યાંય ને ક્યાંય એને ઉષ્ણપણું ભજે એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે. પોતાના અનુભવથી લખે છે.

**'વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્ત્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસ ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી.'** શા માટે એમણે દીક્ષા અંગીકાર કરી ? કે, એમાં રહેવાથી મોક્ષ સુધીની સાધના નથી થતી, જેને સમ્યગ્દર્શન થાય છે (એને) પંચમ ગુણસ્થાન પર્યંતની સાધના થાય છે પણ એ જઘન્ય સાધના છે. ઉત્કૃષ્ટ સાધના માટે તો મુનિદીક્ષા અંગીકાર કરવી યોગ્ય છે. **'તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે,...'** મુનિદીક્ષા અંગીકાર કર્યા પછી ભગવાન 'મહાવીરસ્વામી'એ વિશેષ પુરુષાર્થની જરૂર જાણીને સાડા બાર વર્ષ સુધી મૌન રહ્યાં. બધાં તીર્થંકરો મુનિદશામાં ઉપદેશ આપતા નથી. કોઈ તીર્થંકરો મુનિદશાની અંદર ઉપદેશ નથી આપતા. એમનો તો ઉપદેશ

આપવાનો ઉદય કેવળજ્ઞાન થયા પછીનો છે.

પ્રશ્ન :- તીર્થંકરો ન આપે પણ બીજા મુનિઓ આપે ?

સમાધાન :- હા, બીજા મુનિઓ ઉપદેશ આપે. બીજા મુનિઓ, આચાર્યો, ઉપાધ્યાયો ઉપદેશ આપે ખરા. બીજા નવદીક્ષિત મુનિઓ હોય એને પણ ઉપદેશ આપે અને ગૃહસ્થને પણ ઉપદેશ આપે, જેવો પ્રસંગ. પણ તીર્થંકરો નથી આપતા. એટલે ભગવાન 'મહાવીરસ્વામી'ને પણ મૌનપણું હતું. અનિદ્રા એટલે એ સૂતા નથી, તપશ્ચર્યામાં જ રહ્યાં છે. **'કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.'**

**'જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા,...'** ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ હતા, આગળના દસમાં ભવમાં – સિંહના ભવમાં – સિંહની અવસ્થામાં સમ્યક્‌જ્ઞાન – આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. **'અવ્યવસાયી જેવા હતા, નિઃસ્પૃહ હતા,...'** ગૃહસ્થદશામાં પણ નિર્લેપ અને નિઃસ્પૃહ હતા. **'અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...'** જુઓ ! ભગવાનનું આ ગૃહસ્થદશાનું વર્ણન કરે છે. **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા;...'** આ પોતાને ૨૭મા વર્ષે સાધકદશામાં મુનિપણાની ભાવના કેટલી છે ! આ તો ભગવાનના બહાને વાત કરે છે, ભાવના તો પોતાની છે.

**'નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.'** આવા મહા પુરુષાર્થી અને પરાક્રમી પુરુષો પણ ગૃહવાસમાં રહેવું ઉચિત ન સમજ્યા, તો બીજાએ શું જોઈને આ વિચાર્યું છે કે આમાં રહેવા જેવું છે ? એ વિચારવા જેવો વિષય છે. **'તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે.'** આ વાતને વ્યવસાયના કાર્યોમાં અને પ્રસંગમાં વારંવાર સ્મરણમાં લાવીને વ્યવસાય પ્રત્યેની રુચિ છે એને નીરસ કરવા જેવી છે.

**'જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી,...'** મુનિપણાની વાત એક બાજુ રહી પણ એને હજી મુમુક્ષુપણાને વિષે જિજ્ઞાસા થઈ નથી. **'અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે.'** લોકોની અંદર, લોકોની નજરમાં પોતાને કાંઈપણ જોવાય એ ભાવનાથી એ ધર્મ કરવા ઇચ્છે છે પણ તેને આત્મકલ્યાણની **'જિજ્ઞાસા ઘટતી નથી; કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય,...'** અને બીજો ન બંધાય **'એમ ત્રણકાળમાં બનવાયોગ્ય નથી.'** વ્યવસાયમાં એક જીવ હોય અને બંધાય અને બીજો જીવ તે જ વ્યવસાયમાં હોય અને ન બંધાય, તો બહારમાં એમ થયું અને અંદરમાં કેમ ફેર પડ્યો ? બન્નેનાં પરિણામમાં ફેર

છે. એક અરુચિભાવે કરે છે અને એક રુચિભાવે કરે છે. અરુચિભાવે કરે છે તે નીરસ પરિણામથી કરે છે, કરવું પડે છે માટે કરે છે અને પેલાને હોંશથી, ઉલ્લાસથી, રુચિથી કરવું છે. એક બંધાય છે અને બીજો છૂટે છે. ત્યાં એ વાત લીધી છે કે, લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવનાથી એ ઇચ્છે છે કે, હું આ બધું કરું. એનાથી એને ધર્મ થતો નથી. એનું માપ અહીંયાં કાઢ્યું કે, ઉદયની અંદર નીરસતા છે કે રસથી કરે છો ? તું લાભ માનીને કરે છો ? કે લાભ નથી અને એ કરવું પડે છે, ચાલે એવું નથી, પોતાના પરિણામ સ્થિર ન રહે એવી કોઈ બહારની પરિસ્થિતિ હોય અથવા આજીવિકા માટે લાચારી, દીનતા કરવી પડે એવી કોઈ સ્થિતિમાં ન મુકાય એટલા ખાતર પ્રવૃત્તિ કરવી પડે, કરવી નથી છતાં કરવી પડે તો એ જીવ નીરસ પરિણામથી કરશે અને સંયોગોમાં સુખ છે અને એને વધારતા જઈએ, એને બરાબર વધારીએ, જેટલું વધે એટલું સારું છે એ અભિપ્રાયથી કરે તો એમાં એને રસ આવ્યા વિના રહે નહિ. એવી પ્રવૃત્તિ ઉદયમાં કરે અને પછી કોઈ પણ ધર્મની પ્રવૃત્તિ કરે તો એ જીવને ધાર્મિક પ્રવૃત્તિની અંદર યથાયોગ્ય પરિણામ નહિ હોવાથી એ લોકસંજ્ઞાએ ધર્મને કરે છે એમ કહ્યું.

મુમુક્ષુ :– મીઠી ભાષામાં ઘણું કહી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :– એવું જ છે ! લોકસંજ્ઞાને એમણે આગળના કેટલાક પત્રોની અંદર હળાહળ ઝેર, કાળકૂટ ઝેર ગણાવ્યું છે. જ્યાં સુધી લોકસંજ્ઞાને ઝેર છે એમ સમજવામાં ન આવે ત્યાં સુધી એ લોકસંજ્ઞા છૂટતી નથી અને જીવનું આત્મકલ્યાણ થતું નથી.

અહીંયાં 'ગુરુદેવ'નો મહિમા કરતાં એમ કહે છે કે, માર્ગ બતાવનાર આવી અનેક વાતોનું સ્પષ્ટીકરણ 'ગુરુદેવશ્રી'એ ઘણું કર્યું છે. તે સાંભળવા મળ્યું. જેને અંગીકાર કરવું છે, જેને એ રસ્તે ચડવું છે, તે ઉપાયને જે શોધે છે એને તો એ જ ચીજ સામે મળે છે એ એનું પરમ સૌભાગ્ય છે. કારણ કે એ આત્માનું હિત કરી જશે. જન્મ-મરણનો એ નાશ કરશે.

**'દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે...'** દરરોજ બે વખત પ્રવચન થતાં ને ? સવારે પ્રવચન થતું અને બપોરના પ્રવચન થતું. **'દરરોજ સવાર-બપોર...'** ૩૬૦ દિવસ ! આખું વર્ષ એ રીતનો કાર્યક્રમ હતો. **'દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે...'** સમ્યક્તત્ત્વ એટલે આત્માની અભિમુખ થવાય, એવું જે તત્ત્વ સાંભળવા મળે છે. બીજી કથા અને બીજી વાર્તાનો પ્રસંગ નહોતો. આત્મજ્ઞાન કેમ થાય ? આત્મશ્રદ્ધાન કેમ થાય ? અને આગળ મોક્ષમાર્ગમાં કેવી રીતે વધાય ? એકલું અધ્યાત્મનું પ્રકરણ બન્ને વખતના પ્રવચનમાં સાંભળવા મળે છે. આ તો ('ગુરુદેવ'ની) હયાતીમાં બધી વાત ચાલી છે ને ?

**'એના જેવું બીજું કયું સદ્‌ભાગ્ય હોય ?'** જંગલવાસી મુનિ હોય તોપણ આટલો સુયોગ ન રહે. સત્‌ને સાંભળવાનો, સત્‌ઉપદેશ સાંભળવાનો, હિતોપદેશ સાંભળવાનો આટલો સુયોગ નથી મળતો. કેમકે મુનિ તો એક જગ્યાએ રહે નહિ. વળી ગૃહસ્થ હોય એને પ્રવૃત્તિ આડે વારંવાર જંગલમાં જવાનો અવકાશ રહે નહિ કે, વનમાં જઈને એ સાંભળે અને એ જાય ત્યારે એ સામે રોકાયેલા હોય એવું કાંઈ બને નહિ, ગમે ત્યારે ગમે ત્યાં ચાલ્યા જાય. મુનિ અપ્રતિબંધ વિહારી હોય છે. એટલે મુનિદશાનો આવો યોગ મળતો નથી. એક તીર્થંકર જ્યાં સુધી વિચરતા હોય, સમવસરણ હોય ત્યાં સુધી બરાબર યોગ મળે છે. ચોવીસ કલાકમાં ચાર વખત, દર છ ઘડીએ, ૨૪ ઘડીનો દિવસ છે ને ? દર છ ઘડીએ એક વખત ઉપદેશ – દિવ્યધ્વનિ શરૂ થાય છે.

એ રીતે અહીંયાં નિયમિતપણે **'સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્‌તત્ત્વ...'** (અર્થાત્‌) આત્માનું સ્વરૂપ શું ? તારો આત્મા મૂળ સ્વરૂપે કેવો છે ? અને કઈ રીતે એની પ્રાપ્તિ એટલે અનુભવ અને શ્રદ્ધાન થાય છે ? કે જેને લઈને જન્મ-મરણનો નાશ થાય છે. એ વાત જગતમાં સૌથી ઉત્તમ છે ! તેવું તત્ત્વ સાંભળવા મળે **'એના જેવું બીજું કયું સદ્‌ભાગ્ય હોય ?'** એના જેવો વિશેષ પુણ્યયોગ અથવા સારામાં સારો સંયોગ, એના જેવો બીજો કોઈ ઉત્તમ સંયોગ છે નહિ. હવે શ્રોતાનો વિષય લ્યે છે. અહીં સુધી તો વક્તાનો વિષય લીધો.

**'શ્રોતાને અપૂર્વતા લાગે...'** શું કીધું ? આ એક તપાસવાનો વિષય છે કે, તેં વ્યાખ્યાન સાંભળ્યા, 'ગુરુદેવ'ની વાણી સાંભળી તો તને ક્યારેય અપૂર્વતા લાગી છે ? કે, મેં ક્યારેય પણ આવું સમ્યક્‌તત્ત્વ સાંભળ્યું નથી. એવું ક્યારેય તને લાગ્યું છે ? અત્યારે પણ જ્યારે જ્ઞાનીની વાણી સાંભળે ત્યારે એવું તને લાગે છે ? જરાક અંદર તપાસી લે. જો તને અપૂર્વતા લાગે તો ત્યાં સંસ્કાર પડે છે. અપૂર્વતા લાગે ત્યાં એને સંસ્કાર પડે છે. 'અપૂર્વ' શબ્દ સાધારણ થઈ પડ્યો છે એ વાત અહીંયાં નથી. એનું વાચ્ય છે કે જ્ઞાન અલ્પ હોવા છતાં જ્યારે ખરેખર પોતાના સ્વરૂપને દર્શાવનારી વાણી સાંભળવા મળે ત્યારે કોઈ જીવને એવો સ્પષ્ટ ખ્યાલ પણ આવે છે કે, અનંતકાળમાં મારા જીવે આવી અપૂર્વ જાગૃતિમાં આવીને આવી વાણી સાંભળી નથી. અપૂર્વ જાગૃતિ મારા સ્વરૂપને વિષે આવે એવી વાત મેં સાંભળી નથી. એવું એને અલ્પ જ્ઞાનની અંદર ભૂતકાળના અનંત કાળનો ભાસ આવે. એને જાગૃતિમાં જે અપૂર્વતા આવી એની સામે એને વાણી અપૂર્વ લાગી છે (કે) આ કહેનાર કોઈ અપૂર્વ છે ! નહિતર કહેનાર તો તીર્થંકર મળ્યા છે, ગુરુ મળ્યા છે, જ્ઞાનીઓનો – સત્પુરુષોનો સત્સંગ મળ્યો છે પણ એને પોતાને અપૂર્વતા ભાસી નથી. એટલે વાણીને અપૂર્વ નથી કહેવાતી, પૂર્વાનુપૂર્વ કહેવાય છે.

શ્રોતાને અપૂર્વતા લાગે તો એનું ફળ શું (એ) કહે છે. અપૂર્વતા લાગે પુરુષાર્થ ઊપડે

તો. 'જો' અધ્યાહાર છે. જો અપૂર્વતા લાગે, અપૂર્વતા લાગ્યા પછી જો એ પોતે પુરુષાર્થ કરે **'તો તે આત્માની સમીપ આવી જાય છે.'** પોતાના પરમાત્મતત્ત્વના દર્શન કરવાની સમીપ આવી જાય છે – બહુ નજીક આવી જાય છે. એટલે એ આત્મસન્મુખ થાય છે અને આત્માની નજીકના પરિણામ એને વર્તે છે. એ જીવ **'આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય – એવી અદ્‌ભુત વાણી છે.'** પોતાની ખાત્રીથી કહે છે. જો એને અપૂર્વતા લાગે –આ એક બહુ ખાસ લક્ષણ છે – આ Specific signal છે, ખાસ લક્ષણ છે. વાણી તો વાણી છે, કહેનાર તે કહેનાર છે, એ બન્ને એનામાં છે, પણ બતાવે છે આત્માના સ્વરૂપને. જો સાંભળનારને આત્માની જાગૃતિ આવે, એ જાગૃતિ આવવાનું લક્ષણ શું ? કે, એ વાણીમાં કહેલું અપૂર્વ તત્ત્વ – પૂર્વે નહિ જોયેલું તત્ત્વ. એ વિષયની એને અપૂર્વતા ભાસવા લાગે છે કે, આવી વાત મેં કદી સાંભળી નથી અને મારા આત્મહિતના વિષયમાં – આત્માના હિતનાં વિષયમાં આવી જાગૃતિ મને કદી આવી નથી. ત્યાં એને સંસ્કાર પડી ગયા. મોટાભાગે તો એ પામી જાય છે. એ નજીક આવી ગયો, સંસ્કાર પામી ગયો એ જીવ નજીક આવી ગયો. બીજા કે ત્રીજા ભવમાં એ માર્ગમાં આવી જાય છે, એ પુરુષાર્થને ઉપાડી લ્યે છે.

પ્રશ્ન :– સંસ્કાર પડ્યા કોને કહેવાય ?

સમાધાન :– આને કહેવાય, અપૂર્વતા લાગે ત્યારે. આત્માની સમીપ થાય એને એવું ભાવભાસન થાય ત્યારે એને સમીપતા થઈ ગઈ, એને સંસ્કાર પડી ગયા. પરિભ્રમણમાંથી એનો નિવડો આવી ગયો. અનંતકાળથી જીવ ચાર ગતિમાં જન્મ-મરણ કરે છે એનો નિવેડો આવી ગયો.

એક પ્રશ્ન વિચારાય એવો છે કે, અનેક પ્રકારની નાની-મોટી અનુકૂળતાઓ પાછળ જીવ ચોવીસ કલાક ખર્ચે છે. એક જ ઘટમાળ ચાલે છે કે, મારી અનુકૂળતાઓ માટે હું આટલું આટલું કરું. પછી વ્યવસાયથી માંડીને બધું કરે. ઘરની ગોઠવણી (કરે), ઘરમાં રહેલાં સાધનોની બધી ગોઠવણી અનુકૂળતા માટે જ છે. નાની નાની અનુકૂળતા માટે પૂરી જિંદગી ખર્ચે છે અને મોટી પ્રતિકૂળતા – જન્મ-મરણનું દુઃખ, મરણનું દુઃખ; ડૉક્ટર એમ કહે કે, ગંભીર વાત છે, અમારા હાથ હવે આમાં નહિ આંબે, તો બધું ભૂલી જાય છે. બધી અનુકૂળતા-પ્રતિકૂળતા ગૌણ કરી નાખે છે અને આ એક મટી જાય એના માટે એકદમ ત્યાં એકાગ્ર થાય છે અને મુખ્યતા આપે છે. શરીર હજી છૂટ્યું નથી, છૂટશે તો હજી એના ટાઈમે છૂટશે પણ ન છૂટે એના માટે, એ કંઈ છૂટ્યા વિના રહેવાનું નથી, પણ બહુ બહુ તો મોડું છૂટે, ન છૂટે, મોડું છૂટે, મોડું છૂટે એમાં એને ન છૂટે એ જ અભિપ્રાય છે. એમાં એનું ચાલતું નથી. એના માટે એ બધી અનુકૂળતા-પ્રતિકૂળતા ગૌણ કરીને પાછો ત્યાં લાગી જશે. ભાઈ ! અહીંયાં કહે છે કે, તારા ચારેય ગતિના

જન્મ-મરણ છૂટવાની વાત છે. એની મુખ્યતા નહિ તને ?

'સોનગઢ'માં (એક મુમુક્ષુભાઈએ) દાખલો આપ્યો હતો કે, એક સોનું બનાવવાનું પુસ્તક હોય. (એની) પાંચ નકલ છે. મારે તો Free of charge દઈ દેવાની છે. જગતમાં સોનું કેમ બને, એ બનાવવા માટેનું નાનું પુસ્તક છે. પાંચ નકલ છે, વહેલો ઈ પહેલો. સવારે આઠ વાગે જે પહેલો આવશે એને હું આપી દઈશ, પહેલા પાંચ જણને આપી દઈશ. મારે ત્યાં જે સવારમાં આઠ વાગ્યામાં આવશે એને આપી દઈશ. આઠ વાગે શું પરોઢિય ચાર વાગે રાખે તોપણ, ચોવીસ, અડતાલીસ કલાક અગાઉથી એ લાઈન લગાવે. પહેલાં પાંચમાં આપણો નંબર હશે તો મળશે, છઠ્ઠા નંબરવાળાનો પ્રશ્ન નથી. ત્યાં કેટલું વહેલું જાવું છે એ સવાલ છે, જન્મ-મરણ (મટાડવાના) માર્ગ માટે એને કેટલી અપેક્ષા છે ? કેટલી દરકાર છે ? આ વિષય વિચારવા જેવો છે.

એના અનુસંધાનમાં પછી બીજી વાત કરી હતી કે, ઈ ચોવીસ-અડતાલીસ કલાક લાઈન લગાવી હોય અને ખાવા પણ ન ગયો હોય, પાણી તો ગમે એમ કરીને પી લ્યે કારણ કે રહી ન શકે એટલે, પણ ખાધું પણ ન હોય, ભૂખ્યો હોય પછી પુસ્તક લઈને ઘરે ખાવા બેસે ? કે પહેલાં સોનું બનાવવા બેસે ? એકવાર ખાઈ લઉં સોનાની વાત પછી, તો કહે, ના, પહેલાં સોનું બનાવવા દ્યો. પછી જમવાનું તો છે જ ને ! એમ કહે. પછી જમવાનું જ છે ને ! એકવાર કામ તો ચાલુ કરી દઈએ.

મુમુક્ષુ :- સોનામાંથી સુખ મળશે એવો વિશ્વાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો એ દાગીનાને રોજ પૂછવું કે, આમાંથી રોજ તું કેટલું સુખ મને આપે છે ? અને એમાં પણ એ દાગીનો ઝઘડો કરાવે ત્યારે પૂછવું. સાસુ-વહુનો, દેરાણી-જેઠાણીનો મજિયારો વહેંચે ત્યારે ઝઘડો થાય કે ન થાય ? ત્યારે પૂછવું કે, આમાંથી સુખ આવે છે કેટલું ? સુખનો પ્રવાહ આવે છે ? સુખની હવા આવે છે ? કોઈ પ્રવાહી આવે છે ? કોઈ રજકણો સુખના આવે છે ? શું આવે છે ? કેવી રીતે સુખ આવે છે ? 'ગુરુદેવ' કહે, કટકા કરી કરીને જો, તારી રૂપિયાની નોટના અને તારા રૂપિયાના સિક્કાના ટુકડા કરી કરીને જો (કે) અંદર સુખ ક્યાં બેઠું છે ? તારું સુખ તને ક્યાં દેખાય છે જો તો ખરો ! પણ ઈ પીળી માટી એવી છે કે, એની આ જીવે કલ્પના કરી નાખી છે. એટલે એ પીળી માટી કરતાં એને આત્મા ઓછી કિંમતનો દેખાણો છે. જન્મ-મરણનો નાશ થાય અને શાશ્વતપદને પામે એ કિંમત ઓછી છે અને આ માટીની કિંમત વધારે છે.

એક વાર તો એને એમ આવવું જોઈએ કે, આ સત્‌ના વિચારમાં, સત્‌ના પ્રયત્નમાં, સત્‌ના સમાગમમાં જતાં બહારની અંદર કોઈપણ નુકસાન આવી પડે તો ભલે આવી પડે, પણ પહેલું

આ કરવું છે અને પછી બીજું કરવું છે. એમ એક વાર એની Priority બદલ્યા વિના એની મુખ્યતા આવશે નહિ. મુખ્યતા આવશે નહિ ત્યાં સુધી આની અંદર કાંઈ લાભ થવાની આશા રાખવી એ વ્યર્થ છે.

અહીં તો કહે છે કે, અપૂર્વતા લાગે. Priority નહિ, Top most priorityની વાત છે. **'શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે...'** જેને અપૂર્વતા લાગે છે એને પુરુષાર્થ ઊપડે છે, ઊપડે છે એને પુરુષાર્થ કરે છે એમ કહેવાય છે. **'તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય–એવી અદ્‌ભુત વાણી છે...'** 'ગુરુદેવ'ની એવી અદ્‌ભુત વાણી છે. કહેનારને પોતાને જન્મ-મરણ ટળ્યા છે, અપૂર્વતા લાગી છે, પુરુષાર્થ ઊપડ્યો છે, જન્મ-મરણનો નાશ કર્યો છે એટલે ખાત્રીબંધ – Guaranteed વાત કરે છે. સારી કંપનીની Guarantee માન્ય છે. નિર્દોષ પવિત્ર દશાને પ્રાપ્ત થયા હોય એવા ધર્માત્માની Guarantee – સત્પુરુષની Guaranteeમાં એને વિશ્વાસ કેટલો છે એ તપાસવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– 'પુરુષાર્થ' શબ્દ જુદો મૂક્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– **'પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય...'** પછી પાછો એ વાત ભૂલી જાય તો એ આયુષ્ય નીકળી જાય. પછી બીજા ભવમાં જ્યાં સંસ્કાર જાગૃત થાય છે ત્યાં પાછો એનો પુરુષાર્થ ઊપડે છે, ત્યાં એ પુરુષાર્થ કરે છે. પણ આ ભવમાં સંસ્કાર પડ્યા હોય, (પછી) ભૂલી જાય, વળી બીજે ઉદયમાં લાગી જાય તો એ જીવન એનું પૂરું થઈ જાય છે, એ આયુષ્ય પૂરું થાય છે. એ આયુષ્યમાં પુરુષાર્થ વગર તો કોઈ કાર્યસિદ્ધિ નથી એ વાત તો સ્પષ્ટ છે. એ બન્ને વાત સાથે લેવી છે. એક એક વાતની પાછળ અનુભવ છે.

**'એવી અદ્‌ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે.'** આ મુમુક્ષુજીવોને ઉદ્દેશીને, મુમુક્ષુ સમાજને લક્ષે એટલું વચન છે કે, જો આવું સાંભળવાનું મળ્યું છે, પ્રત્યક્ષ યોગનું બહુ મહત્ત્વ છે. મુમુક્ષુની ભૂમિકામાં સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ એ જન્મ-મરણ ટાળવા માટેનું અમૃત જ છે ! ખરેખર તો એ જન્મ-મરણ ટાળવા માટેનું અમૃત છે. પીવું કે ન પીવું, પીવું કે ઢોળી નાખવું એ એની સમજણ ઉપર આધારિત છે. બાકી છે, એવો જ યોગ છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'નું બીજું પ્રકરણ જ આખું એના ઉપર છે. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાની સત્પુરુષના યોગનું મહત્ત્વ કેટલું છે (એ દર્શાવ્યું છે).

'શ્રીમદ્‌જી'એ તો પત્રોએ પત્રોએ એ વાત લખી છે. એટલી બધી એમણે સત્પુરુષના યોગની મહત્તા આપી છે કે, 'આત્મસિદ્ધિ'માં તો એમણે ત્યાં સુધી લખ્યું કે, 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.' જિનેન્દ્રની વાણી પરોક્ષ હોય એના કરતાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ વધારે ઉપકારી છે અને આત્માર્થીને આ વિષય બહુ સ્પષ્ટ લાગે છે, સમજાય છે. કેટલા કેટલા એમણે

દાખલા આપ્યા છે ! જેમ કોઈ ક્ષીરસાગર હોય – દૂર હોય, ક્ષીર સાગર હજારો લાખો યોજન દૂર છે, મીઠું દૂધ જેવું પાણી હોય. ક્ષીરસાગરમાંથી (ભગવાનનો) અભિષેક કરે છે. સૌધર્મ ઇન્દ્ર જ્યારે બાળ-તીર્થંકરનો જન્માભિષેક કરે છે ત્યારે ક્ષીરસાગરમાંથી (જળ) લાવે છે. એનાથી દૂર રહેલો ક્ષીરસાગર તૃષા નહિ છિપાવે. મીઠા પાણીનો અહીંયાં એક લોટો હોય અને તૃષાથી પ્રાણ છૂટતા હોય, (પણ) એટલું પાણી પીવે તો એના પ્રાણ બચી જાય. દૂર રહેલો ક્ષીરસાગર કામમાં આવતો નથી. એમ ભગવાનને અને ભગવાનની વાણીને ક્ષીરસાગરની ઉપમા આપી અને સત્પુરુષને એક મીઠા પાણીના લોટાની ઉપમા આપી કે, અહીંયાં એ પ્રત્યક્ષ છે એ તારા પ્રાણ બચાવશે, તારા જન્મ-મરણનો નાશ થઈ જશે. એવી ઉપમાઓ આપી છે !

**'આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે !'** જુઓ ! કેવી વાત લીધી છે ! પોતે પૂર્વભવમાંથી – મહાવિદેહક્ષેત્રમાંથી આવે છે. ત્યાં મહાવિદેહક્ષેત્રમાં જ્યાં 'સીમંધર' ભગવાન બિરાજમાન છે ત્યાં એ પોતે રહેતા હતા. મહાવિદેહમાં અત્યારે તો વીસ તીર્થંકર છે. 'સીમંધર', 'યુગમંધર' કરીને વીસ તીર્થંકર છે. એમાં 'સીમંધર' ભગવાનની વાણી સાંભળવા જતા હતા. એમને જાતિસ્મરણજ્ઞાન છે એટલે એ સાંભરે છે, એ ખ્યાલ આવે છે કે, આ રીતે જતા હતા, આવી રીતે વાણી સાંભળતા હતા, આવી વાણી હતી. અત્યારે એનો વિરહ થઈ ગયો. ત્યાંથી આયુષ્ય પૂરું થઈને અહીંયાં આવી ગયા, વિરહ થઈ ગયો. પણ 'ગુરુદેવ'ની વાણી સાંભળતાં એ વિરહ ભુલી જવાય છે. એ વિરહની વેદના છે એ ભુલી જવાય છે. નહિતર અહીંયાં પંચમકાળ એટલે નિકૃષ્ટ કાળ છે. કાળ નિકૃષ્ટ છે એટલે કાળ એટલે નીચી કક્ષાના પરિણામ હોય એવા જીવો જે ક્ષેત્રમાં, જે કાળે હોય એવા કાળને હલકો કાળ કહેવામાં આવે છે. અહીંયાં એનું 'પંચમકાળ' એવું નામ છે. એવા ચાર વિભાગ ચાલ્યા ગયા. એક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં એવા છ-છ વિભાગ હોય છે. એમાં આ પાંચમો આરો – પંચમકાળ કહેવાય છે. હજી આથી ઊતરતો ઊતરતો કાળ છે. જેમ જેમ સમય જશે, તેમ નીચી નીચી કક્ષાના પરિણામવાળા જીવો અહીંયાં ઉપસ્થિત થશે, જન્મશે. છઠ્ઠા આરામાં એથી વધારે ખરાબ પરિણામવાળા જીવો હશે.

મુમુક્ષુ :– આપણા નસીબે ચોથો કાળ ૪૫ વર્ષ ચાલ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જ લેવું છે. પંચમકાળ ઉપરથી વિષય તો એ જ લેવો છે કે, જે જીવોના પરિણામ નબળા છે એને પંચમકાળ કહ્યો છે. જો પોતે પોતાના પરિણામ સુધારે અને પોતાના પરિણામમાં દોષ ટાળીને ગુણ પ્રગટ કરે; આ તો ગુણનો માર્ગ છે, નિર્દોષતા પ્રગટ કરે, પવિત્રતા પ્રગટ કરે તો પોતાને માટે આ પંચમકાળ નથી, પોતાના માટે આ ચોથો

કાળ છે. ચોથો કાળ એટલે જે કાળની અંદર જીવો ધર્મને વિશેષ કરીને પામતા, ઘણી સંખ્યામાં પામતા અને ધર્મ પામવાના બાહ્ય નિમિત્તો જ્યાં સુલભ હતા, ઉપલબ્ધ હતા, એવું અહીંયાં ઓછું હોય છે, છતાં પામે એને માટે એ ચોથો કાળ છે અને એવું નિમિત્ત જ્યાં હોય ત્યાં પણ એને ચોથો કાળ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પાંચમ કાળમાં આવી વાણી હોય એ જ અચંબો છે !

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર તો એ જ અચંબો છે. આ કાળમાં કોઈ જ્ઞાની થાય છે. જેમ 'શ્રીમદ્ રાજચંદ્રજી' થયા, ૯૦-૧૦૦ વર્ષ થઈ ગયા. એ તો ગૃહસ્થમાં હતા તો એને લોકો જલ્દી સ્વીકારતા નથી, એ પ્રકારના પુણ્ય ન હોય તોપણ બહારમાં જ્ઞાની તરીકે એની પ્રસિદ્ધિ હોય નહિ અને એ રીતે એમણે જે જન્મ-મરણનો નાશ કર્યો છે, એ (જે) ઉપાય છે, એ ઉપાય સમાજ(માં) બહાર આવતો નથી, એ વિષય બહાર આવતો નથી. એમને એમ એ અધ્યાત્મની વિદ્યા એમની પાસે રહી જાય છે. પોતે આયુષ્ય પૂરું કરીને ચાલ્યા જાય છે. એટલે સંજીવનીની જે વિદ્યા છે એનો ફેલાવો થાય એ પહેલાં એમનું આયુષ્ય પૂરું થાય છે. લોકો સ્વીકારવા તૈયાર થતા નથી. ગૃહસ્થ હોય, વેપાર હોય, કુટુંબ-પરિવાર હોય, સમાજના જીવોની બાહ્યદૃષ્ટિ અનાદિકાળથી છે.

(વિશેષ લઈશું...)

**પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે. ૬૯.**

## તા. ૩૦-૦૩-૧૯૮૭, વચનામૃત–૬૯, ૭૦
## પ્રવચન નં. ૫૯

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૪, ૬૯મો બોલ. પરિણમનમાં યથાર્થતા અથવા યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રયોજનનું લક્ષ રાખવું એ એક જ ઉપાય છે. એ વિષયમાં અહીંયાં ટૂંકામાં – સંક્ષેપમાં અસ્તિ-નાસ્તિથી વાત કરી છે કે, **'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.'** આત્મહિત કેમ થાય ? એ વિષયમાં તીક્ષ્ણ અને સૂક્ષ્મ ઉપયોગ હોય અથવા એ દૃષ્ટિકોણ સદાય, નિરંતર ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે સાથે જ હોય તો યોગ્યતાની પ્રાપ્તિ હોય છે અથવા આત્માર્થીતા પ્રાપ્ત હોય છે.

પ્રયોજન (સંબંધિત) ક્યાંયને ક્યાંય તો નિર્ણય કરેલો જ છે કે, આ મારા પ્રયોજનનું કારણ છે. જ્યાં જ્યાં સુખબુદ્ધિ છે, જીવને સુખનું પ્રયોજન છે અને જે રીતે એણે જાણે-અજાણે વિપરીત નિશ્ચય કર્યો છે એ દૃષ્ટિકોણ સદાય એને સાથે જ રહે છે. એટલે એ તર્ક કરવા યોગ્ય નથી કે, કેવી રીતે પ્રયોજનનું લક્ષ અથવા દૃષ્ટિકોણ નિરંતર ચાલુ રાખવો એ કેવી રીતે કરવું ? કેમકે એ થઈ જ રહ્યું છે. સંયોગમાં, રાગમાં સુખ છે એવી માન્યતાથી, એવા નિશ્ચયથી, એ દૃષ્ટિકોણથી જ પરિણમન ચાલે છે. સહજપણે એ પરિણમન એ રીતે જ વર્ત્યા કરે છે.

હવે, અહીંયાં એમ કહે છે કે, તું દેહાદિસ્વરૂપ નથી, રાગાદિસ્વરૂપ નથી, જ્ઞાનસ્વભાવી એક આત્મા છો તો તારા હિત-અહિત; એ તો આગળ આવી ગયું કે, શાંતિમાં હિત-અહિત

છે, શાંતિ છે એ લાભદાયક છે, ૬૮ (બોલમાં) એમ લીધું ને ? તો આત્માને શાંતિ રહે એ આત્માનું હિત છે, આત્માને અશાંતિ રહે તે આત્માનું અહિત છે. એ દૃષ્ટિકોણથી આત્મશાંતિને મુખ્ય રાખીને, નિર્દોષતાને મુખ્ય રાખીને, કેમકે શાંતિ-અશાંતિને દોષ-નિર્દોષતા સાથે અવિનાભાવી સંબંધ છે. જ્યાં જ્યાં દોષ છે ત્યાં ત્યાં દુઃખ અને અશાંતિ છે. જ્યાં નિર્દોષતા પ્રગટે છે ત્યાં સુખ અને શાંતિ પ્રગટે છે. આ અવિનાભાવી ભાવો છે. એટલે એ પ્રયોજન રાખવું, એ એક જ પ્રયોજન રાખવું, એક આત્માનું જ પ્રયોજન રાખવું, આત્માની સુખ-શાંતિ અને નિર્દોષતાનું જ પ્રયોજન રાખવું. એ જ હિતરૂપ છે એટલે હિતનું જ પ્રયોજન રાખવું. આ હિત–અહિતનો દૃષ્ટિકોણ છે. એ દૃષ્ટિકોણથી આગળ વધાય છે.

આ પ્રકારના અસ્તિરૂપ પરિણમનથી એટલે જ્યાં આત્માના હિતનો રસ લાગે, આત્મભાવનો રસ લાગે, આત્મસ્વભાવનો રસ લાગે **'ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.'** વિભાવનો રસ ટાળવા માટે કોઈ ત્યાગ-વૈરાગ્ય કરે છે તોપણ વિભાવનો રસ ટળતો નથી. સાચા ઉપાયને નહિ જાણવાથી બાહ્ય પદાર્થને આશ્રયે વિભાવરસ તીવ્ર થાય છે તો એ વિભાવરસ મટાડવાનો ઉપાય એ કરે છે કે, એ બાહ્ય પદાર્થને છોડી દ્યો, એનો ત્યાગ કરો. પણ એ ખરો ઉપાય નથી, સાચો ઉપાય એ નથી. બાહ્ય પદાર્થનો ત્યાગ થાય છે અને રસ રહી જાય છે તેથી કાર્યની સિદ્ધિ થતી નથી. એ બાહ્ય ક્રિયામાં રોકાય છે અને અંદરમાં વિભાવરસ છે એ એવોને એવો રહી જાય છે.

અહીંયાં એમ કહે છે કે, આત્માનો રસ લાગે, આત્માનું જ લક્ષ રહે. પ્રયોજનનો વિષય છે એ બે પ્રકારે વિચારવા યોગ્ય છે. એક તો પર્યાયાશ્રિત વાત છે એ સુખ-દુઃખ અને શાંતિ-અશાંતિની છે, પવિત્રતા અને દોષની વાત છે ત્યાં પ્રયોજનનો વિષય લાગુ પડે છે અને આશ્રય કરવા માટે એક પોતાનો આત્મસ્વભાવ છે એટલો જ પ્રયોજનભૂત વિષય છે કે, જે આત્મસ્વભાવ એક સમયની વર્તમાન અવસ્થાથી પણ રહિત છે. ત્યાં જે પ્રયોજનભૂત વિષય છે એમાં પર્યાયતત્ત્વ નથી, અહીંયાં પર્યાયમાં પ્રયોજન છે – આમ બે પ્રકારે પ્રયોજનનો વિષય વિચારવા યોગ્ય છે અને ઉપદેશમાં જ્યાં જે કહેવા માગતા હોય એ વાત સમજવા યોગ્ય છે.

અહીંયાં **'પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.'** એમાં બન્ને વાત લાગુ કરી શકાય કે, એક આત્મસ્વભાવ છે એ જ પ્રયોજનભૂત છે. એટલું લક્ષમાં રાખવું. અવસ્થાની અપેક્ષાએ આત્મામાં દોષ ઉત્પન્ન ન થાય, આત્માનું અહિત ન થાય અને હિત સધાય એવું જે પ્રયોજન છે એટલું જ પ્રયોજન રાખવું. આથી બહાર એનું પ્રયોજન ક્યાંય નથી.

પ્રશ્ન :– લક્ષમાં એવું જ આવ્યું ને જ્ઞાયકના લક્ષે અને પૂર્ણતાના લક્ષે ?

સમાધાન :– હા, પૂર્ણતાનું લક્ષ છે ત્યાં પર્યાયનો વિષય છે અને જ્ઞાયકનું લક્ષ છે ત્યાં

ધ્રુવનો વિષય છે. એમ અહીંયાં બે રીતે વિચારી શકાય છે. કેમકે વાત તો એવી રીતે કરી કે, '**પ્રયોજન તો એક આત્માનું જ રાખવું.**' તો એમ વિચારી શકાય કે, એક મારો શુદ્ધ આત્મા એ જ મને પ્રયોજનભૂત છે. આ સિવાય આ જગતમાં મને કાંઈ પ્રયોજનભૂત નથી. અને જે પ્રયોજભૂત છે તે જ મને મુખ્ય છે, બાકીનું બધું મને ગૌણ છે. તો પ્રયોજનભૂત એવું જે ધ્રુવ તત્ત્વ, પારિણામિકભાવસ્વરૂપ તત્ત્વ એની મુખ્યતામાં વર્તમાન સમયની પર્યાય પણ ગૌણ છે. એવી રીતે એની મુખ્યતા આવે છે.

મુમુક્ષુ :– લક્ષમાં પણ મુખ્યતા અને ગૌણતા આવી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જેનું લક્ષ હોય એ મુખ્ય રહે અને બાકી બધું ગૌણ રહે. હવે, આવું ધ્રુવ જ્યાં મુખ્ય થાય છે ત્યાં વર્તમાન અવસ્થામાં અવિવેક થતો નથી. કેમકે લક્ષ ઉપર પરિણામ છે તો પરિણામની અંદર શાંતિ-અશાંતિ, સુખ-દુઃખ, પવિત્રતા, નિર્દોષતા અને દોષ – એ બધી સમજ એક ધ્રુવના આશ્રયમાં આવે છે. એટલે પર્યાયનું જે પ્રયોજન છે એ ધ્રુવના આશ્રયમાં આપોઆપ સધાય છે. તેથી જે ભાવનાથી – આત્મહિતની ભાવનાથી ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો એ ભાવનાને અનુરૂપ એનું કાર્ય થાય છે અને પરિપૂર્ણ શુદ્ધ થવું છે એવું જે ધ્યેય છે, એ ધ્યેયમાં એ ધ્યેયના લક્ષે આગળ વધવામાં આવે છે. એટલે યથાર્થ પ્રયોજનમાં બન્ને વાત સાથે હોય છે. દૃષ્ટિના વિષયભૂત આશ્રયતત્ત્વ પણ એમાં હોય છે અને પોતાની અવસ્થાની અંદર નિર્દોષતાનું, પવિત્રતાનું પ્રયોજન સિદ્ધ થાય છે કે નહિ, દોષ ટળે છે કે નહિ, દોષનો અભાવ થાય છે, ગુણ પ્રગટે છે. એ પણ સહેજે સહેજે જ્ઞાનમાં રહે છે અને એ પ્રયોજન એટલું મુખ્ય થતું નથી કે જેને લઈને એનો આશ્રયનો વિષય ગૌણ થાય. એવું બનતું નથી. આશ્રય ત્રિકાળીનો કરવા જતાં બધું Balance રહે છે, સપ્રમાણ રહે છે. કોઈ વિષય અસમ્યક્ થતો નથી. બધું પરિણમન સમ્યક્ પ્રકારે ચાલવા લાગે છે.

મુમુક્ષુ :– પૂજ્ય બહેનશ્રીનો મૂળ પ્રકાર તો સાચો છે, ગમે પણ છે, પણ આત્માનું પ્રયોજન થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– થતું નથી, આ થતું નથી તો કાંઈક થાય છે તો ખરું ? કે પરિણમ્યા વગરનો છે ? તો જ્યાં થાય છે ત્યાં કેમ આમ થાય છે એની તપાસ કરવી રહી. તો તરત ખબર પડશે કે, આમ થવાનું કારણ શું છે ? એ સમજાય જશે. ક્યાં ભૂલ થાય છે ? કેવી રીતે ભ્રાંતિ થાય છે ? આત્માના સુખનું, આત્માના હિતનું લક્ષ રહેતું નથી તો બીજા હિતનું લક્ષ તો ઊભું જ છે, એ પરિણમે છે તો ત્યાં એને કાંઈ અચકાટ આવ્યો ? એ અકાર્ય છે. પ્રયોજનભૂત કાર્ય છે એ કર્તવ્ય છે અને એ સુકાર્ય છે, (એના બદલે) બીજું કાર્ય થયું.

આ વાત સાંભળી ક્યારે (કહેવાય) ? ભાવશ્રુતના વિષયમાં એવો એક વિચાર છે કે,

શ્રુત એટલે સાંભળવું. કેવી રીતે સાંભળવું ? કે, ભાવથી સાંભળવું. ભાવશ્રુત છે ને ? ભાવથી સાંભળવું. કેવા ભાવથી સાંભળવું ? કે, સાંભળતી વખતે એને એ એવું રુચે, એવી ભાવના આવે કે, બસ, આમ જ થવું જોઈએ, આમ જ હોવું જોઈએ. એવી એની ભાવના તીવ્ર થાય. જો સાંભળતી વખતે એણે ભાવથી સાંભળ્યું હોય તો ભાવથી સાંભળ્યું છે એનો પુરાવો – એની સાબિતી એ છે કે, ઉદયીકભાવના રસમાં ફેર પડ્યા વિના રહે નહિ. કેમકે વિરુદ્ધ વિષય છે, ઉદયભાવરૂપ જે સંસારિક પરિણામો છે એનાથી આ વિરુદ્ધ વિષય છે. તો તેં એનો રસ લીધો, ભાવથી સાંભળ્યું એટલે ? એનો રસ લીધો. સાંભળવું, વાંચવું, ચિંતવન કરવું, વિચારવું, મંથન કરવું એમાં મુખ્ય દોર તો રસ લેવાનો છે. જે સત્શાસ્ત્રમાં અથવા જે મહાપુરુષોના – સત્પુરુષોના વચનામૃતો છે એ સંબંધીનો વિચાર ચાલે છે ત્યારે એનો રસ કેટલો કેળવાય છે એના ઉપર એથી વિરુદ્ધ વિષયમાં નીરસ થવાનો આધાર છે. જ્યાં સુધી એને વિભાવનો રસ મોળો પડે નહિ ત્યાં સુધી આ બધું જેમ બીજાઓ બાહ્ય ક્રિયા કરે છે, એમ આ પણ વાંચન, વિચાર, શ્રવણની બાહ્ય ક્રિયા થઈ પડશે. એક બાહ્ય ક્રિયા છે. એનાથી કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી. જેમ ઘણો ક્રિયાકાંડ કરનારની પ્રકૃતિ એવીને એવી રહે છે. કોઈવાર તો બગડી પણ જાય છે. ક્રિયાકાંડી જોવામાં આવે છે, ઘણો ક્રિયાકાંડ કરે પણ એને બોલાવાય નહિ. ભાઈ ! એને વતાવશો નહિ. એનું કારણ શું ? કે, એને આત્મલક્ષ નથી, આત્માના પ્રયોજન ઉપર એનું લક્ષ નથી. ક્રિયા બહુ સાવધાનીથી કરે, ચોખ્ખી કરે પણ આત્મલક્ષ નથી. એમ વાંચે, સાંભળે પણ આત્મલક્ષ નથી તો એ પણ બાહ્યક્રિયા થઈ જશે. 'કથા સુણી સુણી ફૂટ્યા કાન' જેવું થાય. વૃદ્ધ થાય, બહેરાશ આવે ત્યાં સુધી સાંભળ્યા કરે. કારણ ? કારણ કે એને આત્માનું પ્રયોજન છે એ વાત એણે લક્ષમાં રાખી નથી.

ભાવથી સાંભળ્યું નથી, ભાવશ્રુત થયું નથી અને ભાવથી શ્રુત થાય તો એના ચાલતા ઉદયભાવના પ્રયોજનમાં નીરસતા આવ્યા વિના રહે નહિ. અને જો રસ વધે, નીરસતા ન આવી અને રસ વધે તો એને આંચકો લાગ્યા વિના રહે નહિ. માણસ કહે છે ને કે, નુકસાન થાય તો માણસને અંદરમાં આંચકો લાગે છે, હિચકિચાહટ ઊભો થાય છે, અચકાટ ઊભો થઈ જાય છે (કે) આમ ન થવું જોઈએ, આમ ન થવું જોઈએ. એટલું એને જે અનાદિથી ઉદયભાવરૂપ ધારાવાહી ચાલતું પરિણમન છે એમાં ફેર પડે. અહીંયાં તો કહે છે કે, વિભાવનો રસ નીતરી જાય. જો આત્માનો રસ લાગે તો ત્યાં એને વિભાવનો રસ નીતરી જાય છે.

પ્રશ્ન :– પ્રસન્ન ચિત્તથી સાંભળવાની જે વાત આવે છે એ આ ભાવશ્રુત ?

સમાધાન :– હા, એમાં ભાવશ્રુત છે. એ ભાવથી સાંભળો કહો કે પ્રસન્ન ચિત્તથી સાંભળો કહો (બંને એકાર્થ છે). 'પદ્મનંદી આચાર્યદેવે' તો એ વાતને એટલું બધું વજન આપ્યું છે કે,

જો એકવાર પ્રસન્ન ચિત્તથી આત્માનો રસ લાગે, આત્માને સાંભળે (તો તે) 'ભાવિ નિર્વાણ ભાજનમ્' (છે). ભવિષ્યમાં એ નિર્વાણનું પાત્ર છે. સમ્યગ્દર્શનનું પાત્ર છે એમ ન લીધું. મોક્ષનો એ પાત્ર જીવ છે, અધિકારી જીવ છે. આત્માનો સ્વભાવ પ્રસન્ન ચિત્તથી સાંભળે છે, આત્માનો સ્વભાવ રસથી સાંભળે છે, આત્મસ્વભાવ સાંભળતા એને અંદરથી રસ આવે છે, અંતરમાંથી રસ આવે છે (તો એ) મોક્ષનો પાત્ર જીવ છે. નિયમથી એ ભવ્ય છે એમ લીધું છે.

આ વિભાવનો રસ છે એ એક જ જીવને સન્માર્ગમાં વળવા માટે, સન્માર્ગની પ્રાપ્તિ માટે પ્રતિબંધક કારણ છે, આ એક જ અવરોધક કારણ છે. જે એનો વિભાવરસ છે એ જ એને ખરેખર બંધતત્ત્વ છે, એ જ એને બાંધે છે, રોકી રાખે છે, અટકાવે છે. આ એક જ એને પ્રતિબંધ છે, બીજો કોઈ પ્રતિબંધ નથી. એ નીતરી જાય છે. બસ, જ્યાં રસ્તામાંથી આડશ નીકળી ગઈ (ત્યાં) એને માર્ગ – રસ્તો સુલભ, સહજ, સુગમ થઈ પડે છે. આટલું ટૂંકું છે !

યથાર્થપણે આ માર્ગ ગ્રહણ કરવા માટે જે યથાર્થતા અને યોગ્યતા આવવી જોઈએ એના માટે ખરેખર તો આટલી જ વાત છે. પછી એનો વિસ્તાર ગમે એટલો કરો, પણ એક પોતાના આત્મહિતનું પ્રયોજન એ પૂર્વક જ્યાં એ જાગૃતિમાં આવ્યો ત્યાં એને વિભાવરસ છે એ મંદ પડી જશે, જ્યાં વિભાવરસ મંદ પડે છે ત્યાં એની સીધી અસર દર્શનમોહ ઉપર આવે છે. એનો દર્શનમોહનો રસ કપાય છે, મિથ્યાત્વ મંદ પડે છે અને વિભાવરસ છે એ જ જ્ઞાનને મલિન કરનારો ભાવ હતો. અહીંયાં યથાર્થ ભૂમિકા થતાં એના જ્ઞાનમાં પોતાના સ્વરૂપનું અવલોકન થવા અર્થેની નિર્મળતા પ્રગટ થાય છે. પૂર્વ ભૂમિકામાં આ રસ નીતરે છે ત્યાં (આટલું કાર્ય થાય છે). આટલામાં તો બધું આવી જાય છે. પ્રયોજન અને વિભાવરસ – બેને સીધો સંબંધ છે. રસ ફીકો પડ્યો કે એની પછી ક્યાંય રુચવાનું, રસ આવવાનો પ્રશ્ન રહેતો નથી. કોઈપણ પ્રકારનો જે જીવને પૂર્વકર્મને વશ જે કોઈ પ્રકારનો ઉદય હોય એમાં એ રસ નીરસપણાને પામે છે.

પ્રશ્ન :– વિભાવરસ ઉપર ઉપરથી ખબર પડે કે, આ વિભાવરસ છે. પણ અંદર કોઈ છેતરામણો વિભાવનો રસ હોય તો ખબર પડે ?

સમાધાન :– દાખલા તરીકે શું ?

પ્રશ્ન :– ક્યાં છેતરાય જવાય ? વિભાવરસમાં શું શું આવે ?

સમાધાન :– એને રસ ન આવે, રસ એકદમ ઓછો થઈ જાય. સુખના નિમિત્તભૂત જે પ્રસંગો હતાં, પદાર્થો હતાં, પહેલાં – પૂર્વે જે રસ આવ્યો હતો (એનો) એને અનુભવ છે. (હવે) રસ ફીકો પડે એની ખબર ન પડે, એને અનુભવ ન થાય, એનો ખ્યાલ ન આવે એવું ન

બને. આવે જ આવે.

મુમુક્ષુ :- આ જાય તો આત્મરસ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બન્ને સાથે સાથે છે. આત્માનો રસ અને વિભાવરસ પ્રતિપક્ષભૂત છે. એકના સદ્‌ભાવમાં બીજાનો અભાવ થાય છે. વિભાવરસના સદ્‌ભાવમાં આત્મરસનો અભાવ છે, આત્મરસના સદ્‌ભાવમાં વિભાવરસનો અભાવ છે. એક પત્રમાં 'સોગાનીજી'એ લીધું છે, એકના રસમાં બીજાના રસનો અભાવ છે.

મુમુક્ષુ :- આત્મરસ થાય એટલે બધા રસ ભંગ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ એવો રસ છે. અસંયોગી તત્ત્વ છે, અસંગ તત્ત્વ છે. અસંગ તત્ત્વના રસમાં એને સંગનો રસ છે, સર્વ સંગનો રસ એને મોળો પડી જાય છે, ફીકો પડી જાય છે, નીરસ થાય છે એટલે અવશ્યપણે ફીકો પડી જાય છે. પુરુષાર્થથી કામ તો અસ્તિનું થાય છે અને બીજી બાજુનું જે પ્રયોજન છે - રસનું નીરસ્ત થવું એ આપોઆપ છે. એને માટે બીજું કાંઈ કરવું પડતું નથી કે, આ પદાર્થ છોડી દ્યો, આનો ત્યાગ કરી દ્યો, આમ કરી દ્યો, આ નિયમ કરી દ્યો. એ કર્યા વિના સીધો જ એનો રસ નીરસપણાને પામે છે.

મોક્ષમાર્ગમાં જે ગુણસ્થાન અનુસાર ત્યાગની પરિપાટી છે ત્યાં તો આ જ કાર્યપદ્ધતિ છે કે, પહેલાં રસ છૂટે છે અને પછી એનો નિયમ લેવામાં આવે છે. રસ પહેલાં છૂટી જાય છે. પછી જ્યારે નિયમ અંગીકાર કરવામાં આવે છે, જેમકે પંચમ ગુણસ્થાનમાં દેશવ્રતના નિયમો અંગીકાર કરવામાં આવે છે. છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રતના નિયમો અંગીકાર કરવામાં આવે છે. ત્યાં એ સાધકે રસ તો પહેલાં ખલાસ કર્યો છે. પછી સવિકલ્પપણે જે પ્રતિજ્ઞા લેવામાં આવે છે, નિયમ બાંધવામાં આવે છે ત્યારે એનો વિકલ્પ પણ એને ખલાસ થાય છે. પછી એનો વિકલ્પ ન આવે. પહેલાં રસ તૂટી ગયો હોય તોપણ વિકલ્પ આવવાનો સંભવ છે. પણ એટલી સ્વરૂપસ્થિરતા - વીતરાગભાવની વૃદ્ધિ થાય છે કે, પછી વિકલ્પ પણ છૂટી જાય છે, એને વિકલ્પ ન આવે. વિકલ્પ ન આવે પછી તો આગળની કોઈ પ્રક્રિયાનો સવાલ રહેતો નથી. મોક્ષમાર્ગને વિષે એ રીતે બાહ્ય ત્યાગની પરિપાટી છે. એ પરિપાટીને અનુસર્યા વિના રસ એમને એમ રહી જાય અને બહારમાં ત્યાગ કરે, પ્રતિજ્ઞા કરે તો એથી કાંઈ એને આત્મહિતનું કોઈ ફળ, મોક્ષનું ફળ, મોક્ષમાર્ગમાં આવવાનું કાંઈ પણ બની શકતું નથી. ઊલટાનું પર્યાયદૃષ્ટિથી ત્યાગ આદિ કરતાં એને દઢ થાય છે કે, મેં ત્યાગ કર્યો, મેં ત્યાગ કર્યો, મેં ત્યાગ કર્યો, હું ત્યાગી, હું ત્યાગી. એવું જે દઢ થાય છે એમાં મિથ્યાત્વ દઢ થતાં આગળ જતાં જીવ ગૃહીત મિથ્યાત્વમાં પણ ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :- મોટું નુકસાન છે.

પૂજ્ય ભાઈશ્રી :– લાભ કરવાને બદલે નુકસાન થાય છે. કેટલાક જીવો ચારિત્રની મંદતામાં આવે છે, એનો ચારિત્રમોહ મંદ થાય છે પણ દર્શનમોહ એનો તીવ્ર થાય છે. ચારિત્રમોહ મંદ થાય એ બધાંને ખ્યાલ આવે છે કે, વાહ ! કેટલો મંદ કષાય છે ! કેટલો ત્યાગ છે ! ખરેખર આણે કાંઈક જીવનમાં ઉતાર્યું છે ! લોકો શું કહે ? કે, આણે કાંઈક જીવનમાં ઉતાર્યું છે અથવા બાહ્ય ક્રિયાના આગ્રહી પણ એમ કહે કે, તમે વાતો કરોમાં, પહેલાં જીવનમાં ઉતારો, પહેલાં તમે પાળી બતાવો, પહેલાં તમે ત્યાગ કરીને લોકોને સાબિત કરો કે અમે જીવનમાં ઉતાર્યું છે. ભાઈ ! જીવનમાં એવી રીતે નથી ઊતરતું. બાહ્ય ક્રિયામાં ઊતરે છે. એ બાહ્ય ક્રિયા આત્માનું જીવન નથી. એ જીવનમાં ઊતાર્યું નથી. ખરેખર તો એમ છે. એટલે યથાર્થ વિધિએ કાર્યની સિદ્ધિ છે, અવિધિએ કાર્ય કરવા જતાં નુકસાન થાય છે. લાભ થતો નથી પણ ઊલટાનું નુકસાન થાય છે. 'ગુરુદેવ'ની કૃપા છે કે, આવી બધી ચોખવટ થઈ. નહિતર તો બધાં સંપ્રદાયોની શું દશા છે એ ખ્યાલમાં આવે એવી વાત છે. 'ગુરુદેવ'ની કૃપાથી સમજી શકાય એવી વાત છે. નહિતર આપણે પણ એમાં જ ક્યાંક સલવાઈ ગયા હોત. એવી વાત છે.

૬૯ (બોલ) પૂરો થયો.

**બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે. ૭૦.**

૭૦મા બોલમાં આત્મસ્વરૂપનો મહિમા કરેલો છે. સ્વરૂપમહિમાનો બોલ છે. કહે છે કે, **'બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી.'** બધું એટલે શું ? સોનું, ચાંદી, હીરા, ઝવેરાત બધું આત્મામાં હશે ? બધું આત્મામાં છે એટલે ? મીઠાઈ ને જગતની બધી સારી સારી ચીજો આત્મામાં છે ? આત્માને માટે યોગ્ય એવું આત્માનું બધું આત્મામાં છે. આત્મા સ્વરૂપે કરીને પરિપૂર્ણ છે. પોતાના સ્વરૂપથી પોતે પરિપૂર્ણ છે. આત્માનું બધું આત્મામાં છે. આત્માનું જે કાંઈ નથી એ આત્મામાં નથી, તો એની જરૂર પણ એને નથી. એમ છે.

'ગુરુદેવ' પ્રવચન કરતાં ત્યારે લોકો અવારનવાર આ એક તર્ક કરતા કે, સાહેબ ! પૈસાની તો પગલે પગલે જરૂર પડે છે. પગલે પગલે પૈસાની જરૂર પડે છે અને અહીંયાં કહે છે કે બધું આત્મામાં છે ? (તો) પૈસા આત્મામાં છે ? અનાદિથી વર્તમાન સુધી અનંતકાળ ગયો તો મનુષ્યગતિ સિવાય બીજી ગતિમાં પૈસાનો તો વ્યવહાર જ નથી. તો ત્યાં બીજી ગતિમાં આત્મા નહોતો ? બીજી ગતિમાં જ ઝાઝું રહ્યો છે. મનુષ્યગતિમાં તો ભાગ્યે જ આવ્યો છે. અન્ય ગતિમાં જ રહ્યો છે. એ જીવતો રહ્યો છે, એનો નાશ નથી થયો, હજી જીવે છે એ કોના આધારે જીવે છે ? કે, પોતાની જે શાશ્વત હયાતી છે અને જીવત્વ શક્તિ છે એને લઈને જીવી રહ્યો છે. એનું શાશ્વતપણું મિટાવી શકાય એવું નથી. ચાહે પૈસા હોય કે ચાહે પૈસા ન હોય. એથી કાંઈ આત્માનો નાશ થઈ જાય એવું નથી. અહીં તો આખી બીજા દૃષ્ટિકોણથી વાત છે કે, તું તારા આત્માનું જ્ઞાન કર અને તારા આત્માનો અનુભવ કર, ઓળખીને અનુભવ કર તો તને જરૂર એમ લાગશે કે, તારું સર્વસ્વ, બધું એટલે તારું બધું સર્વસ્વ આત્મામાં જ છે, બહારમાં કાંઈ નથી.

મુનિદશા તો જગતને એક Challenge જેવી વાત છે. જૈનદર્શનમાં જૈન મુનિની દશા છે એ તો જગતને એક પડકાર કરે એવી વાત છે કે, જુઓ ! જગતના કહેવાતા કોઈપણ સુખના સાધન વિના ઘણાં આનંદથી અને ઘણાં સુખથી જીવાય છે એવી આ દશા છે ! કેવું જીવન છે ? કે, 'એગંત સોહી મુનિ વીતરાગી', આ જગતમાં કોઈ એકાંતે સુખી હોય તો તે વીતરાગી મુનિ છે કે, જે વીતરાગી મુનિ પોતાના બાહ્ય જીવન માટે કોઈ પણ પ્રકારની કોઈની પાસેથી અપેક્ષા રાખતા નથી અને બીજાએ આગવી વ્યવસ્થા કરવી હોય, આગોતરી વ્યવસ્થા કરી હોય તો એને સ્વીકારતા નથી, સ્વીકાર કરવા તૈયાર થતાં નથી. માત્ર ઉદ્દેશિક આહાર ન લ્યે એટલું જ નહિ, કોઈપણ ચીજ નહિ. જો કે બીજી ચીજ તો એમને લેવાનો પ્રશ્ન પણ નથી, એ તો નિષ્પરિગ્રહી છે. એક આહાર ગ્રહણ કરે છે તો એના માટે નિયમ (છે) કે, પ્રાણ જાય તોપણ એક અનાજનો કણ કે એક પાણીનું બિંદુ ઉદ્દેશિક (એટલે) એમના માટે તૈયાર થયેલું સ્વીકારે તો એ મુનિ હોય નહિ. મુનિ હોય તો સ્વીકારે નહિ. છતાં વધુમાં વધુ સુખી

એ છે, એમ કહે છે. આ એક જગતને પડકાર મારે એવો વિષય છે ! એમનેમ નથી કહ્યું કે, બધું આત્મામાં છે અને બહાર ક્યાંય નથી. મારું પૂરેપૂરું સુખ મારા આત્મામાં છે અને મારા આત્માના અવલંબને હું સુખી થાઉં, આ એક જ સુખનો ઉપાય છે એનો આ પ્રગટ પુરાવો છે.

'અષ્ટપાહુડ'માં એટલા માટે મુનિરાજને જૈનમાર્ગ – જિનમાર્ગ, મૂર્તસ્વરૂપે જિનમાર્ગ કહેવામાં આવ્યો છે અથવા જિનમાર્ગ છે એ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગ – જિનમાર્ગ છે. એ અરૂપી આત્માના અરૂપી પરિણામ છે, અમૂર્ત આત્માના અમૂર્ત પરિણામ છે છતાં મૂર્તિમંત મોક્ષમાર્ગ કોઈને જોવો હોય (તો) જોઈ લ્યો આ મુનિ ! મૂર્તિમંત મોક્ષમાર્ગ છે ! એવો શબ્દ વાપર્યો છે. મૂર્તિમંત મોક્ષમાર્ગ ! મોક્ષમાર્ગની મૂર્તિ જ છે આ ! મુનિરાજોએ, આચાર્યોએ, સંતોએ એ માર્ગમાં આવીને આ વાત કરી છે કે, બધું આત્મામાં છે અને બહાર કાંઈ નથી, બસ. બેસવું મુશ્કેલ પડે એવું છે. બધું આત્મામાં અને બહાર કાંઈ નથી ? આ જગતના સંસારી જીવને બહારમાં બધું ભર્યું ભર્યું લાગે છે. (લોકો એમ કહે કે), દુનિયાનો છેડો ઘર. શું કહે ? દુનિયાનો છેડો ઘર. મારા ઘરે આવું ત્યારે મને શાંતિ થાય. અહીંયાં બધું મને ભર્યું ભર્યું લાગે છે. ભાઈ ! એ તો તારું મમત્વ તેં સ્થાપ્યું છે. આ મારું છે એવું મમત્ત્વ સ્થાપ્યું છે. એ કલ્પનામાં પણ તને આટલી ઓથ અને આશ્રય મળે છે કે, જે પદાર્થો અનિત્ય અને અશરણભૂત છે, અશાશ્વત છે. છતાં તને કલ્પનાએ કરીને એમ લાગે છે, તો શાશ્વત પદાર્થનો આધાર મળે તો એની હૂંફ કેટલી ચડે. અનિત્ય પદાર્થની તને આટલી હૂંફ રહે છે તો નિત્ય પદાર્થની હૂંફ કેટલી રહે ? આ ત્રિરાશિ મૂકવા જેવો વિષય છે.

એને કહે છે કે, **'બધું આત્મામાં છે,...'** બધું આત્મામાં છે અને બહાર પણ થોડુંક છે એમ કાંઈ નહિ. બહાર તો કાંઈ જ નથી. બન્ને સામેસામું લીધું છે – **'બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી.'** આ વાત એણે ચાલતા પરિણમનમાં ચકાસવી જોઈએ કે, આમ કહે છે એમ કેમ લાગતું નથી ? એથી ઊલટું કેમ લાગે છે ? આત્મામાં કાંઈ દેખાતું નથી અને બહારમાં બધું ભર્યું ભર્યું લાગે છે. આ ઊલટું છે. જે કાંઈ જ્ઞાની કહે છે, સંતો કહે છે એનાથી મારું પરિણમન તદ્દન ઊલટું ચાલે છે. અને ઊલટું ચાલે છે એટલું નહિ, એ ઊલટા પરિણમનમાં અનંત જન્મ-મરણનું બીજ છે, એ મહારોગ છે. એ ભ્રાંતિએ કરીને ઊલટું લાગે છે અને ભ્રાંતિ છે એ મહારોગ છે.

**'બધું આત્મામાં છે,...'** એ કેવો ટુકડો છે ! બધું એટલે અનંત ગુણ છે. જીવત્વશક્તિ છે, સુખશક્તિ છે, આનંદશક્તિ છે, અનંતી શાંતિ ભરી છે, અનંત જ્ઞાન અને અનંત સુખ આત્મામાં ભર્યું છે અને બીજા અનંત જેને નામ નથી એવા અનંત અનંત ગુણ છે. પોતાનું સાધન પોતામાં

છે, આધાર પોતામાં છે, પોતાનો ભોગવટો કરે એવો ભોક્તૃત્વ ગુણ પણ આત્મામાં છે. અનંત પરમાનંદનો ભોગવટો થાય. કોઈની જરૂર વિના અંતરથી આનંદનો દરિયો ડોલ્યા કરે, આનંદનો આખો દરિયો ડોલે ! એવો આત્મા અંદરમાં ભરેલો છે. પણ આખી માન્યતા પોતાની ઊલટી કરી નાખી છે. પોતાનું ભાવમરણ કરે છે, ખૂન કરીને બહારમાં સર્વસ્વ માને છે.

**'બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય...'** તને કુતૂહલ હોય કે, આ જગતની અંદર ઘણી વિવિધતા છે. એ સંબંધીની કુતૂહલ થાય છે. ક્યાં ક્યાં શું છે હું જાણતો નથી. (એમ) **'તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર.'** આત્મ-સાધના કર. જાણવા માટે બહાર પર્યટન કર, જાણવા માટે પુસ્તકો વાંચ, જાણવા માટે બીજા સાધનો અંગીકાર કર, એ વાત ન લીધી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો પણ તું તારા આત્માની સાધના કર.

મુમુક્ષુ :– બહારનું જાણવું છે અને અંદરની વાત લીધી છે !

પૂજ્ય ભાઈશ્રી :– એ એકને જાણતાં બધું જણાશે. 'પ્રવચનસાર'માં તો ૪૦ ગાથા પછી એ અધિકાર ચાલ્યો છે અને એનો સરવાળો એ છે કે, આત્માને જાણે એ બધું જાણે. બધું તે જ જાણે કે જે આત્માને જાણે. 'શ્રીમદ્જી'એ એના ઉપરથી એક વાત એવી કહી કે, આત્માને જાણ્યા વિના જે જગતની રચના જાણવા માટે ઉતાવળો થાય છે અને જગતમાં જાણવા માટે જાય છે એ બંધનમાં પડે છે, એ જીવ બંધાય છે. એ રીતે એને જગતના પદાર્થોનું જ્ઞાન પૂરું તો થશે નહિ, અધૂરું થશે એમાં બંધાશે. કેમકે ઇષ્ટ અને અનિષ્ટબુદ્ધિ સહિત એ જાણવા જાય છે તો કેટલાક પદાર્થો તેને સારા લાગશે, કેટલાક પદાર્થો સારા નહિ લાગે. કેટલાક પદાર્થો જાણતા એ રાગનો વિષય બનાવશે, કેટલાક પદાર્થો જાણતા એ દ્વેષનો વિષય બનશે. સુગંધ જાણતા એને રાગ થશે અને દુર્ગંધ જણાતા એને દ્વેષ થશે. એ રાગ અને દ્વેષના બંધનમાં પડશે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કહ્યું ને કે, ક્ષયોપશમ બઢાના નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– ક્ષયોપશમ વધારવો નથી. જ્યારથી મને ખબર પડી કે, કેવળજ્ઞાન થતાં બધું જણાઈ જવાનું છે, તે પણ બધું જાણવાના લક્ષે નહિ, આત્મામાં લીન રહેતાં આખા જગતના બધા પદાર્થો એની અંદર જણાઈ જશે, સામે ચાલીને પ્રતિબિંબત થઈ જશે તો પછી અત્યારથી આ વાંચી વાંચીને ક્ષયોપશમ વધારવો અને ઘણું જાણવું એવું શા માટે ? એમાં અધ્યાત્મનો એક મુદ્દો છે કે, જે જીવો શાસ્ત્ર અધ્યયની પ્રવૃત્તિ કરે છે એવા જીવોને પણ અનેક શાસ્ત્રો વાંચીને ઘણું જાણવાનો એક વ્યામોહ થાય છે. ઘણું વાંચું, ઘણું વાંચીને ઘણું જાણું અને એ રીતે એ ક્ષયોપશમ વધારવાની પ્રવૃત્તિમાં પડે છે. કે, એ અંતર્મુખ થઈને આત્મસાધના કરવાનું

ચૂકી જાય છે. એટલે એની અંદર જે મહત્ત્વની વાત છે એ અધ્યાત્મિક વિષયની છે કે, જો તું શાસ્ત્રજ્ઞાનની પ્રવૃત્તિમાં આવ્યો તોપણ મને તો આમ લાગ્યું છે કે, જો કેવળજ્ઞાન થતાં બધું જણાઈ જવાનું છે તો અત્યારથી આ ખોટો પરિશ્રમ શું કરવા કરવો ? શાસ્ત્ર વાંચી વાંચીને ઘણું જાણવું એવી જરૂર તારે શું છે ? એવી જરૂર તારે નથી. આ કો'ક પ્રશ્ન પૂછે તો શાસ્ત્ર વાંચ્યા હોય તો જવાબ દઈ શકે ને ? (તો કહે છે) ભલે તને જવાબ દેતા ન આવડે. તને જવાબ દેતા ન આવડે એનો કોઈ વાંધો નથી. પણ એ જવાબ દેવાનું શીખવા જતાં બંધનમાં પડીશ ઈ વાંધો છે. જવાબ દેતા ન આવડે એનો કાંઈ વાંધો નથી પણ જવાબ દેતા આવડે એવું શીખવા જતાં નવું બંધન ઊભું કરીશ અથવા તો એમાં અટકી જઈશ અને આત્મા બાજુ નહિ વળી શકે એ મોટો વાંધો છે.

એટલે એ વિષયનું અહીંયાં આડકતરું સૂચન છે કે, '**તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર.**' જાણવાની ઇચ્છા માટે બીજી પ્રવૃત્તિમાં પડીશ નહિ, આત્મ-સાધનામાં રહેજે. અન્ય પદાર્થોને વિષે જાણવા સંબંધીનું કુતૂહલ છે એ કુતૂહલ કરવા યોગ્ય નથી. જોકે જ્ઞાનીને તો એક બીજી રીતે સમાધાન વર્તે છે. એને પોતાના કેવળજ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત છે. બીજા કેવળજ્ઞાનીઓની પણ એને પ્રતીત છે. સર્વજ્ઞની એને પ્રતીત છે અને પોતાના સર્વજ્ઞસ્વભાવની પણ એને પ્રતીત છે. એ પ્રતીતની અંદર શું વિષય છે ? કે, કેવળજ્ઞાનમાં કુતૂહલ છે ? કેવળજ્ઞાનમાં કુતૂહલ નથી. કેમકે એક સમયમાં બધું જણાય છે. કોઈ વિષય અજાણ્યો નથી કે જેથી કુતૂહલ થાય. આશ્ચર્ય થતું નથી, કુતૂહલ થતું નથી, કાંઈ અચાનક થાય છે એવું એમાં કાંઈ લાગતું નથી. કેમકે પહેલેથી જ બધું જણાઈ ગયું છે. એવા કેવળજ્ઞાનની જેને પ્રતીત છે એને પણ આશ્ચર્ય અને કુતૂહલ સમાઈ જાય છે. એવા જ્ઞાનીને કુતૂહલ અને બહારના પદાર્થો વિષેનું જે આશ્ચર્ય છે એ એને સમાઈ જાય છે, એને થતું નથી.

સામાન્ય માણસને તો પેલા વાજાવાળા નીકળે ત્યાં કુતૂહલ થાય કે, આ કોનો વરઘોડો નીકળ્યો ? એના એ વાજા હોય અને એનો એ વરઘોડો હોય. કોઈને ઓળખતા ન હોય, કાંઈ એને લેવા કે દેવા (ન) હોય તોપણ કુતૂહલ થાય છે. લાગે એમ કે, આ કુતૂહલ તો સામાન્ય ભાવ છે, કંઈ ક્રોધ જેવો કષાય થોડો છે તે એને તમે નિંદો છો. એમ કહે. કુતૂહલ તો સામાન્ય વાત લાગે. કહે છે કે, એ ક્રોધ છે એ ચારિત્રમોહની તીવ્રતાવાળા પરિણામ છે એટલે તને દેખાય છે અને એની નિંદા કરવાનું પણ તને લાગે છે કે, આ યોગ્ય નથી. પણ આ તારી આત્મરુચિથી વિપરીત (પરિણામ) છે. બાહ્ય પદાર્થો વિષેનું કુતૂહલ એ દર્શનમોહનું કારણ છે અને આત્માની અરુચિને એ પ્રસિદ્ધ કરનારા પરિણામ છે. આત્માની રુચિવાળાને બહારના પદાર્થો વિષેનું કુતૂહલ ઘટી જાય છે. એ આત્માની રુચિને સૂચવે છે. અને બાહ્ય પદાર્થોનું કુતૂહલ વિશેષ

રહે છે એ આત્માની અરુચિને સૂચવે છે. આમ દર્શનમોહ સાથે સીધો સંબંધ છે. એટલે પહેલાં વચનને અને બીજા વચનને એ દૃષ્ટિકોણથી પણ અનુસંધાન છે કે, કુતૂહલ કરમાં, બધું આત્મામાં છે. બહારમાં જાણવાની ઇચ્છા પણ તારે કરવા જેવી નથી. ઇચ્છા એટલે અહીંયાં કુતૂહલ છે. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા કુતૂહલથી થતી હોય તોપણ તું બહાર ખેંચાઈશ નહિ અને બહાર લંબાઈશ નહિ. આત્મ-સાધનામાં રહેતાં એ કુતૂહલને તું સમાવી દે, એનો ઉપશમ કરી નાખ. બધું આત્મામાં છે. તને એ જાણવાથી કાંઈ લાભ નથી. કદાચ તેં જાણવા માટે કુતૂહલ લંબાવીને જે-તે પદાર્થોને જાણ્યા તેથી કરીને તને કાંઈ તૃપ્તિ થવાની નથી. છદ્મસ્થને ઘણું જાણવાનું બાકી રહી જાય છે, બાકી હોય છે અને કોઈ રીતે બહાર ખેંચાઈને બહાર દોડે તોપણ તૃપ્તિ થઈ શકે એવો વિષય નથી. ગર્ભિત રીતે દર્શનમોહ સંબંધિત અહીંયાં ઉપદેશ છે.

વાત તો સાદી છે કે, બધું આત્મામાં છે, તને કાંઈ જાણવાની ઇચ્છા થતી હોય તો આત્માની સાધના કર, પણ એમાં ખરેખર તો દર્શનમોહના આવરણથી બચાવવાની વાત છે. દર્શનમોહનો નાશ થાય એવો ઉપદેશ જ ક્વચિત્ છે. જૈનદર્શનને છોડીને અથવા જૈનદર્શનના મૂળ વિષયને છોડીને, જૈન અને જૈનેતરમાં બધે ચારિત્રમોહના દોષોને મટાડવા માટેના ઉપદેશો ચાલે છે. ક્રોધ ન કરવો, ક્ષમા રાખવી, ત્યાગ કરવો, ફલાણું આમ કરવું, તેમ કરવું, ચોરી ન કરવી, જૂઠું ન બોલવું (એવી) અનેક જાતની વાતો છે ઈ બધી ચારિત્રમોહને અનુસરીને ચાલે છે. મૂળમાં જે દર્શનમોહ અનંત સંસારનું કારણ છે એના ઉપર તો જ્ઞાનીઓનું જ ધ્યાન છે. બીજા લોકોનું એના ઉપર ધ્યાન નથી. કેમકે એ માર્ગ એને હાથમાં આવ્યો નથી. કેવી રીતે વાત કરે ? જે વિષયથી પોતે અજાણ છે એ કેવી રીતે વાત કરે ?

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ તો ૪૫ વર્ષ આ જ ગાયું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એક જ વિષય હાથમાં લીધો. અને તમામ સમ્યક્દૃષ્ટિથી માંડીને જે મોક્ષમાર્ગી ધર્માત્મા છે એના વિષયમાં આ વાત વિશેષે કરીને આવશે. વર્તમાન ઉપલબ્ધ શાસ્ત્રો લ્યો તોપણ એમાં ચારિત્રમોહને મટાડવા માટેના શાસ્ત્રો કેટલા ? બહુ અલ્પ છે. એ ઉપદેશ – ધર્માત્માઓને ઉપદેશ થોડો છે. કેમકે એ તો બોધને પ્રાપ્ત થયેલા છે, મોક્ષમાર્ગમાં આવેલા છે. એને તો એમની દશા યોગ્ય ઉપદેશ ઓછો આપ્યો છે. વધુ ઉપદેશ જ જે મોક્ષમાર્ગમાં આવ્યા નથી એને મોક્ષમાર્ગમાં લાવવા માટેનો છે. વધુમાં વધુ ઉપદેશ એના માટેનો છે.

મુમુક્ષુ :– એ સિવાય આ રીઢો ગુનેગાર માને એવો પણ નથી ને !

પૂજ્ય ભાઈશ્રી :– અંદર હિત વસે એના ઉપર આધાર છે, પ્રયોજન સૂઝે એના ઉપર આધાર છે. આખો આધાર એનું પ્રયોજન ક્યાં બેઠું છે એના ઉપર પરિણમવાનો આધાર છે.

**'તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય...'** એટલે કુતૂહલ છે એ કુતૂહલને પોષણ

ન આપીશ, એમ કહે છે. બીજું બીજું જાણીને, ઘણાં શાસ્ત્રો વાંચીને, ઘણાં શાસ્ત્રોમાંથી જાણીને તારી આત્મા સંબંધી અરુચિને પોષણ ન આપીશ, એમ કહે છે. આત્મ-સાધનાની દિશા મુખ્ય રાખજે. તું તારા આત્માની સાધના કર. સમ્યક્દૃષ્ટિ જીવો ચાર અનુયોગ વાંચે, અરે ! અન્ય મતિના શાસ્ત્રો પણ કોઈ વાર વાંચે તોપણ એમાંથી એ આત્માનો વિષય મુખ્ય કરી જાય છે. આ એક એમને સ્વભાવ પ્રત્યેની જે પરિણમનશીલતા ઉત્પન્ન થઈ છે એનું ઢલણ, વલણ છે એ કામ કરી જાય છે. બીજા જીવોને કુતૂહલથી જાણવું, જાણવું, ઘણું જાણવું... એ કુતૂહલ છે એટલે આત્માની અરુચિ છે. કુતૂહલનું બીજું નામ આત્માની અરુચિ છે એને પોષણ આપવાનું થાય છે અને એ પોષણ છે એ એને નુકસાન કરે છે.

**'પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે.'** જો તને કાંઈ જાણવાની ઇચ્છા થતી હોય, પણ તને જ્યારે પૂર્ણતા પ્રગટ થશે ત્યારે **'લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે.'** અત્યારે જાણવા જઈશ તો આખો લોકાલોક જણાશે નહિ. કેમકે મર્યાદિત ક્ષયોપશમ છે અને મર્યાદિત પુણ્ય છે. **'જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે.'** જગત જગતમાં રહે, જગતને કેવળજ્ઞાનમાં આવવું પડતું નથી અને કેવળજ્ઞાનના ઉપયોગને જગત બાજુ જાવું પડતું નથી. કેવળજ્ઞાન આત્મા આશ્રયે રહે છે, નિરવશેષ અંતર્મુખ જ્ઞાનનો ઉપયોગ છે અને છતાં એમાં લોકાલોકના જ્ઞેયો પ્રતિબિંબિત થાય છે. એ રીતે કેવળજ્ઞાન બધું જાણે છે અથવા કેવળજ્ઞાનમાં આપોઆપ બધું જણાય જાય છે. કેવળજ્ઞાનને જાણવા માટે જવું પડતું નથી. **'જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે.'**

**'જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી...'** આ એક વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે, જાણનાર એવી શક્તિની આ પરિસ્થિતિ છે કે, જ્યારે એ પરિપૂર્ણપણે શુદ્ધ પરિણમે છે ત્યારે કોઈ જ્ઞેયો એમાં પ્રતિબિંબિત ન થાય એવું બને નહિ. ચાહે જેટલું ક્ષેત્ર હોય, કેવળજ્ઞાન થાય ત્યારે પાંચસો ધનુષથી માંડી અને એક ધનુષ સુધી (એટલે) સાત હાથ કહેવાય છે, સાત હાથનો એક ધનુષ, એક ધનુષથી માંડીને પાંચસો ધનુષ સુધીની મનુષ્યની ચરમ શરીરની કાયા હોય છે. 'આદિનાથ' ભગવાન – 'ઋષભદેવ' ભગવાનની પાંચસો ધનુષની કાયા હતી, ભગવાન 'મહાવીરસ્વામી'ની સાત હાથની કાયા હતી. ક્ષેત્ર ગમે તેવડું હોય, લોકાલોક એની અંદર (જણાય જાય છે). જાણનાર તત્ત્વ જ્યાં પરિપૂર્ણપણે શુદ્ધ પરિણમે એ જાણનારને જાણબહાર હવે પછી કાંઈ રહેતું નથી.

**'અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે.'** એકલું જ્ઞાન જ પરિપૂર્ણ શુદ્ધ થઈને લોકાલોકને જાણે છે એમ નહિ. આનંદ વગેરે અનંત અનંત ગુણની વિશિષ્ટતાઓ, આશ્ચર્યજનક વિશિષ્ટતાઓ, આત્માની સર્વ લબ્ધિઓ, આત્માની સર્વ રિદ્ધિ-સિદ્ધિ, આત્મગુણની રિદ્ધિ-સિદ્ધિ બધી

પ્રગટ થાય છે, કોઈ ચીજ બાકી રહેતી નથી. એવો આત્મસ્વરૂપનો મહિમા છે ! અથવા એવું મહિમાવંત આત્મસ્વરૂપ છે.

'પ્રવચનસાર'માં તો આનું એક Logic આપ્યું છે. કેવી રીતે એકને જાણતાં બધું જણાય છે એ સંબંધમાં (વાત લીધી છે). સૂક્ષ્મ વિષય લીધો છે. ૪૭ ગાથાથી કેવળજ્ઞાનનો અધિકાર ચાલે છે. **'સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને, યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે.'** એ ૪૭ ગાથા છે. **'જાણે નહિ યુગપદ ત્રિકાળિક ત્રિભુવસ્થ પદાર્થને, તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે.'** (ગાથા-૪૮). જે ત્રણ લોકને (જાણતો નથી) તે એક દ્રવ્યને પણ જાણતો નથી. **'જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને, યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને ?'** ૪૯ ગાથાનો આ વિષય છે.

**'પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (-રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે. તે (પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે; અને તે વિશેષોનાં (-ભેદોનાં) નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે.'** શું છે (કે), જ્ઞાન પોતે મહાસામાન્ય છે અને અનંત વિશેષોમાં વ્યાપનારું છે. તે વિશેષો એટલે જગતના સર્વ દ્રવ્ય-પર્યાયો તે તેના વિશેષો છે. **'હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે...'** જે સર્વ દ્રવ્યપર્યાયો જેમના નિમિત્ત છે **'એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી, તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય (-વ્યાપવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (-જાણી) શકે ?'** એટલે જે આત્માને જાણે તે જ સર્વને જાણી શકે. કેમકે વિશેષો - અનંત દ્રવ્ય-પર્યાયો જાણવા છે એ કોણ જાણશે ? જ્ઞાન જાણશે. તો એ જ્ઞાનનો જે અનુભવ નથી કરતો તે અનંતને કેવી રીતે જાણશે ? આવી રીતે Logic લીધું છે.

**'હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન; અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** અન્યપણું હોવા છતાં **'પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય, આત્માની-જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત-એકમેકરૂપ હોવાને લીધે) તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,...'** જ્ઞાન (અને) જ્ઞેયને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી **'બધુંય જાણે કે આત્મામાં નિખાત (-પેસી ગયું) હોય એ રીતે પ્રતિભાસે છે - જણાય છે. (આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે-અનુભવે છે-જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો - જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે - જણાય છે, કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન**

**કરવા અશક્ય છે). જો આમ ન હોય તો (અર્થાત જો આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.'** ન્યાય એમ લીધો છે કે, જ્યાં એક જ્ઞાનને જ્ઞાન જાણે છે ત્યાં એ જ્ઞાન સર્વ વિશેષોમાં વ્યાપનારું હોવાથી આ એકને જાણતાં સર્વ જણાય જાય છે. એમ એની અંદર એ ન્યાય લીધો છે. ગણિત જેવી પદ્ધતિ લીધી છે. ૪૮ અને ૪૯ ગાથામાં એ વિષય છે.

અહીં સુધી રાખીએ.

**અહો ! જગત આખું - ભલે વિવિધતા સભર છે તો પણ - પોતાથી શૂન્ય (ખાલી) જ જોવામાં આવે છે; ત્યાં તેનું આકર્ષણ શું ? તેનું આશ્ચર્ય શા માટે ? કુતૂહલ શા માટે ? અંતરમાં મહા આનંદ સભર નિજ ચૈતન્ય રત્ન ચમકે છે, ત્યાં અંતર્મુખ - કેવળ અંતર્મુખ રહેવા યોગ્ય છે - સ્થિર થવા યોગ્ય છે.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની-૬૭)

**ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે, વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે. ૭૧.**

## તા. ૩૧-૦૩-૧૯૮૭, વચનામૃત–૭૧, ૭૨
## પ્રવચન નં. ૬૦

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૫, ૭૧ બોલ. મુનિદશાની મહિમા આ બોલની અંદર (કરી છે). ૭૧, ૭૨, ૭૩ ત્રણે બોલમાં નિર્ગ્રંથ મુનિદશા કેવી હોય એનું સ્પષ્ટીકરણ મુનિદશાની મહિમા અને ભક્તિપૂર્વક (કર્યું) છે. **વર્તમાન કાળમાં આવા ભાવલિંગી મુનિ પ્રત્યક્ષ નહિ હોવા છતાં જાણે સામે જ ઊભા હોય અને મુનિની દશાને જોતાં જોતાં વર્ણન કરતા હોય, ભક્તિ કરતા હોય એવી મુનિદશાની વાત આ ગ્રંથમાં અનેક જગ્યાએ લીધી છે.**

**'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા !'** ત્યાંથી વાત લીધી છે. સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપમાં પ્રચુર સ્વસંવેદન સહિતની લીનતા જેને પ્રગટ છે એવા મુનિરાજને ધન્યવાદ એટલા માટે દેવામાં આવે છે કે નીચેના સમ્યક્દૃષ્ટિ સાધક પણ પોતાની એવી દશા ઉત્પન્ન થાય, એવી અપૂર્વ દશા થાય એવી એમને ભાવના હોય છે. દશાને ઉદ્દેશીને પરિણામ છે એટલે રાગ તો ભાવનાનો સ્પષ્ટ સમજાય એવો છે પણ સાધકજીવના પરિણામને ભાવના કહે છે અને સાધક નથી એવા જીવના પરિણામને ઇચ્છા કહેવામાં આવે છે. ભાવનામાં પુરુષાર્થ સાથે હોય છે. ઇચ્છાવાળાને પુરુષાર્થ

નથી, કોરી ઇચ્છા છે. મારે આ જોઈએ છે, મારે આ જોઈએ છે, આ જોઈએ છે, મને આમ હો, આમ હો. સમ્યક્દૃષ્ટિને જે પરિપૂર્ણ દશાની – મોક્ષ દશાની ભાવના કે મુનિદશાની – નિર્ગ્રંથ દશાની ભાવના (છે) એમાં આત્મિક પુરુષાર્થ સાથે સાથે છે એટલે એને ભાવના કહેવામાં આવે છે. ઇચ્છા અને રાગ હોવા છતાં એને ભાવના કહેવાની પાછળ આટલી વાત સાથે છે.

'શ્રીમદ્જી'એ 'અપૂર્વ અવસર' જે કાવ્ય રચ્યું છે એ પોતાની નિર્ગ્રંથ મુનિદશાની ભાવનાને વ્યક્ત કરવા માટે એ કાવ્ય લખ્યું છે. એ સમયમાં તો અહીંયાં કાઠિયાવાડ, સૌરાષ્ટ્રમાં કોઈ ભાવલિંગી દિગંબર મુનિ કેવા હોય એ વિષય જ આ બાજુ પ્રચલિત નહોતો ત્યારે એ કાવ્ય એમણે રચ્યું છે.

**'ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા ! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી.'** કેવળજ્ઞાનનો પર્વત છે. કેવળજ્ઞાનને પર્વતની ઉપમા આપી અને એ પર્વતથી ઊંચે ચડવાની ભાવના છે. એની તળેટી સુધી જે પહોંચ્યા છે, કેવળજ્ઞાનરૂપી પર્વતની નજીક પહોંચી ગયા છે, એની તળેટીમાં પહોંચી ગયા છે, હવે ઉપર આરોહણ કરશે. શુક્લધ્યાનની શ્રેણી માંડીને ઉપર આરોહણ કરશે. આમ તો સાધકદશા પ્રગટ થઈ, સમ્યગ્દર્શન પ્રગટ થયું ત્યારથી પૂર્ણ દશા પ્રત્યેનું આરાધન તો ચાલુ થઈ ગયું. પૂર્ણતાનું ધ્યેય હતું એ ધ્યેયને અનુલક્ષીને સમ્યગ્દર્શનથી શરૂઆત કરી અને સમ્યગ્દર્શન થતાં પરિપૂર્ણ શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ આવી, એનો કબજો આવ્યો ત્યારે અવસ્થામાં એથી જરા પણ ઊણી દશા સમ્યક્દૃષ્ટિને પોસાતી નથી. જેવું પરિપૂર્ણ આત્મદ્રવ્ય છે એવી જ પૂર્ણ દશાને (ભાવે છે). (વર્તમાન દશાને) સ્વરૂપ સાથે મેળવતો જ જાય છે, હજી ઊણી છે, હજી દશા ઊણી છે, હજી દશા ઊણી છે, હજી દશા ઊણી છે.

એ પૂર્ણતા પ્રગટ થાય, એવી જ દશા પ્રગટ થાય એના માટે તમામ પ્રકારના કાર્યોને તિલાંજલી આપીને એક જ કામ કરવા માટે મુનિરાજ જંગલમાં જાય છે. દીક્ષા અંગીકાર કરીને મુનિરાજ થઈને એ જંગલમાં ચાલ્યા જાય છે. ચોવીસ કલાક આ એક કેવળજ્ઞાનની પ્રાપ્તિના પુરુષાર્થ સિવાય જેને બીજું કોઈ કામ કરવાનું નથી, એમ કહેવું છે. રાત ને દિવસ નિરંતર (એક જ કામ કરે છે). એવા પ્રચુર પુરુષાર્થમાં જે લાગે છે એ કેવળજ્ઞાન દશાને સાધવા માટે એટલી તૈયારીમાં આવ્યા છે ત્યારે એ તૈયારીને અહીંયાં કેવળજ્ઞાનની તળેટી કહી દીધી છે. આ કેવળજ્ઞાનની તળેટી છે.

દિગંબર સંપ્રદાયવાળા એવું સમજે છે કે આ લોકો મુનિને માનતા નથી. આપણે લોકો વર્તમાન મુનિને દર્શન, વંદન નથી કરતાં (એટલે) મુનિને માનતા નથી એમ સમજે છે. પણ **અત્યારે આ એક એવો ગ્રંથ આપણા સાહિત્યની અંદર અસ્તિત્વ ધરાવે છે કે, મુનિભક્તિ શું હોય, કેવી હોય એનો આબેહુબ ચિતાર છે ! સાધકને મુનિભક્તિ આવી હોય. ગૃહસ્થને, શ્રાવકને**

**મુનિભક્તિ આવી હોય. આવી મુનિભક્તિ મિથ્યાત્વ દશાવાળાને હોઈ શકતી નથી, આવા ભાવ એને થઈ શકતા નથી. એવી અસાધારણ વાતો પ્રસિદ્ધ થઈ છે !**

**'મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે.'** બહારનો પરિગ્રહ – તિલતુષ માત્ર બહારનો પરિગ્રહ જેને નથી. પરિગ્રહ = સારી રીતે ગ્રહણ કરવું, ચોતરફથી ગ્રહણ કરવું, પૂરેપૂરું ગ્રહણ કરવું. એને પરિગ્રહ કહે છે. રૂઢિ અર્થ એનો એવો છે કે જગતની અંદર સંયોગોની પકડ તીવ્રપણે, તન્મયપણે સંસારી જીવોને જોવામાં આવે છે એટલે જગતના એ સંયોગિક પદાર્થોને પરિગ્રહનું નામ દેવામાં આવ્યું છે કે, પૈસો પરિગ્રહ છે, મકાન પરિગ્રહ છે, દાગીના-ઝવેરાત એ વગેરે પરિગ્રહ છે.

મુમુક્ષુ :– સજ્જડ પકડ કરીને બેઠો છે, એને કાંઈ અસર નથી આવતી એ એક આશ્ચર્યની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– ગમે તેટલી પકડ કરે પણ વસ્તુસ્થિતિ જ નથી કે કાંઈ હાથમાં આવે.

મુમુક્ષુ :– છતાં એને પોતાને ખ્યાલ નથી આવતો એ એક આશ્ચર્યની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ એક વિચિત્રતા છે, જુઓ ! આમ તો દુનિયાભરનું ડહાપણ કરે. કેટલું ?

મુમુક્ષુ :– પચીસ વર્ષ 'ગુરુદેવ'ને સાંભળ્યા પછી પણ આ પરિસ્થિતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનું કારણ શું છે કે, સ્વલક્ષ નથી. સ્વલક્ષ હોય, નિજ અવલોકન હોય તો તરત ખબર પડે એવો વિષય છે અને પરલક્ષે દ્રવ્યલિંગી પર્યંત (ક્રિયા) કરી જાય, પચીસ વર્ષ નહિ, હજારો વર્ષનું આયુષ્ય હોય, દ્રવ્યલિંગી (થઈને) અંગ-પૂર્વ પર્યંતનું શાસ્ત્ર અધ્યયન (કરે) અને મુનિદશા પર્યંતની ક્રિયા, નિરતિચાર પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ (પાળે છતાં) એને પોતાને ખબર ન પડે કે મારી પકડ ક્યાં છે ! ન ખબર પડે. એનું કારણ કે, દિશાફેર નથી. જ્ઞાનમાં જે દિશાફેર થવી જોઈએ અને જ્ઞાનમાં એને પોતાનું અવલોકન થવું જોઈએ એના બદલે એને રાગનું અને રાગના વિષયનું અવલોકન છે, પોતાનું અવલોકન એને નથી. એ તકલીફ છે. આવડો મોટો દરિયો કેમ ન દેખાય ? કે, પીઠ ફરીને ઊભો રહે તો ન દેખાય. પણ દરિયાકાંઠે ઊભો હોય ને ન દેખાય ? એક તો દરિયો બહુ મોટો હોય છે, માઈલો સુધી એનો વિસ્તાર હોય છે અને પોતે કાંઠે ઊભો છે (છતાં) કેમ દેખાતો નથી ? કે, પીઠ ફરીને ઊભો છે. ક્યાંથી દેખાય એને ? કોઈ એમ કહે કે, ભાઈ ! તું દરિયાની નજીક છો, બહુ મોટો સાગર છે, એની પાસે તું છો અને ઠંડી હવા આવે છે, તું જો તો ખરો. દરિયા ઉપરથી હવા આવે છે. (પેલો કહે) બધી વાત સાચી પણ દરિયો નથી દેખાતો. કેમકે પોતે ઊંધું મોઢું ફેરવ્યું છે. આ સીધી

વાત છે.

**પૂજ્ય 'બહેનશ્રી'એ તો મુનિદશાની બહુ ભક્તિ કરી છે. 'મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી.'** કેવળજ્ઞાન લીધું કે લેશે એવી મુનિદશાની પુરુષાર્થની સ્થિતિ હોય છે, લીધું કે લેશે ! હમણાં કેવળજ્ઞાનને પ્રગટ કરી લઉં. કેમકે એ તો અંતર્મુહૂર્તનું કાર્ય છે. કેવળજ્ઞાન પ્રગટ થવું એ તો (અંતર્મુહૂર્તનું કાર્ય છે). મુનિરાજને ક્ષણે ક્ષણે તો સ્વરૂપસ્થિરતા આવે જ છે પણ કોઈ ક્ષણ એવી આવે કે પાછા છઠ્ઠા ગુણસ્થામાં આવવાને બદલે ઉપરની શ્રેણીમાં – સાતમાંથી આઠમે થઈને શ્રેણી માંડે તો કેવળજ્ઞાન લેતાં અંતર્મુહૂર્ત જ લાગે છે. અંતર્મૂહુર્તમાં તો કેવળજ્ઞાન – પૂર્ણ દશા પ્રગટ કરી લ્યે છે એવી જ્ગ્યાએ ઊભા છે. કેવી જ્ગ્યાએ ઊભા છે ? કે, પ્રાપ્ત કરે તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવી સ્થિતિએ આવી પહોંચ્યા છે. એટલે એ કેવળજ્ઞાનના પર્વતની તળેટીએ આવેલા છે. કેવળજ્ઞાન હવે એમને દૂર નથી.

'ગુરુદેવશ્રી' તો 'કુંદકુંદાચાર્યદેવ', 'અમૃતચંદ્રાચાર્યદેવ' અને પૂર્વાચાર્યોની દશાનું વર્ણન કરતાં કોઈ વાર એમ કહેતાં કે, આવા નિકૃષ્ટ પંચમકાળમાં, (આ) પંચમકાળ પણ જરા આકરો છે, હુંડાવસર્પિણીનો પંચમકાળ છે. આવા કાળમાં મુનિદશા યોગ્ય પુરુષાર્થ કોઈ મનુષ્ય પર્યાયની અંદર પ્રગટ કરે એટલે એણે ખરેખર તો આ કાળનો ચરમસીમાનો પુરુષાર્થ પ્રગટ કર્યો. કેમકે આથી આગળની સીમામાં આ કાળમાં જન્મેલાના પુરુષાર્થની યોગ્યતા હોતી નથી. જો મુનિદશા કોઈ આ કાળમાં પ્રગટ કરી શકે તો એ જીવને એક જ ભવ બાકી હોય, બીજો ભવ એને હોય નહિ. દેવલોકનો એકાદ ભવ કરીને પછી એ મોક્ષમાં જવાવાળા હોય છે. એટલા નિકટભવિ હોય છે. એવી વાત કરતા હતા.

મુમુક્ષુ :– મુનિ તો પંચમકાળના છેડા સુધી રહેવાના એવું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે ક્યારેક ક્યારેક કોઈ મુનિ થવાની પરિસ્થિતિ ખરી, શક્યતા નિવારી શકાય નહિ. કોઈનો પુરુષાર્થ ફાટે એમાં કાંઈ (નવાઈ નહિ).

મુમુક્ષુ :– કાળ એટલે હલકો છે કે એટલી દિનચર્યા પાળી શકે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે દિનચર્યા (ન પાળી શકે) એને એમ લાગે કે, આ પરિસ્થિતિ નથી તો એ તો સંથારો કરી લ્યે, એવું કાંઈ નથી. પણ એથી કાંઈ એનો પુરુષાર્થ ન રોકાઈ જાય. અંતર અવલંબનનો જે પુરુષાર્થ છે એ એનાથી રોકાય એવી સ્થિતિ નથી. એમ છે. પછી કાળ તો એવો હતો કે, 'ઋષભદેવ' ભગવાને જ્યારે મુનિદીક્ષા અંગીકાર કરી ત્યારે એવો કાળ હતો કે કોઈ આહારદાનની પદ્ધતિ જ જાણતા નહોતા અને અવિધિએ મુનિ આહારદાન અંગીકાર કરે નહિ. યાચનાવૃત્તિએ – યાચકવૃત્તિએ કોઈને ત્યાં જઈને ઊભા રહે નહિ કે, મને ભૂખ લાગી છે. અને કોઈ (આહારદાનની વિધિ) જાણે નહિ. અત્યારે ઈ તો (પરિસ્થિતિ) નથી. તોપણ પરિસ્થિતિ

કુદરતે નિર્માણ કરી. કુદરતે નિર્માણ કરી ! ‘શ્રેયાંસકુમાર’ને સપનું આવ્યું કે, આવી રીતે મેં ભૂતકાળની અંદર આહારદાન નિર્ગ્રંથ મુનિને આપેલું છે. ભલે છ-બાર મહિના લાગી ગયા, એ તો જે થવાનું હતું તે થયું. બને છે, જો શરીરાદિ ટકવાનું હોય, એવી પરિસ્થિતિ નિર્માણ થવાની હોય તો એ પરિસ્થિતિ ઊભી થાય છે. ન હોય તો એથી કરીને કાંઈ અંદરનો પુરુષાર્થ રોકાવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. લગભગ તો થવું મુશ્કેલ છે પણ શક્યતા નિવારી શકાય નહિ. એટલી વાત છે.

એવા પુરુષાર્થની અંદર દિન-રાત લાગેલા છે. તેમને **‘અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે;...’** પોતાના અનંત ગુણ-પર્યાય, શુદ્ધ ગુણ-પર્યાયનો પરિગ્રહ (એટલે) એની પકડ છે, એમાં એ વસે છે, એમાં એમને પોતાપણું છે, એથી બહાર એમને ક્યાંય પોતાપણું નથી. બહારમાં કોઈ પરિગ્રહ નથી એમ કહેવું છે. તિલતુષ માત્ર બહારમાં પરિગ્રહ નથી. શાસ્ત્ર ભલે ઉપકરણ છે તોપણ કોઈ એમ કહે કે, આ શાસ્ત્ર અમને વાંચવા આપશો ? અમને અધ્યયન કરવા આપશો ? એ જ વખતે આપી દ્યે. પછી આપીશ એમ ન રાખે. હું જરાક વાંચી લઉં, પછી લઈ જજો (એમ ન કહે). એમની વાણી જ શાસ્ત્ર છે. ખરેખર તો એવા ભાવલિંગી મુનિરાજની વાણી પોતે જ શાસ્ત્ર છે, અન્ય શાસ્ત્ર તો એમના માટે એક નિમિત્ત માત્ર છે. પૂર્વાચાર્યનું શાસ્ત્ર હોય છે, બીજા આચાર્યદેવો ઉપર પણ એમને બહુમાન હોય છે, એના શાસ્ત્રોનું અધ્યયન કરે છે તોપણ એમની વાણી પોતે જ શાસ્ત્ર છે.

મુમુક્ષુ :– શાસ્ત્ર આપો, મફત આપો એની પાછળ ઘણો સંકેત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ સંકેત છે. (કોઈ) શાસ્ત્ર માગે (તો) લઈ જાઓ. શાસ્ત્રનો તો એક એવો વિષય છે કે, એને નિત્યબોધકની ઉપમા આપી છે. નિત્યબોધક શાસ્ત્ર ! આમાં છે. એક બોલ આવે છે, નિત્યબોધકનો એક બોલ આવે છે. સદાય એમાંથી ઉપદેશ મળે છે. એવો એ વિષય છે. સદાય ઉપદેશ મળે છે એટલે ક્યારે કોને પત્તો લાગે શું કહેવાય ? જેમકે એક ‘સમયસાર’ શાસ્ત્ર ‘ગુરુદેવ’ને ઓચિંતું મળી ગયું તો એ શાસ્ત્રને પ્રસિદ્ધ કરીને એનો ફેલાવો કરવાની ભાવનાથી પ્રકાશન થયું હશે. ઓચિંતું મળી ગયું. ક્યાં સ્થાનકવાસીના મુનિ ! ‘ગુરુદેવ’ તો એ વખતે સ્થાનકવાસીના મુનિ હતા. ‘સમયસાર’ મળ્યું, આખું પરિવર્તન થઈ ગયું, આત્માનું જ આખું પરિવર્તન થઈ ગયું, બહારમાં પણ પરિવર્તન થઈ ગયું અને સમાજની અંદર એક મોટું પરિવર્તન થઈ ગયું. શાસ્ત્ર પ્રકાશનનું મહત્ત્વ કેટલું એ અહીંથી સમજવું જોઈએ.

(અમે) ભણતા ત્યારે અંગ્રેજીમાં એક કહેવત આવતી કે, All for a want of nail. Nail એટલે એક ખીલો. એક ખીલાની ક્ષતિ રહી ગઈ (તો) The battle was lost – આખી લડાઈ હારી જવામાં આવી. એક મોટા રાજા કે સેનાપતિના ઘોડાના ખરીને નાળ હોય એમાં

ખીલો નહોતો. ખીલાનું શું મહત્ત્વ ? કે, લડાઈ હારી જાય એટલું ! એ નાળ નહોતો એટલે ઘોડો વ્યૂહ પ્રમાણે ગતિ નહોતો કરી શકતો. એક પગમાં ખીલો નહોતો એટલે નાળ નીકળી ગયો. એટલે ખીલાને લઈને નાળ ખોયો, નાળને લઈને એ ઘોડાની ગતિ ખોઈ, ઘોડાની ગતિ ખોઈ એટલે વ્યૂહ ખોયો, વ્યૂહ ખોયો એટલે લડાઈમાં રાજ ખોયું. એટલે કોઈ વાર એક નાની ક્ષતિ, નાની ક્ષતિ દેખાય છે પણ એ બહુ મોટી ક્ષતિ હોય છે અને કોઈ વાર એક નાની પૂર્તિ એ નાની પૂર્તિ લાગે છે પણ એ બહુ મોટી વાત હોય છે.

ઘણાં (લોકો) આંકડા મૂકીને નિરાશ થાય છે કે, હજારો, લાખો શાસ્ત્રો છાપ્યા પણ આમાં કોને જ્ઞાન થયું ? એ તો નક્કી કરો. કેટલા ટકાને જ્ઞાન થયું ? કે, લાખો શાસ્ત્રો વાંચ્યા, હજારો માણસોએ વાંચ્યા, હવે જ્ઞાન કેટલાને થયું ? એમ ન જોવાય. ક્યારેક કો'કને અંદરથી ગોળી વાગે છે. તે 'દી એનો સંસાર ખલાસ થાય છે, એ આત્મા સિદ્ધદશાની તૈયારી કરે છે અને સિદ્ધાલયને અવશ્ય પ્રાપ્ત કરે છે. એનું મૂલ્યાંકન કોઈ સંખ્યાથી થતું નથી. એકની સંખ્યા એ કોઈ અમૂલ્ય વસ્તુ છે, એનું મૂલ્ય કરવા માટે કોઈ જાતની સરખામણી, ઉપમા, કોઈ Term મળતી નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પામ્યા તો હજારો લોકો આ બાજુ ફરી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હજારો લોકો સત્ તરફ વળી ગયા. કેટલાક પામી ગયા અને કેટલાકને સંસ્કાર પડી ગયા. આ પરિસ્થિતિ એક 'સમયસાર'ના પ્રકાશનમાંથી ઊભી થઈ. મૂળમાં ગણો તો 'સમયસાર'ના પ્રકાશનમાંથી ઊભી થઈ. એટલે શાસ્ત્ર પ્રકાશન ઉપર જે વજન છે એનું કારણ એ છે.

**'મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે.'** સંજ્વલન કષાયનો અત્યંત મંદ વિભાવ એમને હોય છે. ત્રણ કષાયની ચોકડીનો એમણે નાશ કરેલો છે. એવી સ્થિતિમાં એ અઠ્યાવીસ મૂળગુણના પાલન પૂરતો એમને વિકલ્પ અને રાગ ઉત્પન્ન થાય છે. અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ છે અને **'બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે.'** દેહને પણ પરિગ્રહમાં લીધો છે. પણ એ પરિગ્રહ એવો છે કે બીજા પરિગ્રહની જેમ ઇચ્છા પ્રમાણે એનો ગ્રહણ-ત્યાગ થઈ શકતો નથી, તોપણ એ દેહ પ્રત્યે એમનું મમત્વ નથી. એવો પરિગ્રહ છે.

આ તો ઉપચારથી પરિગ્રહ કહ્યો છે, ખરેખર તો પરિગ્રહ તેને કહેવાય કે, જેના પ્રત્યે મમત્વ વર્તે. મુનિરાજને દેહ પ્રત્યે મમત્વ નથી પણ શ્રામણ્યપર્યાયને યોગ્ય આચાર પાળવા માટે માત્ર આહારગ્રહણ જેને હોય છે, એટલે પણ એને પરિગ્રહમાં નાખ્યો. તોપણ સાથે સાથે કહેતા જાય છે કે, પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે. કેવા છે મુનિ ? કે, પાંચ

ઇન્દ્રિયના ફેલાવ રહિત. પણ દેહને તો પાંચ ઇન્દ્રિય છે. (તો કહે છે કે), એ દ્રવ્યેન્દ્રિયની વાત નથી, ભાવેન્દ્રિયની વાત છે. દેહ અને દેહમાં રહેલી પાંચ ઇન્દ્રિયો હોવા છતાં જેને ભાવેન્દ્રિયનો ફેલાવ નથી, એમ કહે છે. દેહ પ્રત્યેનો ઉપયોગ જાણે કે ખલાસ થઈ ગયો છે. દેહમાં ઉપયોગ જાણે કે પ્રસરતો નથી. અંદરના સ્વસંવેદનથી એટલા છૂટા પડી ગયા છે ! એવા મુનિરાજ હોય છે ! એટલે એમ કહેવાય છે કે, ટાઢ, તડકા, દિન દશાનું, દિન એટલે દિવસો, એની દશા (એટલે) ટાઢ, તડકો, એનું જાણે ભાન નથી. કેટલી ઠંડી પડે છે ? એ તમે જાણો. કેટલી ગરમી પડે છે ? એ તમે જાણો. મુનિ તો એના અંદરના સ્વસંવેદનમાં મસ્ત થઈને પડ્યા છે. બહારની દિનદશાનું જાણે એમને ભાન નથી. ઉપયોગ જાણે ખલાસ થઈ ગયો છે. શરીરમાં રોગ થાય (તો) ખબર ન પડે. શરદી, ગરમી લાગે, શરીરના ધર્મ પ્રમાણે શરીરમાં રોગ પણ થાય, અશાતાનો ઉદય હોય તો (રોગ થાય) શરદી, ગરમીના કારણે નહિ. ઓછી ઠંડી પડે અને શરદી લાગી જાય, ઘણી ઠંડી પડે અને તંદુરસ્તી વધી જાય. બને છે કે નહિ ? વાતાવરણ તેનું તે (હોય), જેને જ્યારે અશાતાનો ઉદય હોય એને રોગાદિ થાય. પણ મુનિને એ ખબર પડતી નથી. શરીરમાં રોગ થયો કે નથી થયો, કોને ખબર ? ખબર પડે તો એનો ઉપયોગ ત્યાં રહેતો નથી. ઠંડી, ગરમી, રોગની ખબર પડે તો એનો ઉપયોગ ત્યાં ટકતો નથી. એવો દેહનો સંયોગ એ પ્રકારે હોય છે. દેહથી પણ એટલો ઓછો લગવાડ !

આ જે આહારનો વિષય છે એ પણ દિવસમાં મધ્યાહ્ન સમયે વધુમાં વધુ એક વખત (આહાર લેવો) એ Maximum limit છે. વધુમાં વધુ ! બાકી દરરોજ બપોર થાય અને મુનિ આહાર ગ્રહણ કરે જ એ પરિસ્થિતિ નથી. એ ધ્યાનમાં મસ્ત હોય તો ભૂખ, તરસની ખબર પડતી નથી. આહાર અને પાણી બન્ને એક વાર હોય છે. જો આહાર લ્યે તો પાણી સાથે લ્યે, આહાર ન લ્યે તો પાણી ન લ્યે. દિવસોના દિવસો ચાલ્યા જાય, આહાર-પાણી વિના ચાલ્યા જાય. એ કેવળજ્ઞાનને સાધવામાં પડ્યા છે. જેમ દુકાને ધંધામાં પડ્યા હોય (અને કહે કે) ટિફિન આવ્યું છે, ઠંડું થઈ ગયું. તો કહે, કાંઈ નહિ. હવે સાંજનું ભેગું ખાઈ લેશું. ઘરે આવવાની નવરાશ નથી તો માણસને મોકલે કે, આજે ઘરે નહિ જવાય, ઘરાકી બહુ છે. આજે કામ ઘણું રહેશે. ટિફિન મંગાવી લેજો. ટિફિન આવે તો ખાવાની નવરાશ ન હોય, હવે સાંજનું પણ ઘરે જઈને ભેગું ખાઈ લઈશું. વેપારમાં રસ પડે છે તો એમ થાય છે કે નથી થતું ? આ તો અંદરમાં કેટલો રસ પડે છે ! એ રસને અને એ રસને સરખામણી કરવી પણ મુશ્કેલ છે. કેમકે પેલો સકષાય રસ છે અને આ અકષાય રસ છે. સરખામણી કેવી રીતે કરવી ? એટલું શરીર પ્રત્યેનું લક્ષ જેનું છૂટી ગયું છે એને દેહ માત્ર પરિગ્રહ હોય છે એમ કહે છે. અત્યારે તો એની કલ્પના આવવી મુશ્કેલ છે. મુનિદશાનું ભાવભાસન થવું, કેવા ભાવે મુનિદશા

હોય છે એનું ભાસન થવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :- ('પૂજ્ય બહેનશ્રી'ની) સ્ત્રી-પર્યાય બાદ કરો તો મુનિ જેવી જ દશા છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા કે, પુરુષ હોત તો મુનિ થઈ જાત.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જાત. એવી અંદરની સાધના તીવ્રપણે સાધે છે.

શું કહે છે ? કે, અંદરમાં ચૈતન્યગોળો છૂટેછૂટો રમે છે અને દેહ ઉપર લક્ષ જતું નથી તોપણ એ દેહ માત્ર, વિકલ્પ છે એટલો પરિગ્રહ છે એમ કહે છે. દેહ માત્ર પરિગ્રહ છે. તોપણ પરિગ્રહનું નામ આપ્યું ! પરદ્રવ્ય છે ને ? ઈ કાંઈ સ્વદ્રવ્ય નથી અને બચાવ કરવાનો અહીંયાં વિષય નથી. ફરીને દેહનો સંયોગ જોઈએ નહિ એવી તૈયારી પાછળ પડ્યા છે કે, ફરીને જન્મ ન થાય. કેવળજ્ઞાન લ્યે, નિર્વાણદશામાં (બિરાજમાન થાય એટલે) ફરીને પછી એને જન્મ ધારણ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

આ જૈન મુનિ કેવા હોય છે એની વાત છે. ત્રણેકાળે આવા હોય છે, હોં ! એવું નથી કે, કાળ ફરે એટલે મુનિદશામાં ફેરફાર કરવો પડે. સિદ્ધાંત તો ત્રણેકાળે અતૂટ રહે છે, એકસરખો રહે છે. એનું નામ સિદ્ધાંત છે. હવા ફરે એમ સિદ્ધાંત ફરે તો તો રાજકારણમાં અને સિદ્ધાંતમાં કાંઈ ફરક રહેતો નથી. રાજકારણમાં સિદ્ધાંત નથી હોતા એમ કહે છે. જે બાજુની હવા એ બાજુમાં બેસી જાવ એટલે પતી ગયું. કોઈ કાળે મોક્ષમાર્ગની જે સ્થિતિ છે, ચતુર્થ ગુણસ્થાન, પંચમ ગુણસ્થાન, છઠ્ઠું-સાતમું ગુણસ્થાન, કેવળજ્ઞાન, તેરમું ગુણસ્થાન (ઇત્યાદિમાં) કોઈ કાળે ફેરફાર ન થાય. કાળ અનુસાર ફેરફાર સ્વીકારવામાં આવે તો એ ફેરફાર કેટલી હદે સ્વીકારવો એનો કોઈ નિયમ રહેતો નથી અને એ પરિસ્થિતિ વર્તમાનમાં જોવામાં આવે છે. પછી એનો કોઈ નિયમ રહેતો નથી (કે) કેટલે નીચે જાવું.

અહીંયાં કહે છે કે, પંચમહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણ પાળવા પૂરતી જે શ્રામણ્યપર્યાય છે, શ્રામણ્યપર્યાય એટલે બાહ્ય સાધુપણું, એનું જે આચરણ નિર્દોષપણે પાળી શકાય, એટલા પૂરતું દેહનું આહાર ગ્રહણ, શૌચ આદિ – મળ-મૂત્રનો ત્યાગ થાય છે એ શૌચ આદિ, એટલી પ્રક્રિયા દેહ સાથે હોય છે, આથી વધારે કોઈ નહિ. બાકી નિરંતર ચોવીસે કલાક આત્માના આરાધનની અંદર નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં ક્ષણે ક્ષણે મુનિરાજ જોર જોરથી આવે છે અને હમણાં કેવળજ્ઞાન લઈ લેવાની તૈયારીવાળા, એવી દશામાં પ્રવર્તે છે ! રાત્રે પણ અર્ધ રાત્રી વીત્યા પછી, એ પહેલાં તો કદી નહિ, નવ વાગ્યા છે ને દસ વાગ્યા છે અને ઊંઘ આવે છે – એવી મુનિદશા હોતી નથી. અર્ધ રાત્રી પછી એક-બે-ત્રણ વાગ્યાના આસપાસના ગાળામાં એક ઘડીથી ઓછી, ક્ષણ ક્ષણની ત્રૂટક... ત્રૂટક... ત્રૂટક નિદ્રા, એ પણ એક ઘડીથી ઓછી અને

તે પણ પડખાંભેર સૂઈને. એક પડખે સૂવે.

**'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે;...'** મુનિને વિષમ દશા ઉત્પન્ન થતી નથી. એવો લોભ એમને નથી કે, આ ઠેકાણે શ્રાવકો બહુ ધર્મિષ્ઠ વૃત્તિના છે માટે અહીંયાં આપણે રોકાઈ જાવ. એ મુનિને ન હોઈ શકે. આ ક્ષેત્ર સારું છે, અહીંયાં ઘણાં બધાં કેવળજ્ઞાન પામ્યા હતા, આ યાત્રાનું ક્ષેત્ર છે માટે અહીંયાં રોકાઈ જાવ. (એવો) ક્ષેત્રનો પ્રતિબંધ નહિ. બીજા દ્રવ્યોનો એટલે સંયોગનો પ્રતિબંધ નહિ. અહીંયાં હવામાન સારું છે, લ્યો ! અહીંયાં બહુ ગરમી પડતી નથી, બહુ ઠંડી પડતી નથી, હવામાન સારું છે. એ કોઈ જાતનો લોભ મુનિને હોઈ શકે નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કોઈનું બંધન – રાગથી બંધન થાય અને મુનિ ત્યાં રોકાય તો એ મુનિ નહિ. મુનિદશામાં એવું બનતું નથી. **'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે;...'**

'ગુરુદેવ' તો કહેતા હતા કે, આ 'મુંબઈ' જેવા શહેરમાં તો શ્રાવકોને રહેવું એ પણ તકલીફ જેવી વાત છે. એવું ક્લિષ્ટ અને ગંદુ વાતાવરણ હોય છે કે, જ્યાં શ્રાવકોને પણ રહેવામાં ઘૃણા થાય. અત્યારે શ્રાવકો એટલે આત્માર્થીઓ. ત્યાં આ બધાં મુનિ થઈને પડ્યા છે, એમાં છે શું ? મહિનો-મહિનો, બે-બે મહિના, ચાર-ચાર મહિના કોઈ વાર તો ચોમાસુ કરે. આ શહેરની અંદર તો વાતાવરણ જ એટલું બધું ધમાલીયું છે, લોકોને રઘવાટ... રઘવાટ... લોહવાટ... જે જુઓ ભાળો એને બધાયને અજંપો... અજંપો... અજંપો... અજંપો... દેખાતો હોય, ક્યાંય શાંતિ દેખાતી ન હોય. એવા શહેરમાં તો રહેવાનો પ્રશ્ન નથી, મુનિ નગરમાં રહે જ નહિ એમ અહીં તો કહે છે. કેમકે નગરમાં રહે તો એને માટે બનાવેલું મકાન એને વાપરવું પડે. જેને શ્વેતાંબરમાં ઉપાશ્રય કહે છે. દિગંબરમાં શું કહે છે ? ઉપાશ્રય કહે છે ? એમ ? એમના માટે બનાવેલો આહાર ન લ્યે તો એમના માટે બનાવેલું મકાન ક્યાંથી વાપરે ? બધી ગડબડ છે. જે પોતાના માટે બનાવેલો આહારનો કણ કે પાણીનું બિંદુ પ્રાણ જાય તોપણ ન વાપરે એ આવડું મોટું મકાન કેમ વાપરે ? એટલા પરિગ્રહનો જે સ્વીકાર કરતા નથી, એટલી વ્યવસ્થાનો જે સ્વીકાર કરતા નથી કે જેને શરીરના ટકવા, નભવા અને પ્રાણ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આ મકાન તો બહુ મોટી વાત છે. કોઈ વ્યવસ્થા સ્વીકારવાનો પ્રશ્ન રહેતો નથી. પોતાની જરૂરિયાત જ નથી. એમ કહે છે કે, હું અજરૂરિયાતવાળો છું. મુનિ એ વાત બાહ્યાચરણથી સિદ્ધ કરી દેખાડે છે. જૈન મુનિ સિદ્ધ કરી દેખાડે છે કે, આત્માને કોઈ જરૂરિયાત નથી. આ અમે ઊભા ! એવા મોક્ષમાર્ગમાં આ અમે ઊભા ! એમ કહે છે. 'પ્રવચનસાર'ની ૨૦૦ નંબરની ગાથામાં છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે કે, એવી નિર્ગ્રંથ દશામાં અમે ઊભા છીએ ! કોઈ જરૂરિયાત અમારે હોતી નથી અને અમારા માટેની કોઈ જરૂરિયાતનો અમે સ્વીકાર કરતા નથી.

એવા મુનિઓએ વર્તમાનકાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને ટકાવવા માટે

આભના સ્તંભ જેવું કામ કર્યું છે !! આપણે (એવો બોલ) લીધો છે, ૧૦૦૬ નંબરનો બોલ લીધો છે ને ? 'પરમાગમસાર'માં એવો એક બોલ આવી ગયો છે. એ બોલ તો ઘણા વખતના જૂના 'આત્મધર્મ'માંથી ટાંકેલો હતો. જે 'દી 'આત્મધર્મ' વાંચ્યા ત્યારે ડાયરીમાં એક જગ્યાએ ટાંકી લીધો હતો. એ પછી આમાં લીધો. બહુ શરૂઆતમાં, ૩૦-૩૫ વર્ષ પહેલાં ! **'આચાર્યદેવો ધર્મના સ્તંભ છે,... જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યાં છે.'** સ્વરૂપની શાંતિ વેદતાં વેદતાં અને પરિષહોને જીતીને, પરિષહોથી હારીને નહિ, પરિષહોમાં અડગ રહીને, **'પરમ સત્‌ને જીવંત રાખ્યું છે.'** એમના **'કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે.'** તે 'દી આવી વાણી આવી છે ! બહુ શરૂઆતમાં **'રચના તો જુઓ ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે !... આના સંસ્કાર અપૂર્વ ચીજ છે અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે.'** એની સગાઈ થઈ ગઈ, એણે શ્રીફળ લીધું. એનો મોક્ષ નિશ્ચિત છે. એ ઘણાં વર્ષ પહેલાંના પ્રવચનના વચનો છે.

**'પ્રતિબંધરહિત સહજ દશા હોય છે;...'** એમને કોઈપણ જાતનો પ્રતિબંધ નથી હોતો. કોઈ રાગથી, કોઈ દ્વેષથી, કોઈ મોહથી (પ્રતિબંધ નથી હોતો). સંજ્વલનના રાગ-દ્વેષ, મોહ હોવા છતાં એને બંધન થાય એવું કાંઈ બહારમાં બનતું નથી, રોકાવું પડે એ વાત નથી. ત્યાં સુધી કે **'શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી.'** કે, આ મારા શિષ્યો છે એને રોજ મારે એક કલાક કે અડધી કલાક વ્યાખ્યાન આપવું પડે અને બોધ આપવો પડે એવો પ્રતિબંધ મુનિને હોતો નથી. કોઈ કાર્યની જવાબદારી મુનિ ઉપાડતા નથી. વ્યાખ્યાન આપવાની જવાબદારી પણ એમને માથે નહિ, તો પછી ફંડ-ફાળાનો તો પ્રશ્ન જ રહેતો નથી. એ તો ગૃહસ્થનું કામ છે, અમસ્તુ પણ એ મુનિનું કામ છે નહિ. શિષ્યોને કે સમાજને બોધ દેવો એ પ્રતિબંધ પણ એમને હોતો નથી. એ બંધનમાં પડતા નથી કે, મહારાજ ! રોજ આઠથી નવ વ્યાખ્યાન તમારે વાંચવું પડશે, અમે બધાં આવશું, તમારે વાંચવું પડશે અથવા અહીંયાં મોટા શેઠિયાઓ રહે છે, મોટા રાજા રહે છે એ રાજાને ઉપદેશ આપો. એ પ્રતિબંધ મુનિને હોતો નથી.

૧૯૯૧માં 'ગુરુદેવ'ની ૪૬-૪૭ વર્ષની ઉંમર હશે, એટલું જોર હતું, પુરુષાર્થ હતો અને એટલું જોર હતું કે, તમે વાણિયાઓ અહીંયાં પૈસા ખર્ચો એટલે હું અહીંયાં રહેવા બંધાયેલો નથી. અમારું તો મન ફર્યું તે 'દી આ સામે ડુંગરાની ધારું છે એમાં ચાલ્યા જાશું ! ('સોનગઢ'માં) પાછળ નાના નાના ડુંગરા દેખાય છે, લગભગ ઉત્તર-પશ્ચિમમાં પાછળ ટેકરીઓ છે. એનો બીજો એક અર્થ થાય છે કે, કોઈ સામાજીક દબાણ નીચે આવવાની વાત ક્યારેય કરવી નહિ. સમાજ આમ કહે છે માટે મહારાજ હવે તમે આમ ન બોલતા અને મહારાજ તમે આમ બોલજો. સમાજમાં સંતુલન રહેતું નથી, બધો ખળભળાટ થાય છે અને ઘણાંને ગમતું નથી, આ વાત

ઘણાને નથી ગમતી, ઓછાને ગમે છે, બહુમતી નહિ ગમવાવાળાની છે માટે આમ વાત કરવી. એ દબાણ મારા ઉપર કોઈ 'દી લાવશો નહિ. એનો અર્થ એ છે. કેમકે મને તો જે સત્ય લાગ્યું છે એ મેં સ્વીકાર્યું છે અને એના માટે જે સમાજ ઘણો આદર કરતો હતો એ સમાજને તો એમણે તિલાંજલિ આપી છે. જે સમાજમાં અત્યંત આદર હતો, સ્થાનકવાસીમાં એમનો એક ભગવાન જેટલો આદર હતો ! પાંચ-પાંચ હજાર માણસ સાંભળવા આવતા હતા, એ સમાજ છોડી દીધો, એ માન-સન્માન બધું છોડી દીધું. હવે તમે બીજા કોઈ નવા સમાજનું દબાણ મારા ઉપર લાવો, ઈ વાત કરશો નહિ. તમે અહીંયાં જેટલા પૈસા નાખ્યા છે એ પડ્યા રહેશે, હું તો અહીંથી ચાલતો થઈ જઈશ. એટલે સત્ય છે એ સત્યને દબાણનો પ્રશ્ન નથી, સત્યને સત્ય સાથે સંબંધ છે. આ તો સમાજ છે, પણ ચૌદ બ્રહ્માંડ હલી જાય અને ખળભળાટ થઈ જાય નહિ, ચૌદ બ્રહ્માંડમાં ગડબડ થઈ જાય નહિ, ચૌદ બ્રહ્માંડની ઊથલપાથલ થઈ જાય (તોપણ) સમ્યક્દૃષ્ટિ ફરતો નથી. એની શ્રદ્ધામાં ફેર નહિ, એના સત્યના સ્વીકારમાં ફેર નહિ, ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (હોય). સત્ય ગ્રહણમાં એટલી એની શક્તિ છે !

**'શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઈ પણ પ્રતિબંધ હોતો નથી.'** અને ક્ષણે ક્ષણે એમની **'સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.'** એ સ્વરૂપમાં લીન થઈ જાય છે, સ્થિર થઈ જાય છે અને એ સ્થિરતા વધતી જ જાય છે. કોઈને એમ લાગે છે કે, મુનિ ઘણાં કાળથી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ત્યાંને ત્યાં છે, પણ તેના તે ગુણસ્થાનમાં પણ એમની લીનતા, એમની શુદ્ધતા, એમની પવિત્રતા, વીતરાગતા વૃદ્ધિગત થતી જાય છે. એ બધો લબ્ધની અંદર ઉમેરો થાય છે. ઉપયોગ તો છઠ્ઠા-સાતમાને યોગ્ય કામ કરે છે. કોઈ કોઈ વાર વિશેષ સ્થિરતામાં આવે છે, કોઈ વાર નિર્વિકલ્પ દશામાં ઉપયોગ વધારે ટકી જાય છે, કોઈ વાર ઓછો ટકે, કોઈ વાર વધારે ટકે, પણ એની જે પરિણતિ છે એ પરિણતિમાં વૃદ્ધિગતપણું થાય છે. એમાં લીનતા વધેલી જ રહે છે.

પ્રશ્ન :– પરિણતિમાં વૃદ્ધિગત થાય છે કે લબ્ધમાં ?

સમાધાન :– જ્ઞાનની અપેક્ષાએ એને લબ્ધ કહેવાય છે, પણ એ સિવાય બહારમાં પંચમહાવ્રતના રાગમાં ઉપયોગની સાથે આચરણ જાય છે, ઉપયોગની સાથે પુરુષાર્થ જાય છે, એ પણ શુભ રાગ છે, એ સિવાય એક પરિણતિ છે એમાં વીતરાગતા છે, એમાં સ્વસંવેદન છે, એની અંદર શ્રદ્ધાન છે, એની અંદર શાંતિ છે, સુખ છે, આનંદ છે, પુરુષાર્થ છે એ પરિણતિમાં ઉમેરો થતો જ જાય છે.

પ્રશ્ન :– ઠોસ થતી જાય ને ઠોસ ?

સમાધાન :– હા, ઉપયોગનું લબ્ધ થાય છે, ઉપયોગનું લબ્ધ થાય છે. દરેક જીવને ઉપયોગનું

લબ્ધ થાય છે. જેના ઉપર ઉપયોગ નાખે એનું લબ્ધ થાય, જેના ઉપર ઉપયોગ નાખે એનું લબ્ધ થાય. જીવને આ પૂર્વ સંસ્કાર છે કે નહિ ? સર્પ કારણ વગર કરડે છે, એને 'આ મારો દુશ્મન છે' એવી ખબર હોતી નથી, એને તો ઉઘાડ જ નથી. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાણી છે, મનવાળું પ્રાણી છે પણ એવી કાંઈ ખબર નથી કે, આ મારો મિત્ર છે કે દુશ્મન છે. ઈ તો પૂર્વ ભવનો એનો બાપ હોય તોપણ કરડે અને છોકરો હોય તોપણ કરડે, મા હોય તોપણ કરડે, એને બીજી કાંઈ ખબર પડતી નથી. પણ એને જે ક્રોધનો સંસ્કાર છે એ કામ કરે છે. એ ક્રોધવાળો ઉપયોગ એણે વારંવાર કર્યો છે તો સર્પ યોનિનું આયુષ્ય બાંધ્યું અને સર્પમાં ઊપજ્યો એટલે અંદરમાં ગમે ત્યારે ક્રોધ પ્રકૃતિનો ઉદય આવે એટલે જે મળે એને ફડાક દઈને દાંત દઈને બટકું ભરે, બીજું એને કાંઈ ખબર નથી. બટકું ભરે એટલે એનો ક્રોધ શાંત થઈ જાય. એ કાંઈ ખાતો નથી, બટકું ભરે એટલે કાંઈ ખાઈ લ્યે છે એવું નથી, (ફક્ત) દાંત બેસાડે છે, બીજું કાંઈ નથી. ઈ તો એનું ઝેર નીકળી જાય છે. એ ઝેર નીકળી જાય છે એટલે એની જે પ્રકૃતિ છે એ શાંત થાય છે, ક્રોધનો વેગ ઓછો થઈ જાય છે. એ એની લબ્ધ પરિણતિનો પાછો ઉપયોગ થાય છે. ઉપયોગનું લબ્ધ (અને) લબ્ધનો ઉપયોગ, ઉપયોગનું લબ્ધ (અને લબ્ધનો ઉપયોગ) આમ ને આમ સંસાર ચાલે છે.

એમ અહીંયાં મુનિને ઉપયોગમાં વારંવાર વીતરાગ દશા, લીનતા પ્રગટ કરે છે અને પરિણતિમાં ઘનપણું, ઘનિષ્ટપણું થતું જાય છે, વૃદ્ધિગતપણું થતું જાય છે. જેમ જેમ ઉપયોગમાં નિર્વિકલ્પ દશાની સ્થિરતા વારંવાર આવતી જાય છે તેમ તેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે. 'સમયસાર'ની ગાથા છે. જેમ જેમ આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે, તેમ તેમ આસ્રવની નિવૃત્તિ થતી જાય છે, ત્યાં એ વાત લીધી. આસ્રવથી નિવર્તતો જાય છે.

પ્રશ્ન :– કોઈને સર્પ કરડે એમાં પૂર્વનો કાંઈ સંબંધ ખરો કે નહિ ?

સમાધાન :– એવો કોઈ નિયમ નથી. કોઈ વાર કોઈ સર્પને એવા સંસ્કાર હોય છે, જાતિસ્મરણ પણ હોઈ શકે છે તો એને ખબર પડે છે કે, આ મારો પૂર્વ ભવનો વેરી છે, તો એને દંશ (મારે) પણ ખરો. એવું પણ કોઈ વાર હોય છે. પણ એવો કોઈ નિયમ નથી. પણ એ તો બહુ જૂજ, જવલ્લે જ, ભાગ્યે જ એવું બને છે. કેમકે અહીંયાં મરી ગયો, અહીંયાં દેહ છોડ્યો ઈ જીવ બીજે ક્યાં ઊપજે એનું ક્યાં ઠેકાણું છે ? એના સગાં-સંબંધી, મિત્રો, દુશ્મન હોય ત્યાં જ એનું ઊપજવું થાય એવો કોઈ નિયમ નથી. એ તો એણે જેવા જેવા પરિણામ કર્યાં છે એવા ફળ ભોગવવા ગમે તે ક્ષેત્રમાં ઊપજે અને ત્યાં ગમે એને કરડે. ત્યાં ક્યાં એના પૂર્વના કોઈ જાણીતા હોય એવો કોઈ નિયમ નથી. બધા સાવ અજાણ્યા હોય, કોઈ વાર એવું બને છે, બાકી લગભગ એવું નથી હોતું.

મુમુક્ષુ :– અશાતા વેદનીનો ઉદય હોય એને કરડે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બસ એને પોતાના કર્મનો ઉદય છે. વગર કારણે પેલો કરડ્યો છે એને પોતાના કર્મનો ઉદય છે. આ નવું કર્મ બાંધે છે, સર્પનો જીવ એ વખતે નવું કર્મ બાંધે છે અને પેલાને જૂના અશાતા કર્મનો ઉદય છે અથવા આયુષ્ય પૂરું થવાનો કાળ આવી ગયો છે. એ બધો એને પોતાના કર્મનો ઉદય છે. બન્ને પોતપોતાના પરિણામમાં અને કર્મના ઉદયમાં કાળ નિર્ગમન કરે છે. મેળ ખાય ત્યારે આણે આનું કર્યું એમ કહેવામાં આવે છે. બાકી ખરેખર (તો) ઈ એનું અને આ એનું. દરેકને પોતપોતાનું જુદું જુદું છે. એક ઘરમાં પણ બધા ક્યાં એક સરખા ઉદય ભોગવે છે ? એક માણસ સાજો રહે, એક માણસ માંદો રહે. એક જ હાંડલામાંથી ખાય અને એક જ ગોળામાંથી પાણી પીવે. એને એના પૂર્વ કર્મનો ઉદય છે અને આને એના પૂર્વ કર્મનો ઉદય છે. પોતપોતાના ઉદયને ભોગવે છે અને એ કાળે રાગ-દ્વેષ કરીને નવા કર્મને બાંધે છે.

૭૧ (બોલ પૂરો) થયો.

**અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ૭૨.**

૭૨મો (બોલ) પણ મુનિદશાને લગતો બોલ છે. કેવા છે મુનિરાજ ? કે, **'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે...'** આ ગુણસ્થાનનું નામ છે. છઠ્ઠા ગુણસ્થાનને પ્રમત્ત ગુણસ્થાન કહે છે, સાતમા ગુણસ્થાનને અપ્રમત્ત નામનું ગુણસ્થાન કહ્યું છે. એમાં ક્ષણે ક્ષણે આવતા હોવાથી જેમ ઝૂલો છે એ એક ક્ષણે આ બાજુ હોય તો બીજી ક્ષણે આ બાજુ હોય, એમ પોતાના **'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી...'** અહીંયાં દ્રવ્ય એટલે દ્રવ્ય સ્વભાવ. અખંડ સ્વભાવને ગ્રહણ કરીને, ચૈતન્ય સ્વભાવને ગ્રહણ કરીને ઘડીક વિકલ્પમાં તો ઘડીક નિર્વિકલ્પ દશામાં. પ્રમત્ત ગુણસ્થાનમાં – છઠ્ઠા ગુણસ્થાનમાં સવિકલ્પ દશા છે ત્યારે મુનિને અઠ્ઠાવીસ મૂળગુણ સંબંધીના રાગનો અંશ ઉત્પન્ન થાય છે, બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થાય છે. વળી, નિર્વિકલ્પદશામાં થાય ત્યારે બુદ્ધિપૂર્વકનો મનનો રાગ થતો નથી, ઉપયોગ મનથી છૂટો પડી જાય છે. અબુદ્ધિપૂર્વકનો કેટલોક રાગ રહે છે એ કેવળજ્ઞાન ગોચર છે. એવી સ્થિતિમાં ક્ષણે ક્ષણે પ્રવર્તતાં મુનિ ઝૂલે છે.

**'મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે.'** તે મુનિદશા. **'અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિ દશા.'** અહીંયાં Full point મૂકવો જોઈએ. ત્યાં પૂર્ણવિરામ છે, વાક્ય પૂરું (થાય છે). મુનિદશા કોને કહેવી ? આવી અંદરમાં ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગની વીતરાગી દશા થાય અને સરાગ દશામાં પણ છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જેની વીતરાગી પરિણતિ હોય અને જેનો સંજ્વલન કષાયનો રાગ અઠ્ઠાવીસ મૂળગુણથી વધારે તીવ્ર ન હોય એને વાસ્તવિક મુનિદશા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– એ અઠ્ઠાવીસ મૂળગુણ પવિત્ર કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– અઠ્ઠાવીસ મૂળગુણ એટલે શું કે, એનું ઉલ્લંઘન ન થાય. એમ વાત છે. એનું ઉલ્લંઘન ન થઈ શકે. એ બાહ્ય આચરણની મૂળ વાત છોડીને એમાં કોઈ બાંધછોડ કરે તો એ જૈનની મુનિદશા નથી. એટલી વાત છે. એમાં બાંધછોડ ન થાય.

પ્રશ્ન :– અઠ્ઠાવીસ મૂળગુણમાં શું શું આવે ?

સમાધાન :– અઠ્ઠાવીસ મૂળગુણમાં પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ છે. એ સિવાય ઊભા ઊભા એક વાર આહાર, અચેતપણું, કેશલોચ એવા બધાં અઠ્ઠાવીસ પ્રકારનાં બાહ્યાચરણો છે. ઉદ્દેશીક આહાર ન લ્યે, ૪૬ દોષ રહિત આહાર હોય છે. ૪૬ દોષમાંથી એકેય દોષ ન હોવો જોઈએ. એ બધાં એના આચરણના નિયમો છે. એમાં કાંઈ ફેરફાર કરવાનો ત્રણે કાળને વિષે કોઈને અધિકાર નથી. એ જિનાજ્ઞા છે – જિનેન્દ્રની આજ્ઞા છે. એમાં ફેરફાર કરીને કોઈ પ્રવર્તે છે તો એ જિનાજ્ઞા ઉપર પગ મૂકે છે. જિનેન્દ્રની આજ્ઞા ઉપર પગ મૂકીને આગળ ચાલવા માગે છે. એ વાત બરાબર નથી. વ્યવહાર એટલે આ મૂળગુણ છે. એટલા માટે એનું નામ

મૂળગુણ આપ્યું છે. એમાં બાંધછોડ થઈ શકે નહિ.

પ્રશ્ન :- વ્યવહારમાં ભૂલ હોય તો એ મુનિ જ નથી એમ કહેવું છે ?

સમાધાન :- એ તો સીધી વાત છે. જેનો વ્યવહાર દોષિત છે એને નિશ્ચય હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એને ન જ હોય એમ કહેવું છે. જેનો વ્યવહાર તૂટ્યો એનો નિશ્ચય ખલાસ થયો.

મુમુક્ષુ :- આ બધું મુમુક્ષુને એકદેશ લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- લાગુ જ પડે છે. મુમુક્ષુને યોગ્ય વ્યવહાર તોડ્યો તો એ પાત્રતામાંથી ગયો, એ સમ્યગ્દર્શનથી બહુ દૂર ગયો, મુમુક્ષુતામાંથી એ ગયો. મુમુક્ષુને યોગ્ય વ્યવહાર, ચતુર્થ ગુણસ્થાનને યોગ્ય વ્યવહાર, પંચમ ગુણસ્થાનને યોગ્ય વ્યવહાર, છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય વ્યવહાર. બધો સિદ્ધાંત બધી જગ્યાએ એકસરખો લાગુ પડે છે. ક્યાંય ગડબડ કરે એટલે એ ગયો, ખલાસ ! ઘણાં એમ પૂછે કે, ભલે વ્યવહાર એવો હોય પણ એનું સિદ્ધાંતજ્ઞાન તો સાચું છે કે નહિ ? એનું તત્ત્વજ્ઞાન તો સાચું છે કે નહિ ? ઈ પ્રશ્ન જ નથી રહેતો. વ્યવહાર તૂટ્યો, સિદ્ધાંત તોડ્યો પછી બાકીનું તત્ત્વજ્ઞાન ઠીક છે એ વાત વિચારવાનો પ્રશ્ન રહેતો નથી. અહીંયાં મુનિદશાની વાત ચાલે છે કે, **'અખંડ દ્રવ્યને...'**

પ્રશ્ન :- અખંડ દ્રવ્યને ગ્રહણ કર્યું એટલે ?

સમાધાન :- અખંડ દ્રવ્ય સ્વભાવ, ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ છે, ધ્રુવ દ્રવ્ય સ્વભાવ છે, ખંડિત નહિ થતો, અસ્ખલિત અને અવિચલિત દ્રવ્ય સ્વભાવ છે એમાં લીન થઈને, એમાં પકડ કરીને એને સારી ગ્રહણ કરીને – શ્રદ્ધાએ, જ્ઞાને અને આચરણે (ગ્રહણ) કરીને જે ક્ષણે ક્ષણે પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે છે એને ખરેખર મુનિદશા કહેવામાં આવે છે. ભાવલિંગ એ મુનિદશાનું ચિહ્ન છે, પ્રચુર સ્વસંવેદન એ મુનિદશાનું ચિહ્ન છે, એ લિંગ છે. બાકી કોઈ મુનિદશાનું ચિહ્ન નથી.

વિશેષ લઈશું...

## તા. ૦૧-૦૪-૧૯૮૭, વચનામૃત–૭૨, ૭૩
## પ્રવચન નં. ૬૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૫, ૭૨મો બોલ ચાલે છે. **'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'** 'સમયસાર'ની ગાથા છે. નિશ્ચયનયાશ્રિત એટલે નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્મા – નિશ્ચય આત્મા (છે) એનો મુનિવરો આશ્રય કરે છે. એ એક જ આશ્રયભૂત, શરણભૂત તત્ત્વ છે. નિજ પરમાત્મપદનો આશ્રય કરીને, તેના આધારે, તેના આશ્રયે મુનિરાજનું પરિણમન નિરંતર ચાલે છે.

**'મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે.'** એવા પોતાના પરમપદના નિરંતર જાગૃત છે. પોતાનું સ્વરૂપ જેવું અનુભવગોચર છે, એની જાગૃતિ – અત્યંત જાગૃતિમાં મુનિરાજના પરિણમનનો પ્રવાહ ચાલે છે. અંતર્મુખ પરિણમનની દશા એવી છે કે, સંયોગમાં (રહેલા) દેહનું ભાન ભૂલી જાય છે. અમે દેહધારી છીએ કે કેમ એવું પણ ભુલી જાય છે. સંયોગમાં દેહ છે કે કેમ એ ભૂલી (જાય છે). એવું ચૈતન્યમય પરિણમન છે.

'ગુરુદેવ' તો એમ કહેતાં કે, મુનિ એટલે હાલતાચાલતા સિદ્ધ ! એમ કહેતાં. હાલતાચાલતા સિદ્ધ ! સિદ્ધ તો સિદ્ધાલયમાં સદાય સ્થિર હોય છે, અશરીરી હોવાથી ચક્ષુ ઇન્દ્રિય દ્વારા એના દર્શન થતા નથી, ચક્ષુ ઇન્દ્રિયનો એ વિષય થતા નથી. તોપણ એ સિદ્ધ કેવા હોય એના જો મૂર્તસ્વરૂપે દર્શન કરવા હોય તો મુનિના દર્શન કરો એમ કહે છે. મુનિરાજ એટલે હાલતાચાલતા સિદ્ધ !

આ મુનિભક્તિ ચાલે છે ! બોલમાં શું ચાલે છે ? મુનિરાજની ભક્તિ ચાલે છે. સ્વાધ્યાય એટલે એવું નથી કે, માત્ર કારણ-કાર્યનું Logic સમજવું. સમ્યક્દૃષ્ટિઓની – ધર્માત્માઓની – મહા મુનિઓની જે અધ્યાત્મદશા હોય છે એ દશાના બહુમાન અને ભક્તિથી અધ્યાત્મ રસ લેવો. એ રસ લેવાનો વિષય છે. દ્રવ્યાનુયોગ હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાય સમજાવવા હોય, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજાવવો હોય તો કારણ-કાર્યનું Logic ને એવું બધું ચાલે. અહીંયાં એ વિષય નથી. અહીંયાં તો મુનિ પોતાના સ્વરૂપમાં કેવા મસ્ત છે, બસ ! અધ્યાત્મની મસ્તીએ ચડેલા મુનિરાજ છે. નિરંતર પોતાના સ્વરૂપમાં જાગૃત છે. એ જાગે છે એમ કહીને એમ કહે છે કે, એ મુનિરાજ જ્યાં જગતની જાગૃતિ છે ત્યાં ઊંઘે છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે અને જ્યાં જગત જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે. ઊલટી-સૂલટી દશા છે.

આવી એક વાત 'ગીતા'માં લીધેલી છે. ત્યાં પણ મુનિ શબ્દ વાપર્યો છે. 'सा निशा पश्यतो मुनिः' નિશા એટલે રાત્રિ. એ મુનિને માટે રાત્રિ છે. જ્યાં જગતને માટે દિવસ છે ત્યાં મુનિને માટે રાત્રિ છે, જ્યાં જગતને માટે રાત્રિ છે ત્યાં મુનિને માટે દિવસ છે. કેમકે મુનિ રાત્રે પણ ઘણી સાધના કરે છે. પહેલાં તો 'ગીતા'નાં બધાં શ્લોકો યાદ હતા. 'सा निशा पश्यतो मुनिः' એવું એક પદ પાછળ આવે છે. એ મુનિને માટે રાત્રિ છે. ત્યાં મુનિનો અર્થ યોગી કરે છે, જંગલમાં યોગીરાજ હોય છે. મુનિ છે એ યોગી જ છે. જેનો ઉપયોગ આત્મામાં જોડાય છે, યોગ એટલે જોડાવું, જેનો ઉપયોગ આત્મામાં જોડાય છે, નિજ પરમપદમાં જોડાય છે તે યોગી છે. અન્યમતિઓ ઈશ્વરમાં જોડે છે, ઈશ્વરનું ધ્યાન કરે છે – બીજા ઈશ્વરનું ધ્યાન કરે છે.

અહીંયાં કહે છે કે, નિજ પરમેશ્વરપદનું ધ્યાન કરે છે. એવા મુનિરાજ જ્યાં જાગે છે એટલે જાગૃત છે ત્યાં જગત ઊંઘે છે. એટલા સાવધાન છે ! જાગે છે એટલે એટલા સાવધાન છે, સ્વરૂપને વિષે એટલા સાવધાન છે કે, જગતના જીવો એ વિષયમાં બિલકુલ અજાણ છે. જેમ ઊંઘમાં માણસ બીજી પ્રવૃત્તિથી અજાણ થઈ જાય છે એમ પોતાના આત્માના વિષયમાં જગત આખું અજાણ છે અથવા જગતના જીવો બહારમાં સંયોગ અને રાગમાં એટલા સાવધાન છે. શરીર, શરીરને આશ્રિત – શરીરને લગતા બીજા સંયોગ, શરીરની અનુકૂળતા-પ્રતિકૂળતાઓ, શાતા-અશાતાઓને લગતા, જગતના જીવો એટલા એમાં જાગૃત છે – સાવધાન છે, ત્યાં મુનિ સાવધાન નથી. મુનિ એમાં ઊંઘે છે.

રોગ થાય તો દવા લેવા માટે મુનિ જતા નથી. ખબર પડે (તો કોઈ) શ્રાવક આહારમાં કોઈ ઔષધ ભેળવી દચે, (એ) બીજી વાત છે. પોતે તો એક વખત આહાર કરે છે એટલે બીજી વખત કોઈપણ પદાર્થનો આહાર કરવાનો પ્રશ્ન નથી. તેમ શરીરનો રોગ મટાડવા માટે

મુનિને એટલો શરીર પ્રત્યેનો રાગ નથી કે આ શરીર તંદુરસ્ત રહે અને રોગ જાય તો સારું તો મારી સાધના તો હું વધારે સાધું એમ પણ નહિ પાછું. ત્યાં તો એટલું પણ નહિ. મૂળગુણની એક વખત ઊભા ઊભા આહારની પ્રવૃત્તિ, નિરાંતે બેસીને નહિ. શ્રાવક પાટલો માંડીને ખાવા બેસે અને નિરાંતે પેટ ભરીને તૃપ્ત થાય, ઓ..હિ..યા.. કરે એ રીતે મુનિરાજ આહાર કરતા નથી. ઊભા ઊભા આહાર લે એટલે કુદરતી જ ઊણો આહાર લેવાય. ઓછો જ આહાર લેવાય, પેટ ભરીને આહાર લેવાય નહિ. એ કુદરતી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એકવીસ કોળિયા લે.

પૂજ્ય ભાઈશ્રી :- ૩૨ કવળ કે એવો કાંઈક નિયમ છે. ૩૨ કોળિયાનો નિયમ છે, ૩૨ કોળિયા લ્યે. એથી વધારે આહાર ન લ્યે.

મુમુક્ષુ :- ઊંઘ પોણી સેકંડ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકસાથે. આમ તો કટકે.. કટકે.. કટકે થઈને લગભગ અડધો કલાક, પોણો કલાક, એક કલાકની અંદરના ભાગ સુધી આરામ (કરે). આરામ કહો કે સૂતા સૂતા કટકે કટકે નિદ્રા લ્યે. કેમકે વચ્ચે શુદ્ધોપયોગ આવી જાય છે, વચ્ચે એમને શુદ્ધોપયોગ આવી જાય છે. જો શુદ્ધોપયોગ ન આવે તો મુનિદશા ન રહે, છઠ્ઠું-સાતમું ગુણસ્થાન ન રહે. સાતમામાંથી છઠ્ઠે આવે, છઠ્ઠામાંથી સાતમામાં આવી જ જાય. કેટલી કેળવણી કરી હશે ! આત્માના અવલંબનની કેટલી કેળવણી થઈ ગઈ છે કે, શુદ્ધ ઉપયોગ માટે શુદ્ધોપયોગનો વિકલ્પ નથી અને શુદ્ધોપયોગની દશા આવે છે. વિકલ્પ નથી કરવો પડતો કે, હું શુદ્ધોપયોગમાં પરિણમું. એમ જ હાલતાચાલતા, ખાતા-પીતા, સૂતા-બેસતા, શાસ્ત્ર અધ્યયન કરતા, બોલતા, જેટલી મુનિયોગ્ય બાહ્ય પ્રવૃત્તિ છે એ બધી પ્રવૃત્તિમાં શુદ્ધોપયોગમાં આવી જાય છે. એટલા બધા એ સ્વરૂપની અંદર જાગૃત છે !

જ્યાં એ જાગે છે ત્યાં જગતના જીવો નિદ્રામાં પડ્યા છે, કાંઈ ખબર નથી. પોતાનું પરમાત્મતત્ત્વ કેટલું મહાન છે, નિશ્ચયનયના વિષયભૂત આત્મા કેટલો મહાન છે, અંદર કેવી રિદ્ધિ-સિદ્ધિ ભરેલી છે એ વિષયમાં આખું જગત ઊંઘે છે. જગતના કહેવાતા બુદ્ધિશાળી જીવોની એ વિષયમાં બુદ્ધિ કામ કરતી નથી. ખરેખર તો એ વિષયમાં બુદ્ધિ વિનાના છે એમ કહીએ તો ચાલે અથવા એ બુદ્ધિ કુબુદ્ધિ હોવાથી જન્મ-મરણનું કારણ બને છે. આ સુબુદ્ધિ હોવાથી સમ્યક્‌જ્ઞાનમાં એને સુમતિજ્ઞાન કહેવામાં આવે છે, એ જન્મ-મરણના નાશનું કારણ છે.

જ્યાં જગતના જીવો જાગે છે એટલે જે પ્રવૃત્તિઓમાં સાવધાન છે, એની ઉપેક્ષા –મુનિરાજને ત્યાં ઉપેક્ષા વર્તે છે. ઊંઘે છે એટલે નિદ્રા લ્યે છે એમ નહિ. આત્માના વિષયમાં જગતના જીવો ઉપેક્ષિત છે, ઉપેક્ષા કરી રહ્યાં છે ત્યાં મુનિરાજ સાવધાન છે. જ્યાં જગતના જીવો સાવધાન

છે ત્યાં મુનિરાજની ઉપેક્ષા વર્તે છે. શરીર અને બીજા સંયોગો અથવા સર્વ પ્રકારના ઔદયીક ભાવો પ્રત્યે મુનિને ઉપેક્ષા વર્તે છે. મિથ્યાદૃષ્ટિ જીવ ઉદયભાવમાં સાવધાન છે. આખેઆખો ત્યાં વળગી જાય છે, ચોંટી જાય છે, ટીંગાય જાય છે. ઉદય એ જ એનો આત્મા છે અને એ જ એનું સર્વસ્વ થઈ પડે છે, ત્યારે એ આત્માના વિષયમાં ઉદાસીન થઈ ગયો છે એમ કહે છે. મુનિરાજ એકલા આત્મામાં સાવધાન છે. પંચ મહાવ્રતને યોગ્ય, મુનિદશાને યોગ્ય વ્યવહારના પરિણામ છે એ એમના ઉદયભાવો છે, એથી વધારે એમને ઉદય હોતો નથી. એમાં પણ એ સાવધાન નથી. કહેવાય (એમ) કે, યત્નાથી પંચાચારને પાળે છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, તપાચાર, વીર્યાચાર. અથવા પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિને યત્નાથી પાળે છે. ઇર્યા સમિતિ – જોઈ જોઈને ચાલે. મુનિરાજ ચાલે એટલે ચાર હાથ જેટલી આગળની જમીન નીચે જોઈને ચાલે. એથી વધારે એમની દૃષ્ટિ બહારની અંદર લંબાતી નથી. એક સામાન્ય ઉપયોગ કરી લ્યે કે, આ બાજુ રસ્તો છે. બસ, પછી એ ચાર હાથ નીચે જોઈને ચાલે છે. એટલી દૃષ્ટિ-ચંચળતા ઘટી ગઈ હોય છે. નીચે એટલા માટે જોઈને ચાલે છે, એને યત્ના કહેવાય છે કે, કોઈ જીવ ઉપર પગ આવી જાય અને એની હિંસા થઈ જાય એવું ન બને એટલી યત્ના એટલે જાળવણી – પ્રયત્નપૂર્વક ચાલે છે. યત્નાથી કરે છે ને ? તો કહે છે કે, એ વ્યવહારે યત્ના છે, એની નિશ્ચય પરિણતિ – અંતરંગ પરિણતિ, મૂળ પરિણતિને જોવામાં આવે ત્યારે પણ ખરેખર તો એમાં એ ઊંઘે છે. સ્વરૂપને વિષે એ એટલા જાગૃત છે કે, ઉપયોગની અંદર ઉપરછલ્લા ઉપયોગથી એટલું કામ થાય છે. કેટલું ? તદ્દન ઉપરછલ્લા ઉપયોગથી એટલું કામ થાય છે.

ગામડાની અંદર સ્ત્રીઓ પાણી ભરીને બે-બે બેડાં, ત્રણ-ત્રણ બેડાં માથે (લઈને ચાલતી) હોય તો ખરેખર એની સાવધાની ત્યાં છે. દુનિયાભરની વાતો કરે, નદી હોય તો પગથિયાં ચડવા પડે, ક્યાંક પગથિયાં ઊતરવા પડે, ટ્રાફિક હોય તો તરીને ચાલવું પડે. ગામડામાં તો લાજ કાઢવાનો રિવાજ હતો, છતાં એની યત્ના ક્યાં છે ? ખરેખર એની સાવધાની તો માથેથી બેડાં ન પડે ત્યાં છે; છતાં ઉપયોગમાં એમ દેખાય કે, આ બધાં ઉપયોગથી – સાવધાનીથી કામ કરે છે પણ ખરી સાવધાની એક જ જગ્યાએ હોય છે. બાકી ઉપર ઉપરના ઉપયોગથી કામ થાય છે. એટલી સહજ Practice થઈ ગઈ છે કે, ઉપયોગ બીજી બીજી જગ્યાએ જાય તોપણ એ રીતે પરિણતિ કામ કરે છે. ખરી સાવધાની ત્યાં છે. એમ મુનિ જોઈને ચાલે છે તો એમની ખરી સાવધાની આત્મામાં છે, ચાલવામાં ખરેખર એટલી સાવધાની નથી. ઉપરછલ્લા ઉપયોગથી અહિંસા મહાવ્રતનું પાલન કરે છે, પણ એ ઉપર ઉપરનો ઉપયોગ છે. એવી રીતે સાવધાની અને ઉપરછલ્લા ઉપયોગની, અંતર સાવધાનીમાં અત્યંત એકાગ્રતા, અત્યંત રસ – તીવ્ર રસ અને બાહ્ય પ્રવૃત્તિમાં ઉપર – ઉપરછલ્લો ઉપયોગ. એવી પ્રવૃત્તિને ઉપેક્ષિત પ્રવૃત્તિ

– ઊંઘે છે એમ કહીને બધો ઉદયભાવ કાઢી નાખ્યો છે. એવા મુનિવરોને વિષે આચાર્યોએ શાસ્ત્રમાં આવા સૂત્રો કહ્યાં છે કે, **'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'** આવા નિશ્ચયનયના વિષયભૂત પરમપદમાં જેનો આશ્રય વર્તે છે, એના આશ્રયે વળગીને જે પરિણમી રહ્યાં છે એવા મુનિરાજો નિર્વાણને પ્રાપ્ત થાય છે, એનો મોક્ષ થાય છે. કોનો મોક્ષ થાય છે ? કે, નિશ્ચયનયના અવલંબનમાં પડેલાં છે એનો મોક્ષ થાય છે.

બે નય છે – વ્યવહારનય અને નિશ્ચયનય. વ્યવહારનયાવલંબી છે કે જેને શુભ ભાવોની મુખ્યતા વર્તે છે એનો મોક્ષ થાય છે એમ નથી કહેતાં. એને શુભના ફળમાં, શુભ ઉપયોગનાં ફળમાં દેવલોક આદિનાં ભવો થાય છે, ત્યાં બહુ લાંબાં આયુષ્ય ભોગવવા પડે છે, એટલો કાળ વિશેષ સંસારમાં રહેવાનું થાય છે. આ શુદ્ધોપયોગની અંદર શુભાશુભ કર્મનો ક્ષય કરીને શીઘ્ર નિર્વાણને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન :– મુનિઓને રાત્રિના સમયમાં કેમ વધારે વ્યસ્તતા હોય છે, નહિતર એ તો જંગલમાં હોય છે ?

સમાધાન :– જંગલમાં હોય છે પણ રાત્રિમાં અમસ્તી નીરવતા વિશેષ હોય છે. બીજા પ્રાણીઓનો પણ ત્યાં ખદબદાટ બંધ થઈ જાય છે. સામાન્ય રીતે મનુષ્ય અને બીજા પ્રાણીઓ રાત્રે ઊંઘે છે. કેટલાક નિશાચર પ્રાણીઓ હોય છે એ રાત્રે ફરતા હોય છે. પણ સામાન્ય રીતે મુનિ તો જ્યાં કોઈ પણ જાતનો અવાજ ન હોય એવા નીરવ સ્થાનની અંદર ધ્યાન કરે છે. એકાંત વિશેષ મળે છે, રાત્રિમાં એકાંત વિશેષ મળે છે. એક બાજુ જેમ જેમ રાત્રિનું એકાંત જામતું જાય છે, ગાઢ અંધકાર હોય અને બીજી બાજુ મુનિરાજને અંદરમાં આત્મામાં ધ્યાન જામતું જાય છે. એ પોતાના ધ્યાનની જમાવટમાં આવે છે. ઊંઘવું તો નામ નથી. એટલી અંદરમાં પરિણતિ તેજ રસવાળી થઈ ગઈ છે. એ કુદરતી છે. એ તો જગતની અંદર પણ તીવ્ર રસ હોય ત્યાં ઊંઘ નથી આવતી. માણસો નાટક જોવે છે, સિનેમા જોવે છે અથવા કોઈ Function હોય છે, ઘરે લગ્નપ્રસંગ હોય છે અથવા કોઈ તોફાન થયું હોય, આગ લાગી હોય, જ્યાં શુભ કે અશુભ રસની તીવ્રતા થઈ એટલે ઊંઘ ઊડી જાય છે. ઊંઘને ઓછી થવાનું, ઊંઘને ઘટવાનું, ઊંઘ નહિ આવવાનું તો આ એક સર્વસાધારણ અનુભવગોચર કારણ સમજી શકાય એવું છે. મુનિરાજને શુદ્ધાત્મ રસ તીવ્ર છે. શુભાશુભ રસ તીવ્ર નથી પણ શુદ્ધ આત્માનો રસ એટલો બધો તીવ્ર છે કે એને ઊંઘ નથી આવતી. એ અંદરમાં વારંવાર શુદ્ધપયોગથી સ્વરૂપના અવલંબનની રમઝટ બોલાવે છે, કામમાં પડેલાં છે. પ્રવૃત્તિમાં પડેલાં છે – અંદરની અંતર્મુખ પ્રવૃત્તિમાં તીવ્ર રસથી પડેલાં છે. એ તો એની કલ્પના કરવી મુશ્કેલ છે. કેવા મુનિ હોય, સામાન્ય પ્રાણીને તો એની કલ્પના કરવી મુશ્કેલ છે. એવી મુનિદશા હોય છે. જંગલના પ્રાણીઓ, નાના-મોટા

જીવ-જીવાત કરડે છે, નથી કરડતા એવું નથી. જેટલો અશાતાનો ઉદય હોય એના પ્રમાણમાં કરડે છે, પણ જાણે કે મુનિને ખબર જ નથી. ખ્યાલ આવે તોપણ તરત જ ઉપયોગ ત્યાંથી ખસી જાય છે, ઉપયોગ હટી જાય છે. પોતાના આનંદમાં એ લીન થાય છે. આ બાજુ કોઈ પ્રાણી કરડે અને લોહીનો ફુવારો છૂટે એવું બને. રગ તોડી હોય તો લોહીનો ફુવારો છૂટે અને આ બાજુ અંદરમાં આનંદનો ફુવારો છૂટે. આ આમ થયું છે એના ઉપર એટલું લક્ષ નથી જાતું, ત્યાંથી લક્ષ છૂટી જાય છે. ખ્યાલ આવે, ઉપયોગ જાય તો અંદરમાં આનંદનો ઊભરો, ફુવારો છૂટે, આનું લક્ષ છૂટી જાય છે. આમ છે. કેવી રીતે થાતું હશે એ જરા વિચાર માગે એવો વિષય છે.

મુમુક્ષુ :– કીડી, મકોડા ચટકો ભરે ત્યારે પોતાની દશા જોઈ લ્યે.

પૂજ્ય ભાઈશ્રી :– ચટકો ભર્યા પહેલાં આમ ફરતી હોય તો ખબર પડે, મચ્છર બેઠું હોય તો ખ્યાલ આવે, તો એનો ઉપયોગ ત્યાં જાય. કરડ્યા પહેલાં હજી ત્યાં આમ સ્પર્શ થાય ત્યાં આખો ઉપયોગ ત્યાં ચાલ્યો જાય. આનો ઉપયોગ ત્યાંથી ખસી જાય છે.

મુમુક્ષુ :– જ્ઞાની અને મુનિઓની વાત સાંભળીએ ત્યારે ખબર પડે કે આપણે ક્યાં બેઠા છીએ ! કેટલું અંતર કાપવાનું છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઘણું અંતર છે ! બહુ મોટું અંતર છે ! ઝાઝો રસ્તો કાપવાનો હોય ત્યારે થોડીક ઉતાવળ થવી જોઈએ. મોડું થાય છે, ઘણું બાકી છે તો જરાક ઉતાવળ થવાનો (પ્રકાર ઊભો થાય). એ જ્ઞાન એ રીતે નિમિત્ત થવું જોઈએ કે, હવે ઉતાવળ કરવા જેવી છે.

મુમુક્ષુ :– તમે હમણાં કીધું ને કે, જ્ઞાની, મુનિઓની વાત શું કરવા કરવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– એના માટે જ વાત કરવાની છે કે, પોતાને અધ્યાત્મરસની ભાવના એ રસથી વિશેષ વધે અને એ દશાની પ્રાપ્તિમાં યોગ્યતા કેળવાય. પ્રાપ્તિની ભાવનામાં યોગ્યતા કેળવાય છે. જ્ઞાનપ્રાપ્તિ કરવી હોય તો જ્ઞાનપ્રાપ્તિમાં યોગ્યતા મુખ્ય કારણ છે, ક્ષયોપશમ મુખ્ય કારણ નથી. ક્ષયોપશમથી જ્ઞાનપ્રાપ્તિ નથી થતી, યોગ્યતાથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે. આ વાત પહેલી વિચારવા જેવી છે અને આ બધા જે સ્વાધ્યાયના અંગ ગોઠવ્યા છે, સ્વાધ્યાયની પરિપાટી અને વ્યવહાર જે 'ગુરુદેવશ્રી'એ શરૂ કર્યો છે એની પાછળ આવો ઊંડો હેતુ રહેલો છે કે, ભાવનાથી જો સ્વાધ્યાય કરવામાં આવે તો શાસ્ત્રની અંદર જે અનેક પ્રકારના વચનો છે એની એવી રચનાઓ છે કે કાંઈ નહિ તો છેવટે જીવની યોગ્યતા કેળવાય તો ક્રમે કરીને આગળ વધે.

એ ૭૨ બોલ (પૂરો) થયો.

**દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દ્રઢપણે અવલંબીને ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ. મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી પ્રત્યાખ્યાન થાય છે. ૭૩.**

૭૩ (બોલમાં) પણ છેલ્લે મુનિદશાની જ વાત કરે છે. કદાચ 'નિયમસાર' વંચાતુ હશે (એટલે) એમાંથી લીધું (લાગે) છે. 'નિયમસાર'ની અંદર 'નિશ્ચય પ્રત્યાખ્યાન'નો અધિકાર ચાલે છે. પ્રત્યાખ્યાન એટલે પ્રતિજ્ઞા. ત્યાગની પ્રતિજ્ઞાને પ્રત્યાખ્યાન કહે છે. પરપદાર્થની – બાહ્ય પદાર્થોના ત્યાગની પ્રતિજ્ઞા તે શુભ ભાવરૂપ વ્યવહાર પ્રત્યાખ્યાન છે અને અંદરમાં સ્વરૂપમાં લીન થઈ જવું કે જેથી બાહ્ય પદાર્થના ગ્રહણ અને ત્યાગનો એકપણ પ્રકારનો વિકલ્પ જ ઉત્પન્ન ન થાય અને શુદ્ધ ઉપયોગમાં ધ્યાન અને લીનતા થઈ જાય તેને નિશ્ચય પ્રત્યાખ્યાન, વાસ્તવિક પ્રત્યાખ્યાન અથવા સાચું પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એવું પ્રત્યાખ્યાન મુનિઓને હોય છે એમ કહે છે.

કેવા છે મુનિરાજ ? કે, '**દ્રવ્ય તો નિવૃત્ત જ છે.**' મૂળ દ્રવ્ય સ્વભાવ જોઈએ તો એ તો નિવૃત્ત જ છે. મૂળ દ્રવ્ય તો ક્યાંય પરિણતિમાં આવતું નથી તો બીજી પ્રવૃત્તિ કરવાનો પ્રશ્ન રહેતો નથી. ત્રિકાળી જે દ્રવ્ય સામાન્ય પરમપારિણામિકભાવ એ તો સર્વ પ્રકારના નિમિત્ત-નૈમિત્તક સંબંધથી રહિત હોવાને લીધે ક્યાંય પ્રવૃત્તિનો વિષય એને લાગુ પડતો નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ નથી. તમામ પ્રકારનાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયની પર્યાય સાથે છે. દ્રવ્યની સાથે – ત્રિકાળી દ્રવ્યની સાથે નહિ. અહીંયાં દ્રવ્ય એટલે ત્રિકાળી દ્રવ્ય લેવું, સામાન્ય સ્વભાવ લેવો.

'**દ્રવ્ય તો નિવૃત્ત જ છે. તેને દ્રઢપણે અવલંબીને...**' આ અવલંબનના વિષયભૂત દ્રવ્ય સ્વભાવ

છે. **'તેને દઢપણે અવલંબીને...'** (અર્થાત્) શ્રદ્ધા, જ્ઞાન, આચરણ અને તીવ્ર પુરુષાર્થથી અંતર્મુખ થઈને દઢપણે અવલંબીને **'ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ.'** ભવિષ્યનો વિભાવ ઉત્પન્ન ન થાય એને ભવિષ્યના વિભાવથી નિવૃત્ત થવું એમ કહેવામાં આવે છે. પ્રત્યાખ્યાનનો અધિકાર ચાલતો હશે.

ભાવિના વિભાવથી, ભાવિની પ્રવૃત્તિથી અટકી જવું તેને પ્રત્યાખ્યાન કહે છે. ભૂતકાળથી નિવર્તવું એને પ્રતિક્રમણ કહે છે, વર્તમાન દોષથી નિવર્તવું એને આલોચના કહે છે. વિભાવ એટલે દોષ. ભૂતકાળના વિભાવથી નિવૃત્ત થવાનો જે વિકલ્પ છે એને વ્યવહાર પ્રતિક્રમણ કહે છે. ભવિષ્યમાં આ ગ્રહણ નહિ કરું, એનો વિકલ્પ જ ન જોઈએ એને વ્યવહાર પ્રત્યાખ્યાન કહે છે. અહીંયાં નિશ્ચય પ્રત્યાખ્યાનનો વિષય ચાલે છે.

પોતાના અંદરમાં રહેલાં શુદ્ધાત્માને – મૂળ સ્વરૂપને – આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપને અવલંબનમાં લઈને, એવા નિર્વિકાર પરિણામવિશેષ દશા જાય કે જેને લઈને ભવિષ્યમાં વિભાવભાવો ઉત્પન્ન ન થાય એને ખરેખર પચ્ચખાણ અથવા પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. ઉત્પન્ન ન થાય એને (પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે). શુભ અને અશુભ કોઈ પણ પ્રકારના વિભાવ ઉત્પન્ન ન થાય એવી શુદ્ધ દશા ઉત્પન્ન થાય તેને પ્રત્યાખ્યાન કહે છે. એ નિવૃત્ત દ્રવ્યને અવલંબીને વિભાવથી નિવૃત્ત થવાની પદ્ધતિ છે. મુનિરાજ તો નિયમથી મુક્તિગામી છે. જો સમ્યક્દૃષ્ટિ નિયમથી મુક્તિગામી છે તો મુનિરાજ માટે તો પ્રશ્ન રહેતો નથી. પણ જ્યાં મુનિદશા થઈ ત્યારે મુક્તિ તો એમના હાથમાં આવી ગઈ છે !

'પ્રવચનસાર'ની અંદર ભાવલિંગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. મોક્ષતત્ત્વ ! એ તો ખરેખર મુક્ત જેવા જ છે. કેમકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો એમને પ્રતિબંધ નથી. જેને બંધન હોય કે, અહીંયાં રહેવું પડે એવા બંધનવાળાને બંધન કહીએ પણ જેને કાંઈ બંધન નથી એને તો મુક્તિ એના હાથમાં આવી ગઈ છે. ભલે અત્યારે છદ્મસ્થ છે તોપણ એ મુક્તદશાની એટલા નજીક છે કે એમ કહેવાય છે કે જાણે મુક્તિ તો એમના હાથમાં આવી ગયેલી છે ! હવે એ મુક્ત નથી થવાના એ પ્રશ્ન રહેતો નથી. થયા કે થશે. જેને હાથવેંતમાં મુક્તદશા છે એવી **'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે એવા મુનિઓને...'** અત્યારે આવા મુનિ અહીંયાં નથી. બાકી મનુષ્યક્ષેત્રમાં નથી એવું કાંઈ નથી. મહાવિદેહ આદિમાં આવા જ મુનિઓ છે. અહીંયાં હોય તો જ હોય એમ કહેવાય એવું કાંઈ થોડું છે. જ્યાં હોય ત્યાં છે એ હકીકત છે. એવા મુનિઓ હોય છે.

પ્રશ્ન :– સમ્યક્દૃષ્ટિ વિભાવથી નિવૃત્ત કેવી રીતે થાય છે ?

સમાધાન :– જેટલી જેટલી વીતરાગદશા વિશેષ થાય એટલા રાગાદિ પરિણામ ઘટી જાય,

વિભાવ પરિણામ ઘટી જાય. એ સમ્યક્દૃષ્ટિ સ્વભાવની સ્થિરતામાં વિશેષ આવે ત્યારે પંચમ ગુણસ્થાનમાં આવે, પંચમ ગુણસ્થાનમાં જેટલી સ્થિરતા વધે એટલો વિભાવ છૂટી જાય. એને વિકલ્પ ઊઠે કે, હું આના પ્રત્યાખ્યાન લઉં. અણુવ્રત છે ને ? અણુવ્રત જે લ્યે છે. દેશવ્રત જે લ્યે છે એમાં એને એટલો વિકલ્પ આવે છે. એ વિકલ્પ આવે છે એટલે ત્યારપછી એને બુદ્ધિપૂર્વકનો વિકલ્પ તે પદાર્થને વિષે થતો નથી. જેના જેના પચ્ચખાણ કરે છે એ સંબંધી એને પછી વિભાવ ઉત્પન્ન નથી થતો. એવી રીતે એ આગળ વધે છે – સ્વભાવની સ્થિરતાથી આગળ વધે છે.

પ્રશ્ન :– પચ્ચખાણ લે ત્યારે વિકલ્પ ન આવે ?

સમાધાન :– પછી વિકલ્પ ન આવે. એટલી સ્વભાવ-સ્થિરતા થઈ ગઈ હોય તો. (અજ્ઞાની) પદાર્થનું ગ્રહણ ન કરે, જો મનોબળ દૃઢ હોય તો પદાર્થનું ગ્રહણ ન કરે પણ એને વિકલ્પ આવી જાય, વિકલ્પ ન આવે એવું ન બને. જ્યારે મોક્ષમાર્ગીને તો વિકલ્પ જ ન આવે. સાચા મોક્ષમાર્ગીને વિકલ્પ જ ન આવે એમ કહેવું છે. સમ્યક્દૃષ્ટિ અવિરત છે એટલે ચોથા ગુણસ્થાને દેશવ્રત નથી, ત્યાં વ્યવહારથી કોઈ વ્રત અંગીકાર કરતા નથી. એક સપ્ત વ્યસનનો ત્યાગ હોય છે, અનંતાનુબંધીના કષાય ઉદય પામતા નથી. દર્શનમોહને લગતા કોઈ ભાવો પણ પરિણમતા નથી કે જેથી દર્શનમોહનું આવરણ થાય અથવા નવું બંધન થાય, પ્રવૃત્તિ થાય એવા પરિણામ થતા નથી અને બાકીના જે પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન કષાયના ત્રણ ચોકડીના જે પરિણામ છે એ પણ નીરસ પરિણામ હોય છે તેથી ૪૧ પ્રકૃતિનો બંધ ન થાય એવા નીરસ પરિણામ હોય છે. આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો પંચમ ગુણસ્થાન પર્યંત સદ્ભાવ હોય છે અને આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનું ફળ તિર્યંચ અને નરક ગતિ છે. છતાં એવો બંધ સમ્યક્દૃષ્ટિને ન પડે. એનો અર્થ શું ? કે, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં એટલે તીવ્ર રસ નથી પડતો (કે) જેથી એને નરક અને તિર્યંચ ગતિ થાય. ચારિત્રમોહને યોગ્ય માયાના પરિણામ થાય પણ સ્ત્રીવેદ પડે, નપુંસકવેદ પડે એવું ન (બને). સમ્યક્દૃષ્ટિને (એમ) નથી. એટલો રસ નથી. એવા પરિણામ નથી એટલે એટલો રસ નથી, નીરસ પરિણામ છે. નીરસ પરિણામ છે એનું કારણ શું છે ? કે, આત્મરસ, શુદ્ધરસ, વીતરાગરસ એટલો ચાલુ છે, વિદ્યમાન છે અને એ રૂપ એનું પરિણમન છે. આત્મરસે એટલું પરિણમન છે. નિર્વિકાર ચૈતન્યરસના પરિણમનને લઈને જેટલા વિકારી ભાવ રહ્યાં એમાં રસ તૂટી જાય છે એટલું નિર્વિકાર ચૈતન્યરસનું જોર છે, એટલું બળવાનપણું છે એમ સૂચવે છે. એ આખું વિજ્ઞાન છે, પરિણામ વિષયનું એ વિજ્ઞાન છે. એટલે બાકીના જે નીરસ કર્મો બંધાય છે એની સ્થિતિ પણ અલ્પ પડે છે, એની સ્થિતિ લાંબી પડતી નથી. એ નીરસપણે ઉદયમાં આવે છે અને મોક્ષમાર્ગીને એ ઉદયમાં આવે ઈ પહેલાં તો પાછી એટલી નિર્વિકારતા અને વીતરાગતા વધી ગયેલી હોય છે કે નિમિત્ત-નૈમિત્તિકપણે કોઈ અસર

પહોંચે એવી દશામાં મોક્ષમાર્ગી ધર્માત્માઓ રહેતાં નથી.

મુમુક્ષુ :- બરાબર ઘડ બેઠી નહિ, લડાઈમાં લોહીની નદી વહેતી હોય અને તમે કહો કે બંધ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એનું ધ્યાન આત્મા ઉપર છે, ત્યારે પણ એનું ધ્યાન આત્મા ઉપર છે. એમ છે. આવી વાત છે.

મુમુક્ષુ :- ઈ ઘડ બેસાડવા તો આટલા બધા શાસ્ત્રોની રચના થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- જગતમાં એવું બને છે કે જ્યાં એક જ વિષય ઉપર ધ્યાન હોય છે ત્યાં બીજું બધું ગૌણ થાય છે. માણસ એરોપ્લેનમાં મુસાફરી કરે છે ત્યારે એમાંથી એમ Announce કરે કે, Engineમાં ખોટકો આવ્યો છે અને હવે બધા પટ્ટો બાંધી લેજો. પટ્ટો બાંધી લેજો એમ નહિ, તરત જ બીજી સેકન્ડે બીજી સૂચના છૂટે કે, અંદરમાં જે પેલી બધી છત્રી પહેરવાની છે એ જલ્દી જલ્દી પહેરવા માંડો અને Emergencyના દરવાજા ખોલી નાખ્યા છે, ન ખોલ્યા હોય તો ખોલી નાખો અને એક પછી એક નીચે ઊતરવા માંડો. પછી સામાનની અંદર દાગીના પડ્યા હોય, ઝવેરાત ભર્યું હોય, નોટું ભરી હોય, સારામાં સારા કપડાં (ભર્યા હોય) અમથો તો એટલી બધી ચીકાશ કરે કે કપડાની સિલાઈમાં એક જરાક આડુંઅવળું થાય તો એનો આત્મા આખો આડોઅવળો થઈ જાય. ઈ બધાંની બેગુની બેગુ ભરેલી હોય, પછી ઈ બધું સાંભરે ? કાંઈ નહિ, અત્યારે આ જાન બચે ને, શિર સલામત તો પઘડિયા બહોત ! એક જીવ બચી જાય ને પછી બધું થઈ પડશે. કેટલી મુખ્યતા આવે ? જીવ એટલે ત્યાં દેહ બચવાની વાત છે. જીવને તો બચવાનો ક્યાં સવાલ છે પણ દેહ બચી જાય તો બધી વાત સારી છે. એવી વાત છે. એક જગ્યાએ જ્યાં મુખ્યતા થઈ જાય છે (ત્યાં બાકી બધું ગૌણ થઈ જ જાય). સમ્યક્દૃષ્ટિને વિભાવથી મલિન ન થાય એ રીતે આત્માને બચાવવો છે. રાગ-દ્વેષ, મોહથી મલિન ન થાય એવી રીતે આત્માને બચાવવો છે, બસ ! આ Emergency એમને દેખાઈ ગઈ છે. નહિતર જગતના ચોરાશી લાખ યોનિના જન્મ-મરણનું ચલચિત્ર એની સામે છે. આ મિથ્યાદૃષ્ટિ એ ભૂલી જાય છે, કેવા કર્મ બાંધીશ તો શું ભોગવવું પડશે એ બધું ભૂલી જાય છે. બસ, એને એક વર્તમાન જ દેખાય છે. એવી ટૂંકી દૃષ્ટિ થઈ ગઈ છે કે વર્તમાન ઉદય ઉપર જ એ એટલો બધો ચોંટી ગયો છે કે એને એનું ફળ શું આવશે એટલો વિચાર કરવાની પણ ફુરસદ કે એટલી બુદ્ધિ રહેતી નથી. આ સમ્યક્દૃષ્ટિને તો દીર્ઘ દૃષ્ટિ છે. આગળ-પાછળનું બધું ખ્યાલમાં છે એટલે એને આત્માને બચાવવો છે. ભલે લડાઈમાં છે તોપણ આત્માને બચાવવો છે. લડાઈ કરવી નથી, આવી પડેલી વાત છે. કોઈ ચક્રવર્તી હોય, કોઈ રાજા-મહારાજા હોય, શેઠિયા હોય (એને) આવી પડેલો ઉદય છે. એને જોઈએ છે એમ નથી,

કરવું છે એમ નથી.

પ્રશ્ન :- ફરજિયાત થાય છે ?

સમાધાન :- હા, ફરજિયાત જેવું હોય છે. ઉદયમાં ફરજિયાત જેવું હોય છે. પોતાના પરિણામમાં એટલી અશક્તિ હોય છે પણ એનો ખેદ હોય છે. એમાં હોંશ હોય છે એમ હોતું નથી.

'પરમાગમસાર'માં એક બહુ સારો બોલ લીધો છે. 'ગુરુદેવશ્રી'ના એક બોલમાં વાત આવે છે કે, સમ્યક્દૃષ્ટિનો ઉપયોગ બહાર જાય છે, જેવો પૂર્વકર્મનો ઉદય હોય એ અનુસાર, પણ અંદરમાં પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવાની 'મોકળાશ', આવો કાઠિયાવાડી શબ્દ વાપર્યો છે, મોકળાશ એટલે અવકાશ, એટલું રાખીને – એટલું Margin રાખીને બહાર જાય છે. પૂરેપૂરા બહાર જતા નથી. આ લડાઈ થાય છે ત્યારે કેટલોક Reserved force તરીકે સૈન્યને રાખવામાં આવે છે કે, આટલું તો Reserve રાખો. પૂરી પૂરી તાકાતથી લડવું નથી. થોડી ઓછી તાકાતથી હારી જતા હોય તો હરાવી દેવા છે, નહિતર આ Reserved forceને કામે લગાડવો પડશે. એમાં પૂરી તાકાતથી લડવામાં આવે છે. એ સમ્યક્દૃષ્ટિ પોતાની શક્તિને Reserve રાખે છે. ગમે તે પ્રકારનો ઉદય હોય, ચક્રવર્તીને લડાઈનો હોય, ગમે તે હોય પણ અંતર્મુખ શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય એ શક્તિને એમને એમ રાખીને પછી બાકીના ઉપયોગમાં એની શક્તિ જાય છે. મિથ્યાદૃષ્ટિની જેમ પૂરેપૂરી શક્તિથી એ ઊલળીને પૂરેપૂરા બહાર આવે એમ બનતું નથી. એવી રીતે ઊલળી પડતા નથી.

અહીંયાં તો મુનિદશાની વિશેષપણે વાત છે કે, **'મુક્તિ તો જેમના હાથમાં આવી ગઈ છે...'** એમ. મુક્તિ તો જેના હાથમાં આવી ગઈ છે. **'એવા મુનિઓને ભેદજ્ઞાનની તીક્ષ્ણતાથી...'** ઘણું ભેદજ્ઞાન વર્તે છે, ઉગ્ર ભેદજ્ઞાન વર્તે છે. સાધકદશાની પ્રાપ્તિ ભેદજ્ઞાનથી, સાધકદશાની વૃદ્ધિ પણ ભેદજ્ઞાનથી અને પૂર્ણ દશા પ્રાપ્ત થાય એ પણ ભેદજ્ઞાનથી. આદિ-મધ્ય-અંતમાં મોક્ષમાર્ગની અંદર એક માત્ર સાધન હોય તો એ ભેદજ્ઞાન છે. 'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन' જે સિદ્ધ પરમાત્મા થયા એ બધાં ભેદવિજ્ઞાનને કારણે થયા છે. પ્રત્યાખ્યાન એટલે અહીંયાં અંતર લીનતા. નિશ્ચય પ્રત્યાખ્યાનનો અધિકાર છે ને ? વર્તમાન ચાલતા જે ઉદયભાવરૂપ અઠ્યાવીસ મૂળગુણના શુભભાવરૂપ પરિણામ તેનાથી જુદાં પડવાનો પુરુષાર્થ (ચાલે છે) એને અહીંયાં મુનિનું ભેદજ્ઞાન, તીક્ષ્ણ ભેદજ્ઞાન કહ્યું છે. તીક્ષ્ણ ભેદજ્ઞાન ! વિકલ્પ ઊઠ્યો કે ત્યાંથી હટ્યા, વિકલ્પ ઊઠ્યો કે ત્યાંથી ખસ્યા. 'આ નહિ, હું આ નહિ' (એમ) ત્યાંથી ખસી જાય છે. એવા તીક્ષ્ણ એટલે ઉગ્ર પ્રકારના ભેદજ્ઞાનથી પ્રત્યાખ્યાન એટલે મુનિરાજને સ્વરૂપલીનતા થાય છે, વિશેષ વિશેષ સ્વરૂપલીનતા થતાં એક વાર એવી દશા આવે છે કે ફરીને એ વિકલ્પમાં

– અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પમાં જ આવતા નથી, વ્યવહાર ચારિત્રના વિકલ્પમાં જ આવતા નથી. જિનોક્ત વ્યવહાર જેને કહેવામાં આવે છે એ પણ એમને ક્ષણે ક્ષણે ઘટતો જાય છે. 'અપૂર્વ અવસર'માં ગાયું ને ? 'તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.' ફરીને બહાર નીકળે જ નહિ એવી દશામાં આવે છે.

પ્રશ્ન :– આ પ્રત્યાખ્યાનનું 'નિયમસાર'માં આવે છે ?

સમાધાન :– હા, 'નિયમસાર'માં અધિકાર છે. 'નિશ્ચય પ્રત્યાખ્યાન'નો અધિકાર છે. ૯૫ ગાથાથી શરૂ થાય છે. **'સમસ્ત જલ્પને...' 'પરિત્યાગી જલ્પ સમસ્તને,...'** સમસ્ત જલ્પને એટલે **'(– વચનવિસ્તારને) છોડીને અને અનાગત...'** એટલે નહિ આવેલા **'શુભ-અશુભનું નિવારણ કરીને...'** અનાગત (એટલે) હજી આવ્યા નથી એવા શુભાશુભ ભાવો છે તેનું નિવારણ કરીને **'જે આત્માને ધ્યાવે છે, તેને પ્રત્યાખ્યાન છે.'** આ નિશ્ચય પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કહ્યું છે. **'પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને, જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને.'** એમાં પોતાના શુદ્ધ સ્વરૂપનું કેવું ધ્યાન કરે છે ? **'કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે, વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે.' 'આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.'** આવું જે સ્વરૂપધ્યાન છે એ ખરેખર નિશ્ચય પ્રત્યાખ્યાન છે એમ કહેવું છે.

**'સમસ્ત બાહ્ય પ્રપંચની વાસનાથી વિમુક્ત, નિરવશેષપણે અંતર્મુખ પરમતત્ત્વજ્ઞાની જીવને શિખામણ દેવામાં આવી છે.'** ઉપદેશ દીધો છે. પરમાત્માને ઉપદેશ છે – મુનિને ઉપદેશ છે ને ? **'આ પ્રકારે :– સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભુતવ્યવહારથી, શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત શુદ્ધ પુદ્‌ગલ-પરમાણુની માફક, જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા તે હું છું એમ જ્ઞાનીને ભાવના કરવી;...'** આ સ્વરૂપ ભાવના છે. વ્યવહારથી કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળશક્તિયુક્ત પરમાત્મા હું છું. વ્યવહારે એટલે દશાએ હું પરમાત્મા છું. **'અને નિશ્ચયથી...'** (અર્થાત્) સ્વરૂપે **'હું સહજજ્ઞાનસ્વરૂપ છું, હું સહજદર્શનસ્વરૂપ છું, હું સહજચારિત્રસ્વરૂપ છું અને હું સહજચિત્શક્તિસ્વરૂપ છું એમ ભાવના કરવી.'** આ ૯૬મી ગાથા છે. આ ગાથા ઉપરનું 'ગુરુદેવ'નું બહુ સુંદર પ્રવચન આવેલું છે. નિશ્ચયે તો હું પરમાત્મા છું પણ વ્યવહારે જે પૂર્ણ દશા પ્રાપ્ત કરવી છે એવો જ છું, વ્યવહારે પણ એવો છું.

પ્રશ્ન :– પર્યાયે પણ એવો છે ?

સમાધાન :– હા, દ્રવ્યે તો એવો છું પણ પર્યાયે પણ એવો છું. એવી ભાવના કરીને પર્યાયે પહોંચે છે. એમ. જરા ઊંડો વિષય છે.

મુમુક્ષુ :- પર્યાયે એવો છું એ સ્પષ્ટ સમજાયું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિને કેવી ભાવના હોય છે એમ કહે છે. મુક્તિ પામનાર મુનિની ભાવના કેવી હોય છે ! દ્રવ્યે તો પૂર્ણ છું એ તો પહેલેથી જ ભાવના છે. પણ હવે જે પૂર્ણતાના લક્ષે જે ભાવનાથી ઊપડ્યો છું, એની નજીક વર્તે છે ત્યારે એવો જ છું એમ કરતાં પરિણમી જાય છે, એમ લ્યે છે. એવો જે પરિણમી જાય છે અને એવો જ છું એમ કરતાં પરિણમી જાય છે. દ્રવ્યે આવો છું અને પર્યાયે છેટું છે... દ્રવ્યે આવો છું અને પર્યાયે છેટું છે... દ્રવ્યે આવો છું અને પર્યાયે છેટું છે... એમ લક્ષમાં લેવાને બદલે, ભાવનામાં તો આવો છું એમ ભાવનામાં આવે છે.

દૃષ્ટાંતથી થોડુંક સમજાય જશે. એક માણસ દરિદ્રી હોય છે. દરિદ્રી હોય છે અને ભૂખ્યો હોય, ખૂબ ભૂખ લાગી હોય તો એને એમ રહ્યા કરે કે, મને મીઠાઈઓના થાળ ભરેલા હોય, સારામાં સારા પકવાન અને ભોજન હોય, એ સિવાય મારે મોટા મોટા મહેલ હોય, ગાડી, ઘોડા ને રાચરચીલું હોય, મોટો શ્રીમંત હોઉં, એવી એને ભાવના થયા કરતી હોય. એમાં એને અંદર ઘરમાંથી જ એટલો બધો ખજાનો નીકળી પડે કે, એ ખજાનો ખોદતા ખોદતા થાકી જાય. બારણા બંધ કરીને ખોદતો હોય અને ખોદતા ખોદતા થાકી ગયો, થાકી ગયો એમાં અશક્તિને વશ ઊંઘ આવી ગઈ, તો એને સપનું આવે કે, આ બધું મેં ખાધું અને ભોગવ્યું. એમ સપનું આવે. તો જાગે ત્યારે એને ખબર પડે કે હજી આ કાંઈ થયું નથી. નથી મકાન ચણાયું, નથી રસોઈ થઈ, કાંઈ થયું (નથી) પણ જાણે એની અસરમાંથી (બહાર નથી નીકળતો). સપનાની અસરમાંથી મુક્ત કેમ નથી થતો ? કે, સામે દોલત જોવે છે. તો જાણે એ બધું થઈ ગયું, થઈ ગયું, થઈ ગયું, થઈ ગયું એનો રસ આવે છે એમ. એમ દશા અપેક્ષાએ પણ એક ભાવના (થાય છે). મુનિરાજને મુક્તિની દશા બહુ નજીક વર્તે છે તો એને એવી ભાવના આવે છે, એ ભાવનાની અંદર – સ્વરૂપ ભાવનાની અંદર એવા તરબોળ થઈ જાય છે, કેવળજ્ઞાન, કેવળદર્શન ! કેવળજ્ઞાન એને કાંઈ મોટી વાત નથી. મુનિરાજને કેવળજ્ઞાન કોઈ મોટી વાત નથી. લીધું કે લેશે એની તૈયારીમાં હોય છે. અને કેવળજ્ઞાનથી સભર છે. કેવળજ્ઞાનસ્વરૂપ છે એવા પોતાના જ સ્વરૂપને એટલા જોરથી અવલંબે છે, એ મય થઈ જાય છે, તન્મય થાય છે કે, દશામાં જાણે હમણાં કેવળજ્ઞાન પ્રગટ્યું, હમણાં પ્રગટી જ ગયું... જાણે પ્રગટી જ ગયું... અરે...! એવો જ છું, એવો જ છું. એની ભાવનામાં આવી જાય છે.

મુમુક્ષુ :- છતાં એની દૃષ્ટિ કેવળજ્ઞાન ઉપર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એની દૃષ્ટિ તો સ્વભાવ ઉપર જ છે, દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં સ્વભાવ વ્યાપક છે, એકલી સ્વભાવ ઉપરની દૃષ્ટિ છે અને ભાવનામાં

એનાથી જરાય જુદો નથી. પરિપૂર્ણ છું એ જાતની એક પૂર્ણતાની ભાવનામાં વિશેષપણે રસ આવી જાય છે. એ આ ૯૬ ગાથાનો વિષય છે.

પ્રશ્ન :– દ્રવ્ય સામાન્યે પરિપૂર્ણ રીતે અવલંબે છે ત્યારે પર્યાયમાં પણ પરિપૂર્ણ થાય છે ?

સમાધાન :– હા, પૂર્ણતા પ્રગટ થઈ જાય છે. પણ અહીંયાં તો પ્રત્યાખ્યાનનો અધિકાર ચાલે છે. એટલે ભવિષ્યના વિભાવો ઉત્પન્ન ન થાય એવું અવલંબન અત્યારે જોરથી લ્યે છે. એ જોરની વાત કરતાં કરતાં અહીંયાં 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે, આ તો 'કુંદકુંદાચાર્યદેવ'નું સૂત્ર છે ને ? કે, હું કેવળદર્શન, કેવળજ્ઞાન, કેવળવીર્ય અને કેવળસુખસ્વભાવી છું. વ્યવહારે પણ એવો છું અને નિશ્ચયે પણ એવો છું. એમ ભાવના લઈ લ્યે છે. ભાવનામાં અંતર કાપી નાખે છે. ટૂંકામાં લઈએ તો જે કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે એ અંતર કપાઈ જાય છે. એવી ભાવના ઉગ્ર થાય છે કે મુનિને જે નજીકમાં જ કેવળજ્ઞાન પ્રગટવાનું છે એ અંતર અત્યારે કપાઈ જાય છે અને લીન થતાં જાય છે. એવું અંતર ભાવનામાં કપાઈ જાય છે અને લીન થતાં જાય છે. એવો ઉગ્ર પુરુષાર્થ ચાલે છે ! એને અહીંયાં નિશ્ચય પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

'ગુરુદેવે' તો બહુ મસ્તીમાં આ પ્રવચન આપેલું છે કે, મુનિને વ્યવહારે પણ પૂર્ણ દશાની કેવી ભાવના હોય છે ! અને સમ્યક્દૃષ્ટિને પણ વ્યવહારે પૂર્ણ દશાની કેવી ભાવના હોય છે ! કેમકે એ એટલું દૂર નથી રાખતા કે, પછી થશે ને, આવું ભવિષ્યમાં થશે ને, એમ નથી રાખતા. અત્યારે જ છું... અત્યારે જ છું... અત્યારે જ છું... અત્યારે જ છું... એ ભાવનાનો વિષય છે. એટલો રસ અને એટલું પુરુષાર્થનું જોર બતાવવું છે. રસ અને પુરુષાર્થ બતાવવો છે. એમ ભાવના કરવી, આવી રીતે ભાવના કરવી.

**'નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે, જાણે-જુએ જે સર્વ, તે હું–એમ જ્ઞાની ચિંતવે.'** એ ૯૭મી ગાથા છે. ૧૩૨મો શ્લોક છે (એમાં) ગુરુભક્તિ કરી છે. **'ગુરુચરણોના સમર્ચનથી...'** (અર્થાત્) સમ્યક્ અર્ચનથી, સમ્યક્ પૂજનથી, સમ્યક્ ભક્તિથી **'ઉત્પન્ન થયેલા નિજ મહિમાને જાણતો...'** કેવી રીતે નિજ મહિમા ઉત્પન્ન થયો છે ? ગુરુચરણોના સમર્ચનથી ઉત્પન્ન થયેલો મહિમા છે – સ્વરૂપ મહિમા છે. એ સ્વરૂપ **'મહિમાને જાણતો કોણ વિદ્વાન 'આ પરદ્રવ્ય મારું છે' એમ કહે ?'** આ શરીર મારું છે, આ પરદ્રવ્ય મારું છે એમ કોણ કહે ? કોઈ ન કહે. **'को नाम वक्ति' 'वक्ति'** એટલે કહેવું, કોણ કહે ? **'को नाम वक्ति विद्वान् मम च परद्रव्यमेतदेव स्यात्। निजमहिमानं जानन् गुरुचरणसमर्च्चनासमुद्भूतम्। ।।१३२।।'** ગુરુચરણના સમર્ચનથી સમુત્દ્ભૂત થયેલો નિજ મહિમા છે. એને જામતો કયો વિદ્વાન

એમ કહે કે, પરદ્રવ્ય મારું છે ? કોઈ કહે નહિ એમ કહે છે. આ વચ્ચે વચ્ચે આવી વાતો નાખી છે. ૧૩૨મો શ્લોક છે. પ્રત્યાખ્યાન અધિકારની તો ઘણી ગાથાઓ છે. પછી કર્મબંધનથી રહિત હું છું (એમ ૯૮ ગાથામાં કહ્યું છે).

**'પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું; અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું.'** (૯૯). **'મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,...'** (પૂજ્ય બહેનશ્રીએ) ચર્ચામાં આ વખતે આ ગાથાનું અવતરણ લીધું હતું. **'મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,...'** લ્યો, એ નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકારની ગાથા છે. **'પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા.'** (૧૦૦).

**'જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે ! જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.'** (૧૦૧) એકત્વ – મુક્તિમાં અને સંસારમાં એકત્વ ભાવના છે. **'મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે; બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.'** એ પ્રત્યાખ્યાન અધિકારની (૧૦૨) ગાથા છે. **'સૌ ભૂતમાં સમતા મને, કો સાથે વેર મને નહીં; આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.'** (૧૦૪) **'અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે, શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે.'** (૧૦૫). શ્લોકો તો બહુ લીધાં છે. આ (શાસ્ત્રમાં) કળશ ખૂબ છે. **'જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે, તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે.'** (૧૦૬) આટલી ગાથાઓ છે. ઘણાં શ્લોક લીધાં છે. ગાથા આટલી છે, શ્લોક તો ઘણાં છે. એક એક ગાથા ઉપર કેટલા કેટલા શ્લોક આવે છે ! ૧૨૭ થી ૧૫૧ શ્લોક છે. ગાથા તો ૧૧ જેટલી છે, શ્લોક ઘણાં છે.

મુમુક્ષુ :– દ્રવ્ય તો નિવૃત્ત જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, દ્રવ્ય નિવૃત્ત છે. એ આમાં પહેલી વાત લીધી. મુનિને એનું એટલું દૃઢ અવલંબન છે કે, આખા જગતથી એ શૂન્ય થઈ જાય છે. જગતની સાથે જેને કાંઈ પ્રયોજન નથી. એટલે એ જગતમાં અને વસ્તીમાં રહેતાં નથી. એનું કારણ એ છે કે એમને કાંઈ પ્રયોજન નથી. ધર્મના લોભી જીવો એમની પાછળ પાછળ જાય, પણ મુનિરાજ કોઈ રાજા, મહારાજા, શ્રીમંત, શેઠિયાની પાછળ જાતા નથી. વ્યાખ્યાનમાં શેઠિયાઓ અને રાજા આવે તો એને કાંઈ સારું લગાડે એવું કાંઈ મુનિરાજને (હોય નહિ), જ્ઞાની સારું લગાડે નહિ, મુનિને તો ક્યાં પ્રશ્ન છે ?

અહીં સુધી રાખીએ.

**મહાન સંત મુનિશ્વરોએ, અંતરમાં વહેતા સ્વભાવ - અમૃતને પરમાગમોમાં વહેતાં મૂક્યા છે. શાંત પરિણામે પરિષહોને વેદતાં 'પરમ સત્' ને જીવંત રાખ્યું છે. પવિત્ર ધર્મ / માર્ગને આ કાળમાં ટકાવી રાખવા આકાશના સ્તંભ થઈને - ગજબ કામ કર્યું છે. અહો ! તેમનાં કથનમાં કેવળજ્ઞાનનાં / પૂર્ણતાનાં ભણકાર સંભળાય છે !! પદે પદે અત્યંત ગંભીર રહસ્ય ભરેલું છે ! આના સંસ્કાર પણ અપૂર્વ ચીજ છે; પુરુષાર્થ ઉપડે તે તો નજીક મુક્તિગામી છે. - અલ્પકાળમાં તેનો મોક્ષ થાય જ.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૩૦)

**જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ. સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે; વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે. માટે ઉતાવળથી સ્વરૂપમાં ગતિ કર. ૭૪.**

## તા. ૦૩-૦૪-૧૯૮૭, વચનામૃત–૭૪, ૭૫
## પ્રવચન નં. ૬૨

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૬, ૭૪ બોલ. **'જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.'** વચનમાં જે ધ્વનિ છે એમાં અત્યારે જ ચૈતન્યમાં લગાડ એમ કહેવું છે. ઉતાવળથી લગાડ, ત્વરાથી લગાડ. જો તારી ગતિ – પરિણામની ગતિ –પુરુષાર્થની ગતિ વિભાવમાં જાય છે તો એ બાજુ તને નુકસાન છે, આત્મિક નુકસાન છે, અશાંતિનું નુકસાન છે. જો તને તારી શાંતિ-અશાંતિ એ રૂપ જે લાભ-નુકસાન છે એ સમજાય તો ત્યાંથી પાછું વળી શકાશે અથવા એ પરિણામ બંધ થઈને જ્યાં શાંતસ્વરૂપ આત્મા છે, અનંત શાંતસ્વરૂપે બિરાજમાન છે ત્યાં તારા પરિણામ જશે અને અત્યારે જ એ કરવા જેવું છે, એ ત્વરાથી કરવા જેવું છે. ત્વરાથી કરવા જેવું છે એ એની રુચિને સૂચવે છે. અરુચિ પરિણામનું એવું લક્ષણ છે કે, ઠીક છે, થાય છે, હોતા હૈ, ચલતા હૈ – એ પ્રકારનાં જે પરિણામ છે એ આત્માની અરુચિને સૂચવે છે.

અહીંયાં જે ઉતાવળથી ચૈતન્યમાં (પરિણામ) લગાડવાની વાત છે એ એકદમ રુચિપૂર્વકની વાત છે. અનંત મહિમાવંત ચૈતન્ય સ્વરૂપ છે, સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે અને જગતમાં એનાથી કોઈ

ઉત્કૃષ્ટ નથી. વિભાવ તો મલિન ભાવ છે અને દુઃખરૂપ છે અને પોતાના ચૈતન્યસ્વરૂપથી તદ્દન વિરુદ્ધ જાતિના – વિપરીત જાતિના છે. એવા એને જાણીને ત્યાંથી પાછો વળી જા અને એકદમ ત્વરાથી તારા સ્વરૂપ પ્રત્યે આવ, સ્વરૂપમાં પરિણામ લગાડ, એ જ તને કર્તવ્ય છે, કરવાયોગ્ય હોય તો આટલું કરવાયોગ્ય છે.

**'સ્વભાવમાં આવવાથી સુખ અને ગુણોની વૃદ્ધિ થશે;...'** અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ (છે) એ સ્વભાવમાં અંતર્મુખ થવાથી આત્મામાં સુખની વૃદ્ધિ થશે. બીજાં અનંત ગુણો છે એ બધાં પણ નિર્મળપણે પરિણમવા લાગશે અને એનું નિર્મળ પરિણતિમાં વૃદ્ધિગતપણું થશે, એ વધવા લાગશે. સુખ વધશે, જ્ઞાનમાં સ્વરૂપનું સંવેદન કરવાનું – સ્વસંવેદનપણું વધશે, ચારિત્રની સ્થિરતા વધશે, પ્રભુત્વ, સ્વચ્છત્વ, પ્રત્યક્ષપણું એ બધું વધશે. અનંત ગુણોની વૃદ્ધિ થશે. સ્વભાવમાં આવવાથી તો અનંત ગુણોની વૃદ્ધિ થશે. એવું જ સ્વભાવ સંબંધીનું વિજ્ઞાન છે કે, સ્વભાવ પ્રત્યે આવવાથી સ્વભાવની શક્તિઓ વિશેષ વિશેષપણે શુદ્ધ થઈને પરિણમવા લાગે છે અને વિભાવની હાનિ થાય છે – એટલો વિભાવ નાશ પામે છે.

**'વિભાવમાં જવાથી દુઃખ અને ગુણોની હાનિ થશે.'** વિભાવમાં જવાથી દુઃખ વધશે અને ગુણોની હાનિ થશે એમ કહેવું છે. વિભાવથી જવાથી તારું દુઃખ વધશે, આકુળતા વધશે અને તારા ગુણોની હાનિ થશે. દુઃખની હાનિ થશે એમ નહિ. દુઃખ થશે અને ગુણોની હાનિ થશે. એટલું થશે એટલું જ લાગુ પડે છે. જેમ જેમ વિભાવરસમાં જીવ આગળ વધતો જાય છે તેમ તેમ ઊતરતા પરિણામ થતા જાય છે, નીચે નીચેના સ્તરના પરિણામ થતા જાય છે. પરિણામને ઢાળ જેવો વિષય છે. જે બાજુની ઢાળ પકડે એ બાજુના ઢાળમાં પરિણામ વધારે જોરથી ગતિ કરે છે. જેમ ઢાળમાં ગતિ વધી જાય છે એમ સ્વભાવ બાજુ આવે તો સ્વભાવમાં ગતિ કરે છે, વિભાવ બાજુ જાય તો વિભાવમાં ગતિ કરે છે. બન્ને ઢાળ પકડે છે એના જેવું છે.

'સમયસાર'ની ૧૪૪મી ગાથા પૂરી કર્યા પછી ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' દૃષ્ટાંત લીધું છે કે, જેમ પાણી ઢાળમાં સહેજે જ પ્રવાહિત થઈ જાય છે અને જેમ જેમ ઢાળ વધતો જાય એમ પાણી વધારે ગતિમાં આવે, જોર પકડે. આ જે ધોધ છે એ એનો પ્રગટ દૃષ્ટાંત છે. જેમાંથી Electricity ઉત્પન્ન કરવામાં આવે છે. એવું જ પરિણામના વિષયમાં છે. ત્યાં પાણીના દૃષ્ટાંતે સ્વભાવપરિણામનું દૃષ્ટાંત લીધું છે. એકવાર તેં જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કર્યો અને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પરિણામની વૃત્તિઓ સ્વસન્મુખ થઈ, મર્યાદામાં આવી ત્યાં એ પરિણામની અંદર અંતર્મુખ પરિણમનશીલતા એવું વલણ ઊભું થઈ ગયું. અંતર્મુખ પરિણમન એ જેનો સ્વભાવ છે, શીલ એટલે સ્વભાવ, સહજ અંતર્મુખ થવું, સહજ અંદરમાં જ વળવું એવું એક પરિણામમાં વલણ થઈ આવે છે. કેમકે – અંતઃતત્ત્વસ્વરૂપ એનો જે મહિમા છે એ ખસતો નથી અને

પરિણામનું સહજ જ અંતર્મુખ થવું બને છે. એને ઢાળ મળી ગયો. ત્યાં ઢાળનું દૃષ્ટાંત લીધું છે. જેમ પાણી ઢાળમાં દડે છે એમ સહેજે સહેજે પરિણામ છે એ અંતર્મુખ વળે છે, અનંત ગુણોની વૃત્તિ - પરિણતિ અંતર્મુખ થવા લાગે છે. ત્યાં એ બધાં ગુણોનું વૃદ્ધિગતપણું થાય છે અને જે જીવ વિભાવ બાજુ ગયો તો એ ઊતરતા ઊતરતા પરિણામ થાય છે.

શાસ્ત્રોનો એ પ્રસિદ્ધ સિદ્ધાંત છે કે, જીવ વધુમાં વધુ બે હજાર સાગર સુધી ત્રસ પર્યાયમાં રહી શકે, એથી વધારે ન રહી શકે. બે હજાર સાગરથી વધારે ત્રસપર્યાય કોઈની હોતી નથી અને જીવ નિગોદમાં જાય છે. અનંત કાળ પર્યંત ત્યાં સ્થાન પામે છે. જન્મ-મરણ ત્યાં જ કરે છે. એનો અર્થ શું થયો ? કે, વધુમાં વધુ બે હજાર સાગર અથવા એથી ઓછા કાળમાં જે જીવ વિભાવમાં ગયો એ નીચેના... નીચેના... નીચેના... સ્તરના પરિણામ પકડતો જાય છે. સહેજે એને નીચેના સ્તરના પરિણામ આવે છે અને એ એકદમ નીચે નિગોદ આદિમાં ચાલ્યો જાય છે.

મુમુક્ષુ :- ઉતાવળ કરવાની જરૂર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉતાવળ કરવાની જરૂર છે. એ જીવના સ્વભાવમાં વાત છે. જ્યાં જીવને લાભ દેખાય ત્યાં એ લાભ એને ઉતાવળથી લેવો છે. વેપારી તો સારી રીતે સમજે છે. કોઈ વેપાર, કોઈ Transactionમાં નફો હોય ત્યારે એ વાત એને જલ્દી પતાવવી એ જ એને માટે ઇષ્ટ ગણાય છે અને એવો જ એનો પ્રયત્ન અને વલણ રહે છે. આ જલ્દી કરી નાખો, વાત ખતમ ! એટલે જે એનો લાભ છે એ ઘરની અંદર આવી જાય. આ તો છે કે નહિ ? દુકાને ઘરાક ચડ્યો હોય અને ઈ એમ કહે કે, હવે કાલે આવીશ. આજે તમારો માલ, નમૂનો જોઈ લીધો, ઠીક છે, હવે કાલે આવીશ. તો તમને ગમે નહિ. કેમકે કાલે આવવામાં કદાચ બીજાની દુકાને બીજાનો માલ જોઈને લઈ લ્યે તો ? તમારો જ ઘરાક હોય તો શંકા પડે કે, કાલે કેમ કહે છે ? વેપારી તો એ વખતે એને વળગાડે છૂટકો (કરે). અડધી હા પાડે ત્યાં કાતર મૂકી દ્યે. શું કરે ? ખબર છે ? કાપડિયા હોય ને (ઈ) એનું અડધું વલણ જોવે, હચુંડચું હોય ત્યાં કાપ મૂકી દ્યે કે, લ્યો, આ આટલું તમને આપી દીધું. એટલે પછી એને ના પાડવી કઠણ પડે. કપાઈ ગયું એને તો કાંઈ ફરીને વેંચાય નહિ. ત્યાં શું કરવા ઉતાવળ રાખે છે ? ત્યાં એને લાભ છે. એ વેપાર કરવામાં એને લાભ છે માટે ઉતાવળ રાખે છે. આ જીવના સ્વભાવનું તત્ત્વ છે.

જો તને આત્મલાભસ્વરૂપ તારું સ્વતત્ત્વ છે, એ આત્મલાભસ્વરૂપ છે એમ જણાયું. એની વ્યાખ્યા શાસ્ત્રમાં - સત્‌શાસ્ત્રમાં એવી આપી છે. 'स्वरूप आत्मलाभ पारिणामिकः' પારિણામિકભાવ પોતે જ સ્વરૂપના આત્મલાભસ્વરૂપ છે, પોતાના જ સ્વયંના લાભસ્વરૂપ છે.

અને એમ જો એ સ્વરૂપ જાણવામાં આવે, એવી રીતે એ જ્ઞાનમાં ભાસ્યમાન થાય તો ઉતાવળથી – ત્વરાથી સ્વરૂપમાં પરિણામની ગતિ થવા લાગે છે, એ સહજ છે. પરિણામ ઊછળે છે. પોતાના સ્વરૂપને જોઈને અનંત ગુણોના પરિણામ ઊછળે છે.

શક્તિઓના વર્ણનમાં 'ગુરુદેવ'ના જે પ્રવચનો આવતા, બહુ જૂના પ્રવચનોની વાત છે (એમાં) એવી ઉપમા લેતા કે, તારો આત્મા અનંત ગુણોનો પર્વત છે અને તારા પરિણામના સમુદ્રને એ પર્વત પ્રત્યે ઉછાળ ! પરિણામને સમુદ્રની ઉપમા આપી. જેમ કોઈ દરિયાકાંઠે પર્વત હોય તો એમ કહેવાય કે, એ સમુદ્ર છે એ પર્વતના પગ ધોવે છે. શું કહે છે ? મોજા છે એ એની તળેટી સુધી જાય તો એમ કહેવાય કે, સમુદ્ર એ પર્વતના પગ ધોવે છે. જાત્રાનું સ્થાન હોય, પવિત્ર સ્થાન કહેવાતું (હોય) તો એમ કહે કે, એ સમુદ્ર છે એ એના – પર્વતના ચરણનું નિરંતર પ્રક્ષાલ કરે છે. (અહીંયાં) કહે છે કે, તારા ગુણના પર્વતનું નિરંતર પ્રક્ષાલ કર ! તારા પરિણામને એ ગુણના પર્વત ઉપર ઉછાળ ! એવો પરિણામમાં ઉછાળો આવે છે, વેગ આવે છે. એ વેગને બતાવવા માટે 'ગતિ' શબ્દ વાપર્યો છે. ઝડપ કર. સ્વરૂપમાં પરિણામ લઈ જવાની ઝડપ કર. કાલ કરીશ, પછી કરીશ એ વાત અહીંયાં નથી એમ કહે છે. પછી, પછીવાળાનું ક્યારેય પહેલાં થતું નથી. સદાય પછી રહે છે, ક્યારેય પહેલાં થતું નથી. એવી અહીંયાં શીઘ્ર આત્મકાર્ય કરવાની આ બોલની અંદર પ્રેરણા છે. પ્રેરણાનો બોલ છે અને કરવાયોગ્ય – વિભાવથી પરિણામને છોડીને શુદ્ધાત્મસ્વભાવમાં નિર્મળ પવિત્ર દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થમાં પરિણામ લાગે એ કર્તવ્ય છે. એ કરવાયોગ્ય છે. વિભાવ શબ્દમાં શુભાશુભ બન્ને ભાવ આવી જાય છે. શુભ અને અશુભ બન્ને વિભાવ છે અને આત્માના આશ્રયે થતાં દર્શન, જ્ઞાન, ચારિત્રનાં પરિણામ સ્વભાવિક પરિણામ છે. એ સ્વભાવ-પરિણામ છે, સ્વભાવના આશ્રયે સ્વભાવ સદશ્ય થયેલા, સ્વભાવના આકારે થયેલા, સ્વરૂપાકાર થયેલા એ પરિણામ છે. એનાથી જીવને સુખ-શાંતિનો લાભ છે અને વિભાવથી અશાંતિનું નુકસાન છે.

અનંતકાળથી જીવ શુભાશુભ પરિણામ કરે છે. પાછળ એક બોલ છે, ૩૬૩ કે એવો કોઈ બોલ છે, ૩૬૫ છે. પાનું–૧૨૯. **'કાળ અનાદિ છે, જીવ અનાદિ છે,...'** કાળનો પ્રવાહ અનાદિથી વર્તમાન સુધી પ્રવાહિત છે અને **'જીવ અનાદિ છે,...'** જીવે બે ચીજ પ્રાપ્ત કરી નથી. **'જીવે બે પ્રાપ્ત કર્યાં નથી.'** એક **'જિનરાજસ્વામી અને...'** બીજું **'સમ્યક્ત્વ.'** લ્યો, આમ સામે લીધું છે. આ બાજુ સર્વજ્ઞ લીધા અને આ બાજુ સમ્યક્ લીધું. અંતર-બાહ્ય – અંદરમાં પોતાનું સમ્યક્ત્વ લીધું, બહારમાં જિનવરસ્વામી લીધા. બે પ્રાપ્ત કર્યાં નથી – જિનવરસ્વામી અને સમ્યક્ત્વ. **'જિનરાજસ્વામી મળ્યા...'** ખરા. બહાર પુણ્યયોગથી સંયોગમાં **'જિનરાજસ્વામી મળ્યા પણ ઓળખ્યા નહિ. તેથી મળ્યા તે ન મળ્યા બરાબર છે.'** જિનેન્દ્રદેવનું પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય-

ગુણ-પર્યાયથી શુદ્ધાત્મસ્વરૂપ કેવું પ્રગટ થયું એ એણે ઓળખ્યું નહિ, એમની પવિત્ર દશાને ઓળખી નહિ. તેથી એ મળ્યા ન મળ્યા (બરાબર છે). લોકસંજ્ઞાએ અને ઓઘસંજ્ઞાએ એણે જિનવરને પૂજ્યા. જિનેન્દ્રદેવની પૂજા કરી છે; જૈનકુળમાં જન્મ્યો છે, જિનવરની પૂજા કરી છે પણ લોકસંજ્ઞાએ અને ઓઘસંજ્ઞાએ. ઓઘેઓઘે માન્યા છે અથવા લોકોમાં પોતાનું સ્થાન અને દેખાવ થાય એ ખાતર એણે માન્યા છે. એટલે એને મળ્યા તે ન મળ્યા બરાબર છે.

**'અનાદિ કાળથી જીવ અંદરમાં જતો નથી...'** આ સ્વભાવની જે ગતિ કરવાની વાત છે એ બોલ છે. અનાદિ કાળથી જીવ અંતર્મુખ થઈને સ્વભાવને અનુસરતો નથી, સ્વભાવમાં જતો નથી અને શુદ્ધતા અને પવિત્રતારૂપ નવિનતાને પ્રાપ્ત કરતો નથી. કોઈ નવી દશા નથી કરતો. શું કરે છે ? અશુભમાંથી શુભમાં આવે છે અને વળી શુભમાંથી અશુભમાં જાય છે. કદી કોઈ જીવના પરિણામ એવા ન રહી શકે કે, એ એકલા શુભ પરિણામ જ કર્યા કરે અને એને અશુભ પરિણામ થાય નહિ. એવું કદી ન બને. કેમકે શુભ અને અશુભ બન્નેમાં કષાય સામાન્ય છે અને કષાયનો એવો સ્વભાવ છે કે એ તીવ્ર અને મંદ થયા જ કરે. તાવ જેવો એનો સ્વભાવ છે. તાવ જ્યારે માપો ત્યારે દોરાવો આઘોપાછો પણ આવે, એકસરખો આવે નહિ. ઓછો-વત્તો, ઓછી-વત્તી ગરમી થયા જ કરે. એમ કષાયનું તીવ્ર-મંદપણું, તીવ્ર-મંદપણું ચારે ગતિમાં (થયા જ કરે છે). નિગોદમાં મન નથી, તોપણ ત્યાં કષાય તીવ્ર-મંદ થાય છે, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચારઇન્દ્રિય, પંચેન્દ્રિય કોઈપણ ગતિમાં કષાયનું તીવ્રપણું તે પાપ છે અને કષાયનું મંદપણું તે પુણ્ય અથવા શુભ ભાવ છે. એમ શુભ ને અશુભ, શુભ અને અશુભ થયા જ કરે છે.

**'એક ને એક વિષયનું – શુભાશુભ ભાવનું – પિષ્ટપેષણ કર્યા જ કરે છે, થાકતો નથી.'** ઘડીકમાં શુભ, ઘડીકમાં અશુભ, ઘડીકમાં શુભ, ઘડીકમાં અશુભ. શરીર, કુટુંબ અને બીજા અન્ય સંયોગોને આશ્રિત પરિણામ થાય એ બધાં અશુભ પરિણામ છે અને કષાયની મંદતામાં આવીને પુણ્ય રાગના પરિણામ થાય, પ્રશસ્ત રાગના પરિણામ થાય, દેવ-ગુરુ-શાસ્ત્રના પરિણામ થાય, મનુષ્ય, તિર્યંચ પ્રત્યે દયા, કરુણાના પરિણામ થાય એ બધા શુભ ભાવ છે. બસ, અશુભમાંથી શુભમાં અને વળી પાછો શુભમાંથી અશુભમાં જાય છે. ઘડીક શુભમાં પરિણમે છે, ઘડીક અશુભમાં પરિણમે છે. એવો અભિપ્રાય રાખે કે મારે અશુભ કરવું નથી તોપણ થયા વિના રહે નહિ. આ એના Control બહારની વાત છે. પરિણામમાં આ Control બહારની વાત છે કે, સંસારી જીવને શુભ અને અશુભ બન્ને પ્રકારનાં પરિણામ થયા વિના રહેતાં નથી. એ બન્ને પ્રકારનાં પરિણામમાં એને અનુસરીને જે શુભાશુભ બંધ પડે છે એના ફળમાં વળી પાછા શુભાશુભ પરિણામ થાય છે. આમ ને આમ શુભ અને અશુભનું ચક્કર અને સંસાર અનાદિથી ચાલે

છે.

હવે એમ કહે છે કે, અશુભ છે એ તો ચોખ્ખો અધર્મ છે. એક વિવાદાસ્પદ વિષય છે શુભ પરિણામ વિષેનો. અશુભને તો અન્યમતિઓ પણ ધર્મ કહેતાં નથી. કોઈ કહેતા હોય તો એની ચર્ચાનું અહીંયાં કંઈ સ્થાન નથી. કેમકે અશુભ છે એ તો ચોખ્ખેચોખ્ખું પાપ છે. હવે અહીંયાં કહે છે કે, **'જો શુભ ભાવથી મુક્તિ થતી હોત,...'** જે શુભ પરિણામને ધર્મ કહેવામાં આવે છે એનાથી જો જીવ મુક્ત થતો હોત, એના સંસારનો અભાવ થતો હોત, પરિભ્રમણ અને જન્મ-મરણનો નાશ થતો હોત **'તો તો ક્યારની થઈ ગઈ હોત !'** એની મુક્તિ. કેમકે ઉત્કૃષ્ટ શુભભાવરૂપ જે જિનદીક્ષાના પરિણામ એ દીક્ષા અનંતવાર અંગીકાર કરીને અનંતવાર સાધુ થયો છે. પોતે, બીજાની કથાની વાત નથી, પોતાની કથાની વાત છે. આ જીવે મંદમાં મંદ કષાયના પરિણામ કરીને, 'છ ઢાળા'માં તો આવે છે, સંપ્રદાયમાં એ તો રોજનો પાઠનો વિષય છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' નવમી ગ્રૈવેયક જવાના પરિણામ એક-બે વાર નથી કર્યા, લાખ-કરોડ વાર નથી કર્યા, અનંતવાર કર્યાં છે. જો એનાથી મુક્તિ થતી હોત **'તો તો ક્યારની થઈ ગઈ હોત !'** આ બહુ માર્મિક વાત છે કે, તું એટલો વિચાર કર ને કે, એનાથી મુક્તિ થતી હોત તો કે 'દીની થઈ ગઈ હોત.

હવે પૂર્વે અનંત વાર કરી ચૂકેલા એવા શુભ ભાવનો તું વિશ્વાસ છોડી દે, એનાથી મને લાભ થશે એવો તું વિશ્વાસ છોડી દે. એ લાભનું કારણ નથી. એવો વિશ્વાસ છોડીને **'જીવ અપૂર્વ નવીન ભાવને કરે...'** અહીંયાં વચ્ચે જિનવરસ્વામીને નાખ્યા છે. **'જિનવરસ્વામીએ ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિને કરે, તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.'** બસ, જ્યાં એ નવીન પરિણામને કરે છે – શુદ્ધ ભાવને કરે છે ત્યારે એને જિનવરસ્વામી મળ્યા એ વાત લાગુ પડે છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર મળ્યા એવી વાત લાગુ પડે છે અને નહિતર મળ્યા એ લાગુ પડતું નથી. અનંતવાર મળ્યા છે, નહિ મળવા બરાબર. એ તો શુદ્ધતાના નિમિત્ત છે, ધર્મના નિમિત્ત છે. એટલે ધર્માયતન કહ્યાં છે ને ? ધર્મના નિમિત્ત ગણીને આરોપ કર્યો છે કે, એ ધર્મના આયતન છે. તો ધર્મ પ્રગટ કરે તો નિમિત્તપણું કે ન પ્રગટ કરે તો નિમિત્તપણું ? પ્રગટ કરે તો નિમિત્તપણું છે, ન પ્રગટ કરે તો એનું નિમિત્તપણું લાગુ પડતું નથી. **'તો તે અવશ્ય શાશ્વત સુખને પામે.'** આત્માના સુખને પામે. આ બોલની અંદર એ વાત છે કે, અનંત વાર શુભાશુભ ભાવો થયા કરે છે અને થાય જ છે. નિગોદમાંથી નીકળીને સીધો સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય થાય, એવો નિગોદમાં પણ શુભ ભાવ થાય, પણ જો મનુષ્ય થયા પછી પોતાના પરિણામને પોતાના મૂળ સ્વરૂપને વિષે ન લગાડે, એનો આશ્રય ન કરે તો એ મનુષ્યપણું અનંત વાર એવી રીતે મળી ચૂક્યું છે, નિરર્થક ગયું છે. એનું સાર્થકપણું થયું નથી.

પ્રશ્ન :- નિગોદમાં શુભ ભાવ કેવી રીતે થાય ?

સમાધાન :- સમજણપૂર્વક નથી થતા. જીવને સમજણપૂર્વક પરિણામ થાય છે એના કરતાં વગર સમજણે ઘણાં પરિણામ થાય છે. જો પોતાના પરિણામનું અવલોકન કરે, બરાબર તપાસ રાખે તો એને ખબર પડશે કે, બુદ્ધિપૂર્વક કરતાં અબુદ્ધિપૂર્વકના પરિણામનો હિસાબ વધારે લાગે છે, સરવાળો વધારે લાગે છે. આ નિયમ છે. અને ત્યાં તો મન છે જ નહિ એટલે સમજવાનો પ્રશ્ન નથી. ચાર ઇન્દ્રિયથી માંડીને અથવા અસંજ્ઞી પંચેન્દ્રિયથી માંડીને મન નથી એટલે મનના નિમિત્તે જે સમજણ થાય એવું તો છે જ નહિ. તોપણ એને શુભાશુભ ભાવ થાય છે. જો એમ ન થાય તો ત્યાંથી કોઈ નીકળી શકે જ નહિ. નિગોદમાં તો પૂર્વકર્મનો ઉદય નિગોદને લાયક કર્મનો ઉદય છે અને બીજી કંઈ સમજણ નથી એટલે જેવો કર્મનો ઉદય છે એવું જ એનું કર્મના ઉદયના આશ્રયે પરિણામ છે.

પ્રશ્ન :- અકામ નિર્જરા છે ?

સમાધાન :- હા, અકામ નિર્જરા છે, છે અકામ નિર્જરા. શુભ ભાવ થાય છે, નિર્જરા કરતાં પણ ત્યાં શુભનો બંધ પડે છે. અકામ નિર્જરા તો બધાય અનંત જીવોને ચાલુ જ છે. એ તો વિપાક આવ્યો (એટલે) નિર્જરી જાય છે, પણ નવો બંધ જે પડે છે એ પોતાના નવા શુભાશુભ ભાવને અનુસરીને પડે છે. તો નિગોદમાં તો અનંતકાળ પર્યંત લગભગ નિગોદને લાયક જ નવા પરિણામ થાય, નિગોદનું આયુષ્ય બંધાય, એનો ઉદય આવે, વળી એનું આયુષ્ય બંધાય, એનો ઉદય આવે, પતી ગયું. ત્યાંથી બહાર નીકળવાનું લગભગ અનંતકાળ સુધી બનતું નથી. તોપણ નિયમથી ૬૦૮ જીવ, છ મહિના ને આઠ સમયમાં નિત્ય નિગોદમાંથી જીવો બહાર નીકળે છે અને ત્રસ પર્યાયને પ્રાપ્ત કરે છે. એટલે અહીંયાં બાકીની જે ત્રસપર્યાયની સંખ્યા છે એ એટલી ને એટલી વધઘટ વગરની રહે છે. અનંત જીવોમાં ૬૦૮ શું કહેવાય, કાંઈ ન કહેવાય.

પ્રશ્ન :- નિગોદમાં વધઘટ થતી નથી ?

સમાધાન :- ઈ અનંતા જ રહે છે. વધઘટ થાય તોપણ એનું પરિમાણ છે એ અનંતનું જ રહે છે. સમુદ્રમાંથી એક પાણીનું બિંદુ છૂટું પડે તો સમુદ્ર ઘટ્યો કે ન ઘટ્યો ? સમુદ્રમાંથી એક ચમચી પાણી લઈ લીધું (તો) સમુદ્રમાંથી પાણી ઓછું થયું કે ન થયું ? એમાં કાંઈ દેખાય એવું નથી. એમ ત્યાં નિગોદના જીવનો સમુદ્ર છે. આ વિશ્વની અંદર નિગોદના જીવનો દરિયો છે. એટલા જીવો છે એની અંદર ! પાર વિનાના જીવો છે. એમાંથી બહુ અલ્પ સંખ્યામાં જીવો નીકળે છે અને બહુ અલ્પ જીવો મોક્ષમાર્ગમાં ચડે છે. એમ જાણીને એમાં પોતાનો નંબર લગાડવાની વાત છે. સંખ્યાની જે આ પ્રકારની અનાદિનિધન સ્થિતિ છે એની સમજણ અથવા એનું જ્ઞાન

કરવાની પાછળ પોતાનો નંબર એમાં લગાડવાની વાત છે કે, ભલે અલ્પ સંખ્યા હોય આપણે છૂટી જાવું છે અને આપણે નીકળી જાવું છે. જગત જગતનું જાણે, આપણે છૂટી જાવું છે. મોક્ષ પામનારને જગતથી જુદું પડી જાવું છે, જગતથી છૂટું પડી જાવું છે. જગતને સાથે લઈને કોઈ મોક્ષ પામી શકતું નથી. 'લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી.'

મુમુક્ષુ :– શ્વેતાંબરમાં એવું આવે છે કે આ દિવસે આટલા કરોડ મુનિ મોક્ષે ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– એ (બધાં) ક્રમથી (મોક્ષે) જાય છે, એકસાથે બધાં જાય છે એવું નથી બનતું. કેવળજ્ઞાન પામે, કેવળજ્ઞાન એકસાથે અનેક જીવો પામે પણ નિર્વાણને પ્રાપ્ત થાય, એ ક્રમશઃ છ મહિના ને આઠ (સમયમાં) ૬૦૮ની સંખ્યાનું ઉલ્લંઘન (નથી થતું). દ્રવ્યમોક્ષ (અને) ભાવમોક્ષ બન્ને રીતે એનો વિચાર કરવો પડે. કારણ કે કેવળજ્ઞાનની મર્યાદામાં તો જે વસ્તુનું સ્વરૂપ છે એનું ઉલ્લંઘન થવાનો પ્રશ્ન રહેતો નથી. આ દિવસે આટલા કરોડ (મોક્ષે) ગયા એવું ન બને. પછી તો એવું છે કે જ્યાં શાસ્ત્રો અથવા પુસ્તકો પાછળથી લખાણાં હોય (એમાં) જેને જેમ કલ્પના આવી એમ લખી નાખે. પણ કેવળજ્ઞાનની બહાર વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુના સ્વરૂપથી કેવળજ્ઞાનમાં બીજું જણાતું નથી. કોઈ કોઈને આધીન નથી. કેવળજ્ઞાનને બીજા પદાર્થો આધીન નથી અને બીજા પદાર્થોને આધીન કેવળજ્ઞાન નથી. પણ જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું જાણીને પ્રસિદ્ધ થયેલું છે.

એક લાખ યોજનની ત્રસનાડી છે. બસ, એની અંદર રહેલાં બધાં મનુષ્યો આવી જાય છે. ઉપર એક લાખ યોજનની સિદ્ધશિલા છે. બસ, સીધેસીધી સમશ્રેણીએ નિર્વાણપ્રાપ્ત જીવ ગતિ કરે છે, કોઈ આડાઅવળા જાતા નથી. જ્યાં ચરમશરીરી છેલ્લે દેહ છોડે (ત્યાં જ સમશ્રેણીએ સિદ્ધશિલામાં બિરાજમાન થાય છે).

એ ૭૪ (બોલ પૂરો) થયો.

**જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી. જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા તેને બહાર આવવું મુશ્કેલ પડે છે, બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે. સ્વરૂપમાં જ આસક્ત થયો એને બહારની આસક્તિ તૂટી ગઈ છે. ૭૫.**

૭૫મા બોલમાં ધર્માત્માની – જ્ઞાનીની દશા કેવી હોય છે એનું વર્ણન કર્યું છે. આ શાસ્ત્રમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત મોક્ષમાર્ગી – જ્ઞાનીની દશાના અનેક પડખાંઓને સ્પષ્ટ કર્યાં છે. એટલા માટે કે જ્ઞાનીની અંતરંગ દશા એ જ્ઞાનીનું મૂળ સ્વરૂપ છે. એને ઓળખે તો એને જ્ઞાની પ્રત્યે બહુમાન આવે અને તો એને એના વચનમાં દર્શાવેલો જે પોતાનો શુદ્ધ આત્મા એની ઓળખાણ થવાનો અવસર છે. નહિતર ઓળખાણ થવાનો અવસર નથી.

કેવા છે જ્ઞાની ? કે, **'જેણે ચૈતન્યધામને ઓળખી લીધું...'** પોતાનું અનંત મહિમાવંત ચૈતન્યધામ છે, જ્યાં અનંત બેહદ આનંદનું સરોવર ભરેલું છે. આત્મા આનંદ-અમૃતનું સરોવર છે. એની હયાતી છે, એની હયાતીને બરાબર ઓળખીને એ **'સ્વરૂપમાં એવા સૂઈ ગયા...'** સૂઈ ગયા એટલે આ શરીર લંબાવીને સૂવે છે એ વાત નથી. એમાં એવા જામી ગયા, એમ કહે છે. કે, એને **'બહાર આવવું ગમતું જ નથી.'** બહાર આવવું એ એમને ગમતું નથી, એમને પોસાતું નથી, પોતાની અશક્તિથી આવી જવાય છે, પણ બહાર આવવાની એમને જરા પણ હોંશ નથી. બાહ્ય પરિણામ કરવા વિષે એમની ઉદાસીનતા છે અથવા એ એમના અણગમાનો વિષય છે, એમના ગમવાનો એ વિષય નથી. બહારના ઉલ્લાસિત પરિણામો જોઈને તર્ક ઊઠે એવો વિષય છે.

'સોગાનીજી'એ ત્રીજા ભાગમાં એ ચર્ચા કરી છે કે, સૌધર્મ ઇન્દ્ર ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ એકભવતારી છે અને એનું એટલું મોટું સાગરોપમનું આયુષ્ય છે કે, અસંખ્ય તીર્થંકરોના જન્મોત્સવ મનાવવાનું સૌભાગ્ય, એને બહારમાં વ્યવહારે સૌભાગ્ય કહે છે, એને પ્રાપ્ત હોય છે. જ્યારે તીર્થંકરનો જન્મ થાય છે (ત્યારે) બહુ ભક્તિ કરે છે. તીર્થંકર તો ચતુર્થ ગુણસ્થાને છે, અવિરત ગુણસ્થાને છે તોપણ એમની – બાળતીર્થંકરની પૂજા કરે છે, ભક્તિ કરે છે, અભિષેક કરે છે. એ જીવનો ઉપકાર થયો છે અને ભક્તિ કરે છે એમ નથી. ઘણાં એવો એક ન્યાય લગાડે છે કે, અમને 'ગુરુદેવ'નો ઉપકાર હતો એટલે 'ગુરુદેવ' પ્રત્યે અમને ઘણો ભાવ આવે છે. બીજા જ્ઞાનીનો અમને ઉપકાર નથી થયો એટલે એમના પ્રત્યે અમને એટલું બહુમાન નથી આવતું. 'ગુરુદેવ' પ્રત્યે બહુમાન ઘણું આવે છે પણ બીજા જ્ઞાની પ્રત્યે એટલું બહુમાન નથી આવતું. કેમકે 'ગુરુદેવ'નો ઉપકાર થયો (છે), બીજાનો ઉપકાર નથી થયો. એ ન્યાય નથી. હવે, એમાં શું છે કે, અહીંયાં એક દૃષ્ટાંત લેવા જેવો છે કે, બાળતીર્થંકર છે એ તો હજી ઉપદેશક ક્યારે થશે ? તીર્થંકરપ્રકૃતિનો તેરમા ગુણસ્થાને ઉદય થશે ત્યારે. તો સૌધર્મ ઇન્દ્ર તો એ પહેલાં – અસંખ્ય અબજ વર્ષ પહેલાં સમ્યક્દૃષ્ટિ થયા છે. એટલે અસંખ્ય બાલતીર્થંકરમાંથી કોઈ એક બાલતીર્થંકરના ઉપદેશનો ઉપકાર એને નથી થયો. (છતાં) કેવી ભક્તિ કરે છે ! બાળકની જેમ નાચે. એવી ભક્તિ કરે છે ! કરોડમાં તીર્થંકર હોય તો એની એવી જ ભક્તિ કરે છે. એને એમ ન થાય કે, આ તો ઘણાંય થઈ ગયા. નવાણુ લાખ, નવાણુ હજાર, નવસો ને નવાણુ તો આપણે ભક્તિમાં થઈ ગયા. આ એક વધારે છે, ઠીક છે હવે અથવા આ છેલ્લા છે કે પહેલાં છે (એમ ન હોય). એટલી જ ભક્તિ એને આવે છે. બહુ કુદરતી એ જાતનો એનો શુભ ભાવ ઉદયમાં છે. લોકો પણ એમ જોવે કે, ઘણી ભક્તિ છે ! ઓ..હો..હો..હો...! ઇન્દ્રની કાંઈ ભક્તિ છે ! એમ લાગે. 'સોગાનીજી' કહે છે કે, એને અંદરમાં જે સુખનો પ્રવાહ છે એની પાસે એ દુઃખભાવ છે. એ પોતે જાણે છે, બાહ્યદૃષ્ટિમાં બીજા એ નથી સમજી શકતા કે, આને સુખ કહેવાય કે આને દુઃખ કહેવાય. એ બીજા નથી સમજી શકતા. એ ભાવ પણ દુઃખભાવ છે એમ લીધું. કેમકે એ બહારમાં આવવું પડે છે. એટલું પણ એને બહારમાં આવવું પડે છે. આવી જાય છે, આવ્યા વિના રહે નહિ. યથાસ્થાનમાં યથાયોગ્ય વ્યવહાર ન હોય તો નિશ્ચય હોય જ નહિ, એમ છે. પછી એ મુનિ હોય તો મુનિદશાના વ્યવહારમાં ભૂલ્યો તો એનો એ નિશ્ચય ગયો, પંચમ ગુણસ્થાનમાં ભૂલ્યો તો એનો ગુણસ્થાનનો નિશ્ચય ગયો, ચોથામાં ભૂલ્યો તો એનો ગયો અને મુમુક્ષુતામાં ભૂલ્યો તો એનો ગયો. મુમુક્ષુથી માંડીને મુનિ પર્યંત યથાયોગ્ય સ્થાનમાં યથાયોગ્ય વ્યવહાર અવશ્ય હોય છે, એ જાણવાનો વિષય છે.

શું કહે છે ? **'એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી.'** આ એને અભિપ્રાય છે કે, જો એક સમયમાં એટલે વર્તમાન સમયમાં પરિપૂર્ણ શુદ્ધ થઈને અંતર્મુખ રહેવાતું હોય તો મારે બહાર આવવું નથી. કોઈ જ્ઞાની કે કોઈ મુનિ બીજાને સંભળાવવા માટે રોકાઈ જાય એવું બનતું નથી. પોતાને અંદરમાં જો એકાગ્ર થવાતું હોય તો બીજાને કહેવા માટે અને સમજાવવા માટે એ રોકાઈ જાય એવું બનતું નથી. કેમકે એ તો સમજે છે કે, બીજાને સમજાવવા માટે જે વિકલ્પ બહાર નીકળ્યો એમાં મને નુકસાન છે, મારા આત્માને એમાં નુકસાન છે. સ્વરૂપમાં લીન રહેવાય તો જ મારા આત્માને લાભ છે. આ લાભ-નુકસાનનો ચોખ્ખો હિસાબ છે. એ એના લક્ષ બહાર, સમજણ બહાર હોતો નથી.

**'જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા...'** એવા સૂઈ ગયા કે **'બહાર આવવું ગમતું જ નથી.'** એને અંદરની જે જમાવટ છે એ છોડીને એને બહાર આવવાનો બિલકુલ અભિપ્રાય નથી. દૃષ્ટાંત આપે છે **'જેમ પોતાના મહેલમાં સુખેથી રહેતા હોય એવા ચક્રવર્તી રાજાને બહાર આવવું ગમતું જ નથી...'** બધી સાધન-સગવડ, તમામ પ્રકારની અનુકૂળતાઓ છે, એને બહાર આવવાની શું જરૂર ? એને બહાર આવવું ગમતું નથી. **'તેમ ચૈતન્યના મહેલમાં જે બિરાજી ગયા...'** છે, અનંત પ્રકારનાં દૈવી ગુણો છે, એના ચૈતન્ય મહેલમાં અનંત પ્રકારનાં દૈવી ગુણો છે. જેમ મહેલની અંદર અનેક પ્રકારની બહારની સગવડ અને સુવિધા છે એમ અહીંયાં જ્ઞાન અને આનંદ જેવા અનંત પ્રકારનાં દૈવી ગુણો છે ત્યાંથી એને બહાર આવવું ગમતું નથી. અંદરમાં નવીનતાઓ – દિવ્ય નવીનતાઓ અનેક પ્રકારની છે. **પૂજ્ય 'બહેનશ્રી'એ આ ગ્રંથમાં તો ખૂબ ખૂબ એ વાત લીધી છે.** અંદરમાં એટલી બધી નવીનતાઓ છે, એ ચૈતન્ય એક એવો ક્રીડા કરવાનો બાગ છે કે, બસ ! જાણે અંદરને અંદર જ્ઞાની ક્રીડા કર્યા જ કરે, અંદર ને અંદર રહ્યાં જ કરે. એને ક્યાંય બહાર આવવું ગમતું નથી. બહાર આવે એ એને અગ્નિ જેવું લાગે છે અને અંદરમાં એટલી શીતળતા છે. સ્વભાવની શીતળતા એવી અનંત છે કે ત્યાંથી જરાક પણ બહાર આવવું એ એને અગ્નિમાં આવવા બરાબર છે. માછલીનો દૃષ્ટાંત આપે છે. (માછલી) પાણીનો જીવ છે (એ) કાંઠે ઠંડી ભીની રેતીમાં પડે તોપણ તરફડાટ નાખીને અંદર ચાલ્યું જાય. એને બહાર એક સેકંડ પણ જરાય સુહાય છે (એવું નથી). ઠંડી રેતી છે માટે ગરમ રેતી કરતાં તો સારી છે ને ! એમ ત્યાં પડ્યું રહેતું નથી. સીધું અંદર ચાલ્યું જાય છે. એવી અંદરમાં શાંતિ અને શીતળતાનો પિંડ આત્મા છે, એથી બહાર નીકળે છે (તો) એને એ માછલી જેવી દશા છે. માછલી જેવી દશા છે ! અતિશયોક્તિ નથી પણ બિલકુલ વાસ્તવિક પરિસ્થિતિ એવી જ છે.

મુમુક્ષુ :– જ્ઞાની આવા હોય.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાની એવા હોય છે. એ જ્ઞાનીનું મૂળ સ્વરૂપ છે. એને ઓળખે તો એવી દશા એણે કઈ રીતે પ્રાપ્ત કરી એના પુરુષાર્થના પરાક્રમને એ સમજી શકે. એની શાંતિ અને પવિત્રતાને સમજી શકે તો એના પ્રત્યે એનું મસ્તક, એનું હૃદય નમ્યા વિના રહે નહિ. ઓળખે તો નમ્યા વિના રહે નહિ. આ એનો નિયમ છે.

એને બહાર આવવું ગમતું જ નથી. 'સોગાનીજી' ભઠ્ઠી શબ્દનો પ્રયોગ કરે છે. ભઠ્ઠી લાગે. વિકલ્પમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગે. પાછળના બોલમાં તો ઉપરાઉપરી એવા બોલ આવે છે. ૪૧૭ (બોલ). **'વિકલ્પ, દુઃખરૂપ લગના – યહ ભી નાસ્તિ હૈ.'** વિકલ્પ દુઃખરૂપ (છે) એ કેટલી જગ્યાએ વાત લે છે. વિકલ્પ તો દુઃખરૂપે લાગવો જોઈએ, ભઠ્ઠી જેવો લાગવો જોઈએ. કાલે થોડા બોલ જોયા હતા. (બીજો) તીર્થંકરના જન્મકલ્યાણકનો બોલ છે. **'ઇન્દ્ર નૃત્ય કર બાહરમેં લૌકિક અપેક્ષા સે ખુશી મનાતા હૈ લેકિન અંદર મેં જો સહજ સુખ ચલ રહા હૈ, ઉસમેં ઉસ હર્ષભાવ ભી દુઃખરૂપ સહજપને માલૂમ પડતા હૈ.'** એ ભાવ પણ દુઃખરૂપ લાગે છે.

એક ૨૯૭ (બોલ છે). બીજું તો ઠીક પણ **'દેવ-શાસ્ત્ર-ગુરુ કી તરફ કે લક્ષ્ય ઔર વલણ મેં ભી ભઠ્ઠી-સા દુઃખ લગના ચાહિયે.** (જ્ઞાની કા) **બાહર મેં ઉત્સાહ દિખતા હૈ, લેકિન અંદર મેં ભઠ્ઠી-સા દુઃખ લગતા હૈ.'** આ એમની જ્ઞાનદશાનો પુરાવો છે, એ પુરાવો છે. ૩૩૭ છે – **'વિકલ્પ મેં તીવ્ર દુઃખ લગે ઔર વિકલ્પ મેં તણીજતા (ખીંચાતા) નહિ, ઉસે મચક કહતે હૈં;...'** જ્ઞાનીને અશક્તિથી રાગ થાય છે એ એની મચક છે. પણ ક્યારે ? એને મચક ક્યારે કહેવાય ? કે, વિકલ્પમાં તીવ્ર દુઃખ લાગે તો એને મચક કહેવાય. નહિતર તો એ આખેઆખો અંદર પડ્યો. ૩૪૬ – **'એક ભી વિકલ્પ જો ઉઠતા હૈ...'** ચાહે સ્વરૂપ ચિંતન કા ભી વિકલ્પ હો, **'(ઉસમેં) ઐસા લગના ચાહિયે કિ માનોં અપન છુરોં કે બીચ મેં પડે હૈં.'** ચારેકોરથી કોઈ છરા ઘુસાડે છે. **'વિકલ્પ મેં દુઃખ હી દુઃખ લગે તબ હી સુખ કી ઓર ઢલના હોતા હૈ.'** ૩૪૬માં એ છે, ૩૪૭માં (પણ) એ છે. છુરાની વચ્ચે પડ્યા છે, આ સમજવાનો વિષય છે. 'સમજાય છે ?' 'ગુરુદેવ' પૂછતા ને ? તો ઈ એમ કહેતા કે, આમાં કાંઈ તમને સમજાય છે શું કહેવું છે ઈ ? લોકો એમ સમજે છે કે, બહુ સારા વિચારો આવે છે, આત્માના વિચારો આવે છે, શાંતિના વિચારો આવે છે. બસ ! તું સંતોષાઈ ગયો, તારી દશામાં તું સંતોષાઈ ગયો. એ જે સંતોષાઈ ગયો એ દર્શનમોહની તીવ્રતાને સૂચવે છે. શુભ ભાવમાં તારો ચારિત્રમોહ મંદ હશે, પણ એ કાળે તારી દર્શનમોહની તીવ્રતા થઈ એના ઉપર તારું લક્ષ નથી, તારું ધ્યાન નથી એમ કહે છે.

**'શક્તિ મેં સુખ ભરા પડા હૈ. વિકલ્પ મેં દુઃખ હી દુઃખ લગે તો સુખ પ્રકટે બિના ન**

**રહે.**' અનેક જગ્યાએ એમણે એ વાત લીધી છે. આમાં પણ આવશે, 'બહેનશ્રીનાં વચનામૃત'માં પણ એ વાત આવે છે, વિકલ્પમાં દુઃખની વાત આવે છે.

મુમુક્ષુ :– એક વિકલ્પમાં દુઃખ અને એક વિકલ્પમાં સુખ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ (બોલ) શરૂઆતમાં આવી ગયો. એ બોલ આપણે ચાલી ગયો. એક વિકલ્પમાં તને દુઃખ લાગે અને એક વિકલ્પમાં તને સુખ લાગે તો એ વાત બરાબર નથી. ૪૮ (મો બોલ છે). **'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.'** થોડોક સારો લાગે એ વાત અહીંયાં નથી. છે ? **'વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ. વિકલ્પમાં જરા પણ શાન્તિ ને સુખ નથી એમ જીવને અંદરથી લાગવું જોઈએ.'** લાગવું જોઈએ એ વાત છે. **'એક વિકલ્પમાં દુઃખ લાગે...'** તીવ્ર કષાયના વિકલ્પમાં દુઃખ લાગે **'ને બીજા મંદ વિકલ્પમાં શાન્તિ મનાઈ જાય છે, પણ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહિ.'** જો એને વિકલ્પની જાત ઓળખાણી હોય તો એ એક ને એક જાતના વિકલ્પમાં એનું રૂપ બદલાય ત્યારે છેતરાય નહિ. એક વિકલ્પમાં જ્યાં તીવ્ર કષાય થાય છે ત્યાં એને ઠીક નથી પડતું અને જ્યાં મંદ વિકલ્પમાં આવે છે ત્યાં એને શાંતિ મનાય છે. એનો અર્થ કે એણે એની જાત ઓળખી નથી. જાત ઓળખી નથી એટલે એમાં એ શાંતિ માનીને રોકાય છે કે, આ મને ઠીક, આ ભાવ મને સારો થયો, મને આ વિકલ્પ સારો થયો. કહે છે કે, એ બહાર નહિ નીકળી શકે, એ વિકલ્પમાંથી છૂટી શકશે નહિ.

૧૯ – **'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.'** રાગ છે એ કાળો નાગ છે. **'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે,...'** ચારિત્રમોહનીની થોડી આસક્તિઓ રહી ગઈ છે તો જ્ઞાની બહારમાં ઊભા છે, રાગ એમને થાય છે, **'પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.'** આ એની દૃષ્ટિ છે. **'જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે.'** આ જ્ઞાનદશાની વાત લીધી છે. જ્ઞાનદશાના તો (વચનામૃતમાં) ઘણાં બોલ છે. ૩૭ – **'હું અબદ્ધ છું', 'જ્ઞાયક છું' એ વિકલ્પો પણ દુઃખરૂપ લાગે છે, શાન્તિ મળતી નથી, વિકલ્પમાત્રમાં દુઃખ-દુઃખ ભાસે છે,...'** બે વખત દુઃખ લીધું છે એટલે ઘણું દુઃખ ભાસે છે. ત્યારે એનો પુરુષાર્થ ઊપડે, **'ત્યારે અપૂર્વ પુરુષાર્થ ઉપાડતાં, વસ્તુસ્વભાવમાં લીન થતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો...'** 'જ્ઞાયક છું' ને 'અબદ્ધ છું', એવા બધા વિકલ્પો છૂટી જાય છે અને અંદરમાં નિર્વિકલ્પ આનંદનું વેદન એને થાય છે. આ પલટો મારે છે, યથાર્થ ભૂમિકામાંથી જ્ઞાનદશામાં આવે છે એનું વર્ણન કર્યું છે. સંક્રમણ કરી ગયા – આત્માર્થીની ભૂમિકાનું ઉલ્લંઘન કરીને, અતિક્રાંત થઈને નિર્વિલ્પદશામાં (પહોંચી ગયા). એ દુઃખ લાગે છે ત્યારે (થાય છે). કેમકે જ્ઞાન અકષાયસ્વરૂપ છે અને વિકલ્પ સકષાયસ્વરૂપ છે. બન્નેની જાત ઓળખીને ભેદજ્ઞાન થવું જોઈએ.

બેની જાત ઓળખીને અંદરમાં ભેદજ્ઞાન થાય, ભાવની જાત ઓળખીને ભાવ ભાસે કે, આ બે વિરુદ્ધ જાતિના ભાવ છે તો એનું વલણ ફરે. અનાદિનું જે રાગમાં હુંપણાનું (વલણ) છે એ વલણ બદલી જાય. એ વાત એમણે લીધી છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' ઉપદેશ આપીને સમજાવ્યા અને 'બહેનશ્રી'એ ચોપડીમાં લખીને સમજાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– એમણે તો લખ્યું નથી પણ એ જ્યારે બોલેલા ત્યારે લખી લીધેલું. જ્યારે બોલેલા ત્યારે લખી લીધેલું. એમને કંઈ પુસ્તક લખવાનો પ્રકાર નથી પણ ઘણી વાતો બહાર આવી.

શું કહે છે ? ચક્રવર્તીનો દૃષ્ટાંત આપ્યો છે. પણ અહીંયાં શાંતિના મહેલમાં જે જ્ઞાની બિરાજે છે **'તેને બહાર આવવું મુશ્કેલ પડે છે,...'** એને બહાર આવવું ગમતું નથી, મુશ્કેલીથી બહાર આવવું પડે છે. **'બહાર આવવું તેને બોજો લાગે છે;...'** આ ઉપાધિ છે. જે પરિણામ આત્માને છોડીને બીજા પદાર્થના અવલંબને પ્રગટ્યો, ભલે ત્યાં જ્ઞાનીને ચારિત્રમોહ છે, એટલો એ દોષ છે, તો ત્યાં ઉપાધિ ઊભી થાય છે. એ ઉપાધિ એને બોજારૂપ લાગે છે. નિરૂપાધિક જે આત્મસ્વભાવ એના ઉપર એ બોજો આવે છે, ઘણો બોજો લાગે છે એમ કહે છે. **'બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે.'** કોઈ એમ કહે કે, તમારી આંખની પાપણથી રેતીનો ઢગલો ઉપાડી ઉપાડી આ બાજુ ખડકી દ્યો. અહીંયાં રેતી પડી છે એ બધી અહીંયાં ખડકી દ્યો. આંખને એ જેવું આકરું કામ છે એમ જ્ઞાતા-દૃષ્ટા એવું જે જ્ઞાનનેત્ર છે એ જ્ઞાનનેત્રને રાગના અને પરપદાર્થોના કાર્યો કરવાની ઉપાધિ – એ રેતી ઉપાડવા જેવો બોજો છે. એ તો જ્ઞાતા-દૃષ્ટાપણે છે. સાક્ષીભાવે રહેનારને કર્તાપણું કોઈ રીતે પોસાતું નથી. એ કર્તૃત્વભાવમાં આવતા નથી અને અલ્પ રાગમાં આવે છે એ પણ એને બહુ મોટો બોજો લાગે છે, ઘણો બોજો લાગે છે. એ છોડવા માગે છે.

સાધકદશા અને સિદ્ધદશા અથવા પરમાત્મ(દશા) – પૂર્ણદશા એ વચ્ચે માત્ર અસંખ્ય સમય હોય છે. એનું કારણ આ છે કે, ધર્મના માર્ગમાં આવેલા ધર્માત્માઓ પ્રતિસમય આ દશામાં રહેલાં છે. એને વિભાવ થાય છે ખરો, જેટલો ચારિત્રમોહ છે એટલો વિભાવ થાય છે પણ એનાથી એનો ઘણો અણગમો છે અને ત્યાંથી એ હટવા માગે છે અને નિરંતરપણે, અવિરતપણે એ ભેદજ્ઞાનના પુરુષાર્થની અંદર વગર પ્રમાદે, પ્રમાદ કર્યા વિના લાગેલા જ રહે છે. એટલે અસંખ્ય સમયમાં એ મોક્ષ પામી જાય છે એનું કારણ એ છે. કોઈ સાધકને અનંત સંસાર હોઈ શકે નહિ.

**'બહાર આવવું તેને બોજો લાગે છે; આંખ પાસે રેતી ઉપડાવવા જેવું આકરું લાગે છે.'**

બહુ આકરું પડે છે. બીજા કાર્યો કરવાનું કામ આકરું લાગે છે. **'સ્વરૂપમાં જે આસક્ત થયો...'** આ કહે છે ને કે, જ્ઞાની આમ કરે છે ને તેમ કરે છે. પણ ભાઈ ! એને અંદરમાં કેટલું આકરું લાગે છે એ એ જાણે છે. તને એની બાહ્યદૃષ્ટિથી સમજ પડશે નહિ. આ ઓળખવા માટે વાત છે. મુમુક્ષુને આ બધી વાતો જ્ઞાનીને ઓળખવા માટે લીધી છે. **'સ્વરૂપમાં જે આસક્ત થયો...'** પોતાના અદ્ભુતથી અદ્ભુત આશ્ચર્યકારી સ્વરૂપમાં જે આસક્ત થયો **'એને બહારની આસક્તિ તૂટી ગઈ છે.'** દર્શનમોહપૂર્વકની આસક્તિ એને હોતી નથી. ચારિત્રમોહથી અલ્પ રાગ થાય છે, તોપણ એને ખરેખર એ આસક્તિ તૂટી ગઈ છે, એવી સ્થિતિમાં રહેલી આસક્તિ છે. ચારિત્રમોહની આસક્તિ છે. કેમકે એ ખરેખર તો પોતાના અનંતગુણ સમૃદ્ધ એવા સ્વરૂપમાં જ આસક્ત થયેલો છે. એની એને એટલી આસક્તિ લાગી છે કે, ઓ..હો...! આવું મારું સ્વરૂપ ! બસ ! એ જે એને એનો અદ્ભુત મહિમા છે, ઘર કરી ગયેલો મહિમા છે, એ છોડીને એને અન્ય પદાર્થને વિષે એટલી આસક્તિ થતી નથી.

એવી જ્ઞાનીની મૂળ અંતરંગ દશા છે. એની ઓળખાણ થાય તો ઓળખાણવાળા જીવને 'શ્રીમદ્જી' ત્યાં સુધી કહે છે કે, જે જ્ઞાનીને ઓળખે તે અવશ્ય, જે દશા જ્ઞાની પામ્યા છે એવી જ્ઞાનદશાને પામ્યા વિના રહેતો નથી. આ એણે Guarantee આપી છે. ૧૯૪મો (પત્ર) છે અને પોતે પોતાના જાતિસ્મરણજ્ઞાનથી એમ લીધું છે કે, ભૂતકાળમાં અમને પણ આમ જ બન્યું છે અને તેથી અમે એમ કહીએ છીએ કે, સર્વ શાસ્ત્રો આ વાત પોકારી પોકારીને કહે છે, સર્વ શાસ્ત્રોમાં આ વાત છે. એમ કરીને એ વાત એમણે ૨૪મા વર્ષમાં, ૧૯૪મા (પત્રમાં) લીધી છે.

અહીં સુધી રાખીએ.

છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી. એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું ચિતરામણ થયું છે. જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી, તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે. હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે. આત્માનો મૂળ સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે. ૭૬.

## તા. ૦૪-૦૪-૧૯૮૭, વચનામૃત–૭૬
## પ્રવચન નં. ૬૩

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું–૨૬, ૭૬મો બોલ. દરેક પદાર્થને પોતાના ગુણધર્મો છે. એને લોકભાષામાં 'કુદરત' કહેવામાં આવે છે. કુદરતને ન સમજ્યા એ લોકોએ ઈશ્વરકર્તાપણું સ્વીકાર્યું કે, પદાર્થોના જે કાર્યો થાય છે એમાં કોઈ ઈશ્વરીય શક્તિ કામ કરે છે. એવી વ્યક્તિ કામ કરે છે જેને લોકો ઈશ્વર કહે છે.

જૈનદર્શનમાં તો વસ્તુનું સ્વરૂપ એવું છે કે જે અનંત ગુણધર્મને ધારણ કરે છે. એક પદાર્થમાં કેટલાક તો પરસ્પર વિરુદ્ધ ગુણધર્મો પણ છે. જેમકે નિત્ય અને અનિત્ય. વસ્તુને નિત્યપણું પણ છે, વસ્તુને અનિત્યપણું પણ છે અને એક જ પદાર્થમાં એવા બે વિરુદ્ધ ધર્મોનું હોવું અવિરુદ્ધપણે

છે એ વાત બુદ્ધિગમ્ય રીતે ઘણાંને બેસે એવી નથી. તેથી પણ એમાં વિચારભેદ રહ્યો છે. એ વિષય તો ઘણો વિસ્તારવાળો છે.

અહીંયાં એના કેટલાંક પડખાં લીધાં છે અને એની સાથે અધ્યાત્મનો વિષય મેળવ્યો છે. દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મને સીધો સંબંધ છે અથવા અતિ નિકટ સંબંધ છે. **'છબી પાડવામાં આવે છે ત્યાં જે પ્રમાણે મુખ પરના ભાવ હોય તે પ્રમાણે કાગળમાં કુદરતી ચિતરાઈ જાય છે, કોઈ દોરવા જતું નથી.'** ફોટો પાડે છે, છબી એટલે ફોટો પાડે છે, તો જેનો ફોટો પાડે છે એની જેવી મુખાકૃતિ છે એ વ્યક્તિ કેમેરામાં આવતી નથી, કેમેરો એ વ્યક્તિ સુધી જતો નથી. છતાં આબેહૂબ જેવી મુખાકૃતિ છે એવું જ અંદરમાં રહેલાં કાગળ ઉપર અથવા ફિલ્મ ઉપર ચિતરાઈ જાય છે.

હવે, એ ગુણધર્મનો સવાલ છે. દૃશ્ય પદાર્થમાં એવો ગુણધર્મ છે કે, જે પદાર્થ દેખાય તેવો જ ફોટો પડે. પછી મુખાકૃતિ હોય, ઝાડ, પાન, વનસ્પતિ, ફૂલ જે કાંઈ હોય, પર્વત હોય, નદી હોય જે કાંઈ હોય એ બધું એમાં જેવું હોય એવું આવી જાય છે. એ કાગળના ફોટામાં જે ચિતરામણ થાય છે એ પણ એવો ગુણધર્મ લઈને છે કે, બિલકુલ જેવું હોય એવું આમાં આવે. અચેતન છે, જડ છે, એને ખબર નથી કે સામે આવી મુખાકૃતિ છે એવું જ અહીંયાં સફેદ અને કાળા પરમાણુ કે રંગીન પરમાણુનું પરિણમન થાય એ પરમાણુને કાંઈ ખબર નથી. પણ એ જેવું એકદમ કુદરતી છે, એવું જ દરેક પદાર્થનું પરિણમન કુદરતી છે.

અહીંયાં તો લેવા છે જીવના ભાવ અને એને નવા દ્રવ્યકર્મનું બંધન થાય છે એ વિષય લેવો છે. જેવા પરિણામ કરે, કોઈપણ જીવ જેવા પરિણામ કરે એવું જ એને કર્મબંધન થાય. એ કુદરતી વસ્તુ-વ્યવસ્થા છે, એ વસ્તુનું સ્વરૂપ છે. એમાં કોઈના માટે વધારે-ઓછું કાંઈ થાય કે કોઈ પક્ષપાત થાય કે કોઈને કાંઈ ઓછો લાભ મળે કે વધારે નુકસાન થાય એવું કાંઈ બનતું નથી. આ ફોટાનો તો દૃષ્ટાંત છે.

જે પ્રમાણે મુખ પરના ભાવ હોય – કોઈ હસતા હસતા ફોટો પડાવે તો એવા ભાવ આવે. તે જ વ્યક્તિનો કોઈ રડતા હોય અને ફોટો પાડે તો એનો એવો ભાવ આવે, કોઈ ગુસ્સામાં હોય અને ફોટો પાડે તો એવો ભાવ આવે. જેવો મુખાકૃતિ ઉપર ભાવ હોય – કોઈ શાંત અને ગંભીર રહે તો એવો ફોટો આવે. સામે જેવી મુખાકૃતિ હોય એવું જ અહીંયાં બરાબર ચિતરામણ થાય. એક સેકંડમાં ફોટો પડી જાય. કાંઈ ચમત્કારિક વિષય નથી. સર્વસાધારણ થયેલો પ્રસંગ છે કે જે દરેકને અનુભવગોચર છે. કુદરતી એ પ્રમાણે વસ્તુના ગુણધર્મ અનુસાર વિજ્ઞાનનો વિષય છે. એ ફિલ્મ ઉપરના પરમાણુઓ, જે કાગળ ઉપર Print કાઢે છે એ ઉપરના પરમાણુઓ, એનો જે Chemicalનો Process છે એ ગુણધર્મ અનુસાર છે. એમાં કોઈ ઈશ્વર

આવીને કેમેરામાં ફોટો પાડી દે છે એવું તો કાંઈ માનવા જેવું નથી.

**'કોઈ દોરવા જતું નથી.'** કોઈ વ્યક્તિનું એ કાર્ય નથી. જે મુખાકૃતિનો ફોટો આવે છે એમાં કોઈ ચિતરામણ કરનાર વ્યક્તિ કોઈ કાર્ય કરે છે એવું તો પ્રત્યક્ષ જોવામાં આવતું નથી. **'એવી રીતે...'** (એટલે) એ દૃષ્ટાંતે **'કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે...'** અહીંયાં પૂર્વકર્મ લીધાં છે કે, તને કોઈ કર્મનો ઉદય આવે, જેને અનુકૂળતા ગણવામાં આવે છે, પ્રતિકૂળતા ગણવામાં આવે છે, લૌકિક દૃષ્ટિએ જે કાંઈ ગણવામાં આવે. અલૌકિક દૃષ્ટિએ તો કોઈપણ પદાર્થને વિષે ઇષ્ટ અને અનિષ્ટપણાનો અભિપ્રાય જ એક ભ્રાંતિ છે અને એ ભ્રાંતિ સિવાય કાંઈ નથી. જગતમાં જ્ઞાનસ્વરૂપી આત્માને ન તો કોઈ પદાર્થ અનુકૂળ છે કે ન તો કોઈ પદાર્થ પ્રતિકૂળ છે. જ્ઞાનસ્વરૂપી આત્માને તો તમામ પદાર્થો માત્ર જ્ઞેયના સ્થાનમાં છે. આત્મા માત્ર જ્ઞાન એવા સ્થાને છે, જ્ઞાન માત્ર સ્વસ્થાનમાં છે. જ્ઞેયો જ્ઞેય માત્ર, પદાર્થો જ્ઞેય માત્ર એવા પોતાના સ્વસ્થાનમાં છે. આ જિનેન્દ્રદેવના શાસ્ત્ર અનુસારનું વિજ્ઞાન છે.

જગતના સંસારી જીવો, મોહી પ્રાણીઓ જગતમાં બે વિભાગ પાડે છે અને મોહવશ કેટલાક પદાર્થને અનુકૂળ ગણે છે, કેટલાક પદાર્થને પ્રતિકૂળ ગણે છે. એને ભ્રાંતિ એટલા માટે કહેવામાં આવે છે; કોઈ એમ કહે કે એ તો વાસ્તવિકતા છે, અમુક પદાર્થ સારા જ છે, સુગંધ સારી જ છે અને દુર્ગંધ ખરાબ જ છે, જગતમાં સારું-ખરાબ છે, એમાં વાસ્તવિકતા છે, ખોટું નથી. સુગંધ સુગંધ છે એ વાસ્તવિકતા છે પણ સારી છે એ વાસ્તવિકતા નથી. દુર્ગંધ દુર્ગંધ છે એ વાસ્તવિકતા છે પણ ખરાબ છે એ વાસ્તવિકતા નથી. એ જીવનો મોહ છે. એટલું લેવું છે.

એક માણસ તેની તે ક્રિયાને એમ કહે કે, મારી પાસે સાધન હોવા છતાં મારે ચાલવું એ મારા સ્વાસ્થ્ય માટે સારું છે. તેનો તે માણસ પાછો કલ્પના એમ કરે કે, જ્યારે મોટર અટકી પડે ત્યારે ચાલવું પડે છે એ મારા માટે પ્રતિકૂળ છે. તો ચાલવું અનુકૂળ છે કે ચાલવું પ્રતિકૂળ છે ? ચાલવાની ક્રિયા શું છે ? ન તો અનુકૂળ છે અને ન તો પ્રતિકૂળ છે. પણ એક વખત તેનો તે માણસ એમાં અનુકૂળતાની કલ્પના કરે છે, એ જ ચાલવાની ક્રિયામાં એક વખત એ પ્રતિકૂળતાની કલ્પના કરે છે. ખાવું એ મારા માટે અનુકૂળ છે. કેટલું ખાવું અનુકૂળ છે ? જો ખાવું અનુકૂળ હોય તો જેટલું વધારે ખાવું એટલી વધારે અનુકૂળતા હોવી જોઈએ, થવી જોઈએ.

મુમુક્ષુ :- દીકરો જન્મે ત્યારે પેંડા વેંચે અને અવળો ચાલે ત્યારે છાપામાં આપે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કરતાં તો એક બહુ ખરાબ પ્રસંગ જોયેલો. 'રાણપુર'માં એક બહુ સજ્જન બ્રાહ્મણ હતા. 'કાશી'એ વેદ ભણી આવેલા, યજુર્વેદ ભણી આવેલા. નાના ગામમાં

કોઈ બ્રાહ્મણ હોય અને 'કાશી'થી વેદ ભણીને આવે એની બહુ સારા વિદ્વાનમાં ગણતરી થાય. મોટી ઉંમરે એક છોકરો (આવ્યો). સંતાનમાં એક જ છોકરો, (બીજા) દીકરા, દીકરી કાંઈ નહિ. સ્વભાવિક રીતે સંપન્ન માણસ હોય, લાડથી સારી રીતે ઉછેર કર્યો હોય, યુવાન ઉંમરનો થયો અને અનેક પ્રકારની વિપરીત લાઈને ચડી ગયો. ત્યાં સુધી કે પછી પોતે તો કાંઈ ધંધો કરીને કમાણી કરે નહિ, બાપની કમાણી વેડફે. અભિપ્રાય, વિચારભેદ થાય તો બાપાને (મારે) ! બાપા વૃદ્ધ – પિતાશ્રી વૃદ્ધ અને છોકરો જુવાન. માર કોણ ખાય ? શરીરબળમાં તો જુવાન હોય એ તો કાંઈ માર ખાય નહિ. રીતસર મારે ! બાપ મરી ગયો તો માને મારે. મા પૈસા ન આપે તો માને મારે, ડોસીને મારે ! પૈસા લાવ, બીજું કાંઈ હું ન સમજું, પૈસા લાવ ! હવે, ઈ છોકરો જન્મ્યો હશે ત્યારે એને કેટલો હરખ થયો હશે ? કાંઈ સંતાન થતું ન હોય એમાં પાછો એકનો એક દીકરો જન્મે, દેખાવમાં તો રૂડો, રૂપાળો દાણીયા જેવો છોકરો. બ્રાહ્મણ કુટુંબ હતું, અમારા પાડોશમાં હતા. પણ દયા આવે. એના મા-બાપને મારે અને એ ધમાલ. પાડોશમાં હોય એટલે નજીકમાં નજીકમાં સંભળાય. ગામડામાં તો દસ ફૂટના અંતરે શેરી હોય, રસ્તો હોય. એનો એ દીકરો મને પ્રતિકૂળ છે અને એનો એ મને અનુકૂળ છે. એક વખત હરખનો પાર નથી અને બીજી વખત એને એમ થાય કે, આ જન્મીને મરી ગયો હોત તો સારું હતું, માર ખાવો પડત નહિ. ઠીક !

પ્રશ્ન :– આ બધું ૠણાનુબંધ છે ને ?

સમાધાન :– ૠણાનુબંધ નહિ, પોતાનું પૂર્વકર્મ છે એ અનુસાર ઉદય પ્રસંગ છે. અહીંયાં એ જ વાત લેશે કે, એવી રીતે જે કોઈ પ્રસંગો ઉદયમાન થાય તે સર્વ પ્રસંગ '**કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે...**' જ્યારે એ પ્રસંગ ઉપસ્થિત થાય '**ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે.**' આ જોવાની દૃષ્ટિ શું છે (તેની વાત કરે છે). લોકમાં એમ જોવાય છે કે, પ્રતિકૂળતા આપે છે એનો દોષ છે. હું તો નિર્દોષ છું પણ મને એ પ્રતિકૂળતા આપે છે ને એ દોષિત છે. જ્ઞાની કહે છે, એમ નથી. તારા પૂર્વકર્મનો દોષ છે કે જેના નિમિત્તે અહીંયાં વર્તમાનમાં આ પ્રસંગ ઉપસ્થિત થયેલો છે. આમ છે.

પ્રશ્ન :– એકનો કે બન્નેનો ?

સમાધાન :– પેલો તો નવા બાંધે છે, પણ આને જૂના કર્મનો ઉદય છે. જે ભોગવે છે એને જૂના કર્મનો ઉદય છે. ખરેખર એમ વાત છે. પછી એ વખતે પોતે જે રાગ-દ્વેષ કરે છે ત્યારે એ નવા બાંધે છે. 'આ મને પ્રતિકૂળ છે' એમ કરીને એના ઉપર જે ક્રોધ થાય એ વખતે એ નવા બાંધે છે. આ અશાતા – રોગ આવે છે, લ્યો ને ! રોગ આવે છે તો રોગ થવાને લાયક પરિણામ આ જીવે પોતે કર્યા છે, દોષ પોતાનો છે. હવે એને હું જલ્દી

મટાડું, એમ કરીને જે કાંઈ એને તીવ્ર પરિણામ થાય છે ત્યારે એવો જ રોગ થવાના નવા અશાતા વેદનીના કર્મ બંધાય છે. એટલે ફરીને એવા રોગના સંયોગમાં આવવાના પરિણામ એ કરે છે. આમ છે.

**'એવી રીતે કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે.'** પણ એમાં ઘણી વિચિત્રતા છે. કોઈ વખત પુણ્ય કર્મના ઉદયે કોઈ શુભ કાર્યો ઉદયમાં આવે અને જીવનો અભિપ્રાય વિરુદ્ધ હોય તો એ શુભ કાર્યોની વિરુદ્ધ એનો વિચાર ચાલ્યા કરે કે, આ કામ ન થવું જોઈએ, આ કામ થવું જોઈએ, આ કામ ન થવું જોઈએ, આ કામ થવું જોઈએ. ઉદય પૂર્વના પુણ્યનો, બાંધે ઊલટા પરિણામ. એટલે અનેક પ્રકાના જીવને જે પરિણામ થાય છે એ વર્તમાન યોગ્યતા અનુસાર થાય છે. પરિણામ પૂર્વ કર્મના ઉદય અનુસાર નથી થતા. પરિણામ તો વર્તમાન યોગ્યતા અનુસાર થાય છે અને વર્તમાન યોગ્યતા કેળવવી એના માટે જીવ સ્વતંત્ર છે. આમાં એક પદ આવે છે, 'આનંદઘનજી'નું કે કોઈનું પદ છે. 'બંધ સમય જીવ ચેતીએ, ઉદય સમય શા રે ઉચાટ.' આમાં એક બોલમાં ઉદ્ધરણ કરેલું છે કે, જ્યારે તું પરિણામ કરે છે ત્યારે નવો બંધ થાય છે તો અહીંયાં સાવધાન થવાની જરૂર છે કે, આ પરિણામ યોગ્ય કરું છું કે આ પરિણામ અયોગ્ય કરું છું. કેવા કર્મ મારે ભોગવવા પડશે એનો ઉચાટ કરમાં, એની ચિંતા કરમાં. કોઈપણ પ્રકારનાં કર્મ ઉદયમાં આવે ત્યારે તું જ્ઞાતાભાવે રહે અને એને માત્ર જ્ઞાનનું જ્ઞેય બનાવે તો એ પૂર્વ કર્મનો ઉદય તને નવીન બંધનું કારણ નહિ થાય. એટલે પૂર્વકર્મના ઉદયની કોઈ ચિંતા કરવાની જરૂર નથી. ફક્ત પોતાના વર્તમાન પરિણામને સંભાળવાની જરૂર છે.

મુમુક્ષુ :- સળગતા સંસારમાં એક જ બારી બચવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ બારી છે, એક જ સ્વઆશ્રયરૂપ સ્થાન છે. ધ્રુવ ખીલો છે કે, જો પોતાના ધ્રુવ સ્વરૂપના આશ્રયે આવીને બેસી જાય તો બચી જાય. (એક મુમુક્ષુ) દૃષ્ટાંત આપતા કે, આ ઘંટીનો ખીલો છે ઈ એમ ને એમ રહે છે અને પડ ફર્યા કરે છે. જે કાંઈ અનાજના દાણા ઓરવામાં આવે છે એ ખીલાની પાસે જે દાણો રહી ગયો એ બચે છે. બાકીના બધા પીસાઈ જાય છે. ધ્રુવ ખીલો ! એમ. નહિ ફરતો એવો ધ્રુવ ખીલો ! એ ધ્રુવ ખીલાની પાસે તું બેસી જા. ધ્રુવના આશ્રયે આવ, બચી જઈશ.

આમ તો ન્યાયની વાત એ છે કે, જે પૂર્વે કર્મ બાંધ્યા એ દેણું કર્યું છે અને ઉદય આવે છે એ એ વખતે દેણું ચૂકવવાનો સમય છે. ગામમાંથી કોઈના જમે લઈ આવો, પાંચ હજાર, દસ હજાર, વીસ હજારની થાપણ (લઈ આવો) પછી (એ) લેવા ત્યારે એના ઉપર ગુસ્સો કરવાનો કે કેમ તું લેવા આવ્યો ? તું શું કરવા લેવા આવ્યો ? ભાઈ ! એ તો મૂકી ગયો

છે, એ લેવા આવે તો ન્યાયસરની વાત છે. એના પૈસા લેવા આવ્યો છે, તું એનો ધણી ક્યાં થાય છે ? તો એ વખતે એને આકરું લાગે છે. દેતી વખતે એને આકરું લાગે છે એ અનીતિ છે. એ નીતિ નથી પણ એ અનીતિ છે. એમ કર્મનો ઉદય આવ્યો તો એ આગળનું ખાતું સરખું કરવા આવ્યો છે. તારું કરજ બંધ થાય છે, તારે આમાં શું તકલીફ છે ? નવું કરજ ન કર (તો) જૂનું કરજ તારે બંધ થાય છે, માથેથી ભાર ઊતરે છે. બોજો ઓછો થાય છે. એમાં કાંઈ દુઃખી થવા જેવું નથી. એક ન્યાય વિચારે તોપણ સમાધાન થાય એવું છે.

મુમુક્ષુ :- કર્મ રજા લેવા આવ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હવે મારે રજા લેવી છે. તમારો બહુ સંગ કર્યો, તમે બહુ સજ્જન માણસ છો, મને દુઃખી કરતા નથી, મને અત્યાર સુધી સાથે રાખ્યો. હવે હું રજા લઉં છું. તો આ રડવા મંડે છે કે, અરે..રે...! તમે આટલા વખત સાથે રહ્યાં હવે મને દુઃખ થાય છે. આ ફરીને નવા બાંધે છે, ઠીક !

સમાધાન કેમ કરવું એ એની સમજણ ઉપર આધારિત છે. આ જીવે કોઈપણ પ્રકારના કર્મના ઉદયના કાળમાં કેમ સમાધાન કરવું એ જીવની પોતાની વર્તમાન સમજણ ઉપર આધાર છે. જો સમજણ ખોટી હોય, વિપરીત હોય તો એ એવા કર્મ બાંધે કે, કોઈ વખત છૂટતા હોય એનાથી પણ વધારે તીવ્ર બાંધે. જો સમજણ એની બરાબર હોય તો એ કર્મથી છૂટે છે. એટલે જ્ઞાન છે એ કર્મનો નવો બંધ નહિ થવામાં બહુ મોટું સાધન છે, જ્ઞાન છે એ બહુ મોટું સાધન છે. કર્મનો ઉદય આવે ત્યારે ઉદયને પ્રતિકૂળ સમજીને હડસેલવાનો પ્રયત્ન કરે છે.

એક દૃષ્ટાંત એવું આવે છે કે, કોઈ માણસે એક કૂતરાને લાકડાનો કટકો, ડંડીકો પડ્યો હોય એ છૂટો માર્યો. કૂતરાને એમ થયું કે, આ ડંડીકો મને વાગ્યો એનું મને દુઃખ થાય છે, દરદ થાય છે. એટલે મને દુઃખ આપનાર આ ડંડીકો છે. સાચી વાત છે ? એ ડંડીકાને બટકું ભરવા મંડે છે. તેં મને વગાડ્યું, તેં મને વગાડ્યું. તને ખાઈ જાઉં. ભાઈ ! ડંડીકો મારનાર કો'ક બીજો છે. એમ તને દુઃખ આપનાર કર્મનો ઉદય નથી, એ દુઃખ આપનાર તો તારા જ પૂર્વના પરિણામ છે. બીજું કોઈ તને દુઃખ આપતું નથી. અધ્યાત્મનો તો એ સિદ્ધાંત છે કે, દુઃખ છે એ જ્ઞાને કરીને થતું નથી, દુઃખ અજ્ઞાને કરીને થાય છે. કોઈપણ પ્રસંગ હોય જ્ઞાને કરીને દુઃખ નથી. જો દુઃખ થાય છે તો આ જીવે એ વખતે એમ વિચારવું યોગ્ય છે કે, મને અજ્ઞાન કેમ પ્રવર્તે છે કે જેને લઈને મને દુઃખ છે ? બસ ! આટલું વિચારવા જેવું છે. એની વિચારણામાં જાય કે, આ મેં શું ભૂલ કરી ? કયા પ્રકારની ભ્રાંતિ અને અજ્ઞાન સેવાય છે કે જેથી મને આ દુઃખ લાગે છે ? બસ ! આટલું વિચારવું. બાકી બે પદાર્થની ભિન્નતાનું જે જ્ઞાન છે એ તો તમામ પ્રકારના સમાધાનમાં Master key જેવું છે કે કોઈ જગ્યાએ અસમાધાન

થાય એવું ન બને. કોઈ એવી Challenge દેવામાં આવે કે, લાવો એવો કોઈ પ્રશ્ન કે બે પદાર્થની ભિન્નતાને વિચારતાં સમાધાન ન થાય. એવો એક પ્રશ્ન ખડો કરો, એક પ્રશ્ન ઊભો કરી દ્યો. ક્યાંય પણ અસમાધાન થાય એવું નહિ બને. જે કોઈ દુઃખના પ્રસંગો છે એ દુઃખના પ્રસંગોમાં ભિન્નપણાને ભૂલીને બે પદાર્થનું એકપણું માનીને જ દુઃખી થવામાં આવે છે. આ વસ્તુનું સ્વરૂપ છે અને આ વસ્તુનું વિજ્ઞાન છે. જો બે પદાર્થ ભિન્ન છે; તું ચેતન પદાર્થ છો, બાકીના શરીરથી માંડીને બધાં જડ પરમાણુથી રચાયેલા પદાર્થ છે, એની રચના છે. તારી જાત અને એની જાત જુદી છે. તો પછી એ બે વચ્ચેની ભિન્નતા સ્પષ્ટ સ્થૂળ જ્ઞાનમાં, સ્થૂળ વિચારમાં સમજી શકાય એવી છે. તને એમાં અભિન્નપણું કરીને શા માટે દુઃખી થવાનું કારણ બને છે ? આ અજ્ઞાનને તું વિચારી લે. આ જ અજ્ઞાન છે.

'શ્રીમદ્જી'એ એક પત્રમાં બહુ સરસ લીધું છે. ત્યાં એને સંસારનું જ કારણ લીધું છે, એ જ સંસારનું કારણ છે. બે પદાર્થની અભિન્નતારૂપ જે અજ્ઞાન છે એ જ સંસારનું કારણ છે. **'શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે;...'** એ આ વાત કરી છે. ભગવાનની સાક્ષીએ વાત કરે છે કે, ભગવાને દિવ્યધ્વનિમાં આ વાત કરી છે. આ જીવ અજ્ઞાનદશારૂપ યોગે **'પોતાનાં નહીં એવા બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ...'** નરક, તિર્યંચ આદિ માઠી **'ગતિનો હેતુ તે જ છે,...'** એ જ કારણ છે. તે જ નવા જન્મનું કારણ છે, તે જ મરણનું કારણ છે, તે જ નવો દેહ ધારણ કરવાનું કારણ છે અને એ જ બીજા પદાર્થને વિષે પુત્ર, પિતા, શત્રુ, મિત્ર આદિ **'ભાવ કલ્પનાના હેતુ છે,...'** આ મારો પુત્ર છે – આ (માન્યતા) તને સંસારનું કારણ છે. આ મારો પિતા છે – એ તને સંસારનું કારણ છે. આ મારો શત્રુ છે – એ સંસારનું કારણ છે અને આ મિત્ર છે – એ સંસારનું કારણ છે. કેમકે એણે બધું અનુકૂળ-પ્રતિકૂળ કલ્પ્યું. એ જ ભાવ કલ્પનાના હેતુ છે. એ કલ્પનાની **'નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે;...'** અને એ કલ્પનાની **'નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે.'** એ વાત ભાગ્યે જ એમના કોઈ પત્રમાં ખાલી હશે કે, જ્યાં એ સત્પુરુષને મુખ્ય કરતાં નથી, સત્સંગને મુખ્ય કરતાં નથી. ૫૩૭ નંબરનો પત્ર છે.

**'વધારે શું કહીએ ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે...'** આટલી ટૂંકી વાત જો એને બરાબર પરિણામ પામે, એ વાત સ્થાન પામે કે, હું ચૈતન્ય જીવ નામનો પદાર્થ છું અને મારાથી બીજા બધાં જીવો અને બીજા અજીવો – પુદ્ગલો ભિન્ન છે, આટલું જ જો પરિણામ પામે **'તો તે સર્વ વ્રત, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટ્યો એમાં કંઈ સંશય નથી.'** એને વ્રત પણ થઈ ગયું, એને યમ, નિયમ, સંયમ થઈ ગયું, એને યાત્રા થઈ

ગઈ, ભક્તિ થઈ ગઈ, એને બધું શાસ્ત્રજ્ઞાન આવડી ગયું. આમ છે. બે પદાર્થની ભિન્નતા ઉપર આખા જૈનશાસ્ત્રના, જૈન તત્ત્વજ્ઞાનના અધ્યાત્મનો આધારનો જે સિદ્ધાંત છે, આધારભૂત સિદ્ધાંત જેને કહીએ એ આ બે પદાર્થની ભિન્નતાનો છે. આટલી મોટી વાત છે. એકના કારણથી સંસાર, એ કારણની નિવૃત્તિથી મોક્ષ, બસ !

૫૩૯મો પત્ર બહુ સરસ છે. **'સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે.'** (અર્થાત્) એક જાતિના છે. બધાં જીવોની જાતિ એકસરખી છે. કોઈ વધારે નથી, જાતિએ કોઈ ઓછો નથી. કોઈ ઊંચો નથી, કોઈ નીચો નથી. **'બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા પામે છે;...'** પછી ચાહે બીજો જીવ હોય ચાહે બીજો પરમાણુ હોય, બીજા પદાર્થને વિષે જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા પામે. **'અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.'** આટલો સંક્ષેપ છે. આ સત્પુરુષના વચનો છે. એક વચનમાં સંસાર અને મોક્ષનો ફેંસલો ! વસ્તુના સ્વરૂપને પ્રદર્શિત કરવાનું આ એમનું સામર્થ્ય છે ! આ તો વસ્તુનું સ્વરૂપ સ્થાપ્યું કે, નિજમાં નિજબુદ્ધિ કરે તો એના જન્મ-મરણ ટળે. પરમાં નિજબુદ્ધિ કરે તો પર તો પોતાનું થશે નહિ. અનંતકાળથી એણે સંયોગોને પોતાના કરવા માટે તનતોડ પ્રયત્ન કર્યો, અનંતકાળથી અનંત પ્રયત્ન કર્યો (પણ) એક પરમાણુ એનો થયો નહિ, થવાનું નથી. પણ **'જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...'** મારું પરિભ્રમણ કેમ ટળે એનો માર્ગ એટલે એનો ઉપાય શું ? એટલું વિચારવું એવું જેના ચિત્તમાં આવ્યું, જેના હૃદયમાં એ વાત ઊગી કે, આ મારે ગમે એમ કરીને ઉપાય પકડવો છે, આવો ઉપાય મારે જોઈએ. જેના ચિત્તમાં આવો માર્ગ વિચારવો અવશ્યનો છે એટલે જરૂરિયાત લાગી હોં ! અવશ્યનો અર્થ આવશ્યક. જરૂરિયાત લાગી કે મારે મારું પરિભ્રમણ ટાળવું જ જોઈએ, કોઈપણ રીતે ટાળવું જ જોઈએ. આનો ઉપાય મારે શોધવો જ જોઈએ, એ ઉપાય મળે તો અંગીકાર કરવો જ જોઈએ. એવું જેને આવશ્યક લાગ્યું છે તેણે શું કરવું ?

**'તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે,...'** જેને નિજમાં નિજબુદ્ધિનું આત્મજ્ઞાન પ્રગટ થયું છે **'તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી,...'** એની પાસે જ્ઞાન લેવા જાવું એમ ન કીધું. 'શ્રીમદ્જી'ના લખાણનો આ એક બહુ માર્મિક વિષય છે. **'તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે;...'** એ એના માટે પરમ કલ્યાણનું કારણ છે. પણ ભક્તિ તો રાગ છે. અમને એવો વિચાર આવે છે કે, આ ભક્તિ તો રાગ છે, (તો) રાગે ચડી જવું એમ કહે છે ? એમ નથી. સત્પુરુષને ઓળખવા એણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવી એની અંતરંગ પરિણતિ; કાલે ચાલ્યું, જ્ઞાનીની દશાનો વિષય ચાલ્યો. એની અંતરંગ મૂળ પરિણતિથી એની ઓળખાણ કરવી અને ઓળખાણ

કરતાં ભક્તિ આવી એ એનું બહુમાન છે. બહુમાન છે એનું જ્ઞાનમાં મૂલ્યાંકન છે. જીવોને બાહ્યદૃષ્ટિએ એવા જ્ઞાન સાથે ઉત્પન્ન થતો રાગ, ભક્તિનો રાગ દેખાય છે પણ એ રાગની સાથે સત્‌નું મૂલ્યાંકન થયું એવું જ્ઞાન દેખાતું નથી.

બે વાત અહીંયાં વિચારવા જેવી છે. આ ચર્ચા કરવા જેવો વિષય છે. સત્પુરુષ પ્રત્યે ભક્તિ થાય છે ત્યારે બે પરિણામ કામ કરે છે. જ્ઞાનના પરિણામ અને રાગના પરિણામ. બાહ્યદૃષ્ટિએ તો રાગ સ્થૂળ દેખાય છે કે, આ તો રાગ કર્યા કરે છે, આ તો ભક્તિનો રાગ કર્યા કરે છે. પણ એનું જે આત્મજ્ઞાન અને પરિભ્રમણ ટાળવાનું જે એ સંબંધીનું જ્ઞાન છે અને એ જ્ઞાનની પ્રાપ્તિ અર્થે જે સમાગમ અને બહુમાન કરવાનો જે ભાવ છે એ જ્ઞાનનો વિષય છે, એ સમજણનો વિષય છે. આ જે સમજણરૂપ જ્ઞાન છે એ જ્ઞાન એના દર્શનમોહના રસને કાપવામાં સૌથી મોટું સાધન છે. પહેલાંમાં પહેલો દર્શનમોહ ટાળવાનો છે તો સમ્યગ્દર્શન થાય છે. એટલે ૭૫૧ (પત્રાંકમાં) તો 'શ્રીમદ્‌જી'એ એને પહેલાં નંબરનું સમકિત કીધું છે. સમકિતના ત્રણ નંબર આપ્યા છે. સમકિત નંબર એક, સમકિત નંબર બે, સમકિત નંબર ત્રણ. પણ જૈનદર્શનમાં ત્રણ સમકિત તો છે નહિ. આપ આવી રીતે ત્રણ પ્રકારના સમકિત કેમ કહો છો ? તો કહે છે, ત્રણ પ્રકારના સમકિત નથી ઈ તો મને પણ ખબર નથી. પોતે તો શાસ્ત્રોના જ્ઞાતા હતા. પણ એક મૂળ સમકિતનું બીજું કારણ છે, બીજાનું ત્રીજું કારણ છે. એમ સમજીને એને ઉપચારથી હું સમકિત કહું છું. એવો ખુલાસો કર્યો છે.

૭૫૧ (પત્ર) છે. **'આત્મસિદ્ધિ'માં કહેલા સમકિતના પ્રકારનો વિશેષાર્થ જાણવાની જિજ્ઞાસાનો કાગળ મળ્યો છે. આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છે :– (૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ,...'** ભક્તિ. એ પુરુષની ભક્તિ નહિ, એના વચનની ભક્તિ ! ઠીક ! એમ લીધું છે. આમાં એવું છે કે, ઘરમાં પોતાનું સંતાન હોય તો દીકરો વ્હાલો લાગે, દોઢ-બે વર્ષનો દીકરો હોય (એ) વ્હાલો લાગે છે કે નહિ ? તોતડું બોલે તો એની બોલી પણ વ્હાલી લાગે. પોતે એની સાથે તોતડું બોલે. જો આવું બોલે છે ! એક નવો શબ્દ બોલતા શીખ્યો હોય તોપણ હરખાઈ જાય કે, જો આ તો આવું બોલવા મંડ્યો ! આ તો બાપા બોલવા મંડ્યો, આ તો કાકા બોલવા માંડ્યો ! જો છોકરા ઉપર પ્રીતિ છે તો એની વાણી તોતડી હોય તોપણ એના ઉપર પ્રીતિ આવે છે. જો તને સત્પુરુષ પ્રત્યે ભક્તિ હોય તો એની વાણી પ્રત્યે તને ભક્તિ આવ્યા વિના રહે નહિ. આ એનો નિયમ છે. એ વાત લીધી છે.

**'(૧) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ,...'** એની જે આજ્ઞા છે એ આજ્ઞાની અપૂર્વ રુચિ. એ જે કહે, વાત પૂરી થઈ ગઈ. આજ્ઞાની અપૂર્વ રુચિ. **'સ્વચ્છંદનિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે.'** એને સમકિત નંબર એક આપ્યો.

**'(૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ...'** આ સ્વરૂપ નિશ્ચયનો વિષય લીધો છે. પરમાર્થસ્વરૂપ એવો જે પોતાનો આત્મા એનો સ્પષ્ટ – વર્તમાન જે ચાલતું જ્ઞાન લક્ષણ અનુભવમાં અનુભવગોચર થતો અનુભૂતિસ્વરૂપની પ્રતીતિ, એનો વિશ્વાસ કે આવો જ આત્મા છે તે બીજો પ્રકાર છે.

**'(૩) નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ...'** પરમાર્થ તત્ત્વનો – પરમ તત્ત્વનો નિર્વિકલ્પ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર છે. આમ સમકિતના ત્રણ પ્રકાર લીધા છે.

મુમુક્ષુ :– એકબીજાના સુસંગત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતે સ્પષ્ટ કર્યું છે. **'પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે.'** સ્વરૂપનિશ્ચય થવાનું કારણ આ છે અને **'બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે; ભક્તિ કરવા યોગ્ય છે.**

**કેવળજ્ઞાન ઊપજવાના છેલ્લા સમય સુધી સત્પુરુષનાં વચનનું અવલંબન વીતરાગે કહ્યું છે; અર્થાત્ બારમા ક્ષીણમોહગુણસ્થાનક પર્યંત શ્રુતજ્ઞાનથી આત્માના અનુભવને નિર્મળ કરતાં કરતાં તે નિર્મળતા સંપૂર્ણતા પામ્યે 'કેવળજ્ઞાન' ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થવાના પ્રથમ સમય સુધી સત્પુરુષે ઉપદેશેલો માર્ગ આધારભૂત છે; એમ કહ્યું છે તે નિઃસંદેહ સત્ય છે.'** એ વાત એમણે લીધી છે.

(ચાલતો ૫૩૯મો પત્ર) **'તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે; અને તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી,...'** એ ભક્તિ કરતાં જેને કાંઈ વિષમતા આવતી નથી **'તે જ્ઞાનીને ધન્ય છે.'** અનેક પત્રોની અંદર દર્શનમોહ માટે એ વાત લખી છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહે છે ને કે, વીંટળાઈને રહેશે એનો બેડો પાર છે !

પૂજ્ય ભાઈશ્રી :– એ વિષયમાં ઘણી વાતો સ્પષ્ટ છે.

શું કહે છે અહીંયાં ? કે, કર્મના ઉદયમાં પોતાના જ પૂર્વકર્મ કૃત ભાવોનું એ ફળ છે એવું જાણીને અવિષમ પરિણામે તે ઉદયમાં રહેવું. વિષમ પરિણામ નહિ કરતાં, અવિષમ પરિણામે તે ઉદયમાં રહેવું અથવા સમભાવથી એ ઉદયને વેદવો. વિષમભાવથી નહિ વેદવો.

પ્રશ્ન :– સમભાવથી એટલે ?

સમાધાન :– સમભાવથી એટલે હું માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છું આ ઉદયથી ન તો મને સુખ છે કે આ ઉદયથી ન તો મને દુઃખ છે. કોઈપણ પ્રકારનો ઉદય મને સુખ-દુઃખ પહોંચાડવા સમર્થ નથી, કેમકે ઉદયથી મારો આત્મા ભિન્ન છે અને મારા આત્માથી આ ઉદય ભિન્ન છે.

સમજણમાં આ ભિન્નતાનો આધાર છે.

**'જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી,...'** જ્યારે કર્મનું નવું બંધન થાય છે ત્યારે જેમ ફોટો પડાવનાર કેમેરાની અંદર દાખલ થઈને કાંઈ કરતો નથી એમ જ્યારે નવા કર્મનું બંધન થાય છે ત્યારે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી. **'તોપણ ભાવને અનુરૂપ જ ચિતરામણ સ્વયં થઈ જાય છે.'** જેવો ભાવ કરે એવું બંધન થાય. એમાં કર્મ કોઈની શરમ રાખતા નથી કે, આ આમ છે ને તેમ છે. અરે...! આ ભાવિના તીર્થંકરદ્રવ્ય છે એની પણ શરમ કર્મ રાખતા નથી. આ 'શ્રેણિક મહારાજા', 'શ્રીકૃષ્ણ'નો દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એ નારાયણના જીવ છે. ત્રેંસઠ શલાકા પુરુષ છે, ભાવિ તીર્થંકર છે. પરિણામની સાથે તો જેવા પરિણામ કરે ત્યાં એવો જ કર્મબંધ થાય. એમાં કાંઈ બીજું બની શકે નહિ.

પ્રશ્ન :– અહીંયાં પ્રશ્ન થાય કે જેવો ભાવ કરે એવું જ ત્યાં થાય તો આનાથી થયું ?

સમાધાન :– નહિ, એ તો કહ્યું કે, એ કુદરતી ચિતરાઈ જાય છે. અહીંયાં જેવી મુખાકૃતિ છે એવો જ ફોટો પડ્યો તો એણે કાંઈ ન કર્યું ? ફોટો પડાવનારે કેમેરામાં કાંઈ ન કર્યું ? કે, ના. એણે કાંઈ કર્યું જ નથી. એને ખબર પણ પડી નથી કે, કેવો ફોટો પડ્યો છે. જોવે ત્યારે ખબર પડે છે કે, આવો ફોટો પડ્યો છે. એમ અહીંયાં જેવો ભાવ કર્યો, આ કુદરતની એક વસ્તુ (વ્યવસ્થા છે). કર્મના પરમાણુમાં એ જાતનો ધર્મ છે. એ કર્મનો ધર્મ છે કે, જીવ જેવા ભાવ કરે એવા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશથી એનું નિબંધન અને સંયોગ થાય, થાય ને થાય જ. એને ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ રોકવા સમર્થ નથી. મોટો ચક્રવર્તી આવે કે ઉપરથી ઇન્દ્ર ઊતરે કે વીતરાગ સાક્ષાત્ જિનેન્દ્ર પરમાત્મા હોય એમાં કાંઈ કરી શકે એવું નથી, કાંઈ હસ્તક્ષેપ કરી શકે એવું નથી. આ લોકો કુદેવને માને છે ને ? દેવ-દેવલાને માને છે. આ દેવી ને આ દેવલા ને ફલાણી ચક્રેશ્વરી ને ઢીંકણી, લોંકડી... એ કોઈ કાંઈ કરી દ્યે એમ નથી. ન તો કોઈ અનુકૂળતા આપી દ્યે એમ છે કે ન તો કોઈ પ્રતિકૂળતા આપી દ્યે એમ છે. કોઈની તાકાત નથી. પોતાના શાતા કર્મનો ઉદય હોય તો કોઈ અશાતા ઊપજાવી શકે નહિ અને અશાતાનો ઉદય હોય તો કોઈ શાતા ઊપજાવી શકે નહિ. આ આયુષ્ય પૂરું થાય છે તો કોણ બચાવે છે ? કોઈ બચાવી દ્યે ?

દુનિયામાં તો ધતિંગ ચાલે છે કે, ફલાણા ફલાણા છે એ જીવતા કરે છે, માણસને જીવતા કરે છે. આ સત્ય 'સાંઈબાબા'નો દૃષ્ટાંત છે. આ મોટા વાળવાળા છે. એક કરોડપતિ માણસને ડાયરેક્ટરોની ચાલતી મિટિંગમાં હાર્ટનું Pain થયું એટલે મિટિંગ છોડીને બીજા રૂમમાં ગયા અને ગયા એ ભેગાં ખલાસ થયા. ડૉક્ટર કાંઈ કરે એ પહેલાં, ડૉક્ટર પણ શું કરે ? આયુષ્ય પૂરું થાય એમાં ડૉક્ટરનો કોઈ અધિકાર નથી. એ સત્ય 'સાંઈબાબા'ને માનતા હતા, દક્ષિણમાં

છે. એણે સાંભળેલું કે માણસને જીવતા કરે છે. એને શ્રદ્ધા હતી કે, આપણે મરવાનું થાય તો આ આપણને જીવતા કરશે. બન્ને માણસ માનતા હશે એટલે એની પત્ની છે એણે સીધો Lightning call ઉપર એના આશ્રમમાં ફોન કર્યો. બાબા તો કાંઈ સીધા ઉપાડે નહિ, એના Assistant હોય, Personal assistant હોય, એના Secretary, P.A. હોય ઈ જ ઉપાડે. તો કહ્યું, હું ફલાણી, ફલાણી બોલું છું. આપો બાબાજીને ! તો કહે, કામ શું છે એ પહેલાં વાત કરો પછી બાબાજીને આપું. તો કહે, આમ ઘટના બની છે, દુર્ઘટના બની છે. મારે બાબાજી સાથે વાત કરવી છે. તો કહે, ભલે. આમ થયું છે અને હવે આપે જીવતા કરવાના છે. આપ તો ભગવાન છો, બધું કરી શકવા સમર્થ છો. પેલો ફોનમાં સમજે કે આમાં મારું કાંઈ ચાલે એવું નથી. તો કહે, ના, તમે કરી જ શકો એમ છો. જીવતા કરી દ્યો, હું બીજું કાંઈ ન સમજું. તમારે જે લેવું હોય એ લ્યો, પણ આ મારે જીવતા જોઈએ. હું બીજું કાંઈ (સમજું નહિ), એ કાંઈ બીજી વાત સાંભળવા તૈયાર નહિ. આ તો દુનિયાદારીએ બહુ અનુભવી હોય છે. છપ્પનસો ભેજા સાંજ પડે એની પાસે આવતા હોય તો એને તો ખબર હોય કે કોણ કેવું ગાંડપણ કરતું હોય છે. ઈ સમજી ગયો કે, આ કાંઈ સમજાવે સમજે એવું નથી. એ તો આવેગમાં છે, એનો ધણી મરી ગયો છે. શોકના આવેગમાં હોય. (એને એમ થયું કે), આ સમજાવ્યે નહિ સમજે. તો કહે, તમે એમ કરો, આટલા કલાક પછી તમે મને ફરીને ટેલિફોન કરજો. આમાં શું છે કે, આવેશ હેઠો બેસે. 'દુઃખનું ઓસડ દહાડા.' જેમ જેમ સમય જાય, દુઃખ ઓછું થતું જાય. આણે કીધું કે, કોઈએ અંતિમ ક્રિયા નથી કરવાની. આ શરીરની કોઈએ અંતિમ ક્રિયા કરવાની નથી. આને જીવતા કરવાના બાકી છે. ફરીને કોલ કર્યો, એને તો ક્યાં પૈસાનો સવાલ છે. આ ત્યાં સુધીમાં તૈયાર થઈ ગયા કે, આને કેવી રીતે વાળવી. કીધું, દેખિયે, આપ ઉનકી અંતિમક્રિયા કર દેના. એણે એમ કીધું કે, મૈં અંતિમક્રિયા નથી કરવા દીધી. આને જીવતા કરવા માટે મૈં એને બાળવા દીધા નથી. તમે જીવતા કરી દ્યો ગમે એમ કરીને. તો આ કહે, તમે એની છેલ્લી ક્રિયા કરી નાખો. મારી પાસે જરૂર છે એટલે મેં એને મારી પાસે બોલાવી લીધા છે. ઠીક ! મૈંને મેરે પાસ બુલા લિયા હૈ. તુમ ઉસકી ચિંતા મત કરો, વે મેરે પાસ બૈઠે હૈં, મેરે પાસ હૈં. ઉસકી મેરે પાસ જરૂરત હૈ. તુમ ઉસકો જલા દો. ઠીક ! આવું બધું ચાલે છે. કોઈ કાંઈ કરી શકે (નહિ),

એક પરમાણુની પર્યાયને ફેરવવા જગતમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. એ સ્વયં થાય છે. પરમાણુનું કર્મનું પરિણમન, નોકર્મનું પરિણમન, શરીરનું પરિણમન – આ બાળ, યુવાન અને વૃદ્ધ થાય છે. મનુષ્યશરીરનો તો અનુભવ છે કે નહિ ? બાળકમાંથી એને યુવાન થતો રોકો અને યુવાન હોય એને વૃદ્ધ થતો રોકો. (એ) કોઈ રીતે બની શકે એવું નથી.

મુમુક્ષુ :- આપે અત્યારે કીધું એનાથી વધારે ગાંડપણ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અત્યાર સુધી એવું જ કર્યું છે, એનાથી વધારે કર્યું છે. જગતના પરમાણુને ફેરવવાની ક્રિયા કરવી કે ધણીને બેઠો કરવો એ બધી એક જ વાત છે. આ કેમ આમ ન થાય ? આ કેમ આમ થાય ? મારા વિચાર પ્રમાણે અને મારા ભાવ પ્રમાણે કેમ ન બને ? બસ ! એના ગાંડપણમાં અને આના ગાંડપણમાં કાંઈ ફેર નથી, એકસરખું છે.

મુમુક્ષુ :- આવું સાંભળે પણ જૂની માન્યતા નથી છૂટતી.

પૂજ્ય ભાઈશ્રી :- તો એ જૂની માન્યતાનું કેટલું બળવાનપણું છે અને એનું કેટલું મોટું નુકસાન છે એનો વિચાર કરવો જોઈએ. આમાં લાભ-નુકસાનનો સવાલ છે. આ જે વાત ચાલે છે એમાં પરપદાર્થનું જે કર્તાપણું છે એ જીવને ચાર ગતિના ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણમાં દુઃખમાં ને દુઃખમાં થોથા કાઢી નાખે એવું છે. આ એવું કારણ છે. મોટું કેન્સર છે ! મિથ્યા માન્યતાનું એ અનંત જન્મ-મરણનું કેન્સર છે ! એનું નુકસાન વિચારવું જોઈએ.

જીવનો એવો સ્વભાવ છે કે, નુકસાનમાં ક્યાંય ઊભો ન રહે. એક દસ પૈસા હાથમાંથી નીચે પડી જાય તો વાંકો વળીને લઈ લ્યે. કોઈ એમ કહે કે, દસ પૈસા માટે વાંકા વળો તો કોઈ વળે ? દસ પૈસા આપુ, એકવાર વાંકા વળી જાઓ. દસ પૈસા તો શું સો રૂપિયા આપે તોપણ વાંકો ન વળું, એમ કહે. નુકસાન એવી ચીજ છે. એને પોતાને જ્યારે નુકસાન લાગે ત્યારે એ પાયભારનું નુકસાન આ જીવને સહન કરવાની તૈયારી નથી. આ મુખ્ય વાત છે.

મુમુક્ષુ :- શ્રીગુરુ નુકસાન તો બતાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને ભાસવું જોઈએ. બતાવનાર તો બતાડે છે પણ પોતાને ભાસવું જોઈએ. એ વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાની તો ધોકા ઘણાં મારે છે પણ ગોદડા ઓઢીને સૂતો છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ એ દૃષ્ટાંત આપ્યું છે કે, આ જીવે ગોદડા જેવું ઓઢણું ઓઢ્યું છે કે, શ્રીગુરુના ઉપદેશની લાકડી વાગતી નથી. હળુકર્મી જીવ હોય તો મલમલ ને ધોતિયા જેવું ઓઢીને સૂતો હોય તો એને લાકડી વાગે છે. પોતાનો વિચાર કરવા જેવો છે. પોતાને ઉપદેશ નથી લાગતો તો આ વિચાર કરવા જેવો છે કે, દર્શનમોહનું ગોદડું કેવું ઓઢ્યું છે ! આ ગોદડું દર્શનમોહનું છે. અનંત સંસાર(માં) રખડાવનાર દર્શનમોહ છે. એનું ગોદડું કેવું ઓઢ્યું છે એ વિચાર કરવાનો.

**'જોકે આત્મા કર્મમાં પ્રવેશ કરીને કાંઈ કરતો નથી,...'** કર્મના પરમાણુને અડતો પણ નથી, એને ખબર પણ નથી પડતી કે કર્મના પરમાણુ કેટલા આવ્યા ? કેવી જાતના આવ્યા ? કોઈ 'દી કોઈએ કર્મને ભાળ્યા છે ? આ તો વીતરાગ સર્વજ્ઞના શાસનમાં એનું જે ગણિત છે એ

અનુસાર એની સમજણ છે. પણ એ સમજણ કરતાં કરતાં એણે કર્તાપણું કરી નાખ્યું. હું કર્મને બાંધું અને હું કર્મને છોડું. બહારમાં પહેલાં સંયોગનું કર્તાપણું હતું તો ત્યાં બાંધછોડ કરતો હતો, હવે કર્મની બાંધછોડ કરવા મંડ્યો. એનું એ કર્યું. એ સ્વયં જ પરિણમી જાય છે એમ કહે છે. અહીંયાં મૂળ જે વાત છે એ મુદ્દાની એ છે કે, આ વસ્તુનું સ્વરૂપ છે, પદાર્થના આ કુદરતી ગુણધર્મો છે કે એ સ્વયં જ પરિણમે છે. **'તોપણ ભાવને અનુરૂપ...'** જેવા ભાવ કરે એવું **'ચિતરામણ સ્વયં થઈ જાય છે.'** જેવા આકરા પરિણામ કરે એવા કર્મ બંધાય, જેવા હળવા પરિણામ કરે એવા કર્મ બંધાય. જીવ તેનો તે જ પરિણમે છે.

'શ્રેણિક' મહારાજાનો ઇતિહાસ લઈએ તો એ બૌદ્ધ ધર્મમાં હતા ત્યારે એને જૈનદર્શન ઉપર જરા ઘૃણા હતી, દ્વેષના પરિણામ હતા. એ જ જીવ બહુ ટૂંકા ભવિષ્યમાં ભગવાન 'મહાવીરસ્વામી'ના સમવસરણમાં ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો હતો. તેના તે જીવનું એ પરિણામ છે. જીવ એનો એ જ છે પણ જેવા પરિણામ કર્યા (એવું ફળ પ્રાપ્ત કર્યું). ત્યાં વીતરાગી મુનિ હોય છે, વીતરાગ દેવ અથવા વીતરાગ મુનિ અથવા વીતરાગી ધર્માત્મા કોઈના પ્રત્યે જે દ્વેષના પરિણામ થાય છે (એના ફળમાં) બહુ આકરું કર્મ બંધાય છે. સીધું સાતમી નરકનું બાંધ્યું. પરિણામ તો એક ક્ષણ માત્રનું છે, સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. નિકાચિત નરક ગતિ પડી ગઈ, કાંઈ ફેર ન થાય. તીર્થંકરનો જીવ છે (તોપણ) કાંઈ ફેરફાર ન થાય. ક્ષાયિક સમ્યગ્દર્શન હમણાં પામવાનો છે ને ! બહુ વાર નથી લાગી. 'ચેલણા રાણી'એ ઉપસર્ગ દૂર કર્યો, ઘરે ગયા અને એને પ્રતીતિ આવી કે, ખરેખર જૈનધર્મની અંદર આવા તપસ્વી, આવા જ્ઞાની-ધ્યાની મુનિઓ હોય છે. એણે તો ઢોંગી માનીને આ ઉપસર્ગ આપ્યો હતો કે, કો'ક ધ્યાનનો ઢોંગ કરે છે, હમણાં ખબર. મુનિ તો પોતાનો ઉપસર્ગ દૂર કરે નહિ, મુનિ હોય એ પોતાનો ઉપસર્ગ કદી દૂર કરે નહિ. એ પ્રતિકૂળતાને પ્રતિકૂળતા સમજે નહિ, પ્રતિકૂળતા સમજીને એને હડસેલવાનો ભાવ, વિકલ્પ આવે નહિ. આવે તો મુનિપણું રહે નહિ. ધ્યાનમાં ને ધ્યાનમાં રહ્યા. (આમને) આશ્ચર્ય થઈ ગયું કે, ઓ..હો...! આવી અદ્‌ભુત આશ્ચર્યકારી દશા છે ! આ તો ગજબનું ધ્યાન છે ! પરિણમનમાં એક ફટકો લાગ્યો, પરિણમન બદલાઈ ગયું. આવું છે તમારા ધર્મમાં !! (તો રાણીએ કહ્યું) હા. (તો કહ્યું) ચાલો સમવસરણમાં.

મુમુક્ષુ :- હજી ઉપદેશ તો કાંઈ આપ્યો નથી, ફક્ત ધ્યાનની મુદ્રા જોઈને...

પૂજ્ય ભાઈશ્રી :- એની ધ્યાન-મુદ્રા જોઈને. એ જ મુદ્રા જોઈને એને દ્વેષનો વિકૃત ભાવ આવ્યો તો એણે ઉપસર્ગ કર્યો. એ જ મુદ્રા જોઈને એને એમ થયું કે, અરે..રે...! મારી ભૂલ થઈ છે. એકદમ સવળાં પડી ગયા. ભગવાનના સમવસરણમાં ગયા તો સીધા ક્ષાયિક સમ્યગ્દર્શનને (પ્રાપ્ત થયા) ! કેટલી પાત્રતા એની ! પાત્રતા આવતા વાર લાગતી નથી. એક પરિણામે સાતમી

નરકનું આયુષ્ય અને નરકની ગતિ બાંધે છે, એ જ જીવને પાત્રતા ઉત્પન્ન થતાં વાર નથી લાગતી. સમવસરણમાં જાય છે ત્યાં ક્ષાયિક સમ્યગ્દર્શનને પામે છે. ગતિ ફરતી નથી. પહેલી નરકમાં (ગયા).

પ્રશ્ન :– પરિણામ સુધારે તો આયુષ્યમાં ફેરફાર થાય ?

સમાધાન :– આયુષ્ય ઉદયમાં ન આવે ત્યાં સુધી ફેર પડે. આયુષ્ય કર્મ એવું છે કે, ઉદયમાં આવી ગયું પછી ફેર નથી પડતો. જેમકે અત્યારે ચાલતા, ભોગવટાવાળા આયુષ્યમાં કોઈ બચવા માંગે તો એમાં ફેર ન થાય, એક સેકંડનો ફેર ન થાય, કોઈ ઉપરથી ઊતરે તોપણ એમાં ફેર થતો નથી. એ ઉદયમાં આવ્યા પહેલાં એના સિદ્ધાંતમાં અપકર્ષણ, ઉપકર્ષણ થાય છે, સ્થિતિમાં વધ-ઘટ થાય છે એ પહેલાં થાય છે. સાતમી નરકનું તો તેંત્રીસ સાગરોપમનું આયુષ્ય છે અને આ ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ ગયા છે. ક્યાં તેંત્રીસ સાગર અને ક્યાં ચોરાશી હજાર વર્ષ ! પહેલાં તીર્થંકર થશે.

પ્રશ્ન :– ઉદયમાન ક્યારથી કહેવાય ?

સમાધાન :– ત્યાંથી આયુષ્ય છોડી, મનુષ્ય હોય અને અહીંયાં માતાના ગર્ભમાં આવે ત્યાં. હજી ઇન્દ્રિયોની પર્યાપ્તિ ન થઈ હોય, સ્થાન આવે ત્યાં એને આયુષ્ય શરૂ થઈ ગયું. વચ્ચે વિગ્રહગતિ છે ત્યાં આયુષ્યનો ઉદય નથી. આઠે કર્મનો ઉદય છે એમાં એક વિગ્રહગતિમાં સાત કર્મનો ઉદય છે. બધાં સંસારી જીવને આઠ કર્મનો ઉદય છે પણ વચ્ચે એક આયુષ્ય છોડીને બીજું આયુષ્ય શરૂ થાય એ પહેલાં વચ્ચે એક સમય, કોઈને બે સમય, કોઈને ત્રણ સમય એટલો સમય વિગ્રહગતિનો હોય છે. ત્યાં સાત કર્મનો ઉદય હોય છે. ત્યાં આઠ કર્મનો ઉદય નથી. એક આયુષ્ય કર્મનો ઉદય ત્યાં નથી થતો.

મુમુક્ષુ :– અમે સમજ્યા હતા કે, બધાં તીર્થંકર સર્વાર્થસિદ્ધિમાંથી જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ના, બધાં સર્વાર્થસિદ્ધિમાંથી આવે એવું કાંઈ નથી. બધાં સર્વાર્થસિદ્ધિમાંથી નથી આવતા. કોઈ કોઈ તીર્થંકરો સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. ચોવીશે ચોવીશ સર્વાર્થસિદ્ધિમાંથી નથી આવ્યા. મોટાભાગે દેવલોકમાંથી આવે છે. દેવલોકમાંથી આવે એનું કારણ શું છે કે, મોટાભાગે બે-ચાર-પાંચ-દસ ભવ પહેલાં સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર્યા હોય છે. એટલે મોક્ષમાર્ગમાં વહેલા આવી ગયા અને બે-ચાર ભવો કે આઠ-દસ ભવો બાકી હોય તો મનુષ્ય અને દેવ સિવાય એને તો પછી કોઈ એવા નીચી કક્ષાના પરિણામ જ થતા નથી, એવો તીવ્ર રસ જ આવતો નથી, એવા માઠાં પરિણામ થતાં નથી કે એને કોઈ તિર્યંચ કે નરકનું આયુષ્ય બંધાય.

મુમુક્ષુ :– આ તો નરકમાંથી નીકળીને તીર્થંકરના ભવમાં આવશે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મનુષ્ય થશે. એમાં કાંઈ બીજો વાંધો નથી. પૂર્વભવમાં જ સમ્યગ્દર્શન

થયું હોય અને એ સમ્યગ્દર્શન થયા પહેલાં બંધ પડી ગયો હોય તો સંભવ છે કે નરકગતિમાંથી પણ આવે, દેવગતિમાંથી પણ આવે, કોઈપણ ગતિમાંથી આવી શકે છે.

પ્રશ્ન :- તેંત્રીસ સાગરોપમમાંથી ચોરાશી હજાર વર્ષ થઈ ગયાં એણે શું પ્રયત્ન કર્યો હશે ?

સમાધાન :- પહેલો પ્રયત્ન તો એ થયો કે, એણે વીતરાગ મુનિરાજને માન્યા, સ્વીકાર્યા. જે વીતરાગી મુનિ હતા એ મુનિને એમણે સ્વીકાર્યા. ભાવલિંગી સંત હતા એનો સ્વીકાર આવ્યો કે, ખરેખર આ સાચા મુનિ છે. મેં માન્યું હતું કે, આ ધ્યાનનો ઢોંગ કરીને બેસી ગયા છે અને ઉપસર્ગ પડશે એટલે હમણાં ઊઠીને ભાગી જાશે. એ માન્યતા – ભ્રમ ભાંગી ગયો અને એને પ્રતીતિ આવી, વિશ્વાસ આવ્યો. એમની શાંત મુદ્રા જોઈને, વીતરાગી મુદ્રા જોઈને વીતરાગભાવની પ્રતીત આવી કે, જૈનદર્શનમાં વીતરાગભાવરૂપ ધર્મ છે એ અહીંયાં નજરે પ્રત્યક્ષ દેખાય છે. મૂર્તિમંત સ્વરૂપ લીધું છે ને ? ભાવલિંગી સંત તો મોક્ષમાર્ગનું મૂર્તિમંત સ્વરૂપ છે. એટલે એ જ વખતે પરિણામ ફરી ગયા. ત્યારપછી તો પુરુષાર્થમાં આગળ વધીને ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા છે. એ બધાં પરિણામ ત્યારપછી ચડતા ચડતા ભાવના પરિણામ છે. એટલે એની અંદર કર્મની સ્થિતિમાં જે ફેર પડ્યો એ એ કારણથી ફેર પડી ગયો.

પ્રશ્ન :- વીતરાગ પ્રત્યે અનન્ય ભક્તિ થઈ ગઈ ?

સમાધાન :- અનન્ય ભક્તિ થઈ ગઈ. મુનિ પ્રત્યે બહુમાન, ભક્તિ આવે છે, ભગવાન પ્રત્યે બહુમાન, ભક્તિ આવે છે.

મુમુક્ષુ :- એકને માને એટલે અનંત આવી ગયા અને એકને ન માને તો અનંતને ન માન્યા.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતને ખોઈ બેસે છે. એ વિપરીત અભિનિવેશ છે. એટલે શું છે કે, બહુભાગ જીવ વિપરીત અભિનિવેશપૂર્વક માને છે એટલે એનું માનેલું નિષ્ફળ જાય છે. એનું કારણ એ છે.

એ તો કર્મની વાત કરી, અહીંથી હવે ધર્મની વાત કરશે. આ બોલમાં અહીં સુધી કર્મની વાત છે. વિશેષ લઈશું...

✻ ✻ ✻

આત્મા / આત્મસામર્થ્ય અને તેના આધારે ઉત્પન્ન પરિણામ અતુલ છે. સાતમી નારકીની પ્રતિકૂળતા અને સ્વર્ગની ઉત્કૃષ્ટ અનુકૂળતાથી નિરપેક્ષ રહીને સ્વભાવના બળે સમ્યક્દર્શનાદિ ભાવ ઉત્પન્ન થઈને ચાલુ રહે છે. જે આત્મા સ્વયં જ્ઞાનરૂપે પરિણમે તેને પરદ્રવ્ય, અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. અરે ! ત્રણેય લોકથી તેને તોળી શકાય તેમ નથી, તેવું અતુલ અમાપ એક સમયનું પરિણામ - સામર્થ્ય જેનું હોય, તેના ત્રિકાળી અક્ષય સ્વરૂપની શક્તિ કેવી અચિંત્ય અને આશ્ચર્યકારી હોય !! તે સહજ સ્વીકારી શકાય તેમ છે. આવા અતુલ આત્મસ્વરૂપને અવગણીને અન્ય દ્રવ્ય - ભાવને તુલ દેવું તે મહા અવિવેક છે.

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૪૫૬)

## તા. ૦૬-૦૪-૧૯૮૭, વચનામૃત–૭૬, ૭૭
## પ્રવચન નં. ૬૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૨૭, ૭૬મો બોલ છે. જીવ જેવા જેવા પરિણામ કરે છે તેવું જીવના ભાવને અનુરૂપ કર્મનું ચિતરામણ એટલે કર્મબંધન, એ અનુસારનો ઉદય એ વગેરે સ્વયં થઈ જાય છે. પેટાભેદથી કર્મની પ્રકૃતિ, કર્મનો જથ્થો, કર્મની સ્થિતિ અને કર્મના ઉદયમાં તીવ્રતા, મંદતાનો અનુભાગ એ બધું સ્વયં થાય છે. કુદરતી જ થાય છે, વસ્તુનું એ સ્વરૂપ છે. બધાં પુદ્‌ગલો પોતાના ગુણધર્મ અનુસાર સ્વયં પરિણમે છે. ત્રીજી લીટી સુધી લીધું છે.

**'હવે દર્શનરૂપ, જ્ઞાનરૂપ, ચારિત્રરૂપ પરિણમન કર તો સંવર-નિર્જરા થશે.'** આત્માનો જે સ્વભાવ નિજ દર્શનરૂપ સ્વયંની શ્રદ્ધા કરવાનો શ્રદ્ધાસ્વભાવ છે, પોતાને જ અનુભવ કરવાનો જ્ઞાનસ્વભાવ છે અને પોતામાં લીન રહેવાનો જે ચારિત્રસ્વભાવ છે એવું પોતાનું જેવું સ્વરૂપ છે, જેવો સ્વભાવ છે, તેવું જ પરિણમન કર તો સંવર અને નિર્જરા થશે. તે પૂર્વ સંચિત કર્મની નિર્જરા થશે, નવા કર્મનું ચિતરામણ બંધ થશે અને એ રીતે કર્મ-સંયોગથી દૂર થવાનું થશે. કર્મથી મુક્તિ થશે અને એના ફળમાં જે પરિભ્રમણ હતું એ પણ બંધ થઈ જશે. આ છૂટવાનો માર્ગ છે અને આ સિવાય બીજો કોઈ મુક્ત થવાનો ઉપાય નથી. પોતાના દર્શનરૂપ, જ્ઞાનરૂપ અને ચારિત્રરૂપ પરિણમન કરવું, શુદ્ધ શ્રદ્ધાન, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ આચરણરૂપ પરિણમન કરવું એ એક જ મુક્તિનો ઉપાય છે.

આત્માનો મૂળ સ્વભાવ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ છે. આ આત્માનો મૂળ સ્વભાવ છે. આવું પરિણમન થવું એ પણ સ્વભાવગત પરિણમન છે, એ પણ સ્વભાવરૂપ પરિણમન છે. શ્રદ્ધા આત્માની શ્રદ્ધા કરે એવો શ્રદ્ધાસ્વભાવ છે, જ્ઞાન આત્માનું સ્વસંવેદન કરે એવો જ્ઞાનસ્વભાવ

છે, ચારિત્ર આત્મામાં લીન પરિણામ રાખે એવો જ ચારિત્રસ્વભાવ છે. એવો **'આત્માનો મૂળ સ્વભાવ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ છે.'** આ મુખ્ય ગુણથી લે છે. બધાં ગુણનું – અનંતે અનંત ગુણનું સ્વભાવરૂપ પરિણમન થવું એવો સ્વભાવ છે. **'તેનું આલંબન કરતાં દ્રવ્યમાં જે (શક્તિરૂપે) પડ્યું છે તે (વ્યક્તિરૂપે) બહાર આવશે.'** એ સ્વભાવનું આલંબન કરતાં દ્રવ્યમાં એટલે સ્વભાવમાં જે સામર્થ્ય પડ્યું છે, જેવું સામર્થ્ય પડ્યું છે તેની વ્યક્ત દશા થશે. આમ આ વસ્તુનું સ્વરૂપ છે.

એક બોલમાં પુદ્ગલની પણ વાત કરી અને જીવની પણ વાત કરી. પુદ્ગલમાં સ્વયં પરિણમવાની શક્તિ છે. પૂર્વે જે કાંઈ કર્મ બાંધ્યા છે એ અનુસાર ઉદય આવે છે. તારા જ વિપરીત ભાવના, મલિન ભાવના, વિકારી ભાવના નિમિત્તથી બંધાયેલા કર્મનો વર્તમાન ઉદય છે અને એમાં તારો ગમો-અણગમો એ નકામી વાત છે. તને ગમે કે ન ગમે એ સવાલ નથી. એ તો સ્વયં તારા પૂર્વે પરિણામ અનુસાર બંધાયેલા કર્મો ઉદયમાં આવ્યા છે. નવા પણ જેવા તું ભાવ કરે છે એને અનુરૂપ બંધાય જાય છે. આ સ્વયં પુદ્ગલનું પરિણમન છે અથવા એ કુદરતી વ્યવસ્થા છે. કુદરતની વ્યવસ્થામાં પરમાણુઓની રચના સંયોગ-વિયોગરૂપ જે કાંઈ થાય છે તે યથાયોગ્ય સમયે યથાયોગ્યરૂપે જ થાય છે. અયોગ્ય પ્રકારે અયોગ્ય સમયે કાંઈ થતું નથી. આમ જાણીને સમાધાન કર્તવ્ય છે કે, જે થાય છે એ યોગ્ય કાળે યોગ્ય જ થાય છે. આમાં આમ કેમ ? એ પ્રશ્ન અસ્થાને છે. એ કરવા જેવો પ્રશ્ન નથી. જે સંયોગો, જે વિયોગો જે પ્રકાર બને છે (એ) પોતાના પૂર્વ કર્મનો ઉદય છે એ સિવાય બીજું કાંઈ એમાં નથી. પોતે એવા ભાવ કરેલા છે, યોગ્ય સમયે એ ઉદયમાન થઈ જાય છે, પુદ્ગલમાં એની છબી આવી જાય છે, ફોટો પડે છે.

મુમુક્ષુ :– કેન્સર થયું હોય તો આમ કેમ એ પ્રશ્ન નથી.

પૂજ્ય ભાઈશ્રી :– મફત થયું નથી. એમ ને એમ કોઈના કારણે થયું છે એમ તો નથી. આ તો કેન્સર છે, નરકમાં પણ જાય છે, અનંત વાર ગયો છે. બધું થઈ ચૂક્યું છે. પોતાના જ ભાવે પરિભ્રમણ કર્યું છે, પોતાના જ ભાવે અનંતકાળથી દુઃખ ભોગવતો આવ્યો છે, પછી કેન્સરનું હો કે ગમે તેનું પણ પોતાના જ ભાવે દુઃખ ભોગવતો આવ્યો છે. કોઈને કારણે જરા પણ નથી.

મુમુક્ષુ :– બીજાને કેન્સર થાય તો તરત આશ્વાસન આપે કે, કરેલા ભોગવવા પડશે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાના માટે જ લેવાનું છે, વાત તો પોતાના માટે લેવાની છે. અસમાધાન અને દુઃખ પોતાને છે, અસમાધાનનું દુઃખ પોતાને છે. કેમ આમ થાય ? આવું નહોતું થવું જોઈતું અને કેમ આમ થાય છે ? આ દુઃખ એને પોતાને થાય છે. દુઃખ મટાડવું હોય તો

વસ્તુના સ્વરૂપ અનુસાર વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કર (તો) તને સમાધાન થશે. સમાધાન થશે તો તારી આકુળતા મટશે. બીજો કોઈ આમાં ઉપાય નથી. એમ કરીને કર્મના ઉદયને ગૌણ કર, એની ઉપેક્ષા કર અને તારા શુદ્ધ સ્વરૂપને ઓળખીને, તારા સ્વભાવને ઓળખીને સ્વભાવરૂપ પરિણમન કર. બસ, તારી મુક્તિ થશે. સંવર-નિર્જરા થશે એટલે તારી મુક્તિ થશે. સંવર-નિર્જરા મુક્તિનું કારણ છે. જૂના કર્મો સકામપણે નિર્જરી જવા, નવા કર્મોનું આવવું બંધ થવું. બસ, આ કર્મની નિવૃત્તિનો ઉપાય છે.

પ્રશ્ન :- મૂળ સ્વભાવ આવો સરસ છે પછી કેમ આવું બને છે ?

સમાધાન :- મૂળ સ્વભાવ આવો છે એવા સ્વભાવની ઓળખાણ નથી. એવા સ્વભાવની પ્રતીતિ નથી અને એ સ્વભાવથી અજાણ રહીને ઊલટાનું એને રાગ-દ્વેષ કરવો એ મારો સ્વભાવ છે એમ સ્વીકારી લીધું છે. હું તો માણસ છું, હું તો ગૃહસ્થ છું, હું તો વાણિયો છું, હું તો ફલાણો-ફલાણો છું અને સંસારી છું એટલે રાગ-દ્વેષ તો મને થાય જ ને ! રાગ-દ્વેષ તો કરવા જ પડે, અમુક તો ફૂંફાડો રાખવો જ પડે નહિતર તો કાંઈ દુનિયા ચાલે જ નહિ, નહિતર તો બધાં માથે ચડી જાય, આમ થઈ જાય ને તેમ થઈ જાય. કાંઈક જાતના અંદર સિદ્ધાંત અને નિયમ બાંધીને બેસી જાય છે.

મુમુક્ષુ :- ભૂમિકા અનુસાર રાગ-દ્વેષ તો થાય જ ને !

પૂજ્ય ભાઈશ્રી :- છેવટે કાંઈ નહિ તો શાસ્ત્ર વાંચીને એવું (માની લે કે), ભૂમિકા અનુસાર તો મને રાગ હોય જ ને ! અને ભૂમિકા અનુસારનો મને રાગ નહિ હોય તો મારી ભૂમિકા પણ નહિ રહે. એવી રીતે ગમે એમ કરીને રાગ કરવા જેવો છે અને એ કરવાનો મારો સ્વભાવ છે, કર્તવ્ય છે એમ જીવ સિદ્ધાંતિક રીતે પોતાનો સિદ્ધાંત પોતાના માટે ઘડી નાખે છે અને પછી એમ જ એનું પરિણમન ચાલે છે. એક સમયના રાગની, ઉદયની, વિકારની, અલ્પજ્ઞતા આદિની અવસ્થાથી ભિન્ન એવો જે પોતાનો મૂળ સ્વભાવ છે, મૂળ સ્વરૂપ છે અને એ રૂપ પરિણમવું એ જ મારું સ્વરૂપ છે – સ્વભાવ છે એના ઉપર એનું જોર જતું નથી, વજન જતું નથી, પ્રતીત આવતી નથી એટલે ઊલટું થયા કરે છે. છેલ્લામાં એ વાત લીધી. '**તેનું આલંબન કરતાં...**' એમ. આલંબન એટલે આધાર લેવો તે. હું આવો છું – એમ આધાર લેવો. હું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ છું, શુદ્ધ સ્વભાવસ્વરૂપ છું. મારું દ્રવ્યસ્વરૂપ ત્રણે કાળે એકાંત શુદ્ધ છે એનું એને અવલંબન એટલે અંદરમાં – અંતરંગમાં આધાર આવવો જોઈએ. એના આધારે એવી જ દશા ઉત્પન્ન થશે અને એનો આધાર નહિ લેવાય તો ઉદયના આધારે રાગ-દ્વેષ અને મોહની વિકારી દશા થયા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :- અહીંયાં આધાર લેવો એમ કહ્યું, ત્યાં અખંડ દ્રવ્યને ગ્રહણ કરવું એમ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– ગ્રહણ કરવું (એટલે) જ્ઞાનની અપેક્ષાએ ગ્રહણ કરવું એમ કહે છે અને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર બધાં પરિણામ લેવા હોય તો અવલંબન લેવું એમ કહેવામાં આવે છે, બધાં પરિણામથી અવલંબન લેવું. ગ્રહવું એટલે જાણવું. ગ્રહવું એટલે પોતારૂપે ગ્રહણ કરવું, સ્વીકારવું.

પ્રશ્ન :– અવલંબન બધાં ગુણમાં આવે છે ?

સમાધાન :– બધાં ગુણમાં આવે છે. અવલંબન એક ગુણ લ્યે છે એમ નથી. શ્રદ્ધા પણ આત્માનું અવલંબન લ્યે, જ્ઞાન પણ આત્માનું અવલંબન લ્યે. એ બધાં ગુણોનો પર્યાયસ્વભાવ છે. બધા ગુણોનો એ પર્યાયસ્વભાવ છે – પર્યાયધર્મ છે. અવલંબન લેવું એ પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય-ગુણનો એ ધર્મ નથી, પર્યાયનો ધર્મ છે. કાં નિજાવલંબન લ્યે કાં પરાવલંબન કરે. બેમાંથી એક કરે, કરે ને કરે (એ) એનો ધર્મ છે.

૭૬ (બોલ પૂરો) થયો.

**અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી. જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરનો જે કસ–આત્મા–તેને શોધતો નથી. રાગ-દ્વેષનાં ફોફાં ખાંડવાથી શો લાભ છે ? તેમાંથી દાણો ન નીકળે. પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને – અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને–જાણે, તો કાર્ય થાય. ૭૭.**

૭૭માં મુમુક્ષુજીવને માર્ગદર્શન છે. '**અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચિ જ નથી.**' પરિણમન તો કરે ક્યાંથી ? એમ કહે છે. એને એ વાત પણ રુચિ નથી. તો શું જે કાંઈ અમારા કુટુંબ-પરિવાર, મકાન, મિલકત છે એના ઉપરની અમારે લાગણી છોડી દેવી ? મમત્વ છોડી દેવું ? અમારો રાગ એટલે લાગણી, એ તો લાગણી છે ને ? પરિવારના સભ્યો પ્રત્યે તો લાગણી હોય કે ન હોય ? અમારે લાગણી મૂકી દેવી ?

એને એમ થઈ જાય. કાંઈ લાગણી વગરના થઈ જવું ? કઠોર થઈ જાય, લાગણી વગરનો માણસ પરિણામમાં કઠોર થઈ જાય. એવું અમારે થઈ જવું કાંઈ ?

પ્રશ્ન :- ફરજ તો બજાવવી જોઈએ ને ?

સમાધાન :- જીવને રખડાવવાની ફરજ બજાવવી કે મુક્ત કરવાની ફરજ બજાવવી ? જે પરિણામથી, જે મમત્વ કરવાથી જીવને સંસારનું પરિભ્રમણ થાય એવી જીવની ફરજ હોય ખરી ? પણ એણે પોતાને જીવસ્વરૂપે માન્યો જ નથી. એણે મનુષ્યસ્વરૂપે માન્યો છે. આ મારા સંતાનો છે એનો હું બાપ છું અને એના પ્રત્યે મારી આ ફરજ છે. એમ એ પોતાનું સ્વરૂપ માની લીધું છે. કોઈ જીવ કોઈ જીવનો પિતા-પુત્ર હોય એ ત્રણ કાળમાં સંભવિત નથી. મફતનો એવી રીતે પરાણે, બળાત્કારે એનો પિતા થવા જઈને પોતે સંસારમાં જન્મ-મરણ કરવાના પરિણામ કરે છે.

મુમુક્ષુ :- સંસારમાં રહીને ફરજ ન બજાવતા હોય એ તો કોઈ વિરલા જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિરલાનો તો માર્ગ છે. માર્ગ કોનો છે ? વિરલાનો તો માર્ગ છે. સાધારણનું તો કામ નથી. સાધારણ માણસ તો એમ કહે કે, આપણે સાધારણ માણસ છીએ. આપણું કરી છૂટીએ, આપણું આ બધું સંસારનું ગાડું સરખું ચાલે તોપણ બસ, ભાઈ સા'બ ! આ કાળમાં તો સંસારનું ગાડું પણ સરખું ચાલે એવું નથી. કાં સંયોગો પ્રતિકૂળ થાય કાં કુટુંબ-પરિવારના સભ્યો પ્રતિકૂળ થાય, કાંઈને કાંઈ ગડબડ (ચાલ્યા કરે). ઈ બધું સરખું ચાલે ને લીલી વાડી રહે ને તોપણ શાંતિ રહે અને સંતોષ રહે કે, હાશ ! બીજાને આવું અને આપણે આવું બરાબર અનુકૂળ છે. આમ સંતોષ માનીને પોતાના સંયોગો પ્રત્યેના મમત્વરૂપ પરિણામને જીવ એવી મીઠાશથી વેદે છે અને એવો રસ જાણ્યે-અજાણ્યે લઈ લ્યે છે કે, હીરની દોરી અને તેલનું ટીપું મૂકીને એવા ચીકણાં પરિણામથી મમત્વ કરી લ્યે કે, ગાંઠ છૂટે નહિ. ક્યારે ? દેહ છૂટે તોપણ ગાંઠ છૂટે નહિ ! એને એમ થાય કે, અરે..રે...! આવા મજાના અનુકૂળ સંયોગ, આ મૂકીને મારે જાવાનું ? અહીંયાં કેટલું બધું સરખું ગોઠવાઈ ગયું છે, આ હવે મૂકી દેવાનું ? ક્યાં જાવું પડશે કોને ખબર છે ? અહીંયાં ને અહીંયાં રહેવાનું હોય તો, બસ ! અહીંયાં ને અહીંયાં કાયમ માટે રહી જઈએ તો બસ ! આ એની ભાવના – અનિત્ય સંયોગોમાં નિત્યપણે રહેવાની એની ભાવના અને ભ્રાંતિ દુઃખનું મૂળ અને જન્મ-મરણનું મૂળ છે.

મુમુક્ષુ :- જ્ઞાની ફરજ તો બજાવે છે પણ એને હું કાંઈ કરું છું એવો અંકુર પણ ઊઠતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, ફરજમાં શું છે કે, એ ઉદયભાવ આવે, એને એક ક્ષણ પૂરતો સંબંધ છે. 'સોગાનીજી'એ લીધું છે કે નહિ ? આ વિકલ્પ ઊઠ્યો એટલો ક્ષણ પૂરતો સંબંધ

છે. આગળ-પાછળ અમારે કાંઈ લગવાડ નથી. ઉદયભાવ છે, પોતાની એટલી મચક ખાય છે, પુરુષાર્થની શક્તિ વ્યક્તપણે ઓછી છે તો એટલો સંબંધ જોડાય છે, ઉપયોગ જાય છે એટલો રાગ થાય છે. બાકી એ વખતે પણ જ્ઞાન જાણે છે કે, આનાથી હું ભિન્ન છું. મારે ખરેખર કાંઈ લેવાદેવા નથી. હું તો જ્ઞાનસ્વભાવી, ચૈતન્યસ્વરૂપી આત્મા છું અને મારું શુદ્ધ પરિણમન કરવું એટલું જ મારું કાર્ય છે, આ (બહારનું) કાર્ય મારું નહિ. ઉપયોગ જાય અને રાગ થાય – આ કાર્ય મારું નહિ.

'સોગાનીજી' એક જગ્યાએ તો બહુ સરસ લખે છે કે, પોતાનું શ્રદ્ધાન થાય એટલે ત્રિકાળી અસ્તિત્વમાં દૃષ્ટિ રહે તેમ છતાં અશક્તિને લઈને રાગ થાય તો કેવો રાગ જણાય છે ? કે, મારામાં નહિ થતો એવો પરદ્રવ્યવત્ જણાય છે. પરદ્રવ્યવત્ જણાય છે, પરદ્રવ્યમાં જાણે થતો હોય એમ જણાય છે, બીજામાં થતો હોય એમ જણાય છે. એવું સ્વામીત્વ ઉઠાવી લ્યે છે. એક ન્યાયે ખ્યાલ છે કે, એની દશાનો વિભાવ છે એટલો દોષ છે, મટાડવા યોગ્ય છે. એ બધું ખ્યાલમાં છે. ઈ સંતુલન તૂટી જાય છે એવું નથી. સમજણની એવી સમતુલા ગુમાવે છે એમ નથી. સમજણમાં એટલી વાત રહે છે છતાં એ એટલું ગૌણ રહે છે. એ સ્વભાવનો સમ્યક્ પ્રકારે નિષેધ આવે છે (કે), મારું સ્વરૂપ નહિ, આ હું નહિ, મારું સ્વરૂપ નહિ. પોતાનું અસ્તિત્વ પોતાના શુદ્ધ સ્વરૂપમાં છે એટલે રાગમાં મારું અસ્તિત્વ જ નથી, તો જેમ બીજામાં થતો હોય એમ રાગને જાણે છે, પરમાં થતો હોય એમ જાણે છે. એવો બોલ લીધો છે. ત્રીજા ભાગમાં આવે છે.

૩૯૧ નંબર(નો બોલ છે). **'ત્રિકાલી મેં એકત્વ હોનેપર રાગ ઐસા ભિન્ન દિખતા હૈ...'** પોતાના સ્વરૂપમાં એકત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે, **'જૈસે અન્ય ચીજ પ્રત્યક્ષ ભિન્ન દિખાઈ દેતી હૈ...'** જેમ તમે મારાથી જુદાં છો એમ પ્રત્યક્ષ દેખાય છે, આ જુદું છે એમ પ્રત્યક્ષ દેખાય છે, આ જુદું છે એમ પ્રત્યક્ષ દેખાય છે, એમ રાગ મારાથી પ્રત્યક્ષ ભિન્ન છે એટલો જુદો દેખાય છે. ઐસે હી રાગ **'પ્રત્યક્ષ જુદા દિખતા હૈ.'** રાગ આવો જુદો દેખાય છે. મારામાં નહિ, આ પ્રકારે એનો નિષેધ છે. અજ્ઞાનદશામાં – ભ્રાંતદશામાં રાગને પોતાસ્વરૂપે અનુભવે છે. મને રાગ થયો (એમ) રાગમયપણે પોતાને અનુભવે છે. આ સ્વરૂપમાં તન્મય થતાં એકત્વ થતાં રાગ પ્રત્યક્ષ જુદો જોવામાં આવે છે. જેમ બીજી ચીજ પ્રત્યક્ષ જોવામાં આવે છે, બીજાપણે જોવામાં આવે છે (એમાં) વિકલ્પ નથી કરવો પડતો કે, આ હું નથી, આ ભાઈ હું નથી, એમ વિકલ્પ નથી કરવો પડતો. જેમ ઈ ભાઈ, ઈ ભાઈરૂપે જ દેખાય છે એમ રાગ પોતાસ્વરૂપે દેખાતો નથી.

પ્રશ્ન :– ભિન્ન ક્ષેત્રની વાત લાગુ પડે ?

સમાધાન :- જોર દેવા માટે ગમે તે કહી શકાય. જોર દેવા માટે હેતુથી કહેવામાં એમાં કોઈ વિરોધ નથી કે કોઈ દોષ નથી. પણ જેમ રાગને પ્રત્યક્ષ જુદો જાણતા પણ રાગ પોતાની દશામાં દોષરૂપ છે અને મટવો જોઈએ એવું જે જ્ઞાન છે, એવું વસ્તુનું સ્વરૂપજ્ઞાન છે ઈ જેમ રહી જાય છે અને એની સમતુલા ગુમાવ્યા વિના રાગની ભિન્નતા જણાય છે. એમ ત્યાં ક્ષેત્રમાં પણ એક અપેક્ષાએ પોતાના ક્ષેત્રમાં થતો હોવા છતાં એનો નિષેધ કરવા માટે મારા ક્ષેત્રની ચીજ નથી, મારા ખેતરની આ ચીજ નથી એમ કહેવામાં કોઈ વાંધો નથી, દોષ નથી.

'સમયસાર'ની ૧૮૧મી ગાથામાં એમ કહ્યું પણ છે, એવું જ કહ્યું છે કે, 'સંવર અધિકાર' ૧૮૧, ૧૮૨, ૧૮૩ (ગાથાનો) ભાવાર્થ છે. **'ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ–એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે;...'** જો દ્રવ્યાનુયોગનો વિષય લઈએ તો જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે પણ ક્રોધાદિ ભાવકર્મ તો જીવના વિકારી પરિણામ છે. તો કહે છે, નહિ, બધાં પુદ્‌ગલ દ્રવ્યનાં પરિણામ છે.

મુમુક્ષુ :- એના લક્ષે થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના લક્ષે થાય છે અને જેમ આ (બીજાં દ્રવ્યો) ભિન્ન દેખાય છે એમ આ (રાગ) ભિન્ન દેખાય છે. સ્વરૂપમાં એકત્વ થતાં અહીંયાં સંવર થયો છે (એટલે) પ્રત્યક્ષ ભિન્ન જણાય છે.

**'તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.'** આ જોકે ભાવાર્થનો વિષય છે પણ એમણે કાઢ્યું છે મૂળમાંથી. મૂળમાં ક્ષેત્રની ભિન્નતા લીધી છે ને ? એક વસ્તુને બીજી વસ્તુની સાથે ખરેખર કાંઈ સંબંધ નથી. **'કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** એમ કરીને અહીંયાં ક્રોધાદિની અને જ્ઞાન ક્રિયાની વાત લીધી છે. એના ઉપર પ્રદેશભિન્નતાનું દૃષ્ટાંત આપ્યું છે કે, જેમ એક વસ્તુને અને બીજી વસ્તુને આધારઆધેય સંબંધ નથી. કેમકે પ્રદેશભેદ છે. એમ જ્ઞાનને અને ક્રોધને આધારઆધેય સંબંધ નથી કેમકે એને પ્રદેશભેદ છે. એ દૃષ્ટાંતે સિદ્ધાંત ઉતાર્યો છે. એટલે અહીંયાં 'જયચંદ્રજી'એ ભાવાર્થમાં એ વાત લીધી છે કે, **'તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.'**

બે વર્ષ પહેલાં પર્યુષણમાં 'ઘાટકોપર'માં કુદરતી આ ગાથા (લીધી હતી). ખ્યાલ નહોતો કે, આ ચર્ચાનો વિષય (ત્યાં) ઊભો છે. લીધું કે, આમાં બે વાત છે – પ્રદેશભેદ છે અને પ્રદેશભેદ નથી. અહીંયાં દ્રવ્યાનુયોગ ચાલતો નથી. અહીંયાં સંવરનો અધિકાર એટલે અધ્યાત્મનો અધિકાર છે. અસ્તિથી સંવર એટલે આત્મામાં આવવું તે સંવર છે. આ અધ્યાત્મનો અધિકાર છે અને અધ્યાત્મના અધિકારમાં અધ્યાત્મિક ભાવ વ્યક્ત કરવા માટે હું મારા જ્ઞાનસ્વરૂપથી

હું જ્ઞાનમય આત્મામાં છું અને ક્રોધાદિ ભાવકર્મ સાથે મારે કાંઈ સંબંધ નથી, પ્રત્યક્ષ ભિન્ન છે, પ્રદેશોથી પણ ભિન્ન છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન છે. એમ જોર દેવામાં, વિકલ્પ આવે કે એવું કથનમાં જોર દેવાય તો કાંઈ દોષ નથી. પણ દ્રવ્યાનુયોગનું જ્ઞાન અને સંતુલન રહે એ યથાર્થ છે અને એ સંતુલન ખોઈ બેસે અને ખરેખર પ્રદેશ ભિન્ન છે, દ્રવ્યાનુયોગની અપેક્ષાએ પણ પ્રદેશ ભિન્ન છે, દ્રવ્યમાં જ એ ભાવ – રાગાદિ ભાવકર્મ થતાં નથી (એમ માને) તો પાછો ગૃહીત મિથ્યાત્વનો મોટો દોષ લાગે. કેમકે એ તો વસ્તુના સ્વરૂપજ્ઞાનને નથી સમજતો.

મુમુક્ષુ :– અરીસો ખોટો પડે.

પૂજ્ય ભાઈશ્રી :– તો અરીસો ખોટો પડે. કેમ ? કે, જ્ઞાન તો પદાર્થને જેમ છે એમ જાણે છે તો પદાર્થના જે દ્રવ્ય-ગુણ-પર્યાયથી પદાર્થ સંપન્ન છે, પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી (સંપન્ન છે) એવું જે વસ્તુનું સ્વરૂપ બંધારણ છે એ એમાં જરા પણ વિપરીત જાણે તો એ દર્શનમોહનું કારણ હોય તો જ વિપરીત જાણે. એને 'પ્રવચનસાર'ની ૮૫ ગાથામાં દર્શનમોહ કીધો છે. **'अर्थे अयथाग्रहणं'** (અર્થાત્) અર્થનું અયથાગ્રહણ દર્શનમોહનું ચિહ્ન છે, દર્શનમોહનું લિંગ છે. એ જાતની ગાથા ચાલી છે. એણે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વિપરીતતા સાધી તો દર્શનમોહ થયો અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન બરાબર છે અને હવે ભિન્નતા કરી શકે તો એને સંતુલન બરાબર જળવાઈ રહે છે.

સ્વરૂપમાં એકત્વ કરવામાં જોર દેવા માટે અને પર્યાયથી એકત્વ છૂટવા અર્થે એટલું બધું કોઈ વાર જોર દેવામાં આવે કે, એક સમયની પર્યાય હું નથી. રાગ હું નથી એમ નહિ, એક સમયની પર્યાય હું નથી. એક સમયની પર્યાયમાં તો શુદ્ધ પર્યાય પણ છે. અશુદ્ધ પર્યાય એકલી કાંઈ એક સમયની પર્યાય છે એવું નથી, શુદ્ધ પર્યાય પણ છે. પણ મોક્ષમાર્ગી ધર્માત્માઓ કદી પણ શુદ્ધ પર્યાયનો પણ આશ્રય લેતા નથી, અવલંબન લેતા નથી. શુદ્ધ પર્યાય છે એ અવલંબન લેવાનું આધારભૂત તત્ત્વ નથી. (એનો આધાર લેવામાં આવે તો) રાગની ઉત્પત્તિ થાય અને મિથ્યાત્વ થઈ જાય, પરિણામની શુદ્ધતા રહે નહિ. શુદ્ધ પર્યાયનું અવલંબન લેવા જાય તો પર્યાય અશુદ્ધ થાય, શુદ્ધ રહે નહિ. શુદ્ધ પર્યાયનું અવલંબન લઈ જ શકાતું નથી. કેમકે જો પર્યાયનું અવલંબન લેવા જાય તો પર્યાય અશુદ્ધ ઊપજે છે. કેમકે અવલંબન લેનાર પોતે જ પર્યાય છે. પર્યાય પોતાનું જ અવલંબન લે (તો) પરિણામ આશ્રિત પરિણામ રાગનું કારણ થાય. એ જોર દેવા માટે બધું કહેવાય, પણ ક્યાં કેટલી મર્યાદા છે એ તો બરાબર સમજવું જોઈએ.

રાગથી ભિન્નતાનું જોર દેવામાં એટલી મર્યાદા જરૂર છે કે, આ રાગનો નાશ થવો જોઈએ, વિનાશ કરવા યોગ્ય તત્ત્વ છે અને શુદ્ધ પર્યાયની ભિન્નતા કરવા માટે શુદ્ધ પર્યાયનો નાશ

કરી નાખવો જોઈએ એ વાત ન હોય. સમજણમાં એ વાત કદી ન હોય કે, શુદ્ધ પર્યાયનો નાશ કરવા જેવો છે. રાગનો નાશ કરવા જેવો છે, ભિન્નતા કરીને રાગનો નિષેધ એ રીતે થાય પણ પર્યાયની ભિન્નતાનો વિષય ચાલે ત્યારે એ પર્યાયનો નાશ કરવા જેવો છે (એમ નથી). કેવળજ્ઞાન પણ પર્યાય છે, ત્રિકાળી ઉપર વજન લેવા માટે એક સમયની ક્ષાયિક પર્યાયથી હું ભિન્ન છું, કેવળજ્ઞાનથી હું ભિન્ન છું એમ કહેવામાં, સમજીને કહેવામાં વાંધો નથી, પણ કેવળજ્ઞાનનો નાશ કરવા યોગ્ય છે એ વાત સંતુલન ખોઈ બેસે તો એને આવે. એ વિષયની સમતુલા ન રહે તો આવી જાય કે, કેવળજ્ઞાનથી હું આવી રીતે ભિન્ન છું.

પ્રશ્ન :- મુખ્ય-ગૌણનો વિષય છે ?

સમાધાન :- હા, જ્ઞાનમાં મુખ્ય-ગૌણ છે. એટલી મુખ્યતા આપવી છે. શુદ્ધ સ્વભાવની મુખ્યતા અપાય પણ ગૌણપણે શું છે એ યથાસ્થાનમાં હોવું જોઈએ. પુદ્‌ગલ પુદ્‌ગલના સ્થાનમાં, રાગાદિ વિભાવ એના સ્થાનમાં અને એક સમયની શુદ્ધ પર્યાય એના સ્થાનમાં. આ ત્રણેની ગૌણતા કરવા છતાં એનું ગૌણપણે જે સ્થાન છે એમાં કાંઈ ફેર ન પડવો જોઈએ. એમાં ફેર પડે તો આખું તત્ત્વ ફરી જશે. એ અધ્યાત્મનું ગમે તેવું જોર મારે તોપણ અધ્યાત્મમાં આવી ન શકે.

કાલે બપોરે પૂજ્ય 'બહેનશ્રી' સાથે એ ચર્ચા થઈ કે, વસ્તુ સ્વરૂપનું વિપરીત જ્ઞાન સાધે અને અધ્યાત્મમાં કોઈ આવી જાય એવું ન બને. અધ્યાત્મમાં આવે એનાં બધાં પડખાં સરખા હોય છે. પ્રશ્ન તો એ હતો કે, સમ્યગ્દર્શન થવાનું કારણ શું છે ? આત્માની રુચિ છે ? શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન છે ? પોતાની જિજ્ઞાસા છે ? પૂર્વ સંસ્કાર છે ? ભવભ્રમણનો ભય છે ? આ બધાય પ્રશ્નો સાથે રાખ્યા હતા. આ બધામાં સમ્યગ્દર્શન થવાનું શું કારણ છે ? કે, જ્ઞાયક સ્વરૂપનું અવલંબન છે ? કે રાગાદિથી ભિન્નતા છે ? શું છે ? સમ્યગ્દર્શન કેમ થાય છે ? તો કહે, જેને સમ્યગ્દર્શન થાય છે એને આ બધુંય હોય છે. બહુ સરસ જવાબ આપ્યો. એનો અર્થ શું છે ? સમ્યક્ પ્રકાર કોને કહે ? કે, એનાં બધાં પડખાં યથાયોગ્ય રીતે છે. એની જિજ્ઞાસા પણ બરાબર છે, એને જ્ઞાયકનું પણ અવલંબન આવે છે, એ ભવભ્રમણથી પણ ભયભીત છે, એને જિજ્ઞાસા પણ બરાબર જાગી હતી, એને આત્માની પણ રુચિ થઈ હતી, શાસ્ત્રનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું પ્રયોજભૂત જ્ઞાન પણ એનું બરાબર જ હોય એમ બધું લઈ લીધું. એમ ન હોય કે પ્રયોજનભૂત જ્ઞાનમાં પણ ગડબડ હોય અને અધ્યાત્મને સાધે એવું બનતું નથી.

મુમુક્ષુ :- આચાર્ય ભગવાને પશુ કહી દીધા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પશુ કહી દીધા. એક પણ ભૂલ કરે એટલે આખું તત્ત્વ વિપરીત સાધે છે. ત્યાં તો ઈ વિષય ચાલ્યો છે કે, જ્ઞાનની એક સ્વ-પરપ્રકાશક પર્યાયને બરાબર ન

જાણે તો એક પર્યાયને નથી માનતો એમ નહિ ઈ આખા દ્રવ્યને ઊથલાવે છે એમ કહેવું છે, માટે પશુ છે. એક એક કળશે પશુ કીધા. ચૌદ કળશ સુધી 'પશુ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ત્યાં બધા કળશમાં એ વાત લીધી છે કે, આ જ્ઞાન છે એ સ્વપરપ્રકાશક છે. એમાં તું પરપ્રકાશક નહિ માન તો તું પશુ છો, સ્વપ્રકાશક નહિ માન તો તું પશુ છો. આ વાત લીધી છે, મુખ્યપણે આ વાત લીધી છે.

બહુ સ્પષ્ટ કર્યું છે કે, કેટલાક અધ્યાત્મના ખોટા આવેગમાં જ્ઞાનમાંથી જ્ઞેયોને ભુસાડવા માગે છે એ પશુ છે એમ કહે છે. જ્ઞાનમાંથી જ્ઞેયો કાઢી નાખવા એ નહિ થાય. તારું જ્ઞાન શુદ્ધ થશે તો તારી આ શક્તિ તો વધારે શુદ્ધ પ્રકાશશે. એટલી બધી શુદ્ધ પ્રકાશશે કે લોકાલોક તારામાં પ્રતિબિંબિત પડશે. તારા ચૈતન્યદર્પણમાં લોકાલોકનું પ્રતિબિંબ પડશે. એકસાથે બે કામ થશે. તારા અનંત ગુણોમાં તન્મય થઈને, પૂરા દ્રવ્યમાં પૂરેપૂરું નિરવશેષ અંતર્મુખ થઈને તારો ઉપયોગ સ્વરૂપમાં લીન રહેશે. ત્યારે એ ઉપયોગની અંદર લોકાલોકનું પ્રતિબિંબ પણ હારોહાર હશે, સાથોસાથ હશે. આવી જ કોઈ જ્ઞાનની સ્વપરપ્રકાશકશક્તિ અચિંત્ય છે ! અચિંત્ય શક્તિ લીધી છે. 'પ્રવચનસાર'માં તો આખો 'જ્ઞાન અધિકાર' એના ઉપર ચાલ્યો છે. પહેલો અધિકાર – 'જ્ઞાન અધિકાર' જ એના ઉપર ચાલ્યો છે.

(અહીંયાં) શું કહે છે ? **'અનંત કાળથી જીવને પોતાથી એકત્વ અને પરથી વિભક્તપણાની વાત રુચી જ નથી.'** એને પરથી જુદાં પડવું ગમતું નથી એટલે એ વાત એને રુચિ નથી અને પોતાના સ્વરૂપમાં પોતે એકમેક છે, અભેદ છે, અખંડ છે એ વાત એને જરાય રુચિ નથી. એ વાતને છોડીને ધર્મના કાર્યોમાં પણ જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે. આ ક્રિયા કરે ને આ ક્રિયા કરે. વાંચન કરે તોપણ બહિર્દષ્ટિથી શાસ્ત્ર વાંચે, બાહ્ય જ્ઞાન કરે, ધારણાજ્ઞાન કરી લ્યે, બધું શીખી લે, સમજી લે પણ એકત્વ-વિભક્તની વાત એને રુચિ નથી. બહારને બહાર ફોતરાં ખાંડે છે. ફોતરાં ખાંડે છે એટલે ફોતરાં ખાંડવાથી એમાંથી કાંઈ મળતું નથી. ડાંગર ખાંડે છે ને ? ફોતરાંવાળી ડાંગર ખાંડે છે તો ફોતરાં જુદાં પડી ચોખા મળે છે. પણ એકલા ફોતરાં લઈને ખાંડવા બેસે તો ? એ દૃષ્ટાંત એટલા માટે લેવામાં આવે છે કે, ડાંગર જ્યારે કોઈ ખાંડે છે ત્યારે ફોતરાંવાળી ડાંગર હોવાથી કોઈ એવા અજાણ્યા હોય છે કે એને ફોતરાં દેખાય છે અને ચોખા દેખાતા નથી. એટલે એને એમ થાય છે કે, આ ફોતરાં ખાંડે છે લાવ હું પણ ફોતરાં લઈને ખાંડવા બેસી જાઉં. પણ પેલા ચોખા સહિતના ફોતરાં હતા તો એને ચોખા મળ્યા. તારા તો એકલા ફોતરાં છે, ગમે એટલો ખાંડી ખાંડીને ખાંડી નાખીશ તોપણ એમાંથી કાંઈ મળવાનું નથી. એમ બાહ્ય ક્રિયા તો કસ વગરની – માલ વગરની છે. એમાંથી જીવને કાંઈ મળવાનું નથી, અનંતકાળ પર્યંત ગમે તેટલું કર્યા કરે.

**'જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરનો જે કસ-આત્મા...'** કસ એટલે શું ? અંદરનો જે કસ એટલે આત્મા. **'તેને શોધતો નથી.'** ખરેખર કોઈપણ ક્રિયામાં એને પોતાનું મૂળ સ્વરૂપ શું છે એ એણે પહેલું શોધવું જરૂરી છે. આ પ્રાથમિક ક્રિયા છે – મારું સ્વરૂપ શું ? હું ખરેખર કેવો ? એવો મારા સ્વરૂપનો સ્વરૂપનિશ્ચય થયા વિના મારું કર્તવ્ય અને મારું અકર્તવ્ય કોઈ રીતે નક્કી જ ન થઈ શકે એવી ચીજ છે. કઈ જગ્યાએ પોતાનું સ્થાન નક્કી થયા વિના એની કાર્યની મર્યાદા નક્કી થાય છે ? કોઈ જગ્યાએ એવું કદી બનતું નથી કે, કોઈપણ વ્યક્તિનું સ્થાન નક્કી કર્યા વિના કાર્યની મર્યાદા નક્કી કરી શકાય એવું બતાવો. નહિ, કોઈ જગ્યાએ નહિ બને. ઘરમાં, સમાજમાં, ધંધામાં કોઈ જગ્યાએ Governmentના Departmentમાં એનું આ સ્થાન અને આ એની કાર્ય-મર્યાદા નક્કી થશે કે, ભાઈ ! તમે મેનેજર છો, તમે પટ્ટાવાળા છો – એમ સ્થાન નક્કી થશે. એમ પોતાનું સ્વરૂપ નક્કી થયા વિના એમ ને એમ ઊપડે કે, આમ કરો ને તેમ કરો, આ ક્રિયા કરો ને તે કરો, ફલાણું કરો, ઢીકણું કરો. શું કર્તવ્ય-અકર્તવ્ય (છે) એનો વિવેક કે જ્ઞાન સ્વરૂપનિશ્ચય થયા વિના કદી થઈ શકતો નથી.

સ્વરૂપનિશ્ચયમાં એવો સ્વરૂપનિશ્ચય થાય છે કે, અહો ! હું તો મારા સ્વરૂપે કરીને પરિપૂર્ણ વીતરાગ શુદ્ધ ચૈતન્યસ્વરૂપી આત્મા છું અને સર્વથા પ્રકારે સદા સર્વદા સર્વથા હું જ મને ઉપાદેય છું. આ સિવાય મારે બીજું કાંઈ કર્તવ્ય નક્કી થતું નથી. સ્વરૂપ નક્કી થાય છે તો સ્વરૂપની સાથે સ્વરૂપની જ ઉપાદેયતા નક્કી થઈ જાય છે. એક સ્વરૂપની ઉપાદેયતા, એકાંતે મને મારું સ્વરૂપ ઉપાદેય છે એવું નક્કી થતાં છતાંય બીજા પરિણામ થઈ જાય ત્યારે એનો વિવેક રહે છે કે, આ પરિણામ મારે કરવા યોગ્ય નથી. થાય છે, પણ કરવા યોગ્ય છે અને થાય છે એ વાત રહેતી નથી. ત્યારે એ યથાસ્થાનમાં રહે છે. નહિતર તો અપેક્ષા લગાડીને આ ભૂમિકામાં છું માટે મારે આ ભૂમિકા અનુસાર કરવા યોગ્ય છે એ વાત આવ્યા વિના રહેશે નહિ. તારી ભૂમિકા તેં નક્કી ક્યાંથી કરી ? સ્વરૂપને નક્કી કર્યા પહેલાં ભૂમિકા નક્કી કરી ? કે એકલી ભૂમિકા નક્કી કરીને હવે સ્વરૂપને નક્કી કરવાનું તેં બાકી રાખ્યું ? ક્યાંથી ભૂમિકા નક્કી કરી ? સ્વરૂપ નક્કી થયા વિના કોઈ ભૂમિકા નક્કી થતી નથી. સ્વરૂપ નક્કી થાય એની ઉપાદેયતામાં એમ આવે કે, ચૌદે ગુણસ્થાન તે આત્માના નહિ, પુદ્‌ગલના પરિણામ (છે), પછી એને ગુણસ્થાન અનુસારનો સાચો વિવેક રહે. આટલું બધું આવ્યા પછી વિવેક રહે કે, હવે સહજ જ એને ગુણસ્થાન અનુસાર રાગની મર્યાદા થઈ જાય છે. કરવી પડતી નથી, સહેજે થઈ જાય છે.

**'જીવ બહારથી ફોતરાં ખાંડ્યા કરે છે પણ અંદરનો જે કસ-આત્મા-તેને શોધતો નથી.'**

એની એને શોધ નથી. કેવો છે એની જિજ્ઞાસા નથી અને બસ, એ બહાર ને બહાર ફોતરાં ખાંડ્યા કરે છે. જે ક્રિયા એને પરંપરામાં મળી, કુળધર્મે મળી બસ, એ કર્યા કરે. બહુભાગ જીવો તો જે કુળમાં જન્મે છે એ કુળમાં જે કાંઈ જે થતું હોય એને અનુસરી અને એમ ને એમ આયુષ્ય પૂરું કરે છે.

'ગુરુદેવ'ની કૃપાથી એ જાણવા મળ્યું કે, ભાઈ ! કુળ પરંપરા (એ) ધર્મ નથી, ધર્મ કોઈ જુદી ચીજ છે. તો એનો લાભ ઉઠાવી લેવા જેવો છે. પછી બહારમાં ને બહારમાં ફોતરાં ખાંડ્યા કરવા એ કરવા જેવું નથી. વાંચન કરવું, શ્રવણ કરવું, જે કાંઈ કરવું એ આત્માની શોધ અંદરમાં ચાલુ રાખીને કરવું. એ વાત હોય તો બહાર ને બહાર ફોતરાં ખાંડવાનું રહેતું નથી. નહિતર બીજાં જેમ બહાર ફોતરાં ખાંડે છે એમ અહીંયાં પણ બહાર ફોતરાં ખાંડવાનું થાશે કે, કરો વાંચન, રોજ ઊઠીને કરો વાંચન. વાંચન તો આપણે કરવું જ જોઈએ. કરે તો, ન કરે તો ઘણાં ઈ પણ મૂકી દ્યે છે. અત્યારે તો પાછી ઈ તકલીફ થઈ છે. ઘણાંને તો વાંચન છૂટી ગયું છે. એનો તો વળી પત્તો જ લાગવો મુશ્કેલ છે. અહીં તો વાંચન કરે તોપણ એમ કહે કે, તું બહાર ને બહાર ફોતરાં ખાંડતો નથી ને ? વાંચનમાં એ વાત આવે કે બહાર ને બહાર ફોતરાં ખાંડતો નથી ને ? તું જરા જોજે. એ વાંચનનો લાભ છે.

**'રાગ-દ્વેષનાં ફીફાં ખાંડવાથી શો લાભ છે ?'** રાગ અને દ્વેષ, રાગ અને દ્વેષ બે જ પ્રકારનાં પરિણામ. શુદ્ધ અંતર શ્રદ્ધાન, જ્ઞાન, આચરણનાં પરિણામનો અભાવ. એ રાગ-દ્વેષ ગમે તે પ્રકારનાં હોય તો એ ફોતરાં ખાંડવાની વાત છે. એનાથી આત્માને કાંઈ પણ લાભ થાય, રાગ કરવાથી કે દ્વેષ કરવાથી આત્માને કાંઈ પણ લાભ થાય, ભલે પ્રશસ્ત હોય તોપણ તેનાથી આત્માને લાભ થાય એ વાત રહેતી નથી. શો લાભ ? કહે છે. પ્રશ્નચિહ્ન છે. કાંઈ લાભ નહિ. એમાંથી દાણો ન નીકળે, એમાંથી કાંઈ કસ નીકળે નહિ. જેટલો રાગ-દ્વેષ એટલું નુકસાન છે. આ સિદ્ધાંત ત્રણે કાળે અફર છે કે, જેટલો રાગ-દ્વેષ એટલું નુકસાન છે.

'સોગાનીજી' તો મુમુક્ષુઓના પરિચયમાં આવ્યા એટલે એવી જ વાતો લેતા હતા કે, સુનનેવાલે કો ઔર સુનાનેવાલે કો અપની અપની યોગ્યતા અનુસાર સુનને-સુનાને મેં નુકસાન હી હૈ. ઠીક ! બીજી ક્રિયા ન લ્યે. બીજી ક્રિયાની ટીકા કરવી સહેલી છે કે, આપણે ક્યાં બીજી ક્રિયા કરીએ છીએ ? આપણે ક્યાં સવારના ઉપવાસના પચ્ચખાણ લઈને બેસીએ છીએ ? અહીં તો કહે છે કે, તને સાંભળવાનો રાગ અને તને સંભળાવવાનો રાગ – બન્નેની યોગ્યતા પ્રમાણે બન્નેને રાગનું નુકસાન છે. ઠીક ! એવી તીખી વાત લીધી છે ! સંભળાવે તો જ્ઞાની પણ સંભળાવે છે. તો કહે, ભલે જ્ઞાની સંભળાવે, પણ એની યોગ્યતા પ્રમાણે એ રાગથી એને લાભ નથી. લાભ નથી, ઊલટાનું નુકસાન છે.

મુમુક્ષુ :- સાંભળી સાંભળીને માણસને Resistance power આવી ગયો છે !

પૂજ્ય ભાઈશ્રી :- Resistance power એટલે જાડું ગોદડું ઓઢ્યું છે એને Resistance power કહે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ના મોઢે આ વાત સાંભળેલી કે, Injectionની જેમ અસર ન થાય એમ સાંભળી સાંભળીને અસર નથી થતી.

પૂજ્ય ભાઈશ્રી :- સાંભળી સાંભળીને અસર નથી થતી. એ પોતાને બહુ લક્ષ કરવા જેવો વિષય છે.

આત્માની વાત અંદરમાં રુચે અને આત્માની વાત રુચિની પુષ્ટિ કરે, રુચિનું પોષણ કરે. સાંભળતા રાગ-વૃદ્ધિ થાય એમ નહિ, સાંભળવાનો રાગ જડ થઈ જાય એમ નહિ. જડ જેવો એટલે રૂઢ થઈ જાય એમ નહિ. સ્વરૂપની વાત આવે ત્યારે પોતાના સ્વરૂપની રુચિનું પોષણ થાય એમ થાય છે કે નહિ, ભિન્નતામાં પોતે આખા દિવસમાં ભિન્નતાનો કાંઈ પ્રયોગ કરે છે કે નહિ ? એ સંબંધીનો ભેદજ્ઞાનનો કાંઈ પ્રયાસ કરે છે, પ્રયત્ન કરે છે (કે નહિ) ? એમાં અનુસરીને આમાં શું થયું ? કેવી રીતે આગળ વધવું ? એમ કાંઈ સંશોધકદૃષ્ટિથી સ્વાધ્યાય કરે તો કામમાં આવે. નહિતર એક રાગ-દ્વેષના ફીફાં ખાંડવા જેવું છે. એમાંથી કાંઈ લાભ નીકળે એવું નથી.

**'પરથી એકત્વબુદ્ધિ તોડી જુદા તત્ત્વને...'** પરથી એકત્વબુદ્ધિ તોડીને જુદાં તત્ત્વને એટલે **'અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત આત્માને – જાણે, તો કાર્ય થાય.'** આ ('સમયસાર'ની) જે ચૌદ અને પંદર ગાથાનો વિષય છે, ત્યાં આચાર્ય ભગવંતે પાંચ ભાવ મુખ્યપણે લીધાં છે, એ પાંચ ભાવ, એક ભાવનાં એ પાંચ વિશેષો છે, એક જ ભાવનાં એ પાંચ વિશેષો છે. મૂળ સ્વરૂપે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે, કર્મથી બંધાયેલો, સ્પર્શાયેલો નથી. તદ્દન દ્રવ્યકર્મથી જુદો છે, પોતાના સ્વરૂપથી ત્રિકાળી સ્વભાવોથી અનન્ય છે. જરા પણ જેને ભેદપણું – અન્યપણું નથી એવો અનન્ય છે. નિયત છે, પોતાના સ્વભાવથી એકરૂપ છે, ધ્રુવ છે, અચલિત છે. ક્યાંય પણ સ્વભાવમાં સ્ખલના થાય વિચલિતતા થાય એવું સ્વરૂપ નથી, નિયત છે. ગુણભેદો અને પર્યાયભેદોની વિશેષતાઓથી રહિત છે એને અવિશેષ કહે છે. મૂળ સ્વરૂપમાં ગુણભેદ અને પર્યાયભેદની કોઈ કલ્પનાનો સમાવેશ નથી અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય એ વસ્તુનું સ્વરૂપ હોવા છતાં જે અવલંબનના આધારભૂત વિષય – તત્ત્વ છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોથી નિરપેક્ષ છે માટે અવિશેષ છે. સ્વભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોથી નિરપેક્ષ છે, એકાકાર સ્વરૂપ છે. એકરૂપ અવિશેષ સામાન્ય અભેદ સ્વરૂપ છે. એવો હું અવિશેષ છું અને રાગાદિથી અસંયુક્ત છું. રાગાદિ સાથે હું જરા પણ જોડાયેલો નથી, મારું રાગ સાથે

જોડાણ નથી. રાગ સાથે મારો જરા પણ સંબંધ નથી, અસંયુક્ત છું.

એવા જુદાં તત્ત્વને પરથી એકત્વબુદ્ધિ તોડીને જાણે. જાણે એટલે એવું પોતાનું સ્વરૂપ છે એમ પોતાનું પોતામાં આવા સ્વરૂપથી અહંપણું આવે, અહંપણું આવે એનું નામ જાણે. જાણે એટલે કો'ક છે એમ જાણે એમ નહિ. જેમાં એકત્વ કરવું છે એનાથી જુદો ઊભો રહીને એટલે વર્તમાન જાણનાર એવું જે ક્ષયોપશમજ્ઞાન એ ક્ષયોપશમજ્ઞાનની પર્યાયમાં ઊભો રહીને, એટલે એમાં હુંપણું રાખીને આત્મા આવો છે, આત્મા આવો છે, અબદ્ધસ્પૃષ્ટ છે એમ નહિ, હું આવો છું. એમ પરમાંથી અને એક સમયની ચાલતી પર્યાયમાંથી અનાદિનું જે એકત્વ છે એ છોડીને સ્વરૂપમાં એકત્વભાવે અબદ્ધસ્પૃષ્ટ આત્માને જાણે તો કાર્ય થાય. એ રીતે જાણે '**તો કાર્ય થાય.**' બાકી બીજી રીતે જાણે તો કાર્ય થાય એવું નથી.

આત્માને જાણે એટલી વાત ન લીધી, અસ્તિ-નાસ્તિ બન્ને લીધી છે. '**પરથી એકત્વબુદ્ધિ તોડી...**' આ વાત છે. અનાદિનું આ એકત્વ ચાલે છે. રાગ અને રાગના વિષયભૂત પરપદાર્થ સાથે એકત્વ સહજપણે થઈ જાય છે. એટલું બધું અભ્યાસિત છે, એનો અભ્યાસ થઈ ગયો છે, ઊંધો અભ્યાસ (થઈ ગયો છે) અને એ અભ્યાસને લઈને એક અધ્યાસ થઈ ગયો છે કે, આ જ હું છું. એને માટે એને નવો પ્રયત્ન કરવો પડતો નથી, કોઈ કૃત્રિમ વિકલ્પ પણ ઉઠાવવો પડતો નથી. કોઈને પૂછીએ કે, સમયે સમયે જીવનાં પરિણામમાં નવું નવું મિથ્યાત્વ થાય છે તો એ સમયે સમયે નવું મિથ્યાત્વ કરવા માટે તમે શું પ્રયત્ન કરો છો ? સહજ જ ઊંધો પુરુષાર્થ લાગી જાય છે. એ તૂટે, એને તોડવાની વાત છે. એટલું દૃઢ થયું છે તો કહે છે, એને તોડી નાખ. એકત્વને તોડીને જવાની વાત છે. ભેદજ્ઞાન કરવું જોઈએ તો તૂટે.

ભેદજ્ઞાનનો એક અભ્યાસ એ જ માત્ર એકત્વ તોડવાનું સાધન છે. શરૂઆતથી આદિ, મધ્ય, અંતમાં ઠેઠ સુધી એક ભેદજ્ઞાન જ આનો ઉપાય છે અને સાધન છે, બીજું કોઈ સાધન નથી. જુદું પડવું, પોતે જુદો છે એને જુદો જાણે. છે જુદો એને જુદો જાણતો નથી, એકત્વ કરી લ્યે છે. એ જુદો છે એને જુદો જાણે. અંદરમાં તમામ પ્રકારની ઉપાધિથી ઉપયોગને નિવૃત્ત કરીને પોતાના જ્ઞાનતત્ત્વને મુખ્ય કરીને ભિન્ન જ્ઞાનતત્ત્વને ભિન્નપણે ઉપાસે તો એ જુદો પડે. જુદો પડે તો એની એકત્વબુદ્ધિ તૂટે, નહિતર એકત્વ તૂટે એવું નથી.

મુમુક્ષુ :- ક્યાંક એવું આવે છે કે, પરથી તો ભેદ કર પણ એક સમયની પર્યાયથી પણ ભેદ કર. ઈ જરા સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :- એક સમયની પર્યાય આશ્રય કરવા યોગ્ય નથી. ત્રિકાળીમાં એકત્વ કરવા યોગ્ય છે, એક સમયની પર્યાયમાં એકત્વ કરવા યોગ્ય નથી. કેમકે મુખ્યપણે જીવ જ્ઞાનથી પ્રવૃત્તિ કરે છે. જ્ઞાનથી પ્રવૃત્તિ કરે છે તો ઠેઠ બારમા ગુણસ્થાન સુધી ક્ષયોપશમજ્ઞાન છે. કેવું

જ્ઞાન છે ? ક્ષયોપશમજ્ઞાન છે. ચોથા ગુણસ્થાનથી તો એકત્વબુદ્ધિ નથી, પર્યાયબુદ્ધિ નથી. 'પર્યાયમૂઢા પરસમયા' ચોથા ગુણસ્થાનથી નથી. એટલે ચોથાથી બારમા (ગુણસ્થાન) સુધીના ક્ષયોપશમજ્ઞાન સાથે તો કોઈ સાધકને એકત્વબુદ્ધિ થતી નથી. પણ જે પહેલાં ગુણસ્થાનમાં રહ્યાં છે એવા કેટલાક જીવોને જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ પણ થાય છે, કોઈને ઘણો જ્ઞાનનો ક્ષયોપશમ હોય, કોઈને ઓછો હોય પણ જીવ એની સાથે એકત્વ કરે છે. મને આટલું જ્ઞાન છે. કોઈ ચારિત્રના મંદ કષાયના પરિણામમાં આવે છે અને ચારિત્રગુણનો ત્યાં ક્ષયોપશમ થાય છે. એ પણ ક્ષયોપશમભાવે છે, તો એને એમ થાય છે કે, મેં આટલું પાળ્યું, આટલો સંયમ પાળ્યો, આટલું આમ કર્યું, આટલો ત્યાગ કર્યો, આ કર્યું, તે કર્યું.

એ બે મુખ્ય ગુણ છે એ એવા છે કે, એની સ્થૂળ બુદ્ધિમાં પણ ખ્યાલમાં આવે છે કે, આ મારું જ્ઞાન વધ્યું, આ મારું આચરણ વધ્યું. એમ જીવ ધર્મના ક્ષેત્રમાં (આવીને) આશ્રય કરે છે. બાકી તો બધાયને એક સમયની પર્યાયમાં એકત્વ થઈ જ રહ્યું છે. પણ જે ધર્મના ક્ષેત્રમાં આવીને જ્ઞાન અને આચરણ બાજુ કાંઈક ખ્યાલ કરે છે, એ ક્ષયોપશમભાવે વર્તતા જ્ઞાન અને આચરણમાં એકત્વ કરે છે. ત્યાં સુધી એ ગમે એટલું જ્ઞાન અને આચરણ દ્રવ્યલિંગી પર્યંત અને અંગ-પૂર્વ પર્યંત જાય તોપણ એનું પર્યાયનું એકત્વ છૂટ્યું નથી અને એને સ્વભાવમાં એકત્વ થયું નથી. એટલે એને એક સમયની પર્યાયથી ભિન્નતા કરવાની વાત કરી છે. નહિતર દ્રવ્યલિંગીને એની સમજણમાં શું નથી ?

અત્યારે મિથ્યાદૃષ્ટિ જીવને જે ક્ષયપોશમભાવે સમજાય છે એનાથી તો અબજોના અબજો ગણું એનું જ્ઞાન વધારે છે. લાખ-કરોડ ગણું નહિ, અબજ ગણું એનું જ્ઞાન વધારે છે. કેમકે અગિયાર અંગ અને નવ પૂર્વ કહે કોને ? એનો ક્ષયોપશમ એટલો બધો વધારે છે. આચરણ (કેવું) ? તો કહે છે, ભાવલિંગી પાળે એવું દ્રવ્યલિંગ પાળે. જેવું ભાવલિંગી દ્રવ્યલિંગ પાળે એવું એ દ્રવ્યલિંગી દ્રવ્યલિંગ પાળે. એવું એનું બહારમાં અઠ્યાવીસ મૂળગુણ (આદિનું) શુદ્ધ આચરણ હોય છે. એણે શું ન કર્યું ? કે, એને વર્તમાન વર્તતી પર્યાયમાંથી એકત્વ ઉઠાવ્યું નથી. વૈરાગ્ય તો ફાટ ફાટ છે. એટલું જ્ઞાનનું અધ્યયન છે, જ્ઞાનાચરણ છે, 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથામાં પંચાચાર લીધાં છે. દર્શનાચાર આ રીતે પાળે, જ્ઞાનાચાર આ રીતે પાળે, ચારિત્રાચાર આ રીતે પાળે, વીર્યાચાર આ રીતે પાળે, તપાચાર આ રીતે પાળે. આહાર લેવા નીકળે તો અભિગ્રહ ધારણ કરીને નીકળે. અભિગ્રહ સિવાય આહાર ન લ્યે એવા તો એના તપાચાર હોય ! શું ન કર્યું ? એણે એક સમયની ચાલતી પર્યાયમાંથી એકત્વ ઉઠાવ્યું નથી. આ ગડબડ છે.

પ્રશ્ન :– એણે પાકો નિર્ણય જ નથી કર્યો, એમ થયું ને ?

સમાધાન :– હા, સ્વરૂપ જ હાથમાં નથી આવ્યું, સ્વરૂપનો નિર્ણય જ નથી થયો. આમ

ક્ષયોપશમભાવમાં સ્વરૂપનો નિર્ણય થાય. એ તો આપણને બધાયને 'ગુરુદેવ'ની કૃપાથી છે કે, જુઓ આત્મા કેવો છે ? કે, આત્મા ક્ષેત્રથી અસંખ્યાતપ્રદેશી છે, ગુણથી જ્ઞાનાદિ અનંતગુણ સંપન્ન છે, દ્રવ્યથી ચૈતન્યદ્રવ્ય છે, ભાવથી અનંતગુણ સંપન્ન છે અને પર્યાયથી એક સમયની શુદ્ધાશુદ્ધ પર્યાયવાળો છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમજાય. કેમકે શાસ્ત્રો વાંચે તો ક્ષયોપશમમાં એ વાત ગ્રહણ થાય છે, પણ એટલું પર્યાપ્ત નથી.

ત્રિકાળી સ્વભાવને ઓળખીને એમાં અહંપણું થઈને અનુભવ થાય, વેદન આવે ત્યારે એને એક સમયની પર્યાયનું એકત્વ છૂટી જાય. એટલે એક સમયની શુદ્ધ પર્યાય હોય તો એનો આશ્રય રહેતો નથી. અશુદ્ધ પર્યાયથી તો એ એકદમ નિષેધ આવીને એને પરદ્રવ્યવત્ ભિન્નતામાં જાણે છે અને એના વિષયમાં તો એ બિલકુલ આવી પડેલી વાત છે, કાંઈ એને લેવા કે દેવા, કાંઈ નથી. એવી રીતે જુદો પડી જાય છે. એને એકત્વબુદ્ધિ તોડી એમ કહેવામાં આવે છે. એકત્વબુદ્ધિ એણે તોડી નાખી. પરથી તોડી, રાગથી તોડી અને પર્યાયથી પણ તોડી.

પ્રશ્ન :– પર્યાયનો આશ્રય લે છે એમ આપે કીધું તો પર્યાયનો આશ્રય કોણ લે છે ?

સમાધાન :– પર્યાય લે છે. પર્યાયનો આશ્રય પર્યાય લે છે અને પર્યાય એ જ એનો આત્મા થઈ પડે છે. પેલો આત્મા આખો રહી જાય છે. દ્રવ્ય રહી જાય છે, આ જ એનો આત્મા થઈ પડે છે.

(વિશેષ લઈશું...)



# वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

## उपलब्ध प्रकाशन (हिन्दी)

| ग्रंथका नाम एवं विवरण | मूल्य |
|---|---|
| १. श्री जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ८.०० |
| २. श्री द्रव्यदृष्टि प्रकाश (तीनों भाग) पू. श्री निहालचंद्रजी सोगानीजीके पत्र व तत्त्वचर्चा | १७.०० |
| ३. श्री दूसरा कुछ न खोज - प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन | ६.०० |
| ४. श्री दंसणमूलो धम्मो - सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार | ६.०० |
| ५. श्री निभ्रांत दर्शनकी पगडंडी - ले. पू. भाईश्री शशीभाई | स्वाध्याय |
| ६. श्री परमागमसार - (पू. गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | १५.०० |
| ७. श्री प्रयोजन सिद्धि - ले. पू. भाईश्री शशीभाई | ४.०० |
| ८. श्री मूलमें भूल - पू. गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन | ८.०० |
| ९. श्री विधि विज्ञान - विधि विषयक वचनामृतोंका संकलन | ३.०० |
| १०. श्री सम्यक्ज्ञान दीपिका - ले. श्री धर्मदासजी क्षुल्लक | १५.०० |
| ११. श्री तत्त्वानुशीलन (भाग १-२-३) ले. पू. भाईश्री शशीभाई | २०.०० |
| १२. श्री अनुभव प्रकाश - ले. दीपचंदजी कासलीवाल | ५.०० |
| १३. श्री ज्ञानामृत - श्रीमद् राजचंद्र ग्रंथमेंसे चयन किये गये वचनामृत | ६.०० |
| १४. श्री मुमुक्षुता आरोहण क्रम - श्रीमद् राजचंद्र पत्रांक - २५४ पर पू. भाईश्री शशीभाई के प्रवचन | |
| १५. सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छ: पदका अमृत पत्र श्रीमद् राजचंद्र पत्रांक - ४९३ पर पू. भाईश्री शशीभाईके प्रवचन | १८.०० |
| १६. आत्मयोग - श्रीमद् राजचंद्र पत्रांक - ५६९, ४९१, ६०९ पर पू. भाईश्री शशीभाईके प्रवचन | २०.०० |
| १७. परिभ्रमणके प्रत्याख्यान - श्रीमद् राजचंद्र पत्रांक - १९५, १२८, २६४ पर पू. भाईश्री शशीभाईके प्रवचन | २०.०० |
| १८. कुटुम्ब प्रतिबंध - श्रीमद् राजचंद्र पत्रांक - १०३, ३३२, ५१०, ५२८, ५३७, एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन | २५/- |
| १९. सिद्धपद का सर्वश्रेष्ठ उपाय - श्रीमद् राजचंद्र पत्रांक - १४७, १९४, २००, ५११, ५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन | २५/- |
| २०. गुरु गिरा गौरव - द्रव्यदृष्टि प्रकाश के विविध वचनामृत एवं पूज्य निहालचंद्र सोगानीजी द्वारा लिखित पत्रों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन | ४०/- |

| | | |
|---|---|---|
| २१. | आत्मसिद्धि शास्त्र पर प्रवचन - पूज्य गुरुदेवश्री कानजीस्वामी के आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ५०/- |
| २२. | प्रवचन नवनीत भाग-१ - पूज्य गुरुदेवश्री कानजीस्वामी के खास प्रवचनों | ५०/- |
| २३. | कहान रत्न सरिता भाग-१ - पूज्य भाईश्री शशीभाई के परमागमसार के खास बोल पर हुए प्रवचन | ३०/- |
| २४. | दिशाबोध - पूज्य भाईश्री शशीभाई के श्रीमद् राजचंद्र ग्रंथ के खास पत्रों पर हुए प्रवचन | ३०/- |
| २५ | धन्य पुरुषार्थी ! - पूज्य निहालचंद्रजी सोगानी सम्बन्धी अन्य धर्मात्माओं के हृदयोद्गार | ५/- |
| २६. | सुविधि दर्शन - पूज्य भाईश्री शशीभाई के 'सुविधि' लेख पर प्रवचन | ३०/- |
| २७. | वचनामृत रहस्य - पूज्य गुरुदेवश्री के, बहिनश्री के वचनामृत पर नाइरोबी में हुए प्रवचन | |
| २८. | प्रवचन नवनीत भाग-२ - पूज्य गुरुदेवश्री कानजीस्वामी के खास प्रवचनों | |

# વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૧. | શ્રી ગુરુગુણ સંભારણા<br>પૂ. બહેનશ્રી ચંપાબહેનના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ | ૫.૦૦ |
| ૨. | શ્રી જિણસાસણં સવ્વં<br>જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન | ૮.૦૦ |
| ૩. | શ્રી દ્વાદશ અનુપ્રેક્ષા – (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૨.૦૦ |
| ૪. | શ્રી દ્રવ્યદૃષ્ટિપ્રકાશ (ભાગ-૩)<br>પૂ. શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા | ૪.૦૦ |
| ૫. | શ્રી દશલક્ષણ ધર્મ<br>ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચન | ૬.૦૦ |
| ૬. | શ્રી ધન્ય આરાધના<br>પ. કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂ. ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન | ૧૦.૦૦ |
| ૭. | શ્રી નિભ્રાઁત દર્શનની કેડીએ - લે. પૂ. ભાઈશ્રી શશીભાઈ | સ્વાધ્યાય |
| ૮. | શ્રી પરમાત્મપ્રકાશ – શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત | ૧૫.૦૦ |
| ૯. | શ્રી પરમાગમસાર – પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત | ૧૧.૨૫ |

| | |
|---|---|
| ૧૪. શ્રી પથપ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૬.૦૦ |
| ૧૫. શ્રી પ્રયોજન સિદ્ધિ – લે. પૂ. ભાઈશ્રી શશીભાઈ | ૩.૦૦ |
| ૧૬. શ્રી વિધિ વિજ્ઞાન – વિધિ વિષયક વચનામૃતોનું સંકલન | ૭.૦૦ |
| ૧૭. શ્રી ભગવાન આત્મા – દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન | ૭.૦૦ |
| ૧૮. શ્રી સમ્યક્જ્ઞાન દીપિકા – લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક | ૧૫.૦૦ |
| ૧૯. શ્રી તત્ત્વાનુશીલન (ભાગ ૧ થી ૩) લે. પૂ. ભાઈશ્રી શશીભાઈ | ૨૦.૦૦ |
| ૨૦. શ્રી આધ્યાત્મિક પત્ર – પૂ. શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો | ૨.૦૦ |
| ૨૧. શ્રી અધ્યાત્મ સંદેશ – પૂ. ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો | ૫.૫૦ |
| ૨૨. શ્રી જ્ઞાનામૃત – શ્રીમદ્દ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત | ૬.૦૦ |
| ૨૩. બીજું કાંઈ શોધ મા – પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન | ૬.૦૦ |
| ૨૪. મુમુક્ષુતા આરોહણ ક્રમ – શ્રીમદ્દ્ રાજચંદ્ર - પત્રાંક - ૨૫૪ પર પૂ. ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | સ્વધ્યાય |
| ૨૫. સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો અમૃત પત્ર શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક - ૪૯૩ પર પૂ. ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૨૬. આત્મયોગ – શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક - ૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂ. ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૨૭. પરિભ્રમણના પ્રત્યાખ્યાન – શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક - ૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂ. ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૨૮. કુટુંબ પ્રતિબંધ – શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક - ૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૫/- |
| ૨૯. સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય – શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક - ૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૫/- |
| ૩૦. ગુરુ ગિરા ગૌરવ – દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ગ્રંથના વિવિધ વચનામૃતો તથા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની દ્વારા લિખિત વિવિધ પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૪૦/- |
| ૩૧. દિશા બોધ – શ્રીમદ્દ્ રાજચંદ્ર પત્રાંક–૧૬૬, ૪૪૯ તથા ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦/- |
| ૩૨. કહાન રત્ન સરિતા – 'પરમાગમસાર' ગ્રંથમાંથી કેટલાક ચૂંટેલા વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૩૦/- |
| ૩૩. વચનામૃત રહસ્ય – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાયરોબીમાં થયેલાં 'બહેનશ્રીના વચનામૃત' ઉપરના પ્રવચનો | ૨૫/- |
| ૩૪. પ્રવચન સુધા (ભાગ–૧) – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો (ગાથા ૧ થી ૨૦) | ૪૦/- |
| ૩૫. પ્રવચન સુધા (ભાગ–૨) – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો (ગાથા ૨૧ થી ૫૨) | ૮૫/- |
| ૩૬. પ્રવચન સુધા (ભાગ–૩) – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો (ગાથા ૫૩ થી ૯૨) | ૩૦/- |
| ૩૭. સુવિધિદર્શન – પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર સ્વયંના પ્રવચનો | ૨૫/- |

૩૮. સમકિતનું બીજ – શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથના વિવિધ પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો ૩૦/-
૩૯. સ્વરૂપ ભાવના - શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથના વિવિધ પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો ૨૫/-
૪૦. સમયસાર દોહન – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાયરોબીમાં થયેલાં 'સમયસાર' ઉપરના પ્રવચનો ૩૫/-
૪૧. કહાન રત્ન સરિતા (ભાગ-૨) શ્રી પરમાગમસારમાંથી ક્રમબદ્ધપર્યાય સંબંધિત વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો ૩૦/-
૪૨. ધન્ય પુરુષાર્થી !! પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની સંબંધિત અન્ય ધર્માત્માઓના હૃદયોદ્ગાર ૫/-
૪૩. અધ્યાત્મ સુધા - ભાગ–૧ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો ૩૦/-
૪૪. પ્રવચન સુધા (ભાગ–૪) – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો ૩૦/-
૪૫. પ્રવચન સુધા (ભાગ–૫) – પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનસાર ઉપરના પ્રવચનો ૩૦/-
૪૬. અધ્યાત્મ સુધા - ભાગ–૨ બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો
૪૭. દ્રવ્યસંગ્રહ પ્રવચન ભાગ–૧. (પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપરના પ્રવચનો) ૨૦/-
૪૮. દ્રવ્યસંગ્રહ પ્રવચન ભાગ–૨. (પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપરના પ્રવચનો) ૨૦/-

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकायसंग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलशटीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |

| | | |
|---|---|---|
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसार (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ४५०० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | १५०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |

| | | |
|---|---|---|
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६५ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ६६ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | १५०० |
| ६७ | सिद्ध पदनो सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ६८ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | १५०० |
| ६९ | गुरु गिरा गौरव (गुजराती) | १००० |
| ७० | गुरु गिरा गौरव (हिन्दी) | १००० |
| ७१ | कहान रत्न सरिता (गुजराती-हिन्दी) | २००० |
| ७२ | दिशा बोध (हिन्दी) | १००० |
| ७३ | दिशा बोध (गुजराती) | १००० |
| ७४ | प्रवचन सुधा-भाग-१ (गुजराती) | १००० |
| ७५ | आत्मसिद्धि शास्त्र पर पूज्य गुरुदेवश्री के प्रवचन (हिन्दी) | २००० |
| ७६ | प्रवचन नवनीत-भाग-१ (हिन्दी) | ७५० |
| ७७ | सुविधिदर्शन (गुजराती) | १००० |
| ७८ | समकितनुं बीज (गुजराती) | १००० |
| ७९ | स्वरूप भावना (गुजराती) | १००० |
| ८० | प्रवचन सुधा भाग-२ (गुजराती) | ७५० |
| ८१ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८२ | प्रवचन सुधा भाग-३ (गुजराती) | १००० |
| ८३ | प्रवचन सुधा भाग-४ (गुजराती) | १००० |
| ८४ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ८५ | धन्य पुरुषार्थी ! (हिन्दी-गुजराती) | ३००० |

| | | |
|---|---|---|
| ८६ | अध्यात्म सुधा भाग-१ (गुजराती) | १००० |
| ८७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ८८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ८९ | द्रव्यसंग्रह प्रवचन - भाग-१-२ (गुजराती) | २००० |
| ९० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ९१ | प्रवचन नवनीत-भाग-२ (हिन्दी) | १००० |
| ९२ | अध्यात्म सुधा - भाग-२ (गुजराती) | १००० |

# વાચકોની નોંધ માટે

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૨)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત'
ગ્રંથ ઉપરના પ્રવચનો
(વચનામૃત ૩૭ થી ૭૭)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫

ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
અમી અગ્રવાલ (અમદાવાદ) : R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

| | |
|---|---|
| પ્રથમાવૃત્તિ | : ૨૧-૦૮-૨૦૦૫ (પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૯૨મી જન્મ જયંતી) |
| પ્રત | : ૧૦૦૦ |
| પૃષ્ઠ સંખ્યા | : ૪૬૦ + ૮ = ૪૬૮ |
| પડતર કિંમત | : ૧૦૦/- |
| મૂલ્ય | : ૩૦/- |

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઇમ્પ્રેશન્સ
પ્લોટ નં. ૧૯૨૪/B
૬, 'શાંતિનાથ બંગલોઝ',
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૨૦૩૪૭૦

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણું સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્ય દેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો ?

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીના વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્ય દેશનાને ગ્રહણ

કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના આ પ્રવચનોનું પુસ્તક પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોનો ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુજીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૨ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૪૦ વચનામૃત ઉપર થયેલા કુલ ૩૨ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ દ્વિતીય ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રી ચંપાબહેન'ની ૯૨મી જન્મ જયંતી પ્રસંગે દ્વિતીય ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરીત કરતાં એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રી'ના વચનામૃતોના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રવચનો સાંભળીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે છાપવામાં નથી લેવામાં આવેલ. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર કેસેટ સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ

ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય 'ભાઈશ્રી' દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશનકાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું અન્યત્ર સાભાર વિવરણ આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**અષાઢ વદ ૧, તા. ૨૨-૭-૦૫**
**('મહાવીર' ભગવાનની દિવ્યધ્વનિનો પ્રથમ દિન)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૩ | ૩૭ | યથાર્થ ભૂમિકા | ૦૦૧ |
| ૩૪ | ૩૭ | યથાર્થ ભૂમિકા | ૦૦૫ |
| ૩૫ | ૩૮ | યથાર્થ ભૂમિકા | ૦૧૯ |
| ૩૬ | ૩૯ | જ્ઞાનીની દશા | ૦૩૩ |
| ૩૭ | ૪૦, ૪૧ | જ્ઞાનીની દશા, યથાર્થ ભૂમિકા | ૦૩૯ |
| ૩૮ | ૪૨, ૪૩ | રુચિ, રુચિ | ૦૫૪ |
| ૩૯ | ૪૪, ૪૫ | રુચિ, અજ્ઞાની વિ. જ્ઞાની | ૦૬૯ |
| ૪૦ | ૪૫ | અજ્ઞાની વિ. જ્ઞાની | ૦૮૫ |
| ૪૧ | ૪૬, ૪૭ | યથાર્થતા, પુરુષાર્થ | ૧૦૦ |
| ૪૨ | ૪૭ | પુરુષાર્થ | ૧૧૪ |
| ૪૩ | ૪૮ | યથાર્થ ભૂમિકા | ૧૨૮ |
| ૪૪ | ૪૯, ૫૦ | યથાર્થ ભૂમિકા, સંસ્કાર | ૧૪૩ |
| ૪૫ | ૫૦, ૫૧ | સંસ્કાર, પ્રેરણા | ૧૫૮ |
| ૪૬ | ૫૨ | પ્રેરણા / માર્ગદર્શન | ૧૭૨ |
| ૪૭ | ૫૩, ૫૪ | અંગત, પ્રેરણા | ૧૮૬ |
| ૪૮ | ૫૫, ૫૬ | ભાવના, માર્ગદર્શન | ૨૦૨ |
| ૪૯ | ૫૭ | માર્ગદર્શન | ૨૧૭ |
| ૫૦ | ૫૮, ૫૯ | જ્ઞાનીની દશા, સૂક્ષ્મતા | ૨૩૨ |
| ૫૧ | ૫૮, ૫૯ | જ્ઞાનીની દશા, સૂક્ષ્મતા | ૨૪૯ |
| ૫૨ | ૬૦ | માર્ગદર્શન, | ૨૬૩ |
| ૫૩ | ૬૦, ૬૧ | માર્ગદર્શન, યથાર્થ ભૂમિકા | ૨૭૫ |
| ૫૪ | ૬૧, ૬૨ | યથાર્થ ભૂમિકા, યથાર્થ ભૂમિકા/સૂક્ષ્મતા/સંસ્કાર | ૨૮૭ |
| ૫૫ | ૬૨ | યથાર્થ ભૂમિકા / સૂક્ષ્મતા / સંસ્કાર | ૨૯૮ |
| ૫૬ | ૬૨, ૬૩, ૬૪ | યથાર્થ ભૂમિકા/સૂક્ષ્મતા/સંસ્કાર, વસ્તુસ્વરૂપ, કર્તવ્ય | ૩૧૩ |
| ૫૭ | ૬૪, ૬૫, ૬૬ | કર્તવ્ય, સંસ્કાર, જ્ઞાનીની દશા | ૩૨૮ |
| ૫૮ | ૬૭, ૬૮ | ભાવના, ગુરુ મહિમા | ૩૪૩ |
| ૫૯ | ૬૯, ૭૦ | યથાર્થતા, સ્વરૂપ મહિમા | ૩૫૯ |
| ૬૦ | ૭૧, ૭૨ | ધન્ય મુનિદશા, ધન્ય મુનિદશા | ૩૭૪ |
| ૬૧ | ૭૨, ૭૩ | ધન્ય મુનિદશા, ધન્ય મુનિદશા | ૩૮૯ |
| ૬૨ | ૭૪, ૭૫ | કર્તવ્ય, જ્ઞાનીની દશા | ૪૦૫ |
| ૬૩ | ૭૬ | વસ્તુસ્વરૂપ | ૪૨૦ |
| ૬૪ | ૭૬, ૭૭ | વસ્તુસ્વરૂપ, માર્ગદર્શન | ૪૩૭ |

## 'અધ્યાત્મ સુધા' ભાગ–૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલાકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી ઝવેરીભાઈ સાવલા, દાદર | ૧૧,૦૦૦/- |
| શ્રી પ્રભાત સુનીલકુમાર મહેતા | ૧૧,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રીમતી અનુસુયાબહેન હસમુખભાઈ અજમેરા, કોલકાતા | ૨,૫૦૦/- |
| શ્રી ચંદુલાલ શાંતિલાલ શાહ | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ંભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, વિલેપાર્લા | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી ચારુબહેન જૈન, ભાવનગર | ૫૦૦/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |